


શ્રી શ્યામાચાર્ય વિરચિત

# શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

(પદ ૧૬ થી ૩૬)

ભાગ ૨

(પં.ભગવાનદાસ હરખચંદ કૃત ભાષાંતર)

સંશોધક
આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી
મુ. શ્રી જયાનંદ વિજયજી
સંપાદક
મુનિરાજ શ્રી જયાનંદ વિજયજી

## વ્યાખ્યાનની મુદ્રા શું ?

## એમાં મુહપત્તિનો ઉપયોગ આવશ્યક છે કે નહિં ?

ભગવાન તીર્થંકરદેવો યોગ મુદ્રાએ દેશના આપે છે, ભગવાનની જેમ તે મુદ્રા સાચવવી બીજા માટે શક્ય નથી, પણ બહુ ઉંચાનીચા થયા વગર હાથઉંચાનીચા ઉછાળ્યા વગર સ્થિતપ્રજ્ઞની જેમ મુહપત્તિ-મુખ આગળ રાખી, દેશના આપવી જોઈએ. જેઓ આ વસ્તુને બરાબર સાચવી શકતા નથી તેઓ કંઈને કંઈ પ્રમાદ દોષના ભાગીદાર થાય જ છે. વ્યાખ્યાનમાં મુખ આગળ મુહપત્તિનો ઉપયોગ આવશ્યક છે જ તેમાં જેટલું આઘુપાછું અમારાથી થાય છે, તેટલું પ્રમાદ જન્ય પાપ જરૂર બંધાય છે. પણ કુટેવ પડેલી ઝટ છુટતી ન હોવાથી આ દોષ સેવાઈ જાય છે તે ન સેવાય તેની અવશ્ય કાળજી રાખવી જોઈએ.

(કલ્યાણ, સપ્ટેમ્બર ૮૪, પૃ. ૮૫૨)

॥ શ્રી શાશ્વતતીર્થાધિરાજ શ્રી આદિનાથાય નમઃ ॥
॥ પ્રભુ શ્રીમદ્‌વિજય રાજેન્દ્રસૂરીશ્વરાય નમઃ ॥

**પૂજ્ય શ્યામાચાર્ય કૃત અને આ. શ્રી મલયગિરિજી કૃત ટીકાનું**
**પં. ભગવાનદાસભાઈ હરખચંદ કૃત ભાષાંતર સહિત**

# પન્નવણા સૂત્ર

**ભાગ ૨**
**(પદ ૧૬ થી ૩૬)**

**: દિવ્યાશીષ :**
આચાર્યદેવ શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી
મુનિરાજ શ્રી રામચંદ્રવિજયજી

**: સંશોધક :**
આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી
મુ. શ્રી જયાનંદવિજયજી

**: સંપાદક :**
મુનિરાજ શ્રી જયાનંદવિજયજી


: પ્રાપ્તિ સ્થાન :

| | |
|---|---|
| શા દેવીચંદ છગનલાલજી<br>સદર બાજાર, ભીનમાલ<br>૩૪૩૦૨૯<br>ફોન : (02969) 220387 | શ્રી આદિનાથ રાજેન્દ્ર<br>જૈન પેઢી<br>સાઁથૂ, ૩૪૩૦૨૬<br>ફોન : 254221 |
| શા નાગાલાલજી વજાજી ખીંવસરા<br>શાંતિવિલા અપાર્ટમેન્ટ, તીન બત્તી,<br>કાજી કા મૈદાન, ગોપીપુરા, સૂરત<br>ફોન : 2422650 | મહાવિદેહ ભીનમાલ ધામ<br>તલેટી હસ્તગિરિ લિંક રોડ,<br>પાલીતાણા - ૩૬૪ ૨૭૦<br>ફોન : (02848) 243018 |

પુસ્તકનું નામ : શ્રી પન્નવણા સૂત્ર ભાષાન્તર સહિત ભાગ ૧ (પદ ૧ થી ૧૫)
મૂળ સૂત્ર : આચાર્ય શ્રી શ્યામાચાર્યજી
ટીકા : આચાર્ય શ્રી મલયગિરિજી
ભાષાંતર : શ્રી ભગવાનદાસભાઈ હરખચંદભાઈ
સંપાદક : મુનિ શ્રી જયાનંદવિજય
પ્રકાશક : શ્રી ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ, રાજ.
સંચાલક :
(૧) સુમેરમલ કેવલજી નાહર, ભીનમાલ, રાજ.
(૨) મીલિયન ગ્રુપ, સૂરાણા, રાજ., મુંબઈ, દિલ્લી, વિજયવાડા
(૩) શ્રીમતી સકુદેવી સાંકલચંદજી નેથીજી હુકમાણી પરિવાર, પાંચેડી, રાજ.
રાજેન્દ્ર જ્વેલર્સ, મુંબઈ - ૩૪
(૪) શા હસ્તીમલ, લખમીચંદ, કિરણકુમાર, પ્રકાશકુમાર, કિશોરકુમાર, ઉત્સવકુમાર
બેટા પોતા ભલાજી નાગોત્રા સોલંકી પરિવાર બાકરા (રાજ.), મુક્તિ માર્કેટીંગ, ચેન્નઈ
(૫) શા દૂધમલ, નરેન્દ્રકુમાર, રમેશકુમાર બેટા પોતા લાલચંદજી માંડોત પરિવાર
બાકરા (રાજ.), મંગલ આર્ટ, મુંબઈ-૨
(૬) કટારીયા સંઘવી લાલચંદ, રમેશકુમાર, ગૌતમચંદ, વિનોદકુમાર, મહેન્દ્રકુમાર, રવીન્દ્રકુમાર
બેટા પોતા સોનાજી ભેરાજી ધાણસા (રાજ.) શ્રી સુપર સ્પેઅર્સ, વિજયવાડા
(૭) એમ. આર. ઇમ્પેક્સ, ૧૬-એ, હનુમાન ટેરેસ, દૂસરા માલા,
તારાટેમ્પલ લેન, લેમીગ્ટન રોડ, મુંબઈ-૭, ફોન : ૨૩૮૦૧૦૮૬
(૮) ગુલાબચંદ રાજેન્દ્રકુમાર છગનલાલજી કોઠારી અમેરીકા, આહોર (રાજ.)
(૯) શા શાંતિલાલ, દીલીપકુમાર, સંજયકુમાર, અમનકુમાર, અખીલકુમાર
બેટા પોતા મૂલચંદજી ઉમાજી તલાવત આહોર (રાજ.) રાજેન્દ્ર માર્કેટીંગ, વિજયવાડા
(૧૦) શા સમરથમલ, સુકરાજ, મોહનલાલ, મહાવીરકુમાર, વિકાસકુમાર, કમલેશ, અનિલ,
વિમલ, શ્રીપાલ, ભરત ફોલા મુથા પરિવાર સાયલા (રાજ.) અરુણ એન્ટરપ્રાઇજેસ, ગુન્ટૂર
(૧૧) શા સુમેરમલ, નિતીન, અમીત, મનીષ, ખુશબુ બેટા પોતા પેરાજમલજી
પ્રતાપજી રતનપુરા બોહરા પરિવાર, મોદરા (રાજ.) ગુન્ટૂર
(૧૨) શા નરપતરાજ, લલીતકુમાર, મહેન્દ્ર, શૈલેષ, નિલેષ, કલ્પેશ, રાજેશ, મહીપાલ,
દિક્ષીત, આશીષ, કેતન, અશ્વીન, રીંકેશ, યશ બેટા પોતા ખીમરાજજી થાનાજી
કટારીયા સંઘવી આહોર (ગુન્ટૂર)
(૧૩) શા તીલોકચન્દ મયાચન્દ એન્ડ કં. ૧૧૬, ગુલાલવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪
(૧૪) શા લક્ષ્મીચંદ, શેષમલ, રાજકુમાર, મહાવીરકુમાર, પ્રવીણકુમાર, દીલીપકુમાર, રમેશકુમાર
બેટા પોતા પ્રતાપચંદજી કાલુજી કાંકરીયા મોદરા (રાજ.) ગુન્ટૂર
(૧૫) શ્રી શાંતિદેવી બાબુલાલજી બાફણા ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
મહાવિદેહ ભીનમાલધામ, પાલીતાણા - ૩૬૪ ૨૭૦ ફોન : (૦૨૮૪૮) ૨૪૩૦૧૮
(૧૬) શાંતિરૂપચંદ રવીન્દ્રચન્દ્ર, મુકેશ, સંજેશ, ઋષભ, લક્ષિત, યશ, ધ્રુવ બેટા પોતા મિલાપચંદજી મેહતા
જાલોર - બેંગ્લોર
(૧૭) એક સદ્‌ગૃહસ્થ

: આર્થિક સહયોગી :

પ.પૂ. આચાર્યદેવ શ્રી વિદ્યાચન્દ્રસૂરીશ્વરીજી મ.સા.ના શિષ્ય અને
મુનિરાજ શ્રી રામચન્દ્રવિજયજી મ.સા.ના કૃપાપાત્ર મુનિરાજ
મુ. શ્રી જયાનંદવિજયજી મ.સા.
મુ. શ્રી દિવ્યાનંદવિજયજી મ.સા.
મુ. શ્રી વૈરાગ્યાનંદવિજયજી મ.સા.
મુ. શ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા.
મુ. શ્રી રૈવતચંદ્રવિજયજી મ.સા.
આદિ ઠાણા
રાષ્ટ્રસંત શિરોમણી શ્રીમદ્વિજય હેમેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની
પ.પૂ. મહત્તરિકા લલિતશ્રીજી મ.સા.
પૂ. પ્રવર્તિની મુક્તિશ્રીજી મ.સા.
પૂ. સેવાભાવી સંઘવણશ્રીજી મ.સા.ની શુશિષ્યાઓ
પૂ. સા. મણિપ્રભાશ્રીજી મ.સા.
પૂ. સા. શ્રી પુનીતપ્રજ્ઞાશ્રીજી મ.સા, પૂ. સા. શ્રી મોક્ષયશાશ્રીજી મ.સા.,
પૂ. સા. શ્રી મોક્ષરસાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી મોક્ષમાલાશ્રીજી મ.સા.,
પૂ. સા. શ્રી ક્ષમાશીલાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજી મ.સા.,
પૂ. સા. શ્રી અર્હયશાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી સંવેગયશાશ્રીજી મ.સા.,
પૂ. સા. શ્રી નિર્વેદયશાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી પ્રમોદયશાશ્રીજી મ.સા.,
પૂ. સા. શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા.
પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામસુરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ના આજ્ઞાવર્તિની
તપસ્વીરત્ના પૂ. સા. શ્રી પ્રસન્નપ્રભાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી શીલપ્રભાશ્રીજી મ.સા.,
પૂ. સા. શ્રી શાસનરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૭ નું
સં. ૨૦૬૧નું ચાતુર્માસ રાજેન્દ્રભવનમાં
સંઘવી વક્તાવરમલ હીરાચંદજી કુહાડ પરિવાર - આહોર - બેંગ્લોર
દ્વારા થયું તે સમયે
જ્ઞાનખાતાની આવકમાંથી
આ ગ્રંથ પ્રકાશિત કરાવવામાં આવેલ છે.

# પ્રસ્તાવના

## આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી

ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ ઘણું છે,

ઓઘનિર્યુક્તિ (ભાષ્ય ગા.૭) માં 'दविए दंसण सुद्धि' – દ્રવ્યાનુયોગથી દર્શનશુદ્ધિ થાય છે. કેમકે એના દ્વારા યુક્તિપૂર્વક યથાવસ્થિત અર્થનું જ્ઞાન થાય છે. ઓઘનિર્યુક્તિ (ભાષ્ય ગા.૧૧) માં અક્ષર અને અર્થના અલ્પ–બહુત્વને આશ્રયીને ચતુર્ભંગી બતાવી છે. અક્ષર થોડા અર્થ ઘણો તે ચરણકરણાનુયોગ. ઓઘનિર્યુક્તિ વગેરે અક્ષર ઘણા અર્થ થોડા તે ધર્મકથાનુયોગ, જ્ઞાતાધર્મકથા વગેરે. અક્ષર ઘણા અર્થ ઘણો તે દ્રવ્યાનુયોગ, દૃષ્ટિવાદ વગેરે. અક્ષર થોડા અર્થ થોડો તે ગણિતાનુયોગ, જ્યોતિષ્કરંડ વગેરે.

વર્તમાનમાં ઉપલબ્ધ અગિયાર અંગોમાં પંચમાંગ 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ' આગમ કદમાં સૌથી મોટું છે. અને તે આગમગ્રંથ 'ભગવતીસૂત્ર' તરીકે વધારે પ્રખ્યાત છે. તેવી રીતે ૧૨ ઉપાંગમાં ચતુર્થ ઉપાંગ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર પણ સૌથી વિસ્તૃત છે અને આ આગમગ્રંથનો પણ 'ભગવતી' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. આમાં પણ ભગવતીસૂત્રની જેમ ગૌતમસ્વામિજીના પ્રશ્નો અને ભગવાનના ઉત્તરો એમ પ્રશ્નોત્તર શૈલી છે. વિષય સામ્ય પણ સમવાયાંગસૂત્ર કરતાં ભગવતીસૂત્ર સાથે વધુ છે.

**પ્રજ્ઞાપના સૂત્ર :**

પ્રસ્તુત પ્રજ્ઞાપનાસૂત્ર દ્રવ્યાનુયોગનો ગ્રંથ છે.

પ્રભુ વીરના ૨૩મા પટ્ટધર આર્ય શ્યામાચાર્યજીએ આ ગ્રંથની રચના કરી છે. ગ્રંથકાર શ્રી શ્યામાચાર્યજીએ સ્વયં આને 'દૃષ્ટિવાદ–નિષ્યંદ' કહી આનું દૃષ્ટિવાદમાંથી અવતરણ કર્યાનું સ્પષ્ટ કર્યું છે.

મુનિશ્રી પુણ્યવિજયજી આદિએ દૃષ્ટિવાદમાંથી પણ પૂર્વોમાંથી ઉદ્ધરણ કરાયાનું અનુમાન વિષયસામ્યના આધારે કર્યું છે. મહાવીર વિદ્યાલય પ્રકાશિત પન્નવણાસૂત્ત ભા.૨ ની પ્રસ્તાવનામાં નંદીસૂત્રમાં 'મહાપણ્ણવણા' સૂત્રનો ઉલ્લેખ છે પણ અત્યારે આ ગ્રંથ ઉપલબ્ધ નથી.

**ગ્રંથશૈલિ :**

શ્રી ભગવતીસૂત્ર વગેરે અન્ય આગમગ્રંથોમાં અનેક સ્થળે જે તે વિષયનું વર્ણન અન્ય આગમગ્રંથમાં જોવાની ભલામણ કરાયેલી જોવા મળે છે. આગમગ્રંથોને ગ્રંથસ્થ કરાયા ત્યારે આવી સંકલના કરવામાં આવી હોવાનું વિદ્વાનોનું માનવું છે.

'ઉવંગસુત્તાણિ'ની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે – જ્યારે પૂર્વોની વિસ્મૃતિ થઈ રહી હતી એના થોડાક જ અંશો શેષ રહ્યા હતા ત્યારે આ પન્નવણાસૂત્રની રચના થઈ હતી. બાકીના ઉપાંગો એ પછી લખવામાં આવ્યા.

તત્ત્વાર્થસૂત્ર (૩/૩૬) 'आर्या म्लिच्छश्च'નો આધાર પ્રજ્ઞાપનાસૂત્રનું પ્રથમ પદ હોવાનું વિદ્વાનોનું માનવું છે.

પ્રસ્તુત પ્રજ્ઞાપનાસૂત્રમાં મોટેભાગે જે તે વિષયનું વર્ણન પુરેપુરું જોવા મળે છે એટલે એ માટે અન્યગ્રંથો જોવાની ભલામણ કરવાની વાત અહીં ભાગ્યે જ આવે છે. આ ગ્રંથ ૭૭૮૭ શ્લોક પ્રમાણ છે અને ગ્રંથ રચના વીર સં. ૩૬૦ લગભગમાં થઈ છે. (જૈ.પ.ઈ.ભા.૧ પૃ.૩૫૧)

**પ્રજ્ઞાપના સૂત્રના પ્રકાશનો-વ્યાખ્યાઓ :**

– સંસ્કૃતછાયા અને મલયગિરિ ટીકા સાથે ૧૮૮૪માં ધનપતસિંહ બાબુ દ્વારા.

– મલયગિરિ સૂરિ ટીકા સાથે પ્રતાકારે બે ભાગમાં, પ્ર. આગમોદય સમિતિ ૧૯૧૮–૧૯.

– આનું પુસ્તકાકારે પુનર્મુદ્રણ કેટલાક પાઠભેદ ટિપ્પણ ઉમેરવાપૂર્વક મુનિશ્રી દિવ્યરત્નવિજયજી અને મુનિશ્રી અજિતશેખર વિજયજી મહારાજના પ્રયાસથી બેંગ્લોર–આદિનાથ શ્વેતામ્બર સંઘ દ્વારા થયું છે.

– પં. ભગવાનદાસ હર્ષચન્દ્ર દ્વારા કરાયેલ આ. મલયગિરિસૂરિ ટીકા સહિત ગ્રંથનો ગુજરાતી અનુવાદ વિ.સં. ૧૯૯૧માં દેવનાગરી લિપિમાં પ્રતાકારે ત્રણ ભાગમાં બહાર પડેલ છે. ઉપા. યશોવિજયજીએ ૧૧મા ભાષાપદનું વિવેચન કર્યું છે. આનો પં. ભગવાનદાસે કરેલ અનુવાદ પણ આમાં છપાયો છે.

પ્રસ્તુત પ્રકાશન આ જ સંસ્કરણનું કેટલીક વિશિષ્ટતાઓ જોડવાપૂર્વક પુનર્મુદ્રણ છે.

– આ. અભયદેવસૂરિ કૃત 'તૃતીયપદ સંગ્રહણી' ૧૩૩ શ્લોક પ્રમાણ લઘુરચના છે.

– આ સંગ્રહણી ઉપર ૧૮મી સદીમાં કુલમંડનગણિએ અવચૂરી લખી છે.

– વનસ્પતિસપ્તતિકા કે વનસ્પતિવિચાર પણ ૭૧ ગાથામાં રચાયેલી રચના છે.

– મુનિ પુણ્યવિજયજી આદિ સંપાદિત મૂળ આગમગ્રંથ મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત છે ઈ.સ. ૧૯૬૯, ૧૯૭૧.

– ઉવાંગસૂત્તાણિ ભા.૨ માં પણ પ્રજ્ઞાપનાસૂત્ર છપાયું છે. પ્ર. જૈન વિશ્વભારતી લાડનુ.

– આગમ પ્રકાશન બ્યાવર દ્વારા હિંદિ વિવેચન સાથે મૂળ ગ્રંથ પ્રગટ થયો છે. આ સંસ્કરણની પ્રસ્તાવના આ ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવી છે.

આ ઉપરાંત પણ કેટલાક સ્થળેથી આ આગમગ્રંથ પ્રગટ થયેલ છે.

– આ. હરિભદ્રસૂરિ કૃત પ્રદેશ વ્યાખ્યા (ગ્રંથાગ્ર ૩૭૨૮) ઋષભદેવ કેશરીમલ સંસ્થા રતલામથી ઈ.સ. ૧૯૪૭માં પ્રગટ થયેલ છે.

આ ઉપરાંત પદ્મસૂરિ કૃત અવચૂરિ, ધનવિમલ અને જીવવિજય કૃત બાલાવબોધો, પરમાનંદજી કૃત ટબ્બો (સં.૧૮૭૬) જયાચાર્ય (તેરાપંથી આચાર્ય) કૃત પન્નવણાની જોડ વગેરે રચનાઓ છે.

**ગ્રંથકાર :**

પ્રસ્તુત ઉપાંગગ્રંથની રચના આર્ય શ્યામાચાર્યજીએ કરી છે. તેઓશ્રીની ખ્યાતિ કાલકાચાર્ય (પ્રથમ) તરીકે પણ થયેલી છે.

ભગવાન શ્રી સુધર્માસ્વામિજીના ૨૩મા પટ્ટધર યુગપ્રધાન આચાર્ય તરીકે તેઓશ્રીએ ૯૬ વર્ષના દીર્ઘ આયુષ્ય દરમિયાન ઘણી ઘણી જિનશાસનની પ્રભાવના કરી છે. દ્રવ્યાનુયોગનું એમનું જ્ઞાન અદ્ભૂત હતું.

જ્યારે સૌધર્મેન્દ્ર મહારાજાએ શ્રી સીમંધરસ્વામિ ભગવાનના શ્રીમુખેથી નિગોદનું વર્ણન સાંભળ્યા પછી પ્રભુને પૂછ્યું છે ભગવંત આવું વર્ણન મારા ભરતક્ષેત્રમાં કોઈ કરી શકે તેવું છે? ત્યારે પ્રભુએ કાલકાચાર્યનું નામ આપ્યું અને ઈન્દ્ર મહારાજાએ વૃદ્ધ–બ્રાહ્મણના રૂપે આવી આચાર્ય મહારાજના દર્શનાદિ કર્યા વગેરે ઘટનાઓ પ્રબંધો વગેરેમાં નોંધાઈ છે. (આવી ઘટના આર્યરક્ષિતસૂરિજીના ચરિત્રમાં પણ જોવા મળે છે.)

આર્ય શ્યામાચાર્યજીનો જન્મ વી.સં. ૨૮૦માં થયો હતો. વી.સં. ૩૦૦માં દીક્ષા લઈ આ. ગુણાકરસૂરિ (મેઘગણી)ના શિષ્ય બન્યા. વી.નિ.સં. ૩૩૫માં યુગપ્રધાન પદે આરૂઢ થયા. વી. સં. ૩૭૬માં સ્વર્ગગમન.

**ગ્રંથકારશ્રીની શાસનપ્રભાવના :**

સંપ્રતિ રાજાના અશ્વાબોધ તીર્થના જિર્ણોદ્ધાર પછી મિથ્યાત્વ–દૃષ્ટિ દેવોએ ઉપસર્ગ કર્યો ત્યારે શ્યામાચાર્યજીએ તેની રક્ષા કરી ત્યાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ એકલિંગજીની બીજી આગમવાચનામાં હાજર હતા. આ રીતે તેઓ

મહાજ્ઞાની, પરમસંયમી અને સમર્થ આચાર્ય થયા છે. તેમનાથી કાલિકાચાર્ય ગચ્છ નીકળ્યો છે અને તે બીજા કાલિકાચાર્યથી વિખ્યાત થયો છે. (જૈ.પ.ઇ. ભા.૧ પૃ. ૧૫૦, બીજી આવૃત્તિ)

પ્રભાવક ચરિત્રમાં શ્રી શ્યામાચાર્યજીને આ.ગુણાકરસૂરિ યાને આ. ગુણસુંદરસૂરિના શિષ્ય બતાવ્યા છે.

**ટીકાકાર શ્રી મલયગિરિસૂરિ :**

આ. મલયગિરિસૂરિની ટીકાનો પણ અનુવાદ અહીં આપવામાં આવ્યો છે. આ. મલયગિરિસૂરિ મહારાજની ટીકાને માના ધાવણની ઉપમા આપવામાં આવી છે. એમાં વિપુલ પ્રમાણમાં પદાર્થ નિરૂપણ હોવા છતાં એની રજૂઆત એટલી સરળ અને સરસ રીતે કરવામાં આવી હોય છે કે પ્રારંભિક અભ્યાસી પણ એને સમજી શકે. આ કારણે એમની ટીકાઓનું ગ્રંથાગ્ર પણ મોટા આંકડાઓને આંબતું હોય છે. આ ગ્રંથની ટીકાનું પ્રમાણ ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ છે.

આ. હરિભદ્રસૂરિજી સંસ્કૃત ટીકાઓના આરંભ કરનારા સર્વ પ્રથમ ટીકાકાર મનાય છે. એમની ટીકા સંક્ષિપ્ત અને વિષમપદોને જ સ્પર્શનારી મોટેભાગે હોય છે. એટલે જ હરિભદ્રસૂરિએ જે આગમ આદિ ગ્રંથો ઉપર ટીકા રચી છે તેના ઉપર પણ મલયગિરિસૂરિજીએ કલમ ચલાવી છે. કેમકે આ હરિભદ્રસૂરિ મહારાજની ટીકા મુખ્ય રીતે વિદ્વાનોને જ ઉપયોગી નિવડે તેવી હોય છે. જ્યારે આ. મલયગિરિસૂરિજી વાચકની આંગળી પકડીને આગમ સૂત્રના એક એક પદને સમજાવતાં આગળ વધે છે. શબ્દાર્થ સમજાવી દીધા પછી પણ લાગે કે હજી થોડું વધું સમજાવવાની જરૂર છે. બધી બાબતો ફરી સળંગ સમજાવવી જરૂરી છે. કંઈક વિશેષ બાબત પણ જણાવવી છે તો તરત किमुक्तं भवति... एतदुक्तं भवति... વગેરે ઉલ્લેખ કરીને દરેક વાતો માંડીને વિગતે કહે છે.

એટલે જ ત્રીજા ઉપાંગ શ્રી જીવાજીવાભિગમ ઉપર આ. હરિભદ્રસૂરિજીની ટીકા હોવા છતાં જેમ મલયગિરિસૂરિજીએ ટીકા રચી છે તેમ પ્રસ્તુત ચોથા ઉપાંગ ઉપર પણ આ. હરિભદ્રસૂરિ મહારાજની પ્રદેશ વ્યાખ્યા હોવા છતાં મલયગિરિજીએ વિસ્તૃત ટીકા રચી છે.

**પ્રજ્ઞાપના સૂત્ર અને ટીકાનું ભાષાંતર :**

પ્રસ્તુત અનુવાદ આજથી ૬૦ વર્ષ પૂર્વે વિ.સં. ૧૯૯૧માં પ્રતાકારે ૩ ભાગમાં પ્રગટ થયેલો.

એના સંપાદક-સંશોધક પં. ભગવાનદાસભાઈએ શ્રીમાન્ સાગરજી મહારાજએ તૈયાર કરેલ સટીક પ્રજ્ઞાપનાસૂત્ર આગમોદય સમિતિના સંસ્કરણ ઉપરાંત એક-બે હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરેલો. તે કાળે ઉપલબ્ધ સાધનો અને સંજોગો પ્રમાણે એ બરાબર ગણાય પરંતુ આ પછી મહાવીર વિદ્યાલય દ્વારા જે મૂળ-આગમ ગ્રંથોનું પ્રકાશન થયું છે તેમાં ઘણી-ઘણી પ્રાચીન પ્રતિઓનો ઉપયોગ કરાયો હોવાથી અને એના સંપાદકોમાં આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ અને આગમપ્રજ્ઞ જંબૂવિજયજી મહારાજ સાહેબ જેવા સમર્થ આગમજ્ઞો હોવાના કારણે એ સંસ્કરણો વધુ શુદ્ધ બન્યા છે. અત્યારે જે ભાગ્યશાળીઓ આગમોને ટકાઉ કાગળ ઉપર લખાવવાની કામગિરી કરી રહ્યા છે તેઓ પણ હવે આ મહાવીર વિદ્યાલયના સંસ્કરણનો ઉપયોગ કરતા હોય છે.

ટીકા ગ્રંથનું આવું વિશિષ્ટ સંશોધનપૂર્વકનું કોઈ સંસ્કરણ થયું નથી એટલે જે સામગ્રી સામે હતી તેના આધારે પં. ભગવાનદાસે અનુવાદ કરેલો.

મહાવીર વિદ્યાલય પ્રકાશિત પન્નવણાસુત્તં ભા.૨ ની પ્રસ્તાવનામાં મુનિશ્રી પુણ્યવિજયજી આદિ સંપાદકોએ પ્રજ્ઞાપના સૂત્રના બધા સંસ્કરણોની સમીક્ષા કરી છે. તેમાં પ્રસ્તુત સંસ્કરણની પણ સમીક્ષા કરી છે. એટલે ટીકાના પાઠમાં અશુદ્ધિઓ હોય તો અનુવાદમાં એટલા અંશે અશુદ્ધિ રહે એનો તો ઉપાય નથી. દા.ત. (મહાવીર વિદ્યાલય પ્રસ્તાવના પ્ર. ૧૮૭ કંડિકા ૬૨ મુજબ)-

૨૦૩૨ સૂત્રમાં 'अणंतरा य आहारे' અને ટીકાનો પાઠ 'अनन्तराहाराः' શુદ્ધ છે પણ ટીકાનો મુદ્રિતપાઠ 'अनन्तरागताहारको' હોવાથી મૂળનો પાઠ પણ એને અનુસરતો માન્ય રાખ્યો છે. સૂત્ર ૨૦૩૩માં પણ આવી જ વાત છે.

પ્રસ્તાવના પૃ. ૧૮૭–૧૮૮ કંડિકા ૬૪માં પણ ટીકાના પાઠમાં 'असंख्येय' ના બદલે 'संख्येय' સાચો પાઠ હોવાનું જણાવ્યું છે.

મુનિશ્રી જયાનંદવિજયજીએ યથાશક્ય તમામ બાબતોનું સંશોધન કર્યું છે. મારા શિષ્ય મુનિ હ્રીંકારરત્નવિજયજીએ પણ આ ગ્રંથના પ્રૂફો જોયા છે. શ્રુતસેવાની અનુમોદના.

આ ઉપરાંત આ સંસ્કરણમાં સંપાદક મુનિશ્રી જયાનંદવિજય મ.સા.એ મહાવીર વિદ્યાલય સંસ્કરણની પ્રસ્તાવનામાંથી અને બ્યાવરથી પ્રકાશિત આગમની પ્રસ્તાવનામાંથી ઉપયોગી અંશો આપીને વાચકને એક જ સ્થળે પ્રજ્ઞાપના ગ્રંથ ગ્રંથકાર વિષે અનેક સામગ્રીઓ પીરસીને બહુ મોટો ઉપકાર કર્યો છે.

દ્રવ્યાનુયોગનો આ મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગુજરાતી ભાષામાં બે ભાગમાં પુસ્તકાકારે સુલભ થઈ રહ્યો છે ત્યારે અધિકારી વિદ્વાનો આનો લાભ લઈ આત્મકલ્યાણ કરે એજ મંગળકામના.

વૈ.સુ. ૫ વિ.સં. ૨૦૬૧
આ.ભ.ૐકારસૂરિ મ.સા.ની ૧૭મી પુણ્યતિથિ
વાંકડિયા વડગામ (રાજસ્થાન)

આ.ભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
મુનિરાજશ્રી જિનચન્દ્રવિજય મ.સા.ના વિનેય
**આ. વિજયમુનિચન્દ્રસૂરિ**

## બે શબ્દો

*ભગવાનદાસભાઈએ કરેલ અનુવાદ આ.શ્રી મુનિચંદ્રસૂરિજી અને મુ. શ્રી હ્રીંકારરત્નવિજયજીની સહાયતાથી પુનર્મુદ્રણ કરાવેલ છે. આમાં મૂળ મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત પન્નવણાનુસાર પાઠો આપવા હતાં પણ બે પ્રૂફ જોવાઈ ગયા હતાં તેથી યથાશક્ય પ્રયત્ન કરવામાં આવેલ છે. બીજું ભાષાંતર મૂળનું પૂર્વાનુસાર હતું તેથી કેટલાંક શબ્દો ટીપ્પણમાં લીધા છે.*

*આમાં જે કાંઈ ભૂલો રહી ગયી હોય તે પાઠક વર્ગે જણાવવા વિનંતિ. જેથી નવી આવૃત્તિમાં સુધારી શકાય.*

*પન્નવણાનાં વિષયમાં, આ. શ્રી શ્યામાચાર્યજીના અને આ. શ્રી મલયગિરિજીના વિષયમાં બન્ને પ્રસ્તાવનાઓમાં વિવરણ છે. આ. શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રીજીની પ્રસ્તાવના પણ સાભાર આપવામાં આવેલ છે. મહાવીર વિદ્યાલયથી પ્રકાશિત પન્નવણાની પ્રસ્તાવનામાંથી પણ ઉપયોગી ભાગ સાભાર આપવામાં આવેલ છે. પ્રથમ ભાગમાં ૧ થી ૧૫ પદ આપવામાં આવેલ છે.*

*જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.*

સં. ૨૦૬૨.
સીમંધર જિન પંચમ પ્રતિષ્ઠા દિવસ
ભીનમાલધામ, પાલીતાણા

**જયાનંદ**

## ।। सोलसमं पओगपयं ।।

## ।। पओगभेयपरूवणं ।।

**कतिविहे णं भंते! पओगे पन्नते? गोयमा! पण्णरसविहे पओगे पन्नत्ते, तं जहा—सच्चमणप्पओगे १, असच्चमणप्पओगे २, सच्चामोसमणप्पओगे ३, असच्चामोसमणप्पओगे ४, एवं वइप्पओगे वि चउहा ८, ओरालियसरीरकायप्पओगे ९, ओरालियमीससरीरकायप्पओगे १०, वेउव्वियसरीरकायप्पओगे ११, वेउव्वियमीससरीरकायप्पओगे १२, आहारकसरीरकायप्पओगे १३, आहारगमीससरीरकायप्पओगे १४, (तेया) कम्मासरीरकायप्पओगे १५ ।।सू०-१।।४६०।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો પ્રયોગ કહ્યો છે? હે ગૌતમ! પંદર પ્રકારનો પ્રયોગ કહ્યો છે. તે આ પ્રમાણે-૧ સત્યમનઃપ્રયોગ, ૨ અસત્ય મનઃપ્રયોગ, ૩ સત્યમૃષા મનઃપ્રયોગ, ૪ અસત્યામૃષા મનઃપ્રયોગ, ૫-૮ એ પ્રમાણે વચનપ્રયોગ પણ ચાર પ્રકારનો છે. ૯ ઔદારિકશરીરકાયપ્રયોગ, ૧૦ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, ૧૧ વૈક્રિયશરીરકાયપ્રયોગ, ૧૨ વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ, ૧૩ આહારકશરીરકાયપ્રયોગ, ૧૪ આહારકમિશ્રશરીર-કાયપ્રયોગ, ૧૫ તૈજસકાર્મણશરીરકાયપ્રયોગ. ॥૧॥૪૬૦॥*

(ટી૦) એ પ્રમાણે પંદરમા પદની વ્યાખ્યા કરી, હવે સોળમા પદનો આરંભ કરાય છે. તેનો આ સંબન્ધ છે. અહીં પૂર્વના પદમાં પ્રધાનપદ-મોક્ષનું કારણ હોવાથી અને ઇન્દ્રિયવાળાનેજ લેશ્યાદિ પરિણામનો સદ્ભાવ હોવાથી વિશેષરૂપે ઇન્દ્રિયપરિણામ કહ્યા છે, ત્યાર પછી અહીં પરિણામનું સમાનપણું હોવાથી પ્રયોગપરિણામનું પ્રતિપાદન કરાય છે, તેમાં આ પ્રથમ સૂત્ર— **'कइविहे णं पओगे पन्नत्ते'** હે ભગવન્! કેટલા પ્રકારનો પ્રયોગ કહ્યો છે? અહિં **'णं'** વાક્યાલંકારમાં છે. પ્ર ઉપસર્ગ પૂર્વક યુજ્ ધાતુ યોગ-વ્યાપાર અર્થમાં છે, તેને ભાવ-ક્રિયાના અર્થમાં 'ઘઞ્' પ્રત્યય લાગી પ્રયોગ શબ્દ થાય છે. તેનો અર્થ પરિસ્પન્દ ક્રિયા અથવા આત્મવ્યાપાર એવો થાય છે, **प्रकर्षेण युज्यन्तेऽनेन**—જે વડે ક્રિયાઓમાં અથવા સાંપરાયિક-કાષાયિક કે ઇર્યાપથ-યોગનિમિત્તક કર્મની સાથે આત્મા જોડાય તે પ્રયોગ. અહીં કરણ અર્થમાં 'ઘઞ્' પ્રત્યય થયો છે. ભગવાન્ ઉત્તર કહે છે—'પંદર પ્રકારનો પ્રયોગ છે.' તે પંદર પ્રકાર બતાવે છે—૧ **'सच्चमणप्पओगे'** ઇત્યાદિ. સત્યમનપ્રયોગ **'सत्सु साधुः सत्यः'** સતને સાધુ-હિતકારી હોય તે સત્ય. સત્-સત્પુરુષો, મુનિઓ અથવા પદાર્થો, તેને એટલે મુનિઓને મુક્તિને પ્રાપ્ત કરાવનાર હોવાથી હિતકારી અને યથાર્થ સ્વરૂપના ચિન્તન વડે પદાર્થોને હિતકારી તે સત્ય. જેમકે 'જીવ છે, સદ્-અસદ્રૂપ છે અને શરીરમાત્ર વ્યાપી છે' ઇત્યાદિરૂપે યથાર્થ વસ્તુનું ચિન્તન કરનાર સત્ય મન, તેનો પ્રયોગ-વ્યાપાર તે સત્યમન પ્રયોગ. ૨ **'असच्चमणप्पओगे'** સત્યથી વિપરીત તે અસત્ય, જેમકે 'જીવ નથી, અથવા એકાન્ત સત્ છે' ઇત્યાદિ કુવિકલ્પ કરનાર મન, તેનો પ્રયોગ-વ્યાપાર તે અસત્યમનઃપ્રયોગ. ૩ **'सच्चामोसमणप्पओगे'** સત્યમૃષા-સત્યાસત્ય, જેમકે ધવ, ખેર અને પલાશાદિ વડે મિશ્ર ઘણા અશોક વૃક્ષો છતાં 'આ અશોકવન છે' એવો વિકલ્પ કરવામાં તત્પર તે સત્યમૃષામનઃપ્રયોગ, તેમાં કેટલાએક અશોકવૃક્ષો હોવાથી સત્ય છે, અને બીજા પણ ધવ, ખેર વગેરે ઝાડો હોવાથી અસત્ય છે. એ પ્રમાણે વ્યવહારનયના મતથી કહેવાય છે, પણ વાસ્તવિક રીતે તો આ અસત્ય જ છે, કારણ કે જેવી રીતે ચિંતવેલ છે તેવા પ્રકારના અર્થનો અભાવ છે. ૪ **'असच्चामोसमणप्पओगे'** જે સત્ય નથી તેમ અસત્ય પણ નથી તે અસત્યામૃષા, અહીં વિપ્રતિપત્તિ-મતભેદ હોય ત્યારે પદાર્થને સ્થાપન કરવાની બુદ્ધિથી સર્વજ્ઞના મતને અનુસારે વિચાર કરાય, જેમ કે 'જીવ છે, અને તે સદ્-અસત્સ્વરૂપ છે'. તે આરાધક હોવાથી સત્ય છે. મતભેદ હોય ત્યારે વસ્તુને સ્થાપન કરવાની બુદ્ધિથી સર્વજ્ઞના મતથી વિરુદ્ધ પ્રતિકૂલપણે વિચારાય, જેમકે 'જીવ નથી, અથવા તે એકાન્ત નિત્ય અથવા અનિત્ય છે' ઇત્યાદિ વિરાધક હોવાથી અસત્ય છે. અને જે વસ્તુને સ્થાપન કરવાની ઇચ્છા સિવાય સ્વરૂપમાત્રનો વિચાર કરવામાં તત્પર હોય, જેમકે 'દેવદત્ત! ઘટ લાવ, ગાયની યાચના કર' ઇત્યાદિ

ચિન્તન કરવામાં તત્પર તે અસત્યામૃષા. આ સ્વરૂપમાત્રનો વિચાર કરવામાં તત્પર હોવાથી પૂર્વોક્ત સ્વરૂપવાળું સત્ય નથી, કારણ કે તે આરાધક નથી, તેમ અસત્ય પણ નથી કારણ કે વિરાધક નથી, આ પણ વ્યવહારનયના મતની અપેક્ષાએ જાણવું. અન્યથા છેતરવાની બુદ્ધિપૂર્વક ચિન્તન હોય તો અસત્યમાં તેનો સમાવેશ થાય છે. અને તે સિવાય અન્ય હોય તો તેનો સત્યમાં સમાવેશ થાય છે. '**एवं वइप्पओगोवि चउहा**' જેમ મનનો પ્રયોગ ચાર પ્રકારે કહ્યો તેમ વચનપ્રયોગ પણ ચાર પ્રકારનો છે. તે આ પ્રમાણે-૧ સત્યવચનપ્રયોગ, ૨ મૃષાવચનપ્રયોગ, ૩ સત્યમૃષાવચનપ્રયોગ અને ૪ અસત્યામૃષાવચનપ્રયોગ. આ સત્યવચનાદિ સત્યમનની પેઠે જાણવા. '**ओरालियसरीरकायप्पओगे**' ઇતિ. ઔદારિકશરીરકાયપ્રયોગ-ઔદારિકાદિનો શબ્દાર્થ આગળ કરીશું. ઔદારિક શરીર જ પુદ્ગલસ્કન્ધના સમુદાયરૂપ હોવાથી અને ઉપચયને પ્રાપ્ત થતું હોવાથી કાય કહેવાય છે. કાય-સમુદાય, અથવા **चीयते**—ઉપચયને પામે તે કાય. તેનો પ્રયોગ-વ્યાપાર તે ઔદારિક શરીરકાયપ્રયોગ કહેવાય છે. આ યોગ પર્યાપ્ત તિર્યંચ અને મનુષ્યને હોય છે. '**औदारिकमिश्रशरीरकायप्रयोग**' ઇતિ. કાર્મણની સાથે મિશ્ર થયેલ ઔદારિક તે ઔદારિકમિશ્ર કહેવાય છે. એ સંબન્ધે નિર્યુક્તિકારે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં કહ્યું છે કે "**जोएणं कम्मएणं आहारेइ अणंतरं जीवो। तेणं परं मीसेणं जाव सरीरस्स निप्फत्ती॥**" 'જીવ કાર્મણ યોગ વડે તુરત આહાર કરે છે અને ત્યાર પછી મિશ્ર વડે યાવત્ શરીરની ઉત્પત્તિ થાય છે.' (પ્ર૦)—મિશ્રપણું બન્નેમાં રહેલું છે, જેમ ઔદારિક કાર્મણની સાથે મિશ્ર થયેલ છે, તેમ કાર્મણ પણ ઔદારિકની સાથે મિશ્ર થયેલ છે, તો શા હેતુથી ઔદારિકમિશ્ર કહેવાય છે, પણ કાર્મણમિશ્ર કહેવાતું નથી? (ઉ૦)—શાસ્ત્રમાં તેનોજ વ્યવહાર થાય છે કે જેથી શ્રોતાઓને વક્તાએ કહેવા ધારેલા અર્થનો સ્પષ્ટ બોધ થાય, જો એમ ન હોય તો સંદેહ થવાથી વક્તાએ કહેવા ધારેલા અર્થનો બોધ ન થવાને લીધે શ્રોતાઓને ઉપકાર થતો નથી, કાર્મણશરીર સંસાર પર્યન્ત નિરન્તર રહેતું હોવાથી તે બધા શરીરોમાં હોય છે. તેથી 'કાર્મણમિશ્ર' એમ કહેવાથી ન જાણી શકાય કે તે તિર્યંચ-મનુષ્યને અપર્યાપ્તાવસ્થામાં વિવક્ષિત છે કે દેવ નારકોને વિવક્ષિત છે? તેથી ઉત્પત્તિની અપેક્ષાએ ઔદારિકનું પ્રધાનપણું હોવાથી અને કદાચિત્ હોવાથી વિવક્ષિત અર્થનો સ્પષ્ટ બોધ થવા માટે ઔદારિક વડે 'ઔદારિકમિશ્ર' એવો વ્યવહાર થાય છે. તથા જ્યારે વૈક્રિયલબ્ધિયુક્ત ઔદારિકશરીરવાળા મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય કે પર્યાપ્તા બાદર વાયુકાયિક વૈક્રિયશરીર કરે છે ત્યારે તે ઔદારિકશરીરપ્રયોગમાં જ વર્તતો આત્મપ્રદેશોને વિસ્તારી વૈક્રિય શરીરયોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી જ્યાં સુધી વૈક્રિય શરીરપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જો કે ઔદારિકની વૈક્રિયની સાથે મિશ્રતા બન્નેમાં રહેલી છે તો પણ ઔદારિક પ્રારંભ કરનાર હોવાથી પ્રધાન છે, માટે 'ઔદારિકમિશ્ર' એવો વ્યવહાર થાય છે. પણ 'વૈક્રિયમિશ્ર' એવો વ્યવહાર થતો નથી. તથા જ્યારે કોઇ આહારકલબ્ધિવાળો ચૌદ પૂર્વધર આહારક શરીર કરે છે ત્યારે જો કે આહારક સાથે ઔદારિકનું મિશ્રપણું બન્નેમાં રહેલું છે, તો પણ ઔદારિક આરંભક હોવાથી પ્રધાન છે, તેથી તે વડે 'ઔદારિકમિશ્ર' એવો વ્યવહાર થાય છે. પરન્તુ આહારક વડે થતો નથી. ઔદારિકમિશ્રશરીરકાયનો પ્રયોગ-વ્યાપાર તે ઔદારિકમિશ્રશરીરપ્રયોગ. '**वैक्रियशरीरकायप्रयोगः**'—વૈક્રિયશરીર પર્યાપ્તિ વડે પર્યાપ્તાને વૈક્રિયશરીરકાયપ્રયોગ હોય છે, વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ દેવ નારકોને અપર્યાપ્તાવસ્થામાં હોય છે. ત્યાં મિશ્રપણું કાર્મણની સાથે જાણવું. અહીં આક્ષેપ-પૂર્વપક્ષ અને પરિહાર-સમાધાન પણ પૂર્વની પેઠે જાણવું. જ્યારે મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય કે વાયુકાયિક વૈક્રિય શરીર કરી પોતાનું કાર્ય સમાપ્ત કરી વૈક્રિયશરીરનો ત્યાગ કરતા ઔદારિક શરીરને વિષે પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે ત્યારે તે વૈક્રિયશરીરના બળથી ઔદારિક ગ્રહણ કરવાને પ્રવર્તે છે, માટે અહીં વૈક્રિયનું પ્રધાનપણું હોવાથી વૈક્રિયવડે 'વૈક્રિયમિશ્ર' એવો વ્યવહાર થાય છે, પણ ઔદારિક વડે થતો નથી. '**आहारकशरीकायप्रयोगः**' આહારકશરીરપર્યાપ્તિવડે પર્યાપ્તાને હોય છે. આહારકમિશ્રશરીરકાયપ્રયોગ આહારકથી ઔદારિકમાં પ્રવેશ કરતાં હોય છે. તાત્પર્ય આ છે—જ્યારે આહારકશરીરી થઇ પોતાનું કાર્ય કરી ફરીથી ઔદારિકશરીર ગ્રહણ કરે છે ત્યારે જો કે મિશ્રપણું બન્નેમાં રહેલું છે, તો પણ આહારકના સામર્થ્યથી ઔદારિકમાં પ્રવેશ થાય છે માટે આહારકનું પ્રધાનપણું હોવાથી તે વડે 'આહારકમિશ્ર' એવો વ્યવહાર થાય છે; પણ ઔદારિક વડે થતો નથી. આ સિદ્ધાન્તના અભિપ્રાયથી કહ્યું છે. કાર્મગ્રન્થિકો વૈક્રિયના પ્રારંભકાળે અને તેને

ત્યાગ કરવાના સમયે વૈક્રિયમિશ્ર અને આહારકના પ્રારંભકાળે અને તેને છોડવાના સમયે આહારકમિશ્ર હોય છે એને કોઇ પણ અવસ્થામાં ઔદારિકમિશ્ર નથી એમ માને છે. તૈજસકાર્મણશરીરપ્રયોગ વિગ્રહગતિમાં અને સમુદ્ઘાતની અવસ્થામાં સયોગી કેવલીને ત્રીજા, ચોથા અને પાંચમા સમયે હોય છે. અહીં તૈજસ કાર્મણની સાથે નિયત સહચારી છે માટે તૈજસકાર્મણનું સાથે ગ્રહણ કરેલું છે. ॥૧॥૪૬૦॥

## ।। जीवेसु ओहेणं पओगपरूवणं ।।

**जीवाणं भंते! कतिविधे पओगे पण्णत्ते? गोयमा! पण्णरसविधे पण्णत्ते, तं जहा-सच्चमणप्पओगे, जाव कम्मासरीरकायप्पओगे। नेरइयाणं भंते! कतिविधे पओगे पण्णत्ते? गोयमा! एक्कारसविधे पओगे पन्नते, तं जहा-सच्चमणप्पओगे, जाव असच्चामोसवयप्पओगे, वेउव्वियसरीकायप्पओगे, वेउव्वियमीससरीरकायप्पओगे, कम्मासरीरकायप्पओगे। एवं असुरकुमाराण वि जाव थणियकुमाराणं। पुढविकाइयाणं पुच्छा। गोयमा! तिविहे पओगे पन्नत्ते, तं जहा—ओरालियसरीरकायप्पओगे, ओरालियमीससरीरकायप्पओगे, कम्मासरीरकायप्पओगे य। एवं जाव वणस्सइकाइयाणं, णवरं वाउकाइयाणं पञ्चविहे पओगे पन्नत्ते, तं जहा-ओरालियसरीरकायप्पओगे, ओरालियमीससरीरकायप्पओगे य, वेउव्विए दुविधे, कम्मासरीरकायप्पओगे य। बेइंदियाणं पुच्छा। गोयमा! चउव्विहे पओगे पन्नत्ते, तं जहा-असच्चामोसवइप्पओगे, ओरालियसरीरकायप्पओगे, ओरालियमीससरीर-कायप्पओगे कम्मासरीरकायप्पओगे। एवं जाव चउरिंदियाणं। पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! तेरसविधे पओगे पन्नत्ते, तं जहा-सच्चमणप्पओगे, मोसमणप्पओगे, सच्चामोसमणप्पओगे, असच्चामो-समणप्पओगे, एवं वइप्पओगे वि, ओरालियसरीरकायप्पओगे, ओरालियमीससरीकायप्पओगे, वेउव्वियसरीरकायप्पओगे, वेउव्वियमीससरीर-कायप्पओगे, कम्मासरीरकायप्पओगे। मणूसाणं पुच्छा। गोयमा! पण्णरसविधे पओगे पन्नत्ते, तं जहा-सच्च-मणप्पओगे जाव कम्मासरीरकायप्पओगे। वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा नेरइयाणं ।।सू०-२।।४६१।।**

*(મૂ૦) હે ભગવન્! જીવોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે? હે ગૌતમ! પંદર પ્રકારના પ્રયોગ હોય છે. તે આ પ્રમાણે- સત્યમનપ્રયોગ, યાવત્-કાર્મણશરીરકાયપ્રયોગ. હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારના પ્રયોગ હોય છે? હે ગૌતમ! અગિયાર પ્રકારના પ્રયોગ હોય છે. તે આ પ્રમાણે—૧ સત્યમન:પ્રયોગ, યાવત્ ૮ અસત્યામૃષા વચનપ્રયોગ, ૯ વૈક્રિયશરીરકાયપ્રયોગ, ૧૦ વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગ અને ૧૧ કાર્મણશરીરકાયપ્રયોગ. એ પ્રમાણે અસુરકુમારથી માંડી સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને ત્રણ પ્રકારનો પ્રયોગ હોય છે. તે આ પ્રમાણે—૧ ઔદારિકશરીકાયપ્રયોગ, ૨ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, અને ૩ કાર્મણશરીરકાયપ્રયોગ. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. પરન્તુ વાયુકાયિકોને પાંચ પ્રકારનો પ્રયોગ હોય છે—૧ ઔદારિકશરીરકાયપ્રયોગ, ૨ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, ૩-૪ વૈક્રિય બે પ્રકારનો પ્રયોગ અને ૫ કાર્મણશરીરકાયપ્રયોગ. બેઇન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. તેઓને ચાર પ્રકારનો પ્રયોગ હોય છે. તે આ પ્રમાણે—૧ અસત્યામૃષા વચનપ્રયોગ, ૨ ઔદારિકશરીરકાયપ્રયોગ, ૩ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ અને ૪ કાર્મણશરીરકાયપ્રયોગ. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેને તેર પ્રકારનો પ્રયોગ કહ્યો છે. તે આ પ્રમાણે—૧ સત્ય મન:પ્રયોગ, ૨ મૃષા મન:પ્રયોગ, ૩ સત્યમૃષા મન:પ્રયોગ, ૪ અસત્યામૃષા મન:પ્રયોગ, ૮ એ પ્રમાણે વચનપ્રયોગ પણ સમજવાં, ૯ ઔદારિકશરીરકાયપ્રયોગ, ૧૦ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગ, ૧૧ વૈક્રિયશરીરકાયપ્રયોગ, ૧૨ વૈક્રિયમિશ્ર-*

*શરીરકાયપ્રયોગ અને ૧૩ કાર્મણશરીરકાયપ્રયોગ. મનુષ્યો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! તેઓને પંદર પ્રકારનો પ્રયોગ હોય છે. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકોની પેઠે જાણવું. ॥૨॥૪૬૧॥*

(ટી૦) આ પંદર પ્રયોગોનો જીવાદિ સ્થાનોમાં વિચાર કરતાં સૂત્રકાર કહે છે—'जीवाणं भंते! कतिविधे पओगे पन्नत्ते'? હે ભગવન્! જીવોને કેટલા પ્રકારનો પ્રયોગ હોય છે વગેરે. તેમાં જીવપદમાં પંદરે પ્રયોગો હોય છે. કારણ કે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ હમેશાં પંદરે પ્રયોગો પ્રાપ્ત થાય છે. નૈરયિકપદમાં અગિયાર પ્રયોગો હોય છે, કારણ કે તેઓને ઔદારિક, ઔદારિકમિશ્ર, આહારક અને આહારકમિશ્ર એ ચાર પ્રયોગનો અસંભવ છે. એ પ્રમાણે બધા ભવનપતિ, વ્યન્તરો, જ્યોતિષિક અને વૈમાનિકોમાં વિચાર કરવો. વાયુકાય સિવાયના પૃથિવીકાયાદિ એકેન્દ્રિયોમાં પ્રત્યેકને ત્રણ ત્રણ પ્રયોગ હોય છે—૧ ઔદારિક, ૨ ઔદારિકમિશ્ર અને ૩ કાર્મણ. વાયુકાયિકોમાં પાંચ પ્રયોગો હોય છે, કારણ કે વૈક્રિય અને વૈક્રિયમિશ્રનો પણ તેઓને સંભવ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં પ્રત્યેકને ચાર ચાર પ્રયોગ હોય છે—૧ ઔદારિક, ૨ ઔદારિકમિશ્ર, ૩ કાર્મણ અને ૪ અસત્યામૃષા ભાષા. બાકીની સત્યાદિ ભાષાનો તેઓને સંભવ નથી. કારણ કે 'विगलेसु असच्चमोसेव' વિકલેન્દ્રિયોમાં એક અસત્યામૃષા ભાષા હોય છે-એવું શાસ્ત્રનું વચન છે. પંચેન્દ્રિય તિર્યંચોને તેર પ્રયોગો હોય છે, કારણ કે તેઓને ચૌદ પૂર્વના જ્ઞાનનો અસંભવ હોવાથી આહારક અને આહારકમિશ્રપ્રયોગ નથી. મનુષ્યોને વિષે પંદરે યોગો હોય છે, કારણ કે મનુષ્યોને સર્વ ભાવોનો સંભવ છે. ॥૨॥૪૬૧॥

## ॥ जीवेसु विभागेणं पओगपरूवणं ॥

**जीवा णं भंते! किं सच्चमणप्पओगी, जाव किं कम्मसरीरकायप्पओगी? गोयमा! जीवा सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगी वि जाव वेउव्वियमीससरीरकायप्पओगी वि कम्मासरीरकायप्पओगी वि १३। अहवेगे य आहारगसरीरकायप्पओगी य १, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य २, अहवेगे य आहारगमीससरीर-कायप्पओगी य ३, अहवेगे य आहारगमीससरीरकायप्पओगिणो य ४ चउभङ्गो। अहवेगे य आहारगसरीर-कायप्पओगी य आहारगमीससरीरकायप्पओगी य १, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमी-सासरीरकायप्पओगिणो य २, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य ३, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य ४, एए जीवाणं अट्ठ भंगा ॥सू०-३॥४६२॥**

*(મૂ૦) હે ભગવન્! શું જીવો સત્યમનપ્રયોગવાળા છે કે યાવત્-કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય છે? હે ગૌતમ! સર્વે જીવો સત્યમનપ્રયોગવાળા, યાવત્ વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૧૩. અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો હોય, ૨ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા હોય, ૩ અથવા એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય, ૪ અથવા કેટલાએક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા હોય-એ ચતુર્ભંગી જાણવી. ૧ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક આહારકમિશ્રશરીર-કાયપ્રયોગવાળો હોય, ૨ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળો હોય, ૩ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગી હોય, ૪ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે જીવોને આશ્રયી આઠ ભાંગા જાણવા. ॥૩॥૪૬૨॥*

(ટી૦) હવે જીવાદિ પદોમાં નિયત પ્રયોગોનો વિચાર કરતાં સૂત્રકાર કહે છે—'जीवा णं भंते'-હે ભગવન્! જીવો શું સત્યમનપ્રયોગવાળા ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્રમાં 'બધા જીવો સત્યમનપ્રયોગવાળા હોય છે-ઇત્યાદિ પ્રથમ

ભાંગો થાય છે. તાત્પર્ય એ છે કે હમેશાં ઘણા જીવો સત્યમનપ્રયોગવાળા, અસત્યમનપ્રયોગવાળા, યાવત્ વૈક્રિયશરીરકાયપ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હોય છે. નારકાદિ જીવોને હમેશાં ઉપપાત અને ઉત્તરવૈક્રિયના આરંભનો સંભવ છે. કાર્મણશરીરકાયપ્રયોગવાળા હમેશાં હોય છે, કારણ કે વનસ્પત્યાદિ વિગ્રહગતિ વડે હમેશાં અવાન્તરગતિમાં હોય છે. આહારકશરીરી કદાચિત્ સર્વથા હોતો નથી, કારણ કે તેને ઉત્કૃષ્ટથી છમાસ સુધીના અન્તરનો સંભવ છે. જ્યારે આહારકશરીરી હોય છે ત્યારે જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ-બે હજારથી નવ હજાર સુધી હોય છે. કહ્યું છે કે '**आहारगाइं लोए छम्मासे जा न होंतिवि कयाई। उक्कोसेणं नियमा एक्कं समयं जहन्नेणं॥ होंताइं जहन्नेणं इक्कं दो तिन्नि पंच व हवंति। उक्कोसेणं जुगवं पुहुत्तमेत्तं सहस्साणं**'॥ લોકમાં આહારકશરીરો ક્યારેક ઉત્કૃષ્ટ છ માસ સુધી અવશ્ય હોતાં નથી. જઘન્યથી એક સમય સુધી હોતા નથી. જ્યારે હોય છે ત્યારે જઘન્યથી એક, બે, ત્રણ કે પાંચ હોય છે. અને ઉત્કૃષ્ટ એક સાથે સહસ્ર પૃથક્ત્વ હોય છે, તેથી જ્યારે આહારકશરીરકાયપ્રયોગવાળો અને આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળો એક પણ ન હોય ત્યારે તે બે પ્રયોગ સિવાય બહુવચનયુક્ત તેર પદનો પ્રથમ ભંગ થાય છે. કારણ કે તેરે પદોનું પણ હમેશાં બહુપણુંજ હોય છે. જ્યારે એક આહારકશરીરકાયપ્રયોગવાળો હોય છે, ત્યારે બીજો ભાંગો ઘટે છે. તેઓ પણ જ્યારે ઘણાં હોય ત્યારે ત્રીજો ભાંગો. એ પ્રમાણે જ આહારકમિશ્રશરીરકાયપ્રયોગપદ વડે પણ બે ભાંગા થાય છે. એમ એકના યોગમાં ચાર ભાંગાઓ થયા. દ્વિકસંયોગમાં પણ પ્રત્યેકના એકવચન અને બહુવચન વડે ચાર ભાંગાઓ, એમ સર્વ સંખ્યાવડે જીવપદને આશ્રયી નવ ભાંગાઓ થાય છે. ॥૩॥૪૬૨॥

## ।। नेरइएसु विभागेणं पओगपरूवणं ।।

**नेरइया णं भंते! किं सच्चमणप्पओगी जाव किं कम्मासरीरकायप्पओगी ११? गोयमा! नेरइया सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगी वि जाव वेउव्वियमीसासरीरकायप्पओगी वि, अहवेगे य कम्मसरीरकायप्पओगी य १, अहवेगे य कम्मासरीरकायप्पओगिणो य २,**

## ।। भवणवासिसु विभागेणं पओगपरूवणं ।।

**एवं असुरकुमारा वि, जाव थणियकुमारा वि।**

## ।। एगिंदिएसु विभागेणं पओगपरूवणं ।।

**पुढविकाइया णं भंते! किं ओरालियसरीरकायप्पओगी ओरालियमीससरीरकायप्पओगी कम्मासरीरकायप्पओगी? गोयमा! पुढविकाइया ओरालियसरीरकायप्पओगी वि ओरालियमीससरीरकायप्पओगी वि कम्मासरीरकायप्पओगी वि, एवं जाव वणप्फइकाइयाणं। णवरं वाउक्काइया वेउव्वियसरीकायप्पओगी वि वेउव्वियमीससरीरकायप्पओगीवि।**

## ।। विंगलिंदिएसु विभागेणं पओगपरूवणं ।।

**बेइंदिया णं भंते! किं ओरालियसरीरकायप्पओगी जाव कम्मासरीरकायप्पओगी? गोयमा! बेइन्दिया सव्वे वि ताव होज्जा असच्चामोसवइप्पओगी वि ओरालियसरीरकायप्पओगी वि ओरालियमीससरीरकायप्पओगी वि, अहवेगे य कम्मासरीरकायप्पओगी य, अहवेगे य कम्मासरीरकायप्पओगिणो य, एवं जाव चउरिंदिया वि।**

## ।। पंचिंदियतिरिक्खेसु विभागेणं पओगपरूवणं ।।

**पंचिंदियतिरिक्ख-जोणिया जहा नेरइया, नवरं ओरालियसरीरकायप्पओगी वि, ओरालियमीससरीरकायप्पओगी वि, अहवेगे य कम्मासरीरकायप्पओगी य अहवेगे य कम्मासरीरकायप्पओगिणो य।।४।।४६३।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો શું સત્યમનપ્રયોગવાળા યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય? હે ગૌતમ! બધા નૈરયિકો*

*સત્યમનપ્રયોગવાળા યાવત્ વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય, અથવા એક નૈરયિક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, ૨ અથવા કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે અસુરકુમાર યાવત્ સ્તનિતકુમારોને જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકો શું ઔદારિકશરીરકાયપ્રયોગવાળા, ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કે કાર્મણશરીરકાય-પ્રયોગવાળા હોય? હે ગૌતમ! પૃથિવીકાયિકો ઔદારિકશરીરકાયપ્રયોગવાળા, ઔદારિકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હોય. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. પરંતુ વાયુકાયિકો વૈક્રિયશરીરકાય-પ્રયોગવાળા અને વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગવાળા પણ હોય છે. હે ભગવન્! બેઇન્દ્રિયો શું ઔદારિકશરીરકાયપ્રયોગવાળા યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય? હે ગૌતમ! બધા બેઇન્દ્રિયો અસત્યામૃષાવચનપ્રયોગવાળા, ઔદારિકશરીરકાય-પ્રયોગવાળા અને ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા પણ હોય છે. ૧ કાર્મણકાયપ્રયોગમાં અથવા એક કાર્મણશરીરકાય-પ્રયોગવાળો પણ હોય, ૨ અથવા કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હોય. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે સમજવા. પરન્તુ તેઓ ઔદારિકશરીરકાયપ્રયોગવાળા અને ઔદારિકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળા પણ હોય. ૧ કાર્મણકાયપ્રયોગમાં-અથવા એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, અથવા કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હોય. ॥૪॥૪૬૩॥*

(ટી૦) નૈરયિકપદમાં સત્યમનપ્રયોગવાળાથી આરંભી વૈક્રિયમિશ્રકાયપ્રયોગવાળા પર્યન્ત દશ પદો હમેશાં બહુવચન વડે રહેલાં છે, તેથી એ પ્રથમ ભંગ. (પ્ર૦)—વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગવાળા હમેશાં કેમ હોય? કારણ કે નરકગતિનો બાર મુહૂર્તનો ઉપપાત વિરહકાલ છે. (ઉ૦)—આ ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ કહ્યું છે. તે આ પ્રમાણે-યદ્યપિ બાર મુહૂર્તનો ગતિમાં ઉપપાત વિરહકાલ હોય છે, તો પણ તે સમયે પણ ઉત્તર વૈક્રિયશરીરનો આરંભ કરનારા સંભવે છે. અને ઉત્તર વૈક્રિયના પ્રારંભમાં ભવધારણીય વૈક્રિય વડે મિશ્ર થાય છે, કારણ કે વૈક્રિય શરીરના સામર્થ્યથી ઉત્તર વૈક્રિયનો આરંભ કરે છે. ભવધારણીય શરીરના પ્રવેશમાં પણ ઉત્તર વૈક્રિય વડે મિશ્ર થાય છે, કારણ કે ઉત્તર વૈક્રિયના બલથી ભવધારણીય શરીરમાં પ્રવેશ કરે છે, તેથીજ ઉત્તર વૈક્રિયની અપેક્ષાએ ભવધારણીય અને ઉત્તર વૈક્રિયના મિશ્રનો સંભવ હોવાથી તે સમયે પણ વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગવાળા નૈરયિકો હોય છે. કાર્મણશરીરકાયપ્રયોગવાળો નૈરયિક કદાચિત્ એક પણ ન હોય, કારણ કે બાર મુહૂર્તનો ગતિમાં ઉપપાત વિરહકાલ હોય છે. જ્યારે હોય છે ત્યારે પણ જઘન્યથી એક બે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા હોય છે, તેથી જ્યારે કાર્મણશરીરકાયપ્રયોગવાળો એક પણ ન હોય ત્યારે પ્રથમ ભંગ, જ્યારે એક હોય ત્યારે બીજો ભંગ, જ્યારે ઘણા હોય ત્યારે ત્રીજો ભંગ. એથી અહીં ત્રણ ભાંગાઓ વનસ્પતિ, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકમાં વિચારવા. પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિઓમાં ઔદારિકશરીરકાયપ્રયોગવાળા, ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા પણ હમેશાં ઘણાં હોય છે, માટે પ્રત્યેકને ત્રણે પદોના બહુવચનરૂપ એકજ ભાંગો હોય છે. વાયુકાયિકોમાં ઔદારિકદ્વિક, વૈક્રિયદ્વિક, અને કાર્મણશરીર એ પાંચ પદના બહુવચનરૂપ એક ભાંગો હોય છે, કારણ કે તેઓમાં વૈક્રિયશરીરવાળા અને વૈક્રિયમિશ્રશરીરવાળા હમેશાં ઘણા હોય છે. બેઇન્દ્રિયોમાં જો કે અન્તર્મુહૂર્તનો ઉપપાતવિરહ કાળ છે, તો પણ ઉપપાતવિરહકાળનું અન્તર્મુહૂર્ત નાનું છે અને ઔદારિકમિશ્રનું અન્તર્મુહૂર્ત ઘણું મોટું છે, માટે તેમાં ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા પણ હમેશાં હોય છે. કાર્મણશરીરકાયપ્રયોગવાળો તો કદાચિત્ એક પણ ન હોય, કારણ કે તેઓનો ઉપપાતવિરહકાળ અન્તર્મુહૂર્તનો હોય છે. જ્યારે તે હોય છે ત્યારે જઘન્યથી એક બે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા હોય છે, તેથી જ્યારે એક પણ કાર્મણશરીરકાયપ્રયોગવાળો ન હોય ત્યારે પ્રથમ ભંગ, જ્યારે એક કાર્મણશરીરી હોય ત્યારે બીજો ભંગ, અને જ્યારે ઘણા હોય ત્યારે ત્રીજો ભાંગો હોય છે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય ને વિષે વિચારવું. 'पंचिंदियतिरिक्खजोणिया जहा नेरइया' ઇત્યાદિ. જેમ નૈરયિકો સંબન્ધે કહ્યું તેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંબન્ધે કહેવું. પરન્તુ વૈક્રિય અને વૈક્રિયમિશ્રશરીરકાયપ્રયોગવાળાને સ્થાને ઔદારિક અને ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કહેવા,

તાત્પર્ય એ છે કે ૧ સત્યમન:પ્રયોગવાળા, યાવત્ ૮ અસત્યામૃષાવચનપ્રયોગવાળા, ૯ ઔદારિકશરીરકાયપ્રયોગવાળાં અને પછી ૧૦ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય–એમ કહેવું. એ દસ પદો હમેશાં બહુવચન વડે અવસ્થિત છે. જો કે તિર્યંચ પંચેન્દ્રિયોનો ઉપપાતવિરહકાળ અન્તર્મુહૂર્તનો છે, તો પણ ઉપપાતવિરહકાળનું અન્તર્મુહૂર્ત નાનું છે, ઔદારિકમિશ્રનું અન્તર્મુહૂર્ત ઘણું મોટું છે, માટે અહીં પણ ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા સદા હોય છે. **જે બાર મુહૂર્તનો ઉપપાતવિરહકાળ કહ્યો છે તે ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને આશ્રયી સમજવો,** પણ સામાન્ય તિર્યંચોની અપેક્ષાએ ન જાણવો. કાર્મણશરીરકાયપ્રયોગવાળો તો તિર્યંચ પંચેન્દ્રિયોમાં પણ કદાચિત્ એક પણ ન હોય, કારણ કે તેઓનો ઉપપાતવિરહકાળ અન્તર્મુહૂર્તનો છે. તેથી જ્યારે એક પણ કાર્મણશરીરી ન હોય ત્યારે પ્રથમ ભંગ, જ્યારે એક હોય ત્યારે બીજો ભંગ, અને જ્યારે ઘણા હોય ત્યારે ત્રીજો ભંગ હોય છે. મનુષ્યોમાં ચાર મનના, ચાર વચનના, ઔદારિક અને વૈક્રિયદ્વિકરૂપ અગિયાર પદો હમેશાં બહુવચનયુક્ત હોય છે. (પ્ર૦)—વૈક્રિયમિશ્રશરીરવાળા હમેશાં કેમ હોય? (ઉ૦)—વિદ્યાધરની અપેક્ષાએ હોય છે. જેમકે—વિદ્યાધરો અને તે સિવાય બીજા કેટલાએક મિથ્યાદૃષ્ટિ વગેરે વૈક્રિયલબ્ધિવાળા અન્ય અન્ય અભિપ્રાય વડે હમેશાં વિકુર્વણા કરતા હોય છે. આ સંબન્ધે મૂલટીકાકાર કહે છે—"**मनुष्या वैक्रियमिश्रशरीरप्रयोगिण:, सदैव विद्याधरादीनां विकुर्वणाभावाद्**" ઇતિ—મનુષ્યો વૈક્રિયમિશ્રશરીરપ્રયોગવાળા હોય છે, કારણ કે વિદ્યાધરાદિને હમેશાં વિકુર્વણા હોય છે. ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કાર્મણશરીરકાયપ્રયોગવાળા કદાચિત્ સર્વથા હોતા નથી, કારણ કે તેઓને બાર મુહૂર્તનો ઉપપાતવિરહકાળ હોય છે. આહારકશરીરવાળા અને આહારકમિશ્રશરીરવાળા કદાચિત્ હોય છે–એ પૂર્વે કહ્યું છે. તેથી ઔદારિકમિશ્રાદિના અભાવમાં અગિયાર પદના બહુવચનરૂપ એક ભાંગો થાય છે. ત્યાર પછી ઔદારિકમિશ્રપદને આશ્રયી એકવચન અને બહુવચન વડે બે ભાંગા, એ પ્રમાણે આહારકપદ વડે બે ભાંગા, આહારકમિશ્રપદ વડે બે ભાંગા અને કાર્મણપદ વડે બે ભાંગા–એમ એક એક સંયોગવડે આઠ ભાંગા થાય છે. દ્વિકસંયોગમાં પ્રત્યેકના એકવચન અને બહુવચન વડે ઔદારિકમિશ્ર અને આહારકપદના ચાર ભાંગા, એ પ્રમાણે જ ઔદારિકમિશ્ર અને આહારકમિશ્રપદના ચાર ભાંગા, ઔદારિકમિશ્ર અને કાર્મણના ચાર ભાંગા, આહારક અને આહારકમિશ્રના ચાર ભાંગા, આહારક અને કાર્મણના ચાર ભાંગા, આહારકમિશ્ર અને કાર્મણના ચાર ભાંગા–એમ બધા મળી દ્વિકસંયોગમાં ચોવીશ ભાંગા થાય છે. ત્રિકસંયોગમાં ઔદારિકમિશ્ર, આહારક અને આહારકમિશ્રપદના એકવચન અને બહુવચન વડે આઠ ભાંગા થાય છે. ઔદારિકમિશ્ર, આહારક અને કાર્મણના આઠ ભાંગા, ઔદારિકમિશ્ર, આહારકમિશ્ર અને કાર્મણના આઠ ભાંગા, અને આહારક, આહારકમિશ્ર અને કાર્મણના આઠ ભાંગા–એમ બધા મળી ત્રિકસંયોગી બત્રીશ ભાંગા થાય છે. ઔદારિકમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્મણ–એ ચાર પદોના એકવચન અને બહુવચન વડે સોળ ભાંગા થાય છે. અને સર્વ મળીને એંશી ભાંગા થાય છે. ॥૪॥૪૬૩॥

## ।। मणुस्सेसु विभागेणं पओगपरूवणं ।।

**मणूसाणं भंते! किं सच्चमणप्पओगी जाव किं कम्मासरीरकायप्पओगी? गोयमा! मणूसा सव्वे वि ताव होज्जा सच्चमणप्पओगी वि, जाव ओरालियसरीरकायप्पओगी वि, वेउव्वियसरीरकायप्पओगी वि, वेउव्वियमीससरीर-कायप्पओगी वि, १ अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य, २ अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य, ३ अहवेगे य आहारगसरीरकायप्पओगी य, ४ अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य, ५ अहवेगे य आहारगमीसासरीरकायप्पओगी य, ६ अहवेगे य आहारगमीसासरीरकायप्पओगिणो य, ७ अहवेगे य कम्मगसरीरकायप्पओगी य, ८ अहवेगे य कम्मगसरीरकायप्पओगिणो य, एते अट्ठ भंगा पत्तेयं। अहवेगे य ओरालियमीससरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसासरीरकाय-प्पओगी य आहारगसरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य**

आहारगमीसासरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य ४ एवं एते चत्तारि भंगा, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य ४ चत्तारि भंगा, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य ४ एते चत्तारि भंगा, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य १, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य २, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य ३, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य ४ चत्तारि भंगा, अहवेगे य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य १, अहवेगे व आहारगसरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य २, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य ३, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य ४ चउरो भङ्गा, अहवेगे य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य १, अहवेगे य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य २, अहवेगे य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य ३, अहवेगे य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य ४ चउरो भङ्गा, एवं चउव्वीसं भङ्गा। अहवेगे य ओरालियमीसगसरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसगसरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसगसरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य ४, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य ५, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य ६. अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य ७, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारकसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य ८ एते अट्ठ भंगा, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य ४, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो

य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य ५, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य ६, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य ७, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य ८, एते अट्ठ भंगा, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य ४, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगी य ५, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य ६, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य ७, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगिणो य ८, एते अट्ठ भंगा, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य १, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य २, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मगसरीरकायप्पओगी य ३, अहवेगे य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य ४, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य ५, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मगसरीरकायप्पओगिणो य ६, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य ७, अहवेगे य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य ८। एवं एए तियसंजोएणं चत्तारि अट्ठ भंगा, सव्वे वि मिलिता बत्तीसं भंगा जाणितव्वा ३२। अहवेगे य ओरालियमिसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य १, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य २, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य ३, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य ४, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य ५, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य ६, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य

कम्मासरीरकायप्पओगी य ७, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगी य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य ८, अहवेगे य ओरालियमीसा-सरीरकायप्पओगिणो य आहारग-सरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य ९, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसा-सरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगिणो य १०, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य ११, अहवेगे य ओरालियमीसासरीर-कायप्पओगिणो य आहारगसरीरकायप्पओगी य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीरकायप्पओगिणो य १२, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसा-सरीरकायप्पओगी य कम्मासरीरकायप्पओगी य १३, अहवेगे य ओरालियमीसा-सरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगी य कम्मासरीर-कायप्पओगिणो य १४, अहवेगे य ओरालियमीसासरीरकायप्पओगिणो य आहारगसरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायंप्पओगिणो य कम्मासरीरकायप्पओगी य १५, अहवेगे य ओरालियमीसासरीर-कायप्पओगिणो य आहारग-सरीरकायप्पओगिणो य आहारगमीसासरीरकायप्पओगिणो य कम्मासरीर-कायप्पओगिणो य १६ एवं एते चउसंजोएणं सोलस भंगा भवंति, सव्वेऽवि य णं संपिंडिया असीतिं भंगा भवंति। वाणमंतर-जोइस-वेमाणिया जहा असुरकुमारा ।।सू०-५।।४६४।।

*(મૂ૦) હે ભગવન્! મનુષ્યો શું સત્યમનપ્રયોગવાળા યાવત્ કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય? હે ગૌતમ! બધા મનુષ્યો સત્યમનપ્રયોગવાળા, યાવત્ ઔદારિકશરીરકાયપ્રયોગવાળા, વૈક્રિયશરીરકાયપ્રયોગવાળા અને વૈક્રિયમિશ્રશરીરકાય-પ્રયોગવાળા પણ હોય, ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય, ૨ અથવા કેટલાએક ઔદારિકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો હોય, ૪ અથવા કેટલાએક આહારક-શરીરકાયપ્રયોગવાળા હોય. ૫ અથવા એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, ૬ અથવા કેટલાએક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળા હોય. ૭ અથવા એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૮ અથવા કેટલાએક કાર્મણશરીરકાય-પ્રયોગવાળા હોય. એ પ્રમાણે એક સંયોગના આઠ ભાંગાઓ થાય છે. અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક આહારકશરીરકાયપ્રયોગવાળો હોય, ૨ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયવાળો અને કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક આહારક-શરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે એ ચાર ભાંગાઓ થયા. ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. ૨ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક આહાકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ ચાર ભાંગા થાય છે. ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાય-પ્રયોગવાળો હોય. ૨ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક*

કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એમ ચાર ભાંગા થાય છે. ૧ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. ૨ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે ચાર ભાંગા થાય છે. ૧ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૨ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાય-પ્રયોગવાળો હોય. ૪ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય છે. એ ચાર ભાંગા થાય છે. ૧ અથવા એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાય-પ્રયોગવાળો હોય. ૨ અથવા એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય, ૩ અથવા કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એમ ચાર ભાંગાઓ થાય છે. એ પ્રમાણે ચોવીશ ભાંગાઓ થયા. ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો એક આહારક-શરીરકાયપ્રયોગવાળો અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય, ૨ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાય-પ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાય-પ્રયોગવાળા અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય, ૫ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય, ૬ અથવા કેટલાક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળા હોય, ૭ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકશરીર-કાયપ્રયોગવાળા અને એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો હોય, ૮ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા હોય. એ આઠ ભાંગા થાય છે. ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, ૨ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાય-પ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય, ૩ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, ૪ અથવા એક ઔદારિક-મિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૫ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય, ૬ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા એક આહારકશરીરકાય-પ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય, ૭ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૮ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાય-પ્રયોગવાળા હોય. એ પ્રમાણે આઠ ભાંગા થાય છે. ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક

આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૨ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીર-કાયપ્રયોગવાળા હોય. ૫ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૬ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૭ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૮ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૧ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો એક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૨ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા એક આહારકશરીરકાયપ્રયોગવાળો કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૫ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૬ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૮ અથવા કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે ત્રિકસંયોગ વડે ચાર પ્રકારે આઠ આઠ ભાંગા થાય છે. બધા મળીને બત્રીશ ભાંગા જાણવા. ૧ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૨ અથવા એક ઔદારિકમિશ્ર-શરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૩ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાય-પ્રયોગવાળો, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૪ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૫ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૬ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૭ અથવા એક ઔદારિક-મિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૮ અથવા એક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાય-

પ્રયોગવાળા હોય. ૯ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૧૦ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૧૧ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૧૨ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, એક આહારકશરીરકાયપ્રયોગવાળો, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૧૩ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૧૪ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, એક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળો અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. ૧૫ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકમિશ્રશરીરકાયપ્રયોગવાળા અને એક કાર્મણશરીરકાયપ્રયોગવાળો હોય. ૧૬ અથવા કેટલાએક ઔદારિકમિશ્રશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકશરીરકાયપ્રયોગવાળા, કેટલાએક આહારકમિશ્રશરીરકાય-પ્રયોગવાળા અને કેટલાએક કાર્મણશરીરકાયપ્રયોગવાળા હોય. એ પ્રમાણે આ ચતુઃસંયોગી સોળ ભાંગા થયા. બધા એકઠા કરીએ એટલે મનુષ્યો સંબન્ધે એંશી ભાંગા થાય છે. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો અસુરકુમારોની પેઠે જાણવા. ।।૫।।૪૬૪।।

**कइविहे णं भंते! गइप्पवाए पण्णत्ते? गोयमा! पंचविहे गइप्पवाए पन्नत्ते, तं जहा-पओगगती १, ततगती २, बंधणच्छेदणगती ३, उववायगती ४, विहायगती ५। पओगगइपरूवणं से किं तं पओगगती? पओगगती पण्णरसविहा पन्नत्ता, तं जहा-सच्चमणप्पओगगती, एवं जहा पओगो भणितो तहा एसावि भाणितव्वा जाव कम्मसरीरकायप्पओगगती। जीवाणं भंते! कतिविहा पओगगती पन्नत्ता? गोयमा! पण्णरसविहा पन्नत्ता, तं जहा-सच्चमणप्पओगगती, जाव कम्मासरीरकायप्पओगगती। नेरइयाणं भंते! कइविहा पओगगती पन्नत्ता? गोयमा! एक्कारसविहा पन्नत्ता, तं जहा-सच्चमणप्पओगगती, एवं उवउज्जिऊण जस्स जतिविहा तस्स ततिविहा भाणितव्वा जाव वेमाणियाणं। जीवाणं भंते! सच्चमणप्पओगगती, जाव कम्मगसरीरकायंप्पओगगती? गोयमा! जीवा सव्वेवि ताव होज्जा सच्चमणप्पओगगती वि, एवं तं चेव पुव्ववण्णितं भाणितव्वं, भंगा तहेव जाव वेमाणियाणं, से त्तं पओगगती १ ।।सू०-६।।४६५।।**

(મૂ૦) હે ભગવન્! ગતિપ્રપાત કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો ગતિપ્રપાત કહ્યો છે? તે આ પ્રમાણે-૧ પ્રયોગગતિ, ૨ તતગતિ, ૩ બન્ધનછેદનગતિ, ૪ ઉપપાતગતિ, ૫ વિહાયોગતિ, પ્રયોગગતિ કેટલા પ્રકારની છે? પ્રયોગગતિ પંદર પ્રકારની છે. તે આ પ્રમાણે—સત્યમનપ્રયોગગતિ-ઇત્યાદિ જેમ પ્રયોગ કહ્યો તેમ આ પ્રયોગગતિ પણ કહેવી. યાવત્-કાર્મણશરીરકાયપ્રયોગગતિ સુધી કહેવું. હે ભગવન્! જીવોને કેટલા પ્રકારની પ્રયોગગતિ કહી છે? હે ગૌતમ! પંદર પ્રકારની કહી છે. તે આ પ્રમાણે—સત્યમનઃપ્રયોગગતિ, યાવત્-કાર્મણ-શરીરકાયપ્રયોગગતિ. હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારની પ્રયોગગતિ હોય છે? હે ગૌતમ! અગિયાર પ્રકારની પ્રયોગગતિ હોય છે. તે આ પ્રમાણે—સત્યમનપ્રયોગગતિ-ઇત્યાદિ એ પ્રમાણે ઉપયોગ-ધ્યાન આપી જેને જેટલા પ્રકારની પ્રયોગગતિ હોય તેને તેટલા પ્રકારની વૈમાનિકો સુધી કહેવી. હે ભગવન્! જીવો સત્યમનપ્રયોગગતિવાળા, યાવત્

*કાર્મણશરીરકાયપ્રયોગગતિવાળા હોય? હે ગૌતમ! બધાય જીવો (સમુદાયની અપેક્ષાએ) સત્ય મનઃપ્રયોગગતિવાળા પણ હોય ઇત્યાદિ પૂર્વે કહેલું તેજ કહેવું, ભાંગા પણ તેમજ કહેવા. એમ યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે પ્રયોગગતિ કહી. ॥૬॥૪૬૫॥*

(ટી૦) પ્રયોગ કહ્યો, પ્રયોગના વશથી જીવ અને અજીવની ગતિ થાય છે, માટે ગતિનું નિરૂપણ કરવા માટે કહે છે-'હે ભગવન્! ગતિપ્રપાત કેટલા પ્રકારનો કહ્યો છે' ઇત્યાદિ. ગતિ-ગમન, અથવા પ્રાપ્તિ, અને તે દેશાન્તર-અન્ય દેશની પ્રાપ્તિ અથવા પર્યાયાન્તર-અન્ય અન્ય પર્યાયની પ્રાપ્તિ સમજવી. કારણ કે ધાતુનો અર્થ બન્ને અર્થમાં ઘટી શકે છે, અને તે પ્રકારે ગતિશબ્દનો પ્રયોગ પણ બન્ને અર્થમાં દેખાય છે. જેમકે દેવદત્ત ક્યાં ગયો? પાટણ ગયો. વચનમાત્રથી આ કોપને પ્રાપ્ત થયો. આગમમાં પણ બન્ને પ્રકારના પ્રયોગ મળે છે. જેમકે 'પરમાણુ એક સમયમાં એક લોકાન્તથી બીજા લોકાન્ત સુધી જાય છે, તથા તે તે અધ્યવસાયાન્તરોને પ્રાપ્ત થાય છે. ગતિનો પ્રપાત-પ્રવૃત્તિ, એટલે કયા કયા અર્થમાં ગતિ શબ્દની પ્રવૃત્તિ થાય છે? ભગવાન્ ઉત્તર આપે છે-ગતિપ્રપાત પાંચ પ્રકારનો છે—'**प्रयोगगतिः**' ઇત્યાદિ. પ્રયોગ-જીવવ્યાપાર, અને તે પૂર્વે પંદર પ્રકારનો કહ્યો છે. પ્રયોગરૂપ ગતિ તે પ્રયોગગતિ. અહીં દેશાન્તરપ્રાપ્તિરૂપ ગતિ સમજવી, કારણ કે જીવવડે વ્યાપૃત થયેલા સત્ય મન વગેરેના પુદ્ગલો અલ્પ કે અધિક દેશાન્તર સુધી ગમન કરે છે. '**ततगतिः**' તત-વિસ્તારવાળી ગતિ તે તતગતિ. જેમકે જે ગ્રામ કે સંનિવેશ તરફ દેવદત્ત વગેરેએ ગમન કર્યું હોય અને તે ગ્રામાદિ પર્યન્ત હજી સુધી પહોંચ્યો નથી ત્યાં સુધી માર્ગમાં એક એક પગલું મૂકતાં દેશાન્તર પ્રાપ્તિરૂપ ગતિ હોય છે, માટે તતગતિ કહેવાય છે. અહીં ગતિનો વિષય વિસ્તીર્ણ હોવાથી ગતિને તત-વિસ્તીર્ણ વિશેષણ આપવામાં આવ્યું છે, તેથી આ ગતિ જુદી કહી છે. અન્યથા તેનો પ્રયોગગતિમાં અન્તર્ભાવ થાય છે. કારણ કે પગે ચાલવું તે શરીરના પ્રયોગ-વ્યાપારરૂપ છે. એ પ્રમાણે બીજે સ્થળે પણ યથાસંભવ જાણી લેવું. '**बन्धछेदनगतिः**' બન્ધનનો છેદ થવાથી ગતિ થાય તે. અને તે જીવથી મુક્ત શરીરની કે શરીરથી મુક્ત જીવની સમજવી. પરન્તુ કોશના સંબન્ધનો વિચ્છેદ થવાથી એરંડબીજની ગતિ ન જાણવી, કારણ કે તે વિહાયોગતિના ભેદ તરીકે કહેવામાં આવશે. '**उपपातगतिः**' ઉપપાત-પ્રાદુર્ભાવ, ઉત્પત્તિ, અને તે ક્ષેત્ર, ભવ અને નોભવના ભેદથી ત્રણ પ્રકારે છે. જેમકે ક્ષેત્રોપપાત, ભવોપપાત અને નોભવોપપાત. તેમાં ક્ષેત્ર-આકાશ, જ્યાં નારકાદિ જીવો, સિદ્ધો અને પુદ્ગલો રહે છે. ભવ-કર્મના સંબન્ધથી ઉત્પન્ન થયેલો નારકાદિપર્યાય, કારણ કે '**भवन्ति अस्मिन्**' જેમાં કર્મને વશ થયેલાં પ્રાણીઓ ઉત્પન્ન થાય તે 'ભવ' એવી વ્યુત્પત્તિ થાય છે. નોભવ-ભવ રહિત, એટલે કર્મના સંબન્ધથી પ્રાપ્ત થયેલ નારકત્વાદિપર્યાય-રહિત એ ભાવાર્થ છે. અને તેવા પ્રકારના પુદ્ગલ અથવા સિદ્ધ છે, કારણ કે બન્ને પૂર્વોક્ત સ્વરૂપવાળા ભવથી રહિત છે. તે રૂપે ઉપપાત-ઉપજવારૂપ ગતિ તે ઉપપાત ગતિ. ॥૬॥૪૬૫॥

## ॥ ततगति परूवणं ॥

**से किं तं ततगती? ततगती जे णं जं गामं वा जाव सण्णिवेसं वा संपट्ठिते असंपत्ते अंतरापहे वट्टति, से त्तं ततगती २ ॥सू०-७॥४६६॥**

*(મૂ૦) હે ભગવન્! તતગતિ કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેણે ગામ યાવત્ સંનિવેશ તરફ પ્રયાણ કર્યું હોય, પરન્તુ ત્યાં પહોંચ્યા સિવાય માર્ગમાં વર્તતો હોય તે તતગતિ. એમ તતગતિ કહી. ॥૭॥૪૬૬॥*

## ॥ बंधणच्छेयण परूवणं ॥

**से किं तं बंधणच्छेदणगती? बंधणच्छेदणगती जीवो वा सरीराओ सरीरं वा जीवाओ, से त्तं बंधणच्छेदणगती ३ ॥सू०-८॥४६७॥**

*(મૂ૦) બન્ધનછેદનગતિ કેવા પ્રકારની છે? જીવ શરીરથી જુદો પડતા અને શરીર જીવથી જુદું પડતાં બન્ધનછેદનગતિ થાય*

*છે. એમ બન્ધનછેદનગતિ કહી. ॥૮॥૪૬૭॥*

## ।। उववायगइ परूवणं ।।

से किं तं उववायगती? उववायगती तिविहा पन्नत्ता, तं जहा-खेत्तोववायगती, भवोववायगती, नोभवोववायगती। से किं तं खेत्तोववायगती? खेत्तोववायगती पंचविहा पन्नत्ता, तं जहा-नेरइयखेत्तोववायगती १, तिरिक्खजोणिय-खेत्तोववायगती २, मणूसखेत्तोववायगती ३, देवखेत्तोववायगती ४, सिद्धखेत्तोववायगती ५। से किं तं नेरइयखेत्तोववायगती? नेरइयखेत्तोववायगती सत्तविहा पन्नत्ता, तं जहा-रणयप्पभापुढविनेरइयखेत्तोववायगती, जाव अधेसत्तमापुढविनेरइयखेत्तोववायगती। से त्तं नेरइयखेत्तोववायगती १। से किं तं तिरिक्खजोणियखेत्तो-ववायगती? तिरिक्खजोणियखेत्तोववायगती पंचविहा पन्नत्ता, तं जहा-एगिंदियतिरिक्खजोणियखेत्तोववायगति, जाव पंचिंदियतिरिक्खजोणियखेत्तोववायगती। से त्तं तिरिक्खजोणियखेत्तोववायगती २। से किं तं मणूसखेत्तोववायगती? मणूसखेत्तोववायगती दुविहा पन्नत्ता, तं जहा-संमुच्छिममणूसखेत्तोववायगती, गब्भवक्कंतियमणूसखेत्तोववायगती। से त्तं मणूसखेत्तोववायगती ३। से किं तं देवखेत्तोववायगती? देवखेत्तोववायगती चउव्विहा पन्नत्ता, तं जहा- भवणवइ०, जाव वेमाणियदेवखेत्तोववायगती। से त्तं देवखेत्तोववायगती ४ ।।सू०-९।।४६८।।

*(મૂ૦) ઉપપાતગતિ કેટલા પ્રકારની છે? ઉપપાતગતિ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ ક્ષેત્રોપપાતગતિ, ૨ ભવોપપાતગતિ, ૩ નોભવોપપાતગતિ. ક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે? ક્ષેત્રોપપાતગતિ પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ નૈરયિકક્ષેત્રોપપાતગતિ, ૨ તિર્યંચયોનિકક્ષેત્રોપપાતગતિ, ૩ મનુષ્યક્ષેત્રોપપાતગતિ, ૪ દેવક્ષેત્રોપપાતગતિ, ૫ સિદ્ધક્ષેત્રોપપાતગતિ. નૈરયિકક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે? સાત પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ રત્નપ્રભાપૃથિવીનૈરયિકક્ષેત્રોપપાતગતિ, યાવત્ ૭ અધઃસપ્તમપૃથિવીનૈરયિકક્ષેત્રોપપાતગતિ. એમ નૈરયિકક્ષેત્રોપપાતગતિ કહી. તિર્યંચયોનિકક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે? પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ એકેન્દ્રિયતિર્યંચયોનિક-ક્ષેત્રોપપાતગતિ, ૫ યાવત્ પંચેન્દ્રિયતિર્યંચયોનિકક્ષેત્રોપપાતગતિ. એમ તિર્યંચ-યોનિકક્ષેત્રોપપાતગતિ કહી. મનુષ્યક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે? બે પ્રકારની છે. તે આ પ્રમાણે-સંમૂર્છિમમનુષ્યક્ષેત્રોપપાતગતિ અને ગર્ભજ મનુષ્યક્ષેત્રોપપાતગતિ. એમ મનુષ્યક્ષેત્રોપપાતગતિ કહી. દેવક્ષેત્રોપપાત-ગતિ કેટલા પ્રકારની છે? ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ ભવનપતિદેવક્ષેત્રોપપાતગતિ, યાવત્ વૈમાનિક-દેવક્ષેત્રોપપાતગતિ. ॥૯॥૪૬૮॥*

से किं तं सिद्धखेत्तोववायगती? सिद्धखेत्तोववायगती अणेगविहा पन्नत्ता, तं जहा-जंबुद्दीवे दीवे भरहेरवयवासे सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे चुल्लहिमवंत-सिहरिवासहरपव्वतसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे हेमवत-हेरण्णवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे सद्दावइ-वियडावइवट्टवेयड्डसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे महाहिमवंत-रुप्पिवासहर-पव्वतसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे हरिवास-रम्मगवाससपक्खिं सपडिदिसिं सिद्धक्खेत्तोववायगती, जंबुद्दीवे दीवे गंधावति-मालवंतपरियायवट्टवेयड्डसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे णिसढणीलवंतवासहरपव्वयसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे पुव्वविदेह-अवरविदेहसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे देवकुरु-उत्तरकुरुसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, जंबुद्दीवे दीवे मंदरपव्वयस्स सपक्खिं सपडिदिसिं

**सिद्धखेत्तोववायगती, लवण समुद्दे सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, धायइसंडे दीवे पुरिमद्धपच्चत्थिमद्धमंदरपव्वतसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, कालोयसमुद्दसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, पुक्खरवरदीवड्ढपुरत्थिमद्धभरहेरवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, एवं जाव पुक्खरवरदीवड्ढपच्छिमद्धमंदरपव्वतसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगती, से त्तं सिद्धखेत्तोववायगती ५ से त्तं खेत्तोववातगति ।।सू०-१०।।४६९।।**

*(મૂ0) સિદ્ધક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે? અનેક પ્રકારની છે. તે આ પ્રમાણે—જંબૂદ્વીપ નામે દ્વીપમાં ભરત અને એરાવત ક્ષેત્રની ઉપર સપક્ષ–ચારે દિશાએ અને સપ્રતિદિક્–ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપમાં ચુલ્લહિમવંત અને શિખરી પર્વતની ઉપર ચારે દિશાએ અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપમાં હૈમવત અને હૈરણ્યવત ક્ષેત્રની ઉપર ચારે દિશાએ અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપનામે દ્વીપમાં શબ્દાપાતી અને વિકટાપાતી વૃત્ત વૈતાઢ્યની ઉપર ચારે દિશા અને ચાર વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં મહાહિમવંત અને રુક્મી વર્ષધર પર્વતની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં હરિવર્ષ અને રમ્યક્વર્ષની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં ગન્ધાપાતી અને માલ્યવંત વૃત્ત વૈતાઢ્યની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં નિષધ અને નીલવંત વર્ષધર પર્વતની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં પૂર્વ વિદેહ અને પશ્ચિમ વિદેહની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રો–પપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં દેવકુરુ અને ઉત્તર કુરુની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. જંબૂદ્વીપ નામે દ્વીપમાં મન્દર પર્વતની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. લવણસમુદ્રની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. ધાતકીખંડ દ્વીપને વિષે પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધના મેરુ પર્વતની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. કાલોદસમુદ્રની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધના ભરત અને એરાવત ક્ષેત્રની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. એ પ્રમાણે યાવત્–પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં મેરુપર્વતની ઉપર ચારે દિશા અને ચારે વિદિશામાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. એ પ્રમાણે સિદ્ધક્ષેત્રોપપાતગતિ કહી છે. ॥૧૦॥૪૬૯॥*

**से किं तं भवोववायगती? भवोववायगती चउव्विहा पन्नत्ता, तं जहा-नेरइयभवोववायगती, जाव देवभवोववायगती। से किं तं नेरइयभवोववायगती? नेरइयभवोववायगती सत्तविहा पन्नत्ता, तं जहा-एवं सिद्धवज्जो भेदो भाणितव्वो जो चेव खेत्तोववायगतीए सो चेव, [1]भवोववायगतीए। से त्तं भवोववायगती ।।सू०-११।।४७०।।**

*(મૂ0) ભવોપપાતગતિ કેટલા પ્રકારની છે? ભવોપપાતગતિ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે—નૈરયિકભવોપપાતગતિ, યાવત્ દેવભવોપપાતગતિ, નૈરયિકભવોપપાતગતિ કેટલા પ્રકારની છે? નૈરયિકભવોપપાતગતિ સાત પ્રકારની છે. તે આ પ્રમાણે—ઈત્યાદિ જે ક્ષેત્રોપપાતગતિનો સિદ્ધ સિવાયનો ભેદ છે તે અહીં કહેવો. એમ દેવભવોપપાત–ગતિ કહી. એ પ્રમાણે ભવોપપાતગતિ કહી. ॥૧૧॥૪૭૦॥*

**से किं तं नोभवोववायगती? नोभवोववायगती दुविहा पन्नत्ता, तं जहा-पोग्गलणोभवोववायगती य,**

---

१: से तं देवभवोववाय गति આ પાઠ આ.શ્રી મલયગિરિજીની ટીકામાં છે. મ.વિ.વાળા પન્નવણા મૂળમાં આ પાઠ નથી. અર્થમાં આ પાઠનો અર્થ લીધેલ છે. બેંગ્લોરથી પ્રકાશિત પુસ્તકમાં આ પાઠ [ ] કૌંસમાં આપેલ છે.

सिद्धनोभवोववायगती य। से किं तं पोग्गलनोभवोववायगती? पोग्गलनोभवोववायगती जण्णं परमाणुपोग्गले लोगस्स पुरत्थिमिल्लाओ चरमंताओ पच्चत्थिमिल्लं चरमंतं एगसमएणं गच्छति, पच्चत्थिमिल्लाओ वा चरमंताओ पुरत्थिमिल्लं चरमंतं एगसमएणं गच्छति, दाहिणिल्लाओ वा चरमंताओ उत्तरिल्लं चरमंतं एगसमएणं गच्छति, एवं उत्तरिल्लाओ दाहिणिल्लं, उवरिल्लातो हेट्ठिल्लं, हिट्ठिलाओ वा उवरिल्लं, से त्तं पोग्गलणोभवोववायगती ।।सू०-१२।।४७१।।

*(मू०) નોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે? બે પ્રકારની છે. તે આ પ્રમાણે—પુદ્ગલનોભવોપપાતગતિ અને સિદ્ધનોભવોપપાતગતિ. પુદ્ગલનોભવોપપાતગતિ કેવા પ્રકારની છે? પરમાણુપુદ્ગલ જે લોકના પૂર્વના ચરમાન્ત–છેડાથી પશ્ચિમના ચરમાન્ત સુધી એક સમયમાં જાય અને પશ્ચિમના ચરમાન્તથી પૂર્વના ચરમાન્ત સુધી એક સમયમાં જાય, એ પ્રમાણે દક્ષિણના ચરમાન્તથી ઉત્તરના ચરમાન્ત સુધી અને ઉત્તરના ચરમાન્તથી દક્ષિણના ચરમાન્ત સુધી, ઉપરના ચરમાન્તથી નીચેના ચરમાન્ત સુધી અને નીચેના ચરમાન્તથી ઉપરના ચરમાન્ત સુધી જાય તે પુદ્ગલનોભવોપપાતગતિ કહેવાય છે. ।।૧૨।।૪૭૧।।*

से किं तं सिद्धणोभवोववायगती? सिद्धणोभवोववायगती दुविहा पन्नत्ता, तं जहा- अणंतरसिद्धणोभवोववायगती परंपरसिद्धणोभवोववायगती य। से किं तं अणंतरसिद्धणोभवोववायगती? २ पण्णरसविहा पन्नत्ता, तं जहा- तित्थसिद्धअणंतरसिद्धणोभवोववायगती य जाव अणेगसिद्धणोभवोववायगती य [से त्तं अणंतरसिद्धणोभवोववातगती।]। से किं तं परंपरसिद्धणोभवोववायगती? २ अणेगविहा पन्नत्ता, तं जहा- अपढमसमयसिद्धणोभवोववायगती, एवं दुसमयसिद्धणोभवोववायगती, जाव अणंतसमयसिद्धणोभवोववायगती, से त्तं परंपरसिद्धणोभवोववातगती। से त्तं सिद्धणोभवोववायगती, से त्तं णोभवोववायगती, से त्तं उववायगती ४ ।।सू०-१३।।४७२।।

*(મૂ૦) સિદ્ધનોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે? સિદ્ધનોભવોપપાતગતિ બે પ્રકારની છે. તે આ પ્રમાણે—અનન્તર-સિદ્ધનોભવોપપાતગતિ અને પરંપરસિદ્ધનોભવોપપાતગતિ. અનન્તરસિદ્ધનોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે? પંદર પ્રકારની છે. તે આ પ્રમાણે—તીર્થસિદ્ધઅનન્તરસિદ્ધનોભવોપપાતગતિ, યાવત્ અનેકસિદ્ધઅનન્તરસિદ્ધનો-ભવોપપાતગતિ. પરંપરસિદ્ધનોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે? અનેક પ્રકારની છે. તે આ પ્રમાણે—અપ્રથમ-સમય (પ્રથમસમય સિવાયના દ્વિતીયાદિ સમયમાં)[1] સિદ્ધની નોભવોપપાતગતિ, એ પ્રમાણે દ્વિસમયસિદ્ધનોભવો-પપાતગતિ, યાવત્ અનન્તસમયસિદ્ધનોભવોપપાતગતિ. એમ પરંપર સિદ્ધનો ભવોપપાતગતિ કહી. એમ સિદ્ધનોભવોપપાતગતિ કહી. એ પ્રમાણે નોભવોપપાતગતિ કહી અને ઉપપાતગતિ કહી. ।।૧૩।।૪૭૨।।*

## ।। विहायगति परूवणं ।।

से किं तं विहायगती? विहायगती सत्तरसविहा पण्णत्ता, तं जहा-फुसमाणगती १, अफुसमाणगती २, उवसंपज्जमाणगती ३, अणुवसंपज्जमाणगती ४, पोग्गलगती ५, मंडूयगती ६, णावागती ७, नयगती ८, छायागती ९, छायाणुवातगती १०, लेसागई ११, लेसाणुवातगती १२, उद्दिस्सपविभत्तगती १३, चउपुरिसपविभत्तगती १४, वंकगती १५, पंकगती १६, बंधणविमोयणगती १७ ।।सू०-१४।।४७३।।

१. અપ્રથમસમયસિદ્ધની ભવોપપાતગતિ બે સમયથી માંડી યાવત્ અનન્ત સમય પર્યન્ત હોય છે. અથવા તો સિદ્ધપણાની ઉત્પત્તિ સમય પછી બે સમય જેઓને થયા છે તે દ્વિસમય સિદ્ધની ભવોપપાતગતિ, યાવત્ અનન્તસમયસિદ્ધની ભવોપપાતગતિ જાણવી.

*(મૂ૦) વિહાયોગતિ કેટલા પ્રકારની કહી છે? વિહાયોગતિ સત્તર પ્રકારની કહી છે. તે આ પ્રમાણે—૧ સ્પૃશદ્ગતિ, ૨ અસ્પૃશદ્ગતિ, ૩ ઉપસંપદ્યમાનગતિ, ૪ અનુપસંપદ્યમાનગતિ, ૫ પુદ્ગલગતિ, ૬ મંડૂકગતિ, ૭ નૌકાગતિ, ૮ નયગતિ, ૯ છાયાગતિ, ૧૦ છાયાનુપાતગતિ, ૧૧ લેશ્યાગતિ, ૧૨ લેશ્યાનુપાતગતિ, ૧૩ ઉદ્દિશ્ય પ્રવિભક્તગતિ, ૧૪ ચતુઃપુરુષપ્રવિભક્તગતિ, ૧૫ વક્રગતિ, ૧૬ પંકગતિ અને ૧૭ બન્ધનવિમોચનગતિ.॥૧૪॥૪૭૩॥*

(ટી૦) **विहायसा गतिर्विहायोगतिः** વિહાયસા-આકાશમાં ગતિ થાય તે વિહાયોગતિ. તે ઉપાધિ-વિશેષણના ભેદથી સત્તર પ્રકારે છે—'**स्पृशद्गतिः**'-ઇત્યાદિ. તેમાં પરમાણુ વગેરે બીજા પરમાણુ વગેરેની સાથે પરસ્પર સ્પર્શ કરી કરીને ગતિ કરે તે સ્પૃશદ્ગતિ. કારણ કે **स्पृशतः गतिः**—સ્પર્શ કરતાં છતાં ગતિ થાય તે સ્પૃશદ્ગતિ એવી વ્યુત્પત્તિ થાય છે ૧. તેથી વિપરીત અસ્પૃશદ્ગતિ, જે પરમાણુ આદિ અન્ય પરમાણુ આદિની સાથે પરસ્પર સંબન્ધને અનુભવ્યા સિવાય ગતિ કરે તે, જેમ પરમાણુ એક સમયમાં એક લોકાન્તથી બીજા લોકાન્ત સુધી જાય છે તે **અસ્પૃશદ્ગતિ** ૨. **ઉપસંપદ્યમાનગતિ**—જે અન્યનો ઉપસંપદ્ય-આશ્રય કરી તેની સહાય વડે ગમન કરવું તે, જેમકે ધનસાર્થવાહના અવલંબન વડે ધર્મઘોષસૂરિનું ગમન તે ઉપસંપદ્યમાનગતિ ૩. **અનુપસંપદ્યમાનગતિ**—પરસ્પર અવલમ્બન રહિત પુરુષોનું માર્ગમાં ગમન તે અનુપસંપદ્યમાનગતિ ૪. જે મંડૂક-દેડકાની પેઠે કૂદીને ગમન કરવું તે **મંડૂકગતિ** ૬. નૌકાવડે મોટી નદી વગેરેમાં જે ગમન કરવું તે **નૌકાગતિ** ૭. નૈગમાદિ નયોએ પોતપોતાના મતની પુષ્ટિ કરવી, અથવા પરસ્પર સાપેક્ષ બધા નયોએ પ્રમાણ વડે અબાધિત વસ્તુનું પ્રતિપાદન કરવું તે **નયગતિ** ૮. છાયાને અનુસરી તેના અવલમ્બન વડે અથવા છાયાનો આશ્રય કરવા માટે ગતિ કરવી તે છાયાગતિ ૯. **છાયાનુપાતગતિરિતિ**–છાયાની પોતાના નિમિત્તરૂપ પુરુષાદિના અનુપપાત-અનુસરવા વડે ગતિ, જેમકે છાયા પુરુષને અનુસરે છે, પણ પુરુષ છાયાને અનુસરતો નથી. માટે છાયાની અનુપપાતગતિ કહેવાય છે, પણ છાયાની સ્વતન્ત્ર ગતિ નથી ૧૦. જે તિર્યંચ અને મનુષ્યોના કૃષ્ણાદિલેશ્યા દ્રવ્યો નીલાદિલેશ્યા દ્રવ્યો પામીને તદ્રૂપાદિપણે પરિણમે છે તે **લેશ્યાગતિ** ૧૧, લેશ્યાનું અનુપાત-અનુસરણ, તે વડે જે ગતિ તે લેશ્યાનુપાતગતિ. '**लेश्याया अनुपात गतिः**' એ વિગ્રહમાં કર્મમાં છટ્ઠી વિભક્તિ છે. એટલે લેશ્યાને અનુસરીને ગતિ થવી કારણ કે આગળ કહેવામાં આવશે કે 'જે લેશ્યાદ્રવ્યોને ગ્રહણ કરી જીવ કાળ કરે છે તે લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે, પણ બીજી લેશ્યાવાળામાં ઉપજતો નથી.' માટે જીવ લેશ્યા દ્રવ્યને અનુસરે છે, પરંતુ તે જીવને અનુસરતો નથી ૧૨. '**उद्दिश्यप्रविभक्तगतिः**'—પ્રવિભક્ત-પ્રતિનિયત આચાર્યાદિકને ઉદ્દેશી જે તેની પાસે ગમન કરે તે ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ ૧૩. '**चतुःपुरुषप्रविभक्तगतिः**'—ચાર પ્રકારની પુરુષોની પ્રવિભક્ત-પ્રતિનિયત ગતિ. તે ચાર પ્રકાર બતાવે છે-'**समगं पज्जवट्ठिया**'—એક સાથે તૈયાર થયેલા ઇત્યાદિ મૂળ ગ્રન્થ વડે સૂત્રકાર સ્વયં કહેશે ૧૪. વક્રગતિ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે-ઘટ્ટનતા, સ્તમ્ભનતા, શ્લેષણતા અને પતનતા. તેમાં '**घट्टनशब्दस्य भावः**'—ઘટ્ટન શબ્દનો ભાવ એટલે પ્રવૃત્તિનિમિત્ત ઘટ્ટન જ સમજવો. એ પ્રમાણે શેષપદના શબ્દાર્થનો વિચાર કરવો. ઘટ્ટન-લંગડી ગતિ, સ્તમ્ભન-ગ્રીવામાં ધમની-રુધિરવાહક નાડી વગેરેનુ રહેવું, અથવા આત્માનું શરીરના પ્રદેશોમાં રહેવું. શ્લેષણ-સાથળ વગેરેનો જાનુ વગેરેની સાથે સંબન્ધ. પતન-ઉભા રહેતાં કે ચાલતાં પડવું. આ ઘટ્ટનાદિ જીવને અનિષ્ટ હોવાથી અને અપ્રશસ્ત હોવાથી વક્રગતિ શબ્દ વડે કહ્યા છે ૧૫. પઙ્ક-કીચડમાં ગતિ તે **પઙ્કગતિ**, પઙ્કનું ગ્રહણ તે ઉદકનું પણ સૂચક છે. તેથી કીચડ અથવા પાણીમાં અતિદુસ્તર પોતાના શરીરને કોઇની સાથે '**उव्विहिया**'-ઉદ્બુધ્ય બાંધીને તેના બલથી ગમન કરે તે પઙ્કગતિ ૧૬. બન્ધનથી વિમોચન-છૂટા થવા વડે જે ગતિ તે બન્ધનવિમોચનગતિ. અત્યંત પાકેલાં અને તેથી બન્ધનથી છૂટાં પડેલાં આમ્રાદિ ફળોનું જે વિશ્રસા-સ્વભાવથી પ્રતિબંધ સિવાય ગમન તે બન્ધનવિમોચનગતિ એ ભાવાર્થ છે ૧૭. એજ બાબત સૂત્રકાર જણાવે છે-'**से किं तं पओगई**' 'પ્રયોગગતિ કેટલા પ્રકારની છે' ઇત્યાદિ આ પદની સમાપ્તિ સુધી સુગમ છે.

પરન્તુ '**जंबुद्दीवे दीवे भरहेरवयवासस्स सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई**' જંબૂદ્વીપ નામે દ્વીપમાં જે ભરતવર્ષ અને ઐરાવતવર્ષ છે તેના ઉપર સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. કેવી રીતે છે તે જણાવે છે—'**सपक्षं सप्रतिदिक्**' સહ-વિદ્યમાન પક્ષ-પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણરૂપ પાર્શ્વ ભાગો જે ગતિમાં છે તથા સહ-વિદ્યમાન પ્રતિદિશ્-અગ્નિકોણ વગેરે

વિદિશાઓ જે ગતિમાં છે એવી સિદ્ધક્ષેત્રોપપાત ગતિ છે. આ ક્રિયાવિશેષણ છે. ભાવાર્થ આ છે—જંબૂદ્વીપ નામે દ્વીપમાં ભરત અને એરાવત ક્ષેત્રની ઉપર સર્વ દિશામાં અને વિદિશામાં બધે સિદ્ધક્ષેત્રોપપાતગતિ છે. એમ બાકીના સૂત્રો સંબન્ધે પણ જાણવું. ઉપસંપદ્યમાન ગતિસૂત્રમાં રાજા–પૃથિવીપતિ, યુવરાજ–રાજ્યની ચિંતા કરનાર અને રાજાનો પ્રતિનિધિ, ઈશ્વર–અણિમા વગેરે ઐશ્વર્યયુક્ત, તલવર–સંતુષ્ટ થયેલા રાજાએ આપેલ પટ્ટબન્ધ વડે વિભૂષિત રાજાના જેવો, માડંબિક–છિન્નભિન્ન થયેલા મંડવ–ગામવિશેષનો અધિપતિ, કૌટુંબિક–કેટલાએક કુટુંબનો સ્વામી, **'इभमर्हतिइभ्यः'** હાથીને યોગ્ય હોય તે ધનવાન્, શ્રેષ્ઠી–શ્રીદેવી યુક્ત સુવર્ણના પટ્ટથી જેનું મસ્તક વિભૂષિત છે એવો. સેનાપતિ–રાજાએ સ્થાપેલો ચતુરઙ્ગ સેનાનો નાયક, સાર્થવાહ–સાર્થનો નાયક. નૌગતિસૂત્રમાં 'પુવ્વવેતાલીઓ' ઇત્યાદિ. વૈતાલીશબ્દ અહીં દેશ્ય હોવાથી વેતાલા નદીના તટવાચી છે.

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સોળમું પ્રયોગપદ સમાપ્ત.

**से किं तं फुसमाणगती? फुसमाणगती जण्णं परमाणुपोग्गले(ल)दुपएसिय-जाव अणंतपएसियाणं खंधाणं अण्णमण्णं फुसित्ता णं गती पवत्तइ, से त्तं फुसमाणगती १। से किं तं अफुसमाणगती? अफुसमाणगती जण्णं एतेसिं चेव अफुसित्ता णं गती पवत्तति, से त्तं अफुसमाणगती २। से किं तं उवसंपज्जमाणगती? २ जण्णं रायं वा जुवरायं वा ईसरं वा तलवरं वा मांडबितं वा कोडुंबितं वा इब्भं वा सिट्ठिं वा सेणावतिं वा सत्थवाहं वा उवसंपज्जित्ता णं गच्छति, से त्तं उवसंपज्जमाणगती ३। से किं तं अणुवसंपज्जमाणगती? २ जण्णं एतेसिं चेव अण्णमण्णं अणुवसंपज्जित्ता णं गच्छति, से त्तं अणुवसंपज्जमाणगती ४। से किं तं पोग्गलगती? २ जण्णं परमाणुपोग्गलाणं जाव अणंतपएसियाणं खंधाणं गती पवत्तति से त्तं पोग्गलगती ५। से किं तं मंडूयगती? २ जण्णं मंडूओ फिडित्ता [मंडूए उप्फिडिया उप्फिडिया] गच्छति, से त्तं मंडूयगती ६। से किं तं णावागती? जण्णं णावा पुव्ववेतालीओ दाहिणवेयालिं जलपहेणं गच्छति, दाहिणवेतालीओ वा अवरवेतालिं जलपहेणं गच्छति, से त्तं णावागती ७। से किं तं णयगती? २ जण्णं णेगम-संगह-ववहार-उज्जुसुय-सद्द-समभिरूढ-एवंभूयाणं नयाणं जा गती, अहवा सव्वणया वि जं इच्छंति से त्तं नयगती ८। से किं तं छायागती? २ जे णं हयच्छायं वा गयच्छायं वा नरच्छायं वा किण्णरच्छायं वा महोरगच्छायं वा गंधव्वच्छायं वा उसहच्छायं वा रहच्छायं वा छत्तच्छायं वा उवसंपज्जित्ता णं गच्छति, से त्तं छायागती ९। से किं तं छायाणुवायगती? २ जेणं पुरिसं छाया अणुगच्छति, नो पुरिसे छायं अणुगच्छति, से त्तं छायाअणुवायगती १०। से किं तं लेस्सागती? २ जण्णं किण्हलेस्सा नीललेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताते भुज्जो भुज्जो परिणमति, एवं नीललेस्सा काउलेस्सं पप्प तारूवत्ताए जाव ता फासत्ताए परिणमति, एवं काउलेसा वि तेउलेस्सं तेउलेस्सा वि पम्हलेस्सं पम्हलेस्सा वि सुक्कलेस्सं पप्प तारूवत्ताते जाव परिणमति, से त्तं लेस्सागती ११। से किं तं लेस्साणुवायगती? २ जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेस्सेसु उववज्जति, तं जहा-किण्हलेस्सेसु वा जाव सुक्कलेस्सेसु वा, से त्तं लेस्साणुवायगती १२। से किं तं उद्दिस्सपविभत्तगती? २ जण्णं आयरियं वा उवज्झायं वा थेरं वा पवत्तिं वा गणिं वा गणहरं वा गणावच्छेदं वा उद्दिसिय २ गच्छति, से त्तं उद्दिस्सयपविभत्तगती १३। से किं तं चउपुरिसपविभत्तगती? से जहानामए चत्तारि पुरिसा समगं पज्जवट्ठिया समगं पट्ठिता १, समगं पज्जवट्ठिया विसमं पट्ठिया २, विसमं पज्जवट्ठिया विसमं पट्ठिया ३, विसमं पज्जवट्ठिया समगं पट्ठिया ४, से त्तं चउपुरिसपविभत्तगती १४। से कं तं वंकगती? २ चउव्विहा पन्नत्ता, तं जहा-घट्टनया, थंभणया, लेसणया, पवडणया, से त्तं वंकगती १५। से किं तं पंकगती? २ से जहाणामते केइ पुरिसे सेयंसि वा पंकंसि वा उदयंसि वा कायं उव्विहिया २ गच्छति, से त्तं पंकगती १६। से किं तं बंधणविमोयणगती? २ जण्णं अंबाण वा अंबाडगाण वा माउलुंगाण वा बिल्लाण वा कविट्ठाण वा भच्चाण वा फणसाण वा दालिमाण वा पारेवताण वा अक्खोलाण**

**वा चाराण वा बोराण वा तिंडुयाण वा पक्काणं परियागयाणं बंधणाओ विप्पमुक्काणं निव्वाघातेणं अधे वीससाए गती पवत्तइ, से त्तं बंधणविमोयणगती। से तं विहायगती[से त्तं गइप्पवाए] १७ ॥सू०-१५॥४७४॥**

**पण्णवणाए भगवईए सोलसमं पओगपद समत्तं।**

(મૂ૦) સ્પૃશદ્ગતિ કેવા પ્રકારની છે? પરમાણુપુદ્ગલ, દ્વિપ્રદેશિક, યાવત્ અનન્તપ્રદેશિક સ્કન્ધોની પરસ્પર સ્પર્શ કરીને જે ગતિ પ્રવર્તે તે સ્પૃશદ્ગતિ. એમ સ્પૃશદ્ગતિ કહી ૧. અસ્પૃશદ્ગતિ કેવા પ્રકારની છે? પરસ્પર સ્પર્શ કર્યા સિવાય એ પરમાણુ વગેરેની જે ગતિ પ્રવર્તે તે અસ્પૃશદ્ગતિ. એમ અસ્પૃશદ્ગતિ કહી ૨. ઉપસંપદ્યમાનગતિ કેવા પ્રકારની છે? રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર, માંડવિક, કૌટુમ્બિક-કુટુમ્બસ્વામી, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહને અનુસરી જે ગમન કરે છે તે ઉપસંપદ્યમાનગતિ. એમ ઉપસંપદ્યમાનગતિ કહી ૩. અનુપસંપદ્યમાનગતિ કેવા પ્રકારની છે? એઓ પરસ્પર એક બીજાને અનુસર્યા સિવાય જે ગમન કરે છે તે અનુપસંપદ્યમાનગતિ ૪. પુદ્ગલગતિ કેવા પ્રકાની છે? પરમાણુપુદ્ગલ, યાવત્ અનન્તપ્રદેશિક સ્કન્ધોની જે ગતિ પ્રવર્તે છે તે પુદ્ગલગતિ. એમ પુદ્ગલગતિ કહી ૫. મંડૂકગતિ કેવા પ્રકારની છે? મંડૂક-દેડકો કૂદી કૂદીને જે ગમન કરે છે તે મંડૂકગતિ. એમ મંડૂકગતિ કહી ૬. નૌકાગતિ કેવા પ્રકારની છે? નૌકા જે પૂર્વવેતાલીથી-વેતાલા નદીના પૂર્વના કીનારાથી દક્ષિણના કીનારે જળમાર્ગે ગમન કરે છે અને દક્ષિણના કીનારાથી પશ્ચિમના કીનારે જાય છે તે નૌકાગતિ. એમ નૌકાગતિ કહી ૭. નયગતિ કેવા પ્રકારની છે? જે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયોની ગતિ-પ્રવૃત્તિ, અથવા સર્વ નયો પણ જે ઈચ્છે-જે માને તે નયગતિ. એમ નયગતિ કહી ૮. છાયાગતિ કેવા પ્રકારની છે? જે ઘોડાની છાયા, હાથીની છાયા, મનુષ્યની છાયા, કિન્નરની છાયા, મહોરગની છાયા, ગાંધર્વની છાયા, વૃષભની છાયા, રથની છાયા અને છત્રની છાયાને અનુસરી ગમન કરે તે છાયાગતિ. એમ છાયાગતિ કહી ૯. છાયાનુપાતગતિ કેવા પ્રકારની છે? જે કારણથી પુરુષને છાયા અનુસરે છે, પણ પુરુષ છાયાને અનુસરતો નથી, એટલે પુરુષને અનુસરી છાયા ગતિ કરે છે તે છાયાનુપાતગતિ. એમ છાયાનુપાતગતિ કહી ૧૦. લેશ્યાગતિ કેવા પ્રકારની છે? કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે-તે વર્ણપણે, તે ગન્ધપણે, તે રસપણે અને તે સ્પર્શપણે જે વારંવાર પરિણમે છે, એ પ્રમાણે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ તે સ્પર્શપણે પરિણમે છે, એમ કાપોતલેશ્યા પણ તેજોલેશ્યાને, તેજોલેશ્યા પણ પદ્મલેશ્યાને અને પદ્મલેશ્યા પણ શુક્લલેશ્યાને પામીને જે તદ્રૂપપણે યાવત્ પરિણમે છે તે લેશ્યાગતિ. એમ લેશ્યાગતિ કહી ૧૧. લેશ્યાનુપાતગતિ કેવા પ્રકારની છે? જે લેશ્યાવાળાં દ્રવ્યો ગ્રહણ કરી મરણ પામે છે અને તે લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે. જેમકે કૃષ્ણલેશ્યાવાળામાં, યાવત્-શુક્લલેશ્યાવાળામાં, તે લેશ્યાનુપાતગતિ. એમ લેશ્યાનુપાતગતિ કહી ૧૨. ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ કેવા પ્રકારની છે? જે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણી, ગણધર કે ગણાવચ્છેદકને ઉદ્દેશી ઉદ્દેશીને જે ગમન કરે તે ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ. એમ ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ કહી ૧૩. ચતુઃપુરુષપ્રવિભક્તગતિ કેવા પ્રકારની છે? જેમકે ચાર પુરુષો એક સાથે તૈયાર થાય અને એક સાથે પ્રયાણ કરે ૧, એક સાથે તૈયાર થાય અને જુદા જુદા સમયે પ્રયાણ કરે ૨, જુદા જુદા સમયે તૈયાર થાય જુદા જુદા કાળે પ્રયાણ કરે ૩ અને જુદા જુદા કાળે તૈયાર થાય અને સાથે પ્રયાણ કરે ૪. તે ચતુઃપુરુષ-પ્રવિભક્તગતિ. એમ ચતુઃપુરુષપ્રવિભક્તગતિ કહી ૧૪. વક્રગતિ કેટલા પ્રકારની છે? વક્રગતિ ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે—૧ ઘટ્ટનતા, ૨ સ્તંભનતા, ૩ શ્લેષણતા અને ૪ પતનતા. એમ વક્રગતિ કહી ૧૫. પંકગતિ કેવા પ્રકારની છે? જેમ કોઈ પુરુષ પંક-કીચડમાં કે પાણીમાં પોતાના શરીરને ટેકો આપીને (સ્થિર કરી કરીને) ગમન કરે તે પંકગતિ. એમ પંકગતિ કહી ૧૬. બન્ધનવિમોચનગતિ કેવા પ્રકારની છે? પક્વ થયેલાં અતિ પાકેલા અને બન્ધનથી જુદા થયેલા આમ્ર, અંબાડક, બીજોરાં, બીલાં, કોઠાં, ભવ્ય ફણસ, દાડમ, પારાવત, અખોડ, ચાર, બોર અને તિંદુકની નિર્વ્યાઘાત-પ્રતિબન્ધ સિવાય નીચે સ્વાભાવિક ગતિ થાય તે બન્ધનવિમોચનગતિ. એમ બન્ધવિમોચનગતિ કહી ૧૭.॥૧૫॥૪૭૪॥

પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં સોળમું પ્રયોગપદ સમાપ્ત.

## ।। सत्तरसमं पयं – पढमो उद्देसो ।।

## ।। पढमुद्देसस्स अत्थाहिगारा ।।

**आहार समसरीरा उस्सासे कम्मवन्नलेसासु। समवेदण समकिरिया समाउया चेव बोद्धव्वा ।।१।।**

*૧ સમ આહાર સમ શરીર અને સમ ઉચ્છ્વાસ, ૨ સમ કર્મ, ૩ સમ વર્ણ, ૪ સમ લેશ્યા, ૫ સમ વેદના, ૬ સમ ક્રિયા અને ૭ સમ આયુષ્ય–એ સાત અધિકારો પ્રથમ ઉદ્દેશકમાં છે.*

એમ સોળમું પ્રયોગપદ કહ્યું, હવે સત્તરમા પદનો પ્રારંભ કરાય છે. તેનો આ સંબન્ધ છે–અહીં પૂર્વના પદમાં પ્રયોગપરિણામ સંબન્ધે કહ્યું. હવે પરિણામની સમાનતાથી લેશ્યા પરિણામ કહેવાય છે. લેશ્યાનો શબ્દાર્થ શો છે? **'लिश्यते आत्मा कर्मणा सह अनया'** જે વડે આત્મા કર્મની સાથે લેપાય તે લેશ્યા. એટલે કૃષ્ણાદિ દ્રવ્યના પ્રધાનપણાથી આત્માનો પરિણામ વિશેષ. કહ્યું છે કે—

**''कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामो य आत्मनः। स्फटिकस्येव तत्रायं लेश्याशब्दः प्रवर्त्तते''॥**

કૃષ્ણાદિ દ્રવ્યના પ્રધાનપણાથી–નિમિત્તપણાથી સ્ફટિકની જેવા આત્માનો જે પરિણામ થાય તેમાં આ લેશ્યાશબ્દની પ્રવૃત્તિ થાય છે. (પ્ર૦)—કયા કૃષ્ણાદિ દ્રવ્યો છે? (ઉ૦)—અહીં યોગ હોય છે ત્યારે લેશ્યા હોય છે, યોગના અભાવમાં નથી હોતી, માટે યોગની સાથે અન્વય અને વ્યતિરેક સંબન્ધ જણાવાથી લેશ્યાનું કારણ યોગ છે એમ નિશ્ચય થાય છે. કેમકે બધે કાર્યકારણભાવનો નિશ્ચય [1]અન્વય અને વ્યતિરેકના દર્શનથી થાય છે. લેશ્યા યોગનિમિત્તક છે તેમાં બે વિકલ્પ છે–લેશ્યા યોગના અન્તર્ગત દ્રવ્યરૂપ છે કે યોગના કારણભૂત કર્મદ્રવ્યરૂપ છે? તેમાં પ્રથમ યોગના કારણભૂત કર્મદ્રવ્યરૂપ નથી, કારણ કે તેમાં બે વિકલ્પ સિવાય ત્રીજો વિકલ્પ થતો નથી. તે આ પ્રમાણે–લેશ્યા યોગના નિમિત્ત ભૂત કર્મદ્રવ્યરૂપ હોય તો તે ઘાતી કર્મદ્રવ્યરૂપ છે કે અઘાતી કર્મદ્રવ્યરૂપ છે? ઘાતી કર્મદ્રવ્યરૂપ તો નથી, કારણ કે ઘાતી કર્મનો અભાવ છતાં સયોગી કેવલીને લેશ્યા હોય છે. અઘાતી કર્મદ્રવ્યરૂપ પણ નથી, કારણ કે અઘાતી કર્મ હોવા છતાં અયોગી કેવલીને લેશ્યા નથી, તેથી પરિશેષ ન્યાયથી લેશ્યા યોગાન્તર્ગત દ્રવ્યરૂપ માનવી જોઇએ. તે યોગાન્તર્ગત દ્રવ્યો જ્યાં સુધી કષાયો છે ત્યાં સુધી તેના ઉદયને વધારે છે. યોગાન્તર્ગત દ્રવ્યોનું કષાયના ઉદયને વધારવાનું સામર્થ્ય છે, જેમકે પિત્તદ્રવ્યનું. તે આ પ્રમાણે–પિત્તના પ્રકોપથી ક્રોધ અત્યન્ત વધતો જણાય છે. વળી બાહ્ય દ્રવ્યો પણ કર્મના ઉદય અને ક્ષયોપશમાદિમાં કારણરૂપે જણાય છે. જેમકે બ્રાહ્મી ઔષધી જ્ઞાનાવરણના ક્ષયોપશમનું અને મદિરાપાન જ્ઞાનવરણના ઉદયનું કારણ છે. જો જ્ઞાનાવરણના ઉદયનું કારણ ન હોય તો મદિરાપાનથી મનુષ્ય યુક્ત અને અયુક્તના વિવેકરહિત કેમ થાય? દહીં નિદ્રારૂપ દર્શનાવરણના ઉદયનું કારણ થાય છે. તો પછી યોગદ્રવ્યો કષાયોદયનું કારણ કેમ ન હોય? તેથી લેશ્યાથી **સ્થિતિપાકવિશેષ થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તે બરોબર ઘટે છે.** કારણ કે સ્થિતિપાકવિશેષ એટલે અનુભાગ, તેનું નિમિત્ત કષાયોદયના અન્તર્ગત કૃષ્ણાદિ લેશ્યાના પરિણામો છે. અને તે વાસ્તવિક રીતે તેના અન્તર્ગત હોવાથી કષાયોદયરૂપ જ છે. કેવળ યોગાન્તર્ગત દ્રવ્યરૂપ સહકારી કારણના ભેદ અને તેની વિચિત્રતા લીધે કૃષ્ણાદિ ભેદો વડે ભિન્ન અને પ્રત્યેકના તારતમ્ય ભેદથી વિચિત્ર પરિણામો થાય છે. તેથી કર્મપ્રકૃતિકાર ભગવન્ત શિવશર્મસૂરિએ શતકમાં જે કહ્યું છે—**'ठिइअणुभागं कसायओ कुणइ'** સ્થિતિ અને અનુભાગ કષાયથી કરે છે, તે પણ યુક્ત છે. કારણ કે કષાયોદયના અન્તર્ગત કૃષ્ણાદિ લેશ્યાના પરિણામો પણ કષાયરૂપ છે. તેથી કોઇ એમ કહે છે કે 'લેશ્યાને યોગના પરિણામરૂપ માનવામાં આવે તો **'जोगा पयडिपएसं ठिइअणुभागं कसाइओ कुणइ'** યોગથી પ્રકૃતિબન્ધ અને પ્રદેશબન્ધ કરે છે અને કષાયથી સ્થિતિ અને અનુભાગબન્ધ કરે છે–એ વચનથી લેશ્યા પ્રકૃતિબન્ધ અને પ્રદેશબન્ધનું

१. तत्सत्त्वे तत्सत्त्वमन्वयः, तदभावे तदभावः व्यतिरेकः,–તેની વિદ્યમાનતા તેનું હોવું તે અન્વય અને તેના અભાવમાં તેનો અભાવ થવો તે વ્યતિરેક.

કારણ થશે, પણ સ્થિતિબન્ધનું કારણ નહિ થાય,' તે પણ અયુક્ત છે, કારણ કે તેને ઉપર કહેલા ભાવાર્થનું જ્ઞાન નથી. વળી લેશ્યા સ્થિતિનું કારણ નથી, પણ કષાયો છે. લેશ્યા તો કષાયોદયના અન્તર્ગત અનુભાગનું કારણ થાય છે. એ હેતુથી જ **'स्थितिपाकविशेषस्तस्य भवति लेश्या विशेषेण'**—સ્થિતિપાકવિશેષ લેશ્યાવિશેષથી થાય છે'–એમ કહ્યું છે. અહીં અનુભાગનો બોધ થવા માટે 'પાક' શબ્દનું ગ્રહણ કરેલું છે. આ બાબત કર્મપ્રકૃતિટીકાદિમાં સુનિશ્ચિત કરી છે. તેથી ઉપરની શઙ્કા કરનારને સિદ્ધાન્તનું પરિજ્ઞાન પણ બરાબર નથી.

વળી જે કહ્યું છે કે **'कर्मनिःष्यन्दो लेश्या'**—લેશ્યા એ કર્મના નિઃષ્યન્દરૂપ છે, લેશ્યા નિઃષ્યન્દરૂપ હોય તો જ્યાં સુધી કષાયનો ઉદય છે ત્યાં સુધી નિઃષ્યન્દ પણ હોય છે, માટે કર્મસ્થિતિનું પણ કારણ થાય છે, તે પણ અયુક્ત છે. કારણ કે લેશ્યા અનુભાગબન્ધનું કારણ છે, પણ સ્થિતિબન્ધનું કારણ નથી. વળી કર્મનિઃષ્યન્દ એ શું છે? કર્મના કલ્ક–અસારરૂપ છે કે કર્મના સારરૂપ છે? કર્મના કલ્કરૂપ નથી, કારણ કે તે અસારરૂપ હોવાથી ઉત્કૃષ્ટ અનુભાગબંધનું કારણ થઇ શકશે નહિ. કલ્ક અસારરૂપ છે અને અસાર એ ઉત્કૃષ્ટ અનુભાગ બન્ધનું કારણ કેમ થાય? અને ઉત્કૃષ્ટ અનુભાગબન્ધનું કારણ પણ લેશ્યા થાય છે. હવે લેશ્યા એ કર્મના સારરૂપ છે એ પક્ષનો સ્વીકાર કરવામાં આવે તો તે કયા કર્મનો સાર છે? યથા સંભવ આઠે કર્મના સારરૂપ છે એમ કહેવામાં આવે તો તેનો ઉત્તર એ છે કે શાસ્ત્રમાં આઠે કર્મના વિપાકો વર્ણવવામાં આવ્યા છે, પણ કોઇ કર્મનો લેશ્યા રૂપ વિપાક વર્ણવવામાં આવ્યો નથી. માટે કર્મના સારરૂપ પક્ષને કેમ અંગીકાર કરી શકાય? માટે પૂર્વે કહેલો યોગાન્તર્ગત દ્રવ્યરૂપ પક્ષ જ શ્રેયસ્કર છે. અને તેને હરિભદ્રસૂરિ વગેરેએ તે તે સ્થળે અંગીકાર કરેલો છે.

આ લેશ્યાપદમાં છ ઉદ્દેશકો છે, તેમાં પ્રથમ ઉદ્દેશકના અર્થને સંગ્રહ કરનારી આ ગાથા છે—**'આહાર સમસરીરા'** ઇત્યાદિ. ગાથાના પૂર્વાર્ધમાં 'સમ' શબ્દ પ્રત્યેકની સાથે જોડાય છે. અને ઉત્તરાર્ધમાં તો દરેક પદની સાથે સમશબ્દનો સાક્ષાત્ સંબન્ધ કરેલો છે. તેથી આ અર્થ થાય છે–બધા સમાન આહારવાળા, સમાન શરીરવાળા અને સમાન ઉચ્છ્વાસવાળા છે' એ પ્રશ્નસહિત પ્રથમ અધિકાર, 'સમાનકર્મવાળા' એ બીજો અધિકાર, 'સમાનવર્ણવાળા' એ ત્રીજો અધિકાર, 'સમાનલેશ્યાવાળા' એ ચોથો અધિકાર, 'સમાનવેદનાવાળા' એ પાંચમો અધિકાર, 'સમાનક્રિયાવાળા' એ છઠ્ઠો અધિકાર, અને 'સમાનઆયુષ્યવાળા' એ સાતમો અધિકાર છે. (પ્ર૦)—અહીં લેશ્યાપરિણામનો અધિકાર છે, તેમાં આ ઉપર બતાવેલા અર્થોનો કેમ ઉપન્યાસ કરવામાં આવ્યો છે? (ઉ૦)—હમણાં પૂર્વના પ્રયોગપદમાં કહેવામાં આવ્યું છે કે—કેટલા પ્રકારનો ગતિપ્રપાત છે? હે ગૌતમ! પાંચ પ્રકારનો છે—૧ પ્રયોગગતિ, ૨ તતગતિ, ૩ બંધનછેદનગતિ, ૪ ઉપપાતગતિ, ૫ વિહાયોગતિ, તેમાં ઉપપાતગતિ ત્રણ પ્રકારની છે—૧ ક્ષેત્રોપપાતગતિ, ૨ ભવોપપાતગતિ, ૩ નોભવોપપાતગતિ. તેમાં ભવોપપાતગતિ ચાર પ્રકારની છે—નૈરયિકભવોપપાતગતિ, દેવભવોપપાતગતિ, તિર્યંચભવોપપાતગતિ અને મનુષ્યભવોપપાતગતિ. તેમાં નારકત્વાદિ ભવરૂપે ઉત્પન્ન થયેલા જીવોને ઉત્પત્તિ સમયથી માંડી આહારાદિ અર્થનો અવશ્ય સંભવ છે માટે લેશ્યાના અધિકારમાં પણ આહારાદિ અધિકારોનો ઉપન્યાસ કરવામાં આવ્યો છે.

## ।। नेरइएसु समाहाराइ सत्तदारपरूवणं ।।

**णेरइया णं भंते! सव्वे समाहारा, सव्वे समसरीरा, सव्वे समुस्सासनिस्सासा? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समाहारा, जाव णो सव्वे समुस्सासनिस्सासा'? गोयमा! णेरइया दुविहा पन्नत्ता, तं जहा-महासरीरा य अप्पसरीरा य। तत्थ णं जे ते महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति, बहुतराए पोग्गले परिणामेंति, बहुतराए पोग्गले उस्ससंति, बहुतराए पोग्गले नीससंति, अभिक्खणं आहारेंति, अभिक्खणं परिणामेंति, अभिक्खणं ऊससंति अभिक्खणं नीससंति। तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहारेंति, अप्पतराए पोग्गले परिणामेंति, अप्पतराए पोग्गले ऊससंति, अप्पतराए पोग्गले नीससंति,**

**आहच्च आहारेंति, आहच्च परिणामेंति, आहच्च ऊससंति, आहच्च नीससंति, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समाहारा, नो सव्वे समसरीरा, णो सव्वे समुस्सासनिस्सासा।'** ।।सू०-१।।४७५।।

(મૂ૦) *હે ભગવન્! નૈરયિકો બધા સમાન આહારવાળા, બધા સમાન શરીરવાળા અને બધા સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે? હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે 'નૈરયિકો બધા સમાન આહારવાળા નથી, યાવત્ બધા સમાન ઉચ્છ્વાસ નિઃશ્વાસવાળા નથી'? હે ગૌતમ! નૈરયિકો બે પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે-મહાશરીરવાળા અને અલ્પશરીરવાળા. તેમાં જેઓ મહાશરીરવાળા છે તેઓ ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, ઘણા પુદ્ગલોને પરિણમાવે છે, ઘણા પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે અને ઘણા પુદ્ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે, વારંવાર આહાર કરે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે અને વારંવાર નિઃશ્વાસરૂપે મૂકે છે. તેમાં જે અલ્પશરીરવાળા છે તે અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે, અલ્પ પુદ્ગલોને પરિણમાવે છે, અલ્પ પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે અને નિશ્વાસરૂપે મૂકે છે,* **आहच्च**-*કદાચિત્ આહાર ગ્રહણ કરે છે, કદાચિત્ પરિણમાવે છે, કદાચ ઉચ્છ્વાસ લે છે અને કદાચિત્ મૂકે છે, એ હેતુથી એમ કહું છું કે 'નૈરયિકો બધા સમાન આહારવાળા નથી, બધા સમાન શરીરવાળા નથી અને બધા સમાન ઉચ્છ્વાસનિઃશ્વાસવાળા નથી'. ॥૧॥૪૭૫॥*

(ટી૦) **'यथोद्देशं निर्देशः'** ઉદ્દેશના ક્રમ પ્રમાણે નિર્દેશ થાય છે-એ ન્યાયથી પ્રથમ 'સમાન આહારવાળા' એ પ્રશ્નસૂચિત અર્થાધિકાર કહે છે-**'नेरइया णं भंते! सव्वे समाहारा'**? હે ભગવાન્! બધા નૈરયિકો સમાન આહારવાળા છે-ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર કહે છે-**'गोयमा'** ઇત્યાદિ-હે ગૌતમ! આ અર્થ સમર્થ-યુક્તિયુક્ત નથી. પુનઃ પ્રશ્ન કરે છે-**'से केणट्ठेणं'**-શા હેતુથી એમ કહો છો? ઇત્યાદિ. **'से'** શબ્દ અથશબ્દના અર્થમાં છે. **अथ केनार्थेन**-કયા પ્રયોજનથી હે ભગવન્! એમ કહો છો? ભગવાન્ કહે છે-'હે ગૌતમ' ઇત્યાદિ. નૈરયિકો બે પ્રકારના છે-અલ્પશરીરવાળા અને મહાશરીરવાળા. અહીં અલ્પપણું અને મહત્વ-મહાપણું સાપેક્ષ છે. તેમાં જઘન્ય અલ્પપણું અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટ મહત્વ પાંચસો ધનુષપ્રમાણ છે. આ ભવધારણીય (સ્વાભાવિક) શરીરની અપેક્ષાએ સમજવું. ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ જઘન્ય અલ્પપણું અંગુલના સંખ્યાતમા ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટ મહત્ત્વ હજાર ધનુષપ્રમાણ જાણવું. એ કથન વડે 'સમશરીરવાળા હોય છે'? એ પ્રશ્નનો ઉત્તર કહ્યો. (પ્ર૦)-અહીં પ્રથમ આહાર સંબન્ધે પ્રશ્ન છે અને શરીર સંબન્ધે પ્રશ્ન બીજા સ્થાનમાં કહેલો છે, તો તેનો પ્રથમ ઉત્તર કેમ આપ્યો? (ઉ૦)-શરીરની વિષમતા કહેવાથી આહાર અને ઉચ્છ્વાસની વિષમતા સારી રીતે કહી શકાય છે, માટે બીજા સ્થાનમાં કહેલા શરીરસંબન્ધે પ્રશ્નનો પ્રથમ ઉત્તર આપ્યો છે. હવે આહાર અને ઉચ્છ્વાસનો ઉત્તર આપે છે-**'तत्थ णं'** ઇત્યાદિ. તેમાં અલ્પશરીરવાળા અને મહાશરીરવાળા રાશિ બે રાશિમાં જેઓ જેનાથી મહાશરીરવાળા છે તેઓ તેની અપેક્ષાએ મોટા શરીરવાળા હોવાથી ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, લોકમાં પણ એમ દેખાય છે કે મોટા શરીરવાળો ઘણું ખાય છે, જેમકે હાથી, અને નાના શરીરવાળો સસલાની પેઠે અલ્પ ખાય છે. બહુલતાની અપેક્ષાએ આ ઉદાહરણ આપેલું છે, અન્યથા તેવા પ્રકારના મનુષ્યની પેઠે કોઇ મોટા શરીરવાળો પણ થોડું ખાય છે અને કોઇ નાના શરીરવાળો પણ ઘણું ખાય છે. નારકો તો [1]ઉપપાત વગેરે નિમિત્તે સાતાવેદનીયના ઉદય સિવાય અસાતાવેદનીયના ઉદયમાં વર્તતા હોવાથી જેમ મહાશરીરવાળા, દુઃખી અને તીવ્ર આહારની ઇચ્છાવાળા હોય છે તેમ અવશ્ય ઘણા પુદ્ગલોનો આહાર કરે છે અને ઘણા પુદ્ગલોને પરિણમાવે છે, કારણ કે આહારના પુદ્ગલોને અનુસરી પરિણામ હોય છે. જો કે પરિણામ સંબન્ધે પ્રશ્ન નથી કર્યો છતાં તે આહારનું કાર્ય છે એમ ધારી ઉત્તર આપ્યો છે. તથા **'बहुतराए पुग्गले ऊससंति'** તેમજ મોટું શરીર હોવાથી ઘણાં પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે અને **'नीससंति'** નિઃશ્વાસરૂપે મૂકે છે. **લોકમાં પણ દેખાય છે કે મોટા**

૧. અહીં તીર્થંકરના ઉપપાત-જન્મ વગેરે કલ્યાણક નિમિત્તે નારકોને ક્ષણ પર્યન્ત સાતાનો ઉદય હોય છે, તે સિવાય અસાતાનો નિરંતર ઉદય હોય છે.

**શરીરવાળા તે જાતના બીજા પ્રાણીની અપેક્ષાએ બહુ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસવાળા હોય છે અને દુ:ખી પણ હોય છે.** તે પ્રમાણે નારકો દુ:ખી હોય છે. આહારનું કાલની અપેક્ષાએ વિષમપણું બતાવે છે-'**अभिक्खणं**' અભીક્ષ્ણ-વારંવાર આહાર કરે છે. જેઓ જેનાથી મોટા શરીરવાળા છે તેઓ તેની અપેક્ષાએ શીઘ્ર અતિશીઘ્ર આહાર ગ્રહણ કરવાના સ્વભાવવાળા હોય છે, **અભીક્ષ્ણં**-વારંવાર ઉચ્છ્વાસ લે છે અને વારંવાર નિઃશ્વાસ મૂકે છે. મહાશરીરવાળા હોવાને લીધે અત્યન્ત દુ:ખી હોવાથી નિરંતર ઉચ્છ્વાસાદિ ક્રિયા કરે છે એ ભાવાર્થ છે. '**तत्थ णं जे ते**' ઇત્યાદિ. અહીં '**જે**' જેઓ કહેવા માત્રથી અર્થ સરે છે તો '**જે તે**' જેઓ-તેઓ કહેવાનું કારણ તેવા પ્રકારની ભાષાશૈલી છે. જેઓ અલ્પશરીરવાળા છે તેઓ અત્યન્ત અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે એટલે જેઓ જેનાથી અલ્પશરીરવાળા છે તેઓ તેને ગ્રહણ કરવા લાયક પુદ્ગલોની અપેક્ષાએ અલ્પ શરીર હોવાથી ઘણા અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે. '**आहच्च आहारयंति**'—કદાચિત્ આહાર કરે છે અને કદાચિત્ આહાર કરતા નથી, કારણ કે મહાશરીરવાળાને આહારગ્રહણ કરવાનું અન્તર છે તેની અપેક્ષાએ તે બહુ કાળના અન્તર વડે આહાર કરે છે એ ભાવાર્થ છે. '**आहच्च ऊससंति, आहच्च नीससंति**'—કદાચિદ્ ઉચ્છ્વાસ લે છે અને કદાચિત્ મૂકે છે. કારણ કે એઓ અલ્પ શરીરવાળા હોવાથી મહાશરીરવાળાની અપેક્ષાએ અલ્પ દુ:ખવાળા હોવાથી આહચ્ચ-કદાચિત્ એટલે સાન્તરપણે ઉચ્છ્વાસાદિ ક્રિયા કરે છે એ ભાવાર્થ છે. અથવા અપર્યાપ્તિકાળે-અપર્યાપ્તાવસ્થામાં અલ્પશરીરવાળા લોમાહારની અપેક્ષાએ આહાર કરતા નથી, અને ઉચ્છ્વાસપર્યાપ્તિ વડે અપર્યાપ્તા હોવાથી ઉચ્છ્વાસ લેતા નથી, અન્ય કાળે આહાર ગ્રહણ કરે છે અને ઉચ્છ્વાસ લે છે, માટે કહ્યું છે કે—'**आहच्च आहारयंति आहच्च ऊससंति**' કદાચિત્ આહાર લે છે અને કદાચિત્ ઉચ્છ્વાસ લે છે.' 'તે હેતુથી' ઇત્યાદિ નિગમન વાક્ય સુગમ છે.

**नेरइया णं भंते! सव्वे समकम्मा? गोयमा! नो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समकम्मा। गोयमा! नेरइया दुविहा पन्नत्ता, तं जहा-पुव्वोववन्नगा य पच्छोववन्नगा य। तत्थ णं जे ते पुव्वोववन्नगा ते णं अप्पकम्मतरागा, तत्थ णं जे ते पच्छोववन्नगा ते णं महाकम्मतरागा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइया णो सव्वे समकम्मा'** ।।सू०-२।।४७६।।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો બધા સમાનકર્મવાળા છે? હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે 'નૈરયિકો બધા સમાનકર્મવાળા નથી'? હે ગૌતમ! નૈરયિકો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-પૂર્વે ઉત્પન્ન થયેલા, અને પાછળ ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે તે અલ્પકર્મવાળા અને પાછળ ઉત્પન્ન થયેલા છે તે મહાકર્મવાળા છે. તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે 'નૈરયિકો બધા સમાન કર્મવાળા નથી.' ।।૨।।૪૭૬।।*

(ટી૦) હવે સમાનકર્મપણાનો અધિકાર કહે છે—'**नेरइया णं**' હે ભગવન્! નૈરયિકો બધા સમાન કર્મવાળા છે-ઇત્યાદિ. બધા નૈરયિકો સમાન કર્મવાળા નથી તેનું કારણ બતાવે છે—નૈરયિકો બે પ્રકારના છે—'**पुव्वोवन्नगा य पच्छोववन्नगा य**' પૂર્વે ઉત્પન્ન થયેલા અને પશ્ચાત્-પછી ઉત્પન્ન થયેલા. પૂર્વે ઉત્પન્ન થયેલા અને પછી ઉત્પન્ન થયેલા નૈરયિકોમાં જેઓ પૂર્વે ઉત્પન્ન થયેલા છે તેઓએ નરકાયુષ્ય, નરકગતિ અને અસાતાવેદનીય ઘણા કર્મની નિર્જરા કરી હોય છે અને થોડાં કર્મ બાકી હોય છે, તેથી તેઓ અલ્પ કર્મવાળા હોય છે. બીજા તેનાથી વિપરીત હોવાથી મહાકર્મવાળા છે. આ હકીકત સમાન સ્થિતિવાળા જે નારકો છે તેને આશ્રયી કહેલી સમજવી, જો એમ ન હોય તો રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકનું ઘણું આયુષ્ય ક્ષીણ થયું હોય અને પલ્યોપમનું આયુષ્ય બાકી હોય ત્યારે તે જ રત્નપ્રભામાં દશ હજાર વર્ષની સ્થિતિવાળો અન્ય કોઇ નારક ઉત્પન્ન થાય તે પૂર્વે ઉત્પન્ન થયેલા અને પલ્યોપમ બાકી રહેલા આયુષ્યવાળા નારકની અપેક્ષાએ મહાકર્મવાળો કહી શકાય? ।।૨।।૪૭૬।।

**नेरइयां णं भंते! सव्वे समवन्ना? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'नेरइया नो सव्वे**

**समवन्ना'? गोयमा! णेरइया दुविहा पन्नत्ता, तं जहा-पुव्वोववन्नगा य पच्छोववन्नगा य। तत्थ णं जे ते पुव्वोववन्नगा ते णं विसुद्धवन्नतरागा, तत्थ णं जे ते पच्छोववन्नगा ते णं अविसुद्धवन्नतरागा, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समवन्ना'। एवं जहेव वन्नेण भणिया तहेव लेसासु विसुद्धलेसतरागा अविसुद्धलेसतरागा य भाणियव्वा ।।सू०-३।।४७७।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો બધા સમાનવર્ણવાળા છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'નૈરયિકો બધા સમાનવર્ણવાળા નથી'? હે ગૌતમ! નૈરયિકો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-પૂર્વે ઉત્પન્ન થયેલા અને પાછળ ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે તે વિશુદ્ધતરવર્ણવાળા અને જે પાછળ ઉત્પન્ન થયેલા તે અવિશુદ્ધવર્ણવાળા છે, એ હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે 'નૈરયિકો બધા સમાનવર્ણવાળા નથી.' એ પ્રમાણે જેમ વર્ણ સંબંધે કહ્યું તેમ લેશ્યા સંબંધે વિશુદ્ધલેશ્યાવાળા અને અવિશુદ્ધલેશ્યાવાળા કહેવા. ।।૩।।૪૭૭।।*

(ટી૦) વર્ણસૂત્રમાં '**विशुद्धतरवर्णका:**'—પૂર્વે ઉત્પન્ન થયેલા નૈરયિકો વિશુદ્ધતર વર્ણવાળા છે. શા હેતુથી ? નારકોને અપ્રશસ્ત વર્ણનામકર્મનો અશુભ અને તીવ્ર રસોદય ભવની અપેક્ષાએ છે. એ સંબન્ધે કહ્યું છે કે—'**कालभवखेत्तवेक्खओ उदओ सविवागअविवागो**'। કાળ, ભવ અને ક્ષેત્રની અપેક્ષાએ કર્મનો વિપાકસહિત કે વિપાક રહિત ઉદય હોય છે. (પ્ર૦)- તેમાં માત્ર આયુષ્યકર્મ ભવવિપાકિની પ્રકૃતિ છે, તો અપ્રશસ્ત વર્ણનામકર્મનો ઉદય ભવસાપેક્ષ કેમ કહો છો? (ઉ૦)-એ સત્ય છે, તો પણ આ અપ્રશસ્ત નામકર્મનો તીવ્રરસવાળો ધ્રુવ ઉદય પૂર્વાચાર્યોએ કહેલો છે. અને તે પૂર્વે ઉત્પન્ન થયેલા નારકોએ ભોગવી ઘણો ક્ષય કર્યો હોય છે, અને થોડો બાકી છે. અને વર્ણનામ કર્મ પુદ્‌ગલવિપાકિની પ્રકૃતિ છે, તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા નારકો વિશુદ્ધતર વર્ણવાળા છે, પાછળ ઉત્પન્ન થયેલા નારકોએ હજી સુધી ભોગવીને ઘણો ક્ષય કર્યો નથી, માટે તેઓ અવિશુદ્ધ વર્ણવાળા છે. આ હકીકત પણ સમાનસ્થિતિવાળા નારકોની અપેક્ષાએ સમજવી. અન્યથા પૂર્વે કહ્યા પ્રમાણે અનિયતપણાનો સંભવ છે. '**एवं जहेव वन्नेण भणियां**' ઇત્યાદિ. એ પ્રમાણે જેમ વર્ણ સંબન્ધે કહ્યું તેમ લેશ્યા સંબન્ધે પણ કહેવું. તે આ પ્રમાણે—'હે ભગવન્! બધા નૈરયિકો સમાન લેશ્યાવાળા હોય છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી.' ઇત્યાદિ. પરંતુ પૂર્વે ઉત્પન્ન થયેલા વિશુદ્ધ લેશ્યાવાળા છે. કારણ કે પૂર્વે ઉત્પન્ન થયેલા નારકોએ ઘણા અપ્રશસ્ત લેશ્યાદ્રવ્યો અનુભવી અનુભવીને ક્ષીણ કર્યા છે, તે માટે તે વિશુદ્ધ લેશ્યાવાળા છે અને બીજા પાછળ ઉત્પન્ન થયેલા હોવાથી તેથી વિપરીત અવિશુદ્ધલેશ્યાવાળા છે. આ લેશ્યાસૂત્ર પણ સમાન સ્થિતિવાળા નારકની અપેક્ષાએ સમજવું.

**नेरइया णं भंते! सव्वे समवेदणा? गोयमा! नो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चति-'नेरइया णो सव्वे समवेयणा'? गोयमा! नेरइया दुविहा पन्नत्ता, तं जहा-सन्निभूया य असन्निभूया य। तत्थ णं जे ते सन्निभूता ते णं महावेदणतरागा, तत्थ णं जे ते असन्निभूता ते णं अप्पवेदणतरागा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समवेयणा' ।।सू०-४।।४७८।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો બધા સમાનવેદનાવાળા છે? હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'નૈરયિકો બધા સમાનવેદનાવાળા નથી?' હે ગૌતમ! નૈરયિકો બે પ્રકારના છે, તે આ પ્રમાણે-સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જેઓ સંજ્ઞીભૂત છે તે મહાવેદનાવાળા છે અને અસંજ્ઞીભૂત છે તે અલ્પવેદનાવાળા છે. તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે-'નૈરયિકો બધા સમાનવેદનાવાળા નથી.' ।।૪।।૪૭૮।।*

(ટી૦) હવે સમાનવેદનાવાળા પદ વડે સૂચિત અર્થાધિકારનું પ્રતિપાદન કરવા માટે કહે છે—'**नेरइया णं भंते! सव्वे समवेदणा?**' નૈરયિકો બધા સમાનવેદના-સમાન પીડાવાળા છે?-ઇત્યાદિ. તેમાં જેઓ સંજ્ઞીભૂત છે એટલે પૂર્વે સંજ્ઞી પંચેન્દ્રિય છતાં નારકપણું પામ્યાં છે તેઓ મહાવેદનાવાળા છે, કારણ કે તીવ્ર અશુભ અધ્યવસાય વડે અશુભતર કર્મનો બન્ધ કરવાથી

મહાનરકોમાં ઉત્પન્ન થયેલા છે. જેઓ અસંજ્ઞીભૂત-અસંજ્ઞી પંચેન્દ્રિય છતાં નૈરયિક ભાવને પ્રાપ્ત થયેલા છે તેઓ અલ્પવેદનાવાળા છે. અસંજ્ઞી ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે, કારણ કે તેને યોગ્ય આયુષ્યના બન્ધનો સંભવ છે. તે સંબન્ધે કહ્યું છે કે—'**कइविहे णं भंते! असन्निआउए पन्नत्ते? गोयमा! चउव्विहे असन्निआउए पन्नत्ते, तं जहा-नेरइयअसन्निआउए, तिरिक्खजोणियअसन्निआउए, मणुस्सजोणियअसन्निआउए, देवअसन्निआउए।**' હે ભગવન્! કેટલા પ્રકારનું અસંજ્ઞી આયુષ્ય કહ્યું છે? હે ગૌતમ! અસંજ્ઞી આયુષ્ય ચાર પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે—'નૈરયિકઅસંજ્ઞીઆયુષ્ય, તિર્યંચયોનિઅસંજ્ઞીઆયુષ્ય, મનુષ્યયોનિઅસંજ્ઞીઆયુષ્ય અને દેવઅસંજ્ઞીઆયુષ્ય. તેમાં દેવ અને નારકમાં અસંજ્ઞીના આયુષ્યની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તિર્યંચ અને મનુષ્યમાં જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. એ પ્રમાણે અસંજ્ઞી છતાં જેઓ નરકમાં ઉત્પન્ન થાય છે તેઓ અતિ તીવ્ર અશુભ અધ્યવસાયના અભાવથી રત્નપ્રભામાં જ્યાં અતિ તીવ્ર વેદના નથી એવા નરકાવાસમાં ઉત્પન્ન થાય છે, અને તેઓ અલ્પ સ્થિતિવાળા હોય છે તેથી અલ્પવેદનાવાળા છે. અથવા સંજ્ઞીભૂત-પર્યાપ્ત, તેઓ પર્યાપ્ત હોવાથી મહાવેદનાવાળા છે અને અસંજ્ઞી અલ્પવેદનાવાળા છે, કારણ કે અપર્યાપ્ત હોવાથી પ્રાયઃ વેદનાનો અસંભવ છે. [મનરૂપ કરણના અભાવમાં વેદનાનો અનુભવ થતો નથી.] અથવા સંજ્ઞા-સમ્યગ્દર્શન, તે જેઓને છે તે સંજ્ઞી-સમ્યગ્દૃષ્ટિપણાને પ્રાપ્ત થયેલા, તેઓ મહાવેદનાવાળા છે, કારણ કે પૂર્વે કરેલા કર્મના વિપાકનું સ્મરણ કરતા તેઓને 'અહો મોટું દુઃખ અમને પ્રાપ્ત થયું છે, અતિ વિષમ વિષયરૂપી વિષના ઉપભોગ(પરિભોગ) વડે વંચિત(ઠગાયેલો) ચિત્તવાળા અમે સકલ દુઃખનો ક્ષય કરનાર ભગવન્ત અર્હત્પ્રણીત ધર્મ ન કર્યો' આવા પ્રકારે મોટું દુઃખ મનમાં થાય છે, તેથી મહાવેદનાવાળા છે. અસંજ્ઞી-મિથ્યાદૃષ્ટિ તેઓ 'પોતાના કરેલા કર્મનું આ ફળ છે' એમ જાણતા નથી, નહિ જાણતા તેઓ પશ્ચાત્તાપરહિત માનસવાળા હોય છે, તેથી અલ્પવેદનાવાળા હોય છે. ॥૪॥૪૭૮॥

**णेरइया णं भंते! सव्वे समकिरिया? गोयमा! नो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चति-'नेरइया णो सव्वे समकिरिया'? गोयमा! नेरइया तिविहा पन्नत्ता, तं जहा-सम्मद्दिट्ठी, मिच्छद्दिट्ठी, सम्मामिच्छद्दिट्ठी। तत्थ णं जे ते सम्मद्दिट्ठी तेसि णं चत्तारि किरियाओ कज्जंति, तं जहा-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया। तत्थ णं जे ते मिच्छद्दिट्ठी जे सम्मामिच्छद्दिट्ठी तेसि णं नियताओ पञ्च किरियाओ कज्जंति, तं जहा-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समकिरिया' ।सू०-५॥४७९॥**

*(મૂ૦) હે ભગવન્! બધા નૈરયિકો સમાનક્રિયાવાળા છે? હે ગૌતમ! આ અર્થ યુક્ત નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'નૈરયિકો બધા સમાનક્રિયાવાળા નથી'? હે ગૌતમ! નૈરયિકો ત્રણ પ્રકારના છે, તે આ પ્રમાણે-સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તેઓને ચાર ક્રિયાઓ થાય છે. તે આ પ્રમાણે-૧ આરંભિકી, ૨ પારિગ્રહિકી, ૩ માયાપ્રત્યયિકી અને ૪ અપ્રત્યાખ્યાનક્રિયા. તેમાં જે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તેઓને અવશ્ય પાંચ ક્રિયાઓ થાય છે. તે આ પ્રમાણે-૧ આરંભિકી, ૨ પારિગ્રહિકી, ૩ માયાપ્રત્યયિકી, ૪ અપ્રત્યાખ્યાનક્રિયા અને ૫ મિથ્યાદર્શનપ્રત્યયિકી. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે 'નૈરયિકો બધા સમાનક્રિયાવાળા નથી.' ॥૫॥૪૭૯॥*

(ટી૦) હવે '**समकिरिया**' સમાન ક્રિયા સંબન્ધી અધિકારનો વિચાર કરતા સૂત્રકાર કહે છે—'**नेरइया णं भंते! सव्वे समकिरिया**' હે ભગવન્! બધા નૈરયિકો સમાન ક્રિયાવાળા છે?-ઇત્યાદિ. સમ-તુલ્ય છે કર્મના હેતુભૂત આરંભિકી વગેરે ક્રિયાઓ જેઓને તે સમાનક્રિયાવાળા કહેવાય છે. આરંભ-પૃથિવ્યાદિ જીવની હિંસા તે પ્રયોજન જેનું છે તે આરંભિકી. '**परिग्गहिया**' ઇતિ. ધર્મના ઉપકરણ સિવાયની વસ્તુ રાખવી અને ધર્મોપકરણમાં પણ મૂર્છા રાખવી તે પરિગ્રહ, તે જેનું

પ્રયોજન છે તે પારિગ્રહિકી. 'मायावत्तिया' માયા-વક્રતા, સરલતાનો અભાવ, તે ક્રોધાદિના ઉપલક્ષણ-સૂચક હોવાથી ક્રોધાદિ પણ ગ્રહણ કરવા, તે જેનું પ્રત્યય-કારણ છે તે માયાપ્રત્યયિકી. 'अपच्चक्खाणकिरिया' અપ્રત્યાખ્યાન-વિરતિનો અભાવ, તે વડે કર્મબન્ધનના કારણભૂત જે ક્રિયા તે અપ્રત્યાખ્યાનક્રિયા. એ ચાર ક્રિયાઓ સમ્યગ્દૃષ્ટિને હોય છે, સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિને મિથ્યાદર્શનપ્રત્યયિકીસહિત પાંચ ક્રિયાઓ 'नियइयाओ' નિયત અવશ્ય હોય છે. મિથ્યાદર્શન પ્રત્યય-કરણ જેનું છે તે મિથ્યાદર્શનપ્રત્યયિકી. તે સિવાય સમ્યગ્દૃષ્ટિને એ ક્રિયાઓ અનિયત હોય છે. કારણ કે સંયતાદિને વિશે વ્યભિચાર-અનિયતપણું છે.

(પ્ર૦)—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ કર્મબન્ધના હેતુઓ પ્રસિદ્ધ છે, અહીં તો કર્મબન્ધના હેતુરૂપે આરંભિકી વગેરે ક્રિયાઓ કહી છે, તો પરસ્પર વિરોધ કેમ નથી? (ઉ૦)—અહીં આરંભ અને પરિગ્રહ શબ્દવડે યોગ ગ્રહણ કરેલો છે, કારણ કે યોગો આરંભ અને પરિગ્રહરૂપ છે અને બાકીના પદ વડે બાકીના બન્ધહેતુઓનું ગ્રહણ થાય છે, એટલે મિથ્યાદર્શનપ્રત્યયિકી વડે મિથ્યાદર્શનનું, અપ્રત્યાખ્યાનક્રિયા વડે અવિરતિનું અને માયાપ્રત્યય ક્રિયા વડે કષાયનું ગ્રહણ કરેલું છે, માટે તેમાં કંઇ પણ દોષ નથી. ॥૫॥૪૭૯॥

**नेरइया णं भंते! सव्वे समाउआ, सव्वे समोववन्नगा? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! नेरइया चउविहा पन्नत्ता, तं जहा-अत्थेगतिया समाउआ समोववन्नगा, अत्थेगतिया समाउया विसमोववन्नगा, अत्थेगतिया विसमाउया समोववन्नगा, अत्थेगतिया विसमाउया विसमोववन्नगा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नेरइया नो सव्वे समाउया, नो सव्वे समोववन्नगा ।।सू०-६।।४८०।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો બધા સમાનઆયુષ્યવાળા અને સાથે ઉત્પન્ન થયેલા હોય છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! નૈરયિકો ચાર પ્રકારના છે. તે આ પ્રમાણે-૧ કેટલાએક સમાન આયુષ્યવાળા અને સાથે ઉત્પન્ન થયેલા, ૨ કેટલાએક સમાનઆયુષ્યવાળા અને વિષમ-જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા, ૩ કેટલાએક વિષમ-જુદા જુદા આયુષ્યવાળા અને સાથે ઉત્પન્ન થયેલા અને ૪ કેટલાએક જુદા જુદા આયુષ્યવાળા અને જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા. તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે 'નૈરયિકો બધા સમાન આયુષ્યવાળા નથી અને સાથે ઉત્પન્ન થયેલા નથી'. ॥૬॥૪૮૦॥*

(ટી૦) 'નેરઇયા ણં ભંતે! સવ્વે સમાઉઆ'-હે ભગવન્! બધા નૈરયિકો સમાન આયુષ્યવાળા છે-ઇત્યાદિ પ્રશ્નના ઉત્તરરૂપ ચતુર્ભંગી છે, તેનો વિચાર કરાય છે-જેઓએ દસ હજાર વરસનું આયુષ્ય બાંધેલું છે એવા અને સાથે ઉત્પન્ન થયેલા એ પહેલો ભંગ, તેજ દસ હજાર વરસની સ્થિતિવાળા નરકાવાસમાં કેટલા એક પ્રથમ ઉત્પન્ન થયેલા છે અને બીજા પછી ઉત્પન્ન થયેલા છે-એ બીજો ભંગ, અન્ય નારકોએ વિષમ-ભિન્ન આયુષ્ય બાંધ્યું છે, કેટલાએકે દસ હજાર વરસની સ્થિતિવાળા અને કેટલાએકે પંદર હજાર વર્ષની સ્થિતિવાળા નરક સંબન્ધી આયુષ્ય બાંધ્યું છે અને સાથે ઉત્પન્ન થયેલા છે-એ ત્રીજો ભંગ. કેટલાએક સાગરોપમની સ્થિતિવાળા છે અને કેટલાએક દસ હજાર વરસની સ્થિતિવાળા છે એમ વિષમ સ્થિતિવાળા છે અને જુદા જુદા સમયે ઉત્પન્ન થયેલા છે. એ ચોથો ભંગ છે. ॥૬॥૪૮૦॥

## ।। भवणवासिसु समाहाराइसत्तदारपरूवणं ।।

**असुरकुमारा णं भंते! सव्वे समाहारा? एवं सव्वे वि पुच्छा। गोयमा! नो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? जहा नेरइया। असुरकुमारा णं भंते! सव्वे समकम्मा? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! असुरकुमारा दुविहा पन्नत्ता, तं जहा-पुव्वोववन्नगा य पच्छोववन्नगा य। तत्थ णं जे ते पुव्वोववन्नगा ते णं महाकम्मतरागा, तत्थ णं जे ते पच्छोववन्नगा ते णं अप्पकम्मतरागा, से तेणट्ठेणं गोयमा! एवं**

**वुच्चति-'असुरकुमारा णो सव्वे समकम्मा'। एवं वन्न लेस्साए पुच्छा। तत्थ णं जे ते पुव्वोववन्नगा ते णं अविसुद्धवन्नतरागा, तत्थ णं जे ते पच्छोववन्नगा ते णं विसुद्धवन्नतरागा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'असुरकुमारा णं सव्वे णो समवन्ना'। एवं लेस्साए वि, वेयणाए जहा नेरइया, अवसेसं जहा नेरइयाणं। एवं जाव थणियकुमारा ।।सू०-७।।४८१।।**

*(મૂ૦) હે ભગવન્! બધા અસુરકુમારો સમાન આહારવાળા છે? એમ સમશરીરાદિ બધા સંબંધે પ્રશ્ન. હે ગૌતમ! આ અર્થ યુક્ત નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? નૈરયિકોની પેઠે કહેવું. હે ભગવન્! અસુરકુમારો બધા સમાનકર્મવાળા છે? હે ગૌતમ! આ અર્થ યુક્ત નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! અસુરકુમારો બે પ્રકારના છે, તે આ પ્રમાણે–પૂર્વે ઉત્પન્ન થયેલા અને પછી ઉત્પન્ન થયેલા. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે તે મહાકર્મવાળા છે અને જે પછી ઉત્પન્ન થયેલા છે તે અલ્પકર્મવાળા છે, તે હેતુથી એમ કહું છું કે 'અસુરકુમારો બધા સમાનકર્મવાળા નથી'. એ પ્રમાણે વર્ણ અને લેશ્યા સંબંધે પૃચ્છા કરવી. તેમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે, તે અવિશુદ્ધવર્ણવાળા છે અને જે પછી ઉત્પન્ન થયેલા છે તે વિશુદ્ધવર્ણવાળા છે, તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે 'અસુરકુમારો બધા સમાનવર્ણવાળા નથી.' એ પ્રમાણે લેશ્યા સંબંધે પણ જાણવું. વેદના સંબન્ધે નૈરયિકોની પેઠે સમજવું. બાકી બધું નૈરયિકોને કહ્યું તેમ કહેવું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. ।।૭।।૪૮૧।।*

(ટી૦) હવે અસુરકુમારાદિને વિષે આહારાદિ નવ પદનો વિચાર કરે છે—**'असुरकुमारा णं भंते! सव्वे समाहारा'** હે ભગવન્! અસુરકુમારો બધા સમાનઆહારવાળા છે?–ઇત્યાદિ. આ સૂત્ર નારકસૂત્રના સમાન છે, તો પણ તેનો વિશેષતઃ વિચાર કરાય છે—અસુરકુમારોનું અલ્પ શરીર ભવધારણીય શરીરની અપેક્ષાએ જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે. અને મહા શરીર ઉત્કૃષ્ટથી સાત હાથ પ્રમાણ છે. ઉત્તર વૈક્રિયની અપેક્ષાએ અલ્પ શરીર જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટથી મહા શરીર લાખ યોજન પ્રમાણ છે. તેમાં જેઓ મહાશરીરવાળા છે તેઓ મનવડે ભક્ષણ કરવા રૂપ આહારની અપેક્ષાએ ઘણા પુદ્‌ગલોનો આહાર કરે છે. કારણ કે દેવોને મનોભક્ષણરૂપ આહાર સંભવે છે અને તે પ્રધાન આહાર છે, શાસ્ત્રમાં પ્રધાનની અપેક્ષાએ વસ્તુનો નિર્દેશ થાય છે, તેથી અલ્પ શરીરવડે ગ્રહણ કરવા લાયક આહારના પુદ્‌ગલોની અપેક્ષાએ જે ઘણા પુદ્‌ગલો છે તેનો તેઓ આહાર કરે છે. 'ઘણા પરિણમાવે છે'—ઇત્યાદિ ત્રણ પદની વ્યાખ્યા પૂર્વની પેઠે સમજવી. તથા 'વારંવાર આહાર કરે છે અને વારંવાર ઉચ્છ્‌વાસ લે છે.' અહીં જેઓ એક દિવસાદિ વ્યતીત થયા પછી આહાર કરે છે અને સાત સ્તોક વગેરે કાળ વ્યતીત થયા બાદ ઉચ્છ્‌વાસ લે છે તેને આશ્રયી વારંવાર કહ્યું છે, કારણ કે જેઓ કંઇક અધિક એક હજાર વરસ પછી આહાર કરે છે અને કંઈક અધિક એક પખવાડીયા પછી ઉચ્છ્‌વાસ ગ્રહણ કરે છે તેની અપેક્ષાએ એ અસુરકુમારોનો અલ્પ કાળે આહાર અને ઉચ્છ્‌વાસ હોય છે, તેથી વારંવાર આહાર કરે છે–ઇત્યાદિ વ્યવહાર થાય છે. તથા અલ્પ શરીરવાળા અલ્પ શરીર હોવાથી અતિઅલ્પ પુદ્‌ગલોનો આહાર કરે છે, અને ઉચ્છ્‌વાસ લે છે. જે તેઓના આહાર અને ઉચ્છ્‌વાસનું કદાચિત્‌પણું તે મહાશરીરવાળાના આહાર અને ઉચ્છ્‌વાસના અન્તર કરતાં ઘણું વધારે અન્તર હોવાથી કહ્યું છે. તેઓ વચ્ચેના અન્તરમાં આહારાદિ કરતા નથી, તે સિવાય બીજા સમયે કરે છે એવી વિવક્ષા છે. તેથી મહાશરીરવાળાને પણ આહાર અને ઉચ્છ્‌વાસનું અન્તર છે પણ તે અલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી, તેથી 'વારંવાર આહારાદિ કરે છે' એમ કહ્યું છે. મહાશરીરવાળા તેઓને આહાર અને ઉચ્છ્‌વાસનું અલ્પ અન્તર અને અલ્પશરીરવાળાને ઘણું અન્તર છે એ સિદ્ધ છે. જેમકે સૌધર્માદિ દેવો સાત હાથ પ્રમાણ હોવાથી મહાશરીરવાળા છે, તેઓને આહારનું અન્તર બે હજાર વરસ અને શ્વાસોચ્છ્‌વાસનું અંતર બે પખવાડીયા છે. અને અનુત્તર દેવોનું હસ્તપ્રમાણ શરીર હોવાથી તે અલ્પશરીરવાળા છે તેથી તેઓનું આહારનું અન્તર તેત્રીશ હજાર વર્ષ અને શ્વાસોચ્છ્‌વાસનું અન્તર તેત્રીશ પખવાડીયા છે. એ મહાશરીરવાળાને વારંવાર આહાર અને ઉચ્છ્‌વાસના કથન વડે તેઓની અલ્પ સ્થિતિ જણાય છે, અને બીજાની તેથી વિપરીત મોટી સ્થિતિ વૈમાનિક દેવની પેઠે

જાણવી. અથવા લોમાહારની અપેક્ષાએ વારંવાર પ્રતિસમય મહાશરીરવાળા પર્યાપ્તાવસ્થામાં આહાર કરે છે. શ્વાસોચ્છ્વાસ પૂર્વોક્ત પ્રમાણ વડે હોવા છતાં પૂર્ણ ભવની અપેક્ષાએ વારંવાર કહેવાય છે. અપર્યાપ્તાવસ્થામાં તો અલ્પશરીરવાળા લોમાહારથી આહાર કરતા નથી, પણ ઓજાહારથી આહાર કરે છે. તેથી 'તેઓ કદાચિત્ આહાર કરે છે' એમ કહેવાય છે. અપર્યાપ્તાવસ્થામાં ઉચ્છ્વાસ લેતા મૂકતા નથી બીજા સમયે લે છે, માટે કહેવામાં આવ્યું છે કે 'કદાચિત્ ઉચ્છ્વાસ લે છે.'

હવે કર્મસૂત્ર કહે છે—'**असुरकुमारा णं भंते! सव्वे समकम्मा**' હે ભગવન્! બધા અસુરકુમારો સમાન કર્મવાળા છે?–ઇત્યાદિ. અહીં નૈરયિકસૂત્રની અપેક્ષાએ વિપર્યાસ–ઊલટું કહ્યું છે. કારણ કે પૂર્વે ઉત્પન્ન થયેલા નૈરયિકો અલ્પકર્મવાળા અને બીજા મહાકર્મવાળા કહ્યા છે, અસુરકુમારો તો પૂર્વે ઉત્પન્ન થયેલા મહાકર્મવાળા અને પછી ઉત્પન્ન થયેલા અલ્પ કર્મવાળા છે. કેવી રીતે છે? તેનો ઉત્તર એ છે કે અસુરકુમારો પોતાના ભવથી નીકળી તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. તિર્યંચમાં ઉત્પન્ન થતા કેટલાએક પૃથિવી, પાણી અને વનસ્પતિરૂપ એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, અને કેટલાક પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે, મનુષ્યમાં પણ ઉત્પન્ન થતા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, બાકીનામાં ઉત્પન્ન થતાં નથી. છ માસનું આયુષ્ય બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. અને પરભવના આયુષના બંધસમયે એકાન્ત તિર્યંચ યોગ્ય કે એકાન્ત મનુષ્ય યોગ્ય પ્રકૃતિઓનો ઉપચય કરે છે, તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા મહાકર્મવાળા છે. જેઓ પાછળ ઉત્પન્ન થયેલા છે તેઓએ હજી પણ પરભવનું આયુષ્ય બાંધ્યું નથી અને તિર્યંચ અને મનુષ્ય યોગ્ય પ્રકૃતિઓનો ઉપચય કર્યો નથી, તેથી તેઓ અલ્પકર્મવાળા છે. આ સૂત્ર પણ સમાનસ્થિતિવાળા અને સમાનભવવાળા પરિમિત અસુરકુમાર સંબન્ધે સમજવું. પૂર્વે ઉત્પન્ન થયેલા પણ જેણે પરભવનું આયુષ્ય બાંધ્યું છે એવા અને પછી ઉત્પન્ન થયેલા પણ જેણે પરભવનું આયુષ્ય બાંધ્યું નથી એવા થોડા કાળના અન્તરવાળા ગ્રહણ કરવા. અન્યથા તિર્યંચ અને મનુષ્ય યોગ્ય પ્રકૃતિનો બંધ કરવા છતાં પણ પૂર્વે ઉત્પન્ન થયેલાથી પછી ઉત્પન્ન થયેલો ઉત્કૃષ્ટસ્થિતિવાળો અને નવીન ઉત્પન્ન થયેલો અનન્ત સંસારી મહાકર્મવાળો અવશ્ય હોય છે.

વર્ણસૂત્રમાં જેઓ પૂર્વે ઉત્પન્ન થયેલા છે તેઓ અવિશુદ્ધ વર્ણવાળા છે. કેવી રીતે છે? અસુરકુમારોને ભવસાક્ષેપ પ્રશસ્ત વર્ણ નામકર્મનો શુભ અને તીવ્ર રસવાળો ઉદય છે. અને તે પૂર્વે ઉત્પન્ન થયેલાંનો ઘણો ક્ષીણ થયેલો છે, તેથી તેઓ અવિશુદ્ધતર વર્ણવાળા છે. તે સિવાય બીજા પછી ઉત્પન્ન થયેલા હોવાથી હજી સુધી પણ વર્ણ નામકર્મનો ઘણો ક્ષય કર્યો નથી માટે વિશુદ્ધવર્ણવાળા છે. આ સૂત્ર સમાનસ્થિતિવાળા અસુરકુમારની અપેક્ષાએ સમજવું. એવં '**लेस्साए वि**' ઇતિ. એમ લેશ્યા સંબન્ધે પણ જાણવું–એટલે વર્ણસૂત્રની પેઠે લેશ્યાસૂત્ર પણ કહેવું. પૂર્વે ઉત્પન્ન થયેલા અવિશુદ્ધ લેશ્યાવાળા કહેવા અને પછી ઉત્પન્ન થયેલા વિશુદ્ધ લેશ્યાવાળા કહેવા એ ભાવાર્થ છે. અહીં આ તાત્પર્ય છે—અહીં દેવો અને નૈરયિકોને તેવા પ્રકારના ભવસ્વભાવથી લેશ્યાનો પરિણામ ઉત્પત્તિના સમયથી માંડી ભવના ક્ષય પર્યન્ત નિરન્તર હોય છે.' જેથી ત્રીજા લેશ્યોદેશકમાં કહેવામાં આવશે કે '**से नूणं भंते! कण्हलेसे नेरइए कण्हलेसेसु नेरइएसु उववज्जइ, कण्हलेसे उव्वट्टइ, जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ**'? ઇત્યાદિ. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય? અને કૃષ્ણલેશ્યાવાળો થઇ મરણ પામે? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો થઇ મરણ પામે? આ સૂત્રનો ભાવાર્થ આ છે–પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય આયુષ્ય ક્ષીણ થવાથી નૈરયિકાયુષ્ય વેદતો ઋજુસૂત્રનયની દૃષ્ટિથી વિગ્રહગતિમાં વર્તતો હોય તો પણ નારકજ કહેવાય છે. તેને કૃષ્ણાદિ લેશ્યાનો ઉદય પૂર્વભવનું અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારેજ હોય છે. એ સંબન્ધે કહ્યું છે કે—

"[1]अन्तमुहुत्तंमि गए अन्तमुहुत्तंमि सेसए चेव। लेस्साहि परिणयाहिं जीवा वच्चंति परलोयं॥"

---

૧. આગામી ભવની લેશ્યાના પ્રથમ સમયે પરભવાયુષ્યનો ઉદય થાય કે પૂર્વભવની લેશ્યાના અન્ત સમયે પરભવના આયુષ્યનો ઉદય થાય અથવા બીજી રીતે થાય? એ શંકા દૂર કરવા માટે ભદ્રબાહુ સ્વામી કહે છે-'પરિણત થયેલી સર્વ લેશ્યાના પ્રથમ સમયે પરભવમાં કોઇ જીવની ઉત્પત્તિ થતી નથી, તેમ તેના છેલ્લા સમયે પણ પરભવમાં કોઇની ઉત્પત્તિ થતી નથી, પરન્તુ આગામી ભવની લેશ્યાનું અન્તર્મુહૂર્ત ગયા પછી તિર્યંચ અને મનુષ્યો અને સ્વભવસંબન્ધી લેશ્યાનું અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે દેવ અને નારકો પરલોકમાં જાય છે. જુઓ- બૃહત્સંગ્રહણી ટીકા પ. ૧૦૮-૯

લેશ્યાઓનું અન્તર્મુહૂર્ત ગયા પછી અને અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે પરિણત થયેલી લેશ્યા વડે જીવો પરલોકમાં જાય છે. કેવળ તિર્યંચ અને મનુષ્યો આગામી ભવની લેશ્યાનું અન્તર્મુહૂર્ત ગયા પછી અને દેવ અને નારકો પોતાના ભવની લેશ્યાનું અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે પરલોકમાં જાય છે. એમ દેવો સંબન્ધે પણ જાણવું. તથા લેશ્યાઅધ્યયનમાં નારકાદિને વિષે કૃષ્ણાદિ લેશ્યાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે કહી છે—'કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ દસ હજાર વરસની છે. ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે, કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ દસ સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની છે. એ નૈરયિકોની લેશ્યાની સ્થિતિ વર્ણવી. તે પછી તિર્યંચ, મનુષ્ય અને દેવોની સ્થિતિ કહીશ—

''अन्तोमुहुत्तमद्धा लेसाण ठिई जहिं जहिं जा उ। तिरियनराणं वा वज्जित्ता केवलं लेसं''॥

તિર્યંચ અને મનુષ્યમાં જેને જેને વિષે જે લેશ્યાઓ હોય છે તેઓની કેવળ-શુક્લ લેશ્યાને છોડી અન્તર્મુહૂર્તની સ્થિતિ છે. આ ગાથાનો અક્ષરાર્થ આ છે-જે જે પૃથિવીકાયિકાદિમાં કે સંમૂર્ચ્છિમ મનુષ્યાદિમાં જે કૃષ્ણાદિ લેશ્યાઓ છે તેઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્તની છે. એ લેશ્યાઓ કોઇને વિષે કોઇ હોય છે-પૃથિવી, પાણી અને વનસ્પતિને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા રૂપ ચાર લેશ્યાઓ હોય છે, અગ્નિ, વાયુ, બેઇન્દ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ છે. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યોને છ એ લેશ્યાઓ હોય છે. પરન્તુ એ પ્રમાણે શુક્લલેશ્યાની સ્થિતિ અન્તર્મુહૂર્તની થાય. એ આ શંકાના ઉત્તરમાં કહ્યું છે કે '**केवलं शुद्धलेश्या**'--શુક્લલેશ્યાને છોડીને સમજવું. તે શુક્લલેશ્યાની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ નવ વરસ ન્યૂન પૂર્વકોટિ વર્ષની જાણવી. આ તિર્યંચ અને મનુષ્યની લેશ્યાની સ્થિતિ વર્ણવી છે અને ત્યાર બાદ દેવોની લેશ્યાની સ્થિતિ કહીશ—દસ હજાર વર્ષની કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. જે કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેને સમયાધિક કરતાં નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. ત્યારબાદ દેવોની તેજોલેશ્યાની સ્થિતિ કહીશ-ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને તેજોલેશ્યાની દસ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે, અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. જે તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેને સમયાધિક કરતા પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમની જાણવી. અહીં અન્તર્મુહૂર્ત અધિક કહ્યું છે તે પૂર્વભવનું અન્તર્મુહૂર્ત અને પછીના ભવનું અન્તર્મુહૂર્ત એમ બે અન્તર્મુહૂર્તની એક વિવક્ષા કરીને કહ્યું છે. કારણ કે દેવ અને નૈરયિકોને લેશ્યા પૂર્વભવના અને ઉત્તરભવના બે અન્તર્મુહૂર્ત અધિક પોતાના આયુષના કાલપ્રમાણ સ્થિતિવાળી હોય છે. તથા જે પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેને સમયાધિક કરતાં શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ અને અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. તેથી પૂર્વે કહેલા આ લેશ્યાની સ્થિતિના પરિમાણથી અને ત્રીજા લેશ્યોદ્દેશકમાં કહેવામાં આવશે તે સૂત્રથી જણાય છે કે દેવો અને નૈરયિકોને લેશ્યાદ્રવ્યનો પરિણામ ઉત્પત્તિના સમયથી આરંભી ભવના અન્ત સુધી નિરન્તર હોય છે. પૂર્વે ઉત્પન્ન થયેલા અસુરકુમારોએ ઘણાં અને તીવ્રરસવાળાં લેશ્યાદ્રવ્યો અનુભવી અનુભવીને ક્ષય કર્યાં છે અને થોડાં મન્દરસવાળાં બાકી છે તેથી પૂર્વે ઉત્પન્ન થયેલા અવિશુદ્ધલેશ્યાવાળા હોય છે અને પછી ઉત્પન્ન થયેલા તેથી વિપરીત હોવાથી વિશુદ્ધલેશ્યાવાળા હોય છે. '**वेयणाए जहा नेरइया**' ઇતિ. વેદનામાં જેમ નૈરયિકો કહ્યા તેમ અસુરકુમારો પણ કહેવા, કારણ કે ત્યાં પણ અસંજ્ઞીની ઉત્પત્તિ હોય છે. તેમાં જો કે વેદનાસૂત્રનો પાઠ નારકોની પેઠે અસુરકુમારોને છે, તો પણ ભાવાર્થમાં વિશેષતા છે. તે આ પ્રમાણે—જેઓ સંજ્ઞીભૂત છે તે સમ્યગ્દૃષ્ટિ હોવાથી મહાવેદનાવાળા છે, કારણ કે ચારિત્રની વિરાધનાથી તેઓના ચિત્તને સંતાપ થાય છે. બીજા અસંજ્ઞીભૂત છે, તે મિથ્યાદૃષ્ટિ હોવાથી અલ્પવેદનાવાળા છે, કારણ કે તેને ઉપર કહ્યા પ્રમાણે ચિત્તનો સંતાપ નથી. અથવા સંજ્ઞીભૂત-પૂર્વભવમાં સંજ્ઞી હોય

તે, અથવા પર્યાપ્ત શુભવેદનાને આશ્રયી મહાવેદનાવાળા છે અને પૂર્વભવમાં અસંજ્ઞી હોય તે અથવા અપર્યાપ્ત અલ્પવેદનાવાળા છે. 'अवसेसं जहा नेरइयाणं' ઇતિ. બાકીનું ક્રિયાસૂત્ર અને આયુષ્યસૂત્ર જેમ નૈરયિકોને કહ્યું છે તેમ કહેવું અને સુગમ હોવાથી તેનો સ્વયં વિચાર કરવો. એ પ્રમાણે-અસુરકુમારને કહ્યા પ્રમાણે નાગકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધી કહેવું. ॥૭॥૪૮૧॥

## ।। एगिंदियासु समाहाराइसत्तदारपरूवणं ।।

**पुढविकाइया आहार-कम्म-वन्न-लेस्साहिं जहा नेरइया। पुढविकाइया सव्वे समवेयणा पन्नत्ता? हंता गोयमा! सव्वे समवेदणा। से केणट्ठेणं भंते! एवं वुच्चत्ति? गोयमा! पुढविकाइया सव्वे असन्नी असन्निभूयं अणिययं वेयणं वेयन्ति, से तेणट्ठेणं गोयमा! पुढविकाइया सव्वे समवेदणा। पुढविकाइया णं भंते! सव्वे समकिरिया? हंता गोयमा! पुढविकाइया सव्वे समकिरिया। से केणट्ठेणं? गोयमा! पुढविकाइया सव्वे माइमिच्छादिट्ठी, तेसिं णियइयाओ पंच किरियाओ कज्जन्ति, तं जहा-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अप्पच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया य, से तेणट्ठेणं गोयमा! एवं जाव चउरिंदिया।**

## ।। पंचिंदियतिरिक्खेसु समाहाराइसत्तदारपरूवणं ।।

**पंचेंदियतिरिक्खजोणिया जहा नेरइया, नवरं किरियाहिं सम्मद्दिट्ठी मिच्छद्दिट्ठी सम्मामिच्छदिट्ठी। तत्थ णं जे ते सम्मदिट्ठी ते दुविहा पन्नत्ता, तं जहा-असंजता य संजयासंजता य। तत्थ णं जे ते संजयासंजया तेसि णं तिन्नि किरियाओ कज्जन्ति, तं जहा-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, तत्थ णं जे ते असंजया तेसि णं चत्तारि किरियाओ कज्जंति, तं जहा-आरंभिया-परिग्गहिआ, मायावत्तिया अपच्चक्खाणकिरिया। तत्थ णं जे ते मिच्छादिट्ठी जे य सम्मामिच्छदिट्ठी तेसि णं णियइयाओ पंच किरियाओ कज्जन्ति, तं जहा-आरंभिया, परिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया, सेसं तं चेव ।।सू०-८।।४८२।।**

*(મૂ૦) પૃથિવીકાયિકો આહાર, કર્મ, વર્ણ અને લેશ્યા વડે નૈરયિકોની પેઠે જાણવા. પૃથિવીકાયિકો બધા સમાન વેદનાવાળા છે? હા ગૌતમ! બધા સમાનવેદનાવાળા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! પૃથિવીકાયિકો બધા અસંજ્ઞી છે અને તેથી તેઓ અસંજ્ઞીભૂત-અસંજ્ઞીના જેવી અનિયત વેદના વેદે છે. તે હેતુથી હે ગૌતમ! બધા પૃથિવીકાયિકો સમાનવેદનાવાળા છે. હે ભગવન્! બધા પૃથિવીકાયિકો સમાનક્રિયાવાળા છે? હા ગૌતમ! બધા પૃથિવીકાયિકો સમાનક્રિયાવાળા છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! બધા પૃથિવીકાયિકો માયી મિથ્યાદૃષ્ટિ છે, તેઓને નિયત-અવશ્ય પાંચ ક્રિયાઓ હોય છે. તે આ પ્રમાણે-૧ આરંભિકી, ૨ પારિગ્રહિકી, ૩ માયાપ્રત્યયિકી, ૪ અપ્રત્યાખ્યાન ક્રિયા અને ૫ મિથ્યાદર્શનપ્રત્યયિકી, તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે જાણવા. પરન્તુ ક્રિયા વડે સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોય છે. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે બે પ્રકારના છે, તે આ પ્રમાણે—અસંયત-અવિરતિ અને સંયતાસંયત-દેશવિરતિ. તેમાં જે સંયતાસંયત છે તેઓને ત્રણ ક્રિયાઓ થાય છે. તે આ પ્રમાણે—આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી. તેમાં જેઓ અસંયત છે તેઓને ચાર ક્રિયાઓ થાય છે. તે આ પ્રમાણે—આરંભિકી, પારિગ્રહિકી માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનક્રિયા. તેમાં જેઓ મિથ્યાદૃષ્ટિ અને જેઓ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તેઓને અવશ્ય પાંચ ક્રિયાઓ થાય છે. તે આ પ્રમાણે—આરંભિકી, પારિગ્રહિકી માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી. બાકી બધું તેમજ કહેવું. ॥૮॥૪૮૨॥*

(टी०) '**पुढविक्काइया**' ઇત્યાદિ. પૃથિવીકાયિકો આહાર, કર્મ, વર્ણ અને લેશ્યાઓ વડે જેમ નૈરયિકો કહ્યા છે તેમ કહેવા. પૃથિવીકાયિકોના આહારાદિવિષયક ચાર સૂત્રો નૈરયિકસૂત્રોની પેઠે પૃથિવીકાયિકના પાઠ વડે કહેવાં એ ભાવાર્થ છે. કેવળ આહારસૂત્રમાં આ વિચાર છે-પૃથિવીકાયિકોનું અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ શરીર છતાં પણ અલ્પશરીર અને મહાશરીર આગમના વચનથી જાણવું. તે આગમ આ પ્રમાણે છે—''**पुढविक्काए पुढविक्काइयस्स ओगाहणट्ठयाए चउट्ठाणवडिए**'' ઇત્યાદિ. પૃથિવીકાયિક પૃથિવીકાયિકની અપેક્ષાએ ચાર સ્થાનને પ્રાપ્ત થયેલ છે-ઇત્યાદિ. તેમાં મહાશરીરવાળા મહાશરીર હોવાથી લોમાહાર વડે ઘણા પુદ્ગલોનો આહાર કરે છે અને ઘણા પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે લે છે. તથા વારંવાર આહાર કરે છે અને વારંવાર ઉચ્છ્વાસ લે છે. અને અલ્પ શરીરવાળાને અલ્પ શરીર હોવાથી અલ્પ આહાર અને અલ્પ ઉચ્છ્વાસ હોય છે. આહાર અને ઉચ્છ્વાસનું કદાચિત્પણું અપર્યાપ્તાવસ્થાની અપેક્ષાએ સમજવું.

હવે વેદનાસૂત્ર કહે છે—'**पुढविक्काइया णं भंते! सव्वे समवेयणा**'? હે ભગવન્! શું પૃથિવીકાયિકો બધા સમાનવેદનાવાળા છે'-ઇત્યાદિ. '**અસંજ્ઞી**' મિથ્યાદૃષ્ટિ અથવા મનરહિત, તેઓ અસંજ્ઞીભૂત-અસંજ્ઞીને જે વેદના પ્રાપ્ત થાય છે તેવી, તે અર્થને સ્પષ્ટ કરે છે-અનિયત-અનિશ્ચિત સ્વરૂપવાળી વેદના વેદે છે. અને વેદનાનો અનુભવ કરવા છતાં પણ મિથ્યાદૃષ્ટિ હોવાથી કે મન રહિત હોવાથી મત્ત મૂર્છિતાદિની પેઠે 'આ પૂર્વે બાંધેલા અશુભકર્મનો પરિણામ છે' એમ જાણતા નથી.

ક્રિયાસૂત્રમાં **माईमिच्छद्दिट्ठि**'ति માયીમિથ્યાદષ્ટિ છે, કારણ કે તેઓમાં પ્રાયઃ માયાવાળા ઉત્પન્ન થાય છે. એ સંબન્ધે શિવશર્મ સૂરિ કહે છે—'**उम्मग्गदेसओ मग्गनासओ मूढहियमाइल्लो। सढसीलो य ससल्लो तिरियाउं बंधइ जीवो॥**'—ઉન્માર્ગનો ઉપદેશક, માર્ગનો નાશક, ગૂઢહૃદયવાળો, માયાવાળો, શઠસ્વભાવવાળો અને શલ્યયુક્ત જીવ તિર્યંચનું આયુષ્ય બાંધે છે. માટે તેઓ માયાવાળા કહેવાય છે. માયા અહીં સમસ્ત અનન્તાનુબંધી કષાયનું ઉપલક્ષણ (સૂચક) છે, તેથી માયાવાળા-અનન્તાનુબંધી કષાયના ઉદયવાળા અને એથીજ મિથ્યાદૃષ્ટિ હોય છે, તેઓને નિયત-અવશ્ય પાંચ જ ક્રિયાઓ હોય છે, પણ ત્રણ ક્રિયાઓ વગેરે નથી હોતી. '**तेणट्ठेणं**' તે હેતુથી-ઇત્યાદિ નિગમન-ઉપસંહાર વાક્ય છે. એ પ્રમાણે યાવત્ 'ચઉરિન્દ્રિય સુધી જાણવું.' અહીં મહાશરીરવાળા અને અલ્પશરીરવાળા પોતપોતાની અવગાહનાને અનુસારે જાણવા. આહાર બેઇન્દ્રિયાદિને પ્રક્ષેપરૂપ સમજવો. '**पंचिंदिय तिरिक्खजोणिया जहा नेरइया**' ઇતિ. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે જાણવા' એ પ્રસિદ્ધ છે. પરન્તુ અહીં મહાશરીરવાળા વારંવાર આહાર કરે છે અને વારંવાર ઉચ્છ્વાસ લે છે તે સંખ્યાતા વરસના આયુષ્યવાળાની અપેક્ષાએ સમજવું, કારણ કે તે પ્રમાણે દેખાય છે, અસંખ્યાત વરસના આયુષ્યવાળાની અપેક્ષાએ ન સમજવું, કારણ કે તેઓનો પ્રક્ષેપાહાર બે દિવસ પછી કહેલો છે. અલ્પશરીરવાળાને આહાર અને ઉચ્છ્વાસનું કદાચિત્પણું તે અપર્યાપ્તાવસ્થામાં લોમાહાર અને ઉચ્છ્વાસ નહિ હોવાથી અને પર્યાપ્તાવસ્થામાં હોવાથી જાણવું. પરન્તુ કર્મસૂત્રમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલાને અલ્પ કર્મ અને બીજાને મહાકર્મ તે આયુષ્ય વગેરે તે ભવમાં વેદવા યોગ્ય કર્મની અપેક્ષાએ સમજવું. વર્ણ અને લેશ્યાસૂત્રમાં પણ પૂર્વે ઉત્પન્ન થયેલાને શુભવર્ણાદિ કહ્યા છે તે તરુણપણાથી અને પછી ઉત્પન્ન થયેલાને અશુદ્ધ વર્ણાદિ કહ્યા છે તે બાલપણાની અપેક્ષાએ સમજવા. કારણ કે લોકમાં તેવી રીતે દેખાય છે. તથા '**संजयासंजया**' ઇતિ. સંયતાસંયત-સ્થૂલ પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત થયેલા હોવાને લીધે દેશવિરતિવાળા સમજવા, કારણ કે બીજા સૂક્ષ્મ પ્રાણાતિપાતાદિથી તેઓ નિવૃત્ત થયેલા નથી. ॥૮॥૪૮૨॥

## ॥ मणुस्सेसु समाहाराइसत्तदारपरूवणं ॥

**मणुस्सा णं भंते! सव्वे समाहारा? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं? गोयमा! मणुस्सा दुविहा पन्नत्ता, तं जहा-महासरीरा य अप्पसरीरा य। तत्थ णं जे ते महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति, जाव बहुतराए पोग्गले नीससंति, आहच्च आहारेंति, आहच्च नीससंति। तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले**

**आहारेंति, जाव अप्पतराए पोग्गले नीससंति, अभिक्खणं आहारेंति, जाव अभिक्खणं नीससंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति-'मणुस्सा सव्वे णो समाहारा'। सेसं जहा नेरइयाणं, नवरं किरियाहिं मणूसा तिविहा पन्नत्ता, तं जहा-सम्मद्दिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी। तत्थ णं जे ते सम्मदिट्ठी ते तिविहा पन्नत्ता, तं जहा-संयता, असंयता, संयतासंयता। तत्थ णं जे ते संयता ते दुविहा पन्नत्ता, तं जहा-सरागसंयता य वीयरागसंयता य। तत्थ णं जे ते वीयरागसंयता ते णं अकिरिया, तत्थ णं जे ते सरागसंयता ते दुविहा पन्नत्ता, तं जहा-पमत्तसंयता य अपमत्तसंयता य। तत्थ णं जे ते अपमत्तसंजया तेसिं एगा मायावत्तिया किरिया कज्जति। तत्थ णं जे ते पमत्तसंजया तेसिं दो किरियाओ कज्जंति, तं जहा-आरंभिया मायावत्तिया य। तत्थ णं जे ते संजयासंजया तेसिं तिन्नि किरियाओ कज्जंति, तं जहा-आरंभिया परिग्गहिया मायावत्तिया। तत्थ णं जे ते असंजया तेसिं चत्तारि किरियाओ कज्जंति, तं जहा-आरंभिया परिग्गहिया मायावत्तिया अपच्चक्खाणकिरिया। तत्थ णं जे ते मिच्छदिट्ठी जे सम्मामिच्छदिट्ठी तेसिं नियइयाओ पंच किरियाओ कज्जंति, तं जहा-आरंभिया परिग्गहिया मायावत्तिया अपच्चक्खाणकिरिया मिच्छादंसणवत्तिता, सेसं जहा नेरइयाणं।** ।सू०-९।।४८३।।

*(મૂ૦) હે ભગવન્! બધા મનુષ્યો સમાન આહારવાળા છે? હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! મનુષ્યો બે પ્રકારના છે, તે આ પ્રમાણે—મહાશરીરવાળા અને અલ્પશરીરવાળા. તેમાં જેઓ મહાશરીરવાળા છે તેઓ ઘણા પુદ્ગલોનો આહાર કરે છે, યાવત્-ઘણા પુદ્ગલોને નિઃશ્વાસરૂપે મૂકે છે. કદાચિત્ આહાર ગ્રહણ કરે છે અને કદાચિત્ નિઃશ્વાસ મૂકે છે. તેમાં જેઓ અલ્પશરીરવાળા છે તેઓ થોડા પુદ્ગલોનો આહાર કરે છે, યાવત્ અલ્પ પુદ્ગલોનો નિઃશ્વાસ મૂકે છે. વારંવાર આહાર કરે છે, યાવત્ વારંવાર નિઃશ્વાસ મૂકે છે. તે કારણથી હે ગૌતમ! એમ કહું છું કે મનુષ્યો બધા સમાન આહારવાળા નથી. બાકી બધું નૈરયિકોની પેઠે જાણવું, પરન્તુ ક્રિયાઓમાં મનુષ્યો ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ; મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તેમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તે ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે-સંયત, અસંયત અને સંયતાસંયત. તેમાં જેઓ સંયત છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે—સરાગસંયત અને વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તેઓ ક્રિયારહિત છે. તેમાં જેઓ સરાગસંયત છે તે બે પ્રકારના છે—પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જે અપ્રમત્ત સંયત છે તેઓને એક માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે. અને જે પ્રમત્તસંયત છે તેઓને બે ક્રિયાઓ હોય છે—આરંભિકી અને માયાપ્રત્યયિકી. જેઓ સંયતાસંયત છે તેઓને ત્રણ ક્રિયાઓ હોય છે, તે આ પ્રમાણે—આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી. તેમાં જેઓ અસંયત છે તેઓને ચાર ક્રિયાઓ છે. તે આ પ્રમાણે—આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનક્રિયા. તેમાં જેઓ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે તેઓને અવશ્ય પાંચ ક્રિયાઓ હોય છે. તે આ પ્રમાણે-આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી. બાકી બધું નૈરયિકોની જેમ જાણવું. ॥૯॥૪૮૩॥*

(ટી૦) હવે મનુષ્ય સંબન્ધી સૂત્ર કહે છે—'मणुस्सा णं भंते! सव्वे समाहारा'? હે ભગવન્! મનુષ્યો બધા સમાન-આહારવાળા છે? ઇત્યાદિ સુગમ છે, પરન્તુ 'आहच्च आहरेंति, आहच्च ऊससंति आहच्च नीससंति' ઇતિ. કદાચિત્ આહાર ગ્રહણ કરે છે, કદાચિત્ ઉચ્છ્વાસ લે છે અને કદાચિત્ નિઃશ્વાસ મૂકે છે. મહાશરીરવાળા દેવકુરુ આદિના યુગલિક મનુષ્યો છે, તેઓ કદાચિત્ જ કવલાહાર વડે આહાર કરે છે. કારણ કે 'अट्ठमभत्तस्स आहारो' તેઓનો આહાર અષ્ટમભક્ત-ત્રણ દિવસ પછી હોય છે-એવું શાસ્ત્રવચન છે. તેઓનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ પણ બાકીના બીજા મનુષ્યની અપેક્ષાએ અતિસુખી હોવાથી કદાચિત્ જ હોય છે. અલ્પ શરીરવાળા વારંવાર અલ્પ આહાર કરે છે, કારણ કે બાલકો વગેરેને તેવા પ્રકારે જણાય

છે અને સંમૂર્ચ્છિમ અલ્પશરીરવાળા મનુષ્યોને નિરંતર આહારનો સંભવ છે. ઉચ્છ્વાસ નિઃશ્વાસ પણ અલ્પશરીરવાળાને વારંવાર હોય છે, કારણ કે પ્રાયઃ તેઓ ઘણા દુઃખી હોય છે. **'सेसं जहा नेरइयाणं'** ઇતિ બાકી કર્મ, વર્ણાદિ સંબન્ધે સૂત્ર જેમ નૈરયિકોને કહ્યું છે તે પ્રમાણે જાણવું, પરન્તુ અહીં પૂર્વે ઉત્પન્ન થયેલાને તરુણપણાથી શુદ્ધવર્ણાદિ જાણવા. ક્રિયાસૂત્રમાં વિશેષતા જણાવે છે—**'किरियाहिं मणुसा तिविहा'** ઇત્યાદિ. પરન્તુ ક્રિયાઓમાં મનુષ્ય ત્રણ પ્રકારના છે. તેમાં સરાગસંયતો—જેના કષાયો ક્ષીણ કે ઉપશાન્ત થયા નથી એવા છે વીતરાગસંયતો–જેના કષાયો ઉપશાન્ત અથવા ક્ષીણ થયા છે એવા છે અને તે 'અકિરિયા' ઇતિ ક્રિયારહિત છે, કારણ કે વીતરાગ હોવાથી તેઓને આરંભાદિ ક્રિયાનો અભાવ છે. **અપ્રમત્ત સંયતને એક માયાપ્રત્યયક્રિયા હોય છે, અને તે શાસનના ઉડ્ડાહરક્ષણમાં પ્રવૃત્ત થયેલાને હોય છે**, કારણ કે તેના કષાયો ક્ષીણ થયા નથી. પ્રમત્ત સંયતને આરંભિકી અને માયાપ્રત્યયિકી એ બે ક્રિયા હોય છે, પ્રમત્તસંયતોનો સર્વ પ્રમત્તયોગ આરંભરૂપ છે માટે તેને આરંભિકી ક્રિયા હોય છે અને તેના કષાયો ક્ષીણ નહિ થયા હોવાથી માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે. **'सेसं जहा नेरइयाणं'** ઇતિ. બાકીનું આયુષ્ય સંબન્ધી સૂત્ર જે પ્રમાણે નૈરયિકોને કહ્યું છે તે પ્રમાણે કહેવું. અને તે સુગમ હોવાથી સ્વયં વિચારી લેવું. ॥૯॥૪૮૩॥

## ।। वाणमंतराइसु समाहाराइसत्तदारपरूवणं ।।

**वाणमंतराणं जहा असुरकुमाराणं। एवं जोइसियवेमाणियाणवि, नवरं ते वेदणाए दुविहा पन्नत्ता, तं जहा- माइमिच्छदिट्ठीउववन्नगा य अमाइसम्मदिट्ठीउववन्नगा य। तत्थ णं जे ते माइमिच्छदिट्ठीउववन्नगा ते णं अप्पवेदणतरागा। तत्थ णं जे ते अमाइसम्मदिट्ठीउववन्नगा ते णं महावेदणतरागा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ। सेसं तहेव ।।सू०-१०।।४८४।।**

*(મૂ૦) વ્યન્તરોને અસુરકુમારોની જેમ સમજવું. એમ જ્યોતિષિક અને વૈમાનિકોને પણ જાણવું. પરન્તુ વેદનામાં તેઓ બે પ્રકારના છે–માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તે અલ્પવેદનાવાળા હોય છે, અને જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ મહાવેદનાવાળા છે. તે માટે હે ગૌતમ! એમ કહું છું. બાકી બધું તેમજ જાણવું. ॥૧૦॥૪૮૪॥*

(ટી૦) **'वाणमंतराणं जहा असुरकुमाराणं'** વ્યન્તરોને અસુરકુમારોની પેઠે કહેવું–ઇત્યાદિ. જેમ અસુરકુમારો સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત છે. તેમાં જે સંજ્ઞીભૂત છે તે મહાવેદનાવાળા છે અને અસંજ્ઞીભૂત છે તે અલ્પવેદનાવાળા છે—એ પ્રમાણે અસુરકુમારો સંબન્ધે કહ્યું છે તેમ વ્યન્તરો સંબન્ધે પણ કહેવું. કારણ કે અસુરકુમારથી આરંભી વ્યન્તર સુધીના દેવોમાં અસંજ્ઞી ઉત્પન્ન થાય છે. ભગવતીસૂત્રમાં પ્રથમ શતકના બીજા ઉદ્દેશકમાં કહ્યું છે કે **'असन्नी जहन्नेणं भवणवासीसु उक्कोसेणं वाणमंतरेसु'**। અસંજ્ઞી જઘન્યથી ભવનવાસી અને ઉત્કૃષ્ટપણે વ્યન્તરોમાં ઉત્પન્ન થાય છે. અને તેઓ અસુરકુમારના પ્રકરણમાં કહેલી યુક્તિથી અલ્પવેદનાવાળા હોય છે એમ જાણવું. જે પૂર્વે વ્યાખ્યાન કર્યું કે સંજ્ઞી–સમ્યગ્દૃષ્ટિ અને અસંજ્ઞી મિથ્યાદૃષ્ટિ–એ પ્રમાણે પણ વૃદ્ધ આચાર્યોના વ્યાખ્યાનને અનુસરી કરેલું વ્યાખ્યાન ઘટે છે, માટે દોષરહિત છે. એ પ્રમાણે અસુરકુમારને કહેલા પ્રકાર વડે જ્યોતિષિક અને વૈમાનિકોને પણ કહેવું, પરન્તુ વેદનામાં તેઓ આ પ્રમાણે કહેવા—**'दुविहा जोइसिया पन्नत्ता, तंजहा-मायिमिच्छादिट्ठीउववन्नगा य'** ઇત્યાદિ. બે પ્રકારના જ્યોતિષિકો છે–માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા–ઇત્યાદિ. (પ્ર૦)—જ્યોતિષિક સંબન્ધે એવા પ્રકારનો પાઠ કેમ કહો છો, પણ અસુરકુમારની પેઠે **'सन्निभूया य असन्निभूया य'**—સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત એવો પાઠ કેમ કહેતા નથી? (ઉ૦)—જ્યોતિષિકમાં અસંજ્ઞી ઉત્પન્ન થતા નથી માટે. એ શાથી જાણવું? યુક્તિથી જાણી શકાય છે, તે આ પ્રમાણે–અસંજ્ઞીના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે અને જ્યોતિષિકોની જઘન્ય સ્થિતિ પણ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે,

અને વૈમાનિકોની જઘન્ય સ્થિતિ પલ્યોપમની છે તેથી જાણી શકાય છે કે તેઓમાં અસંજ્ઞી ઉપજતા નથી. અને તેના અભાવથી ઉપર કહ્યા પ્રમાણે પાઠ કહેવામાં આવ્યો છે, પણ અસુરકુમારના પ્રકરણમાં કહ્યા પ્રમાણે કહેવામાં આવ્યો નથી. તેમાં શુભ વેદનાને આશ્રયી માયી મિથ્યાદૃષ્ટિ અલ્પવેદનાવાળા છે અને બીજા મહાવેદનાવાળા છે. ॥૧૦॥૪૮૪॥

**।। सलेस्सेसु २४ दंडएसु ओहेणं विभागेणं समाहाराइसत्तदारपरूवणं ।।**

**सलेस्सा णं भंते! नेरइया सव्वे समाहारा, समसरीरा, समुस्सासनिस्सासा-सव्वे वि पुच्छा। गोयमा! एवं जहा ओहिओ गमओ भणिओ तहा सलेस्सागमओ वि निरवसेसो भाणियव्वो जाव वेमाणिया। कण्हलेस्सा णं भंते! नेरइया सव्वे समाहारा-३पुच्छा। गोयमा! जहा ओहिया, नवरं नेरइया वेयणाए माइमिच्छदिट्ठीउववन्नगा य अमाइसम्मदिट्ठी-उववन्नगा य भाणियव्वा, सेसं तहेव जहा ओहियाणं। असुरकुमारा जाव वाणमंतरा एते जहा ओहिया, नवरं मणुस्साणं किरियाहिं विसेसो- जाव तत्थ णं जे ते सम्मदिट्ठी ते तिविहा पन्नत्ता, तं जहा-संजया असंजया संजयासंजया य, जहा ओहियाणं। जोइसिय-वेमाणिया आइल्लिगासु तिसु लेस्सासु ण पुच्छिज्जंति। एवं जहा किण्हलेस्सा चारिया तहा नीललेस्सा वि चारियव्वा। काउलेस्सा नेरइएहिंतो आरब्भ जाव वाणमंतरा, नवरं काउलेस्सा नेरइया वेदणाए जहा ओहिया। तेउलेस्साणं भंते! असुरकुमाराणं ताओ चेव पुच्छाओ। गोयमा! जहेव ओहिया तहेव, नवरं वेयणाए जहा जोइसिया। पुढवि-आउ-वणस्सइ-पंचेंदियतिरिक्ख-मणुस्सा जहा ओहिया तहेव भाणियव्वा, नवरं मणूसा किरियाहिं जे संजता ते पमत्ता य अपमत्ता य भाणियव्वा, सरागा वीयरागा नत्थि। वाणमंतरा तेउलेस्साए जहा असुरकुमारा, एवं जोइसिय-वेमाणिया वि, सेसं तं चेव। एवं पम्हलेस्सा वि भाणियव्वा, नवरं जेसिं अत्थि। सुक्कलेस्सा वि तहेव जेसिं अत्थि, सव्वं तहेव जहा ओहियाणं गमओ, नवरं पम्हलेस्स-सुक्कलेस्साओ पंचेंदियतिरिक्खजोणिय-मणूस-वेमाणियाणं चेव, न सेसाणं ति ।।सू०-११।।४८५।।**

पन्नवणाए भगवईए सत्तरसे लेस्सापए पढमो उद्देसओ समत्तो।

*(મૂ૦) હે ભગવન્! લેશ્યાસહિત નૈરયિકો બધા સમાનઆહારવાળા, સમાનશરીરવાળા અને સમાન ઉચ્છ્વાસનિઃશ્વાસવાળા છે? એમ બીજા બધા સંબન્ધે પૃચ્છા કરવી. હે ગૌતમ! જેમ ઔધિક-સામાન્ય નૈરયિકો સંબન્ધે આલાપક કહ્યો છે તેમ લેશ્યાસહિત સમગ્ર આલાપક પણ યાવત્-વૈમાનિક સુધી કહેવો. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો બધા સમાનઆહારવાળા છે-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! જેમ ઔધિક-સામાન્ય નૈરયિકો કહ્યા છે તેમ કહેવા, પણ વેદનામાં માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દૃષ્ટિઉપપન્નક કહેવા. બાકી બધું જેમ સામાન્ય નૈરયિકોને કહ્યું તેમજ કહેવું. અસુરકુમારથી આરંભી વ્યન્તર સુધી સામાન્ય અસુરકુમારાદિની પેઠે કહેવું. પરન્તુ મનુષ્યોને ક્રિયાઓમાં વિશેષતા છે-યાવત્ તેમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તેઓ ત્રણ પ્રકારના છે, તે આ પ્રમાણે-સંયત, અસંયત અને સંયતાસંયત-ઇત્યાદિ જેમ ઔધિક-સામાન્ય મનુષ્ય સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. જ્યોતિષિક અને વૈમાનિક સંબન્ધે આદિની ત્રણ લેશ્યામાં ન પૂછવું. એ પ્રમાણે જેમ કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોનો વિચાર કર્યો તેમ નીલલેશ્યાવાળા નૈરયિકોનો વિચાર કરવો. કાપોત લેશ્યાનો નૈરયિકોથી આરંભી વ્યન્તરો સુધી વિચાર કરવો, પરન્તુ કાપોતલેશ્યાવાળા નૈરયિકો વેદનામાં સામાન્ય નૈરયિકો કહ્યા તેમ કહેવા. હે ભગવન્! તેજોલેશ્યાવાળા અસુરકુમારો-ઇત્યાદિ અસુરકુમાર સંબન્ધે તેજ પૂર્વોક્ત પૃચ્છા કરવી. હે ગૌતમ! જેમ સામાન્ય અસુરકુમારો કહ્યા તેમજ જાણવા. પરન્તુ વેદનામાં જ્યોતિષિકની જેમ કહેવા. પૃથિવીકાય, અપ્કાય, વનસ્પતિકાય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો જેમ ઔધિક-સામાન્યરૂપે કહ્યા તેમ*

*લેશ્યાસહિત કહેવા. પરન્તુ મનુષ્યો ક્રિયાઓમાં જે સંયત છે તે પ્રમત્ત અને અપ્રમત્ત બે પ્રકારના છે. પણ સરાગ અને વીતરાગ એવા ભેદ થતા નથી. વ્યન્તરો તેજોલેશ્યામાં અસુરકુમારની જેમ કહેવા. એમ જ્યોતિષિક અને વૈમાનિક સંબન્ધે પણ જાણવું. બાકી બધું તેમજ કહેવું. એ પ્રમાણે પદ્મલેશ્યાવાળા પણ કહેવા. પરન્તુ પદ્મલેશ્યા જેઓને હોય તેઓને કહેવી. શુક્લલેશ્યાવાળા પણ તેમજ જાણવા, પરન્તુ શુક્લલેશ્યા જેઓને હોય તેઓને કહેવી. બાકી બધું જેમ ઔધિક-સામાન્ય આલાપક કહ્યો છે તેમજ કહેવો. પરન્તુ પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને વૈમાનિકને જ જાણવી, બાકીના ને ન જાણવી. ॥૧૧॥૪૮૫॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં સત્તરમા લેશ્યાપદનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.*

(ટી૦) હવે સલેશ્યપદરૂપ વિશેષણયુક્ત ચોવીશ દંડકનું આહારાદિ નવ પદવડે નિરૂપણ કરે છે—**'सलेस्सा णं भंते! नेरइया'** હે ભગવન્! લેશ્યાવાળા નૈરયિકો બધા સમાન આહારવાળા છે? ઇત્યાદિ. જેમ હમણાં ઔધિક-સામાન્ય, વિશેષણરહિત આલાપક પૂર્વે કહ્યો તેમ સલેશ્ય સંબન્ધી સમગ્ર આલાપક વૈમાનિકસૂત્ર પર્યન્ત કહેવો, કારણ કે સલેશ્યપદરૂપ વિશેષણ સિવાય બીજું વિશેષણ ક્યાંઇ પણ ઘટતું નથી. હવે ભિન્ન ભિન્ન કૃષ્ણાદિ લેશ્યાના વિશેષણયુક્ત છ દંડકોનું આહારાદિ પદો વડે નિરૂપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—**'कण्हलेस्सा णं भंते! नेरइया'**—હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો સમાન આહારવાળા હોય—ઇત્યાદિ. જેમ ઔધિક-વિશેષણરહિત સામાન્ય નૈરયિકો આહાર, શરીર, ઉચ્છ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા અને ઉપપાતરૂપ નવપદો વડે પૂર્વે કહ્યા છે તેમ કૃષ્ણલેશ્યાવાળા પણ કહેવા. પરન્તુ વેદના પદમાં નૈરયિકો આ પ્રમાણે કહેવા—**'माइमिच्छदिट्ठीउववन्नगा य अमाइसम्मदिट्ठीउववन्नगा य'** માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા. પરન્તુ ઔધિકસૂત્રમાં જેમ **'सन्नि भूया य'** 'સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત' એ પાઠ ન કહેવો. (પ્ર૦)—શા માટે ન કહેવો? (ઉ૦)—અહીં અસંજ્ઞી પ્રથમ નરક પૃથિવીમાં જ ઉત્પન્ન થાય છે, કારણ કે **'असन्नी खलु पढमं'**—અસંજ્ઞી પ્રથમ નરકપૃથિવી સુધી ઉત્પન્ન થાય છે—એવું શાસ્ત્રનું વચન છે, અને પ્રથમ પૃથિવીમાં કૃષ્ણલેશ્યા નથી, જે પાંચમી વગેરે નરકપૃથિવીમાં કૃષ્ણલેશ્યા છે ત્યાં અસંજ્ઞી ઉપજતા નથી. તેમાં માયી મિથ્યાદૃષ્ટિ મહાવેદનાવાળા છે, કારણ કે પ્રકૃષ્ટ-છેવટની અશુભ સ્થિતિ તેઓ બાંધે છે અને પ્રકૃષ્ટ અશુભ સ્થિતિમાં મોટી વેદના હોય છે, તેથી વિપરીત બીજી સ્થિતિમાં અલ્પ વેદના હોય છે. અસુરકુમારથી માંડી વ્યન્તર સુધીના બધા જીવો જેમ ઔધિક-સામાન્યરૂપે કહ્યા છે તેમ કહેવા, પરન્તુ મનુષ્યોને ક્રિયાઓમાં વિશેષતા છે, તે વિશેષતા બતાવે છે—**'तत्थ णं जे ते'** ઇત્યાદિ. સમ્યગ્દૃષ્ટિ વગેરેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તેઓ ત્રણ પ્રકારના છે-સંયત, અસંયત અને સંયતાસંયત ઇત્યાદિ **'जहा ओहियाणं'** ઇતિ-સામાન્યતઃ કહ્યું છે તેમ કૃષ્ણલેશ્યાવાળાને પણ કહેવું. જેમકે સંયતોને આરંભિકી અને માયાપ્રત્યયિકી એ બે ક્રિયાઓ હોય છે અને કૃષ્ણલેશ્યા પ્રમત્તસંયતોને હોય છે, પણ અપ્રમત્તસંયતોને હોતી નથી. તેથી તેઓને પૂર્વોક્ત બેજ ક્રિયાઓ હોય છે. સંયતાસંયતને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી એ ત્રણ ક્રિયાઓ હોય છે. અને અસંયતને આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાનક્રિયા એ ચાર ક્રિયાઓ હોય છે. જ્યોતિષિકો અને વૈમાનિકોને આદિની ત્રણ લેશ્યા સંબન્ધે ન પૂછવું. એટલે તે સંબન્ધે સૂત્ર ન કહેવું. કારણ કે પ્રથમની ત્રણ લેશ્યાઓ તેઓને હોતી નથી. જેમ કૃષ્ણલેશ્યા સંબન્ધે સૂત્ર કહ્યું તેમ નીલલેશ્યા સંબન્ધે પણ કહેવું. કારણ કે તેમાં વિશેષતા નથી. એજ બાબત સૂત્રકાર કહે છે—**'एवं जहा किण्हलेस्सा विचारिया तहा नीललेस्सा विचारेयव्वा'** જેમ કૃષ્ણલેશ્યાનો વિચાર કર્યો તેમ નીલલેશ્યાનો પણ કરવો. નીલલેશ્યા વિષે સૂત્રપાઠ એ પ્રમાણે જ છે. માત્ર કૃષ્ણલેશ્યાપદને સ્થાને નીલલેશ્યાપદનો ઉચ્ચાર કરવો. **'कापोतलेस्सा'** ઇત્યાદિ. કાપોતલેશ્યા સૂત્રથી નીલલેશ્યાના જેવી છે અને તે નૈરયિકોથી આરંભી વ્યન્તરો સુધી કહેવી. પરન્તુ કાપોતલેશ્યામાં નૈરયિકો જેમ વેદનાસૂત્રમાં ઔધિક-સામાન્યરૂપે કહ્યા તેમ કહેવા—**'नेरइया दुविहा पन्नत्ता-सन्निभूया य असन्निभूया य'** જેમકે નૈરયિકો બે પ્રકારના છે-સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત-એ પ્રમાણે કહેવા. કારણ કે અસંજ્ઞી પણ પ્રથમ નરકપૃથિવીમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં કાપોતલેશ્યા હોય છે.

તેજોલેશ્યા સંબન્ધી સૂત્ર કહે છે—'**तेउलेस्सा णं भंते! असुरकुमारा**' હે ભગવન્! તેજોલેશ્યાવાળા અસુરકુમારો' સમાનઆહારવાળા-વગેરે હોય છે? ઇત્યાદિ. અહીં નારકો, અગ્નિ, વાયુ અને વિકલેન્દ્રિયોને તેજોલેશ્યાનો સંભવ નથી, માટે પ્રથમથીજ અસુરકુમાર સંબન્ધી સૂત્ર કહ્યું. આ કારણથી અગ્નિ, વાયુ અને વિકલેન્દ્રિયસૂત્ર પણ ન કહેવું. અસુરકુમારો પણ પૂર્વે જેમ સામાન્યરૂપે કહ્યા છે તેમ કહેવા, પરન્તુ વેદનાપદમાં જેમ જ્યોતિષિકો કહ્યા છે તેમ કહેવા. અને સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત એમ ન કહેવા. પરન્તુ માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા હોય છે-એમ કહેવા, કારણ કે અસંજ્ઞી જીવો તેજોલેશ્યાવાળામાં ઉત્પન્ન થતા નથી. પૃથિવી, પાણી, વનસ્પતિ, તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યો જેમ પૂર્વે સામાન્યરૂપે કહ્યા છે તેમ કહેવા. પરન્તુ મનુષ્યો ક્રિયાઓમાં જે સંયત છે તેઓ પ્રમત્ત અને અપ્રમત્ત એમ બે પ્રકારના કહેવા, કારણ કે તે બન્નેને પણ તેજોલેશ્યાનો સંભવ છે. સરાગસંયત અને વીતરાગસંયત એ ભેદો ન કહેવા. કારણ કે વીતરાગને તેજોલેશ્યાનો અસંભવ હોવાથી વીતરાગપદનો ઉપન્યાસ અને તેજોલેશ્યા સરાગને અવશ્ય હોવાથી સરાગપદનો ઉપન્યાસ નિરર્થક છે. '**वाणमंतरा तेउलेस्साए जहा असुरकुमारा**' વ્યન્તરો તેજોલેશ્યામાં અસુરકુમારની પેઠે જાણવા. તેઓ પણ માયી મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે એમ કહેવું. પણ સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત ન કહેવા. કારણ કે તેજોલેશ્યાવાળામાં અસંજ્ઞીની ઉત્પત્તિ થતી નથી. '**एवं पम्हलेस्सावि भाणियव्वा**' એ પ્રમાણે પદ્મલેશ્યા પણ કહેવી. એટલે તેજોલેશ્યાના પ્રકરણમાં કહેલા પ્રકારવડે પદ્મલેશ્યા પણ કહેવી એ ભાવાર્થ છે. શું બધા જીવોને સામાન્યપણે કહેવી? નહિ. '**नवरं जेसिं अत्थि**' પરન્તુ આ વિશેષતા છે-જેઓને પદ્મલેશ્યા છે તેઓને જ કહેવી, બાકીના જીવોને ન કહેવી. તેમાં પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વૈમાનિકોને પદ્મલેશ્યા હોય છે, બાકીનાને હોતી નથી, માટે પદ્મલેશ્યા સૂત્ર તેઓ સંબંધે જ હોય છે. શુક્લલેશ્યા પણ જેમ પદ્મલેશ્યા કહી તેમજ કહેવી. અને તે પણ જેઓને હોય તેઓને કહેવી. જેમ ઔધિક-સામાન્ય પાઠ કહ્યો છે તેમ બધું સૂત્ર કહેવું. પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા જેઓને હોય તેઓનો સાક્ષાત્ નિર્દેશ કરે છે- '**नवरं पम्हसुक्कलेस्साओ**' ઇત્યાદિ. સુગમ છે. ॥૧૧॥૪૮૫॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્તરમા લેશ્યાપદનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.

- *અરિહંતની ક્યારેય જોડી હોતી નથી. એક ક્ષેત્રમાં, એક કાળમાં એક જ અરિહંત હોય છે. એમજ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, પ્રતિવાસુદેવ પણ એક એક જ હોય છે.*
- *અરિહંતનું શાસન એટલે જ અભયદાનની સરિતા, જલ જેમ જનતાને જીવાડે છે તેમ જિનશાસન પ્રત્યેક જીવાત્માને અભયદાન આપે છે.*
- *અરિહંતના શાસનના મેળવનારાઓનાં પુણ્ય કરતાં પણ એ શાસન મેળવીને એ શાસનને વફાદાર રહેનારાનું પુણ્ય ઘણું જ ઉચ્ચ કોટીનું હોય છે.*
- *અરિહંતના શાસનને વફાદાર રહેનારો કદાચ ભૌતિક સામગ્રીથી હિન હોઈ શકે છે. પણ એની અંતરંગ સામગ્રી રૂપ રત્નોની પેટીઓ તો એની પાસે ઘણી જ હોય છે તેથી જ એ ભાગ્યશાળી કહેવાય છે.*

- જયાનંદ

## ।। बीओ उद्देसो ।।

## ।। लेस्साभेयपरूवणं ।।

**कइ णं भंते! लेस्साओ पन्नत्ताओ? गोयमा! छल्लेस्साओ पन्नत्ताओ, तं जहा-कण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा, तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा ।।सू०-१२।।४८६।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે? હે ગૌતમ! છ લેશ્યાઓ કહી છે. તે આ પ્રમાણે-કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. ।।૧૨।।૪૮૬।।*

(ટી૦) છ દ્વાર વગેરે અર્થનું પ્રતિપાદન કરનાર પ્રથમ ઉદેશક કહ્યો, હવે બીજો ઉદેશક કહેવાય છે, તેનું આ પ્રથમ સૂત્ર છે--'હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે? આ સૂત્રનો પૂર્વના ઉદેશકની સાથે શો સંબન્ધ છે? તેનો આ ઉત્તર છે-પ્રથમ ઉદેશકમાં 'હે ભગવન્! લેશ્યાવાળા નૈરયિકો સમાનઆહારવાળા છે ઇત્યાદિ કહ્યું, અહીં તેજ લેશ્યાનો વિચાર કરાય છે-'કેટલી લેશ્યાઓ છે?' તેમાં લેશ્યાનો શબ્દાર્થ પૂર્વે કહ્યો છે. ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! છ લેશ્યાઓ છે, તે નામથી કહે છે-'કૃષ્ણલેશ્યા' ઇત્યાદિ. કૃષ્ણ દ્રવ્યરૂપ, અથવા કૃષ્ણદ્રવ્યથી ઉત્પન્ન થયેલી લેશ્યા તે કૃષ્ણલેશ્યા. એ પ્રમાણે 'નીલલેશ્યા' ઇત્યાદિ પદને વિષે પણ વિચાર કરવો. 'હે ભગવન્! નૈરયિકોને કેટલી લેશ્યાઓ હોય છે ઇત્યાદિ અલ્પબહુત્વની વક્તવ્યતાની પહેલાનું બધું સૂત્ર સુગમ છે, પરન્તુ વૈમાનિક સૂત્રમાં જે વૈમાનિકોને એક તેજોલેશ્યા કહી છે, તેમાં આ કારણ છે-વૈમાનિક દેવીઓ સૌધર્મ અને ઈશાનમાં જ છે. અને તેમાં કેવળ તેજોલેશ્યા છે. અહીં સામાન્યતઃ સંગ્રહણીની આ ગાથાઓ છે—

"किण्हा नीला काऊ तेउलेस्सा य भवणवंतरिया। जोइससोहम्मीसाण तेउलेस्सा मुणेयव्वा ।।१।।
कप्पे सणंकुमारे माहिंदे चेव बंभलोए य। एएसु पम्हलेस्सा तेण परं सुक्कलेस्सा उ ।।२।।
पुढवीआउवणस्सइबायरपत्तेय लेस्सा चत्तारि। गब्भयतिरिनरेसु छल्लेस्सा तिन्नि सेसाणं ।।३।।"

કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા ભવનપતિ અને વ્યન્તરને હોય છે. જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાનને તેજોલેશ્યા હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક એ કલ્પોમાં પદ્મલેશ્યા અને ત્યાર પછી શુક્લલેશ્યા હોય છે. બાદર પૃથિવીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયને ચાર લેશ્યાઓ, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને છ લેશ્યાઓ અને બાકીના જીવોને ત્રણ લેશ્યાઓ હોય છે. ।।૧૨।।૪૮૬।।

## ।। चउवीसदंडएसु लेस्सापरूवणं ।।

**नेरइयाणं भंते! कइ लेस्साओ पन्नत्ताओ? गोयमा! तिन्नि, तं जहा-किण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा। तिरिक्खजोणियाणं भंते! कइ लेस्साओ पन्नत्ताओ? गोयमा! छल्लेस्साओ पन्नत्ताओ, तं जहा-कण्हलेस्सा, जाव सुक्कलेस्सा। एगिंदियाणं भंते! कइ लेस्साओ पन्नत्ताओ? गोयमा चत्तारि लेस्साओ पन्नत्ताओ, तं जहा-कण्हलेस्सा, जाव तेउलेस्सा। पुढविकाइयाणं भंते! कइ लेस्साओ पन्नत्ताओ? गोयमा! एवं चेव। आउ-वणस्सइकाइयाण वि एवं चेव। तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं जहा नेरइयाणं। पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! छल्लेस्सा-कण्हलेस्सा जाव सुक्कलेस्सा। संमुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! जहा नेरइयाणं। गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! छल्लेस्सा-कण्हलेस्सा, जाव सुक्कलेस्सा। तिरिक्खजोणिणीणं पुच्छा। गोयमा! छल्लेस्सा एयाओ चेव। मणूसाणं पुच्छा। गोयमा! छल्लेस्सा एयाओ चेव; संमुच्छिममणुस्साणं पुच्छा। गोयमा! जहा नेरइयाणं। गब्भवक्कंतियमणुस्साणं पुच्छा। गोयमा! छल्लेस्साओ, तं जहा-कण्हलेस्सा, जाव सुक्कलेस्सा। मणुस्सीणं पुच्छा। गोयमा! एवं चेव। देवाणं पुच्छा। गोयमा! छ एयाओ**

**चेव। देवीणं पुच्छा। गोयमा! चत्तारि-कण्हलेस्सा, जाव तेउलेस्सा। भवणवासीणं भंते! देवाणं पुच्छा। गोयमा एवं चेव, एवं भवणवासिणीण वि। वाणमंतरदेवाणं पुच्छा। गोयमा! एवं चेव, एवं वाणमंतरीण वि। जोइसियाणं पुच्छा। गोयमा! एगा तेउलेस्सा, एवं जोइसिणीण वि। वेमाणियाणं पुच्छा। गोयमा! तिन्नि, तं जहा-तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा। वेमाणिणीणं पुच्छा। गोयमा! एगा तेउलेस्सा ।।सू०-१३।।४८७।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલી લેશ્યાઓ હોય છે? ગૌતમ! ત્રણ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. હે ભગવન્! તિર્યંચોને કેટલી લેશ્યાઓ છે? હે ગૌતમ! છ લેશ્યાઓ છે. તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્! એકેન્દ્રિયોને કેટલી લેશ્યાઓ હોય છે? હે ગૌતમ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, યાવત્ તેજોલેશ્યા. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલી લેશ્યાઓ હોય છે? હે ગૌતમ! એ પ્રમાણે જ જાણવું. અપ્કાયિક અને વનસ્પતિકાયિકોને પણ એમજ સમજવું. તેજસ્કાયિક, વાયુકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને નૈરયિકોની જેમ જાણવું. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને છ લેશ્યાઓ હોય છે, કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! નૈરયિકોની પેઠે જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! છ લેશ્યાઓ હોય છે. જેમ કે કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. તિર્યંચયોનિક સ્ત્રી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! એજ છ લેશ્યાઓ હોય છે. મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! એજ છ લેશ્યાઓ હોય છે. સંમૂર્છિમ મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! નૈરયિકોની પેઠે જાણવું. ગર્ભજ મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! છ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. મનુષ્ય સ્ત્રી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! એમજ જાણવું. દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! એજ છ લેશ્યાઓ હોય છે. દેવીઓ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે-કૃષ્ણલેશ્યા, યાવત્ તેજોલેશ્યા. ભવનવાસી દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! એમજ જાણવું. ભવનવાસિની દેવીઓને પણ એમજ સમજવું. વ્યન્તર દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! એમજ જાણવું. વ્યન્તરદેવી સંબન્ધે પણ એમજ સમજવું. જ્યોતિષિક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને એક તેજોલેશ્યા હોય છે. એ પ્રમાણે જ્યોતિષિક દેવીઓને પણ સમજવું. વૈમાનિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ત્રણ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે-તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, વૈમાનિક સ્ત્રી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને એક તેજોલેશ્યા હોય છે. ॥૧૩॥૪૮૭॥*

**एतेसि णं भंते! जीवाणं सलेस्साणं कण्हलेस्साणं जाव सुक्कलेस्साणं अलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा सुक्कलेस्सा, पम्हलेस्सा संखेज्जगुणा, तेउलेस्सा संखेज्जगुणा, अलेस्सा अणंतगुणा, काउलेस्सा अणंतगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, सलेस्सा विसेसाहिया ।।सू०-१४।।४८८।।**

*(મૂ૦) હે ભગવન્! લેશ્યાવાળા, કૃષ્ણલેશ્યાવાળા, યાવત્ શુક્લલેશ્યાવાળા અને લેશ્યારહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો શુક્લલેશ્યાવાળા હોય છે, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી લેશ્યારહિત અનન્તગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે અને તેથી લેશ્યાવાળા વિશેષાધિક છે. ॥૧૪॥૪૮૮॥*

(ટી૦) હવે સલેશ્યાદિ આઠ પદોનું અલ્પબહુત્વ કહે છે—'एएसि णं भंते! सलेस्साणं' હે ભગવન્! લેશ્યાવાળા ઇત્યાદિ. આ આઠ સ્થાનોમાં કયા જીવો કોનાથી અલ્પ, કયા જીવો કોનાથી ઘણા, કયા જીવો કોની તુલ્ય, અહીં પ્રાકૃત હોવાથી ત્રીજી

વિભક્તિમાં પણ 'कयरेहिंतो' એવો પાંચમી વિભક્તિનો નિર્દેશ છે, તેથી એવા પ્રકારની વ્યાખ્યામાં દોષ નથી. તથા કયા જીવો કોનાથી વિશેષાધિક છે? એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા છે, શુક્લરૂપ કે શુક્લદ્રવ્યથી ઉત્પન્ન થયેલી લેશ્યા જેઓને હોય છે તે શુક્લલેશ્યાવાળા જીવો કહેવાય છે. એ પ્રમાણે બાકીના સ્થાનોને વિષે પણ વિગ્રહનો વિચાર કરવો. કારણ કે કેટલાક પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્ય અને લાન્તકાદિ દેવોમાં શુક્લલેશ્યા હોય છે. તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે. કારણ કે સંખ્યાતગુણા તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકકલ્પવાસી દેવોમાં પદ્મલેશ્યા હોય છે. (પ્ર૦)—લાંતકાદિ દેવોથી સનત્કુમારાદિ ત્રણ કલ્પમાં રહેનારા દેવો અસંખ્યાતગુણા છે, તેથી શુક્લલેશ્યાવાળા કરતાં પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા થાય, તો સંખ્યાતગુણા કેમ કહ્યા? (ઉ૦)—અહીં જઘન્ય પદે પણ અસંખ્યાતા, સનત્કુમારાદિ ત્રણ કલ્પવાસી દેવોથી પણ અસંખ્યાતગુણા પંચેન્દ્રિય તિર્યંચોને શુક્લલેશ્યા હોય છે તેથી પદ્મલેશ્યાના વિચારમાં સનત્કુમારાદિ દેવોનો પ્રક્ષેપ કરીએ તો પણ અસઙ્ખ્યાતગુણા થતા નથી, પરન્તુ જે તિર્યંચ પંચેન્દ્રિયની અપેક્ષાએ સંખ્યાતગુણપણું છે તે જ રહે છે, એ માટે શુક્લલેશ્યાવાળા કરતાં પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે. તેથી પણ સંખ્યાતગુણા તેજોલેશ્યાવાળા છે. કારણ કે બાદર પૃથિવીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયને તથા સંખ્યાતગુણા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને તથા ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક અને સૌધર્મ ઈશાન દેવોને તેજોલેશ્યા હોય છે. સંખ્યાતગુણપણામાં પૂર્વની પેઠે અહીં પણ વિચાર કરવો. તેથી પણ લેશ્યારહિત અનન્તગુણા છે, કારણ કે લેશ્યારહિત સિદ્ધો પૂર્વ કરતાં અનન્તગુણા છે. તેથી પણ કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે, કારણ કે સિદ્ધો કરતાં અનન્તગુણા વનસ્પતિકાયિકો કાપોતલેશ્યાવાળા છે. તેથી પણ નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. કારણ કે ક્લિષ્ટ, ક્લિષ્ટતર અધ્યવસાયવાળા ઘણા જીવો હોય છે. કૃષ્ણલેશ્યાવાળા કરતાં પણ લેશ્યાવાળા વિશેષાધિક છે. કારણ કે તેમાં નીલલેશ્યાવાળા વગેરેનો પણ પ્રક્ષેપ થાય છે. એ પ્રમાણે સામાન્યથી અલ્પબહુત્વનો વિચાર કર્યો. ॥૧૪॥૪૮૮॥

## ।। सलेस्सेसु २४ दंडएसु अप्पाबहुयं ।।

**एएसि णं भंते! नेरइयाणं कण्हलेस्साणं नीललेस्साणं काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा नेरइया कण्हलेस्सा, नीललेस्सा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा। एतेसिं णं भंते! तिरिक्खजोणियाणं कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा सव्वत्थोवा तिरिक्खजोणिया सुक्कलेस्सा, एवं जहा ओहिया, नवरं अलेसवज्जा[1]। एएसिं एगिंदियाणं कण्हलेस्साणं नीललेस्साणं काउलेस्साणं तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा एगिंदिया तेउलेस्सा, काउलेस्सा अणंतगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया। एएसि णं भंते! पुढविकाइयाणं कण्हलेस्साणं जाव तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा४? गोयमा! जहा ओहिया एगिंदिया, नवरं काउलेस्सा असंखेज्जगुणा। एवं आउकाइयाण वि। एतेसि णं भंते! तेउकाइयाणं कण्हलेस्साणं नीललेस्साणं काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा तेउकाइया काउलेस्सा, नीललेस्सा, विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, एवं वाउकाइयाण वि। एतेसिं णं भंते! वणस्सइकाइयाणं कण्हलेस्साणं जाव ताउलेस्साण य जहा एगिंदियओहियाणं। बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं जहा तेउकाइयाणं ।।सू०-१५।।४८९।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા એ નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ,*

[1] १. अलेस-सलेस्सवज्जा विना इति पाठान्तर (म.वि.)

*તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા નૈરયિકો કૃષ્ણલેશ્યાવાળા છે, તેથી નીલલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા, એ તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા તિર્યંચો શુક્લલેશ્યાવાળા છે-ઇત્યાદિ જેમ ઔઘિક-સામાન્ય લેશ્યાવાળા જીવો સંબંધે કહ્યું છે તેમ કહેવું. પરંતુ લેશ્યા રહિતને વર્જવા. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા અને તેજોલેશ્યાવાળા એકેન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા એકેન્દ્રિયો તેજોલેશ્યાવાળા છે, તેથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે અને તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ ઔઘિક એકેન્દ્રિયો કહ્યા તેમ કહેવા. પરન્તુ કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા જાણવા. એ પ્રમાણે અપ્કાયિકોને પણ કહેવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા એ તેજસ્કાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા તેજસ્કાયિકો કાપોતલેશ્યાવાળા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. એ પ્રમાણે વાયુકાયિકોને પણ કહેવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ વનસ્પતિકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? જેમ સામાન્ય એકેન્દ્રિયો સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને તેજસ્કાયિકોની પેઠે કહેવું. ॥૧૫॥૪૮૯॥*

(ટી૦) હવે નૈરયિકોમાં લેશ્યા સંબન્ધે અલ્પબહુત્વનો વિચાર કરે છે—'**एएसि णं भंते! नेरइयाणं**' ઇત્યાદિ. નૈરયિકોને ત્રણ લેશ્યાઓ હોય છે. જેમકે કૃષ્ણ, નીલ, અને કાપોતલેશ્યા. કહ્યું છે કે—'કાપોતલેશ્યા પ્રથમની બે નરકપૃથિવીમાં, ત્રીજીમાં મિશ્ર-કાપોત અને નીલ એ બન્ને લેશ્યા, ચોથીમાં નીલલેશ્યા, પાંચમીમાં મિશ્ર-નીલ અને કૃષ્ણ બન્ને લેશ્યા, છઠ્ઠીમાં કૃષ્ણ અને તે પછી (સાતમીમાં) પરમ કૃષ્ણલેશ્યા હોય છે. તેથી અહીં ત્રણે પદોનો પરસ્પર અલ્પબહુત્વનો વિચાર કરવામાં આવ્યો છે. તેમાં સૌથી થોડા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો છે, કારણ કે કેટલાએક પાંચમી પૃથિવીના નરકાવાસોમાં તથા છઠ્ઠી અને સાતમી નરક પૃથિવીમાં કૃષ્ણલેશ્યા હોય છે. તેથી અસંખ્યાતગુણા નીલલેશ્યાવાળા છે, કારણ કે કેટલાએક ત્રીજી પૃથિવીના નરકાવાસોમાં, ચોથી સમગ્ર નરક પૃથિવીમાં તથા પાંચમી નરકપૃથિવીના કેટલાએક નરકાવાસોમાં પૂર્વોક્તથી અસંખ્યાતગુણા નૈરયિકોને નીલલેશ્યા હોય છે. તેથી અસંખ્યાતગુણા કાપોતલેશ્યાવાળા છે. કારણ કે પ્રથમ અને બીજી નરકપૃથિવીમાં તથા ત્રીજી નરકપૃથિવીના કેટલાએક નરકાવાસોમાં પૂર્વે કહેલાથી અસંખ્યાતગુણા નારકોને કાપોતલેશ્યા હોય છે. હવે તિર્યંચો સંબન્ધી અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते! तिरिक्खजोणियाणं**' ઇત્યાદિ. '**एवं जहा ओहिया**' એ પ્રમાણે-પૂર્વે બતાવેલા પ્રકાર વડે જેમ પૂર્વે ઔઘિક-સામાન્ય લેશ્યાવાળા જીવ કહ્યા છે તેમ અહીં કહેવા. પરંતુ લેશ્યારહિતને વર્જવા, કારણ કે તિર્યંચોમાં લેશ્યારહિતનો અસમ્ભવ છે. તે આ પ્રમાણે-સૌથી થોડા શુક્લલેશ્યાવાળા તિર્યંચો છે, કારણ કે તેઓ જઘન્યપદે પણ અસંખ્યાતા જાણવા. તેથી સંખ્યાતગુણા પદ્મલેશ્યાવાળા છે, તેથી પણ સંખ્યાતગુણા તેજોલેશ્યાવાળા છે, તેથી પણ અનન્તગુણા કાપોતલેશ્યાવાળા છે, તેથી પણ નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે અને તેથી પણ લેશ્યાસહિત વિશેષાધિક છે. હવે એકેન્દ્રિયોને વિષે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते! एगिंदियाणं**' ઇત્યાદિ. સૌથી થોડા તેજોલેશ્યાવાળા એકેન્દ્રિયો છે, કારણ કે કેટલાએક બાદર પૃથિવી, પાણી અને વનસ્પતિકાયિકોને અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યા હોય છે. તેથી કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે, કારણ કે અનન્ત સૂક્ષ્મ અને બાદર નિગોદના જીવોને કાપોતલેશ્યા હોય છે, તેથી પણ નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. અહીં ભાવના પૂર્વે કહી છે. હવે પૃથિવીકાયાદિ સંબન્ધે અલ્પબહુત્વ કહેવાનું છે-તેમાં પૃથિવી, પાણી અને વનસ્પતિકાયિકોને ચાર લેશ્યા હોય છે, અને અગ્નિ અને વાયુને ત્રણ લેશ્યાઓ હોય છે, તે પ્રકારે સૂત્ર કહે છે—'**एएसि णं भंते! पुढविकाइयाणं**' ઇત્યાદિ. 'હે ભગવન્ તેજોલેશ્યાવાળા'-

ઇત્યાદિ. સૂત્ર સુગમ છે. અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને વિષે પણ સુગમ છે. ॥૧૫॥૪૮૯॥

एएसि णं भंते! पंचेंदियतिरिक्खजोणियाणं कण्हलेस्साणं एवं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! जहा ओहियाणं तिरिक्खजोणियाणं, नवरं काउलेस्सा असंखेज्जगुणा। संमुच्छिमपंचेंदियतिरिक्ख-जोणियाणं जहा तेउकाइयाणं। गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं जहा ओहियाणं तिरिक्खजोणियाणं, नवरं काउलेस्सा संखेज्जगुणा, एवं तिरिक्खजोणिणीणा वि। एएसि णं भंते! संमुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया सुक्कलेस्सा, पम्हलेस्सा संखेज्जगुणा, तेउलेस्सा संखेज्जगुणा, काउलेस्सा संखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्सा संमुच्छिमपंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया। एएसि णं भंते! संमुच्छिमपंचेंदियतिरक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! जहेव पंचमं तहा इमं छट्ठं भाणियव्वं। एएसि णं भंते! गब्भवक्कंतियपंचेंदियतिरिक्ख-जोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया सुक्कलेस्सा, सुक्कलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, पम्हलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा, पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, तेउलेस्सा तिरिक्खजोणिया संखेज्जगुणा, तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, काउलेस्सा संखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ संखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ। एएसि णं भंते! संमुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाण० तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा गब्भवक्कंतिया तिरिक्खजोणिया सुक्कलेस्सा, सुक्कलेस्साओ तिरि० संखेज्जगुणाओ, पम्हलेस्सा गब्भवक्कंतिया तिरिक्खजोणिया संखेज्जगुणा, पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, तेउलेस्सा गब्भवक्कंतिया तिरिक्खजोणिया संखेज्जगुणा, तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ, काउलेस्सा तिरिक्खजोणिया संखेज्जगुणा, नीललेस्सा० विसेसाहिया, कण्हलेस्सा० विसेसाहिया, काउलेस्साओ० संखेज्जगुणाओ, नीललेस्साओ० विसेसाहिया, कण्हलेस्साओ० विसेसाहियाओ, काउलेस्सा संमुच्छिमपंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा, नीललेस्सा० विसेसाहिया, कण्हलेस्सा० विसेसाहिया। एएसि णं भंते! पंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साणं कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया सुक्कलेस्सा, सुक्कलेस्साओ० संखिज्जगुणाओ, पम्हलेस्सा० संखिज्जगुणा, पम्हलेस्साओ० संखेज्जगुणाओ, तेउलेस्सा० संखेज्जगुणा, तेउलेस्साओ० संखिज्जगुणाओ, काउलेस्साओ संखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहिआओ, कण्हलेस्साओ विसेसाहियाओ, काउलेस्सा० असंखेज्जगुणा, नीललेस्सा० विसेसाहिया, कण्हलेस्सा० विसेसाहिया०। एएसि णं भंते! तिरिक्खजोणियाणं, तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! जहेव नवमं अप्पाबहुगं तहा इमंपि, नवरं काउलेस्सा तिरिक्खजोणिया अणंतगुणा। एवं एते दस

**अप्पाबहुगा तिरिक्खजोणियाणं, एवं मणूसाणं पि अप्पाबहुगा भाणियव्वा। णवरं पच्छिमगं अप्पाबहुगं णत्थि ।।सू०-१६।।४९०।।**

(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ સામાન્ય તિર્યંચોને કહ્યું છે તેમ કહેવું. પરંતુ કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોને તેજસ્કાયિકોની પેઠે જાણવું. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને ઔઘિક-સામાન્ય તિર્યંચોની જેમ કહેવું. પરંતુ કાપોતલેશ્યાવાળા સંખ્યાતગુણા કહેવા. તિર્યંચ સ્ત્રી સંબન્ધે પણ એમજ કહેવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો છે, તેથી પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ પાંચમું અલ્પબહુત્વ કહ્યું તેમ આ છટ્ઠું અલ્પબહુત્વ કહેવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવદ્ શુક્લલેશ્યાવાળા એ ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચસ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો છે, તેથી શુક્લલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોત-લેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યંચો, ગર્ભજ પંચેંદ્રિયતિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો છે, તેથી શુક્લલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચ સ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા ગર્ભજતિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયતિર્યંચો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિયતિર્યંચો અને તિર્યંચસ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા તિર્યંચપંચેન્દ્રિયો છે, તેથી શુક્લલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી પદ્મલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી પદ્મલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી તિર્યંચસ્ત્રીઓ વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળા પંચેન્દ્રિય

*તિર્યંચો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ તિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! જેમ નવમું અલ્પબહુત્વ કહ્યું તેમ આ પણ કહેવું. પરંતુ કાપોતલેશ્યાવાળા તિર્યંચો અનન્તગુણા કહેવા. એ પ્રમાણે તિર્યંચોના એ દસ અલ્પબહુત્વ કહ્યા છે. એ પ્રમાણે મનુષ્યોને પણ અલ્પબહુત્વ કહેવું. પરંતુ તેઓને છેલ્લું અલ્પબહુત્વ નથી. ॥૧૬॥૪૯૦॥*

(ટી૦) પંચેન્દ્રિય તિર્યંચના સૂત્રમાં કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા જાણવા, પણ અનન્તગુણા ન સમજવા, કારણ કે પંચેન્દ્રિય તિર્યંચો બધા મળીને પણ અસંખ્યાતા છે. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોને જેમ તેજસ્કાયિકોને કહ્યું તેમ કહેવું. કારણ કે તેજસ્કાયિકોની પેઠે તેઓને પણ પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચના સૂત્રમાં તેજોલેશ્યાવાળા કરતાં કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા કહેવા. કારણ કે કેવળજ્ઞાનીએ તેટલાજ જાણેલા છે. બાકી બધું ઔઘિક સૂત્રની પેઠે કહેવું. એ પ્રમાણે તિર્યંચ-સ્ત્રી સંબન્ધે પણ સૂત્ર કહેવું જોઇએ, તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं तिरिक्खजोणीण वि**'-એ પ્રમાણે તિર્યંચ સ્ત્રી સંબન્ધે પણ કહેવું.

હવે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ સ્ત્રી સંબન્ધે સૂત્ર કહે છે—'**एएसि णं भंते!**' ઇત્યાદિ. આ સૂત્ર સુગમ છે, અને તેનો પૂર્વની પેઠે વિચાર કરવો. આ પંચેન્દ્રિય તિર્યંચના અધિકારમાં છટ્ઠું સૂત્ર છે અને તેની પૂર્વે હમણાં કહ્યું તે પાંચમું સૂત્ર છે માટે કહ્યું છે કે—'**जहेव पञ्चमं तहा इमं छट्ठं भाणियव्वं**' જેમ પાંચમું સૂત્ર કહ્યું તેમ છટ્ઠું સૂત્ર પણ કહેવું. ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને તિર્યંચ સ્ત્રી વિષે સાતમું સૂત્ર કહે છે—'**एएसि णं भंते**' ઇત્યાદિ. આ સૂત્ર સુગમ છે, પરંતુ સર્વ લેશ્યાઓમાં સ્ત્રીઓ ઘણી છે. અને તે સર્વ સંખ્યા વડે પણ તિર્યંચ પુરુષો કરતાં તિર્યંચ સ્ત્રીઓ ત્રણગુણી છે. કારણ કે "**तिगुणा तिरूवअहिया तिरियाण इत्थिया मुणेयव्वा**" 'ત્રણગુણી અને ત્રણ અધિક તિર્યંચોની સ્ત્રીઓ જાણવી'—એવું શાસ્ત્રવચન છે. તે માટે સંખ્યાતગુણી કહેલી છે, ગર્ભજ નપુંસકો થોડા છે એટલે પૂર્વોક્ત અલ્પબહુત્વને વ્યાપ્ત કરતા નથી. હવે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને તિર્યંચ સ્ત્રી સંબન્ધે આઠમું, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચો અને તિર્યંચ સ્ત્રી વિષે નવમું અને સામાન્ય તિર્યંચો અને તિર્યંચ સ્ત્રી વિષે દશમું અલ્પબહુત્વ કહે છે. '**एएसि णं भंते**' ઇત્યાદિ. સૂત્રનો વિચાર પૂર્વે કહ્યા પ્રમાણે કરવો. તિર્યંચ સંબન્ધે સૂત્રની સઙ્કલના કહે છે—'**एवमेए दस अप्पाबहुगा तिरिक्खजोणियाणं**' ઇતિ. એ પ્રમાણે તિર્યંચોના દસ અલ્પબહુત્વો તિર્યંચો સંબન્ધે છે. પરંતુ અહીં પૂર્વાચાર્યોએ બતાવેલી આ બે સંગ્રહણી ગાથાઓ છે—

"**ओहिय पणिंदि १ संमुच्छिमा २ य गब्भे ३ तिरिक्खइत्थीओ ४ ।**
**समुच्छगब्भतिरिया ५ मुच्छतिरिक्खी य ६ गब्भंमि ७ ॥१॥**
**संमुच्छिमगब्भ इत्थी ८ पणिंदितिरिगित्थीयाओ ९ ओहित्थी १० ।**
**दस अप्पबहुगभेआ तिरियाणं होंति नायव्वा" ॥२॥**

૧ ઔઘિક સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિય, ૨ સંમૂર્છિમ તિર્યંચ પંચેન્દ્રિય, ૩ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, ૪ તિર્યંચ સ્ત્રીઓ, ૫ સંમૂર્ચ્છિમ અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય, ૬ સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અને તિર્યંચ સ્ત્રી, ૭ ગર્ભજ તિર્યંચ અને તિર્યંચ સ્ત્રી, ૮ સંમૂર્ચ્છિમ, ગર્ભજ તિર્યંચ અને તિર્યંચ સ્ત્રી, ૯ પંચેન્દ્રિય તિર્યંચ અને સ્ત્રી, ૧૦ ઓઘ-સામાન્ય તિર્યંચો અને તિર્યંચ સ્ત્રી-એ તિર્યંચોના દસ અલ્પબહુત્વ જાણવાં. જેમ તિર્યંચોના અલ્પબહુત્વ કહ્યાં તેમ મનુષ્યોને પણ કહેવાં પરન્તુ છેલ્લું દસમું અલ્પબહુત્વ નથી, કારણ કે મનુષ્યો અનન્ત નથી અને અનન્તા નહિ હોવાથી કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે એ પદનો અસંભવ છે.

**एएसि णं भंते! देवाणं कण्हलेस्साणं जाव सुक्कलेस्साणं य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा**

**विसेसाहिया, तेउलेस्सा संखेज्जगुणा। एएसि णं भंते! देवीणं कण्हलेस्साणं जाव तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवाओ देवीओ काउलेस्साओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ तेउलेस्साओ संखेज्जगुणाओ एवं। एएसि णं भंते! देवाणं देवीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ देवीओ संखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्सा देवा संखेज्जगुणा, तेउलेस्साओ देवीओ संखेज्जगुणाओ ।।सू०-१७।।४९१।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા દેવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા દેવો છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળી યાવત્ તેજોલેશ્યાવાળી દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડી કાપોતલેશ્યાવાળી દેવીઓ છે, તેથી નીલલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી તેજોલેશ્યાવાળી સંખ્યાતગુણી છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી નીલ અને કૃષ્ણલેશ્યાવાળા અનુક્રમે વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી તેજોલેશ્યાવાળા દેવો સંખ્યાતગુણા છે, અને તેથી તેજોલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે. ॥૧૭॥૪૯૧॥*

(ટી૦) હવે દેવ સંબન્ધે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते! देवाणं**' ઇત્યાદિ. સૌથી થોડા શુક્લલેશ્યાવાળા દેવો છે, કારણ કે લાન્તકાદિ દેવલોકમાં જ શુક્લલેશ્યાવાળા દેવો હોય છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પમાં પદ્મલેશ્યા હોય છે અને તેઓ લાન્તકાદિ દેવો કરતાં અસંખ્યાતગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે સનત્કુમારાદિ દેવો કરતાં અસંખ્યાતગુણા ભવનપતિ અને વ્યન્તર દેવોમાં કાપોતલેશ્યાનો સમ્ભવ છે. તેથી પણ નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, કારણ કે ઘણા ભવનપતિ અને વ્યન્તરને નીલલેશ્યાનો સમ્ભવ છે, તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, કારણ કે અતિ ઘણા ભવનપતિ અને વ્યન્તરોને કૃષ્ણલેશ્યા હોય છે. તેથી પણ તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે, કારણ કે કેટલાક ભવનપતિ અને વ્યન્તરને તથા સર્વ જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવોને તેજોલેશ્યા હોય છે.

હવે દેવી સંબન્ધે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते! देवीणं**' ઇત્યાદિ. દેવીઓ સૌધર્મ અને ઈશાન દેવલોક સુધી જ હોય છે. આગળના દેવલોકમાં નથી માટે તેઓને ચાર જ લેશ્યાઓ હોય છે. તેથી તે સંબન્ધે જ અલ્પબહુત્વ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકારે '**जाव तेउलेस्साण य**' યાવત્ 'તેજોલેશ્યાવાળી' એમ પાઠ પણ કહ્યો છે. સૌથી થોડી દેવીઓ કાપોતલેશ્યાવાળી છે, કારણ કે કેટલીક ભવનપતિની અને વ્યન્તરની દેવીઓને કાપોતલેશ્યા હોય છે. તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, કારણ કે ઘણી ભવનપતિની અને વ્યન્તરની દેવીઓને નીલલેશ્યાનો સમ્ભવ છે. તેથી પણ કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે, કારણ કે તે ઘણી દેવીઓને કૃષ્ણલેશ્યા હોય છે. તેથી તેજોલેશ્યાવાળી સંખ્યાતગુણી છે, કારણ કે જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવલોકની બધી દેવીઓને તેજોલેશ્યા હોય છે.

હવે દેવ અને દેવીના અલ્પબહુત્વ સંબન્ધે સૂત્ર કહે છે—'एएसि णं' ઇત્યાદિ. સૌથી થોડા શુક્લલેશ્યાવાળા દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી પણ કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, એટલાનો પૂર્વે વિચાર કર્યો છે. તેથી પણ કાપોતલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે, અને તે ભવનપતિ અને વ્યન્તરનિકાયની અન્તર્ગત જાણવી. કારણ કે બીજે દેવીઓને કાપોતલેશ્યાનો અસમ્ભવ છે. દેવીઓ દેવો કરતાં દરેક નિકાયમાં સામાન્ય રીતે બત્રીશગુણી છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા દેવોથી કાપોતલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી પણ ઘટે છે. તેથી નીલલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. અહીં પણ પૂર્વની પેઠે વિચાર કરવો. તેથી પણ તેજોલેશ્યાવાળા દેવો સંખ્યાતગુણા છે, કારણ કે કેટલાક ભવનપતિ, વ્યન્તરો અને બધા સૌધર્મ અને ઈશાન દેવોને તેજોલેશ્યા હોય છે. તેથી પણ તેજોલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે, કારણ કે દેવો કરતાં દેવીઓ બત્રીશગુણી છે. ॥૧૭॥૪૯૧॥

**एएसि णं भंते! भवणवासीणं देवाणं कण्हलेस्साणं जाव तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा भवणवासी देवा तेउलेस्सा, काउलेस्सा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया। एतेसि णं भंते! भवणवासिणीणं देवीणं कण्हलेस्साणं जाव तेउलेस्साण य कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! एवं चेव। एएसि णं भंते! भवणवासीणं देवाणं देवीण य कण्हलेस्साणं जाव तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा भवणवासी देवा तेउलेस्सा, भवणवासिणीओ तेउलेस्साओ संखेज्जगुणाओ, काउलेस्सा भवणवासीदेवा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्सा भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, एवं वाणमंतराणं, तिन्नेव अप्पाबहुया जहेव भवणवासीणं तहेव भाणियव्वा ।।सू०-१८।।४९२।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ ભવનવાસી દેવોમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો છે, તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળી યાવત્ તેજોલેશ્યાવાળી એ ભવનપતિની દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! એમજ જાણવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા એ ભવનવાસી દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો છે, તેથી તેજોલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે અને તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. એ પ્રમાણે વ્યંતર દેવોને જેમ ભવનવાસીને ત્રણ અલ્પ બહુત્વો કહ્યાં તેમ કહેવાં. ॥૧૮॥૪૯૨॥*

(ટી૦) હવે ભવનવાસી દેવો સંબંધે અલ્પબહુત્વ કહે છે—'एएसि णं भंते' ઇત્યાદિ. સૌથી થોડા તેજોલેશ્યાવાળા છે, કારણ કે મહર્દ્ધિક (મોટી ઋદ્ધિવાળા) દેવો તેજોલેશ્યાવાળા હોય છે અને મહર્દ્ધિક તો થોડા હોય છે માટે સૌથી થોડા છે. તેથી અસંખ્યાતગુણા કાપોતલેશ્યાવાળા છે. કારણ કે અતિશય ઘણા ભવનવાસી દેવોને કાપોતલેશ્યાનો સંભવ છે. તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, કારણ કે તેથી ઘણા ભવનવાસી દેવોને નીલલેશ્યાનો સંભવ છે. તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. કારણ કે તેથી પણ ઘણા ભવનવાસી દેવોને કૃષ્ણલેશ્યા હોય છે. એ પ્રમાણે ભવનપતિદેવી સંબન્ધે પણ સૂત્ર જાણવું.

હવે ભવનપતિ દેવ અને દેવી વિષે અલ્પબહુત્વ કહે છે—'एएसि णं' ઇત્યાદિ. સૌથી થોડા તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો છે. અહીં યુક્તિ પૂર્વે કહી છે. તેથી તેજોલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે. કારણ કે સામાન્ય રીતે દેવો

કરતાં દેવીઓ દરેક નિકાયમાં બત્રીશગુણી છે, તેથી સંખ્યાતગુણી ઘટે છે. તેથી કાપોતલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. અહીં પૂર્વે કહેલી યુક્તિનું અનુસરણ કરવું. તેથી કાપોતલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે. ભાવના પૂર્વે કહેલી ભાવનાને અનુસારે કહેવી–એટલે તેનું કારણ પૂર્વે કહ્યા પ્રમાણે સમજવું. તેથી નીલલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે. એ પ્રમાણે વ્યન્તર સંબન્ધે પણ ત્રણે સૂત્રનો વિચાર કરવો. ॥૧૮॥૪૯૨॥

**एतेसि णं भंते! जोइसियाणं देवाणं देवीण य तेउलेस्साणं कयरे कयरेहिंतो? अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा जोइसिया देवा तेउलेस्सा, जोइसिणीओ देवीओ तेउलेस्साओ संखेज्जगुणाओ ।।सू०-१९।।४९३।।**

*(મૂ૦) હે ભગવન્! તેજોલેશ્યાવાળા એ જ્યોતિષિક દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા તેજોલેશ્યાવાળા જ્યોતિષિક દેવો છે, તેથી તેજોલેશ્યાવાળી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે. ॥૧૯॥૪૯૩॥*

(ટી૦) જ્યોતિષિક દેવો સંબંધે એક જ સૂત્ર છે, કારણ કે તે નિકાયમાં તેજોલેશ્યા સિવાય બીજી લેશ્યાનો અસંભવ હોવાથી દેવ અને દેવી સંબંધે બે જુદા સૂત્રો નથી. ॥૧૯॥૪૯૩॥

**एएसि णं भंते! वेमाणियाणं देवाणं तेउलेस्साणं पम्हलेस्साणं सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा४? गोयमा! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा। एतेसि णं भंते! वेमाणियाणं देवाणं देवीण य तेउलेस्साणं पम्हलेस्साणं सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा४? गोयमा! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा, तेउलेस्साओ वेमाणिणीओ देवीओ संखेज्जगुणाओ ।।सू०-२०।।४९४।।**

*(મૂ૦) હે ભગવન્! તેજોલેશ્યાવાળા પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા એ વૈમાનિક દેવોમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. હે ભગવન્! તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળા એ વૈમાનિક દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે અને તેથી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે. ॥૨૦॥૪૯૪॥*

(ટી૦) વૈમાનિક દેવ સંબન્ધે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते! वेमाणियाणं**' ઇત્યાદિ. સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે. કારણ કે લાન્તકાદિ દેવોને જ શુક્લલેશ્યાનો સંભવ છે. અને તેઓ ઉત્કૃષ્ટથી પણ શ્રેણિના અસંખ્યાતમા ભાગના પ્રદેશ રાશિપ્રમાણ છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પવાસી સર્વ દેવોને પદ્મલેશ્યાનો સંભવ છે. અને તેઓ શ્રેણિના અત્યંત મોટા અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ છે. લાન્તકદેવના પરિમાણનું કારણ શ્રેણિના અસંખ્યાતમા ભાગની અપેક્ષાએ તેઓના પરિમાણનો હેતુ શ્રેણિનો અસંખ્યાતમો ભાગ અસંખ્યાતગુણ છે. તેથી પણ તેજોલેશ્યાવાળા દેવો અસંખ્યાતગુણા છે. તેજોલેશ્યા સૌધર્મ અને ઈશાનદેવોને હોય છે. અંગુલપ્રમાણ ક્ષેત્રના પ્રદેશરાશિના બીજા વર્ગમૂલને ત્રીજા વર્ગમૂલવડે ગુણવાથી જેટલા પ્રદેશો થાય તેટલી ઘનીકૃત લોકની એક પ્રદેશવાળી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા ઈશાનકલ્પમાં દેવદેવીઓનો સમુદાય છે, તેથી કંઇક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા ઈશાન દેવો છે. તેથી પણ સંખ્યાતગુણા સૌધર્મ કલ્પના દેવો છે. તેથી પદ્મલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. દેવીઓ સૌધર્મ અને ઈશાનકલ્પમાં જ છે અને ત્યાં કેવળ તેજોલેશ્યા છે. તેથી બીજી લેશ્યાનો સંભવ નહિ હોવાથી તે સંબંધે જુદું સૂત્ર કહ્યું નથી. હવે વૈમાનિક દેવ અને દેવીઓનું અલ્પબહુત્વ કહે છે—'**एएसिणं भंते! वेमाणियाणं**

देवाणं देवीण य' ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરન્તુ 'તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે.' કારણ કે દેવો કરતાં દેવીઓ બત્રીશગુણી છે. ॥૨૦॥૪૯૪॥

**एएसि णं भंते! भवणवासीदेवाणं वाणमंतराणं जोइसियाणं वेमाणियाण य देवाण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा भवणवासीदेवा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, तेउलेस्सा वाणमंतरा देवा असंखेज्जगुणा, काउलेस्सा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, तेउलेस्सा जोइसिया देवा संखेज्जगुणा। एएसि णं भंते! भवणवासिणीणं वाणमंतरीणं जोइसिणीणं वेमाणिणीण य कण्हलेस्साणं जाव तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवाओ देवीओ वेमाणिणीओ तेउलेस्साओ, भवणवासिणीओ तेउलेस्साओ असंखेज्जगुणाओ, काउलेस्साओ असंखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्साओ वाणमंतरीओ देवीओ असंखेज्जगुणाओ, काउलेस्साओ असंखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्साओ जोइसिणीओ देवीओ संखेज्जगुणाओ ॥सू०-२१॥४९५॥**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ ભવનવાસીદેવો, વ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક દેવોમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિકદેવો છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા વ્યંતરદેવો અસંખ્યાતગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા છે. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળી યાવત્ તેજોલેશ્યાવાળી ભવનવાસિની દેવી, વ્યંતર દેવી, જ્યોતિષિક દેવી અને વૈમાનિક દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ છે. તેથી તેજોલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ અસંખ્યાતગુણી છે. તેથી કાપોતલેશ્યાવાળી અસંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળી વ્યન્તરી દેવીઓ અસંખ્યાતગુણી છે. તેથી કાપોતલેશ્યાવાળી અસંખ્યાતગુણી છે. તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે અને તેથી તેજોલેશ્યાવાળી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે. ॥૨૧॥૪૯૫॥*

(ટી૦) ભવનપતિ, વ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિક દેવોના અલ્પબહુત્વ સંબન્ધે સૂત્ર કહે છે—'**एएसिणं भंते! भवणवासिणं**' ઇત્યાદિ. તેમાં સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે. તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે. તેનો વિચાર હમણાં જ કરેલો છે. તેથી તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. શી રીતે છે? અંગુલપ્રમાણ ક્ષેત્રના પ્રદેશોના પ્રથમ વર્ગમૂલને ત્રીજા વર્ગમૂલવડે ગુણતાં જેટલા પ્રદેશો આવે તેટલી ઘનીકૃત લોકની એક પ્રદેશવાળી શ્રેણિઓમાં જેટલા આકાશપ્રદેશો હોય તેટલા ભવનપતિ દેવદેવીનો સમુદાય છે. તેથી કંઇક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા ભવનપતિ દેવો છે. અને તેથી એઓ ઘણા હોવાથી સૌધર્મ ઈશાન દેવો કરતાં તેજોલેશ્યાવાળા ભવનપતિ દેવો અસંખ્યાતગુણા છે. તેથી કાપોતલેશ્યાવાળા ભવનપતિ દેવો જ અસંખ્યાતગુણા છે, કારણ કે અલ્પઋદ્ધિવાળા પણ ઘણાને કાપોત લેશ્યાનો સમ્ભવ છે. તેથી ભવનવાસી જ નીલલેશ્યાવાળા વિશેષાધિક છે. અહીં યુક્તિ પૂર્વે કહી છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા

વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા વ્યન્તરો અસંખ્યાતગુણા છે. કેવી રીતે છે? અહીં એક પ્રતરમાં સંખ્યાતા કોટાકોટી યોજનપ્રમાણ સૂચીરૂપ ખણ્ડો જેટલા હોય તેટલા વ્યન્તર દેવદેવીઓનો સમુદાય છે. તેથી કંઇક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા વ્યન્તરદેવો છે. તેથી તેઓ ભવનપતિ કરતાં ઘણા હોય છે. માટે કૃષ્ણલેશ્યાવાળા ભવનપતિ કરતાં તેજોલેશ્યાવાળા વ્યન્તરો અસંખ્યાતગુણા ઘટે છે. તેથી પણ કાપોતલેશ્યાવાળા વ્યન્તરો અસંખ્યાતગુણા છે. કારણ કે અલ્પ ઋદ્ધિવાળાને પણ કાપોતલેશ્યા હોય છે. તેથી નીલલેશ્યાવાળા વ્યન્તરો વિશેષાધિક છે. તેથી પણ કૃષ્ણલેશ્યાવાળા વ્યન્તરો વિશેષાધિક છે. અહીં પણ પૂર્વે કહેલી યુક્તિનું અનુસરણ કરવું. તેથી તેજોલેશ્યાવાળા જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા છે, કારણ કે એક પ્રતરમાં બસો છપ્પન અંગુલ પ્રમાણ સૂચીરૂપ ખણ્ડો જેટલા હોય તેટલા જ્યોતિષિક દેવદેવીઓનો સમુદાય છે, તેથી કંઇક ન્યૂન બત્રીશમા ભાગ જેટલા જ્યોતિષિક દેવો છે. તેથી કૃષ્ણલેશ્યાવાળા વ્યન્તરોથી જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા જ ઘટી શકે છે, પણ અસંખ્યાતગુણા ઘટતા નથી. કારણ કે સૂચિરૂપ ખંડનું પ્રમાણ સંખ્યાતા કોટોકોટી યોજનની અપેક્ષાએ બસો છપ્પન અંગુલ સંખ્યાતમા ભાગે છે. હવે ભવનવાસિની આદિ દેવી સંબન્ધે અને ત્યારપછી ભવનપતિ વગેરે દેવો અને દેવીઓ સંબન્ધે અલ્પ-બહુત્વ કહે છે—આ બન્ને સૂત્રો પૂર્વોક્ત ભાવનાને અનુસારે વિચારવાં. ॥૨૧॥૪૯૫॥

**एएसि णं भंते! भवणवासीणं जाव वेमाणियाणं देवाण य देवीण य कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा, पम्हलेस्सा असंखेज्जगुणा, तेउलेस्सा असंखेज्जगुणा, तेउलेस्साओ वेमाणियदेवीओ असंखेज्जगुणाओ [संखेज्जगुणाओ], तेउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा, तेउलेस्साओ भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ, काउलेस्सा भवणवासी असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ भवणवासिणीओ संखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्सा वाणमंतरा संखेज्जगुणा[असंखेज्जगुणाओ], तेउलेस्साओ वाणमंतरीओ संखेज्जगुणाओ, काउलेस्सा वाणमंतरा असंखेज्जगुणा, नीललेस्सा विसेसाहिया, कण्हलेस्सा विसेसाहिया, काउलेस्साओ वाणमंतरीओ संखेज्जगुणाओ, नीललेस्साओ विसेसाहियाओ, कण्हलेस्साओ विसेसाहियाओ, तेउलेस्सा जोइसिया संखेज्जगुणा, तेउलेस्साओ जोइसिणीओ संखिज्जगुणाओ ।।सू०-२२।।४९६।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એ ભવનવાસી દેવો યાવત્ વૈમાનિક દેવો અને દેવીઓમાં કોણ કોનાથી અલ્પ૦ ૪ છે? હે ગૌતમ! સૌથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, તેથી પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા વ્યંતરદેવો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી વ્યંતરી દેવીઓ સંખ્યાતગુણી છે, તેથી કાપોતલેશ્યાવાળા વ્યંતર દેવો અસંખ્યાતગુણા છે, તેથી નીલલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે, તેથી કાપોતલેશ્યાવાળી વ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે. તેથી નીલલેશ્યાવાળી વિશેષાધિક છે, તેથી કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે. તેથી તેજોલેશ્યાવાળા જ્યોતિષિક દેવો સંખ્યાતગુણા છે, તેથી તેજોલેશ્યાવાળી જ્યોતિષિક દેવીઓ સંખ્યાતગુણી છે. ॥૨૨॥૪૯૬॥*

## ।। सलेस्सेसु जीवेसु इड्ढिअप्पाबहुयं ।।

एएसि णं भंते! जीवाणं कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पड्ढिया वा महड्ढिया वा? गोयमा! कण्हलेस्सेहिंतो नीललेस्सा महड्ढिया, नीललेस्सेहिंतो काउलेस्सा महड्ढिया, एवं काउलेस्सेहिंतो तेउलेस्सा महड्ढिया, तेउलेस्सेहिंतो पम्हलेस्सा महड्ढिया, पम्हलेस्सेहिंतो सुक्कलेस्सा महड्ढिया, सव्वप्पड्ढिया जीवा कण्हलेस्सा, सव्वमहड्ढिया सुक्कलेस्सा ।।सू०-२३।।४९७।।

*(મૂ૦) હે ભગવન્! એ કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળામાં કોણ કોનાથી અલ્પઋદ્ધિવાળા છે કે મોટી ઋદ્ધિવાળા છે? હે ગૌતમ! કૃષ્ણલેશ્યાવાળા કરતાં નીલલેશ્યાવાળા મોટી ઋદ્ધિવાળા છે, નીલલેશ્યાવાળા કરતાં કાપોતલેશ્યાવાળા મોટી ઋદ્ધિવાળા છે, એમ કાપોતલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળાથી પદ્મલેશ્યાવાળા અને પદ્મલેશ્યાવાળાથી શુક્લલેશ્યાવાળા મહર્દ્ધિક છે. સૌથી અલ્પ ઋદ્ધિવાળા કૃષ્ણલેશ્યાવાળા જીવો છે અને સૌથી મહર્દ્ધિક શુક્લલેશ્યાવાળા છે. ॥૨૩॥૪૯૭॥*

(ટી૦) હવે લેશ્યાવાળા જીવોનું અલ્પર્દ્ધિકપણું અને મહર્દ્ધિકપણું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે– 'एएसि णं भंते! जीवाणं कण्हलेस्साणं' ઇત્યાદિ સુગમ છે. પરંતુ લેશ્યાના ક્રમથી ઉત્તરોત્તર મહર્દ્ધિકપણું અને પૂર્વ પૂર્વનું અલ્પર્દ્ધિકપણું જાણવું. એ પ્રમાણે નારક, તિર્યંચ, મનુષ્ય અને વૈમાનિક સંબન્ધી પણ સૂત્રોનો વિચાર કરવો. જેઓને જેટલી લેશ્યાઓ હોય તેઓને તેટલી લેશ્યાઓનો વિચાર કરી કહેવું. ॥૨૩॥૪૯૭॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્તરમા લેશ્યાપદનો બીજો ઉદ્દેશક સમાપ્ત.

## ।। सलेस्सेसु २४ दंडएसु इड्ढिअप्पाबहुयं ।।

एएसि णं भंते! नेरइयाणं कण्हलेस्साणं नीललेस्साणं काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पड्ढिया वा महड्ढिया वा? गोयमा! कण्हलेस्सेहिंतो नीललेस्सा महड्ढिया, नीललेस्सेहिंतो काउलेस्सा महड्ढिया, सव्वप्पड्ढिया नेरइया कण्हलेस्सा, सव्वमहड्ढिया नेरइया काउलेस्सा ।।सू०-२४।।४९८।।

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મહર્દ્ધિક છે? હે ગૌતમ! કૃષ્ણલેશ્યાવાળા કરતાં નીલલેશ્યાવાળા મહર્દ્ધિક છે અને નીલલેશ્યાવાળાથી કાપોતલેશ્યાવાળા મહર્દ્ધિક છે. સૌથી અલ્પ ઋદ્ધિવાળા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકો અને સૌથી મોટી ઋદ્ધિવાળા કાપોતલેશ્યાવાળા નૈરયિકો છે. ॥૨૪॥૪૯૮॥*

एएसि णं भंते! तिरिक्खजोणियाणं कण्हलेस्साणं जाव सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पड्ढिया वा महड्ढिया वा? गोयमा! जहा जीवाणं[जीवा]। एएसि णं भंते! एगिंदियतिरिक्खजोणियाणं कण्हलेस्साणं जाव तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पड्ढिया वा महड्ढिया वा? गोयमा! कण्हलेस्सेहिंतो एगिंदियतिरिक्खजोणिएहिंतो नीललेस्सा महड्ढिया, नीललेस्सेहिंतो तिरिक्खजोणिएहिंतो काउलेस्सा महड्ढिया, काउलेस्सेहिंतो तेउलेस्सा महड्ढिया, सव्वप्पड्ढिया एगेंदियतिरिक्खजोणिया कण्हलेस्सा, सव्वमहड्ढिया तेउलेस्सा। एवं पुढविकाइयाण वि। एवं एएणं अभिलावेणं जहेव लेस्साओ भावियाओ तहेव नेयव्वं जाव चउरिंदिया। पंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीणं संमुच्छिमाणं गब्भवक्कंतियाण य सव्वेसिं भाणियव्वं जाव अप्पड्ढिया वेमाणिया देवा तेउलेस्सा, सव्वमहड्ढिया वेमाणिया सुक्कलेस्सा। केइ भणंति-चउवीसदंडएणं इड्ढी भाणियव्वा।।सू०-२५।।४९९।।

बीओ उद्देसओ समत्तो।

(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મોટી ઋદ્ધિવાળા છે? હે ગૌતમ! જેમ જીવોને કહ્યું તેમ કહેવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મોટી ઋદ્ધિવાળા છે? હે ગૌતમ! કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચોથી નીલલેશ્યાવાળા મહર્દ્ધિક છે. નીલલેશ્યાવાળા તિર્યંચોથી કાપોતલેશ્યાવાળા મહર્દ્ધિક છે અને કાપોતલેશ્યાવાળા તિર્યંચોથી તેજોલેશ્યાવાળા મહર્દ્ધિક છે. સૌથી અલ્પઋદ્ધિવાળા કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચો છે, અને સૌથી મહર્દ્ધિક તેજોલેશ્યાવાળા (એકેન્દ્રિયતિર્યંચો) છે. એ પ્રમાણે પૃથિવીકાયિકોને પણ જાણવું. એમ આ પાઠ વડે જેમ લેશ્યાઓનો વિચાર કર્યો તેમ યાવત્ ચઉરિન્દ્રિયો સુધી જાણવું. સંમૂર્ચ્છિમ અને ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો, તિર્યંચ સ્ત્રીઓ, એ બધાને એ પ્રમાણે કહેવું. યાવત્ અલ્પઋદ્ધિવાળા તેજોલેશ્યાવાળા વૈમાનિક દેવો છે, અને સૌથી મહર્દ્ધિક શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો છે. કોઈ આચાર્યો કહે છે કે ઋદ્ધિ ચોવીશ દંડકે કહેવી જોઈએ. ॥૨૫॥૪૯૯॥

પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં સત્તરમા પદનો દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત.

- અરિહંતના શાસનમાં ભૌતિક સામગ્રીની પ્રાપ્તિને જ પૂર્ણ પુણ્યનો ઉદય નથી કહ્યો. ભૌતિક સામગ્રીની સાથે શાસન પ્રત્યે વફાદાર રહેવાનું પુણ્ય જે આત્માની પાસે હોય એજ પૂર્ણ પુણ્યના ઉદયવાળો કહેવાય.
- અરિહંત પદની આરાધના અહંને ઓગાળવા માટે અને આત્માને અર્હં બનાવવા માટે જ છે.
- અરિહંત પદની આરાધના જેઓ અહંના પોષણ માટે કરે છે તે તો જ્ઞાનિયોની નજરમાં પોતાના આત્માનું અવમૂલ્યન કરે છે.
- અરિહંતની પાસે શું શું માંગવું એની યાદી આગમકારોએ બનાવીને પ્રાર્થના સૂત્ર (જયવીયરાય–લોગસ્સ)માં ગુંથી છે.
- અરિહંતની આજ્ઞાનુસાર ચાલનારા, આગમસૂત્રોને રચનારા, લીપીબદ્ધ કરનારાઓ ઉપર પણ આક્ષેપ કરનારા જ્યારે જિનશાસનની વફાદારીનું બ્યુગલ વગાડે ત્યારે આશ્ચર્ય થયા વગર રહેતું નથી. મિથ્યાત્વ રૂપી મહાભયંકર આત્મિક રોગથી પીડિત આત્માઓ સિવાય આવું લખાણ લખે જ કોણ? એ તો જિનાજ્ઞાનુસાર ચાલનારાઓને સહેજે સમજાય એવી વાત છે.
- અરિહંત દ્વારા અર્થથી ભાષિત ગણધરો દ્વારા સૂત્રથી ગુંફિત સૂત્રોના એક એક અક્ષરનો અનંત પ્રકારથી અર્થ થઈ શકે છે. એમાં જે અર્થ જે પ્રસંગમાં ઉપયોગી હોય એજ અર્થ ત્યાં કરાય. ત્યાં બીજો અર્થ કરવામાં તો અનંતા અરિહંત ભગવંતોની, ગણધર ભગવંતોની આશાતનાનું પાપ બેઠું છે. એ આપણે સૌએ ભુલવું ન જોઈએ.

- જયાનંદ

## ।। सत्तरसमं पयं – तइओ उद्देसो ।।

## ।। नयमएणं २४ दंडएसु उववाय–उव्वट्टणाओ ।।

नेरइए णं भंते! नेरइएसु उववज्जइ, अनेरइए नेरइएसु उववज्जइ? गोयमा! नेरइए नेरइएसु उववज्जइ, नो अनेरइए नेरइएसु उववज्जइ, एवं जाव वेमाणियाणं। नेरइए णं भंते! नेरइएहिंतो उववट्टइ, अनेरइए नेरइएहिंतो उववट्टति? गोयमा! अनेरइए नेरइएहिंतो उववट्टति, णो नेरइए नेरइएहिंतो उववट्टइ। एवं जाव वेमाणिए, नवरं जोइसिय-वेमाणिएसु 'चयणं'ति अभिलावो कायव्वो ।।सू०-२६।।५००।।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક–નૈરયિક સિવાય અન્ય નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય, પણ નૈરયિક સિવાય અન્ય નૈરયિકોમાં ઉત્પન્ન ન થાય. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક નૈરિયકોથી ઉદ્વર્તે, મરણ પામે કે અનૈરયિક–નૈરયિકથી અન્ય નૈરયિકો થકી ઉદ્વર્તે? હે ગૌતમ! અનૈરયિક નૈરયિકોથી ઉદ્વર્તે પણ નૈરયિક નૈરયિકોથી ન ઉદ્વર્તે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. ॥૨૬॥૫૦૦॥*

(ટી૦) બીજો ઉદ્દેશક કહ્યો, હવે ત્રીજા ઉદ્દેશકનો પ્રારંભ થાય છે તેનું આ પ્રથમ સૂત્ર છે—'नेरइए णं भंते! नेरइएसु उववज्जइ'? 'હે ભગવન્! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય–ઇત્યાદિ. આ સૂત્રનો આ સંબન્ધ છે—બીજા ઉદ્દેશકમાં નારકાદિ જીવોને લેશ્યાની સંખ્યા, અલ્પબહુત્વ અને મહર્દ્ધિકપણું કહ્યું. અહીં તે તે લેશ્યાઓ ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત થયેલા જ નારકાદિ જીવોને હોય છે કે વિગ્રહગતિમાં પણ હોય છે'—એ અર્થનું પ્રતિપાદન કરવા માટે પૂર્વે અન્ય નયની અપેક્ષાએ નારકાદિરૂપ વ્યવહાર સંબન્ધે પ્રશ્ન કરે છે—'હે ભગવન્! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક–નૈરયિક સિવાય બીજો નૈરયિકોમાં ઉત્પન્ન થાય? આ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે, પણ અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થતો નથી.' શા હેતુથી? કારણ કે નારકાદિ ભવનો સંબન્ધ કરાવનાર આયુષ્ય જ છે, બીજું કાંઇ નથી. જેમકે નારકનું આયુષ્ય ઉદયમાં આવે ત્યારે નારકભવ અને મનુષ્યાયુષ્યનો ઉદય થાય ત્યારે મનુષ્ય ભવ હોય છે વગેરે, તેથી નારકાદિના આયુષ્યના ઉદયને પ્રથમ સમયે જ નારકાદિરૂપ વ્યવહાર થાય છે. આ ઋજુસૂત્ર નયનો મત છે. નયજ્ઞોએ ઋજુસૂત્ર નયનું સ્વરૂપ નિરૂપણ કરતાં આ પ્રમાણે કહ્યું છે—

"पलालं न दहत्यग्निर्भिद्यते न घटः क्वचित्। नाशून्ये निष्क्रमोऽस्तीह न च शून्यं प्रविश्यते ॥१॥
नारकव्यतिरिक्तश्च नरके नोपपद्यते। नरकान्नारकश्चास्य न कश्चिद् विप्रमुच्यते" ॥२॥

'પરાળ બળતું નથી, પણ અગ્નિ બળે છે, ક્વચિત્ ઘટ ફુટતો નથી, પણ કપાલ ફુટે છે—એટલે કપાલાવસ્થામાં ઘટ ફુટે છે. અશૂન્યમાં–અશૂન્યાવસ્થામાં નિષ્ક્રમ હોતો નથી, તેમ શૂન્યમાં પ્રવેશ થતો નથી. તાત્પર્ય એ છે કે નિષ્ક્રમ સમયે અશૂન્યાવસ્થા હોતી નથી, તેમ પ્રવેશસમયે શૂન્યાવસ્થા હોતી નથી. નારક સિવાય બીજો નરકમાં ઉત્પન્ન થતો નથી, તેમ કોઇ નારક આ નરકથી મુક્ત થતો નથી.' એ પ્રમાણે નૈરયિકને કહ્યું તેમ વૈમાનિક સંબન્ધી સૂત્ર પર્યંત કહેવું, અને તે સુગમ હોવાથી સ્વયં વિચારવું. હવે નૈરયિકોમાં ઉદ્વર્તના સંબન્ધે સૂત્ર કહે છે—'नेरइए णं भंते! नेरइएहिंतो उववट्टइ' ઇત્યાદિ. આ સૂત્ર પણ ઋજુસૂત્ર નયના મતથી જાણવું. તે આ પ્રમાણે—જ્યારે પરભવના આયુષ્યનો ઉદય થાય છે ત્યારે જીવ ત્યાંથી ઉદ્વર્તે છે–એટલે તે ભવથી ભવાન્તરમાં જાય છે. અને જે ભવનું આયુષ્ય ઉદયમાં આવ્યું હોય તે ભવરૂપે તેનો વ્યવહાર થાય છે, જેમ નારકાયુષ્યનો ઉદય થતાં 'આ નારક છે' એવો વ્યવહાર થાય છે. તેથી નૈરયિકોથી અનૈરયિક જ ઉદ્વર્તે છે, પણ નૈરયિક ઉદ્વર્તતો નથી. જ્યાં સુધી નારકાયુષ્યનો ઉદય હોય છે ત્યાં સુધી તે નૈરયિક જ છે અને તે નારકભવથી મુક્ત થતો નથી, પણ જ્યારે પરભવના આયુષ્યનો ઉદય થાય છે ત્યારે તે નૈરયિક નથી, અનૈરયિક છે અને તેથી અનૈરયિક ઉદ્વર્તે છે–મરણ પામે

છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિકો સુધી સૂત્ર કહેવું, પરંતુ જ્યોતિષિક અને વૈમાનિકના વિષયમાં ચ્યવન સંબન્ધે પાઠ કહેવો. કારણ કે જ્યોતિષિક અને વૈમાનિકથી જે ઉદ્‌વર્તન થાય છે તેને ચ્યવન કહેવાય છે એ સૂત્રપ્રસિદ્ધ છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'एवं जाव वेमाणिए नवरं' ઇત્યાદિ. ॥૨૬॥૫૦૦॥

## ।। सलेस्सेसु २४ दंडएसु ओहेणं उववाय–उव्वट्टणाओ ।।

**से नूणं भंते! कण्हलेस्से नेरइए कण्हलेस्सेसु नेरइएसु उववज्जति? कण्हलेस्से उववट्टइ? जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ? हंता गोयमा! कण्हलेस्से नेरइए कण्हलेस्सेसु नेरइएसु उववज्जति, कण्हलेस्से उववट्टइ, जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ, एवं नीललेस्से वि, एवं काउलेस्से वि। एवं असुरकुमाराण वि जाव थणियकुमारा वि, नवरं तेउलेस्सा अब्भहिया। से नूणं भंते! कण्हलेस्से पुढविकाइए कण्हलेस्सेसु पुढविकाइएसु उववज्जति? कण्हलेस्से उववट्टइ? जल्लेस्से उववज्जति तल्लेस्से उववट्टति? हंता गोयमा! कण्हलेस्से पुढविक्काइए कण्हलेस्सेसु पुढविक्काइएसु उववज्जति, सिय कण्हलेस्से उववट्टइ, सिय नीललेस्से उववट्टइ, सिय काउलेस्से उववट्टइ, सिय जल्लेस्से उववज्जति सिय तल्लेस्से उववट्टइ। एवं नील-काउलेस्सासु वि। से नूणं भंते! तेउलेस्से पुढविकाइए तेउलेस्सेसु पुढविकाइएसु उववज्जइ? पुच्छा। हंता गोयमा! तेउलेस्से पुढविकाइए तेउलेस्सेसु पुढविकाइएसु उववज्जइ, सिय किण्हलेस्से उववट्टइ, सिय नीललेस्से उववट्टइ, सिय काउलेस्से उववट्टइ, तेउलेस्से उववज्जइ, नो चेव णं तेउलेस्से उववट्टइ। एवं आउकाइया वणस्सइकाइया वि। तेऊ-वाऊ एवं चेव, नवरं एतेसिं तेउलेस्सा नत्थि। बिय-तिय-चउरिंदिया एवं चेव तिसु लेस्सासु। पंचेंदियतिरिक्ख-जोणिया मणुस्सा य जहा पुढविक्काइया आदिल्लियासु तिसु लेस्सासु भणिया तहा छसु वि लेस्सासु भाणियव्वा, नवरं छप्पि लेस्साओ चारियव्वाओ। वाणमंतरा जहा असुरकुमारा। से नूणं भंते! तेउलेस्से जोइसिए तेउलेस्सेसु जोइसिएसु उववज्जइ? जहेव असुरकुमारा। एवं वेमाणिया वि, नवरं दोण्हंपि चयंतीति अभिलावो**

।।सू०-२७।।५०१।।

*(મૂ૦) હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને કૃષ્ણલેશ્યાવાળો થઈ મરણ પામે? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો મરણ પામે? હા ગૌતમ! કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને કૃષ્ણલેશ્યાવાળો મરણ પામે. જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો મરણ પામે. એ પ્રમાણે નીલલેશ્યાવાળા સંબન્ધે અને કાપોતલેશ્યાવાળા સંબન્ધે જાણવું. એમ અસુરકુમારોથી આરંભી સ્તનિતકુમારો સુધી જાણવું. પરન્તુ અહીં લેશ્યા અધિક કહેવી. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય? અને કૃષ્ણલેશ્યાવાળો થઈ મરણ પામે? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો મરણ પામે? હે ગૌતમ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા પૃથિવિકાયિકોમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો થઈ મરણ પામે, કદાચિત્ નીલલેશ્યાવાળો થઈ મરણ પામે અને કદાચિત્ કાપોતલેશ્યાવાળો થઈ મરણ પામે. કદાચિત્ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો થઈ મરણ પામે. એ પ્રમાણે નીલલેશ્યા અને કાપોતલેશ્યા સંબંધે જાણવું. હે ભગવન્! અવશ્ય તેજોલેશ્યાવાળો પૃથિવીકાયિક તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ પૃચ્છા. હા ગૌતમ! અવશ્ય તેજોલેશ્યાવાળો પૃથિવીકાયિક તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો ઉદ્વર્તે, કદાચિત્ નીલલેશ્યાવાળો અને કદાચિત્ કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે. તેજોલેશ્યાવાળો ઉત્પન્ન થાય પણ તેજોલેશ્યાવાળો ન ઉદ્વર્તે. એ પ્રમાણે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો પણ*

*જાણવા."તેજસ્કાયિકો અને વાયુકાયિકો એમ જ સમજવા. પરન્તુ એઓને તેજોલેશ્યા નથી. બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો ત્રણ લેશ્યાઓમાં એમજ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો જેમ પૃથિવીકાયિકો પ્રથમની ત્રણ લેશ્યાઓમાં કહ્યા તેમ છએ લેશ્યાઓમાં પણ કહેવા. પરન્તુ છએ લેશ્યાઓનો વિચાર કરવો. વ્યન્તરો અસુરકુમારોની પેઠે જાણવા. હે ભગવન્! શું તેજોલેશ્યાવાળો જ્યોતિષિક તેજોલેશ્યાવાળા જ્યોતિષિકમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ જેમ અસુરકુમાર સંબંધે કહ્યું તેમ કહેવું. વૈમાનિકો પણ એમજ સમજવા, પરન્તુ બન્ને સંબન્ધે 'ચ્યવે છે' એવો પાઠ કહેવો. ॥૨૭॥૫૦૧॥*

(ટી૦) હવે ઉત્પત્તિમાં કૃષ્ણલેશ્યા સંબન્ધે સૂત્ર કહે છે—'से नूणं भंते! कण्हलेस्से नेरइए' ઇત્યાદિ. મૂળમાં 'से' શબ્દ અથ શબ્દના અર્થમાં છે અને અથ શબ્દ પ્રશ્નના અર્થમાં છે. 'नूनं'-નિશ્ચિત, હે ભગવન્! આ નિશ્ચિત છે કે કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય અને તે કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોથી ઉદ્વર્તતો કૃષ્ણલેશ્યાવાળો થઇને મરણ પામે? એ જ અર્થના નિશ્ચયને દૃઢ કરવા માટે પ્રકારાન્તરથી કહે છે—'यल्लेश्य उत्पद्यते तल्लेश्य उद्वर्तते?' જે લેશ્યાઓવાળો ઉત્પન્ન થાય તે જ લેશ્યાવાળો-ઉદ્વર્તે?-મરણ પામે? બીજી લેશ્યાને પ્રાપ્ત થઇ ન ઉદ્વર્તે? ભગવાન્ ઉત્તર આપે છે—'हन्ता गोयमा'! ઇત્યાદિ. 'हन्त' અનુમત અર્થમાં છે. હે ગૌતમ! મને એ અનુમત છે કે કૃષ્ણલેશ્યાવાળો ઉત્પન્ન થાય અને કૃષ્ણલેશ્યાવાળો જ મરણ પામે. (પ્ર૦)—કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક હોય તે કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોમાં કેમ ઉત્પન્ન થાય, બીજી લેશ્યાસહિત કેમ ન ઉત્પન્ન થાય? (ઉ૦)—અહીં તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્ય નારકનું આયુષ્ય બાંધેલું હોવાથી નરકમાં ઉત્પન્ન થવાવાળો અનુક્રમે તિર્યંચાયુષ્ય કે મનુષ્યાયુષ્યનો સંપૂર્ણ ક્ષય કર્યો નથી અને અન્તર્મુહૂર્ત બાકી હોય છે ત્યારે જે લેશ્યાવાળા નરકોમાં ઉત્પન્ન થવાનો છે તે સંબન્ધી લેશ્યાવડે પરિણત થાય છે એટલે તે લેશ્યાના પરિણામવાળો થાય છે અને તે અપતિત પરિણામ વડે નરકનું આયુષ્ય વેદે છે તેથી એમ કહેવાય છે કે 'કૃષ્ણલેશ્યાવાળો કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકમાં જ ઉત્પન્ન થાય છે પણ અન્ય લેશ્યાના પરિણામવાળો ઉત્પન્ન થતો નથી. (પ્ર૦)—કૃષ્ણલેશ્યાવાળો જ કેમ ઉદ્વર્તે છે? (ઉ૦)—દેવ અને નારકોને લેશ્યાનો પરિણામ પોતાના ભવના અન્ત પર્યંત હોય છે, અને એ વાત પૂર્વે સવિસ્તરપણે સિદ્ધ કરી છે, તેથી કૃષ્ણલેશ્યાવાળો જ ઉદ્વર્તે છે. એ પ્રમાણે નીલલેશ્યા અને કાપોતલેશ્યા સંબન્ધે સૂત્ર કહેવું. એમ અસુરકુમારથી માંડીને સ્તનિતકુમારો સુધી કહેવું. પરંતુ ત્યાં તેજોલેશ્યા સૂત્ર અધિક કહેવું, કારણ કે તેઓને તેજોલેશ્યા પણ હોય છે. ॥૨૭॥૫૦૧॥

## ।। सलेस्सेसु २४ दंडएसु विभागेणं उववाय-उव्वट्टणाओ ।।

**से नूणं भंते! कण्हलेस्से नीललेस्से काउलेस्से नेरइए कण्हलेस्सेसु नीललेस्सेसु काउलेस्सेसु नेरइएसु उववज्जइ? कण्हलेस्से नीललेस्से काउलेस्से उववट्टइ? जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ? हंता गोयमा! कण्ह-नील-काउलेस्सेसु उववज्जइ, जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ। से नूणं भंते! कण्हलेस्से जाव तेउलेस्से असुरकुमारे कण्हलेस्सेसु जाव तेउलेस्सेसु असुरकुमारेसु उववज्जइ? एवं जहेव नेरइए तहा असुरकुमारे वि जाव थणियकुमारे वि। से नूणं भंते! कण्हलेस्से जाव तेउलेस्से पुढविक्काइए कण्हलेस्सेसु जाव तेउलेस्सेसु पुढविक्काइएसु उववज्जइ? एवं पुच्छा जहा असुरकुमाराणं। हंता गोयमा! कण्हलेस्से जाव तेउलेस्से पुढविक्काइए कण्हलेस्सेसु जाव तेउलेस्सेसु पुढविक्काइएसु उववज्जति, सिय कण्हलेस्से उववट्टइ, सिय नीललेस्से, सिय काउलेस्से उववट्टइ, सिय जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ, तेउलेस्से उववज्जइ, नो चेव णं तेउलेस्से उववट्टइ। एवं आउकाइया वणस्सइकाइया वि भाणियव्वा। से नूणं भंते! कण्हलेस्से नीललेस्से काउलेस्से तेउकाइए कण्हलेस्सेसु नीललेस्सेसु काउलेस्सेसु तेउकाइएसु उववज्जइ? कण्हलेस्से नीललेस्से काउलेस्से उववट्टइ? जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ? हंता गोयमा! कण्हलेस्से नीललेस्से**

**काउलेस्से तेउकाइए कण्हलेस्सेसु नीललेस्सेसु काउलेस्सेसु तेउकाइएसु उववज्जइ, सिय किण्हलेस्से उववट्टइ, सिय नीललेस्से उववट्टति, सिय काउलेस्से उववट्टइ, सिय जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ। एवं वाउकाइय-बेइंदिय-तेइंदिय-चउरिंदिया वि भाणियव्वा। से नूणं भंते! कण्हलेस्से जाव सुक्कलेस्से पंचेंदियतिरिक्खजोणिए कण्हलेस्सेसु जाव सुक्कलेस्सेसु पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जइ? पुच्छा। हंता गोयमा! कण्हलेस्से जाव सुक्कलेस्से पंचेंदियतिरिक्खजोणिए कण्हलेस्सेसु जाव सुक्कलेस्सेसु पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जइ; सिय कण्हलेस्से उववट्टइ, जाव सिय सुक्कलेस्से उववट्टइ, सिय जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ। एवं मणूसे वि। वाणमंतरे जहा असुरकुमारे। जोइसिय-वेमाणिए वि एवं चेव, नवरं जस्स जल्लेस्सा। दोण्ह वि 'चयणं'ति भाणियव्वं ।।सू०-२८।।५०२।।**

(મૂ૦) *હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય? અને કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો ત્યાંથી ઉદ્વર્તે? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે? હે ગૌતમ! અવશ્ય કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળો ઉત્પન્ન થાય. જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. હે ભગવન્! શું કૃષ્ણલેશ્યાવાળો યાવત્ તેજોલેશ્યાવાળો અસુરકુમાર કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા અસુરકુમારોમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ જેમ નૈરયિક સંબંધે કહ્યું તેમ અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો સંબંધે કહેવું. હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો યાવત્ તેજોલેશ્યાવાળો પૃથિવીકાયિક શું કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ જેમ અસુરકુમારો સંબંધે પ્રશ્ન કર્યો તેમ કરવો. હા ગૌતમ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા યાવત્ તેજોલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય. કદાચ કૃષ્ણલેશ્યાવાળો, કદાચ નીલલેશ્યાવાળો.અને કદાચ કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે. કદાચ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. તેજોલેશ્યાવાળો ઉત્પન્ન થાય પણ તેજોલેશ્યાવાળો ન ઉદ્વર્તે. એ પ્રમાણે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો પણ કહેવા. હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો તેજસ્કાયિક કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થાય? અને કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે? હા ગૌતમ! અવશ્ય કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળો તેજસ્કાયિક કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થાય, કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો, કદાચિત્ નીલલેશ્યાવાળો અને કદાચિત્ કાપોતલેશ્યાવાળો ઉદ્વર્તે. કદાચિત્ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. એ પ્રમાણે વાયુકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો કહેવા. હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો યાવદ્ શુક્લલેશ્યાવાળો પંચેન્દ્રિય તિર્યંચ શું કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો યાવત્ શુક્લલેશ્યાવાળો પંચેન્દ્રિય તિર્યંચ કૃષ્ણલેશ્યાવાળા યાવત્ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય. કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો યાવત્ કદાચિત્ શુક્લલેશ્યાવાળો ઉદ્વર્તે. કદાચિત્ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. એ પ્રમાણે મનુષ્ય સંબંધે પણ જાણવું. વ્યન્તરો અસુરકુમારોની પેઠે જાણવા. જ્યોતિષિક અને વૈમાનિકો પણ એમ જ જાણવા. પરન્તુ જેઓને જે લેશ્યા હોય તે કહેવી, અને બન્નેને પણ 'ચ્યવે છે' એવો પાઠ કહેવો.॥૨૮॥૫૦૨॥*

(ટી૦) હવે પૃથિવીકાયિકોમાં કૃષ્ણલેશ્યા સંબન્ધી સૂત્ર કહે છે—'से नूणं भंते! कण्हलेस्से पुढवीकाइए' ઇત્યાદિ. અહીં તિર્યંચ અને મનુષ્યોને લેશ્યાનો પરિણામ અન્તર્મુહૂર્તનો હોય છે. તેથી કદાચિત્ જે લેશ્યાવાળો હોય તે લેશ્યાના પરિણામવાળો ઉદ્વર્તે અને કદાચિત્ અન્ય લેશ્યાના પરિણામવાળો પણ ઉદ્વર્તે, પરંતુ આ તો નિયમ છે કે જે લેશ્યાવાળામાં ઉત્પન્ન થાય તે

અવશ્ય તે લેશ્યાવાળો જ ઉત્પન્ન થાય, કારણ કે મનુષ્ય અને તિર્યંચો આગામી ભવની લેશ્યાનું અન્તર્મુહૂર્ત વ્યતીત થયા બાદ અને દેવ અને નારકો પોતાના ભવની લેશ્યાનું અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે પરિણત થયેલી લેશ્યા વડે જીવો પરલોકમાં જાય છે-એવું શાસ્ત્રનું વચન છે. તે માટે કહ્યું છે કે '**गोयमा! कण्हलेस्से पुढविकाइए कण्हलेस्सेसु पुढविकाइएसु उववज्जइ, सिय किण्हलेस्से उववट्टइ**'—કૃષ્ણલેશ્યાવાળો પૃથિવીકાયિક કૃષ્ણલેશ્યાવાળા પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય છે અને કદાચિત્ કૃષ્ણલેશ્યાવાળો ઉદ્વર્તે છે-ઇત્યાદિ. એ પ્રમાણે નીલલેશ્યા અને કાપોતલેશ્યા વિષયક સૂત્ર કહેવું. તથા જ્યારે તેજોલેશ્યાવાળા ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનદેવો પોતાના ભવથી ચ્યવી પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય છે ત્યારે કેટલાક કાળ સુધી અપર્યાપ્તાવસ્થામાં તેઓને તેજોલેશ્યા પણ હોય છે. ત્યારપછી હોતી નથી. કારણ કે તેવા પ્રકારના ભવસ્વભાવથી તેજોલેશ્યા યોગ્ય દ્રવ્યને ગ્રહણ કરવાની તેઓની શક્તિ નથી. માટે તેજોલેશ્યા સૂત્રમાં કહ્યું છે—'**तेउल्लेस्से उववज्जइ, नो चेव णं तेउलेस्से उववट्टइ**' ઇતિ. તેજોલેશ્યાવાળો ઉત્પન્ન થાય છે, પણ તેજોલેશ્યાવાળો ઉદ્વર્તતો નથી-મરણ પામતો નથી. જેમ પૃથિવીકાયિકોના ચાર સૂત્રો કહ્યાં તેમ અપ્કાયિક અને વનસ્પતિકાયિકના પણ કહેવાં. કારણ કે તેઓને પણ અપર્યાપ્તાવસ્થામાં તેજોલેશ્યાનો સંભવ છે. તેજસ્કાયિક, વાયુ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને પ્રત્યેકને ત્રણ સૂત્રો કહેવાં. કારણ કે તેઓને તેજોલેશ્યાનો અસંભવ છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો જેમ પ્રથમની ત્રણ લેશ્યામાં પૃથિવીકાયિકો કહ્યા તેમ છએ લેશ્યામાં કહેવા. કારણ કે છ લેશ્યામાંની કોઇપણ લેશ્યા વડે તેઓની ઉત્પત્તિનો સંભવ છે, અને ઉત્પત્તિ સંબન્ધી એક એક લેશ્યાના વિષયમાં ઉદ્વર્તનાને વિષે છ એ વિકલ્પોનો સંભવ છે. સૂત્રપાઠ આ પ્રમાણે છે—'**से नूणं भंते! कण्हलेस्से पंचिंदियतिरिक्खजोणिए कण्हलेस्सेसु पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जइ, कण्हलेस्से उववट्टइ, जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ? हन्ता गोयमा! कण्हलेस्से पंचिंदियतिरिक्खजोणिए कण्हलेस्सेसु पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जइ, सिय कण्हलेस्से उववट्टइ, सिय नीललेस्से उववट्टइ, सिय काउलेस्से उववट्टइ, सिय पम्हलेस्से उववट्टइ, सिय सुक्कलेस्से उववट्टइ, सिय जल्लेस्से उववज्जइ तल्लेस्से उववट्टइ।**'—હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો પંચેન્દ્રિય તિર્યંચ કૃષ્ણલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય? અને કૃષ્ણલેશ્યાવાળો ઉદ્વર્તે? જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે? હા ગૌતમ! કૃષ્ણલેશ્યાવાળો પંચેન્દ્રિય તિર્યંચ કૃષ્ણલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય, કદાચ કૃષ્ણલેશ્યાવાળો, કદાચ નીલલેશ્યાવાળો, કદાચ કાપોતલેશ્યાવાળો કદાચ તેજોલેશ્યાવાળો કદાચ પદ્મલેશ્યાવાળો અને કદાચ શુક્લલેશ્યાવાળો ઉદ્વર્તે, કદાચ જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે. એ પ્રમાણે નીલ, કાપોત, તેજસ્ પદ્મ અને શુક્લલેશ્યા સંબન્ધે સૂત્રો કહેવાં. '**वाणमंतरा जहा असुरकुमारा**' વ્યન્તરો અસુરકુમારોની જેમ કહેવા. એટલે તેઓ સંબન્ધે જે લેશ્યાવાળો ઉત્પન્ન થાય તે લેશ્યાવાળો ઉદ્વર્તે-એમ કહેવું. કારણ કે સર્વ દેવોને લેશ્યાનો પરિણામ પોતાના ભવ સુધી નિરંતર હોય છે. એ પ્રમાણે લેશ્યાની સંખ્યાનો વિચાર કરી જ્યોતિષ્ક અને વૈમાનિક સંબન્ધે સૂત્રો કહેવાં. પરંતુ '**चयन्ति**'—ચ્યવે છે એવો પાઠ કહેવો. એ પ્રમાણે એક એક લેશ્યા સંબન્ધી ચોવીશ દંડકના ક્રમથી નૈરયિકાદિ સંબન્ધે સૂત્રો કહેવાં. તેમાં કોઇ આશંકા કરે કે થોડા એવા એક એક નારકાદિ સંબન્ધે આ સૂત્રસમૂહ છે, જ્યારે ઘણા ભિન્નલેશ્યાવાળા નૈરયિકાદિ તે ગતિમાં ઉત્પન્ન થાય ત્યારે વસ્તુસ્થિતિ અન્યથા પણ હોય, કારણ કે એક એક વ્યક્તિના ધર્મની અપેક્ષાએ સમુદાયનો ધર્મ ક્વચિત્ અન્યથા જણાય છે. તેથી તે આશંકા દૂર કરવા માટે જેઓને જેટલી લેશ્યાઓનો સંભવ છે તેઓને એક સાથે તેટલી લેશ્યાઓ સંબન્ધે એક એક સૂત્ર ઉપર કહેલા અર્થ વાળું પ્રતિપાદન કરે છે—'**से नूणं भंते! कण्हलेस्से नीललेस्से काउलेस्से नेरइए कण्हलेस्सेसु नीललेस्सेसु काउलेस्सेसु नेरइएसु उववज्जइ**' ઇત્યાદિ. હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યાવાળો, નીલલેશ્યાવાળો અને કાપોતલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળા નૈરયિકોમાં ઉત્પન્ન થાય-ઇત્યાદિ સમગ્ર સૂત્ર સુગમ છે. ॥૨૮॥૫૦૨॥

## || कण्हाइलेस्सेसु नेरइएसु ओहिखेत्तं परूवणं ||

कण्हलेस्से णं भंते! नेरइए कण्हलेस्सं नेरइयं पणिहाए ओहिणा सव्वओ समंता समभिलोएमाणे २ केवतियं खेत्तं जाणइ? केवइयं खेत्तं पासइ? गोयमा! णो बहुयं खेत्तं जाणइ, णो बहुयं खेत्तं पासइ, णो दूरं खेत्तं जाणइ, णो दूरं खेत्तं पासइ, इत्तरियमेव खित्तं जाणइ, इत्तरियमेव खेत्तं पासइ। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'कण्हलेस्से णं नेरइए तं चेव जाव इत्तरियमेव खेत्तं पासइ'? गोयमा! से जहानामए केइ पुरिसे बहुसमरमणिज्जंसि भूमिभागंसि ठिच्चा सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे धरणितलगयं पुरिसं पणिहाए सव्वओ समंता समभिलोएमाणे २ णो बहुयं खेत्तं जाव पासइ, जाव इत्तरियमेव खेत्तं पासइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'कण्हलेस्से णं नेरइए जाव इत्तरियमेव खेत्तं पासइ'। नीललेस्सेणं भंते! नेरइए कण्हलेस्सं नेरइयं पणिहाय ओहिणा सव्वओ समंता समभिलोएमाणे २ केवतियं खेत्तं जाणइ? केवतियं खेत्तं पासइ? गोयमा! बहुतरागं खेत्तं जाणइ बहुतरागं खेत्तं पासइ, दूरतरं खेत्तं जाणइ, दूरतरं खेत्तं पासइ, वितिमिरतरागं खेत्तं जाणइ, वितिमिरतरागं खेत्तं पासइ, विसुद्धतरागं खेत्तं जाणइ, विसुद्धतरागं खेत्तं पासइ। से केणट्ठेणं भंते! एवं वुच्चइ'नीललेस्से णं नेरइए कण्हलेस्सं नेरइयं पणिहाय जाव विसुद्धतरागं खेत्तं जाणइ, विसुद्धतरागं खेत्तं पासइ'? गोयमा! से जहानामए केइ पुरिसे बहुसमरमणिज्जाओ भूमिभागाओ पव्वयं दुरूहति, दुरूहित्ता सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे धरणितलगयं पुरिसं पणिहाय सव्वओ समंता समभिलोएमाणे २ बहुतरागं खेत्तं जाणइ, जाव विसुद्धतरागं खेत्तं पासइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ-'नीललेस्से नेरइए कण्हलेस्सं णेरइयं जाव विसुद्धतरागं खेत्तं पासइ'। काउलेस्से णं भंते! नेरइए नीललेस्सं नेरइयं पणिहाय ओहिणा सव्वओ समंता समभिलोएमाणे २ केवतियं खेत्तं जाणइ? केवतियं खेत्तं पासइ? गोयमा! बहुतरागं खेत्तं जाणइ बहुतरागं खेत्तं पासइ, जाव विसुद्धतरागं खेत्तं पासति। से केणट्ठेणं भंते! एवं वुच्चइ-'काउलेस्से णं नेरइए जाव विसुद्धतरागं खेत्तं पासइ'? गोयमा! से जहा नामए केइ पुरिसे बहुसमरमणिज्जाओ भूमिभागाओ पव्वयं दुरूहइ, दुरूहित्ता रूक्खं दुरूहति, दुरूहित्ता दो वि पाए उच्चाविय, (वइत्ता) सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे पव्वयगयं धरणितलगयं च पुरिसं पणिहाय सव्वओ समंता समभिलोएमाणे २ बहुतरागं खेत्तं जाणइ बहुतरागं खेत्तं पासइ, जाव वितिमिरतरागं? [विसुद्धतरागं] खेत्तं पासइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ—'काउलेस्से णं नेरइए नीललेस्सं नेरइयं पणिहायं तं चेव जाव वितिमिरतरागं[? विसुद्धतरागं] खेत्तं पासइ' ।।सू०-२९।।५०३।।

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની 'પ્રણિધાય' અપેક્ષાએ અવધિજ્ઞાન વડે સર્વતઃ–ચારે દિશામાં અને સમંતાત્–ચારે વિદિશામાં જોતો કેટલું ક્ષેત્ર જાણે અને કેટલું ક્ષેત્ર દેખે? હે ગૌતમ! તે બહુ ક્ષેત્ર જાણતો નથી, બહુ ક્ષેત્ર જોતો નથી, દૂર રહેલું ક્ષેત્ર જાણતો નથી અને દૂર રહેલું ક્ષેત્ર દેખતો નથી. થોડું (અધિક) ક્ષેત્ર જાણે છે અને થોડું (અધિક) ક્ષેત્ર દેખે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક'–ઇત્યાદિ તે જ કહેવું, યાવત્ ઇત્વર–થોડું અધિક ક્ષેત્ર જાણે છે? હે ગૌતમ! જેમ કોઈ પુરુષ બરોબર સરખી અને રમણીય ભૂમિભાગ ઉપર ઊભો રહીને ચારે તરફ જુએ તેથી તે પુરુષ પૃથિવીતલમાં રહેલા પુરુષની અપેક્ષાએ ચોતરફ જોતો બહુ ક્ષેત્રને યાવત્ દેખતો નથી, યાવત્ થોડાં ક્ષેત્રને દેખે છે. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક યાવત્ અલ્પ ક્ષેત્રને જુએ છે. હે ભગવન્! નીલલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાન વડે ચારે તરફ જોતો જોતો કેટલા ક્ષેત્રને જાણે અને દેખે? હે ગૌતમ! અતિ ઘણા ક્ષેત્રને જાણે અને*

*અત્યંત ઘણા ક્ષેત્રને દેખે. અતિ દૂર ક્ષેત્રને જાણે અને અતિ દૂર ક્ષેત્રને દેખે. વિતિમિરક–અત્યન્ત સ્પષ્ટ ક્ષેત્રને જાણે અને અત્યન્ત સ્પષ્ટ ક્ષેત્રને દેખે, અત્યન્ત વિશુદ્ધ ક્ષેત્રને જાણે અને અત્યન્ત વિશુદ્ધ ક્ષેત્રને દેખે. હે ભગવન્! એમ શાથી કહો છો કે નીલલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને જાણે અને વિશુદ્ધતર ક્ષેત્રને દેખે? હે ગૌતમ! જેમ કોઇ એક પુરુષ બરોબર સરખી અને રમણીય ભૂમિભાગથી પર્વત ઉપર ચઢીને ચારે દિશા અને વિદિશામાં જુએ, તેથી તે પુરુષ પૃથિવીતલ ઉપર રહેલા પુરુષની અપેક્ષાએ ચારે તરફ જોતો ઘણા ક્ષેત્રને જાણે, યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને દેખે, તે માટે હે ગૌતમ! એમ કહું છું કે નીલલેશ્યાવાળો નારક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ યાવત્ વિશુદ્ધ ક્ષેત્રને જુએ. હે ભગવન્! કાપોતલેશ્યાવાળો નૈરયિક નીલલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાનવડે ચારે તરફ જોતો જોતો કેટલા ક્ષેત્રને જાણે અને દેખે? હે ગૌતમ! ઘણા ક્ષેત્રને જાણે અને દેખે, યાવત્ વિશુદ્ધતર ક્ષેત્રને દેખે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કાપોતલેશ્યાવાળો નૈરયિક યાવત્ વિશુદ્ધ ક્ષેત્રને જુએ'? હે ગૌતમ! જેમ કોઇ પુરુષ બરોબર સરખી અને રમણીય ભૂમિ ઉપરથી પર્વત પર ચઢે, અને ઉપર ચઢીને બન્ને પગ ઉંચા કરી ચોતરફ જુએ તેથી તે પર્વત ઉપર રહેલા અને પૃથિવી ઉપર રહેલા પુરુષની અપેક્ષાએ ચોતરફ જોતો ઘણા ક્ષેત્રને જાણે અને જુએ, યાવત્ સ્પષ્ટ ક્ષેત્રને જુએ, તે માટે હે ગૌતમ! એમ કહું છું કે 'કાપોતલેશ્યાવાળો નૈરયિક નીલલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ ઇત્યાદિ તેમજ કહેવું, યાવત્-સ્પષ્ટ ક્ષેત્રને દેખે. ॥૨૯॥૫૦૩॥*

(ટી૦) હવે કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકના અવધિજ્ઞાન અને દર્શનના વિષયભૂત ક્ષેત્રના પરિમાણનું તારતમ્ય બતાવે છે-'હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો કોઇક નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા બીજા નૈરયિકની **'प्रणिधाय'**—અપેક્ષાએ અવધિજ્ઞાન વડે સર્વતઃ ચારે દિશામાં **'समन्ततः'**—ચારે વિદિશામાં **'समभिलोकमानः'** જોતો કેટલું ક્ષેત્ર જાણે અથવા અવધિદર્શન વડે કેટલું ક્ષેત્ર દેખે? ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! ઘણું ક્ષેત્ર ન જાણે, તેમ ઘણું ક્ષેત્ર ન દેખે. તાત્પર્ય એ છે કે વિવક્ષિત કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક પોતાની યોગ્યતાને અનુસારે અતિવિશુદ્ધ છતાં પણ બીજા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અતિ ઘણું ક્ષેત્ર અવધિજ્ઞાન–દર્શન વડે જાણતો અને જોતો નથી. એજ બાબત કહે છે–અતિદૂરનું ક્ષેત્ર જાણતો નથી, તેમ અતિ દૂરનું ક્ષેત્ર જોતો નથી. પરન્તુ ઇત્વર–થોડુ અધિક ક્ષેત્ર જાણે છે અને થોડું અધિક ક્ષેત્ર દેખે છે. આ સૂત્ર સમાન નરક પૃથિવીમાં રહેલા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોની અપેક્ષાએ સમજવું, કારણ કે એમ જો ન માનીએ તો વ્યભિચારનો સંભવ થાય છે. જેમકે સાતમી નરકપૃથિવીમાં રહેલો કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક જઘન્યથી અર્ધ ગાઉ જાણે છે અને વધારેમાં વધારે એક ગાઉ જાણે છે. છઠ્ઠી પૃથિવીમાં રહેલો જઘન્યથી એક ગાઉ અને ઉત્કૃષ્ટથી દોઢ ગાઉ, પાંચમી નરકમાં રહેલો જઘન્યથી દોઢ ગાઉ અને ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન બે ગાઉ જાણે છે અને જુએ છે. તેથી બમણાં કે ત્રણગણા અધિક ક્ષેત્રનો સંભવ હોવાથી પ્રસ્તુત સૂત્રમાં વ્યભિચાર–અનિયતપણું પ્રાપ્ત થાય છે. જેમકે અતિવિશુદ્ધ છતાં પણ કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક સમાન નરક પૃથિવીમાં રહેનારા બીજા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ કંઇક અધિક જુએ છે, પણ ઘણું વધારે જોતો નથી. તે પ્રમાણે દૃષ્ટાન્તદ્વારા સિદ્ધ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—**'से केणट्ठेणं भंते'** ઇત્યાદિ. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો—ઇત્યાદિ. અહીં આ તાત્પર્ય છે—જેમ સરખી પૃથિવી ઉપર રહેલો કોઇ એક વિવક્ષિત પુરુષ પોતાની ચક્ષુ નિર્મલ હોવાથી કંઇક અધિક જુએ છે. પણ ઘણું વધારે જોતો નથી, તેમ કોઇ એક વિવક્ષિત કૃષ્ણલેશ્યાવાળો નૈરયિક પોતાની ભૂમિકાને અનુસારે અતિવિશુદ્ધ છતાં સમાન પૃથિવીમાં રહેનાર બીજા કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિવડે કંઇક અધિક ક્ષેત્ર જુએ છે, પણ ઘણું વધારે ક્ષેત્ર જોતો નથી. અહીં બરોબર સરખી પૃથિવીના સ્થાને સમાન નરક પૃથિવી છે, પોતાની ભૂમિકા સમાન કૃષ્ણરૂપ લેશ્યા છે અને ચક્ષુના સ્થાને અવધિજ્ઞાન છે, એથી આ અર્થ વ્યક્ત થાય છે-જેમ સમાન ભૂમિ ઉપર રહેલો પુરુષ સર્વ દિશાઓ અને વિદિશામાં જોતો ખાડામાં રહેલા પુરુષની અપેક્ષાએ ઘણુ વધારે ક્ષેત્ર જુએ છે, તે પ્રમાણે પાંચમી નરકપૃથિવીમાં રહેલો પોતાની ભૂમિકાને અનુસારે અતિવિશુદ્ધ કૃષ્ણલેશ્યાવાળો વિવક્ષિત નૈરયિક છે તે સાતમી નરકપૃથિવીમાં રહેલા અતિમન્દ સામર્થ્યવાળા

અવધિજ્ઞાની નૈરયિકની અપેક્ષાએ ઘણું વધારે જુએ છે, કારણ કે તેનું અવધિજ્ઞાન કંઇક અધિક ત્રણગણું છે. હવે નીલલેશ્યાવાળા નૈરયિક સંબન્ધે સૂત્ર કહે છે—**'नीललेस्से णं भंते! नेरइए कण्हलेसं नेरइयं पणिहाए'** ઇત્યાદિ. હે ભગવન્! નીલલેશ્યાવાળો નૈરયિક કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાન વડે કેટલા ક્ષેત્રને જાણે? ઇત્યાદિ અક્ષરાર્થ સુગમ છે, પરન્તુ **'वितिमिरतरागं खेत्तं जाणइ'** વિગત–ગયું છે તિમિર–તિમિર(અંધકાર) જન્ય ભ્રાન્તિ જેમાં તે વિતિમિર–સ્પષ્ટ, આ વિતિમિર–સ્પષ્ટ છે, આ પણ વિતિમિર સ્પષ્ટ છે, પરન્તુ આ અતિશય વિતિમિર છે, આવા વિતિમિર–ભ્રાન્તિરહિત ક્ષેત્રને જાણે છે. અહીં અતિશય અર્થમાં તર પ્રત્યય થયો છે અને પ્રાકૃતના નિયમથી સ્વાર્થમાં क પ્રત્યય અને દીર્ઘ થયો છે. એ કારણથી વિશુદ્ધતર–અત્યન્ત સ્ફુટ પ્રતિભાસવાળું જાણે છે. ભાવાર્થ આ છે–જેમ પૃથિવી ઉપર રહેલા પુરુષની અપેક્ષાએ પર્વત ઉપર ચઢેલો મનુષ્ય અતિદૂરના ક્ષેત્રને જુએ છે, અને તે પણ સ્ફુટપ્રતિભાસવાળા ક્ષેત્રને જાણે છે, તેમ વિવક્ષિત–નીલલેશ્યાવાળો પોતાની યોગ્યતાને અનુસારે અતિવિશુદ્ધ અવધિજ્ઞાની અન્ય કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ અતિદૂર અને સ્ફુટપ્રતિભાસવાળા ક્ષેત્રને જાણે છે. અહીં પર્વતને સ્થાને ઉપરની ત્રીજી નરકપૃથિવી છે, તેઓને પોતાની ભૂમિકાને અનુસારે અતિવિશુદ્ધ નીલલેશ્યા છે, પૃથિવીતલને સ્થાને નીચેની કૃષ્ણલેશ્યા છે અને ચક્ષુને સ્થાને અવધિજ્ઞાન છે. હવે નીલલેશ્યાવાળાની અપેક્ષાએ કાપોતલેશ્યા સંબન્ધે સૂત્ર કહે છે—**'काउलेस्से णं भंते! नेरइए नीललेस्सं नेरइयं पणिहाय'** ઇત્યાદિ. હે ભગવન્! કાપોતલેશ્યાવાળો નૈરયિક નીલલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ—ઇત્યાદિ અક્ષરાર્થ સુગમ છે, પરન્તુ **'બન્ને પગો'** **'उच्चावइत्ता–ઉંચા કરીને'** એટલે 'બન્ને પાની ઉંચી કરીને' એ અર્થ સમજવો. ભાવાર્થ છે–જેમ પર્વતના ઉપર વૃક્ષ ઉપર ચઢેલો ચારે તરફ દિશાઓ અને વિદિશાઓમાં જોતો ઘણું અને અત્યંત સ્પષ્ટ જુએ છે, તેમ કાપોતલેશ્યાવાળો નૈરયિક બીજા નીલલેશ્યાવાળા નૈરયિકની અપેક્ષાએ ઘણું ક્ષેત્ર અવધિજ્ઞાનવડે જાણે છે અને જુએ છે, અને તે પણ અતિસ્પષ્ટપણે જાણે છે, અહીં વૃક્ષને સ્થાને કાપોતલેશ્યા અને ઉપરની નરકપૃથિવી છે, પર્વતને સ્થાને નીલલેશ્યા અને ત્રીજી નરકપૃથિવી છે અને ચક્ષુને સ્થાને અવધિજ્ઞાન છે. ॥૨૯॥૫૦૩॥

## ।। कण्हाइलेस्सेसु जीवेसु णाणपरूवणं ।।

**कण्हलेस्से णं भंते! जीवे कइसु नाणेसु होज्जा? गोयमा! दोसु वा तिसु वा चउसु वा नाणेसु होज्जा, दोसु होमाणे आभिणिबोहिय-सुयनाणेसु होज्जा, तिसु होमाणे आभिणिबोहिय-सुयनाण-ओहिनाणेसु होज्जा, अहवा तिसु होमाणे आभिणिबोहिय-सुयनाण-मणपज्जवनाणेसु होज्जा, चउसु होमाणे आभिणिबोहिय-सुय-ओहि-मणपज्जवनाणेसु होज्जा, एवं जाव पम्हलेसे। सुक्कलेस्सेणं भंते! जीवे कइसु नाणेसु होज्जा? गोयमा! दोसु वा तिसु वा चउसु वा एगम्मि वा होज्जा, दोसु होमाणे आभिणिबोहियनाण० एवं जहेव कण्हलेसाणं तहेव भाणियव्वं जाव चउहिं। एगंमि [नाणे] होमाणे एगंमि केवलनाणे होज्जा।।सू०-३०।।५०४।।**

**पन्नवणाए भगवइए सत्तरसे लेस्सापए तइओ उद्देसओ समत्तो।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો જીવ કેટલા જ્ઞાનોમાં હોય? હે ગૌતમ! બે, ત્રણ અને ચાર જ્ઞાનમાં વર્તતો હોય. જો બે જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક અને શ્રુતજ્ઞાનમાં હોય. જો ત્રણ જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં હોય. અથવા આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. જો ચાર જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય. એ પ્રમાણે યાવત્ પદ્મલેશ્યાવાળો જાણવો. હે ભગવન્! શુક્લલેશ્યાવાળો જીવ કેટલા જ્ઞાનમાં હોય? હે ગૌતમ! બે, ત્રણ અને ચાર જ્ઞાનમાં હોય. જો બે જ્ઞાનમાં હોય તો 'આભિનિબોધિકજ્ઞાન'–ઇત્યાદિ જેમ કૃષ્ણલેશ્યાવાળાને કહ્યું તેમજ કહેવું, યાવત્ ચાર જ્ઞાનમાં હોય. જો એક જ્ઞાનમાં હોય તો એક કેવલજ્ઞાનમાં હોય. ॥૩૦॥૫૦૪॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં સત્તરમા લેશ્યાપદનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત.*

(ટી૦) 'કયી લેશ્યાઓ કેટલા જ્ઞાનોમાં હોય' એ નિરૂપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**कण्हलेस्से णं भंते! जीवे कइसु नाणेसु होज्जा?**' 'હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો જીવ કેટલા જ્ઞાનોમાં હોય'—ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન કહે છે—'હે ગૌતમ! બે, ત્રણ અને ચાર જ્ઞાનમાં હોય છે, તેમાં બે જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક અને શ્રુતજ્ઞાનમાં હોય, ત્રણ જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાં અથવા આભિનિબોધિક, શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય, અહીં અવધિજ્ઞાન રહિતને પણ મનઃપર્યવજ્ઞાન થાય છે, કારણ કે સિદ્ધપ્રાભૃતાદિ ગ્રન્થોમાં અનેકવાર તેવી રીતે પ્રતિપાદન કરેલું છે. વળી દરેક જ્ઞાનની તેના આવરણના ક્ષયોપશમની સામગ્રી વિચિત્ર હોય છે. તેમાં કોઇક આમર્ષૌષ્ધ્યાદિમાંની કોઇપણ લબ્ધિસહિત અપ્રમત્ત ચારિત્રવાળાને મનઃપર્યવજ્ઞાનાવરણના ક્ષયોપશમના નિમિત્તભૂત તેવા પ્રકારના અધ્યવસાયાદિરૂપ સામગ્રી પ્રાપ્ત થાય છે, પરન્તુ અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમના કારણભૂત સામગ્રી પ્રાપ્ત થતી નથી, તેથી તેને મનઃપર્યવ જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. (પ્ર૦)—મનઃપર્યવજ્ઞાન અતિવિશુદ્ધને થાય છે અને કૃષ્ણલેશ્યા સંક્લિષ્ટ અધ્યવસાયરૂપ છે તો કૃષ્ણલેશ્યાવાળાને મનઃપર્યવ જ્ઞાનનો કેમ સંભવ હોય? (ઉ૦)—અહીં પ્રત્યેક લેશ્યાના અસંખ્યાતા લોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે, તેમાંના કેટલાએક મન્દ રસવાળા અધ્યવસાયસ્થાનકો પ્રમત્તસંયતને પણ હોય છે. તેથી કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા પ્રમત્તસંયત ગુણસ્થાનક સુધી અન્ય કાર્મગ્રન્થિક શાસ્ત્રમાં કહેલી છે. મનઃપર્યવજ્ઞાન પ્રથમ અપ્રમત્ત સંયતને થાય છે અને ત્યાર પછી પ્રમત્તસંયતને પણ હોય છે, માટે કૃષ્ણલેશ્યાવાળાને પણ મનઃપર્યવજ્ઞાન સંભવે છે. ચાર જ્ઞાનમાં હોય તો આભિનિબોધિક, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવ—એ ચાર જ્ઞાનમાં હોય. '**एवं जाव पम्हलेस्से**' એ પ્રમાણે કૃષ્ણલેશ્યાવાળાને કહ્યું તેમ ઉપર કહેલા પ્રકારવડે યાવત્ પદ્મલેશ્યા સુધી કહેવું. એટલે કે નીલલેશ્યાવાળો, કાપોતલેશ્યાવાળો, તેજોલેશ્યાવાળો અને પદ્મલેશ્યાવાળો ઉપર કહ્યા પ્રમાણે બે, ત્રણ અને ચાર જ્ઞાનોમાં કહેવો. તે આ પ્રમાણે—"હે ભગવન્! નીલલેશ્યાવાળો જીવ કેટલાં જ્ઞાનમાં હોય? હે ગૌતમ! બે, ત્રણ કે ચાર જ્ઞાનમાં હોય"—ઇત્યાદિ. પણ શુક્લલેશ્યાવાળામાં વિશેષતા છે માટે તે સંબન્ધે જુદું સૂત્ર કહે છે—'**सुक्कलेस्से णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! શુક્લલેશ્યાવાળો ઇત્યાદિ. શુક્લલેશ્યામાં જ કેવલજ્ઞાન હોય છે પણ બીજી લેશ્યાઓમાં હોતું નથી, તેથી બાકીની લેશ્યાવાળાઓથી શુક્લલેશ્યાવાળાની વિશેષતા છે. ॥૩૦॥૫૦૪॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્તરમા લેશ્યાપદનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત.

- *અરિહંત બનનાર આત્મા જ્યાં સુધી તીર્થંકરનામ કર્મના ઉદયવાળા ન બને ત્યાં સુધીય પ્રાયઃ કરીને ઉપદેશ આપતા નથી. પોતે ચાર જ્ઞાનના ધણી હોવા છતાં પોતાને છદ્મસ્થ માને છે. આ વાત આગમોક્ત છે.*
- *અરિહંતના હાથેદિક્ષિત એજ ભવમાં મોક્ષમાં જાય એવો નિયમ નથી પણ એ અલ્પકાળમાં મોક્ષમાં જવાના જ એ નિયમ ખરો.*
- *અરિહંતનું શાસન પુણ્યાનુબંધી પુણ્યવાળાને જ મળે એમ નથી. એ પાપાનુંબંધી પુણ્યવાળાને પણ મળે પણ એને ફળે નહીં. એ ચોક્કસ છે. જેમ કંજુસને કૃપણને લક્ષ્મી મળે પણ એ ભોગવી ન શકે એમ જ અહિં સમજવાનું.*

- જયાનંદ

## ।। सत्तरसमं पयं – चउत्थो उद्देसो ।।

## ।। लेस्साभेयपरूवणं ।।

परिणामवन्नरसगंधसुद्धअपसत्थसंकिलिट्ठुण्हा। गतिपरिणामपदेसोगाढवग्गणठाणाणमप्पबहुं ।।१।। कइणं भंते! लेस्साओ पन्नत्ताओ? गोयमा! छल्लेस्साओ पन्नत्ताओ, तं जहा–कण्हलेस्सा जाव सुक्कलेस्सा।

## ।। परिणामाहिगारो ।।

से नूणं भंते! कण्हलेस्सा नीललेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो २ परिणमति? हंता गोयमा! कण्हलेस्सा नीललेस्सं पप्प तारूवत्ताए जाव भुज्जो २ परिणमति। से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'कण्हलेस्सा नीललेस्सं पप्प तारूवत्ताए जाव भुज्जो २ परिणमति'? गोयमा! से जहा नामए खीरे दूसिं पप्प सुद्धे वा वत्थे रागं पप्प तारूवत्ताए जाव ताफासत्ताए भुज्जो २ परिणमइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–'कण्हलेस्सा नीललेस्सं पप्प तारूवत्ताए जाव भुज्जो २ परिणमइ'। एवं एतेणं अभिलावेणं नीललेस्सा काउलेस्सं पप्प, काउलेस्सा तेउलेस्सं पप्प, तेउलेस्सा पम्हलेस्सं पप्प, पम्हलेस्सा सुक्कलेस्सं पप्प जाव भुज्जो २ परिणमइ ।।सू०-३१।।५०५।।

### *ચોથો ઉદ્દેશક*

*(મૂ૦) ૧ પરિણામ, ૨ વર્ણ, ૩ રસ, ૪ ગંધ, ૫ શુદ્ધ, ૬ અપ્રશસ્ત, ૭ સંક્લિષ્ટ, ૮ ઉષ્ણ, ૯ ગતિ, ૧૦ પરિણામ, ૧૧ પ્રદેશ, ૧૨ અવગાઢ, ૧૩ વર્ગણા, ૧૪ સ્થાન અને ૧૫ અલ્પબહુત્વ એ પ્રમાણે પંદર અધિકાર ચોથા ઉદ્દેશકમાં છે.*

*હે ભગવન્ કેટલી લેશ્યાઓ છે? હે ગૌતમ! છ લેશ્યાઓ છે. તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તેના રૂપપણે, તેના વર્ણપણે, તેના ગંધપણે, તેના રસપણે અને તેના સ્પર્શપણે વારંવાર પરિણમે? હા ગૌતમ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે, યાવત્–વારંવાર પરિણમે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમે છે'? હે ગૌતમ! જેમ દૂધ દૂષ્ય–છાશને પ્રાપ્ત કરી, અથવા શુદ્ધ વસ્ત્ર રંગને પ્રાપ્ત કરી તદ્રૂપપણે, યાવત્ તત્સ્પર્શપણે વારંવાર પરિણમે છે, તે કારણથી હે ગૌતમ! એમ કહું છું કે 'કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામી તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમે છે'. એ પ્રમાણે એ પાઠ વડે નીલલેશ્યા કાપોતલેશ્યાને પામી, કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામી, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામી અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામી યાવત્ વારંવાર પરિણમે છે. ॥૩૧॥૫૦૫॥*

(ટી૦) ત્રીજો ઉદ્દેશક કહ્યો, હવે ચોથા ઉદ્દેશકનો પ્રારંભ થાય છે. તેમાં આદિમાં અધિકાર પ્રતિપાદક આ ગાથા છે– 'परिणामवण्ण' ઇત્યાદિ. ૧ પ્રથમ પરિણામાધિકાર, ૨ બીજો વર્ણાધિકાર, ૩ ત્રીજો રસાધિકાર, ૪ ચોથો ગન્ધાધિકાર, ૫ પાંચમો શુદ્ધ અને અશુદ્ધાધિકાર, ૬ છઠ્ઠો પ્રશસ્ત અપ્રશસ્તાધિકાર, ૭ સાતમો સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટાધિકાર, ૮ આઠમો ઉષ્ણ–શીતાધિકાર, ૯ નવમો ગત્યધિકાર, ૧૦ દસમો પરિણામાધિકાર, ૧૧ અગિયારમો પ્રદેશ–પ્રદેશપ્રરૂપણાધિકાર, ૧૨ બારમો અવગાઢ–અવગાહનાધિકાર, ૧૩ વર્ગણાધિકાર, ૧૪ સ્થાનપ્રરૂપણાધિકાર અને ૧૫ પંદરમો અલ્પબહુત્વાધિકાર એ પંદર અધિકારો આ ઉદ્દેશકમાં કહેવાના છે.

તેમાં પ્રથમ પરિણામાધિકાર કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર જેનો પરિણામ કહેવાનો છે તે લેશ્યાઓ કેટલી છે તે બતાવે છે—कइ णं भंते! लेस्साओ पन्नत्ताओ? હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે–ઇત્યાદિ. આ સૂત્ર પૂર્વે પણ કહ્યું છે, પરન્તુ પરિણામરૂપ અર્થાધિકારનું પ્રતિપાદન કરવા માટે ફરીથી કહેવામાં આવ્યું છે—'से नूणं भंते'! ઇત્યાદિ. 'से' શબ્દ અથશબ્દના અર્થમાં છે અને અથ શબ્દ પ્રશ્નના અર્થમાં છે. હે ભગવાન્! 'नूनम्' નિશ્ચિત કૃષ્ણલેશ્યા–કૃષ્ણલેશ્યાને યોગ્ય દ્રવ્યો, નીલલેશ્યા–

નીલલેશ્યાને યોગ્ય દ્રવ્યોને પામીને એટલે પરસ્પર એકબીજાના અવયવનો સ્પર્શ પ્રાપ્ત કરી '**तद्रूपतया**' તદ્રૂપપણે–નીલલેશ્યારૂપપણે, અહીં રૂપશબ્દ સ્વભાવવાચી છે એટલે નીલલેશ્યાના સ્વભાવપણે 'ભૂયો ભૂયઃ' વારંવાર પરિણમે? તેનો સ્વભાવ તેના વર્ણાદિરૂપે હોય છે, તેથી કહે છે કે '**तद्वर्णतया, तद्रसतया तद्गन्धतया, तत्स्पर्शतया**'—તેના વર્ણરૂપે, તેના રસરૂપે, તેના ગન્ધરૂપે અને તેના સ્પર્શરૂપે, અહીં બધે તત્ (તે) શબ્દવડે નીલલેશ્યા યોગ્ય દ્રવ્યને ગ્રહણ કરે છે એટલે નીલલેશ્યા દ્રવ્યના સ્વભાવપણે '**भूयो भूयः**' અનેકવાર તિર્યંચ અને મનુષ્યોને તે તે ભવાન્તરની પ્રાપ્તિમાં અથવા બાકીના સમયે પરિણમે છે? આ હકીકત તિર્યંચ મનુષ્યોને આશ્રયી જાણવી. એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! હા ગૌતમ! ઇત્યાદિ. અહીં '**हन्ता**' એ અનુમતિના અર્થમાં છે. હે ગૌતમ! એ મને અનુમત છે કે કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે પરિણમે છે. અહીં આ ભાવાર્થ છે—જ્યારે કૃષ્ણલેશ્યાના પરિણામવાળો તિર્યંચ કે મનુષ્ય ભવાન્તરમાં જવાની ઇચ્છાવાળો હોય અને નીલલેશ્યા યોગ્ય દ્રવ્યને ગ્રહણ કરે ત્યારે નીલલેશ્યા યોગ્ય દ્રવ્યના સંબંધથી તે કૃષ્ણલેશ્યાને યોગ્ય દ્રવ્યો તેવા પ્રકારના જીવના પરિણામરૂપ સહકારી કારણ પ્રાપ્ત કરી નીલલેશ્યા દ્રવ્યરૂપે પરિણમે છે. કારણ કે પુદ્ગલોને તે તે રૂપે પરિણામ પામવાનો સ્વભાવ છે. તેથી તે કેવળ નીલલેશ્યા યોગ્ય દ્રવ્યના પ્રાધાન્યથી નીલલેશ્યાના પરિણામવાળો થઇ કાળ કરી ભવાન્તરમાં ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે '**जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेस्से उववज्जइ**'—જે લેશ્યાદ્રવ્યોને ગ્રહણ કરી કાળ કરે છે તે લેશ્યાના પરિણામવાળો ઉત્પન્ન થાય છે. તથા તેજ તિર્યંચ અને મનુષ્ય તેજ ભવમાં વર્તતો જ્યારે કૃષ્ણલેશ્યાના પરિણામવાળો થઇને નીલલેશ્યાપણે પરિણત થાય છે ત્યારે પણ કૃષ્ણલેશ્યા યોગ્ય દ્રવ્યો તે કાળે ગ્રહણ કરેલા નીલલેશ્યા યોગ્ય દ્રવ્યના સંબન્ધથી નીલલેશ્યા યોગ્ય દ્રવ્યરૂપે પરિણત થાય છે. આજ અર્થનો દષ્ટાન્ત વડે વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ પ્રશ્નસૂત્ર કહે છે—'**से केणट्ठेणं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! એમ શાથી કહો છો- ઇત્યાદિ પ્રશ્ન સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—'**गोयमा! से जहानामए खीरे**' ઇત્યાદિ. '**यथानाम**' લોકપ્રસિદ્ધ જેમકે **गोक्षीर**-ગાયનું દૂધ, બકરીનું દૂધ, ભેંસનું દૂધ-ઇત્યાદિ નામવાળું દૂધ હોય તે '**दूसी**' દેશી શબ્દ હોવાથી દૂષ્ય-વલોવેલી છાશને પ્રાપ્ત કરી પરસ્પર અવયવના સ્પર્શ વડે એકમેક થઇને, તથા શુદ્ધ-મેલરહિત વસ્ત્ર, કારણ કે મલિન વસ્ત્રને રંગવામાં આવે તો પણ તેવા પ્રકારનો રંગ લાગતો નથી. માટે શુદ્ધ વસ્ત્ર કહ્યું છે. રાગ-મજીઠ વગેરેનો રંગ પ્રાપ્ત કરીને '**तद्रूपतया**' મજીઠ વગેરે રંગના સ્વભાવરૂપે એટલે '**तद्वर्णतया**' ઇત્યાદિ. તેના વર્ણાદિરૂપે પરિણમે છે, તે પ્રમાણે કૃષ્ણલેશ્યાયોગ્ય દ્રવ્યો નીલલેશ્યા યોગ્ય દ્રવ્યોને પ્રાપ્ત કરી તે રૂપે પરિણમે છે. અહીં આ ભાવાર્થ છે—જેમ દૂધરૂપ કારણની અન્દર રહેલા વર્ણાદિ છાશના (દહીંના) વર્ણાદિ ભાવે પરિણમે છે, અથવા શુદ્ધ વસ્ત્રરૂપ કારણમાં રહેલા વર્ણાદિ મજીઠ વગેરે રંગદ્રવ્યના વર્ણાદિભાવે પરિણત થાય છે તેમ કૃષ્ણલેશ્યા યોગ્ય દ્રવ્યરૂપ કારણમાં રહેલા વર્ણાદિ નીલલેશ્યા યોગ્ય દ્રવ્યના વર્ણાદિપણે પરિણમે છે. '**से तेणट्ठेणं**' તે કારણથી ઇત્યાદિ ઉપસંહાર વાક્ય સુગમ છે. એ પ્રમાણે 'નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને' ઇત્યાદિ ચારે સૂત્રોનો વિચાર કરવો. ॥૩૧॥૫૦૫॥

**से नूणं भंते! कण्हलेस्सा नीललेस्सं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो २ परिणमइ? हंता गोयमा! कण्हलेस्सा नीललेस्सं पप्प जाव सुक्कलेस्सं पप्प तारूवत्ताए तावण्णत्ताए तागंधत्ताए ताफासत्ताए भुज्जो २ परिणमइ। से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'कण्हलेस्सा नीललेस्सं जाव सुक्कलेस्सं पप्प तारूवत्ताए जाव भुज्जो २ परिणमइ'? गोयमा! से जहानामए वेरुलियमणी सिया कण्हसुत्तए वा नीलसुत्तए वा लोहियसुत्तए वा हालिद्दसुत्तए वा सुक्किल्लसुत्तए वा आइए समाणे तारूवताए जाव भुज्जो २ परिणमइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–'कण्हलेस्सा नीललेस्सं जाव सुक्कलेस्सं पप्प तारूवत्ताए भुज्जो २ परिणमति ।।सू०-३२।।५०६।।**

*(મૂ૦) હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પામી તદ્દરૂપપણે, તદ્વર્ણપણે, તદ્ગન્ધપણે, તદ્દરસપણે અને તત્સ્પર્શપણે વારંવાર પરિણમે? હા ગૌતમ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને, યાવત્ શુક્લલેશ્યાને પામી તદ્રૂપપણે, તદ્વર્ણપણે, તદ્ગન્ધપણે તદ્દરસપણે અને તત્સ્પર્શપણે વારંવાર પરિણમે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કૃષ્ણલેશ્યા નીલલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પામી તદ્રૂપણે યાવત્ વારંવાર પરિણમે છે'? હે ગૌતમ! જેમ કોઇ વૈડૂર્ય મણિ હોય અને તે કાળા સૂત્રમાં, લીલા સૂત્રમાં, રાતા સૂત્રમાં કે ધોળા સૂત્રમાં પરોવ્યો હોય તો તદ્રૂપણે યાવત્ વારંવાર પરિણમે છે, તે કારણથી એમ કહું છું કે કૃષ્ણલેશ્યા નીલલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પામીને તદ્દરૂપપણે વારંવાર યાવત્ પરિણમે છે. ॥૩૨॥૫૦૬॥*

**से नूणं भंते! नीललेस्सा किण्हलेस्सं जाव सुक्कलेस्सं पप्प तारूवत्ताए जाव भुज्जो २ परिणमइ? हंता गोयमा। एवं चेव, एवं काउलेस्सा किण्हलेस्सं नीललेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं, एवं तेउलेस्सा किण्हलेस्सं नीललेस्सं काउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं, एवं पम्हलेस्सा किण्हलेस्सं नीललेस्सं काउलेस्सं तेउलेस्सं सुक्कलेस्सं पप्प जाव भुज्जो २ परिणमइ? हन्ता गोयमा। तं चेव। से नूणं भंते! सुक्कलेस्सा किण्हलेस्सं नीललेस्सं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं पप्प जाव भुज्जो २ परिणमइ? हंता गोयमा। एवं [तं] चेव ।।सू०-३३।।५०७।।**

*(મૂ૦) હે ભગવન્! અવશ્ય નીલલેશ્યા કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પામી તદ્દરૂપપણે યાવત્ વારંવાર પરિણમે? હા ગૌતમ! એમજ છે. કાપોતલેશ્યા કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાને પામી, એ પ્રમાણે તેજોલેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત, પદ્મ અને શુક્લલેશ્યાને પામી, એમ પદ્મલેશ્યા કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ્ અને શુક્લલેશ્યાને પામી યાવત્ વારંવાર પરિણમે? હા ગૌતમ! તેમજ છે. હે ભગવન્! શુક્લલેશ્યા કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યાને પામી યાવત્ વારંવાર પરિણમે? હા ગૌતમ! તેમજ છે. ॥૩૩॥૫૦૭॥*

(ટી૦) એમ પૂર્વ પૂર્વ લેશ્યાનું પછી પછીની લેશ્યાને આશ્રયી તે રૂપે પરિણમન કહ્યું. હવે એક એક લેશ્યાનું અનુક્રમે બાકીની બધી લેશ્યારૂપે યથાસંભવ પરિણમન કહે છે—'**से नूणं भंते! कण्हलेस्सा नीललेस्सं काउलेस्सं**'—'હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યા અને કાપોતલેશ્યા વગેરેને પામી તે રૂપે પરિણમે? ઇત્યાદિ. અહીં વા શબ્દ બધે કહ્યો નથી છતાં જાણી લેવો. એટલે નીલલેશ્યા અથવા કાપોતલેશ્યા યાવત્ શુક્લલેશ્યાને પામી તે રૂપે પરિણત થાય છે, કારણ કે એક લેશ્યાનો પરસ્પર વિરુદ્ધપણે એક સમયે અનેક લેશ્યારૂપે પરિણામ થવો અસંભવિત છે. બાકી અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. આ વિષયમાં દૃષ્ટાંત કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**से केणट्ठेणं भंते**'! હે ભગવન્! એમ શાથી કહો છો? ઇત્યાદિ સુગમ છે. પરંતુ જેમ 'વૈડૂર્યમણિ એક જ છતાં તે તે ઉપાધિ (નિમિત્ત) રૂપ દ્રવ્યના સંબન્ધથી તે તે રૂપપણે પરિણમે છે, તેમ તે કૃષ્ણલેશ્યાયોગ્ય દ્રવ્ય પણ તે તે નીલાદિલેશ્યાયોગ્ય દ્રવ્યના સંબન્ધથી તે તે રૂપે પરિણમે છે,–તેટલા અંશે આ દૃષ્ટાંત છે, પણ જેમ વૈડૂર્યમણિ પોતાના સ્વરૂપનો ત્યાગ નહિ કરતાં તે તે ઉપાધિ–નિમિત્તરૂપ દ્રવ્યના સંબન્ધથી તે તે આકાર માત્રને ધારણ કરવા વડે તે તે રૂપે પરિણમે છે, તેમ આ કૃષ્ણલેશ્યાયોગ્ય દ્રવ્યો પણ પોતાના સ્વરૂપને નહિ છોડતાં તે તે નીલાદિલેશ્યાયોગ્ય દ્રવ્યના સંબન્ધથી તેના તેના આકાર માત્રને ધારણ કરવા વડે તે તે રૂપે પરિણમે છે' એટલા અંશે દૃષ્ટાન્ત નથી, કારણ કે તિર્યંચ અને મનુષ્યોને લેશ્યાદ્રવ્યોનો સર્વથા તદ્દરૂપપણે પરિણામ સિદ્ધાંતસંમત છે. જો એમ ન હોય તો નારક અને દેવો સંબન્ધી લેશ્યાદ્રવ્યોની પેઠે તિર્યંચ અને મનુષ્યોને પણ લેશ્યાદ્રવ્યો સર્વથા પોતાના સ્વરૂપનો ત્યાગ નહિ કરવા વડે તેઓનો લાંબા કાળ સુધી રહેવાનો સંભવ થાય, જેથી એઓની ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તની સ્થિતિ અન્ય સ્થળે કહી છે તેની સાથે વિરોધ થાય, કેમકે મનુષ્ય અને તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ હોવાથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ યાવત્ ત્રણ પલ્યોપમની પણ સંભવે. એ પ્રમાણે તે સિવાયની અન્ય પાંચ લેશ્યાના પરિણામને આશ્રયી કૃષ્ણલેશ્યા સંબન્ધે સૂત્ર કહ્યું. એમ નીલાદિ લેશ્યા સંબન્ધે પણ

પ્રત્યેકના તે સિવાયની અન્ય પાંચ લેશ્યાના પરિણામને આશ્રયી પાંચ સૂત્રો કહેવાં. એમ તિર્યંચ અને મનુષ્યોને ભવાન્તર પ્રાપ્તિ સમયે અને બાકીના કાળે લેશ્યાદ્રવ્યોનો પરિણામ કહ્યો. દેવ અને નારક સંબન્ધી લેશ્યાદ્રવ્યો પોતાના ભવપર્યન્ત અવસ્થિત હોય છે. તેથી અન્ય લેશ્યાદ્રવ્યના સંબન્ધથી તેનો આકારમાત્ર ધારણ કરે છે, તે અહીં કહેવામાં આવશે. તેથી પરિણામરૂપ અધિકાર કહ્યો. ॥૩૩॥૫૦૭॥

## ॥ वण्णाहिगारो ॥

**कण्हलेस्सा णं भंते! वन्नेणं केरिसिया पन्नत्ता? गोयमा! से जहानामए जीमूते इ वा अंजणे इ वा खंजणे इ वा कज्जले इ वा गवले इ वा गवलवलए इ वा जंबूफले इ वा अद्दारिट्ठपुप्फे इ वा परपुट्ठे वा भमरे इ वा भमरावली इ वा गयकलभे इ वा किण्हकेसरे इ वा आगासथिग्गले इ वा किण्हासोए इ वा कण्हकणवीरए इ वा कण्हबंधुजीवए इ वा, भवे एतारूवे? गोयमा! णो इणट्ठे समट्ठे, कण्हलेस्सा णं इत्तो अणिट्ठयरिया चेव अकंतयरिया चेव अप्पियतरिया चेव अमणुन्नतरिया चेव अमणामतरिया चेव वन्नेणं पन्नत्ता ।।सू०-३४।।५०८।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યા વર્ણથી કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કોઈ મેઘ, અંજન, ખંજન-દીવાના કોડીયાનો મેલ, કાજળ, ગવલ-પાડાનું શીંગડું, ગવલવલય-વલયની આકૃતિવાળું પાડાનું શીંગડું, જાંબુ, લીલા અરીઠાનું ફૂલ, કોયલ, ભ્રમર, ભ્રમરની પંક્તિ, હાથીનું બચ્ચું, કૃષ્ણ કેસર-કાળું બકુલનું ઝાડ, આકાશ થિગ્ગલ-મેઘાચ્છાદિત આકાશખંડ, કૃષ્ણ અશોક, કાળી કણેર અને કાળો બંધુજીવક છે, શું એવા પ્રકારની કૃષ્ણલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ-યુક્ત નથી. કૃષ્ણલેશ્યા એથી વધારે અનિષ્ટ, અત્યંત અકાંત, અત્યન્ત અપ્રિય, અતિઅમનોજ્ઞ, અને મનને ન ગમે તેવી વર્ણ વડે કહેલી છે. ॥૩૪॥૫૦૮॥*

(ટી૦) હવે વર્ણાધિકાર કહે છે—'**कण्हलेस्सा णं भंते! वण्णेणं केरिसिया पन्नत्ता**'—હે ભગવન્! કૃષ્ણલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે—ઇત્યાદિ. કૃષ્ણદ્રવ્યરૂપ લેશ્યા તે કૃષ્ણલેશ્યા એટલે કૃષ્ણલેશ્યાયોગ્ય દ્રવ્યો. કારણ કે તેઓને જ વર્ણાદિનો સંભવ છે, પરન્તુ કૃષ્ણદ્રવ્યથી ઉત્પન્ન થયેલ ભાવરૂપ કૃષ્ણલેશ્યા ન લેવી, કારણ કે તેઓને વર્ણાદિનો સંભવ નથી. તે કૃષ્ણલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે? ભગવાન્ કહે છે—'હે ગૌતમ! '**यथानामकः**' લોકપ્રસિદ્ધ '**जीमूतः**' મેઘ, તે અહીં વર્ષાઋતુના પ્રારંભકાળનો જલથી ભરેલો જાણવો, કારણ કે પ્રાયઃ તેનામાં જ અતિશય કાળાશ હોય છે. ઇતિ શબ્દ ઉપમાનભૂત વસ્તુઓના નામની સમાપ્તિ દ્યોતક છે. વા શબ્દ બીજા ઉપમાનોની અપેક્ષાએ સમુચ્ચયના અર્થમાં છે. એમ બધે '**इति**' અને '**वा**' શબ્દ જાણવા. અંજન-સૌવીરાંજન, સુરમો, અથવા શ્યામ વર્ણવાળું રત્નવિશેષ, ખંજન-દિવાના કોડીયાનો મેલ, અથવા 'તેલાદિસ્નેહયુક્ત ગાડાની ધરીના ઘસારાથી ઉત્પન્ન થયેલ મેલ' એમ બીજા આચાર્યો કહે છે. '**कज्जल**' કાજળ પ્રસિદ્ધ છે, ગવલ-પાડાનું શીંગડું, અને તે પણ ઉપરની ત્વચાના ભાગને દૂર કરેલું સમજવું, કારણ કે ત્યાંજ વિશિષ્ટ કાળાશનો સંભવ છે. જાંબુ પ્રસિદ્ધ છે, અરિષ્ટ-અરીઠાં, પરપુષ્ટ-કોયલ, ભ્રમર-ભમરો, ભમરાની પંક્તિ, ગજકલભ-હાથીનું બચ્ચું, કૃષ્ણ કેસર-કાળી બોરસલી, આકાશથિગ્ગલ-શરદઋતુમાં મેઘવડે આચ્છાદિત આકાશનો ખંડ, તે પણ ઘણોજ કાળો લાગે છે માટે કહ્યું છે. કૃષ્ણ અશોક, કૃષ્ણ કણવીર-કણેર, કૃષ્ણ બંધુજીવક-બપોરીઓ-એ બધા અમુક પ્રકારના વૃક્ષો છે. અશોકાદિ વૃક્ષો જાતિભેદથી પાંચ વર્ણના હોય છે તેથી બાકીના વર્ણનો નિષેધ કરવા કૃષ્ણનું ગ્રહણ કર્યું છે. એટલું કહ્યું એટલે ગૌતમ કહે છે—'**भवे एयारूवा**'? હે ભગવન્! કૃષ્ણલેશ્યા વર્ણ વડે એવા સ્વરૂપવાળી હોય? ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! એવા રૂપવાળી કૃષ્ણલેશ્યા હોય એ અર્થ સમર્થ-યુક્ત નથી, પરન્તુ તે કૃષ્ણલેશ્યા આ જીમૂતાદિ-મેઘ વગેરેથી કૃષ્ણ વર્ણવડે અત્યન્ત અનિષ્ટ છે. અહીં કિંચિદ્ અનિષ્ટ હોવા છતાં સ્વરૂપથી કાન્ત-મનોહર હોય છે માટે કાન્તપણાનો નિષેધ કરવા માટે કહે છે-અત્યન્ત અકાન્ત હોય છે. કેટલાકને કંઇક અનિષ્ટ છતાં અને સ્વરૂપથી અકાન્ત છતાં બીજાને પ્રિય હોય છે માટે સર્વથા પ્રિયપણાનો

નિષેધ કરવા માટે કહે છે—'अप्रियतरिका' અત્યંત અપ્રિય છે. આજ કારણથી 'अमनोज्ञतरिकैव' અત્યન્ત અમનોજ્ઞ છે, કારણ કે વસ્તુતઃ યથાર્થ પરિજ્ઞાન થવાથી જરાપણ ઉપાદેયરૂપે તેમાં મનની પ્રવૃત્તિ થતી નથી. અત્યંત અમનોજ્ઞ છતાં કંઇક મધ્યમ હોય, તેથી અત્યન્ત પ્રકૃષ્ટમાં પ્રકર્ષવિશેષનું પ્રતિપાદન કરવા માટે કહે છે-'अमनापतरिकैव' અત્યન્ત મનને પ્રાપ્ત નહિ થનાર, 'मनांसि आप्नोति' મનને પ્રાપ્ત થાય, એટલે મનને વશ કરે તે મનાપ કહેવાય, એવી ન હોય તે 'अमनापतरिया' અત્યંત અમનોજ્ઞ. [અહીં મણામ શબ્દ મનોજ્ઞવાચી રૂઢ છે.] એટલે અત્યંત અમનોહર એવા પ્રકારની લેશ્યા વર્ણવડે કહેલી છે. ॥૩૫॥૫૦૮॥

**नीललेस्सा णं भंते! केरिसिया वन्नेणं पन्नत्ता? गोयमा! से जहानामए भिंगए इ वा भिंगपत्ते इ वा चासे इ वा चासपिच्छए इ वा सुए इ वा सुयपिच्छे इ वा सामा इ वा वणराई इ वा उच्चंतए इ वा पारेवयगीवा इ वा मोरगीवा इ वा हलहरवसणे इ वा अयसिकुसुमे इ वा वणकुसुमे [बाणकुसुमए] इ वा अंजणकेसियाकुसुमे इ वा नीलुप्पले इ वा नीलासोए इ वा नीलकणवीरए इ वा नीलबंधुजीवे इ वा, भवेयारूवे? गोयमा! णो इणट्ठे समट्ठे। एत्तो जाव अमणामयरिया चेव वन्नेणं पन्नत्ता ।।सू०-३५।।५०९।।**

*(મૂ૦) હે ભગવન્! નીલલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કોઇ ભૃંગ, ભૃંગની પાંખ, ચાસ, ચાસપિચ્છ, શુક, શુકપિચ્છ, શ્યામા–પ્રિયંગુ, વનરાજિ, ઉચ્ચંતક–દાંતનો રંગ, પારેવાની ગ્રીવા, મોરની ગ્રીવા, બલદેવનું વસ્ત્ર, અલસી પુષ્પ, વણનું કુસુમ, અંજનકેશિકાનું કુસુમ, નીલોત્પલ, નીલાશોક, લીલું કણવીર, અને લીલું બંધુબીજક છે, એવા પ્રકારની નીલલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એથી વધારે મનને ન ગમે તેવી વર્ણ વડે કહેલી છે. ॥૩૫॥૫૦૯॥*

(ટી૦) 'नीललेस्सा णं भंते'! હે ભગવન્! નીલલેશ્યા વર્ણવડે કેવા પ્રકારની છે? ઇત્યાદિ અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. પરન્તુ ભૃંગ–પાંખવાળું પક્ષીવિશેષ છે, ભૃંગપત્ર–તે ભૃંગ પક્ષિની પાંખ; ચાસ–એક જાતનું પક્ષી, ચાસપિચ્છ–ચાસપક્ષીની પાંખ, શુક–પોપટ, શુકપિચ્છ–પોપટની પાંખ, શ્યામા–પ્રિયંગુલતા, વનરાજિ–વનની ઘટા પ્રસિદ્ધ છે, ઉચ્ચન્તક–દાંતનો રંગ, એ સંબન્ધે મૂલ ટીકાકાર કહે છે—"उच्चंतगो दंतरागो भन्नइ" ઉચ્ચંતકને દાંતનો રંગ કહેવાય છે. પારેવાની અને મોરની ગ્રીવા–ડોક પ્રસિદ્ધ છે. હલધરવસન–બલદેવનું વસ્ત્ર, તે લીલું હોય છે માટે ગ્રહણ કર્યું છે. અલસીપુષ્પ અને વણનું ફૂલ પ્રસિદ્ધ છે. અંજનકેશિકા–વનસ્પતિવિશેષ, તેનું કુસુમ–પુષ્પ, નીલોત્પલ–લાલ–લીલું કમળ, નીલ અશોક, નીલ કણવીર અને નીલ બન્ધુબીજ એ બધા અમુક પ્રકારના વૃક્ષો છે. ॥૩૫॥૫૦૯॥

**काउलेस्सा णं भंते! केरिसिया वन्नेणं पन्नत्ता? गोयमा! से जहानामए खदिरसारए इ वा कइरसारए इ वा धमाससारे इ वा तंबे इ वा तंबकरोडे इ वा तंबच्छिवाडियाए इ वा वाइंगणिकुसुमे इ वा कोइलच्छदकुसुमे इ वा जवासाकुसुमे इ वा, [कलकुसुमे इ वा] भवेयारूवे? गोयमा! णो इणट्ठे समट्ठे। काउलेस्सा णं एत्तो अणिट्ठयरिया जाव अमणामयरिया चेव वन्नेणं पन्नत्ता ।।सू०-३६।।५१०।।**

*(મૂ૦) હે ભગવન્! કાપોતલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની કહી છે? હે ગૌતમ! જેમ કોઇ ખેરસાર, કરીરસાર, ધમાસાસાર, તંબતામ્ર, તંબકરોડ–તામ્રકરોટક, તંબછેવાડિયા, (તાંબાની કટોરી), વેંગણીના પુષ્પ, કોકિલચ્છદ (તેલકંટક) પુષ્પ અને જવાસાકુસુમ છે. કાપોતલેશ્યા એવા પ્રકારની હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. કાપોતલેશ્યા એથી અનિષ્ટકર, યાવત્ મનને ન ગમે તેવી વર્ણ વડે હોય છે. ॥૩૬॥૫૧૦॥*

(ટી૦) 'काउलेस्सा णं भंते!' હે ભગવન્! કાપોતલેશ્યા વર્ણવડે કેવા પ્રકારની છે? ઇત્યાદિ. અહીં પણ અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. ખદિરસાર–ખેરસાર અને ધમાસાસાર લોકપ્રસિદ્ધ છે. 'तंबे इ वा तंबकरोडए इ वा तंबछेवाडिया इ वा' એ

संप्रदायथी जाणी लेवां. 'वृन्ताकीकुसुमं' रींगणीनुं फूल प्रसिद्ध छे. 'कोइलच्छदकुसुमए वा'–कोकिलच्छद–तैलकंटकनुं पुष्प, એ સંબન્ધે ટીકાકાર કહે છે–'વર્ણના અધિકારમાં કોકિલચ્છદ છે તે અહીં તૈલકંટક કહેવાય છે' અને તેનું ફૂલ પ્રસિદ્ધ છે. ॥૩૬॥૫૧૦॥

**तेउलेस्सा णं भंते! केरिसिया वन्नेणं पन्नत्ता? गोयमा! से जहानामए ससरुहिरए इ वा उरब्भरुहिरे इ वा वराहरुधिरे इ वा संबररुहिरे इ वा मणुस्सरुहिरे इ वा [इंदगोपे इ वा] बालेंदगोपे इ वा बालदिवायरे इ वा संझारागे इ वा [संझब्भरागे इ वा] गुंजद्धरागे इ वा जातिहिंगुले इ वा पवालंकुरे इ वा लक्खारसे इ वा लोहितक्खमणी इ वा किमिरागकंबले इ वा गयतालुए इ वा चीणपिट्ठरासी इ वा पारिजायकुसुमे इ वा जासुमणाकुसुमे इ वा किंसुयपुप्फरासी इ वा रत्तुप्पले इ वा रत्तासोगे इ वा रत्तकणवीरए इ वा रत्तबंधुजीवए इ वा, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे। तेउलेसा णं एत्तो इट्ठतरिया चेव जाव मणामतरिया चेव वन्नेणं पन्नत्ता ।।सू०-३७।।५११।।**

*(મૂ૦) હે ભગવન્! તેજોલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કોઈ સસલાનું રુધિર, ઉરભ્ર–ઘેટાનું રુધિર, ડુક્કરનું રુધિર, સાબરનું રુધિર, મનુષ્યનું રુધિર, ઈન્દ્રગોપ, નવો ઈન્દ્રગોપ, બાળ સૂર્ય, સંધ્યાનો રંગ, અર્ધ–ચણોઠીનો રંગ, જાતિહિંગલો, પ્રવાલાંકુર, લાક્ષારસ, લોહિતાક્ષમણિ, કરમજી રંગવાળી કાંબલ, હાથીનું તાળવું, ચીનપિષ્ટરાશિ (મસૂરના પિષ્ટનો રાશિ?) પારિજાતકુસુમ, જપાકુસુમ–જાસુદના ફૂલ, કેસુડાનાં ફૂલનો રાશિ, રક્તોત્પલ, રક્તાશોક, રક્ત કણેર અને રક્ત બન્ધુજીવક છે. તેજોલેશ્યા એવા પ્રકારની છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. તેજોલેશ્યા એથી વધારે ઈષ્ટ, યાવત્ મનને ગમે એવી વર્ણ વડે કહેલી છે. ॥૩૭॥૫૧૧॥*

(ટી૦) 'तेउलेस्सा णं भंते'! હે ભગવન્! તેજોલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે–ઇત્યાદિ. સસલા, ઘેટા, સાબર, વરાહ અને મનુષ્યનું રુધિર બીજા જીવોના રુધિર કરતાં ઉત્કટ રાતાવર્ણવાળું હોય છે, તેથી એઓનું ગ્રહણ કરેલું છે. 'बालेन्द्रगोपकः' તત્કાળ જન્મેલો ઈન્દ્રગોપ, તે જ્યારે મોટો થાય છે ત્યારે કંઈક શ્વેત–રક્તવર્ણવાળો થાય છે, તેથી બાલનું ગ્રહણ કર્યું છે. 'इन्द्रगोपकः'—વર્ષાઋતુના પ્રથમ સમયમાં થવાવાળો અમુક પ્રકારનો કીડો, 'बालदिवाकरः'—પ્રથમ ઉગતો સૂર્ય, गुंजार्ध–ચણોઠીનો અર્ધભાગ, ચણોઠીનો અર્ધભાગ અત્યંત રાતો હોય છે અને અર્ધભાગ અત્યન્ત કાળો હોય છે, માટે અર્ધનું ગ્રહણ કર્યું છે, જાત્ય–પ્રધાન હિંગળોક, પ્રવાલ–નવાં પાદડાં, તેના અંકુર તે પ્રવાલાંકુર, તે પ્રથમ ઉગતા હોય ત્યારે અત્યંત રાતા હોય છે તેથી તેનું ગ્રહણ કર્યું છે. લાક્ષારસ–લાખનો રસ પ્રસિદ્ધ છે, લોહિતાક્ષમણિ–લોહિતાક્ષ નામે રત્નવિશેષ, કીરમજી રંગ વડે રંગેલી કંબલ તે કૃમિરાગકંબલ કહેવાય છે. અહીં શાકપાર્થિવાદિની પેઠે મધ્યમપદનો લોપ થયો છે. ગજતાલુ, ચિનપિષ્ટરાશિ, પારિજાતકુસુમ, જપાકુસુમ–જાસુદ, કિંશુકપુષ્પરાશિ, રક્તોત્પલ, રક્તાશોક, રક્ત કણવીર–કણેર અને રક્ત બન્ધુજીવ એ બધા લોકપ્રસિદ્ધ છે. 'भवे एयारूवा'? એવા પ્રકારની તેજોલેશ્યા હોય? ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી'. કારણ કે તેજોલેશ્યા આ સસલાના રુધિર વગેરેથી વધારે રાતા વર્ણવડે અત્યંત ઇષ્ટ છે. તેમાં કિંચિદ્ અકાન્ત છતાં પણ કેટલાએકને ઇષ્ટતર હોય છે તે માટે અત્યન્ત કાન્તપણું પ્રતિપાદન કરવા માટે કહે છે—'कान्ततरिकैव'—અત્યન્ત કાન્ત હોય છે. કેટલાએકને અત્યન્ત ઇષ્ટ અને સ્વરૂપથી અત્યન્ત કાન્ત હોય તો પણ બીજાને અપ્રિય હોય છે. તેથી અત્યન્ત પ્રિયપણું બતાવવા માટે કહે છે—'प्रियतरिकैव' અતિશય પ્રિય છે. આ હેતુથી 'मनोज्ञतरिकैव' અધિક મનોજ્ઞ છે. અધિક મનોજ્ઞ છતાં પણ કંઇક મધ્યમ મનોજ્ઞ હોય તે માટે અત્યંત પ્રકૃષ્ટનો પ્રકર્ષવિશેષ જણાવવા માટે કહે છે—'मनापतरिकैव' મનને પ્રાપ્ત કરનાર–મનને વશ કરનાર વર્ણવડે કહેલી છે. ॥૩૭॥૫૧૧॥

**पम्हलेसाणं भंते! केरिसिया वन्नेणं पन्नत्ता? गोयमा! से जहानामए चंपे इ वा चंपयछल्ली इ वा चंपयभेदे इ वा हलिद्दा इ वा हलिद्दगुलिया इ वा हलिद्दाभेदे इ वा हरियाले इ वा हरियालगुलिया इ वा हरियालभेदे इ वा चिउरे**

**इ वा चिउररागे इ वा सुवन्नसिप्पी इ वा वरकणगणिहसे इ वा वरपुरिसवसणे इ वा अल्लइकुसुमे इ वा चंपयकुसुमे इ वा कण्णियारकुसुमे इ वा कुहंडयाकुसुमे इ वा सुवण्णजूहिया इ वा सुहिरन्नियाकुसुमे इ वा कोरिंटमल्लदामे इ वा पीतासोगे इ वा पीतकणवीरे इ वा पीतबंधुजीवए इ वा, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे। पम्हलेस्सा णं एत्तो इट्ठतरिया जाव मणामयरिया चेव वन्नेणं पन्नत्ता ।।सू०-३८।।५१२।।**

*(મૂ૦) હે ભગવન્! પદ્મલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કોઇ ચંપો, ચંપાની છાલ, ચંપકભેદ–ચંપાનો ખંડ, હલદર, હલદરની ગોળી, હલદરનો ખંડ, હડતાલ, હડતાલગુટિકા, હડતાલખંડ, ચિકુર, ચિકુરરાગ, સુવર્ણની છીપ, શ્રેષ્ઠ સુવર્ણનો કસ, વાસુદેવનું વસ્ત્ર, અલ્લકી પુષ્પ, ચંપકપુષ્પ, કર્ણિકાર કુસુમ–કણેર પુષ્પ, કૂષ્માંડકુસુમ–કોહળાના ફૂલ, સુવર્ણ જૂઇ, સુહિરણ્યિકા કુસુમ, કોરંટકની માલા, પીળો અશોક, પીત કણવીર, અને પીત બંધુજીવક છે, એવા પ્રકારની પદ્મલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. પદ્મલેશ્યા એથી અત્યંત ઇષ્ટ, યાવત્ અત્યંત મનને ગમે તેવી વર્ણ વડે કહેલી છે. ॥૩૮॥૫૧૨॥*

(ટી૦) 'पम्हलेस्सा णं भंते'! હે ભગવન્! પદ્મલેશ્યા વર્ણવડે કેવા પ્રકારની છે—ઇત્યાદિ અક્ષરાર્થ પૂર્વની પેઠે જાણવો. પરન્તુ ચંપક એટલે સામાન્યતઃ સુવર્ણચંપક—પીળો ચંપો જાણવો, ચંપકછલ્લી–સુવર્ણ ચંપકની છાલ, 'चम्पकभेए इ वा' ચંપકભેદ–સુવર્ણચંપકનો ખંડ, ટુકડો, જ્યારે તેનો ખંડ કર્યો હોય ત્યારે તેના વર્ણનો પ્રકર્ષ થાય છે તે માટે ભેદનું ગ્રહણ કરવામાં આવ્યું છે. હરિદ્રા–પિંડહરિદ્રા, હરિદ્રાગુટિકા–હળદરની ગોળી, હરિદ્રાભેદ–હળદરનો ખંડ, હરિતાલ–હડતાળ, હરિતાલગુટિકા–હડતાળની બનાવેલી ગોળી, હરિતાલ ભેદ–હડતાલનો ખંડ, કકડો, ચિકુર–પીળું અમુક જાતનું દ્રવ્ય, ચિકુરરાગ–ચિકુરનો વસ્ત્રાદિને લાગેલો રંગ, 'सुवण्णसिप्पी इ वा'—સુવર્ણની છીપ, વર–પ્રધાન સુવર્ણનો નિકષ–કસોટી ઉપરનો રેખારૂપ કસ, વરપુરુષ–વાસુદેવનું વસન–વસ્ત્ર, તે પીળું હોય છે માટે ગ્રહણ કર્યું છે. અલ્લકીકુસુમ લોકથી જાણવું. ચંપકકુસુમ–સુવર્ણ ચંપકનું પુષ્પ, કર્ણિકારકુસુમ–કાંચનારનું પુષ્પ, કૂષ્માંડિકાકુસુમ–પુંસ્ફલિકાનું પુષ્પ, સુવર્ણયૂથિકાકુસુમ–પીળી જૂઇનું કુસુમ પ્રસિદ્ધ છે. સુહિરણ્યિકા–અમુક પ્રકારની વનસ્પતિનું કુસુમ, કોરંટકમાલ્યદામ–કોરંટકના પુષ્પની માળા, પીત અશોક, પીત કણવીર–કણેર, અને પીત બન્ધુજીવ પ્રસિદ્ધ છે. ॥૩૮॥૫૧૨॥

**सुक्कलेस्सा णं भंते! केरिसिया वन्नेणं पन्नत्ता? गोयमा! से जहानामाए अंके इ वा संखे इ वा चंदे इ वा कुंदे इ वा दगे इ वा दगरए इ वा दधी इ वा दहिघणे इ वा खीरे इ वा खीरपूरए इ वा सुक्कच्छिवाडिया इ वा पेहुणमिंजिया इ वा धंत-धोयरुप्पपट्टे इ वा सारइयबलाहए इ वा कुमुददले इ वा पोंडरीयदले इ वा सालिपिट्ठरासीति वा कुडगपुप्फरासीति वा सिंदुवार[वर]मल्लदामे इ वा सेयासोए इ वा सेयकणवीरे इ वा सेतबंधुजीवए इ वा, भवेयारूवा? गोयमा! नो इणट्ठे समट्ठे। सुक्कलेसा णं एत्तो इट्ठतरिया चेव [कंतरिया चेव पियतरिया चेव] मणुण्णयरिया चेव [मणामतरिया चेव] वन्नेणं पन्नत्ता ।।सू०-३९।।५१३।।**

*(મૂ૦) હે ભગવન્! શુક્લલેશ્યા વર્ણ વડે કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કોઇ એક અંકરત્ન, શંખ, ચન્દ્ર, કુન્દ–મોગરો, પાણી, દકરજ–પાણીના બિન્દુ, દહીં, દહીંનો પિંડ, ક્ષીર–દૂધ, ક્ષીરનો સમૂહ, શુષ્ક છીવાડી–વાલ વગેરેની ફળી, પિહુણમિંજા–મયૂર પિચ્છનો મધ્યભાગ, તપાવેલ સ્વચ્છ રૂપાનો પટ્ટ, શરત્કાલનો મેઘ, કુમુદપત્ર, પુંડરીક પત્ર, શાલિપિષ્ટરાશિ, કુટજપુષ્પરાશિ, સિંદુવારના પુષ્પની માલા, શ્વેત અશોક, શ્વેત કણવીર અને શ્વેત બન્ધુજીવક છે, એવા પ્રકારની શુક્લલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. શુક્લલેશ્યા એથી વધારે ઇષ્ટ અને અત્યંત મનોજ્ઞ વર્ણ વડે કહી છે. ॥૩૯॥૫૧૩॥*

(ટી૦) 'सुक्कलेसा णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! શુક્લલેશ્યા વર્ણવડે કેવા પ્રકારની છે–ઇત્યાદિ અક્ષરાર્થ પૂર્વની પેઠે

સમજવો. પૃરન્તુ અંક–અમુક પ્રકારનું રત્ન, શંખ અને ચંદ્ર પ્રસિદ્ધ છે, કુન્દ–મોગરાનું પુષ્પ, દક–ઉદક, પાણી, ઉદકરજ–પાણીના કણો, તે અત્યંત ધોળા હોય છે માટે તેનું ગ્રહણ કર્યું છે. દધિ–દહિં પ્રસિદ્ધ છે, દધિઘન–દહિનો પિંડ, ક્ષીર–દૂધ પ્રસિદ્ધ છે, ક્ષીરપૂર–ઉકળતું અને અતિતાપથી ઉભરાઇ જતું દૂધ, 'सुक्कछिवाडिया इ वा' શુષ્ક છીવાડી–વાલ વગેરેની શીંગો, તે સૂકાયેલી હોય ત્યારે અત્યંત ધોળી હોય છે માટે તેનું ગ્રહણ કર્યું છે, 'पेहुणामिंजिया इ वा' પેહુણ–મોરપિંછની મધ્યવર્તી મજ્જા–ગર્ભ, તે અત્યંત્ર શુક્લ હોય છે માટે તેનું ગ્રહણ કર્યું છે. 'धंतधोयरुप्पपट्टे इ वा' ધ્માત–તપાવેલો, અગ્નિના સંબન્ધથી નિર્મલ કરાયેલો, ધૌત–ભસ્મથી ખરડાયેલા હાથ વતી સાફ કરવા વડે અત્યન્ત સ્વચ્છ કરાયેલો જે રૂપાનો બનેલો પટ્ટ, 'सारइयबलाहगे इ वा' શારદિક–શરદ્ઋતુના બલાહક–મેઘ, પુંડરીક–ધોળું કમળ, તેના દલ–પત્ર–પાંખડીઓ, શાલિપિષ્ટરાશિ, કુટજપુષ્પરાશિ, સિન્દુવાર પુષ્પની માળા, અને શ્વેત બન્ધુજીવ પ્રસિદ્ધ છે. ॥૩૯॥૫૧૩॥

**एयाओ णं भंते! छल्लेस्साओ कइसु वन्नेसु साहिज्जंति? गोयमा! पंचसु वन्नेसु साहिज्जंति, तं जहा-कण्हलेस्सा कालएणं वन्नेणं साहिज्जति, नीललेस्सा नीलएणं वन्नेणं साहिज्जति, काउलेस्सा काललोहिएणं वन्नेणं साहिज्जति, तेउलेस्सा लोहिएणं वन्नेणं साहिज्जति, पम्हलेस्सा हालिद्दएणं वन्नेणं साहिज्जइ, सुक्कलेस्सा सुक्किल्लएणं वन्नेणं साहिज्जति ।।सू०-४०।।५१४।।**

*(મૂ૦) હે ભગવન્! આ છ એ લેશ્યાઓ કયા વર્ણો વડે કહેવાય છે–કયા વર્ણવાળી છે? હે ગૌતમ! પાંચે વર્ણ વડે કહેવાય છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા કાળા વર્ણ વડે કહેવાય છે. નીલલેશ્યા નીલ–લીલા વર્ણ વડે કહેવાય છે, કાપોતલેશ્યા કંઇક કાળા અને કંઇક રાતા વર્ણ વડે કહેવાય છે. તેજોલેશ્યા રાતા વર્ણ વડે કહેવાય છે, પદ્મલેશ્યા પીળા વર્ણ વડે કહેવાય છે, અને શુક્લલેશ્યા શુક્લ વર્ણ વડે કહેવાય છે. ॥૪૦॥૫૧૪॥*

(ટી૦) અહીં પાંચ વર્ણો છે. તે આ પ્રમાણે–કૃષ્ણ, નીલ, રક્ત–રાતો, હારિદ્ર–પીળો અને શુક્લ. લેશ્યાઓ છ છે, તેથી ઉપમાન–સમાનપણા વડે વર્ણનો નિર્દેશ કરવા છતાં પણ સંશય થાય કે 'કઇ લેશ્યા કયા વર્ણમાં હોય છે'? તેથી પૂછે છે—'एयाओ णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! આ હમણાં કહેલી છ લેશ્યાઓ 'कइसु वन्नेसु साहिज्जंति' કેટલા વર્ણ વડે કહેવાય છે? [અહીં પ્રાકૃત હોવાથી તૃતીયા વિભક્તિના અર્થમાં સપ્તમી વિભક્તિ થાય છે. જેમકે 'तिसु तिसु अलंकिया पुढवी' તે ત્રણ વડે પૃથિવી અલંકૃત છે.] ભગવાન્ કહે છે—હે ગૌતમ! પાંચ વર્ણ વડે કહેવાય છે. જે પ્રમાણે કહેવાય છે તે પ્રમાણે 'तं जहा' ઇત્યાદિ વડે બતાવે છે. એ પ્રમાણે વર્ણપરિણામ કહ્યો. ॥૪૦॥૫૧૪॥

## ।। रसाहिगारो ।।

**कण्हलेस्सा णं भंते! केरिसिया आसाएणं पन्नत्ता? गोयमा! से जहानामए निंबे इ वा निंबसारे इ वा निंबछल्ली इ वा निंबफाणिए इ वा कुडए इ वा कुडगफलए इ वा कुडगछल्ली इ वा कुडगफाणिए इ वा कडुगतुंबीइ वा कडुगतुंबीफले इ वा खारतउसी इ वा खारतउसीफले इ वा देवदालीति वा देवदालीपुप्फे इ वा मिगवालुंकी इ वा मियवालुंकीफले इ वा घोसाडए इ वा घोसाडइफले इ वा कण्हकंदए इ वा वज्जकंदए इ वा, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे, कण्हलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव जाव अमणामयरिया चेव आसाएणं पन्नत्ता ।।सू०-४१।।५१५।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યા આસ્વાદ વડે કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કે કોઇ નિંબ–લીંબડો, નિંબસાર–લીંબડાનો સાર, લીંબડાની છાલ, નિંબફાણિત–લીંબડાનો ક્વાથ, કુટજ (કડાછાલનું વૃક્ષ), કુટજફલ, કડાછાલ, કુટજક્વાથ, કડવી તુંબડી, કડવી તુંબડીનું ફળ, ક્ષારત્રપુષી–કડવી ચીભડી, કડવી ચીભડીનું ફળ, દેવદાલી–કૂકડવેલ, દેવદાલીનું પુષ્પ, મૃગવાલુંકી, મૃગવાલુંકી ફળ–ઇન્દ્રવરણું, ઘોષાતકી (કડવાં તુરીયાં), ઘોષાતકી ફળ, કૃષ્ણકંદ અને વજ્રકન્દ છે,*

*એવા પ્રકારની કૃષ્ણલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી. કૃષ્ણલેશ્યા એથી વધારે અનિષ્ટ યાવત્ મનને ન ગમે તેવી આસ્વાદ–રસ વડે કહેલી છે. ॥૪૧॥૫૧૫॥*

(ટી૦) હવે રસપરિણામ કહે છે—'**कण्हलेस्सा णं भंते! केरिसिया आसाएणं पन्नत्ता**'? હે ભગવન્! કૃષ્ણલેશ્યા આસ્વાદ વડે કેવા પ્રકારની છે?—ઇત્યાદિ સૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર કહે છે–તે '**यथानामकः**' લોકપ્રસિદ્ધ–જેમ કે નિંબ–લીંબડો, નિંબસાર–લીંબડાનો મધ્યવર્તી ભાગ, લીંબડાની છાલ, નિંબફાણિત–લીંબડાનો કવાથ, કુટજ–ઇન્દ્રયવનું વૃક્ષ, કુટજફલ–ઇન્દ્રજવ, કુટજછલ્લી–કડાછાલ, કુટજફાણિત–કડાછાલનો કવાથ, કટુકતુંબી–કડવી તુંબડી પ્રસિદ્ધ છે, કટુક તુંબીફલ–કડવી તુંબડીનું ફલ, ક્ષારત્રપુષી અહીં ક્ષાર શબ્દ કટુકવાચી છે, કારણ કે તેવા પ્રકારે આગમમાં પ્રસિદ્ધ છે. એટલે કડવી ચીભડી, ક્ષારત્રપુષીફલ–કડવું ચીભડું, દેવદાલી–રોહિણી (કુકડવેલ), તેનુંજ પુષ્પ દેવદાલીપુષ્પ, મૃગવાલુંકી–ઇન્દ્રવારુણી લોકથકી જાણવી. તેનું ફળ મૃગવાલુંકી ફળ, ઘોષાતકી–કડવી ઘીસોડી, તેનું ફળ તે ઘોષાતકીફળ, કૃષ્ણકન્દ અને વજ્રકન્દ અનન્તકાયિક વનસ્પતિવિશેષ લોકથી જાણી લેવા. એ પ્રમાણે કહ્યું એટલે ગૌતમ પૂછે છે—હે ભગવાન્! કૃષ્ણલેશ્યા રસથી એવા પ્રકારની છે––લીંબડા વગેરેના જેવી છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી, કારણ કે કૃષ્ણલેશ્યા આ લીંબડા વગેરેના રસની અપેક્ષાએ અત્યન્ત અનિષ્ટ છે ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. ॥૪૧॥૫૧૫॥

**नीललेस्साए पुच्छा। गोयमा! से जहानामए भंगी ति वा भंगीरए इ वा पाढा इ वा चविया इ वा चित्तामूलए इ वा पिप्पली इ वा पिप्पलीमूलए इ वा पिप्पलीचुण्णे इ वा मिरिए इ वा मिरियचुण्णए इ वा सिंगबेरे इ वा सिंगबेरचुण्णे इ वा, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे, नीललेस्सा णं एत्तो जाव अमणामतरिया चेव आसाएणं पन्नत्ता** ॥सू०-४२॥५१६॥

*(મૂ૦) નીલલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ કોઇ ભંગી–ભાંગ, ભંગીરજ, પાઠા, ચવ્યક, ચિત્રમૂલ, પીપર, પીપરીમૂલ, પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, શૃંગબેર–સુંઠ અને સુંઠનું ચૂર્ણ છે, એવા પ્રકારની નીલલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. નીલલેશ્યા એથી યાવત્ મનને ન ગમે તેવી આસ્વાદ વડે કહેલી છે. ॥૪૨॥૫૧૬॥*

(ટી૦) '**नीललेसाए पुच्छा**' નીલલેશ્યા સંબન્ધે પ્રશ્ન ઇત્યાદિ. ભંગી–વનસ્પતિ વિશેષ, (ભાંગ એક નશીલો પદાર્થ) તેની રજ તે ભંગીરજ, પાઠા અને ચિત્ર મૂલ લોકપ્રસિદ્ધ છે. પીપર, પીપરીમૂળ, પીપરચૂર્ણ, મરી, મરીચૂર્ણ, સુંઠ અને સુંઠનું ચૂર્ણ એ બધાં પ્રસિદ્ધ છે. ॥૪૨॥૫૧૬॥

**काउलेस्साए पुच्छा। गोयमा! से जहानामए अंबाण वा अंबाडगाण वा माउलिंगाण वा बिल्लाण वा कविट्ठाण वा भट्ठाण वा ['भच्चाण वा] फणसाण वा दाडिमाण वा पारेवताण वा अक्खोडयाण वा चोराण वा बोराण वा तिंदुयाण वा अपक्काणं अपरिवागाणं वन्नेणं अणुववेयाणं गंधेणं अणुववेयाणं फासेणं अणुववेयाणं, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे, जाव एत्तो अमणामयरिया चेव काउलेस्सा अस्साएणं पन्नत्ता** ॥सू०-४३॥५१७॥

*(મૂ૦) કાપોતલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ કોઇ આમ્ર, અંબાડક–આમ્રાતક, માતૃલિંગ–બીજોરાં, બીલાં, કપિત્થ–કોઠા, ભજ્જા[2], ફણસ, દાડમ, પારાપત, અખોડ, ચોર, બોર, તિંદુક–તે બધાં અપક્વ, સંપૂર્ણ પરિપાકને નહિ પ્રાપ્ત થયેલા, વિશિષ્ટ વર્ણ, ગન્ધ અને સ્પર્શ વડે રહિત હોય, એવી કાપોતલેશ્યા છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ–યુક્ત નથી, યાવત્ એથી પણ મનને ન ગમે તેવી કાપોતલેશ્યા આસ્વાદ વડે કહેલી છે. ॥૪૩॥૫૧૭॥*

(ટી૦) '**काउलेस्साए पुच्छा**'—કાપોતલેશ્યા સંબન્ધે પ્રશ્ન ઇત્યાદિ. આમ્રફલો, આમ્રાતક–ફળ વિશેષ, બીજોરાં, બીલાં, કોઠ, ફણસ અને દાડમ એ પ્રસિદ્ધ છે. પારાપત એ ફળ વિશેષ છે, અખોડવૃક્ષના ફળો અખોડો, બોરવૃક્ષોના ફળો બોર અને તિન્દુક

૧-૨. भच्चाण ભર્ચવૃક્ષના ફલ, શ્રી જીવવિજયજી ગણિ કૃત સ્તબકે

પ્રસિદ્ધ છે. એ ફળો અપક્વ હોય, તેમાં સર્વથા પણ અપક્વ ફળ કહેવાય, માટે કહે છે—'अपरिपाकानाम्' જેઓનો પરિપાક-પરિપૂર્ણ પાક નથી થયો એવા, અર્થાત્ કંઇક પાકેલા, એનેજ વર્ણાદિ વડે કહે છે-અતિવિશિષ્ટ વર્ણ, ઘ્રાણેન્દ્રિયને સુખકારક ગન્ધ, વિશિષ્ટ પરિપાકના નિયત સહચારી એવા સ્પર્શને નહિ પ્રાપ્ત થયેલા એવા આમ્રાદિનો જેવો રસ હોય છે. અહીં ગૌતમસ્વામી પૂછે છે—આવા પ્રકારના રસવાળી કાપોતલેશ્યા હોય? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી. પરન્તુ આ અપરિપક્વ આમ્રફલાદિથી અત્યન્ત અનિષ્ટ રસવડે યુક્ત છે ઇત્યાદિ પૂર્વની પેઠે કહેવું. ॥૪૩॥૫૧૭॥

**तेउलेस्सा णं भंते! पुच्छा। गोयमा! से जहानामए अंबाण वा [जाव तेंदुयाण वा] पक्काणं परियावन्नाणं वन्नेणं उववेयाणं पसत्थेणं जाव फासेणं जाव एत्तो मणामयरिया चेव तेउलेस्सा आसाएणं पन्नत्ता।।सू०-४४।।५१८।।**

*(મૂ૦) તેજોલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ કોઇ આમ્ર વગેરે યાવત્ પક્વ થયેલા, સારી રીતે પાકેલા, પ્રશસ્ત વર્ણ વડે યાવત્ પ્રશસ્ત સ્પર્શ વડે યુક્ત હોય, યાવત્ એથી અત્યંત મનને ગમે તેવી તેજોલેશ્યા આસ્વાદ વડે હોય છે. ॥૪૪॥૫૧૮॥*

(ટી૦) 'तेउलेस्सा णं भंते'! હે ભગવન્! તેજોલેશ્યા આસ્વાદ વડે કેવી હોય? ઇત્યાદિ. તે આમ્રફલાદિ પક્વ થયેલા હોય. તેમાં કંઇક થોડે અંશે પક્વ હોય તે લોકમાં 'પક્વ' કહેવાય છે માટે કહે છે—'पर्यायापन्नानाम्' પરિપૂર્ણ પાકરૂપ પર્યાયને પ્રાપ્ત થયેલા, એનેજ વર્ણાદિ વડે જણાવે છે-પ્રશસ્ત-એકાન્ત પ્રશસ્ત વર્ણ વડે, પ્રશસ્ત ગન્ધવડે તથા પ્રશસ્ત સ્પર્શવડે સહિત આમ્રફલાદિનો જેવો રસ છે, એટલું કહ્યું એટલે ગૌતમસ્વામી પૂછે છે—રસને આશ્રયી એવા પ્રકારની-પાકા આમ્રાદિ ફળના જેવી તેજોલેશ્યા છે? ભગવાન્ કહે છે—'એ અર્થ યુક્ત નથી, પરન્તુ પરિપક્વ આમ્રફળાદિથી અત્યંત ઇષ્ટ છે'—ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. ॥૪૪॥૫૧૮॥

**पम्हलेस्साए पुच्छा। गोयमा! से जहानामए चंदप्पभा इ वा मणसिला इ वा वरसीधू इ वा वरवारुणी इ वा पत्तासवे इ वा पुप्फासवे इ वा फलासवे इ वा चोयासवे इ वा आसवे इ वा महूइ वा मेरए इ वा कविसाणए इ वा खज्जूरसारए इ वा मुद्दियासारए इ वा सुपक्कखोतरसे इ वा अट्ठपिट्ठणिट्ठिया इ वा जंबुफलकालिया इ वा वरप्पसन्ना इ वा [आसला] मंसला [मासला] पेसला ईसिं[सि] ओट्ठवलंबिणी इसिं[सि] वोच्छेदकडुई ईसिं तंबच्छिकरणी उक्कोसमदपत्ता वन्नेणं उववेया जाव फासेणं, आसायणिज्जा वीसायणिज्जा पीणणिज्जा विंहणिज्जा दीवणिज्जा दप्पणिज्जा मदणिज्जा सव्वेंदिय-गायपल्हायणिज्जा, भवेयारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे, पम्हलेस्सा एत्तो इट्ठतरिया चेव जाव मणामयरिया चेव आसाएणं पन्नत्ता ।।सू०-४५।।५१९।।**

*(મૂ૦) પદ્મલેશ્યા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ કોઇ ચંદ્રપ્રભા, મણિશિલા, શ્રેષ્ઠ શીધુ, શ્રેષ્ઠ વારુણી, પત્રાસવ, પુષ્પાસવ, ફલાસવ, ચોયાસવ, આસવ, મધુ, મૈરેય, કાપિશાયન (મદ્ય) ખર્જુરસાર, મૃદ્વિકાસાર-દ્રાક્ષાસાર, સુપક્વ ઇક્ષુરસ, આઠ પ્રકારના પિષ્ટ વડે બનેલો, જાંબુફલકાલિકા, શ્રેષ્ઠ પ્રસન્ના, [આષલા], માંસલ-રસયુક્ત, પેશલ-મનોજ્ઞ, ઇષત્ ઓષ્ઠાવલંબિની-કંઇક હોઠને લાગવાવાળી, ઇષદ્ વ્યવચ્છેદકટુકા-પીવાથી બંધ પડતાં કંઇક તીખી, ઇષત્ તામ્રાક્ષિકરણી-કંઇક લાલ આંખ કરનારી, ઉત્કૃષ્ટ મદ કરવાના સ્વભાવને પ્રાપ્ત થયેલી, વર્ણ વડે યુક્ત, યાવત્ સ્પર્શ વડે યુક્ત, આસ્વાદનીય, વિસ્વાદનીય, પીવા લાયક, બૃંહણીય-પુષ્ટિ કરવા યોગ્ય, દીપનીય-જઠરાગ્નિ પ્રદીપ્ત કરનારી, દર્પણીય-દર્પ ઉત્પન્ન કરનારી, મદનીય-મદ કરનારી, અને સર્વ ઇન્દ્રિય અને ગાત્રને આનંદ આપનારી હોય છે. એવા પ્રકારની પદ્મલેશ્યા છે? હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી. પદ્મલેશ્યા એથી વધારે ઇષ્ટ યાવત્ મનને ગમે તેવી આસ્વાદ વડે છે. ॥૪૫॥૫૧૯॥*

(ટી૦) 'पम्हलेस्साए पुच्छा'—પદ્મલેશ્યા સંબન્ધે પૃચ્છા. સૂત્રપાઠ અને અક્ષરાર્થ પૂર્વવત્ જાણવો. પરન્તુ 'से जहानामए'-સા યથાનામિકા-તે લોકપ્રસિદ્ધ યથા-જે પ્રકારે જેનું નામ છે એવી, યથાનામવાળી. સૂત્રમાં પુંલિંગ પ્રાકૃતના નિયમથી થયેલ

છે, કારણ કે પ્રાકૃતમાં લિંગ અનિયત હોય છે. 'ચંદ્રપ્રભા' ચંદ્રના જેવી પ્રભા–આકૃતિ જેની છે એવી, મણિની શિલા જેવી તે મણિશિલાકા, શ્રેષ્ઠ એવી શીધુ (અપક્વ તથા પક્વ ઇક્ષુરસ વડે જે આસવ થાય તે), શ્રેષ્ઠ વારુણી–મદિરા, પત્ર–ધાવડીના પાંદડા વડે જે આસવ થાય તે પત્રાસવ, એ પ્રમાણે પુષ્પાસવ અને ફલાસવનો વિચાર કરવો. ચોય–સુગંધી દ્રવ્ય, તેનો જે આસવ થાય તે ચોયાસવ, પત્રાદિ સિવાયનો જે આસવ તે આસવ કહેવાય છે. મધુ, મૈરેય અને કાપિશાયન–એ અમુક પ્રકારની મદિરા છે. ખજૂરના મૂલ, પાંદડાં અને સાર ભાગ વડે બનેલો આસવ તે ખર્જૂરસાર. મૃદ્વિકા–દ્રાક્ષા, તેના સાર વડે બનેલો આસવ મૃદ્વિકાસારાસવ. પક્વ ઇક્ષુના રસ વડે બનેલો સુપક્વઇક્ષુરસ, શાસ્ત્ર પ્રસિદ્ધ આઠ પ્રકારના પિષ્ટ વડે નિષ્પન્ન અસ્ટપિષ્ટનિષ્ટિત આસવ કહેવાય છે, જાંબુના ફળની પેઠે કાળી મદિરા તે જંબૂફલકાલિકા, શ્રેષ્ઠ એવી પ્રસન્ના તે વરપ્રસન્ના, આ બધા મદિરાના ભેદ છે. તે પૂર્વ કાળે લોકમાં પ્રસિદ્ધ હતી, અત્યારે પણ બીજા શાસ્ત્રથી અને લોકથી તેનું સ્વરૂપ જાણવું. તેમાં શ્રેષ્ઠ પ્રસન્ના મદિરાના વિશેષણો કહે છે—**'मंसला'** ઉપચિત રસવાળી, **'पेशला'** મનોજ્ઞ અને મનોજ્ઞ હોવાથી **'ईषद्‌ओष्ठावलंबिनी'** ઇષત્–જરા ઓષ્ઠને વિષે અવલંબન કરવાના–લાગવાના સ્વભાવવાળી અને ત્યાર પછી અત્યંત સ્વાદિષ્ટ હોવાથી આગળ ચાલી જાય એવી, તથા **'इषद्‌व्यवच्छेदकटुका'** ઇષત્–જરા પીધા પછી બંધ પડતાં એલચી વગેરે દ્રવ્યના સંબન્ધથી કટુક–તીખી, એટલે જેનો તિક્ત સ્વભાવ જણાય છે એવી. ઇષત્–કંઇક તામ્ર–લાલ આંખ કરનારી, કારણ કે પ્રાયઃ બધી મદિરાઓ એવાજ સ્વભાવની હોય છે. **'उक्कोसमयपत्ता'** ઉત્કૃષ્ટ મદ કરવાના સ્વભાવને પ્રાપ્ત થયેલી, એનુંજ વર્ણાદિ વડે સમર્થન–પ્રતિપાદન કરે છે–ઉત્કૃષ્ટ મદની સાથે નિયત રહેવાવાળા પ્રશસ્ત વર્ણ વડે, ઘ્રાણેન્દ્રિયને સુખકારક ગન્ધ વડે, પરમ સુખ આપનાર રસ વડે અને મદના પરિપાકની સાથે અવ્યભિચારી (નિયત રહેલા) સ્પર્શ વડે યુક્ત, આ હેતુથી આસ્વાદ કરવા યોગ્ય, વિશેષતઃ સ્વાદ કરવા લાયક, **'प्रीणनीया'** પ્રીતિ ઉત્પન્ન કરનારી, એ પ્રમાણે દર્પ ઉત્પન્ન કરનારી, મદ ઉત્પન્ન કરનારી, સર્વ ઇન્દ્રિય અને સર્વ શરીરને સુખ આપનારી એવા પ્રકારની શ્રેષ્ઠ પ્રસન્ના મદિરા છે, એ પ્રમાણે કહ્યું એટલે ભગવાન્ ગૌતમ પૂછે છે—'હે ભગવન્! આવા પ્રકારના રસવાળી પદ્મલેશ્યા છે? ભગવાન્ ઉત્તર આપે છે—'આ અર્થ યુક્ત નથી' ઇત્યાદિ બધું પૂર્વની પેઠે જાણવું. ॥૪૫॥૫૧૯॥

**सुक्कलेसाणं भंते! केरिसिया अस्साएणं पन्नत्ता? गोयमा! से जहानामए गुले इ वा खंडे इ वा सक्करा इ वा मच्छंडिया इ वा पप्पडमोदए इ वा भिसकंदए इ वा पुप्फुत्तरा इ वा पउमुत्तरा इ वा आदंसिया इ वा सिद्धत्थिया इ वा आगासफालितोवमा इ वा उवमा इ वा, अणोवमा इ वा, भवेतारूवा? गोयमा! णो इणट्ठे समट्ठे, सुक्कलेसा एत्तो इट्ठतरिया चेव [कंततरिया चेव] पियतरिया चेव मणामयरिया चेव आसाएणं पन्नत्ता ।।सू०-४६।।५२०।।**

*(મૂ૦) હે ભગવન્! શુક્લલેશ્યા આસ્વાદ વડે કેવા પ્રકારની છે? હે ગૌતમ! જેમ કોઇ ગોળ, ખાંડ, સાકર, મત્સ્યંડિકા, પર્પટમોદક, વીસકન્દ, પુષ્પોત્તરા, પદ્મોત્તરા, આદર્શિકા, સિદ્ધાર્થિકા, આકાશસ્ફટિકોપમા, ઉપમા અને અનુપમા હોય, એવા પ્રકારની શુક્લલેશ્યા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. શુક્લલેશ્યા એથી વધારે ઇષ્ટ, વધારે પ્રિય અને અધિક મનને ગમે તેવી આસ્વાદ વડે છે. ॥૪૬॥૫૨૦॥*

(ટી૦) **'सुक्कलेस्सा णं भंते'**! હે ભગવન્! શુક્લલેશ્યા આસ્વાદ વડે કેવા પ્રકારની છે—ઇત્યાદિ. ગોળ અને ખાંડ પ્રસિદ્ધ છે, શર્કરા–સાકર કાશ વગેરેથી ઉત્પન્ન થયેલી, મત્સ્યંડી–ખંડશર્કરા–ખાંડની બનેલી સાકર, પર્પટમોદક વગેરે સંપ્રદાયથી જાણી લેવા. બાકી બધુ સુગમ છે. એ પ્રમાણે લેશ્યાદ્રવ્યોનો રસ કહ્યો. ॥૪૬॥૫૨૦॥

## ।। गंधाहिगाराइ अहिगारछक्कं ।।

**कइ णं भंते! लेस्साओ दुब्भिगंधाओ पन्नत्ताओ? गोयमा! तओ लेस्साओ दुब्भिगंधाओ पन्नत्ताओ, तं जहा- कण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा। कइ णं भंते! लेस्साओ सुब्भिगंधाओ पन्नत्ताओ? गोयमा! तओ**

**लेस्साओ सुब्भिगंधाओ पन्नत्ताओ, तं जहा—तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा, एवं तओ अविसुद्धाओ, तओ विसुद्धाओ, तओ अप्पसत्थाओ, तओ पसत्थाओ, तओ संकिलिट्ठाओ, तओ असंकिलिट्ठाओ, तओ सीतलुक्खाओ, तओ निद्धुण्हाओ, तओ दुग्गतिगामियाओ, तओ सुगतिगामियाओ ।।सू०-४७।।५२१।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલી લેશ્યાઓ દુરભિગંધવાળી છે? હે ગૌતમ! ત્રણ લેશ્યાઓ દુરભિગંધવાળી છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. હે ભગવન્! કેટલી લેશ્યાઓ સુરભિગંધવાળી છે? હે ગૌતમ! ત્રણ લેશ્યાઓ સુરભિગન્ધવાળી છે. તે આ પ્રમાણે-તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. એ પ્રમાણે ત્રણ અવિશુદ્ધ લેશ્યાઓ છે અને ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ છે. ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓ છે અને ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ છે. ત્રણ સંક્લેશવાળી લેશ્યાઓ છે અને ત્રણ અસંક્લેશવાળી લેશ્યાઓ છે. ત્રણ શીત–રૂક્ષ લેશ્યાઓ છે અને ત્રણ સ્નિગ્ધ–ઉષ્ણ લેશ્યાઓ છે. ત્રણ દુર્ગતિગામી (દુર્ગતિમાં લઈ જનારી) લેશ્યાઓ છે અને ત્રણ સુગતિગામી (સુગતિમાં લઈ જનારી) લેશ્યાઓ છે. ॥૪૭॥૫૨૧॥*

(ટી૦) હવે ગંધાધિકાર કહે છે—'**कइ णं भंते! लेस्साओ दुब्भिगंधाओ**'? હે ભગવન્! કેટલી લેશ્યાઓ દુરભિગંધવાળી છે? ઇત્યાદિ. પરન્તુ કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા દુરભિગંધવાળી છે, કારણ કે મરી ગયેલ ગાય વગેરેના કલેવરથી અનન્તગુણ દુરભિગન્ધયુક્ત છે. તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા એ સુરભિગન્ધવાળી છે, કારણ કે પીસવામાં આવતા સુગન્ધી-સુવાસિત દ્રવ્યો અને સુગન્ધી કુસુમાદિથી પણ અનન્તગુણ સુરભિગન્ધસહિત છે. એ સંબન્ધે ઉત્તરાધ્યયનના લેશ્યાધ્યયનમાં કહ્યું છે—

जह गोमडस्स गन्धो णागमडस्स व जहा अहिमडस्स। एत्तो उ अणंतगुणो लेस्साणं अप्पसत्थाणं॥
जह सुरभिकुसुमगंधो गन्धवासाण पिस्समाणाणं। एत्तो उ अणंतगुणो पसत्थलेस्साण तिण्हंपि॥

જેમ મરી ગયેલ ગાયની, મરી ગયેલા હસ્તીની અને મરી ગયેલા સાપની ગન્ધ હોય છે એથી અનન્તગુણ દુર્ગન્ધ અપ્રશસ્ત લેશ્યાઓની જાણવી. જેમ સુગન્ધી પુષ્પોની ગન્ધ અથવા પીસાતા સુવાસિત દ્રવ્યોની ગન્ધ હોય તેથી અનન્તગુણ ગન્ધ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓની જાણવી. ગન્ધપરિણામ કહ્યો. હવે શુદ્ધાશુદ્ધપણું બતાવવા માટે કહે છે—'**एवं तओ अविसुद्धाओ, तओ विसुद्धाओ**' એ પ્રમાણે–ઉપર કહ્યા પ્રમાણે આદિની ત્રણ લેશ્યાઓ અશુદ્ધ કહેવી, કારણ કે અપ્રશસ્ત વર્ણ, ગન્ધ અને રસસહિત છે. પછીની ત્રણ લેશ્યાઓ વિશુદ્ધ છે, કારણ કે પ્રશસ્ત વર્ણ, ગન્ધ અને રસયુક્ત છે. તેથી એમ કહેવું જોઇએ—'**कइ णं भंते! लेस्साओ अविसुद्धाओ पन्नत्ताओ**'? હે ભગવન્! કેટલા પ્રકારની અવિશુદ્ધ લેશ્યાઓ છે? હે ગૌતમ! ત્રણ અવિશુદ્ધ લેશ્યાઓ છે. તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા. હે ભગવન્! કેટલી વિશુદ્ધ લેશ્યાઓ કહી છે? હે ગૌતમ! ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ કહી છે, તે આ પ્રમાણે—તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા. એમ શુદ્ધપણું અને અશુદ્ધપણું કહ્યું. હવે પ્રશસ્તપણું અને અપ્રશસ્તપણું જણાવે છે—'**तओ अप्पसत्थाओ तओ पसत्थाओ**' આદિની ત્રણ લેશ્યાઓ અપ્રશસ્ત છે, કારણ કે લેશ્યા યોગ્ય દ્રવ્યો અપ્રશસ્ત હોવાથી અપ્રશસ્ત અધ્યવસાયનું કારણ છે. પછીની ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત છે, કેમકે પ્રશસ્ત દ્રવ્ય હોવાથી પ્રશસ્ત અધ્યવસાયનું કારણ છે. સૂત્રપાઠ પૂર્વની પેઠે જાણવો—'**कइ णं भंते! लेस्साओ अप्पसत्थाओ पन्नत्ताओ**'? હે ભગવન્! કેટલી લેશ્યાઓ અપ્રશસ્ત છે—ઇત્યાદિ. એમ પ્રશસ્તપણું અને અપ્રશસ્તપણું કહ્યું. હવે સંક્લિષ્ટપણું અને અસંક્લિષ્ટપણું જણાવે છે—'**तओ संकिलिट्ठाओ, तओ असंकिलिट्ठाओ**'–પ્રથમની ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ છે, કારણ કે સંક્લિષ્ટ એવા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના અધ્યવસાયસ્થાનનો હેતુ છે. પછીની ત્રણ લેશ્યાઓ અસંક્લિષ્ટ છે, કારણ કે સંક્લેશરહિત ધર્મધ્યાન અને શુક્લધ્યાનના અધ્યવસાયસ્થાનનું કારણ છે. અહીં પણ સૂત્રપાઠ પૂર્વની પેઠે જાણવો—'હે ભગવન્! કેટલી લેશ્યાઓ સંક્લિષ્ટ છે' ઇત્યાદિ. હવે શીત અને ઉષ્ણ સ્પર્શનું પ્રતિપાદન કરવા માટે કહે છે—'**तओ सीयलुक्खाओ, तओ णिद्धुण्हाओ**' આદિની ત્રણ લેશ્યાઓ શીત અને રૂક્ષસ્પર્શવાળી છે અને

પછીની ત્રણ લેશ્યાઓ સ્નિગ્ધ અને ઉષ્ણસ્પર્શવાળી છે. અહીં લેશ્યાદ્રવ્યોને બીજા પણ કર્કશાદિ સ્પર્શો છે, કારણ કે લેશ્યાધ્યયનમાં કહ્યું છે કે—

**जह करवयस्स फासो गोजिब्भाए व सागपत्ताणं। एत्तो वि अणंतगुणो लेस्साणं अप्पसत्थाणं॥**

જેમ કરવતનો, ગાયની જીભનો અને સાગના પાંદડાનો સ્પર્શ હોય એથી પણ અનન્તગુણ (કર્કશ) સ્પર્શ અપ્રશસ્ત લેશ્યાદ્રવ્યોનો છે.

**जह बूरस्स व फासो नवणीयस्स व सिरीसकुसुमाणं। एत्तो वि अणंतगुणो पसत्थलेस्साण तिण्हंपि ॥**

જેમ બરુ, નવનીત–માખણ, અને શિરીષના ફૂલનો સ્પર્શ છે, તેથી પણ અનન્તગુણ (મૃદુ) સ્પર્શ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓનો છે. તો પણ પ્રથમની ત્રણ લેશ્યાઓનો શીત અને રૂક્ષ સ્પર્શ ચિત્તની અસ્વસ્થતા ઉત્પન્ન કરવામાં અને પછીની ત્રણ લેશ્યાઓનો સ્નિગ્ધ અને ઉષ્ણ સ્પર્શ પરમ સંતોષ ઉત્પન્ન કરવામાં અત્યંત સાધક છે તેથી તે બન્ને જુદા જુદા સાક્ષાત્ કહ્યા છે, માટે તેમાં દોષ નથી. સૂત્રપાઠ પૂર્વની પેઠે જાણવો–'હે ભગવન્! કેટલી લેશ્યાઓ શીતરૂક્ષ છે'–ઇત્યાદિ. હવે ગતિદ્વાર કહે છે—'**तओ दुग्गइगामिणीओ, तओ सुग्गइगामिणीओ**'–આદિની ત્રણ લેશ્યાઓ દુર્ગતિમાં લઇ જવાના સ્વભાવવાળી છે, કારણ કે સંક્લિષ્ટ અધ્યવસાયનો હેતુ છે, પછીની ત્રણ લેશ્યાઓ સુગતિમાં લઇ જવાના સ્વભાવવાળી છે, કારણ કે પ્રશસ્ત અધ્યવસાયનો હેતુ છે. સૂત્રપાઠ પૂર્વની પેઠે જાણવો—'હે ભગવન્! કેટલી લેશ્યાઓ દુર્ગતિગામી–દુર્ગતિમાં લઇ જનારી છે' ઇત્યાદિ. ॥૪૭॥૫૨૧॥

## ॥ परिणामहिगारो ॥

**कण्हलेस्सा णं भंते! कतिविहं परिणामं परिणमति? गोयमा! तिविहं वा नवविहं वा सत्तावीसविहं वा एक्कासीतिविहं वा बेतेयालसतविहं वा बहुं वा बहुविहं वा परिणामं परिणमइ, एवं जाव सुक्कलेसा** ॥सू०-४८॥५२२॥

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યા કેટલા પ્રકારના પરિણામ વડે પરિણમે છે? હે ગૌતમ! ત્રણ પ્રકારના; નવ પ્રકારના, સત્યાવીશ પ્રકારના, એકાશી પ્રકારના, બસો તેંતાલીસ પ્રકારના, બહુ અને બહુ પ્રકારના પરિણામ વડે પરિણમે છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું. ॥૪૮॥૫૨૨॥*

(ટી૦) હવે પરિણામદ્વાર કહે છે—'**कण्हलेसा णं भंते! 'कइविहं परिणामं**'–અહીં પ્રાકૃત હોવાથી તૃતીયાના અર્થમાં દ્વિતીયા વિભક્તિ સમજવી. જેમ આચારાંગ સૂત્રમાં—'**अगणिं च खलु पुट्ठा**' અગ્નિ વડે સ્પર્શ કરાયેલા–એ અર્થ છે. તેથી આ અર્થ થાય છે—હે ભગવન્! કૃષ્ણલેશ્યા કેટલા પ્રકારના પરિણામ વડે પરિણમે છે? ભગવાન્ ઉત્તર આપે છે—'**गोयमा! तिविहं वा**'—'હે ગૌતમ! ત્રણ પ્રકારના પરિણામ વડે ઇત્યાદિ પરિણમે છે. અહીં લેશ્યાનો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ વડે ત્રણ પ્રકારનો પરિણામ છે. જ્યારે એ જઘન્યાદિ પરિણામની સ્વસ્થાનના તારતમ્યના વિચારમાં પ્રત્યેકને જઘન્યાદિ ત્રણ વડે ગુણીએ ત્યારે નવ પ્રકારનો પરિણામ થાય, એમ ફરી ફરી ત્રણ વડે ગુણતાં સત્યાવીશ પ્રકાર, એકાશી પ્રકાર, બસો તેંતાલીશ પ્રકાર, એમ બહુ અને બહુ પ્રકારના પરિણામનો વિચાર કરવો. અહીં બધે તૃતીયાના અર્થમાં દ્વિતીયા વિભક્તિ છે. તેથી ત્રણ પ્રકારના પરિણામ વડે, નવ પ્રકારના પરિણામ વડે પરિણમે છે એમ પદોની યોજના કરવી. '**एवं जाव सुक्कलेस्सा**' એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું. એટલે કૃષ્ણલેશ્યા સંબન્ધી પ્રકાર વડે નીલાદિ લેશ્યાઓ પણ યાવત્ શુક્લલેશ્યા સુધી કહેવી. સૂત્રપાઠ સુગમ હોવાથી સ્વયં વિચારવો. ॥૪૮॥૫૨૨॥

## ॥ पदेसाहिगारो ॥

**कण्हलेस्सा णं भंते! कतिपदेसिया पन्नत्ता? गोयमा! अणंतपदेसिया पन्नत्ता, एवं जाव सुक्कलेसा।**

## || अवगाहाहिगारो ||

**कण्हलेस्सा णं भंते! कइपएसोगाढा पन्नत्ता? गोयमा! असंखेज्जपएसोगाढा पन्नत्ता। एवं जाव सुक्कलेस्सा।**

## || वग्गणाहिगारो ||

**कण्हलेस्साए णं भंते! केवतियाओ वग्गणाओ पन्नत्ताओ? गोयमा! अणंताओ वग्गणाओ पण्णत्ताओ, एवं जाव सुक्कलेस्साए ।।सू०-४९।।५२३।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશવાળી છે? હે ગૌતમ! અનન્ત પ્રદેશવાળી છે. એમ શુક્લલેશ્યા સુધી સમજવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશની અવગાહનાવાળી છે? હે ગૌતમ! અસંખ્યાતા પ્રદેશોની અવગાહનાવાળી છે. એમ શુક્લલેશ્યા સુધી સમજવું. હે ભગવન્! કૃષ્ણલેશ્યાની કેટલી વર્ગણાઓ છે? હે ગૌતમ! અનન્ત વર્ગણાઓ છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું. ।।૪૯।।૫૨૩।।*

(ટી૦) હવે પ્રદેશદ્વાર કહેવાની ઇચ્છા વડે સૂત્રકાર કહે છે—'**कण्हलेस्सा णं भंते! कइपएसिया**'–હે ભગવન્! 'કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશવાળી છે'–ઇત્યાદિ સુગમ છે, પરન્તુ 'અનન્ત પ્રદેશવાળી છે'. કારણ કે કૃષ્ણલેશ્યાને યોગ્ય દ્રવ્યના પ્રદેશો–તેને યોગ્ય પરમાણુઓ અનન્તાનન્ત સંખ્યાવાળા છે. કેમકે અનન્ત પ્રદેશો સિવાયનો કોઇ પણ સ્કન્ધ જીવને ગ્રહણ યોગ્ય નથી. એમ નીલાદિ લેશ્યાઓ પણ કહેવી. એમ શુક્લલેશ્યા સુધી કહેવું. હવે અવગાહનાદ્વાર કહે છે—'**कण्हलेस्सा णं भंते! कइपएसोगाढा**'? હે ભગવન્! કૃષ્ણલેશ્યા કેટલા પ્રદેશોની અવગાહનાવાળી છે? ઇત્યાદિ. અહીં અવગાહનાદ્વારમાં પ્રદેશો એટલે ક્ષેત્રના પ્રદેશો ગ્રહણ કરવા, કારણ કે તેમાં જ અવગાહનાની પ્રસિદ્ધિ છે. તે ક્ષેત્રપ્રદેશો અનન્ત વર્ગણાઓના આધારભૂત અસંખ્યાતા જ જાણવા. કારણ કે સંપૂર્ણ લોકના પણ અસંખ્યાતા પ્રદેશો છે. હવે વર્ગણાદ્વાર કહે છે—'**कण्हलेस्साणं भंते! केवइयाओ वग्गणाओ पन्नत्ताओ**'?–હે ભગવન્! કૃષ્ણલેશ્યાની કેટલી વર્ગણાઓ છે–ઇત્યાદિ. અહીં વર્ગણા ઔદારિકાદિ શરીરયોગ્ય પરમાણુઓની વર્ગણાની પેઠે કૃષ્ણલેશ્યાને યોગ્ય દ્રવ્યના પરમાણુઓની વર્ગણા ગ્રહણ કરવી. અને તે વર્ણાદિના ભેદથી સમાન જાતિવાળાની જ હોવાથી અનન્ત વર્ગણાઓ જાણવી. એમ નીલલેશ્યાદિ પ્રત્યેકની વર્ગણાઓ કહેવી. એ પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव सुक्कलेस्साए**' ઇતિ એમ શુક્લલેશ્યા સુધી કહેવું.।।૪૯।।૫૨૩।।

## || ठाणाहिगारो ||

**केवतिया णं भंते! कण्हलेस्साठाणा पन्नत्ता? गोयमा! असंखेज्जा कण्हलेस्साठाणा पन्नत्ता। एवं जाव सुक्कलेस्सा ।।सू०-५०।।५२४।।**

*(મૂ૦) હે ભગવન્! કૃષ્ણલેશ્યાના કેટલાં સ્થાનો છે? હે ગૌતમ! કૃષ્ણલેશ્યાના અસંખ્યાતા સ્થાનો છે. એ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું. ।।૫૦।।૫૨૪।।*

(ટી૦) હવે સ્થાનદ્વાર કહે છે—'**केवइया णं भंते कण्हलेस्साठाणा पन्नत्ता**'? હે ભગવન્! કૃષ્ણલેશ્યાના કેટલાં સ્થાનો એટલે વિશુદ્ધિ અને અવિશુદ્ધિના પ્રકર્ષ–અધિકતા અને અપ્રકર્ષ–ન્યૂનતા વડે કરાયેલા સ્વરૂપના ભેદો છે? અહીં સ્થાનશબ્દ ભેદવાચી છે. સૂત્રમાં પુંલિંગનો નિર્દેશ પ્રાકૃત હોવાથી થયેલો છે. અહીં જ્યારે ભાવરૂપ કૃષ્ણાદિ લેશ્યાઓનો વિચાર કરીએ ત્યારે એક એક લેશ્યાના વિશુદ્ધિ કે અવિશુદ્ધિના હીનાધિકપણાથી કરાયેલા સ્વરૂપના ભેદરૂપ સ્થાનો કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમય પ્રમાણ છે અને ક્ષેત્રથી અસંખ્યાતા લોકાકાશના પ્રદેશપ્રમાણ છે. કહ્યું છે કે—

"असंखेज्जाणुसप्पिणीण अवसप्पिणीण जे समया। संखाईया लोगा लेस्साणं होंति ठाणाइं।।"

અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જે સમયો છે, અથવા અસંખ્યાતા લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલા લેશ્યાના સ્થાનો છે. પરન્તુ અશુભલેશ્યાના સંક્લેશરૂપ અને શુભલેશ્યાના વિશુદ્ધરૂપ સ્થાનો છે. એ ભાવલેશ્યાના સ્થાનોના કારણભૂત કૃષ્ણાદિ દ્રવ્યો છે, તેને પણ સ્થાનોજ કહેવાય છે અને તેજ સ્થાનો અહીં ગ્રહણ કરવા, કારણ કે આ ઉદ્દેશકમાં

કૃષ્ણાદિ દ્રવ્યનોજ વિચાર પ્રસ્તુત છે. તે સ્થાનો પ્રત્યેક લેશ્યાના અસંખ્યાતા છે, કારણ કે તેવા પ્રકારના એક પરિણામના કારણભૂત અનન્ત દ્રવ્યો પણ એક અધ્યવસાયના હેતુભૂત હોવાથી એકરૂપ છે. તે સ્થાનો પ્રત્યેક લેશ્યાના બે પ્રકારના છે– જઘન્ય અને ઉત્કૃષ્ટ. જઘન્ય લેશ્યાસ્થાનરૂપ પરિણામના કારણ તે જઘન્ય અને ઉત્કૃષ્ટ લેશ્યાસ્થાનરૂપ પરિણામના કારણ તે ઉત્કૃષ્ટ. જે મધ્યમ સ્થાનો છે તેમાં જે જઘન્યને નજીક હોય તેનો જઘન્યમાં સમાવેશ થાય છે અને ઉત્કૃષ્ટને નજીક હોય તેનો ઉત્કૃષ્ટમાં સમાવેશ થાય છે. તે એક એક જઘન્ય સ્થાનો અને ઉત્કૃષ્ટ સ્થાનો પોતાના સ્થાનને આશ્રયી પરિણામરૂપ ગુણના ભેદથી અસંખ્યાતા છે. અહીં આ દૃષ્ટાંત છે–જેમ સ્ફટિકમણિની રક્તતા અળતાને લીધે થાય છે, અને તે જઘન્ય રક્તતાગુણવાળા અળતાથી જઘન્ય રક્તતા થાય છે, એકગુણ અધિક અળતા વડે એકગુણ અધિક જઘન્ય રક્તતા હોય છે, એમ એક એક ગુણની વૃદ્ધિ કરવા વડે જઘન્ય રક્તતામાં અસંખ્યાતા સ્થાનો થાય છે. અને તે બધા વ્યવહારથી થોડાગુણવાળા હોવાથી જઘન્ય સ્થાનો કહેવાય છે. એ પ્રમાણે આત્માને પણ જઘન્ય એકગુણાધિક, દ્વિગુણાધિકાદિ લેશ્યાદ્રવ્યના સંનિધાનથી અસંખ્યાતા લેશ્યાપરિણામો થાય છે. અને તે બધાય વ્યવહારથી અલ્પગુણવાળા હોવાથી 'જઘન્ય' કહેવાય છે. તેના કારણભૂત લેશ્યાદ્રવ્યોના સ્થાનો પણ જઘન્ય કહેવાય છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થાનો પણ અસંખ્યાતા જાણવા. ॥૫૦॥૫૨૪॥

## ।। अप्पबहुअहिगारो ।।

**एएसि णं भंते! कण्हलेस्साठाणाणं जाव सुक्कलेस्साठाणाण य जहन्नगाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा जहन्नगा काउलेस्साठाणा दव्वट्ठयाए, जहन्नगा नीललेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा कण्हलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा तेउलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा पम्हलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा सुक्कलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, पएसट्ठयाए-सव्वत्थोवा जहन्नगा काउलेस्साठाणा पएसट्ठयाए, जहन्नगा नीललेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा कण्हलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा तेउलेस्साएठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा पम्हलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, जहन्नगा सुक्कलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा जहन्नगा काउलेस्साठाणा दव्वट्ठयाए, जहन्नगा नीललेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्साठाणा, तेउलेस्साठाणा, पम्हलेस्साठाणा, जहन्नगा सुक्कलेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नएहिंतो सुक्कलेस्साठाणेहिंतो दव्वट्ठयाए जहन्नगाकाउलेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा[अणंतगुणा], जहन्नया नीललेस्साठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं जाव सुक्कलेस्साठाणा ।।सू०-५१।।५२५।।**

*(મૂ૦) હે ભગવન્! જઘન્ય એવા કૃષ્ણલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય કૃષ્ણલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય તેજોલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય પદ્મલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થરૂપે–સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય કૃષ્ણલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય તેજોલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. તેથી જઘન્ય પદ્મલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે–સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એમ જઘન્ય કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યાના સ્થાનો છે. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી*

*જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે શુક્લલેશ્યાના સ્થાનો સુધી જાણવું. ।।૫૧।।૫૨૫।।*

(ટી૦) હવે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते! कण्हलेस्साठाणाणं**' ઇત્યાદિ. અહીં ત્રણ અલ્પબહુત્વ છે–જઘન્ય સ્થાનવિષયક, ઉત્કૃષ્ટ સ્થાનવિષયક અને ઉભયસ્થાનવિષયક. એક એકના પણ ત્રણ ત્રણ પ્રકાર છે–દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે, અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણે. તેમાં જઘન્ય સ્થાનના વિષયમાં દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે કાપોત, નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લ પ્રત્યેક લેશ્યાના સ્થાનો અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા કહેવા. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે–પ્રથમ દ્રવ્યાર્થરૂપે કાપોત, નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લલેશ્યાના અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા સ્થાનો છે. ત્યારબાદ શુક્લલેશ્યાના સ્થાન પછી પ્રદેશાર્થરૂપે કાપોતલેશ્યાના સ્થાનો અનન્તગુણા છે. ત્યાર પછી નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લલેશ્યાના સ્થાનો અનુક્રમે પ્રદેશાર્થરૂપે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થાનો દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને ઉભયાર્થપણે વિચારવાં. માટે કહ્યું છે કે '**एवं जहेव जहन्नगा तहेव उक्कोसगावि, नवरं उक्कोसत्ति अभिलावो।**' જેમ જઘન્ય સ્થાનો કહ્યાં તેમ ઉત્કૃષ્ટ સ્થાનો પણ કહેવાં, પરન્તુ ત્યાં જઘન્યને બદલે 'ઉત્કૃષ્ટ' પાઠ કહેવો. જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થાનના સમુદાયવિષયક અલ્પબહુત્વમાં પ્રથમથી દ્રવ્યાર્થપણે કાપોત, નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાનો અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે; ત્યાર પછી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોત, નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લલેશ્યાના સ્થાનો અનુક્રમે દ્રવ્યાર્થપણે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. એમ પ્રદેશાર્થપણે પણ જઘન્ય અને ઉત્કૃષ્ટસ્થાન સંબન્ધે અલ્પબહુત્વ વિચારવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जहेव दव्वट्ठयाए तहेव पएसट्ठयाएवि भाणियव्वं, नवरं 'पएसट्ठयाए' त्ति अभिलावविसेसो**'- જેમ દ્રવ્યાર્થપણે કહ્યું તેમ પ્રદેશાર્થપણે પણ કહેવું, પરન્તુ 'પ્રદેશાર્થપણે' એવો પાઠ કહેવો એ વિશેષ છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણામાં–પ્રથમથી દ્રવ્યાર્થરૂપે કાપોત, નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાનો અનુક્રમે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. ત્યારબાદ જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉપર કહેલા ક્રમ વડે ઉત્કૃષ્ટ સ્થાનો દ્રવ્યાર્થરૂપે ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. ત્યારબાદ ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થપણે અનન્તગુણા છે. તે પછી પ્રદેશાર્થપણે જ નીલ, કૃષ્ણ, તેજસ્, પદ્મ અને શુક્લલેશ્યાના જઘન્ય સ્થાનો ઉત્તરોત્તર અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થાનો પણ ઉપર કહેલા ક્રમ વડે જ ઉત્તરોઉત્તર અસંખ્યાતગુણા છે. ।।૫૧।।૫૨૫।।

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્તરમા લેશ્યા પદનો ચતુર્થ ઉદ્દેશક સમાપ્ત.

**एतेसि णं कण्हलेस्साठाणाणं जाव सुक्कलेस्साठाणाण य उक्कोसगाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा उक्कोसगा काउलेस्साठाणा दव्वट्ठयाए, उक्कोसगा नीललेस्साठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं जहेव जहन्नगा तहेव उक्कोसगा वि, नवरं उक्कोस त्ति अभिलावो** ।।सू०-५२।।५२६।।

*(મૂ૦) હે ભગવન્! એ ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થરૂપે, પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થ–પ્રદેશાર્થરૂપે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, એ પ્રમાણે જેમ જઘન્ય સ્થાનો કહ્યાં તેમ ઉત્કૃષ્ટ સ્થાનો પણ કહેવાં. પરન્તુ જઘન્યને સ્થાને 'ઉત્કૃષ્ટ' એવો પાઠ કહેવો. ।।૫૨।।૫૨૬।।*

**एतेसि णं भंते! कण्हलेस्सठाणाणं जाव सुक्कलेस्सठाणाण य जहन्नउक्कोसगाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा जहन्नगा काउलेस्सठाणा दव्वट्ठयाए, जहन्नया नीललेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्ह-तेउ-पम्हलेस्सठाणा, जहन्निया सुक्कलेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नएहिंतो सुक्कलेस्सठाणेहिंतो दव्वट्ठयाए उक्कोसा काउलेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, उक्कोसा नीललेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्ह-तेउ-पम्हलेस्सट्ठाणा, उक्कोसा**

सुक्कलेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा। पएसट्ठयाए-सव्वत्थोवा जहन्नगा काउलेस्सठाणा पएसट्ठयाए, जहन्नगा नीललेस्सठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं जहेव दव्वट्ठयाए तहेव पएसट्ठयाए वि भाणियव्वं, नवरं पएसट्ठयाए त्ति अभिलावविसेसो। दव्वट्ठपएसट्ठयाए-सव्वत्थोवा जहन्नगा काउलेसठाणा दव्वट्ठयाए, जहन्नगा नीललेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्ह-तेउ-पम्हलेस्सट्ठाणा, जहन्नया सुक्कलेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, जहन्नएहिंतो सुक्कलेस्सठाणेहिंतो दव्वट्ठयाए उक्कोसा काउलेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, उक्कोसा नीललेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, एवं कण्ह-तेउ-पम्हलेस्सट्ठाणा, उक्कोसगा सुक्कलेस्सठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा, उक्कोसएहिंतो सुक्कलेस्सठाणेहिंतो दव्वट्ठयाए जहन्नगा काउलेस्सठाणा पएसट्ठयाए अणंतगुणा, जहन्नगा नीललेस्सठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं कण्ह(लेस्सट्ठाणा)-तेउ(लेस्सट्ठाणा)-पम्हलेस्सठाणा, जहन्नगा सुक्कलेस्सठाणा असंखेज्जगुणा, जहन्नएहिंतो सुक्कलेस्सठाणेहिंतो पएसट्ठयाए उक्कोसा काउलेस्सठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, उक्कोसया नीललेस्सठाणा पएसट्ठयाए असंखेज्जगुणा, एवं कण्हलेस्सट्ठाणातेउलेस्सट्ठाणापम्हलेस्सट्ठाणा, उक्कोसया सुक्कलेस्सठाणा पएसट्ठयाए असंखेज्जगुणा ।।सू०-५३।।५२७।।

पन्नवणाए भगवईए सत्तरसमस्स लेस्सापदस्स चउत्थओ उद्देसओ समत्तो।

*(મૂ૦) હે ભગવન્! એ જઘન્ય અને ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યાના સ્થાનો યાવત્ શુક્લલેશ્યાના સ્થાનોમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. એમ કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યાના સ્થાનો સંબંધે જાણવું. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે. તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, એ પ્રમાણે કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે કહેવું. તેથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થપણે-સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, એ પ્રમાણે જેમ દ્રવ્યાર્થરૂપે કહ્યું તેમ પ્રદેશાર્થરૂપે પણ કહેવું. પરન્તુ 'પ્રદેશાર્થરૂપે' એવો પાઠ વિશેષ કહેવો. દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે—સૌથી થોડા જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે છે. તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, દ્રવ્યાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એમ કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનો દ્રવ્યાર્થરૂપે અસંખ્યાતગુણા છે. દ્રવ્યાર્થપણે ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અનન્તગુણા છે, તેથી જઘન્ય નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. પ્રદેશાર્થરૂપે જઘન્ય શુક્લલેશ્યાના સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે, તેથી ઉત્કૃષ્ટ નીલલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણા છે. એમ કૃષ્ણ, તેજસ્ અને પદ્મલેશ્યા સંબંધે જાણવું. તેથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યાના સ્થાનો પ્રદેશાર્થ રૂપે અસંખ્યાતગુણા છે. ।।૫૩।।૫૨૭।।*

*પ્રજ્ઞાપના ભગવતીમાં સત્તરમાં લેશ્યાપદનો ચતુર્થ ઉદ્દેશક સમાપ્ત.*

काउलेस्सठाणा

## ।। पञ्चमो उद्देशो – लेस्साभेय परूवणं ।।

**कइ णं भंते! लेस्साओ पन्नत्ताओ? गोयमा! छल्लेस्साओ पन्नत्ताओ, तं जहा–कण्हलेस्सा, जाव सुक्कलेस्सा।**

## ।। लेस्साणं परिणमणभवपरूवणं ।।

**से नूणं भंते! कण्हलेस्सा नीललेस्सं पप्प तारूवत्ताए तावन्नत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो भुज्जो परिणमति? इत्तो आढत्तं जहा चउत्थओउद्देसओ तहा भाणियव्वं जाव वेरुलियमणिदिट्ठंतो त्ति।।सू०-५४।।५२८।।**

***પાંચમો ઉદ્દેશક***

*(મૂ૦) હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે? હે ગૌતમ! છ લેશ્યાઓ કહી છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે–તેના સ્વરૂપે, તેના વર્ણપણે, તેના ગન્ધપણે, તેના રસપણે અને તેના સ્પર્શપણે વારંવાર પરિણમે? હે ગૌતમ! અહીંથી આરંભી જેમ ચોથો ઉદ્દેશક કહ્યો, તેમ વૈડૂર્યમણિના દૃષ્ટાંત સુધી કહેવું. ।।૫૪।।૫૨૮।।*

(ટી૦) ચોથો ઉદ્દેશક કહ્યો, હવે પાંચમા ઉદ્દેશકનો પ્રારંભ થાય છે. તેનું આ પ્રથમ સૂત્ર છે. '**कइ णं भंते! लेस्साओ पन्नत्ताओ**'? 'હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે'–ઇત્યાદિ ચતુર્થ ઉદ્દેશકની પેઠે યાવત્ વૈડૂર્યમણિના દૃષ્ટાંત સુધી કહેવું અને તેની વ્યાખ્યા પૂર્વની પેઠે બધી કરવી. પૂર્વે કહેલા આ સૂત્રનું પુનઃ કથન આગળના સૂત્રના સંબન્ધને માટે છે. તેજ સૂત્ર કહે છે– '**से नूणं भंते**'! હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને વારંવાર તે રૂપે પરિણમતી નથી–ઇત્યાદિ. અહીં તિર્યંચ અને મનુષ્ય સંબન્ધી સૂત્ર હમણાં કહ્યું અને આ સૂત્ર દેવ અને નૈરયિક સંબન્ધે જાણવું. કારણ કે દેવ અને નારકો પૂર્વભવના છેલ્લા અન્તર્મુહૂર્તથી આરંભી પર ભવના પ્રથમ અન્તર્મુહૂર્ત સુધી અવસ્થિતલેશ્યાવાળા હોય છે. તેથી એઓને કૃષ્ણાદિ લેશ્યાદ્રવ્યોનો પરસ્પર સંબન્ધ હોવા છતાં પણ પરિણમ્ય–પરિણામકભાવ ઘટતો નથી, તેથી યથાર્થ પરિજ્ઞાન થવા માટે પ્રશ્ન કરે છે–'**से नूणं भंते**'! ઇત્યાદિ. से શબ્દ અથશબ્દના અર્થમાં છે અને અથશબ્દ પ્રશ્ન અર્થમાં છે. હે ભગવન્! નૂનં નિશ્ચિત–અવશ્ય કૃષ્ણલેશ્યાદ્રવ્યો નીલલેશ્યા દ્રવ્યોને પ્રાપ્ત કરીને, અહીં પ્રાપ્તિનો અર્થ સમીપ માત્ર છે, પરન્તુ પરિણમ્ય–પરિણામકભાવવડે પરસ્પર સંબન્ધરૂપ અર્થ નથી. '**तद्रूपतया**'–તદ્રૂપપણે–નીલલેશ્યાના સ્વભાવપણે એની જ વ્યાખ્યા કરે છે–'**तद्वर्णतया**' તદ્વર્ણપણે–નીલલેશ્યાના વર્ણપણે; '**तद्गन्धतया**' તદ્‌ગન્ધપણે–નીલલેશ્યાના ગન્ધપણે, '**तद्रसतया**' તદ્રસપણે–નીલલેશ્યાના રસપણે અને '**तत्स्पर्शता**' તત્સ્પર્શપણે–નીલલેશ્યાના સ્પર્શપણે વારંવાર નથી પરિણમતી? ભગવાન્ ઉત્તર આપે છે–'**हन्ता गोयमा**'! હે ગૌતમ! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યાપણે પરિણમતી નથી. (પ્ર૦)—જો કૃષ્ણલેશ્યા તદ્રૂપપણે–અન્ય લેશ્યાપણે ન પરિણમે તો સાતમી નરકપૃથિવીમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ શી રીતે થાય? કારણ કે સમ્યક્ત્વ તેજોલેશ્યાદિ શુભલેશ્યાનો પરિણામ હોય ત્યારે થાય છે, અને સાતમી નરકપૃથિવીમાં કૃષ્ણલેશ્યા છે. તેથી '**भावपरावत्तीए पुण सुरनेरइयाणं पि छल्लेसा**'। ભાવની પરાવૃત્તિ થવાથી દેવ અને નૈરયિકોને પણ છ એ લેશ્યાઓ હોય છે આ વાક્ય શી રીતે ઘટે? કારણ કે અન્ય લેશ્યાદ્રવ્યના સંબન્ધથી તદ્રૂપપણે પરિણામનો અસંભવ હોવાથી ભાવની પરાવૃત્તિ નહિ થઇ શકે, માટે તે સંબન્ધે પ્રશ્ન અને ઉત્તરસૂત્ર કહે છે–'**से केणट्ठेणं भंते**'!–હે ભગવન્! એમ શા હેતુથી કહો છો–ઇત્યાદિ. તેમાં પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તરસૂત્ર આ છે–'**आगारभावमायाए वा से सिया**' ઇત્યાદિ. આકારભાવમાત્ર–છાયામાત્ર વડે હોય. અહિં માત્ર શબ્દ આકારભાવ સિવાયના બીજા પરિણામનો નિષેધ કરવા માટે છે. '**से**' તે કૃષ્ણલેશ્યા નીલલેશ્યારૂપે છાયામાત્રવડે હોય છે. અથવા '**पलिभागमायाए वा से सिया**' પ્રતિભાગ–પ્રતિબિંબ માત્રવડે નીલલેશ્યારૂપે હોય છે. જેમ અરીસા વગેરેમાં પડેલું પ્રતિબિંબ પ્રતિબિંબને યોગ્ય વસ્તુના વિશિષ્ટ આકારરૂપે થાય છે. અહીં પણ માત્ર શબ્દ પ્રતિબિંબ સિવાયના બીજા પરિણામનો નિષેધ કરવા માટે છે. તેમ કૃષ્ણલેશ્યા પ્રતિબિંબ માત્રવડે નીલલેશ્યારૂપે થાય છે. પણ વાસ્તવિક રીતે તો તે કૃષ્ણલેશ્યા જ છે, નીલલેશ્યા નથી. કારણ કે તે પોતાના સ્વરૂપનો ત્યાગ કરતી નથી. આદર્શ વગેરે જપાકુસુમ વગેરેના સંન્નિધાનથી તેના પ્રતિબિંબમાત્રને ધારણ કરતા

આદર્શાદિ નથી એમ નથી, પણ આદર્શાદિ જ છે, એ પ્રમાણે લેશ્યા સંબન્ધે વિચાર કરવો. કેવળ તે કૃષ્ણલેશ્યા પોતાના સ્વરૂપમાં રહીને '**अवष्वष्कते, उत्ष्वष्कते**'–તેના આકારભાવમાત્રને ધારણ કરવાથી કે તેના પ્રતિબિંબમાત્રને ધારણ કરવાથી ઉત્સર્પણ કરે છે–અન્ય લેશ્યાને પ્રાપ્ત થાય છે. કૃષ્ણલેશ્યાથી નીલલેશ્યા વિશુદ્ધ છે, તેથી તેના આકારભાવને કે તેના પ્રતિબિંબમાત્રને ધારણ કરતી કંઇક વિશુદ્ધ થાય છે માટે તે 'ઉત્સર્પણ કરે છે–પ્રાપ્ત થાય છે' એમ કહ્યું છે. ઉપસંહાર વાક્ય કહે છે–'**से एएणट्ठेणं**' એ કારણથી એમ કહું છું—ઇત્યાદિ સુગમ છે. એ પ્રમાણે કાપોતલેશ્યાને પ્રાપ્ત કરીને નીલલેશ્યાના, તેજોલેશ્યાને આશ્રયી કાપોતલેશ્યાના, પદ્મલેશ્યાને આશ્રયી તેજોલેશ્યાના અને શુક્લલેશ્યાને આશ્રયી પદ્મલેશ્યાના સૂત્રોનો વિચાર કરવો. હવે પદ્મલેશ્યાને આશ્રયી શુક્લલેશ્યા સંબન્ધે સૂત્ર કહે છે—'**से नूणं भंते! सुक्कलेसा पम्हलेसं पप्प**'–હે ભગવન્! શુક્લલેશ્યા પદ્મલેશ્યાને પામીને તદ્રૂપપણે ન પરિણમે? ઇત્યાદિ. એ સૂત્રનો પૂર્વની પેઠે વિચાર કરવો. પરંતુ શુક્લલેશ્યાની અપેક્ષાએ પદ્મલેશ્યા હીનપરિણામવાળી છે, તેથી શુક્લલેશ્યા પદ્મલેશ્યાના આકારભાવ કે પ્રતિબિંબ માત્રને ધારણ કરતી કંઇક અવિશુદ્ધ થાય છે. માટે '**अवष्वष्कते**' પ્રાપ્ત થાય છે–એમ કહેવાય છે. એ પ્રમાણે તેજસ્, કાપોત, નીલ અને કૃષ્ણલેશ્યા વિષયક પણ સૂત્રો વિચારવાં. તેથી પદ્મલેશ્યાને આશ્રયી તેજસ્, કાપોત, નીલ અને કૃષ્ણલેશ્યા વિષયક સૂત્રો, તેજોલેશ્યાને આશ્રયી કાપોત, નીલ અને કૃષ્ણલેશ્યા વિષયક સૂત્રો, કાપોતલેશ્યાને આશ્રયી નીલ અને કૃષ્ણલેશ્યા સંબન્ધે સૂત્રો અને નીલલેશ્યાને આશ્રયી કૃષ્ણલેશ્યા વિષયક સૂત્ર જાણવાં. આ સૂત્રો પુસ્તકોમાં સાક્ષાત્ દેખાતાં નથી, પણ કેવળ અર્થથી જાણવાં કારણ કે તે પ્રમાણે મૂલ ટીકાકારે વ્યાખ્યાન કર્યું છે. એ પ્રમાણે જો કે દેવ અને નારકોને અવસ્થિત લેશ્યાદ્રવ્ય છે, તો પણ તે તે ગ્રહણ કરાતાં બીજી લેશ્યાદ્રવ્યના સંબન્ધથી તે પણ તેના આકારભાવમાત્રને ધારણ કરે છે માટે ભાવની પરાવૃત્તિ થવાથી છએ લેશ્યા ઘટે છે, તેથી સાતમી નરક પૃથિવીમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તેમાં કંઇપણ દોષ નથી. ॥૫૪॥૫૨૮॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્તરમા લેશ્યાપદનો પંચમ ઉદ્દેશક સમાપ્ત.

**से नूणं भंते! कण्हलेस्सा नीललेस्सं पप्प णो तारूवत्ताए [जाव] णो तावण्णत्ताए णो तागंधत्ताए णो तारसत्ताए णो ताफासत्ताए भुज्जो भुज्जो परिणमइ? हंता गोयमा! कण्हलेस्सा नीललेस्सं पप्प णो तारूवत्ताए, णो तावन्नत्ताए, णो तागंधत्ताए, णो तारसत्ताए, णो ताफासत्ताए भुज्जो २ परिणमति। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! आगरभावमायाए वा से सिया, पलिभागभावमायाए वा से सिया। कण्हलेस्सा णं सा, णो खलु सा नीललेस्सा, तत्थ गया ओसक्कइ उस्सक्कइ वा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ—'कण्हलेस्सा नीललेस्सं पप्प णो तारूवत्ताए जाव भुज्जो २ परिणमति'। से नूणं भंते! नीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए जाव भुज्जो २ परिणमति? हंता गोयमा! नीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए जाव भुज्जो २ परिणमति। से केणट्ठेणं भंते! एवं वुच्चइ—'नीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए जाव भुज्जो २ परिणमति'? गोयमा! आगारभावमायाए वा से सिता, पलिभागभावमायाए वा सिता। नीललेस्सा णं सा, णो खलु सा काउलेस्सा तत्थगया ओसक्कइ उस्सक्कति वा, से एएणट्ठेणं गोयमा! एवं वुच्चइ—'नीललेस्सा काउलेस्सं पप्प णो तारूवत्ताए जाव भुज्जो २ परिणमति'। एवं काउलेस्सा तेउलेस्सं पप्प, तेउलेस्सा पम्हलेस्सं पप्प, पम्हलेस्सा सुक्कलेस्सं पप्प। से नूणं भंते! सुक्कलेस्सा पम्हलेस्सं पप्प णो तारूवत्ताए जाव परिणमति? हंता गोयमा! सुक्कलेस्सा तं चेव। से केणट्ठेणं भंते! एवं वुच्चति—'सुक्कलेस्सा जाव णो परिणमति'? गोयमा! आगारभावमायाए वा जाव सुक्कलेस्सा णं सा, णो खलु सा पम्हलेस्सा, तत्थ गया ओसक्कइ, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ—'जाव णो परिणमइ' ।।सू०-५५।।५२९।।**

पण्णवणाए भगवईए सत्तरसमे लेसापदे पंचमुद्देसो समत्तो।

(મૂ૦) હે ભગવન્! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તેના સ્વરૂપપણે, યાવત્ તેના સ્પર્શપણે વારંવાર પરિણમતી નથી? હા ગૌતમ! અવશ્ય કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તેના સ્વરૂપપણે, તેના વર્ણપણે, તેના ગન્ધપણે, તેના રસપણે, અને તેના સ્પર્શપણે વારંવાર પરિણમતી નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! તે તેના આકારભાવ-છાયા માત્ર વડે છે, તેના પ્રતિભાગ-પ્રતિબિંબ માત્ર વડે તે નીલલેશ્યા છે. પરન્તુ તે કૃષ્ણલેશ્યા નીલલેશ્યા રૂપે નથી. કૃષ્ણલેશ્યા ત્યાં સ્વસ્વરૂપમાં રહેલી [નીલલેશ્યાને] પ્રાપ્ત થાય છે. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે 'કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી.' હે ભગવન્! અવશ્ય નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી? હે ગૌતમ! અવશ્ય નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો કે 'નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી'? હે ગૌતમ! તે નીલલેશ્યા તે કાપોતલેશ્યાના આકારભાવ-છાયા માત્ર વડે હોય, અથવા તેના પ્રતિબિંબભાવ માત્ર વડે હોય છે. તે નીલલેશ્યા છે, પણ કાપોતલેશ્યા નથી. તે સ્વસ્વરૂપમાં રહેલી નીલલેશ્યા [કાપોતલેશ્યાને] પ્રાપ્ત થાય છે. એ હેતુથી એમ કહું છું કે 'નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી.' એ પ્રમાણે કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને અને પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને [તદ્રૂપપણે વારંવાર પરિણમતી નથી.] હે ભગવન્! અવશ્ય શુક્લલેશ્યા પદ્મલેશ્યાને પામીને તદ્રૂપપણે યાવત્ વારંવાર પરિણમતી નથી? હા ગૌતમ! શુક્લલેશ્યા વારંવાર પરિણમતી નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'શુક્લલેશ્યા યાવત્ પરિણમતી નથી'? હે ગૌતમ! તે શુક્લલેશ્યા પદ્મલેશ્યાના આકારભાવમાત્ર વડે હોય છે. યાવત્ તે શુક્લલેશ્યા છે, પણ પદ્મલેશ્યા નથી. શુક્લલેશ્યા પોતાના સ્વરૂપમાં રહેલી [પદ્મલેશ્યાને] પ્રાપ્ત થાય છે. તે કારણથી હે ગૌતમ! હું એમ કહું છું કે 'યાવત્ પરિણમતી નથી.' ॥૫૫॥૫૨૯॥

સત્તરમા લેશ્યાપદમાં પંચમ ઉદ્દેશક સમાપ્ત.

- અરિહંત ભાષિત દ્વાદશાંગીને મેળવીને પણ જે આત્માઓએ ક્ષણભર માટે પ્રમાદની આધીનતા સ્વીકારી લીધી અને આધીનતાને અળગી ન કરી એથી એ આત્માઓ પાછા અજ્ઞાનીયોની હરોળમાં આવી ગયા છે.
- અરિહંતો માર્ગદર્શક છે. માર્ગ બતાવનાર હાથ પકડીને કોઈને ચલાવી શકતો નથી. જે ભવ્યાત્માઓ એમના દ્વારા દર્શિત માર્ગ પર મન દઈને ચાલે છે તે મંજીલને મેળવે છે. અને જે એ માર્ગને સાંભળ્યા પછી જોયા પછી પણ લપસણા એવા સંસારના માર્ગ પ્રત્યે આગે કદમ બઢાવે છે તેતો મંજીલથી દૂરને દૂર ચાલ્યા જાય છે.
- અરિહંતની ઓળખાણ થયા વગર એમની આજ્ઞા માનનારા આરાધક ભાવને પામ્યા જ નથી. એ સંસારિક સુખોના સ્વાર્થ ને સાધવા માટે જ સાધના કરતા હોય છે.

– જયાનંદ

## ।। छट्ठो उद्देसो – लेस्साभेय परूवणं ।।

कति णं भंते! लेस्सा पन्नत्ताओ? गोयमा! छ लेस्सा पन्नत्ताओ, तं जहा—कण्हलेस्सा जाव सुक्कलेस्सा।

## ।। मणुस्सेसु लेस्सापरूवणं ।।

मणुस्साणं भंते! कइ लेस्सा पन्नत्ताओ? गोयमा! छ लेस्साओ पन्नत्ताओ, तं जहा—कण्हलेस्सा, जाव सुक्कलेस्सा। मणुस्सी णं भंते! पुच्छा। गोयमा! छल्लेस्साओ पन्नत्ताओ, तं जहा—कण्ह जाव सुक्का। कम्मभूमयमणुस्साणं भंते! कइ लेस्साओ पन्नत्ताओ? गोयमा! छ लेस्साओ पन्नत्ताओ, तं जहा-कण्हा, जाव सुक्का। एवं कम्मभूमयमणुस्सीण वि। भरहेरवयमणुस्साणं भंते! कति लेस्साओ पन्नत्ताओ? गोयमा! छल्लेस्साओ पन्नत्ताओ, तं जहा-कण्हा जाव सुक्का। एवं मणुस्सीण वि। पुव्वविदेहे अवरविदेहे कम्मभूमयमणुस्साणं कति लेस्साओ? गोयमा! छल्लेस्साओ। तं जहा-कण्हा जाव सुक्का। एवं मणुस्सीण वि। अकम्मभूमयमणुस्साणं पुच्छा। गोयमा! चत्तारि लेस्साओ पन्नत्ताओ, तं जहा-कण्हा, जाव तेउलेस्सा, एवं अकम्मभूमगमणुस्सीण वि, एवं अंतरदीवगमणुस्साणं, मणुस्सीण वि। एवं हेमवयएरण्णवयअकम्मभूमयमणुस्साणं मणुस्सीण य कइ लेस्साओ पन्नत्ताओ? गोयमा! चत्तारि, तं जहा—कण्हा, जाव तेउलेस्सा। हरिवास-रम्मय-अकम्मभूमयमणुस्साणं मणुस्सीण य पुच्छा। गोयमा! चत्तारि, तं जहा-कण्हा, जाव तेउलेस्सा। देवकुरु-उत्तरकुरु-अकम्मभूमयमणुस्सा एवं चेव, एतेसिं चेव मणुस्सीणं एवं चेव, धायइसंडपुरिमद्धे वि एवं चेव, पच्छिमद्धे वि, एवं पुक्खरदीवे वि भाणियव्वं ।।सू०-५६।।५३०।।

### છટ્ઠો ઉદ્દેશક

*(મૂ૦) હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે? હે ગૌતમ! છ લેશ્યાઓ કહી છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્! મનુષ્યોને કેટલી લેશ્યાઓ કહી છે? હે ગૌતમ! છ લેશ્યાઓ કહી છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્! માનુષી સ્ત્રીને કેટલી લેશ્યાઓ હોય છે? હે ગૌતમ! છ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા, યાવત્ શુક્લલેશ્યા. હે ભગવન્! કર્મભૂમિના મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે? હે ગૌતમ! છ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે–કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. એ પ્રમાણે કર્મભૂમિની મનુષ્ય સ્ત્રીને પણ જાણવું. હે ભગવન્! ભરત અને ઐરાવત ક્ષેત્રના મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય છે? હે ગૌતમ! છ લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે–કૃષ્ણ યાવત્ શુક્લ. એ પ્રમાણે મનુષ્ય સ્ત્રીને પણ કહેવું. પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહના કર્મભૂમિના મનુષ્યોને કેટલી લેશ્યાઓ હોય? હે ગૌતમ! છ એ લેશ્યા હોય. એ પ્રમાણે મનુષ્ય સ્ત્રીને પણ કહેવું. અકર્મભૂમિના મનુષ્ય સંબંધે પૃચ્છા. હે ગૌતમ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે–કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા. એ પ્રમાણે અકર્મભૂમિની મનુષ્ય સ્ત્રીને પણ કહેવું. એમ અન્તર્દ્વીપના મનુષ્યો અને માનુષીને પણ કહેવું. હૈમવત અને હૈરણ્યવત અકર્મભૂમિના મનુષ્યોને તથા મનુષ્ય સ્ત્રીને કેટલી લેશ્યાઓ હોય છે? હે ગૌતમ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે–કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા. હરિવર્ષ અને રમ્યક અકર્મભૂમિના મનુષ્યો અને માનુષી સંબંધે પૃચ્છા। હે ગૌતમ! ચાર લેશ્યાઓ હોય છે. તે આ પ્રમાણે–કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા. દેવકુરુ અને ઉત્તરકુરુ અકર્મભૂમિના મનુષ્યો એમજ જાણવા. એઓની મનુષ્ય સ્ત્રીને પણ એમજ સમજવું. એ પ્રમાણે ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં અને પશ્ચિમાર્ધમાં પણ જાણવું. એમ પુષ્કરવર દ્વીપમાં પણ કહેવું. ।।પ૬।।પ૩૦।।*

## ।। लेस्सं पडुच्च गब्भुपत्तिपरूवणं ।।

**कण्हलेस्से णं भंते! मणुस्से कण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा! जणेज्जा। कण्हलेस्से णं भंते! मणुस्से नीललेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा! जणेज्जा[१], जाव सुक्कलेस्सं गब्भं जणेज्जा। नीललेस्से मणुस्से कण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा! जणेज्जा, एवं नीललेस्से मणुस्से जाव सुक्कलेस्सं गब्भं जणेज्जा, एवं काउलेस्सेणं छप्पि आलावगा भाणियव्वा। तेउलेस्साण वि पम्हलेस्साण वि सुक्कलेस्साण वि, एवं छत्तीसं आलावगा भाणियव्वा। कण्हलेस्सा(णं भंते!) इत्थिया कण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा! जणेज्जा। एवं एते वि छत्तीसं आलावगा भाणियव्वा। कण्हलेस्सेणं भंते! मणुस्से कण्हलेस्साए इत्थियाते कण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा! जणेज्जा, एवं एते छत्तीसं आलावगा। कम्मभूमगकण्हलेस्से णं भंते! मणुस्से कण्हलेस्साए इत्थियाए कण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा। जणेज्जा, एवं एते वि छत्तीसं आलावगा। अकम्मभूमयकण्हलेस्से मणुस्से अकम्मभूमयकण्हलेस्साए इत्थियाए अकम्मभूमयकण्हलेस्सं गब्भं जणेज्जा? हंता गोयमा! जणेज्जा, नवरं चउसु लेस्सासु सोलस आलावगा, एवं अंतरदीवगा(ण) वि ।।सू०-५७।।५३१।।**

**इति पन्नवणाए भगवईए सत्तरसमं लेस्सापदं समत्तं।**

(મૂ૦) *હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય શું કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! અવશ્ય ઉત્પન્ન કરે. યાવત્ હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય નીલલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! અવશ્ય ઉત્પન્ન કરે. યાવત્ શુક્લ લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે. નીલલેશ્યાવાળો મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! ઉત્પન્ન કરે. એ પ્રમાણે નીલલેશ્યાવાળો મનુષ્ય યાવત્ શુક્લલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે. એમ કાપોતલેશ્યાવાળાની સાથે છ એ આલાપકો કહેવા. એમ તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યાવાળાને પણ કહેવું. એમ છત્રીશ આલાપકો કહેવા. કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! ઉત્પન્ન કરે. એ પ્રમાણે આ છત્રીશ આલાપકો કહેવા. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! ઉત્પન્ન કરે. એમ એ છત્રીશ આલાપકો કહેવા. હે ભગવન્! કર્મભૂમિનો કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીમાં કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! અવશ્ય ઉત્પન્ન કરે. અકર્મભૂમિનો કૃષ્ણલેશ્યાવાળો મનુષ્ય અકર્મભૂમિની કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીમાં અકર્મભૂમિના કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે? હા ગૌતમ! ઉત્પન્ન કરે. પરન્તુ અહીં ચાર લેશ્યાઓના સોળ આલાપકો કહેવા. એ પ્રમાણે અન્તર્દ્વીપના મનુષ્યોને પણ જાણવું. ।।૫૭।।૫૩૧।।*

*પ્રજ્ઞાપના ભગવતીમાં સત્તરમું લેશ્યાપદ સમાપ્ત.*

(ટી૦) એ પ્રમાણે પાંચમો ઉદ્દેશક કહ્યો, હવે છઠ્ઠો ઉદ્દેશક કહેવાય છે. તેનું આ પ્રથમ સૂત્ર છે—'**कइ णं भंते! लेस्साओ पन्नत्ताओ**'? હે ભગવન્! કેટલી લેશ્યાઓ કહી છે? ઇત્યાદિ સૂત્ર ઉદ્દેશકની સમાપ્તિ પર્યન્ત સુગમ છે. પરન્તુ ઉત્પન્ન થતો જીવ બીજા જન્મમાં લેશ્યાદ્રવ્યો લઇને ઉત્પન્ન થાય છે, તે લેશ્યાદ્રવ્યો કોઇને કોઇ કોઇ પ્રકારના હોય છે. કૃષ્ણલેશ્યાના પરિણામવાળો પિતા છતાં પુત્રને વિચિત્ર લેશ્યાનો સંભવ છે. એ પ્રમાણે બાકીની લેશ્યાના પરિણામવાળાને પણ જાણવું.

શ્રીમદાચાર્ય મલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્તરમા પદનો છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત. ।।૫૭।।૫૩૧।।

---

१. एवं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेसं छप्पि मालावगा भाणियव्वा। एवं णीणलेसेणं काउलेसेणं तेउलेसेण वि पम्हलेसेणं वि सुक्कलेसेण वि एवं एते छत्तीसं आलावगा। (આ પાઠ जाव થી भाणियव्वा ના સ્થાનકે છે.) મ.વિ.

## ।। अट्ठारसमं कायठिइपयं ।।

## ।। अत्थाहिगारपरूवणं ।।

**जीव गतिंदिय काए जोए वेए कसायलेस्सा य। सम्मत्तणाणदंसण संजय उवओग आहारे ।।१।।**

**भासगपरित्त पज्जत्त सुहुम सन्नी भवऽत्थि चरिमे य। एतेसिं तु पदार्थ कायठिई होइ णायव्वा ।।२।।**

***અઢારમું કાયસ્થિતિ પદ.***

*૧ જીવ, ૨ ગતિ, ૩ ઇન્દ્રિય, ૪ કાય, ૫ યોગ, ૬ વેદ, ૭ કષાય, ૮ લેશ્યા, ૯ સમ્યક્ત્વ, ૧૦ જ્ઞાન, ૧૧ દર્શન, ૧૨ સંયત, ૧૩ ઉપયોગ, ૧૪ આહાર, ૧૫ ભાષક, ૧૬ પરિત્ત, ૧૭ પર્યાપ્ત, ૧૮ સૂક્ષ્મ, ૧૯ સંજ્ઞી, ૨૦ ભવસિદ્ધિક, ૨૧ અસ્તિકાય અને ૨૨ ચરમ એ બાવીશ પદોની કાયસ્થિતિ જાણવા યોગ્ય છે.*

## ।। पढमं जीवदारं ।।

**जीवे णं भते! जीवेत्ति कालतो केवचिरं होइ? गोयमा! सव्वद्धं। दारं १ ।।सू०-१।।५३२।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ 'જીવ' એ સ્વરૂપે કાલને આશ્રયી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સર્વ કાળ હોય. ૧ દ્વાર.।।૧।।૫૩૨।।*

(ટી૦) એ પ્રમાણે સત્તરમું પદ કહ્યું. હવે અઢારમા પદનો પ્રારંભ થાય છે તેનો આ સંબન્ધ છે–અહીં પૂર્વના પદમાં લેશ્યાનો પરિણામ કહ્યો, હવે પરિણામના સમાનપણાથી કાયસ્થિતિપરિણામ કહે છે. તેમાં અધિકાર–વિષય પ્રતિપાદક આ બે ગાથાઓ છે—'**जीवगतिंदियकाए**' ઇત્યાદિ. ૧ પ્રથમ જીવપદને ઉદ્દેશી કાયસ્થિતિ કહેવાની છે. તે પછી અનુક્રમે ૨ ગતિપદ, ત્યાર પછી ૩ ઇન્દ્રિય પદ, તે પછી ૪ કાયપદ, ત્યાર બાદ ૫ યોગપદ, તે પછી ૬ વેદપદ, તે પછી ૭ કષાયપદ, ત્યારબાદ ૮ લેશ્યાપદ, તે પછી ૯ સમ્યક્ત્વપદ, તે પછી ૧૦ જ્ઞાનપદ, તે પછી ૧૧ દર્શનપદ, ત્યાર બાદ ૧૨ સંયતપદ, તે પછી ૧૩ ઉપયોગપદ, ત્યાર બાદ ૧૪ આહારપદ, તે પછી ૧૫ પરિત્તપદ, તે પછી ૧૬ ભાષકપદ, ત્યારબાદ ૧૭ પર્યાપ્ત પદ, ત્યારબાદ ૧૮ સૂક્ષ્મપદ, તે પછી ૧૯ સંજ્ઞીપદ. તે પછી ૨૦ ભવસિદ્ધિકપદ, ત્યારબાદ ૨૧ અસ્તિકાય અને ૨૨ ચરમપદ–એ બાવીશ પદોની કાયસ્થિતિ જાણવા યોગ્ય છે. જે પ્રમાણે તે જાણવા યોગ્ય છે તે પ્રમાણે ઉદ્દેશના ક્રમ પ્રમાણે નિર્દેશ કરવામાં આવશે. કાયસ્થિતિનો શબ્દાર્થ શો છે? કાયશબ્દ અહીં પર્યાયના અર્થમાં ગ્રહણ કરવો, તે પર્યાય કાય–શરીરના જેવો હોવાથી ઉપમાનથી કાય કહેવાય છે. તે બે પ્રકારે છે–સામાન્યરૂપ અને વિશેષરૂપ, તેમાં વિશેષણ રહિત જીવત્વ સ્વરૂપ પર્યાય તે સામાન્યરૂપ કાય અને નૈરયિકત્વાદિ રૂપ પર્યાય તે વિશેષરૂપ કાય. તે કાયની સ્થિતિ–તે રૂપે રહેવું તે કાયસ્થિતિ. તાત્પર્ય એ છે કે સામાન્યરૂપ અને વિશેષરૂપ પર્યાય વડે વિવક્ષિત જીવનું નિરંતરપણે રહેવું તે કાયસ્થિતિ. તેથી પ્રથમ સામાન્યરૂપ પર્યાય વડે વિવક્ષિત જીવનું નિરંતર રહેવું તેનો વિચાર કરે છે—'**जीवेणं भंते**'—ઇત્યાદિ. હે ભગવન્! અહીં જીવપર્યાય સહિત હોય તે જીવ કહેવાય છે, તેથી પ્રશ્ન કરે છે કે જીવ '**जीव**' એ રૂપે એટલે જીવનપર્યાય વિશિષ્ટપણે '**कालतः**' કાળને આશ્રયી '**कियच्चिरं**' કેટલા કાળ સુધી હોય? ભગવાન્ કહે છે–હે ગૌતમ! '**सव्वद्धा**'—સર્વદા–સર્વકાળ પર્યન્ત હોય. કેવી રીતે હોય? અહીં પ્રાણોને ધારણ કરવા એ જીવન કહેવાય છે. પ્રાણો બે પ્રકારના હોય છે–**દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણો**. તેમાં પાંચ ઇન્દ્રિયો, મન, વચન અને કાયબલ એ ત્રણ બલ, ઉચ્છ્વાસ–નિઃશ્વાસ અને આયુષ્ય કર્મના અનુભવ કરવારૂપ દ્રવ્ય પ્રાણો કહેવાય છે અને જ્ઞાનાદિ–જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય વગેરે ભાવપ્રાણો છે. તેમાં સંસારી જીવોને આયુષ્યકર્મના અનુભવરૂપ પ્રાણનું ધારણ કરવું હંમેશાં અવસ્થિત છે. કારણ કે સંસારી જીવોની એવી કોઇ અવસ્થા નથી કે જેમાં આયુષ્યકર્મનો અનુભવ ન હોય. મુક્ત જીવોને જ્ઞાનાદિરૂપ ભાવપ્રાણને ધારણ કરવું અવસ્થિત છે. કારણ કે મુક્તોને પણ જ્ઞાનાદિરૂપ પ્રાણો છે, જે ભાવપ્રાણો વડે મુક્ત જીવ પણ 'જીવે છે' એમ કહેવાય છે. તે જ્ઞાનાદિ પ્રાણો મુક્ત જીવોને શાશ્વત હોય છે. તેથી સંસારી અવસ્થામાં અને

મુક્તાવસ્થામાં બધે જીવન છે માટે જીવનપર્યાય સર્વ કાળભાવી છે. ॥૧॥૫૩૨॥

## ।। बीयं गइदारं ।।

**नेरइयाणं भंते! नेरइए त्ति कालओ केवचिरं होइ? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेण तेत्तीसं सागरोवमाइं। तिरिक्खजोणिए णं भंते! तिरिक्खजोणिए त्ति कालओ केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अनंताओ उस्सप्पिणिओसप्पिणीओ कालतो, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गलपरियट्टा[1], ते णं पुग्गलपरियट्टा आवलियाए असंखिज्जइभागे। तिरिक्खजोणिणी णं भंते! तिरिक्खजोणिणित्ति कालओ केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिन्नि पलिओवमाइं पुव्वकोडिपुहुत्तमब्भहियाइं। एवं मणुस्से वि, मणुस्सी वि एवं चेव। देवे णं भंते! देवे त्ति कालओ केवचिरं होइ? गोयमा! जहेव नेरइए। देवी णं भंते! देवीत्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं, उक्कोसेणं पणपन्नं पलिओवमाइं। सिद्धे णं भंते! सिद्धे त्ति कालतो केवचिरं होइ? गोयमा! सादिए अपज्जवसिए। नेरइयअपज्जत्तए णं भंते! नेरइयअपज्जत्तए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं, एवं जाव देवी अपज्जत्तिया। नेरइयपज्जत्तए णं भंते! नेरइयपज्जत्तए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं। तिरिक्खजोणियपज्जत्तए णं भंते! तिरिक्खजोणियपज्जत्तएत्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतो मुहुत्तं उक्कोसेणं तिन्नि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं। एवं तिरिक्खजोणिणिपज्जत्तिया वि, एवं मणुस्से वि, मणुस्सी वि एवं चेव। देवपज्जत्तए जहा नेरइयपज्जत्तए। देवीपज्जत्तिया णं भंते! देवीपज्जत्तियत्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं पणपन्नं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।दारं २। ।सू०-२।।५३३।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિક 'નૈરયિક' એ રૂપે કાળને આશ્રયી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સુધી હોય. હે ભગવન્! તિર્યંચયોનિક 'તિર્યંચયોનિક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય?*

---

૧. પુદ્‌ગલનું પરમાણુઓનું પરાવર્ત-ઔદારિકાદિ શરીરરૂપે કે વિવક્ષિત એક શરીર રૂપે પરિણમન જેટલા કાળે થાય તે પુદ્‌ગલપરાવર્ત કહેવાય છે. આ તો વ્યુત્પત્તિભાવ છે, પરન્તુ તેનો વાચ્યાર્થ તો અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાળનું પ્રમાણ છે. તેથી ક્ષેત્રપુદ્‌ગલ-પરાવર્તાદિમાં પુદ્‌ગલોનું પરાવર્ત-પરિણમન નહિ હોવા છતાં તેનું પ્રવૃત્તિનિમિત્ત-વાચ્યાર્થ અનન્ત ઉત્સર્પિણીઅવસર્પિણી રૂપ કાળ હોવાથી તેમાં પ્રવર્તતો પુદ્‌ગલપરાવર્ત શબ્દ અવિરુદ્ધ છે. તે પુદ્‌ગલ પરાવર્તના ચાર પ્રકાર છે-દ્રવ્ય પુદ્‌ગલપરાવર્ત, ક્ષેત્ર પુદ્‌ગલપરાવર્ત, કાળ પુદ્‌ગલપરાવર્ત અને ભાવ પુદ્‌ગલપરાવર્ત. તે પ્રત્યેકના બબ્બે પ્રકાર છે—બાદર અને સૂક્ષ્મ. તેમાં પ્રથમ સૂક્ષ્મ અને બાદર દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તનું સ્વરૂપ કહે છે—આ સંસારમાં પરિભ્રમણ કરતો એક જીવ સંસારવર્તી બધા પરમાણુઓને જેટલા કાળે ઔદારિકાદિ શરીરરૂપે ગ્રહણ કરી મૂકે તેટલો કાળ બાદર દ્રવ્યપુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે. તાત્પર્ય એ છે કે એક જીવ જેટલા કાળમાં જગદ્‌વર્તી સર્વ પરમાણુઓને યથાસંભવ ઔદારિક, વૈક્રિય, તેજસ, કાર્મણ, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ કે મન રૂપે ગ્રહણ કરીને ત્યાગ કરે તેટલા કાળને બાદર દ્રવ્ય પુદ્‌ગલપરાવર્ત કહે છે. અને જેટલા કાળે ઔદારિકાદિ કોઈપણ એક શરીરરૂપે જગતમાં રહેલા સર્વ પરમાણુઓને ગ્રહણ કરીને મૂકે તેટલા કાળને સૂક્ષ્મ પુદ્‌ગલપરાવર્ત કહે છે. (આ સંબંધે નવીન શતકના ટીકાકાર દેવેન્દ્રસૂરિએ ઔદારિકાદિ સાત વર્ગણામાંથી કોઈ પણ એક વર્ગણારૂપે સર્વ પુદ્‌ગલોને ગ્રહણ કરવાનું કહ્યું છે.) આ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલપરાવર્તમાં વિવક્ષિત એક શરીર સિવાય અન્ય શરીરરૂપે પુદ્‌ગલો ગ્રહણ કરીને ત્યાગ કરે તે ગણાતાં નથી, પરન્તુ કેટલોએક કાલ ગયા પછી પુનઃ તેજ શરીર રૂપે પરિણામ પામે ત્યારે ગણાય છે. હવે બાદર અને સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલપરાવર્ત કહે છે—એક જીવ જેટલા કાળે લોકાકાશના સર્વ પ્રદેશો અનુક્રમે કે અનુક્રમ સિવાય મરણ વડે સ્પર્શ કરે તેટલો કાળ બાદર ક્ષેત્ર પુદ્‌ગલપરાવર્ત કહેવાય છે. અને એક જીવ જેટલા કાળે લોકાકાશના સર્વ પ્રદેશો અનુક્રમે મરણ વડે સ્પર્શ કરે તેટલા કાળને સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્‌ગલપરાવર્ત કહેવામાં આવે છે. યદ્યપિ જીવની જઘન્ય અવગાહના પણ અસંખ્યાતા પ્રદેશરૂપ છે, તો પણ વિવક્ષિત લોકાકાશના જે ભાગમાં મરણને પ્રાપ્ત થાય ત્યારે એક આકાશ પ્રદેશની વિવક્ષા કરાય છે, તે પછી બીજા પ્રદેશોમાં મરણ પામે તેની ગણના

*હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનન્ત કાળ સુધી હોય. અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી પર્યન્ત કાળથી હોય અને ક્ષેત્રથી અનન્ત લોક-અનન્ત લોકના આકાશ પ્રદેશ પ્રમાણ હોય તથા આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત પર્યન્ત હોય. હે ભગવન્! તિર્યંચયોનિક સ્ત્રી 'તિર્યંચ સ્ત્રી, એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ સુધી હોય. એ પ્રમાણે મનુષ્ય સંબંધે જાણવું. મનુષ્ય સ્ત્રી સંબંધે પણ એમજ સમજવું. હે ભગવન્! દેવ 'દેવ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જેમ નૈરયિક સંબંધે કહ્યું તેમ કહેવું. હે ભગવન્! દેવી 'દેવી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમ સુધી હોય. હે ભગવન્! સિદ્ધ 'સિદ્ધ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સાદિ અનન્ત કાળ હોય. હે ભગવન્! નૈરયિક 'નૈરયિક અપર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત કાળ હોય. એ પ્રમાણે યાવત્ અપર્યાપ્ત દેવી સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક પર્યાપ્ત 'નૈરયિક પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ સુધી હોય. હે ભગવન્! તિર્યંચ યોનિક પર્યાપ્ત 'તિર્યંચયોનિક પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ સુધી હોય. એ પ્રમાણે પર્યાપ્ત તિર્યંચસ્ત્રી સંબંધે પણ જાણવું. મનુષ્ય અને માનુષી સંબંધે પણ એમજ સમજવું. જેમ પર્યાપ્ત નૈરયિકને કહ્યું તેમ પર્યાપ્તા દેવને જાણવું. હે ભગવન્! પર્યાપ્ત દેવી 'પર્યાપ્ત દેવી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમ સુધી હોય. દ્વાર ૨.॥૫૩૩॥*

(ટી૦) હવે નૈરયિકત્વાદિ પર્યાય વડે વિવક્ષિત તે જ જીવનું તે નૈરયિકત્વાદિ પર્યાયો વડે કેટલા કાળ સુધી નિરન્તર અવસ્થાન

---

થતી નથી, પરન્તુ અનન્ત કાળ ગયા પછી પૂર્વના પ્રદેશની અનન્તર-પાસે રહેલા પ્રદેશમાં મૃત્યુ થાય ત્યારે તેની ગણના થાય છે, આ પ્રમાણે અનુક્રમે સર્વ લોકાકાશના પ્રદેશો મરણ વડે સ્પર્શ કરતા જેટલો કાળ થાય તે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત. એક જીવને કાળચક્ર--ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયો અનુક્રમે કે અનુક્રમ સિવાય મરણ વડે સ્પર્શ કરતાં જેટલો કાળ લાગે તે બાદર કાલ પુદ્ગલપરાવર્ત અને પહેલો સમય, બીજો સમય, ત્રીજો સમય એમ અનુક્રમે મરણ વડે કાળચક્રના સર્વ સમયોને સ્પર્શ કરતા જેટલો કાળ થાય તે સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત. જેમકે આ ઉત્સર્પિણીના પ્રથમ સમયે કોઈ જીવ મૃત્યુ પામ્યો, ત્યાર પછી સમય ન્યૂન વીશ કોડાકોડી સાગરોપમ વ્યતીત થયા પછી ફરી વાર તેજ ઉત્સર્પિણીના બીજા સમયે મરણ પામે ત્યારે બીજો સમય મરણ વડે સ્પર્શ કરેલો કહેવાય. તે સિવાય બાકીના સમયો મરણ વડે સ્પર્શ કરાયા છતાં ગણાતા નથી, એટલે તે ઉત્સર્પિણીના બીજા સમયે મરણ ન પામતાં તે સિવાય અન્ય સમયોમાં મરણ પામે તે પણ ગ્રહણ ન કરાય, પરન્તુ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી ગયા પછી પણ' ઉત્સર્પિણીના બીજા સમયેજ મરણ પામે ત્યારે તે સમય ગણાય. એમ અનુક્રમે મરણ વડે બધાય ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો સ્પર્શ કરતાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ કાળ પુદ્ગલપરાવર્ત કહેવાય છે. અનુભાગબન્ધના કષાયોદયરૂપ અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા અધ્યવસાય સ્થાનકો છે. તે બધા અધ્યવસાય સ્થાનકોમાં જેટલા કાળે એક જીવ ક્રમ વડે કે ક્રમ સિવાય વર્તતો મરણ પામે તેટલા કાળને બાદર ભાવપુદ્ગલપરાવર્ત કહે છે. અને તે બધા અધ્યવસાય સ્થાનોમાં અનુક્રમે મરણ પામતાં જેટલો કાળ લાગે તે સૂક્ષ્મ ભાવપુદ્ગલપરાવર્ત કહેવાય છે. તાત્પર્ય એ છે કે કોઈ પ્રાણી સૌથી જઘન્ય કષાયોદયરૂપ અધ્યવસાયસ્થાને મરણ પામે, ત્યાર પછી તે પ્રાણી અનન્ત કાળ ગયા પછી પણ તે પછીના બીજા અધ્યવસાયસ્થાને મરણ પામે તે ગણાય, તે સિવાયના બીજા અધ્યવસાયસ્થાને અનન્ત વાર મરણ પામે તે ન ગણાય, ત્યાર પછી ત્રીજા અધ્યવસાયસ્થાને મરણ પામે એમ ક્રમપૂર્વક મરણ પામતો બધા અધ્યવસાય સ્થાનોને સ્પર્શ કરતાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ ભાવપુદ્ગલપરાવર્ત કહેવાય છે. અહીં બાદર પુદ્ગલપરાવર્તની પ્રરૂપણા સૂક્ષ્મ પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ સુખપૂર્વક સમજાવવા માટે છે, પરન્તુ આગમમાં કોઈપણ સ્થળે તેનું પ્રયોજન બતાવ્યું નથી. અહીં ચારે પુદ્ગલપરાવર્તમાં પરમાર્થથી કંઇપણ વિશેષતા નથી, (કારણ કે પુદ્ગલપરાવર્તનો લક્ષ્યાર્થ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ નિયત કાળ છે,) તો પણ જીવાભિગમાદિ સૂત્રમાં બહુધા ક્ષેત્રપુદ્ગલપરાવર્તનું ગ્રહણ કરવામાં આવ્યું છે. કારણ કે ક્ષેત્રને આશ્રયી માર્ગણામાં તેનું ગ્રહણ છે. તે આ પ્રમાણે—'જે સાદિ સપર્યવસિત-સાંત મિથ્યાદૃષ્ટિ છે, તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અનન્ત કાળ, કાળથી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી પર્યન્ત અને ક્ષેત્રથી કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત પર્યન્ત હોય છે.'' તેથી અહીં પણ ક્ષેત્રપુદ્ગલપરાવર્ત ગ્રહણ કરવું. જુઓ પંચસંગ્રહ ગાથા ૩૮-૪૧ ની ટીકા.

હોય તેનો વિચાર કરે છે—'नेरइए णं भंते'–હે ભગવન્! નૈરયિક 'નૈરયિક' એ રૂપે કેટલા કાળ સુધી હોય–ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરન્તુ નૈરયિકો તેવા પ્રકારના સ્વભાવથી પોતાના ભવથી ચ્યવી તુરતજ ફરી નૈરયિકપણે ઉત્પન્ન થતા નથી. તેથી તેનું જે ભવસ્થિતિનું પરિમાણ છે તે જ કાયસ્થિતિનું પણ પરિમાણ ઘટે છે. માટે ઉપર કહ્યા પ્રમાણે જઘન્યથી દસ હજાર વરસની અને ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમની કાયસ્થિતિ છે. 'तिरिक्खजोणिए णं भंते'—હે ભગવન્! તિર્યંચયોનિક તિર્યંચપણે કેટલા કાળ સુધી હોય–ઇત્યાદિ. તેમાં જ્યારે દેવ, મનુષ્ય કે નૈરયિક તિર્યંચોમાં ઉત્પન્ન થાય અને ત્યાં અન્તર્મુહૂર્ત રહીને પુનઃ પોતાની ગતિમાં કે બીજી ગતિમાં જઇ ઉત્પન્ન થાય ત્યારે જઘન્યથી અન્તર્મુહૂર્ત પ્રમાણ કાયસ્થિતિ અને ઉત્કૃષ્ટ અનન્ત કાળ સુધી હોય છે. તે અનન્ત કાળની પ્રરૂપણા કાળથી અને ક્ષેત્રથી એમ બે પ્રકારની છે. તેમાં કાળથી અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીનું પ્રમાણ નન્દિસૂત્રની ટીકાથી જાણી લેવું. કારણ કે ત્યાં સવિસ્તર કહેલું છે. ક્ષેત્રથી અનન્ત લોક પ્રમાણ છે. તાત્પર્ય એ છે કે અનન્ત લોકાકાશમાં પ્રતિસમય એક એક પ્રદેશનો અપહાર કરતાં એટલે અસત્કલ્પનાથી એક એક આકાશપ્રદેશ લેતાં જેટલો કાળ થાય તેટલી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી સુધી તિર્યંચ તિર્યંચપણે રહે છે. એજ કાળના પરિણામને પુદ્ગલપરાવર્તની સંખ્યા વડે નિરૂપણ કરે છે—પુદ્ગલપરાવર્તની ગણના વડે 'અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત કાળ હોય છે'. પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ પંચ સંગ્રહની ટીકામાં સવિસ્તર કહ્યું છે ત્યાંથી જાણી લેવું. અહીં ગ્રન્થ વધી જવાના ભયથી કહેતા નથી. (પેજ નં.૯૫ નું ટીપ્પણ જોવું.) અસંખ્યાતા પણ કેટલા પુદ્ગલપરાવર્તો છે? આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, એટલે આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો થાય તેટલા પ્રમાણ અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો છે. આ કાયસ્થિતિનું પરિમાણ વનસ્પતિની અપેક્ષાએ સમજવું, પણ બાકીના તિર્યંચની અપેક્ષાએ ન સમજવું. કારણ કે વનસ્પતિ સિવાય બાકીના તિર્યંચોને એટલી કાયસ્થિતિનો સંભવ નથી. 'तिरिक्खजोणिणी णं भंते'!—હે ભગવન્! તિર્યંચ સ્ત્રી તિર્યંચસ્ત્રીપણે કેટલા કાળ સુધી હોય–ઇત્યાદિ. અહીં અને પછીના સૂત્રમાં જઘન્ય અન્તર્મુહૂર્તનો વિચાર પૂર્વે કહેલ અન્તર્મુહૂર્તની ભાવનાને અનુસારે સ્વયં કરવો. ઉત્કૃષ્ટ પૂર્વકોટીપૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ છે. કેવી રીતે છે? આ પ્રમાણે છે–અહીં સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ઉત્કૃષ્ટથી પણ આઠ ભવની કાયસ્થિતિ છે. કારણ કે "नरतिरियाण सत्त–ट्ठ भवा"—મનુષ્ય અને તિર્યંચોને સાત આઠ ભવની કાયસ્થિતિ છે–એવું શાસ્ત્ર વચન છે. તેમાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિનો વિચાર હોવાથી આઠે ભવો યથાસંભવ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા ગ્રહણ કરવા, અસંખ્યાતા વરસના આયુષ્યવાળો મરીને અવશ્ય દેવલોકમાં ઉત્પન્ન થાય છે, પણ તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી. માટે પૂર્વકોટીના આયુષ્યવાળા સાત ભવો અને છેલ્લો આઠમો ભવ દેવકુરુ વગેરેનો જાણવો. એમ પૂર્વકોટીપૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ થાય છે. 'एवं मणुस्से वि, मणुस्सी वि'—જેમ તિર્યંચસ્ત્રીને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે મનુષ્ય અને માનુષી સ્ત્રી સંબન્ધે કહેવું. તાત્પર્ય એ છે કે—મનુષ્યસૂત્રમાં અને માનુષીના સૂત્રમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીપૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમની કાયસ્થિતિ કહેવી. સૂત્રપાઠ આ પ્રમાણે છે— 'मणुस्से णं भंते! मणुस्स त्ति कालओ केवच्चिरं होइ? गोयमा! जहन्नेणं अन्तोमुहुत्तं, उक्कोसेणं तिन्नि पलिओवमाइ पुव्वकोडिपुहुत्तमब्भहियाइ। मणुस्सी णं भंते! मणुस्सित्ति कालओ केवचिरं होइ'—ઇત્યાદિ. હે ભગવન્! મનુષ્ય 'મનુષ્ય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીપૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ હોય. હે ભગવન્! માનુષી સ્ત્રી 'માનુષી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીપૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમ હોય. દેવ સૂત્રમાં 'जहेव नेरइए'—જેમ નૈરયિક સંબન્ધે પૂર્વે કહ્યું તેમ દેવસંબન્ધે પણ કહેવું. દેવને પણ જઘન્યથી દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની કાયસ્થિતિ કહેવી. કારણ કે દેવો પોતાના ભવથી ચ્યવીને પુનઃ તરતજ દેવપણે ઉત્પન્ન થતા નથી. 'न देवो देवेसु उववज्जइ'—દેવ દેવમાં ઉત્પન્ન થતા નથી–એવું શાસ્ત્રવચન છે. તેથી દેવોની પણ જે ભવસ્થિતિનું પરિમાણ છે તેજ કાયસ્થિતિનું પણ છે. દેવીસૂત્રમાં ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમની કાયસ્થિતિ છે, કારણ કે દેવીઓની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પણ એટલીજ છે. આ કથન ઈશાન દેવીની અપેક્ષાએ

સમજવું. એ સિવાય બીજે દેવીની એટલી સ્થિતિનો સંભવ નથી. સિદ્ધસૂત્રમાં સાદિ અનન્ત કાયસ્થિતિ છે, કારણ કે સિદ્ધત્વ-પર્યાયના ક્ષયનો સંભવ નથી. સિદ્ધપણાથી દૂર કરવાને રાગાદિ સમર્થ છે, અને તે ભગવાન્ સિદ્ધને નથી, કેમકે રાગાદિના નિમિત્તભૂત કર્મપરમાણુઓનો અભાવ છે અને તેના અભાવનું કારણ તેનો મૂળથી નાશ કર્યો છે.

હવે એટલા નૈરયિકાદિનો પર્યાપ્ત અને અપર્યાપ્ત વિશેષણદ્વારા વિચાર કરે છે—'नेरइए णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! અપર્યાપ્ત અપર્યાપ્તપણાના પર્યાયસહિત નૈરયિક કાળને આશ્રયી નિરંતર કેટલા કાળ સુધી હોય? ભગવાન્ ઉત્તર આપે છે–'હે ગૌતમ' ઇત્યાદિ. અહીં અપર્યાપ્તાવસ્થા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. ત્યાર પછી નૈરયિકોને અવશ્ય પર્યાપ્તાવસ્થા પ્રાપ્ત થાય છે. તે માટે કહ્યું છે કે 'जहन्नेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अन्तोमुहुत्तं'—જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત છે. એ પ્રમાણે—નૈરયિકોને કહ્યા પ્રમાણે અપર્યાપ્તા તિર્યંચથી આરંભી અપર્યાપ્ત દેવીસૂત્ર સુધી કહેવું. તેમાં તિર્યંચો અને મનુષ્યો જો કે અપર્યાપ્તા જ મરીને વારંવાર અપર્યાપ્તપણે ઉત્પન્ન થાય છે તો પણ તેઓની અપર્યાપ્તાવસ્થા નિરંતર વધારેમાં વધારે અન્તર્મુહૂર્ત પ્રમાણ જ હોય છે. તે સંબન્ધે આગળ કહેવામાં આવશે કે 'अपज्जत्तए णं भंते! 'अपज्जत्तए'त्ति कालओ केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं'।—હે ભગવન્! અપર્યાપ્ત 'અપર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત હોય. દેવ અને દેવીના સૂત્રમાં અન્તર્મુહૂર્તનો વિચાર નૈરયિકની પેઠે કરવો. 'नेरइयपज्जत्तए णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! પર્યાપ્ત નૈરયિક પર્યાપ્ત નૈરયિકપણે નિરંતર કાળને આશ્રયી કેટલા કાળ સુધી હોય? ભગવાન્! ઉત્તર આપે છે–હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ન્યૂન દસ હજાર વરસ સુધી હોય, કારણ કે પ્રથમનું અન્તર્મુહૂર્ત અપર્યાપ્તાવસ્થાનું ગયેલું છે. અને આજ કારણથી ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ સુધી હોય. તિર્યંચસૂત્રમાં જઘન્યથી અન્તર્મુહૂર્તનો વિચાર પૂર્વની પેઠે જાણવો. અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમ જાણવા. આ ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવકુરુ આદિ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારા તિર્યંચોને આશ્રયી જાણવું. તે સિવાય બીજાને એટલા કાળપર્યન્ત પર્યાપ્તાવસ્થા નિરંતર હોતી નથી. અહીં પણ પ્રથમ અન્તર્મુહૂર્ત અપર્યાપ્તાવસ્થામાં ગયેલું હોવાથી અન્તર્મુહૂર્ત ન્યૂન સમજવું. એ પ્રમાણે તિર્યંચસ્ત્રી, મનુષ્ય અને માનુષી સૂત્ર સંબન્ધે પણ જાણવું. દેવ અને દેવીના સૂત્રમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કાયસ્થિતિનું પરિમાણ પૂર્વે કહેલું અપર્યાપ્તાવસ્થાનું અન્તર્મુહૂર્ત હીન જાણવું. ગતિદ્વાર સમાપ્ત. ॥૨॥૫૩૩॥

## ।। तइयं इंदियदारं ।।

**सइंदिए णं भंते! सइंदिए त्ति कालतो केवचिरं होइ? गोयमा! सइंदिए दुविहे पन्नत्ते, तं जहा—अणाइए वा अपज्जवसिए, अणाइए वा सपज्जवसिए। एगिंदिए णं भंते! एगिंदिए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं वणस्सइकालो। बेइंदिए णं भंते! बेइंदिए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जं कालं। एवं तेइंदिय-चउरिंदिए वि। पंचिंदिए णं भंते! पंचिंदिए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसहस्सं साइरेगं। अणिंदिए णं पुच्छा। गोयमा! साइए अपज्जवसिए। सइंदियअपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं। एवं जाव पंचिंदियअपज्जत्तए। सइंदियपज्जत्तए णं भंते! सइंदियपज्जत्तए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहुत्तं सातिरेगं। एगिंदियपज्जत्तए णं भंते! पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं। बेइंदियपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जवासाइं। तेइंदियपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं। चउरिंदियपज्जत्तए णं भंते! पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जा मासा।**

**पंचिंदियपज्जत्तए णं भंते! पंचिंदियपज्जत्तए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं सागरोवमसयपुहुत्तं ।।सू०-३।।५३४।।**

(મૂ૦) *હે ભગવન્! સેન્દ્રિય (ઇન્દ્રિય સહિત) જીવ 'સેન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સેન્દ્રિય બે પ્રકારના છે, તે આ પ્રમાણે—અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. હે ભગવન્! એકેન્દ્રિય 'એકેન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનન્ત કાલ-વનસ્પતિ કાળ સુધી હોય. હે ભગવન્! બેઇન્દ્રિય 'બેઇન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતો કાળ હોય. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે જાણવું. હે ભગવન્! પંચેન્દ્રિય 'પંચેન્દ્રિય' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક હજાર સાગરોપમ સુધી હોય. અનિન્દ્રિય સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ હોય. હે ભગવન્! સેન્દ્રિય અપર્યાપ્ત સેન્દ્રિય અપર્યાપ્ત રૂપે કાળને આશ્રયી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય. એ પ્રમાણે પંચેન્દ્રિય અપર્યાપ્ત સુધી જાણવું. હે ભગવન્! સેન્દ્રિય પર્યાપ્ત 'સેન્દ્રિય પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક શતપૃથક્ત્વ (બસોથી નવસો) સાગરોપમ સુધી હોય. હે ભગવન્! પર્યાપ્ત એકેન્દ્રિય સંબંધે પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વરસો સુધી હોય. બેઇન્દ્રિય પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતા વરસો સુધી હોય. તેઇન્દ્રિય પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા દિવસો હોય. હે ભગવન્! ચઉરિન્દ્રિય પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા માસ પર્યન્ત હોય. હે ભગવન્! પંચેન્દ્રિય પર્યાપ્ત 'પંચેન્દ્રિય પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ (બસોથી નવસો) સાગરોપમ સુધી હોય. દ્વાર. ૩ ।।૫૩૪।।*

(ટી૦) **'सइंदिए णं भंते'**! ઇત્યાદિ. ઇન્દ્રિય સહિત હોય તે સેન્દ્રિય. ઇન્દ્રિયો બે પ્રકારની છે—દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. ભાવેન્દ્રિયના પણ બે પ્રકાર છે—લબ્ધીન્દ્રિય અને ઉપયોગેન્દ્રિય. તેમાં લબ્ધિરૂપ ઇન્દ્રિય લેવી, કારણ કે તે વિગ્રહગતિમાં પણ હોય છે અને ઇન્દ્રિયપર્યાપ્તાને પણ હોય છે. તેથી ઉત્તરસૂત્ર ઘટી શકે છે, નહિ તો તે ન ઘટી શકે. ઉત્તરસૂત્ર કહે છે-'હે ગૌતમ'! ઇત્યાદિ. અહીં જે સંસારી છે તે અવશ્ય સેન્દ્રિય હોય છે. અને સંસાર અનાદિ છે, માટે સેન્દ્રિય અનાદિ છે. તેમાં પણ જે કોઇ પણ કાળે સિદ્ધ નહિ થાય તે અનાદિ અનન્ત છે, કારણ કે તેને સેન્દ્રિયપણાના પર્યાયનો કદાપિ અભાવ થતો નથી. જે સિદ્ધ થશે તેની અપેક્ષાએ અનાદિ સાન્ત છે, કારણ કે મુક્તિ અવસ્થામાં સેન્દ્રિયપણાના પર્યાયનો અભાવ થાય છે. એકેન્દ્રિય સૂત્રમાં જે કહ્યું છે કે **'उक्कोसेणं अणंतं कालं'**—ઉત્કૃષ્ટ અનન્ત કાળ છે, તે અનન્તકાળનું વિશેષપણે નિરૂપણ કરે છે—**'वणस्सइकालो'**- જેટલો વનસ્પતિનો કાળ હોય છે, જે આગળ કહેવામાં આવશે તેટલા કાળ સુધી એકેન્દ્રિયપણે રહે. કારણ કે વનસ્પતિકાય એકેન્દ્રિય છે, માટે એકેન્દ્રિય પદમાં તેનું પણ ગ્રહણ થાય છે. તે વનસ્પતિકાળ આ પ્રમાણે છે—કાળથી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી, ક્ષેત્રથી અનન્ત લોક, અથવા અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત જાણવા'. અને તે અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. બેઇન્દ્રિયસૂત્રમાં સંખ્યાતો કાળ એટલે સંખ્યાતા હજાર વરસો જાણવા. કારણ કે **'विगलिंदियाण य वाससहस्सा संखिज्जा'**—વિકલેન્દ્રિયોને સંખ્યાતા હજાર વરસો હોય છે' એવું શાસ્ત્રનું વચન છે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે સૂત્ર કહેવું. ત્યાં પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતો કાળ કહેવો એ ભાવાર્થ છે. અને સંખ્યાતો કાળ સંખ્યાતા હજાર વરસ રૂપ જાણવો. પંચેન્દ્રિયસૂત્રમાં ઉત્કૃષ્ટથી કંઇક અધિક હજાર સાગરોપમ પ્રમાણ છે અને તે નારક, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવભવમાં ભ્રમણ કરવા વડે જાણવો, તેથી અધિક કાળ હોતો નથી, કારણ કે એટલોજ

કાળ કેવળજ્ઞાનીએ જાણેલો છે. અનિન્દ્રિય એટલે દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય રહિત, તે સિદ્ધજ છે. અને સિદ્ધ સાદિ અનન્ત કાળ પર્યન્ત છે, તેથી 'साइए अपज्जवसिए'—સાદિ અનન્ત કાળ કહ્યો છે. 'सइंदियअपज्जत्तए णं'—ઇત્યાદિ. અહીં અપર્યાપ્ત લબ્ધિ અને કરણની અપેક્ષાએ જાણવા. કારણ કે બન્ને પ્રકારે અપર્યાપ્ત પર્યાય જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. એ પ્રમાણે પંચેન્દ્રિય અપર્યાપ્ત સુધી કહેવું. અને તે સુગમ હોવાથી સ્વયં વિચારવું. અહીં અનિન્દ્રિય સંબન્ધે ન કહેવું. કારણ કે તે પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ વિશેષણ રહિત છે. 'सइंदियपज्जतए णं भंते'! ઇત્યાદિ. અહીં પર્યાપ્ત લબ્ધિની અપેક્ષાએ જાણવો અને તે પર્યાપ્તપણું વિગ્રહગતિમાં પણ કરણ અપર્યાપ્તને પણ સંભવે છે, તેથી 'ઉત્કૃષ્ટથી કંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધીનો કાળ હોય છે' એ ઉત્તર ઘટે છે. અન્યથા કરણપર્યાપ્તપણાનો કાળ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ પ્રમાણ હોવાથી પૂર્વોક્ત ઉત્તર ઘટી શકતો નથી. એ પ્રમાણે ઉત્તર સૂત્રમાં પર્યાપ્તપણું લબ્ધિની અપેક્ષાએ જાણવું. એકેન્દ્રિય પર્યાપ્તસૂત્રમાં સંખ્યાતા હજાર વરસ જાણવા, કારણ કે એકેન્દ્રિય પૃથિવીકાયની ઉત્કૃષ્ટથી બાવીશ હજાર વરસની ભવસ્થિતિ છે, અપ્કાયની સાત હજાર વર્ષ, વાયુકાયની ત્રણ હજાર વર્ષ અને વનસ્પતિકાયની દસ હજાર વરસની છે. તેથી કેટલાએક નિરન્તર પર્યાપ્ત ભવોની સંકલના વડે સંખ્યાતા હજાર વરસો ઘટે છે. બેઇન્દ્રિય પર્યાપ્ત સૂત્રમાં સંખ્યાતા વરસો હોય છે, કારણ કે બેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટથી ભવસ્થિતિનું પરિમાણ બાર વરસ છે, પણ સર્વ ભવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિનો સંભવ નથી, તેથી કેટલાએક નિરંતર પર્યાપ્તાના ભવોની સંકલના વડે પણ સંખ્યાતા વરસો જ હોય છે, પણ સંખ્યાતા સેંકડો કે સંખ્યાતા હજાર વરસો હોતા નથી. તેઇન્દ્રિય પર્યાપ્તાના સૂત્રમાં સંખ્યાતા દિવસો છે, કારણ કે તેની ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી પણ ઓગણ પચાસ દિવસ પ્રમાણ હોવાથી કેટલાક નિરંતર પર્યાપ્તાના ભવોની સંકલના વડે સંખ્યાતા દિવસો જ થાય છે. ચઉરિન્દ્રિયપર્યાપ્તાના સૂત્રમાં સંખ્યાતા માસ છે, કારણ કે તેઓની ભવસ્થિતિ ઉત્કૃષ્ટથી છ માસ પ્રમાણ હોવાથી કેટલાએક નિરંતર પર્યાપ્તાના ભવના કાળની સંકલના કરતા છતાં પણ સંખ્યાતા મહીનાઓ જ થાય છે. પંચેન્દ્રિયસૂત્ર સુગમ છે. ૩ ઇન્દ્રિયદ્વાર સમાપ્ત. ॥૫૩૪॥

## ।। चउत्थं कायदारं ।।

**सकाइए णं भंते! सकाइए त्ति कालतो केवचिरं होइ? गोयमा! सकाइए दुविहे पन्नत्ते, तं जहा--अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए[1], जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्ज-वाससमब्भहियाइं। अकाइए णं भंते! पुच्छा। गोयमा! अकाइए सादीए अपज्जवसिए। सकाइयअपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं, एवं जाव तसकाइयअपज्जत्तए [सकाइयपज्जत्तए णं) पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं सातिरेगं। पुढविकाइए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणिओसप्पिणीओ कालतो, खेत्ततो असंखेज्जा लोगा एवं आउ-तेउ-वाउ-काइया वि। वणस्सइकाइया णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणिओसप्पिणिओ कालओ, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पुग्गलपरियट्टा, ते णं पुग्गलपरियट्टा आवलियाए असंखेज्जइभागो। पुढविकाइए पज्जत्तए पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं, एवं आऊ वि। तेउकाइए पज्जत्तए पुच्छा। गोयमा!**

---

१. पुढविकाइएणं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सपिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ असंखेज्जा लोगा। एवं आउ-तेउ-वाउक्काइया वि। वणस्सइकाइया णं० पुच्छा! गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतंकालं अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ अणंता लोगा, असंखेज्जा पोग्गलपरियट्टा, ते णं पोग्गल परियट्टा आवलियाए असंखेज्जइ भागो। तसकाइए णं भंते! तसकाइए त्ति० पुच्छा। गोयमा! - આ પ્રમાણે પાઠ મહાવીર વિદ્યાલયવાળી પુસ્તકમાં પ્રથમ આવેલ છે અને પૂર્વની ભાષાંતરવાળી પ્રતમાં પછી આપેલ છે, આ રીતે પાઠાંતર છે. બેંગ્લોરથી છપાયેલ પન્નવણામાં વિદ્યાલયવાળા ક્રમને યોગ્ય લખ્યો છે.

**जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं राइंदियाइं। वाउकाइयपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं। वणस्सइकाइयपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं। तसकाइयपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसयपुहुत्तं सातिरेगं।।सू०-४।।५३५।।**

*(મૂ૦) હે ભગવન્! સકાયિક (સશરીરી) જીવ 'સકાયિક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સકાયિક જીવ બે પ્રકારના છે. તે આ પ્રમાણે-અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. અને તેમાં જે અનાદિ સાન્ત છે, તેની જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષ અધિક બે હજાર સાગરોપમની કાયસ્થિતિ છે. હે ભગવન્! અકાયિક (શરીર રહિત) સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અકાયિક સાદિ અનન્ત છે. સકાયિક અપર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત છે. એ પ્રમાણે ત્રસકાયિક અપર્યાપ્ત સુધી જાણવું, સકાયિક પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક શતપૃથક્ત્વ (બસોથી નવસો) સાગરોપમ સમજવા. પૃથિવીકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી, અને ક્ષેત્રથી અસંખ્યાતા લોક જાણવા. એ પ્રમાણે અપ્કાયિક, તેજસ્કાયિક અને વાયુકાયિક પણ સમજવા. વનસ્પતિકાયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંત કાળ, કાળથી અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી અને ક્ષેત્રથી અનન્ત લોક, અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત અને તે આવલિકાના અસંખ્યાતમા ભાગે સમજવા. પૃથિવીકાયિક પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વરસો જાણવા. એ પ્રમાણે અપ્કાયિક પણ જાણવા. તેજસ્કાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા દિવસો હોય છે. વાયુકાયિક પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વર્ષો હોય છે. વનસ્પતિકાયિક પર્યાપ્ત સંબંધી પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વર્ષો હોય છે. ત્રસકાયિક પર્યાપ્ત સંબંધી પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી હોય છે. ।।૪।।૫૩૫।।*

(ટી૦) હવે કાયદ્વાર કહે છે—'હે ભગવન્! સકાયિક' ઇત્યાદિ. કાયવડે સહિત હોય તે સકાય. અહીં આર્ષ હોવાથી સ્વાર્થમાં ઇક પ્રત્યય થયો છે. તેથી સકાયિક થાય છે. કાય-શરીર, તેના ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણના ભેદથી પાંચ પ્રકાર છે. તેમાં અહીં તૈજસ અથવા કાર્મણ શરીર સમજવું. કારણ કે તે સંસાર પર્યન્ત નિરંતર હોય છે. જો એમ ન માનીએ તો વિગ્રહગતિમાં વર્તતા અને શરીર પર્યાપ્તિ વડે અપર્યાપ્તાને બાકીના શરીરનો અસંભવ હોવાથી તેઓને અકાયિક કહેવાય. અને જો એમ થાય તો ઉત્તર સૂત્રમાં કહેલા તેના બે પ્રકાર ન ઘટી શકે. હવે ઉત્તર સૂત્ર કહે છે—**'सकाइए दुविहे पन्नत्ते'** 'સકાયિક બે પ્રકારના છે'-ઇત્યાદિ. તેમાં જે સંસારનો પાર નહિ પામે, અન્ત નહિ કરે તે અનાદિ અનન્ત, કારણ કે તેની કાય-તૈજસ-કાર્મણશરીર નિરંતર હોવાથી તેનો કદિ વ્યવચ્છેદ નહિ થાય. જે મોક્ષને પ્રાપ્ત કરશે તે અનાદિ સાન્ત, કારણ કે મોક્ષ અવસ્થામાં તેના શરીરનો સર્વથા પરિત્યાગ થશે. પૃથિવી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિ સૂત્રો સુગમ છે. કારણ કે બીજે સ્થળે પણ તેનો અર્થ પ્રસિદ્ધ છે. એ સંબન્ધે કહ્યું છે કે—

**असंखोसप्पिणिओसप्पिणीओ एगिंदियाण उ चउण्हं। ता चेव उ अणंता वणस्सइए उ बोद्धव्वा ।।**

પૃથિવીકાયિકાદિ ચારે એકેન્દ્રિયોની અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાયસ્થિતિ છે. અને વનસ્પતિની અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાયસ્થિતિ જાણવી.

(પ્ર૦)—જો વનસ્પતિની કાયસ્થિતિ અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત છે, તો સિદ્ધાન્તમાં જે કહેવાય છે કે-'મરુદેવાનો જીવ

જીવનકાળ પર્યન્ત વનસ્પતિરૂપે હતો તે કેમ ઘટી શકે? અથવા વનસ્પતિનું અનાદિપણું પણ શી રીતે હોઇ શકે? કારણ કે વનસ્પતિપણાનો કાળ પ્રતિનિયત પ્રમાણ હોવાથી અનાદિપણાની સાથે તેનો વિરોધ છે. તે આ પ્રમાણે—અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો તેઓની કાયસ્થિતિનું પ્રમાણ છે. તેથી એટલો કાળ ગયા પછી અવશ્ય બધા વનસ્પતિના જીવો પોતાની કાયનું પરાવર્તન કરે, જેમ દેવ વગેરે પોતપોતાના સ્થિતિકાળને અન્તે દેવાદિ કાયનું પરાવર્તન કરે છે. એ સંબન્ધે કહ્યું છે કે—

जइ पुग्गलपरियट्टा संखाईया वणस्सईकालो। तो अच्चंतवणस्सइणमणाइयत्तमहेऊओ ॥

न य मरुदेवाजीवो जावज्जीवं वणस्सई आसी। जमसंखेज्जा पुग्गलपरियट्टा तत्थऽवत्थाणं ॥

कालेणेवइएणं जम्हा कुव्वंति कायपल्लट्टं। सव्वे वि वणस्सइणो ठिइकालंते जह सुराई॥ [વિશેષણવતી ગા.૪૬-૪૮]

જો અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો વનસ્પતિનો કાળ છે, તો અત્યન્ત-અનાદિ વનસ્પતિઓનું અનાદિપણું નિર્હેતુક છે. એટલે તેના અનાદિપણામાં કાંઇપણ હેતુ નથી. મરુદેવાનો જીવ જીવનપર્યન્ત વનસ્પતિ હતો એમ ઘટતું નથી. કારણ કે અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત કાળ ત્યાં તેની સ્થિતિ છે. તેથી એટલા કાળે બધા વનસ્પતિ જીવો દેવ વગેરેની પેઠે પોતાની કાયનું પરાવર્તન કરે. વળી વનસ્પતિનું નિર્લેપ-તદ્દન ખાલી થવાનું આગમમાં નિષેધ્યું છે તેનો પણ અત્યારે પ્રસંગ થશે. કેવી રીતે થશે? અહીં વનસ્પતિથી પ્રતિસમય અસંખ્યાતા જીવો ઉદ્વર્તે છે, અને વનસ્પતિનું કાયસ્થિતિનું પરિમાણ અસંખ્યાતા પુદ્ગલપરાવર્તો છે, તેથી અસંખ્યાતા પુદ્ગલપરાવર્તોના જેટલા સમયો થાય તે વડે એક સમયે નીકળેલા જીવોને ગુણીએ અને જેટલા થાય તેટલું પરિમાણ વનસ્પતિ જીવોનું છે. અને તેથી તેઓનું પ્રતિનિયત પરિમાણ હોવાથી તેનું નિર્લેપન (તદ્દન ખાલી થવું) સિદ્ધ થાય છે. વળી પ્રતિનિયત પરિમાણ હોવાથી જતા કાળે બધા ભવ્યોની સિદ્ધિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. અને તેમ થતાં મોક્ષમાર્ગ બંધ પડવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, કારણ કે સર્વ ભવ્યો સિદ્ધિને પ્રાપ્ત થયા પછી બીજાનું સિદ્ધિગમન નહિ થાય. એ સંબંધે કહ્યું છે કે—

कायट्ठिइकालेणं तेसिमसंखेज्जयावहारेणं। निल्लेवणमावन्नं सिद्धी वि य सव्वभव्वाणं ॥

पइसमयमसंखेज्जा जेणुव्वट्टंति तो तदब्भत्था। कायट्ठिईए समया वणस्सईणं च परिमाणं ॥ [વિશે૦ ગા.૪૯-૫૦]

કાયસ્થિતિના કાળ વડે તેઓમાં અસંખ્યાતમો અપહાર કરતાં નિર્લેપપણું અને સર્વ ભવ્યોની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કારણ કે પ્રતિસમય અસંખ્યાતા નીકળે છે તેથી તેનાથી કાયસ્થિતિના સમયો વડે ગુણીએ એટલું વનસ્પતિ જીવોનું પરિમાણ છે. પરન્તુ એમ નથી, કારણ કે વનસ્પતિઓનું અનાદિપણું, તેનું ખાલી ન થવું, સર્વ ભવ્યોની સિદ્ધિનો નિષેધ અને મોક્ષમાર્ગનું નિરન્તરપણું તે તે સ્થળે સિદ્ધાન્તમાં કહેલું છે. (ઉ૦)—અહીં બે પ્રકારના જીવો છે-સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક. તેમાં જેઓ નિગોદાવસ્થાથી નીકળી પૃથિવીકાયિકાદિમાં ઉત્પન્ન થાય છે તે લોકોમાં દૃષ્ટિપથમાં આવેલા પૃથિવીકાયિકાદિ વ્યવહારને પ્રાપ્ત થાય છે. માટે તેઓ સાંવ્યવહારિક અથવા વ્યવહાર રાશિના કહેવાય છે. જો કે તેઓ ફરીથી પણ નિગોદાવસ્થાને પ્રાપ્ત થાય છે તો પણ તેઓ વ્યવહારમાં પડેલા હોવાથી સાંવ્યવહારિક જ કહેવાય છે. જેઓ અનાદિ કાળથી આરંભી નિગોદાવસ્થાને પ્રાપ્ત થયેલા છે, તેઓ વ્યવહારમાર્ગમાં નહિ આવેલા હોવાથી અસાંવ્યવહારિક કહેવાય છે. એમ શાથી જાણી શકાય કે 'સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક બે પ્રકારના જીવો છે?' યુક્તિથી જાણી શકાય છે. કારણ કે પ્રત્યુત્પન્ન (વર્તમાનકાળે વિદ્યમાન) વનસ્પતિના જીવોનું પણ નિર્લેપન (શૂન્યપણું) આગમમાં નિષેધ્યું છે, તો પછી બધી વનસ્પતિઓના નિર્લેપનની તો શી વાત કરવી? તેમજ બધા ભવ્યો પણ નિર્લેપ થતા નથી. જો અસાંવ્યવહારિક રાશિમાં રહેલા અત્યન્ત-અનાદિ વનસ્પતિ જીવો ન હોય તો તે કેમ ઘટી શકે? તેથી જાણી શકાય છે કે—અસાંવ્યવહારિક રાશિ પણ છે, કે જેમાં રહેલા વનસ્પતિના જીવો અનાદિ છે. વળી **આ ગાથા પણ ગુરુપરંપરાથી આવેલી સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે**—

अत्थि अणंता जीवा जेहिं न पत्तो तसाइपरिणामो। ते वि अणंताणंता निगोयवासं अणुवसंति ॥

અનન્તા જીવો છે કે જેઓએ ત્રસાદિપણું પ્રાપ્ત કર્યું નથી. તે પણ અનન્તાનન્ત જીવો નિગોદવાસમાં રહે છે. તે માટે આ

હેતુથી પણ અસાંવ્યવહારિકરાશિ સિદ્ધ થાય છે. એ સંબન્ધે કહ્યું છે કે—

"न य पच्चुप्पन्नवणस्सईणं निल्लेवणं न भव्वाणं। जुत्तं होइ न तं जइ अच्चन्तवणस्सई नत्थि ॥

एवं अणादिवणस्सईणं अत्थित्तमत्थओ सिद्धं। भणइ य इमावि गाहा गुरुवएसाऽऽगया समये"॥ (વિ૦ ૫૦-૫૧) 'अत्थि अणंता जीवा'૦ ઇત્યાદિ. જો અત્યન્ત વનસ્પતિ ન હોય તો પ્રત્યુત્પન્ન (વર્તમાન) વનસ્પતિ જીવો અને ભવ્યોનું નિર્લેપન (અભાવ, ખાલી થવું) યુક્ત નથી એમ નથી. અર્થાત્ યુક્તિસિદ્ધ છે. એ પ્રમાણે અનાદિ વનસ્પતિકાયનું અસ્તિત્વ અર્થાત્ સિદ્ધ થાય છે. ગુરુના ઉપદેશથી આ પણ ગાથા સિદ્ધાન્તમાં આવેલી છે. તેથી આ સૂત્ર સાંવ્યવહારિક જીવોને આશ્રયી જાણવું, પણ અસાંવ્યવહારિક જીવોની અપેક્ષાએ ન સમજવું. કારણ કે **આ સૂત્ર વિષય વિષયક છે, પણ સામાન્ય વિષયક નથી.** આ સ્વમતિકલ્પિત નથી. કારણ કે એ સંબન્ધે પૂજ્યપાદ જિનભદ્રગણિક્ષમાશ્રમણ કહે છે—"तह कालठिईकालादओ विसेसे पडुच्च किर जीवे। नाणाईवणस्सइणो जे संववहारवाहिरिया"॥ (વિશેષણ ગા૦ ૫૧)

તેમજ કાયસ્થિતિનો કાળ વગેરે વિશેષ જીવોને આશ્રયી કહ્યું છે, પરન્તુ સાંવ્યવહારરાશિથી બહારના અનાદિ વનસ્પતિને આશ્રયી કહ્યું નથી. અહીં આદિ શબ્દથી સર્વ જીવોએ અનન્તવાર શ્રુતનો સ્પર્શ કર્યો છે-ઇત્યાદિ જે આ પ્રજ્ઞાપના સૂત્રમાં કહેવામાં આવશે અને પૂર્વે કહ્યું છે તેનું ગ્રહણ કરવું. તેથી કશો દોષ નથી. ત્રસકાયનું સૂત્ર સ્પષ્ટ છે. હવે એ પર્યાપ્ત અને અપર્યાપ્ત વિશેષણ સહિત ત્રસકાયિકાદિનો વિચાર કરે છે—'तसकाइयअपज्जत्तए णं भंते'!-હે ભગવન્! ત્રસકાયિક અપર્યાપ્ત એ કાળને આશ્રયી ક્યાં સુધી હોય-ઇત્યાદિ. પરન્તુ તેજઃકાયસૂત્રમાં ઉત્કૃષ્ટથી કાયસ્થિતિ સંખ્યાતા રાત્રિ-દિવસની હોય છે, કારણ કે તેજઃકાયની ઉત્કૃષ્ટથી પણ ભવસ્થિતિ ત્રણ રાત્રિ-દિવસની છે, તેથી નિરંતર કેટલાએક પર્યાપ્તાના ભવના કાળની ગણના કરવા છતાં પણ સંખ્યાતા દિવસો જ થાય છે, પણ સેંકડો વરસો કે હજારો વરસો થતા નથી. ॥૪॥૫૩૫॥

**सुहुमे णं भंते! सुहुमेत्ति कालतो केवचिरं होति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणिओसप्पिणीओ कालतो, खेत्ततो असंखेज्जा लोगा। सुहुमपुढविकाइते सुहुमआउकाइते, सुहुमतेउकाइते, सुहुमवाउकाइते, सुहुमवणप्फइकाइते सुहुमनिगोदे वि जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखिज्जाओ उस्सप्पिणि-ओसप्पिणीतो कालतो, खेत्ततो असंखेज्जा लोगा। सुहुमे णं भंते! अपज्जत्तए ति पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेण वि अंतोमुहुत्तं। पुढविकाइय-आउकाइय-तेउकाइय-वाउकाइय-वणप्फइकाइयाण य एवं चेव, पज्जत्तियाण वि एवं चेव। बादरे णं भंते! बादरे त्ति कालतो केवचिरं होति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं, असंखेज्जाओ उस्सप्पिणी-ओसप्पिणीतो कालओ, खेत्तओ अंगुलस्स असंखेज्जतिभागं। बादरपुढविकाइए णं भंते! पुच्छा, गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरि सागरोवमकोडाकोडीतो। एवं बादरआउक्काइए वि बादरतेउकाइए वि, बादरवाउकाइए वि। बादरवणप्फइकाइए णं भंते! २ पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं जाव खेत्तओ अंगुलस्स असंखेज्जतिभागं। पत्तेयसरीरबादरवप्फइकाइए णं भंते!० पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरि सागरोवमकोडाकोडीतो। निगोदे णं भंते! निगोए त्ति कालओ केवच्चिरं होति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणि ओसप्पिणीओ कालतो, खेत्ततो अड्ढाइज्जा पोग्गलपरियट्टा। बादरनिगोदे णं भंते! बादरनिगोदे त्ति पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्तरि सागरोवमकोडाकोडीतो। बादरतसकाइए णं भंते! बादरतसकाइए त्ति कालओ केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमसहस्साइं संखेज्जवासमब्भहियाइं। एतेसिं चेव अपज्जत्तगा सव्वेवि जहन्नेणा वि उक्कोसेण वि अंतोमुहुत्तं। बादरपज्जत्तए**

णं भंते! बादरपज्जत्तए त्ति पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहुत्तं सातिरेगं। बादरपुढविकाइयपज्जत्तए णं भंते! बादर० पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखिज्जाइं वाससहस्साइं। एवं आउकाइए वि। तेउकाइयपज्जत्तए णं भंते! तेउकाइयपज्जत्तए त्ति पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखिज्जाइं राइंदियाइं। वाउकाइय-वणस्सइकाइय-पत्तेयसरीरबादरवणप्फइकाइते पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं संखेज्जाइं वाससहस्साइं। निगोयपज्जत्तते बादरनिगोदपज्जत्तए य पुच्छा। गोयमा! दोण्ह वि जहन्नेणं अन्तोमुहुत्तं, उक्कोसेणं अंतोमुहुत्तं। बादरतसकाइयपज्जत्तए णं भंते! बादरतसकाइयपज्जत्तए त्ति कालतो केवचिरं होति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहुत्तं सातिरेगं ।दारं ४। ।।सू०-५।।५३६।।

(મૂ૦) હે ભગવન્! સૂક્ષ્મકાયિક 'સૂક્ષ્મ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ હોય. કાળને આશ્રયી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રને આશ્રયી અસંખ્યાતા લોક હોય. સૂક્ષ્મ પૃથિવીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદ પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ હોય છે. કાળને આશ્રયી અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ હોય છે. હે ભગવન્! સૂક્ષ્મ અપર્યાપ્ત 'સૂક્ષ્મ અપર્યાપ્તા' એ રૂપે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય. [અપર્યાપ્તા સૂક્ષ્મ] પૃથિવીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય સંબંધે પણ એમજ સમજવું. પર્યાપ્તા સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિને પણ એમ જ કહેવું. હે ભગવન્! બાદર જીવ 'બાદર' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ, કાળને આશ્રયી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અને ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય. હે ભગવન્! બાદર પૃથિવીકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સિત્તેર કોટાકોટી સાગરોપમ પર્યન્ત હોય. એ પ્રમાણે બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક અને બાદર વાયુકાયિક સંબંધે જાણવું. બાદર વનસ્પતિકાયિક 'બાદર વનસ્પતિકાયિક' રૂપે ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ, યાવત્ ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ જાણવો. હે ભગવન્! પ્રત્યેક શરીરબાદર વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સિત્તેર કોટાકોટી સાગરોપમ સુધી હોય. હે ભગવન્! નિગોદ 'નિગોદ' એ રૂપે કેટલા કાળ સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનન્ત કાલ-અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળથી, તથા ક્ષેત્રથી અઢી પુદ્ગલપરાવર્ત સુધી હોય. હે ભગવન્! બાદર નિગોદ 'બાદર નિગોદ' રૂપે ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સિત્તેર કોટાકોટી સાગરોપમ સુધી હોય. હે ભગવન્! બાદર ત્રસકાયિક 'બાદર ત્રસકાયિક' રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષ અધિક બે હજાર સાગરોપમ સુધી હોય. એઓના જ અપર્યાપ્તા બધા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય. હે ભગવન્! બાદર પર્યાપ્ત 'બાદર પર્યાપ્ત' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી હોય. હે ભગવન્! બાદર પૃથિવીકાયિક પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વરસ સુધી હોય. એ પ્રમાણે અપ્કાયિક સંબંધે પણ જાણવું. હે ભગવન્! તેજસ્કાયિક પર્યાપ્ત 'તેજસ્કાયિક પર્યાપ્તા' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા રાત્રિદિવસ સુધી હોય. વાયુકાયિક, વનસ્પતિ અને પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી

*અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા હજાર વરસો સુધી હોય. નિગોદ પર્યાપ્ત અને બાદર નિગોદ પર્યાપ્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! બન્નેને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય. હે ભગવન્! બાદર ત્રસકાયિક પર્યાપ્ત 'બાદર ત્રસકાયિક પર્યાપ્ત' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી હોય. ૪ દ્વાર.॥૫॥૫૩૬॥*[1]

(ટી૦) હવે કાયદ્વારની અંદર સમાવેશ થતો હોવાથી સૂક્ષ્મકાયિકાદિ જીવોનું નિરૂપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે– **'सुहुमे णं भंते'**–ઇત્યાદિ. હે ભગવન્! સૂક્ષ્મકાયિક 'સૂક્ષ્મ' ઇતિ—સૂક્ષ્મત્વ પર્યાયસહિત નિરંતર કાળની અપેક્ષાએ ક્યાં સુધી હોય? ભગવાન્! ઉત્તર આપે છે—**'गोयमा! जहन्नेणं'**–હે ગૌતમ! જઘન્યથી ઇત્યાદિ. આ પણ સૂત્ર સાંવ્યવહારિક જીવો સંબન્ધે જાણવું, અન્યથા ઉત્કૃષ્ટથી 'અસંખ્યાતો કાળ હોય'–એ ઉત્તર કહ્યો છે તે ઘટી શકે નહિ. કારણ કે અસંવ્યવહારરાશિમાં રહેલા સૂક્ષ્મ નિગોદ જીવોનું અનાદિપણું પૂર્વે સિદ્ધ કર્યું છે. **'खेत्तओ असंखेज्जा लोगा'**—ક્ષેત્રથી અસંખ્યાતા લોક પ્રમાણ હોય. એટલે અસંખ્યાતા લોકાકાશને વિષે પ્રતિસમય એક એક પ્રદેશને ગ્રહણ કરતાં જેટલી ઉત્સર્પિણી–અવસર્પિણી થાય તેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ હોય છે. સૂક્ષ્મ વનસ્પતિકાય સૂત્ર પણ પૂર્વોક્ત યુક્તિથી સાંવ્યવહારિક જીવ સંબન્ધે જાણવું. તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત સામાન્યતઃ અને પૃથિવીકાયિકાદિ વિશેષણ સહિત સૂક્ષ્મ જીવો નિરન્તર હોય તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત કાળ પર્યન્ત હોય, પણ તે પછી ન હોય. તે માટે તે વિષયના સૂત્ર સમુદાયમાં બધે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત કહ્યું છે. બાદર સામાન્ય સૂત્રમાં અસંખ્યાતો કાળ કહ્યો છે તેની વિશેષતા જણાવે છે– 'અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી હોય છે'. આ કાળને આશ્રયી પરિમાણ કહ્યું. હવે ક્ષેત્રને આશ્રયી પરિમાણ બતાવે છે—**'अंगुलस्स असंखेज्जइभागो'** અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. એટલે અંગુલના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશ પ્રદેશો હોય. તેમાંથી પ્રતિસમય એક એક પ્રદેશને ગ્રહણ કરતાં જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી થાય તેટલી હોય છે. (પ્ર૦)—અંગુલનો અસંખ્યાતમો ભાગમાત્ર છતાં તેમાંથી પ્રતિસમય એક એક પ્રદેશ ગ્રહણ કરવામાં આવે તો શી રીતે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી થાય? (ઉ૦)—ક્ષેત્રનું સૂક્ષ્મપણું હોવાથી થાય છે. કહ્યું છે કે—**''सुहुमो य होइ कालो तत्तो सुहुमयरं हवइ खित्तं''**।–સૂક્ષ્મ કાળ છે અને તેથી ક્ષેત્ર વધારે સૂક્ષ્મ છે. આ સૂત્ર બાદર વનસ્પતિકાયની અપેક્ષાએ સમજવું. કારણ કે તે સિવાય અન્ય બાદરની એટલા કાળની સ્થિતિનો અસંભવ છે. બાકીના બધા સૂત્રો દ્વારની સમાપ્તિ સુધી સુગમ છે. ૪ કાયદ્વાર સમાપ્ત. ॥૫॥૫૩૬॥

---

૧. સંક્ષેપમાં કાયસ્થિતિ : કાયસ્થિતિ એટલે જે પુનઃ પુનઃ મરણ પામી તેને તેજ કાયમાં ઊપજે તેને કાયસ્થિતિ કહે છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાય, એ ચાર એકેન્દ્રિયમાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ જાણવી. સારાંશ કે જો પૃથ્વીકાયનો જીવ મરણ પામી પામીને ફરી તે જ કાયમાં ઉપજે પણ પોતાની કાયને મૂકે નહીં તો અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી રહે.

ઉત્સર્પિણી-અવસર્પિણીની વ્યાખ્યા – દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય અને દશ કોડાકોડી સાગરોપમે એક અવસર્પિણી થાય. એ પ્રમાણે વીશ કોડાકોડી સાગરોપમે એક કાળચક્ર થાય. એ કાળમાન ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની અપેક્ષાએ જાણવું.

વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળની છે. એ કાયસ્થિતિ વ્યવહાર રાશિ જીવને સંભવે છે. કારણ કે વ્યવહારરાશિયો જીવ મરણ પામી નિગોદમાં જાય તો અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ રહીને પાછો વ્યવહાર રાશિમાં આવે છે. એટલે અત્ર મરૂદેવા માતાના દૃષ્ટાંત સાથે વ્યભિચાર આવતો નથી. કારણ કે મરૂદેવા અનાદિ નિગોદી છે. તેમને કાયસ્થિતિનું એ પ્રમાણ નથી.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરિન્દ્રિય, એ પ્રત્યેકને સંખ્યાતા હજાર વર્ષ કાયસ્થિતિ જાણવી.

પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યને સાત આઠ ભવની કાયસ્થિતિ જાણવી. એ આઠે ભવે કરી કાળમાન ત્રણ પલ્યોપમ અને સાત પૂર્વ કોટી ઉત્કૃષ્ટ જાણવો.

દેવ અને નારકી મરણ પામી ફરી દેવ નારકીમાં ઉપજે નહીં. તે માટે દેવ તથા નારકીને કાયસ્થિતિ નથી.

## || पंचम जोगदारं ||

**सजोगी णं भंते! सजोगि त्ति कालओ केवचिरं होति? गोयमा! सजोगी दुविहे पन्नत्ते, तं जहा—अणादीए वा अपज्जवसिते, अणादीए वा सपज्जवसिते। मणजोगी णं भंते! मणजोगि त्ति कालतो केवचिरं होति? गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं। एवं वइजोगी वि। कायजोगी णं भंते! काययोगि०? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वणप्फइकालो। अजोगी णं भंते! अजोगि त्ति कालओ केवचिरं होति? गोयमा! सादीए अपज्जवसिते । दारं ५ ।।सू०-६।।५३७।।**

*(મૂ૦) હે ભગવન્! સયોગી–યોગસહિત 'સયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સયોગી બે પ્રકારના છે. તે આ પ્રમાણે–અનાદિ અપર્યવસિત (અનન્ત) અને અનાદિ સપર્યવસિત (સાન્ત). હે ભગવન્! મનયોગી–મનયોગવાળો 'મનયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત. એ પ્રમાણે વચનયોગવાળો પણ જાણવો. હે ભગવન્! કાયયોગી 'કાયયોગી' રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પર્યન્ત હોય છે. હે ભગવન્! અયોગી 'અયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સાદિ અનન્ત કાળ સુધી હોય. ૫ દાર. ॥૬॥૫૩૭॥*

(ટી૦) હવે યોગદ્વાર કહે છે—'**सयोगी णं भंते**'! ઇત્યાદિ. યોગ–મન, વચન અને કાયાનો વ્યાપાર, તે જેઓને છે તે યોગી–વ્યાપારવાળા મન, વચન અને કાય કહેવાય છે. તે વડે સહિત હોય તે સયોગી–મન, વચન અને કાયયોગ યુક્ત આત્મા કેટલા કાળ સુધી હોય? અહીં ઉત્તર આપે છે—'**सयोगी दुविहे पन्नत्ते**' ઇત્યાદિ. સયોગી બે પ્રકારના છે. અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. જેઓ કદિ મોક્ષે જવાના નથી તે હમેશાં અવશ્ય કોઇ પણ યોગ વડે સયોગી છે, માટે અનાદિ અનન્ત છે. જેઓ મોક્ષે જશે તે અનાદિ સાન્ત છે. કારણ કે મુક્તિપર્યાયનો પ્રાદુર્ભાવ થતાં યોગ પર્યાયનો સર્વથા અભાવ થાય છે. મનોયોગવાળા સૂત્રમાં જઘન્યથી એક સમય હોય છે. જ્યારે કોઇક જીવ ઔદારિક કાયયોગ વડે પ્રથમ સમયે મનને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી, બીજા સમયે મનપણે પરિણમાવીને મૂકે અને ત્રીજા સમયે બંધ પડે કે મરે ત્યારે એક સમય મનયોગવાળો હોય છે. કારણ કે પ્રથમ ગ્રહણ સમયે ઔદારિક યોગવાળો હોય છે, બીજા સમયે મનોયોગવાળો હોય છે અને ત્રીજા સમયે બંધ પડે છે કે મૃત્યુ પામે છે. ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય છે. કારણ કે મનને યોગ્ય પુદ્ગલોને નિરંતર ગ્રહણ કરતો અને મૂકતો અન્તર્મુહૂર્ત પછી અવશ્ય તેવા પ્રકારના જીવના સ્વભાવથી જ બંધ પડે છે. ત્યાર પછી ફરીથી ગ્રહણ કરે છે અને મૂકે છે, પરન્તુ વચ્ચે સૂક્ષ્મકાળ હોવાથી કદાચિત્ તેનું સંવેદન થતું નથી, તેથી ઉત્કૃષ્ટથી પણ મનોયોગી અન્તર્મુહૂર્ત સુધી હોય છે–'**एवं वइयोगीवि**' એ પ્રમાણે–મનયોગવાળાની પેઠે વચનયોગવાળો પણ કહેવો. તે આ પ્રમાણે—"**वइयोगी णं भंते! वइजोगित्ति कालओ केवचिरं होइ? गोयमा! जहन्नेणं एक्कं समयं उक्कोसेणं अंतोमुहुत्तमिति**"। હે ભગવન્! વચનયોગવાળો 'વચનયોગી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત હોય. તેમાં જે પ્રથમ સમયે કાયયોગ વડે ભાષાયોગ્ય દ્રવ્ય ગ્રહણ કરે છે તે બીજે સમયે તેને ભાષાપણે પરિણમાવીને મૂકે છે અને પછી ત્રીજા સમયે બંધ પડે છે અથવા મરે છે. માટે એક સમય વચનયોગવાળો હોય છે. આ સંબન્ધે મૂલટીકાકાર કહે છે—"**पढमसमये काययोगेणं गहियाणं भासादव्वाणं बिइयसमये वइजोगेणं निसग्गं काऊण उवरमंतस्स वा एग समओ लब्भइ**" ઇતિ–પ્રથમ સમયે કાયયોગ વડે ગ્રહણ કરેલા ભાષાદ્રવ્યોને બીજા સમયે વચન યોગ વડે મૂકીને બંધ પડનાર કે મરનારને એક સમય વચન યોગ હોય છે, અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી ભાષાદ્રવ્યોને નિરંતર ગ્રહણ કરતો અને મૂકતો પછી બંધ પડે છે, કારણ કે તેવો જીવનો સ્વભાવ છે, માટે ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય છે. કાયયોગી જઘન્યથી અન્તર્મુહૂર્ત હોય છે. અહીં બેઇન્દ્રિયાદિને વચનયોગ પણ હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિયને મનોયોગ પણ હોય છે. તેથી જ્યારે વચનયોગ કે મનયોગ હોય છે ત્યારે

કાયયોગનું પ્રધાનપણું નથી, કારણ કે તે બન્ને યોગો સાદિ સાન્ત છે. જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી કાયયોગી હોય છે, અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ પર્યન્ત હોય છે તે પૂર્વે કહ્યું છે, કારણ કે વનસ્પતિકાયમાં કેવળ કાયયોગ હોય છે, વચનયોગ કે મનોયોગ હોતો નથી. તેથી બાકીના યોગનો અસંભવ હોવાથી તેની કાયસ્થિતિ પર્યન્ત નિરન્તર કાયયોગ હોય છે. અયોગી-યોગરહિત સિદ્ધ છે, અને તે સાદિ અનન્ત છે માટે અયોગીને સાદિ અનન્ત કાળ કહેલો છે. ૫ યોગદ્વાર. ॥૬॥૫૩૭॥

## ।। छट्ठं वेयदारं ।।

**सवेदए णं भंते! सवेदए त्ति कालओ केवचिरं होति? गोयमा! सवेदए तिविधे पन्नत्ते, तं जहा—अणादीए वा अपज्जवसिते, अणादीए वा सपज्जवसिए, सादीए वा सपज्जवसिए। तत्थ णं जे से सादीए सपज्जवसिए से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणी-ओसप्पिणीओ कालतो, खेत्ततो अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। इत्थिवेदे णं भंते! इत्थिवेदे त्ति कालओ केवचिरं होति? गोयमा! एगेणं आदेसेणं जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं दसुत्तरं पलिओवमसतं पुव्वकोडिपुहुत्तमब्भइयं १, एगेणं आदेसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं अट्ठारसपलितोवमाइं पुव्वकोडिपुहुत्तमब्भइयाइं २, एगेणं आदेसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं चउदस पलिओवमाइं पुव्वकोडिपुहुत्तमब्भइयाइं ३, एगेणं आदेसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं पलिओवमसतं पुव्वकोडिपुहुत्तमब्भइयं ४, एगेणं आदेसेणं जहन्नेणं एगं समयं, उक्कोसेणं पलितोवमपुहुत्तं पुव्वकोडिपुहुत्तमब्भइयं ५। पुरिसवेदे णं भंते! पुरिसवेदे त्ति० गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहुत्तं सातिरेगं। नपुंसगवेए णं भंते! नपुंसगवेदे त्ति पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं वणस्सइकालो। अवेदए णं भंते! अवेदएत्ति पुच्छा। गोयमा! अवेदे दुविधे पन्नत्ते, तं जहा-सादीए वा अपज्जवसिए साइए वा सपज्जवसिते। तत्थ णं जे से साइए सपज्जवसिते से जहण्णेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं ।दारं ६। ।सू०-७।।५३८।।**

*(મૂ૦) હે ભગવન્! સવેદી 'સવેદી' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! સવેદક ત્રણ પ્રકારના છે-૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત, અને ૩ સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ-અનન્ત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી કાળથી હોય છે. ક્ષેત્રથી કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત પર્યન્ત હોય છે. હે ભગવન્! સ્ત્રીવેદી 'સ્ત્રીવેદી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! ૧ એક આદેશ-પ્રકારથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક એકસો દસ પલ્યોપમ. ૨ બીજા એક આદેશથી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટી પૃથક્ત્વ વર્ષ અધિક અઢાર પલ્યોપમ. ૩ ત્રીજા એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી પૂર્વકોટી પૃથક્ત્વ અધિક ચૌદ પલ્યોપમ. ૪ ચોથા એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક સો પલ્યોપમ, ૫ અને પાંચમા એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ હોય. હે ભગવન્! પુરુષવેદી 'પુરુષવેદી' એ રૂપે કેટલા કાળ સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક શતપૃથક્ત્વ સાગરોપમ સુધી હોય. હે ભગવન્! નપુંસકવેદી 'નપુંસકવેદી' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ પર્યન્ત હોય. હે ભગવન્! અવેદક (વેદરહિત) 'અવેદક' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! અવેદક બે પ્રકારના છે-સાદિ અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. દ્વાર ૬ ॥૭॥૫૩૮॥*

(ટી૦) યોગદ્વાર સમાપ્ત થયું, હવે વેદદ્વાર કહે છે—'**सवेदए णं भंते**'! વેદ સહિત હોય તે સવેદ. તે ત્રણ પ્રકારે છે-૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત અને ૩ સાદિ સાન્ત. તેમાં જે ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિને કદિ નહિ પ્રાપ્ત કરે તે અનાદિ અનન્ત, કારણ કે કદિ પણ તેના વેદના ઉદયનો વિચ્છેદ થવાનો નથી. જે ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરશે તે અનાદિ સાન્ત.

કારણ કે ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિમાં વેદોદયનો [1]વિચ્છેદ થાય છે. જે ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરી ત્યાં વેદના ઉદય રહિત થઇને પુનઃ ઉપશમશ્રેણિથી પડતો વેદના ઉદયવાળો થાય છે તે સાદિ સાન્ત. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે. તે આ પ્રમાણે–અહીં જ્યારે કોઇ પણ ઉપશમશ્રેણિને પ્રાપ્ત કરી ત્રણે પ્રકારના વેદને ઉપશમાવી વેદોદયરહિત થઇને પુનઃ શ્રેણિથી પડતો સવેદપણું પ્રાપ્ત કરી જલદી ઉપશમશ્રેણિ અને કાર્મગ્રન્થિક આચાર્યના અભિપ્રાયથી ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થઇ અન્તર્મુહૂર્તમાં ત્રણે વેદનો ઉપશમ કરે કે ક્ષય કરે ત્યારે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી વેદસહિત હોય છે. અને ઉત્કૃષ્ટથી અપાર્ધ-કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત કાળ સુધી હોય છે. કારણ કે ઉપશમશ્રેણિથી પડેલો વધારેમાં વધારે એટલા કાળ સુધી સંસારમાં રખડે છે. માટે ઉત્કૃષ્ટથી સાદિ સાન્ત સવેદીને ઉપર કહેલા કાળનું પ્રમાણ ઘટે છે.

સ્ત્રી વેદના વિષયમાં પાંચ આદેશો છે. તે અનુક્રમે જણાવે છે—'**एगेणं आदेसेणं**' ઇત્યાદિ. તેમાં બધે જઘન્યથી સમય માત્રનો વિચાર આ પ્રમાણે છે–કોઇક સ્ત્રી ઉપશમશ્રેણિમાં ત્રણ વેદનો ઉપશમ કરી વેદરહિત થઇને તે શ્રેણિથી પડતી સ્ત્રીવેદનો ઉદય એક સમય અનુભવી બીજે સમયે કાળ કરી દેવોમાં ઉત્પન્ન થાય. ત્યાં તેને પુરુષપણું પ્રાપ્ત થાય, પણ સ્ત્રીપણું ન હોય, તેથી એ પ્રમાણે જઘન્યથી સમયમાત્ર સ્ત્રીવેદ હોય છે. ઉત્કૃષ્ટના વિચારમાં પ્રથમાદેશની ભાવના આ પ્રમાણે છે–કોઇ જીવ પૂર્વકોટી આયુષ્યવાળી મનુષ્ય સ્ત્રી કે તિર્યંચ સ્ત્રીમાં પાંચ છ ભવો અનુભવી ઈશાન કલ્પમાં પંચાવન પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળી અપરિગૃહીતા દેવીપણે ઉત્પન્ન થાય અને પોતાના આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી મરણ પામી ફરીથી પૂર્વકોટી આયુષ્યવાળી મનુષ્ય સ્ત્રીમાં કે તિર્યંચ સ્ત્રીમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય, ફરીથી બીજીવાર ઈશાન દેવલોકમાં પંચાવન પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીમાં દેવીપણે ઉત્પન્ન થાય, ત્યાર પછી સ્ત્રીવેદ સિવાય બીજો વેદ પામે. એ પ્રમાણે પૂર્વકોટી પૃથક્ત્વ અધિક એકસો દસ પલ્યોપમ થાય. અહીં અન્ય શંકા કરે છે કે "જો દેવકુરુ, ઉત્તરકુરુ વગેરેમાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળી સ્ત્રીઓમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય તો સ્ત્રી વેદની તેથી અધિક સ્થિતિ પણ સંભવે તો એટલી જ સ્થિતિ કેમ કહી?" (ઉ૦)—તે અયુક્ત છે, કારણ કે અભિપ્રાયનું જ્ઞાન નથી, તે આ પ્રમાણે—દેવીથી ચ્યવીને અસંખ્યાત વરસના આયુષ્યવાળી સ્ત્રીમાં ઉત્પન્ન થતી નથી. કારણ કે દેવયોનિથી ચ્યવેલાને અસંખ્યાત વરસના આયુષ્યવાળામાં ઉત્પત્તિનો નિષેધ કરેલો છે. વળી **અસંખ્યાત વરસની આયુષ્યવાળી સ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિવાળી દેવીઓમાં ઉત્પન્ન થતી નથી.** જેથી મૂળ ટીકાકારે કહ્યું છે કે "**जत्तो असंखेज्जवासाउया उक्कोसठिइं न पावंति**" ઇતિ—જે હેતુથી અસંખ્યાત વરસના આયુષ્યવાળી સ્ત્રી દેવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરતી નથી. માટે ઉપર કહેલી જ ઉત્કૃષ્ટ સ્થિતિ સ્ત્રીવેદની હોય છે. બીજા આદેશવાદી આ પ્રમાણે કહે છે–પૂર્વકોટીના આયુષ્યવાળી મનુષ્યસ્ત્રી કે તિર્યંચસ્ત્રીમાં પાંચ છ ભવો કરીને પૂર્વે કહ્યા પ્રમાણે ઈશાન દેવલોકમાં બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિવાળી દેવીમાં ઉત્પન્ન થતી અવશ્ય પરિગૃહીતા દેવીઓમાં જ ઉત્પન્ન થાય, પણ અપરિગૃહીતા દેવીઓમાં ઉત્પન્ન ન થાય, તેથી તેના મતે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટી પૃથક્ત્વ અધિક અઢાર પલ્યોપમની હોય. ત્રીજા આદેશવાદી આ પ્રમાણે કહે છે—સૌધર્મ દેવલોકમાં સાત પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુષ્યવાળી પરિગૃહીતા દેવીમાં બે વાર ઉત્પન્ન થાય તેથી તેના મતે પૂર્વકોટી પૃથક્ત્વ અધિક ચૌદ પલ્યોપમની સ્ત્રીવેદની સ્થિતિ હોય છે. ચોથા આદેશવાદીના મતે-સૌધર્મ દેવલોકમાં પચાસ પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીમાં પણ પૂર્વે કહ્યા પ્રમાણે બે વાર દેવીપણે ઉત્પન્ન થાય તેથી તેના મતે પૂર્વકોટીપૃથક્ત્વ અધિક સો પલ્યોપમની સ્થિતિ થાય છે. પાંચમા આદેશવાદી આ પ્રમાણે કહે છે—અનેક ભવમાં ભ્રમણ કરવા વડે સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિનો વિચાર કરીએ તો પૂર્વકોટી પૃથક્ત્વ અધિક પલ્યોપમપૃથક્ત્વની સ્થિતિ હોય, પણ અધિક ન હોય, તે આ પ્રમાણે-પૂર્વકોટી વર્ષના આયુષ્યવાળી માનુષી કે તિર્યંચ સ્ત્રીમાં સાત ભવો કરીને આઠમા ભવે દેવકુરુ વગેરેમાં ત્રણ પલ્યોપમવાળી સ્ત્રીમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય, ત્યાંથી મરીને સૌધર્મ દેવલોકમાં જઘન્ય

૧. ઉપશમશ્રેણિમાં કે ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ ગયા પછી વેદના ઉદયનો વિચ્છેદ થાય છે.

સ્થિતિવાળી દેવીમાં દેવીપણે ઉત્પન્ન થાય અને ત્યાર પછી તે અવશ્ય બીજો વેદ પામે. **આ પાંચ આદેશમાંના કોઈ પણ આદેશના યથાર્થપણાનો નિર્ણય અતિશય જ્ઞાની કે સર્વોત્કૃષ્ટ શ્રુતલબ્ધિ સંપન્ન પુરુષો કરી શકે અને તેઓ ભગવાન્ આર્ય શ્યામ સૂરિના સમયમાં નહોતા, કેવળ તે કાળની અપેક્ષાએ જે તેમનાથી પૂર્વાચાર્યો હતા અને તેઓએ તે કાળમાં વિદ્યમાન ગ્રન્થોનો પૂર્વાપર વિચાર કરી પોતાની મતિ પ્રમાણે સ્ત્રીવેદની સ્થિતિની પ્રરૂપણા કરી હતી. તે બધા પણ પ્રવચનના જ્ઞાતા આચાર્યોના મતોનો આર્ય શ્યામસૂરિએ નિર્દેશ કર્યો છે.** તે પ્રાવચનિક સૂરિઓ પણ પોતાના મતથી સૂત્રનો પાઠ કરતા ગૌતમના પ્રશ્ન અને ભગવાનના ઉત્તરરૂપે કહેતા હતા. તેથી તે પ્રમાણે જ સૂત્રની રચના કરતા આર્યશ્યામાચાર્યે ગૌતમને ઉદ્દેશી એ પ્રમાણે કહ્યું છે. જો એમ ન હોય તો ગૌતમનો નિર્દેશ કરીને કહેનાર ભગવંતને વિષે સંશય પૂર્વક કથન ઘટી શકે નહિ, કારણ કે ભગવાન્ સર્વ પ્રકારના સંશયથી રહિત છે.

પુરુષવેદ સૂત્રમાં જઘન્યથી અન્તર્મુહૂર્તની સ્થિતિ છે. જ્યારે કોઇ જીવ અન્ય વેદવાળા જીવોથી નીકળી પુરુષવેદમાં ઉત્પન્ન થઇ ત્યાં અન્તર્મુહૂર્ત પર્યન્ત પોતાનું સર્વાયુષ્ય પુરું કરી બીજી ગતિમાં અન્ય વેદવાળામાં ઉત્પન્ન થાય, ત્યારે પુરુષવેદની અન્તર્મુહૂર્ત જઘન્ય સ્થિતિ ઘટે છે. ઉત્કૃષ્ટ સ્થિતિ તો સ્પષ્ટ છે. નપુંસકવેદ સૂત્રમાં જઘન્યથી એક સમય સ્ત્રીવેદની પેઠે જાણવી. ઉત્કૃષ્ટથી વનસ્પતિનો કાળ સમજવો અને તે પૂર્વે કહ્યો છે. આ સૂત્ર સાંવ્યવહારિક જીવોને આશ્રયી જ્યારે વિચાર કરીએ ત્યારે ઘટી શકે છે. જ્યારે અસાંવ્યવહારિક જીવોને આશ્રયી વિચાર કરીએ ત્યારે બે પ્રકારનો નપુંસકવેદનો કાળ છે. કેટલાએકને આશ્રયી અનાદિ અનન્ત કાળ છે, કે જેઓ કદિ પણ સાંવ્યવહારિક રાશિમાં આવશે નહિ, પણ જેઓ અસાંવ્યવહારિક રાશિથી નીકળી સાંવ્યવહારિક રાશિમાં આવશે એવા કેટલાએક જીવોને આશ્રયી અનાદિ સાન્ત કાળ જાણવો. (પ્ર૦)—શું અસાંવ્યવહારિક રાશિથી પણ નીકળી સાંવ્યવહારિક રાશિમાં આવે છે, જેથી આવી પ્રરૂપણા કરો છો? (ઉ૦)—આવે છે, એ શી રીતે જાણી શકાય? પૂર્વાચાર્યના ઉપદેશથી જાણી શકાય છે. એ સંબન્ધે દુઃષમ કાળ રૂપી અંધકારમાં નિમગ્ન થયેલા જિનપ્રવચનના પ્રદીપ સમાન ભગવાન્ જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ કહે છે—

"सिज्झंति जत्तिया किर इह संववहारजीवरासीओ। एंति अणाइवणस्सइरासीओ तत्तिया तम्मि"॥ (વિશેષણ૦ગા૦૬૦)

"જેટલા વ્યવહારરાશિથી સિદ્ધ થાય છે તેટલા અનાદિ વનસ્પતિરાશિથી આ સંવ્યવહાર રાશિમાં આવે છે." વેદરહિત જીવ બે પ્રકારના છે–સાદિ અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરી વેદરહિત થાય તે સાદિ અનન્ત છે, કારણ કે ક્ષપકશ્રેણિથી નીચે પડવાનું હોતું નથી. પણ જે ઉપશમશ્રેણિને પ્રાપ્ત થઈ વેદોદયરહિત થાય છે તે સાદિ સાન્ત છે અને તે જઘન્યથી એક સમય પર્યન્ત હોય છે. કેવી રીતે એક સમય સુધી છે? જ્યારે એક સમય વેદના ઉદય રહિત થઇને બીજે સમયે મરણ પામે ત્યારે તે મરણ સમયે દેવોમાં ઉત્પન્ન થાય અને ત્યાં પુરુષવેદના ઉદય વડે વેદસહિત હોય છે. માટે જઘન્યથી એક સમય અવેદક હોય છે. ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત છે, કારણ કે ત્યાર પછી અવશ્ય શ્રેણિથી પડતાં વેદનો ઉદય હોય છે. વેદદ્વાર સમાપ્ત. ॥૭॥૫૩૮॥

## ।। सत्तमं कसायदारं ।।

**सकसाई णं भंते! सकसायि त्ति कालओ केवचिरं होइ? गोयमा! सकसाती तिविधे पन्नत्ते, तं जहा—अणादीए वा अपज्जवसिते, अणादीए वा सपज्जवसिते, सादीए वा सपज्जवसिते, जाव अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। कोहकसाई णं भंते! पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं, एवं जाव माण-मायाकसाती। लोभकसाई णं भंते! लोभकसाइ त्ति पुच्छा। गोयमा! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं। अकसाई णं भंते! अकसाई त्ति कालओ केवचिरं होइ? गोयमा! अकसायी दुविहे पन्नत्ते, तं जहा—सादीए वा अपज्जवसिते, सादीए वा सपज्जवसिते। तत्थ णं जे से सादीए सपज्जवसिते से जहन्नेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं दारं७। ।सू०-८।।५३९।।**

*(મૂ૦) હે ભગવન્ સકષાયી (કષાય સહિત) 'સકષાયી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સકષાયી ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે–૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તે યાવત્ કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી હોય છે. હે ભગવન્! ક્રોધકષાયી–ઇત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. એ પ્રમાણે માનકષાયી અને માયાકષાયી જાણવા. હે ભગવન્! લોભકષાયી 'લોભકષાયી' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. હે ભગવન્! અકષાયી (કષાય રહિત) 'અકષાયી' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! અકષાયી બે પ્રકારના છે, તે આ પ્રમાણે—સાદિ અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. (દ્વાર ૭) ॥૮॥૫૩૯॥*

(ટી૦) વેદદ્વાર કહ્યું, હવે કષાયદ્વાર કહે છે–તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**सकसाई णं भंते**'। ઇત્યાદિ. સહ–વિદ્યમાન છે કષાય જેઓને તે સકષાય–જીવના પરિણામ વિશેષ, તેવા પરિણામ જેઓને છે તે સકષાયી—કષાયસહિત પરિણામવાળા જીવો. આ બધું સૂત્ર પણ સવેદ સૂત્રની પેઠે સામાન્યપણે વિચારવું. કારણ કે તે સમાન ભાવના વડે કહેલું છે. '**कोहकसाई णं भंते**'! ઇત્યાદિ. ક્રોધકષાયી જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત સુધી હોય છે. કારણ કે તે ક્રોધકષાયનો ઉપયોગ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે કારણ કે તેવા પ્રકારનો જીવસ્વભાવ છે. આ ચારે સૂત્ર પણ ક્રોધાદિના વિશિષ્ટ ઉપયોગની અપેક્ષાએ છે. લોભકષાયી જઘન્યથી એક સમય પર્યન્ત હોય છે. જ્યારે કોઇ ઉપશમક–ઉપશમાવનાર ઉપશમશ્રેણિના અન્તે ઉપશાન્ત વીતરાગ થઇને શ્રેણિથી પડતો લોભના અણુઓને પ્રથમ સમયે વેદતો કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય અને ત્યાં ઉત્પન્ન થતો ક્રોધકષાયી, માનકષાયી કે માયાકષાયી હોય ત્યારે એક સમય પર્યન્ત લોભકષાયી હોય છે. જો એમ છે તો ક્રોધાદિનો પણ કાળ એક સમય કેમ ન હોય? તેવા પ્રકારના જીવસ્વભાવથી ન હોય. તે આ પ્રમાણે–શ્રેણિથી પડતો માયાના અણુઓને વેદવાના પ્રથમ સમયે, માનના અણુઓના વેદવાના પ્રથમ સમયે ક્રોધના અણુઓના વેદવાના પ્રથમ સમયે જો કાળ કરે અને કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય તો પણ તેવા પ્રકારના સ્વભાવથી જે કષાયોદય વડે કાળ કર્યો હતો તે કષાયોદયને ત્યાં પણ પ્રાપ્ત થઇ અન્તર્મુહૂર્ત સુધી વેદે. અને એ આ સૂત્રના પ્રામાણ્યથી જણાય છે, માટે ક્રોધાદિને વિષે અનેક સમયો હોય છે. અકષાય સૂત્ર અવેદ સૂત્રની જેમ જાણવું. કષાયદ્વાર સમાપ્ત થયું. ॥૮॥૫૩૯॥

## ।। अट्ठमं लेस्सादारं ।।

**सलेस्से णं भंते! सलेस्से त्ति पुच्छा। गोयमा! सलेस्से दुविधे पन्नत्ते, तं जहा–अणादीए वा अपज्जवसिते, अणादीए वा सपज्जवसिते। कण्हलेस्से णं भंते! कण्हलेस्से त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भइयाइं। नीललेस्सं णं भंते! नीललेस्से त्ति पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस सागरोवमाइं पलितोवमासंखिज्जइभागमब्भइयाइं। काउलेस्से णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि सागरोवमाइं पलितोवमासंखिज्जतिभागमब्भइयाइं। तेउलेस्से णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमाइं पलितोवमासंखिज्जतिभागमब्भइयाइं। पम्हलेस्से णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस सागरोवमाइं अंतोमुहुत्तमब्भइयाइं। सुक्कलेस्से णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भइयाइं। अलेस्से णं पुच्छा। गोयमा! सादीए अपज्जवसिते। दारं ८। ।सू०-९।।५४०।।**

*(મૂ૦) હે ભગવન્! સલેશ્ય (લેશ્યા સહિત) 'સલેશ્ય' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! સલેશ્ય બે પ્રકારના છે. તે આ પ્રમાણે—અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો 'કૃષ્ણલેશ્યાવાળો' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ સુધી હોય. હે ભગવન્!*

*નીલલેશ્યાવાળો 'નીલલેશ્યાવાળો' એ રૂપે કેટલા કાળ સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક દસ સાગરોપમ સુધી હોય. કાપોતલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક ત્રણ સાગરોપમ સુધી હોય. તેજોલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમ સુધી હોય. પદ્મલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમ સુધી હોય. શુક્લલેશ્યાવાળા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ સુધી હોય. લેશ્યારહિત સંબંધે પ્રશ્ન. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ હોય. ૮ દ્વાર. ॥૯॥૫૪૦॥*

(ટી૦) હવે લેશ્યાદ્વાર કહે છે-તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**सलेस्से णं भंते**'! ઇત્યાદિ. સલેશ્ય—લેશ્યાસહિત. તે બે પ્રકારના છે-૧ અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. તેમાં જે કદિ પણ સંસારનો અન્ત કરવાના નથી તે અનાદિ અનન્ત અને જે સંસારથી પાર પામશે તે અનાદિ સાન્ત. '**कण्हलेस्से णं भंते**' ઇત્યાદિ. હે ભગવન્! કૃષ્ણલેશ્યાવાળો કાળને આશ્રયી ક્યાં સુધી હોય? ઇત્યાદિ. અહીં તિર્યંચ અને મનુષ્યોને લેશ્યાદ્રવ્યો અન્તર્મુહૂર્તથી આરંભી પર ભવના પ્રથમ અન્તર્મુહૂર્ત સુધી રહેલા હોય છે, તેથી બધે જઘન્ય અન્તર્મુહૂર્તની સ્થિતિ તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ સ્થિતિ દેવ અને નારકની અપેક્ષાએ જાણવી. તે વિવિધ પ્રકારની હોવાથી અહીં તેનો વિચાર કરવામાં આવે છે—તેમાં જે અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે તે સાતમી નરકપૃથિવીની અપેક્ષાએ જાણવી. કારણ કે તેમાં રહેલા નૈરયિકો કૃષ્ણલેશ્યાવાળા છે અને તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે. જે પૂર્વ ભવનું છેલ્લું અને પરભવનું પહેલું એમ બે અન્તર્મુહૂર્ત છે, તે બન્નેને પણ એક અન્તર્મુહૂર્ત કહેવામાં આવ્યું છે, કારણ કે અન્તર્મુહૂર્તના અસંખ્યાતા ભેદો છે. તે પ્રમાણે બીજે સ્થળે પણ કહેવામાં આવ્યું છે-''**मुहुत्तद्धं तु जहन्ना तित्तीसं सागरा मुहुत्तहिया। उक्कोसा होइ ठिई नायव्वा कण्हलेस्साए**''॥ કૃષ્ણલેશ્યાની અન્તર્મુહૂર્ત જઘન્ય સ્થિતિ અને મુહૂર્તાધિક-અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. અહીં '**मुहुत्तहिया**' અન્તર્મુહૂર્તાધિક એવી ચૂર્ણિકારે વ્યાખ્યા કરી છે. નીલલેશ્યા સૂત્રમાં જે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક દસ સાગરોપમની સ્થિતિ કહી છે તે પાંચમી નરકપૃથિવીની અપેક્ષાએ સમજવી. કારણ કે ત્યાં પ્રથમ પ્રસ્તટમાં નીલલેશ્યા હોય છે, કારણ કે '**पंचमीए मीसा**' પાંચમી નરક પૃથિવીમાં મિશ્ર-કૃષ્ણ અને નીલલેશ્યા હોય છે. એવું કથન છે. અને તેના પહેલા પ્રસ્તટ-પાથડામાં (પ્રતરમાં) ઉત્કૃષ્ટ સ્થિતિ એટલી જ છે. જે પૂર્વભવનું ચરમ અને પરભવનું આદ્ય અન્તર્મુહૂર્ત અધિક છે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં અન્તર્ગત છે માટે તેની જુદી વિવક્ષા કરી નથી. એ પ્રમાણે પછીના સૂત્રમાં પણ જાણવું. કાપોતલેશ્યા સૂત્રમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક ત્રણ સાગરોપમની સ્થિતિ ત્રીજી નરકપૃથિવીની અપેક્ષાએ સમજવી. કારણ કે ત્રીજી નરકપૃથિવીના પણ પ્રથમ પ્રસ્તટમાં કાપોતલેશ્યા હોય છે. કારણ કે '**तईयाए मीसिया**' ત્રીજી નરકમાં મિશ્ર-કાપોત અને નીલલેશ્યા હોય છે એવું કથન છે. અને તેમાં એટલી જ ઉત્કૃષ્ટ સ્થિતિનો સંભવ છે. તેજોલેશ્યાસૂત્રમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમની સ્થિતિ કહી છે તે ઈશાન દેવલોકના દેવોની અપેક્ષાએ જાણવી, કારણ કે તેઓ તેજોલેશ્યાવાળા છે અને ઉત્કૃષ્ટથી એટલી સ્થિતિવાળા છે. પદ્મલેશ્યાસૂત્રમાં અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમની સ્થિતિ છે તે બ્રહ્મલોકની અપેક્ષાએ સમજવી. કારણ કે ત્યાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની છે અને પદ્મલેશ્યા છે. જે પૂર્વભવ અને પરભવના બે અન્તર્મુહૂર્ત છે તેને એક અન્તર્મુહૂર્તની વિવક્ષા કરી અન્તર્મુહૂર્ત અધિક કહ્યું છે. શુક્લલેશ્યાસૂત્રમાં અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ કહી છે તે અનુત્તર દેવની અપેક્ષાએ જાણવી. કારણ કે તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમ પ્રમાણ છે. અને અન્તર્મુહૂર્ત અધિકપણાનો વિચાર પૂર્વની પેઠે જાણવો. લેશ્યારહિત અયોગી કેવલી અને સિદ્ધ છે, તેથી તે અવસ્થામાં પણ લેશ્યારહિતપણાનો પ્રતિષેધ નથી. માટે સાદિ અનન્ત છે. ૮ લેશ્યાદ્વાર સમાપ્ત. ॥૯॥૫૪૦॥

## ।। णवमं सम्मत्तदारं ।।

**सम्मद्दिट्ठी णं भंते! सम्मद्दिट्ठि त्ति कालओ केवचिरं होइ? गोयमा! सम्मदिट्ठी दुविहे पन्नत्ते, तं जहा—सादीए वा अपज्जवसिते, सादीए वा सपज्जवसिते। तत्थ णं जे से सादीए सपज्जवसिए से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं। मिच्छद्दिट्ठी णं भंते! पुच्छा। गोयमा! मिच्छद्दिट्ठी तिविधे पन्नत्ते, तं जहा—अणाइए अपज्जवसिए वा, अणादीए वा सपज्जवसिए, सादीए वा सपज्जवसिए। तत्थ णं जे से सादीए सपज्जवसिते से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं, अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालतो, खेत्ततो अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। सम्मामिच्छदिट्ठी णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अंतोमुहुत्तं। दारं १। ।।सू०-१०।।५४१।।**

*(મૂ૦) હે ભગવન્! સમ્યગ્દૃષ્ટિ 'સમ્યગ્દૃષ્ટિ' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—સાદિ અનન્ત અને સાદિ સાન્ત છે. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી હોય છે. હે ભગવન્! મિથ્યાદૃષ્ટિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! મિથ્યાદૃષ્ટિ ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે-૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત અને ૩ સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ. અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી કંઇક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત સુધી હોય છે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અન્તર્મુહૂર્ત હોય છે. ।।૧૦।।૫૪૧।।*

(ટી૦) હવે સમ્યક્ત્વદ્વાર કહે છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે. '**सम्मद्दिट्ठी णं भंते**'! ઇત્યાદિ. સમ્યક્-યથાર્થ, અવિપરીત દૃષ્ટિ-જિન પ્રણીત વસ્તુતત્ત્વનો બોધ જેઓને છે તે સમ્યગ્દૃષ્ટિ. તે અન્તરકરણના કાળને વિષે થવાવાળા ઔપશમિક સમ્યક્ત્વ, સાસ્વાદન સમ્યક્ત્વ, વિશુદ્ધ દર્શનમોહનીયપુંજના ઉદયથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અથવા સંપૂર્ણ દર્શન મોહનીયના ક્ષયથી ઉત્પન્ન થયેલા ક્ષાયિક સમ્યક્ત્વવડે સહિત હોય છે, 'તે સમ્યગ્દૃષ્ટિ કેટલા કાળ સુધી હોય'? ઉત્તર-સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારે છે. તે આ પ્રમાણે-૧ સાદિ અનન્ત અને ૨ સાદિ સાન્ત. તેમાં સાદિ અનન્ત જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે ત્યારે જાણવા. કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વનો નાશ થતો નથી. જે સાદિ સાન્ત છે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ જાણવા. તેમાં જે સાદિ સાન્ત સમ્યગ્દૃષ્ટિ છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે, કારણ કે ત્યાર પછી તેને મિથ્યાત્વને વિષે જવાનો સંભવ છે. ઉત્કૃષ્ટ કંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી છે. તેમાં જો વિજયાદિ ચાર અનુત્તર દેવોમાં બે વાર સમ્યક્ત્વ સહિત ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ ઉત્પન્ન થાય, અથવા ત્રણવાર અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થાય તો દેવભવો વડે જ છાસઠ સાગરોપમ પરિપૂર્ણ થાય છે. અને જે સમ્યક્ત્વસહિત મનુષ્યના ભવો છે તે વડે અધિક હોય છે તેથી અધિક કહ્યું છે. એ સંબંધે કહ્યું છે કે "**दो वारे विजयाइसु गयस्स तिन्न च्चुए अहव ताइं। अइरेगं नरभवियं**"—બે વાર વિજયાદિમાં અને ત્રણ વાર અચ્યુતમાં ગયેલાને (છાસઠ સાગરોપમ) કાળ થાય છે અને તેથી અધિક મનુષ્યના ભવો જાણવા. '**मिच्छद्दिट्ठीणं भंते**'! ઇત્યાદિ. જેમ ધતુરો ખાનાર પુરુષને ધોળી વસ્તુમાં પીળી વસ્તુનો બોધ થાય છે તેમ મિથ્યા-વિપરીત, દૃષ્ટિ-જીવાદિ વસ્તુતત્ત્વનો બોધ જેને છે તે મિથ્યાદૃષ્ટિ. (પ્ર૦)—કોઇ મિથ્યાદૃષ્ટિ પણ ભક્ષ્યને ભક્ષ્યરૂપે અને પેયને (પીવા લાયકને) પેય તરીકે, મનુષ્યને મનુષ્ય તરીકે અને પશુને પશુ તરીકે જાણે છે, તો તે મિથ્યાદૃષ્ટિ કેમ કહેવાય? (ઉ૦)—સર્વજ્ઞ તીર્થંકરમાં શ્રદ્ધા નહિ હોવાથી તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. અહીં અરિહંત ભગવન્તે કહેલા સંપૂર્ણ પ્રવચનના અર્થની રુચિ કરવા છતાં જો તેમાંના એક અક્ષરની પણ શ્રદ્ધા ન કરે તો પણ એ મિથ્યાદૃષ્ટિ જ કહેવાય છે. કારણ કે સર્વજ્ઞ તીર્થંકરમાં તેને શ્રદ્ધા-વિશ્વાસ નથી. એ સંબન્ધે કહ્યું છે કે '**સૂત્રમાં કહેલા એક અક્ષરની પણ અરુચિ કરવાથી મિથ્યાદૃષ્ટિ થાય છે, કારણ કે તેને જિનેશ્વરે કહેલું**

**સૂત્ર પ્રમાણ નથી'**. તો પછી અરિહંત ભગવંતે કહેલા યથાર્થ જીવાજીવાદિ વસ્તુતત્ત્વના બોધરહિત આત્મા મિથ્યાદૃષ્ટિ હોય તેમાં શું કહેવું? (પ્ર૦)—સંપૂર્ણ પ્રવચનના અર્થની રુચિ કરવાથી, અને તેમાંના કોઇ અર્થની રુચિ નહિ કરવાથી આ ન્યાયથી તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જ યોગ્ય છે? તો મિથ્યાદૃષ્ટિ કેમ કહેવાય? (ઉ૦)—તે બરોબર નથી, કારણ કે વસ્તુતત્ત્વનું અજ્ઞાન છે. અહીં તો જ્યારે જિને કહેલી હોવાથી સકલ વસ્તુતત્ત્વની સમ્યગ્ શ્રદ્ધા કરે ત્યારે આ સમ્યગ્દૃષ્ટિ છે, અને જ્યારે એક પણ વસ્તુમાં કે તેના પર્યાયમાં બુદ્ધિની મન્દતા વગેરે કારણથી એકાન્ત સમ્યક્ જ્ઞાન કે મિથ્યાજ્ઞાનના અભાવથી સમ્યક્ શ્રદ્ધા કરતો નથી, તેમ એકાન્તથી અશ્રદ્ધા પણ કરતો નથી ત્યારે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. એ સંબન્ધે શતકની બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે–-"जहा नालिकेरदीववासिस्स खुहाइयस्स वि एत्थ समागयस्स ओयणाइए अणेगविहे ढोइए, तस्स आहारस्स उवरिं न रुई न य निंदा, जेण सो ओयणाइआहारो न य कयावि दिट्ठो नावि सुओ, एवं सम्मामिच्छदिट्ठिस्स वि जीवाइपयत्थाणं उवरि न य रुई नावि निंदा" ઇતિ। ક્ષુધાથી પીડિત થયાં છતાં પણ અહીં આવેલા નાલિકેર દ્વીપવાસી મનુષ્યને તેની પાસે મૂકેલા ઓદનાદિ અનેક પ્રકારના આહારના ઉપર રુચિ કે અરુચિ ન હોય, કારણ કે તે ઓદનાદિ આહાર તેણે કદિ પણ દીઠો કે સાંભળ્યો નથી. એ પ્રમાણે સમ્યગ્મિથ્યાદૃષ્ટિને પણ જીવાદિ પદાર્થના ઉપર રુચિ કે અરુચિ ન હોય. **જ્યારે એક પણ વસ્તુ કે પર્યાયમાં એકાન્તથી વિરુદ્ધ માન્યતાવાળો હોય ત્યારે તે મિથ્યાદૃષ્ટિ છે** એમ કહેવામાં કાંઇ પણ દોષ નથી. તે મિથ્યાદૃષ્ટિ ત્રણ પ્રકારના છે—અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તેમાં જે કોઇ કાળે પણ સમ્યક્ત્વ પામવાનો નથી તે અનાદિ અનન્ત, જે પામશે તે અનાદિ સાન્ત. અને જે સમ્યક્ત્વ પામી ફરીથી પણ મિથ્યાત્વ પામશે તે સાદિ સાન્ત. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે, કારણ કે ત્યાર પછી કોઇને ફરીથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ઉત્કૃષ્ટ અનન્ત કાળ સુધી હોય છે. તેની કાળથી અને ક્ષેત્રથી બન્ને પ્રકારે પ્રરૂપણા કરે છે–કાળથી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી હોય છે અને ક્ષેત્રથી કંઇક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત છે. અહીં 'ક્ષેત્રથી' એમ કહ્યું છે માટે ક્ષેત્રપુદ્ગલપરાવર્ત ગ્રહણ કરવું. પણ દ્રવ્યપુદ્ગલપરાવર્તાદિ ન સમજવા, એમ પૂર્વે અને પછી પણ જાણી લેવું. 'सम्मामिच्छादिट्ठीणं' ઇત્યાદિ. સમ્યગ્–યથાર્થ અને મિથ્યા–વિપરીત દૃષ્ટિ જેની છે તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે, ત્યાર પછી સ્વભાવથી જ તેવા પરિણામનો નાશ થાય છે. ૯ સમ્યક્ત્વદ્વાર સમાપ્ત. ॥૧૦॥૫૪૧॥

## ।। दसमं णाणदारं ।।

**णाणी णं भंते! णाणि त्ति कालओ केवचिरं होइ? गोयमा! णाणी दुविधे पन्नत्ते, तं जहा—सातीते वा अपज्जवसिते, साइए वा सपज्जवसिते। तत्थ णं जे से सादीए सपज्जवसिते से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं। आभिनिबोहियणाणी णं भंते!० पुच्छा। गोयमा! एवं चेव, एवं सुयणाणी वि, ओहिनाणी वि एवं चेव, नवरं जहण्णेणं एगं समयं। मणपज्जवणाणी णं भंते! मणपज्जवणाणि त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं देसूणं० पुव्वकोडी। केवलणाणी णं पुच्छा। गोयमा! सातिए अपज्जवसिते। अण्णाणी मतिअण्णाणी सुतअण्णाणी णं० पुच्छा। गोयमा! अण्णाणी, मइअण्णाणी, सुयअण्णाणी तिविधे पन्नत्ते, तं जहा-अणाइए वा अपज्जवासिए, अणादीए वा सपज्जवसिते, सादीए वा सपज्जवसिते। तत्थ णं जे से सादीए सपज्जवसिते से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं-अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालतो, खेत्तओ अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। विभंगणाणी णं भंते! पुच्छा। गोयमा! जहण्णेणं एगं समयं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं देसूणाते पुव्वकोडीते अब्भइताइं । दारं १०।** ।सू०-११।५४२।।

*(મૂ૦) હે ભગવન્! જ્ઞાની 'જ્ઞાની' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જ્ઞાની બે પ્રકારના છે, તે આ પ્રમાણે–સાદિ*

*અનન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક છાસઠ સાગરોપમ સુધી હોય છે. આભિનિબોધિક જ્ઞાની સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એમ જ જાણવું. એ પ્રમાણે શ્રુતજ્ઞાની સંબંધે જાણવું. અવધિજ્ઞાની સંબંધે પણ એમજ સમજવું. પરન્તુ તે જઘન્યથી એક સમય છે. હે ભગવન્! મનઃપર્યવજ્ઞાની 'મનઃપર્યવજ્ઞાની' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન પૂર્વ ક્રોડ વર્ષ સુધી હોય છે. કેવલજ્ઞાની સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ પર્યન્ત હોય છે. અજ્ઞાની, મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અજ્ઞાની, મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે- અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનન્ત કાળ–અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળથી હોય છે અને ક્ષેત્રથી કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી હોય છે. હે ભગવન્! વિભંગજ્ઞાની 'વિભંગજ્ઞાની' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન પૂર્વકોટી વર્ષ અધિક તેત્રીશ સાગરોપમ સુધી હોય છે. (દ્વાર ૧૦) ॥૧૧॥૫૪૨॥*

(ટી૦) હવે જ્ઞાનદ્વાર કહે છે—તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**नाणी णं भंते**'! ઇત્યાદિ. જેનામાં જ્ઞાન છે તે જ્ઞાની કહેવાય છે. તે બે પ્રકારે છે—સાદિ સાન્ત અને સાદિ અનન્ત. તેમાં કેવલજ્ઞાનની અપેક્ષાએ સાદિ અનન્ત છે, કારણ કે તે પ્રાપ્ત થયા પછી જતું નથી, અને બાકીના જ્ઞાનની અપેક્ષાએ સાદિ સાન્ત છે, કારણ કે બાકીના જ્ઞાનો અમુક કાળ સુધીજ હોય છે. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે, કારણ કે ત્યાર પછી મિથ્યાત્વની પ્રાપ્તિ વડે જ્ઞાનના પરિણામનો નાશ થાય છે. ઉત્કૃષ્ટ કાંઇક અધિક છાસઠ સાગરોપમ હોય છે અને તે સમ્યગ્દૃષ્ટિની પેઠે જાણવો, કારણ કે સમ્યગ્દૃષ્ટિને જ જ્ઞાનીપણું હોય છે. આભિનિબોધિક જ્ઞાન સૂત્રમાં '**एवं चेव**' त्ति—એમજ જાણવું, જેમ સામાન્યથી સાદિ સાન્ત જ્ઞાની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કહ્યો છે તેમ આભિનિબોધિકજ્ઞાની પણ કહેવો, તે આ પ્રમાણે—'**जहन्नेणं अन्तोमुहुत्तं, उक्कोसेणं छावट्ठी सागरोवमाइं सातिरेगाइं**'- જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક છાસઠ સાગરોપમ જાણવો. એમ શ્રુતજ્ઞાની પણ જાણવો, અવધિજ્ઞાની સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ તે જઘન્યથી એક સમય છે. અવધિજ્ઞાન એક સમય શી રીતે હોય? અહીં અવધિજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય કે દેવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને તેને સમ્યક્ત્વપ્રાપ્તિ સમયેજ સમ્યક્ત્વ હોવાથી વિભંગજ્ઞાન અવધિજ્ઞાન રૂપે થાય છે, અને તે જ્યારે દેવના ચ્યવન વડે અને બીજાને મરણ વડે કે બીજી રીતે પછીના સમયે પડે છે ત્યારે અવધિજ્ઞાનનો એક સમય હોય છે. ઉત્કૃષ્ટથી કાંઇક અધિક છાસઠ સાગરોપમ હોય છે. અને તે અપતિત અવધિજ્ઞાનસહિત બે વાર વિજયાદિમાં જવા વડે અથવા ત્રણ વાર અચ્યુત દેવલોકમાં જવા વડે જાણવો. 'મનઃપર્યવજ્ઞાની જઘન્યથી એક સમય સુધી હોય છે. અપ્રમત્ત ગુણસ્થાનકમાં વર્તતા અને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન કરી બીજે સમયે કાળ કરતા મનઃપર્યવજ્ઞાની સંયતને એક સમય જાણવો. ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન પૂર્વકોટિ વરસ હોય છે, કારણ કે ત્યાર પછી સંયમ નહિ હોવાથી મનઃપર્યવજ્ઞાનનો પણ અભાવ થાય છે. કેવલજ્ઞાની સાદિ અનન્ત કાળ હોય છે, કારણ કે તેને ત્યાંથી પડવાનું નથી. અજ્ઞાની ત્રણ પ્રકારે છે—અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તેમાં જેને કોઇ પણ કાળે (સમ્યક્ત્વ પ્રાપ્તિ દ્વારા) જ્ઞાનનો પરિણામ થવાનો નથી તે અનાદિ અનન્ત, જેને જ્ઞાનની પ્રાપ્તિ થશે તે અનાદિ સાન્ત, અને જે જ્ઞાન પ્રાપ્ત કરી ફરીથી મિથ્યાત્વની પ્રાપ્તિ વડે અજ્ઞાનીપણું પામશે તે સાદિ સાન્ત. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે, કારણ કે ત્યાર પછી સમ્યક્ત્વ પામવા વડે અજ્ઞાન પરિણામનો નાશ થાય છે. ઉત્કૃષ્ટથી અનન્ત કાળ છે–ઇત્યાદિ બધું પૂર્વની પેઠે જાણવું. ત્યાર પછી અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી અજ્ઞાન નષ્ટ થાય છે. એ પ્રમાણે ત્રણે પ્રકારના મતિઅજ્ઞાની અને શ્રુતાજ્ઞાની જાણવા. વિભંગજ્ઞાની જઘન્યથી એક સમય હોય છે. કેવી રીતે હોય? સમ્યગ્દૃષ્ટિ હોવાથી અવધિજ્ઞાની કોઇ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય કે દેવ મિથ્યાત્વને પ્રાપ્ત થાય અને મિથ્યાત્વની પ્રાપ્તિ સમયે મિથ્યાત્વના પ્રભાવથી અવધિજ્ઞાન વિભંગજ્ઞાન રૂપે થાય છે, કારણ કે "**आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम्**"—આદિના ત્રણ જ્ઞાન મિથ્યાત્વ સહિત અજ્ઞાન રૂપે થાય છે–એવું શાસ્ત્રનું વચન છે. તે પછીના સમયે

દેવના ચ્યવન વડે અને અન્યને મરણ વડે કે બીજી રીતે તે વિભંગજ્ઞાન પડે છે તેથી વિભંગજ્ઞાનનો કાળ એક સમય હોય છે. ઉત્કૃષ્ટથી કંઇક ન્યૂન પૂર્વકોટી વર્ષ અધિક તેત્રીશ સાગરોપમ પ્રમાણ હોય છે. તે આ પ્રમાણે—જ્યારે કોઇ મિથ્યાદૃષ્ટિ તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્ય પૂર્વકોટી વરસના આયુષ્યવાળો હોય. અને તે કેટલાક વર્ષ ગયા પછી વિભંગજ્ઞાની થાય અને અપતિત વિભંગજ્ઞાનસહિત જ ઋજુ ગતિ વડે સાતમી નરક પૃથિવીમાં તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળો નારક થાય ત્યારે પૂર્વોક્ત ઉત્કૃષ્ટ કાળનું પ્રમાણ હોય છે. ત્યાર પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ દ્વારા અવધિજ્ઞાન થવાથી કે સર્વથા નાશ થવાથી વિભંગજ્ઞાન જાય છે. જ્ઞાનદ્વાર સમાપ્ત. ॥૧૧॥૫૪૨॥

## ।। एक्कारसमं दंसणदारं ।।

**चक्खुदंसणी णं भंते! पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसहस्सं सातिरेगं। अचक्खुदंसणी णं भंते! अचक्खुदंसणि त्ति कालओ केवचिरं होइ? गोयमा! अचक्खुदंसणी दुविहे पन्नत्ते, तं जहा-अणादीए वा अपज्जवसिते, अणादीए वा सपज्जवसिए। ओहिदंसणी णं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं दो छावट्ठीओ सागरोवमाणं साइरेगाओ। केवलदंसणी णं० पुच्छा। गोयमा! सातीए अपज्जवसिते ।दारं ११। ।सू०-१२।।५४३।।**

*(મૂ૦) હે ભગવન્! ચક્ષુદર્શની 'ચક્ષુદર્શની' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક હજાર સાગરોપમ સુધી હોય. હે ભગવન્! અચક્ષુદર્શની 'અચક્ષુદર્શની' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! અચક્ષુદર્શની બે પ્રકારે છે તે આ પ્રમાણે-અનાદિ અનન્ત, અને અનાદિ સાન્ત. અવધિદર્શની ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઇક અધિક બે વાર છાસઠ (એકસો બત્રીશ) સાગરોપમ સુધી હોય. કેવલદર્શની 'કેવલદર્શની' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! સાદિ અનન્ત હોય. (દ્વાર ૧૧) ॥૧૨॥૫૪૩॥*

(ટી૦) હવે દર્શનદ્વાર કહે છે—તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**चक्खुदंसणी णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! ચક્ષુદર્શની ક્યાં સુધી હોય? અહીં તેઇન્દ્રિયાદિ જીવ ચઉરિન્દ્રિયાદિમાં ઉત્પન્ન થઇ અને ત્યાં અન્તર્મુહૂર્ત રહીને ફરીથી પણ તેઇન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય ત્યારે ચક્ષુદર્શની અન્તર્મુહૂર્ત સુધી હોય. અને 'ઉત્કૃષ્ટથી કંઇક અધિક હજાર સાગરોપમ સુધી હોય' અને તે ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને નૈરયિકાદિના ભવભ્રમણ વડે જાણવું. અચક્ષુદર્શની અનાદિ અનન્ત છે કે જે કદિ પણ મોક્ષને પ્રાપ્ત કરવાનો નથી. જે મોક્ષને પ્રાપ્ત કરશે તે અનાદિ સાન્ત. તથા તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્ય તેવા પ્રકારના અધ્યવસાયથી અવધિદર્શન ઉત્પન્ન કરીને પછીના સમયે જો કાળ કરે તો અવધિદર્શન પડે ત્યારે અવધિદર્શની એક સમય સુધી હોય. ઉત્કૃષ્ટથી અવધિદર્શની કાંઇક અધિક એકસો બત્રીશ સાગરોપમ પર્યન્ત હોય. કેવી રીતે હોય? અહીં વિભંગજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્ય અપતિત વિભંગજ્ઞાન સહિત જ ઋજુગતિ વડે સાતમી નરક પૃથિવીમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો નૈરયિક થાય. અને તે નજિક મરણ હોય ત્યારે સમ્યક્ત્વ પામી તેથી ભ્રષ્ટ થઇ પુનઃ અપતિત વિભંગજ્ઞાન વડે પૂર્વકોટી આયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય અને ત્યાં પરિપૂર્ણ પોતાનું આયુષ્ય પાળીને ફરી અપતિત વિભંગજ્ઞાન સહિત જ સાતમી નરક પૃથિવીમાં તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળો નૈરયિક થાય, ત્યાં પણ મરણના નજિક સમયે સમ્યક્ત્વ પામીને તેનો ત્યાગ કરે તેથી ફરીથી પણ વિભંગ જ્ઞાનસહિત જ પૂર્વકોટી આયુષ્યવાળા તિર્યંચ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય ત્યારે એ પ્રમાણે એક છાસઠ સાગરોપમ થાય, અને બધે તિર્યંચમાં ઉત્પન્ન થતો ઋજુ ગતિ વડે ઉપજે છે. કારણ કે વિગ્રહ-વક્ર ગતિ વડે તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થનારને વિભંગ જ્ઞાનનો નિષેધ કર્યો છે. તે માટે કહેશે કે—"**विभंगनाणी पंचेन्द्रियतिरिक्खजोणिया मणुस्सा आहारगा, नो अणाहारगा**" ઇતિ—વિભંગ જ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો આહારક હોય છે, પણ અનાહારક હોતા નથી. અને વિગ્રહગતિમાં તો અનાહારક હોય છે માટે વક્ર ગતિમાં વિભંગ જ્ઞાન હોતું નથી. (પ્ર૦)—શા માટે

વચ્ચે સમ્યક્ત્વનું પ્રતિપાદન કરો છો? (ઉ૦)—અહીં વિભંગ જ્ઞાનની સ્થિતિ ઉત્કૃષ્ટથી પણ કંઇક ન્યૂન પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમની છે, અને તે પ્રમાણે પૂર્વે કહ્યું છે કે ''**विभंगनाणी जहन्नेणं एक्कं समयं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं देसूणाए पुव्वकोडीए अब्भइयाइं**'' ઇતિ। વિભંગજ્ઞાની જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ કાંઇક ન્યૂન પૂર્વકોટી અધિક તેત્રીશ સાગરોપમ સુધી હોય છે. તેથી એટલા કાળ સુધી નિરંતર વિભંગ જ્ઞાન નહિ રહેતું હોવાથી વચ્ચે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ત્યાર પછી અપતિત વિભઙ્ગજ્ઞાન સહિત જ મનુષ્યપણું પામી સંયમને પાળી બે વાર વિજયાદિમાં ઉત્પન્ન થાય ત્યારે બીજા છાસઠ સાગરોપમ સમ્યગ્દૃષ્ટિને હોય છે. એ પ્રમાણે અવધિદર્શનનો કાળ બે છાસઠ-એકસો બત્રીશ સાગરોપમ છે. (પ્ર૦)–વિભંગ જ્ઞાનની અવસ્થામાં અવધિદર્શનનો કર્મપ્રકૃતિ વગેરે ગ્રન્થોમાં નિષેધ કર્યો છે તો વિભંગજ્ઞાનના સદ્ભાવમાં અવધિદર્શન કેમ હોય? (ઉ૦)—એમ માનવામાં દોષ નથી, કારણ કે સૂત્રમાં વિભંગ અવસ્થામાં પણ અવધિદર્શન પ્રતિપાદન કરેલું છે. તે આ પ્રમાણે—આ સૂત્રનો અભિપ્રાય છે કે **વિશેષ વિષયક વિભંગ જ્ઞાન અને સામાન્ય વિષયક અવધિદર્શન હોય છે.** જેમ સમ્યગ્દૃષ્ટિને વિશેષ વિષયક અવધિજ્ઞાન અને સામાન્ય વિષયક અવધિદર્શન હોય છે. કેવળ વિભંગજ્ઞાનીને પણ અવધિદર્શન હોય છે, તે અનાકારમાત્ર-સામાન્યમાત્ર વિષયક હોવાથી અવધિજ્ઞાનીના અવધિદર્શન જેવું છે, માટે તે પણ અવધિદર્શન કહેવાય છે. પણ વિભંગદર્શન કહેવાતું નથી. મૂલટીકાકાર એ વિચાર સંબંધે કહે છે—''**दंसण च विभंगोहीणं जत्तो तुल्लमेव अतो दो छावट्ठीओ साइरेगाओ**'' ઇતિ। જેથી દર્શન વિભંગ અને અવધિજ્ઞાનને તુલ્ય છે માટે કાંઇક અધિક બે છાસઠ સાગરોપમ કાળ થાય છે. તેથી અમે પણ વિભંગજ્ઞાનમાં અવધિદર્શનનો વિચાર કર્યો છે. કાર્મગ્રન્થિકો કહે છે કે યદ્યપિ સાકાર અને અનાકાર રૂપ વિશેષતા હોવાથી વિભંગજ્ઞાન અને અવધિદર્શન જુદું છે, તો પણ વિભંગજ્ઞાન વડે યથાર્થ નિશ્ચય થતો નથી, કારણ કે તે મિથ્યાત્વરૂપ છે, તેમ અવધિદર્શન વડે સમ્યગ્નિર્ણય થતો નથી, કારણ કે તે અનાકારમાત્ર છે માટે વિભંગજ્ઞાનથી અવધિદર્શનની જુદી વિવક્ષા કરવાનું કંઇપણ પ્રયોજન નથી. તેના અભિપ્રાયથી વિભંગ અવસ્થામાં અવધિદર્શન હોતું નથી. આ સ્વમતિકલ્પિત નથી, પૂર્વાચાર્યોએ પણ એવા પ્રકારના મતવિભાગની વ્યવસ્થા કરી છે. વિશેષણવતીમાં પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે કે—

''सुत्ते विभंगस्स वि परूवियं ओहिदंसणं बहुसो। कीस पुणो पडिसिद्धं कम्मपगडीपगरणम्मि ॥
विभंगेवि दरिसणं सामन्नविसेसविसयओ सुत्ते। तं चऽविसिट्ठमणागारमेत्तं तोऽवहिविभंगाणं ॥
कम्मपगडीमयं पुण सागारेयरविसेसभावेवि। न विभंगनाणदंसणविसेसणमणिच्छयत्तणओ॥'' [વિશેષ૦ગા૦૧૦૪-૧૦૬]

સૂત્રમાં વિભંગને પણ અવધિદર્શન બહુવાર જણાવ્યું છે, તો કર્મપ્રકૃતિ પ્રકરણમાં શા માટે તેનો નિષેધ કર્યો છે? સૂત્રમાં સામાન્ય અને વિશેષરૂપ વિષયવડે વિભંગને પણ દર્શન હોય છે અને તે દર્શન અનાકારમાત્ર હોવાથી અવધિ અને વિભંગને અવધિદર્શન અવિશિષ્ટ (વિશેષતા સિવાય) હોય છે. કર્મપ્રકૃતિનો મત આ છે કે સાકાર અને અનાકારની વિશેષતા છતાં પણ અનિશ્ચયપણાથી વિભંગજ્ઞાન અને દર્શનની વિશેષતા નથી. **બીજા આચાર્યો વ્યાખ્યા કરે છે કે-સાતમી નરકપૃથિવીના નિવાસી નારકોની કલ્પના કરવાનું શું પ્રયોજન છે? સામાન્ય રીતે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ભવમાં પર્યટન કરતા અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન એટલા કાળ સુધી હોય છે.** ત્યાર પછી મોક્ષ પ્રાપ્ત થાય છે. કેવળદર્શનીનું સૂત્ર કેવળજ્ઞાનીના સૂત્રની પેઠે વિચારવું. દર્શનદ્વાર સમાપ્ત. ॥૧૨॥૫૪૩॥

## ॥ बारसमं संजयदारं ॥

**संजए णं भंते! संजते त्ति पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं देसूणं पुव्वकोडिं। असंजते णं भंते! असंजए त्ति पुच्छा। गोयमा! असंजते तिविधे पन्नत्ते, तं जहा-अणादिए वा अपज्जवसिते, अणादिए वा सपज्जवसिते, सातीए वा सपज्जवसिते। तत्थ णं जे से सातीए सपज्जवसिते से जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं**

**अणंतं कालं, अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्ततो अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। संजतासंजते णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणं पुव्वकोडिं। नोसंजते-नोअसंजते-नोसंजतासंजते णं पुच्छा। गोयमा! सादीए अपज्जवसिते ।दारं १२। ।सू०-१३।।५४४।।**

*(મૂ૦) હે ભગવન્! સંયત 'સંયત' એ રૂપે કાળને આશ્રયી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન પૂર્વકોટી વર્ષ પર્યન્ત હોય. હે ભગવન્! અસંયત 'અસંયત' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! અસંયત ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે—૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત અને ૩ સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનન્ત કાળ-અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણી કાળથી અને ક્ષેત્રથી કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત કાળ સુધી હોય. સંયતાસંયત (દેશવિરતિ) ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન ક્રોડ પૂર્વ વર્ષ સુધી હોય. નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત (સિદ્ધ) ક્યાં સુધી હોય? હે ગૌતમ! સાદિ અનન્ત કાળ સુધી હોય. (દ્વાર ૧૨) ॥૧૩॥૫૪૪॥*

(ટી૦) હવે સંયતદ્વાર કહે છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે—**'संजए णं भंते'**! ઇત્યાદિ. કોઇ ચારિત્રના પરિણામ સમયેજ કાળ કરે. તેથી સંયતને સંયતપણું જઘન્યથી એક સમય હોય છે. અસંયત ત્રણ પ્રકારે છે—અનાદિ અનન્ત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત. તેમાં જે સંયમને કોઇ પણ કાળે પામવાનો નથી તે અનાદિ અનન્ત, જે સંયમને પ્રાપ્ત કરશે તે અનાદિ સાન્ત, જે સંયમને પ્રાપ્ત કરી તેથી ભ્રષ્ટ થાય તે સાદિ સાન્ત. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે. કારણ કે અન્તર્મુહૂર્ત પછી કોઇને સંયમની પ્રાપ્તિ થાય છે. ઉત્કૃષ્ટથી અનન્તકાળ-ઇત્યાદિ બધું પૂર્વની પેઠે જાણવું. ત્યાર બાદ અવશ્ય સંયમની પ્રાપ્તિ થાય છે. સંયતાસંયત-દેશવિરતિવાળો, તે જઘન્યથી અન્તર્મુહૂર્ત હોય છે, કારણ કે દેશવિરતિની પ્રાપ્તિનો ઉપયોગ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય છે. દેશવિરતિના દ્વિવિધ-ત્રિવિધિ-બે પ્રકારે, ત્રણ પ્રકારે-ઇત્યાદિ ઘણા ભાંગા થાય છે, માટે તેની પ્રાપ્તિમાં જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત લાગે છે. સર્વ વિરતિ તો સર્વ સાવદ્યનો હું ત્યાગ કરું છું-ઇત્યાદિ રૂપ છે માટે તેની પ્રાપ્તિનો ઉપયોગ એક સમયનો પણ હોય છે, માટે પૂર્વે સંયતનો કાળ એક સમય કહ્યો છે. પરન્તુ જે સંયત નથી, અસંયત નથી અને સંયતાસંયત પણ નથી તે સિદ્ધ છે. અને તે સાદિ અનન્ત છે. સંયતદ્વાર સમાપ્ત. ॥૧૩॥૫૪૪॥

## ।। तेरसमं उवओगदारं ।।

**सागारोवओगोवउत्ते णं भंते! पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं। अणागारोवउत्ते वि एवं चेव ।दारं १३। ।सू०-१४।।५४५।।**

*(મૂ૦) હે ભગવન્! સાકાર ઉપયોગવાળો ક્યાં સુધી હોય એ પ્રશ્ન. હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. અનાકાર ઉપયોગવાળા સંબંધે પણ એમજ જાણવું. (દ્વાર ૧૩) ॥૧૪॥૫૪૫॥*

(ટી૦) હવે ઉપયોગદ્વાર કહે છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે—**'सागारोवउत्ते णं भंते'**! ઇત્યાદિ. અહીં સંસારીને સાકાર અને અનાકાર ઉપયોગ હોય છે અને તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે, તેથી બન્ને સૂત્રોમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તનો ઉપયોગ કહ્યો છે. કેવલીને જે એક સમયનો ઉપયોગ કહ્યો છે તે અહીં વિવક્ષિત નથી. ઉપયોગદ્વાર સમાપ્ત. ॥૧૪॥૫૪૫॥

## ।। चोद्दसमं आहारदारं ।।

**आहारए णं भंते! पुच्छा। गोयमा! आहारए दुविधे पन्नत्ते, तं जहा-छउमत्थआहारए य केवलिआहारए य। छउमत्थाहारए णं भंते! छउमत्थाहारए त्ति कालओ केवचिरं होति? गोयमा! जहन्नेणं खुड्डागभवग्गहणं दुसमयऊणं, उक्कोसेणं असंखेज्जं कालं-असंखेज्जाओ उस्सप्पिणि-ओसप्पिणीतो कालतो, खेत्ततो अंगुलस्स**

**असंखेज्जतिभागं। केवलिआहारए णं भंते! केवलिआहारए त्ति कालतो केवचिरं होइ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं देसूणं पुव्वकोडिं। अणाहारए णं भंते! अणाहारए त्ति कालओ केवचिरं होइ? गोयमा! अणाहारए दुविहे पन्नत्ते, तं जहा-छउमत्थअणाहारए य केवलिअणाहारए य। छउमत्थअणाहारए णं भंते! पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं दो समया। केवलिअणाहारए णं भंते! केवलि० ? गोयमा! केवलिअणाहारए दुविधे पन्नत्ते, तं जहा-सिद्धकेवलिअणाहारए य भवत्थकेवलिअणाहारए य। सिद्धकेवलिअणाहारए णं पुच्छा। गोयमा! सादीए अपज्जवसिए। भवत्थकेवलिअणाहारए णं भंते! पुच्छा। गोयमा! भवत्थकेवलिअणाहारए दुविधे पन्नत्ते, तं जहा-सजोगिभवत्थकेवलिअणाहारए य अजोगिभवत्थकेवलि अणाहारए य। सजोगिभवत्थकेवलि-अणाहारए णं भंते! पुच्छा। गोयमा! अजहण्णमणुक्कोसेणं तिण्णि समया। अजोगिभवत्थकेवलिअणाहारए णं पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं। दारं १४।।सू०-१५।।५४६।।**

*(મૂ૦) હે ભગવન્! આહારક 'આહારક' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! આહારક બે પ્રકારે છે. તે આ પ્રમાણે–છદ્મસ્થ આહારક અને કેવલી આહારક. હે ભગવન્! છદ્મસ્થ આહારક 'છદ્મસ્થ આહારક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવ (બસો છપ્પન આવલિકા) સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાતો કાળ એટલે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી અને ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી હોય છે. હે ભગવન્! કેવલી આહારક 'કેવલી આહારક' એ રૂપે કાળથી ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન પૂર્વકોટી વર્ષ સુધી હોય. હે ભગવન્! અનાહારક 'અનાહારક' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! અનાહારક બે પ્રકારે છે. તે આ પ્રમાણે–છદ્મસ્થ અનાહારક અને કેવલી અનાહારક. હે ભગવન્! છદ્મસ્થ અનાહારક ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બે સમય સુધી હોય. હે ભગવન્! કેવલી અનાહારક 'કેવલી અનાહારક' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! કેવલી અનાહારક બે પ્રકારે છે. તે આ પ્રમાણે–સિદ્ધ કેવલી અનાહારક અને ભવસ્થ કેવલી અનાહારક. સિદ્ધ કેવલી અનાહારક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ હોય. હે ભગવન્! ભવસ્થ કેવલી અનાહારક ક્યાં સુધી હોય? હે ગૌતમ! ભવસ્થ કેવલી અનાહારક બે પ્રકારે છે. તે આ પ્રમાણે–સયોગી ભવસ્થ કેવલી અનાહારક અને અયોગી ભવસ્થ કેવલી અનાહારક. હે ભગવન્! સયોગી ભવસ્થ કેવલી અનાહારક ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય ત્રણ સમય સુધી હોય. અયોગી ભવસ્થ કેવલી અનાહારક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય અન્તર્મુહૂર્ત સુધી હોય. (દ્વાર ૧૪) ॥૧૫॥૫૪૬॥*

(ટી૦) હવે આહારકદ્વાર કહે છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે–'आहारए णं भंते'!–હે ભગવન્! આહારક કેટલા કાળ સુધી હોય–ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરન્તુ 'जहण्णेणं खुड्डागभवग्गहणं दुसम[या]ऊणं' ઇતિ–જઘન્યથી બે સમય ન્યૂન ક્ષુલ્લક ભવ સુધી હોય છે, અહીં યદ્યપિ ચાર સમયની અને પાંચ સમયની વિગ્રહગતિ હોય છે. એ સંબંધે કહ્યું છે કે–

''उजुया य एगवंका दुहतोवंका गती विणिदिट्ठा । जुज्जइ तिचउवंकावि नाम चउपंचसमयाओ ॥''

ઋજુ ગતિ, એક સમયની અને બે સમયની વક્રગતિ કહેલી છે. તથા ત્રણ ચાર સમયની વક્રગતિ અને ચાર, પાંચ સમયની પણ વક્રગતિ ઘટી શકે છે. તો પણ બહુધા બે સમયની કે ત્રણ સમયની વક્રગતિ હોય છે, પણ ચાર, પાંચ સમયની વક્રગતિ હોતી નથી માટે તેની વિવક્ષા કરી નથી. તેમાં ઉત્કૃષ્ટથી ત્રણ સમયની વક્રગતિમાં આદિના બે સમય અનાહારક હોય છે. તેથી આહારકપણાના વિચારમાં બે સમય ન્યૂન ક્ષુલ્લકભવનું ગ્રહણ કર્યું છે. ઋજુગતિ અને એક સમયની વક્રગતિની વિવક્ષા કરી નથી, કેમ કે અહીં સૌથી જઘન્યનો વિચાર છે. 'ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ છે'–ઇત્યાદિ બધું સુગમ છે, પરન્તુ

એટલા કાળ પછી અવશ્ય વિગ્રહગતિ થાય છે અને તેમાં અનાહારકપણું હોય છે માટે 'અનન્ત કાળ' ન કહ્યો. કેવલીસૂત્ર સુગમ છે. છદ્મસ્થ અનાહારક સૂત્રમાં 'ઉક્કોસેણં દો સમયા' ઉત્કૃષ્ટ બે સમયો ત્રણ સમયની વિગ્રહગતિને આશ્રયી કહ્યા છે. ચાર સમયની અને પાંચ સમયની વિગ્રહગતિની વિવક્ષા કરી નથી–એ હમણાંજ કહ્યું. સયોગી ભવસ્થ કેવલી અનાહારક સૂત્રમાં આઠ સમયના કેવલી સમુદ્ઘાતનો ત્રીજો, ચોથો અને પાંચમો–એ ત્રણ સમયો અનાહારક હોય છે. કહ્યું છે કે—

''दण्डं प्रथमे समये कपाटमथ चोत्तरे तथा समये। मन्थानमथ तृतीये लोकव्यापी चतुर्थे तु ॥

*संहरति पञ्चमे त्वन्तराणि मन्थानमथ तथा षष्ठे। सप्तमके तु कपाटं संहरति ततोऽष्टमे दण्डम् ॥*

औदारिकप्रयोक्ता प्रथमाष्टसमययोरसाविष्टः। मिश्रौदारिकयोक्ता सप्तमषष्टद्वितीयेषु ॥

कार्मणशरीरयोगी चतुर्थके पञ्चमे तृतीये च। समयत्रयेऽपि तस्मिन् भवत्यनाहारको नियमात्''॥

પ્રથમ સમયે દંડ, બીજા સમયે કપાટ, ત્રીજા સમયે મંથાન અને ચોથા સમયે લોકવ્યાપી થાય છે. પાંચમા સમયે આંતરાઓનો સંહાર કરે છે, છઠ્ઠા સમયે મંથાન સંહરે છે, સાતમે સમયે કપાટ અને ત્યાર પછી આઠમા સમયે દંડ સંહરે છે. પ્રથમ અને આઠમા સમયમાં ઔદારિકકાયયોગી હોય છે. સાતમા, છઠ્ઠા અને બીજા સમયમાં ઔદારિકમિશ્રયોગવાળો અને ચોથા, પાંચમા અને ત્રીજા એ ત્રણ સમયમાં કાર્મણકાયયોગી હોય છે અને તે વખતે અવશ્ય અનાહારક હોય છે. આહારકદ્વાર સમાપ્ત. ॥૧૫॥૫૪૬॥

## ।। पणरसमं भासगदारं ।।

**भासए णं पुच्छा। गोयमा! जहन्नेणं एगं समयं, उक्कोसेणं अंतोमुहुत्तं। अभासए णं पुच्छा। गोयमा! अभासए तिविधे पन्नत्ते, तं जहा-अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिए, साईए वा अपज्जवसिए। तत्थ णं जे से साईए वा सपज्जवसिते से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणप्फइकालो ।दारं १५। ।।सू०-१६।।५४७।।**

*(મૂ૦) ભાષક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. અભાષક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અભાષક ત્રણ પ્રકારે છે. તે આ પ્રમાણે—૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત અને ૩ સાદિ સાન્ત. તેમાં જે સાદિ સાન્ત છે તે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી હોય છે. (દ્વાર ૧૫) ॥૧૬॥૫૪૭॥*

(ટી૦) હવે ભાષકદ્વાર કહે છે—'**भासए णं भंते**'! ઇત્યાદિ. ભાષક–બોલનાર જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી વચનયોગીની પેઠે જાણવો. અભાષક ત્રણ પ્રકારે છે—૧ અનાદિ અનન્ત, ૨ અનાદિ સાન્ત અને ૩ સાદિ સાન્ત. તેમાં જે કોઇ પણ સમયે ભાષકપણું પામશે નહિ તે અનાદિ અનન્ત. જે પામશે તે અનાદિ સાન્ત. અને જે ભાષક થઇને ફરીથી પણ અભાષક થાય તે સાદિ સાન્ત. તે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે. કારણ કે બોલીને થોડી વાર રહીને ફરીથી પણ ભાષકપણું જણાય છે. અથવા ભાષક–બોલનાર બેઇન્દ્રિયાદિ એકેન્દ્રિયાદિ અભાષક જીવોમાં ઉત્પન્ન થઇને અને ત્યાં અન્તર્મુહૂર્તનું આયુષ્ય પુરું કરી ફરીથી પણ જ્યારે બેઇન્દ્રિયાદિપણે ઉપજે છે ત્યારે જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી અભાષક હોય છે. અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ સુધી હોય છે અને તે પૂર્વે કહ્યો છે. માટે અહીં બતાવતા નથી. ભાષકદ્વાર સમાપ્ત. ॥૧૬॥૫૪૭॥

## ।। सोलसमं परित्तदारं ।।

**परित्तए णं पुच्छा। गोयमा! परित्ते दुविहे पन्नत्ते, तं जहा—कायपरित्ते य संसारपरित्ते य। कायपरित्ते णं० पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुढविकालो-असंखेज्जाओ उस्सप्पिणि-ओसप्पिणीतो। संसारपरित्ते णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं-कालं जाव अवड्ढं पोग्गलपरियट्टं देसूणं। अपरित्ते णं पुच्छा। गोयमा! अपरित्ते दुविहे पन्नत्ते, तं जहा-कायअपरित्ते य संसारअपरित्ते य। कायअपरित्ते णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो। संसारअपरित्ते णं पुच्छा। गोयमा! संसारअपरित्ते दुविहे**

**पन्नत्ते, तं जहा—अणाईए वा अपज्जवसिए, अणाईए वा सपज्जवसिते। नोपरित्ते नोअपरित्ते णं पुच्छा। गोयमा। सादीए अपज्जवसिते ।दारं १६। ।।सू०-१७।।५४८।।**

*(મૂ૦) પરિત્ત (પ્રત્યેક) સંબંધે પૃચ્છા. હે ગૌતમ! પરિત્ત બે પ્રકારે છે. તે આ પ્રમાણે–કાયપરિત્ત અને સંસારપરિત્ત. કાયપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતી ઉત્સર્પિણી–અવસર્પિણી રૂપ અસંખ્યાતા પૃથિવીકાલ સુધી હોય. સંસારપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અનન્ત કાળ, યાવત્ કંઇક ન્યૂન અર્ધ પુદ્ગલપરાવર્ત સુધી હોય. અપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અપરિત્ત બે પ્રકારે છે. તે આ પ્રમાણે–કાયઅપરિત્ત અને સંસારઅપરિત્ત. કાયઅપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ પર્યન્ત હોય. સંસારઅપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સંસારઅપરિત્ત બે પ્રકારે છે. તે આ પ્રમાણે–અનાદિ સાન્ત અને અનાદિ અનન્ત. નોપરિત્ત–નોઅપરિત્ત સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ પર્યન્ત હોય. (દ્વાર ૧૬) ॥૧૭॥૫૪૮॥*

(ટી૦) હવે પરિત્તદ્વાર કહે છે—પરિત્ત બે પ્રકારે છે—કાયપરિત્ત અને સંસારપરિત્ત. તેમાં જેને પરિત્ત–પરિમિત કાય–શરીર છે તે કાયપરિત્ત–પ્રત્યેકશરીરી અને જેણે સમ્યક્ત્વાદિ વડે પરિત્ત–પરિમિત સંસાર કર્યો છે તે સંસારપરિત્ત કાયપરિત્ત જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે અને તે જ્યારે કોઇ જીવ નિગોદથી નીકળી પ્રત્યેક શરીરવાળામાં ઉત્પન્ન થઇને અને ત્યાં અન્તર્મુહૂર્ત રહીને ફરીથી પણ નિગોદમાં ઉત્પન્ન થાય ત્યારે હોય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતો કાળ હોય છે અને તે અસંખ્યાતો કાળ પૃથિવીકાલ–જેટલો પૃથિવીકાયિકનો કાયસ્થિતિનો કાળ છે તેટલો જાણવો. તેનું કાળને આશ્રયી નિરૂપણ કરે છે–'તે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ છે.' સંસારપરિત્ત જઘન્યથી અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય છે, ત્યાર પછી તે અન્તકૃત કેવલી થઇને મુક્તિને પ્રાપ્ત થાય છે. ઉત્કૃષ્ટ અનન્ત કાળપર્યંત હોય છે. તેનું જ નિરૂપણ કરે છે–'અણંતાઓ' ઇત્યાદિ. અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ અનન્ત કાળ હોય છે—ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. ત્યાર પછી તે અવશ્ય મોક્ષને પ્રાપ્ત થાય છે. કાયઅપરિત્ત અનન્તકાયિક જાણવો. અને જેણે સમ્યક્ત્વાદિ વડે પરિમિત સંસાર કર્યો નથી તે સંસારાપરિત્ત સમજવો. કાયઅપરિત્ત જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે અને તે જ્યારે કોઇ જીવ પ્રત્યેક શરીરીથી નીકળી નિગોદમાં ઉત્પન્ન થાય અને ત્યાં અન્તર્મુહૂર્ત રહીને ફરીથી પ્રત્યેકશરીરીમાં ઉત્પન્ન થાય ત્યારે જાણવો. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ જાણવો અને તે પૂર્વે બતાવેલો છે. ત્યાર પછી અવશ્ય ત્યાંથી નીકળે છે. સંસારઅપરિત્ત બે પ્રકારે છે—અનાદિ અનન્ત અને અનાદિ સાન્ત. તેમાં જે કોઇ કાળે પણ સંસારથી મુક્ત નહિ થાય તે અનાદિ અનન્ત, અને જે સંસારનો અન્ત કરશે તે અનાદિ સાન્ત. નોપરિત્ત–નોઅપરિત્ત સિદ્ધ છે અને તે આદિ અનન્ત કાળ સુધી હોય છે. ॥૧૭॥૫૪૮॥

## ।। सत्तरसमं पज्जत्तदारं ।।

**पज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहत्तं सातिरेगं। अपज्जत्तए णं पुच्छा। गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं। नोपज्जत्तए नोअपज्जत्तए णं पुच्छा। गोयमा! सादीए अपज्जवसिए ।दारं १७। ।।सू०-१८।।५४९।।**

*(મૂ૦) પર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઇક ન્યૂન શતપૃથક્ત્વ (બસોથી નવસો) સાગરોપમ સુધી હોય. અપર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી હોય. નોપર્યાપ્તા–નોઅપર્યાપ્તા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ હોય. (દ્વાર ૧૭) ॥૧૮॥૫૪૯॥*

(ટી૦) પર્યાપ્તદ્વારમાં પર્યાપ્તો જઘન્યથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે. ત્યાર પછી અપર્યાપ્તપણું પામે છે. ઉત્કૃષ્ટથી કાંઇક અધિક બસોથી નવસો સાગરોપમ સુધી હોય છે. એટલા કાળ સુધી લબ્ધિપર્યાપ્તની સ્થિતિનો સંભવ છે. અપર્યાપ્ત જઘન્યથી અને

ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી હોય છે. ત્યાર પછી પર્યાપ્ત લબ્ધિની પ્રાપ્તિ થાય છે. નોપર્યાપ્ત–નોઅપર્યાપ્ત સિદ્ધ છે અને તે સાદિ અનન્ત છે, કારણ કે સિદ્ધત્વનો નાશ થતો નથી. ॥૧૮॥૫૪૯॥

## ।। अट्ठारसमं सुहुमदारं ।।

**सुहुमे णं भंते! सुहुमे त्ति पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुढविकालो। बादरे णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं असंखेज्जं कालं- जाव खेत्तओ अंगुलस्स असंखेज्जतिभागं। नोसुहुमनोबादरे णं भंते! पुच्छा। गोयमा! सादीए अपज्जवसिते ।दारं १८। ।सू०-१९।।५५०।।**

*(મૂ૦) હે ભગવન્! સૂક્ષ્મ 'સૂક્ષ્મ' એ રૂપે ક્યાં સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૃથિવીકાળ પર્યન્ત હોય. બાદર સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા કાળ પર્યન્ત યાવત્ ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય. નોસૂક્ષ્મ–નોબાદર સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ સુધી હોય. (દ્વાર ૧૮) ॥૧૯॥૫૫૦॥*

(ટી૦) સૂક્ષ્મદ્વાર વિષે સૂક્ષ્મસૂત્રમાં ઉત્કૃષ્ટથી પૃથિવીકાળ–એટલે જેટલો પૃથિવીકાયિકની કાયસ્થિતિનો કાળ છે તેટલો જાણવો. બાદરસૂત્ર સુગમ છે. અને એ બન્ને સૂત્રનો વિચાર પૂર્વે કરેલો છે. નોસૂક્ષ્મ–નોબાદર સિદ્ધ છે તેથી તે સાદિ અનન્ત છે. ॥૧૯॥૫૫૦॥

## ।। एगूणवीसइमं सण्णिदारं ।।

**सण्णी णं भंते! पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहत्तं सातिरेगं। असण्णी णं पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो। नोसण्णीनोअसण्णीणं पुच्छा। गोयमा! सादीए अपज्जवसिते ।दारं १९। ।सू०-२०।।५५१।।**

*(મૂ૦) હે ભગવન્! સંજ્ઞી 'સંજ્ઞી' એ રૂપે કેટલા કાળ સુધી હોય? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક શત પૃથક્ત્વ (બસોથી નવસો) સાગરોપમ સુધી હોય. અસંજ્ઞી સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિ કાળ સુધી હોય. નોસંજ્ઞી–નોઅસંજ્ઞી સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ સુધી હોય. (દ્વાર ૧૯) ॥૨૦॥૫૫૧॥*

(ટી૦) સંજ્ઞીદ્વારને વિષે સંજ્ઞીસૂત્રમાં જઘન્યથી અન્તર્મુહૂર્ત છે. અને તે જ્યારે કોઇ જીવ અસંજ્ઞીથી નીકળી સંજ્ઞીમાં ઉત્પન્ન થાય અને ત્યાં અન્તર્મુહૂર્તનું આયુષ્ય ભોગવી ફરીથી અસંજ્ઞીમાં ઉત્પન્ન થાય ત્યારે હોય છે. ઉત્કૃષ્ટ કાળ સુગમ છે. અસંજ્ઞી જઘન્યથી અન્તર્મુહૂર્ત પર્યન્ત હોય છે. તે આ પ્રમાણે—જ્યારે કોઇ જીવ સંજ્ઞીથી નીકળી અસંજ્ઞીમાં ઉત્પન્ન થાય અને ત્યાં અન્તર્મુહૂર્ત રહીને ફરીથી સંજ્ઞીમાં આવે ત્યારે હોય છે. ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળ સમજવો, કારણ કે અસંજ્ઞીના ગ્રહણથી વનસ્પતિકાયનું પણ ગ્રહણ થાય છે. નોસંજ્ઞી–નોઅસંજ્ઞી સિદ્ધ છે અને તે સાદિ અનન્ત છે. ॥૨૦॥૫૫૧॥

## ।। वीसइमं भवसिद्धियदारं ।।

**भवसिद्धिए णं पुच्छा। गोयमा! अणादीए सपज्जवसिते। अभवसिद्धिए णं पुच्छा। गोयमा! अणादीए अपज्जवसिते। नोभवसिद्धिए नोअभवसिद्धिए णं पुच्छा। गोयमा! सादीए अपज्जवसिते ।दारं २०। ।सू०-२१।।५५२।।**

*(મૂ૦) ભવસિદ્ધિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અનાદિ સાન્ત હોય. અભવસિદ્ધિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અનાદિ અનન્ત કાળ પર્યન્ત હોય. નોભવસિદ્ધિક–નોઅભવસિદ્ધિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સાદિ અનન્ત કાળ સુધી હોય. (દ્વાર ૨૦) ॥૨૧॥૫૫૨॥*

(टी०) ભવસિદ્ધિકદ્વારને વિષે ભવમાં જેઓને સિદ્ધિ છે તે ભવસિદ્ધિક-ભવ્ય. તે અનાદિ સાન્ત છે. અન્યથા ભવ્યપણાનો અભાવ થાય. તેથી અન્ય અભવસિદ્ધિક-અભવ્ય જાણવો. તે અનાદિ અનન્ત છે. અન્યથા અભવ્યપણાનો અભાવ થાય. નોભવ્ય-નોઅભવ્ય સિદ્ધ છે અને તે સાદિ અનન્ત છે. ॥૨૧॥૫૫૨॥

## ।। एगवीसइमं अत्थिकायदारं ।।

**धम्मत्थिकाए णं पुच्छा। गोयमा! सव्वद्धं, एवं जाव अद्धासमए ।दारं २१। ।सू०-२२॥५५३॥**

*(મૂ૦) ધર્માસ્તિકાય સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સર્વ કાળ હોય. એ પ્રમાણે અદ્ધાસમય સુધી જાણવું. (દ્વાર ૨૧) ॥૨૨॥૫૫૩॥*

(टी०) પાંચે અસ્તિકાયો સર્વ કાળને વિષે હોય છે, અદ્ધાસમય પણ પ્રવાહની અપેક્ષાએ સર્વકાલભાવી છે. માટે કહ્યું છે કે 'एवं जाव अद्धासमए'—'એ પ્રમાણે અદ્ધાસમય સુધી જાણવું.' ॥૨૨॥૫૫૩॥

## ।। बावीसइमं चरिमदारं ।।

**चरिमे णं पुच्छा। गोयमा! अणादीए सपज्जवसिते। अचरिमे णं पुच्छा। गोयमा! अचरिमे दुविधे पन्नत्ते, तं जहा--अणादीए वा अपज्जवसिते, सादीते वा अपज्जवसिते ।दारं २२। ।सू०-२३॥५५४॥**

**पण्णवणाए भगवईए अट्ठारसमं कायट्ठिइनामपयं समत्तं।**

*(મૂ૦) ચરમ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અનાદિ સાન્ત હોય. અચરમ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અચરમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે-અનાદિ અનન્ત અને સાદિ અનન્ત હોય. (દ્વાર ૨૨) ॥૨૩॥૫૫૪॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં અઢારમું કાયસ્થિતિ પદ સમાપ્ત.*

(टी०) જેને ચરમ ભવ થશે તે અભેદથી ચરમ-ભવ્ય કહેવાય છે, તેનાથી વિપરીત અચરમ-અભવ્ય કહેવાય છે. કારણ કે તેને ચરમ-છેલ્લો ભવ નથી. અને તે સિવાય બીજા સિદ્ધ છે, કારણ કે તેને પણ ચરમપણું નથી. તેમાં ચરમ અનાદિ સાન્ત છે, અન્યથા ચરમપણું નહિ ઘટે. અચરમ બે પ્રકારે છે—અનાદિ અનન્ત અને સાદિ અનન્ત. તેમાં અનાદિ અનન્ત અભવ્ય છે અને સાદિ અનન્ત સિદ્ધ છે.

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં અઢારમું કાયસ્થિતિ પદ સમાપ્ત.

- *અરિહંતની આજ્ઞાની આરાધના નિકાચિત કર્મોને કદાચ નષ્ટ ન કરી શકે. પણ એ નિકાચિત કર્મોના અનુબંધને તો નષ્ટ કરે જ. એ અનુબંધો જ ખતરનાક હોય છે. નિકાચિત કર્મોની તાકાત તો કેવળ સુખ-દુઃખ આપવા સુધી છે પણ એ સુખ-દુઃખના ભોગવનારામાં આસક્તિ અને અનાદર તો અનુબંધના ઘરનાં છે. જ્યાં સુખની આસક્તિ અને દુઃખ પ્રત્યેનો અનાદર ભાવ નષ્ટ થઈ જાય પછી એ નિકાચિત કર્મો આત્માનું અંશમાત્ર અહિત ન કરી શકે. એથી જ અરિહંતની આજ્ઞાની આરાધના સમયમાત્ર પણ છોડવી નહીં.*
- *અરિહંતનું શાસન સાતમી નારકીમાં પણ હોય છે. ત્યાં રહેલો જીવ પણ ઉપશમ સમ્યક્ત્વ પામી શકે છે. તે સમયમાં તે જીવાત્મા અરિહંતના શાસનને પામેલો ગણાય. અને તેથી ત્યાં તે સમયે અરિહંતનું શાસન છે એમ કહેવાય.*

- જયાનંદ

## ।। एगूणवीसइमं सम्मत्तं पयं ।।

## ।। जीवेसु सम्मत्त परूवणं ।।

जीवा णं भंते! किं सम्मदिट्ठी, मिच्छदिट्ठी, सम्मामिच्छदिट्ठी? गोयमा! जीवा सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, सम्मामिच्छदिट्ठी वि।

## ।। चउवीसदंडएसु सम्मत्त परूवणं ।।

एवं नेरइया वि। असुरकुमारा वि एवं चेव जाव थणियकुमारा। पुढवीकाइया णं पुच्छा। गोयमा! पुढवीकाइया णो सम्मदिट्ठी, मिच्छदिट्ठी, णो सम्मामिच्छदिट्ठी, एवं जाव वणस्सइकाइया। बेइंदियाणं पुच्छा। गोयमा! बेइंदिया सम्मदिट्ठी वि, मिच्छादट्ठी, णो सम्मामिच्छदिट्ठी। एवं जाव चउरिंदिया। पंचिंदियतिरिक्खजोणिया मणुस्सा वाणमंतर-जोइसिय-वेमाणिया य सम्मदिट्ठी वि मिच्छदिट्ठी वि य सम्मामिच्छदिट्ठी वि। सिद्धा णं पुच्छा। गोयमा! सिद्धा सम्मदिट्ठी, णो मिच्छदिट्ठी, णो सम्मामिच्छदिट्ठी ।।सू०-१।।५५५।।

पन्नवणाए भगवईए एगूणविसइमं सम्मत्तपदं समत्तं।

***ઓગણીશમું સમ્યક્ત્વપદ.***

*(મૂ૦) હે ભગવન્! જીવો શું સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે? હે ગૌતમ! જીવો સમ્યગ્દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ છે. એ પ્રમાણે નૈરયિકો પણ જાણવા. અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો એમ જ જાણવા. પૃથિવીકાયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! પૃથિવીકાયિકો સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નથી. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી સમજવું. બેઇન્દ્રિયો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! બેઇન્દ્રિયો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ હોય છે પણ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો, વ્યંતર, જ્યોતિષિકો અને વૈમાનિકો સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ હોય છે. સિદ્ધો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! સિદ્ધો સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ નથી અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નથી. ।।૧।।૫૫૫।।*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ઓગણીશમું સમ્યક્ત્વપદ સમાપ્ત.*

(ટી૦) એ પ્રમાણે અઢારમા પદની વ્યાખ્યા કરી, હવે ઓગણીશમા પદનો પ્રારંભ કરાય છે. તેનો આ સંબન્ધ છે–અહીં પૂર્વના પદમાં કાયસ્થિતિ કહી, અહીં કયી કાયસ્થિતિમાં સમ્યગ્દૃષ્ટિ આદિ ભેદ વડે કેટલા પ્રકારના જીવો હોય? તે વિચારાય છે. તેમાં આ સૂત્ર છે–'जीवा णं भंते! किं सम्मदिट्ठी'–હે ભગવન્! જીવો સમ્યગ્દૃષ્ટિ છે' ઇત્યાદિ પદની સમાપ્તિ સુધી સુગમ છે, પરન્તુ સાસ્વાદન સમ્યક્ત્વસહિત પણ સૂત્રના અભિપ્રાયથી પૃથિવ્યાદિમાં ઉત્પન્ન થતો નથી, કારણ કે '**उभयाभावो पुढवाइएसु**' પૃથિવ્યાદિમાં–ઉભયનો સમ્યક્ત્વ અને સમ્યક્ત્વસહિત જીવની ઉત્પત્તિનો અભાવ છે–એવું શાસ્ત્ર વચન છે. બેઇન્દ્રિયાદિમાં સાસ્વાદન સમ્યક્ત્વ સહિત ઉત્પન્ન થાય છે, માટે પૃથિવ્યાદિમાં સમ્યગ્દૃષ્ટિનો નિષેધ કર્યો છે. અને બેઇન્દ્રિયાદિ સમ્યગ્દૃષ્ટિ કહેલા છે. સમ્યગ્મિથ્યાદૃષ્ટિનો પરિણામ તેવા પ્રકારના સ્વભાવથી સંજ્ઞી પંચેન્દ્રિયોને હોય છે, બાકીના ને હોતો નથી. માટે એકેન્દ્રિય અને બેઇન્દ્રિયાદિ બન્નેને સમ્યગ્મિથ્યાદૃષ્ટિનો નિષેધ કર્યો છે.

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં ઓગણીશમું સમ્યક્ત્વ પદ સમાપ્ત.

## || वीसइमं अंतकिरियापयं ||

## || वीसइमंपयस्स अत्थाहिगारा ||

**नेरइय अंतकिरिया अणन्तरं एगसमय उव्वट्टा। तित्थगरचक्किबलवासुदेवमंडलियरयणा य ।।दारगाहा।**

***વીશમું અન્તક્રિયા પદ.***

*(મૂ૦) ૧ નૈરયિક–નૈરયિકાદિ સંબંધે અન્તક્રિયા, ૨ અનન્તર–અનન્તર અને પરંપર આવેલાની અન્તક્રિયા, ૩ એક સમયની અન્તક્રિયા, ૪ ઉદ્વૃત્ત–ચ્યવીને ક્યાં જાય? અને ૬ ક્યાંથી નીકળી તીર્થઙ્કર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ માંડલિક અને રત્ન–સેનાપતિ વગેરે થાય? એ સંબંધે આ દ્વાર ગાથા કહેવામાં આવી છે.*

(ટી૦) ઓગણીશમા પદની વ્યાખ્યા કરી, હવે વીશમા પદનો આરંભ કરાય છે. એનો આ સંબંધ છે—પૂર્વના પદમાં સમ્યક્ત્વનો પરિણામ કહ્યો, અહીં પરિણામના સમાનપણાથી ગતિનો પરિણામ વિશેષ અન્તક્રિયા કહેવાય છે. તેમાં પ્રારંભમાં અધિકારપ્રતિપાદક આ દ્વારગાથા કહે છે—'नेरइय अंतकिरिया'-ઇત્યાદિ. પ્રથમ અધિકારમાં નૈરયિક વડે ઉપલક્ષિત–સૂચિત ચોવીશ દંડકોમાં અન્તક્રિયાનો વિચાર કરવાનો છે, ત્યાર પછી અનન્તર–પોતપોતાના નૈરયિકાદિ ભવથી પછીના મનુષ્યભવમાં આવેલા અન્તક્રિયા કરે કે પરંપરા આવેલા અન્તક્રિયા કરે? એ પ્રમાણે અન્તરનો વિચાર કરવાનો છે. ત્યાર પછી નૈરયિકાદિ ભવોથી તુરત આવેલા એક સમયમાં કેટલા અન્તક્રિયા કરે? એ વિચાર કરવાનો છે, ૪ ઉદ્વૃત્ત–નૈરયિકાદિ ભવોથી નીકળેલા કઇ યોનિમાં ઉત્પન્ન થાય–એ કહેવાનું છે. તથા જ્યાંથી નીકળી તીર્થંકરો, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, માંડલિક રાજાઓ અને ચક્રવર્તીના સેનાપતિ વગેરે રત્નો થાય તે અનુક્રમે કહેવાનાં છે. એ પ્રમાણે દ્વારગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. અને સવિસ્તર અર્થ સૂત્રકાર જ કહેશે.

## || पढमं अंतकिरियादारं ||

**जीवे णं भंते! अंतकिरियं करेज्जा? गोयमा! अत्थेगइए करेज्जा, अत्थेगतिए णो करेज्जा। एवं नेरइए जाव वेमाणिए। नेरइए णं भंते! नेरइएसु अंतकिरियं करेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। नेरइया णं भंते! असुरकुमारेसु अंतकिरियं करेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं जाव वेमाणिएसु। नवरं मणूसेसु अंतकिरियं करेज्ज त्ति पुच्छा। गोयमा! अत्थेगतिए करेज्जा, अत्थेगतिए णो करेज्जा। एवं असुरकुमारे जाव वेमाणिए। एवमेते चउवीसं चउवीस दण्डगा भवन्ति ।।सू०-१।।५५६।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ અન્તક્રિયા કરે? હે ગૌતમ! કોઇ કરે અને કોઇ ન કરે. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! નૈરયિક નૈરયિકોમાં અન્તક્રિયા કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ–યથાર્થ નથી. હે ભગવન્! નૈરયિકો અસુરકુમારોમાં આવી અન્તક્રિયા કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોમાં જાણવું. પરંતુ મનુષ્યોમાં આવી અન્તક્રિયા કરે? એ પ્રશ્ન કરવો. હે ગૌતમ! કોઇ અન્તક્રિયા કરે અને કોઇ ન કરે. એ પ્રમાણે અસુરકુમારોને યાવત્ વૈમાનિકમાં કહેવું. એમ ચોવીશ ચોવીશ વાર દંડકો થાય છે. ।।૧।।૫૫૬।।*

## || बीयं अणंतरकिरियादारं ||

**नेरइया णं भंते! किं अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति? गोयमा! अणंतरागया वि अंतकिरियं करेंति, परंपरागया वि अंतकिरियं करेंति। एवं रयणप्पभापुढविनेरइया वि जाव पंकप्पभापुढवीनेरइया। धूमप्पभापुढवीनेरइया णं पुच्छा। गोयमा! णो अणंतरागया अंतकिरियं पकरेंति, परंपरागया अंतकिरियं पकरेंति, एवं जाव अहेसत्तमापुढवीनेरइया। असुरकुमारा जाव थणियकुमारा पुढवी-आउ-वणस्सइकाइया य अणन्तरागया**

**वि अंतकिरियं पकरेंति, परंपरागया वि अंतकिरियं पकरेंति। तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदिया णो अणंतरागया अंतकिरियं पकरेंति, परंपरागया अंतकिरियं पकरेंति। सेसा अणंतरागया वि अंतकिरियं पकरेंति, परंपरागया वि अंतकिरियं पकरेंति ।।सू०-२।।५५७।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો અનન્તર—તરત પછીના ભવમાં આવેલા અન્તક્રિયા કરે કે પરંપરાએ આવેલા અન્તક્રિયા કરે? હે ગૌતમ! અનન્તર—પછીના ભવમાં આવેલા પણ અન્તક્રિયા કરે અને પરંપરાએ આવેલા પણ અન્તક્રિયા કરે. એ પ્રમાણે રત્નપ્રભાપૃથિવીના નૈરયિકો યાવત્ પંકપ્રભાના નૈરયિકો અન્તક્રિયા કરે. ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! અનન્તર-તુરત પછીના ભવમાં આવેલા અન્તક્રિયા ન કરે, પણ પરંપરાએ આવેલા અન્તક્રિયા કરે. એ પ્રમાણે નીચેની સાતમી પૃથિવીના નૈરયિકો સુધી જાણવું. અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો, પૃથિવીકાયિકો, અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો તુરત પછીના ભવમાં આવેલા પણ અન્તક્રિયા કરે અને પરંપરાથી આવેલા પણ અન્તક્રિયા કરે. તેજસ્કાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પછીના ભવમાં આવેલા અન્તક્રિયા ન કરે, પણ પરંપરાએ આવેલા અન્તક્રિયા કરે. બાકીના જીવો પછીના ભવમાં આવેલા પણ અન્તક્રિયા કરે અને પરંપરાએ આવેલા પણ અન્તક્રિયા કરે. ॥૨॥૫૫૭॥*

(ટી૦) તેમાં પ્રથમ અન્તક્રિયાને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**जीवे णं भंते!**' ઇત્યાદિ. અન્ત-અવસાન, નાશ, અહીં પ્રસંગથી કર્મનો નાશ જાણવો, તેનું ક્રિયા-કરવું. કર્મનો નાશ કરવો તે અન્તક્રિયા. અન્ય આગમમાં અન્તક્રિયાશબ્દ મોક્ષ અર્થમાં રૂઢ-પ્રસિદ્ધ છે. કારણ કે "**कृत्स्नकर्मक्षयाद् मोक्ष ।**" (તત્ત્વાર્થ અ૦ સૂ૦) એવું શાસ્ત્રવચન છે. હે ભગવન્! જીવ અન્તક્રિયા કરે? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! '**अस्त्येकको यः कुर्यात्**—કોઇ જીવ છે જે કરે', '**अस्त्येकको यो न कुर्यात्**—કોઇ જીવ છે જે કરતો નથી'. અર્થાત્ કોઇ કરે છે અને કોઇ કરતો નથી. તાત્પર્ય એ છે કે જે તથાવિધ ભવ્યત્વના પરિપાક થવાથી મનુષ્ય ભવ વગેરે પૂર્ણ સામગ્રી પામીને અને તે સામગ્રીના સામર્થ્યથી ઉત્પન્ન થયેલ અતિપ્રબલ વીર્યોલ્લાસ વડે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઇ કેવળ જ્ઞાન પામી અઘાતી કર્મોનો પણ ક્ષય કરે છે તે અન્તક્રિયા કરે, બીજા તેથી વિપરીત હોવાથી ન કરે. એ પ્રમાણે નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિક સુધી વિચારવું. સૂત્રપાઠ આ પ્રમાણે છે—'**नेरइए णं भंते! अंतकिरियं करेज्जा? गोयमा! अत्थेगइए करेज्जा, अत्थेगइए नो करेज्जा**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિક અન્તક્રિયા કરે? હે ગૌતમ! કોઇ કરે અને કોઇ ન કરે વગેરે. હવે નૈરયિકોમાં વર્તતો અન્તક્રિયા કરે કે ન કરે? એ સંબંધે પ્રશ્ન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે—'**नेरइए णं भंते**'!–ઇત્યાદિ ભગવાન્ ઉત્તર કહે છે-હે ગૌતમ! એ અર્થ સમર્થ-યુક્તિયુક્ત નથી. કારણ કે અહીં સર્વ કર્મનો ક્ષય પ્રકર્ષને પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના સમુદાયથી થાય છે, પરન્તુ નૈરયિકાવસ્થામાં તેવા પ્રકારના ભવસ્વભાવથી ચારિત્રનો પરિણામ હોતો નથી. એ પ્રમાણે અસુરકુમારથી માંડી વૈમાનિક સુધીમાં પ્રતિષેધ કરવો. પરન્તુ મનુષ્યોમાં આવેલો કોઇ અન્તક્રિયા કરે કે જેને ચારિત્રાદિની સામગ્રી પરિપૂર્ણ પ્રાપ્ત થઇ હોય અને જે તેનાથી રહિત હોય તે ન કરે. એ પ્રમાણે અસુરકુમારથી માંડી વૈમાનિક સુધીના પ્રત્યેક નૈરયિકાદિ ચોવીશ દંડકના અનુક્રમથી કહેવા. એ પ્રમાણે એ ચોવીશ વાર ચોવીશ દંડકો થાય છે. હવે એ નૈરયિકાદિ પોતપોતાના ભવ પછીના મનુષ્યભવમાં આવી અન્તક્રિયા કરે કે તિર્યંચાદિના ભવોના અન્તર વડે પરંપરાએ આવેલા પણ અન્તક્રિયા કરે—એ નિરૂપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**नेरइया णं भंते**'! ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે-'હે ગૌતમ! તુરત પછીના ભવમાં આવીને પણ અન્તક્રિયા કરે અને પરંપરાએ આવીને પણ અન્તક્રિયા કરે. તેમાં રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા અને પંકપ્રભાથી તુરત આવીને પણ કરે અને પરંપરાએ આવીને પણ કરે. અને ધૂમપ્રભાપૃથિવીથી તેવા પ્રકારના ભવસ્વભાવથી પરંપરાએ આવેલા જ અન્તક્રિયા કરે. એજ વિશેષને પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર સાત સૂત્રો કહે

છે—'એ પ્રમાણે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો પણ જાણવા' ઇત્યાદિ સૂત્ર સુગમ છે. અસુરકુમારથી માંડી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવો, પૃથિવી, પાણી અને વનસ્પતિ તુરત-પછીના ભવમાં આવીને પણ અન્તક્રિયા કરે અને પરંપરાએ આવીને પણ અન્તક્રિયા કરે. બન્ને પ્રકારે આવેલા તેઓને અન્તક્રિયા કરવામાં કાંઇપણ વિરોધ નથી, કારણ કે કેવલજ્ઞાનીએ તેવા પ્રકારે જાણ્યું છે. તેજસ્કાય, વાયુ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પરંપરાએ આવેલા જ અન્તક્રિયા કરે છે, પણ પછીના ભવમાં આવેલા અન્તક્રિયા કરતા નથી. તેમાં તેજસ્કાય અને વાયુકાયને પછીના ભવમાં મનુષ્યપણું જ પ્રાપ્ત થતું નથી. અને બેઇન્દ્રિયાદિકને પ્રાપ્ત થવા છતાં તેવા પ્રકારના ભવસ્વભાવથી અન્તક્રિયા થતી નથી બાકીના તિર્યંચ પંચેન્દ્રિયથી માંડી વૈમાનિક સુધીના જીવો તુરત આવેલા અને પરંપરાએ આવેલા પણ અન્તક્રિયા કરે છે. ॥२॥५५७॥

## ।। तइयं एगसमयदारं ।।

**अणंतरागया नेरइया एगसमये केवइया अंतकिरियं पकरेंति? गोयमा! जहन्नेणं एगो वा दो वा तिन्नि वा, उक्कोसेणं दस। रयणप्पभापुढवीनेरइया वि एवं चेव, जाव वालुयप्पभापुढवीनेरइया। अणंतरागया णं भंते! पंकपभापुढवीनेरइया एगसमयेणं केवतिया अंतकिरियं पकरेंति? गोयमा! जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं चत्तारि। अणन्तरागया णं भंते! असुरकुमारा एग समये णं केवतिया अंतकिरियं पकरेंति? गोयमा! जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं दस। अणंतरागया णं भंते असुरकुमारीओ एगसमयेणं केवइया अंतकिरियं पकरेंति? गोयमा! जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं पंच। एवं जहा असुरकुमारा सदेवीया तहा जाव थणियकुमारा। अणंतरागया णं भंते! पुढविकाइया एगसमये केवइया अंतकिरियं पकरेंति? गोयमा! जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं चत्तारि। एवं आउक्काइया वि चत्तारि, वणस्सइकाइया छच्च, पंचिंदियतिरिक्खजोणिया दस, तिरिक्खजोणिणीओ दस, मणुस्सा दस, मणुस्सीओ वीसं, वाणमंतरा दस, वाणमंतरीओ पंच, जोइसिया दस, जोइसिणीओ वीसं, वेमाणिया अट्ठसयं वेमाणिणीओ वीसं ।।सूं०-३।।५५८।।**

*(મૂ૦) નૈરયિકો તુરત પછીના ભવમાં આવેલા એક સમયમાં કેટલા અન્તક્રિયા કરે? હે ગૌતમ! જઘન્ય એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટથી દસ અન્તક્રિયા કરે. એ પ્રમાણે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો યાવત્ વાલુકાપ્રભાના નૈરયિકો પણ જાણવા. હે ભગવન્! પંકપ્રભાપૃથિવીના નૈરયિકો તુરત પછીના ભવમાં આવી એક સમયે કેટલા અન્તક્રિયા કરે? હે ગૌતમ! જઘન્યથી એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર અન્તક્રિયા કરે. હે ભગવન્! અસુરકુમારો તુરત પછીના ભવમાં આવી એક સમયે કેટલા અન્તક્રિયા કરે? હે ગૌતમ! જઘન્યથી એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટથી દસ અન્તક્રિયા કરે. હે ભગવન્! અસુરકુમારીઓ તુરત પછીના ભવમાં આવી એક સમયે કેટલી અન્તક્રિયા કરે? હે ગૌતમ! જઘન્ય એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટથી પાંચ અન્તક્રિયા કરે. એ પ્રમાણે જેમ દેવીસહિત અસુરકુમારો કહ્યા તેમ યાવત્ સ્તનિતકુમારો જાણવા. હે ભગવન્! પૃથિવીકાયિકો પછીના ભવમાં આવી એક સમયે કેટલા અન્તક્રિયા કરે? હે ગૌતમ! જઘન્ય એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર અન્તક્રિયા કરે. એ પ્રમાણે અપ્કાયિકો પણ ચાર, વનસ્પતિકાયિકો છ, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો દસ, તિર્યંચસ્ત્રીઓ દસ, મનુષ્યો દસ, મનુષ્યસ્ત્રીઓ વીશ, વ્યન્તરો દસ, વ્યંતરીઓ પાંચ, જ્યોતિષિકો દસ, જ્યોતિષિક સ્ત્રીઓ વીશ, વૈમાનિકો એકસો આઠ અને વૈમાનિક સ્ત્રીઓ વીશ અન્તક્રિયા કરે. ॥૩॥૫૫૮॥*

(ટી૦) 'નૈરયિકાદિ ભવોથી અનન્તર-વ્યવધાન સિવાય પછીના ભવમાં આવેલા કેટલા અન્તક્રિયા કરે, એ પ્રકારે ત્રીજું દ્વાર કહે છે—'*अनन्तरागया णं भंते*' ઇત્યાદિ. નૈરયિક ભવથી અનન્તર-વચ્ચે કોઇ પણ ભવના અન્તર સિવાય મનુષ્યભવમાં આવેલા એક સમયે કેટલા મોક્ષે જાય? અહીં 'નૈરયિકો' એ પૂર્વ ભવના પર્યાયનો વ્યવહાર તે દેવાદિ પૂર્વભવના પર્યાયની

પ્રતિપત્તિ–બોધના નિષેધને માટે છે. એ પ્રમાણે પછીના સૂત્રમાં પણ તે તે પૂર્વભવના પર્યાયના વ્યવહારમાં પ્રયોજન સમજવું. બાકી બધું સ્પષ્ટ છે. ॥૩॥૫૫૮॥

## ।। चउत्थं उव्वट्टदारं ।।

**नेरइए णं भंते! नेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता नेरइएसु उववज्जेजा? गोयमा! नो इणट्ठे समट्ठे। नेरइए णं भंते! नेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता असुरकुमारेसु उववज्जेजा? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं निरंतरं जाव चउरिंदिएसु पुच्छा। गोयमा! नो इणट्ठे समट्ठे। नेरइए णं भंते! नेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जेजा? गोयमा! अत्थेगतिए उववज्जेजा, अत्थेगइए णो उववज्जेजा। जे णं भंते! नेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जेजा से णं! केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! अत्थेगतिए लभेज्जा, अत्थेगतिए णो लभेज्जा। जे णं भंते! केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलिं बोहिं बुज्झेज्जा? गोयमा! अत्थेगतिए बुज्झेज्जा, अत्थेगतिए णो बुज्झेज्जा। जे णं भंते! केवलिं बोहिं बुज्झेज्जा, से णं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा? गोयमा! सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा। जे णं भंते! सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा से णं आभिणिबोहियनाण-सुयणाणाइं उप्पाडेज्जा? हंता गोयमा! उप्पाडेज्जा। जे णं भंते! आभिणिबोहियनाण-सुयनाणाइं उप्पाडेज्जा से णं संचाएज्जा सीलं वा वयं वा गुणं वा वेरमणं वा पच्चक्खाणं वा पोसहोववासं वा पडिवज्जित्तए? गोयमा! अत्थेगतिए संचाएज्जा, अत्थेगतिए णो संचाएज्जा। जे णं भंते! संचाएज्जा सीलं वा जाव पोसहोववासं वा पडिवज्जित्तए से णं ओहिनाणं उप्पाडेज्जा? गोयमा! अत्थेगतिए उप्पाडेज्जा, अत्थेगतिए णो उप्पाडेज्जा। जे णं भंते! ओहिनाणं उप्पाडेज्जा से णं संचाएज्जा मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए? गोयमा! नो इणट्ठे समट्ठे ।।सू०-४।।५५९।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે નિરંતર યાવત્ ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. હે ભગવન્! જે નૈરયિકોથી નીકળી પછીના ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશ કરેલા ધર્મને શ્રવણરૂપે પ્રાપ્ત કરે–સાંભળે? હે ગૌતમ! કોઇ પ્રાપ્ત કરે અને કોઇ પ્રાપ્ત ન કરે–એટલે કોઇ સાંભળે અને કોઇ ન સાંભળે. હે ભગવન્! જે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને શ્રવણ રૂપે પ્રાપ્ત કરે તે કેવલીએ કહેલા બોધિ–ધર્મને જાણે? હે ગૌતમ! કોઇ જાણે અને કોઇ ન જાણે. હે ભગવન્! જે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને જાણે તે તેની શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે, અને રુચિ કરે? હે ગૌતમ! તે શ્રદ્ધા કરે પ્રતીતિ કરે અને રુચિ કરે. હે ભગવન્! જે શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે, અને રુચિ કરે તે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે? હા ગૌતમ! ઉત્પન્ન કરે. હે ભગવન્! જે આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન અને પોષધોપવાસ અંગીકાર કરવાને સમર્થ થાય? હે ગૌતમ! કોઇ સમર્થ થાય અને કોઇ સમર્થ ન થાય. હે ભગવન્! જે શીલ યાવત્ પોષધોપવાસ અંગીકાર કરવાને સમર્થ થાય તે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન કરે અને કોઇ ઉત્પન્ન ન કરે. હે ભગવન્! જે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે તે મુંડ થઇ અગારથી–ગૃહસ્થાવાસથી અનગારપણું–સાધુપણું અંગીકાર કરવાને સમર્થ થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. ॥૪॥૫૫૯॥*

नेरइए णं भंते! नेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता मणुस्सेसु उववज्जेज्जा? गोयमा! अत्थेगतिए उववज्जेज्जा, अत्थेगतिए णो उववज्जेज्जा। जे णं भंते! उववज्जेज्जा से णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! जहा पंचिंदियतिरिक्खजोणिएसु जाव-जे णं भंते! ओहिनाणं उप्पाडेज्जा से णं संचाएज्जा मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए? गोयमा! अत्थेगतिए संचाएज्जा, अत्थेगतिए णो संचाएज्जा। जे णं भंते! संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए से णं मणपज्जवनाणं उप्पाडेज्जा? गोयमा! अत्थेगतिए उप्पाडेज्जा, अत्थेगतिए णो उप्पाडेज्जा। जे णं भंते! मणपज्जवनाणं उप्पाडेज्जा से णं केवलनाणं उप्पाडेज्जा? गोयमा! अत्थेगतिए उप्पाडेज्जा, अत्थेगतिए णो उप्पाडेज्जा। जेणं भंते! केवलनाणं उप्पाडेज्जा से णं सिज्झेज्जा बुज्जेज्जा मुच्चेज्जा सव्वदुक्खाणं अंतं करेज्जा? गोयमा! सिज्झेज्जा जाव सव्वदुक्खाणमंतं करेज्जा। नेरइए णं भंते! नेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता वाणमंतर-जोइसिय-वेमाणिएसु उववज्जेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे ।।સૂ૦-૫।।૫૬૦।।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં મનુષ્યોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. હે ભગવન્! જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને શ્રવણ રૂપે પ્રાપ્ત કરે? હે ગૌતમ! જેમ પંચેન્દ્રિય તિર્યંચો સંબંધે કહ્યું તેમ કહેવું યાવત્ 'જે અવધિજ્ઞાનને ઉત્પન્ન કરે' તે મુંડ-ત્યાગી થઇને અગારવાસથી અનગારીપણું-સાધુપણું સ્વીકારવાને સમર્થ થાય? હે ગૌતમ! કોઇ સમર્થ થાય અને કોઇ ન થાય. હે ભગવન્! જે મુંડ થઇને અગારવાસથી અનગારીપણું સ્વીકારવાને સમર્થ થાય તે મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન કરે અને કોઇ ઉત્પન્ન ન કરે. હે ભગવન્! જે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન કરે તે કેવલજ્ઞાન ઉત્પન્ન કરે? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન કરે અને કોઇ ઉત્પન્ન ન કરે. હે ભગવન્! જે કેવલજ્ઞાન ઉત્પન્ન કરે તે સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય અને સર્વ દુઃખનો અન્ત કરે? હે ગૌતમ! સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખનો અન્ત કરે. હે ભગવન્! નૈરયિક નૈરયિકોથી નીકળી પછીના ભવમાં વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. ।।૫।।૫૬૦।।*

(ટી૦) 'नेरइए णं भंते'! ઇત્યાદિ સૂત્ર સુગમ છે. પરન્તુ 'केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए' કેવલજ્ઞાનીએ ઉપદેશેલા શ્રુતધર્મ અને ચારિત્રરૂપ ધર્મને શ્રવણરૂપે પ્રાપ્ત કરે એટલે તેનું શ્રવણ કરે? અહીં 'श्रवणता' શ્રવણશબ્દનો ભાવ-પ્રવૃત્તિનિમિત્ત શ્રવણ જ સમજવું. 'भावे त्वतलौ' એ સૂત્રમાં તે શબ્દસ્વરૂપનો ભાવ-પ્રવૃત્તિનિમિત્ત એવું પણ વ્યાખ્યાન કરેલું છે. ભગવાન્ ઉત્તર આપે છે—'अत्थेगतिए' ઇત્યાદિ. કોઇ શ્રવણ કરે અને કોઇ શ્રવણ ન કરે. પુનઃ પ્રશ્ન કરે છે-હે ભગવન્! જે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે 'से णं केवलिं बोहिं बुज्झेज्जा' ઇતિ. તે કેવલી એ કહેલા બોધિને જાણે? અહીં બોધિ એટલે ધર્મની પ્રાપ્તિ, તેના કારણભૂત જે શબ્દરચના, તે પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી બોધિ કહેવાય છે. તેને કેવલજ્ઞાનીએ સાક્ષાત્ અથવા પરંપરાએ ઉપદેશ કરેલો હોવાથી કેવલજ્ઞાની સંબન્ધી કહેવાય છે. અર્થાત્ કેવલજ્ઞાનીએ ઉપદેશેલ બોધિ-ધર્મને શ્રવણ કરનાર કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને સમજે એટલે તેનો અર્થ જાણે? ભગવાન્ ઉત્તર આપે છે-'अत्थेगतिए' ઇત્યાદિ. કોઇ જાણે અને કોઇ ન જાણે. પુનઃ પ્રશ્ન કરે છે—હે ભગવન્! જે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને અર્થથી જાણે તે અર્થથી 'श्रद्दधीत' તેની શ્રદ્ધા કરે, 'प्रत्ययेत्' તેની પ્રતીતિ કરે, 'रोचयेत्' રુચિ કરે—'હું તે કરવા ઇચ્છું છું' એવો વિચાર કરે? ભગવાન્ ઉત્તર આપે છે—'अत्थेगइए' ઇત્યાદિ. કોઇ રુચિ કરે અને કોઇ ન કરે. પુનઃ પ્રશ્ન કરે છે કે હે ભગવન્! જે શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે અને રુચિ કરે તે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! ઉત્પન્ન કરે. અહીં હન્ત અનુમતિના અર્થમાં છે. કેવલજ્ઞાનીએ કહેલા ધર્મના શ્રવણ અને શ્રદ્ધા કરવાથી આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન

અવશ્ય થાય છે. ફરીથી પ્રશ્ન કરે છે—હે ભગવન્! જે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન કરે છે તે '**संचाएज्जा**' શીલ-બ્રહ્મચર્ય, વ્રત–દ્રવ્યાદિ સંબન્ધી વિચિત્ર નિયમો, ગુણ–ભાવનાદિરૂપ ઉત્તર ગુણ, વિરમણ–અતીત કાળના સ્થૂલ પ્રાણાતિપાત વગેરે દોષોની વિરતિ–નિવૃત્તિ, પ્રત્યાખ્યાન–અનાગત–ભવિષ્યકાળના સ્થૂલ પ્રાણાતિપાતાદિ દોષોનો ત્યાગ, પોષ–ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ–આઠમ વગેરે પર્વ, તેમાં ઉપવાસ કરવો તે પૌષધોપવાસ, તેને અંગીકાર કરવા સમર્થ થાય? ભગવાન્ ઉત્તર આપે છે—'**अत्थेगइए**' ઇત્યાદિ. કોઇ સમર્થ થાય અને કોઇ ન થાય. અહીં તિર્યંચો અને મનુષ્યોને ભવનિમિત્તક અવધિજ્ઞાન થતું નથી, પણ ગુણથી થાય છે. અને શીલવ્રતાદિ ગુણો તો આ પંચેન્દ્રિય તિર્યંચોને પણ હોય છે. તો તે ગુણોથી આને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય કે ન થાય એ પ્રશ્ન કરે છે, '**जेणं भंते**'! ઇત્યાદિ. જેને શીલ અને વ્રતાદિ સંબન્ધે વિશુદ્ધ પરિણામ થવાથી અવધિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થાય તે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે અને તેથી અન્ય ઉત્પન્ન ન કરે. અવધિજ્ઞાન પછી મનઃપર્યવ જ્ઞાન જાણવું. મનઃપર્યવજ્ઞાન અનગારને હોય છે, કારણ કે '**तं संजयस्स सव्वपमायरहियस्स विविहरिद्धिमतो**'-તે (મનઃપર્યવ જ્ઞાન) સર્વ પ્રમાદરહિત અને વિવિધ ઋદ્ધિવાળા સંયતને હોય છે–એવું શાસ્ત્રવચન છે. તેથી અનગારપણા સંબન્ધે પ્રશ્ન કરે છે—'**जे णं भंते!**' ઇત્યાદિ. જે અવધિજ્ઞાન ઉત્પન્ન કરે તે મુંડ થઇ અગારવાસનો ત્યાગ કરી અનગારીપણું ગ્રહણ કરે? અહીં મુંડ બે પ્રકારે છે—દ્રવ્યથી અને ભાવથી. તેમાં કેશાદિને દૂર કરવા વડે દ્રવ્યથી મુંડ અને સર્વસંગના ત્યાગ કરવાથી ભાવથી મુંડ હોય છે. તેમાં અહીં તિર્યંચોને દ્રવ્યમુંડપણાનો અસંભવ હોવાથી ભાવ મુંડનું ગ્રહણ કરવું. તેવા પ્રકારનો ભાવમુંડ થઇને પોતાના આશ્રયરૂપ અગાર–ઘરથી નીકળી, જેને દ્રવ્યથી અને ભાવથી અગાર–ઘર નથી તે અનગાર, તેવા અનગારપણાને સ્વીકારવા સમર્થ થાય? ભગવાન્ ઉત્તર આપે છે—આ અર્થ સમર્થ નથી, કારણ કે તિર્યંચોને ભવના સ્વભાવથી તેવા પ્રકારના સર્વવિરતિ પરિણામનો સંભવ નથી. અને અનગારપણાના અભાવમાં મનઃપર્યવજ્ઞાનનો અભાવ સિદ્ધ જ છે. જેમ તિર્યંચ પંચેન્દ્રિય સંબન્ધે સૂત્રનો સમૂહ કહ્યો તેમ મનુષ્ય સંબન્ધે પણ કહેવો. પરન્તુ મનુષ્યમાં સર્વભાવનો સંભવ હોવાથી મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન સંબન્ધી બે સૂત્રો અધિક કહે છે. '**जेणं भंते! संचाएज्जा मुंडे भवित्ता**' ઇત્યાદિ સુગમ છે. પરન્તુ '**सिज्झेज्जा**'—ઇત્યાદિ. સિદ્ધ થાય એટલે સર્વપ્રકારના અણિમા સામર્થ્ય વગેરેની સિદ્ધિવાળો થાય. '**बुद्ध्येत्**'—બુદ્ધ થાય–સમસ્ત લોકાલોકના સ્વરૂપને જાણે. '**मुच्येत्**' ભવોપગ્રાહી કર્મથી પણ મુક્ત થાય, તાત્પર્ય એ છે કે દુઃખોનો અન્ત કરે. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકમાં પ્રતિષેધ કરવો, કારણ કે નૈરયિકોને ભવસ્વભાવથી નારક અને દેવભવને યોગ્ય આયુષ્યના બન્ધનો અસંભવ છે. એ પ્રમાણે નૈરયિકોનો નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી વિચાર કર્યો. ।।૫।।૫૬૦।।

**असुरकुमारे णं भंते! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता नेरइएसु उववज्जेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। असुरकुमारे णं भंते! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता असुरकुमारेसु उववज्जेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं जाव थणियकुमारेसु। असुरकुमारे णं भंते! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता पुढविकाइएसु उववज्जेज्जा? हन्ता गोयमा! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगतिए णो उववज्जेज्जा! जे णं भंते! उववज्जेज्जा से णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं आउ-वणस्सइसु वि। असुरकुमारे णं भंते! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु उववज्जेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। अवसेसेसु पंचसु पंचिंदियतिरिक्खजोणियाइसु असुरकुमारेसु जहा नेरइओ, एवं जाव थणियकुमारे ।।सू०-६।।५६१।।**

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં અસુરકુમારોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે યાવદ્ સ્તનિતકુમારોમાં કહેવું. હે ભગવન્! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય? હા ગૌતમ! કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. હે*

*ભગવન્! જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અપ્કાય અને વનસ્પતિકાયિક સંબંધે જાણવું. હે ભગવન્! અસુરકુમાર અસુરકુમારોથી નીકળી પછીના ભવમાં તેજસ્કાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. બાકીના પંચેન્દ્રિય તિર્યંચાદિ પાંચ દંડકમાં જેમ નૈરયિક કહ્યો તેમ અસુરકુમાર કહેવો. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો કહેવા. ॥૬॥૫૬૧॥*

(ટી૦) હવે અસુરકુમારોનો નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરે છે—'असुरकुमारे णं भंते!' ઇત્યાદિ સૂત્ર પૂર્વની પેઠે જાણવું. પરન્તુ તેઓ પૃથિવી, પાણી અને વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. કારણ કે ઈશાન દેવલોક સુધીના દેવોનો તેઓમાં ઉત્પન્ન થવામાં વિરોધ નથી. તેઓમાં ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનીએ કહેલા ધર્મનું શ્રવણ ન કરે, કારણ કે તેઓને શ્રવણેન્દ્રિય નથી. બાકી બધું નૈરયિકની પેઠે જાણવું. જે પ્રકારે અસુરકુમાર સંબંધે કહ્યું છે તે પ્રકારે યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું. ॥૬॥૫૬૧॥

**पुढवीकाइए णं भंते! पुढवीकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता नेरइएसु उववज्जेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं असुरकुमारेसु वि, जाव थणियकुमारेसु वि। पुढविकाइए णं भंते! पुढवीकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता पुढवीकाइएसु उववज्जेज्जा? गोयमा! अत्थेगतिए उववज्जेज्जा, अत्थेगतिए णो उववज्जेज्जा। जे णं भंते! उववज्जेज्जा से णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं आउक्काइआदिसु निरंतरं भाणियव्वं जाव चउरिंदिएसु। पंचिंदियतिरिक्खजोणिय-मणुस्सेसु जहा नेरइए। वाणमंतर-जोइसिय-वेमाणिएसु पडिसेहो। एवं जहा पुढवीकाइओ भणिओ तहेव आउक्काइओ वि, वणस्सइकाइओ वि भाणियव्वो ।।सू०-७।।५६२।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિક પૃથિવીકાયિકોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અસુરકુમારોમાં યાવત્ સ્તનિતકુમારોમાં પણ જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિક પૃથિવીકાયિકોથી નીકળી પછીના ભવમાં પૃથિવીકાયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અપ્કાયિકથી માંડી ચઉરિન્દ્રિય સુધીમાં નિરન્તર કહેવું. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં જેમ નૈરયિક સંબંધે કહ્યું તેમ કહેવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકમાં પ્રતિષેધ કરવો. એ પ્રમાણે જેમ પૃથિવીકાયિક કહ્યો તેમ અપ્કાયિક પણ કહેવો. યાવત્ વનસ્પતિકાયિક પણ કહેવો. ॥૭॥૫૬૨॥*

**तेउक्काइए णं भंते! तेउकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता नेरइएसु उववज्जेज्जा? गोयमा! णो इणट्ठे समट्ठे। एवं असुरकुमारेसु वि, जाव थणियकुमारेसु। पुढवीकाइअ-आउ-तेउ-वाउ-वण-बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु अत्थेगतिए उववज्जेज्जा, अत्थेगतिए णो उववज्जेज्जा। जे णं भंते! उववज्जेज्जा से णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! नो इणट्ठे समट्ठे। तेउक्काइए णं भंते! तेउकाइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचिंदियतिरिक्खजोणिएसु उववज्जेज्जा? गोयमा! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा। जे णं भंते! उववज्जेज्जा से णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा। जे णं भंते! केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलिं बोहिं बुज्झेज्जा? गोयमा! णो इणट्ठे समट्ठे। मणुस्स-वाणमंतर-जोइसिय-वेमाणिएसु पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे। एवं जहेव तेउक्काइए निरंतरं एवं वाउकाइए वि ।।सू०-८।।५६३।।**

*(મૂ૦) હે ભગવન્! તેજસ્કાયિક તેજસ્કાયિકોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! એ અર્થ*

*સમર્થ-નથી. એ પ્રમાણે અસુરકુમારોમાં યાવત્ સ્તનિતકુમારોમાં જાણવું. પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. હે ભગવન્! જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને શ્રવણ વડે પ્રાપ્ત કરે-અર્થાત્ ધર્મનું શ્રવણ કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! તેજસ્કાયિક તેજસ્કાયિકોથી નીકળી પછીના ભવમાં પંચેન્દ્રિય તિર્યંચોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને શ્રવણ વડે પ્રાપ્ત કરે-અર્થાત્ ધર્મનું શ્રવણ કરે? હે ગૌતમ! કોઇ શ્રવણ કરે અને કોઇ શ્રવણ ન કરે. હે ભગવન્! જે કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે તે કેવલજ્ઞાનીએ કહેલા ધર્મને જાણે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકમાં ઉત્પત્તિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. જેમ તેજસ્કાયિક કહ્યો તેમ વાયુકાયિક પણ નિરંતર કહેવો. ॥૮॥૫૬૩॥*

(ટી૦) પૃથિવીકાયિકોનો નૈરયિકો અને દેવોમાં પ્રતિષેધ કરવો. એટલે તેઓ નૈરયિકો અને દેવોમાં ઉત્પન્ન થતા નથી, કારણ કે તેઓને વિશિષ્ટ-સ્પષ્ટ ચિન્તન રૂપ મનોદ્રવ્યનો અસંભવ હોવાથી તીવ્ર સંક્લેશ અને વિશુદ્ધ અધ્યવસાયનો અભાવ છે. બાકીના બધા સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. કારણ કે તેને યોગ્ય અધ્યવસાયનો સંભવ છે. તેમાં પણ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં નૈરયિકની પેઠે કહેવું. એ પ્રમાણે અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો કહેવા. તેજસ્કાયિકો અને વાયુકાયિકોનો મનુષ્યોમાં પણ પ્રતિષેધ કરવો. કેમકે તેઓ પછીના ભવમાં મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી, કારણ કે તેઓને ક્લિષ્ટ પરિણામ હોવાથી મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી અને મનુષ્યાયુષ્યના બન્ધનો અસંભવ છે. તિર્યંચ પંચેન્દ્રિયોમાં ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે, કારણ કે તેઓને શ્રવણેન્દ્રિય હોય છે, પણ સંક્લિષ્ટ પરિણામ હોવાથી કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મને ન જાણે. ॥૮॥૫૬૩॥

**बेइंदिए णं भंते! बेइंदिएहिंतो अणंतरं उव्वट्टित्ता नेरइएसु उववज्जेज्जा? गोयमा! जहा पुढवीकाइया। नवरं मणुस्सेसु जाव मणपज्जवनाणं उप्पाडेज्जा। एवं तेइंदिया चउरिंदिया वि जाव मणपज्जवनाणं उप्पाडेज्जा जे णं मणपज्जवनाणं उप्पाडेज्जा से णं केवलनाणं उप्पाडेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। पंचिंदियतिरिक्खजोणिए णं भंते! पंचिंदियतिरिक्खजोणिएहिंतो अणंतरं उव्वट्टित्ता नेरइएसु उववज्जेज्जा? गोयमा! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा। से णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए? गोयमा! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा। जे णं केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलिं बोहिं बुज्झेज्जा? गोयमा! अत्थेगतिए बुज्झेज्जा, अत्थेगतिए णो बुज्झेज्जा। जे णं भंते! केवलिं बोहिं बुज्झेज्जा से णं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा? हंता गोयमा! जाव रोएज्जा। जे णं भंते! सद्दहेज्जा ३ से णं आभिणिबोहियनाणसुयनाणओहिनाणाइं उप्पाडेज्जा? हंता गोयमा! जाव उप्पाडेज्जा। जे णं भंते! आभिणिबोहियनाण-सुयनाण-ओहिनाणाइं उप्पाडेज्जा से णं संचाएज्जा सीलं वा जाव पडिवज्जित्तए? गोयमा! णो इणट्ठे समट्ठे। एवं असुरकुमारेसु वि, जाव थणियकुमारेसु। एगिंदिय-विगलिंदिएसु जहा पुढवीकाइए। पंचिंदियतिरिक्खजोणिएसु मणुस्सेसु य जहा नेरइए। वाणमंतर-जोइसिय-वेमाणिएसु जहा नेरइएसु उववज्जेज्जा पुच्छा भणिया, एवं मणुस्से वि। वाणमंतर-जोइसिय-वेमाणिए जहा असुरकुमारे ।।सू०-९।।५६४।।**

*(મૂ૦) હે ભગવન્! બેઇન્દ્રિય બેઇન્દ્રિયોથી નીકળી અનન્તર-પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! જેમ પૃથિવીકાયિકો સંબંધે કહ્યું છે તેમ કહેવું. પરન્તુ મનુષ્યોમાં ઉત્પન્ન થાય અને યાવત્ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે. એ પ્રમાણે તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયો પણ યાવત્ મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન કરે. જે મનઃપર્યવ જ્ઞાનને ઉત્પન્ન કરે તે*

*કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચયોનિક પંચેન્દ્રિય તિર્યંચોથી નીકળી પછીના ભવમાં નૈરયિકોમાં ઉત્પન્ન થાય? હે ગૌતમ! કોઇ ઉત્પન્ન થાય અને કોઇ ઉત્પન્ન ન થાય. જે ઉત્પન્ન થાય તે કેવલજ્ઞાનીએ પ્રરૂપેલા ધર્મનું શ્રવણ કરે? હે ગૌતમ! કોઇ શ્રવણ કરે અને કોઇ શ્રવણ ન કરે. જે કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે તે કેવલીએ પ્રરૂપેલા ધર્મને જાણે? હે ગૌતમ! કોઇ જાણે અને કોઇ ન જાણે. હે ભગવન્! જે કેવલજ્ઞાની પ્રરૂપિત ધર્મને જાણે તે તેની શ્રદ્ધા કરે, પ્રતીતિ કરે અને રુચિ કરે? હા ગૌતમ! યાવત્ રુચિ કરે. હે ભગવન્! જે શ્રદ્ધા કરે પ્રતીતિ કરે અને રુચિ કરે તે આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન ઉત્પન્ન કરે? હા ગૌતમ! યાવત્ ઉત્પન્ન કરે. હે ભગવન્! જે આભિનિબોધિક જ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન ઉત્પન્ન કરે તે શીલ-બ્રહ્મચર્ય વ્રત યાવત્ સ્વીકારવાને સમર્થ થાય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે અસુરકુમારમાં યાવત્ સ્તનિતકુમારમાં કહેવું. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોમાં પૃથિવીકાયિક કહ્યો તેમ કહેવો. પંચેન્દ્રિય તિર્યંચોમાં અને મનુષ્યોમાં નૈરયિકની પેઠે જાણવું. વ્યન્તર જ્યોતિષિક અને વૈમાનિકોમાં જેમ નૈરયિકોમાં પ્રશ્ન કર્યો તેમ કહેવું. એ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિયની પેઠે મનુષ્ય સંબંધે પણ કહેવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિક અસુરકુમારની પેઠે કહેવા. ॥૯॥૫૬૪॥*

(ટી૦) બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પૃથિવીકાયિકની પેઠે દેવ અને નૈરયિક સિવાય બધાય સ્થાનોમાં ઉત્પન્ન થાય છે, પણ પૃથિવીકાયિકો મનુષ્યોમાં આવી અન્તક્રિયા પણ કરે છે અને તેઓ (બેઇંદ્રિયાદિ) તેવા પ્રકારના ભવસ્વભાવથી મનુષ્યમાં આવીને પણ અન્તક્રિયા કરતા નથી, પણ મનઃપર્યવજ્ઞાન તો ઉત્પન્ન કરે છે. તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યો બધાય સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. અને તેની વ્યક્તવ્યતા પાઠ સિદ્ધ છે. વ્યન્તર, જ્યોતિષિકો અને વૈમાનિકો અસુરકુમારની પેઠે જાણવા. ચતુર્થ દ્વાર સમાપ્ત. ॥૯॥૫૬૪॥

## ।। पंचमं तित्थगरदारं ।।

**रयणप्पभापुढवीनेरइए णं भंते! रयणप्पभापुढवीनेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थगरत्तं लभेज्जा? गोयमा! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा। से केणट्ठेणं भंते! एवं वुच्चइ–'अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा'? गोयमा! जस्स णं रयणप्पभापुढवीनेरइअस्स तित्थगरनाम-गोयाइं कम्माइं बद्धाइं पुट्ठाइं निधत्ताइं कडाइं पट्ठवियाइं निविट्ठाइं अभिनिविट्ठाइं अभिसमन्नागयाइं उदिन्नाइं, णो उवसंताइं हवंति, से णं रयणप्पभापुढवीनेरइए रयणप्पभापुढवीनेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थगरत्तं लभेज्जा, जस्स णं रयणप्पभापुढवनेरइयस्स तित्थगरनामगोयाइं णो बद्धाइं जाव णो उदिन्नाइं, उवसंताइं हवंति, से णं रयणप्पभापुढवीनेरइए रयणप्पभापुढवीनेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थगरत्तं णो लभेज्जा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ- 'अत्थेगतिए लभेज्जा, अत्थेगतिए णो लभेज्जा'। एवं [सक्करप्पभा] जाव वालुयप्पभापुढवी-नेरइएहिंतो तित्थगरत्तं लभेज्जा। पंकप्पभापुढवीनेरइए णं भंते! पंकप्पभानेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता तित्थगरत्तं लभेज्जा? गोयमा! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा। धूमप्पभापुढवीनेरइए णं पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे, सव्वविरइं पुण लभेज्जा। तमप्पभापुढवी-पुच्छा। णो इणट्ठे समट्ठे विरयाविरइं पुण लभेज्जा। अहेसत्तमपुढवी-पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे, सम्मत्तं पुण लभेज्जा। असुरकुमारा णं पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा। एवं निरंतरं जाव आउकाइए। तेउकाइए णं भंते! तेउक्काइएहिंतो अणंतरं उव्वट्टित्ता उववज्जेजा (तित्थगरत्तं लभेज्जा)? गोयमा! णो इणट्ठे समट्ठे, केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाते। एवं वाउकाइए वि। वणस्सइकाइए**

**णं पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा। बेइंदिय-तेइंदिय-चउरिंदिए णं पुच्छा। गोयमा! नो इणट्ठे समट्ठे, मणपज्जवनाणं पुण उप्पाडेज्जा। पंचिंदियतिरिक्खजोणियमणूस-वाणमंतर-जोइसिए णं पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे, अंतकिरियं पुण करेज्जा। सोहम्मगदेवे णं भंते! अणंतरं चयं चइत्ता तित्थगरत्तं लभेज्जा? गोयमा! अत्थेगतिए लभेज्जा, अत्थेगतिए नो लभेज्जा, एवं जहा रयणप्पभापुढविनेरइए, एवं जाव सव्वट्ठसिद्धगदेवे**

।।सू०-१०।।५६५।।

*(મૂ૦) હે ભગવન્! રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે? હે ગૌતમ! કોઇ પામે અને કોઇ ન પામે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કોઇ પામે અને કોઇ ન પામે'? હે ગૌતમ! જે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકે તીર્થંકર નામ ગોત્ર કર્મ બાંધ્યું છે, નિધત્ત કર્યું છે, કૃત-નિકાચિત કર્યું છે, પ્રસ્થાપિત કર્યું છે, નિવિષ્ટ, અભિનિવિષ્ટ, અભિસમન્વાગત-ઉદયાભિમુખ અને ઉદયમાં આણેલું છે, પણ ઉપશાન્ત કર્યું નથી તે રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભાપૃથિવીના નૈરયિકોથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે છે. જે રત્નપ્રભા પૃથિવીના નૈરયિકે તીર્થંકર નામગોત્ર કર્મ બાંધ્યું નથી, યાવત્ ઉદયમાં આણેલું નથી, ઉપશાન્ત થયેલું છે, તે રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામતો નથી. તે માટે હે ગૌતમ! એમ કહું છું કે કોઇ તીર્થંકરપણું પામે અને કોઇ ન પામે. એ પ્રમાણે શર્કરાપ્રભાથી યાવત્ વાલુકાપ્રભાના નૈરયિકોથી નીકળી તીર્થંકરપણું પામે. પંકપ્રભા પૃથિવીથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી, પણ અન્તક્રિયા કરે. ધૂમપ્રભા પૃથિવી સંબંધે પૃચ્છા. એટલે ત્યાંથી નીકળી તીર્થંકરપણું પામે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી, પરંતુ તે સર્વવિરતિ પ્રાપ્ત કરે. તમઃપ્રભા પૃથિવી સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી, પરન્તુ ત્યાંથી નીકળી દેશવિરતિ પ્રાપ્ત કરે. અધઃસપ્તમપૃથિવી-સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી, પરન્તુ ત્યાંથી નીકળેલો સમ્યક્ત્વ પ્રાપ્ત કરે. અસુરકુમાર સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. પણ અન્તક્રિયા કરે. એ પ્રમાણે નિરન્તર યાવત્ અપ્કાયિક સુધી જાણવું. હે ભગવન્! તેજસ્કાયિક તેજસ્કાયિકોથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. પણ કેવલજ્ઞાનીએ કહેલા ધર્મનું શ્રવણ કરે. એ પ્રમાણે વાયુકાયિક સંબંધે જાણવું. વનસ્પતિકાયિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી, પણ અન્તક્રિયા કરે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. પણ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે. પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, વ્યન્તર અને જ્યોતિષિક સંબંધે પૃચ્છા. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી, પણ અન્તક્રિયા કરે. હે ભગવન્! સૌધર્મ દેવ ચ્યવી પછીના ભવમાં તીર્થંકરપણું પામે? હે ગૌતમ! કોઇ પામે અને કોઇ ન પામે. એ પ્રમાણે જેમ રત્નપ્રભા નૈરયિક સંબંધે કહ્યું તેમ સર્વાર્થસિદ્ધ દેવ સુધી કહેવું. ॥૧૦॥૫૬૫॥*

(ટી૦) હવે તીર્થંકરપણાના વક્તવ્યરૂપ એટલે 'ક્યાંથી નીકળી તીર્થંકરપણું પામે' એ સંબન્ધે પાંચમું દ્વાર કહે છે— **'रयणप्पभापुढवीनेरए णं भंते'**! ઇત્યાદિ સૂત્ર સુગમ છે. પરંતુ જેણે તીર્થંકર નામ ગોત્ર કર્મ **'बद्धानि'** સૂતર વડે સોયના સમુદાયની પેઠે પ્રથમ માત્ર બાંધેલાં હોય, ત્યારબાદ અગ્નિમાં તપાવ્યા પછી ઘણ વડે ટીપેલા સોયના જથ્થાની પેઠે **'स्पृष्टानि'** સ્પર્શ્યાં હોય, **'निधत्तानि'** નિધત્તરૂપે કર્યાં હોય-એટલે ઉદ્વર્તના અને અપવર્તના સિવાય બાકીના કરણને અયોગ્ય કર્યાં હોય, **'कृतानि'** નિકાચિત-સર્વ કરણને અયોગ્ય કર્યાં હોય, **'प्रस्थापितानि'**—મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશઃકીર્તિ નામ કર્મની સાથે ઉદયરૂપે વ્યવસ્થિત કર્યાં હોય, **'निविष्टानि'**—તીવ્ર રસના ઉત્પાદકપણે કરેલાં હોય-તીવ્ર વિપાકને આપવાવાળાં કર્યાં હોય, **'अभिनिविष्टानि'**—વિશુદ્ધ, વિશુદ્ધતર અધ્યવસાય થવાથી અતિ તીવ્ર રસના ઉત્પાદકપણે કરેલાં હોય-અતિ તીવ્ર વિપાકને આપનારાં કર્યાં હોય, **'अभिसमन्वागतानि'**—ઉદયાભિમુખ કરેલાં હોય, **'उदीर्णानि'**-

–ઉદયમાં આણેલાં હોય, વિપાકોદયને પ્રાપ્ત કરેલાં હોય, પરંતુ 'नोपशान्तानि'—સર્વથા અભાવને પ્રાપ્ત કરેલાં ન હોય, અથવા નિકાચિતાદિ અવસ્થાની અધિકતા રહિત કરેલાં ન હોય, તે તીર્થંકરપણું પામે. બાકી બધું સ્પષ્ટ છે. એ પ્રમાણે શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા સંબન્ધે પણ બે સૂત્રો કહેવાં. પંકપ્રભા પૃથિવીનો નૈરયિક ત્યાંથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામતો નથી, પણ અન્તક્રિયા કરે છે. ધૂમપ્રભા પૃથિવીનો નૈરયિક અન્તક્રિયા પણ કરતો નથી, પણ સર્વવિરતિ પ્રાપ્ત કરે છે. તમઃપ્રભા પૃથિવીનો નૈરયિક સર્વવિરતિ પણ પામતો નથી, પરંતુ દેશવિરતિ પામે છે. અધઃસપ્તમ પૃથિવીનો નૈરયિક તે દેશવિરતિને પણ પામતો નથી, પણ સમ્યક્ત્વ પામે છે. (મનુષ્ય ભવ જ પામતો નથી) અસુરકુમારથી માંડી વનસ્પતિકાયિક સુધીના જીવો ત્યાંથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામતા નથી, પણ અન્તક્રિયા કરે છે. વસુદેવ ચરિત્રમાં નાગકુમારથી પણ નીકળી પછીના ભવમાં એરાવત ક્ષેત્રને વિષે આ અવસર્પિણીના ચોવીશમા તીર્થંકર થયેલા બતાવેલ છે. તેથી અહીં તત્ત્વ કેવલજ્ઞાની જાણે[1]. તેજસ્કાયિક અને વાયુકાયિકો નીકળી પછીના ભવમાં અન્તક્રિયા પણ કરતા નથી, કારણ કે તેઓ પછીના ભવમાં મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી. પણ તિર્યંચમાં ઉત્પન્ન થાય છે અને કેવલજ્ઞાનીએ ઉપદેશેલા ધર્મનું શ્રવણ કરે છે, પણ જાણતા નથી. એ વાત પૂર્વે કહી છે. વનસ્પતિકાયિકોમાંથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામતા નથી પણ અન્તક્રિયા કરે છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પછીના ભવમાં અન્તક્રિયા પણ કરતા નથી, પણ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન કરે છે. તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર અને જ્યોતિષિકોમાંથી નીકળી પછીના ભવમાં તીર્થંકરપણું પામતા નથી, પણ અન્તક્રિયા કરે છે. સૌધર્મથી આરંભી સર્વાર્થ સિદ્ધ સુધીના દેવો નૈરયિકની પેઠે કહેવા. તીર્થંકરદ્વાર સમાપ્ત. ॥૧૦॥૫૬૫॥

## ।। छट्टं चक्किदारं ।।

**रयणप्पभापुढविनेरइए णं भंते! अणंतरं उव्वट्टित्ता चक्कवट्टित्तं लभेज्जा? गोयमा! अत्थेगतिए लभेज्जा, अत्थेगतिए नो लभेज्जा। से केणट्ठेणं भंते! एवं वुच्चइ? गोयमा! जहा रयणप्पभापुढविनेरइयस्स तित्थगरत्ते। सक्करप्पभापुढविनेरइए अणंतरं उव्वट्टित्ता चक्कवट्टित्तं लभेज्जा? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं जाव अधेसत्तमापुढविनेरइए। तिरियमणूएहिंतो पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे। भवणपति-वाणमंतर-जोतिसिय-वेमाणिएहिंतो पुच्छा। गोयमा! अत्थेगतिए लभेज्जा, अत्थेगतिए नो लभेज्जा।**

## ।। सत्तमं बलदारं ।।

**एवं बलदेवत्तंपि, णवरं सक्करप्पभापुढविनेरइए वि लभेज्जा।**

## ।। अट्ठमं वासुदेवदारं ।।

**एवं वासुदेवत्तं दोहिंतो पुढवीहिंतो वेमाणिएहिंतो य अणुत्तरोववाइयवज्जेहिंतो, सेसेसु नो इणट्ठे समट्ठे।**

## ।। नवमं मंडलियदारं ।।

**मंडलियत्तं अधेसत्तमा-तेउ-वाऊ-वज्जेहिंतो।**

## ।। दसमं रयणदारं ।।

**सेणावइरयणत्तं गाहावइरयणत्तं वड्ढतिरयणत्तं पुरोहियरयणत्तं इत्थिरयणत्तं च एवं चेव, णवरं अणुत्तरोववाइयवज्जेहिंतो। आसरयणत्तं हत्थिरयणत्तं रयणप्पभाओ णिरंतरं जाव सहस्सारो अत्थेगतिए लभेज्जा, अत्थेगतिए नो लभेज्जा। चक्करयणत्तं छत्तरयणत्तं चम्मरयणत्तं दंडरयणत्तं असिरयणत्तं मणिरयणत्तं कागिणिरयणत्तं एतेसि णं असुरकुमारेहिंतो आरद्धं निरंतरं जाव ईसाणेहिं उववाओ, सेसेहिंतो नो इणट्ठे समट्ठे ।।सू०-११।।५६६।।**

---

१. આ ઐરાવતક્ષેત્રમાં આશ્ચર્ય થયું એવું ક્યાંક વાંચેલું છે. (સં.)

*(મૂ૦) હે ભગવન્! રત્નપ્રભા પૃથિવીનો નૈરયિક રત્નપ્રભાના નૈરયિકોથી નીકળી પછીના ભવમાં ચક્રવર્તિપણું પામે? હે ગૌતમ! કોઇ પામે અને કોઇ ન પામે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જેમ રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોના તીર્થંકરપણા સંબંધે કહ્યું છે તેમ ચક્રવર્તિપણા સંબન્ધે કહેવું. હે ભગવન્! શર્કરાપ્રભાનો નૈરયિક નીકળી પછીના ભવમાં ચક્રવર્તિપણું પામે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. એ પ્રમાણે નીચે સાતમી પૃથિવીના નૈરયિક સુધી કહેવું. તિર્યંચ અને મનુષ્ય સંબંધે પૃચ્છા. એટલે ત્યાંથી નીકળી ચક્રવર્તિપણું પામે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકથી નીકળી ચક્રવર્તિપણું પામે? હે ગૌતમ! કોઇ પામે અને કોઇ ન પામે. એ પ્રમાણે બલદેવપણું પણ જાણવું. પરન્તુ એટલી વિશેષતા છે કે શર્કરાપ્રભાનો નૈરયિક પણ બલદેવપણું પામે. એ પ્રમાણે વાસુદેવપણું બે પૃથિવીથી અને અનુત્તરૌપપાતિક સિવાયના વૈમાનિકોથી નીકળી પ્રાપ્ત કરે, બાકીના સ્થાનોથી આવી પ્રાપ્ત ન કરે. માંડલિકપણું નીચેની સાતમી નરકપૃથિવી, તેજસ્કાય અને વાયુકાય સિવાયના બાકીના સ્થાનોથી આવી પ્રાપ્ત કરે. ચક્રવર્તીના સેનાપતિરત્ન, ગાથાપતિરત્ન, વર્ધકિરત્ન, પુરોહિતરત્ન અને સ્ત્રીરત્ન સંબંધે એમજ સમજવું. પરન્તુ તે અનુત્તરૌપપાતિક સિવાયના બાકીના સ્થાનોથી આવીને થાય. અશ્વરત્નપણું અને હસ્તીરત્નપણું રત્નપ્રભાથી આરંભી નિરંતર સહસ્રાર સુધીના સ્થાનોથી આવી કોઇ પ્રાપ્ત કરે અને કોઇ પ્રાપ્ત ન કરે. ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન અને કાકિણીરત્ન એઓનો અસુરકુમારથી આરંભી નિરંતર ઈશાન સુધીના સ્થાનોથી આવીને ઉપપાત સમજવો. બાકીના સ્થાનોથી 'એ અર્થ સમર્થ નથી' એમ પ્રતિષેધ કરવો. ॥૧૧॥૫૬૬॥*

(ટી૦) હવે જ્યાંથી નીકળી ચક્રવર્તિત્વાદિ–ચક્રવર્તી વગેરે થાય તે સંબન્ધે દ્વારો કહે છે—તેમાં રત્નપ્રભા નૈરયિક, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોથી નીકળી ચક્રવર્તીપણું પ્રાપ્ત કરે, પણ બાકીના સ્થાનોથી નીકળી ન પામે. બલદેવ અને વાસુદેવપણું શર્કરાપ્રભાથી નીકળીને પણ પામે. પરંતુ વાસુદેવપણું અનુત્તરૌપપાતિક સિવાયના વૈમાનિકોથી નીકળી પામે. માંડલિકપણું સાતમી નરકપૃથિવી, તેજસ્કાય અને વાયુ સિવાયના બાકીના સર્વ સ્થાનોથી આવી પ્રાપ્ત કરે. સેનાપતિરત્ન, વર્ધકિરત્ન, પુરોહિતરત્ન અને સ્ત્રીરત્ન સાતમી નરકપૃથિવી, તેજસ્કાય, વાયુ અને અનુત્તરૌપપાતિક દેવ સિવાયના બાકીના સ્થાનોથી આવી થાય. અશ્વરત્ન અને હસ્તિરત્ન રત્નપ્રભાથી આરંભી નિરંતર સહસ્રાર સુધીના સ્થાનોથી આવી થાય. ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દણ્ડરત્ન અને કાકિણિરત્ન અસુરકુમારથી આરંભી નિરંતર ઈશાન દેવલોક સુધીના સ્થાનોથી આવી થાય. બધે વિધિ વાક્યમાં '**अत्थिगइए लभेज्जा, अत्थेगइए नो लभेज्जा**'—'કોઇ પામે અને કોઇ ન પામે'– –એમ કહેવું. અને નિષેધ કરવામાં '**णो इणट्ठे समट्ठे**'—એ અર્થ સમર્થ નથી—એમ કહેવું. એ પ્રમાણે બધા દ્વારો કહ્યા. ॥૧૧॥૫૬૬॥

## ।। भवियदव्वदेवउववायपरूवणं ।।

**अह भंते! असंजयभवियदव्वदेवाणं, अविराहियसंजमाणं, विराहियसंजमाणं, अविराहियसंजमासंजमाणं, विराहियसंजमासंजमाणं, असण्णीणं, तावसाणं, कंदप्पियाणं, चरग-परिव्वायगाणं, किब्बिसियाणं, तिरिच्छियाणं, आजीवियाणं, आभिओगियाणं, सलिंगीणं दंसणवावण्णगाणं देवलोगेसु उववज्जमाणाणं कस्स कहिं उववाओ पण्णत्तो? गोयमा! असंजयभवियदव्वदेवाणं जहण्णेणं भवणवासीसु, उक्कोसेणं उवरिमगेवेज्जएसु, अविराहिय-संजमाणं जहन्नेणं सोहम्मे कप्पे, उक्कोसेणं सव्वट्ठसिद्धे, विराहियसंजमाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं सोहम्मे कप्पे, अविराहियसंजमासंजमाणं जहन्नेणं सोहम्मे कप्पे, उक्कोसेणं अच्चुए कप्पे, विराहितसंजमासंजमाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं जोतिसिएसु, असन्नीणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं वाणमंतरेसु, तावसाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं जोइसिएसु, कंदप्पियाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं**

**सोहम्मे कप्पे, चरग-परिव्वायगाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं बंभलोए कप्पे, किब्बिसियाणं जहन्नेणं सोहम्मे कप्पे, उक्कोसेणं लंतए कप्पे, तिरिच्छियाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं सहस्सारे कप्पे, आजीवियाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं अच्चुए कप्पे, एवं आभिओगाण वि, सलिंगीणं दंसणवावण्णगाणं जहन्नेणं भवणवासीसु, उक्कोसेणं उवरिमगेवेज्जएसु ।।सू०-१२।।५६७।।**

*(મૂ૦) હે ભગવન્! દેવલોકમાં ઉત્પન્ન થતા અસંયત ભવ્ય-દેવલોકમાં ઉત્પન્ન થવાને યોગ્ય દ્રવ્યદેવો, અવિરાધિત સંયમવાળા-જેમણે સંયમની વિરાધના કરી નથી એવા, વિરાધિત સંયમવાળા-જેણે સંયમની વિરાધના કરી છે એવા, અવિરાધિત દેશવિરતિવાળા-જેણે દેશવિરતિની વિરાધના કરી નથી એવા, વિરાધિત દેશવિરતિવાળા-જેણે દેશવિરતિની વિરાધના કરી છે એવા, અસંજ્ઞી, તાપસો, કાંદર્પિકો, ચરક-પરિવ્રાજકો, કિલ્બિષિકો, તિર્યંચો, આજીવકો, આભિયોગિકો અને દર્શનભ્રષ્ટ થયેલા-સમ્યગ્દર્શનરહિત સ્વલિંગીઓમાં કોનો ક્યાં ઉપપાત કહ્યો છે? હે ગૌતમ! અસંયત ભવ્ય દ્રવ્યદેવોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટ ઉપરના ગ્રૈવેયકોમાં અવિરાધિત સંયમવાળાનો જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં, વિરાધિત સંયમવાળાનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી સૌધર્મ કલ્પમાં, અવિરાધિત દેશવિરતિવાળાનો જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં, વિરાધિત દેશવિરતિવાળાનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી જ્યોતિષિકોમાં, અસંજ્ઞીઓનો જઘન્યથી વ્યન્તરોમાં અને ઉત્કૃષ્ટથી ભવનવાસીમાં[1], તાપસોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી જ્યોતિષિકોમાં, કાંદર્પિકોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી સૌધર્મ કલ્પમાં, ચરક-પરિવ્રાજકોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી બ્રહ્મદેવલોકમાં, કિલ્બિષિકોનો જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કૃષ્ટથી લાંતક કલ્પમાં, તિર્યંચોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી સહસ્રાર કલ્પમાં, આજીવકોનો જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં અને એ પ્રમાણે આભિયોગિકોનો પણ જાણવો. દર્શનથી ભ્રષ્ટ થયેલા-સમ્યગ્દર્શન રહિત સ્વલિંગીઓનો જઘન્યથી ભવનવાસીઓમાં અને ઉત્કૃષ્ટથી ઉપરના ગ્રૈવેયકોમાં ઉપપાત કહ્યો છે. ।।૧૨।।૫૬૭।।*

(ટી૦) હવે ઉપપાત સંબન્ધે કાંઈક વિશેષ કહેવાનું છે તે સૂત્રકાર કહે છે—'**अह भंते!**' ઇત્યાદિ. 'અથ' શબ્દ પ્રશ્ન અર્થમાં છે. '**असंजयभवियदव्वदेवाणं**' ઇતિ—અસંયત-ચારિત્રના પરિણામ રહિત, ભવ્ય-દેવપણાને યોગ્ય અને એ જ હેતુથી દ્રવ્યદેવો-એટલે ચારિત્રના પરિણામરહિત, મિથ્યાદૃષ્ટિ દેવોમાં ઉત્પન્ન થવાને યોગ્ય તે અસંયત ભવ્ય દ્રવ્યદેવો. તેમાં કેટલાએક આચાર્યો કહે છે કે-એઓ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગ્રહણ કરવા, કારણ કે તેઓની દેવોમાં ઉત્પત્તિ થાય છે. એ સંબન્ધે આગમમાં કહ્યું છે કે—"**अणुव्वयमहव्वएहि य बालतवोऽकामनिज्जराए य। देवाउयं निबंधइ सम्मदिट्ठी य जो जीवो।।**" જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તે અણુવ્રત અને મહાવ્રત વડે તથા બાલ તપ અને અકામનિર્જરા વડે દેવનું આયુષ્ય બાંધે છે. તે અયુક્ત છે, કારણ કે અસંયતભવ્યદ્રવ્ય દેવોનો ઉપપાત ઉત્કૃષ્ટથી ઉપરના ગ્રૈવેયકમાં હમણાં કહેશે અને સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિ હોય તો પણ એઓની ત્યાં ઉત્પત્તિ થતી નથી, કારણ કે દેશવિરતિ શ્રાવકો પણ અચ્યુત દેવલોકથી ઉપર ઉપજતા નથી. એ નિહ્નવો પણ ન સમજવા, કારણ કે તેઓને અહીં જૂદા કહેલા છે. માટે મિથ્યાદૃષ્ટિ અભવ્ય કે ભવ્ય શ્રમણના ગુણને ધારણ કરનારા સર્વ સામાચારી અને ક્રિયા યુક્ત દ્રવ્ય લિંગ-બાહ્ય વેષને ધારણ કરનારા અસંયત ભવ્ય દ્રવ્ય દેવો જાણવા. તેઓ પણ કેવળ ક્રિયાના પ્રભાવથી ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે. વળી તેઓ અસંયત છે. કારણ કે અનુષ્ઠાન-ક્રિયાનું પાલન કરવા છતાં પણ ચારિત્રના પરિણામ શૂન્ય છે, તેઓનો '**अविराहियसंजमाणं**'—દીક્ષાના સમયથી આરંભી જેનો ચારિત્રપરિણામ અભગ્ન-

૧. અસંજ્ઞીઓ માટે મૂળમાં જે વિધાન છે તેમાં ભાષાંતર કરનારે '?' પ્રશ્નચિહ્ન મૂકીને અર્થમાં સુધારો કરેલ છે. મહાવીર વિદ્યાલય તરફથી છપાયેલ પન્નવણા સૂત્રના મૂળમાં તો ઉપરનો જ પાઠ આપેલ છે. ટીકામાં પણ આના વિષયમાં કોઈ ઉલ્લેખ કરેલ નથી.

અખણ્ડિત છે એવાઓનો, સંજ્વલન કષાયના સામર્થ્યથી કે પ્રમત્ત ગુણસ્થાનકથી સ્વલ્પ માયાદિ દોષનો સંભવ હોવા છતાં પણ જેઓએ સર્વથા ચારિત્રનો ઘાત કર્યો નથી એવાઓનો. તથા 'विराहियसंजमाणं'—વિરાધિત સંયમવાળા—વિરાધિત–સર્વથા ખંડિત થયેલા, પણ પ્રાયશ્ચિત્તના સ્વીકાર વડે ફરીથી સંયમનું અનુસંધાન જેઓએ કર્યું નથી એવાઓનો, 'अविराधितसंजमासंजमाणं'–-ગ્રહણ સમયથી આરંભી જેઓનો દેશવિરતિનો પરિણામ અખંડિત છે એવા શ્રાવકોનો, 'विराधितसंजमासंजमाणं'—વિરાધિતદેશવિરતિવાળા—વિરાધિત–સર્વથા ખંડિત થયેલો પણ પ્રાયશ્ચિત્ત વડે ફરીથી નવીન નહિ કરાયેલો સંયમાસંયમ–દેશવિરતિ પરિણામ જેઓનો છે એવા. એટલે દેશવિરતિનું વિરાધન કરનારાઓનો, 'असंज्ञिनाम्' મનોલબ્ધિ રહિત અકામ નિર્જરાવાળાઓનો, 'तावसाणं' ખરી પડેલા પાંદડા વગેરેનો ઉપભોગ કરનારા બાલ તપસ્વીઓનો, 'कंदप्पियाणं'—કાંદર્પિકો–કંદર્પ–પરિહાસ જેઓને છે એટલે પરિહાસ કરનારા, વ્યવહારથી ચારિત્રવાળા છતાં કંદર્પ–હાસ્ય, કૌકુચ્ય શારીરિક કુચેષ્ટા કરનારા કાંદર્પિકો જાણવા. એ સંબન્ધે કહ્યું છે કે—

कंदप्पे कुक्कुइए दवसीले यावि हासणकरे य। विम्हाविंतो य परं कंदप्पं भावणं कुणइ ॥

કંદર્પકારક, કૌકુચ્ય કરનાર, દ્રવશીલ–જલદી કરવાના સ્વભાવવાળો, હસાવનાર અને બીજાને વિસ્મય ઉત્પન્ન કરનાર કંદર્પ–વિષયક ભાવના કરે છે. હવે કંદર્પ સંબન્ધે કહે છે—

कहकहस्स हसणं कंदप्पो अणिहुया य संलावा। कंदप्पकहाकहणं कंदप्पुवएससंसा य ॥

ખડ ખડ–ઉચ્ચ સ્વરે હસવું, અનિભૃત–ગુર્વાદિની સાથે નિષ્ઠુર પણે તથા વક્રોક્તિથી સ્વેચ્છા પૂર્વક સંલાપ—બોલવું, કામકથા કહેવી, કંદર્પ–કામનો આ પ્રમાણે કરો–એમ ઉપદેશ આપવો અને કામની પ્રશંસા કરવી એ કંદર્પશબ્દ વાચ્ય છે. કૌકુચ્ય–ભાંડચેષ્ટા, તે બે પ્રકારે છે–કાયકૌકુચ્ય અને વાક્કૌકુચ્ય. તેમાં પ્રથમ કાયકૌકુચ્ય કહે છે–

भूमनयणवयणदसणच्छएहिं करचरणकण्णमाईहिं। तं तं करेइ जह जह हसइ परो अत्तणा अहसं॥

ભ્રૂકુટી, નયન, વદન, ઓષ્ઠ વડે તથા કર, ચરણ અને કર્ણાદિ વડે તે તે ચેષ્ટા કરે કે પોતે નહિ હસવા છતાં બીજો હસે. હવે વાક્કૌકુચ્ય કહે છે—

वाया कुक्कुइओ पुण तं तं जंपइ जेण हस्सए अन्नो। नाणाविहजीवरुए कुव्वइ मुहतूरए चेव ॥

વાક્કૌકુચિક તે તે બોલે કે જેથી બીજો હસે. અનેક પ્રકારના પ્રાણીઓના શબ્દ બોલે છે અને મુખતૂર્ય–મુખવડે વાદિત્ર કરે. હવે દ્રવશીલ અથવા દ્રુતશીલ–જલદી ક્રિયા કરવાના સ્વભાવવાળાની વ્યાખ્યા કરે છે—

भासइ दुयं दुयं गच्छए य दरिओव्व गो व सो सरए। सव्वदुयदुयकारी फुट्टइ व ठिओवि दप्पेणं ॥

જે (આવેશથી વગર વિચાર્યે) જલદી જલદી બોલે, શરદ્ કાળને વિષે દૃપ્ત–ગર્વિષ્ઠ સાંઢની પેઠે જલદી જલદી ચાલે છે. [વિચાર કર્યા સિવાય] સર્વ કાર્ય જલદી જલદી કરે. સ્થિત હોય તો પણ દર્પ–અભિમાન વડે સ્ફુટિત–ફાટી ગયો હોયની શું એવો લાગે. હવે હાસન–હસાવનાર સંબંધે વ્યાખ્યા કરે છે—

वेसवयणेहिं हासं जणयंतो अप्पणो परेसिं च। अह हासणो त्ति भन्नइ घयणोव्व छले नियच्छंतो॥

'घयणो व्व' ભાંડની પેઠે બીજાના છલ–વેષ અને ભાષા સંબન્ધે છિદ્ર જોતો વેષ અને વચન વડે પોતાને અને બીજાને હાસ્ય ઉત્પન્ન કરનાર હાસન–હસાવનાર કહેવાય છે. બીજાને વિસ્મય ઉત્પન્ન કરવા સંબંધે કહે છે—

सुरजालमाइएहिं तु विम्हयं कुणइ तव्विहजणस्स। तेसु न विम्हयइ सयं पहेलियकुहेडएहिं च॥

સુરજાલ–ઇન્દ્રજાલાદિ પ્રમુખ કુતૂહલ વડે તથા પ્રહેલિકા અને કુહેડક–આભાણક વગેરેથી તેવા પ્રકારના ગ્રામ્ય જનને વિસ્મય પમાડે છે અને સ્વયં વિસ્મય પામતો નથી.

जो संजओवि एयासु अप्पसत्थासु भावणं कुणइ। सो तव्विहेसु गच्छइ सुरेसु भइओ चरणहीणो॥

જે સંયત છતાં પણ આ અપ્રશસ્ત–સંક્લિષ્ટ ભાવના ભાવે છે. 'वट्टइ कहिंचि' એવો પણ અન્ય સ્થળે પાઠ છે–તેથી

આ અપ્રશસ્ત ભાવનામાં કથંચિત્–ભાવની મન્દતાથી વર્તે છે તે (ચારિત્રના લેશથી) તેવા પ્રકારના–કંદર્પાદિ પ્રકારવાળા દેવોમાં ઉત્પન્ન થાય છે, પરન્તુ જે 'ચરણહીનઃ–ચારિત્ર રહિત છે તે ભક્ત–ભજનાએ–વિકલ્પે જાણવો એટલે કદાચિત્ તેવા પ્રકારના દેવોમાં ઉત્પન્ન થાય છે અને કદાચિત્ નારક, તિર્યંચ અને મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે.

'**चरगपरिव्वायगा णं**' ति—ચરકપરિવ્રાજક—ટોળા વડે ભિક્ષા માગી આજીવિકા ચલાવનાર ત્રિદંડી, અથવા ચરક-કચ્છ, લંગોટી પહેરનારા અને પરિવ્રાજક–કપિલમુનિના શિષ્યો, તેઓનો; '**किब्बिसियाणं**' ति. કિલ્બિષ–પાપ, તે જેઓમાં છે તેઓ કિલ્બિષિકો કહેવાય છે. તે ચારિત્રવાળા છતાં જ્ઞાનાદિનો અવર્ણવાદ બોલનારા હોય છે. એ સંબંધે કહ્યું છે કે—

**नाणस्स केवलीणं धम्मायरियाण सव्वसाहूणं। माई अवन्नवाई किब्बिसियं भावणं कुणइ॥**

શ્રુતજ્ઞાન, કેવલજ્ઞાની, ધર્માચાર્ય–ધર્મોપદેશક, અને સર્વ સાધુઓનો, બીજે સ્થળે '**संघसाहूणं**' એવો પણ પાઠ મળે છે, તેથી ચતુર્વિધ સંઘ અને સાધુઓનો અવર્ણવાદ બોલનાર કિલ્બિષિક ભાવના કરે છે. અવર્ણ–નિન્દા, ખોટા દોષો પ્રગટ કરવા. તેમાં પ્રથમ શ્રુતજ્ઞાનના અવર્ણવાદનું વર્ણન કરે છે—

**काया वया य ते च्चिय ते चेव पमायअप्पमाया य। मोक्खाहिगारियाणं जोइसजोणीहिं किं कज्जं॥**

તેજ પૃથિવ્યાદિ કાયો, પ્રાણાતિપાત વિરમણાદિ વ્રતો, તેજ મદ્યાદિ પ્રમાદો અને તેના વિપક્ષરૂપ અપ્રમાદો તે તે સૂત્રમાં વારંવાર કહેવાય છે, બીજું વિશેષ કાંઇ પણ નથી. માટે પુનરુક્ત દોષ છે. વળી મોક્ષના અધિકારીને સૂર્યપ્રજ્ઞપ્તિ–વગેરે જ્યોતિઃશાસ્ત્રનું અને યોનિ–યોનિપ્રાભૃત વગેરે શાસ્ત્રોનું શું કામ છે? કારણ કે તેઓ ભવનું કારણ છે. કેવલજ્ઞાનીના અવર્ણવાદ સંબન્ધે કહે છે—

**एगंतरमुप्पाए अण्णोण्णावरणया दुवेण्हंपि। केवलदंसणणाणामेगकाले य एगत्तं॥**

કેવલજ્ઞાનીને કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ એકાન્તર–અનુક્રમે ઉત્પન્ન થાય તો બન્ને ઉપયોગના પણ બન્ને પરસ્પર આવરણ રૂપ થાય છે. એટલે જ્ઞાનોપયોગનો પ્રતિબન્ધક દર્શનોપયોગ થાય અને દર્શનોપયોગનો પ્રતિબન્ધક જ્ઞાનોપયોગ થાય. અને જો બન્ને ઉપયોગ એક કાળે હોય તો બન્નેનો એકત્વ–અભેદ થાય. ધર્માચાર્યના અવર્ણવાદ સંબન્ધે કહે છે—

**जच्चाईहिं अवन्नं विभासइ वट्टइ नयावि उववाए(यारे)। अहिओ छिद्दपेही पगासवाई अणणुकूलो ॥**

જાત્યાદિ વડે અવર્ણવાદ બોલે, જેમ કે આ ઉચ્ચ જાતિના નથી, લોકવ્યવહારમાં કુશલ નથી, ઔચિત્ય જાણતા નથી એમ વિવિધ રીતે ગુરુને કહે, ગુરુના ઉપચાર–વિનયમાં ન વર્તે, અહિતકારક, છિદ્રપ્રેક્ષી–છિદ્રોને જોનાર, પ્રકાશવાદી–સર્વસમક્ષ ગુરુના અછતા દોષો કહે, તથા સર્વદા અનુકૂલ ન હોય. સાધુઓનો અવર્ણવાદ આ પ્રમાણે બોલે—

**अविसहणातुरियगई अणाणुवत्ती य अवि गुरुणंपि। खणमेत्तपीइरोसा गिहिवच्छलगा य संचइया ॥**

આ સાધુઓ અસહનશીલ છે, કારણ કે તેઓ એક બીજાને સહન કરતા નથી, તેથી એક બીજાની સ્પર્ધાથી દેશાન્તરમાં ભ્રમણ કરે છે, નહિ તો એક સ્થળે બધા ભેગા મળીને કેમ ન રહે? તથા અત્વરિત ગતિવાળા–હમેશાં કપટવડે લોકોને આકર્ષિત કરવા માટે મન્દગતિએ ચાલે છે. ગુરુ–મોટાઓને અનુસરતા નથી, કારણ કે સ્વભાવથી નિષ્ઠુર છે, વળી ક્ષણમાત્રમાં રૂષ્ટ અને તુષ્ટ થાય છે. ગૃહી–ગૃહસ્થો ઉપર વાત્સલ્ય–પ્રેમ રાખનારા અને '**संचयिकाः**' સર્વ વસ્તુઓનો સંચય કરનારા છે. માયાવી સંબન્ધે કહે છે—

**गूहइ आयसभावं छायइ गुणे परस्स संते वि। चोरोव्व सव्वसंकी गूढायारो वितहभासी ॥**

પોતાના સ્વભાવને (દુષ્ટ સ્વભાવને) ઢાંકે છે, અને બીજાના છતા ગુણોનું આચ્છાદન કરે છે, ચોરની પેઠે સર્વની શંકા રાખનાર, ગૂઢ આચારવાળો અને વિતથભાષી–અસત્ય બોલનાર હોય છે.

'**तिरच्छियाणं**' દેશવિરતિવાળા ગાય, બળદ વગેરે પંચેન્દ્રિય તિર્યંચોનો, '**आजीवियाणं**' આજીવક–પાખંડ વિશેષ–મતવિશેષ, ગોશાલકના મતને અનુસરનારા, અથવા '**आजीवन्ति**'—જેઓ અવિવેકથી લબ્ધિ, પૂજા અને ખ્યાતિ ઇત્યાદિ વડે

ચારિત્રાદિનો આશ્રય કરે તે આજીવકો કહેવાય છે. તેઓનો; 'आभियोगियाणं' આભિયોગિકો–અભિયોગ–વિદ્યામન્ત્રાદિ વડે બીજાને વશીકરણાદિ કરવું. તેના બે પ્રકાર છે. એ સંબંધે કહ્યું છે કે—

दुविहो खलु अभिओगो दव्वे भावे य होइ नायव्वो । दव्वंमि होंति जोगा विज्जा मंता य भावम्मि ॥

દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનો અભિયોગ જાણવો. દ્રવ્ય અભિયોગમાં ઔષધિના યોગ–પ્રયોગો, અને ભાવ અભિયોગમાં વિદ્યા અને મંત્રો જાણવા. તે અભિયોગ જેઓને છે અથવા અભિયોગ વડે વ્યવહાર કરનારા આભિયોગિકો કહેવાય છે, તેઓ વ્યવહારથી ચારિત્રવાળા છતાં મંત્રાદિનો પ્રયોગ કરનારા હોય છે. એ સંબંધે કહ્યું છે કે—

कोउयभूइकम्मे पसिणापसिणे निमित्तमाजीवी। इड्ढिरससायगरुओ अभिओगं भावणं कुणइ ॥

૧ કૌતુક, ૨ ભૂતિકર્મ, ૩ પ્રશ્નાપ્રશ્ન અને ૪ નિમિત્તદ્વારા આજીવિકા ચલાવનાર, ૫ ઋદ્ધિ, રસ અને સાતાના ગૌરવ–અભિમાનવાળો એ પાંચ પ્રકારે અભિયોગ ભાવના કરે છે. કૌતુક એટલે સૌભાગ્યાદિને માટે સ્નાન કરાવવું, ભૂતિકર્મ–જ્વરવાળા વગેરેને ભસ્મ ચોપડવી. પ્રશ્નાપ્રશ્ન–સ્વપ્નવિદ્યા, એવા આભિયોનિકોનો; 'सलिंगीणं' 'स्वलिंगी'—રજોહરણાદિ સાધુના લિંગવાળા, તેઓ કેવા હોય? 'दंसणवावन्नगाणं' 'दर्शनव्यापन्नकानाम्'—દર્શન–સમ્યગ્દર્શન વ્યાપન્ન–ભ્રષ્ટ થયું છે જેઓનું એવા અર્થાત્ નિહ્નવોનો, વળી 'देवलोगेसु उववज्जमाणाणं' 'દેવલોકમાં ઉત્પન્ન થવા વાળા, આથી એમ જણાવ્યું કે દેવપણાથી બીજે પણ અધ્યવસાયને અનુસારે એઓની ઉત્પત્તિ થાય છે.

જેણે સંયમની વિરાધના કરી છે એઓની જઘન્યથી ભવનવાસીમાં અને ઉત્કૃષ્ટથી સૌધર્મ દેવલોકમાં ઉત્પત્તિ થાય છે. (પ્ર૦)—અહીં કોઇ પ્રશ્ન કરે છે કે વિરાધિતસંયમવાળાની સૌધર્મ કલ્પમાં ઉત્પત્તિ થાય એમ જે કહ્યું તે કેમ ઘટે? કારણ કે સુકુમાલિકાના ભવમાં વિરાધિત સંયમવાળી દ્રૌપદીની પણ ઈશાન દેવલોકમાં ઉત્પત્તિ થયેલી સંભળાય છે. (ઉ૦)—એમાં કાંઇ પણ દોષ નથી, કારણ કે તેની (દ્રૌપદીની) સંયમવિરાધના ઉત્તરગુણવિષયક માત્ર બકુશપણાને કરનારી છે, પણ મૂલગુણની વિરાધના નથી. સંયમની ઘણી વિરાધના હોય તો સૌધર્મ કલ્પમાં ઉત્પત્તિ થાય. જો સંયમની વિરાધના માત્ર પણ સૌધર્મદેવલોકમાં ઉત્પત્તિનું કારણ થાય તો ઉત્તરગુણ વગેરેમાં વિરાધના કરનારા બકુશાદિની અચ્યુતાદિ દેવલોકમાં ઉત્પત્તિ કેમ ઘટે? કારણ કે તેઓ પણ કથંચિત્–ઉત્તરગુણની અપેક્ષાએ વિરાધક છે. ॥૧૨॥૫૬૭॥

## ।। असण्णिआउयपरूवणं ।।

**कतिविहे णं भंते! असण्णियाउए पण्णत्ते? गोयमा! चउव्विधे असण्णिआउए पन्नत्ते, तं जहा—नेरइयअसण्णियाउए, जाव देवअसण्णियाउए। असण्णी णं भंते! जीवे किं नेरइयाउयं पकरेति, जाव देवाउयं पकरेति? गोयमा! नेरइयाउयं पकरेति, जाव देवाउयं पकरेति। नेरइयाउं पकरेमाणे जहन्नेणं दस वाससहस्साइं उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागं पकरेति। [तिरिक्खजोणियाउयं पकरेति,] तिरिक्खजोणियाउयं पकरेमाणे जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पलितोवमस्स असंखेज्जइभागं पकरेति। एवं मणुस्साउयंपि। देवाउयं जहा नेरइयाउयं। एयस्स णं भंते! नेरइयअसण्णिआउयस्स जाव देवअसण्णिआउयस्स कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवे देवअसण्णियाउए, मणूसअसण्णिआउए असंखेज्जगुणे, तिरिक्खजोणियअसण्णि आउए असंखेज्जगुणे, नेरइयअसण्णिआउए असंखेज्जगुणे ।।सू०-१३।।५६८।।**

पण्णवणाए भगवईए वीसइमं अंतकिरियापदं समत्तं ।।२०।।

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનું અસંજ્ઞી આયુષ્ય કહ્યું છે? હે ગૌતમ! ચાર પ્રકારનું અસંજ્ઞીઆયુષ્ય કહ્યું છે. તે આ પ્રમાણે—નૈરયિક અસંજ્ઞીઆયુષ્ય, યાવત્ ૪ દેવઅસંજ્ઞીઆયુષ્ય. હે ભગવન્! અસંજ્ઞી જીવ શું નૈરયિકનું આયુષ્ય બાંધે? યાવત્ દેવનું આયુષ્ય બાંધે? હે ગૌતમ! નૈરયિકનું પણ આયુષ્ય બાંધે, યાવત્ દેવનું આયુષ્ય પણ બાંધે.*

*નૈરયિકનું આયુષ્ય બાંધતો જઘન્યથી દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે. તિર્યંચનું આયુષ્ય બાંધતો જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે. એ પ્રમાણે મનુષ્યાયુષ્ય સંબંધે પણ જાણવું. દેવાયુષ્ય નૈરયિકના આયુષ્યની પેઠે જાણવું. હે ભગવન્! એ નૈરયિક અસંજ્ઞી આયુષ્ય, યાવત્ દેવઅસંજ્ઞી આયુષ્યમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડું દેવઅસંજ્ઞી આયુષ્ય બાંધે છે, તેથી મનુષ્યઅસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણ છે, તેથી તિર્યંચ અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણ છે, અને તેથી નૈરયિક અસંજ્ઞી આયુષ્ય અસંખ્યાતગુણ છે. ॥૧૩॥૫૬૮॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં વીશમું અન્તક્રિયાપદ સમાપ્ત.*

(ટી૦) અસંજ્ઞી દેવોમાં ઉત્પન્ન થાય છે એમ કહેવામાં આવ્યું છે અને તે દેવોમાં આયુષ્ય વડે ઉપજે છે માટે અસંજ્ઞીઆયુષ્યનું નિરૂપણ કરે છે—**'कइविहे णं भंते'**! ઇત્યાદિ. અસંજ્ઞી છતાં પરભવને યોગ્ય આયુષ્ય બાંધે તે અસંજ્ઞી આયુષ્ય કહેવાય છે. **'नेरइय असन्निआउए'** નૈરયિકને યોગ્ય અસંજ્ઞીએ બાંધેલું આયુષ્ય નૈરયિક અસંજ્ઞી આયુષ્ય કહેવાય છે. એમ બીજા આયુષ્ય પણ જાણવાં. અહીં અસંજ્ઞીઆયુષ્ય અસંજ્ઞીઅવસ્થામાં અનુભવાતું આયુષ્ય પણ કહેવાય, પરન્તુ અહીં તેનો પ્રસંગ નથી, માટે અસંજ્ઞીએ કરેલું-બાંધેલું આયુષ્ય તે અસંજ્ઞીઆયુષ્ય-એવા પ્રકારના સંબન્ધવિશેષને જણાવવા માટે કહે છે—**'असन्नीणं'** ઇત્યાદિ. અસંજ્ઞી આયુષ્ય બાંધતો રત્નપ્રભાના પ્રથમ પ્રસ્તટને આશ્રયી દસ હજાર વર્ષનું આયુષ્ય **'पकरेइ'** બાંધે છે. અને 'ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાંધે છે'. આ રત્નપ્રભાના ચોથા પ્રતરમાં મધ્યમ સ્થિતિવાળા નારકને આશ્રયી જાણવું. પ્રથમ પ્રસ્તરમાં જઘન્ય સ્થિતિ દસ હજાર વરસ, અને ઉત્કૃષ્ટ નેવું હજાર, બીજા પ્રતરમાં જઘન્ય સ્થિતિ દસ લાખ અને ઉત્કૃષ્ટ નેવું લાખ, એજ ત્રીજા પ્રતરની જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી વરસ, એવં ચોથા પ્રતરમાં જઘન્ય સ્થિતિ અને ઉત્કૃષ્ટ સાગરોપમનો દસમો ભાગ, તેથી અહીં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મધ્યમ સ્થિતિ સમજવી. તિર્યંચ સૂત્રમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ યુગલિક તિર્યંચોને આશ્રયી જાણવો. **'एवं मणुआउयंपि'** એમ મનુષ્યાયુષ્ય પણ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સમજવો. અહિં પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ યુગલિક મનુષ્યને આશ્રયી જાણવો. દેવાયુષ્ય નૈરયિકાયુષ્યની પેઠે જાણવું. જેમ નૈરયિકાસંજ્ઞીઆયુષ્ય જઘન્યથી દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહ્યું છે તેમ દેવાસંજ્ઞીઆયુષ્ય કહેવું. અહીં અસંજ્ઞી આયુષ્યનું અલ્પબહુત્વ કહેવામાં આવ્યું છે તે આયુષ્યના ટુંકાપણા અને દીર્ઘપણાને આશ્રયી સમજવું.

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં વીસમું અન્તક્રિયાપદ સમાપ્ત.,

- *અરિહંત ભગવંતે પરિગ્રહધારીને દુર્ગતિમાં જવું જ પડે એમ નથી કહ્યું પણ એમ તો કહ્યું જ છે કે પરિગ્રહ એ દુર્ગતિમાં લઈ જવાની શક્યતા ધરાવનારો એક ગ્રહ છે.*
- *અરિહંત ભગવંતે આસક્તિને જ પરિગ્રહ કહ્યો છે. એ વાત સાચી પણ એમણે પરિગ્રહમાં આસક્તિને ઉત્પન્ન કરાવવાની તાકાત પડી છે એમ પણ કહ્યું છે. એ પરિગ્રહધારીયોએ ભુલવું ન જોઈએ.*
- *અરિહંત ભગવંતના શાસનના પંચપરમેષ્ઠિ પદમાં સ્થાન મેળવનાર આત્મા પોતાને અરિહંતથી અધિક બતાવવાની બાલિશચેષ્ટા કરે જ નહીં અને બીજા કોઈ પોતાને અરિહંતથી અધિક માનવાની ચેષ્ટા કરતા હોય તો એને ચલાવી લે નહીં.*

**-- જયાનંદ**

## ।। इगवीसमं सरीरपयं । अत्थाहिगारपरूवणं ।।

विहिसंठाणपमाणं पोग्गलचिणणा सरीरसंजोगो । दव्वपएसऽप्पबहुं सरीरोगाहणऽप्पबहुं ।।

## ।। विहि–संठाण–पमाणदाराइं ।।

**कति णं भंते! सरीरया पण्णत्ता? गोयमा! पंच सरीरया पन्नत्ता, तं जहा- ओरालिए १, वेउव्विए २, आहारए ३, तेयए ४, कम्मए ५.।।सू०-१।।५६१।।**

### એકવીસમું શરીર પદ.

*(મૂ૦) ૧ વિધિ-શરીરના ભેદ, ૨ સંસ્થાન-શરીરનો આકાર, ૩ શરીરનું પ્રમાણ, ૪ શરીરના પુદ્ગલોનો ચય, ૫ શરીરોનો પરસ્પર સંબંધ, ૬ શરીરોનું દ્રવ્ય, પ્રદેશો અને દ્રવ્ય-પ્રદેશો વડે અલ્પબહુત્વ અને, શરીરની અવગાહનાનું અલ્પબહુત્વ એ અધિકારો કહેવાના છે.*

*હે ભગવંત! શરીર કેટલાં પ્રકારનાં કહ્યાં છે? હે ગૌતમ! શરીર પાંચ પ્રકારના કહ્યાં છે. તે આ પ્રમાણે – ૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, ૫ કાર્મણ. ।।૧।।૫૬૧।।*

(ટી૦) ૧. વીશમા પદની વ્યાખ્યા કરી, હવે એકવીશમા પદનો પ્રારંભ કરાય છે. તેનો આ પ્રમાણે સંબંધ છે–અહીં પૂર્વના પદમાં ગતિના પરિણામ વિશેષ અન્તક્રિયારૂપ પરિણામ કહ્યો, અહીં પણ નરકાદિ ગતિમાં ઉત્પન્ન થયેલા જીવોના ગતિના પરિણામ વિશેષ રૂપ જ શરીરના સંસ્થાનાદિનુ પ્રતિપાદન કરાય છે. અહીં આ અધિકારગાથા છે–'**विहिसंठाणपमाणे**' ઇત્યાદિ. પ્રથમ અધિકારમાં વિધિ-શરીર-ના ભેદો કહેવાના છે. ત્યાર પછી સંસ્થાનો, પછી શરીરોનું પ્રમાણ, ત્યાર બાદ કેટલી દિશાઓથી શરીરોના પુદ્ગલોનો ઉપચય થાય છે–એ પ્રમાણે પુદ્ગલોનો ચય કહેવાનો છે. પછી ક્યા શરીરના સદ્ભાવમાં કયું શરીર અવશ્ય હોય એ પ્રમાણે શરીરનો પરસ્પર સંબંધ કહેવાનો છે. ત્યાર પછી દ્રવ્યો, પ્રદેશો અને દ્રવ્યપ્રદેશો વડે અલ્પબહુત્વ કહેવાનું છે, તાત્પર્ય એ છે કે દ્રવ્યાર્થરૂપે પ્રદેશાર્થરૂપે અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થરૂપે પાંચે શરીરોનું અલ્પબહુત્વ કહેવાનું છે, ત્યાર પછી પાંચે શરીરનું અવગાહના સંબંધે અલ્પબહુત્વ કહેવાનું છે. એ અધિકાર ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો.

તેમાં ઉદ્દેશના ક્રમ પ્રમાણે નિર્દેશ હોય છે' એ ન્યાયથી પ્રથમ વિધિદ્વાર કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રારંભમાં શરીરના મૂલ ભેદો જણાવે છે–'**कइ णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! કેટલા શરીરો છે? '**शीर्यन्ते**'–પ્રતિક્ષણ વિનશ્વર ભાવને ધારણ કરે તે શરીરો. ભગવાન્ ઉત્તર આપે છે–'હે ગૌતમ! મેં તથા અન્ય તીર્થંકરોએ પાંચ શરીરો કહ્યા છે. તેને નામમાત્ર થી જણાવે છે– 'ઓરાલિએ' ઇત્યાદિ. ઉદાર-પ્રધાન, એનું પ્રધાનપણું તીર્થંકર અને ગણધરના શરીરની અપેક્ષાએ સમજવું. કારણ કે તેથી અન્ય અનુત્તર દેવોનું શરીર પણ અનન્તગુણહિન છે. અથવા ઉદાર-કંઈક અધિક હજાર યોજન પ્રમાણ હોવાથી બીજા શરીરની અપેક્ષાએ મોટું; તેનુ મોટાપણું ભવધારણીય સ્વભાવિક વૈક્રિય શરીરની અપેક્ષાએ સમજવું, અન્યથા ઉત્તર વૈક્રિય લાખ યોજન પ્રમાણ પણ હોય છે. ઉદારમેવ ઔદારિકં ઉદાર એજ ઔદારિક. અહીં સ્વાર્થમાં વિનયાદિમાં પાઠ હોવાથી '**इकण**' પ્રત્યય થયો છે. જેમકે વિનય ઉપરથી વૈનયિક. **विविधा विशिष्टा वा क्रिया विक्रिया, तस्यां भवं वैक्रियम्**-વિવિધ પ્રકારની અથવા વિશિષ્ટ ક્રિયા તે વિક્રિયા, તે નિમિત્તે થયેલું તે વૈક્રિય, તે આ પ્રમાણે–"તે વૈક્રિયશરીર એક થઇને અનેક રૂપે થાય છે, અને અનેક થઇને એક થાય છે; સૂક્ષ્મ થઇને મોટું થાય છે, અને મોટું થઇને સૂક્ષ્મ થાય છે, ખેચર થઇને-આકાશમાં ચાલીને ભુમિ ઉપર ચાલે છે, ભુમિ ઉપર ચાલીને આકાશમાં ચાલે છે. દ્રશ્ય થઇને અદ્રશ્ય થાય છે, અને અદ્રશ્ય થઇને દ્રશ્ય થાય છે" –ઇત્યાદિ. તે વૈક્રિય શરીર બે પ્રકારનું છે–ઔપપાતિક અને લબ્ધિપ્રત્યય. તેમાં ઉપપાતજન્મ નિમિત્તે થયેલું તે ઔપપાતિક. તે દેવ અને નારકોને હોય છે અને લબ્ધિનિમિત્તક મનુષ્ય અને તિર્યંચોને હોય છે. '**आहारए**' त्ति. આહારક-ચઉદ પૂર્વધરો વડે તીર્થંકરની ઋદ્ધિદર્શન વગેરે તથાવિધ

१. हरीभद्रवृत्ति-मलयवृत्ति गत सूत्र पाठावतरणे, हरिभद्रवृत्ति प्रत्यन्तरे पुनः 'पमाण' इति पाठोऽप्युलभ्यते.

પ્રયોજન વડે વિશિષ્ટ લબ્ધિના વશથી 'आह्रियते'–કરાય તે આહારક. અહીં કર્મમાં 'ण्क' પ્રત્યય થયો છે. જેમકે पादाभ्यां ह्रियते इति पादहारकः–પગ વડે હરણ કરાય તે પાદહારક. એ સંબંધે કહ્યું છે કે—

"कज्जंमि समुपन्ने सुयकेवलिणा विसिट्ठलद्धिए । जं एत्थ आहरिज्जइ भणंति आहारगं तं तु" ॥

કાર્ય ઉત્પન્ન થવાથી શ્રુતકેવલિ દ્વારા વિશિષ્ટ લબ્ધિ વડે કરાય તેને આહારક કહે છે. અને તેઓને આ કાય હોય છે–

पाणिदयरिद्धिदंसणसुहमपयत्थावगहणहेउं वा । संसयवोच्छेयत्थं गमणं जिणपायमूलंमि ॥

પ્રાણીદયા, ઋદ્ધિદર્શન અને સૂક્ષ્મ પદાર્થને સમજવા માટે તથા સંશય દૂર કરવા માટે જિનની પાસે (આહારક શરીર વડે) ગમન થાય છે. તે વૈક્રિયશરીરની અપેક્ષાએ અત્યન્ત શુભ અને સ્વચ્છ સ્ફટિકશિલાની પેઠે શુભ્ર પુદ્ગલના સમૂહની રચનારૂપ છે. 'तेयए' ઇતિ. તૈજસ–તેજસ્ એટલે તૈજસ્ પુદ્ગલોનો વિકાર–પરિણામ તે તૈજસ શરીર. અહીં વિકાર અર્થમાં 'अण्' પ્રત્યય થયો છે. તે ઉષ્મા–ગરમી છે લિંગચિન્હ જેનું એવું તથા ખાધેલા આહારના પરિણામનું કારણ છે. તે તૈજસ સરીરથી જેને વિશિષ્ટ તપથી લબ્ધિ વિશેષ ઉત્પન્ન થયેલી છે એવા પુરુષને તેજોલેશ્યા નીકળે છે. એ સંબંધે કહ્યું છે કે–

सव्वस्स उम्हसिद्धं रसाइआहारपाकजणगं च । तेयगलद्धिनिमित्तं च तेयगं होइ नायव्वं ॥

સર્વને ઉષ્મા–ગરમીથી સિદ્ધ–નિશ્ચિત, રસાદિ આહારના પાક–પરિણામને ઉત્પન્ન કરનાર અને તૈજસ લબ્ધિનું કારણ તૈજસ શરીર છે. 'कम्मए' ઇતિ–કર્મજ–કર્મથી ઉત્પન્ન થયેલું કર્મજ અથવા કાર્મણ શરીર કહેવાય છે. તાત્પર્ય એ છે કે કર્મપરમાણુઓ જ આત્મપ્રદેશની સાથે ક્ષીરનીરની પેઠે પરસ્પર મળેલા અને શરીરરૂપે પરિણત થયેલા છે તે કર્મજ શરીર કહેવાય છે. આજ કારણથી તેને બીજે સ્થળે 'કાર્મણ' શરીર કહ્યું છે. કર્મનો વિકાર–પરિણામ તે કાર્મણ. એ સંબંધે કહ્યું છે કે—

कम्मविगारो कम्मणमट्ठविहविचित्तकम्मनिष्पन्नं । सव्वेसिं सरीराणं कारणभूयं मुणेयव्वं ॥

કર્મનો વિકાર એ કાર્મણ, તે આઠ પ્રકારના વિચિત્ર કર્મથી થયેલું છે. અને તેને બધા શરીરનું કારણભૂત જાણવું."–બધા ઔદારિકાદિ શરીરનું કારણભૂત–બીજરૂપ કાર્મણ શરીર છે. કારણ કે ભવ પ્રપંચરૂપ અંકુરના બીજભુત કાર્મણ શરીરનો મુળથી નાશ થયો હોય તો બાકીના શરીરની ઉત્પત્તિ થતી નથી. આ કામર્ણ શરીર પ્રાણીને એક ગતિથી બીજી ગતિમાં જવાને અત્યન્ત સાધક કારણરૂપ છે. તે આ પ્રમાણે–તૈજસ સહિત કાર્મણ શરીર યુક્ત જીવ મરણ સ્થાનનો ત્યાગ કરી ઉપજવાના સ્થાને જાય છે.(પ્ર૦)–જો તૈજસ યુક્ત કાર્મણ શરીર સહિત જીવ બીજી ગતિમાં જાય છે તો જતાં આવતા કેમ દેખાતો નથી? (ઉ૦)–કર્મપુદ્ગલો અત્યન્ત સૂક્ષ્મ હોવાથી ચક્ષુ આદિ ઇન્દ્રિયોને અગોચર છે. અન્યતીર્થિકોએ પણ કહ્યું છે—

"अन्तरा भवदेहोऽपि सूक्ष्मत्वान्नोपलभ्यते । निष्क्रामन् प्रविशन् वाऽपि नाभावोऽनीक्षणादपि ॥

વચ્ચે રહેલો ભવદેહ (ભવની સાથે સંબંધ રાખનાર શરીર) પણ નીકળતા કે પ્રવેશ કરતા જણાતો નથી, પણ નહિ જોવાથી તેનો અભાવ સિદ્ધ થતો નથી. એટલે કોઇપણ વસ્તુનો અનુલપબ્ધિમાત્રથી અભાવ સિદ્ધ થતો નથી, પણ યોગ્યાનુપલબ્ધિ અભાવની સાધક છે. ॥૧॥૫૬૯॥

## ।। ओरालियसरीरे विहिदारं ।।

**ओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते ? गोयमा पंचविहे पन्नत्ते, तं जहा-एगिंदियओरालियसरीरे, जाव पंचिंदियओरालियसरीरे। एगिंदियओरालिय-सरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा-पुढविक्काइयएगिंदियओरालियसरीरे, जाव वणप्फइकाइयएगिंदियओरालिय-सरीरे । पुढविक्काइय-एगिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-सुहुमपुढविक्काइय-एगिंदियओरालियसरीरे य, बादरपुढविक्काइयएगिंदियओरालियसरीरे य। सुहुमपुढविक्काइयएगिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-पज्जत्तगसुहुमपुढविक्काइयएगिंदियओरालियसरीरे य**

अपज्जत्तगसुहुमपुढविक्काइयएगिंदिय-ओरालियसरीरे य। बादरपुढविक्काइयावि एवं चेव, एवं जाव वणस्सइकाइयएगिंदियओरालियसरीरे त्ति बेइंदियओरालियसरीरे णं भंते। कतिविहे पन्नत्ते? गोयमा! दुविधे पन्नत्ते, तं जहा-पज्जत्तबेइंदिय ओरालियसरीरे य अपज्जत्तबेइंदियओरालियसरीरे य। एवं तेइंदिय चउरिंदिया वि। पंचिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा तिरिक्खजोणियपंचिदिय-ओरालियसरीरे य मणुस्सपंचिंदियओरालियसरीरे य। तिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! तिविहे पन्नत्ते, तं जहा-जलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य थलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य खहयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य। जलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-संमुच्छिमजलयरपंचिंदियतिरिक्खजोणियओरालियसरीरे य गब्भवक्कंतियजलयरपंचिंदियतिरिक्खजोणिय-ओरालियसरीरे य। संमुच्छिमजलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे णं भते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-पज्जत्तगसंमुच्छिमपंचिंदियतिरिक्खजोणियसरीरे य अपज्जत्तगसंमुच्छिमपंचिदियतिरिक्ख-जोणियओरालियसरीरे य, एवं गब्भवक्कंतिए वि। थलयरपंचिंदियतिरिक्खजोणियओरालियसरीरे णं भते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा चउप्पयथलयरतिरिक्खजोणियपंचिन्दियओरालियसरीरे य परिसप्पथलयरतिरिक्खजोणियपंचेन्दियओरालियसरीरे य। चउप्पयथलयरतिरिक्खजोणियपंचिन्दियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-संमुच्छिमचउप्पयथलयरतिरिक्खजोणियपंचेंदिय-ओरालियसरीरे य गब्भवक्कंतियचउप्पयथलयरतिरिक्खजोणियपंचिन्दियओरालियसरीरे य। संमुच्छिम-चउप्पयथलयरतिरिक्खजोणियपंचिन्दियओरालियसरीरे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-पज्जत्तसंमुच्छिमचउप्पयथलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य अपज्जत्तसंमुच्छिम-चउप्पयथलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य। एवं गब्भवक्कंतिए वि। परिसप्पथलयरतिरिक्ख-जोणियपंचिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-उरपरिसप्पथलयरतिरिक्ख-जोणियपंचिंदियओरालियसरीरे य भुयपरिसप्पथलयर-तिरिक्खजोणियपंचिंदिय ओरालियसरीरे य। उरपरिसप्पथलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-संमुच्छिमउरपरिसप्पथलयरपंचिंदियतिरिक्खजोणियओरालियसरीरे य गब्भवक्कंतियउरपरिसप्पथलयर-तिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य। संमुच्छिमे दुविहे पन्नत्ते, तं जहा-अपज्जत्तसंमुच्छिम-उरपरिसप्पथलयरतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे य पज्जत्तसंमुच्छिमउरपरिसप्पथलयरतिरिक्ख-जोणियपंचिंदियओरालियसरीरे य, एवं गब्भवक्कंतियउरपरिसप्प चउक्कओ भेदो। एवं भुयपरिसप्पा वि-संमुच्छिम-गब्भवक्कंतिय पज्जत्त-अपज्जत्ता य। खहयरा दुविहा पन्नत्ता, तं जहा-संमुच्छिमा य गब्भवक्कंतिया य। संमुच्छिमा दुविहा पन्नत्ता, पज्जत्ता-अपज्जत्ता य। गब्भवक्कंतियावि पज्जत्ता य अपज्जत्ता य। मणूसपंचिंदियओरालियसरीरे णं भंते ! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-संमुच्छिममणूस-पंचिंदियओरालियसरीरे य गब्भवक्कंतियमणूसपंचिंदियओरालियसरीरे य गब्भवक्कंतियमणूसपंचिंदिय-ओरालियसरीरे णं भंते ! कतिविहे पन्नत्ते ? गोयमा ! दुविहे पन्नत्ते, तं जहा-पज्जत्तगगब्भवक्कंतियमणूस-

**पंचिंदियओरालियसरीरे य अपज्जत्तगगब्भवक्कंतियमणुसपंचिंदियओरालियसरीरे य।।सू०-२।।५७०।।**

*(મૂ૦) હે ભગવન્ ! કેટલા શરીરો કહ્યાં છે. ? હે ગૌતમ! પાંચ શરીરો કહ્યાં છે. તે આ પ્રમાણે–૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ, અને ૫ કાર્મણ. હે ભગવન્! ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે–૧ એકેન્દ્રિય ઔદારિક શરીર, યાવત્ ૫ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્! એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે–૧ પૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિકશરીર, યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય ઔદારિક શરીર. પૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–સૂક્ષ્મપૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર અને બાદર પૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર. સૂક્ષ્મપૃથિવીકાય એકેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે? હે ગૌતમ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત સૂક્ષ્મ પૃથિવીકાય ઔદારિક શરીર અને અપર્યાપ્ત સૂક્ષ્મપૃથિવીકાય ઔદારિક–શરીર. બાદર પૃથિવીકાયિક શરીર પણ એમજ સમજવું. એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર સમજવું. હે ભગવન્! બેઇન્દ્રિય ઔદારિક શરીર કેટલાં પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત બેઇન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત બેઇન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય ઔદારિક શરીર જાણવું. હે ભગવન્! પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે–જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિકશરીર, સ્થલચર તિર્યંચપંચેન્દ્રિય ઔદારિકશરીર અને ખેચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર હે ભગવન્! સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે ગર્ભજ-જલચર સંબંધે જાણવું. હે ભગવન્! સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્! ચતુષ્પદ સ્થલચર ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–સંમૂર્ચ્છિમ સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્! સંમૂર્ચ્છિમ સ્થલચર ચતુષ્પદ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. એમ ગર્ભજ સંબંધે પણ જાણવું. હે ભગવન્! પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ભુજપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્! ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે? હે ગૌતમ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે–સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–અપર્યાપ્ત સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર અને પર્યાપ્ત સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર. એ પ્રમાણે ગર્ભજ ઉરપરિસર્પના પણ ચાર ભેદ જાણવા. એમ ભુજપરિસર્પના પણ સંમૂર્ચ્છિમ, ગર્ભજ, પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદો સમજવા. ખેચર બે પ્રકારના છે–જેમકે સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. સંમૂર્ચ્છિમ બે પ્રકારના કહ્યા છે, જેમકે પર્યાપ્તા અને*

*અપર્યાપ્તા. ગર્ભજ પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બે પ્રકારના છે. હે ભગવન્! મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારે છે? હે ગૌતમ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે–સંમૂર્ચ્છિમ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર અને ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. હે ભગવન્! ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેટલા પ્રકારના છે? હે ગૌતમ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે–પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર અને અપર્યાપ્ત ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર. ॥૨॥૫૭૦॥*

(ટી૦) હવે ઔદારિક શરીરના જીવની જાતિના ભેદથી અને અવસ્થાના ભેદથી ભેદો કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે– **'ओरालियसरीरे णं भंते'**! ઇત્યાદિ. ઔદારિક શરીર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પચેન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારે છે. એકેન્દ્રિય ઔદારિક શરીર પણ પૃથિવી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિ રૂપ એકેન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારનું છે. પૃથિવીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર પણ સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે પ્રકારે છે. ફરીથી એક એકના પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદથી બે પ્રકાર થાય છે. એ પ્રમાણે અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિ એકેન્દ્રિય ઔદારિક શરીર પણ એક એક ચાર પ્રકારે થાય છે. એમ બધી સંખ્યા મળી એકેન્દ્રિય ઔદારિક શરીરો વીશ પ્રકારના છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય ઔદારિક શરીરો પ્રત્યેક પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદ હોવાથી બે પ્રકારના છે. પંચેન્દ્રિય ઔદારિક શરીર તિર્યંચ અને મનુષ્યના ભેદથી બે પ્રકારનું છે. તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર જલચર, સ્થલચર અને ખેચરના ભેદથી ત્રણ પ્રકારનું છે. જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર પણ સંમૂર્ચ્છિમ અને ગર્ભજના ભેદથી બે પ્રકારે છે. અને પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી એક એકના પણ બે પ્રકાર છે. સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર પણ ચતુષ્પદ પરિસર્પના ભેદથી બે પ્રકારે છે. ચતુષ્પદ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર પણ સંમૂર્ચ્છિમ અને ગર્ભજના ભેદથી બે પ્રકારે છે. પુનઃ એક એકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે પ્રકાર છે. પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર પણ ઉરપરિસર્પ અને ભુજપરિસર્પના ભેદથી બે પ્રકારે છે. વળી એક એકના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બે પ્રકાર થાય છે. અને તેમાં પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી એક એકના બે પ્રકાર છે. બધા મળીને પરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરના આઠ ભેદ થાય છે. ખેચર પંચેન્દ્રિય ઔદારિક શરીર સંમૂર્ચ્છિમ અને ગર્ભજના ભેદથી બે પ્રકારનું છે. પુનઃ એક એકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે પ્રકાર છે. જલચરના ચાર, ચતુષ્પદ સ્થલચરના ચાર, પરિસર્પ સ્થલચરના આઠ અને ખેચરના ચાર એમ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીરના વીશ ભેદ થાય છે. મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એ બે ભેદ છે. તેમા ગર્ભજના પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકાર થાય છે. અને સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા જ હોય છે. ॥૨॥૫૭૦॥

## ।। ओरालियसरीरसंठाणदारं ।।

**ओरालियसरीरे णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! णाणासंठाणसंठिए पन्नत्ते। एगिंदियओरालियसरीरे-णं भंते किंसंठिए पन्नत्ते? गोयमा! णाणासंठाणसंठिए पन्नत्ते। पुढविक्काइयएगिंदियओरालियसरीरे किंसंठिए पन्नत्ते? गोयमा! मसूरचंदसंठाणसंठिए' पन्नत्ते। एवं सुहुमपुढविक्काइयाण वि बायराण वि एवं चेव, पज्जत्तापज्जत्ताण वि एवं चेव, आउक्काइयएगिंदियओरालियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! थिबुकबिंदुसंठाणसंठिए पन्नत्ते। एवं सुहुमबायरपज्जत्तापज्जत्ताण वि। तेउक्काइयएगिंदियओरालिय-सरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! सूईकलावसंठाणसंठिए पन्नत्ते। एवं सुहुम-बादर-पज्जत्तापज्जत्ताण वि। वाउक्काइयाणं वि पडागासंठाणसंठिए पण्णत्ते, एवं सुहुम-बादर-पज्जत्तापज्जत्ताण वि। वणप्फइकाइयाणं णाणासंठाणसंठिए पन्नत्ते, एवं सुहुम-बादर-पज्जत्तापज्जत्ताण वि। बेइंदिय-ओरालियसरीरे णं भंते! किंसंठाणसंठिए**

१. सर्वेष्वप्यादर्शेषु 'मसुराचंद' इति पाठ उपलभ्यते (म.वि.)

पन्नत्ते? गोयमा! हुंडसंठाणसंठिए पन्नत्ते, एवं पज्जत्तापज्जत्ताण वि, एवं तेइंदिय-चउरिंदियाण वि। तिरिक्खजोणियपंचिंदियओरालिय-सरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! छव्विहसंठाणसंठिए पन्नत्ते, तं जहा-समचउरंससंठाणसंठिए, जाव हुंडसंठाणसंठिए वि, एवं पज्जत्तापज्जत्ताण वि। संमुच्छिमतिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! हुंडसंठाणसंठिए पन्नत्ते, एवं पज्जत्तापज्जत्ताण वि। गब्भवक्कंतिय-तिरिक्खजोणियपंचिंदियओरालियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! छव्विहसंठाणसंठिए पन्नत्ते, तं जहा-समचउरंसे० जाव हुंडसंठाणसंठिए। एवं पज्जत्तापज्जत्ताण वि। एवमेते तिरिक्खजोणियाणं[1] ओहियाणं णव आलावगा। जलयरतिरिक्ख-जोणियपंचिंदियओरालियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! छव्विहसंठाणसंठिए पन्नत्ते, तं जहा-समचउरंसे जाव हुंडे, एवं पज्जत्तापज्जत्ताण वि। संमुच्छिमजलयरा हुंडसंठाणसंठिया, एतेसिं चेव पज्जत्ता अपज्जत्तगा वि एवं चेव। गब्भवक्कंतियजलयरा छव्विहसंठाणसंठिया, एवं पज्जत्तापज्जत्तगा वि। एवं थलयराण वि णव सुत्ताणि, एवं चउप्पयथलयराण वि उरपरिसप्पथलयराण वि भुयपरिसप्पथलयराण वि। एवं खहयराण वि णव सुत्ताणि, नवरं सव्वत्थ संमुच्छिमा हुंडसंठाणसंठिया भाणियव्वा, इयरे छसु वि। मणूसपंचिंदियओरालियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! छव्विहसंठाणसंठिए पन्नत्ते, तं जहा-समचउरंसे जाव हुंडे, पज्जत्तापज्जत्ताण वि एवं चेव, गब्भवक्कंतियाण वि एवं चेव, पज्जत्तापज्जत्तगाण वि एवं चेव। संमुच्छिमाणं पुच्छा। गोयमा! हुंडसंठाणसंठिया पण्णत्ता।।सू०-३।।५७१।।

*(મૂ૦) હે ભગવન્ ! ઔદારિક શરીર કેવા સંસ્થાન આકારવાળું છે ? હે ગૌતમ ! અનેક પ્રકારનાં સંસ્થાનવાળું છે. એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે. હે ગૌતમ ! અનેક પ્રકારનાં સંસ્થાનવાળું છે. હે ભગવન્ ! પૃથિવીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! મસૂરના ચંદ્રાકાર અર્ધ ભાગના જેવા સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સૂક્ષ્મ પૃથિવીકાયિક અને બાદર પૃથિવીકાયિકનું સંસ્થાન જાણવું. એમ પર્યાપ્તા અને અપર્યાપ્તાનું પણ સમજવું. હે ભગવન્! અપ્કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે. હે ગૌતમ! સ્તિબુકબિન્દુ-પરપોટાના જેવા સંસ્થાનવાળું છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા સંબંધે જાણવું. હે ભગવન્! તેજસ્કાયિક એકેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! સોયના સમુહના જેવા સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા સંબંધે જાણવું. વાયુકાયિકોનું શરીર પતાકાનાં જેવા સંસ્થાનવાળું છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું. વનસ્પતિકાયિકોના શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળાં છે. એમ સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું. હે ભગવન્! બેઇન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે ? હે ગૌતમ! તે હુંડ સંસ્થાનવાળું છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર પણ સમજવું. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયના શરીર પણ જાણવાં. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચ ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! છ પ્રકારના સંસ્થાનવાળું છે. તે આ પ્રમાણે- સમચતુરસ્રસંસ્થાનવાળું યાવત્ હુંડ સંસ્થાનવાળું. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું. હે ભગવન્! સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! તે હુંડ સંસ્થાનવાળું છે. એમ પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર પણ જાણવું. હે ભગવન્! ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ તે છ પ્રકારના સંસ્થાનવાળું છે. તે આ પ્રમાણે-સમચતુરસ્ર સંસ્થાનવાળું યાવત્ હુંડ સંસ્થાનવાળું એમ પર્યાપ્તા અને અપર્યાપ્તા*

१. क्खजोणियओ इति पाठान्तर (म.वि.)

*શરીર સંબંધે જાણવું. એ પ્રમાણે ઔઘિક–સામાન્ય તિર્યંચોના નવ આલાપકો થાય છે. હે ભગવન્! જલચર તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે? હે ગૌતમ! છ પ્રકારના સંસ્થાનવાળું છે. તે આ પ્રમાણે–સમચતુરસ્રસંસ્થાનવાળું યાવત્ હુંડ સંસ્થાનવાળું. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાનું શરીર જાણવું. સંમૂર્ચ્છિમ જલચરો હુંડસંસ્થાનવાળા છે. એઓના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમજ સમજવા. ગર્ભજ જલચરો છ પ્રકારના સંસ્થાનવાળા છે. એ પ્રમાણે પર્યાપ્તા અને અપર્યાપ્તાને પણ જાણવું. એમ સ્થલચરોના પણ નવ સૂત્રો જાણવા. ચતુષ્પદ સ્થલચરોના, ઉરપરિ–સર્પ સ્થલચરોના અને ભુજપરિર્પ સ્થલચરોના પણ નવ નવ સૂત્રો જાણવા. એ રીતે ખેચરના પણ નવ સૂત્રો જાણવાં. પરન્તુ બધે સંમૂર્ચ્છિમો હુંડસંસ્થાનવાળા કહેવા. અને બીજા ગર્ભજ છ એ સંસ્થાનોમાં હોય છે. એટલે તેઓને છ સંસ્થાનો હોય છે. મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું હોય છે ? હે ગૌતમ! છ પ્રકારના સંસ્થાનવાળું હોય છે. તે આ પ્રમાણે–સમચતુરસ્ર સંસ્થાનવાળું યાવત્ હુંડસંસ્થાનવાળું. પર્યાપ્તા અને અપર્યાપ્તાના શરીર પણ એમજ જાણવાં. ગર્ભજના તથા ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તાના એમજ સમજવાં. સંમૂર્ચ્છિમ મનુષ્યો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ હુંડસંસ્થાનવાળા હોય છે. ॥૩॥૫૭૧॥*

(ટી૦) એમ ઔદારિક શરીરના ભેદો કહ્યા, હવે એ શરીરભેદોના અનુક્રમે સંસ્થાનો કહે છે–'**ओरालिय सरीरे णं भंते**'! ઇત્યાદિ. ઔદારિક શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળું છે, કારણ કે જીવની જાતિના ભેદથી સંસ્થાનનો ભેદ થાય છે. એકેન્દ્રિય ઔદારિક શરીરને વિષે અનેક પ્રકારના સંસ્થાન હોય છે, કારણ કે પૃથિવ્યાદિ પ્રત્યેકના જુદા જુદા સંસ્થાન છે. તેમાં સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા પૃથિવીકાયિકના ઔદારિક શરીરના સંસ્થાનો મસૂરના ચંદ્રની–ચંદ્રાકાર અર્ધ ભાગની આકૃતિ જેવાં છે. સૂક્ષ્માદિ ભેદથી ચાર પ્રકારના અપ્કાયિક જીવોના ઔદારિક શરીરો સ્તિબુકબિંદુના–પરપોટાની આકૃતિ જેવા છે. સ્તિબુકની આકૃતિ જેવો બિન્દુ, પણ પવન વગેરેથી ચારે તરફ ફેલાયેલો નહિ, તેનું જે સંસ્થાન–આકાર તેના જેવી આકૃતિવાળાં છે. સૂક્ષ્માદિ ભેદથી ચાર પ્રકારવાળા તૈજસકાયિક જીવોના ઔદારિક શરીરો સોયના જથ્થાની આકૃતિ જેવાં છે. સૂક્ષ્માદિ ભેદથી ચાર ભેદવાળા વાયુકાયિકોના ઔદારિક શરીરો પતાકા–ધ્વજાની આકૃતિ જેવાં છે. સૂક્ષ્મ બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા દરેક વનસ્પતિકાયિકોના ઔદારિક શરીરો અનેક પ્રકારની આકૃતિવાળાં છે. કારણ કે દેશ, કાળ અને જાતિના ભેદથી તેઓના સંસ્થાનો અનેક પ્રકારનાં છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય પ્રત્યેકના ઔદારિક શરીરો હુંડસંસ્થાનવાળાં હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયના શરીર સામાન્ય રીતે છ પ્રકારના સંસ્થાનવાળા છે. તેજ બતાવે છે–'**समचउरंसठाणसंठिए**' ઇત્યાદિ. સમચતુરસ્ર સંસ્થાનવાળું, યાવત્ શબ્દથી '**नग्गोहपरिमंडलसंठाणसंठिए**'–ન્યગ્રોધપરિમંડલસંસ્થાનવાળું, **साइसंठाणसंठिए**–સાદિસંસ્થાનવાળું, **वामणसंठाणसंठिए**, વામનસંસ્થાનવાળું, **खुज्जसंठाणसंठिए**–કુબ્જસંસ્થાનવાળું, **हुंडसंठाणसंठिए**–હુંડ સંસ્થાનવાળું હોય છે, તેમાં સમ–સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા પ્રમાણ અને લક્ષણ યુક્ત ચતુર્–ચાર–અસ્રિ–ચાર બાજુના શરીરના અવયવો જેના છે તે સમચતુરસ્ર અહીં સમાસાન્ત 'અ' પ્રત્યય થવાથી સમચતુરસ્ર થાય છે. ન્યગ્રોધ–વડની પેઠે પરિમંડલ–આકાર જેનો છે તે ન્યગ્રોધપરિમંડલ. જેમ વડ ઉપરના ભાગમાં (શાખા, પ્રશાખા, પાંદડા વગેરેથી) સંપૂર્ણ પ્રમાણવાળો છે અને નીચે થડનો ભાગ હીન પ્રમાણવાળો છે તેમ જે સંસ્થાન નાભિની ઉપરના ભાગમાં સંપૂર્ણ પ્રમાણવાળું હોય અને નીચે તેવા પ્રકારનું ન હોય તે ન્યગ્રોધપરિમંડલ, આદિ સહિત તે આદિ–ઉત્સેધ નામે નાભિની નીચેના શરીરનો ભાગ, એટલે જેમાં નાભિની નીચેનો ભાગ શાસ્ત્રોક્ત પ્રમાણ અને લક્ષણયુક્ત હોય તે સાદિ સંસ્થાન. યદ્યપિ સર્વ શરીરો આદિ–નાભિની નીચેના ભાગ–સહિતજ હોય છે તેથી સાદિ વિશેષણ બીજી રીતે સાર્થક થતું નહિ હોવાથી વિશિષ્ટ પ્રમાણ અને લક્ષણ સહિત આદિ ભાગ ગ્રહણ કરવો. માટે યથોક્ત હોય પ્રમાણ અને લક્ષણવાળા આદિ ભાગ સહિત એમ કહ્યું છે. તાત્પર્ય એ છે કે જે સંસ્થાન નાભિની નીચેના ભાગમાં પ્રમાણ અને લક્ષણયુક્ત હોય અને ઉપરના ભાગમાં પ્રમાણ અને લક્ષણહીન હોય તે સાદિ. બીજા આચાર્યો સાદિને બદલે 'સાચી' એવો પાઠ કહે છે. તેમા પ્રવચનને જાણનાર સાચી–શાલ્મલી–શેમળાના ઝાડને કહે છે. જેમ શેમળાના ઝાડના સ્કન્ધ–થડ અને કાંડ પુષ્ટ હોય છે. અને ઉપર તેને યોગ્ય વિશાલતા હોતી નથી, તેમ આ સંસ્થાનનો પણ નીચેનો ભાગ પરિપૂર્ણ હોય છે અને ઉપરનો

ભાગ તેવો હોતો નથી. જ્યાં મસ્તક, ગ્રીવા, હાથ અને પગ વગેરે શાસ્ત્રોક્ત પ્રમાણ અને લક્ષણયુક્ત હોય અને છાતી, પેટ વગેરે પ્રમાણ અને લક્ષણહીન અપ્રશસ્ત હોય તે કુબ્જ સંસ્થાન. જ્યા છાતી, ઉદર વગેરે પ્રમાણ અને લક્ષણયુક્ત હોય, અને મસ્તક ગ્રીવા, હાથ અને પગ વગેરે હીન હોય તે વામન સંસ્થાન. જ્યાં બધા અવયવો પ્રમાણ અને લક્ષણ રહિત હોય તે હુંડ સંસ્થાન. 'एवं पज्जत्तापज्जत्ताण वि'–એ પ્રમાણે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચોની પેઠે પર્યાપ્તા અને અપર્યાપ્તા પ્રત્યેકને સૂત્ર કહેવું. એ પ્રમાણે ત્રણ સૂત્રો થયા. એ રીતે સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયોના પણ ત્રણ સૂત્રો કહેવાં. પરન્તુ તેઓના ત્રણે સૂત્રોમાં ઔદારિક શરીર હુંડસંસ્થાનવાળું કહેવું. કારણ કે બધા સમૂર્ચ્છિમોને પણ વિશેષતા સિવાય એક હુંડ સંસ્થાન હોય છે. ત્રણે સૂત્રો સામાન્ય રીતે ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોને પણ હોય છે. પરન્તુ તે ત્રણે સૂત્રોમાં 'छव्विहसंठाणसंठिए पण्णत्ते'–છ પ્રકારના સંસ્થાનવાળા હોય છે. ઇત્યાદિ કહેવું. કારણ કે ગર્ભજોમાં સમચતુરસ્રાદિ છ એ સંસ્થાનોનો સંભવ છે. એ પ્રમાણે સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિય સંબંધે નવ આલાપક કહ્યા. આજ ક્રમથી જલચર તિર્યંચ પંચેન્દ્રિયો, સામાન્ય સ્થલચર, ચતુષ્પદ સ્થલચર, ઉરપરિસર્પ સ્થલચર, ભુજપરિસર્પ સ્થલચર, અને ખેચર તિર્યંચ પંચેન્દ્રિયો પ્રત્યેકને નવ નવ સૂત્રો કહેવા. બધા મળીને તિર્યંચ પંચેન્દ્રિયોના ત્રેસઠ સૂત્રો અને મનુષ્યોને નવ સૂત્ર તથા બધે સંમૂર્ચ્છિમોમાં હુંડ સંસ્થાન કહેવું અને ગર્ભજને છએ સંસ્થાનો કહેવાં. ॥૩॥૫૭૧॥

## ।। ओरालिय सरीरे पमाण दारं ।।

**ओरालियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सातिरेगं जोयणसहस्सं। एगिंदियओरालियस्स वि एवं चेव जहा ओहियस्स। पुढविक्काइयएगिंदियओरालियसरीरस्स णं भंते! केमहालिया पुच्छा। [सरीरोगाहणा पन्नत्ता?] गोयमा! जहन्नेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं, एवं अपज्जत्तयाण वि पज्जत्तयाण वि। एवं सुहुमाण वि पज्जत्तापज्जत्ताणं, बादराणं पज्जत्तापज्जत्ताण वि। एवं एसो नवओ भेदो। जहा पुढविक्काइयाणं तहा आउक्काइयाण वि तेउक्काइयाण वि वाउक्काइयाण वि। वणस्सइकाइयओरालियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सातिरेगं जोयणसहस्सं। अपज्जत्तगाणं जहन्नेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं, पज्जत्तगाणं जहन्नेणं अंगुलस्स असंखेज्जतिभागं उक्कोसेणं सातिरेगं जोयणसहस्सं। बादराणं जहन्नेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं सातिरेगं जोयणसहस्सं, पज्जत्ताण वि एवं चेव। अपज्जत्ताणं जहन्नेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेजइभागं। सुहुमाणं पज्जत्तापज्जत्ताण य तिण्ह वि जहन्नेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जइभागं। बेइंदियओरालियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं बारस जोयणाइं। एवं सव्वत्थ वि अपज्जत्तयाणं अंगुलस्स असंखेज्जइभागं जहण्णेण वि उक्कोसेण वि। पज्जत्तयाणं जहेव ओरालियस्स ओहियस्स। एवं तेइंदियाणं तिण्णि गाउयाइं, चउरिंदियाणं चत्तारि गाउयाइं, पंचिंदियतिरिक्खजोणियाणं उक्कोसेणं जोयणसहस्सं ३, एवं संमुच्छिमाणं ३, गब्भवक्कंतियाण वि ३, एवं चेव नवओ भेदो भाणियव्वो। एवं जलयराण वि जोयणसहस्सं नवओ भेदो, थलयराण वि णवओ भेदो ९, #उक्कोसेणं छग्गाउयाइं, पज्जत्ताण वि एवं चेव, संमुच्छिमाणं पज्जत्तगाण य उक्कोसेणं गाउयपुहुत्तं ३, गब्भवक्कंतियाणं उक्कोसेणं छग्गाउयाइं पज्जत्ताण य# २, ओहियचउप्पयपजतयगब्भवक्कंतिय-**

१. सर्वेष्वपि सूत्रादर्शेषूपलभ्यमान, एतच्चिह्नान्तर्गतः पाठोऽसङ्गत आभाति, टीकायामस्य पाठस्य व्याख्या न वर्तते, नोपलभ्यते चायं पाठ श्री जीवविजयगणि कृतस्तबके।पन्नवणा।। (महावीर विद्यालय) यह पाठ विचारणीय लगता है, क्योंकि स्थलचर में उरसरिसर्प की उत्कृष्ट अवगाहना एक हजार योजन की है, क्या वह स्थलचर की उत्कृष्ट अवगाहना हो न सके? (श्री अजितशेखर विजयजी संपादित पन्नवणा)

पज्जत्तयाण य उक्कोसेणं छग्गाउयाइं। संमुच्छिमाणं पज्जत्ताण य गाउयपुहुत्तं उक्कोसेणं, एवं उरपरिसप्पाण वि। ओहिय-गब्भवक्कंतियपज्जत्तयाणं जोयणसहस्सं, सम्मुच्छिमाणं [पज्जत्ताण य] जोयणपुहुत्तं, भुयपरिसप्पाणं ओहियगब्भवक्कंतियाण य उक्कोसेणं गाउयपुहुत्तं, संमुच्छिमाणं धणुपुहुत्तं, खहयराणं ओहिय-गब्भवक्कंतियाणं संमुच्छिमाण य तिण्ह वि उक्कोसेणं धणुपुहुत्तं। इमाओ संगहणिगाहाओ-

जोयणसहस्सं छग्गाउयाइं तत्तो य जोयणसहस्सं। गाउयपुहुत्त भुयए धणुहपुहुत्तं च पक्खीसु ।।१।।

जोयणसहस्सं गाउयपुहुत्त तत्तो य जोयणपुहुत्तं। दोण्हं तु धणुपुहुत्तं सम्मुच्छिमे होति उच्चत्तं ।।२।।

मणुस्सोरालियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं तिण्णि गाउयाइं। [एवं] अपज्जत्ताणं जहन्नेण वि उक्कोसेण वि अंगुलस्स असंखेज्जतिभागं। सम्मुच्छिमाणं जहन्नेण वि उक्कोसण वि अंगुलस्स असंखेज्जतिभागं, गब्भवक्कंतियाणं पज्जत्ताण य जहन्नेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं तिण्णि गाउयाइं।।सू०-४।।५७२।।

*(મૂ૦) હે ભગવાન્! ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક એક હજાર યોજન પ્રમાણ કહી છે. એકેન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના પણ જેમ ઔધિક-સામાન્ય ઔદારિક શરીરની અવગાહના કહી છે તેમ જાણવી. હે ભગવન્! પૃથિવીકાયિક એકેન્દ્રિય ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે? હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. એમ પર્યાપ્તા અને અપર્યપ્તાની પણ જાણવી. એ પ્રમાણે સૂક્ષ્મ, પર્યાપ્તા અને અપર્યાપ્તા તથા બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તાની પણ અવગાહના જાણવી. એ પ્રમાણે એ નવ ભેદ પૃથિવીકાયિકોના કહ્યા તેમ અપ્કાયિકો, તેજસ્કાયિકો અને વાયુકાયિકોના પણ કહેવા. હે ભગવન્! વનસ્પતિકાયિક ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે? હે ગૌતમ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક હજાર યોજન પ્રમાણ હોય છે. અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ, પર્યાપ્તાની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક હજાર યોજન પ્રમાણ, બાદરની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક હજાર યોજન હોય છે. પર્યાપ્તાની પણ એમજ જાણવી. અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસંખ્યાતમો ભાગ સમજવી. સૂક્ષ્મ, પર્યાપ્તા અને અપર્યાપ્તા એ ત્રણેની શરીરાવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલનો અસખ્યાતમો ભાગ જાણવી. હે ભગવન્! બેઇન્દ્રિય ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય છે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ બાર યોજન પ્રમાણ હોય છે. એમ બધા સ્થળે અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. પર્યાપ્તાની અવગાહના જેમ સામાન્ય બેઇન્દ્રિય ઔદારિક શરીરની કહી છે તેમ જાણવી. એ પ્રમાણે તેઇન્દ્રિયની ત્રણ ગાઉ અને ચઉરિન્દ્રિયની ચાર ગાઉ શરીરાવગાહના હોય છે. પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્કૃષ્ટ હજાર યોજન પ્રમાણ હોય છે ૩. એમ સંમૂર્ચ્છિમની ૩ અને ગર્ભજની પણ જાણવી ૩. એમ નવ ભેદ કહેવા. એ પ્રમાણે જલચરની પણ અવગાહના હજાર યોજન પ્રમાણ જાણવી અને તેના નવ ભેદ કહેવા. સ્થલચરના પણ નવ ભેદ કહેવા. તેની ઉત્કૃષ્ટ અવગાહના છ ગાઉ પ્રમાણ છે. પર્યાપ્તાની પણ ઉત્કૃષ્ટ એ પ્રમાણે છ ગાઉની હોય છે. એમ સંમૂર્ચ્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉપૃથક્ત્વ (બે ગાઉથી નવ ગાઉ સુધી) જાણવી. ગર્ભજ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ છ ગાઉ, ઔધિક-સામાન્ય ચતુષ્પદ, પર્યાપ્તા અને ગર્ભજ પર્યાપ્તાની પણ ઉત્કૃષ્ટ છ ગાઉ, સંમૂર્ચ્છિમ પર્યાપ્તાની ઉત્કૃષ્ટ ગાઉપૃથક્ત્વ, એ પ્રમાણે ઉરપરિસર્પની પણ ઔધિક, ગર્ભજ અને પર્યાપ્તાની હજાર યોજન જાણવી. સંમૂર્ચ્છિમની યોજન પૃથક્ત્વ, ભુજપરિસર્પ ઔધિક અને ગર્ભજની પણ ઉત્કૃષ્ટ ગાઉપૃથક્ત્વ, સંમૂર્ચ્છિમની ધનુષપૃથક્ત્વ, ખેચર ઔધિક, ગર્ભજ અને સંમૂર્ચ્છિમ ત્રણેની ઉત્કૃષ્ટ ધનુષપૃથક્ત્વ*

*જાણવી. એ સંબંધે આ સંગ્રહણી ગાથાઓ છે–હજાર યોજન, છ ગાઉ અને હજાર યોજન (ગર્ભજ જલચર, ચતુષ્પદ અને ઉરપરિસર્પની) જાણવી. ભુજપરિસર્પની ગાઉપૃથક્ત્વ અને પક્ષીઓની ધનુષપૃથક્ત્વ અવગાહના હોય છે. અને સંમૂર્ચ્છિમ (જલચરો, ચતુષ્પદ સ્થલચરો અને ઉરપરિસર્પો) ઉંચાઇમાં હજાર યોજન, ગાઉપૃથક્ત્વ અને યોજન પૃથક્ત્વ હોય છે. સંમૂર્ચ્છિમ (ભુજપરિસર્પ અને પક્ષીઓ) બન્નેનું ધનુષપૃથક્ત્વ પ્રમાણ છે. હે ભગવન્! મનુષ્ય ઔદારિક શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ હોય છે. એ પ્રમાણે અપર્યાપ્તાઓની અવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે. સંમૂર્ચ્છિમોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે. ગર્ભજ અને પર્યાપ્તાઓની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની હોય છે.॥૪॥૫૭૨॥*

(ટી૦) એ પ્રમાણે ઔદારિક શરીરના ભેદોના સંસ્થાનો કહ્યાં, હવે ઔદારિક શરીરઅવગાહનાનું પ્રમાણ કહે છે–'**ओरालियसरीरस्स णं भंते**' ! ઇત્યાદિ. ઔદારિક શરીરની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. અને તે ઉત્પત્તિના પ્રથમ સમયે પૃથિવીકાયિકાદિના શરીરની જાણવી. ઉત્કૃષ્ટ કાંઇક અધિક એક હજાર યોજન પ્રમાણ હોય છે. એ અવગાહના લવણ સમુદ્રના ગોતીર્થાદિને વિષે રહેલા પદ્મનાલ વગેરેને આશ્રયી સમજવી. એ સિવાય બીજે એટલા મોટા ઔદારિક શરીરનો અસંભવ છે. એમ એકેન્દ્રિય સૂત્રને વિષે પણ જાણવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે–'**एगिंदियओरालियस्स एव चेव जहा ओहियस्स**'–જેમ ઔધિક–સામાન્ય ઔદારિક શરીરની અવગાહના કહી તેમ એકેન્દ્રિય ઔદારિક શરીરની અવગાહના જાણવી. પૃથિવી, અપ્, તેજસ્, અને વાયુ સૂક્ષ્મ અને બાદર, તે પ્રત્યેક પર્યાપ્તા અને અપર્યાપ્તાના ઔદારિક શરીરની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. એમ પ્રત્યેક પૃથિવીકાયાદિના નવ નવ સૂત્રો થાય છે–તેમા ૧ ઔધિક–સામાન્યસૂત્ર, ૨ ઔધિક અપર્યાપ્તસૂત્ર, ૩ ઔધિક પર્યાપ્તસૂત્ર, ૪ સૂક્ષ્મ સૂત્ર, ૫ સૂક્ષ્મ અપર્યાપ્ત સૂત્ર, ૬ સૂક્ષ્મપર્યાપ્તસૂત્ર, ૭–૯ એમ બાદરનાં (૭ બાદર, ૮ બાદર અપર્યાપ્ત અને ૯ બાદર પર્યાપ્તના) ત્રણ સૂત્રો જાણવા. એમ વનસ્પતિકાયિકોના પણ નવ સૂત્રો થાય છે, પરન્તુ ઔધિક–સામાન્ય વનસ્પતિસૂત્રમાં, ઔધિક વનસ્પતિપર્યાપ્ત સૂત્રમાં અને બાદર પર્યાપ્ત સૂત્રમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક એક હજાર યોજન પ્રમાણ હોય છે. અને તે પદ્મનાલાદિની અપેક્ષાએ જાણવું. બાકીના પાંચ સૂત્રોમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો ભાગ સમજવો. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં પ્રત્યેકને ત્રણ ત્રણ સૂત્રો જાણવા. જેમ કે, ઔધિક સૂત્ર, અપર્યાપ્ત સૂત્ર અને પર્યાપ્ત સૂત્ર. તેમાં ઔધિક સૂત્ર અને પર્યાપ્ત સૂત્રમાં બેઇન્દ્રિયોનું શરીર ઉત્કૃષ્ટથી બાર યોજન, તેઇન્દ્રિયોનું ત્રણ ગાઉ અને ચઉરિન્દ્રિયોનું ચાર ગાઉ પ્રમાણ હોય છે. અપર્યાપ્ત સૂત્રમાં જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. સામાન્યતઃ તિર્યંચ પંચેન્દ્રિય, જલચર, સામાન્યતઃ સ્થલચર, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ અને ખેચર પંચેન્દ્રિય તિર્યંચોમાં પ્રત્યેકના નવ નવ સૂત્રો જાણવા. તે આ પ્રમાણે– ઔધિક ત્રણ સૂત્રો, સંમૂર્ચ્છિમ સંબન્ધે ત્રણ સૂત્રો, અને ગર્ભજ સંબન્ધે ત્રણ સૂત્રો. તેમાં બધાય અપર્યાપ્તાના સ્થાનોમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. અને બાકીના સ્થાનોમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સામાન્યતઃ તિર્યંચ પંચેન્દ્રિય અને જલચરમાં ઉત્કૃષ્ટ હજાર યોજન, સામાન્ય સ્થલચર, સામાન્ય ચતુષ્પદ સ્થલચર અને ગર્ભજ સ્થલચરને વિષે છ ગાઉ, સંમૂર્ચ્છિમમાં ગાઉપૃથક્ત્વ, ઔધિક–સામાન્ય ઉરપરિસર્પમાં અને ગર્ભજ ઉરપરિસર્પમાં હજાર યોજન, સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પમાં યોજનપૃથક્ત્વ, તથા સામાન્ય ભુજપરિસર્પમાં અને ગર્ભજ ભુજપરિસર્પમાં ગાઉપૃથક્ત્વ, સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પમાં ધનુષપૃથક્ત્વ, સામાન્યતઃ ખેચર, ગર્ભજ તથા સંમૂર્ચ્છિમ ખેચર એ બધા સ્થાનોમાં અવગાહના ધનુષપૃથક્ત્વ પ્રમાણ હોય છે. આ સંબંધે આ બે સંગ્રહણીગાથા છે– '**जोयणसहस्सं**' ઇત્યાદિ. ગર્ભજ જલચરોનું ઉત્કૃષ્ટથી શરીરની અવગાહનાનું પ્રમાણ હજાર યોજન, ચતુષ્પદ સ્થલચરોનું છ ગાઉ, ઉરપરિસર્પ સ્થલચરોનું હજાર યોજન, ભુજપરિસર્પ સ્થલચરનું ગાઉપૃથક્ત્વ, પક્ષીઓનું ધનુષપૃથક્ત્વ તથા સંમૂર્ચ્છિમ જલચરોનું ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ હજાર યોજન, ચતુષ્પદ સ્થલચરોનું ગાઉપૃથક્ત્વ, ઉરપરિસર્પ

સ્થલચરોનું યોજનપૃથક્ત્વ, ભુજપરિસર્પ સ્થલચરો અને પક્ષીઓનું શરીર પ્રમાણ ધનુષપૃથક્ત્વ હોય છે, એ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિય ઔદારિક. શરીર અવગાહનાનું પ્રમાણ કહ્યું. હવે મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીરની અવગાહનાનું પ્રમાણ કહે છે– 'मणूसोरालियसरीरस्स णं' ઇત્યાદિ. હે ભગવન્ ! મનુષ્ય ઔદારિક શરીરની કેટલી મોટી અવગાહના છે–ઇત્યાદિ સૂત્ર સ્પષ્ટ છે, પરન્તુ ત્રણ ગાઉનું શરીર દેવકુરુ વગેરે ક્ષેત્રની અપેક્ષાએ સમજવું.॥૪॥૫૭૨॥

## || वेउव्वियसरीरे विहिदारं ||

वेउव्वियसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा-एगिंदियवेउव्वियसरीरे य पंचिंदियवेउव्वियसरीरे य। जदि एगिंदियवेउव्वियसरीरे किं वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, अवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे? गोयमा! वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, नो अवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे। जदि वाउक्काइय-एगिंदियवेउव्वियसरीरे किं सुहुमवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, बादरवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे? गोयमा! नो सुहुमवाउक्काइयएगिंदियवेउव्विसरीरे, बादरवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे। जदि बादरवाउक्काइय-एगिंदियवेउव्वियसरीरे किं पज्जत्तबादरवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, अपज्जत्तबादरवाउक्काइयएगिंदिय-वेउव्वियसरीरे? गोयमा! पज्जत्तबादरवाउक्काइयएगिंदियवेउव्वियसरीरे, नो अपज्जत्तबादरवाउक्काइयएगिंदिय-वेउव्वियसरीरे। जदि पंचिंदियवेउव्वियसरीरे किं नेरइयपंचेंदियवेउव्वियसरीरे जाव किं देवपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! नेरइयपंचिंदियवेउव्वियसरीरे वि जाव देवपंचिंदियवेउव्वियसरीरे वि। जदि नेरइयपंचिंदियवेउव्वियसरीरे किं रयणप्पभापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे, जाव किं अहेसत्तमापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! रयणप्पभापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे वि जाव अहेसत्तमापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे वि। जदि रयणप्पभापुढविनेरइयपंचेंदियवेउव्वियसरीरे किं पज्जत्तगरयणप्पभापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे, अपज्जत्तगरयणप्पभापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! पज्जत्तगरयप्पभापुढविनेरइयपंचिंदिय-वेउव्वियसरीरे वि, अपज्जत्तगरयणप्पभापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे वि, एवं जाव अहेसत्तमाए दुगतो[1] भेदो णेयव्वो। जदि तिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे किं संमुच्छिमतिरिक्खजोणियपंचेंदियवेउव्वियसरीरे, गब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्विसरीरे? गोयमा! नो संमुच्छिमतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, गब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्विसरीरे। जदि गब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्विसरीरे किं संखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, असंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्ख-जोणियपंचिंदियवेउव्विसरीरे? गोयमा! संखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, नो असंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे। जदि संखिज्जवासाउयगब्भ-वक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्विय सरीरे किं पज्जत्तगसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्ख-जोणियपंचिंदियवेउव्वियसरीरे, अपज्जत्तगसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! पज्जत्तगसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, नो अपज्जत्तगसंखेज्ज-वासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे। जदि संखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्ख-जोणियपंचिंदियवेउव्वियसरीरे, किं जलयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदिय-

१. दुगतो भेदो भाणियव्वो इति पाठान्तर

वेउव्वियसरीरे, थलयरसंखेज्जवासाउयगब्भवक्कंतिय-तिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, खहयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! जलयरसंखेज्जवासाउय-गब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे वि, थलयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्ख-जोणियपंचिंदियवेउव्वियसरीरे वि, खहयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे वि। जदि जलयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे किं पज्जत्तगजलयर-संखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, अपज्जत्तगजलयरसंखेज्जवासाउय-गब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! पज्जत्तगजलयरसंखेज्जवासाउयगब्भवक्कंतिय-तिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे, नो अपज्जत्तगजलयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणिय-पंचिंदियवेउव्वियसरीरे। जदि थलयरसंखेज्जवासाउयगब्भवक्कंतियतिरिक्खजोणियपंचिंदिय-जाव सरीरे किं चउप्पय-जाव सरीरे, परिसप्प-जाव सरीरे? गोयमा! चउप्पय-जाव सरीरे वि, परिसप्प-जाव सरीरे वि। एवं सव्वेसिं णेयं[1] जाव खहयराणं पज्जत्ताणं, नो अपज्जत्ताणं। जदि मणूसपंचिंदियवेउव्वियसरीरे किं सम्मुच्छिम-मणूसपंचिंदियवेउव्वियसरीरे, गब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! णो सम्मुच्छिममणूस-पंचिंदियवेउव्वियसरीरे, गब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे। जदि गब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे किं कम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे, अकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे, अंतरदीवयगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! कम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदिय-वेउव्वियसरीरे, णो अकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे, णो अंतरदीवयगब्भवक्कंतिय-मणूसपंचिंदियवेउव्वियसरीरे। जदि कम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे किं संखेज्जवासाउय-कम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे, असंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूस-पंचिंदियवेउव्वियसरीरे? गोयमा! संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे, नो असंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे। जदि संखेज्जवासाउय-कम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे किं पज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसपंचिंदियवेउव्वियसरीरे, अपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! पज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे, नो अपज्जत्तग-संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसपंचिंदियवेउव्वियसरीरे। जदि देवपंचिंदियवेउव्वियसरीरे किं भवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे, जाव वेमाणियदेवपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! भवणवासिदेवपंचिंदिय-वेउव्वियसरीरे वि जाव वेमाणियदेवपंचिंदियवेउव्वियसरीरे वि। जदि भवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे किं असुरकुमार-भवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे, जाव थणियकुमारभवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! असुरकुमार० जाव थणियकुमारदेवपंचिंदियवेउव्वियसरीरे वि। जदि असुरकुमारभवणवासिदेव-पंचिंदियवेउव्वियसरीरे, किं पज्जत्तगअसुरकुमारभवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे, अपज्जत्तगअसुरकुमार-भवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे? गोयमा! पज्जत्तगअसुरकुमारभवणवासिदेव-पंचिंदियवेउव्वियसरीरे वि, अपज्जत्तगअसुरकुमारभवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरे वि, एवं जाव थणियकुमारे वि[2] दुगओ भेदो। एवं

१. सव्वेसिं णेयव्वं जाव इति पाठान्तर २. कुमाराणं इति पाठान्तर

वाणमंतराणं अट्ठविहाणं, जोइसियाणं पंच विहाणं। वेमाणिया दुविहा-कप्पोवगा कप्पातीता य। कप्पोवगा बारसविहा, तेसिंपि एवं चेव दुगतो भेदो। कप्पातीता दुविहा-गेवेज्जगा य अणुत्तरा य, गेवेज्जगा णवविहा, अणुत्तरोववाइया पंचविहा, एतेसिं पज्जत्तापज्जत्ताभिलावेणं दुगतो भेदो ।।सू०-५।।५७३।।

*(મુ૦) હે ભગવન્ ! વૈક્રિય શરીર કેટલા પ્રકારે છે ? હે ગૌતમ ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે એકેન્દ્રિય વૈક્રિય શરીર અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર. જો એકેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અવાયુકાયિક–(વાયુકાયિક સિવાયનું) એકેન્દ્રિય વૈક્રિય શરીર છે? હે ગૌતમ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે, પણ અવાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી. જો વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે? હે ગૌતમ! સૂક્ષ્મ વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી, પણ બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે. જો બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અપર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે? હે ગૌતમ! પર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર છે, પણ અપર્યાપ્ત બાદર વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર નથી. જો પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે યાવદ્ દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે? હે ગૌતમ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ છે, યાવત્ દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ છે. જો નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું રત્નપ્રભાપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવીનૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે? હે ગૌતમ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકપંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ છે, યાવત્ નીચેની સાતમી નરક પૃથિવીનૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ છે. જો રત્નપ્રભા પૃથિવીના નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત રત્નપ્રભા નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે કે અપર્યાપ્ત રત્નપ્રભા નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે? હે ગૌતમ! પર્યાપ્ત રત્નપ્રભાપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ છે અને અપર્યાપ્ત રત્નપ્રભાપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ છે. એ પ્રમાણે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવી સુધી બન્ને પ્રકારનો ભેદ કહેવો. જો તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંમુચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય કે ગર્ભજ પંચેન્દ્રિય તિર્યઞ્ચ વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય, પણ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય શરીર હોય. જો ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અસંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય પણ અસંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય ? હે ગૌતમ ! પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, પણ અપર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળા જલચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, સંખ્યાતા વરસના આયુષ્યવાળા સ્થલચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે સંખ્યાતા વરસના આયુષ્યવાળા ખેચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળા જલચર ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય, સંખ્યાતા વરસના આયુષ્યવાળા સ્થલચર ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર પણ હોય, અને સંખ્યાતા વરસના આયુષ્યવાળા ખેચર ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર પણ હોય. જો જલચર સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત જલચર સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ*

*વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્ત જલચર સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! પર્યાપ્ત જલચર સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર હોય, પરન્તુ અપર્યાપ્ત જલચર સંખ્યાતા વરસના આયુષ્યવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ વૈક્રિય શરીર ન હોય. જો સ્થલચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક યાવત્ વૈક્રિય શરીર છે તો શું ચતુષ્પદ યાવત્ વૈક્રિય શરીર હોય કે પરિસર્પ યાવત્ વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! ચતુષ્પદ યાવત્ વૈક્રિય શરીર હોય અને પરિસર્પ યાવત્ વૈક્રિય શરીર પણ હોય. એ પ્રમાણે બધાને જાણવું. ખેચર પર્યાપ્તાને હોય, અપર્યાપ્તાને ન હોય. જો મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંમુચ્છિંમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! સંમુચ્છિંમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય, પણ ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય. જો ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, અકર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અન્તર્દ્વીપના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, પણ અકર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય અને અન્તર્દ્વીપના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય વૈક્રિય શરીર હોય કે અસંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, પણ અસંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! પર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, પણ અપર્યાપ્તા સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર ન હોય. જો દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય, યાવત્ વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય; યાવત્ વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય. જો ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે યાવત્ સ્તનિતકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! અસુરકુમાર, યાવત્ સ્તનિતકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય. જો અસુરકુમાર દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર છે તો શું પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર હોય કે અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર હોય? હે ગૌતમ! પર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિયશરીર પણ હોય અને અપર્યાપ્ત અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર પણ હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી બે ભેદ જાણવા. એમ આઠ પ્રકારના વ્યન્તરો અને પાંચ પ્રકારના જ્યોતિષિકોને જાણવું વૈમાનિકો બે પ્રકારના છે કલ્પોપપન્ન અને કલ્પાતીત, તેમા, કલ્પોપપન્ન બાર પ્રકારના છે અને તેઓના પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે પ્રકાર જાણવા. કલ્પાતીત બે પ્રકારના છે–ગ્રૈવેયકો અને અનુત્તરૌપપાતિક. ગ્રૈવેયકો નવ પ્રકારના છે. અનુત્તરૌપપાતિક પાંચ પ્રકારના છે, એઓના પર્યાપ્તા અને અપર્યાપ્તા અભિલાપથી બે ભેદ જાણવા.॥૫॥૫૭૩॥*

(ટી૦) એ પ્રમાણે ઔદારિક શરીરના ભેદો, સંસ્થાનો અને પ્રમાણ કહ્યું, હવે વૈક્રિય શરીરના પ્રકાર, સંસ્થાન અને પ્રમાણ અનુક્રમે કહે છે–'**वेउव्वियसरीरे णं भंते**' !ઇત્યાદિ. હે ભગવન્! વૈક્રિય શરીર કેટલા પ્રકારનું છે–ઇત્યાદિ. વૈક્રિય શરીર એકેન્દ્રિય અને પંચેન્દ્રિય શરીરના ભેદથી મૂળથી બે પ્રકારનું છે, તેમાં એકેન્દ્રિયમાં વાયુકાયને, તેમાં પણ બાદરને, તેમાં પણ પર્યાપ્તાને વૈક્રિય શરીર હોય છે. બીજાને વૈક્રિય લબ્ધિનો સંભવ નથી. કહ્યું છે કે–'तिण्हं ताव रासीणं वेउव्वियलद्धी चेव नत्थि, बायरपज्जत्ताणंपि

संखेज्जइभागमेत्ताणं।' ત્રણ રાશિને વૈક્રિય લબ્ધિ નથી. બાદર પર્યાપ્તામાં પણ સંખ્યાતા ભાગ માત્રને હોય છે. અહીં ત્રણ રાશિ– સૂક્ષ્મ પર્યાપ્તા, સૂક્ષ્મ અપર્યાપ્તા અને બાદર અપર્યાપ્તા સમજવી.

પંચેન્દ્રિયના વિચારમાં પણ જલચર, ચતુષ્પદ, ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પ, ખેચર અને મનુષ્યો એ બધા ગર્ભજ અને સંખ્યાતા વરસના આયુષ્યવાળાને છોડીને બાકીનાનો પ્રતિષેધ સમજવો, કારણ કે ભવસ્વભાવથી તેઓને વૈક્રિય લબ્ધિનો અસંભવ છે. ।।૫।।૫૭૩।।

## ।। वेउव्वियसरीरे संठाणदारं ।।

**वेउव्वियसरीरे णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! णाणासंठाणसंठिए पन्नत्ते। वाउक्काइयएगिंदियवेउव्वियसरीरे णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! पडागासंठाणसंठिए पन्नत्ते। नेरइयपंचिंदियवेउव्वियसरीरे णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! नेरइयपंचिंदियवेउव्वियसरीरे दुविहे पन्नत्ते, तं जहा- भवधारणिज्जे य उत्तरवेउव्विए य। तत्थ णं जे से भवधारणिज्जे से णं हुंडसंठाणसंठिए पन्नत्ते। तत्थ णं जे से उत्तरवेउव्विए से वि हुंडसंठाणसंठिए पन्नत्ते। रयणप्पभापुढविनेरइयपंचिंदियवेउव्वियसरीरे णं भंते किं संठाणसंठिए पन्नत्ते? गोयमा! रयणप्पभापुढविनेरइयाणं दुविहे सरीरे पन्नत्ते, तं जहा- भवधारणिज्जे य उत्तरवेउव्विए य। तत्थ णं जे से भवधारणिज्जे से वि हुंडे, जे वि उत्तरवेउव्विए से वि हुंडे। एवं जाव अहेसत्तमापुढविनेरइयवेउव्वियसरीरे। तिरिक्खजोणियपंचिंदियवेउव्वियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! णाणासंठाणसंठिए पन्नत्ते। एवं जलयर- थलयर- खहयराण वि। थलयराण चउप्पय- परिसप्पाण वि, परिसप्पाण, उरपरिसप्प- भुयपरिसप्पाण वि। एवं मणुसपंचिंदियवेउव्वियसरीरे वि। असुरकुमारभवणवासीदेवपंचिंदियवेउव्वियसरीरे णं भंते! किंसंठाणसंठिए पन्नत्ते? गोयमा! असुरकुमाराणं देवाणं दुविहे सरीरे पन्नत्ते, तं जहा- भवधारणिज्जे य उत्तरवेउव्विए य। तत्थ णं जे से भवधारणिज्जे से णं समचउरंससंठाणसंठिए पन्नत्ते, तत्थ णं जे से उत्तरवेउव्विए से णं णाणासंठाणसंठिए पन्नत्ते, एवं जाव थणियकुमारदेवपंचिंदियवेउव्वियसरीरे, एवं वाणमंतराण वि, णवरं ओहिया वाणमंतरा पुच्छिज्जंति, एवं जोइसियाण वि ओहियाणं एवं सोहम्म जाव अच्चुयदेवसरीरे। गेवेज्जगकप्पातीयवेमाणियदेवपंचिंदियवेउव्वियसरीरे णं भंते! किं संठिए पन्नत्ते? गोयमा! गेवेज्जगदेवाणं एगे भवधारणिज्जे सरीरे, से णं समचउरंससंठाणसंठिए पन्नत्ते, एवं अणुत्तरोववाइयाण वि।।सू०-६।।५७४।।**

*(મુ૦) હે ભગવન્! વૈક્રિય શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે? હે ગૌતમ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે.હે ભગવન્! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! પતાકાના આકાર જેવા સંસ્થાનવાળું છે. હે ભગવન્! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. તેમાં જે ભવધારણીય શરીર છે તે હુંડસંસ્થાનવાળું છે, અને જે ઉત્તર વૈક્રિય છે તે પણ હુંડસંસ્થાનવાળું છે. રત્નપ્રભાપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોનું શરીર બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. તેમાં જે ભવધારણીય શરીર છે તે હુંડસંસ્થાનવાળું છે, અને જે ઉત્તર વૈક્રિય શરીર છે તે પણ હુંડસંસ્થાનવાળું છે, એ પ્રમાણે યાવત્ નીચેની સાતમી નરક પૃથિવીના નૈરયિકનું વૈક્રિય શરીર જાણવું. હે ભગવન્! તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે એ પ્રમાણે યાવત્ જલચરો, સ્થલચરો અને ખેચરોનું પણ જાણવું. સ્થલચરોમાં ચતુષ્પદ અને પરિસર્પોનું, પરિસર્પોમાં ઉરપરિસર્પો અને ભુજપરિસર્પોનું પણ એમજ જાણવું. એમ મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીર*

*સંબન્ધે પણ જાણવું. હે ભગવન્! અસુરકુમાર, ભવનવાસી દેવ, પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાન–આકારવાળું છે? હે ગૌતમ! અસુરકુમાર દેવોનું શરીર બે પ્રકારનું છે. તે આ પ્રમાણે–ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. તેમાં જે ભવધારણીય શરીર છે તે સમચતુરસ્ર સંસ્થાનવાળું કહ્યું છે. અને જે ઉત્તર વૈક્રિય શરીર છે તે અનેક પ્રકારના સંસ્થાન–આકારવાળું છે. એ પ્રમાણે યાવત્ સ્તનિકકુમાર દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર જાણવું. એમ વ્યન્તર સંબન્ધે પણ સમજવું. પરન્તુ સામાન્ય વ્યન્તર સંબન્ધે પ્રશ્ન કરવો. એમ સામાન્ય જ્યોતિષિકો સંબન્ધે પણ જાણવું. એ પ્રમાણે સૌધર્મ, યાવત્ અચ્યુત દેવ વૈક્રિય શરીર સંબન્ધે જાણવું. હે ભગવન્! ગ્રૈવેયક કલ્પાતીત વૈમનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે? હે ગૌતમ! ગ્રૈવેયક દેવોને એક ભવધારણીય શરીર છે, અને તે સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. એ પ્રમાણે અનુત્તરૌપપાતિકને પણ સમજવું. ॥૬॥૫૭૪॥*

(ટી૦) વૈક્રિય શરીરના ભેદો કહ્યા, હવે સંસ્થાનો કહે છે–'वेउव्वियसरीरे णं भंते' ! ઇત્યાદિ.–હે ભગવન્ ! વૈક્રિય શરીર કેવા સંસ્થાનવાળું છે' ઇત્યાદિ. પરન્તુ નૈરયિકોને અત્યન્ત અશુભ કર્મના ઉદયથી ભવધારણીય અને ઉત્તરવૈક્રિય બન્ને શરીર હુંડસંસ્થાનવાળાં હોય છે. તે આ પ્રમાણે–તેઓનું ભવધારણીય શરીર ભવસ્વભાવથીજ મૂળથી છેદી નાખેલ પાંખવાળા અને ડોક વગેરેના રુવાટા જેના ઉખેડી નાંખ્યા છે એવા પક્ષીની આકૃતિ જેવું અત્યન્ત બીભત્સ હુંડસંસ્થાનવાળું હોય છે. જે ઉત્તરવૈક્રિય છે તે પણ 'અમે સુંદર શરીર કરીશું' એ ઇચ્છાથી કરવાનો આરંભ કરે છે તો પણ તેવા પ્રકારના અત્યન્ત અશુભ નામ કર્મના ઉદયથી અત્યંત અશુભ થાય છે માટે તે પણ હુંડસંસ્થાનવાળું છે. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય વૈક્રિય શરીર અનેક પ્રકારના સંસ્થાનવાળું હોય છે, કારણ કે તે ઇચ્છા પ્રમાણે થાય છે. દશ પ્રકારના ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને સૌધર્મથી માંડી અચ્યુત સુધીના વૈમાનિક દેવોનું ભવધારણીય શરીર ભવસ્વભાવથી તેવા પ્રકારના શુભ નામકર્મના ઉદય વડે સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. અને ઉત્તર વૈક્રિય ઇચ્છા પ્રમાણે થતું હોવાથી જુદા જુદા સંસ્થાનવાળું હોય છે. ગ્રૈવેયકો અને અનુત્તરૌપપાતિકોને પ્રયોજન નહિ હોવાથી ઉત્તર વૈક્રિય શરીર હોતું નથી. કારણ કે ઉત્તરવૈક્રિય ગમનાગમન નિમિત્તે કે પરિચારણા–વિષયોપભોગ નિમિત્તે કરાય છે, અને એઓને ગમનાગમન કે પરિચારણા હોતાં નથી. એઓને જે ભવધારણીય શરીર છે તે સમચતુરસ્ર સંસ્થાનવાળું હોય છે.॥૬॥૫૭૪॥

## ।। वेउव्वियसरीरे पमाणदारं ।।

**वेउव्वियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सातिरेगं जोयणसयसहस्सं। वाउक्काइयएगिंदियवेउव्वियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणवि अंगुलस्स असंखेज्जइभागं। नेरइयपंचिंदियवेउव्वियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा- भवधारणिज्जा य उत्तरवेउव्विया य। तत्थ णं जा सा भवधारणिज्जा सा जहन्नेणं अंगुलस्स असंखेज्जभागं, उक्कोसेणं पंचधणुसयाइं। तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहन्नेणं अंगुलस्स संखेज्जभागं, उक्कोसेणं धणुसहस्सं। रयणप्पभापुढविनेरइयाणं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-भवधारणिज्जा य उत्तरवेउव्विया य। तत्थ णं जा सा भवधारणिज्जा सा जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सत्त धणूइं तिण्णि रयणीओ छच्च अंगुलाइं। तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहन्नेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं पण्णरस धणूइं अड्ढाइज्जाओ रयणीओ । सक्करप्पभाए पुच्छा। गोयमा! जाव तत्थ णं जा सा भवधारणिज्जा सा जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं पण्णरस धणूइं अड्ढाइज्जाओ रयणीओ। तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहन्नेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं एक्कतीसं धणूइं एक्का य रयणी। वालुयप्पभाए भवधारणिज्जा एक्कतीसं धणूइं एक्का रयणी, उत्तरवेउव्विया बावट्ठिं धणूइं दो रयणीओ।**

पंकप्पभाए भवधारणिज्जा बावट्ठिं धणूइं दोण्णि य रयणीओ, उत्तरवेउव्विया पणुवीसं [पणवीसं] धणुसतं। धुमप्पभाए भवधारणिज्जा पणुवीसं [पणवीसं] धणुसतं, उत्तरवेउव्विया अड्डाइज्जाइं धणुसताइं। तमाए भवधारणिज्जा अड्डाइज्जाइं धणूसताइं, उत्तरवेउव्विया पंच धणुसताइं। अहेसत्तमाए भवधारणिज्जा पंच धणुसताइं, उत्तरवेउव्विया धणुसहस्सं एयं उक्कोसेणं। जहन्नेणं भवधारणिज्जा अंगुलस्स असंखेज्जइभागं, उत्तरवेउव्विया अंगुलस्स संखिज्जइभागं। तिरिक्खजोणिय-पंचिंदियवेउव्वियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं जोयणसतपुहुत्तं । मणुसपंचिंदियवेउव्वियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं सातिरेगं जोयणसतसहस्सं । असुरकुमारभवणवासिदेवपंचिंदियवेउव्वियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! असुरकुमाराणं देवाणं दुविहा सरीरोगाहणा पन्नत्ता, तं जहा—भवधारणिज्जा य उत्तरवेउव्विया य। तत्थ णं जा सा भवधारणिज्जा सा जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सत्त रयणीओ। तत्थ णं जा सा उत्तरवेउव्विया सा जहन्नेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं जोयणसतसहस्सं। एवं जाव थणियकुमाराणं, एवं ओहियाणं वाणमंतराणं, एवं जोइसियाण वि, सोहम्मीसाणगदेवाणं एवं चेव, उत्तरवेउव्विया जाव अच्चुओ कप्पो, नवरं सणंकुमारे भवधारणिज्जा सा जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं छ रयणीओ। एवं माहिंदे वि, बंभलोय-लंतगेसु पंच रयणीओ, महासुक्क-सहस्सारेसु चत्तारि रयणीओ, आणयपाणयआरणअच्चुएसुतिण्णि रयणीओ। गेवेज्जगकप्पातीतवेमाणिय-देवपंचिंदियवेउव्वियसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! गेवेज्जगदेवाणं एगा भवधारणिज्जा सरीरोगाहणा पन्नत्ता, सा जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं दो रयणीओ। एवं अणुत्तरोववाइयदेवाणवि, णवरं एक्का रयणी ।।सू०-७।।५७५।।

*(મુ૦) હે ભગવન્ ! વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ કાંઈક અધિક લાખ યોજન પ્રમાણ કહી છે. હે ભગવન્ ! વાયુકાયિક એકેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી પણ અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે. હે ભગવન્ ! નૈરયિક પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! તેઓની બે પ્રકારની શરીરાવગાહના છે. તે આ પ્રમાણે–ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય શરીરાવગાહના છે તે જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ પ્રમાણ છે. અને જે ઉત્તરવૈક્રિય શરીરાવગાહના છે તે જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ હજાર ધનુષ છે. હે ભગવન્! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકોની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે–ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત ધનુષ ત્રણ હાથ અને છ અંગુલ છે. અને જે ઉત્તર વૈક્રિય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ છે. શર્કરાપ્રભા સંબંધે પૃચ્છા. હે ગૌતમ! યાવત્–તેમાં જે ભવધારણીય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ પ્રમાણ છે અને જે ઉત્તર વૈક્રિય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એકત્રીશ ધનુષ અને એક હાથ છે. વાલુકાપ્રભાની ભવધારણીય અવગાહના એકત્રીશ ધનુષ અને એક હાથ અને ઉત્તરવૈક્રિય અવગાહના બાસઠ ધનુષ અને બે હાથ છે.*

*પંકપ્રભાની ભવધારણીય અવગાહના બાસઠ ધનુષ અને બે હાથ અને ઉત્તર વૈક્રિય અવગાહના એકસો પચીશ ધનુષ પ્રમાણ છે. ધુમપ્રભાની અવગાહના એકસો પચીશ ધનુષ અને ઉત્તર વૈક્રિય અવગાહના અઢીસો ધનુષ પ્રમાણ છે. તમ:પ્રભાપૃથિવીની ભવધારણીય અવગાહના અઢીસો ધનુષ અને ઉત્તર વૈક્રિય અવગાહના પાંચસો ધનુષ પ્રમાણ છે. નીચેની સાતમી નરકપૃથિવીની ભવધારણીય અવગાહના પાંચસો ધનુષ અને ઉત્તર વૈક્રિય અવગાહના હજાર ધનુષ પ્રમાણ છે. એમ ઉત્કૃષ્ટથી જાણવી. જઘન્યથી ભવધારણીય અવગાહના અંગુલનો અસંખ્યામો ભાગ અને ઉત્તરવૈક્રિય અંગુલનો સંખ્યાતમો ભાગ સમજવો. હે ભગવન્! તિર્યંચ પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે. હે ગૌતમ! જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ યોજન શતપૃથક્ત્વ–બસોથી નવસો યોજન હોય છે. હે ભગવન્! મનુષ્ય પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે. હે ગૌતમ! જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ કાંઇક અધિક એક લાખ યોજન પ્રમાણ કહી છે. અસુરકુમાર ભવનવાસી દેવ પંચેન્દ્રિયના વૈક્રિય શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! અસુરકુમાર દેવોને બે પ્રકારની શરીરાવગાહના કહી છે. તે આ પ્રમાણે–ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. તેમાં જે ભવધારણીય અવગાહના છે તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત હાથ પ્રમાણ હોય છે. અને જે ઉત્તરવૈક્રિય છે તે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ લાખ યોજન પ્રમાણ છે. એ પ્રમાણે યાવત્ સ્તનિત કુમાર સુધી જાણવું. એમ સામાન્ય વ્યન્તર, જ્યોતિષિકો અને સૌધર્મ–ઈશાન દેવોને જાણવું. એમ યાવત્ અચ્યુત દેવલોક સુધી ઉત્તર વૈક્રિય સમજવું. પરન્તુ સનત્કુમારને ભવધારણીય અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ છ હાથ પ્રમાણ હોય છે. એમ માહેન્દ્ર દેવલોકને વિષે પણ સમજવું. બ્રહ્મલોક અને લાન્તકને વિશે પાંચ હાથ, મહાશુક્ર અને સહસ્રારને વિશે ચાર હાથ, આનત, પ્રાણત, આરણ અને અચ્યુતમાં ત્રણ હાથ પ્રમાણ જાણવી. ગ્રૈવેયક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય વૈક્રિય શરીરની કેટલી મોટી અવગાહના કહી છે? હે ગૌતમ! ગ્રૈવેયક દેવોને એક ભવધારણીય શરીરાવગાહના કહી છે, અને તે જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ બે હાથ પ્રમાણ હોય છે. એ પ્રમાણે અનુત્તરૌપપાતિક દેવોને પણ જાણવું. પરન્તુ તેઓનું વૈક્રિય શરીર એક હાથ પ્રમાણ છે. ॥૭॥૫૭૫॥*

(ટી૦) સંસ્થાનનો કહ્યા, હવે અવગાહનાનું પ્રમાણ કહે છે–'**वेउव्वियसरीरस्स णं**' ઇત્યાદિ. વૈક્રિય શરીર જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને તે નૈરયિકાદીનું ભવધારણીય અપર્યાપ્તાવસ્થામાં અને વાયુકાયનું(પર્યાપ્તાવસ્થામાં)હોય છે. અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક એક લાખ યોજન પ્રમાણ ઉત્તરવૈક્રિય દેવો અને મનુષ્યોને હોય છે. '**एगिंदियवेउव्वियसरीरस्स णं**' ઇત્યાદિ. અહીં એકેન્દ્રિય વાયુકાયિક જાણવા, તે સિવાય બીજાને વૈક્રિય લબ્ધિનો અસંભવ છે. તેને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અવગાહનાનું પ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. કારણ કે એટલા પ્રમાણનું વૈક્રિય શરીર કરવાની તેની શક્તિ સંભવે છે. સામાન્ય નૈરયિક સૂત્રમાં 'ભવધારણીયા'–**भवो धार्यते अनया**–જે વડે ભવ ધારણ કરાય તે ભવધારણીય–જન્મ પ્રાપ્ત અવગાહના–શરીર ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ પ્રમાણ અને ઉત્તરવૈક્રિય અવગાહના હજાર ધનુષપ્રમાણ સાતમી નરકની અપેક્ષાએ જાણવી. તે સિવાય બીજે એટલી ભવધારણીય અને ઉત્તર વૈક્રિય શરીરાવગાહનાનો અસંભવ છે. હવે દરેક પૃથિવીની અવગાહનાનું પ્રમાણ કહે છે–'**रयणप्पमा**'–ઇત્યાદિ. રત્નપ્રભામાં અંગુલના અસંખ્યાતમા ભાગનું પ્રમાણ પ્રથમ ઉત્પત્તિ સમય જાણવું. અને ઉત્કૃષ્ટથી સાત ધનુષ, ત્રણ હાથ અને છ અંગુલ પર્યાપ્તાવસ્થામાં સમજવું. આ ઉત્કૃષ્ટ શરીરાવગાહનાનું પ્રમાણ તેરમાં પ્રસ્તટ–પાથડાને વિશે જાણવું. અને બાકીના તેના પૂર્વના પ્રસ્તટોમાં ઓછું ઓછું શરીર પ્રમાણ હોય છે. શરીર પ્રમાણે–રત્નપ્રભાના પહેલા પ્રસ્તટમાં ત્રણ હાથ ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ છે. બીજા પ્રસ્તટમાં એક ધનુષ, એક હાથ અને સાડા આઠ આંગળ, ત્રીજા પ્રસ્તટમાં એક ધનુષ, ત્રણ હાથ અને સત્તર આંગળ, ચોથા પ્રસ્તટમાં બે ધનુષ, બે હાથ અને દોઢ આંગળ, પાંચમા પ્રસ્તટમાં ત્રણ ધનુષ અને દશ આંગળ, છઠ્ઠા પ્રસ્તટમાં ત્રણ ધનુષ,બે હાથ અને સાડા અઢાર આંગળ,સાતમા પ્રસ્તટમાં ચાર ધનુષ, એક હાથ

અને ત્રણ આંગળ, આઠમા પ્રસ્તટમાં ચાર ધનુષ, ત્રણ હાથ અને સાડા અગિયાર આંગળ, નવમા પ્રસ્તટમાં પાંચ ધનુષ, એક હાથ અને વીસ આંગળ, દસમા પ્રસ્તટમાં છ ધનુષ અને સાડા ચાર આંગળ, અગિયારમાં પ્રસ્તટમાં છ ધનુષ, બે હાથ અને તેર આંગળ, બારમા પ્રસ્તટમાં સાત ધનુષ અને સાડી એકવીસ આંગળ અને તેરમા પ્રસ્તટમાં સાત ધનુષ, ત્રણ હાથ અને પુરા છ આંગળ હોય છે. અહીં આ તાત્પર્યાર્થ છે-પહેલા પ્રસ્તટમાં જે શરીરાવગાહનાનું પ્રમાણ ત્રણ હાથ કહ્યું છે, તેમાં તેના ઉપર ઉપર પ્રતરના અતિક્રમથી સાડી છપ્પન આંગળ નાંખવામાં આવે એટલે પ્રસ્તટોમાં પૂર્વે કહેલું શરીરાવગાહનાનું પરિમાણ થાય છે. એ સંબન્ધે કહ્યું છે કે—

"रयणाए पढमपयरे हत्थतियं देहउस्सओ भणिओ । छप्पनंगुल सड्ढा पयरे हवइ वुड्ढी" ।

રત્નપ્રભાના પ્રથમ પ્રતરમાં ત્રણ હાથપ્રમાણ શરીરની ઉંચાઇ છે અને તે પછી પ્રતરે પ્રતરે સાડી છપ્પન આંગળની વૃદ્ધિ થાય છે, '**तत्थ णं सा उत्तरवेउव्विया**' ઇત્યાદિ. તેમાં જે ઉત્તર વૈક્રિય છે તે જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે, કારણ કે ઉત્તરવૈક્રિયના પ્રથમ સમયે પણ તેની અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણજ હોય છે, પણ અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોતી નથી. સંગ્રહણીના મૂલ ટીકાકાર આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે—

"उत्तरवैक्रिया तु तथाविधप्रयत्नभावादाद्यसमयेऽप्यङ्गुलसंख्येभागमात्रैव,उत्कर्षतः पञ्चदश धनूंषि अर्धतृतीया हस्ताः"।

ઉત્તર વૈક્રિય શરીરાવગાહના તેના પ્રકારના પ્રયત્નથી પ્રથમ સમયે પણ અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. અને ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ હોય છે. આ ઉત્તરવૈક્રિય શરીરની અવગાહનાનું પરિમાણ તેરમાં પ્રતરમાં જાણવું. બાકીના પ્રતરોમાં પૂર્વ કહેલા ભવધારણીય શરીરના પ્રમાણની અપેક્ષાએ બમણું જાણવું. શર્કરા પ્રભામાં ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ પંદર ધનુષ અને અઢી હાથ છે. આ ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહનાપરિમાણ અગિયારમે પ્રતરે જાણવું બાકીના પ્રતરોમાં આ પ્રમાણે છે—શર્કરાપ્રભાના પહેલા પ્રતરે સાત ધનુષ, ત્રણ હાથ અને છ આંગળ, બીજા પ્રતરમાં આઠ ધનુષ, બે હાથ અને નવ આંગળ; ત્રીજા પ્રતરમાં નવ ધનુષ, એક હાથ અને બાર આંગળ, ચોથા પ્રતરમાં દશ ધનુષ અને પંદર આંગળ, પાંચમા પ્રતરમાં દસ ધનુષ, ત્રણ હાથ અને અઢાર આંગળ, છઠ્ઠા પ્રતરમાં અગિયાર ધનુષ, બે હાથ અને એકવીશ આંગળ, સાતમાં પ્રતરમાં બાર ધનુષ અને બે હાથ, આઠમાં પ્રતરમાં તેર ધનુષ, એક હાથ અને ત્રણ આંગળ, નવમાં પ્રતરમાં ચૌદ ધનુષ અને છ આંગળ, દસમાં પ્રતરમાં ચૌદ ધનુષ, ત્રણ હાથ અને નવ આંગળ અને અગિયારમાં પ્રતરમાં મૂળ સૂત્રમાં કહેલું (પંદર ધનુષ, બે હાથ અને બાર આંગળ) પરિમાણ જાણવું. અહીં પણ આ તાત્પર્ય છે—પ્રથમ પ્રતરમાં જે પરિમાણ કહ્યું છે તેના ઉપર ઉપરના પ્રતરના ક્રમથી ત્રણ હાથ અને ત્રણ આંગળ નાંખવા. તેથી પ્રતરોમાં પૂર્વે કહેલું પરિમાણ થાય છે. કહ્યુ છે કે-

सो चेव बीयाए पढमे पयरम्मि होइ उस्सेहो । हत्थत्तिय तिन्नि अंगुल पयरे पयरे य वुड्ढीए ॥
एक्कारसमे पयरे पण्णरस धणूणि दोण्णि रयणिओ । बारस अंगुलाइं देहपमाणं तु विन्नेयं ॥

આ બે ગાથાનો અક્ષરાર્થ આ છે—જે પ્રથમ પૃથિવીના તેરમા પ્રતરને વિષે ઉત્કૃષ્ટથી ઉંચાઇ સાત ધનુષ, ત્રણ હાથ અને છ અંગુલ કહી છે તે બીજી શર્કરાપ્રભાના પ્રથમ પ્રતરને વિશે જાણવી. તે પછી પ્રતરે પ્રતેરે ત્રણ હાથ અને ત્રણ અંગુલની વૃદ્ધિ કરવી, તેથી અગિયારમાં પ્રતરમાં ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરનું પરિણામ પંદર ધનુષ, બે હાથ અને બાર આંગળનું આવે છે. હવે ઉત્કૃષ્ટથી ઉત્તર વૈક્રિયનું પરિમાણ કહે છે—એકત્રીશ ધનુષ અને એક હાથ પ્રમાણ છે. આ અગિયારમાં પ્રતરને વિશે જાણવું. બાકીના પ્રતરોમાં પોતપેતાના ભવધારણીય શરીરપ્રમાણની અપેક્ષાએ બમણું બમણું જાણવું. ત્રીજી વાલુકાપ્રભા પૃથિવીમાં ઉત્કૃષ્ટથી ભવધારણીય અવગાહના એકત્રીશ ધનુષ અને એક હાથ છે. એ નવમાં પ્રતરને આશ્રયી કહેલું સમજવું, બાકીના પ્રતરોમાં આ પ્રમાણે છે—પ્રથમ પ્રતરમાં ભવધારણીય અવગાહના પંદર ધનુષ, બે હાથ અને બાર અંગુલ, બીજા પ્રતરમાં સત્તર ધનુષ, બે હાથ અને સાડાસાત અંગુલ, ત્રીજા પ્રતરમાં ઓગણીશ ધનુષ બે હાથ અને ત્રણ અંગુલ, ચોથા પ્રતરમાં એકવીશ ધનુષ, એક હાથ અને સાડી બાવીશ અંગુલ, પાંચમાં પ્રતરમાં તેવીશ ધનુષ, એક હાથ અને અઢાર આંગળ, છઠ્ઠા પ્રતરમાં પચીશ ધનુષ, એક હાથ અને

સાડાતેર અંગુલ, સાતમાં પ્રતરમાં સત્યાવીશ ધનુષ, એક હાથ અને નવ અંગુલ, આઠમાં પ્રતરમાં ઓગણત્રીશ ધનુષ, એક હાથ અને સાડાચાર આંગળ, અને નવમાં પ્રતરમાં પૂર્વોક્ત પરિમાણ થાય છે. અહીં આ ભાવાર્થ છે—પહેલા પ્રતરમાં જે પરિમાણ કહ્યું છે તેના ઉપર પ્રતરે પ્રતરે સાત હાથ અને સાડી ઓગણીશ આંગળ અનુક્રમે નાંખવા, તેથી પ્રતરોમાં પૂર્વોક્ત પરિમાણ થાય છે. એ સંબન્ધે કહ્યું છે કે—

"सो चेव तइयाए पढमे पयरम्मि होइ उस्सेहो । सत्त रयणीउ अंगुल उणवीशं सड्ढवुड्ढी य ॥

पयरे पयरे य तहा नवमे पयरम्मि होइ उस्सेहो । धणुयाणि एगतीसं एक्का रयणी य नायव्वा ॥"

આ બે ગાથાનો અક્ષરાર્થ આ છે—જે બીજી શર્કરાપ્રભાના અગિયારમા પ્રતરને વિષે ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટથી ઉંચાઇ પંદર ધનુષ, બે હાથ અને બાર અંગુલ પ્રમાણ કહી છે તેજ ત્રીજી વાલુકાપ્રભાના પહેલા પ્રતરમાં સમજવી. ત્યાર પછી પ્રતરે પ્રતરે સાત હાથ અને સાડી ઓગણીશ આંગળની વૃદ્ધિ કરવી. એમ કરવાથી નવમા પ્રતરમાં પૂર્વોક્ત એકત્રીશ ધનુષ અને એક હાથનું ભવધારણીય અવગાહનાનું પ્રમાણ થાય છે. ઉત્તર વૈક્રિયનું ઉત્કૃષ્ટ પ્રમાણ કહે છે—બાસઠ ધનુષ અને બે હાથ. આ પ્રમાણ નવમા પ્રતરની અપેક્ષાએ જાણવું. અને બાકીના પ્રતરોમાં પોતપોતાના ભવધારણીય શરીર પ્રમાણની અપેક્ષાએ બમણું બમણું સમજવું.

ચોથી પંકપ્રભમાં ઉત્કૃષ્ટ ભવધારણીય અવગાહના બાસઠ ધનુષ અને બે હાથની છે. આ પ્રમાણ સાતમા પ્રતરને વિશે જાણવું. બાકીના પ્રતરોમાં આ પ્રમાણે છે—પંકપ્રભાના પ્રથમ પ્રતરમાં એકત્રીશ ધનુષ અને એક હાથ, બીજા પ્રતરમાં છત્રીશ ધનુષ, એક હાથ અને વીશ આંગળ, ત્રીજા પ્રતરમાં એકતાળીશ ધનુષ, બે હાથ અને સોળ આંગળ, ચોથા પ્રતરમાં છેતાલીશ ધનુષ, ત્રણ હાથ અને બાર આંગળ, પાંચમાં પ્રતરમાં બાવન ધનુષ અને આઠ આંગળ, છઠ્ઠા પ્રતરમાં સત્તાવન ધનુષ, અને એક હાથ ચાર આંગળ, અને સાતમાં પ્રતરમાં સૂત્રમાં કહેલું પરિમાણ જાણવું. અહીં પણ આ ભાવાર્થ છે—પહેલા પ્રતરમાં જે પરિમાણ કહ્યું છે તેને ઉપર ઉપરના પ્રતરમાં અનુક્રમે પાંચ ધનુષ અને વીશ આંગળની વૃદ્ધિ કરવી. તેથી સાતમાં પ્રતરમાં સૂત્રમાં કહેલું પરિમાણ થાય છે. કહ્યું છે કે—

"सो चेव चउत्थीए पढमे पयरम्मि होइ उस्सेहो । पंच धणु वीस अंगुल पयरे पयरे य वुड्ढी य ॥

जा सत्तमए पयरे नेरइयाणं तु होइ उस्सेहो । बासट्ठी धणुयाणं दोण्णि रयणी य बोद्धव्वा"

"વાલુકાપ્રભાના નવમા પ્રતરમાં જે ઉંચાઇ છે, તેજ ચોથી નરકપૃથિવીના પ્રથમ પ્રતરને વિષે ઉંચાઇ જાણવી અને પ્રતરે પ્રતરે પાંચ ધનુષ અને વીશ આંગળની વૃદ્ધિ કરવી. યાવત્ સાતમા પ્રતરમાં નૈરયિકોની ઉંચાઇ બાસઠ ધનુષ અને બે હાથ પ્રમાણ જાણવી. ઉત્તર વૈક્રિયનું ઉત્કૃષ્ટ પરિમાણ એકસો પચીશ ધનુષ હોય છે અને તે સાતમા પ્રતરે છે. બાકીના પ્રતરોમાં પોતપોતાના ભવધારણીય શરીરની અપેક્ષાએ બમણું છે.

પાંચમી ધુમપ્રભા પૃથિવીમાં ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરનું પરિમાણ એકસો પચીશ ધનુષનું હોય છે. અને તે પાંચમા પ્રતરને આશ્રયી કહેલું જાણવું. બાકીના પ્રતરોમાં આ પ્રમાણે છે—પહેલા પ્રતરમાં બાસઠ ધનુષ અને બે હાથ, બીજા પ્રતરમાં અઠ્યોતર ધનુષ અને એક વેંત. ત્રીજા પ્રતરમાં ત્રાણું ધનુષ અને ત્રણ હાથ. ચોથા પ્રતરમાં એકસો નવ ધનુષ, એક હાથ અને એક વેંત. અને પાંચમા પ્રતરમાં સૂત્રે કહેલું પરિમાણ સમજવું. અહીં પણ આ તાત્પર્ય છે–જે પહેલા પ્રતરમાં પરિમાણ કહ્યું છે. તેના ઉપર દરેક અનુક્રમે પંદર ધનુષ અને અઢી હાથ વધારીએ એટલે પાંચમા પ્રતરમાં પૂર્વે કહેલું પરિણામ આવે છે, કહ્યું છે કે–

"सो चेव पंचमीए पढमे पयरम्मि होइ उस्सेहो । पनरस धणूणि दो हत्थ सड्ढ पयरेसु वुड्ढी य ॥

तह पंचमए पयरे उस्सेहो धणुसयं तु पणवीसं" ।

તેજપાંચમી નરકપૃથિવીના પ્રથમ પ્રતરમાં ઉંચાઇ છે, તેમાં પંદર ધનુષ અને અઢી હાથની વૃદ્ધિ કરવી. તેથી પાંચમા પ્રતરમાં એક સો પચીશ ધનુષની ઉંચાઇ થાય છે. આ દોઢ ગાથાનો અક્ષરાર્થ પૂર્વની પેઠે કરવો. ઉત્તર વૈક્રિયનું ઉત્કૃષ્ટ પરિમાણ

અઢીસો ધનુષ સમજવું. આ પ્રમાણ પાંચમે પ્રતરે જાણવું અને બાકીના પ્રતરોમાં પોતપોતાના ભવધારણીય શરીરની અપેક્ષાએ બમણું જાણવું.

છઠ્ઠી તમ:પ્રભા પૃથિવીમાં ભવધારણીય શરીરની અવગાહના ઉત્કૃષ્ટથી અઢીસો ધનુષ હોય છે. અને તે ત્રીજા પ્રતરમાં જાણવી. પ્રથમ પ્રતરમાં એકસો પચીસ ધનુષ, બીજા પ્રતરમાં એકસો સાડી સત્યાશી ધનુષ અને ત્રીજા પ્રતરમાં સૂત્રમાં કહેલું પરિમાણ હોય છે. અહીં આ તાત્પર્ય છે–પ્રથમ પ્રતરમાં પરિમાણ કહ્યું છે તેના ઉપર પ્રતરે પ્રતરે સાડી બાસઠ ધનુષ ઉમેરવા, એમ કરવાથી ત્રીજા પ્રતરને વિશે સૂત્રોક્ત પરિણામ થાય છે. કહ્યું છે કે–

**सो चेव य छट्ठीए पढमपयरम्मि होइ उस्सेहो, बावट्ठी धणुय सड्ढा पयरे पयरे य वुड्ढीओ।**
**छट्ठीए तइय पयरे दोसयपण्णासया होंति।**

તેજ છઠ્ઠી નરક પૃથિવીના પ્રથમ પ્રતરમાં ઉંચાઇ છે. તેમાં સાડી બાસઠ ધનુષની પ્રતરે પ્રતરે વૃદ્ધિ કરવી. એમ કરવાથી છઠ્ઠીના ત્રીજા પ્રતરે બસો પચાસ ધનુષ પરિમાણ થાય છે. અહીં પણ ઉત્તરાર્ધ સહિત ગાથાનો અક્ષરાર્થ પૂર્વની પેઠે કરવો. ઉત્તર વૈક્રિયનું પરિમાણ ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ હોય છે અને તે ત્રીજા પ્રતરમાં જાણવું. પ્રથમના બે પ્રતરમાં પોતપોતાના ભવધારણીય શરીરની અપેક્ષાએ બમણું બમણું સમજવું.

સાતમી નરક પૃથિવીમાં ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ પાંચસો ધનુષપ્રમાણ છે અને ઉત્તર વૈક્રિય હજાર ધનુષ છે. બધે ભવધારણીય શરીર જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગપ્રમાણ અને ઉત્તર વૈક્રિય અંગુલના સંખ્યાતમાં ભાગપ્રમાણ છે.

તિર્યંચ પંચેન્દ્રિયનું વૈક્રિય શરીર ઉત્કૃષ્ટથી બસોથી નવસો યોજન સુધી છે. કારણ કે તેઓની તેથી વધારે મોટું વૈક્રિય શરીર કરવાની શક્તિ નથી. મનુષ્યોને કંઇક અધિક લાખ યોજન પ્રમાણ વૈક્રિય શરીર હોય છે, કારણ કે વિષ્ણુકુમાર પ્રમુખ તેવા પ્રકારનું શરીર કર્યાનું શાસ્ત્રમાં સંભળાય છે. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય બન્નેને જઘન્ય શરીર અંગુલના સંખ્યાતમાં ભાગપ્રમાણ (પ્રારંભકાળે) હોય છે, પણ અસંખ્યાતમાં ભાગપ્રમાણ હોતું નથી. કારણ કે તેવા પ્રકારના પ્રયત્નનો સંભવ નથી.

અસુરકુમારથી માંડી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ, વ્યન્તર, જ્યોતષિક અને સૌધર્મ–ઈશાન દેવો પ્રત્યેકને જઘન્ય ભવધારણીય વૈક્રિય શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ હોય છે, અને તે ઉત્પત્તિ સમયે જાણવી. તથા ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથની હોય છે. ઉત્તર વૈક્રિયની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગપ્રમાણ છે અને ઉત્કૃષ્ટ લાખ યોજન પ્રમાણ છે. 'ઉત્તર—**वेउव्विया जाव अच्चुओ कप्पो**'—ઉત્તર વૈક્રિય અચ્યુત દેવલોક સુધી હોય છે. તેથી ઉપર ઉત્તર વૈક્રિયનો સંભવ નથી. એ વાત પૂર્વે કહી છે. બધે જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગપ્રમાણ છે અને ઉત્કૃષ્ટ લાખ યોજન છે. ભવધારણીય શરીર વિવિધ પ્રકારનું હોય છે, માટે તે જુદું જુદું કહે છે—'**नवरं**' ઇત્યાદિ. પરન્તુ ભવધારણીય શરીરની વિશેષતા છે–સનત્કુમાર દેવલોકમાં જઘન્યથી આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ છ હાથ છે. '**एवं माहिंदेवि**' એ પ્રમાણે જઘન્ય અને ઉત્કૃષ્ટ ભવધારણીય શરીર માહેન્દ્ર દેવલોકને વિશે પણ કહેવું. આ સાત સાગરોપમની સ્થિતિવાળા દેવોને આશ્રયી કહેલું જાણવું. બે ત્રણ ઇત્યાદિ સાગરોપમની સ્થિતિવાળાને આ પ્રમાણે છે—સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં જેઓની બે સાગરોપમની સ્થિતિ છે તેઓનું ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી પૂરા સાત હાથ પ્રમાણ છે. જેઓની ત્રણ સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર છ હાથ અને એક હાથના ચાર અગિયારાંશ હોય છે. જેઓની ચાર સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર છ હાથ અને એક હાથના ત્રણ અગિયારાંશ હોય છે. જેઓની પાંચ સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર છ હાથ અને હાથના બે અગિયારાંશ હોય છે, જેઓની છ સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર છ હાથ અને હસ્તનો એક અગિયારાંશ હોય છે. અને જેઓની પૂરા સાત સાગરોપમની સ્થિતિ છે તેઓનું પૂરા છ હાથ પ્રમાણ ભવધારણીય શરીર છે. એ સંબંધે કહ્યું છે કે—"**अयरतिंग ठिइ जेसिं सणंकुमारे तहेव माहिंदे । रयणीछक्कं तेसिं भागचउक्काहियं देहो । तत्तो अयरे अयरे भागो एक्केकओ पडइ जाव । सागरसत्तठिईणं रयणीछक्कं तणुपमाणं**" ॥ સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકમાં જેઓની ત્રણ સાગરોપમોની સ્થિતિ છે તેઓનું

શરીર છ હાથ અને એક હાથના અગિયાર ભાગ કરીએ એવા ચાર ભાગ અધિક હોય છે. તેમાંથી દરેક સાગરોપમે એક એક ભાગ બાદ કરવો, યાવત્ સાત સાગરોપમની સ્થિતિવાળા દેવોનું છ હાથનું શરીરપ્રમાણ હોય છે. અહીં જઘન્ય ભવધારણીય શરીર બધે સ્થળે પણ અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ છે અને તે પ્રસિદ્ધ છે. માટે તેને છોડીને ઉત્કૃષ્ટ અવગાહનાનું પ્રતિપાદન કરે છે- -'**बंभलोग-लंतगेसु पञ्च रयणीओ**' ઇતિ. બ્રહ્મલોક અને લાન્તક દેવલોકમાં પાંચ હાથનું શરીર છે. જો કે અહીં બ્રહ્મલોકના ઉપર લાન્તક છે, સમશ્રેણિએ નથી, તોપણ અહીં શરીરના પ્રમાણનો વિચાર હોવાથી આ બે દેવલોકની વિવક્ષા કરી છે. કારણ કે બે દેવલોકને અન્તે એક હાથ પ્રમાણ ઘટે છે. એ પ્રમાણે આગળ પણ શુક્ર અને સહસ્રાર દેવલોકને વિશે તથા આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર દેવલોકને વિશે એક એક હાથ પ્રમાણ શરીર ઘટે છે. એમ ગ્રૈવેયકમાં તથા પાંચ અનુત્તરને વિશે એક એક હાથ પ્રમાણ શરીર ઘટે છે–એમ બે ચાર ઇત્યાદિ દેવલોકને સાથે ગ્રહણ કરવાનું કારણ સમજવું. તેમા બ્રહ્મલોક અને લાન્તકને વિષે ભવધારણીય શરીર ઉત્કૃષ્ટ પાંચ હાથ છે. એ શરીરપ્રમાણ લાન્તકને વિશે ચૌદ સાગરોપમની સ્થિતિવાળા દેવોને આશ્રયી પ્રતિપાદન કરેલું સમજવું. બાકીના સાગરોપમની સ્થિતિવાળા દેવોને વિશે આ પ્રમાણે છ—જેઓની બ્રહ્મલોકમાં સાત સાગરોપમની સ્થિતિ છે તેઓનું ભવધારણીય શરીર પૂરા છ હાથ છે. જેઓની આઠ સાગરોપમની સ્થિતિ છે તેઓનું પાંચ હાથ અને હાથના છ અગિયારાંશ હોય છે. જેઓની નવ સાગરોપમની સ્થિતિ છે તેઓનું પાંચ હાથ અને હાથના પાંચ અગિયારાંશ હોય છે. જેઓની દસ સાગરોપમની સ્થિતિ છે તેઓને પાંચ હાથ અને હાથના ચાર અગિયારાંશ હોય છે. લાન્તકમાં પણ જેઓની દસ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલુંજ ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી હોય છે. જેઓની લાન્તકને વિષે અગિયાર સાગરોપમની સ્થિતિ છે તેઓને પાંચ હાથ અને હાથના ત્રણ અગિયારાંશ હોય છે. જેઓની બાર સાગરોપમની સ્થિતિ છે તેઓને પાંચ હાથ અને હાથના બે અગિયારાંશ હોય છે. જેઓની તેર સાગરોપમની સ્થિતિ છે તેઓને પાંચ હાથ અને હાથનો એક અગિયારાંશ શરીરપ્રમાણ હોય છે જેઓની ચૌદ સાગરોપમની સ્થિતિ છે તેઓને પુરા પાંચ હાથ પ્રમાણ ભવધારણીય શરીર છે.

'**महासुक्कासहस्सारेसुं चत्तारि रयणिओ**'–મહાશુક્ર અને સહસ્રારને વિશે ઉત્કૃષ્ટ ચાર હાથ પ્રમાણ ભવધારણીય શરીર હોય છે. એ પ્રમાણ સહસ્રાર કલ્પમાં રહેલા અઢાર સાગરોપમની સ્થિતિવાળા દેવોને આશ્રયી જાણવું. બાકીના સાગરોપમની સ્થિતિવાળા દેવોમાં આ પ્રમાણે છ—જેઓની મહાશુક્ર કલ્પમાં ચૌદ સાગરોપમની સ્થિતિ છે તેઓનું ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીર સંપૂર્ણ પાંચ હાથનું હોય છે. જેઓની પંદર સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર ચાર હાથ અને હાથના ત્રણ અગિયારાંશ હોય છે. જેઓની સોળ સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર ચાર હાથ અને એક હાથના બે અગિયારાંશ હોય છે. જેઓની સત્તર સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર ચાર હાથ અને હાથનો એક અગિયારાંશ હોય છે. અને સહસ્રાર દેવોમાં પણ જેઓની સ્થિતિ સત્તર સાગરોપમની છે તેઓને એટલુ જ ભવધારણીય શરીર હોય છે. સહસ્રાર દેવલોકમાં જેઓની સંપૂર્ણ અઢાર સાગરોપમની સ્થિતિ છે તેઓનું પરિપૂર્ણ ચાર હાથ પ્રમાણ ભવધારણીય શરીર હોય છે.

'**आयणपाणयआरणच्चुएसु तिन्नि रयणीओ**' ઇતિ. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકમાં ઉત્કૃષ્ટ ત્રણ હાથનું ભવધારણીય શરીર હોય છે. આ અચ્યુત દેવલોકમાં બાવીશ સાગરોપમની સ્થિતિવાળા દેવોને આશ્રયી સમજવું. બાકીના સાગરોપમની સ્થિતિવાળાને વિશે આ પ્રમાણે છ—જેઓની આનત કલ્પમાં પણ પરિપૂર્ણ કે કંઇક અધિક અઢાર સાગરોપમની સ્થિતિ છે તેઓને ઉત્કૃષ્ટ ચાર હાથનું ભવધારણીય શરીર હોય છે. જેઓની ઓગણીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને ત્રણ હાથ અને હાથના ત્રણ અગિયારાંશ પ્રમાણ શરીર હોય છે. પ્રાણત કલ્પમાં પણ જેઓની ઓગણીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલું જ ભવધારણીય શરીર હોય છે. જેઓની પુનઃપ્રાણત કલ્પમાં વીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને ત્રણ હાથ અને હાથના બે અગિયારાંશ શરીર હોય છે. જેઓની આરણ કલ્પમાં પણ વીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલું જ ભવધારણીય શરીર હોય છે. જેઓની આરણ કલ્પમાં પણ એકવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને ત્રણ હાથ અને એક હાથનો અગિયારમો ભાગ ભવધારણીય શરીર હોય છે. અચ્યુત કલ્પમાં પણ જેઓની એકવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલું જ ભવધારણીય શરીર

હોય છે. જેઓની અચ્યુત કલ્પમાં બાવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને ઉત્કૃષ્ટ પૂરા ત્રણ હાથ શરીર હોય છે.

'**गेवेज्जकप्पातीत**'–ઇત્યાદિ. ગ્રૈવેયક કલ્પાતીત દેવોને વિશે એક ભવધારણીય શરીર હોય છે–ઇત્યાદિનો વિચાર કર્યો છે. '**नवरं उक्कोसेणं दो रयणीओ**'त्ति–પરન્તુ ઉત્કૃષ્ટથી બે હાથ પ્રમાણ શરીર હોય છે. એ નવમાં ગ્રૈવેયકને વિશે એકત્રીશ સાગરોપમની સ્થિતિવાળા દેવોને આશ્રયી જાણવું. બાકીના સાગરોપમની સ્થિતિવાળાને વિશે આ પ્રમાણે છે–પહેલા ગ્રૈવેયકને વિશે જેઓની બાવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓનું ત્રણ હાથ ભવધારણીય શરીર છે, જેઓની ત્યાં જ તેવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓનું શરીર બે હાથ અને એક હાથના આઠ અગિયારાંશ પ્રમાણ છે. બીજા ગ્રૈવેયકમાં પણ જેઓની તેવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલું જ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં ચોવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને ભવધારણીય શરીર બે હાથ અને હાથના સાત અગિયારાંશ પ્રમાણ હોય છે. ત્રીજા ગ્રૈવેયકમાં પણ જેઓની ચોવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલું જ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં પચીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને બે હાથ અને હાથના છ અગિયારાંશ ભવધારણીય શરીર હોય છે. ચોથા ગ્રૈવેયકને વિશે પણ જેઓની પચીશ સાગરોપમની સ્થિતિ છે. તેઓને એટલું જ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં છવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને બે હાથ અને હાથના પાંચ અગિયારાંશ પ્રમાણ શરીર હોય છે. પાંચમા ગ્રૈવેયકમાં પણ જેઓની છવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલુંજ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં સત્યાવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને બે હાથ અને હાથના ચાર અગિયારાંશ ભવધારણીય શરીર હોય છે. છઠ્ઠા ગ્રૈવયકમાં પણ જેઓની સત્યાવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલુંજ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં અઠ્યાવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને બે હાથ અને હાથના ત્રણ અગિયારાંશ ભવધારણીય શરીર હોય છે. સાતમા ગ્રૈવયકમાં પણ જેઓની અઠ્યાવીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલુંજ શરીર હોય છે. જેઓની ત્યાં ઓગણત્રીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને ભવધારણીય શરીર બે હાથ અને હાથના બે અગિયારાંશ પ્રમાણ હોય છે આઠમાં ગ્રૈવેયકમાં પણ જેઓની ઓગણત્રીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એટલુંજ શરીર હોય છે. જેઓની ત્યાં ત્રીશ સાગરોપમની સ્થિતિ છે, તેઓને બે હાથ અને એક હાથનો અગિયારમો ભાગ ભવધારણીય શરીર હોય છે. નવમાં ગ્રૈવેયકમાં જેઓની સ્થિતિ ત્રીશ સાગરોપમની છે તેઓને ભવધારણીય શરીર એટલુંજ હોય છે. જેઓની ત્યાં એકત્રીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને પરિપૂર્ણ બે હાથનું ભવધારણીય શરીર હોય છે. '**एवं अणुत्तरे**' ઇત્યાદિ. એ પ્રમાણે–ગ્રૈવેયક દેવોને કહ્યા પ્રમાણે અનુત્તરૌપપતિક દેવોને પણ સૂત્ર કહેવું. પરન્તુ ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી એક હાથ પ્રમાણ કહેવું. એ તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા દેવોને આશ્રયી જાણવું. જેઓની વિજયાદિ ચાર વિમાનને વિશે એકત્રીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને સંપૂર્ણ બે હાથ પ્રમાણ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં જ મધ્યમ બત્રીશ.સાગરોપમની સ્થિતિ છે તેઓને એક હાથ અને એક હાથનો અગિયારમો ભાગ ભવધારણીય શરીર હોય છે. જેઓની ત્યાં સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે તેઓને એક હાથ ભવધારણીય શરીર હોય છે. જઘન્ય બધે આંગળના અસંખ્યાત ભાગ પ્રમાણ જાણવું. ॥૭॥૫૭૫॥

## ।। आहारगसरीरे विहिदारं ।।

**आहारगसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! एगागारे पन्नत्ते। जदि एगागारे पण्णत्ते किं मणूस-आहारगसरीरे, अमणूसआहारगसरीरे? गोयमा! मणूसआहारगसरीरे, नो अमणूसआहारगसरीरे। जदि मणूसआहारगसरीरे किं सम्मुच्छिममणूसआहारगसरीरे, गब्भवक्कंतियमणूसआहारगसरीरे? गोयमा! नो संमुच्छिममणूसआहारगसरीरे, गब्भवक्कंतियमणूसआहारगसरीरे। जइ गब्भवक्कंतियमणूसआहारगसरीरे किं कम्मभूमगगब्भवक्कंतियमणूस-आहारगसरीरे, अकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, अंतरद्दीवगगब्भवक्कंतियमणूसआहरगसरीरे? गोयमा! कम्मभूमगगब्भवक्कंतियमणुसआहारगसरीरे, नो अकम्मभूमगगब्भवक्कंतियमणुसआहारग सरीरे, नो**

अंतरदीवगगब्भवक्कंतियमणूसआहारगसरीरे। जइ कम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे किं संखेज्जवासाउय-कम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, असंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे? गोयमा संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो असंखेज्जवासाउयकम्मभूमगगब्भ-वक्कंतियमणूसआहारगसरीरे। जदि संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे किं पज्जत्तग-संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, अपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भ-वक्कंतियमणूसआहारगसरीरे? गोयमा! पज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो अपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे। जदि पज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, किं सम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भ-वक्कंतियमणूसआहारगसरीरे, मिच्छद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, सम्मामिच्छद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे? गोयमा! सम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो मिच्छदिट्ठिपज्जत्तग-संखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो सम्मामिच्छद्दिट्ठीपज्जत्तगसंखेज्ज-वासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे। जइ सम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणूसआहारगसरीरे किं संजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, असंजयसम्मद्दिट्ठीपज्जत्तसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, संजयासंजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे? गोयमा! संजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो असंजयसम्मद्दिट्ठी-पज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो संजयासंजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्ज-वासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे। जदि संजतसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउय-कम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे किं पमत्तसंजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमग-गब्भवक्कंतियमणूसआहारगसरीरे, अपमत्तसंजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसआहारगसरीरे? गोयमा! पमत्तसंजयसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, नो अपमत्तसंजतसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसआहारगसरीरे। जदि पमत्तसंजतसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, किं इड्ढिपत्तपमत्तसंजयसम्मद्दिट्ठीपज्जत्तगकम्मभूमगसंखेज्जवासाउयगब्भवक्कंतिय-मणूसआहारगसरीरे, अणिड्ढिपत्तपमत्तसंजयकम्मभूमगसंखेज्जवासाउयगब्भवक्कंतियमणूसआहारगसरीरे? गोयमा! इड्ढिपत्तपमत्त-संयतसम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे, नो अणिड्ढिपत्तपमत्तसंजय-सम्मद्दिट्ठीपज्जत्तगसंखेज्जवासाउयकम्मभूमगगब्भवक्कंतियमणूसआहारगसरीरे

## ।। आहारगसरीरे संठाणदारं।।

आहारगसरीरे णं भंते! किं संठिए पन्नत्ते? गोयमा! समचउरंससंठाणसंठिए पन्नत्ते।

## ।। आहारगसरीरे पमाणदारं ।।

**आहारगसरीरस्स णं भंते! केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! जहन्नेणं देसूणा रयणी, उक्कोसेणं पडिपुण्णा रयणी।।सू०-८।।५७६।।**

(મુ૦) હે ભગવન્! આહારક શરીર કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! એક આકારવાળું કહ્યું છે. જો એક આકારવાળું છે તો શું મનુષ્ય આહારક શરીર છે કે અમનુષ્ય (મનુષ્ય સિવાય) આહારક શરીર છે? હે ગૌતમ! મનુષ્યઆહારક શરીર છે પણ અમનુષ્ય——મનુષ્ય સિવાય આહારક શરીર નથી. જો મનુષ્યને આહારકશરીર છે તો શું સંમૂર્ચ્છિમ મનુષ્ય આહારક શરીર હોય કે ગર્ભજ મનુષ્ય આહારક શરીર હોય? હે ગૌતમ! સંમૂર્ચ્છિમ મનુષ્યને આહારક શરીર નથી, પણ ગર્ભજ મનુષ્યને આહારક શરીર છે. જો ગર્ભજ મનુષ્યને આહારક શરીર છે તો શું કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય કે અન્તર્દ્વીપના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય? હે ગૌતમ! કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, પણ અકર્મભૂમિના કે અન્તર્દ્વીપના મનુષ્ય સંબન્ધે આહારક શરીર ન હોય. જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય સંબન્ધી આહારક શરીર છે તો શું સંખ્યાત વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય કે અસંખ્યાત વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય? હે ગૌતમ! સંખ્યાત વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, પણ અસંખ્યાત વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય સંબન્ધી આહારક શરીર ન હોય. જો સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય તો શું પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય કે અપર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય? હે ગૌતમ! પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, પણ અપર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર ન હોય. જો પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર છે તો શું સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય કે સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય? હે ગૌતમ! સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, પણ મિથ્યાદષ્ટિ પર્યાપ્ત અને સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર ન હોય. જો સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર છે તો શું સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, અસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય કે સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતા વરસના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને આહારકશરીર હોય? હે ગૌતમ! સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક ગર્ભજ કર્મભૂમિજ મનુષ્યને આહારક શરીર હોય પણ અસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારકશરીર ન હોય, તેમ સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર ન હોય. જો સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર છે તો શું પ્રમત્તસંયત પર્યાપ્ત સમ્યગ્દષ્ટિ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારકશરીર હોય કે અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય? હે ગૌતમ! પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક

*કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, પણ અપ્રમત સંયત પર્યાપ્ત સમ્યગ્દષ્ટિ કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર ન હોય. જો પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર છે તો શું ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય કે ઋદ્ધિને અપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય? હે ગૌતમ! ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર હોય, પણ ઋદ્ધિને અપ્રાપ્ત પ્રમત્તસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાતાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને આહારક શરીર ન હોય. હે ભગવન્! આહારક શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે? હે ગૌતમ! એક સમચતુરસ્ર સંસ્થાનવાળું છે. હે ભગવન્! આહારક શરીરની કેટલી મોટી શરીરાવગાહના છે? હે ગૌતમ! જઘન્યથી કાંઇક ન્યૂન એક હાથ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ એક હાથ હોય છે. ॥૮॥૫૭૬॥*

(ટી૦) એ પ્રમાણે વૈક્રિય શરીરનું પણ વિધિ–પ્રકાર, સંસ્થાન અને પ્રમાણ કહ્યું, હવે આહારક શરીરના પ્રકારાદિ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા આચાર્ય કહે છે–'**आहारगसरीरे णं भंते ! कइविहे पन्नत्ते**' હે ભગવન્ ! આહારક શરીર કેટલા પ્રકારે છે? ઇત્યાદિ સુગમ છે, પરન્તુ '**संजय**'त्ति **संयच्छन्ति स्म**–સર્વ સાવદ્યયોગોથી સમ્યક્ વિરામ પામે, તેની વિરતિ કરે તે સંયત–સર્વવિરતિ ચારિત્રવાળા. અહીં કર્તાના અર્થમાં '**त**' પ્રત્યય કરવામાં આવ્યો છે. અસંયત–અવિરતિસમ્યગ્દષ્ટિ, સંયતાસંયત–દેશવિરતિવાળા. તથા '**पमत्त**'त्ति–**प्रमाद्यन्ति स्म** મોહનીયાદી કર્મના ઉદયના સામર્થ્યથી સંજ્વલન કષાય અને નિદ્રાદિમાંના કોઇ પણ પ્રમાદના યોગથી સંયમયોગમાં શિથિલ થયેલા હોય તે પ્રમત્ત. અહીં પૂર્વેની પેઠે કર્તાના અર્થમાં '**त**' પત્યય થયો છે. તેઓ પ્રાયઃ ગચ્છવાસી હોય છે. તેઓને ક્વચિત્ અનુપયોગનો–આત્મવિસ્મૃતિનો સંભવ છે. તેથી વિપરીત અપ્રમત્ત કહેવાય છે. તે પ્રાયઃ જિનકલ્પિક, પરિહારવિશુદ્ધિક, અને [1]યથાલન્દકલ્પિકની પ્રતિમા–અભિગ્રહને પ્રાપ્ત થયેલા હોય છે. તેઓને નિરંતર ઉપયોગ–આત્મજાગૃતિનો સંભવ છે. અહીં જિનકલ્પિકાદિ લબ્ધિનો ઉપયોગ કરતા નથી. કારણકે તેઓનો તેવા પ્રકારનો કલ્પ–આચાર છે. જે આ ગચ્છવાસી છે તેઓ આહારક શરીર કરે છે. તેઓ પણ તે વખતે લબ્ધિનો ઉપયોગ કરવાને લીધે ઉત્સુકતા થવાથી પ્રમાદયુક્ત હોય છે અને આહારક શરીરનો ત્યાગ કરતા પણ પ્રમાદવાળા હોય છે. કારણકે આત્મપ્રદેશોનું ઔદારિક શરીરને વિશે સંહરણ કરવા વડે વ્યાકુલપણું હોય છે. તેઓ આહારક શરીરમાં અન્તમુહૂર્ત સુધી રહે છે, તેથી જો કે વચ્ચેના કાળમાં કેટલાક કાળ કાંઇક વિશુદ્ધિ હોવાથી કાર્મગ્રન્થિક આચાર્યોએ તેઓનું અપ્રમત્તપણું વર્ણવેલુ છે, તો પણ તે લબ્ધિનો ઉપયોગ કરવા વડે પ્રમત્ત જ છે, માટે '**नो अपमत्तसंजए**' ઇત્યાદિ સૂત્રથી અપ્રમત્તભાવનો પ્રતિષેધ કર્યો છે. '**इड्ढिपत्त**'त्ति—ઋદ્ધિપ્રાપ્ત–ઋદ્ધિ–આમર્શઔષધિ (જેનો આમર્શ–સ્પર્શ રોગને દુર કરવામાં ઔષધિરૂપ થાય તેવી લબ્ધિ) વગેરે આત્મિક શક્તિ, તેને પ્રાપ્ત થયેલ ઋદ્ધિપ્રાપ્ત કહેવાય છે. તેથી વિપરીત અનૃદ્ધિપ્રાપ્ત (લબ્ધિ સિવાયના અન્ય) કહેવાય છે. પ્રથમથી વિશિષ્ટ અને ઉત્તરોત્તર અપૂર્વ અપૂર્વ અર્થનું પ્રતિપાદન કરનાર શ્રુતમાં પ્રવેશ કરતો અને શ્રુતના સામર્થ્યથી તીવ્ર અને તીવ્રતર શુભ ભાવના ઉપર ચઢતો અપ્રમત્ત થતાં ઋદ્ધિઓ પ્રાપ્ત કરે છે. એ સંબન્ધે કહ્યું છે કે—

**अवगाहते च स श्रुतजलधिं प्राप्नोति चावधिज्ञानम् । मानसपर्यायं वा ज्ञानं कोष्ठादिबुद्धीर्वा ॥**

**चारणवैक्रियसर्वौषधिताद्या वाऽपि लब्धयस्तस्य । प्रादुर्भवन्ति गुणतो बलानि वा मानसादीनि ॥**

તે–અપ્રમત્ત શ્રુતસાગરમાં પ્રવેશ કરે છે. અને અવધિજ્ઞાન તથા મનઃપર્યાય જ્ઞાન કે કોષ્ઠાદિ બુદ્ધિ પ્રાપ્ત કરે છે. તેને ચારણ, વૈક્રિય અને સર્વૌષધિ વગેરે લબ્ધિઓ તથા માનસિક બળ વગેરે ગુણથી પ્રગટ થાય છે. માનસ–મન સંબન્ધી પર્યાયો–વિષયો જેને

૧ પાણીથી ભીંજાયેલો હાથ જેટલા વખતમાં સૂકાઇ જાય તેટલા કાળને શાસ્રની પરિભાષામાં જઘન્ય લન્દ કહે છે, પરન્તુ અહીં પાંચ રાત્રિદિવસરૂપ ઉત્કૃષ્ટ લન્દ–કાળ ગ્રહણ કરવો. એક મોટા શહેરના છ વિભાગ કલ્પી એક એક વિભાગમાં ઉત્કૃષ્ટ થી પાંચ દિવસ સુધી ભિક્ષાએ ફરે છે. એ પ્રમાણે માસ કલ્પ પૂર્ણ કરે તે યથાલન્દિક કહેવાય છે. પાંચ સાધુઓના ગણ આ કલ્પનો સ્વીકાર કરે છે, તે કલ્પની ઘણીખરી મર્યાદા જિનકલ્પના જેવી છે.

છે તે માનસપર્યાય અથવા મનઃપર્યાય કહેવાય છે. '**कोष्ठादिबुद्धीर्वा**' અહીં આદિ શબ્દથી પદાનુસારી અને બીજબુદ્ધિનું ગ્રહણ કરવું. સિદ્ધાન્તમાં પરમ અતિશય રૂપ ત્રણ પ્રકારની બુદ્ધિ કહેલી છે. તે આ પ્રમાણ—૧ કોષ્ટબુદ્ધિ, ૨ પદાનુસારી બુદ્ધિ અને ૩ બીજ બુદ્ધિ. તેમાં કોષ્ટક–કોઠારમાં ધાન્ય તેની પેઠે જે બુદ્ધિ આચાર્યના મુખથી નીકળેલા સૂત્ર અને અર્થને તે જ રૂપમાં ધારણ કરે પણ તેમાંથી કાલાન્તરે પણ કાંઇપણ વિસ્મૃત ન થાય તે કોષ્ટબુદ્ધિ. જે બુદ્ધિ એક પણ સૂત્રના પદને જાણી બાકીનું શ્રુત નહિ સાંભળવા છતા જે રીતે હોય તે રીતે જાણે તે પદાનુસારી બુદ્ધિ. જે તેવા પ્રકારના એક અર્થપદને અનુસરી બાકીનું નહિ સાંભળવા છતા યથાર્થપણે ઘણા અર્થને જાણે તે બીજબુદ્ધિ. સૌથી ઉત્તમ અને પરાકાષ્ટાએ પહોંચેલી તે બીજબુદ્ધિ પૂજ્ય ગણધરોને હોય છે. ગણધર ભગવંતો-'**उप्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा**' એ ઉત્પાદાદિ ત્રણ પદને સાંભળી સર્વે દ્વાદશાઙ્ગીરૂપ પ્રવચનની રચના કરે છે.

તથા '**चारण-वैक्रिय-सर्वौषधिताद्याः**' ચારણ, વૈક્રિય અને સર્વૌષધિતા વગેરે લબ્ધિઓ પણ અપ્રમત્ત સંયતને પ્રાપ્ત થાય છે. તેમાં ચરણ–ગમન શક્તિ જેઓને હોય તે ચારણ. અહીં મત્વર્થક '**अण्**' પ્રત્યય થયો છે. તેમાં ગમન તો બીજા મુનિઓને પણ હોય છે. તેથી વિશેષણ બીજી રીતે સાર્થક નહિં હોવાથી વિશિષ્ટ ગમન ગ્રહણ કરવું. તેથી અતિશય અર્થમાં મત્વર્થક '**अण्**' પ્રત્યય થયો છે. જેમકે રૂપવાળી કન્યા, જો કે રૂપ તો બધી કન્યાઓમાં હોય છે, પરન્તુ અહીં વિશિષ્ટ રૂપ ગ્રહણ કરવાનું છે એટલે વિશિષ્ટ રૂપવાળી કન્યા એ અર્થ છે. તેથી અહીં આ અર્થ થાય છ—અતિશય ચરણ–ગમન કરવામાં સમર્થ તે ચારણ. અહીં ભાષ્યકાર પોતાની કરેલી ભાષ્યની ટીકામાં કહે છે—"**अतिशयचरणाच्चारणाः, अतिशयगमनादित्यर्थः** ।" અતિશય ગમનશક્તિ હોવાથી ચારણ કહેવાય છે. તે ચારણ બે પ્રકારના છે—જઙ્ઘાચારણ અને વિદ્યાચારણ. તેમાં ચારિત્ર અને તપવિશેષના પ્રભાવથી જેઓને ગમન કરવાની લબ્ધિ વિશેષ ઉત્પન્ન થઇ છે તે જઙ્ઘાચારણ. જેઓને વિદ્યાના સામર્થ્યથી ગમન કરવાની લબ્ધિ ઉત્પન્ન થઇ છે તે વિદ્યાચારણ. જઙ્ઘાચારણ રુચકવર દ્વીપ સુધી જવાને સમર્થ છે અને વિદ્યાચારણ નન્દીશ્વર સુધી જવાને સમર્થ છે. તેમાં જઙ્ઘાચારણ કોઇપણ સ્થળે જવાની ઇચ્છાવાળા હોય તો, તે સૂર્યકિરણોની નિશ્રા (અવલમ્બન) કરીને ત્યાં જાય છે અને વિદ્યાચારણ પણ એમ જ જાય છે. જઙ્ઘાચારણ રુચકવર દ્વીપે જતા એક ઉત્પાત વડે જાય છે અને ત્યાંથી પાછા આવતા એક ઉત્પાત વડે નન્દીશ્વર દ્વીપે આવે છે અને બીજા ઉત્પાત વડે પોતાના સ્થાને આવે છે. જો મેરુ પર્વતના શિખર ઉપર જવાની ઇચ્છાવાળા હોય તો તેઓ પહેલા ઉત્પાતવડે ત્યાં રહેલા પંડક વન ઉપર જાય છે, અને ત્યાંથી પાછા આવતા પ્રથમ ઉત્પાતવડે નન્દનવનમાં આવે છે અને બીજા ઉત્પાતવડે સ્વસ્થાને આવે છે. ચારિત્રાતિશયના પ્રભાવથી જઙ્ઘાચારણ થાય છે, તેથી લબ્ધિનો ઉપયોગ કરવાનું ઔત્સુક્ય થવાવડે પ્રમાદનો સંભવ હોવાથી ચારિત્રના અતિશયહેતુક લબ્ધિ ક્ષીણ થાય છે તેથી પાછા વળતા બે ઉત્પાત વડે સ્વસ્થાને આવે છે. વિદ્યાચારણ તો પ્રથમ ઉત્પાતવડે માનુષોત્તર પર્વતે જાય છે અને બીજા ઉત્પાતવડે નન્દીશ્વર દ્વીપે જાય છે અને ત્યાંથી પાછા વળતા એક ઉત્પાતવડે સ્વસ્થાને આવે છે. તથા તે ઉપર જતા પ્રથમ ઉત્પાતવડે નન્દનવન જાય છે અને બીજા ઉત્પાતવડે પંડક વનમાં જાય છે. ત્યાંથી પાછા વળતાં એક ઉત્પાતવડે સ્વસ્થાને આવે છે. વિદ્યાચરણ વિદ્યાના સામર્થ્યથી થાય છે. અને પરિશીલન–અભ્યાસ કરાતી વિદ્યા સ્ફુટ અને વધારે સ્ફુટ થતી જાય છે તેથી પાછા વળતા વધારે શક્તિનો સંભવ હોવાથી એક ઉત્પાતવડે સ્વસ્થાને આવે છે. કહ્યું છે ક—

"**अइसयचरणसमत्था जङ्घाविज्जाहि चारणा मुणओ । जङ्घाइ जाइ पढमो नीसं काउं रविकरे वि ॥**
**एगुप्पाएण गओ रुयगवरम्मि उ तओ पडिनियत्तो । बिइएणं नंदिस्सरमिहं तओ एइ तइएणं ॥**
**पढमेण पंडगवणं बिइउप्पएण नंदणं एइ । तइउप्पाएण तओ इह जङ्घाचारणो एइ ॥**
**पढमेण माणुसोत्तरनगं स नन्दिस्सरं तु बिइएण । एइ तओ तइएणं कयचेइयवंदणो इहइं ॥**
**पढमेणं नंदणवणे बिअउप्पाएण पंडगवणम्मि । एइ इहं तइएणं जो विज्जाचारणो होइ ॥**"

જઙ્ઘા અને વિદ્યાવડે અતિશય ગમનના સામર્થ્યવાળા ચારણ મુનિઓ હોય છે. પ્રથમ જઙ્ઘાચારણ જઙ્ઘા વડે સૂર્યના કિરણોનું

પણ અવલમ્બન કરીને જાય છે. જઙ્ઘાચારણ એક ઉત્પાત વડે–એક પગલે રુચકવર દ્વીપમાં જાય છે અને ત્યાંથી પાછા ફરતા બીજા ઉત્પાતપગલે નન્દીશ્વરમાં જાય છે, અને તે પછી ત્રીજા ઉત્પાત–પગલે સ્વસ્થાને આવે છે. પ્રથમ ઉત્પાત વડે પંડક વન, બીજા ઉત્પાત વડે નન્દન વન અને ત્રીજા ઉત્પાત વડે અહીં આવે છે. વિદ્યાચારણ પ્રથમ ઉત્પાત વડે માનુષોત્તર પર્વત અને બીજા ઉત્પાત વડે નન્દીશ્વર જાય છે, અને ત્યાં ચૈત્યવંદન કરી ત્રીજા ઉત્પાત વડે અહીં આવે છે. પ્રથમ ઉત્પાત વડે નન્દન વન, અને બીજા ઉત્પાત વડે પાંડુક વનમાં જાય છે અને ત્રીજા ઉત્પાતવડે અહીં આવે છે. તથા તેના સર્વ વિષ્ટા મૂત્રાદિક ઔષધરૂપ છે તે સર્વૌષધલબ્ધિવાળો કહેવાય છે. તાત્પર્ય એ છે કે જેનું મૂત્ર, વિષ્ટા, કફ, કે શરીરનો મેલ રોગને શાન્ત કરવામાં સમર્થ હોય તે સર્વૌષધલબ્ધિવાળો જાણવો. આદિ શબ્દથી આમર્ષોષધ્યાદિ લબ્ધિનું ગ્રહણ કરવું. જેનો આમર્ષ–સ્પર્શ ઔષધરૂપ એટલે રોગને દુર કરવામાં સમર્થ હોય તે આમર્ષોષધ લબ્ધિવાળો હોય છે. અપ્રમત્ત સંયત એ ઋદ્ધિ–લબ્ધિઓ પ્રાપ્ત કરી પછી પ્રમત્ત થાય છે. તેનું જ અહીં પ્રયોજન છે. તે માટે કહ્યું છે કે–'इड्ढिपत्तपमत्तसंजय'–ઇત્યાદિ. ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્તસંયતઆહારક શરીર હોય છે.

અહીં કોઇ શઙ્કા કરે કે 'મનુષ્ય ને આહારક શરીર હોય છે એમ કહેવાથી અમનુષ્યને આહારક શરીર હોતું નથી એમ અર્થાત્ સમજાય છે તો 'નો અમણુસ્સાહારગસરીરે'–અમનુષ્યને આહારક શરીર નથી–ઇત્યાદિ કથન નિરર્થક હોવાથી કેમ કહ્યું? તેનું સમાધાન એ છે કે અહીં ત્રણ પ્રકારના શિષ્યો છે તે આ પ્રમાણે–ઉદ્ઘટિતજ્ઞ, મધ્યમ બુદ્ધિવાળા, અને પ્રપંચિતજ્ઞ. તેઓમાં જે ઉદ્ઘટિતજ્ઞઅર્થનું ઉદ્ઘાટન કરી જાણનારા બુદ્ધિમાન્ અને મધ્યમબુદ્ધિવાળા છે તે પૂર્વોક્ત અર્થાપત્તિગમ્ય અર્થને જાણે છે, પરન્તુ જેઓ હજી પણ અવ્યુત્પન્ન હોવાથી પૂર્વોક્ત અર્થાપત્તિગમ્ય અર્થ સમજવામાં કુશલ નથી તેઓ પ્રપંચિત–વિસ્તારપૂર્વક કહેલા અર્થને જાણવામાં સમર્થ હોય છે. બીજી રીતે જાણી શકતા નથી. તેથી તેવા શિષ્યોના ઉપર ઉપકાર કરવા માટે અર્થાપત્તિગમ્ય પ્રતિપક્ષરૂપ અર્થના નિષેધનું કથન કરવામાં આવ્યું છે. કારણ કે **મહાન્ પુરુષો પરમ કારુણિક હોવાથી સામાન્યપણે** બધાના **ઉપકાર માટે પ્રવૃતિ કરે છે.** માટે કાંઇ પણ દોષ નથી.

'जहण्णेणं देसूणा रयणी' આહારક શરીરની જઘન્યથી અવગાહના કાંઇક ન્યૂન રત્નિ–એક હાથની હોય છે. કારણ કે તેવા પ્રકારના પ્રયત્નથી આહારક શરીરના પ્રારંભ સમયે પણ તેની–એટલી જ અવગાહના હોય છે. ॥૮૧॥૫૭૬॥

## ।। तेयगसरीरे विहिदारं ।।

**तेयगसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा--एगिंदियतेयगसरीरे जाव पंचिंदियतेयगसरीरे। एगिंदियतेयगसरीरे णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा-पुढविक्काइय० जाव वणस्सइकाइयएगिंदियतेयगसरीरे। एवं जहा ओरालियसरीरस्स भेदो भणिओ तहा तेयगस्सवि जाव चउरिंदियाणं। पंचिंदियतेयगसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! चउव्विहे पन्नत्ते,तं जहा-नेरइयतेयगसरीरे, जाव देवतेयगसरीरे, नेरइयाणं दुगतो भेदो भाणियव्वो जहा वेउव्वियसरीरे। पंचिंदियतिरिक्खजोणियाणं मणूसाण य जहा ओरालियसरीरे भेदो भणितो तहा भाणियव्वो। देवाणं जहा वेउव्वियसरीरे भेदो भणितो तहा भाणियव्वो, जाव सव्वट्ठसिद्धदेवे ति।।**

## ।। तेयगसरीरे संठाणदारं ।।

**तेयगसरीरे णं भंते! किंसंठिए पन्नत्ते? गोयमा! णाणासंठाणसंठिए पन्नत्ते। एगिंदियतेयगसरीरे णं भंते! किंसंठिए पण्णत्ते? गोयमा णाणासंठाणसंठिए पन्नत्ते। पुढविक्काइयएगिंदियतेयगसरीरे णं भंते। किंसंठिए पन्नत्ते? गोयमा! मसूरचंदसंठाणसंठिए पन्नत्ते, एवं ओरालियसंठाणाणुसारेणं भाणियव्वं जाव चउरिंदियाणं ति। नेरइयाणं भंते! तेयगसरीरे किंसंठिए पन्नत्ते? गोयमा! जहा वेउव्वियसरीरे। पंचिंदियतिरिक्खजोणियाणं मणूसाण य जहा एतेसिं**

चेव ओरालिय त्ति। देवाणं भंते! तेयगसरीरे किंसंठिए पन्नत्ते? गोयमा! जहा वेउव्वियस्स जाव अणुत्तरोववाइय त्ति॥सू०-१॥५७७॥

*(मु०) હે ભગવન્! તૈજસ શરીર કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે–એકેન્દ્રિય તૈજસ શરીર, યાવત્ પંચેન્દ્રિય તૈજસ શરીર. હે ભગવન્ ! એકેન્દ્રિય તૈજસ શરીર કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે–પૃથિવીકાયિક, યાવત્ વનસ્પતિકાયિક એકેન્દ્રિય તૈજસ શરીર. એ પ્રમાણે જેમ ઔદારિક શરીરનો ભેદ કહ્યો તેમ તૈજસ શરીરનો પણ ચઉરિન્દ્રિય જીવો સુધી ભેદ કહેવો. હે ભગવન્! પંચેન્દ્રિય તૈજસ શરીર કેટલા પ્રકારે છે? હે ગૌતમ! ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે–નૈરયિક તૈજસ શરીર, યાવત્–દેવ તૈજસ શરીર. નૈરયિકોના વૈક્રિય શરીર સંબંધે (પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ) બે ભેદ કહ્યા છે તેમ તૈજસ શરીર સંબંધે કહેવા. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને જેમ ઔદારિક શરીર સંબંધે ભેદ કહ્યો છે તેમ કહેવો અને દેવોને વૈક્રિય શરીરનો ભેદ કહ્યો છે તેમ સર્વાર્થસિદ્ધ સુધી કહેવો. હે ભગવન્! તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે? હે ગૌતમ! અનેક પ્રકારના સંસ્થાનવાળું છે. હે ભગવન્! એકેન્દ્રિય તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે. અનેક પ્રકારના સંસ્થાનવાળું છે. હે ભગવન્! પૃથિવીકાયિક એકેન્દ્રિય તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે? હે ગૌતમ! મસૂરના ચંદ્ર–ચંદ્રાકાર અર્ધભાગના સંસ્થાન જેવું છે. એ પ્રમાણે ઔદારિક સંસ્થાનોને અનુસારે યાવત્ ચઉરિન્દ્રિય જીવો સુધી કહેવું. હે ભગવન્! નૈરયિકોનુ તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે?હે ગૌતમ! જેમ વૈક્રિય શરીર કહ્યું તેમ કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને જેમ એઓને જે પ્રમાણે ઔદારિક શરીર કહ્યું છે તેમ કહેવું. હે ભગવન્! દેવોને તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે? હે ગૌતમ! જેમ વૈક્રિય શરીર સંબંધે કહ્યું છે તેમ યાવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવું. ॥૧॥૫૭૭॥*

(ટી૦) એ પ્રમાણે આહારક શરીરના ભેદ, સંસ્થાન અને અવગાહનાનું પ્રમાણ કહ્યું. હવે તૈજસ શરીરના ભેદ વગેરેનું નિરુપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**तेयगसरीरे णं भंते**'!—હે ભગવન્ ! તૈજસ શરીર કેટલા પ્રકારનું છે? ઇત્યાદિ. અહીં તૈજસ શરીર બધાને અવશ્ય હોય છે. તેથી જેમ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય સંબંધે ઔદારિક શરીરનો ભેદ કહ્યો તેમ ચઉરિન્દ્રિય સુધી યાવત્ તૈજસ શરીરનો ભેદ કહેવો. પંચેન્દ્રિય તૈજસ શરીરના વિચારમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતાના ભેદથી ચાર પ્રકારનું પંચેન્દ્રિય તૈજસ શરીર છે. તેમાં નારક સંબંધી તૈજસ શરીરના વિચારમાં જેમ પૂર્વે વૈક્રિય શરીરના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે ભેદ કહ્યા છે તેમ અહીં પણ કહેવા. તે આ પ્રમાણ—'જો નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર છે તો શું રત્નપ્રભા પૃથિવી નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર છે કે યાવત્ નીચેની સાતમી નરકપૃથિવી નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર છે ? હે ગૌતમ! રત્નપ્રભા પૃથિવી નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર છે, યાવત્ નીચેની સાતમી નરક પૃથિવી નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર પણ છે. જો રત્નપ્રભા પૃથિવી નૈરયિક પંચેન્દ્રિય તૈજસ શરીર છે તો શું પર્યાપ્ત રત્નપ્રભા નૈરયિક તૈજસ શરીર છે કે અપર્યાપ્ત રત્નપ્રભા નૈરયિક તૈજસ શરીર છે? ઇત્યાદિ. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને જેમ પૂર્વે ઔદારિક શરીરનો ભેદ કહ્યો છે તેમ અહીં પણ કહેવો. તે આ પ્રમાણ—'હે ભગવન્ ! તિર્યંચ પંચેન્દ્રિય તૈજસ શરીર કેટલા પ્રકારનું છે'–ઇત્યાદિ. દેવોને જેમ વૈક્રિય શરીરનો ભેદ કહ્યો છે તે પ્રમાણે તૈજસ શરીરનો ભેદ કહેવો. તે આ પ્રમાણે—જો દેવ પંચેન્દ્રિય તૈજસ શરીર છે તો શું ભવનવાસી દેવ પંચેન્દ્રિય તૈજસ શરીર છે' ઇત્યાદિ સર્વાર્થસિદ્ધ દેવસૂત્ર સુધી કહેવું.

તૈજસ શરીરના પ્રકાર કહ્યા, હવે તેના સંસ્થાનનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છ—'**तेयगसरीरे णं भंते! किं संठिए पन्नत्ते**' ઇત્યાદિ–હે ભગવન્! તૈજસ શરીર કેવા પ્રકારના સંસ્થાનવાળું છે–ઇત્યાદિ સુગમ છે. અહીં જીવપ્રદેશાનુસારી તૈજસ શરીર છે, તેથી તે તે યોનિમાં ઔદારિક શરીર કે વૈક્રિય શરીરને અનુસારે જીવપ્રદેશોનું જે સંસ્થાન હોય છે તેજ સંસ્થાન તૈજસ શરીરનું પણ હોય છે, તે માટે પૂર્વે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય સંબન્ધી જે ઔદારિક

શરીરનું સંસ્થાન અને નૈરયિક અને દેવોને જે વૈક્રિય શરીરનું સંસ્થાન કહ્યું છે તેનોજ અહીં અતિદેશ કર્યો છે–એટલે તેજ સંસ્થાન અહીં કહેવામાં આવ્યું છે. ॥૯॥૫૭૭॥

## ।। तेयगसरीरे पमाणदारं ।।

**जीवस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागो, उक्कोसेणं लोगंताओ लोगंतो। एगिंदियस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! एवं चेव, जाव पुढवि० आउ० तेउ० वाउ० वणप्फइकाइयस्स। बेइंदियस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! सरीरप्पमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं तिरियलोगाओ लोगंतो। एवं जाव चउरिंदियस्स। नेरइयस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणा पन्नत्ता? गोयमा! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं सातिरेगं जोयणसहस्सं, उक्कोसेणं अहे जाव अहेसत्तमा पुढवी, तिरियं जाव संयभुरमणे समुद्दे, उड्ढं जाव पंडगवणे पुक्खरिणीओ। पंचिंदियतिरिक्खजोणियस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स य केमहालिया सरीरोगाहणा? गोयमा! जहा बेइंदियसरीरस्स। मणूसस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणापण्णत्ता? गोयमा! समयखेत्ताओ लोगंतो। असुरकुमारस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स य केमहालिया सरीरोगाहणा? गोयमा! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव तच्चाए पुढवीए हेट्ठिल्ले चरिमंते, तिरियं जाव सयंभुरमणसमुद्दस्स बाहिरिल्ले वेइयंते, उड्ढं जाव इसीपब्भारा पुढवी, एवं जाव थणियकुमारतेयगसरीरस्स। वाणमंतरजोइसियसोहम्मीसाणगा य एवं चेव। सणंकुमारदेवस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणापण्णत्ता? गोयमा! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव महापातालाणं दोच्चे तिभागे, तिरियं जाव सयंभुरमणे समुद्दे, उड्ढं जाव अच्चुओ कप्पो। एवं जाव 'सहस्सारदेवस्स।'[1] आणयदेवस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणापण्णत्ता? गोयमा! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे जाव अहेलोइयगामा, तिरियं जाव मणूसखेत्ते, उड्ढं जाव अच्चुओ कप्पो, एवं जाव' आरणदेवस्स। अच्चुअदेवस्स एवं चेव, णवरं उड्ढं जाव सगाई विमाणाई। गेवेज्जगदेवस्स णं भंते! मारणंतियसमुग्घाएणं समोहयस्स तेयासरीरस्स केमहालिया सरीरोगाहणापण्णत्ता? गोयमा! सरीरपमाणमेत्ता विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहन्नेणं विज्जाहरसेढीओ, उक्कोसेणं जाव अहोलोइयगामा, तिरियं जाव मणूसखेत्ते, उड्ढं जाव सगाई विमाणाई, अणुत्तरोववाइयस्स वि एवं चेव।**

१. આ ' ' ચિન્હવાળો પાઠ મ.વિ. પ્રકાશિત પન્નવણામાં નથી.

## ।। कम्मगसरीरे विहि–संठाण–पमाणदाराइं ।।

**कम्मगसरीरे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा-एगिंदियकम्मगसरीरे, जाव पंचिंदियकम्मगसरीरे य। एवं जहेव तेयगसरीरस्स भेदो संठाणं ओगाहणा य भणिया तहेव निरवसेसं भाणियव्वं जाव अणुत्तरोववाइय त्ति। ।।सू०-१०।।५७८।।**

*(મૂ૦) હે ભગવન્! મારણાન્તિકસમુદ્ઘાત વડે યુક્ત એટલે મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા જીવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય? હે ગૌતમ! વિષ્કંભ–વિસ્તાર અને બાહલ્ય–જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર, અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ લોકાન્તથી માંડી લોકાન્ત સુધી હોય. મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત એકેન્દ્રિય જીવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય? હે ગૌતમ! એમજ સમજવી. એ પ્રમાણે યાવત્– પૃથિવીકાયિક, અપ્કાયિક, તૈજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક સુધી જાણવી. હે ભગવન્! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત બેઇન્દ્રિય જીવની કેટલી મોટી શરીરાવગાહના હોય? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર, લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ તીરછા લોકથી માંડી લોકાન્ત સુધીની હોય છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય સુધી જાણવું. હે ભગવન્! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત નૈરયિકના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના કહી છે? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ, લંબાઈમાં જઘન્યથી કંઇક અધિક એક હજાર યોજન અને ઉત્કૃષ્ટ નીચે સાતમી નરકપૃથિવી સુધી, તીરછું સ્વયંભૂરમણ સમૂદ્ર પર્યન્ત અને ઊર્ધ્વ લોકમાં પંડકવનમાં પુષ્કરિણી સુધી હોય છે. હે ભગવન્! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત પંચેન્દ્રિય તિર્યંચના તૈજસ શરીરની કેટલી મોટી અવગાહના હોય? હે ગૌતમ! જેમ બેઇન્દ્રિયના શરીરની કહી છે તેમ જાણવી. હે ભગવન્! મરણસમુદ્ઘાત વડે યુક્ત મનુષ્યના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય? હે ગૌતમ! સમયક્ષેત્ર–મનુષ્યક્ષેત્રથી માંડી લોકાન્ત સુધીની હોય છે. હે ભગવન્! મરણ સમુદ્ઘાત વડે યુક્ત અસુરકુમારના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય છે? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ નીચે યાવત્ ત્રીજી નરકપૃથિવીના હેઠેના ચરમાન્ત સુધી, તીરછું યાવત્ સ્વયંભૂરમણ સમુદ્રના બહારની વેદિકાના અન્ત સુધી અને ઉપર ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી હોય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારના તૈજસ શરીરની અવગાહના જાણવી. વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવોને એમજ સમજવું. હે ભગવન્! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત સનત્કુમાર દેવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય છે? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચે યાવત્ મહાપાતાલ કલશના બીજા ત્રિભાગ–બે તૃતિયાંશ સુધી, તીરછું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉપર અચ્યુત દેવલોક સુધી હોય છે. એ પ્રમાણે યાવત્ સહસ્રાર દેવના તૈજસ શરીરની અવગાહના જાણવી. હે ભગવન્! મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત આનત દેવના તૈજસ શરીરની કેટલી મોટી અવગાહના હોય છે? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ, અને ઉત્કૃષ્ટ યાવત્ અધોલૌકિક ગ્રામ સુધી તથા તીરછું યાવત્ મનુષ્યક્ષેત્ર અને ઊર્ધ્વ અચ્યુત દેવલોક સુધી હોય છે. એ પ્રમાણે આરણ દેવ સુધી જાણવું. અચ્યુત દેવને એમજ સમજવું. પરન્તુ ઉપર પોતપોતાના વિમાન સુધી હોય છે. હે ભગવન્! મરણ સમુદ્ઘાત વડે યુક્ત ગ્રૈવયક દેવના તૈજસ શરીરની કેટલી મોટી શરીરાવગાહના હોય? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં જઘન્યથી વિદ્યાધરની શ્રેણિ પર્યન્ત તથા ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી હોય છે. તીરછું યાવત્ મનુષ્યક્ષેત્ર પર્યન્ત અને ઉપર યાવત્ પોતપોતાના વિમાન સુધી હોય છે. અનુત્તરૌપપાતિકને પણ એમજ સમજવું. હે ભગવન્! કાર્મણ શરીર કેટલા પ્રકારે છે?*

*હે ગૌતમ! પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે—એકેન્દ્રિય કાર્મણશરીર,યાવત્ પંચેન્દ્રિય કાર્મણ શરીર. એ પ્રમાણે જેમ તૈજસ શરીરનો ભેદ, સંસ્થાન અને અવગાહના કહી છે તેમ બધું યાવત્ અનુત્તરૌપપાતિક સુધી કહેવું. ॥૧૦॥૫૭૮॥*

(ટી૦) એ પ્રમાણે તૈજસસંસ્થાન કહ્યું, હવે તૈજસ શરીરની અવગાહનાનું પ્રમાણ કહે છ—**'जीवस्स णं भंते ! मारणंतियसमुग्घाएणं'** ઇત્યાદિ. હે ભગવન્! તેમાં પ્રથમ નૈરયિક વગેરે મારણાન્તિક સમુદ્ઘાત વડે યુક્ત જીવોની વિવક્ષા કર્યા સિવાય સામાન્યતઃ સંસારી જીવના તૈજસ શરીરની 'કે મહાલિયા' કેટલી મોટી શરીરાવગાહના કહેલી છે? અહીં જીવને ઔદારિક શરીર પણ હોય છે માટે 'તૈજસ શરીરની' એ વિશેષણ આપવામાં આવ્યું છે. ભગવાન્ ઉત્તર આપે છ—વિષ્કમ્ભ–ઉદરાદિનો વિસ્તાર, બાહલ્ય–છાતી અને પીઠના ભાગની સ્થૂલતા, જાડાઇ; તેમાં વિષ્કમ્ભ–વિસ્તાર અને બાહલ્ય–જાડાઇમાં તૈજસ શરીરની અવગાહના શરીર પ્રમાણ છે. આયામ–દીર્ઘતા, તે આયામ–લંબાઇમાં જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આ તૈજસ શરીરની અવગાહના તદ્દન પાસેજ રહેલા એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા એકેન્દ્રિયની અપેક્ષાએ જાણવી. અને ઉત્કૃષ્ટ અવગાહના લોકાન્તથી આરંભી લોકાન્ત સુધી હોય છે. તાત્પર્ય એ છે કે અધોલોકના અન્તથી માંડી ઊર્ધ્વ લોકના અન્ત સુધી અને ઊર્ધ્વલોકના અન્તથી માંડી અધોલોકના અન્ત સુધી જાણવી. આ અવગાહનાનું પ્રમાણ સૂક્ષ્મ કે બાદર એકેન્દ્રિયની અપેક્ષાએ સમજવું, બાકીના જીવની અપેક્ષાએ ન સમજવું, કારણ કે બીજાઓને સંભવ નથી. એકેન્દ્રિયો સૂક્ષ્મ કે બાદર યથાસંભવ બધા લોકમાં હોય છે, બીજા જીવો હોતા નથી, તેથી અધોલોકના અન્તે વર્તતો સૂક્ષ્મ કે બાદર એકેન્દ્રિય ઊર્ધ્વલોકના અન્તે સૂક્ષ્મપણે કે બાદર પણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય, અથવા ઊર્ધ્વલોકના અન્તે વર્તતો સૂક્ષ્મ કે બાદર એકેન્દ્રિય અધોલોકના અન્તે સૂક્ષ્મપણે કે બાદરપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય ત્યારે તેને મરણાન્તિક સમુદ્ઘાત કરતાં ઉપર કહ્યા પ્રમાણે તૈજસ શરીરની અવગાહના હોય છે. એ કથન વડે પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના સૂત્રોનો પણ વિચાર કરવો. તે આ પ્રમાણ—અધોલોક કે ઊર્ધ્વલોકમાં વર્તતો સૂક્ષ્મ પૃથિવીકાયિક જ્યારે સૂક્ષ્મ પૃથિવીકાયિકાદિ રૂપે કે બાદર વાયુકાયિકરૂપે ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે તેને મારણાન્તિક સમુદ્ઘાત કરતાં ઉત્કૃષ્ટ લોકાન્તથી આરંભી લોકાન્ત સુધી તૈજસ શરીરની અવગાહના હોય છે. એમ અપ્કાયિકાદિ સંબન્ધે પણ જાણવું.

બેઇન્દ્રિય સૂત્રમાં આયામ–લંબાઇ વડે જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ તૈજસ શરીરની અવગાહના હોય છે. જ્યારે આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઔદારિકશરીરવાળો અપર્યાપ્ત બેઇન્દ્રિય પોતાની નજીકના પ્રદેશમાં એકેન્દ્રિયાદિ પણે ઉત્પન્ન થાય ત્યારે જાણવી. અથવા જે શરીરમાં રહી મરણસમુદ્ઘાત વડે તે શરીરથી બહાર નીકળેલ તૈજસ શરીરની અવગાહનાનો આયામ અને વિષ્કમ્ભ–વિસ્તાર વડે વિચાર કરાય છે. પણ શરીરસહિત તૈજસ શરીરની અવગાહનાનો વિચાર કરાતો નથી. જો એમ ન હોય તો ભવનપતિ વગેરેની અવગાહના જઘન્યથી અંગુલનાં અસંખ્યાતમા ભાગ પ્રમાણ કહેવામાં આવશે તેની સાથે વિરોધ થશે. કારણ કે ભવનપતિ વગેરેનું શરીર સાત હાથ ઇત્યાદિ પ્રમાણવાળું હોય છે. તેથી મોટા શરીરવાળો પણ બેઇન્દ્રિય જ્યારે પોતાની નજીકના પ્રદેશમાં એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય ત્યારે પણ આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહના જાણવી. અને ઉત્કૃષ્ટ તીરછા લોકથી આરંભી લોકાન્ત સુધીની હોય છે. તાત્પર્ય એ છે કે—તીરછા લોકથી અધોલોકનો અન્ત કે ઊર્ધ્વલોકનો અન્ત જેટલો હોય છે તેટલા પ્રમાણવાળી અવગાહના હોય છે. કેવી રીતે એટલા પ્રમાણવાળી અવગાહના હોય? અહીં બેઇન્દ્રિયો એકેન્દ્રિયોમાં પણ ઉત્પન્ન થાય છે. અને એકેન્દ્રિયો તો સકલ લોકવ્યાપી હોય છે. તેથી જ્યારે તીરછા લોકમાં રહેલો બેઇન્દ્રિય ઊર્ધ્વલોકના અન્તે કે અધોલોકના અન્તે એકેન્દ્રિયપણે ઉત્પન્ન થાય ત્યારે તેને મારણાન્તિક સમુદ્ઘાત કરતાં ઉપર કહેલા પ્રમાણવાળી અવગાહના હોય છે. તીરછા લોકને ગ્રહણ કરવાનું કારણ એ છે કે **પ્રાયઃ બેઇન્દ્રિયોનું તીરછો લોક સ્વસ્થાન છે, અન્યથા અધોલોકના એક ભાગમાં અધોલૌકિક ગ્રામાદિને વિષે પણ તથા ઊર્ધ્વલોકના એક ભાગમાં આવેલા પંડક વનાદિમાં પણ બેઇન્દ્રિયનો સંભવ છે,** માટે તેની અપેક્ષાએ તૈજસ શરીરની અવગાહના અધિક પણ સમજવી. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સૂત્રોનો પણ વિચાર કરવો.

નૈરયિક સૂત્રમાં લંબાઇ વડે જઘન્યથી કંઇક અધિક હજાર યોજન કહ્યા છે તેનો વિચાર આ પ્રમાણે કરવો–અહીં વલ્યામુખાદિ ચાર પાતાલ કલશો લાખ યોજન ઉંડા છે. તેની ઠીકરી હજાર યોજન જાડી છે. તેઓની નીચેનો ત્રીજો ભાગ વાયુથી ભરેલો છે, ઉપરનો ત્રીજો ભાગ પાણીથી સંપૂર્ણ છે અને વચ્ચેનો ત્રીજો ભાગ વાયુ અને પાણીના વધવા અને ઘટવાના સ્વભાવવાળો છે. તેમાં જ્યારે કોઇ સીમન્તકાદિ–ઇન્દ્રક નરકવાસોમાં વર્તમાન નૈરયિક જે પાતાલકલશના નજીક છે તે પોતાના આયુષ્યના ક્ષયથી નીકળી અને હજાર યોજન પ્રમાણ પાતાલકલશની ભીંતને ભેદી પાતાલકલશના બીજા કે ત્રીજા ત્રિભાગને વિષે મત્સ્યપણે ઉત્પન્ન થાય ત્યારે મારણાન્તિક સમુદ્ઘાત કરતા નૈરયિકની કાંઇક અધિક હજાર યોજન પ્રમાણ તૈજસ શરીરની જઘન્ય [1]અવગાહના હોય છે. અને ઉત્કૃષ્ટ સાતમી નરકપૃથિવી સુધી તથા તીરછું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઊર્ધ્વ લોકમાં પંડક વનની પુષ્કરિણી સુધી જાણવી. તાત્પર્ય એ છે કે નીચે સાતમી નરકપૃથિવીથી આરંભી તીરછું સ્વયંભૂરમણ સુધી અને ઊર્ધ્વ પંડકવનની પુષ્કરિણીઓ(વાવો) સુધીની અવગાહના હોય છે. એટલી અવગાહના જ્યારે નીચેની સાતમી નરકપૃથિવીનો નારક સ્વયંભૂરમણ સમુદ્રના અન્તે કે પંડકવનમાં પુષ્કરિણીને વિષે મત્સ્યરૂપે ઉત્પન્ન થાય ત્યારે હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયને ઉત્કૃષ્ટથી તીરછા લોકથી માંડી લોકાન્ત સુધીની અવગાહના હોય છે. અહીં પણ બેઇન્દ્રિયની પેઠે વિચાર જાણવો. કારણ કે એકેન્દ્રિયોમાં તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્પત્તિનો સંભવ છે. મનુષ્યની સમયક્ષેત્રથી માંડી લોકાન્ત સુધીની અવગાહના હોય છે. જેમાં સમય–કાળ પ્રધાન છે તે સમયક્ષેત્ર. અહીં મધ્યમપદ લોપી સમાસ હોવાથી પ્રધાન શબ્દનો લોપ થયો છે. જે અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રમાં સૂર્યાદિની ગમન ક્રિયા વડે વ્યક્ત સમય નામે કાળ દ્રવ્ય છે તે સમયક્ષેત્ર, એટલે કે માનુષક્ષેત્ર કહેવાય છે. ત્યાંથી માંડી ઊર્ધ્વ અને અધો લોકાન્ત પ્રમાણ મનુષ્યના તૈજસ શરીરની અવગાહના હોય છે. કારણ કે મનુષ્યની પણ એકેન્દ્રિયમાં ઉત્પત્તિનો સંભવ છે. સમયક્ષેત્રનું ગ્રહણ સમયક્ષેત્રથી અન્ય ક્ષેત્રમાં મનુષ્યનો જન્મ અને સંહરણ અસંભવિત હોવાથી અધિક અવગાહનાનો સંભવ નથી.

અસુરકુમારથી માંડી સ્તનિકકુમાર સુધીના ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવોને જઘન્યથી આંગળનો અસંખ્યાતમો ભાગ છે. કેવી રીતે હોય છે? કારણ કે એ પૂર્વોક્ત જીવો એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે. તેથી જ્યારે પોતાના આભરણરૂપ અંગદ–બાજુબંધ વગેરેમાં કે કુંડલાદિમાં જે પદ્મરાગાદિ મણિઓ છે તેઓમાં આસક્તિવાળા, મૂર્છાવાળા અને તેનાજ અધ્યવસાય–પરિણામવાળા તેઓ તેજ શરીર ઉપરના ઘરેણા વગેરેમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થાય છે ત્યારે જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ તૈજસ શરીરની [2]અવગાહના હોય છે. અન્ય આચાર્યો અહીં બીજી રીતે વિચાર કરે છે, પરન્તુ તે અત્યન્ત સંગત નથી. **"नहि कुमार्गतित्यक्षुः पुनस्तमधावति"**–કુમાર્ગનો ત્યાગ કરનાર પુનઃ તેનું અનુસરણ કરતો નથી–એ ન્યાયને અનુસરી અહીં તે વિચાર લખ્યો નથી, તેમ દુષિત પણ કર્યો નથી. ઉત્કૃષ્ટથી નીચે ત્રીજી નરક પૃથિવીના નીચેના ચરમાન્ત સુધી અને તીરછું સ્વયંભૂરમણ સમુદ્રની બાહ્ય વેદિકાના અન્ત સુધી તથા ઊર્ધ્વલોકમાં ઈષત્પ્રાગ્ભારા પૃથિવી સુધી હોય છે. કેવી રીતે હોય? તે આ પ્રમાણે—જ્યારે ભવનપતિ વગેરે દેવ ત્રીજી નરકપૃથિવીના નીચેના ચરમાન્ત સુધી કોઇ પણ પ્રયોજનના વશથી જાય છે. અને ત્યાં ગયેલો કોઇ પણ રીતે પોતાના આયુષ્યનો ક્ષય થવાથી મરીને તીરછું સ્વયંભૂરમણ સમુદ્રના બહારની વેદિકાના

૧ પ્રજ્ઞાપનાવૃત્તિમાં આચાર્ય હરિભદ્રસૂરિ આ સંબંધે નીચે પ્રમાણે ખુલાસો કરે છે–"નૈરયિકોનું તૈજસ શરીર લંબાઇમાં કંઇક અધિક હજાર યોજન કેમ હોય? નરકથી નીકળી પાતાલકલશની ભીતને ભેદી મત્સ્યમાં ઉત્પન્ન થનારને અથવા પાતાલકલશથી નરકમાં ઉત્પન્ન થનાર મત્સ્યને હોય છે. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છ—નારકોને હજાર યોજન કેમ હોય? સર્વના ઉપર, વજ્રમય અને જેની ભીત હજાર યોજન જાડી છે એવો સીમન્તક નામે નરકાવાસ છે તેમાં જે નારકો છે તે અહીંથી હજાર યોજન જઇ મત્સ્યપણે ઉપજવાના છે તે મરણ સમુદ્ઘાત કરી ત્યાં જાય છે માટે હજાર યોજન થાય છે.

૨. એ સંબંધે પૂજ્ય હરિભદ્રાચાર્ય આ પ્રમાણે કહે છે–ઉત્પત્તિ સ્થાને આવેલા જીવ પ્રદેશની અપેક્ષાએ એ કથન છે. (કેમકે ઉપપાત ક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.) કારણ કે મણિ કે તેના આભરણાદિ ઉપપાત ક્ષેત્રની સાથે તેના (ભવનપત્યાદિના) શરીરના વિષ્કંભ-વિસ્તાર અને બાહલ્ય જાડાઇનો સંબન્ધ નથી.ઉપપાત ક્ષેત્રમાં જવા છતાં પણ સમુદાયને આશ્રયી આહારક ત્યારે કહેવાય કે જ્યારે વિષ્કંભ અને જાડાઇને સંહરી સેર્વાત્મા વડે ત્યાં સ્થિર થાય. (એટલે ત્યાં સ્થિર સુધી જીવ પ્રદેશની અપેક્ષાએ તૈજસ શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.) આ ભવનપત્યાદિ પોતાના આભરણ આદિમાં ઉત્પન્ન થતો હોય ત્યારે જ જાણવું.

અન્તે, અથવા ઈષત્પ્રાગ્ભારા નામે પૃથિવીના અન્ત ભાગમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્કૃષ્ટ ઉપર કહ્યા પ્રમાણે તૈજસ શરીરની અવગાહના હોય છે. સનત્કુમાર દેવને પણ જઘન્યથી આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ તૈજસ શરીરની અવગાહના હોય છે. કેવી રીતે હોય છે? તે આ પ્રમાણ—અહીં સનત્કુમારદિ દેવો તેવા પ્રકારના ભવસ્વભાવથી એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયોમાં ઉત્પન્ન થતા નથી, પરન્તુ તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. તેથી જ્યારે મેરુ વગેરેની પુષ્કરિણી–વાવ પ્રમુખમાં સ્નાન કરતાં પોતાના ભવના આયુષ્યનો ક્ષય થવાથી ત્યાં જ પોતાની પાસેના પ્રદેશમાં મત્સ્યપણે ઉત્પન્ન થાય છે ત્યારે આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. અથવા પૂર્વભવ સંબન્ધી મનુષ્ય સ્ત્રીને મનુષ્યે ભોગવેલી જાણી અત્યંન્ત અનુરાગથી અહીં આવી આલિંગન કરે અને આલિંગન કરી તેના અવાચ્ય પ્રદેશમાં પોતાનું પુરુષચિહ્ન નાંખી કાળ કરી પુરુષના બીજરૂપ તેનાજ ગર્ભમાં ઉત્પન્ન થાય ત્યારે હોય છે. અને ઉત્કૃષ્ટથી નીચે લાખ યોજન ઉંડા પાતાલ કલશોના બીજા ત્રિભાગ સુધી હોય. તથા તીરછું સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અને ઉપર અચ્યુત દેવલોક સુધી હોય છે. કેવી રીતે હોય? તે આ પ્રમાણે—અહીં સનત્કુમારાદિ દેવોનું અન્ય દેવની નિશ્રાથી અચ્યુત દેવલોક સુધી ગમન હોય છે, પરન્તુ ત્યાં વાવ વગેરેમાં મત્સ્ય વગેરે જંતુઓ હોતા નથી, તેથી અહીં તિર્યંચો કે મનુષ્યોમાં ઉત્પન્ન થવું જોઇએ. તેમાં જ્યારે સનત્કુમાર દેવ અન્ય દેવની નિશ્રાથી અચ્યુત દેવલોક સુધી જાય અને ત્યાં જઇ પોતાના આયુષ્યનો ક્ષય થવાથી કાળ કરી તીરછા સ્વયંભૂરમણ સમુદ્રના અન્તે અથવા નીચે પાતાલ કલશોના પવન અને પાણીના ઉત્સરણ–વૃદ્ધિ અને અપસરણ–હાનિ જેમાં છે એવા બીજા ત્રિભાગમાં મત્સ્યાદિ પણે ઉત્પન્ન થાય ત્યારે તેને તીરછા કે અધોલોક સુધી પૂર્વોક્ત ક્રમથી તૈજસ શરીરની અવગાહના હોય છે. '**एवं जाव सहस्सारदेवस्स**' त्ति–એ પ્રમાણે જેમ સનત્કુમાર દેવ સંબન્ધે કહ્યું છે તે પ્રકારે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી તૈજસ શરીરની અવગાહના સહસ્રાર દેવો સુધી કહેવી. બધે ઠેકાણે વિચાર સમાનપણે જાણવો. આનત દેવની પણ જઘન્યથી તૈજસ શરીરની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણે છે.

(પ્ર૦)— આનતાદિ દેવો મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે અને મનુષ્યો મનુષ્યોમાં જ હોય છે તો તેની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કેમ હોય?

(ઉ૦)— અહીં કોઇ આનત દેવ પૂર્વભવ સંબન્ધી મનુષ્ય સ્ત્રીને અન્ય મનુષ્યે ભોગવેલી અવધિજ્ઞાનથી જાણી નજીક મૃત્યુ હોવાને લીધે વિપરીત થયેલા સ્વભાવથી, પ્રાણીઓના ચરિત્ર વિચિત્ર હોવાથી, કર્મની ગતિ અચિન્ત્ય હોવાથી અને કામવૃતિ મલિન હોવાથી, એ સંબન્ધે કહ્યું છે ક —

**"सत्त्वानां चरितं चित्रं विचित्रा कर्मणां गतिः । मलिनत्वं च कामानां वृतिः पर्यन्तदारुणा ॥"**

પ્રાણીઓના વિચિત્ર ચરિત્ર, કર્મની વિચિત્ર ગતિ અને કામનું મલિનપણું છે તેથી અન્તે દારુણ–ભયંકર વૃતિ થાય છે. માટે અત્યન્ત અનુરાગથી અહીં આવીને નોળીયાની પેઠે ગાઢ આલિંગન કરી તેના અવાચ્ય પ્રદેશમાં પોતાનું પુરુષચિન્હ નાખી અતિશય મૂર્છિત થઇ પોતાના આયુષ્યના ક્ષયથી કાળ કરી જ્યારે તે સ્ત્રીના જ ગર્ભમાં મનુષ્ય બીજને વિષે મનુષ્યપણે ઉત્પન્ન થાય છે. મનુષ્યબીજ જઘન્યથી અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી હોય છે. કહ્યું છે ક—"**मणुस्सबीए णं भंते ! कालतो केवचिरं होइ? गोयमा ! जहन्नेणं अन्तोमुहूत्तं, उक्कोसेणं बारस मुहुत्ता**"। હે ભગવન્! મનુષ્યબીજ કાળથી ક્યાં સુધી રહે? હે ગૌતમ! **જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી રહે છે.** તેથી બાર મુહૂર્તની અંદર ભોગવેલી સ્ત્રીને આલિંગન કરી મરણ પામી ત્યાંજ મનુષ્યપણે ઉત્પન્ન થાય છે. તેથી ઉત્કૃષ્ટથી નીચે અધોલૌકિક ગ્રામ સુધી, તીરછું મનુષ્યક્ષેત્ર સુધી અને ઉપર અચ્યુત દેવલોક સુધી અવગાહના જાણવી. કેવી રીતે હોય? તે આ પ્રમાણ—જ્યારે આનત દેવ કોઇ પણ અન્ય દેવની નિશ્રા–અવલંબનથી અચ્યુત દેવલોકમાં જાય અને ત્યાં જઇ કાળ કરી અધોલૌકિક ગ્રામમાં, અથવા મનુષ્યક્ષેત્રના પર્યન્ત ભાગમાં મનુષ્યપણે ઉત્પન્ન થાય ત્યારે હોય છે. એમ પ્રાણત, આરણ અને અચ્યુત દેવો સંબન્ધે પણ જાણવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે–'**एवं जाव आरणदेवस्स, अच्चुयदेवस्स एवं चेव, नवरं उड्ढ जाव सयाइं विमाणाइं**'। અચ્યુત દેવને પણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી

તૈજસ શરીરની અવગાહના એ પ્રમાણે છે. પરન્તુ સૂત્રપાઠમાં **'उड्ढं जाव सयाइ विमाणाइ'**– ઉપર પોતાના વિમાન સુધી હોય છે, એમ કહેવું, પણ **'उड्ढं जाव अच्चुओ कप्पो'**–ઉપર અચ્યુત દેવલોક સુધી હોય છે એમ ન કહેવું. કેમકે જ્યારે અચ્યુત દેવનો વિચાર કરીએ ત્યારે તે ત્યાં હોવાથી તેને ઊર્ધ્વ–ઉપર અચ્યુત દેવલોક સુધી હોય–એ કેમ ઘટે? કેવળ અચ્યુત દેવ પણ કદાચિત્ ઉપર પોતાના વિમાનના પર્યન્ત સુધી જાય અને ત્યાં જઇ કાળ પણ કરે, તેથી કહ્યું છે કે "ઊર્ધ્વ–ઉપર પોતાના વિમાનો સુધી હોય."

ગ્રૈવેયક અને અનુત્તર દેવો તીર્થંકરને વંદનાદિક પણ ત્યાં રહીને જ કરે છે, તેથી તેઓના આગમનનો અહીં અસંભવ હોવાથી આંગળના અસંખ્યાતમા ભાગનું પ્રમાણ ઘટતું નથી, પરન્તુ જ્યારે વૈતાઢ્ય પર્વતમાં રહેલી વિદ્યાધરની શ્રેણિઓમાં ઉત્પન્ન થાય ત્યારે પોતાના સ્થાનથી આરંભી નીચે વિદ્યાધરની શ્રેણિ સુધી જઘન્ય તૈજસ શરીરની અવગાહના હોય છે. આથી પણ વધારે જઘન્ય અવગાહનાનો સંભવ નથી. ઉત્કૃષ્ટ અધોલૌકિક ગ્રામ સુધી હોય છે, કારણ કે તેથી નીચે ઉત્પત્તિનો સંભવ નથી. તીરછું મનુષ્યક્ષેત્ર સુધી હોય છે, તેથી આગળ તીરછું પણ ઉપજવાનો સંભવ નથી. **જો કે વિદ્યાધરો અને વિદ્યાધરીઓ નન્દીશ્વરદ્વીપ સુધી જાય છે, અને પછી સંભોગ પણ કરે છે તો પણ મનુષ્યક્ષેત્રની બહાર મનુષ્યોમાં ગર્ભને વિશે ઉત્પન્ન થતા નથી**, તેથી તીરછું 'મનુષ્યક્ષેત્ર' સુધી કહ્યું છે. એ પ્રમાણે તૈજસ શરીરના ભેદ, સંસ્થાન–આકાર અને શરીરપ્રમાણ કહ્યું. હવે કાર્મણ શરીર તૈજસની સાથે નિયત સહચારી છે અને તૈજસની પેઠે જીવપ્રદેશને અનુસરી સંસ્થાનવાળું છે તેથી જેમ તૈજસ શરીરના ભેદ વગેરે કહ્યાં છે તેમજ કાર્મણનાં પણ કહેવા. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—**'एवं जहेव तेयगसरीरस्स भेदो संठाणमोगाहणा य भणिता तहेव निरवसेसं भाणितव्वं जाव अणुत्तरोववाइय'** त्ति. એ પ્રમાણે જેમ તૈજસ શરીરના ભેદ, સંસ્થાન અને અવગાહના કહી, તે પ્રમાણે બધું અનુત્તરૌપપાતિક દેવો સુધી કાર્મણ સંબન્ધે કહેવું. ॥૧૦॥૫૭૮॥

## ॥ पोग्गलचिणणादारं ॥

**ओरालियसरीरस्स णं भंते! कतिदिसिं पोग्गला चिज्जंति? गोयमा! निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउद्दिसिं,सिय पंचदिसिं। वेउव्वियसरीरस्स णं भंते! कतिदिसिं पोग्गला चिज्जंति? गोयमा! णियमा छद्दिसिं। एवं आहारगसरीरस्सवि, तेया कम्मगाणं जहा ओरालियसरीरस्स। ओरालियसरीरस्स णं भंते! कतिदिसिं पोग्गला उवचिज्जंति? गोयमा! एवं चेव, जाव कम्मगसरीरस्स एवं उवचिज्जंति, अवचिज्जंति। ॥सू०-११॥५७९॥**

*(મૂ૦) હે ભગવન્! ઔદારિક શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી એકઠા થાય છે? હે ગૌતમ! વ્યાઘાત–પ્રતિબન્ધના અભાવે છ દિશાથી આવી, વ્યાઘાતને આશ્રયી કદાચ ત્રણ દિશાથી, કદાચ ચાર દિશાથી અને કદાચ પાંચ દિશાથી આવી એકઠા થાય છે. હે ભગવાન્! વૈક્રિય શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી ચયને પ્રાપ્ત થાય છે–એકઠા થાય છે? હે ગૌતમ! અવશ્ય છ દિશાથી આવી એકઠા થાય છે. એ પ્રમાણે આહારક શરીર સંબંધે પણ જાણવું. તૈજસ અને કાર્મણ શરીરને ઔદારિક શરીરની પેઠે જાણવું. હે ભગવન્! ઔદારિક શરીરના પુદ્ગલો કેટલી દિશાથી આવી ઉપચયને પ્રાપ્ત થાય છે? હે ગૌતમ! એમજ સમજવું, યાવત્ કાર્મણ શરીરના પુદ્ગલો એ પ્રમાણે ઉપચય પામે છે અને અપચયને પામે છે. ॥૧૧॥૫૭૯॥*

(ટી૦) પાંચે શરીરના ભેદ, સંસ્થાન અને અવગાહનાનું પ્રમાણ કહ્યું, હવે તેઓના પુદ્ગલો કેટલી દિશાથી આવી ચય થાય છે તે બતાવે છે—**'ओरालियसरीरस्स णं भंते'**! ઇત્યાદિ. અહીં 'णं' વાક્યાલંકારમાં વપરાય છે. **'कइदिसिं'** અહીં પ્રાકૃત હોવાથી પંચમીના અર્થમાં બીજી વિભક્તિ અને બહુવચનમાં એકવચનનો પ્રયોગ થયેલો છે. તેથી આ અર્થ થાય છે—**'भंते'** હે ભગવન્! કેટલી દિશાઓથી આવીને પુદ્ગલો **'चीयन्ते'** સ્વયં ચયને પ્રાપ્ત થાય છે–એકઠા થાય છે? ભગવાન્ ઉત્તર આપે છે–**'निर्व्याघातेन'** નિર્વ્યાઘાતથી વ્યાઘાત–પ્રતિબંધના અભાવને આશ્રયી એટલે કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ ન હોય તો **'छद्दिसिं'** છ દિશાથી આવેલા

પુદ્‌ગલોનો ચય થાય છે. તાત્પર્ય એ છે કે—જ્યાં ત્રસનાડીના મધ્ય ભાગમાં કે તેની બહારના ભાગમાં રહેલા ઔદારિક શરીરવાળાની એક પણ દિશા અલોક વડે પ્રતિબંધવાળી નથી એવા નિર્વ્યાઘાત સ્થળમાં રહેલાને અવશ્ય છ એ દિશાઓથી પુદ્‌ગલોનું આગમન થાય છે. વ્યાઘાત—અલોક વડે પ્રતિસ્ખલના—પ્રતિબંધ થવો, તે વ્યાઘાતને આશ્રયી '**सिय तिदिसिं**' સ્યાત્—કદાચિત્ ત્રણ દિશાઓથી, કદાચિત્ ચાર દિશાઓથી અને કદાચિત્ પાંચ દિશાઓથી આવેલા પુદ્‌ગલોનો ચય થાય છે. શી રીતે થાય છે? તે આ પ્રમાણે—ઔદારિક શરીરવાળા સૂક્ષ્મ જીવને જ્યાં ઉપર લોકાકાશ નથી, તેમજ તીરછું પૂર્વ દિશાએ કે દક્ષિણ દિશાએ લોકાકાશ નથી એવા સૌથી ઉપરના પ્રતરમાં અગ્નિ ખૂણાને વિશે લોકાન્તે રહેલા જીવને નીચેની અધોદિશા, પશ્ચિમ દિશા તથા ઉત્તરદિશા રૂપ ત્રણ દિશાઓથી આવેલા પુદ્‌ગલોનો ઉપચય થાય છે. કારણ કે બાકીની ત્રણ દિશા અલોક વડે વ્યાપ્ત છે. હવે તે ઔદારિક શરીરી સૂક્ષ્મ જીવ પશ્ચિમ દિશાને આશ્રયી રહે ત્યારે પૂર્વ દિશા અધિક થઇ તેથી તેને ચાર દિશાઓથી પુદ્‌ગલોનું આગમન થાય છે. જ્યારે તે જીવ નીચે દ્વિતીયાદિ પ્રતરમાં પશ્ચિમ દિશાને આશ્રયી રહે ત્યારે ઉર્ધ્વદિશા પણ અધિક થાય છે કેવળ દક્ષિણ દિશા અલોક વડે પ્રતિબંધવાળી હોય છે તેથી પાંચ દિશાઓથી પુદ્‌ગલોનું આગમન થાય છે. વૈક્રિય શરીર અને આહારક શરીર ત્રસનાડીના મધ્યમાંજ સંભવે છે, બીજે લોકાન્તને વિષે તેનો સંભવ નથી માટે તે બન્ને શરીરના પણ પુદ્‌ગલોનો ઉપચય અવશ્ય છએ દિશાથી હોય છે. તૈજસ અને કાર્મણ શરીર સર્વ સંસારી જીવોને હોય છે, તેથી જેમ ઔદારિકને વ્યાઘાત સિવાય છઃ દિશાઓથી અને વ્યાઘાતને આશ્રયી ત્રણ દિશાથી ચાર દિશાથી, અને પાંચ દિશાથી પુદ્‌ગલોનું આગમન થાય છે, તેમ તૈજસ અને કાર્મણ શરીરને પણ જાણવું. જેમ ચય કહ્યો તેમ ઉપચય અને અપચય પણ કહેવો, તેમાં ઉપચય—એટલે ઘણો ચય થવો અને અપચય એટલે હ્રાસ, શરીરથી પુદ્‌ગલોનું જુદા પડવું. ॥૧૧॥૫૭૯॥

## ॥ सरीरसंजोगदारं ॥

**जस्स णं भंते! ओरालियसरीरं तस्स णं वेउव्वियसरीरं, जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं? गोयमा! जस्स ओरालियसरीरं तस्स वेउव्वियसरीरं सिय अत्थि सिय नत्थि, जस्स वेउव्वियसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय नत्थि। जस्स णं भंते! ओरालियसरीरं तस्स आहारगसरीरं? जस्स आहारगसरीरं तस्स ओरालियसरीरं? गोयमा! जस्स ओरालियसरीरं तस्स आहारगसरीरं सिय अत्थि सिय नत्थि, जस्स पुण आहारगसरीरं तस्स ओरालियसरीरं णियमा अत्थि। जस्स णं भंते! ओरालियसरीरं तस्स तेयगसरीरं? जस्स तेयगसरीरं तस्स ओरालियसरीरं? गोयमा! जस्स ओरालियसरीरं तस्स तेयगसरीरं नियमा अत्थि, जस्स पुण तेयगसरीरं तस्स ओरालियसरीरं सिय अत्थि सिय णत्थि, एवं कम्मगसरीरं पि। जस्स णं भंते! वेउव्वियसरीरं तस्स आहारगसरीरं? जस्स आहारगसरीरं तस्स वेउव्वियसरीरं? गोयमा! जस्स वेउव्वियसरीरं तस्स आहारगसरीरं णत्थि, जस्स वि य आहारगसरीरं तस्स वि वेउव्वियसरीरं णत्थि। तेया-कम्माइं जहा ओरालिएण समं तहेव आहारगसरीरेण वि समं तेया कम्माइं चारेयव्वाणि। जस्स णं भंते! तेयगसरीरं तस्स कम्मगसरीरं? जस्स कम्मगसरीरं तस्स तेयगसरीरं? गोयमा! जस्स तेयगसरीरं तस्स कम्मगसरीरं णियमा अत्थि, जस्स वि कम्मगसरीरं तस्स वि तेयगसरीरं णियमा अत्थि।** ।।सू०-१२।।५८०।।

*(મૂ૦) હે ભગવન્! જેને ઔદારિક શરીર છે તેને શું વૈક્રિય શરીર હોય? જેને વૈક્રિય શરીર છે તેને શું ઔદારિક શરીર હોય? હે ગૌતમ! જેને ઔદારિક શરીર છે તેને વૈક્રિય શરીર કદાચ હોય અને કદાચ ન હોય, અને જેને વૈક્રિય શરીર છે તેને ઔદારિક શરીર કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્! જેને ઔદારિક શરીર છે તેને આહારક શરીર હોય? જેને આહારક શરીર હોય તેને ઔદારિક શરીર હોય? હે ગૌતમ! જેને ઔદારિક શરીર છે તેને આહારક શરીર કદાચ હોય અને કદાચ ન હોય. પરન્તુ જેને આહારક શરીર છે તેને અવશ્ય ઔદારિક શરીર હોય. હે ભગવન્! જેને ઔદારિક શરીર છે તેને*

*તૈજસ શરીર હોય? અને જેને તૈજસ શરીર છે તેને ઔદારિક શરીર હોય? હે ગૌતમ! જેને ઔદારિક શરીર છે તેને અવશ્ય તૈજસ શરીર હોય અને જેને તૈજસ શરીર છે તેને ઔદારિક શરીર કદાચ હોય અને કદાચ ન હોય. એ પ્રમાણે કાર્મણ શરીર સંબધે પણ જાણવું. હે ભગવન્! જેને વૈક્રિય શરીર છે તેને આહારક શરીર હોય? અને જેને આહારક શરીર છે તેને વૈક્રિય શરીર હોય? હે ગૌતમ! જેને વૈક્રિય શરીર છે તેને આહારક શરીર ન હોય અને જેને આહારક શરીર છે તેને વૈક્રિય શરીર ન હોય. તૈજસ કાર્મણનો જેમ ઔદારિક સાથે વિચાર કર્યો છે તેમ આહારક શરીરની સાથે પણ વિચાર કરવો. હે ભગવન્! જેને તૈજસ છે તેને કાર્મણ શરીર હોય? અને જેને કાર્મણ શરીર છે તેને તૈજસ શરીર હોય? હે ગૌતમ! જેને તૈજસ શરીર છે તેને અવશ્ય કાર્મણ શરીર હોય, અને જેને કાર્મણ શરીર છે તેને તૈજસ શરીર અવશ્ય હોય. ॥૧૨॥૫૮૦॥*

(ટી૦) એમ પુદ્‌ગલોનો ચય કહ્યો, હવે શરીરનો સંયોગ—પરસ્પર સંબન્ધ બતાવે છે—'**जस्स णं भंते**'! ઇત્યાદિ. જેને ઔદારિક શરીર છે તેને વૈક્રિય શરીર હોય અથવા ન પણ હોય. જે ઔદારિક શરીરી છતાં વૈક્રિય લબ્ધિવાળો વૈક્રિય શરીરનો આરંભ કરી તેમાં રહે તેને હોય છે બીજાને હોતું નથી, જેને વૈક્રિય શરીર છે તેને ઔદારિક શરીર હોય અને ન પણ હોય. વૈક્રિય શરીરવાળા દેવો અને નારકોને ઔદારિક શરીર હોતું નથી, અને વૈક્રિય શરીરવાળા તિર્યંચ અને મનુષ્યને હોય છે. આહારક શરીરની સાથે વિચાર કરતાં જેને ઔદારિક શરીર છે તેને આહારક શરીર હોય છે અને નથી પણ હોતું. જે ઔદારિક શરીરી ચૌદ પૂર્વધર આહારક લબ્ધિવાળો આહારક શરીર કરે તેને હોય છે બીજાને નથી હોતુ, પરન્તુ જેને આહારક શરીર છે તેને ઔદારિક શરીર અવશ્ય હોય છે. કારણ કે ઔદારિક શરીરના અભાવમાં આહારક લબ્ધિનો પણ અસંભવ છે. તૈજસ શરીરની સાથે વિચાર કરતાં જેને ઔદારિક શરીર છે તેને અવશ્ય તૈજસ શરીર હોય છે તૈજસ શરીરના અભાવમાં ઔદારિક શરીરનો અસંભવ છે. જેને તૈજસ શરીર છે તેને ઔદારિક શરીર હોય છે અને નથી પણ હોતું. દેવ અને નારકોને હોતું નથી અને તિર્યંચ, મનુષ્યોને હોય છે. એ પ્રમાણે કાર્મણ શરીરની સાથે પણ વિચાર કરવો. કારણ કે તૈજસ અને કાર્મણ શરીર બન્ને સહચારી છે. હવે વૈક્રિય શરીરના આહારકાદિ શરીરની સાથે સંબન્ધનો વિચાર કરે છે—'**जस्स णं भंते**'! ઇત્યાદિ. જેને વૈક્રિય શરીર છે તેને આહારક શરીર નથી, અને જેને આહારક શરીર છે તેને વૈક્રિય શરીર નથી. કારણ કે એક કાળે આ બન્ને શરીરનો અસંભવ છે. તૈજસ અને કાર્મણની જેમ ઔદારિક શરીરની સાથે વિચાર કર્યો તેમ વૈક્રિય શરીરની સાથે પણ વિચાર કરવો અને આહારક શરીરની સાથે પણ તૈજસ કાર્મણનો વિચાર કરવો. તૈજસ અને કાર્મણ પરસ્પર નિયત સહચરી હોવાથી જેને તૈજસ શરીર છે તેને અવશ્ય કાર્મણ શરીર હોય છે, જેને કાર્મણ શરીર છે તેને અવશ્ય તૈજસ શરીર હોય છે. એમ સંબન્ધ દ્વાર સમાપ્ત થયું. ॥૧૨॥૫૮૦॥

## ।। दव्वपएसऽप्पबहुदारं ।।

**एतेसि णं भंते! ओरालिय-वेउव्विय-आहारग-तेयाकम्मगसरीराणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा आहारगसरीरा दव्वट्ठयाए, वेउव्वियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, तेया-कम्मगसरीरा दो वि तुल्ला दव्वट्ठयाए अणंतगुणा। पएसट्ठयाए-सव्वत्थोवा आहारगसरीरा पएसट्ठयाए, वेउव्वियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा पदेसट्ठयाए असंखेज्जगुणा, तेयगसरीरा पदेसट्ठयाए अणंतगुणा, कम्मगसरीरा पएसट्ठयाए अणंतगुणा। दव्वट्ठपदेसट्ठयाए-सव्वत्थोवा आहारगसरीरा दव्वट्ठयाए, वेउव्वियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा दव्वट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरेहिंतो दव्वट्ठयाए आहारगसरीरा पएसट्ठयाए अणंतगुणा। वेउव्वियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, ओरालियसरीरा पएसट्ठयाए असंखेज्जगुणा, तेया-कम्मगसरीरा दो वि तुल्ला दवट्ठयाए अणंतगुणा, तेयगसरीरा पदेसट्ठयाए अणंतगुणा, कम्मगसरीरा पएसट्ठयाए अणंतगुणा।**

॥सू०-१३॥५८१॥

*(મૂ૦) હે ભગવન્! ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરમાં દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યપ્રદેશાર્થપણે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક? હે ગૌતમ! દ્રવ્યાર્થપણે સૌથી થોડા આહારક શરીરો છે. તેથી વૈક્રિય શરીર દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, તેથી ઔદારિક શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, અને તેથી તૈજસ અને કાર્મણ શરીરો દ્રવ્યાર્થપણે અનંતગુણાં છે અને બન્ને પરસ્પર તુલ્ય છે. પ્રદેશાર્થપણે—સૌથી થોડા આહારક શરીરો પ્રદેશાર્થપણે છે, તેથી વૈક્રિય શરીરો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણાં છે, તેથી ઔદારિક શરીરો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણાં છે, તેથી તૈજસ શરીરો પ્રદેશાર્થપણે અનંતગુણાં છે, તેથી કાર્મણ શરીરો પ્રદેશાર્થપણે અનન્તગુણાં છે. દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે–સૌથી થોડા આહારક શરીરો દ્રવ્યાર્થપણે છે, તેથી વૈક્રિય શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, તેથી ઔદારિક શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, દ્રવ્યાર્થરૂપે ઔદારિક શરીર કરતાં પ્રદેશાર્થરૂપે આહારક શરીરો અનન્તગુણા છે. તેથી વૈક્રિય શરીરો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણાં છે, તેથી ઔદારિક શરીરો પ્રદેશાર્થરૂપે અસંખ્યાતગુણાં છે, તેથી તૈજસ અને કાર્મણ શરીરો દ્રવ્યાર્થરૂપે અનન્તગુણાં અને બન્ને પરસ્પર તુલ્ય છે, તેથી તૈજસ શરીરો પ્રદેશાર્થરૂપે અનંતગુણાં છે, તેથી કાર્મણ શરીરો પ્રદેશાર્થરૂપે અનન્તગુણાં છે. ॥૧૩॥૫૮૧॥*

(ટી૦) હવે દ્રવ્ય, પ્રદેશ અને દ્રવ્ય-પ્રદેશ ઉભય રૂપે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं भंते!**' ઇત્યાદિ. સૌથી થોડાં આહારક શરીરો દ્રવ્યાર્થપણે છે, એટલે આહારક શરીરો–શરીરમાત્ર દ્રવ્યની સંખ્યા વડે થોડાં છે. કારણ કે ઉત્કૃષ્ટ સ્થાને પણ તેઓ બે હજારથી નવ હજાર સુધી હોય છે. કેમ કે "**उक्कोसेणं उ जुगवं पुहुत्तमेत्तं सहस्साणं**" ઉત્કૃષ્ટથી એકસમયે સહસ્રપૃથક્ત્વ હોય છે–એવું શાસ્ત્ર વચન છે. તેથી પણ વૈક્રિય શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણા છે, કારણ કે સર્વ નારકો, સર્વ દેવો તથા કેટલાએક તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને બાદર વાયુકાયિકોને વૈક્રિય શરીરનો સંભવ છે. તેથી પણ ઔદારિક શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, કારણ કે પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને ઔદારિક શરીર હોય છે. તેથી પણ તૈજસ–કાર્મણ શરીરો દ્રવ્યાર્થપણે અનન્તગુણાં છે, કારણ કે અનન્તાનન્ત સૂક્ષ્મ અને બાદર નિગોદ જીવો પ્રત્યેકને તૈજસ અને કાર્મણ શરીર હોય છે. સ્વસ્થાનને આશ્રયી પરસ્પર તુલ્ય છે, કારણ બન્ને અવશ્ય સહચારી છે, તેમાંના એકના અભાવમાં બીજાનો પણ અવશ્ય અભાવ હોય છે. પ્રદેશાર્થપણાના વિચારમાં સૌથી થોડા આહારક હોય છે. તેથી વૈક્રિયશરીરો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણાં છે, અહીં જો કે વૈક્રિયશરીર યોગ્ય વર્ગણાથી આહારકશરીર વર્ગણા પરમાણુની અપેક્ષાએ અનન્તગુણી છે, તો પણ થોડી વર્ગણા વડે આહારક શરીર થાય છે. કારણ કે તે હસ્ત પ્રમાણ છે. અને અતિશય ઘણી વૈક્રિય શરીર વર્ગણા વડે વૈક્રિય થાય છે, કારણ કે તે ઉત્કૃષ્ટ લાખ યોજન પ્રમાણ છે. અતિ થોડાં આહારક શરીરો છે, કારણ કે સહસ્રપૃથક્ત્વ પ્રમાણ હોય છે. અને અતિશય ઘણાં વૈક્રિય શરીરો છે, કારણ કે તે અસંખ્યાતી શ્રેણીમાં રહેલા આકાશ પ્રદેશના રાશિ પ્રમાણ હોય છે. તેથી આહારક શરીરોથી પ્રદેશાર્થપણે વૈક્રિય શરીરો અસંખ્યાતગુણાં હોય છે. તેથી પણ ઔદારિક શરીરો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણાં છે, કારણ કે તે અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ પ્રમાણ હોવાથી તેને અત્યંત ઘણા પ્રદેશોનો સંભવ છે. તેથી પણ તૈજસ શરીરો પ્રદેશાર્થપણે અનન્તગુણાં છે. કારણ કે ઔદારિક શરીરોથી દ્રવ્યાર્થપણે પણ તેઓ અનન્તગુણાં છે. તેથી પણ કાર્મણ શરીરો પ્રદેશાર્થપણે અનન્તગુણાં જાણવા. કારણ કે તૈજસ વર્ગણાથી કાર્મણ વર્ગણા પરમાણુની અપેક્ષાએ અનન્તગુણી છે. દ્રવ્યાર્થ–પ્રદેશાર્થપણાના વિચારમાં–સૌથી થોડા આહારક શરીરો દ્રવ્યાર્થપણે છે, તેથી વૈક્રિય શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, તેથી ઔદારિક શરીરો દ્રવ્યાર્થપણે અસંખ્યાતગુણાં છે, અહીં બધે પૂર્વે કહેલો વિચાર કરવો. દ્રવ્યાર્થપણે ઔદારિક શરીરો કરતાં આહારક શરીરો પ્રદેશાર્થપણે અનન્તગુણાં છે, કારણ કે ઔદારિક શરીરો બધી સંખ્યા મળી અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. અને આહારક શરીરને યોગ્ય એક એક વર્ગણામાં પણ અભવ્યોથી અનન્તગુણાં પરમાણુઓ હોય છે. તેથી પણ વૈક્રિય શરીરો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણાં હોય છે. તેથી ઔદારિક શરીરો પ્રદેશાર્થપણે અસંખ્યાતગુણાં છે. આ સંબન્ધે વિચાર હમણાંજ કર્યો છે. તેથી પણ તૈજસ અને કાર્મણ શરીરો દ્રવ્યાર્થપણે અનન્તગુણાં છે. કારણ કે તે અતિશય મોટી અનન્ત સંખ્યાવડે યુક્ત છે. તેથી

પણ તૈજસ શરીરો પ્રદેશાર્થપણે અનન્તગુણાં છે. કારણ કે અનન્તપરમાણુરૂપ એવી અનન્ત વર્ગણાઓ વડે એક એક તૈજસ શરીર બનવા યોગ્ય છે. તેથી પણ કાર્મણ શરીરો પ્રદેશાર્થપણે અનન્તગુણાં છે, તેનું કારણ પૂર્વે જણાવેલું છે. એ પાંચે શરીરોનું દ્રવ્ય, પ્રદેશ અને ઉભયને આશ્રયી અલ્પબહુત્વ કહ્યું. ॥૧૩॥૫૮૧॥

## || सरीरओगाहणऽप्पबहुदारं ||

**एतेसि णं भंते! ओरालिय-वेउव्विय-आहारग-तेयाकम्मगसरीराणं जहण्णियाए ओगाहणाए उक्कोसियाए ओगाहणाए जहण्णुक्कोसियाए ओगाहणाए कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा ओरालियसरीरस्स जहण्णिया ओगाहणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला जहण्णिया ओगाहणा विसेसाहिया, वेउव्वियसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा, आहारगसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा। उक्कोसियाए ओगाहणाए-सव्वत्थोवा आहारगसरीरस्स उक्कोसिया ओगाहणा, ओरालियसरीरस्स उक्कोसिया ओगाहणा संखेज्जगुणा, वेउव्वियसरीरस्स उक्कोसिया ओगाहणा, संखेज्जगुणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला उक्कोसिया ओगाहणा असंखेज्जगुणा। जहण्णुक्कोसियाए ओगाहणाए-सव्वत्थोवा ओरालियसरीरस्स जहण्णिया ओगाहणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला जहण्णिया ओगाहणा विसेसाहिया, वेउव्वियसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा, आहारगसरीरस्स जहण्णिया ओगाहणा असंखेज्जगुणा, आहारगसरीरस्स जहण्णियाहिंतो ओगाहणाहिंतो तस्स चेव उक्कोसिया ओगाहणा विसेसाहिया, ओरालियसरीरस्स उक्कोसिया ओगाहणा, संखेज्जगुणा, वेउव्वियसरीरस्स णं उक्कोसिया ओगाहणा संखेज्जगुणा, तेया-कम्मगाणं दोण्ह वि तुल्ला उक्कोस्सिया ओगाहणा असंखेज्जगुणा ।।सू०-१४।।५८२।।**

पण्णवणाए भगवईए एगवीसइमं ओगाहणासंठाणं पयं समत्तं ।।२१।।

*(મૂ૦) હે ભગવન્! એ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીરોમાં જઘન્ય અવગાહના વડે, ઉત્કૃષ્ટ અવગાહના વડે તથા જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના વડે કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. તેથી તૈજસ અને કાર્મણ શરીરની જઘન્ય અવગાહના વિશેષાધિક અને પરસ્પર તુલ્ય છે, તેથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે, તેથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે. ઉત્કૃષ્ટ અવગાહના વડે–સૌથી થોડી આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે. તેથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે, તેથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેથી તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી છે અને પરસ્પર તુલ્ય છે. જઘન્યોત્કૃષ્ટ અવગાહનાવડે–સૌથી થોડી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના છે. તેથી તૈજસ કાર્મણ શરીરની જઘન્ય અવગાહના વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે. તેથી વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે, તેથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે. આહારક શરીરની જઘન્ય અવગાહનાથી તેનીજ ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક છે. તેથી ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે. તેથી તૈજસ અને કાર્મણ શરીરની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાતગુણી અને પરસ્પર તુલ્ય છે. ॥૧૪॥૫૮૨॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં એકવીશમું અવગાહનાસંસ્થાન પદ સમાપ્ત.*

(ટી૦) હવે જઘન્ય, ઉત્કૃષ્ટ અને ઉભય અવગાહનાની અપેક્ષાએ અલ્પબહુત્વ કહે છે—'एएसि णं' ઇત્યાદિ. સૌથી થોડી ઔદારિક શરીરની જઘન્ય અવગાહના હોય છે, કારણ કે તે આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તેથી તૈજસ કાર્મણની જઘન્ય

અવગાહના પરસ્પર તુલ્ય અને ઔદારિકની જઘન્ય અવગાહનાથી વિશેષાધિક છે. કેવી રીતે છે? આ પ્રમાણે છે-'મરણ સમુદ્ઘાત યુક્ત પ્રાણીના પૂર્વના શરીરથી જે બહાર નીકળેલું તૈજસ શરીર છે તેની લંબાઇ, જાડાઇ અને વિસ્તાર વડે અવગાહનાનો વિચાર કરાય છે'-એમ પૂર્વે કહેલું છે. તેમાં જે પ્રદેશમાં ઉત્પન્ન થવાનો છે તે પણ ઔદારિક શરીરની અવગાહના જેટલો આંગળના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રદેશ તૈજસ શરીર વડે વ્યાપ્ત છે અને જે વચ્ચેનો ભાગ ઘણોજ થોડો છે તે પણ તૈજસ શરીર વડે વ્યાપ્ત છે. માટે ઔદારિક શરીરની જઘન્ય અવગાહનાથી વિશેષાધિક છે. તેથી પણ વૈક્રિય શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે, કારણ કે આંગળના અસંખ્યાતમા ભાગના અસંખ્યાતા ભેદો છે. તેથી આહારક શરીરની જઘન્ય અવગાહના અસંખ્યાતગુણી છે, કારણ કે કાંઇક ન્યૂન એક હાથ પ્રમાણ છે. ઉત્કૃષ્ટ અવગાહનાના વિચારમાં સૌથી થોડી આહારક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે, કારણ કે તે એક હાથ પ્રમાણ છે. તેથી પણ ઔદારિક શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે, કારણ કે તે કાંઇક અધિક હજાર યોજન પ્રમાણ છે. તેથી વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના સંખ્યાતગુણી છે, કારણ કે તે કાંઇક અધિક લાખ યોજન પ્રમાણ છે. તેથી તૈજસ-કાર્મણની ઉત્કૃષ્ટ અવગાહના પરસ્પર તુલ્ય અને વૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહનાથી અસંખ્યાતગુણી હોય છે, કારણ કે તે ચૌદ રાજલોક પ્રમાણ છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાના વિચારમાં આહારક શરીરની જઘન્ય અવગાહના કરતાં તેનીજ ઉત્કૃષ્ટ અવગાહના વિશેષાધિક જાણવી. કારણ કે તે પણ અંશ વડે અધિક છે. બાકી બધું સુગમ છે, કારણ કે તેનો હમણાંજ વિચાર કર્યો છે. ॥૧૪॥૫૮૨॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં એકવીશમું અવગાહનાસંસ્થાન પદ સમાપ્ત.

- *અરિહંત ભગવંતની આજ્ઞાની આરાધના અચરમાર્વતકાળમાં પણ આત્મા કરે છે પણ એ આરાધના ભૌતિક ભૂખની ભુતાવળ દ્વારા ભવ ભ્રમણ વધારનારી બને છે. જેમ-જેમ આરાધના કરે અને પુણ્ય બળથી ભૌતિક સામગ્રી મળે તેમ-તેમ તે આત્મા આસક્તિભાવ વધારીને ભવ ભ્રમણા વધારે છે.*
- *અરિહંત ભગવંતની આજ્ઞાની આરાધના ચરમાર્વતકાળમાં જ ભૌતિક સુખ સામગ્રીઓની ભૂખને દૂર કરાવનારી બની શકે છે, એ પહેલાં નહીં.*
- *અરિહંત ભગવંતની આશાતના કરવાથી જ અરિહંતની આશાતના થાય છે એમ નથી. અરિહંત કથિત પંચપરમેષ્ઠિપદમાં રહેલા એક પણ આત્માની આશાતના એ પણ અરિહંતની આશાતનામાં જાય છે. એ ભુલાવું ન જોઈએ.*
- *અરિહંત ભગવંતની આજ્ઞાનુસાર ચાલનાર એજ ચતુર્વિધ સંઘ ગણાય. એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર આત્મા ભૌતિકતાથી કેટલો પણ સમૃદ્ધ હોય, કોઈપણ પદનો ધારક હોય તો પણ એ સંઘ બહાર ગણાય. અને કદાચ એવા આત્માઓનું ટોળું હોય તો પણ એને સંઘ ન કહેવાય. એના માટે તો આગમોમાં 'હાડકાનો માળો' શબ્દ વપરાયેલો છે.*
- *અરિહંતની આરાધના અર્થાત્ એમની આજ્ઞાની આરાધના. જે જે ક્રિયામાં એમની આજ્ઞાની અવહેલના થતી હોય તે આરાધનામાં આવે જ નહીં.*

**- જયાનંદ -**

## ।। बावीसतिमं किरियापयं ।। किरियाभेय-पभेयपरूवणं ।।

**कति णं भंते! किरियाओ पण्णत्ताओ? गोयमा! पंच किरियाओ पण्णत्ताओ, तंजहा-काइया १, आहिगरणिया[1] २, पादोसिया ३, पारियावणिया ४, पाणाइवातकिरिया ५। काइया णं भंते! किरिया कतिविहा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-अणुवरयकाइया य दुप्पउत्तकाइया य। आहिगरणिया णं भंते! किरिया कतिविहा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा-संजोयणाहिकरणिया य निव्वत्तणाहिकरणिया य। पादोसिया णं भंते! किरिया कतिविहा पन्नत्ता? गोयमा! तिविहा पन्नत्ता, तं जहा-जेणं अप्पणो वा परस्स वा तदुभयस्स वा असुभं मणं पहारेति, से त्तं पादोसिया किरिया। पारियावणिया णं भंते! किरिया कतिविहा पन्नत्ता? गोयमा! तिविहा पन्नत्ता, तं जहा-जेणं अप्पणो वा परस्स वा तदुभयस्स वा असायं वेदणं उदीरेति, से त्तं पारियावणिया किरिया। पाणातिवातकिरिया णं भंते! कतिविहा पन्नत्ता? गोयमा! तिविहा पन्नत्ता, तं जहा-जेणं अप्पाणं वा परं वा तदुभयं वा जीवियाओ ववरोवेइ, से त्तं पाणाइवायकिरिया। ।।सू०-१।।५८३।।**

### બાવીશમું ક્રિયાપદ.

*(મૂ૦) હે ભગવન્! કેટલી ક્રિયાઓ કહી છે? હે ગૌતમ! પાંચ ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે—૧ કાયિકી, ૨ અધિકરણિકી, ૩ પ્રાદ્વેષિકી, ૪ પારિતાપનિકી અને ૫ પ્રાણાતિપાતિકી, હે ભગવન્! કાયિકી ક્રિયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-૧ અનુપરતકાયિકી અને ૨ દુષ્પ્રયુક્તકાયિકી. હે ભગવન્! અધિકરણિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે? હે ગૌતમ! બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-સંયોજનાધિકરણિકી અને નિર્વર્તનાધિકરણિકી. હે ભગવન્! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા પ્રકારની કહી છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-જે પ્રકારે પોતાના ઉપર, પરના ઉપર કે બન્નેના ઉપર અશુભ મન કરે-અશુભ ચિંતવે. એમ પ્રાદ્વેષિકી ક્રિયા કહી. હે ભગવન્! પારિતાપનિકી ક્રિયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-જે પ્રકારે પોતાને, પરને અને બન્નેને અશાતા વેદના ઉદીરે છે. એમ પારિતાપનિકી ક્રિયા કહી. હે ભગવન્! પ્રાણાતિપાતિકી ક્રિયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-જે પ્રકારે પોતાને, પરને અથવા બન્નેને જીવિતથી જુદા કરે. એમ પ્રાણાતિપાતિકી ક્રિયા કહી. ।।૧।।૫૮૩।।*

(ટી૦) એમ એકવીશમું પદ કહ્યું, હવે બાવીશમા પદનો આરંભ કરાય છે. તેનો આ પ્રમાણે સંબન્ધ છે—પૂર્વના પદમાં ગતિના પરિણામ રૂપે શરીરના અવગાહનાદિનો વિચાર કર્યો અને આ પદમાં નારકાદિ ગતિ પરિણામ રૂપે પરિણત થયેલા જીવોની પ્રાણાતિપાત વગેરે સ્વરૂપવાળી ક્રિયાઓનો વિચાર કરાય છે. તેનું આ પ્રથમ સૂત્ર છે—**'कइ णं भंते किरियातो पन्नत्ताओ'**? હે ભગવન્! કેટલી ક્રિયાઓ કહી છે? ઇત્યાદિ. કરવું તે ક્રિયા, એટલે કર્મબંધના કારણભૂત જીવની ચેષ્ટા-પ્રવૃત્તિ, તે પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે-**'कायिकी'** ઇત્યાદિ. **'चीयते'** જે ઉપચય પામે-વૃદ્ધિ પામે તે કાય-શરીર. **काये भवा कायेन निर्वृत्ता वा**— કાય નિમિત્તે થયેલી અથવા કાય વડે કરાયેલી ક્રિયા તે કાયિકી. **अधिक्रियते अनेन**-જે વડે નરકાદિ દુર્ગતિમાં આત્મા સ્થાપન કરાય તે અધિકરણ-ક્રિયાવિશેષ, અથવા ચક્ર ખડ્ગ વગેરે વસ્તુ, તે નિમિત્તે થયેલી અથવા તે વડે કરાયેલી ક્રિયા તે અધિકરણિકી. **'पाउसिया'** પ્રદ્વેષ-મત્સર, કર્મબન્ધનું કારણ જીવનો અશુભ પરિણામવિશેષ, તે નિમિત્તે થયેલી અથવા તે વડે કરાયેલી અથવા મત્સરરૂપ ક્રિયા તે પ્રાદ્વેષિકી. 'પારિયાવણિયા' પરિતાપ-પીડા કરવી, તે નિમિત્તે થયેલી, અથવા તે વડે કરાયેલી અથવા પરિતાપરૂપ ક્રિયા તે પારિતાપનિકી. પ્રાણ-ઇન્દ્રિયાદિ, તેઓને અતિપાત-નાશ, તે સંબન્ધે ક્રિયા, અથવા પ્રાણાતિપાત-હિંસા કરવારૂપ ક્રિયા તે પ્રાણાતિપાતક્રિયા. તેમાં કાયિકી ક્રિયા બે પ્રકારની છે. તે આ પ્રમાણે-અનુપરતકાયિકી અને દુષ્પ્રયુક્તકાયિકી.

---

१. अहिगरणिया इति पाठान्तर

અનુપરત–દેશથી કે સર્વથી જે સાવદ્ય–અશુભ યોગથી નિવૃત્ત થયેલો ન હોય તે, તેની જે કાયિકી ક્રિયા તે અનુપરતકાયિકી. આ ક્રિયા દરેક જીવને વિષે હોય છે. આ ક્રિયા અવિરતિને જાણવી, પણ દેશવિરતિ કે સર્વવિરતિને હોતી નથી. તથા દુષ્ટ પ્રયુક્ત–કાયાદિનો વ્યાપાર જેઓને છે તે દુષ્પ્રયુક્ત, તેને જે કાયિકી ક્રિયા તે દુષ્પ્રયુક્તકાયિકી. આ ક્રિયા પ્રમત્તસંયતને પણ હોય છે, કારણ કે પ્રમત્ત અવસ્થામાં કાયના દુષ્પ્રયોગનો–અશુભ વ્યાપારનો સંભવ છે. આધિકરણિકી ક્રિયા પણ બે પ્રકારની છે–સંયોજનાધિકરણિકી અને નિર્વર્તનાધિકરણિકી. તેમાં સંયોજન–પૂર્વે બનાવેલાં હળ, ગર (કાલાન્તરે મારનાર વિષ) અને કુટ યન્ત્રાદિના અંગો મેળવવા, તેજ અધિકરણ–સંસારનો હેતુ હોવાથી સંયોજનાધિરણિકી કહેવાય છે. આ ક્રિયા પૂર્વે બનાવેલા હલાદિના અવયવો જોડી તૈયાર કરનારને હોય છે. તથા નિર્વર્તન–તલવાર,શક્તિ,ભાલા અને તોમર વગેરે શસ્ત્રોને મૂળથી બનાવવા તે નિર્વર્તનાધિકરણિકી. અથવા પાંચ પ્રકારના ઔદારિકાદિ શરીરોનું ઉત્પન્ન કરવું તે પણ નિર્વર્તનાધિકરણિકી કહેવાય છે, કારણ કે **અશુભ પ્રવૃત્તિવાળું શરીર પણ સંસારવૃદ્ધિનું કારણ છે.** પ્રાદ્વેષિકી ક્રિયા ત્રણ પ્રકારની છે, તે આ પ્રમાણે–જે પ્રકારે જીવો પોતાના, અન્યના કે ઉભય–સ્વપર બન્નેના ઉપર અશુભ–અકુશલ મન **'संप्रधायति'** ધારણ કરે, વિશેષતઃ કરે તે કારણથી–ત્રણ પ્રકારનો વિષય હોવાથી ત્રણ પ્રકારની પ્રાદ્વેષિકી ક્રિયા છે. તે આ પ્રમાણે–કોઇ મનુષ્યે કોઇ કાર્ય પોતે કર્યું અને તેનું પરિણામ ભયંકર થાય ત્યારે અવિવેકથી પોતાના ઉપર અશુભ મન ધારણ કરે, એ પ્રમાણે કોઇ બીજાના ઉપર, તેમજ કોઇ પોતાના અને પરના બન્નેના ઉપર અકુશલ મન ધારણ કરે છે. પારિતાપનિકી ક્રિયા પણ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે–જે પ્રકારે કોઇ મનુષ્ય કોઇ પણ પ્રકારથી અવિવેક વડે પોતાનેજ દુ:ખરૂપ અસાતા વેદના ઉત્પન્ન કરે, કોઇ બીજાને કરે, તથા કોઇ પોતાને અને બીજાને એમ બન્નેને કરે તેથી સ્વ, પર અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારની પરિતાપનિકી ક્રિયા છે.

(પ્ર૦)—જો એમ હોય તો લોચ કરવો, તપસ્યા કરવી વગેરે અનુષ્ઠાન નહિ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, કારણ કે તે યથાસંભવ સ્વ, પર કે ઉભયને અશાતા વેદનાનું કારણ છે.

(ઉ૦)—તે અયુક્ત છે, કારણ કે તે પરિણામે હિતકારક હોવાથી ચિકિત્સાની પેઠે **વિવેકથી થયેલા લોચ, તપોઽનુષ્ઠાનાદિ અસાતાવેદનાનો હેતુ નથી. વળી (દુર્ધ્યાનનું કારણ) અશક્ય તપનો તો પ્રતિષેધ કરેલો છે.** એ સંબન્ધે કહ્યું છે કે—

"सो हु तवो कायव्वो जेण मणो मंगुलं न चिंतेइ। जेण न इंदियहाणी जेण य जोगा न हायंति"॥

તે તપ કરવું કે જેથી મન અશુભ ચિંતન ન કરે, ઇન્દ્રિયોનો નાશ ન થાય અને યોગો ક્ષીણ ન થાય.

"कायो न केवलमयं परिपालनीयो, मृष्टै रसैर्बहुविधैर्न च लालनीयः ।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेषु, वश्यानि येन च तथाऽऽचरितं जिनानाम्"॥

કેવળ શરીરનું સારી રીતે રક્ષણ કરવું એમ નથી, તેમ મિષ્ટ એવા બહુ પ્રકારના રસો વડે લાલન કરવું એમ પણ નથી, જેમ મન અને ઇંદ્રિયો ઉન્માર્ગે ન જાય અને વશ રહે તે પ્રમાણે જિનોનું આચરણ છે.

પ્રાણાતિપાત ક્રિયા પણ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણ—**'जेण अप्पणो'** ઇત્યાદિ. જે પ્રકારે કોઇ અવિવેકી મનુષ્ય ભૈરવપ્રપાતપર્વતાદિ ઉપરથી પડવા વગેરેથી પોતાને જીવિતથી જુદો કરે, કોઇ દ્વેષાદિ વડે બીજાના જીવનનો નાશ કરે અને કોઇ પોતાના અને પરના જીવનનો નાશ કરે, માટે પ્રાણાતિપાતક્રિયા પણ ત્રણ પ્રકારની છે. **આજ કારણથી ભગવંતે અકાળ મરણનો પણ પ્રતિષેધ કર્યો છે.** કારણ કે તેથી પ્રાણાતિપાત ક્રિયાના દોષનો સંભવ છે. ॥૧॥૫૮૩॥

## ।। जीवेसु सकिरियत्त अकिरियत्तपरूवणं ।।

**जीवा णं भंते! किं सकिरिया अकिरिया? गोयमा! जीव सकिरिया वि अकिरिया वि। से केणट्ठेणं भंते! एवं वुच्चति- 'जीवा सकिरिया वि अकिरिया वि'? गोयमा! जीवा दुविहा पन्नत्ता, तं जहा-संसारसमावण्णगा य असंसारसमावण्णगा य। तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा, सिद्धा णं अकिरिया।-तत्थ णं जे ते**

**संसारसमावण्णगा ते दुविहा पन्नत्ता, तं जहा-सेलेसिपडिवण्णगा य असेलेसिपडिवन्नगा य। तत्थ णं जे ते सेलेसिपडिवण्णगा ते णं अकिरिया, तत्थ णं जे ते असेलेसिपडिवण्णगा ते णं सकिरिया, से एतेणट्ठेणं गोयमा! एवं वुच्चति-'जीवा सकिरिया वि अकिरिया वि'। ।।सू०-२।।५८४।।**

*(મૂ૦) હે ભગવન્! જીવો શું સક્રિય-ક્રિયાવાળા છે કે ક્રિયારહિત છે? હે ગૌતમ! જીવો ક્રિયાવાળા પણ છે અને ક્રિયારહિત પણ છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'જીવો ક્રિયાવાળા પણ છે અને ક્રિયારહિત પણ છે?' હે ગૌતમ! જીવો બે પ્રકારના છે. તે આ પ્રમાણે-સંસારસમાપન્ન-સંસારને પ્રાપ્ત થયેલા અને અસંસારસમાપન્ન-મોક્ષને પ્રાપ્ત થયેલા. તેમાં જે સંસારને પ્રાપ્ત થયેલા જીવો છે તે બે પ્રકારના છે, તે આ પ્રમાણે-શૈલેશીને પ્રાપ્ત થયેલા અને શૈલેશીને પ્રાપ્ત નહિ થયેલા. તેમાં જે શૈલેશીને પ્રાપ્ત થયેલા છે તેઓ અક્રિય-ક્રિયારહિત છે, અને જે શૈલેશીને પ્રાપ્ત થયેલા નથી તેઓ ક્રિયાસહિત છે, તે માટે હે ગૌતમ! એમ કહું છું કે જીવો ક્રિયાસહિત છે અને ક્રિયારહિત પણ છે. ।।૨।।૫૮૪।।*

(ટી૦) એ પ્રમાણે ક્રિયાઓ કહી, હવે એ ક્રિયાઓ સામાન્યપણે બધા જીવોને હોય છે કે નથી હોતી? એવી જિજ્ઞાસાવાળો શિષ્ય આ પ્રશ્ન કરે છે—**'जीवा णं भंते'**! ઇત્યાદિ. હે ભગવન્! જીવો ક્રિયાવાળા હોય છે? ઇત્યાદિ સુગમ છે. પરન્તુ **'संसारसमावन्नगा'** ઇતિ સંસારસમાપન્ન-ચાર ગતિમાં ભ્રમણ કરવારૂપ સંસારને સમ્-એકતા વડે પ્રાપ્ત થયેલા, તેથી વિપરીત અસંસારસમાપન્ન જાણવા. ચ શબ્દ તેઓના અનેક ભેદાનો સૂચક છે. તેમાં જે અસંસારસમાપન્ન છે તેઓ સિદ્ધ છે અને સિદ્ધો શરીર અને મનોવૃત્તિના અભાવે ક્રિયારહિત છે. જેઓ સંસારસમાપન્ન-સંસારી છે તે બે પ્રકારે છે-શૈલેશી-અયોગી અવસ્થાને પ્રાપ્ત થયેલા અને તે સિવાયના બીજા શૈલેશીને પ્રાપ્ત નહિ થયેલા. તેમાં જેઓ શૈલેશીને પ્રાપ્ત થયેલા છે તેઓ સૂક્ષ્મ અને બાદર કાયયોગ, વચનયોગ અને મનોયોગનો રોધ કરેલો હોવાથી ક્રિયારહિત છે. જેઓ શૈલેશીને પ્રાપ્ત થયેલા નથી તેઓ સયોગી હોવાથી ક્રિયાસહિત છે. 'એ હેતુથી એમ કહું છું.' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. એ પ્રમાણે સક્રિય જીવો કહ્યા. ।।૨।।૫૮૪।।

## ।। जीवाईसु किरियाविसयपरूवणं ।।

**अत्थि णं भंते! जीवाणं पाणाइवाएणं किरिया कज्जति? हंता गोयमा! अत्थि। कम्हि णं भंते! जीवाणं पाणाइवाएणं किरिया कज्जति? गोयमा! छसु जीवनिकाएसु। अत्थि णं भंते! नेरइयाणं पाणाइवाएणं किरिया कज्जति? गोयमा! एवं चेव। एवं जाव निरंतरं वेमाणियाणं। अत्थि णं भंते! जीवाणं मुसावाएणं किरिया कज्जति? हंता! अत्थि। कम्हि णं भंते! जीवाणं मुसावाएणं किरिया कज्जति? गोयमा! सव्वदव्वेसु, एवं निरंतरं नेरइयाणं जाव वेमाणियाणं। अत्थि णं भंते! जीवाणं अदिन्नादाणेणं किरिया कज्जति? गोयमा! गहण-धारणिज्जेसु दव्वेसु, एवं नेरइयाणं निरंतरं जाव वेमाणियाणं। अत्थि णं भंते! जीवाणं मेहुणेणं किरिया कज्जति? हंता! अत्थि। कम्हि णं भंते! जीवाणं मेहुणेणं किरिया कज्जति? गोयमा! रूवेसु वा रूवसहगतेसु वा दव्वेसु, एवं नेरइयाणं निरंतरं जाव वेमाणियाणं। अत्थि णं भंते! जीवाणं परिग्गहेणं किरिया कज्जति? हंता अत्थि। कम्हि णं भंते! जीवाणं परिग्गहेणं किरिया कज्जति? गोयमा! सव्वदव्वेसु, एवं नेरइयाणं जाव वेमाणियाणं। एवं कोहेणं माणेणं मायाए लोभेणं पेज्जेणं दोसेणं कलहेणं अब्भक्खाणेणं पेसुन्नेणं परपरिवाएणं अरतिरतीए मायामोसेणं मिच्छादंसणसल्लेणं। सव्वेसु जीव नेरइयभेदेणं [भेदेसु] भाणियव्वं निरंतरं जाव वेमाणियाणं ति, एवं अट्ठारस एते दंडगा १८। ।।सू०-३।।५८५।।**

*(મૂ૦) હે ભગવન્! શું એમ છે કે જીવો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે? હા ગૌતમ! એમ છે. હે ભગવન્! કોને વિષે જીવો પ્રાણાતિપાત વડે ક્રિયા કરે છે? હે ગૌતમ! છ જીવનિકાયને વિષે કરે છે. હે ભગવન્! શું એમ છે કે નૈરયિકો પ્રાણાતિપાત*

*વડે ક્રિયા કરે છે? હે ગૌતમ! એમજ સમજવું. એ પ્રમાણે નિરન્તર વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! શું એમ છે કે જીવો મૃષાવાદ વડે ક્રિયા કરે છે? હા ગૌતમ! એમ છે. હે ભગવન્! જીવો કોને વિષે મૃષાવાદ વડે ક્રિયા કરે છે? હે ગૌતમ! સર્વ દ્રવ્યોને વિશે કરે છે. એ પ્રમાણે નિરન્તર નૈરયિકોને યાવત્ વૈમાનિકોને જાણવું. હે ભગવન્! શું એમ છે કે જીવો અદત્તાદાન વડે ક્રિયા કરે છે? હા ગૌતમ! એમ છે. હે ભગવન્! જીવો કોને વિષે અદત્તાદાન વડે ક્રિયા કરે છે? હે ગૌતમ! ગ્રહણ કરવા યોગ્ય અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યોને વિષે કરે છે. એ પ્રમાણે નૈરયિકોને યાવત્ નિરન્તર વૈમાનિકોને જાણવું. હે ભગવન્! શું એમ છે કે જીવો મૈથુન વડે ક્રિયા કરે છે? હા એમ છે. હે ભગવન્! જીવો મૈથુન વડે કોને વિષે ક્રિયા કરે છે? હે ગૌતમ! રૂપને વિષે અથવા રૂપ સહિત દ્રવ્યને વિષે કરે છે. એ પ્રમાણે નૈરયિકોને નિરન્તર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! શું એમ છે કે જીવો પરિગ્રહ વડે ક્રિયા કરે છે? હા એમ છે. હે ભગવન્! જીવો કોને વિષે પરિગ્રહ વડે ક્રિયા કરે છે? હે ગૌતમ! સર્વ દ્રવ્યને વિષે કરે છે. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો સુધી જાણવુ. એમ ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન (તોહમત-આળ ચઢાવવું) પૈશુન્ય, પરપરિવાદ, અરતિ રતિ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શન શલ્ય વડે ક્રિયા કરે છે. એમ સર્વને વિષે અને નૈરયિકના ભેદ વડે કહેવા. એમ નિરન્તર યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે એ અઢાર દંડકો થાય છે. ॥૩॥૫૮૫॥*

(ટી૦) હવે પ્રાણાતિપાતક્રિયા જે પ્રકારે થાય તે પ્રકારે બતાવે છે—'હે ભગવન્! જીવોને પ્રાણાતિપાત વડે એટલે પ્રાણાતિપાતના અધ્યવસાય વડે ક્રિયા-અર્થાત્ પ્રાણાતિપાતક્રિયા કરાય છે? આ કર્મકર્તરિ પ્રયોગ છે. એટલે જીવોને પ્રાણાતિપાતના અધ્યવસાય વડે પ્રાણાતિપાતક્રિયા થાય છે? આ પ્રશ્ન વર્તમાન નયના અભિપ્રાયથી છે. અહીં કયો નય છે કે જે અધ્યવસાય સંબન્ધે પ્રશ્ન કરે છે? ઋજુસૂત્ર નય છે. જેમ કે ઋજુસૂત્ર નયના મતે હિંસાના પરિણામ સમયે જ પ્રાણાતિપાતક્રિયા કહેવાય છે, પણ અન્ય પ્રકારના પરિણામ હોય ત્યારે પ્રાણાતિપાતક્રિયા કહેવાતી નથી. કારણ કે **પુણ્ય અને પાપ કર્મનું ગ્રહણ અને અગ્રહણ અધ્યવસાયને અનુસારે હોય છે**. ભગવંત પણ તે ઋજુસૂત્ર નયને આશ્રયી પ્રત્યુત્તર આપે છ—'**हन्ता अत्थि**'. 'હન્ત' અવ્યય પ્રેષણ, અવધારણ અને વિષાદ અર્થમાં વપરાય છે. અહીં અવધારણ અર્થમાં છે. એમ નિશ્ચિત છે કે પ્રાણાતિપાતના અધ્યવસાય વડે પ્રાણાતિપાત ક્રિયા થાય છે. કારણ કે '**परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं**' નિશ્ચય નયનું અવલમ્બન કરનારને પરિણામ પ્રમાણભૂત છે-એવું આગમનું વચન છે. આ જ વચનને આશ્રયી આવશ્યકમાં પણ આ સૂત્ર છ—"**आया चेव अहिंसा, आया हिंस त्ति निच्छओ एस**" આત્મા જ અહિંસા છે અને આત્મા હિંસા છે-એ નિશ્ચય નયનું વચન છે. એ પ્રમાણે જેમ પ્રાણાતિપાતક્રિયા થાય તે પ્રકારે કહ્યું. હવે કોને વિષે પ્રાણાતિપાત ક્રિયા થાય છે એ સંબન્ધે નિરૂપણ કરે છ—'**कम्हिं णं भंते**'!'-હે ભગવન્! કોને વિશે પ્રાણાતિપાતક્રિયા થાય છે? ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પણ એટલી વિશેષતા છે કે મારવાનો પરિણામ જીવને વિષે થાય છે, પણ અજીવને વિશે થતો નથી. જે રજ્જુ વગેરેમાં સર્પાદિની બુદ્ધિથી મારવાનો વિચાર થાય છે તે પણ 'આ સર્પ છે' એ બુદ્ધિથી પ્રવૃતિ કરતો હોવાથી જીવને વિષેજ થાય છે, પણ રજ્જુ વગેરેને રજ્જુ વગેરે રૂપે જાણ્યા પછી કોઇ તેને મારવાનો વિચાર કરતું નથી. માટે પ્રાણાતિપાતક્રિયા છ જીવનિકાયને વિષે કહી છે. હવે એજ પ્રાણાતિપાત ક્રિયાનો ઉપર કહ્યા પ્રમાણે નૈરયિકાદિ ચોવીશ દંડકને આશ્રયી વિચાર કરે છે-'**अत्थि णं भंते**' ઇત્યાદિ પરન્તુ સૂત્રપાઠ આ પ્રમાણે જાણવા—"**अत्थि णं भंते! नेरइयाणं पाणाइवाएणं किरिया कज्जइ? हन्ता अत्थि। कम्हिं णं भंते! पाणाइवाएणं किरिया कज्जइ? गोयमा! छसु जीवनिकाएसु**"-હે ભગવન્! શું એમ છે કે નૈરયિકોને પ્રાણાતિપાત વડે ક્રિયા થાય છે ? હા અવશ્ય થાય છે. હે ભગવન્! કોને વિષે પ્રાણાતિપાત વડે ક્રિયા થાય છે? ગૌતમ! છ જીવનિકાયને વિષે થાય છે. એ પ્રમાણે વૈમાનિકસૂત્ર સુધી જાણવું. એમ જે પ્રકારે પ્રાણાતિપાત ક્રિયા થાય છે અને જેને વિષે થાય છે તેનું પ્રતિપાદન કર્યું. હવે એ પ્રમાણે જ મૃષાવાદાદિ સંબન્ધે સૂત્રો કહે છે—'**अत्थि णं भंते! मुसावाएणं**'— મૃષાવાદના પરિણામવડે ક્રિયા થાય છે? ઇત્યાદિ સુગમ છે. પરન્તુ '**किरिया कज्जइ**' યથાસંભવ પ્રાણાતિપાત વગેરે ક્રિયા થાય છે. એટલે પ્રાણાતિપાતના પરિણામ વડે પ્રાણાતિપાતક્રિયા થાય છે, મૃષાવાદના પરિણામ વડે મૃષાવાદક્રિયા થાય છે. તથા

સદ્‌વસ્તુનોઅપલાપ કરવો અને અસત્‌ની પ્રરૂપણા કરવી તે મૃષાવાદ. અને તે લોકાલોકમાં રહેલી બધી વસ્તુ વિષે પણ સંભવ છે. તેથી મૃષાવાદ સૂત્રમાં કહ્યું છે કે 'सव्वदव्वेसु' મૃષાવાદક્રિયા સર્વ દ્રવ્યોને વિષે હોય છે. અહિં દ્રવ્યનું ગ્રહણ પર્યાયનું ઉપલક્ષણ–સૂચક છે, તેથી પર્યાયોને વિષે પણ જાણવું. તથા જે વસ્તુ ગ્રહણ કે ધારણ કરી શકાય તેનું જ આદાન–ગ્રહણ થાય છે, બાકીનાનું ગ્રહણ થતું નથી. માટે અદત્તાદાન સૂત્રમાં 'गहणधारणिज्जेसु दव्वेसु' અદત્તાદાનક્રિયા ગ્રહણ કરવા અને ધારણ કરવા લાયક દ્રવ્યને વિષે હોય છે–એમ કહ્યું તેમ મૈથુનનો વિચાર ચિત્ર, લેપ અને કાષ્ઠાદિના બનાવેલાં રૂપોમાં અને રૂપસહિત સ્ત્રી વગેરેમાં હોય છે. તેથી મૈથન સૂત્રમાં કહ્યું છે કે 'रूवेसु वा रूवसहगएसु दव्वेसु वा' મૈથુનક્રિયા રૂપો અને રૂપસહિત દ્રવ્યોમાં હોય છે. તથા પરિગ્રહ–સ્વસ્વામિભાવ સંબન્ધ વડે મૂર્છા–આસક્તિ, અને તે પ્રાણીઓને અતિશય લોભથી સર્વે વસ્તુને વિષે થાય છે. તેથી પરિગ્રહ સૂત્રમાં કહ્યું કે 'सव्वदव्वेसु'–પરિગ્રહક્રિયા સર્વ દ્રવ્યોને વિષે હોય છે. આજ હેતુથી શાસ્ત્રમાં બીજે સ્થળે પણ પ્રથમ વ્રત સર્વજીવવિષયક કહ્યું છે. બીજું મૃષાવાદ વિરમણ અને છેલ્લું પરિગ્રહવિરમણ વ્રત સર્વે વસ્તુને વિષે તથા ત્રીજું અને ચોથું તેના–સર્વ વસ્તુના એક દેશ–ભાગને વિષે હોય છે. એ સંબન્ધે કહ્યું છે ક—

"पढमंमि सव्व जीवा बीए चरिमे य सव्वदव्वाइं । सेसा महव्वया खलु तदेकदेसम्मि नायव्वा" ॥

પહેલા મહાવ્રતનો વિષય સર્વ જીવો, બીજા અને છેલ્લા મહાવ્રતનો વિષય સર્વ દ્રવ્યો અને બાકીના મહાવ્રતો તેના એક દેશને વિષે જાણવા. ક્રોધાદિ સુપ્રસિદ્ધ છે. પરન્તુ કલહ–રાડો પાડવી, અભ્યાખ્યાન–ખોટા દોષનો આરોપ કરવો. જેમ કે ચોર નહિ હોવા છતાં 'તું ચોર છો, પરસ્ત્રી ગમન નહિ કરનારને પણ તું પરસ્ત્રીલંપટ છો' એમ કહેવું ઇત્યાદિ. અભ્યાખ્યાનનો મૃષાવાદમાં પણ સમાવેશ થાય છે તો પણ આ મોટો દોષ છે એમ જાણી જુદું ગ્રહણ કર્યું છે. પૈશૂન્ય–પરોક્ષમાં સાચા અથવા ખોટા દોષો પ્રકટ કરવા. પરપરિવાદ–ઘણા માણસોની સમક્ષ બીજાના દોષો કહેવા. રતિ અને અરતિ પ્રસિદ્ધ છે, અને બન્ને મળીને એક પાપસ્થાન છે. 'मायामोसेणं' ઇતિ માયામૃષાવાદ–માયા–કપટ અને મૃષા–જુઠું, કપટ પુર્વક જુઠું બોલવું. અહીં સમુદાયની વિવક્ષા કરેલી છે અને મહા કર્મબન્ધનું કારણ છે માટે માયા અને મૃષાવાદથી જુદું પાપસ્થાન કહ્યું છે. તથા 'मिच्छादंसणसल्लेणं' ઇતિ. મિથ્યાદર્શન રૂપ શલ્ય તે મિથ્યાદર્શનશલ્ય, તે વડે–આ હમણાં કહેલા પદોના કથન વડે 'अट्ठारस एए दंडगा' બતાવેલા બધા મળીને અઢાર દંડકો થાય છે. કારણ કે પ્રાણાતિપાતદિ અઢાર પાપસ્થાનકો છે. ॥૩॥૫૮૫॥

## ।। जीवाईसु किरियाहेऊहिं कम्मपगडिबंधपरूवणं ।।

**जीवे णं भंते! पाणाइवाएणं कति कम्मपगडीओ बंधति? गोयमा! सत्तविहबंधए वा अट्ठविधबंधए वा। एवं नेरइए जाव निरंतरं वेमाणिए। जीवा णं भंते! पाणाइवाएणं कति कम्मपगडीओ बंधति? गोयमा! सत्तविहबंधगा वि अट्ठविहबंधगा वि। नेरइया णं भंते! पाणाइवाएणं कति कम्मपगडीओ बंधति? गोयमा! सव्वेवि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य। एवं असुरकुमारा वि जाव थणियकुमारा । पुढवि-आउ-तेउ-वाउ-वणप्फइकाइया य एते सव्वे वि जहा ओहिया जीवा, अवसेसा जहा नेरइया। एवं एते जीवेगिंदियवज्जा तिण्णि तिण्णि भंगा सव्वत्थ भाणियव्व त्ति[१], जाव मिच्छादंसणसल्लेणं, एवं एगत्तपोहत्तिया छत्तीसं दंडगा होंति। ।सू०-४।।५८६।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ભગવન્! સાત પ્રકૃતિઓ બાંધે કે આઠ પ્રકૃતિઓ બાંધે. એ પ્રમાણે નૈરયિકથી માંડી નિરન્તર વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! જીવો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! બધા જીવો સાત પ્રકૃતિઓ બાંધે અને આઠ પ્રકૃતિઓ બાંધે. હે ભગવન્! નૈરયિકો પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! બધાય સાત કર્મપ્રકૃતિના બાંધનારા હોય, અથવા બધા સાત પ્રકૃતિઓનો બંધ*

१. 'जाणियव्व' पाठान्तर

*કરનારા હોય અને કોઇ એક આઠ પ્રકૃતિઓનો બન્ધ કરનાર હોય. અથવા સાત પ્રકૃતિઓના બાંધનારા હોય અને આઠ પ્રકૃતિઓના બાંધનારા હોય. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારોને જાણવું. પૃથિવીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયિકો એ બધા ઔઘિક–સામાન્ય જીવોની પેઠે જાણવા. અને બાકીના બધા નૈરયિકોની પેઠે જાણવા. એ પ્રમાણે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ત્રણ ભાંગા બધે કહેવા. અને તે યાવત્ મિથ્યાદર્શનશલ્ય સુધી કહેવું. એમ એકવચન અને બહુવચનના છત્રીશ દંડકો થાય છે. ॥૪॥૫૮૬॥*

(ટી૦) એ પ્રમાણે અઢાર પાપસ્થાનકોને આશ્રયી જીવોની ક્રિયા અને તેઓનો વિષય બતાવ્યો, હવે તે અઢાર પાપસ્થાનકોને આશ્રયી જીવો એકવચન તથા બહુવચન વડે કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે? તે બતાવવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**जीवे णं भंते**'–હે ભગવન્! જીવ પ્રાણાતિપાત વડે કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? ઇત્યાદિ સૂત્ર સુગમ છે. પરન્તુ આયુષ્યના બન્ધના અભાવે સાત પ્રકૃતિઓ બાંધે છે અને જ્યારે આયુષ્યનો બન્ધ કરે ત્યારે આઠ પ્રકૃતિઓ બાંધે છે. બહુવચનમાં અનેક જીવોના બન્ધના વિચારમાં સામાન્યપણે જીવપદને આશ્રયી સાત પ્રકૃતિઓ બન્ધ કરનારા અને આઠ પ્રકૃતિઓના બન્ધ કરનારા પણ ઘણા જીવો હોય છે તેથી બન્ને સ્થળે બહુવચનરૂપ એ એકજ ભાંગો હોય છે. નૈરયિક સૂત્રમાં સાત પ્રકૃતિઓનો બન્ધ કરનારા અવસ્થિત જ હોય છે, કારણ કે હિંસાદિ પરિણામવાળા હમેશાં ઘણા જીવોને સાત પ્રકૃતિઓનો બન્ધ અવશ્ય થાય: છે. તેથી જ્યારે એક પણ નારક આઠ પ્રકૃતિઓનો બાંધનાર ન હોય ત્યારે 'બધા સાત પ્રકૃતિઓને બાંધનારા હોય' એ એક ભાંગો હોય છે. જ્યારે એક આઠ પ્રકૃતિઓનો બાંધનાર હોય અને બાકી બધા સાત પ્રકૃતિઓને બાંધનાર હોય ત્યારે ઘણા સાત પ્રકૃતિઓના બન્ધક જીવો અને એક પ્રકૃતિનો બન્ધક જીવ–એ બીજો ભાંગો હોય છે. જ્યારે આઠ પ્રકૃતિઓના બાંધનારા પણ ઘણા જીવો હોય ત્યારે બન્ને સ્થળે બહુવચનરૂપ ઘણા સાત પ્રકૃતિઓના બાંધનારા અને આઠ પ્રકૃતિઓના બાંધનારા હોય–એ ત્રીજો ભાંગો થાય છે. એ પ્રમાણે ત્રણ ભાંગા વડે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવો કહેવા. જેમ સામાન્યથી જીવો કહ્યા તેમ પૃથિવી, પાણી,અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયિકો કહેવા. અને બન્ને સ્થળે પણ બહુવચનને આશ્રયી એક જ ભાંગો કહેવો, કારણ કે હિંસાના પરિણામવાળા પ્રત્યેક પૃથિવીકાયિકાદિ જીવો સાત પ્રકૃતિઓનો બન્ધ કરનારા કે આઠ પ્રકૃતિઓનો બન્ધ કરનારા હમેશાં ઘણા હોય છે. બાકીના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો જેમ ત્રણ ભાંગા વડે નૈરયિકો કહ્યા તેમ કહેવા. જેમ પ્રાણાતિપાત વડે એકવચન અને બહુવચનને આશ્રયી બે દંડકો કહ્યા તેમ સર્વ પાપસ્થાનો વડે પણ પ્રત્યેકના બબ્બે દંડકો '**जाव मिच्छादंसणसल्लेणं**' યાવત્–મિથ્યાદર્શન શલ્ય વડે કહેવા. બધી સંખ્યા મળી કેટલા દંડકો થાય? એ માટે સૂત્રકાર કહે છે—'**एवं एगत्तपोहत्तिया छत्तीसं दंडगा होंति**' એ પ્રમાણે એકવચન અનેબહુવચનના મળી છત્રીશ દંડકો થાય છે, કારણ કે અઢારને બેએ ગુણવાથી છત્રીશ થાય છે. ॥૪॥૫૮૬॥

## ।। जीवाईसुकम्मबंधमहिकिच्चकिरियापरूवणं ।।

**जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं बंधमाणे कति किरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए, एवं नेरइए जाव वेमाणिए। जीवा णं भंते! णाणावरणिज्जं कम्मं बंधमाणा कति किरिया? गोयमा! तिकिरिया, चउकिरिया वि, पंचकिरिया वि, एवं नेरइया निरंतरं जाव वेमाणिया। एवं दरिसणावरणिज्जं[1] वेयणिज्जं मोहणिज्जं आउयं नामं गोत्तं अंतराइयं च [2]अट्ठविहकम्मपगडीओ भाणियव्वाओ, एगत्त-पोहत्तिया सोलस दंडगा** ।।सू०-५।।५८७।।

*(મૂ૦) હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચિત્ ચાર ક્રિયાવાળો અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો હોય. એમ નૈરયિક યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! જીવો*

१. 'दरिसणावरणिय बे' पाठान्तर; २. 'अट्ठ वि कम्म पगडीओ' पाठान्तर

*જ્ઞાનાવરણીય કર્મ બાંધતાં કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચિત્ ચાર ક્રિયાવાળા અને કદાચ પાંચ ક્રિયાવાળા હોય. એ પ્રમાણે નૈરયિકોથી માંડી નિરન્તર વૈમાનિકો સુધી જાણવું. એમ દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એમ આઠે કર્મ પ્રકૃતિઓ કહેવી. એમ એકવચન અને બહુવચનના સોળ દંડકો થાય છે. ॥૫॥૫૮૭॥*

(ટી૦) 'जीवेणं भंते'–હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો અહીં કેટલી ક્રિયાવાળો હોય? ઇત્યાદિ. પૂર્વના સૂત્રની સાથે આ સૂત્રનો પણ શો સંબન્ધ છે?

ઉત્તર–અહીં પૂર્વે કહ્યું કે 'જીવ પ્રાણાતિપાત વડે સાત કે આઠ પ્રકારના કર્મ બાંધે છે અને તે જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતો જીવ કેટલી ક્રિયાઓ વડે તેજ પ્રાણાતિપાતને કરે છે તે અહીં પ્રતિપાદન કરાય છે. વળી પ્રાણાતિપાતના કાર્યરૂપ જ્ઞાનાવરણીય કર્મ વડે તેના કારણ ભૂત પ્રાણાતિપાતની ઉત્પત્તિનો ભેદ બતાવાય છે, અને પ્રાણાતિપાતની ઉત્પત્તિના ભેદથી બન્ધ વિશેષ પણ થાય છે, એ સંબન્ધે કહ્યું છે કે—

**"तिसृभिश्चतसृभिरथ पञ्चभिश्च हिंसा समाप्यते क्रमशः । बन्धोऽस्य विशिष्टः स्याद् योगप्रद्वेषसाम्यं चेत्"॥**

ત્રણ, ચાર અને પાંચ ક્રિયાઓ વડે અનુક્રમે હિસાં સમાપ્ત થાય છે અને તેમાં યોગ અને દ્વેષની સમાનતા હોય તો એનો વિશિષ્ટ બન્ધ થાય છે. તેજ પ્રાણાતિપાતની ઉત્પત્તિનો ભેદ બતાવે છ—કદાચિત્ ત્રણ ક્રિયાવાળો હોય, કદાચિત્ ચાર ક્રિયાવાળો હોય, અને કદાચિત્ પાંચ ક્રિયાવાળો હોય. તેમાં કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે ત્રણ ક્રિયા હોય છે. કાયિકી એટલે હસ્ત, પાદાદિ અવયવોનો વ્યાપાર–પ્રવૃતિ, અધિકરણિકી–ખડ્ગાદિ અધિકરણ સજ્જ કરી તૈયાર રાખવા, એને મારીશ એવું અપ્રશસ્ત મન કરવું તે પ્રાદ્વેષિકી, કાયિકી અધિકરણિકી, પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી ક્રિયા વડે ચાર ક્રિયા હોય છે. પારિતાપનિકી–ખડ્ગાદિના ઘા વડે પીડા કરવી. જ્યારે પાંચમી પ્રાણાતિપાત ક્રિયા હોય છે ત્યારે પાંચ ક્રિયા થાય છે. પ્રાણાતિપાત ક્રિયા એટલે જીવિતથી જુદા કરવું. એ પ્રમાણે નૈરયિકથી આરંભી ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિક સૂત્ર સુધી કહેવું. સૂત્રપાઠ આ પ્રમાણે —'હે ભગવન્! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી ક્રિયાવાળો હોય'–ઇત્યાદિ. એ પ્રમાણે એક જીવને આશ્રયી દંડક કહ્યો. હવે ઘણા જીવોને આશ્રયી કહે છે–'जीवा णं भंते'–ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે, ભગવાન્ ઉત્તર કહે છે–જીવો ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા, અને પાંચ ક્રિયાવાળા પણ હોય છે. તાત્પર્ય એ છે કે–જ્ઞાનાવરણીય કર્મ બાંધનારા જીવો હમેશાં ઘણા હોય છે માટે ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા અને પાંચ ક્રિયાવાળા પણ ઘણા હોય છે. એ પ્રમાણે એકજ ભંગ થાય છે. જેમ સામાન્યતઃ જીવ પદને આશ્રયી ભાંગાનો અભાવ છે તેમ નૈરયિકાદિ ચોવીશે દંડકોને આશ્રયી પોતપોતાને સ્થાને પ્રત્યેકને ભાંગાનો અભાવ જાણવો. કારણ કે જ્ઞાનાવરણીય કર્મ બાંધતા નૈરયિકાદીમાં પણ હમેશાં ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા અને પાંચ ક્રિયાવાળા ઘણા હોય છે. જેમ જ્ઞાનાવરણીય કર્મને આશ્રયી એક જીવ અને અનેક જીવની અપેક્ષાએ બે દંડક કહ્યા તેમ દર્શનાવરણીયાદિ કર્મને આશ્રયી પણ પ્રત્યેકને બબ્બે દંડકો કહેવા. તેથી બધા મળીને સોળ દંડક થયા. ॥૫॥૫૮૭॥

## ॥ जीवाईसुएगत्तपुहत्तेहिं किरियापरूवणं ॥

**जीवे णं भंते! जीवातो कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए, सिय अकिरिए। जीवे णं भंते नेरइयाओ कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सियचतुकिरिए, सिय अकिरिए, एवं जाव थणियकुमाराओ। पुढविक्काइया-आउक्काइया-तेउक्काइया-वाउक्काइय[1]-वणप्फइकाइय-बेइंदिय-तेइंदिय-चउरिंदिय-पंचिंदियतिरिक्खजोणिय-मणूस्सातो जहा जीवातो, वाणमंतर-जोइसिय-वेमाणियाओ जहा नेरइयाओ। जीवे णं भंते! जीवेहिंतो कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए, सिय अकिरिए।**

१. पुढवीकाइयाओ आउक्काइयाओ तेउक्काइयो वाउक्काइयाओ वणस्सतिकाइयाओ इति पाठान्तर

जीवे णं भंते! नेरइएहिंतो कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिते, सिय अकिरिए, एवं जहेव पढमो दंडओ तहा एसो वि बितिओ भाणियव्वो' जीवा णं भंते! जीवाओ कतिकिरिया? गोयमा! सिय तिकिरिया वि, सिय चउकिरिया वि, सिय पंचकिरिया वि, सिय अकिरिया वि। जीवा णं भंते! नेरइयाओ कतिकिरिया? गोयमा! जहेव आइल्लदंडओ तहेव भाणियव्वो, जाव वेमाणिय त्ति। जीवा णं भंते! जीवेहिंतो कतिकिरिया? गोयमा! तिकिरिया वि, चउकिरिया वि, पंचकिरिया वि, अकिरिया वि। जीवा णं भंते! नेरइएहिंतो कतिकिरिया? गोयमा! तिकिरिया वि, चउकिरिया वि, अकिरिया वि। असुरकुमारेहिंतो वि एवं चेव जाव वेमाणिएहिंतो, (णवरं) ओरालियसरीरेहिंतो जहा जीवेहिंतो। नेरइए णं भंते! जीवातो कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिउ चउकिरिए, सिय पंचकिरिए। नेरइए णं भंते! नेरइयाओ कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए। एवं जाव वेमाणियाओ। णवरं ओरालियसरीराओ जहा जीवाओ। नेरइए णं भंते! जीवेहिंतो कतिकिरिए? गोयमा! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए। नेरइए णं भंते! नेरइएहिंतो कइकिरिए? गोयमा! सिय तियकिरिए सिय चउकिरिए। एवं जहेव पढमो दंडओ तह एसो वि बितिओ भाणियव्वो। एवं जाव वेमाणिएहिंतो, नवरं नेरइयस्स नेरइएहिंतो देवेहिंतो य पंचमा किरिया नत्थि। नेरइया णं भंते! जीवाओ कतिकिरिया? गोयमा! सिय तिकिरिया, सिय चउकिरिया सिय पंचकिरिया, एवं जाव वेमाणियाओ, नवरं नेरइयाओ देवाओ य पंचमा किरिया नत्थि। नेरइया णं भंते! जीवेहिंतो कतिकिरिया? गोयमा! तिकिरिया वि, चउकिरिया वि, पंचकिरिया वि। नेरइया णं भंते! नेरइएहिंतो कतिकिरिया? गोयमा! तिकिरिया वि चउकिरिया वि। एवं जाव वेमाणिएहिंतो, नवरं ओरालियसरीरेहिंतो जहा जीवेहिंतो। असुरकुमारे णं भंते! जीवाओ कतिकिरिए? गोयमा! जहेव नेरइए णं चत्तारि दंडगा तहेव असुरकुमारेण वि चत्तारि दंडगा भाणियव्वा, एवं च उवउज्जिऊंण भावेयव्वं ति। जीवे मणूसे य अकिरिए वुच्चति, सेसा अकिरिया न वुच्चंति। सव्वे जीवा ओरालियसरीरेहिंतो पंचकिरिया। नेरइय-देवेहिंतो पंचकिरिया ण वुच्चंति। एवं एक्केक्कजीवपदे चत्तारि चत्तारि दंडगा भाणियव्वा, एवं एयं दंडगसयं। सव्वे वि य जीवादीया दंडगा ।।सू०-६।।५८८।।

*(મૂ૦) હે ભગવન્! જીવ જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. હે ભગવન્! જીવ નૈરયિકને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું પૃથિવીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને આશ્રયી જેમ જીવને આશ્રયી કહ્યું તેમ કહેવું. હે ભગવન્! જીવ જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો, કદાચ પાંચ ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય. હે ભગવન્! જીવ નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ અક્રિય હોય–એ પ્રમાણે જેમ પહેલો દંડક કહ્યો તેમ આ બીજો દંડક કહેવો. હે ભગવન્! જીવો એક જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા પણ હોય, કદાચ ચાર ક્રિયાવાળા પણ હોય, કદાચ પાંચ ક્રિયાવાળા પણ હોય અને કદાચ ક્રિયારહિત પણ હોય. હે ભગવન્! જીવો એક નૈરયિકને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! જેમ પ્રથમ દંડક કહ્યો તેમ યાવત્ વૈમાનિક સુધી કહેવો. હે ભગવન્! જીવો જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય?*

१. 'भाणियव्वो जाव वेमाणिय त्ति' पाठ विशेष लभ्यते; આ પાઠ મહાવીર વિદ્યાલયથી છપાયેલ પન્નવણા સૂત્રમાં છે.

*હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા પણ હોય, કદાચ ચાર ક્રિયાવાળા પણ હોય, કદાચિત્ પાંચ ક્રિયાવાળા પણ હોય અને કદાચિત્ ક્રિયારહિત પણ હોય. હે ભગવન્! જીવો નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચ ચાર ક્રિયાવાળા અને કદાચ ક્રિયારહિત હોય. અસુરકુમારોને આશ્રયી પણ એમજ જાણવું. યાવત્ વૈમાનિકોને આશ્રયી એમજ સમજવું. જેમ જીવોને આશ્રયી કહ્યું તેમ ઔદારિકશરીરોને આશ્રયી કહેવું. હે ભગવન્! નૈરયિક જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો, કદાચ ચાર ક્રિયાવાળો અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્! નૈરયિક નૈરયિકને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચિત્ ત્રણ ક્રિયાવાળો અને કદાચ ચાર ક્રિયાવાળો હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને આશ્રયી સમજવું. પરન્તુ નૈરયિકને, નૈરયિકોને અને દેવોને આશ્રયી પાંચમી પ્રાણાતિપાત ક્રિયા નથી. હે ભગવન્! નૈરયિકો જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચ ચાર ક્રિયાવાળા અને કદાચ પાંચ ક્રિયાવાળા પણ હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને આશ્રયી જાણવું. પરન્તુ નૈરયિક અને દેવને આશ્રયી પાંચમી પ્રાણાતિપાત ક્રિયા નથી. હે ભગવન્! નૈરયિકો જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! ત્રણ ક્રિયાવાળા, ચાર ક્રિયાવાળા અને પાંચ ક્રિયાવાળા પણ હોય. હે ભગવન્! નૈરયિકો નૈરયિકોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! ત્રણ ક્રિયાવાળા અને ચાર ક્રિયાવાળા હોય. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને આશ્રયી જાણવું. પરન્તુ, ઔદારિક શરીરને આશ્રયી જેમ જીવોને આશ્રયી કહ્યું તેમ કહેવું. હે ભગવન્! અસુરકુમાર જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! જેમ નૈરયિકને ચાર દંડકો કહ્યા તેમ અસુરકુમારને પણ ચાર દંડકો કહેવા. એમ ઉપયોગ રાખીને વિચાર કરવો. જીવ અને મનુષ્ય ક્રિયારહિત કહેવાય છે. અને બાકીના ક્રિયારહિત કહેવાતા નથી. બધા જીવો ઔદારિક શરીરોને આશ્રયી પાંચક્રિયાવાળા હોય છે. અને નૈરયિકો અને દેવોને આશ્રયી પાંચ ક્રિયાવાળા નથી. એ પ્રમાણે એક એક જીવપદમાં ચાર ચાર દંડકો કહેવા. એ પ્રમાણે એ બધા જીવાદિ દંડકો મળી સો દંડકો થાય છે. ॥૬॥૫૮૮॥*

(ટી૦) **'जीवे णं भंते जीवातो कतिकिरिए'** હે ભગવન્! જીવ જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? આ સૂત્રનો પૂર્વના સૂત્રની સાથે શો સંબંધ છે? ઉત્તર–અહીં કેવળ વર્તમાન ભવમાં રહેલા જીવને જ્ઞાનાવરણીયાદિ કર્મ બન્ધના ભેદના વિચારમાં કાયિકી વગેરે ક્રિયા રૂપ વિશેષણવાળો પ્રાણાતિપાતનો ભેદ કારણ છે એટલે કર્મબન્ધની વિશેષતામાં પ્રાણાતિપાતની વિશેષતા કારણ છે એમ ન સમજવું. પણ **कायिकी:** આદિ ક્રિયારૂપ વિશેષણવાળો અતીત ભવનો શરીર સંબન્ધ પણ કારણ છે. તેથી આ અર્થનું પ્રતિપાદન કરવા માટે આ સૂત્ર છે. તેનો પૂર્વાચાર્યોએ બતાવેલો આ ભાવાર્થ છે– "આ સંસારાટવીમાં પરિભ્રમણ કરતા સર્વઃ જીવોએ તે તે સ્થાનોમાં શરીર આયુધાદિ (અધિકરણો) છોડ્યા છે અને તે શસ્ત્રો વડે જ્યારે કોઇને સ્વયમેવ પીડા વગેરે થાય છે ત્યારે ભવાન્તરમાં ગયેલા તેના માલીકને પણ તેનાથી નિવૃત્ત થયેલો નહિ હોવાથી ક્રિયાનો સંભવ છે, પણ તેનો ત્યાગ કરે તો ક્રિયાનો સંભવ નથી, કારણ કે તેથી નિવૃત્ત થયેલો છે. અહીં આ ઉદાહરણ છે– "વસંતપુર નગરમાં અજિતસેન રાજાની સેવા કરનારા બે કુલપુત્રો છે. તેમા એક શ્રમણોપાસક શ્રાવક છે અને બીજો મિથ્યાદૃષ્ટિ છે. કોઈ દિવસે રાત્રીએ રાજાની સાથે એ બન્નેને બહાર જવાનુ થયું અને ઉતાવળથી ઘોડા ઉપર ચઢતાં તેઓના ખડ્ગો પડી ગયા. શ્રાવક કુલપૂત્રે તેની તપાસ કરી પણ મનુષ્યોનો કોલાહલ હોવાથી તે ખડ્ગ ન મલ્યું. બીજો કુલપૂત્ર હસ્યો, કે શું બીજું ખડ્ગ નહિ મળે? શ્રાવકે અધિકરણ સમજી વોસરાવ્યું. તે ખડ્ગને ગ્રહણ કરનારા બીજાઓને બંદીવાનોને પકડવામાં સાહસિક રાજપુરુષોએ પકડ્યા. બીજાઓએ (તેઓએ)રાજાના પ્રિય મનુષ્યને પકડ્યો અને તે નાસવા લાગ્યો એટલે એ ખડ્ગ દ્વારા મારી નાંખ્યો. ત્યાર પછી આરક્ષકો તેઓને પકડી રાજા પાસે લઇ ગયા અને વૃત્તાંત કહ્યો. રાજા ગુસ્સે થયો. તેણે પૂછ્યું–તમે કોના માણસો છો? તેઓએ કહ્યું કે–'અમે અનાથ છીએ' કાલે અમે કાર્પટિકો–ભિક્ષુકો હતા. આ ખડ્ગો તમને ક્યાં મળ્યાં? એમ પૂછ્યું એટલે તેઓએ કહ્યું કે પડેલા હતાં. ત્યાર પછી રાજાએ ક્રોધ પૂર્વક કહ્યું કે જેની સાથે મારે વૈર નથી એવા મહાપ્રમાદી કુલપુત્રોની તપાસ કરો કે આ ખડ્ગો કોનાં છે? તેથી તે રાજપુરુષોએ બારીક તપાસ કરીને રાજાને

વિજ્ઞપ્તિ કરી કે સ્વામી! ગુણચંદ્ર અને બાલચન્દ્રના ખડ્ગો છે. તેથી રાજાએ જુદા જુદા બોલાવીને કહ્યું કે તમારા ખડ્ગો લ્યો. એક કુલપુત્રે લીધા, રાજાએ પૂછ્યું કે તારું ખડ્ગ ક્યાં ખોવાયું? તેણે જેમ બન્યું હતું તેમ કહ્યું. તેની તપાસ કેમ ન કરી? તેણે કહ્યું કે સ્વામી! તમારી કૃપાથી એટલા (ખડ્ગ) માત્રની હું તપાસ કરું? અર્થાત્ તમારી મારા ઉપર મહેરબાની છે તો એટલા ખડ્ગમાત્રની હું તપાસ કેમ કરું? શ્રાવક કુલપુત્ર ખડ્ગ ગ્રહણ કરવા ઇચ્છતો નથી. રાજાએ પૂછ્યું– 'શા માટે ગ્રહણ કરતો નથી? તેણે કહ્યું– 'સ્વામી! અમારી એવી સ્થિતિ–મર્યાદા છે કે એ પ્રમાણે ગ્રહણ કરી શકાય નહિ'. કારણ કે તે અધિકરણ છે. અત્યન્ત ઉતાવળ હોવાને લીધે તપાસ કરવા છતાં તે ખડ્ગ હાથ ન લાગ્યું અને તેથી અધિકરણ હોવાથી વોસરાવી દીધું. માટે હવે મારે તેને લેવું ન કલ્પે. તેથી રાજાએ પ્રમાદ કરનાર કુલપુત્રને શિક્ષા કરી અને બીજાને છોડી મૂક્યો. આ દૃષ્ટાંત છે તેના અર્થનો ઉપનય આ પ્રમાણે છે—જે તે કુલપુત્ર પ્રમાદગર્ભિત નહિ વોસરાવ્યાના દોષથી અપરાધને પ્રાપ્ત થયો. એમ જીવ પણ જન્માન્તરમાં પ્રાપ્ત થયેલાં શરીર અને શસ્ત્રાદિને નહિ વોસરાવતો અનુમોદનના ભાવથી દોષને પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં કહેલું છે કે—"કેટલાએક જાતિસ્મરણાદિ વડે પૂર્વના શરીરને જાણી અતિમોહથી ગંગાનદીમાં પોતાના અસ્થિ લઈ જાય છે."

હવે સૂત્રની વ્યાખ્યા કરે છે— 'હે ભગવન્! જીવ જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? ભગવાન્ ઉત્તર આપે છે–હે ગૌતમ! સ્યાત્–કદાચિદ્ કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા હોવાથી ત્રણ ક્રિયાવાળો હોય તેમાં વર્તમાન ભવને આશ્રયી પૂર્વની પેઠે વિચાર કરવો.અતીત ભવની અપેક્ષાએ તેના શરીરના અથવા શરીરના એક ભાગનો ઉપયોગ થતો હોવાથી તેને કાયિકી ક્રિયા, તેણે જોડેલા–તૈયાર કરેલા હળ, ગર (વિષ) અને કૂટયન્ત્રાદિ તથા તેણે બનાવરાવેલા તલવાર, ભાલા અને તોમરાદિ બીજાના ઉપઘાત માટે વપરાતાં હોવાથી અથવા શરીર પણ અધિકરણ છે માટે અધિકરણિકી ક્રિયા પણ હોય છે. તે સંબન્ધી અશુભ પરિણામનું પ્રત્યાખ્યાન–ત્યાગ કરેલો નહિ હોવાથી પ્રાદ્વેષિકી–એમ ત્રણ ક્રિયા હોય છે. સ્યાત્–કદાચિત્ પારિતાપનિકી હોવાથી ચાર ક્રિયાવાળો હોય છે. કારણ કે તેના શરીર વડે કે શરીરના એક ભાગ રૂપે અધિકરણ વડે પરિતાપ કરાય છે. અથવા જ્યારે તેનાવડે જીવિતથી પણ વિયોગ કરાય છે ત્યારે સ્યાત્–કદાચિત્ પાંચ ક્રિયાવાળો હોય છે સ્યાત્–કદાચિત્ અક્રિય હોય છે. જ્યારે પૂર્વ જન્મના શરીર કે અધિકરણનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ કરે અને તે જન્મતા શરીર વડે કાંઇ પણ ક્રિયા ન કરે. આ અક્રિયપણું મનુષ્યની અપેક્ષાએ સમજવું. કારણ કે તેને જ સર્વવિરતિપણું હોય છે. અથવા સિદ્ધની અપેક્ષાએ અક્રિયપણું જાણવું. કારણ કે શરીર અને મનોવૃત્તિના અભાવે સિદ્ધ જીવો અક્રિય છે. આ અર્થને ચોવીશ દંડકના અનુક્રમથી વર્ણવે છે–'**जीवे णं भंते णेरइयाओ कतिकिरिए**'–હે ભગવન્! જીવ નૈરયિકને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? ઇત્યાદિ સુગમ છે. પરન્તુ તેનો ભાવાર્થ આ છે—દેવ અને નારકોને આશ્રયી જીવ ચાર ક્રિયાવાળો જ હોય. કારણ કે (કોઇપણ ક્રિયાથી) તેઓના જીવિતનો વિયોગ થતો નથી. કેમકે '**अनपवर्त्यायुषो नारक-देवाः**' નારકો અને દેવો અનપવર્તનીય આયુષવાળા હોય છે–એવું શાસ્ત્રનું વચન છે. બાકીના સંખ્યાત વરસના આયુષ્યવાળા જીવોને આશ્રયી પાંચ ક્રિયાવાળો પણ હોય. કારણ કે તેઓનું અપવર્તનીય આયુષ્ય હોવાથી તેઓને જીવીતથી વિયોગનો પણ સંભવ છે. એ પ્રમાણે એક જીવની એક જીવને આશ્રયી ક્રિયાઓનો વિચાર કર્યો. હવે ઘણા જીવોને આશ્રયી એક જીવની ક્રિયાઓનો વિચાર કરે છે—'**जीवे णं भंते! जीवेहिंतो कतिकिरिए पण्णत्ते**'–હે ભગવન્! જીવ ઘણા જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? ઇત્યાદિ. આ દંડકનો પણ પુર્વની પેઠે વિચાર કરવો. હવે ઘણા જીવોની એક જીવને આશ્રયી ક્રિયાઓનો વિચાર કરે છે—'**जीवा णं भंते! जीवातो कइकिरिया पण्णत्ता**' હે ભગવન્! જીવો એક જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? ઇત્યાદિ. આ દંડક પણ પ્રથમ દંડકની પેઠે જાણવો. હવે ઘણા જીવોની ઘણા જીવાને આશ્રયી ક્રિયાઓ સંબંધે સૂત્ર કહે છે—'**जीवा णं भंते! जीवेहिंतो कइकिरिया पण्णत्ता**'–હે ભગવન્! જીવો જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? ઇત્યાદિ. અહીં પ્રશ્ન પાઠમાત્રથી સિદ્ધ છે. ઉત્તર આ પ્રમાણે છે—હે ગૌતમ! ત્રણ ક્રિયાવાળા પણ હોય, ચાર *ક્રિયાવાળા પણ હોય, પાંચ ક્રિયાવાળા પણ હોય અને ક્રિયારહિત પણ હોય, કારણ કે કોઇ જીવ કોઈ પણ જીવને આશ્રયી ત્રણ* ક્રિયાવાળો, કોઇને આશ્રયી ચાર ક્રિયાવાળો, કોઇને આશ્રયી પાંચ ક્રિયાવાળો અને કોઇ પણ સર્વોત્તમ ચારિત્રવાળો મનુષ્ય અને

બધા સિદ્ધ અક્રિય-ક્રિયાના અભાવવાળા હોય છે. એમ બધે બહુવચનરૂપ એક ભઙ્ગ હોય છે. એ પ્રમાણે નૈરયિકાદિ દંડકના અનુક્રમથી વૈમાનિક સૂત્ર સુધી જાણવું. પરન્તુ નૈરયિકો અને દેવોને આશ્રયી ત્રણ ક્રિયાવાળા પણ, ચાર ક્રિયાવાળા પણ અને ક્રિયારહિત પણ હોય છે. એમ કહેવું. બાકીના સંખ્યાતા વરસના આયુષ્યવાળા જીવોને આશ્રયી પાંચ ક્રિયાવાળા પણ હોય. એ પ્રમાણે સામાન્યપણે જીવપદને આશ્રયી ચાર દંડકો કહ્યા.

હવે નૈરયિક પદને સૂત્રકાર કહે છે—'**णेरइए णं भंते! जीवातो कतिकिरिए पण्णत्ते**'-હે ભગવન્! નૈરયિક જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય? ઇત્યાદિ. '**एवं जाव वेमाणिएहिंतो**' ઇતિ. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને આશ્રયી કહેવું. અહીં યાવત્ શબ્દ હોવાથી 'નૈરયિક જીવ જીવોને આશ્રયી કેટલી ક્રિયાવાળો હોય' ઇત્યાદિરૂપ બીજો દંડક કહેલો જાણવો. બધે ઔદારિક શરીરી સંખ્યાત વરસના આયુષ્યવાળાને આશ્રયી કદાચ ત્રણ ક્રિયાવાળો હોય, કદાચ ચાર ક્રિયાવાળો હોય અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય એમ કહેવું. નૈરયિક અને દેવોને આશ્રયી પાંચમી પ્રાણવિયોગ રૂપ પ્રાણાતિપાત ક્રિયા નથી, કારણ કે તેઓનું અનપવર્તનીય આયુષ્ય છે. તેથી તેઓને આશ્રયી કદાચ ત્રણ ક્રિયાવાળો હોય અને કદાચ ચાર ક્રિયાવાળો હોય એમ કહેવું.

(પ્ર૦)— નૈરયિક દેવોને આશ્રયી ચાર ક્રિયાવાળો કેમ હોય ?

(ઉ૦)—અહીં ભવનવાસી વગેરે દેવો ત્રીજી નરકપૃથિવી સુધી ગયેલા છે અને જશે. શા માટે ગયેલા છે અને જશે? પૂર્વ ભવના મિત્રની વેદના શાન્ત કરવા માટે અથવા પૂર્વ ભવના વૈરીને વેદના ઉત્પન્ન કરવાને માટે ત્યાં જાય છે. ત્યારે અનન્ત કાળે આવું પણ થાય છે કે **ત્યાં ગયેલા દેવો નારકો વડે બંધાય છે**. આ સંબન્ધે મૂલટીકાકાર પણ કહે છે કે—"**तत्र गता नारकैर्बध्यन्ते इत्यप्यनन्तकाल एव,कथञ्चित् संभवमात्रमिति**" ત્યાં ગયેલા દેવો નારકો વડે બંધાય છે, આ પણ અનન્તકાળે સંભવ છે. અહીં પ્રશ્ન કરે છે કે—નારકને બેઇન્દ્રિયાદિ જીવોને આશ્રયી કાયિકી વગેરે ક્રિયા કેવી રીતે હોય?

(ઉ૦)— અહી નારકોએ પૂર્વ ભવનું શરીર વિવેક-વિરતિના અભાવથી વોસરાવ્યું નથી અને વિવેકનો અભાવ ભવનિમિત્તક હોય છે. તેથી તે જીવે બનાવેલું શરીર જ્યાં સુધી શરીરપરિણામનો સર્વથા ત્યાગ ન કરે ત્યાં સુધી અંશથી પણ શરીર પરિણામને પ્રાપ્ત થયેલું પૂર્વ ભાગની અપેક્ષાએ ઘીના ઘડાની પેઠે 'આ તેનું શરીર છે' એમ કહેવાય છે. જેમ ઘીથી ભરેલો ઘડો ઘી કાઢી લેવા છતાં પણ 'ઘૃતઘટ' એમ કહેવાય છે, તેમ તે શરીર પણ તેણે બનાવેલું હોવાથી 'તેનું આ શરીર છે' એમ કહેવાય છે. તેથી તે શરીરના એક ભાગરૂપ અસ્થિ વગેરેથી જે કોઇ અન્ય પ્રાણાતિપાત-હિંસા કરે છે, માટે પૂર્વે બનાવેલા શરીરનો જીવ પણ કાયિકી આદિ ક્રિયાઓ વડે જોડાય છે. **કારણ કે તેણે તેને વોસરાવ્યું નથી.** તેમાં આ પાંચે ક્રિયાઓની ભાવના આ પ્રમાણે છે— તેના શરીરનો વ્યાપાર થતો હોવાથી કાયિકી, 'શરીર અધિકરણ પણ છે' એમ પૂર્વે કહ્યું છે તેથી અધિકરણિકી. પ્રાદ્વેષિકી વગેરે આ પ્રમાણે છે—જ્યારે તે જ શરીરના એક ભાગને અભિઘાત વગેરે કરવામાં સમર્થ જોઇને કોઇપણ હિંસા કરવામાં તત્પર થયેલો અને હિંસાને પાત્ર બેઇન્દ્રિયાદિને વિષે જેને ક્રોધાદિનું કારણ ઉત્પન્ન થયું છે એવો આત્મા 'આ શસ્ત્ર ઘાત કરવામાં સમર્થ છે' એમ વિચારતો અતિશય ક્રોધાદિ ભાવને પ્રાપ્ત થાય છે અને પીડા ઉત્પન્ન કરે છે તથા પ્રાણવિયોગ કરે છે ત્યારે તે સંબંધી પ્રાદ્વેષિકી વગેરે ક્રિયાનું કારણ હોવાથી નૈગમ નયના મતે તેને પણ પ્રાદ્વેષિકી, પરિતાપનિકી અને પ્રાણાતિપાતક્રિયા યથાયોગ્યપણે હોય છે. જેમ નૈરયિક પદમાં ચાર દંડકો કહ્યા છે તેમ બાકીના અસુરકુમારાદિ ત્રેવિશે દંડકોમાં ચાર ચાર દંડકો કહેવા. પરન્તુ જીવપદમાં અને મનુષ્યપદમાં 'ક્રિયારહિત પણ હોય' એમ કહેવું. વિરતિની પ્રાપ્તિમાં શરીર વોસિરાવેલ હોવાથી શરીરનિમિત્તકક્રિયાનો અસંભવ છે. બાકીના જીવો અક્રિય હોતા નથી, કારણ કે વિરતિના અભાવથી ભવાન્તરના શરીરને વોસરાવેલું નહિ હોવાથી તેને અવશ્ય ક્રિયાનો સંભવ છે એ પ્રમાણે સામાન્યપણે જીવપદે એક અને બાકીના નૈરયિકાદિ ચોવીશ સ્થાનકો મળી બધી પચીશ સંખ્યા થાય છે અને એક એક સ્થાનકે ચાર ચાર દંડકો થતા હોવાથી સર્વ મળી સો દંડક થાય છે. ॥૬॥૫૮૮॥

## ।। चउवीसदंडएसु किरियापरूवणं ।।

कति णं भंते! किरियाओ पण्णत्ताओ? गोयमा! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा—काइया जाव पाणाइवायकिरिया। नेरइयाणं भंते! कति किरियाओ पण्णत्ताओ? गोयमा! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा—काइया जाव पाणाइवायकिरिया। एवं जाव वेमाणियाणं।

## ।। जीवाईसु किरियाणं सहभावपरूवणं ।।

जस्स णं भंते! जीवस्स काइया किरिया कज्जइ तस्स आहिगरणिया किरिया कज्जति? जस्स आहिगरणिया किरिया कज्जति तस्स काइया किरिया कज्जति? गोयमा! जस्स णं जीवस्स काइया किरिया कज्जति तस्स आहिगरणी किरिया णियमा कज्जति, जस्स आहिगरणी किरिया कज्जति तस्स वि काइया किरिया णियमा कज्जति। जस्स णं भंते! जीवस्स काइया किरिया कज्जइ तस्स पाओसिया किरिया कज्जइ, जस्स पाओसिया किरिया कज्जइ तस्स काइया किरिया कज्जइ? गोयमा! एवं चेव। जस्स णं भंते! जीवस्स काइया किरिया कज्जइ तस्स पारियावणिया किरिया कज्जइ, जस्स पारियावणिया किरिया कज्जति तस्स काइया किरिया कज्जइ? गोयमा! जस्स णं जीवस्स काइया किरिया कज्जइ तस्स पारियावणिया सिय कज्जइ, सिय नो कज्जइ, जस्स पुण पारियावणिया किरिया कज्जइ तस्स काइया नियमा कज्जति एवं पाणाइवायकिरिया वि। एवं आदिल्लाओ परोप्परं नियमा तिण्णि कज्जंति। जस्स आदिल्लाओ तिन्नि कज्जंति तस्स उवरिल्लाओ दोन्नि सिय कज्जंति सिय नो कज्जंति, जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति तस्स आइल्लाओ नियमा तिण्णि कज्जंति। जस्स णं भंते! जीवस्स पारियावणिया किरिया कज्जति तस्स पाणाइवायकिरिया कज्जति? जस्स पाणाइवायकिरिया कज्जति तस्स पारियावणिया किरिया कज्जति? गोयमा! जस्स णं जीवस्स पारियावणिया किरिया कज्जति तस्स पाणाइवातकिरिया सिय कज्जति, सिय नो कज्जति, जस्स पुण पाणाइवायकिरिया कज्जति तस्स पारियावणिया किरिया नियमा कज्जति। जस्स णं भंते! नेरइयस्स काइया किरिया कज्जति तस्स अहिगरणिया किरिया कज्जति? गोयमा! जहेव जीवस्स तहेव नेरइयस्स वि, एवं निरंतरं जाव वेमाणियस्स ।।सू०-७।।५८९।।

*(મૂ૦) હે ભગવન્! કેટલી ક્રિયાઓ કહી છે? હે ગૌતમ! પાંચ ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે—૧ કાયિકી, યાવત્-૫ પ્રાણાતિપાત ક્રિયા, હે ભગવન્! નૈરયિકોને કેટલી ક્રિયાઓ કહી છે? હે ગૌતમ! પાંચ ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે– – ૧ કાયિકી, યાવત્-૫ પ્રાણાતિપાત ક્રિયા. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને કહેવું. હે ભગવન્! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને અધિકરણિકી ક્રિયા હોય? અને જેને અધિકરણિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા હોય? હે ગૌતમ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને અધિકરણિકી ક્રિયા અવશ્ય હોય છે. અને જેને અધિકરણિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા પણ અવશ્ય હોય છે. હે ભગવન્! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય? જેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા હોય? હે ગૌતમ! એમ જ સમજવું. હે ભગવન્! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા હોય? જેને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને કાયિકી ક્રિયા હોય? હે ગૌતમ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને પારિતાપનિકી ક્રિયા હોય તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય છે. એ પ્રમાણે પ્રાણાતિપાતક્રિયા પણ જાણવી. એમ પ્રથમની ત્રણ ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. જેને આદિની ત્રણ ક્રિયાઓ હોય છે તેને ઉપરની બન્ને ક્રિયાઓ કદાચ હોય અને કદાચ ન હોય. જેને ઉપરની બે ક્રિયાઓ હોય છે તેને પ્રથમની ત્રણ ક્રિયાઓ અવશ્ય હોય છે. હે ભગવન્! જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને પ્રાણાતિપાત ક્રિયા હોય? જેને*

*પ્રાણાતિપાત ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા હોય? હે ગૌતમ! જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને પ્રાણાતિપાત ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પણ જેને પ્રાણાતિપાત ક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા અવશ્ય હોય. હે ભગવન્! જે નૈરયિકને કાયિકી ક્રિયા હોય છે તેને અધિકરણિકી ક્રિયા હોય? હે ગૌતમ! જેમ જીવ સંબન્ધે કહ્યું તેમજ નૈરયિકને પણ જાણવું. એ પ્રમાણે નિરંતર યાવત્-વૈમાનિકને સમજવું. ॥૭॥૫૮૯॥*

(ટી૦) હવે ક્યા જીવને કેટલી ક્રિયા હોય એ બતાવવા માટે પૂર્વે કહેલું સૂત્ર કહે છે–'**कइ णं भंते! किरियाओ पन्नत्ताओ**' ઇત્યાદિ સૂત્ર પૂર્વની પેઠે જાણવું. એજ ક્રિયાઓનો ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરે છે—**नेरइयाण भंते!**–હે ભગવન્! નૈરયિકોને કેટલી ક્રિયા હોય? ઇત્યાદિ સૂત્ર પાઠસિદ્ધ છે. હવે આ ક્રિયાઓનો એક જીવને આશ્રયી પરસ્પર નિયત સંબન્ધ બતાવે છ—"**जस्स णं भंते!**" હે ભગવન્! જેને કાયિકી ક્રિયા હોય છે તેને અધિકરણિકી ક્રિયા હોય? ઇત્યાદિ. અહીં કાયિકી ક્રિયા ઔદારિકાદિ શરીરને આશ્રિત, પ્રાણાતિપાત–હિંસા કરવાના સામર્થ્યવાળી વિશિષ્ટ ગ્રહણ કરવી. પણ કાર્મણ શરીરાશ્રિત ક્રિયા ગ્રહણ ન કરવી. તેથી પ્રથમની ત્રણ ક્રિયાઓનો પરસ્પર નિયત સંબન્ધ છે. કેવી રીતે છે? તેનો ઉત્તર એ છે કે 'શરીર અધિકરણ પણ છે' એમ પૂર્વે કહ્યું છે તેથી કાય અધિકરણ હોવાથી કાયિકી ક્રિયા હોય ત્યાં અવશ્ય અધિકરણિકી હોય છે અને અધિકરણી હોય ત્યાં અવશ્ય કાયિકી ક્રિયા હોય છે. અને તે વિશિષ્ટ કાયિકી ક્રિયા પ્રદ્વેષ સિવાય હોતી નથી, માટે પ્રાદ્વેષિકી ક્રિયાની સાથે પણ તેનો પરસ્પર નિયત સબન્ધ છે. પ્રદ્વેષ પણ શરીરને વિષે સ્પષ્ટ ચિહ્નવાળો જણાય છે. કારણ કે મુખનું રુક્ષપણું વગેરે તેના નિયત ચિહ્નો પ્રત્યક્ષથી જ જણાય છે. કહ્યું છે કે—

"**रूक्षयति रुष्यतो ननु वक्त्रं स्निह्यति रज्यत: पुंस: । औदारिकोऽपि देहो भाववशात् परिणमत्येवम्**" ॥

ગુસ્સે થનારનું મુખ સુકાઇ જાય છે. અને સ્નેહવાળા પુરુષનું મોઢું સ્નિગ્ધ થાય છે. ઔદારિક શરીર પણ ભાવના વશથી એમ પરિણમે છે." પરિતાપ અને પ્રાણાતિપાતનું પ્રથમની ત્રણ ક્રિયાના સદ્ભાવમાં નિયતપણું નથી. તે આ પ્રમાણે—જો આ ઘાતક–શીકારી ઘાતને પાત્ર થયેલા મૃગાદિ પશુને ધનુષ વડે ફેંકેલા બાણ વગેરેથી વીંધે છે, તેથી તેનું પરિતાપ અને મરણ થાય છે, અન્યથા થતું નથી, તેથી અનીયતપણું છે. અને પરિતાપ અને પ્રાણાતિપાતના સદ્ભાવમાં પૂર્વની ક્રિયાઓ અવશ્ય હોય છે. કારણ કે પૂર્વ ક્રિયાઓના અભાવમાં પરિતાપ અને પ્રાણાતિપાત ક્રિયા હોતી નથી. તેથી આ અર્થનો વિચાર કરી કાયિકી ક્રિયા બાકીની ચાર ક્રિયાઓ સાથે, અધિકરણિકી ત્રણ ક્રિયાઓ સાથે અને પ્રાદ્વેષિકી બે ક્રિયાઓની સાથે સૂત્રથી સારી રીતે વિચારવી. પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયાઓનું ખાસ સૂત્ર કહે છે—"**जस्स णं जीवस्स पारियावणिया किरिया कज्जइ**" જે જીવને પારિતાપનિકી ક્રિયા હોય છે તેને પ્રાણાતિપાત ક્રિયા થાય–ઇત્યાદિ. પારિતાપનિકી ક્રિયાના સદ્ભાવમાં પ્રાણાતિપાત ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. જ્યારે બાણ વગરેના અભિઘાતથી જીવિતથી જુદો પડે–મૃત્યુ પામે ત્યારે હોય છે અને બાકીના કાળે હોતી નથી. જેને પ્રાણાતિપાતક્રિયા હોય છે તેને અવશ્ય પારિતાપનિકી ક્રિયા હોય છે, કારણ કે પરિતાપ સિવાય પ્રાણનો વિયોગ થતો નથી.

હવે નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી ક્રિયાઓનો પરસ્પર નિયત સંબન્ધ બતાવે છે—"**जस्स णं भंते! नेरइयस्स काइया किरिया कज्जइ**"— જે નૈરયિકને કાયિકી ક્રિયા હોય છે તેને અધિકરણિકી ક્રિયા હોય? ઇત્યાદિ સૂત્ર પ્રસિદ્ધ છે, કારણ કે તેનો વિચાર પૂર્વે કરેલો છે. એ પ્રમાણે એક દંડક કહ્યો. ॥૭॥૫૮૯॥

**जं समयं णं भंते! जीवस्स काइया किरिया कज्जति तं समयं अधिगरणिया किरिया कज्जति?, जं समयं अहिगरणिया किरिया कज्जति, तं समयं काइया किरिया कज्जति? एवं जहेव आइल्लओ दंडओ भणिओ तहेव भाणियव्वो, जाव वेमाणियस्स। जं देसं णं भंते! जीवस्स काइया किरिया कज्जति तं देसं णं अधिगरणिया किरिया कज्जति? तहेव जाव वेमाणियस्स। जं पएसं णं भंते! जीवस्स काइया किरिया कज्जति तं पएसं णं**

**अधिगरणिया किरिया कज्जति एवं तहेव जाव वेमाणियस्स। एवं एते जस्स जं समयं जं देसं जं पएसं णं चत्तारि दंडगा होंति ।।सू०-८।।५९०।।**

*(મૂ૦) હે ભગવન્! જે સમયે જીવને કાયિકી ક્રિયા હોય છે તે સમયે અધિકરણિકી ક્રિયા હોય? જે સમયે અધિકરણિકી ક્રિયા હોય તે સમયે કાયિકી ક્રિયા હોય?—એ પ્રમાણે જેમ પ્રથમનો દંડક કહ્યો તેમજ આ દંડક યાવત્–વૈમાનિક સુધી કહેવો. હે ભગવન્! જીવને જે અંશે કાયિકી ક્રિયા હોય તે અંશે અધિકરણિકી ક્રિયા હોય?–ઇત્યાદિ યાવત્ વૈમાનિકને તેમજ કહેવું. હે ભગવન્! જીવને જે પ્રદેશે કાયિકી ક્રિયા હોય તે પ્રદેશે અધિકરણિકી ક્રિયા હોય?–ઇત્યાદિ તેમજ યાવત્ વૈમાનિકો સુધી જાણવું. એ પ્રમાણે ૧ જે જીવને, ૨ જે સમયે, ૩ જે અંશે અને ૪ જે પ્રદેશે–એ ચાર દંડકો થાય છે. ।।૮।।૫૯૦।।*

## ।। जीवाईसु आओजियकिरियापरूवणं ।।

**कति णं भंते! आओजिताओ किरियाओ पण्णत्ताओ? गोयमा! पंच आओजिताओ किरियाओ पण्णत्ताओ, तं जहा—काइया जाव पाणाइवायकिरिया, एवं नेरइयाणं जाव वेमाणियाणं। जस्स णं भंते! जीवस्स काइया आओजिया किरिया अत्थि तस्स अधिकरणिया किरिया आओजिया किरिया अत्थि? जस्स आहिगरणिया आओजिया किरिया अत्थि तस्स काइया आओजिया किरिया अत्थि? एवं एतेणं अभिलावेणं ते चेव चत्तारि दंडगा भाणियव्वा, जस्स जं समयं जं देसं जं पदेसं जाव वेमाणियाणं ।।सू०-९।।५९१।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલી આયોજિકા–સંસારની સાથે જોડનારી ક્રિયાઓ કહેલી છે? હે ગૌતમ! પાંચ આયોજિકા ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે– કાયિકી, યાવત્–પ્રાણાતિપાત ક્રિયા. એ પ્રમાણે નૈરયિકો, યાવત્ વૈમાનિકોને જાણવું. હે ભગવન્! જે જીવને કાયિકી આયોજિકા ક્રિયા હોય છે તેને અધિકરણિકી આયોજિકા ક્રિયા હોય? જેને અધિકરણિકી આયોજિકા ક્રિયા હોય છે તેને કાયિકી આયોજિકા ક્રિયા હોય? એ પ્રમાણે આવા પ્રકારના પાઠ વડે તે (પૂર્વોક્ત) જેને, જે સમયે, જે અંશે અને જે પ્રદેશે–એમ ચાર દંડકો યાવત્ વૈમાનિક સુધી કહેવા. ।।૯।।૫૯૧।।*

(ટી૦) હવે કાળને આશ્રયી ઉપર કહ્યા પ્રમાણે બીજો દંડક કહે છે—"**जं समयं णं भंते! जीवस्स काइया किरिया कज्जइ तं समयं अहिगरणिया कज्जइ**"–હે ભગવન્! જે સમયે જીવને કાયિકી ક્રિયા હોય છે તે સમયે અધિકરણિકી ક્રિયા હોય? ઇત્યાદિ બધું પૂર્વે કહેલું સૂત્ર તે પ્રમાણે વૈમાનિક સૂત્ર સુધી કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जहेव आइल्लओ दंडओ तहेव भाणियव्वो जाव वेमाणियस्स**' એ પ્રમાણે જેમ પ્રથમનો દંડક કહ્યો તેમજ યાવત્ વૈમાનિક સુધી કહેવું. અહીં સમયના ગ્રહણ કરવા વડે સામાન્ય કાળનું ગ્રહણ કરવું, પરન્તુ અત્યન્ત સૂક્ષ્મ પૂર્વે કહેલા સ્વરૂપવાળો નૈશ્ચયિક સમય ગ્રહણ ન કરવો. કારણ કે પરિતાપ અથવા પ્રાણાતિપાત બાણાદિના ફેંકવાથી થયેલા હોવાને લીધે તેનો કાયિકી ક્રિયાના પ્રથમ સમયેજ અસંભવ છે. આ બીજો દંડક છે. હવે ક્ષેત્રને આશ્રયી બે દંડકો કહે છ—'**जं देसं णं भंते! जीवस्स**'—જે દેશ–અંશને આશ્રયી જીવને કાયિકી ક્રિયા થાય છે તે દેશને આશ્રયી અધિકરણિકી ક્રિયા થાય? ઇત્યાદિ. અહીં પણ પૂર્વોક્ત સૂત્ર તે આ પ્રમાણેજ વૈમાનિક સૂત્ર પર્યન્ત કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**तहेव जाव वेमाणियस्स**' તેમજ યાવત્–વૈમાનિક સુધી કહેવું. આ ત્રીજો દંડક છે. '**जं पएसं णं भंते! जीवस्स काइया किरिया कज्जइ**' જે પ્રદેશને આશ્રયી જીવને કાયિકી ક્રિયા હોય છે તે પ્રદેશને આશ્રયી અધિકરણિકી ક્રિયા હોય? ઇત્યાદિ ચોથો દંડક છે. અહીં પણ પૂર્વે કહેલા ક્રમ વડે જ્યાં સુધી વૈમાનિક સૂત્ર છે ત્યાં સુધી કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**तहेव जाव वेमाणिए**' ઇતિ. એ પ્રમાણે તેમજ યાવત્ વૈમાનિક સુધી જાણવું. હવે દંડકની સંકલના બતાવે છે–'**एवं एते जस्स जं समयं**' ઇત્યાદિ. એ રીતે જેને, જે સમયે, જે દેશને આશ્રયી, અને જે પ્રદેશને આશ્રયી–એમ ચાર દંડકો થાય છે. એ ક્રિયાઓ જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મબન્ધનું કારણ છે તેમ સંસારનું પણ કારણ છે, કારણ કે જ્ઞાનાવરણીયાદિ કર્મનો બન્ધ સંસારનું કારણ હોવાથી અને તે ક્રિયાઓ કર્મબન્ધના હેતુ હોવાથી ઉપચારથી તે ક્રિયાઓ પણ સંસારનું કારણ થાય છે. તે બાબત સૂત્રકાર કહે છ—"**कइ**

णं भंते आओजियाओ किरियाओ पण्णत्ताओ?"–હે ભગવન્! આયોજિકા ક્રિયાઓ કેટલી છે? ઇત્યાદિ. 'आयोजयति जीवं संसारे इत्यायोजिका:' જે જીવને સંસારને વિષે જોડે તે આયોજિકા–કાયિકાદિ ક્રિયાઓ કહેવાય છે. બાકી બધુ સુગમ છે. સૂત્રપાઠ પૂર્વે કહ્યા પ્રમાણે જેને, જે સમયે, જે દેશે–અંશે અને જે પ્રદેશે–એમ પૂરા ચાર દંડકો થાય ત્યાં સુધી કહેવો. 'यं समयं' ઇત્યાદિ. 'કાળ અને માર્ગરૂપ અધિકરણમાં વ્યાપ્તિ હોય ત્યારે દ્વિતીયા વિભક્તિ થાય છે. તેથી 'જે સમયે, જે દેશને અને જે પ્રદેશને વિષે એવી વ્યાખ્યા કરવી. ||૯||૫૯૧||

## || जीवेसु किरियाणं पुट्ठापुट्ठभाव परूवणं ||

**जीवे णं भंते! जं समयं काइयाए अधिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे? पाणाइवायकिरियाए पुट्ठे? गोयमा! अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए अधिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे, पाणाइवायकिरियाए पुट्ठे १, अत्थेगइए जीवे एगइयाओ जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे, पाणाइवायकिरियाए अपुट्ठे २, अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए अधिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए अपुट्ठे, पाणाइवायकिरियाए अपुट्ठे ३। "अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए अपुट्ठे तं समयं पारियावणियाए किरियाए अपुट्ठे पाणाइवायकिरियाए अपुट्ठे।"[1]** ।।सू०-१०।।५९२।।

*(મૂ૦) હે ભગવન્! જે સમયે (કાળે) કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે સ્પૃષ્ટ–યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે અને પ્રાણાતિપાત ક્રિયા વડે યુક્ત હોય? હે ગૌતમ! ૧ કોઈ જીવ કોઈ જીવને આશ્રયી જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે યુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે યુક્ત હોય, ૨ કોઈ જીવ કોઈ જીવને આશ્રયી જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે યુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે યુક્ત ન હોય. ૩ કોઈ જીવ કોઈ જીવને આશ્રયી જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયા વડે યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયા વડે અયુક્ત હોય અને પ્રાણાતિપાત ક્રિયા વડે અયુક્ત હોય. ||૧૦||૫૯૨||*

(ટી૦) 'जीवे णं भंते! जं समयं काइयाए अहिगरणियाए' ઇત્યાદિ. હે ભગવન્! જીવ જે સમયે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાવડે સ્પૃષ્ટ–યુક્ત હોય તે સમયે પારિતાપનિકી વડે સ્પૃષ્ટ હોય–ઇત્યાદિ. અહીં પણ સમયના ગ્રહણ વડે સામાન્ય રીતે કાળ ગ્રહણ કરવો. પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તરસૂત્રમાં ત્રણ ભાંગાઓ થાય છ—કોઈ જીવ કોઇ જીવને આશ્રયી જે સમયે–કાળે ત્રણે ક્રિયાવડે સ્પૃષ્ટ–યુક્ત હોય તે સમયે પારિતાપનિકી ક્રિયાવડે અને પ્રાણાતિપાત ક્રિયાવડે યુક્ત હોય એ પ્રથમ ભઙ્ગ પારિતાપનિકી ક્રિયાવડે યુક્ત હોય અને પ્રાણાતિતાપ ક્રિયાવડે અયુક્ત હોય એ બીજો ભાંગો. અને પારિતાપનિકી ક્રિયાવડે અને પ્રાણાતિપાત ક્રિયાવડે અયુક્ત હોય એ ત્રીજો ભઙ્ગ સમજવો. આ ત્રીજો ભઙ્ગ બાણ વગેરેના લક્ષથી ચુકી જવા વડે ઘાતને પાત્ર મૃગાદિને પરિતાપાદિનો અસંભવ હોય ત્યારે જાણવો. "જે જીવ જે સમયે જે જીવને આશ્રયી પ્રથમની ત્રણ ક્રિયાવડે અયુક્ત હોય તે જીવ તે સમયે તે જીવને આશ્રયી અવશ્ય પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયાવડે અયુક્ત હોય, કારણ કે કાયિકાદિ ક્રિયાના અભાવમાં પરિતાપાદિનો સંભવ નથી". ||૧૦||૫૯૨||

---

૧. મહાવીર વિદ્યાલયથી છપાયેલ પન્નવણામાંથી "  " ચિન્હવાળો આ પાઠ લીધેલ છે અને ટીકામાં આ પાઠનો અર્થ આપેલ છે.

## ।। पयारंतरेण किरियाभेदपरूवणं ।।

**कइ णं भंते! किरियाओ पण्णत्ताओ? गोयमा! पंच किरियाओ पन्नत्ताओ, तं जहा—आरंभिया, पारिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया।**

## ।। आरंभियाइकिरियासामित्तपरूवणं ।।

**आरंभिया णं भंते! किरिया कस्स कज्जति? गोयमा! अण्णयरस्सावि पमत्तसंजयस्स। परिग्गहिया णं भंते! किरिया कस्स कज्जइ? गोयमा! अण्णयरस्सावि संजयासंजयस्स। मायावत्तिया णं भंते! किरिया कस्स कज्जति? गोयमा! अण्णयरस्सावि अपमत्तसंजयस्स। अपच्चक्खाणकिरिया णं भंते! कस्स कज्जति? गोयमा! अण्णयरस्सावि अपच्चक्खाणिस्स। मिच्छादंसणवत्तिया णं भंते! किरिया कस्स कज्जति? गोयमा! अण्णयरस्सावि मिच्छादंसणिस्स** ।।सू०-११।।५९३।।

*(મૂ૦) હે ભગવન્! કેટલી ક્રિયાઓ કહેલી છે? હે ગૌતમ! પાંચ ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે-૧ આરંભિકી, ૨ પારિગ્રહિકી, ૩ માયાપ્રત્યયિકી, ૪ અપ્રત્યાખ્યાન ક્રિયા અને ૫ મિથ્યાદર્શનપ્રત્યયિકી. હે ભગવન્! આરંભિકી ક્રિયા કોને હોય છે? હે ગૌતમ! કોઇ પણ પ્રમત્ત સંયતને હોય છે. હે ભગવન્! પારિગ્રહિકી ક્રિયા કોને હોય છે? હે ગૌતમ! કોઇ સંયતાસંયત-દેશવિરતિને હોય છે. હે ભગવન્! માયાપ્રત્યયિકી ક્રિયા કોને હોય છે? હે ગૌતમ! કોઈ પણ અપ્રમત્ત સંયતને હોય છે. હે ભગવન્! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય છે? હે ગૌતમ! કોઈ પણ અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાન-વિરતિ રહિતને હોય છે. હે ભગવન્! મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કોને હોય છે? હે ગૌતમ! કોઇ પણ મિથ્યાદષ્ટિને હોય છે. ।।૧૧।।૫૯૩।।*

(ટી૦) હવે બીજા પ્રકારે ક્રિયાઓનું નિરુપણ કરે છ —'कइ णं भंते!'—હે ભગવન્! કેટલી ક્રિયાઓ કહી છે? ઇત્યાદિ. આરંભિકી-આરંભ-પૃથિવ્યાદીની હિંસા કરવી, કહ્યું છે કે—

"संकप्पो संरंभो परितावकरो भवे समारम्भो । आरम्भो उद्दवतो सुद्दु नयाणं तु सव्वेसिं ॥"

સંરંભ-(હિંસાનો)સંકલ્પ, પરિતાપ ઉત્પન્ન કરનાર સમારંભ, અને આરંભ એટલે ઉપદ્રવ-ઘાત કરવો એ બધા શુદ્ધ નયોનું મન્તવ્ય છે. આરંભ છે પ્રયોજન-કારણ જેનું તે આરંભિકી ક્રિયા કહેવાય છે. '**परिग्गहिय**'त्ति-પારિગ્રહિકી પરિગ્રહ-ધર્મોપકરણ સિવાયની વસ્તુનો સ્વીકાર કરવો અને ધર્મોપકરણમાં પણ મૂર્છા-મમત્વનો પરિણામ, પરિગ્રહરૂપ અથવા પરિગ્રહ વડે ઉત્પન્ન થયેલી ક્રિયા તે પારિગ્રહિકી. '**मायावत्तिय**'त्ति-માયાપ્રત્યયા' માયા-વક્રતા, સરળપણાનો અભાવ. ઉપલક્ષણથી ક્રોધાદિ કષાયનું પણ ગ્રહણ કરવું. માયા પ્રત્યય-કારણ છે જેનું તે માયાપ્રત્યયિકી. '**अपच्चक्खाणकिरिय**'त्ति-અપ્રત્યાખ્યાન-વિરતિના લેશમાત્ર પરિણામનો અભાવ, તે રૂપ ક્રિયા તે અપ્રત્યાખ્યાનક્રિયા. '**मिच्छादंसणवत्तिय**'त्ति-મિથ્યાદર્શનપ્રત્યયા. મિથ્યાદર્શન-તત્ત્વરુચિનો અભાવ, તે જેનો પ્રત્યય-હેતુ છે તે મિથ્યાદર્શનપ્રત્યયિકી. એ ઉપર કહેલી ક્રિયાઓમાં જે ક્રિયા જેને હોય તે બતાવે છે- '**आरंभिया णं भंते**'-હે ભગવન્! આરંભિકી ક્રિયા કોને હોય? ઇત્યાદિ. આરંભિકી ક્રિયા '**अन्यतरस्यापि प्रमत्तसंयतस्य**'-કોઇ પણ પ્રમત્તસંયતને હોય છે. અહીં અપિ શબ્દ ભિન્ન ક્રમ જણાવે છે. અન્યતર-કોઇ પણ એક પ્રમત્તસંયતને પ્રમાદના સદ્ભાવમાં શરીરના દુષ્પ્રયોગ-અયતના વડે પૃથિવ્યાદિની હિંસાનો સંભવ છે. અપિશબ્દ બીજા નીચેના ગુણસ્થાનકવર્તી જીવોને આરંભિકી ક્રિયાનું નિયતપણું બતાવવા માટે છે. પ્રમત્તસંયતને પણ આરંભિકી ક્રિયા હોય છે તો પછી બાકીના દેશવિરતિપ્રમુખને હોય તેમાં શું કહેવું? એ પ્રમાણે પછીના સૂત્રોમાં પણ યથાયોગ્યપણે અપિશબ્દના અર્થનો વિચાર કરવો. પારિગ્રહિકી સંયતાસયતને-દેશવિરતિને પણ હોય છે. કારણ કે તેને પણ પરિગ્રહ હોય છે. માયાપ્રત્યયિકી ક્રિયા અપ્રમત્તસંયતને પણ હોય છે. શી રીતે હોય છે? પ્રવચનના ઉડ્ડાહને ઢાંકવાને માટે વલ્લીકરણસમુદ્દેશાદિને વિષે જાણવી. અપ્રત્યાખ્યાન ક્રિયા, કોઇ પણ અપ્રત્યાખ્યાનીને-વિરતિરહિતને સમજવી. જે કાંઇપણ પ્રત્યાખ્યાન-વિરતિ ન કરે તે અપ્રત્યાખ્યાની જાણવો, મિથ્યાદર્શનક્રિયા જે સૂત્રમાં કહેલા

એક પણ અક્ષરની શ્રદ્ધા ન કરતો હોય એવા કોઈપણ મિથ્યાદષ્ટિને હોય છે. ॥૧૧॥૫૮૩॥

## ।। चउवीसदंडएसु किरियापरूवणं ।।

नेरइयाणं भंते! कति किरियाओ पन्नत्ताओ? गोयमा! पंच किरियाओ पन्नत्ताओ, तं जहा-आरंभिया जाव मिच्छादंसणवत्तिया। एवं जाव वेमाणियाणं।

## ।। जीवाईसु किरियाणं सहभावपरूवणं ।।

जस्स णं भंते! जीवस्स आरंभिया किरिया कज्जति तस्स पारिग्गहिया किरिया कज्जति? जस्स पारिग्गहिया किरिया कज्जति तस्स आरंभिया किरिया कज्जति? गोयमा! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जति तस्स पारिग्गहिया सिय कज्जति, सिय णो कज्जति, जस्स पुण पारिग्गहिया किरिया कज्जति तस्स आरंभिया किरिया णियमा कज्जति। जस्स णं भंते! जीवस्स आरंभिया किरिया कज्जति तस्स मायावत्तिया किरिया कज्जति? पुच्छा। गोयमा! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जति तस्स मायावत्तिया किरिया नियमा कज्जति जस्स पुण मायावत्तिया किरिया कज्जइ तस्स आरंभिया किरिया सिय कज्जति, सिय नो कज्जति। जस्स णं भंते! जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स अपच्चक्खाणकिरिया कज्जइ? पुच्छा। गोयमा! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ तस्स अपच्चक्खाणकिरिया सिय कज्जइ सिय नो कज्जति, जस्स पुण अपच्चक्खाणकिरिया कज्जति तस्स आरंभिया किरिया णियमा कज्जति। एवं मिच्छादंसणवत्तियाए वि समं। एव पारिग्गहिया वि तिहिं उवरिल्लाहिं समं चारेयव्वा। जस्स मायावत्तिया किरिया कज्जति तस्स उवरिल्लाओ दो वि सिय कज्जति, सिय णो कज्जति, जस्स उवरिल्लाओ दो कज्जंति तस्स मायावत्तिया णियमा कज्जति। जस्स अपच्चक्खाणकिरिया कज्जति तस्स मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जति, सिय णो कज्जति, जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जति तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जति। णेरइयस्स आइल्लियाओ चत्तारि परोप्परं णियमा कज्जंति, जस्स एताओ चत्तारि कज्जंति तस्स मिच्छादंसणवत्तिया किरिया भइज्जति, जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जति, तस्स एयाओ चत्तारि णियमा कज्जंति, एवं जाव थणियकुमारस्स। पुढवीक्काइयस्स जाव चउरिंदियस्स पंच वि परोप्परं णियमा कज्जंति। पंचिंदियतिरिक्खजोणियस्स आइल्लियाओ तिण्णि वि परोप्परं नियमा कज्जंति, जस्स एयाओ कज्जंति तस्स उवरिल्लाओ दोण्णि भइज्जंति, जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति तस्स एताओ तिण्णि वि णियमा कज्जंति। जस्स अपच्चक्खाणकिरिया तस्स मिच्छादंसणवत्तिया सिय कज्जति, सिय णो कज्जति, जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जति तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जइ, मणूसस्स जहा जीवस्स, वाणमंतर-जोइसिय-वेमाणियस्स जहा णेरइयस्स। जं समयण्णं भंते! जीवस्स आरंभिया किरिया कज्जति तं समयं पारिग्गहिया किरिया कज्जति? एवं एते जस्स जं समयं जं देसं जं पदेसण्णं [पदेसेण य] चत्तारि दंडगा णेयव्वा, जहा णेरइयाणं तहा सव्वदेवाणं णेयव्वं जाव वेमाणियाणं ।।सू०-१२।।५९४।।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલી ક્રિયાઓ કહી છે? હે ગૌતમ! પાંચ ક્રિયાઓ કહી છે. તે આ પ્રમાણે–આરંભિકી, યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે તેને પારિગ્રહિકી ક્રિયા હોય? જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા હોય? હે ગૌતમ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે તેને*

*પારિગ્રહિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય, જેને પારિગ્રહિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. હે ભગવન્! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય હોય, જેને માયાપ્રત્યયિકી હોય તેને આરંભિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે તેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય-ઈત્યાદિ પૃચ્છા. હે ગૌતમ! જે જીવને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય, જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. એ પ્રમાણે મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાની સાથે યોગ કરવો. એમ પારિગ્રહિકી ક્રિયાનો પણ ઉપરની ત્રણ ક્રિયાઓની સાથે વિચાર કરવો. જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને ઉપરની બે ક્રિયાઓ કદાચ હોય અને કદાચ ન હોય, જેને ઉપરની બે ક્રિયાઓ હોય છે તેને માયાપ્રત્યયિકી અવશ્ય હોય. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય, જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય છે. નૈરયિકને પ્રથમની ચાર ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. જેને એ ચાર ક્રિયાઓ હોય છે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ભજનાએ હોય છે. એટલે કદાચ હોય અને કદાચ ન હોય. જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને એ ચાર ક્રિયાઓ અવશ્ય હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથિવીકાયિકથી આરંભી ચઉરિન્દ્રિય સુધીના જીવોને પાંચ ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. પંચેન્દ્રિય તિર્યંચને પ્રથમની ત્રણ ક્રિયાઓ પરસ્પર અવશ્ય હોય છે. જેને એ ક્રિયાઓ હોય છે તેને ઉપરની બન્ને ક્રિયાઓ ભજનાએ હોય છે. જેને ઉપરની બન્ને ક્રિયાઓ હોય છે તેને ત્રણે ક્રિયાઓ અવશ્ય હોય છે. જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. જેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય છે તેને અપ્રત્યાખ્યાન ક્રિયા અવશ્ય હોય છે. મનુષ્યને જેમ જીવને કહ્યું છે તેમ જાણવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકને નૈરયિકની પેઠે કહેવું. હે ભગવન્! જે સમયે (કાળે) જીવને આરંભિકી ક્રિયા હોય છે તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય છે? એ પ્રમાણે ૧ જેને, ૨ જે સમયે, ૩ જે અંશે, અને ૪ જે પ્રદેશે-એ ચાર દંડકો જાણવા. જેમ નૈરયિકોને કહ્યું તેમ સર્વ દેવોને યાવત્ વૈમાનિકો સુધી સમજવું. ॥૧૨॥૫૯૪॥*

(ટી૦) આજ ક્રિયાઓનું ચોવીશ દંડકના ક્રમથી નિરુપણ કરે છે—' **नेरइयाणं भंते!**' —હે ભગવન્! નૈરયિકોને કેટલી ક્રિયાઓ હોય છે? ઇત્યાદિ સુગમ છે. હવે આ ક્રિયાઓના પરસ્પર નિયત સંબન્ધનો વિચાર કરે છે. તે આ પ્રમાણે-જેને આરંભિકી ક્રિયા હોય છે તેને પારિગ્રહિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પ્રમત્તસંયતને ન હોય, બાકીનાને હોય. તથા જેને આરંભિકી ક્રિયા હોય છે તેને માયાપ્રત્યયિકી ક્રિયા અવશ્ય હોય છે. જેને માયાપ્રત્યયિકી ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. અપ્રમત્ત સંયતને ન હોય, બાકીનાને હોય. જેને આરંભિકી ક્રિયા હોય તેને અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પ્રમત્ત સંયત અને દેશવિરતિને ન હોય, બાકીના અવિરતિસમ્યગ્દષ્ટ્યાદિને હોય.જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. કારણ કે અપ્રત્યાખ્યાનીને-અવિરતિને અવશ્ય આરંભનો સંભવ છે. એ પ્રમાણે મિથ્યાદર્શનપ્રત્યયિકી સાથે પણ તેનું નિયતપણું વિચારવું. તે આ પ્રમાણે-જેને આરંભિકી ક્રિયા હોય છે તેને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. મિથ્યાદષ્ટિને હોય, બાકીનાને ન હોય. જેને મિથ્યાદર્શનક્રિયા હોય તેને આરંભિકી ક્રિયા અવશ્ય હોય. કારણ કે મિથ્યાદષ્ટિ વિરતિરહિત હોવાથી તેને અવશ્ય આરંભનો સંભવ છે. એ પ્રમાણે આરંભિકી ક્રિયાનો પરિગ્રહિકી વગેરે ઉપરની ચાર ક્રિયાની સાથે પરસ્પર નિયતપણાનો વિચાર કર્યો. એમ પરિગ્રહિકી ક્રિયાનો ત્રણ ક્રિયાઓની સાથે, માયાપ્રત્યયિકી ક્રિયાનો બે ક્રિયાઓ સાથે વિચાર કર્યો. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं पारिग्गहिया वि तिहिं उवरिल्लाहिं समं संचारेयव्वा**'—એમ પારિગ્રહિકીનો પણ ઉપરની ત્રણ ક્રિયાઓની સાથે વિચાર કરવો—ઇત્યાદિ સુગમ છે, કારણ કે તેની ભાવના પ્રસિદ્ધ છે. આજ અર્થને ચોવિસ દંડકના ક્રમથી બતાવે છે—'**णेरइयस्स आइल्लातो चत्तारि**' નૈરયિકને પ્રથમની ચાર ક્રિયાઓ હોય છે-ઇત્યાદિ. નૈરયિકાદિ ઉત્કૃષ્ટ અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન સુધી હોય છે, તે પછી હોતા નથી. તેથી નૈરયિકોને પ્રથમની ચાર ક્રિયાઓ

પરસ્પર નિયતપણે હોય છે. મિથ્યાદર્શન પ્રતિ સ્યાદ્વાદ છે–એટલે કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતી નથી. તેજ બાબત કહે છે. **'जस्स एयाओ चत्तारि'** ઇત્યાદિ. જેને એ ચાર ક્રિયાઓ હોય છે તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ભજનાએ–વિકલ્પે હોય છે–ઇત્યાદિ. મિથ્યાદષ્ટિને મિથ્યાદર્શન ક્રિયા હોય છે. બાકીના જીવોને હોતી નથી. જેને મિથ્યાદર્શન ક્રિયા હોય છે તેને પ્રથમની ચાર ક્રિયાઓ અવશ્ય હોય છે, કારણ કે મિથ્યાદર્શનના સદ્ભાવમાં આરંભિકી વગેરે ક્રિયાઓ અવશ્ય હોય છે, એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી કહેવું. પૃથિવીકાયથી માંડી ચઉરિન્દ્રિય સુધીના જીવને પાંચ ક્રિયાઓ પરસ્પર નિયતપણે કહેવી. કારણ કે પૃથિવ્યાદિ જીવોને મિથ્યાદર્શન ક્રિયા અવશ્ય હોય છે. તિર્યંચ પંચેન્દ્રિયને પ્રથમની ત્રણ ક્રિયાઓ પરસ્પર નિયત હોય છે. કેમકે દેશવિરતિ સુધી આ ક્રિયાઓ અવશ્ય હોય છે. પછીની બે ક્રિયાઓ વડે સ્યાદ્વાદ છે–એટલે કદાચિત્ હોય અને કદાચિત્ ન હોય. તેજ સૂત્રકાર બતાવે છે–**'जस्स एयाओ कज्जंति'** જેને એ ત્રણ ક્રિયાઓ હોય છે તેને ઉપરની બે ક્રિયાઓ ભજનાએ હોય છે–ઇત્યાદિ. દેશવિરતિને ન હોય અને બાકીનાને હોય. જેને ઉપરની બે ક્રિયાઓ હોય છે, તેને પ્રથમની ત્રણ ક્રિયાઓ અવશ્ય હોય છે. ઉપરની બે ક્રિયા અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી છે, તેમાં અપ્રત્યાખ્યાન ક્રિયા અવિરતિ સમ્યગ્દષ્ટિ સુધી હોય છે, અને મિથ્યાદર્શન ક્રિયા મિથ્યાદષ્ટિને હોય છે. પ્રથમની ચાર ક્રિયાઓ દેશવિરતિ સુધી હોય છે, માટે ઉપરની ક્રિયાઓ હોય ત્યારે અવશ્ય પ્રથમની ત્રણ ક્રિયાઓ હોય છે. હવે તિર્યંચ પંચેન્દ્રિયને અપ્રત્યાખ્યાન ક્રિયા સાથે મિથ્યાદર્શન ક્રિયાનું પરસ્પર નિયતપણું બતાવે છે-જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે તેને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય–ઇત્યાદિ સૂત્રનો વિચાર કર્યો. જેમ જીવપદને વિષે કહ્યું તેમ મનુષ્યને કહેવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકની પેઠે કહેવું. એ એક દંડક કહ્યો. એ પ્રમાણે **' जं समयं णं भंते ! जीवस्स'**—હે ભગવન્! જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય છે તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય? ઇત્યાદિ બીજો દંડક, **'जं देसं णं'** જે દેશ–અંશને આશ્રયી ઇત્યાદિ ત્રીજો દંડક અને **'जं पएसेणं'** જે પ્રદેશને આશ્રયી— ઇત્યાદિ ચોથો દંડક કહ્યો. ॥૧૨॥૫૯૪॥

## ।। जीवाईसु पावट्ठाणविरइपरूवणं ।।

**अत्थि णं भंते! जीवाणं पाणाइवायवेरमणे कज्जति? हंता! अत्थि। कम्हि णं भंते! जीवाणं पाणाइवायवेरमणे कज्जति? गोयमा! छसु जीवनिकाएसु। अत्थि णं भंते! नेरइयाणं पाणाइवायवेरमणे कज्जति? गोयमा! नो इणट्ठे समट्ठे। एवं जाव वेमाणियाणं णवरं मणूसाणं जहा जीवाणं। एवं मुसावाएणं जाव मायामोसेणं जीवस्स य मणूसस्स य, सेसाणं नो इणट्ठे समट्ठे। णवरं अदिन्नादाणे गहण-धारणिज्जेसु दव्वेसु, मेहुणे रूवेसु वा रूवसहगएसु वा दव्वेसु, सेसाणं सव्वदव्वेसु। अत्थि णं भंते! जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जति? हंता! अत्थि। कम्हि णं भंते! जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जति? गोयमा! सव्वदव्वेसु, एवं नेरइयाणं जाव वेमाणियाणं, णवरं एगिंदियविगलेंदियाणं नो इणट्ठे समट्ठे ।।सू०-१३।।५९५।।**

*(મૂ૦) હે ભગવન્! શું એમ છે કે જીવને પ્રાણાતિપાતવિરમણ હોય? હા ગૌતમ! હોય છે. હે ભગવન્! જીવોને કોને વિષે પ્રાણાતિપાત વિરમણ હોય? હે ગૌતમ! છ જીવનિકાયને વિષે હોય. હે ભગવન્! નૈરયિકોને પ્રાણાતિપાતવિરમણ હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ–યુક્ત નથી. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ જેમ જીવોને કહ્યું તેમ મનુષ્યોને સમજવું. એમ મૃષાવાદવિરમણ વડે યાવત્ માયામૃષાવિરમણ વડે જીવને અને મનુષ્યને જાણવું. બાકીનાને એ અર્થ યુક્ત નથી. પરન્તુ અદત્તાદાન ગ્રહણ અને ધારણ કરવા લાયક દ્રવ્યોને વિષે, મૈથુન રૂપ અને રૂપસહિત દ્રવ્યોને વિષે સમજવું. બાકી બધા સર્વ દ્રવ્યોને વિષે જાણવા. હે ભગવન્! જીવોને મિથ્યાદર્શનશલ્યવિરમણ હોય? હા હોય. હે ભગવન્! કોને વિષે જીવને મિથ્યાદર્શનશલ્યવિરમણ હોય? હે ગૌતમ! સર્વ દ્રવ્યોને વિષે હોય. એમ નૈરયિકો યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને એ અર્થ યુક્ત નથી. ॥૧૩॥૫૯૫॥*

(टी०) પૃથિવ્યાદિ છ જીવનિકાય પ્રાણાતિપાત ક્રિયાના હેતુ જ હોય કે તેના વિરમણના હેતુઓ પણ હોય–એ સંબન્ધે પ્રશ્ન કરે છે––'अत्थि णं भंते'!–હે ભગવન્! જીવો વડે પ્રાણાતિપાતની વિરતિ કરાય છે ઇત્યાદિ. અહીં બધે कज्जइ–ક્રિયતે એ કર્મકર્તરિ પ્રયોગ છે તેથી તેનો 'भवति'–થાય છે એવો અર્થ સમજવો. એટલે જીવોને પ્રાણાતિપાતની વિરતિ થાય છે? પ્રાણાતિપાતાદિના વિરમણના વિષયભૂત છ કાયાદિનો પૂર્વેજ વિચાર કર્યો છે. માટે અહીં ફરી વિચાર કરતા નથી. પ્રાણાતિપાતથી માંડી માયામૃષા સુધીની વિરતિ જીવપદ અને મનુષ્યપદને વિષે કહેવી. બાકીના સ્થાનકોમાં 'એ અર્થ સમર્થ નથી' એમ કહેવું. કારણ કે મનુષ્ય સિવાય બીજાને ભવનિમિત્તક સર્વવિરતિનો અભાવ છે. મિથ્યાદર્શન વિરમણના વિષયનો વિચાર કરતાં 'સર્વ દ્રવ્યોને વિષે' એમ કહ્યું છે, પણ ઉપલક્ષણથી સર્વ પર્યાયોને વિષે પણ સમજવું. કારણ કે જો એમ ન હોય તો એક દ્રવ્ય કે પર્યાયને વિષે મિથ્યાત્વ હોય તો તેને મિથ્યાદર્શનના વિરમણનો અસંભવ છે. કારણ કે—

"सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरः। मिथ्यादृष्टिः सूत्रं हि नः प्रमाणं जिनाभिहितम्" ॥

સૂત્રમાં કહેલા એક પણ અક્ષરથી અરુચિ થવાથી મનુષ્ય મિથ્યાદષ્ટિ થાય છે, કારણ કે જિનેશ્વરે કહેલું સૂત્ર અમને પ્રમાણ છે"— એવું શાસ્ત્રનું વચન છે. મિથ્યાદર્શનશલ્યનું વિરમણ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય બાકીના જીવસ્થાનોમાં હોય છે, બાકીના એકેન્દ્રિયાદિમાં હોતુ નથી. કારણ કે "उभयाभावो पुढवाएसु" પૃથિવ્યાદિમાં પ્રતિપદ્યમાન (સમ્યક્ત્વને પ્રાપ્ત થતા અને પ્રતિપન્નસમ્યક્ત્વને પ્રાપ્ત થયેલા) એ બન્નેનો અભાવ છે–એવું શાસ્ત્રનું વચન છે. યદ્યપિ કોઇક બેઇન્દ્રિયાદિને કરણાપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદનસમ્યક્ત્વ હોય છે, તો પણ તે મિથ્યાત્વને અભિમુખ થયેલા અને સમ્યક્ત્વને પ્રતિકૂલ થયેલાને હોય છે માટે તેઓને પણ મિથ્યાદર્શનશલ્યના વિરમણનો પ્રતિષેધ કર્યો છે, માટે તે સંબંધે સૂત્રકાર કહે છે–'जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जति'? જીવોને મિથ્યાદર્શનશલ્યની વિરતિ હોય છે? ઇત્યાદિ. ॥૧૩॥૫૯૫॥

## ॥ पावट्ठाणविरएसु जीवाईसु कम्मपगडिबंधपरूवणं ॥

**पाणाइवायविरए णं भंते! जीवे कति कम्मपगडीओ बंधति? गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबंधगे वा छव्विहबंधिए वा एगविहबंधगे वा अबंधए वा। एवं मणूसे वि भाणियव्वे। पाणाइवायविरया णं भंते! जीवा कति कम्मपगडीओ बंधंति? गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य एगविहबंधगा य, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य १, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य २ अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य ३, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य ४, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अबंधगे य ५, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अबंधगा य ६, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगे य १, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगा य २, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य ३, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य ४, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य अबंधगे य १, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य अबंधगा य २, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य अबंधगे य ३, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगा य अबंधगा य ४। अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य अबंधगे य १, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगे य अबंधगा य २, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य अबंधगे य ३, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य छव्विहबंधगा य अबंधगा य ४। अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य**

छव्विहबंधगे य अबंधगे य १, अहवा सत्तविहबंधगा य एगविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगे य अबंधगा य २, अहवा सत्तविहबन्धगा य एगविहबंधगा य अट्ठविहबन्धगे य छव्विहबंधगा य अबन्धगे य ३, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगे य छव्विहबन्धगा य अबन्धगा य ४ अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगे य अबन्धगे य ५, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगे य अबन्धगा य ६, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगा य अबन्धगे य ७, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगा य अबन्धगा य ८ एवं एते अट्ठभंगा, सव्वे विमिलिया सत्तावीसं भंगा भवंति। एवं मणूसाण वि एते चेव सत्तावीसं भंगा भाणियव्वा, एवं मुसावायविरयस्स जाव मायामोसविरयस्स जीवस्स य मणूसस्स य। मिच्छादंसणसल्लविरए णं भंते! जीवे कति कम्मपगडीओ बन्धति? गोयमा! सत्तविहबन्धए वा अट्ठविहबन्धए वा छव्विहबन्धए वा एगविहबन्धए वा अबन्धए वा। मिच्छादंसणसल्लविरए णं भंते! नेरइए कति कम्मपगडीओ बन्धति? गोयमा! सत्तविहबन्धए वा अट्ठविहबन्धए वा जाव पंचिंदियतिरिक्खजोणिए। मणूसे जहा जीवे। वाणमंतर-जोइसिय-वेमाणिए जहा नेरइए। मिच्छादंसणसल्लविरया णं भंते! जीवा कति कम्मपगडीओ बन्धन्ति? गोयमा! ते चेव सत्तावीसं भंगा भाणियव्वा। मिच्छादंसणसल्लविरया णं भंते! नेरइया कति कम्मपगडीओ बन्धन्ति? गोयमा! सव्वेवि ताव होज्ज सत्तविहबन्धगा १ अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगे य, २ अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य ३ एवं जाव वेमाणिया, णवरं मणूसाणं जहा जीवाणं ।।सू०-१४।।५९६।।

*(મૂ૦) હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત પ્રકૃતિઓ બાંધે, આઠ પ્રકૃતિઓ બાંધે, છ પ્રકૃતિઓ બાંધે અને એક પ્રકૃતિ બાંધે, તથા અબન્ધક પણ હોય. એમ મનુષ્યને પણ કહેવું. હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! ૧ બધા ય જીવો સાત પ્રકૃતિઓ બાંધે અને એક પ્રકૃતિ બાંધે. ૨ અથવા બધા સાત પ્રકૃતિઓ બાંધે, એક પ્રકૃતિ બાંધે અને કોઈ એક આઠ પ્રકૃતિઓ બાંધે. ૩ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા અને એક આઠ પ્રકૃતિઓ બાંધનાર હોય. ૪ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા અને એક છ પ્રકૃતિઓ બાંધનાર હોય. ૫ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા અને છ પ્રકૃતિઓ બાંધનારા હોય. ૬ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા અને એક અબન્ધક હોય. ૭ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા અને એક અબન્ધક હોય, ૧ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા, એક આઠ પ્રકૃતિઓ બાંધનાર તથા એક છ પ્રકૃતિઓ બાંધનાર હોય ૨ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક-પ્રકૃતિ બાંધનારા, એક આઠ પ્રકૃતિઓ બાંધનાર, ઘણા છ પ્રકૃતિઓ બાંધનારા હોય. ૩ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા અને એક છ પ્રકૃતિઓ બાંધનાર હોય. ૪ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા અને છ પ્રકૃતિઓ બાંધનાર હોય. ૧ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિ બાંધનાર અને એક અબન્ધક હોય. ૨ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિ બાંધનાર અને ઘણા અબન્ધક હોય. ૩ ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિ બાંધનારા અને એક અબન્ધક હોય. ૪ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિ બાંધનારા અને અબન્ધક હોય. ૧ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા, એક છ પ્રકૃતિ બાંધનાર અને એક અબન્ધક હોય. ૨ અથવા*

*ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક છ પ્રકૃતિઓ બાંધનાર અને ઘણા અબંધક હોય. ૩ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા (એક) છ પ્રકૃતિઓ બાંધનાર અને અબંધક હોય. ૪ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા છ પ્રકૃતિઓ બાંધનારા અને અબંધક હોય. ૧ અથવા ઘણા સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિઓ બાંધનાર એક છ પ્રકૃતિઓ બાંધનાર અને અબન્ધક હોય. ૨ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા એક આઠ પ્રકૃતિઓ બાંધનાર એક છ પ્રકૃતિઓ બાંધનાર અને (ઘણા) અબન્ધક હોય. ૩ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા (એક) આઠ પ્રકૃતિઓ બાંધનાર (ઘણા) છ પ્રકૃતિઓ બાંધનારા અને (એક) અબન્ધક હોય. ૪ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા (એક) આઠ પ્રકૃતિઓ બાંધનાર (ઘણા) છ પ્રકૃતિઓ બાંધનાર અને ઘણા અબન્ધક હોય.૫ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા (એક) છ પ્રકૃતિઓ બાંધનાર અને એક અબન્ધક હોય. ૬ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા (એક) છ પ્રકૃતિઓ બાંધનાર અને ઘણા અબન્ધક હોય. ૭ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા એક પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિ બાંધનારા, છ પ્રકૃતિઓ બાંધનારા અને (એક) અબન્ધક હોય. ૮ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા આઠ પ્રકૃતિઓ બાંધનારા છ પ્રકૃતિઓ બાંધનારા અને અબન્ધક હોય. એ પ્રમાણે એ આઠ ભાંગા થયા. બધા મળીને સત્યાવિશ ભાંગા થાય છે. એમ મનુષ્યને પણ એજ સત્યાવીશ ભાંગા કહેવા. એ રીતે મૃષાવાદની વિરતિવાળા, યાવત્ માયામૃષાવાદની વિરતિવાળા જીવને અને મનુષ્યને જાણવું. હે ભગવન્! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળો જીવ કેટલી કર્મ પ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત પ્રકૃતિઓ બાંધે, આઠ પ્રકૃતિઓ બાંધે, છ પ્રકૃતિઓ બાંધે, એક પ્રકૃતિ બાંધે અને અબંધક હોય. હે ભગવન્! મિથ્યાદર્શન શલ્યની વિરતિવાળો નૈરયિક કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત પ્રકૃતિઓ અને આઠ પ્રકૃતિઓ યાવત્ પંચેન્દ્રિય તિર્યંચ સુધી બાંધે. મનુષ્યને જીવની પેઠે બંધ જાણવો. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિક ને નૈરયિકની પેઠે સમજવું, મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! તે (પૂર્વોક્ત) સત્યાવીશ ભાંગા કહેવા. મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા નૈરયિકો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! બધા ય જીવો સાત પ્રકૃતિઓ બાંધે. ૧ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધે અને (એક) આઠ પ્રકૃતિ બાંધે. ૨ અથવા (ઘણા) સાત પ્રકૃતિઓ બાંધે અને આઠ પ્રકૃતિઓ બાંધનારા હોય. એ પ્રયાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ મનુષ્યને જીવોની પેઠે સમજવું. ॥૧૪॥૫૯૬॥*

(ટી૦) હવે પ્રાણાતિપાતની વિરતિવાળાને કર્મ બંધ થાય છે કે નથી થતો? થાય છે અને નથી પણ થતો. એજ બાબત પ્રશ્નના સૂત્રપૂર્વક કહે છે–'**पाणाइवायविरए णं भंते**'–પ્રાણાતિપાતની વિરતિવાળો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? ઇત્યાદિ સૂત્ર સુગમ છે. બહુવચનમાં પણ પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્રમાં ૧ બધા ય જીવો સાત પ્રકૃતિના બાંધનારા અને એક પ્રકૃતિના બાંધનારા હોય. અહીં પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અને અનિવૃત્તિબાદરસંપરાય સાત પ્રકૃતિઓ બાંધે છે. તેમાં પ્રમત્ત અને અપ્રમત્ત આયુષ્યના બન્ધનકાળે આઠ પ્રકૃતિઓ બાંધે છે. કારણ કે તે આયુષ્યનો પણ બંધ કરે છે. અને આયુષ્યનો બન્ધ કદાચિત્ હોય છે, તેથી કોઇ કાળે સર્વથા પણ ન હોય માટે પ્રમત્ત અને અપ્રમત્ત હમેશાં ઘણા હોય છે. અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદર કદાચિત્ ન પણ હોય. કારણ કે આગમમાં તેઓનો વિરહ પણ કહેલો છે. એક પ્રકૃતિ બાંધનારા ઉપશાન્તમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવલી છે, તેમાં ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ કદાચિત્ હોય અને કદાચિત્ ન હોય. કારણ તેઓનું અન્તર પણ સંભવે છે. સયોગી કેવલી હમેશાં હોય છે, કારણ કે તેઓ અન્ય અન્ય ક્ષેત્રમાં હોવાથી તેઓનો વિચ્છેદ થતો નથી. તેથી સાત પ્રકૃતિના બન્ધ કરનારા અને એક પ્રકૃતિના બંધ કરનારા ઘણા અવસ્થિત હોય છે. એમ આઠ પ્રકૃતિના બન્ધ કરનારા વગરેના અભાવમાં પ્રથમ ભંગ થાય છે. અથવા સાત પ્રકૃતિના બાંધનારા અને એક પ્રકૃતિના બાંધનારા ઘણા હોય છે અને એક આઠ પ્રકૃતિનો બાંધનાર હોય છે–એ બીજો ભંગ. આઠ પ્રકૃતિ બાંધનારા ઘણા હોય ત્યારે ત્રીજો ભાંગો. છ પ્રકૃતિના બંધ કરનારા પણ કદાચ હોય અને કદાચ ન હોય, કારણ કે

તેઓનો ઉત્કૃષ્ટ છ માસનો વિરહ હોય છે. જ્યારે તેઓ હોય છે ત્યારે પણ જઘન્યપદે એક અથવા બે અને ઉત્કૃષ્ટ પદે એકસો આઠ હોય છે. તેથી આઠ પ્રકૃતિને બાંધનારા ન હોય ત્યારે ષડ્વિધબન્ધક પદ વડે પણ બે ભાંગા થાય છે. અબન્ધક અયોગી કેવલી હોય છે અને તે પણ કદાચિત્ હોય અને કદાચિત્ ન હોય. કારણ કે તેઓનો પણ ઉત્કૃષ્ટ છ માસનો વિરહ હોય છે, જ્યારે તેઓ હોય છે ત્યારે જઘન્ય પદે એક, બે અને ઉત્કૃષ્ટપદે એકસો આઠ હોય છે. તેથી આઠ પ્રકૃતિને બાંધનારા ન હોય ત્યારે અબન્ધક પદ વડે પણ બે ભાંગા થાય છે. એ પ્રમાણે એક પહેલો ભાંગો અને એક એકના સંયોગે છ બીજા ભાંગાઓ–એમ બધા મળી સાત ભાંગા થાય છે. હવે દ્વિકસંયોગી ભાંગા બતાવાય છે–તેમાં સપ્તવિધબંધક અને એકવિધબન્ધક અવસ્થિત છે. કારણ કે બન્ને હમેશાં ઘણાં હોય છે. તેથી પ્રત્યેક અષ્ટવિધબન્ધક પદ અને ષડ્વિધબન્ધકપદમાં એકવચન રૂપ પહેલો ભાંગો. અષ્ટવિધબન્ધક પદમાં એકવચન અને ષડ્વિધબન્ધકપદના બહુવચનરૂપ બીજો ભાંગો. એ બે ભાંગા અષ્ટવિધબન્ધક પદના એક વચન વડે થાય છે અને એજ બે ભાંગા બહુવચન વડે થાય છે. એમ ચાર ભાંગા થયા, એમજ ચાર ભાંગા અષ્ટવિધબન્ધક અને અબન્ધક પદ વડે જાણવા. એ પ્રમાણે ચાર ભાંગા ષડ્વિધબન્ધક અને અબન્ધક પદ વડે જાણવા. બધા મળી દ્વિકસંયોગના બાર ભાંગા થાય છે. અષ્ટવિધબન્ધક અને અબન્ધકરૂપ ત્રણ પદના સંયોગે પ્રત્યેકના એકવચન અને બહુવચન વડે આઠ ભાંગા થાય છે. સર્વ મળી સત્યાવિશ ભાંગા થાય છે. અહીં અન્ય શંકા કરે છે—વિરતિવાળાને કેમ બંધ થાય? કારણ કે વિરતિ બંધનો હેતુ નથી, જો વિરતિ પણ બંધનો હેતુ થાય તો મોક્ષના અભાવનો પ્રસંગ થાય. કારણ કે મોક્ષનો કોઇ ઉપાય નથી. તેનો ઉત્તર એ છે કે વિરતિ બન્ધનો હેતુ નથી, પરન્તુ વિરતિવાળાને જે કષાય અને યોગો છે તે બન્ધનું કારણ છે. તે આ પ્રમાણે–સામાયિક, છેદોપસ્થાન અને પરિહારવિશુદ્ધિક ચારિત્રમાં પણ જે ઉદયને પ્રાપ્ત થયેલા સંજ્વલનરૂપ કષાયો અને યોગો છે તેથી વિરતિવાળાને પણ દેવાયુષ્ય વગેરે શુભપ્રકૃતિઓનો કષાય અને યોગનિમિત્તક બન્ધ થાય છે. જેમ પ્રાણાતિપાતની વિરતિવાળાને સત્યાવિશ ભાંગા કહ્યા, તેમ મૃષાવાદની વિરતિવાળાને, યાવત્ માયામૃષાની વિરતિવાળાને જાણવા.

મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળાને આશ્રયી સૂત્ર કહે છે—**"मिच्छादंसणसल्लविरएणं !"**–મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે!—ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરન્તુ તેઓ સપ્તવિધબન્ધક, અષ્ટવિધબન્ધક, ષડ્વિધબન્ધક એકવિધબન્ધક અને અબન્ધક હોય છે. મિથ્યાદર્શનશલ્યની વિરતિ અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અયોગી કેવલી સુધી હોય છે. નૈરયિકાદિ ચોવીશ દંડકના વિચારમાં મનુષ્ય સિવાય બાકીના બધા સ્થાનોમાં સપ્તવિધબન્ધક કે અષ્ટવિધબન્ધક હોય છે, પણ ષડ્વિધબન્ધકાદિ હોતા નથી, કારણ કે તેઓને શ્રેણિની પ્રાપ્તિનો અસંભવ છે. જેમ જીવપદમાં કહ્યું તેમ મનુષ્યપદમાં કહેવું. કારણ કે મનુષ્યોમાં સર્વભાવનો સંભવ છે. હવે બહુવચન વડે આ સંબન્ધે સૂત્ર કહે છે—**'मिच्छादंसणसल्लविरया णं भंते जीवा'**—મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? ઇત્યાદિ. અહીં પણ પૂર્વે કહેલા તેજ સત્યાવીશ ભાંગા જાણવા. નૈરયિકપદમાં ત્રણ ભાંગા હોય છે. તેમાં બધા સાત કર્મને બાંધનારા હોય–એ પ્રથમ ભંગ, આ ભાંગો જ્યારે એક પણ આઠ પ્રકૃતિઓ બાંધનાર ન હોય ત્યારે હોય છે. જ્યારે એક નૈરયિક આઠ પ્રકૃતિઓનો બંધ કરે ત્યારે ઘણા સાત પ્રકૃતિ બાંધનારા અને એક આઠ પ્રકૃતિ બાંધનાર હોય એ બીજો ભાંગો, જ્યારે આઠ પ્રકૃતિ બાંધનારા ઘણા હોય ત્યારે ઘણા સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય એ ત્રીજો ભાંગો. એમ ત્રણ ભાંગા વૈમાનિક સૂત્ર સુધી જાણવા. પરન્તુ મનુષ્યપદમાં સત્યાવીશ ભાંગા જેમ જીવપદમાં કહ્યા તેમ કહેવા. ॥૧૪॥૫૯૬॥

## ।। पावट्ठाणविरएसु जीवाईसु किरियाभेय परूवणं ।।

**पाणाइवायविरयस्स णं भंते! जीवस्स किं आरंभिया किरिया कज्जति, "[1]जाव मिच्छादंसणवत्तिया किरिया कज्जति?" गोयमा! पाणाइवायविरयस्स जीवस्स आरंभिया किरिया सिय कज्जति, सिय नो कज्जति। पाणाइपातविरयस्स णं भंते! जीवस्स पारिग्गहिया किरिया कज्जति? गोयमा! णो इणट्ठे समट्ठे।**

૧. " " આ ચિન્હવાળા પાઠને મ.વિ.વાળા પન્નવણા સૂત્રમાં અસંગત માનેલ છે.

**पाणाइवायविरयस्स णं भंते! जीवस्स मायावत्तिया किरिया कज्जति? गोयमा! सिय कज्जति, सिय नो कज्जति। पाणातिपातविरयस्स णं भंते! जीवस्स अपच्चक्खाणवत्तिया किरिया कज्जति? गोयमा! णो इणट्ठे समट्ठे। मिच्छादंसणवत्तियाए पुच्छा। गोयमा! णो इणट्ठे समट्ठे। एवं पाणाइवायविरयस्स मणूसस्स वि, एवं जाव मायामोसविरयस्स जीवस्स मणूसस्स य। मिच्छादंसणसल्लविरयस्स णं भंते! जीवस्स किं आरंभिया किरिया कज्जति, जाव मिच्छादंसणवत्तिया किरिया कज्जति? गोयमा! मिच्छादंसणसल्लविरतस्स जीवस्स आरंभिया किरिया सिय कज्जति, सिय णो कज्जइ, एवं जाव अपच्चक्खाणकिरिया [सिय कज्जति सिय नो कज्जति]। मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ। मिच्छादंसणसल्लविरयस्स णं भंते! णेरइयस्स किं आरंभिया किरिया कज्जति जाव मिच्छादंसणवत्तिया किरिया कज्जइ? गोयमा! आरंभिया वि किरिया कज्जति, जाव अपच्चक्खाणकिरिया वि कज्जइ, मिच्छादंसणवत्तिया किरिया नो कज्जइ। एव जाव थणियकुमारस्स। मिच्छादंसणसल्लविरयस्स णं भंते! पंचिंदियतिरिक्खजोणियस्स एवमेव पुच्छा। गोयमा! आरंभिया किरिया कज्जइ जाव मायावत्तिया किरिया कज्जइ, अपच्चक्खाणकिरिया सिय कज्जइ, सिय णो कज्जइ, मिच्छादंसणवत्तिया किरिया णो कज्जति। मणूसस्स जहा जीवस्स। वाणामंतरजोइसियवेमाणियाणं जहा नेरइयस्स।।सू०-१५।।५९७।।**

*(મૂ૦) હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને શું આરંભિકી ક્રિયા હોય? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય? હે ગૌતમ! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને કદાચ આરંભિકી ક્રિયા હોય અને કદાચ ન હોય. હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને પરિગ્રહિકી ક્રિયા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને માયાપ્રત્યયિકી ક્રિયા હોય? હે ગૌતમ! કદાચ હોય અને કદાચ ન હોય. હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને અપ્રત્યાખ્યાન પ્રત્યયિકી ક્રિયા હોય? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય એમ પૃચ્છા કરવી. હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી.. એમ પ્રાણાતિપાતની વિરતિવાળા મનુષ્યને પણ જાણવું. એ પ્રમાણે યાવત્ માયામૃષાવાદની વિરતિવાળા જીવને અને મનુષ્યને સમજવું. હે ભગવન્! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવને શું આરંભિકી ક્રિયા હોય? યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય? હે ગૌતમ! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાલા જીવને આરંભિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. એ પ્રમાણે યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા જાણવી. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. હે ભગવન્! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા નૈરયિકને શું આરંભિકી ક્રિયા હોય? યાવત્–મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય? હે ગૌતમ! આરંભિકી ક્રિયા હોય, યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા પણ હોય. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. એમ યાવત્ સ્તનિતકુમારને જાણવું. હે ભગવન્! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા પંચેન્દ્રિય તિર્યંચને એમજ પૃચ્છા કરવી. હે ગૌતમ! આરંભિકી ક્રિયા હોય. માયાપ્રત્યયિકી ક્રિયા હોય. અપ્રત્યાખ્યાન ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા ન હોય. મનુષ્યને જીવની પેઠે જાણવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકને નૈરયિકની જેમ કહેવું. ॥૧૫॥૫૯૭॥*

(ટી૦) હવે આરંભિકી આદિ ક્રિયાઓમાં કઇ ક્રિયા પ્રાણાતિપાતની વિરતિવાળાને હોય તેનો વિચાર કરે છે–'**पाणाइवायविरयस्स णं भंते!**'–હે ભગવન્! પ્રાણાતિપાતની વિરતિવાળા જીવને આરંભિકી ક્રિયા હોય કે યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા હોય ઇત્યાદિ. આરંભિકી ક્રિયા કદાચ હોય અને કદાચ ન હોય. પ્રમત્તસંયતને હોય અને બાકીનાને ન હોય. પરિગ્રહિકી ક્રિયા ન હોય, કારણ કે તેઓ પરિગ્રહથી સર્વથા નિવૃત્ત થયેલા છે. જો એમ ન હોય તો સમ્યક્ પ્રાણાતિપાતની વિરતિ ન ઘટે. માયા પ્રત્યયિકી કદાચ હોય અને કદાચ ન હોય. **કારણ કે માયાપ્રત્યયિકી અપ્રમત્તને પણ કદાચિત્ પ્રવચનની મલિનતાનું રક્ષણ કરવા માટે હોય છે, બીજા કાળે ન હોય.** અપ્રત્યાખ્યાન ક્રિયા અને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા સર્વથા ન હોય. કારણ કે તે હોય તો

પ્રાણાતિપાતની વિરતિનો સંભવ ન હોય. પ્રાણાતિપાતની વિરતિના બે પદ છે-જીવ અને મનુષ્ય. તેમાં જેમ સામાન્ય જીવને આશ્રયી કહ્યું છે તેમ મનુષ્યને આશ્રયી કહેવું. એ પ્રમાણે સૂત્રકાર કહે છે—"एवं पाणाइवायविरयस्स मणूसस्स वि" એમ પ્રાણાતિપાતની વિરતિવાળા મનુષ્યને પણ કહેવું. એમ માયામૃષાની વિરતિવાળા જીવ અને મનુષ્યને કહેવું. મિથ્યાદર્શન શલ્યની વિરતિવાળા જીવને આશ્રયી સૂત્ર—'मिच्छादंसणसल्लविरयस्स णं भंते जीवस्स'–હે ભગવન્! મિથ્યાદર્શનશલ્યની વિરતિવાળા જીવને શું આરંભિકી ક્રિયા હોય કે માયાપ્રત્યયિકી ક્રિયા હોય? ઇત્યાદિ. આરંભિકી કદાચ હોય અને કદાચ ન હોય. પ્રમત્તસંયત સુધી હોય અને બાકીના ને ન હોય એ ભાવાર્થ છે. **પરિગ્રહિકી ક્રિયા દેશવિરતિ સુધી હોય છે પછી હોતી નથી**. માયાપ્રત્યયિકી ક્રિયા પણ અનિવૃતિ બાદરસંપરાય સુધી હોય છે, પછી ન હોય, અપ્રત્યાખ્યાનક્રિયા પણ અવિરતિસમ્યગ્દષ્ટિ સુધી હોય પછી ન હોય. તેથી એ ક્રિયાઓને આશ્રયી પણ 'सिय कज्जइ, सिय नो कज्जइ' કદાચ હોય અને કદાચ ન હોય-એમ કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'एवं जाव अपच्चक्खाणकिरिया'–એ પ્રમાણે યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા સુધી જાણવું. મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાનો નિષેધ કરવો. કારણ કે તેનો મિથ્યાદર્શનની વિરતિવાળાને અસંભવ છે. ચોવીશ દંડકના વિચારમાં નૈરયિકથી આરંભી સ્તનિતકુમાર સુધીના જીવને ચાર ક્રિયાઓ કહેવી. અને મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાનો નિષેધ કરવો. તિર્યંચ પંચેન્દ્રિયને આદિની ત્રણ ક્રિયાઓ અવશ્ય કહેવી. અને અપ્રત્યાખ્યાન ક્રિયા ભજનાએ (વિકલ્પે) જાણવી. તે દેશવિરતિને ન હોય, બાકીનાને હોય. મિથ્યાદર્શન ક્રિયાનો નિષેધ કરવો. મનુષ્યને સામાન્ય જીવની પેઠે કહેવું અને વ્યન્તરાદિને નૈરયિકની જેમ જાણવું. ॥૧૫॥૫૯૭॥

**एयासि णं भंते! आरंभियाणं जाव मिच्छादंसणवत्तियाण य कतरे कतरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवाओ मिच्छादंसणवत्तियाओ किरियाओ, अपच्चक्खाणकिरियाओ विसेसाहियाओ, परिग्गहियाओ विसेसाहियाओ, आरंभियाओ किरियाओ विसेसाहियाओ, मायावत्तियाओ विसेसाहियाओ।।** सू०-१६।।५९८।।

**पण्णवणाए भगवईए बावीसइमं किरियापयं समत्तं ।**

*(મૂ૦) હે ભગવન્! એ આરંભિકી ક્રિયા, યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાઓમાં કઇ ક્રિયા કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક હોય? હે ગૌતમ! સૌથી થોડી મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા હોય છે. તેથી અપ્રત્યાખ્યાન ક્રિયા વિશેષાધિક છે, તેથી પરિગ્રહિકી ક્રિયાઓ વિશેષાધિક છે, તેથી આરંભિકી ક્રિયાઓ વિશેષાધિક છે તેથી માયાપ્રત્યયિકી ક્રિયાઓ વિશેષાધિક છે. ॥૧૬॥૫૯૮॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં બાવીશમું ક્રિયાપદ સમાપ્ત.*

(ટી૦) હવે આજ આરંભિકી વગેરે ક્રિયાઓનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે—'**एयासि णं भंते**'–હે ભગવન્! એ આરંભિકી, યાવત્ મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયાઓમાં કોણ કોનાથી અલ્પ છે–ઇત્યાદિ. સૌથી થોડી મિથ્યાદર્શનપ્રત્યય ક્રિયા છે, કારણ કે મિથ્યાદષ્ટિને જ હોય છે. તેથી અપ્રત્યાખ્યાન ક્રિયા વિશેષાધિક છે, કારણ કે તે અવિરતિસમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને હોય છે. તેથી પણ પરિગ્રહિકી ક્રિયા વિશેષાધિક છે, કારણ કે તે દેશવિરતિવાળા અને તેની પૂર્વનાને હોય છે. તેથી આરંભિકી ક્રિયા વિશેષાધિક છે, કારણ કે તે પ્રમત્તસંયત અને તેની પહેલાના જીવને હોય છે. તેથી પણ માયાપ્રત્યયિકી ક્રિયા વિશેષાધિક છે, કારણ કે અપ્રમત્ત સંયતને પણ હોય છે. ॥૧૬॥૫૯૮॥

પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં બાવીશમું ક્રિયાપદ સમાપ્ત.

## ।। तेविसइमं कम्मपयडीपयं पद ।।

## ।। पढमो उद्देसो अत्थाहिगारा ।।

**[1]कति पगडी [2]कह बन्धति [3]कइहि वि ठाणेहिं बन्धए जीवो। [4]कति वेदेइ य पयडी [5]अणुभावो कइविहो कस्स।।**

## ।। कतिपयडी दारं ।।

**कति णं भंते! कम्मपगडीओ पण्णत्ताओ? गोयमा! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ। तं जहा--णाणावरणिज्जं १, दंसणावरणिज्जं २,वेदणिज्जं ३, मोहणिज्जं ४, आउयं ५, णामं ६, गोयं ७, अंतराइयं ८। णेरइयाणं भंते कति कम्मपगडीओ पन्नत्ताओ? गोयमा! एवं चेव, एवं जाव वेमाणियाणं १ ।।सू०-१।।५९९।।**

### તેવીશમું કર્મપ્રકૃતિ પદ પ્રથમ ઉદ્દેશક

*(મૂ૦) ૧ કેટલી કર્મપ્રકૃતિઓ છે? ૨ જીવ કેવી રીતે બાંધે છે? ૩ કેટલા સ્થાને બાંધે છે? ૪ કેટલી પ્રકૃતિઓ વેદે છે? ૫ કયા કર્મનો કેટલા પ્રકારનો અનુભાવ (વિપાક) છે? એટલા દ્વારો આ ઉદ્દેશકમાં કહેવાના છે. હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તે આ પ્રમાણે-૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર ૮ અને અંતરાય. હે ભગવન્! નૈરયિકોને કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ! એ પ્રમાણે (આઠ કર્મ પ્રકૃતિઓ) કહી છે. એમ વૈમાનિકો સુધી કહેવું. ।।૧।।૫૯૯।।*

(ટી૦) એ પ્રમાણે બાવીશમું ક્રિયાપદ કહ્યું. હવે તેવીશમાં પદનો પ્રારંભ થાય છે. એનો સંબન્ધ આ પ્રમાણે છે—અહિં પૂર્વના પદમાં નારકાદિ ગતિના પરિણામ વડે પરિણત થયેલા જીવોના પ્રાણાતિપાતાદિ ક્રિયાવિશેષનો વિચાર કર્યો, હવે તેઓના કર્મબન્ધાદિ પરિણામ વિશેષનો વિચાર કરવાનો છે. તેમાં પ્રથમ અધિકારોનું પ્રતિપાદન કરનારી આ દ્વાર ગાથા છે—'**कइ पगडी**' ઇત્યાદિ. કેટલી પ્રકૃતિઓ છે-ઇત્યાદિ સંબન્ધે પ્રથમ અધિકાર, તથા કયા પ્રકારે તે પ્રકૃતિઓ બાંધે છે-એ વિષે બીજો અધિકાર, કેટલા સ્થાનોએ બાંધે છે-એ ત્રીજો અધિકાર, કેટલી પ્રકૃતિઓ વેદે છે-એ ચોથો અધિકાર, અને કયા કર્મનો કેટલા પ્રકારનો અનુભવ-વિપાક છે-એ પાંચમો અધિકાર. તેમા પ્રથમ અધિકારનું નિરુપણ કરવા માટે સૂત્રકાર કહે છે—'**कति णं भंते कम्मपगडीओ पण्णत्ताओ**' ઇતિ. ક્રિયાપદમાં 'કેટલી કર્મપ્રકૃતિઓ છે' એ કહેલું છે, તો અહીં શા માટે પ્રકૃતિઓની સંખ્યા સંબન્ધે ફરીથી પ્રશ્ન કરે છે? વિશેષતા જણાવવા માટે આ પ્રશ્ન છે અને તે વિશેષતા આ પ્રમાણે છે—પૂર્વે જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતો કેટલી ક્રિયાઓ વડે જોડાય છે-એમ કહ્યું છે, ક્રિયાઓ પ્રાણાતિપાતનું કારણ છે, પ્રાણાતિપાત જ્ઞાનાવરણીયાદિ કર્મબન્ધનું બાહ્ય કારણ છે અને કર્મબન્ધ કાર્ય છે. અહીં તો જ્ઞાનાવરણીય કર્મ જ કર્મબન્ધનુ આન્તર કારણ છે-એ પ્રતિપાદન કરવાનું છે. અહીં ભગવન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તેજ પ્રકૃતિઓના નામનો ઉચ્ચાર કરીને દર્શાવે છે—જ્ઞાનાવરણીયં, દર્શનાવરણીયં' ઇત્યાદિ. **ज्ञायते अनेन**-જે વસ્તુ જણાય-પરિચ્છેદ કરાય તે જ્ઞાન એટલે સામાન્ય વિશેષાત્મક વસ્તુમાં વિશેષને ગ્રહણ કરવારૂપ બોધ. **आव्रियते अनेन**-જે વડે આચ્છાદન કરાય-ઢંકાય તે આવરણ. અહીં કરણના અર્થમાં '**अनीय**' પ્રત્યય થયો છે. જ્ઞાનનું આચ્છાદન કરનાર કર્મ તે જ્ઞાનાવરણીય. **दृश्यते अनेन**-જે વડે દેખાય તે દર્શન-સામાન્ય-વિશેષાત્મક વસ્તુમાં સામાન્યને ગ્રહણ કરવા રૂપ બોધ. કહ્યું છે કે—

"जं सामन्नग्गहणं भावाणं नेव कट्टु आगारं । अविसेसिऊण अत्थे दंसणमिह वुच्चए समये" ॥

ભાવ-પદાર્થોના આકાર સિવાય અર્થોની વિશેષતા ગ્રહણ કર્યા સિવાય સામાન્યનું ગ્રહણ કરવું તે સિદ્ધાન્તમાં દર્શન કહેવાય છે. તેનું આવરણભૂત કર્મ તે દર્શનાવરણીય. વેદ્યતે યદ્-જે સુખાદિ સ્વરૂપે વેદાય-અનુભવાય તે વેદનીય. અહીં કર્મ કારકના અર્થમાં '**अनीय**' પ્રત્યય થયો છે. જો કે બધાં કર્મ વેદાય છે તો પણ વેદનીય શબ્દ પંકજાદિ શબ્દની પેઠે રૂઢ-રૂઢિનો વિષય

હોવાથી સાતા અને અસાતા રૂપ કર્મ જ વેદનીય કહેવાય છે, બીજાં કર્મ કહેવાતા નથી. **मोहयति**–આત્માને સત્ અને અસત્‌ના વિવેકથી રહિત કરે તે મોહનીય. અહીં કર્તાના અર્થમાં '**अनीय**' પ્રત્યય થયો છે. '**एति–आगच्छति प्रतिबन्धकताम्**'—પોતે કરેલા કર્મ વડે બાંધેલી નરકાદિ દુર્ગતિથી નીકળવાની ઇચ્છાવાળા પ્રાણીને પ્રતિબન્ધકપણાને પામે તે આયુષ્ય. અથવા **आ–समन्तात् एति**–એક ભવથી બીજા ભવમાં ગમન કરતાં વિપાકોદયને પ્રાપ્ત થાય તે આયુષ્ય. બન્ને સ્થળે પણ ઔણાદિક ઉસ્ પ્રત્યય થયો છે, **नामयति**–ગત્યાદિ પર્યાયનો અનુભવ કરવામાં જીવને નમાવે, તત્પર કરે તે નામ કર્મ. **गूयते–शब्द्यते**–અનેક પ્રકારના ઉચ્ચ–નીચ શબ્દ વડે બોલાવાય તે ગોત્ર–ઉચ્ચ અને નીચ કુલમાં ઉત્પન્ન થવારૂપ પર્યાય, તે વિપાક વડે વેદવા લાયક કર્મ પણ કાર્યમાં કારણના ઉપચારથી ગોત્ર કહેવાય છે. અથવા **गूयतेऽस्मात्**–કર્મની અપાદાન તરીકે વિવક્ષા કરી છે. એટલે જે કર્મના ઉદયથી ઉચ્ચ–નીચ શબ્દ વડે આત્માને બોલાવાય તે ગોત્ર. **जीवं च दानादिकं च अन्तरा एति**—જીવ અને દાનાદિકનું અન્તર પાડવા માટે પ્રાપ્ત થાય તે અન્તરાય. તે દાનાદિ કરવાને તત્પર થયેલાં જીવને પ્રતિબંધ કરનાર છે.

(પ્ર૦)—આ પ્રમાણે ક્રમપૂર્વક જ્ઞાનાવરણીયાદીના કથનમાં કંઇપણ પ્રયોજન છે? અથવા પ્રયોજન સિવાય યથાકથંચિત્ આ ક્રમ પ્રવૃત્ત થયો છે?

(ઉ૦)— 'પ્રયોજન છે' એમ અમે કહીએ છીએ. શું પ્રયોજન છે? તે દર્શાવે છે–અહીં જ્ઞાન અને દર્શન જીવનું સ્વરુપ છે. કારણ કે તેના અભાવમાં જીવત્વનો જ અસંભવ છે. ચેતના એ જીવનું લક્ષણ છે, તેથી તે જ્ઞાન અને દર્શનના અભાવમાં કેમ હોય? જ્ઞાન અને દર્શનમાં પણ જ્ઞાન પ્રધાન છે. કારણ કે તેનાથી જ સર્વ શાસ્ત્રાદિના વિચારની પરંપરા પ્રવર્તે છે. વળી સર્વ લબ્ધિઓ પણ સાકાર ઉપયોગવાળા જીવને ઉત્પન્ન થાય છે, પણ દર્શનોપયોગવાળાને ઉત્પન્ન થતી નથી. '**सव्वाओ लद्धीओ सागारोवओवउत्तस्स, न अणागारोवओवउत्तस्स**'—સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગ વાળાને પ્રાપ્ત થાય છે, પણ અનાકાર ઉપયોગવાળાને થતી નથી–એક શાસ્ત્રનું વચન પ્રમાણરૂપ છે. વળી જે સમયે જીવ સર્વ કર્મથી મુક્ત થાય છે તે સમયે જ્ઞાનોપયોગવાળો હોય છે, પણ દર્શનોપયોગવાળો હોતો નથી. કારણ કે તેને બીજે સમયે દર્શનોપયોગ હોય છે. તેથી જ્ઞાન પ્રધાન છે માટે તેનું આચ્છાદન કરનાર જ્ઞાનાવરણીય તેનાથી પ્રથમ કહ્યું છે, અને ત્યાર પછી દર્શનાવરણીય કર્મ કહ્યું છે. કારણ કે જ્ઞાનોપયોગથી પડીને જીવ દર્શનોપયોગમાં આવે છે. એ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય પોતાનો વિપાક દેખાડતા યથાયોગ્યપણે અવશ્ય સુખદુઃખરૂપ વેદનીય કર્મના વિપાકનું નિમિત્ત થાય છે. તે આ પ્રમાણે—અત્યન્ત ઉપચિત થયેલા જ્ઞાનાવરણ કર્મને વિપાકથી અનુભવતા, સૂક્ષ્મ અને સૂક્ષ્મતર વસ્તુનો વિચાર કરવાને પોતાને અસમર્થ માનતા ઘણા માણસો ખેદ પામે છે. અને જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી બુદ્ધિની પટુતાયુક્ત થઇ સૂક્ષ્મ, સૂક્ષ્મતર વસ્તુને પોતાની પ્રજ્ઞાથી જાણતા અને ઘણા માણસોથી પોતાને શ્રેષ્ઠ માનતા સુખ વેદે છે. અતિગાઢ દર્શનાવરણના વિપાકોદયથી જન્માન્ધપણું વગેરે ઘણું દુઃખ અનુભવે છે. દર્શનાવરણ કર્મના ક્ષયોપશમ જન્ય પટુતાયુક્ત પ્રાણી સ્પષ્ટ ચક્ષુ વગેરે ઇન્દ્રિયો સહિત યથાર્થપણે વસ્તુને જોતો પ્રમોદને અનુભવે છે તેથી એ અર્થને જાણવા માટે દર્શનાવરણીય કર્મ પછી વેદનીય કર્મનું ગ્રહણ કર્યુ છે. વેદનીય કર્મ ઇષ્ટ અને અનિષ્ટ વિષયના સંબન્ધથી સુખ–દુઃખ ઉત્પન્ન કરે છે. તેથી ઇષ્ટ અને અનિષ્ટ વિષયના સંબન્ધથી સંસારીને અવશ્ય રાગ–દ્વેષ થાય છે અને રાગ–દ્વેષ મોહનીયનિમિત્તક છે. એ અર્થને જણાવવા વેદનીય પછી મોહનીય કર્મનું ગ્રહણ કર્યું છે. મોહનીય કર્મ વડે મૂઢ થયેલા પ્રાણીઓ બહુઆરંભ અને પરિગ્રહાદિમાં આસક્ત થઇ નરકાદિનું આયુષ્ય બાંધે છે તેથી મોહનીય કર્મની પછી આયુષ્ય કર્મનું ગ્રહણ કર્યું છે. નારકાદિ આયુષ્યના ઉદયમાં અવશ્ય નરકગત્યાદિ નામ કર્મ ઉદયમાં આવે છે. તેથી આયુષ્યકર્મના પછી નામકર્મનું ગ્રહણ કર્યું છે. નામકર્મના ઉદયમાં અવશ્ય ઉચ્ચ કે નીચ ગોત્ર કર્મનો વિપાકોદય પ્રાપ્ત થાય છે માટે નામકર્મ પછી ગોત્ર કર્મનું કથન કર્યું છે. ગોત્રકર્મના ઉદયમાં ઉચ્ચ ગોત્રમાં ઉત્પન્ન થયેલાને પ્રાયઃ દાન–લાભાન્તરાયાદિનો ઉપશમ હોય છે, કારણ કે રાજા પ્રમુખને અધિકપણે દાન–લાભાદિ જોવામાં આવે છે. નીચકુળમા ઉત્પન્ન થયેલાને દાન–લાભાન્તરાયાદિનો ઉદય હોય છે. કારણ કે અન્ત્યજ જાતિમાં તે પ્રમાણે જોવામાં આવે છે. તેથી એ અર્થનું ગ્રહણ કરવા માટે ગોત્ર પછી અન્તરાય કર્મ કહ્યું છે. એ પ્રમાણે પ્રથમ

દ્વાર કહેવામાં આવ્યું. ॥૧॥૫૯૯॥

## ॥ कहबंधति दारं ॥

**कहण्णं भंते! जीवे अट्ठ कम्मपगडीओ बन्धति? गोयमा! णाणावरणिज्जस्स कम्मस्स उदएणं दरिसणावरणिज्जं कम्मं णियच्छति, दरिसणावरणिज्जस्स कम्मस्स उदएणं दंसणमोहणिज्जं कम्मं णियच्छति, दंसणमोहणिज्जस्स कम्मस्स उदएणं मिच्छत्तं नियच्छति, मिच्छत्तेणं उदिण्णेणं[१] गोयमा! एवं खलु जीवो अट्ठ कम्मपगडीओ बन्धइ। कहण्णं भंते! नेरइए अट्ठ कम्मपगडीओ बन्धति! गोयमा! एवं चेव, एवं जाव वेमाणिए। कहण्णं भंते! जीवा अट्ठ कम्मपगडीओ बन्धति? गोयमा! एवं चेव, जाव वेमाणिया ।।सू०-२।।६००।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ કેવી રીતે આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે? હે ગૌતમ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી દર્શનાવરણીય કર્મનો ઉદય થાય છે. દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શનમોહનીય કર્મનો ઉદય થાય છે, દર્શનમોહનીય કર્મના ઉદયથી મિથ્યાત્વનો ઉદય થાય છે અને મિથ્યાત્વના ઉદયથી હે ગૌતમ! એ પ્રમાણે ખરેખર જીવ આઠ કર્મ પ્રકૃતિઓ બાંધે છે. હે ભગવન્! નૈરયિક આઠ કર્મપ્રકૃતિઓ કેમ બાંધે? હે ગૌતમ! એમજ જાણવું. એ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્! જીવો આઠ કર્મપ્રકૃતિઓ કેમ બાંધે? એમજ બાંધે છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. ॥૨॥૬૦૦॥*

(ટી૦) હવે એ આઠ પ્રકૃતિઓ કેવી રીતે બાંધે–એ બીજાદ્વારનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—'**कहं णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! **कथं**–કયા પ્રકારે જીવ આઠ કર્મ પ્રકૃતિઓ બાંધે? ભગવાન્ ઉત્તર આપે છે–ગૌતમ! જ્ઞાનાવરણીયના કર્મના ઉદય વડે દર્શનાવરણ કર્મ '**नियच्छति**'–નિશ્ચિત–અવશ્ય નિર્ગચ્છતિ–પ્રાપ્ત થાય છે; એટલે તે વિશિષ્ટ ઉદયને પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ છે કે ઉત્કૃષ્ટ જ્ઞાનાવરણીય કર્મને ઉદય વડે અનુભવ કરતો દર્શનાવરણીય કર્મને ઉદય વડે વેદે છે. કારણ કે જેઓનું અન્તઃકરણ કુજ્ઞાન વડે વાસિત છે એવા શૂન્યવાદી પ્રમુખ અન્યતીર્થિકો વિપરીત દૃષ્ટિવાળા જણાય છે.[૧] દર્શનાવરણીયકર્મના ઉદય વડે દર્શનમોહનીયકર્મ '**निर्गच्छति**' વિપાકાવસ્થારૂપ ઉદય વડે પ્રાપ્ત થાય છે. તે દર્શનમોહનીયકર્મના ઉદયવડે મિથ્યાત્વનો ઉદય થાય છે. અને તેથી તે અતત્ત્વને તત્ત્વરૂપે અને તત્ત્વને અતત્ત્વરૂપે માને છે. મિથ્યાત્વના ઉદયથી જીવ આઠે કર્મપ્રકૃતિઓ બાંધે છે. '**खलु**' શબ્દ પ્રાયોવૃત્તિ બતાવવા માટે છે. એટલે ઉપર કહ્યા પ્રમાણે પ્રાયઃ જાણવું. જો એમ ન હોય તો કોઇ સમ્યગ્દષ્ટિ પણ આઠે કર્મ પ્રકૃતિઓ બાંધે છે, અને કોઇ સમ્યગ્દષ્ટિ બાંધતા પણ નથી. જેમકે સૂક્ષ્મસંપરાયાદિ ગુણસ્થાનકવર્તી જીવ કોઇપણ કર્મનો બંધ કરતો નથી, પણ તે પ્રકાર અહીં કહ્યો નથી. અહીં તાત્પર્યાર્થ આ છે–પૂર્વ કર્મના પરિણામના સામર્થ્યથી ઉત્તર કર્મ બંધાય છે. એ સંબંધે કહ્યું છે કે—

"जीवपरिणामहेऊ कम्मत्ता पोग्गला परिणमंति । पुग्गलकम्मनिमित्तं जीवो वि तहेव परिणमइ" ॥

જીવના પરિણામરૂપ નિમિત્તથી પુદ્ગલો કર્મપણે પરિણમે છે, અને પુદ્ગલ કર્મના નિમિત્તે જીવ પણ તે પ્રમાણે પરિણમે છે, ઉપર કહેલા અર્થનું ચોવીશ દંડકના ક્રમથી નિરૂપણ કરે છે—'**कहण्णं भंते! णेरइए**'–હે ભગવન્! નૈરયિક કયા પ્રકારે આઠ કર્મનો બંધ કરે? ઇત્યાદિ પાઠ સુગમ છે. એમ એકવચન વડે દંડક કહ્યો. હવે બહુવચનવડે દંડક કહે છે—'**कहण्णं भंते जीवा**'–હે ભગવન્! જીવો કયા પ્રકારે આઠ કર્મનો બંધ કરે? ઇત્યાદિ પાઠસિદ્ધ છે. એમ બીજું દ્વાર કહ્યું. ॥૨॥૬૦૦॥

---

૧ અહીં ટીકાકારનુ તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણીય કર્મના ઉદય સાથે નિયત દર્શનાવરણ કર્મનો ઉદય હોય છે. દર્શનાવરણના ઉદયની સાથે દર્શનમોહનીયનો નિયત ઉદય હોય છે, દર્શનમોહનીયકર્મના ઉદય વડે મિથ્યાત્વનો નિયત ઉદય હોય છે. અને મિથ્યાત્વનો ઉદય એ આઠે કર્મબન્ધનો હેતુ છે. અને મિથ્યાત્વના ઉદયનું કારણ દર્શનમોહનીય અને દર્શનમોહનીયના ઉદયનુ કારણ જ્ઞાનાવરણ-દર્શનાવરણ કર્મ છે. જેનો વિશેષાવબોધ વિપરીત હોય છે તેનો સામાન્ય અવબોધ પણ વિપરીત હોય છે. વિશેષાવબોધ અને સામાન્ય અવબોધના વિપર્યયથી દર્શનમોહનીયનો ઉદય થાય છે એટલે કે દર્શનમોહનીયના ઉદયમાં વિપરીત સામાન્યાવબોધ અને સામાન્યાવબોધના વિપર્યયમાં વિપરીત વિશેષાવબોધ હેતુ છે–કારણભૂત છે. લોકમાં પણ એમ જ જણાય છે કે કુજ્ઞાનવાસિત અન્તઃકરણવાળાને દર્શનમોહનીયનો ઉદય છે અને તેથી તેને જિનોક્ત તત્ત્વની રુચિ થતી નથી.

## ।। कतिठाणबंध दारं ।।

**जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं कतिहिं ठाणेहिं बंधति? गोयमा! दोहिं ठाणेहिं, तं जहा—रागेण य दोसेण य। रागे दुविहे पन्नत्ते, तं जहा—माया य लोभे य। दोसे दुविहे पन्नत्ते, तं जहा—कोहे य माणे य, इच्चेतेहिं चउहिं ठाणेहिं विरियोवग्गहिएहिं एवं खलु जीवे णाणावरणिज्जं कम्मं बन्धति, एवं णेरइए जाव वेमाणिए। जीवा णं भंते! णाणावरणिज्जं कम्मं कतिहिं ठाणेहिं बन्धन्ति? गोयमा! दोहिं ठाणेहिं एवं चेव, एवं णेरइया जाव वेमाणिया। एवं दंसणावरणिज्जं जाव अंतराइयं, एवं एते एगत्त-पोहत्तिया सोलस दंडगा ।।सू०-३।।६०१।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ કેટલા સ્થાનો વડે જ્ઞાનાવરણીય કર્મ બાંધે? હે ગૌતમ! બે સ્થાન વડે બાંધે. તે આ પ્રમાણે-રાગથી અને દ્વેષથી. રાગના બે પ્રકાર છે. તે આ પ્રમાણે-માયા અને લોભ. દ્વેષના બે પ્રકાર છે, તે આ પ્રમાણે-ક્રોધ અને માન. વીર્ય વડે યુક્ત થઇ ચાર સ્થાનકો વડે આ પ્રમાણે જીવ ખરેખર જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. એમ નૈરયિક યાવત્ વૈમાનિક સંબંધે જાણવું. હે ભગવન્! જીવો જ્ઞાનાવરણીય કર્મ કેટલા સ્થાનકો વડે બાંધે? હે ગૌતમ! બે સ્થાનકો વડે-બાંધે. ઇત્યાદિ એમજ જાણવું. એ પ્રમાણે નૈરયિકો યાવત્ વૈમાનિકો જાણવા. એમ દર્શનાવરણીય કર્મ યાવત્ અંતરાયકર્મ સંબંધે પણ જાણવું. એ પ્રમાણે એકવચન અને બહુવચનના સોળ દંડકો જાણવા. ।।૩।।૬૦૧।।*

(ટી૦) હવે જીવ કેટલા સ્થાનો વડે કર્મ બાંધે છ—એ ત્રીજું દ્વાર કહે છે-'जीवे णं भंते!' ઇત્યાદિ. હે ભગવન્! જીવ કેટલા સ્થાને જ્ઞાનાવરણીય કર્મ બાંધે? એ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—બે સ્થાનો વડે બાંધે છે. તે સ્થાનો નામના કથનપૂર્વક જણાવે છે—રાગ અને દ્વેષ વડે. આ રાગ અને દ્વેષનું સ્વરૂપ કેવું છે? ઉત્તર—રાગ પ્રીતિલક્ષણ છે અને અપ્રીતિરૂપ દ્વેષ છે. પ્રીતિ અને અપ્રીતિ રૂપ રાગદ્વેષ ક્રોધાદિથી અત્યંત ભિન્ન નથી, પરન્તુ તેઓનો તેમાં જ અન્તર્ભાવ થાય છે. અને તે અન્તર્ભાવ નયભેદથી વિચિત્ર છે. માટે શિષ્ય ઉપર ઉપકાર કરવા અહીં બતાવે છે—તેમાં સંગ્રહ નય માને છે કે ક્રોધ અપ્રીતિરૂપ પ્રસિદ્ધ જ છે. માન પણ બીજાના ગુણને નહિ સહન કરવારૂપ હોવાથી અપ્રીતિરૂપ છે. તેથી એ બન્ને અપ્રીતિરૂપ હોવાથી દ્વેષ છે, લોભ આસક્તિરૂપ હોવાથી પ્રીતિરૂપ સુપ્રસિદ્ધ છે. કોઇ વસ્તુની અભિલાષા કરતો મનુષ્ય બીજાને છેતરવારૂપ માયાને પણ આચરે છે. અને અભિલાષ પ્રીતિસ્વભાવવાળો છે માટે માયા પણ પ્રીતિરૂપ છે. તેથી એ બન્ને માયા અને લોભ પ્રીતિરૂપ હોવાથી રાગરૂપ છે. કહ્યું છે કે-

**"कोहं माणं चापीइजाइतो वेइ सङ्गहो दोसं । मायाए लोभेण य स पीइसामण्णतो रागं"॥**

સંગ્રહ નય ક્રોધ અને માનને અપ્રીતિની જાતિ હોવાથી દ્વેષ કહે છે અને માયા અને લોભની સાથે પ્રીતિનું સમાનપણું હોવાથી તેને રાગ કહે છે. અહીં ગાથાના ઉત્તરાર્ધની અક્ષરયોજના આ પ્રમાણે છે—માયા અને લોભની સાથે પ્રીતિજાતિનું સમાનપણું હોવાથી એટલે સમાન પ્રીતિની જાતિ હોવાથી સંગ્રહ નય બન્નેને-માયા અને લોભને રાગ કહે છે.

પુનઃ એ સંબંધે વ્યવહાર નય કહે છે—માયાનો ઉપયોગ બીજાનો ઉપઘાત કરવા માટે થાય છે, અને બીજાના ઉપઘાતનો પરિણામ દ્વેષરૂપ છે માટે માયાનો પણ દ્વેષમાં અન્તર્ભાવ થાય છે. અને જે ન્યાયપૂર્વક ઉપાર્જન કરવા વડે અર્થને વિષે મૂર્છા-આસક્તિ થવી તે બીજાના ઉપઘાત કરવાના પરિણામથી રહિત શુદ્ધ લોભ એ રાગ છે. એ પ્રમાણે વ્યવહાર નયના મતથી આવી રીતે વસ્તુની વ્યવસ્થા છે. ક્રોધ, માન અને માયા દ્વેષરૂપ છે અને લોભ રાગરૂપ છે. તે સંબંધે કહે છે કે-

**"मायंपि दोसमिच्छइ ववहारो जं परोवघाया य । नायोवायाणे च्चिय मुच्छा लोभेत्ति तो रागो" ॥**

વ્યવહાર નય માયાને પણ દ્વેષ માને છે, કારણ કે માયા બીજાને ઉપઘાત કરવા માટે છે. અને ન્યાયપૂર્વક ઉપાર્જન કરેલા અર્થમાં મૂર્છા તે લોભ છે અને તેથી તે રાગરૂપ છે, અહીં ઋજુસૂત્ર નય કહે છે—ક્રોધ અવશ્ય અપ્રીતિરૂપ છે અને તેથી તે બીજાને ઉપઘાત કરવારૂપ હોવાથી દ્વેષ કહેવાય છે. અને જે માન, માયા અને લોભ છે તે બે પ્રકારના સંભવે છે—પ્રીતિરૂપ અને અપ્રીતિરૂપ. તે આ પ્રમાણે—માન સ્વાભિમાનના ઉપયોગ સમયે સ્વગુણના બહુમાનપણાથી પ્રીતિસ્વરૂપ છે અને પરગુણના દ્વેષના ઉપયોગવેળા

માત્સર્યાદિ હોવાથી અપ્રીતિરૂપ છે. માયા પણ બીજાને છેતરવાનો ઉપયોગ હોય ત્યારે પરને ઉપઘાત કરવારૂપ હોવાથી અપ્રીતિરૂપ છે. અને બીજાના દ્રવ્યને ગ્રહણ કરવાના વિચારમાં આસક્તિરૂપ હોવાથી પ્રીતિરૂપ છે. લોભ પણ ક્ષત્રિયાદિ સંબંધે વિચાર કરતા પ્રીતિ અને અપ્રીતિરૂપ સુપ્રસિદ્ધ છે. જેમકે ક્ષત્રિયો એમ માને છે કે બીજાનો દેશ લઇ લેવો તે અમારો ન્યાય-ધર્મ છે, કારણ કે '**वीरभोग्या वसुंधरा**'—વસુંધરા વીર પુરુષોવડે ઉપભોગ કરવા યોગ્ય છે—એવો ન્યાય છે. તેથી જ્યારે બીજાનો દેશ લેવા માટે તેઓના ઉપર અત્યંત હુમલો કરે ત્યારે તે અપ્રીતિરૂપ છે, કારણ કે તે બીજાને ઉપઘાત કરવારૂપ છે, જ્યારે બીજાના દેશને ગ્રહણ કરવાની ઇચ્છા થાય ત્યારે તે આસક્તિરૂપ હોવાથી પ્રીતિરૂપ છે. તેથી માન, માયા અને લોભ પ્રીતિ અને અપ્રીતિરૂપે બન્ને પ્રકારના વેદાય છે. જ્યારે પ્રીતિનો ઉપયોગ હોય ત્યારે અપ્રીતિનો ઉપયોગ હોતો નથી અને જ્યારે અપ્રીતિનો ઉપયોગ હોય ત્યારે પ્રીતિનો ઉપયોગ હોતો નથી, કારણ કે એક સમયે બે ઉપયોગ હોતા નથી. તેથી માન માયા અને લોભ પ્રીતિના ઉપયોગકાળે રાગ અને અપ્રીતિના ઉપયોગકાળે દ્વેષરૂપ છે. કહ્યું છે કે—

"**उज्जुसुयमयं कोहो दोसो सेसाणमयमणेगंतो । रागो त्ति दोसो त्ति य परिणामवसेण उ विसेसो ॥**
**माणो रागो त्ति मओ साहंकारोवओगकालंमि । सो चेव होइ दोसो परगुणदोसोवयोगम्मि ॥**
**मायालोभा चेवं परोवघाओवओगतो दोसो । मुच्छोवओगकाले रागोऽभिस्संगलिंगोत्ति ॥**"

ઋજુસૂત્રનયનો મત એ છે કે ક્રોધ દ્વેષરૂપ છે અને બાકીના કષાયો માટે અનેકાન્ત છે પરિણામના વશથી રાગરૂપ અને દ્વેષરૂપ એ વિશેષ છે. સ્વાભિમાનના ઉપયોગકાલે માન રાગરૂપ છે અને પરગુણના દ્વેષના ઉપયોગ સમયે દ્વેષરૂપ છે. માયા અને લોભ બીજાને ઉપઘાત કરવાના ઉપયોગકાળે દ્વેષરૂપ છે અને મૂર્ચ્છાના ઉપયોગ સમયે આસક્તિના ચિહ્નથકી રાગરૂપ છે. શબ્દાદિ ત્રણે નયો આ પ્રમાણે કહે છે—અહીં ક્રોધ અને લોભ એ બે જ કષાયો છે. જે માન અને માયા છે તેનો ક્રોધ અને લોભમાં સમાવેશ થાય છે. તે આ પ્રમાણે—માન અને માયામાં જે બીજાને ઉપઘાત કરવાના હેતુભૂત જે અધ્યવસાયો છે તે અપ્રીતિરૂપ હોવાથી ક્રોધ છે અને જે સ્વગુણના ઉત્કર્ષરૂપ અને પરદ્રવ્યની મૂર્ચ્છારૂપ અધ્યવસાયો છે તે લોભ છે, કારણ કે તે આસક્તિરૂપ છે. લોભ પણ લોકપ્રસિદ્ધ બે પ્રકારનો છે—પરને ઉપઘાત કરવારૂપ લોભ છે તે ક્ષત્રિયોને બીજાના રાષ્ટ્રનું અપહરણ કરવામાં હોય છે અને **મૂર્છાત્મક લોભ ન્યાયથી ઉપાર્જન કરેલા પોતાના દ્રવ્યમાં હોય છે.** તેમાં જે પરને ઉપઘાત કરવારૂપ અધ્યવસાય છે તે ક્રોધ છે અને બધા પ્રકારનો ક્રોધ અપ્રીતિરૂપ હોવાથી તેનો પૂર્વોક્ત સ્વરૂપવાળા દ્વેષમાં સમાવેશ થાય છે અને કેવળ મૂર્ચ્છારૂપ અધ્યવસાય તે લોભ છે અને તે રાગરૂપ છે. એ સંબંધે કહ્યું છે કે—

"**सद्दाइमयं माणे मायाए य सगुणोवरागा य । उपओगो लोहो च्चिय जतो स तत्थेव उवरद्धो ॥**
**सेसंसा कोहो च्चिय सपरीवघाइयमइओ त्ति तो दोसो । तल्लक्खणो य लोभो अह मुच्छा केवलो रागो" ॥**

શબ્દાદિ નયોનો અભિપ્રાય છે કે માન અને માયામાં સ્વગુણના રાગથી જે ઉપયોગ પ્રવર્તે છે તે લોભરૂપ જ છે. કારણ કે તે તેમાં જ રંગાયલો છે. બાકીના અંશો સ્વપરના ઉપઘાતની બુદ્ધિથી થયેલા હોવાથી ક્રોધરૂપ જ છે અને ઉપઘાત સ્વભાવવાળો લોભ દ્વેષ છે અને મૂર્છાત્મક લોભ કેવળ રાગરૂપ છે. તેમાં સંગ્રહ નયના મતથી કહે છે—'**रागे दुविहे पण्णेत्ते**'—રાગ બે પ્રકારનો કહ્યો છે-ઇત્યાદિ સુગમ છે. કારણ કે તેનો વિચાર હમણાં જ કરવામાં આવ્યો છે. હવે ઉપસંહાર કરે છે—'**इच्चेतेहिं चउहिं ठाणेहिं**' ઇત્યાદિ. એ પ્રમાણે હમણા જ કહેલા '**वीर्योपगृहितैः**' વીર્યવડે ઉપગૃહિત-ઉપસ્થિત કરાયેલા એટલે જીવ વીર્યવડે સહિત એ ચાર સ્થાનકોએ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે.

હવે આ જ બાબતનો ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરે છે—'**एवं णेरइए जाव वेमाणिए**' એ પ્રમાણે નૈરયિક યાવત્ વૈમાનિક સંબંધે જાણવું-ઇત્યાદિ સુગમ છે. પરંતુ સૂત્રપાઠ આ પ્રમાણે છે—'**णेरएणं भंते ! णाणावरणिज्जं कम्मं कइहिं ठाणेहिं बंधइ**'—હે ભગવન્! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ કેટલા સ્થાને બાંધે' ઇત્યાદિ. એ પ્રમાણે એકવચન વડે વિચાર કર્યો હવે બહુવચન

વડે વિચાર કરે છે—'जीवा णं भंते!'-ઇત્યાદિ સુગમ છે. જેમ જ્ઞાનાવરણીય કર્મનો એકવચન અને બહુવચનને આશ્રયી બે દંડકવડે વિચાર કર્યો તેમ દર્શનાવરણીયાદિ કર્મનો પણ વિચાર કરવો. બધા મળીને સોળ દંડક થાય છે. એ પ્રમાણે ત્રીજું દ્વાર કહ્યું.॥૩॥૬૦૧॥

## ।। कतिपयडिवेद दारं ।।

**जीवे णं भंते! णाणावरणीज्जं कम्मं वेदेति? गोयमा! अत्थेगइए वेदेति, अत्थेगइए नो वेदेति। णेरइए णं भंते! णाणावरणीज्जं कम्मं वेदेति? गोयमा! णियमा वेदेति, एवं जाव वेमाणिए, णवरं मणूसे जहा जीवे। जीवा णं भंते! णाणावरणीज्जं कम्मं वेदेंति? गोयमा! एवं चेव, एवं जाव वेमाणिया, एवं जहा णाणावरणीज्जं तहा दंसणावरणिज्जं मोहणिज्जं अंतराइयं च, वेयणिज्जाउयणामगोयाइं एवं चेव, नवरं मणूसे वि नियमा वेदेति, एवं एते एगत्त-पोहत्तिया सोलस दंडगा ।।सू०-४।।६०२।।**

*(મૂ૦) હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે? હે ગૌતમ! કદાચ વેદે અને કદાચ ન વેદે. હે ભગવન્! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદે? હે ગૌતમ! અવશ્ય વેદે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ મનુષ્યને જીવની પેઠે કહેવું. હે ભગવન્! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદે? હે ગૌતમ! એ પ્રમાણે 'વેદે' એમ સમજવું. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. જેમ જ્ઞાનાવરણીય કર્મ કહ્યું તેમ દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ કહેવું. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ પણ એમજ સમજવું. પરન્તુ મનુષ્ય પણ તેને અવશ્ય વેદે. એ રીતે એક વચન અને બહુ વચના સોળ દંડક જાણવા. ॥૪॥૬૦૨॥*

(ટી૦) 'હવે કેટલી પ્રકૃતિઓ વેદે છે' એ ચોથા દ્વાર સંબન્ધે કહે છે—'जीवे णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે? કોઇ એક જીવ છે જે વેદે છે, કોઇ એક જીવ છે જે વેદતો નથી. જેણે ઘાતી કર્મનો ક્ષય કર્યો નથી તે વેદે છે, જેણે ઘાતી કર્મનો ક્ષય કર્યો છે તે વેદતો નથી તે ભાવાર્થ છે. આજ અર્થનો ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરે છે—'णेरइए णं भंते!' ઇત્યાદિ સુગમ છે. મનુષ્યને છોડી 'બાકીના બધા સ્થાનોમાં અવશ્ય વેદે છે'–એમ કહેવું. કારણ કે તે સિવાય બીજા બધાને ઘાતી કર્મનો ક્ષય હોતો નથી. જેમ જીવપદમાં કહ્યું છે તેમ મનુષ્યને વિષે કહેવું, કારણ કે ઘાતી કર્મનો ક્ષય કરનાર મનુષ્ય જ હોય છે. એ પ્રમાણે એકવચનને આશ્રયી અને બહુવચનને આશ્રયી પણ દંડક કહ્યો, જેમ જ્ઞાનાવરણીય કર્મનો એક વચન અને બહુવચન વડે વિચાર કર્યો, તેમ દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મનો પણ વિચાર કરવો. વેદનિય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મનો જીવપદમાં વિકલ્પ સમજવો. કારણ કે સિદ્ધોને તેઓનું વેદન નથી, અને બાકીના બધા જીવો વેદે છે. તે સિવાય બાકીના બધા નૈરયિકાદિ અને મનુષ્યો પણ અવશ્ય વેદે છે, કારણ કે સંસારના છેલ્લા સમય સુધી આ પ્રકૃતિઓનો ઉદય હોય છે. આ અધિકારમાં પણ એક વચન અને બહુવચન આશ્રયી બધા મળી સોળ દંડકો થાય છે. ચોથું દ્વાર સમાપ્ત. ॥૪॥૬૦૨॥

## ।। कतिविधाणुभाव दारं ।।

**णाणावरणीज्जस्स णं भंते! कम्मस्स जीवेणं बद्धस्स पुट्ठस्स बद्ध-फास-पुट्ठस्स[१] संचितस्स चियस्स उवचितस्स आवागपत्तस्स विवागपत्तस्स फलपत्तस्स उदयपत्तस्स जीवेणं कडस्स जीवेणं णिव्वत्तियस्स जीवेणं परिणामियस्स सयं वा उदिण्णस्स परेण वा उदीरियस्स तदुभएण वा उदीरिज्जमाणस्स गतिं पप्प ठितिं पप्प भवं पप्प पोग्गलं पप्प पोग्गलपरिणामं पप्प कतिविहे अणुभावे पण्णत्ते? गोयमा! णाणावरणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स जाव पोग्गलपरिणामं पप्प दसविहे अणुभावे पण्णत्ते, तं जहा—सोयावरणे, सोयविण्णाणावरणे, णेत्तावरणे, णेत्तविण्णाणावरणे, घाणावरणे, घाणाविण्णाणावरणे, रसावरणे, रसविण्णाणावरणे, फासावरणे,**

१. અહિં जाव પાઠ વધારામાં જેસલમેરના ભંડારમાં પ્રતિમાં ઉપલબ્ધ થાય છે.

**फासविण्णाणावरणे, जं वेदेति पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं, तेसिं वा उदएणं जाणियव्वं ण जाणइ, जाणिउकामे वि ण याणइ, जाणित्ता वि न याणति, उच्छण्णणाणी यावि भवति णाणावरणिज्जस्स कम्मस्स उदएणं। एस णं गोयमा! णाणावरणिज्जे कम्मे, एस णं गोयमा! णाणावरणिज्जस्स कम्मस्स जीवेणं बद्धस्स जाव पोग्गलपरिणामं पप्प दसविहे अणुभावे पण्णत्ते ।।सू०-५।।६०३।।**

*(મૂ૦) જીવે બાંધેલા, સ્પૃષ્ટ–સ્પર્શેલા, ગાઢ સ્પર્શ વડે સ્પર્શેલા, સંચિત, ચિત–એકઠા કરાયેલા, ઉપચિત થયેલા, આપાકપ્રાપ્ત–થોડા વિપાકને પ્રાપ્ત થયેલા, વિશિષ્ટ વિપાકને પ્રાપ્ત થયેલા, ફલને પ્રાપ્ત થયેલા, ઉદયને પ્રાપ્ત થયેલા, જીવે કરેલા, જીવે નિર્વર્તિત–સામાન્યરૂપે કરેલા, જીવે પરિણમાવેલા, સ્વયં ઉદયને પ્રાપ્ત થયેલા, પરના નિમિત્તે ઉદયને પ્રાપ્ત થયેલા, સ્વ અને પર નિમિત્તે ઉદયને પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણીય કર્મનો ગતિને પામી, સ્થિતિને પામી, ભવને પામી, પુદ્ગલ પરિણામને પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? હે ગૌતમ! જીવે બાંધેલા જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પૂદ્ગલપરિણામને પામી દશ પ્રકારનો અનુભાવ–વિપાક કહ્યો છે. તે આ પ્રમાણે–૧ શ્રોત્રેન્દ્રિયાવરણ, શ્રોત્રેન્દ્રિયવિજ્ઞાનાવરણ, ૩ નેત્રેન્દ્રિયાવરણ, ૪ નેત્રેન્દ્રિયવિજ્ઞાનાવરણ, ૫ ઘ્રાણેન્દ્રિયાવરણ, ૬ ઘ્રાણેન્દ્રિયવિજ્ઞાનાવરણ, ૭ રસાવરણ, ૮ રસનેન્દ્રિયવિજ્ઞાનાવરણ, ૯ સ્પર્શાવરણ અને ૧૦ સ્પર્શેન્દ્રિયવિજ્ઞાનાવરણ. જે પુદ્ગલને, પુદ્ગલોને, પુદ્ગલપરિણામને અને વિસ્રસા–સ્વભાવ વડે પુદ્ગલોના પરિણામને વેદે છે. તેઓના ઉદય વડે જાણવા યોગ્ય જાણતો નથી, જાણવાની ઈચ્છાવાળો છતાં પણ જાણતો નથી, જાણીને પછી પણ જાણતો નથી. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આચ્છાદિતજ્ઞાનવાળો પણ થાય છે. હે ગૌતમ! એ જ્ઞાનાવરણીય કર્મ છે, હે ગૌતમ! જીવે બાંધેલા જ્ઞાનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી દસ પ્રકારનો અનુભાવ કહ્યો છે. ।।૫।।૬૦૩।।*

(ટી૦) હવે કયા કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે–એ પાંચમું દ્વાર કહે છે–'**णाणावरणिज्जस्स णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! જે જીવે રાગદ્વેષના પરિણામના વશથી બદ્ધ–બાંધેલા એટલે કર્મરૂપે પરિણત થયેલા, સ્પૃષ્ટ–આત્મપ્રદેશની સાથે સંબન્ધને પ્રાપ્ત થયેલા, '**बद्धफासपुट्ठस्स**' બદ્ધસ્પર્શસ્પૃષ્ટસ્ય–ફરીથી ગાઢપણે બાંધેલા અને અતિ સ્પર્શ વડે સ્પર્શાયેલા, તાત્પર્ય એ છે કે–આવેષ્ટન પરિવેષ્ટનરૂપે અતિ ઉપચયપૂર્વક ગાઢ બાંધેલા, '**संचितस्य**'–અબાધા કાળને છોડી પછીના કાળે વેદનના યોગ્યપણે નિષેક–રચનાને પ્રાપ્ત થયેલાં, '**चितस्य**'–ઉત્તરોત્તર સ્થિતિમાં પ્રદેશની હાનિ અને રસની વૃદ્ધિવડે અવસ્થિત, '**उपचितस्य**'–સમાન જાતિની બીજી પ્રકૃતિના દલિકના સંક્રમ વડે ઉપચયને પ્રાપ્ત થયેલા, '**आपाकप्राप्तस्य**' કંઇક વિપાકાવસ્થાને અભિમુખ થયેલા, '**विपाकप्राप्तस्य**'–વિશિષ્ટ વિપાકાવસ્થાને પ્રાપ્ત થયેલા, '**फलप्राप्तस्य**'–ફળ આપવાને સન્મુખ થયેલા, અને સામગ્રીથી ઉદયને પ્રાપ્ત થયેલા, કર્મના આપાકપ્રાપ્ત્વાદિ ધર્મો આમ્રફળની પેઠે જાણવા. જેમ આમ્રફળ પ્રથમ અલ્પ પક્વાવસ્થાને અભિમુખ હોય છે, ત્યાર પછી વિશિષ્ટ પક્વાવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યાર બાદ તૃપ્તિ, પ્રમોદ વગેરે, ફળ આપવાને યોગ્ય થાય છે અને તે પછી સામગ્રીના વશથી ઉપભોગને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે કર્મ સંબન્ધે પણ જાણવું, તે કર્મ જીવે કેવી રીતે બાંધેલું છે? એ માટે સૂત્રકાર કહે છે–'**जीवेण कयस्स**' કર્મબન્ધનથી બન્ધાયેલા જીવે કરેલું, જીવ ઉપયોગ સ્વભાવવાળો છે અને તેથી તે રાગાદિપરિણતિવાળો હોય છે, ઉપયોગ સિવાય રાગાદિપરિણતિવાળો હોતો નથી. તે રાગાદિપરિણામવાળો થઇ કર્મ કરે છે અને તે રાગાદિપરિણામ કર્મબન્ધનથી બન્ધાયેલાને હોય છે, કર્મના વિયોગમાં હોતા નથી, અન્યથા મુક્ત જીવોને પણ અવીતરાગપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય માટે કર્મબંધનથી બન્ધાયેલા જીવે કરેલું જાણવું. એ સંબન્ધે કહ્યું છે કે–

"**जीवस्तु कर्मबन्धनबद्धो वीरस्य भगवतः कर्ता । सन्तत्याऽनाद्यं च तदिष्टं कर्मात्मनः कर्तुः**" ॥

કર્મબન્ધન વડે બન્ધાયેલો જીવ કર્મનો કર્તા છે અને તે કર્મ કર્તા એવા આત્માને સન્તતિ–પ્રવાહથી અનાદિ છે એમ ભગવાન મહાવીરને ઇષ્ટ છે. તથા "**जीवेन निर्वर्तितस्य**" જીવે વિર્વર્તિત–કરેલું, અહીં બન્ધસમયે જીવ પ્રથમ સામાન્ય

કર્મવર્ગણાની અંદરના પુદ્ગલોને અનાભોગ વીર્ય વડે ગ્રહણ કરતો તેજ બંધન સમયે જેમ આહારને રસાદિ સપ્ત ધાતુપણે વ્યવસ્થિત કરે તેમ જ્ઞાનાવરણાદિ પણે વ્યવસ્થિત કરે છે. જે જ્ઞાનાવરણાદિરૂપે વ્યવસ્થાપન કરવું તે 'નિર્વર્તન' કહેવાય છે. **'जीवेन परिणामितस्य'** જીવે પરિણમાવેલા–પ્રદ્વેષ અને નિહ્નવાદિરૂપ કર્મબંધના વિશેષ હેતુઓ વડે તે તે ઉત્તરોત્તર પરિણામને પ્રાપ્ત થયેલા, **'सयं वा उदिण्णस्स'** સ્વયં વિપાકને પ્રાપ્ત થયેલા હોવાથી બીજાની અપેક્ષા સિવાય ઉદયમાં આવેલા, **'परेण वा उदीरियस्स'** અન્ય નિમિત્તથી ઉદયમાં આવેલા **'तदुभयेन वा उदीर्यमाणस्य'** સ્વતઃ અને અન્ય નિમિત્તથી ઉભય રૂપે ઉદયમાં આવેલા કર્મનો વિપાક ગતિને આશ્રયી હોય છે. કારણ કે કોઇ કર્મ કોઇ ગતિને પામી તીવ્રવિપાકવાળું હોય છે. જેમકે નરકગતિને પામી અસાતાવેદનીય તીવ્રવિપાકવાળું હોય છે. અસાતાવેદનીયનો ઉદય નારકોને તીવ્ર હોય છે તેવો તિર્યંચાદિને હોતો નથી. તથા સ્થિતિને પામી, અહીં 'સર્વોત્કૃષ્ટ' નો અધ્યાહાર સમજવો. એટલે સર્વોત્કૃષ્ટ સ્થિતિને પામી અશુભ કર્મ તીવ્રવિપાકવાળું હોય છે. જેમ કે મિથ્યાત્વ. તથા **'भवं प्राप्य'**—ભવને પામીને કોઇ કર્મ કોઇ ભવને આશ્રયી પોતાનો વિપાક બતાવવાને સમર્થ થાય છે. જેમકે નિદ્રા મનુષ્યભવ કે તિર્યંચ ભવને પામીને વિપાક બતાવે છે. માટે 'ભવને પામીને' એમ કહ્યું છે. આટલા કથનવડે સ્વતઃ ઉદયના કારણો બતાવ્યા. કારણ કે કર્મ તે તે ગતિ, સ્થિતિ અને ભવને પામી સ્વયં ઉદયમાં આવે છે. હવે કર્મનો પરને આશ્રયી ઉદય બતાવે છે—**'पुद्‌गलं'**–કાષ્ટ, ઢેફું અને ખડ્ગ વગેરે પામીને કર્મનો ઉદય થાય છે. તે આ પ્રમાણે—બીજાએ ફેંકેલ કાષ્ટ, ઢેફું અને તલવાર વગેરે પુદ્ગલને પામી અસાતાવેદનીય અને ક્રોધાદિનો ઉદય થાય છે. તથા **'पुद्‌गलपरिणामं प्राप्य'** પુદ્ગલપરિણામને પામી, એટલે કોઇ કર્મ કોઇ પુદ્ગલને આશ્રયી વિપાકને પ્રાપ્ત થાય છે. જેમકે ખાધેલા આહારના અજીર્ણ પરિણામને આશ્રયી અસાતાવેદનીય અને સુરાપાનને આશ્રયી જ્ઞાનાવરણીય કર્મ વિપાકને પ્રાપ્ત થાય છે. તે માટે 'પુદ્ગલપરિણામને આશ્રયી' એમ કહ્યું છે. એવા જ્ઞાનવરણીય કર્મનો કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? એ પ્રશ્ન છે. અહીં ઉત્તર કહે છે–દસ પ્રકારનો વિપાક કહ્યો છે. તેજ દસ પ્રકારનો વિપાક બતાવે છે—**'सोयावरणे'**–શ્રોત્રાવરણ–ઇત્યાદિ. અહીં શ્રોત્ર શબ્દ વડે શ્રોત્રેન્દ્રિયના વિષયભૂત ક્ષયોપશમ સમજવો અને શ્રોત્રવિજ્ઞાન વડે શ્રોત્રેન્દ્રિયનો ઉપયોગ લેવો. જે નિર્વૃત્તિ અને ઉપકરણ રૂપ દ્રવ્યેન્દ્રિય છે તે અંગોપાંગનામકર્મજન્ય છે અને તેથી તે જ્ઞાનાવરણીયનો વિષય નથી. માટે તેને શ્રોત્રશબ્દ વડે ગ્રહણ ન કરવી. એ પ્રમાણે નેત્રાવરણ–ઇત્યાદિ સંબન્ધે વિચાર કરવો. તેમાં એકેન્દ્રિયોને રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રના વિષયરૂપ લબ્ધિ અને ઉપયોગનું પ્રાયઃ આવરણ હોય છે. **'प्रायः'** કહેવાનુ કારણ બકુલાદિનો નિષેધ કરવા માટે છે. કારણ કે બકુલાદિ વનસ્પતિ યથાસંભવ પાંચે ઇન્દ્રિયોના લબ્ધિ અને ઉપયોગ ફળથી અસ્પષ્ટરૂપે જણાય છે. આગમ–શાસ્ત્રમાં પણ કહેલું છે કે—

**पंचिंदिओवि बउलो नरोव्व पंचिंदिओवगाओ । तहवि न भण्णइ पंचिंदिओत्ति दव्विंदियाभावा ॥** તથા

**जह सुहुमं भावेदियनाणं दव्विंदियावरोहेवि । दव्वसुयाभावम्मिवि भावसुयं पत्थिवाईणं ॥** (વિશેષા૦ ગા૦)

બકુલ પંચેન્દ્રિય પણ છે. કારણ કે મનુષ્યની પેઠે તેને પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ હોય છે, તો પણ દ્રવ્યેન્દ્રિયના અભાવથી તે 'પંચેન્દ્રિય' કહેવાતો નથી. જેમ સૂક્ષ્મ ભાવેન્દ્રિય જ્ઞાન દ્રવ્યેન્દ્રિયના અભાવમાં હોય છે તેમ દ્રવ્યશ્રુતના અભાવમાં પણ ભાવશ્રુત પૃથિવ્યાદિને હોય છે. તે માટે 'પ્રાયઃ' એમ કહ્યું છે. બેઇન્દ્રિયને ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગનું, તેઇન્દ્રિયોને ચક્ષુ અને શ્રોત્રના લબ્ધિ અને ઉપયોગનું, ચઉરિન્દ્રિયોને શ્રોત્રેન્દ્રિય સંબન્ધી લબ્ધિ અને ઉપયોગનુ આવરણ હોય છે,અને સર્વને પણ સ્પર્શનેન્દ્રિયની લબ્ધિ અને ઉપયોગનુ આવરણ હોય છે, અને તે કુષ્ટાદિ વ્યાધિ વડે પીડિતશરીરવાળાને જાણવું. પંચેન્દ્રિય છતાં પણ જેઓ જન્માંધ છે અથવા પાછળથી આંધળા અને બહેરા થયેલા છે એવાઓને ચક્ષુ વગેરે ઇન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગનું આવરણ સમજવું.

(પ્ર૦)—શાથી એ પ્રમાણે ઇન્દ્રિયોના લબ્ધિ અને ઉપયોગનું આવરણ હોય છે?

(ઉ૦)—સ્વયં ઉદયને પ્રાપ્ત થયેલા અથવા પરનિમિત્તે ઉદયને પ્રાપ્ત થયેલા જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થાય છે. તે બાબત દર્શાવે છે—**'जं वेएइ'** જે બીજાએ ફેંકેલા કાષ્ટ, ઢેફું અને ખડ્ગ વગેરે રૂપ પુદ્ગલોને વેદે છે, એવા અભિઘાત કરવામાં સમર્થ તે

પુદ્ગલ વડે, **पुग्गले वा**' યાવત્ બીજાએ ફેંકેલા કાષ્ટાદિરૂપ જે ઘણા પુદ્ગલોને વેદે છે, અભિઘાત કરવામાં સમર્થ એવા તે પુદ્ગલો વડે, '**पुद्गलपरिणामं वा**' ખાધેલા આહારના પરિણામરૂપ અતિદુઃખ ઉત્પન્ન કરનાર પાણી રસાદિ પુદ્ગલપરિણામને વેદે છે, તે વડે જ્ઞાનપરિણતિનો ઘાત થવાથી, તથા "**वीससा वा पोग्गलाणं परिणामं**" જે વિસ્રસા–સ્વભાવ વડે પુદ્ગલોનો શીત ઉષ્ણ આતપાદિરૂપ પરિણામ છે તેને જ્યારે વેદે છે ત્યારે ઇન્દ્રિયોને ઉપઘાત ઉત્પન્ન કરવા દ્વારા તે પુદ્ગલપરિણામ વડે જ્ઞાન પરિણતિનો ઉપઘાત થવાથી '**ज्ञातव्यं**' જાણવા યોગ્ય વિદ્યમાન વસ્તુને તે ઇન્દ્રિયોનો વિષય છતાં પણ જાણતો નથી. કારણ કે જ્ઞાનપરિણતિનો ઉપઘાત થયેલો છે. આ સાપેક્ષ ઉદય કહ્યો. અને નિરપેક્ષ ઉદય સંબંધે આ સૂત્ર છે—'**तेसिं वा उदएणं**' વિપાકને પ્રાપ્ત થયેલ તે જ્ઞાનાવરણીય કર્મપુદ્ગલોના ઉદય વડે જાણવા યોગ્ય વસ્તુ જાણતો નથી, '**जाणिउकामेवि न याणइ**'– જાણવાની ઇચ્છાવાળો છતાં પણ જાણતો નથી, એટલે જ્ઞાનપરિણામ વડે પરિણત થવાની ઇચ્છા છતાં જ્ઞાનપરિણતિનો ઉપઘાત થવાથી જાણતો નથી. '**जाणित्तावि न याणइ**' જાણીને પણ જાણતો નથી એટલે પૂર્વે જાણીને પણ પછીથી જાણતો નથી. કારણ કે તેઓને તે જ્ઞાનાવરણીય કર્મપુદ્ગલોનો ઉદય છે. '**उच्छन्ननाणी यावि भवइ**' જ્ઞાનાવરણીય કર્મપુદ્ગલોના ઉદય વડે જીવ ઉચ્છન્ન–આચ્છાદિત જ્ઞાનવાળો પણ થાય છે . અર્થાત્ આવરણની શક્તિ પ્રમાણે પ્રચ્છાદિત જ્ઞાનવાળો પણ થાય છે. '**एस णं गोयमा! णाणावरणिज्जे कम्मे**'– 'હે ગૌતમ! એ જ્ઞાનાવરણીય કર્મ છે.' ઇત્યાદિ ઉપસંહારવાક્ય સ્પષ્ટ છે. ।।૫।।૬૦૩।।

**दरिसणावरणिज्जस्स णं भंते! कम्मस्स जीवेणं बद्धस्स जाव पोग्गलपरिणामं पप्प कतिविहे अणुभावे पन्नत्ते? गोयमा! दरिसणावरणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स जाव पोग्गलपरिणामं पप्प णवविहे अणुभावे पन्नत्ते, तं जहा—णिद्दा, णिद्दाणिद्दा पयला, पयलापयला, थीणगिद्धी[1], चक्खुदंसणावरणे, अचक्खुदंसणावरणे, ओहिदंसणावरणे, केवलदंसणावरणे, जं वेदेति पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं तेसिं वा उदएणं पासियव्वं ण पासति, पासिउकामे वि ण पासति, पासित्ता वि ण पासति, उच्छन्नदंसणी यावि भवति दरिसणावरणिज्जस्स कम्मस्स उदएणं एस णं गोयमा! दरिसणावरणिज्जे कम्मे, एस णं गोयमा! दरिसणावरणिज्जस्स कम्मस्स जीवेणं बद्धस्स जाव पोग्गलपरिणामं पप्प णवविहे अणुभावे पण्णत्ते ।।सू०-६।।६०४।।**

*(મૂ૦) હે ભગવન્! જીવે બાંધેલા દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? હે ગૌતમ! જીવે બાંધેલા દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી નવ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ પ્રમાણે—૧ નિદ્રા, ૨ નિદ્રાનિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલાપ્રચલા, ૫ સ્ત્યાનર્દ્ધિ, ૬ ચક્ષુદર્શનાવરણ, ૭ અચક્ષુદર્શનાવરણ, ૮ અવધિદર્શનાવરણ, અને ૯ કેવળદર્શનાવરણ. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ કે સ્વભાવ વડે થયેલા પુદ્ગલોનો પરિણામને વેદે છે, તેઓના ઉદય વડે જોવા યોગ્ય વસ્તુને જોતો નથી, જોવાની ઇચ્છાવાળો છતાં પણ જોતો નથી. જોયા પછી પણ જોતો નથી. દર્શનાવરણ કર્મના ઉદયથી આચ્છાદિતદર્શનવાળો પણ થાય છે. હે ગૌતમ! એ દર્શનાવરણીય કર્મ છે. હે ગૌતમ! એ જીવે બાંધેલા દર્શનાવરણ કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી નવ પ્રકારનો વિપાક કહ્યો છે. ।।૬।।૬૦૪।।*

(ટી૦) '**दंसणावरणिज्ज णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! દર્શનાવરણીય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે'—ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ સમજવું. ઉત્તર કહે છે— 'હે ગૌતમ! નવ પ્રકારનો કહ્યો છે. તે નવ પ્રકાર બતાવે છે— 'નિદ્રા' ઇત્યાદિ. નિદ્રા શબ્દનો અર્થ આગળ કહેવામાં આવશે. ભાવાર્થ આ છે— '**सुखप्रतिबोधा**'–જે અવસ્થામાં પ્રાણી સુખપૂર્વક જાગે તે નિદ્રા, '**दुःखप्रतिबोधा**'– જે અવસ્થામાં દુઃખપૂર્વક જાગે તે નિદ્રાનિદ્રા. ઉભા રહેલાને પ્રચલા અને ચાલનારને પ્રચલાપ્રચલા હોય છે. સ્ત્યાનગૃદ્ધિ અતિ સંક્લિષ્ટ કર્મના વેદનમાં હોય છે, તે મહાનિદ્રા છે અને પ્રાયઃ દિવસે ચિંતવેલા કાર્યને કરવાવાળી છે. '**चक्षुदर्शनावरणं**' ચક્ષુના

१. थिणद्धी इति पाठान्तरः

સામાન્ય ઉપયોગનું આવરણ. એમ બાકીના વિપાકને વિષે જાણવું. '**जं वेएइ**' જે કોમળ શય્યા વગેરે પુદ્ગલને વેદે છે, અથવા જે '**पुग्गले वा**' કોમળ શય્યા વગેરે ઘણા પુદ્ગલોને વેદે છે, '**पुद्गलपरिणामं**' ભેંસનું દહીં વગેરે ખાધેલા આહારના પરિણામરૂપ પુદ્ગલપરિણામને વેદે છે, '**वीससा वा पोग्गलाणं परिणामं**' અથવા વિસ્રસા-સ્વભાવજન્ય પુદ્ગલોના પરિણામરૂપ વર્ષાઋતુમાં વાદળાયુક્ત આકાશ અથવા ધારાબંધ વૃષ્ટિપાતને વેદે છે, તે વડે નિદ્રાદિના ઉદયની અપેક્ષાએ દર્શનપરિણામનો ઉપઘાત થવાથી, એટલા વડે પરને આશ્રયી ઉદય કહ્યો. હવે સ્વતઃ ઉદય કહે છે—તે દર્શનાવરણીય કર્મપુદ્ગલોના ઉદય વડે પરિણતિનો વિઘાત થવાથી જોવા લાયક વસ્તુ જોતો નથી, તથા દર્શનપરિણામ વડે પરિણમનની ઇચ્છાવાળો છતાં એટલે જોવાની ઇચ્છાવાળો છતાં જન્માંધપણા વગરેથી દર્શનપરિણામના ઉપઘાત થવાથી જોતો નથી, પુર્વે જોઇને પણ દર્શનાવરણીય કર્મપુદ્ગલોના ઉદયથી પછીથી જોતો નથી, **किं बहुना?** દર્શનાવરણીય કર્મના ઉદયથી જીવ આચ્છાદિત દર્શનવાળો પણ થાય છે એટલે આવરણની જેટલી શક્તિ હોય તે પ્રમાણે પ્રચ્છાદિત દર્શનવાળો પણ થાય છે. હે ગૌતમ! એ દર્શનાવરણીયકર્મ છે-ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. ॥૬॥૬૦૪॥

**सायावेयणिज्जस्स णं भंते! कम्मस्स जीवेणं बद्धस्स जाव पोग्गलपरिणामं पप्प कतिविहे अणुभावे पण्णत्ते? गोयमा! सातावेदणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स जाव अट्ठविहे[1] अणुभावे पण्णत्ते, तं जहा-मणुण्णासद्दा १, मणुण्णा रूवा २, मणुण्णा गंधा ३, मणुण्णा रसा ४, मणुण्णा फासा ५, मणोसुहता ६, वइसुहया ७, कायसुहया ८, जं वेएइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं तेसिं वा उदएणं सातावेदणिज्जं कम्मं वेदेति, एस णं गोयमा! सातावेदणिज्जे कम्मे, एस णं गोयमा! सातावेयणिज्जस्स जाव अट्ठविहे अणुभावे पन्नत्ते। असातावेयणिज्जस्स णं भंते! कम्मस्स जीवेणं० तहेव पुच्छा उत्तरं च, नवरं अमणुण्णा सद्दा जाव कायदुहया, एस णं गोयमा! असायावेयणिज्जे कम्मे, एस णं गोयमा! असातावेदणिज्जस्स जाव अट्ठविहे अणुभावे पन्नत्ते ।।सू०-७।।६०५।।**

*(મૂ૦) હે ભગવન્ જીવે બાંધેલા સાતાવેદનિય કર્મનો યાવત્ પુદ્ગલપરિણામને પામી કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? હે ગૌતમ! જીવે બાંધેલા યાવત્ સાતાવેદનિય કર્મનો આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ પ્રમાણે-૧ મનોજ્ઞ શબ્દો, ૨ મનોજ્ઞ રૂપો, ૩ મનોજ્ઞ ગન્ધો, ૪ મનોજ્ઞ રસો, ૫ મનોજ્ઞ સ્પર્શો, ૬ મન સંબન્ધી સુખ, ૭ વચન સંબન્ધી સુખ અને ૮ શારીરિક સુખ. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ અને સ્વભાવવડે થયેલા પુદ્ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે સાતાવેદનિય કર્મ વેદે છે, હે ગૌતમ! એ સાતાવેદનિય કર્મ છે. હે ગૌતમ! એ સાતાવેદનિય કર્મનો આઠ પ્રકારનો વિપાક કહ્યો છે, હે ભગવન્! જીવે બાંધેલ અસાતા વેદનીય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે? ઇત્યાદિ પ્રશ્ન અને ઉત્તર તેમજ જાણવો. પરન્તુ અમનોજ્ઞ શબ્દો યાવત્ શરીર સંબન્ધી દુઃખ. હે ગૌતમ! એ અસાતાવેદનીય કર્મ છે, હે ગૌતમ! એ આસાતાવેદનીય કર્મનો આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. ॥૭॥૬૦૫॥*

(ટી૦) '**सायावेयणिज्जस्स णं भंते! कम्मस्स**'-ઇત્યાદિ. 'હે ભગવન્! સાતાવેદનિય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે' ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે સમજવું. હવે ઉત્તર કહે છ— 'આઠ પ્રકારનો વિપાક કહ્યો છે' તે આઠ પ્રકાર દર્શાવે છે—'**मणुन्ना सद्दा**' ઇત્યાદિ. મનોજ્ઞ શબ્દો-અહીં વાંસળી, વીણા વગેરે સંબંધી આગન્તુક-બહારથી આવતા મનોજ્ઞ શબ્દો જાણવા. **બીજા આચાર્યો 'પોતાના મનોજ્ઞ શબ્દો' એમ કહે છે, તે અયુક્ત છે.** કારણ કે પોતાના શબ્દોનું વાક્સુખ-વચનસુખ વડે ગ્રહણ થાય છે. ઇક્ષુરસ વગેરે મનોજ્ઞ રસો, કપૂર વગેરે પદાર્થોના મનોજ્ઞ ગન્ધો, પોતાના, પોતાની સ્ત્રીના અને પોતાના ચિત્રાદિના મનોજ્ઞ રૂપો, '**मनोज्ञाःस्पर्शाः**' શય્યાદિના મનોજ્ઞ સ્પર્શો, '**मणोसुहया**' **मनः सुखता-मनसि सुखं यस्य, तस्य भावः**-સુખકારક મન,

---

१. सत्तविहे ઇત્યાદિ वयसुहिया " " સુધી પાઠાન્તર. જ્યાં जाव अट्ठविहे છે ત્યાં जाव सत्तविहे પાઠાન્તર છે.

'वाक्सुखता' વચનનું સુખ–એટલે સર્વના કાન અને મનને હર્ષ ઉત્પન્ન કરનાર વચન એ તાત્પર્ય છે. 'कायसुखता' શરીરનું સુખ અર્થાત્ સુખી શરીર. એ આઠ પદાર્થો સાતાવેદનીયના ઉદય વડે પ્રાણીઓને પ્રાપ્ત થાય છે. માટે આઠ પ્રકારનો સાતાવેદનિયનો વિપાક કહ્યો છે. હવે પરને આશ્રયી સાતાવેદનીયનો ઉદય બતાવે છે—'जं वेएइ पुग्गलं' ઇત્યાદિ જે પુષ્પમાળા અને ચન્દનાદિ પુદ્‌ગલને વેદે છે–અનુભવે છે, જે માળા અને ચન્દનાદિ ઘણા પુદ્‌ગલોને વેદે છે, જે દેશ, કાળ, વય અને અવસ્થાને યોગ્ય આહારના પરિણામરૂપ પુદ્‌ગલપરિણામને વેદે છે, 'वीससा वा पुग्गलाण परिणामं' જે કાળે ઇષ્ટ, શીત અને ઉષ્ણાદિ વેદનાના પ્રતિકારરૂપ વિસ્રસા વડે પુદ્‌ગલોના પરિણામને વેદે છે, તેથી મનનું સમાધાન–સ્વસ્થતા થવાથી સાતાવેદનીય કર્મ અનુભવે છે. એટલે સાતાવેદનીય કર્મનું ફળ સુખ ભોગવે છે. એમ પરને આશ્રયી ઉદય કહ્યો. હવે સ્વતઃ ઉદય કહે છે—તે સાતાવેદનીય કર્મપુદ્‌ગલના ઉદય વડે મનોજ્ઞ શબ્દાદિ સિવાય પણ કદાચિત્ સુખ વેદે છે. જેમ તીર્થઙ્કરાદિના જન્માદિ સમયે નૈરયિકો સુખ અનુભવે છે. 'હે ગૌતમ! એ સાતાવેદનિય છે' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય જાણવું. 'असायावेयणिज्जस्स णं भंते!' હે ભગવન્! અસાતાવેદનીય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે.'ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. અને ઉત્તર પૂર્વવત્ જાણવો. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'तहेव पुच्छा उत्तरं च' તેમજ પ્રશ્ન અને ઉત્તર જાણવો. 'नवरं' પરંતુ ઇત્યાદિ વડે પૂર્વના સૂત્રથી આ સૂત્રની વિશેષતા બતાવે છે— 'अमणुण्णा सद्दा' ઇત્યાદિ–અમનોજ્ઞ શબ્દો–ગધેડા, ઉંટ અને અશ્વાદિના આગન્તુક મનને અપ્રિય શબ્દો, 'अमनोज्ञा रसाः' પોતાને જેનો પ્રતિભાસ–અનુભવ ન થાય એવા દુઃખ આપનારા મનને અણગમતા રસો, 'अमनोज्ञा गन्धाः' બળદ, મહિષ વગેરેના મૃત કલેવરાદિના ગન્ધો, 'अमनोज्ञानि रूपाणि' પોતાના અથવા પોતાની સ્ત્રી વગેરેના અમનોજ્ઞ રૂપો, 'अमनोज्ञाः स्पर्शाः' કર્કશાદિ અમનોજ્ઞ સ્પર્શો 'मनोदुःखता' મન સંબંધી દુઃખ, 'वयदुहया' વચનનું દુઃખ, અપ્રિય વાણી, 'कायदुहया' શરીર સંબંધી દુઃખ, દુઃખી શરીર, 'जं वेएइ' જે વિષે, શસ્ત્ર અને કંટકાદિ પુદ્‌ગલ વેદે છે–અનુભવે છે, જે વિષે, શસ્ત્ર અને કંટકાદિ ઘણા પુદ્‌ગલોને વેદે છે, જે અપથ્ય આહારરૂપ પુદ્‌ગલપરિણામને વેદે છે, વિસ્રસા–સ્વભાવ વડે અકાળે અનિષ્ટ શીતોષ્ણાદિ રૂપ જે પુદ્‌ગલપરિણામને વેદે છે તે વડે મનને અસમાધાન–અસ્વસ્થતા થવાથી અસાતાવેદનીય કર્મ અનુભવે છે. એટલે અસાતાવેદનીય કર્મનું ફળ અસાતા અનુભવે છે એ તાત્પર્ય છે. એ વડે પરને આશ્રયી ઉદય કહ્યો, હવે સ્વતઃ–પરનિરપેક્ષ ઉદય કહે છે—'तेसिं वा उदयेणं' તે અસાતાવેદનીય કર્મપુદ્‌ગલોના ઉદય વડે અસાતા વેદે છે. 'હે ગૌતમ! એ અસાતાવેદનીય છે' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. ॥૭॥૬૦૫॥

**मोहणिज्जस्स णं भंते! कम्मस्स जीवेणं बद्धस्स जाव कतिविहे अणुभावे पन्नत्ते? गोयमा! मोहणिज्जस्स णं कम्मस्स जीवेणं बद्धस्स जाव पंचविहे अणुभावे पण्णत्ते, तं जहा--सम्मत्तवेयणिज्जे, मिच्छत्तवेयणिज्जे, सम्मामिच्छत्तवेयणिज्जे, कसायवेयणिज्जे, णोकसायवेयणिज्जे। जं वेदेति पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं तेसिं वा उदएणं मोहणिज्जं कम्मं वेदेति एस णं गोयमा! मोहणिज्जे कम्मे। एस णं गोयमा! मोहणिज्जस्स कम्मस्स जाव पंचविहे अणुभावे पन्नत्ते।।सू०-८।।६०६।।**

*(મૂ૦) હે ભગવન્! જીવે બાંધેલ મોહનીય કર્મનો યાવત્ કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? હે ગૌતમ! જીવે બાંધેલા મોહનીય કર્મનો યાવત્ પાંચ પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે છે—૧ સમ્યક્ત્વવેદનીય, ૨ મિથ્યાત્વવેદનીય, ૩ સમ્યગ્મિથ્યાત્વવેદનીય, ૪ કષાયવેદનીય અને ૫ નોકષાયવેદનીય. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલપરિણામ અને વિસ્રસા પુદ્‌ગલપરિણામને વેદે છે, તેઓના ઉદય વડે મોહનીય કર્મને વેદે છે. હે ગૌતમ! એ મોહનીય કર્મનો યાવત્ પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે. ॥૮॥૬૦૬॥*

(ટી૦) 'मोहणिज्जस्स णं भंते!' ઇત્યાદિ. હે ભગવન્! મોહનીય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે' ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે સમજવું. ઉત્તર—પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે, તે પાંચ પ્રકાર બતાવે છે—'सम्यक्त्ववेदनीयं' ઇત્યાદિ. સમ્યક્ત્વરૂપે વેદવા

લાયક તે સમ્યક્ત્વ વેદનીય. એ પ્રમાણે બાકીના પદોને વિષે શબ્દાર્થનો વિચાર કરવો. ભાવાર્થ આ પ્રમાણે છે—જે વેદતાં પ્રશમાદિ પરિણામ ઉત્પન્ન કરે તે સમ્યક્ત્વવેદનીય. જે (દેવાદિ તત્ત્વમાં) અદેવાદિ બુદ્ધિ થવાનું કારણ તે મિથ્યાત્વ વેદનીય, મિશ્ર પરિણામનું કારણ તે સમ્યગ્મિથ્યાત્વવેદનીય, ક્રોધાદિ પરિણામનું કારણ તે કષાયવેદનીય, હાસ્યાદિ પરિણામનું કારણ તે નોકષાયવેદનીય. 'जं वेएइ पुग्गलं' ઇત્યાદિ. જે પુદ્‌ગલના વિષયરૂપ પ્રતિમાદિને વેદે-અનુભવે, જે ઘણા પ્રતિમારૂપ પુદ્‌ગલો વેદે છે, જે 'पुद्गलपरिणामं' કર્મપુદ્‌ગલવિશેષને ગ્રહણ કરવામાં સમર્થ દેશાદિને અનુકૂલ આહારના પરિણામને વેદે છે, કારણ કે આહારના પરિણામવિશેષથી કદાચિત્ કર્મપુદ્‌ગલની વિશેષતા થાય છે. જેમકે બ્રાહ્મી ઔષધી વગેરેના આહારના પરિણામથી જ્ઞાનાવરણીય પુદ્‌ગલોનો વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે. એ સંબન્ધે કહ્યું છે કે-

"उदयक्खयखओवसमावि य जं च कम्मुणो भणिया । दव्वं खेत्तं कालं भावं भवं च संपप्प" ॥

કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયી કહેલા છે. સ્વભાવ વડે પુદ્‌ગલોનો અભ્રવિકારાદિ પરિણામ, કે જેને જોવાથી વિવેક-વિરક્તતા ઉત્પન્ન થાય છે. જેમ કે—

"आयुः शरज्जलधरप्रतिमं नराणां संपत्तयः कुसुमितद्रुमसारतुल्याः ।
स्वप्नोपभोगसदृशा विषयोपभोगाः संकल्पमात्ररमणीयमिदं हि सर्व्वम्" ॥

મનુષ્યોનું આયુષ્ય શરદ ઋતુના વાદળાં જેવું છે. સંપત્તિઓ પુષ્પિત-પુષ્પવાળા વૃક્ષના સાર જેવી છે, વિષયોપભોગ સ્વપ્નાના ઉપભોગ જેવો છે, અને આ બધું સંકલ્પમાત્ર વડે રમણીય છે ઇત્યાદિ. અથવા પ્રશમાદિ પરિણામનું કારણભૂત જે વિસ્રસા પુદ્‌ગલ પરિણામને અનુભવે છે, તેના સામર્થ્યથી સમ્યક્ત્વવેદનીયાદિ મોહનીય કર્મ વેદે છે એટલે સમ્યક્ત્વવેદનીયાદિ કર્મનું ફળ પ્રશમાદિ વેદે છે એ ભાવાર્થ છે. એટલા વડે પ્રશમાદિ વેદે છે. 'एस णं' એ મોહનીય કર્મ છે'-ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. ॥૮॥૬૦૬॥

**आउअस्स णं भंते! कम्मस्स जीवेणं० तहेव पुच्छा। गोयमा! आउयस्स णं कम्मस्स जीवेणं बद्धस्स जाव चउविहे अणुभावे पन्नत्ते, तं जहा—णेरइयाउए, तिरियाउए, मणुयाउए, देवाउए, जं वेएइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं तेसिं वा उदएणं आउयं कम्मं वेदेति। एस णं गोयमा! आउए कम्मे, एस णं गोयमा! आउअस्स कम्मस्स जाव चउव्विहे अणुभावे पण्णत्ते ।।सू०-९।।६०७।।**

*(મૂ૦) હે ભગવન્! જીવે બાંધેલ આયુષ્ય કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે? ઇત્યાદિ તેમજ પૃચ્છા કરવી. હે ગૌતમ! જીવે બાંધેલા આયુષ્ય કર્મનો યાવત્ ચાર પ્રકારનો વિપાક છે. તે આ પ્રમાણે—નૈરયિકાયુષ્ય, તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલપરિણામ કે વિસ્રસા પુદ્‌ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે આયુષ્ય કર્મ વેદે છે. હે ગૌતમ! એ આયુષ્ય કર્મ છે અને હે ગૌતમ! એ આયુષ્ય કર્મનો ચાર પ્રકારનો વિપાક કહ્યો છે. ॥૯॥૬૦૭॥*

(ટી૦) 'आउस्स णं भंते!' ઇત્યાદિ. હે ભગવન્ આયુષ્ય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે? ઇત્યાદિ સૂત્ર પૂર્વની પેઠે જાણવું ઉત્તર—ચાર પ્રકારનો વિપાક કહ્યો છે. તે ચાર પ્રકાર દર્શાવે છે—'णेरयाउए'—નૈરયિકાયુષ્ય ઇત્યાદિ સુગમ છે 'जं वेएइ पुग्गलं वा' ઇત્યાદિ. આયુષ્ય કર્મનું અપવર્તન કરવાને સમર્થ જે શસ્ત્રાદિ પુદ્‌ગલ વેદે છે, જે ઘણા શસ્ત્રાદિરૂપ પુદ્‌ગલો વેદે છે, જે વિષમિશ્રિત અન્ન વગેરેના પરિણામરૂપ પુદ્‌ગલપરિણામને વેદે છે, જે 'विस्रसा'-સ્વભાવ વડે આયુષ્યના અપવર્તન કરવા સમર્થ શીતાદિ પુદ્‌ગલપરિણામને વેદે છે તે વડે વર્તમાન ભવના આયુષ્યનું અપવર્તન થવાથી નારકાદિ આયુષ્ય કર્મને વેદે છે. આટલા વડે પરને આશ્રયી ઉદય કહ્યો. હવે સ્વતઃ ઉદયનું પ્રતિપાદક આ સૂત્ર છે—'तेसिं वा उदएणं'-તે નારકાદિ આયુષ્ય પુદ્‌ગલોના ઉદય વડે નારકાદિનું આયુષ્ય વેદે છે. 'એ આયુષ્ય કર્મ છે'— ઇત્યાદિ ઉપસંહારવાક્ય છે. ॥૯॥૬૦૭॥

**सुभणामस्स णं भंते! कम्मस्स जीवेणं० पुच्छा। गोयमा! सुभणामस्स णं कम्मस्स जीवेणं चोद्दसविहे अणुभावे**

**पण्णत्ते, तं जहा—इट्ठा सद्दा १, इट्ठा रुवा २, इट्ठा गंधा ३, इट्ठा रसा ४, इट्ठा फासा ५, इट्ठा गती ६, इट्ठा ठिती ७, इट्ठे लावण्णे, ८ इट्ठा जसोकित्ती ९, इट्ठे उट्ठाण-कम्म-बल-वीरिय-पुरिसक्कार-परक्कमे १०, इट्ठस्सरता ११, कंतस्सरता १२, पियस्सरया १३, मणुण्णस्सरया १४, जं वेएइ पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं तेसिं वा उदएणं सुभणामं कम्मं वेएइ, एस णं गोयमा! सुभनामे कम्मे, एस णं गोयमा! सुभणामस्स कम्मस्स जाव चोद्दसविहे अणुभावे पण्णत्ते। दुहणामस्स णं भंते!० पुच्छा। गोयमा! एवं चेव, णवरं अणिट्ठा सद्दा, जाव हीणस्सरया, दीणस्सरया, अकंतस्सरया, जं वेदेति सेसं तं चेव जाव चोद्दसविहे अणुभावे पण्णत्ते ।।सू०-१०।।६०८।।**

*(મૂ૦) હે ભગવન્! જીવે બાંધેલા શુભનામકર્મનો કેટલા પ્રકારનો વિપાક છે? હે ગૌતમ! શુભનામ કર્મનો ચૌદ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ પ્રમાણે છે—૧ ઇષ્ટ શબ્દ, ૨ ઇષ્ટ રૂપ, ૩ ઇષ્ટ ગન્ધ, ૪ ઇષ્ટ રસ, ૫ ઇષ્ટ સ્પર્શ, ૬ ઇષ્ટ ગતિ, ૭ ઇષ્ટ સ્થિતિ, ૮ ઇષ્ટ લાવણ્ય, ૯ ઇષ્ટ યશઃકીર્તિ, ૧૦ ઇષ્ટ બલ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમ, ૧૧ ઇષ્ટ સ્વર, ૧૨ કાન્ત સ્વર, ૧૩ પ્રિય સ્વર અને ૧૪ મનોજ્ઞ સ્વર. જે પુદ્ગલ, પુદ્ગલો, પુદ્ગલપરિણામ અને વિસ્રસા પુદ્ગલપરિણામને વેદે છે, અને તેઓના ઉદય વડે શુભનામ કર્મ વેદે છે. હે ગૌતમ! એ શુભનામ કર્મ છે. હે ગૌતમ! એ શુભનામ કર્મનો ચૌદ પ્રકારનો વિપાક કહ્યો છે. હે ભગવન્! દુઃખ-અશુભ નામ કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે? હે ગૌતમ! એમ જ સમજવો. પરન્તુ અનિષ્ટ શબ્દ, યાવત્ હીનસ્વર, દીનસ્વર અને અકાન્તસ્વર જાણવો. જે વેદે છે-ઇત્યાદિ બધું તેમજ જાણવું. યાવત્—ચૌદ પ્રકારનો અશુભનામ કર્મનો વિપાક કહ્યો છે. ।।૧૦।।૬૦૮।।*

(ટી૦) નામકર્મ બે પ્રકારનું જે—શુભનામ કર્મ અને અશુભ નામકર્મ. તેમાં શુભનામ કર્મને આશ્રયી સૂત્ર કહે છે—'**सुभनामकम्मस णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! શુભનામ કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે સમજવું. ઉત્તર—ચૌદ પ્રકારનો વિપાક કહ્યો છે. તેજ ચૌદ પ્રકાર બતાવે છે—'**इट्ठा सद्दा**' ઇષ્ટ શબ્દો ઇત્યાદિ. આ શબ્દાદિ પોતાનાજ લેવા, કારણ કે અહીં નામકર્મના વિપાકનો વિચાર છે. **કોઇ આચાર્યો 'વાદિંત્રાદિથી ઉત્પન્ન થયેલા શબ્દો' કહે છે, તે અયુક્ત છે.** કારણ કે તે અન્ય કર્મના ઉદયથી થાય છે. '**इष्टा गतिः**'—ઇષ્ટ ગતિ-મદોન્મત્ત હસ્તી વગેરેના જેવી ગતિ. 'શિવિકાદિ ઉપર ચઢવાથી' ઇષ્ટ ગતિ એવો કોઇ અર્થ કરે છે. '**इष्टा स्थितिः**'—સહજ સ્થિતિ 'સિંહાસનાદિને વિષે સ્થિતિ' એમ અન્ય આચાર્ય કહે છે. '**इष्ट लावण्य**'—કાન્તિવિશેષ, કેસર વગેરેના વિલેપનથી ઉત્પન્ન થયેલું લાવણ્ય એમ અન્ય આચાર્ય કહે છે. '**इष्टा यशःकीर्तिः**'—યશ વડે યુક્ત કીર્તિ કહેવાય છે. યશ અને કીર્તિની આ વિશેષતા છે-**દાન અને પુણ્યથી થાય તે કીર્તિ અને પરાક્રમથી થાય તે યશ કહેવાય છે.** '**इट्ठे उट्ठाणकम्मबलवीरियपुरिसक्कारपरक्कमे**' ઇતિ, 'ઇષ્ટ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમ.-ઉત્થાન-શરીરની ચેષ્ટાવિશેષ, કર્મ-આરેચન-જુદા કરવું, ભ્રમણ કરવું વગેરે કર્મ, બલ—શરીરનું સામર્થ્ય, વીર્ય-જીવથી ઉત્પન્ન થયેલ, તેજ પુરુષકાર-અભિમાનવિશેષ, તે પોતાને વિષે કર્યું હોય તો પરાક્રમ કહેવાય છે. '**इष्टस्वरता**' ઇષ્ટ સ્વર, પ્રિય સ્વર, તેમાં 'ઇષ્ટ શબ્દો' એ સામાન્યપણે કથન છે તો પણ 'આ ઇસ્ટ સ્વર' એ વિશેષ કથન તેથી અન્ય ઘણાની અપેક્ષાએ સમજવું. 'કાન્તસ્વરતા' કાન્ત-મનોહર, સમાન્ય રીતે ઇચ્છવા યોગ્ય સ્વર, પ્રિયસ્વરતા' વારંવાર અભિલાષા કરવા યોગ્ય સ્વર, 'મનોજ્ઞસ્વરતા'-ભાવ-પ્રેમ નહિ હોવા છતાં પણ પોતાના વિષે પ્રીતિ ઉત્પન્ન કરનાર મનોજ્ઞ કહેવાય છે, એવા પ્રકારનો સ્વર તે મનોજ્ઞ સ્વર. '**जं वेएइ**' જે [1]વીણા, વર્ણક-વિલેપન, ગન્ધ, તાબુક, પટ્ટ, શિબિકા, સિંહાસન, કુંકુમ, દાન, રાજાનો યોગ અને ગુટિકારૂપ પુદ્ગલને વેદે છે, કારણ કે વીણાદિના સંબન્ધથી ઇષ્ટ શબ્દાદિ થાય છે, એનો માર્ગને વિષે પ્રસન્ન ચિત્તને અનુસરનારી

૧. વીણાના સંબન્ધથી ઇષ્ટ શબ્દ, વર્ણક-પીઠીના સંબન્ધથી ઇષ્ટ રૂપ, ગન્ધ-સુગન્ધી દ્રવ્યના સંબન્ધથી ઇષ્ટ ગન્ધ, તાંબુલના સંબન્ધથી ઇષ્ટ સ્પર્શ, પટ્ટ-રેશમી વસ્ત્રના સંબન્ધથી ઇષ્ટ સ્પર્શ, શિબિકા પાલખીના સંબન્ધથી ઇષ્ટ ગતિ, સિંહાસનના સંબન્ધથી ઇષ્ટ સ્થિતિ, કુંકુમ-કેસરના યોગથી ઇષ્ટ લાવણ્ય, દાનના સંબન્ધથી યશઃકીર્તિ, રાજાના યોગથી ઇષ્ટ ઉત્થાનાદિ અને ગુટિકાના યોગથી ઇષ્ટ સ્વર વગેરે થાય છે.

સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવો. 'पुग्गले वा' જે વેણુ-વીણા વગેરે ઘણા પુદ્‌ગલો વેદે છે, જે બ્રાહ્મી ઔષધી વગેરે આહારના પરિણામરૂપ પુદ્‌ગલપરિણામને વેદે છે, જે વિસ્રસા-સ્વભાવ વડે શુભ મેઘાદિ પુદ્‌ગલોના પરિણામને વેદે છે, તથા કાજળના જેવી કાન્તિવાળા ચઢેલા મેઘને જોઇને મસ્ત યુવતિઓ રેલ્લુક રૂપ ઇષ્ટ સ્વર ગાય છે. તેના પ્રભાવથી શુભનામ કર્મ વેદે છે. અને શુભનામ કર્મનું ફળ ઇષ્ટ સ્વરાદિ અનુભવે છે. એટલા વડે પરને આશ્રયી વિપાક કહ્યો. હવે સ્વતઃ ઉદય કહે છે—'तेसिं वा उदयेण' તે શુભનામ કર્મ પુદ્‌ગલોના ઉદયથી ઇષ્ટ શબ્દાદિ વેદે છે. 'એ શુભનામ કર્મ છે' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય જાણવું. 'दुहनामस्स णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! અશુભનામ કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે-ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની જેમ જાણવું. ઉત્તરસૂત્ર પૂર્વે કહેલા શુભનામ કર્મના અર્થથી વિપરીતપણે જાણવું. ॥૧૦॥૬૦૮॥

**उच्चागोयस्स णं भंते। कम्मस्स जीवेणं० पुच्छा। गोयमा! उच्चागोयस्स कम्मस्स जीवेणं बद्धस्स जाव अट्ठविहे अणुभावे पन्नत्ते, तं जहा—जातिविसिट्ठया १, कुलविसिट्ठया २, बलविसिट्ठया ३, रूवविसिट्ठया ४, तवविसिट्ठया ५, सुयविसिट्ठया ६, लाभविसिट्ठया ७, इस्सरियविसिट्ठया ८, जं वेदेति पोग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं वा उदएणं जाव अट्ठविहे अणुभावे पण्णते। णीयागोयस्स णं भंते!० पुच्छा। गोयमा! एवं चेव, णवरं जातिविहीणया, जाव इस्सरियाविहीणया, जं वेदेति पुग्गलं वा पोग्गले वा पोग्गलपरिणामं वा वीससा वा पोग्गलाणं परिणामं तेसिं वा उदएणं जाव अट्ठविहे अणुभावे पण्णत्ते ।।सू०-११।।६०९।।**

*(મૂ૦) હે ભગવન્! જીવે બાંધેલા ઉચ્ચ ગોત્રના કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે? હે ગૌતમ! જીવે બાંધેલા ઉચ્ચગોત્ર કર્મનો આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ પ્રમાણે--૧ જાતિવિશિષ્ટતા, ૨ કુલવિશિષ્ટતા, ૩ બલવિશિષ્ટતા, ૪ રૂપવિશિષ્ટતા, ૫ તપવિશિષ્ટતા, ૬ શ્રુતવિશિષ્ટતા, ૭ લાભવિશિષ્ટતા, અને ૮ ઐશ્વર્યવિશિષ્ટતા. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલપરિણામ કે વિસ્રસા પુદ્‌ગલોના પરિણામને વેદે છે, અને તેના ઉદય વડે (ઉચ્ચગોત્ર કર્મ વેદે છે) એ પ્રમાણે યાવત્ આઠ પ્રકારનો ઉચ્ચ ગોત્રનો વિપાક કહ્યો છે. હે ભગવન્! નીચગોત્ર કર્મનો કેટલા પ્રકારનો વિપાક છે? હે ગૌતમ! એમજ જાણવો. પરન્તુ જાતિ હીનપણું, યાવત્ ઐશ્વર્યહિનપણું. જે પુદ્‌ગલ, પુદ્‌ગલો, પુદ્‌ગલપરિણામ કે વિસ્રસાપુદ્‌ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે (નીચગોત્ર કર્મ વેદે છે.) યાવત્ આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. ॥૧૧॥૬૦૯॥*

(ટી૦) ગોત્ર કર્મ બે પ્રકારે છે-ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. તેમા ઉચ્ચગોત્ર સંબંધે સૂત્ર કહે છે-'उच्चगोयस्स णं भंते!' હે ભગવન્! ઉચ્ચ ગોત્રનો કેટલા પ્રકારનો વિપાક છે? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે જાણવું. ઉત્તર-આઠ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આઠ પ્રકાર બતાવે છે-૧ 'જાતિવિશિષ્ટતા' ઇત્યાદિ. જાતિ વગેરે સુપ્રસિદ્ધ છે. શબ્દાર્થ આ પ્રમાણે છે-જાતિ-જન્મ વડે વિશિષ્ટપણું, ઉચ્ચ જાતિમાં જન્મ થવો. 'जं वेएइ पुग्गले वा' ઇત્યાદિ-જે બાહ્ય દ્રવ્યાદિરૂપ પુદ્‌ગલને અનુભવે છે. જેમ કે દ્રવ્યના સંબન્ધથી કે રાજા વગેરે વિશિષ્ટ પુરુષના સ્વીકાર કરવાથી નીચ જાતિના કુળમાં ઉત્પન્ન થયો હોય તો પણ જાત્યાદિ સંપન્ન હોય તેમ લોકમાન્ય થાય છે. 'બલવિશિષ્ટતા' પણ મલ્લોની પેઠે લાઠી વગેરેના ભમાવવાથી જાણવી. 'રૂપવિશિષ્ટતા' ઉત્તમ તેવા પ્રકારના વસ્ત્રાલંકારાદિ રૂપના સંબંધથી જાણવી. 'તપોવિશિષ્ટતા' પર્વતોના શિખરાદિ ઉપર ચઢવા વડે આતાપના લેનારને હોય છે. 'શ્રુતવિશિષ્ટતા' મનોહર પૃથિવી પ્રદેશના સંબંધથી સ્વાધ્યાયાદિ કરનારને હોય છે. 'લાભવિશિષ્ટતા' ઉત્તમ રત્નાદિના યોગથી હોય છે. 'ઐશ્વર્યવિશિષ્ટતા' ધન અને કનક વગેરેના સંબંધથી હોય છે. 'पुग्गले वा' જે એવા બહુ પ્રકારના પુદ્‌ગલો વેદે છે, 'પુદ્‌ગલપરિણામં' જે દિવ્ય ફળાદિ આહારના પરિણામરૂપ પુદ્‌ગલપરિણામને વેદે છે. અને જે અકસ્માત્ કહેલ મેઘના આગમના સૂચક વગેરે લક્ષણવાળા વિસ્રસા-સ્વભાવ વડે પુદ્‌ગલોના પરિણામને અનુભવે છે તેના પ્રભાવથી ઉચ્ચ ગોત્રને વેદે છે. એટલે ઉચ્ચગોત્ર કર્મનું ફળ જાતિવિશિષ્ટાદિ વેદે છે. એ કથન વડે પરને આશ્રયી ઉદય કહ્યો. હવે સ્વત ઉદય કહે છે-'तेसिं वा उद्दएणं' તે ઉચ્ચ કર્મના ગોત્ર કર્મના ઉદય વડે જાતિવિશિષ્ટતાદિ થાય છે. 'एस णं गोयमा'! હે ગૌતમ! એ આઠ પ્રકારનો વિપાક

કહ્યો છે–ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે 'નીયાગોયસ્સ ણં ભંતે'! હે ભગવન્! નીચ ગોત્રનો કેટલા પ્રકારનો વિપાક છે. ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વવત્ જાણવું. ઉત્તર—આઠ પ્રકારનો વિપાક છે. તે આઠ પ્રકાર બતાવે છે– 'જાતિવિહીનતા' ઇત્યાદિ–સુપ્રસિદ્ધ છે. 'જં વેએઇ પુગ્ગલં' ઇતિ. જે નીચ કર્મ કરવા રૂપ અથવા નીચ પુરુષના સંબંધરૂપ પુદ્ગલને વેદે છે. જેમ કે, ઉત્તમ જાતિયુક્ત અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો હોય તો પણ જો નીચ કર્મ કરવાથી આજીવિકા રૂપ કર્મ કરે, અથવા **ચંડાલ સ્ત્રીની સાથે (નીચ કોમની કોઈપણ સ્ત્રીની સાથે) મૈથુન સેવે ત્યારે ચાંડાલાદિની પેઠે મનુષ્યને નિંદવા લાયક થાય છે.** 'બલહિનતા' સુખશય્યાદિના સંબંધથી હોય છે. 'રૂપવિહિનતા' ખરાબ વસ્ત્રાદિના સંબંધથી થાય છે, 'તપોવિહીનતા' પાસત્થાદિના સંસર્ગથી થાય છે. **'શ્રુતવિહીનતા' વિકથામાં તત્પર સાધ્વાભાસ-સાધુના જેવા લાગતા કુસાધુઓના સંસર્ગથી થાય છે.** 'લાભવિહીનતા' દેશ કાળને અયોગ્ય ખરાબ કરીયાણાના સંબંધથી થાય છે. 'ઐશ્વર્યવિહીનતા' ખરાબ ગ્રહો અને ખરાબ સ્ત્રીના સંબંધથી થાય છે. **'पुग्गले'** ઇતિ. એવા પ્રકારના જે ઘણા પુદ્ગલોને વેદે છે. રીંગણાના વગેરેના આહારના પરિણામરૂપ પુદ્ગલપરિણામને વેદે છે. રીંગણા ખાધા હોય તો તે ખરજ ઉત્પન્ન કરવા વડે રૂપહીનતા કરે છે. કહેલ મેઘના આગમનથી વિરુદ્ધ લક્ષણરૂપ વિસ્રસા પુદ્ગલપરિણામને વેદે છે. તેના પ્રભાવથી નીચગોત્ર કર્મ વેદે છે. એટલે જાત્યાદિ વિહીનતારૂપ નીચગોત્ર કર્મનું ફળ જાત્યાદિ વિહીનપણું વેદે છે. એટલા વડે પરને આશ્રયી ઉદય કહ્યો. હવે સ્વતઃ ઉદય કહે છ—**'तेसिं वा उदयेणं'**—તે નીચગોત્ર કર્મપુદ્ગલોના ઉદય વડે જાત્યાદિ હીનપણાને અનુભવે છે **'एस णं गोयमा'**! હે ગૌતમ! એ નીચગોત્ર કર્મ છે' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. ॥૧૧॥૬૦૯॥

**अंतराइयस्स णं भंते! कम्मस्स जीवेणं॰ पुच्छा। गोयमा! अंतराइयस्स णं कम्मस्स जीवेणं बद्धस्स जाव पंचविहे अणुभावे पण्णत्ते, तं जहा—दाणंतराए लाभंतराए भोगंतराए उवभोगंतराए वीरियंतराए, जं वेदेति पोग्गलं वा पोग्गले वा जाव वीससा वा पोग्गलाणं परिणामं वा तेसिं वा उदएणं अंतराइयं कम्मं वेदेति। एस णं गोयमा! अंतराइए कम्मे। एस णं गोयमा! जाव पंचविहे अणुभावे पन्नत्ते ॥सू०-१२॥६१०॥**

**पण्णवणाए भगवईए तेवीसतितमस्स पयस्स पढमो उद्देसो समत्तो २३-१ ।**

*(મૂ૦) હે ભગવન્! જીવે બાંધેલા અન્તરાય કર્મનો કેટલા પ્રકારનો વિપાક કહ્યો છે? હે ગૌતમ! જીવે બાંધેલા અન્તરાય કર્મનો યાવત્ પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે. તે આ પ્રમાણે—૧ દાનાન્તરાય, ૨ લાભાન્તરાય, ૩ ભોગાન્તરાય, ૪ ઉપભોગાન્તરાય અને ૫ વીર્યાન્તરાય. જે પુદ્ગલને યાવત્ વિસ્રસા પુદ્ગલોના પરિણામને વેદે છે અને તેઓના ઉદય વડે અન્તરાય કર્મ વેદે છે. હે ગૌતમ! એ અન્તરાય કર્મ છે. હે ગૌતમ! એ અન્તરાય કર્મનો પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે. ॥૧૨॥૬૧૦॥*

*પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.*

(ટી૦) **'अंतराइयस्स णं भंते'**!–હે ભગવન્! અન્તરાય કર્મનો વિપાક કેટલા પ્રકારનો છે? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પૂર્વની પેઠે જાણવું. ઉત્તર–પાંચ પ્રકારનો વિપાક કહ્યો છે. તે પાંચ પ્રકાર દર્શાવે છે—**'दाणंतराए'** ઇત્યાદિ. દાનાન્તરાય–દાનનો અન્તરાય–વિઘ્નરૂપ કર્મ, એ પ્રમાણે બધે સ્થળે જાણવું. તેમાં દાનાન્તરાય દાનાન્તરાય કર્મનું ફળ છે અને લાભાન્તરાયાદિ લાભાન્તરાયાદિ કર્મના ફળો છે. **'जं वेएइ पुग्गलं वा'** ઇત્યાદિ. જે તેવા પ્રકારના વિશિષ્ટ રત્નાદિરૂપ પુદ્ગલ વેદે છે, જેમકે ઉત્તમ રત્નાદિના સંબંધથી તેના વિષયમાં જ દાનાંતરાયનો ઉદય જણાય છે; તે રત્નાદિના સંધિ–પડને છેદનારા ઉપકરણના સંબંધથી લાભાન્તરાયકર્મનો ઉદય થાય છે. ઉત્તમ આહારના સંબન્ધથી અથવા અમૂલ્ય વસ્તુના સંબન્ધથી લોભવડે ભોગાન્તરાયનો ઉદય થાય છે. એ પ્રમાણે ઉપભોગાન્તરાય કર્મના ઉદયનો પણ વિચાર કરવો. તથા લાકડી વગેરે વાગવાથી વીર્યાન્તરાય કર્મનો ઉદય થાય છે. **'पुग्गले वा'** જે તેવા પ્રકારના ઘણા પુદ્ગલોને વેદે છે, જે તેવા પ્રકારના આહાર અને ઔષધી વગેરેના પરિણામરૂપ પુદ્ગલપરિણામને વેદે છે. જેમ કે શાસ્ત્રમાં તેવા આહાર અને ઔષધના પરિણામથી વીર્યાન્તરાય કર્મનો ઉદય થાય છે. મન્ત્ર વડે સંસ્કારિત વાસક્ષેપાદિ

સુગન્ધી પુદ્‌ગલના પરિણામથી સુબંધુ નામના પ્રધાનની પેઠે ભોગાન્તરાયાદિ થાય છે. તથા વિસ્રસા વડે વિચિત્ર શીત વગેરે રૂપ પુદ્‌ગલપરિણામને વેદે છે, જેમ કે વસ્રાદિ આપવાની ઇચ્છાવાળા છતાં પણ ઠંડી વગેરે પડતી જોઇને દાનાન્તરાયાદિના ઉદયથી તેને આપતા નથી એમ દેખાય છે, તે તેના પ્રભાવથી જાણવું. એ પરને આશ્રયી ઉદય કહ્યો. હવે સ્વને આશ્રયી કહે છે—તે અન્તરાયકર્મ પુદ્‌ગલોના ઉદય વડે અન્તરાયકર્મનું ફળ વેદે છે. 'એ અન્તરાય કર્મ છે' ઇત્યાદિ ઉપસંહાર વાક્ય છે. ॥૧૨॥૬૧૦॥

ત્રેવીશમાં કર્મપ્રકૃતિપદની ટીકાના અનુવાદમાં પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.

## बीओ उद्देसो । मूलोत्तरपयडिभेद परूवणं

**कति णं भंते! कम्मपगडीओ पण्णत्ताओ? गोयमा! अट्ठ कम्मपगडीओ पन्नत्ताओ, तं जहा—णाणावरणिज्जं, जाव अंतराइयं। णाणावरणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा—आभिणिबोहियणाणावरणिज्जे, जाव केवलणाणावरणिज्जे ।।सू०-१३।।६११।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તે આ પ્રમાણે—૧ જ્ઞાનાવરણીય, યાવત્ ૮ અન્તરાય. હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મ કેટલા પ્રકારે કહ્યું છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે—૧ આભિનિબોધિક જ્ઞાનાવરણીય, યાવત્ ૫ કેવલજ્ઞાનાવરણીય. ॥૧૩॥૬૧૧॥*

(ટી૦) પ્રથમ ઉદ્દેશકની વ્યાખ્યા કરી, હવે બીજા ઉદ્દેશકની વ્યાખ્યા કરવાની છે. તેનો સંબન્ધ આ પ્રમાણે છે—પૂર્વના ઉદ્દેશકમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનો વિપાક કહ્યો, અને અહીં તેજ જ્ઞાનાવરણીયાદિ કર્મની ઉત્તર પ્રકૃતિઓના વિભાગ કહેવાનો છે. તેમાં વિશેષ જાણવા માટે ફરીથી પણ મૂળ પ્રકૃતિ સંબન્ધે પ્રશ્ન અને ઉત્તરરૂપે સૂત્ર કહે છે—'कइ णं भंते!' ઇત્યાદિ. હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ છે—ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. હવે 'यथोद्देशं निर्देशः' ઉદ્દેશના ક્રમને અનુસરી નિર્દેશ થાય છે. **વસ્તુનું નામમાત્રથી કથન કરવું તે ઉદ્દેશ. અને વિસ્તારથી કહેવું તે નિર્દેશ.** એ ન્યાયને અનુસરી જ્ઞાનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિ સંબન્ધે સૂત્ર કહે છે—'णाणावरणिज्जे णं भंते!' હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મ કેટલા પ્રકારે છે? ઇત્યાદિ. અહીં આભિનિબોધિકાદિ શબ્દનો અર્થ ઉપયોગપદમાં કહેશે. તેનો વિગ્રહ આ પ્રમાણે છે—आभिनिबोधिकस्यावरणीयं—આભિનિબોધિક જ્ઞાનાવરણીય. એમ શ્રુતજ્ઞાનાવરણીય ઇત્યાદિને વિષે જાણવું. ॥૧૩॥૬૧૧॥

**दरिसणावरणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा—निद्दापंचए य दंसणचउक्कए य। निद्दापंचए णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा—निद्दा जाव थीणगिद्धी। दंसणचउक्कए णं० पुच्छा। गोयमा! चउव्विहे पन्नत्ते, तं जहा—चक्खुदंसणावरणिज्जे, जाव केवलदंसणावरणिज्जे ।।सू०-१४।।६१२।।**

*(મૂ૦) હે ભગવન્! દર્શનાવરણીય કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! બે પ્રકારનું કહ્યું છે? તે પ્રમાણે—૧ નિદ્રાપંચક અને દર્શનચતુષ્ક. હે ભગવન્! નિદ્રાપંચક કેટલા પ્રકારે કહ્યું છે? હે ગૌતમ! પાંચ પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે—૧ નિદ્રા, યાવત્ ૫ સ્ત્યાનર્દ્ધિ. હે ભગવન્! દર્શનચતુષ્ક કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! ચાર પ્રકારનું છે? તે આ પ્રમાણે—૧ ચક્ષુદર્શનાવરણીય, યાવત્ ૪ કેવલદર્શનાવરણીય. ॥૧૪॥૬૧૨॥*

(ટી૦) હવે દર્શનાવરણીયની ઉત્તરપ્રકૃતિઓ કહે છે—'दरिसणावरणिज्जे णं भंते!' ઇત્યાદિ. હે ભગવન્! દર્શનાવરણીય કર્મની ઉત્તરપ્રકૃતિઓ કેટલી છે—ઇત્યાદિ. 'निद्रा' અહીં દ્રા ધાતુ કુત્સા—નિંદાના અર્થમાં છે. 'नियतं द्राति यस्यां' જે અવસ્થામાં ચૈતન્ય કુત્સિતપણાને એટલે અસ્પષ્ટપણાને પામે તે નિદ્રા. અથવા દ્રૈ ધાતુ સુવાના અર્થમાં છે, જે અવસ્થામાં ચપટી વગાડવા માત્ર વડે પ્રાણી જાગૃત થાય એવી ઉંઘ તે નિદ્રા. તે વિપાક વડે વેદવા લાયક કર્મપ્રકૃતિ પણ કારણને વિષે કાર્યના ઉપચારથી નિદ્રા કહેવાય છે. નિદ્રાથી અધિક નિદ્રા તે નિદ્રાનિદ્રા. અહીં મધ્યમપદલોપી સમાસ છે. તે અવસ્થામાં ચૈતન્ય અત્યન્ત અસ્પષ્ટ હોવાથી ઘણા

ઢંઢોળવા વગેરેથી જાગૃત થાય છે. માટે સુખપૂર્વક જાગૃતિનું કારણ નિદ્રાથી આનું અધિકપણું છે. તે વિપાક વડે વેદવા લાયક કર્મપ્રકૃતિ પણ ઉપચારથી 'નિદ્રાનિદ્રા' કહેવાય છે. "**प्रचलयति यस्यां**" બેઠેલા તથા ઉભો રહેલ ડોલે, ઝોકાં ખાય જે નિદ્રાવસ્થામાં તે પ્રચલા. તે વિપાક વડે વેદવા લાયક કર્મપ્રકૃતિ પણ પ્રચલા કહેવાય છે. '**पयलापयला**' પ્રચલાથી અધિક જે પ્રચલા તે પ્રચલાપ્રચલા. પૂર્વની પેઠે મધ્યમપદલોપી સમાસ જાણવો. કારણ કે તે ચાલનારને પણ ઉદયમાં આવે છે. તેથી એક સ્થાને બેઠેલા કે ઉભા રહેલા ઉંઘનારને પ્રાપ્ત થતી પ્રચલાની અપેક્ષાએ પ્રચલાપ્રચલાનું અધિકપણું છે. '**थीणद्धी**' સ્ત્યાન–પિંડરૂપ થયેલી–એકઠી થયેલી ઋદ્ધિ–આત્મશક્તિ જે નિદ્રાવસ્થામાં હોય તે સ્ત્યાનર્દ્ધિ. તે નિદ્રાના સદ્ભાવમાં પ્રથમ સંઘયણવાળાને વાસુદેવના અર્ધબલ જેટલી શક્તિ પ્રાપ્ત થાય છે. પ્રવચનમાં એવી એક કથા છે કે–કોઇ સ્થળે સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળો કોઇ એક ક્ષુલ્લક (સાધુ) હતો, તેને દિવસે એક હાથીએ રોકી રાખ્યો. તેથી તેને હાથી ઉપર ખુબ ગુસ્સો આવ્યો. રાત્રે સ્ત્યાનર્દ્ધિ નિદ્રાના ઉદયમાં ઊઠીને તેણે હાથીના દાંત ઉખેડી નાંખ્યા અને તેને ઉપાશ્રયના વારણામાં મૂકી તે સૂઇ ગયો. ઇત્યાદિ.

ચક્ષુ વડે દર્શન–સામાન્ય અવબોધ તે ચક્ષુદર્શન, તેને આચ્છાદાન કરનાર તે ચક્ષુદર્શનાવરણીય. અચક્ષુ–ચક્ષુ સિવાય બાકીની ઇન્દ્રિયો અને મન, તે વડે દર્શન–સામાન્ય અવબોધ તે અચક્ષુદર્શન[1], તેને આવરણીય–આચ્છાદાન કરનાર કર્મ તે અચક્ષુદર્શનાવરણીય. અવધિરૂપ દર્શન તે અવધિદર્શન, ઇન્દ્રિયાદિની અપેક્ષા સિવાય રૂપી દ્રવ્યનો સામાન્ય અવબોધ, તેનું આવરણ કરનાર કર્મ તે અવધિદર્શનાવરણ. કેવલ રૂપ દર્શન–રૂપી અને અરૂપી સર્વ દ્રવ્યો અને તેના સર્વ પર્યાયોનો ઇન્દ્રિયાદિની અપેક્ષા સિવાય સામાન્ય અવબોધ તે કેવળ દર્શન. તેનું આચ્છાદાન કરનાર કર્મ તે કેવળદર્શનાવરણીય. અહીં નિદ્રાદિ પાંચ પ્રકૃતિઓ ચક્ષુદર્શનાવરણીયાદિના ક્ષયોપશમ વડે પ્રાપ્ત થયેલી દર્શન લબ્ધિનો ઉપઘાત કરે છે અને દર્શનાવરણચતુષ્ક મૂળથી દર્શનલબ્ધિનો ઘાત કરે છે. આ સંબન્ધે ગંધહસ્તી (સિદ્ધસેનગણિ) કહે છે–"**निद्रादयः समाधिगताया दर्शनलब्धेरुपघाते वर्तन्ते, दर्शनावरणचतुष्टयं तदुद्गमोच्छेदित्वात् समूलघातं हन्ति दर्शनलब्धिमिति।**" નિદ્રાદિ પ્રાપ્ત થયેલી દર્શનલબ્ધિના ઉપઘાતમાં વર્તે છે અને દર્શનાવરણચતુષ્ક તેની ઉત્પત્તિનું ઉચ્છેદક હોવાથી મૂળથીજ દર્શન લબ્ધિનો ઘાત કરે છે. અને તેના ઘાત કરવા છતાં તથા[2] સ્વભાવથી અને ક્ષયોપશમથી અવશિષ્ટ રહેલી દર્શનલબ્ધિનો નિદ્રાદિ ઘાત કરે છે. ॥૧૪॥૬૧૨॥

**वेयणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा—सातावेयणिज्जे य असातावेयणिज्जे य। सातावेयणिज्जे णं भंते! कम्मे० पुच्छा। गोयमा! अट्ठविहे पन्नत्ते, तं जहा—मणुण्णा सद्दा, जाव कायसुहया। असायावेदणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! अट्ठविहे पन्नत्ते, तं जहा—अमणुण्णा सद्दा, जाव कायदुहया ।।सू०-१५।।६१३।।**

*(મૂ૦) હે ભગવન્! વેદનીય કર્મ કેટલા પ્રકારનું છે. હે ગૌતમ! બે પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે—૧ સાતાવેદનીય અને અસાતાવેદનીય. હે ભગવન્! સાતાવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! આઠ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ મનોજ્ઞ શબ્દો, યાવત્ કાયસુખ–શારીરિક સુખ. હે ભગવન્! અસાતાવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! આઠ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ અમનોજ્ઞ શબ્દો, યાવત્ કાયદુઃખ–શારીરિક દુઃખ. ॥૧૫॥૬૧૩॥*

(ટી૦) વેદનીયકર્મ બે પ્રકારનું છે—સાતાવેદનીય અને અસાતાવેદનીય. જે સાતા–સુખરૂપે વેદાય છે તે સાતાવેદનીય અને તેથી વિપરીત તે અસાતાવેદનીય. તાત્પર્ય એ છે કે જેના ઉદયથી શારીરિક અને માનસિક સુખ વેદે તે સાતાવેદનીય. અને જેના ઉદયથી

૧. ચક્ષુ કે ઇતર ઇન્દ્રિયોદ્વારા તથા મન સિવાય સામાન્ય ઉપયોગ પ્રવર્તે છે તેને પણ અચક્ષુદર્શન કહેવામાં આવે છે, તેથી ભવાન્તરમાં જતા જીવને ઇન્દ્રિય અને મન સિવાય અચક્ષુદર્શન શાસ્ત્રમાં માનેલું છે.

૨. કેવલદર્શનાવરણ કેવલદર્શનલબ્ધિનો સર્વથા ઘાત કરે છે, પરન્તુ તથાસ્વભાવથી થોડો અંશ અનાવૃત–ખુલ્લો રહે છે, તેને અવધિદર્શનાવરણાદિ ઘાત કરે છે અને તેના ક્ષયોપશમથી પ્રાપ્ત દર્શનલબ્ધિનો નિદ્રાદિ ઘાત કરે છે. માટે દર્શનાવરણચતુષ્ક સમુલ ઘાત કરે છે. અને નિદ્રાદિ પ્રાપ્ત દર્શનલબ્ધિનો ઘાત કરે છે.

શરીર અને મન સંબન્ધી દુ:ખ અનુભવે તે અસાતાવેદનીય. તે પ્રત્યેકના મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દાદિ વિષયના ભેદથી આઠ પ્રકાર છે. ॥૧૫॥૬૧૩॥

**मोहणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा—दंसणमोहणिज्जे य चरित्तमोहणिज्जे य। दंसणमोहणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! तिविहे पन्नत्ते, तं जहा-सम्मत्तवेयणिज्जे, मिच्छत्तवेयणिज्जे, सम्मामिच्छत्तवेयणिज्जे। चरित्तमोहणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा—कसायवेयणिज्जे, णोकसायवेयणिज्जे य। कसायवेयणिज्जे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! सोलसविहे पन्नत्ते, तं जहा—अणंताणुबंधी कोहे, अणंताणुबंधी माणे, अणंताणुबंधी माया, अणन्ताणुबंधी लोभे, अपच्चक्खाणे कोहे, एवं माणे, माया, लोभे, पच्चक्खाणावरणे कोहे, एवं माणे, माया, लोभे, संजलणकोहे, एवं माणे माया लोभे। णोकसायवेयणिज्जे णं भंते! कम्मे कतिविहे पण्णत्ते? गोयमा! णवविहे पण्णत्ते, तं जहा-इत्थीवेए, पुरिसवेए, णपुंसगवेदे, हासे, रती, अरती, भये, सोगे, दुगुंछा ।।सू०-१६।।६१४।।**

*(મૂ૦) હે ભગવન્! મોહનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે—દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય હે ભગવન્! દર્શનમોહનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે-૧ સમ્યક્ત્વ વેદનીય, ૨ મિથ્યાત્વવેદનીય અને ૩ સમ્યગ્મિથ્યાત્વ વેદનીય. હે ભગવન્! ચારિત્રમોહનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે-કષાયવેદનીય અને નોકષાયવેદનીય. હે ભગવન્! કષાયવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! સોળ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ અનન્તાનુબન્ધી ક્રોધ, ૨ અનન્તાનુબન્ધી માન, ૩ અનન્તાનુબન્ધી માયા, ૪ અનન્તાનુબન્ધી લોભ, ૫ અપ્રત્યાખ્યાન ક્રોધ, એમ ૬ માન, ૭ માયા, ૮ લોભ, ૯ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, ૧૦ એમ માન, ૧૧ માયા, ૧૨ લોભ, ૧૩ સંજ્વલન ક્રોધ, ૧૪ એમ માન, ૧૫ માયા અને ૧૬ લોભ. હે ભગવન્! નોકષાયવેદનીય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! નવ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ સ્ત્રીવેદ વેદનીય, ૨ પુરુષવેદ વેદનીય, ૩ નપુંસકવેદ વેદનીય, ૪ હાસ્ય, ૫ રતિ, ૬ અરતિ, ૭ ભય, ૮ શોક અને ૯ જુગુપ્સા. ॥૧૬॥૬૧૪॥*

(ટી૦) મોહનીય કર્મ બે પ્રકારે છે—દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. દર્શન-સમ્યક્ત્વ, તત્ત્વરુચિમાં મોહ-ભ્રાન્તિ કરે તે દર્શનમોહનીય. ચારિત્ર—સાવદ્ય યોગથી નિવૃત્તિ અને નિરવદ્ય યોગમાં પ્રવૃત્તિ વડે ગમ્ય શુભ આત્માનો પરિણામ, તેમાં મોહ પેદા કરે તે ચારિત્રમોહનીય. દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારનું છે. જેમકે, સમ્યક્ત્વવેદનીય, મિથ્યાત્વવેદનીય અને મિશ્રવેદનીય. તેમાં સમ્યક્ત્વરૂપે-જિનેશ્વરે ઉપદેશેલા તત્ત્વની શ્રદ્ધારૂપે વેદાય તે સમ્યક્ત્વ વેદનીય, જે જિને ઉપદેશેલા તત્ત્વની અરુચિ રૂપે મિથ્યાત્વરૂપે વેદાય તે મિથ્યાત્વવેદનીય, અને જે જિનોપદિષ્ટ તત્ત્વમાં રુચિ નહિ તેમ અરુચિ પણ નહિ એવા મિશ્રપરિણામરૂપે વેદાય તે મિશ્રમોહનીય.

(પ્ર૦)—સમ્યક્ત્વવેદનીય કર્મને દર્શનમોહનીય કેમ કહેવાય? તે તો પ્રશમાદિ પરિણામનું કારણ હોવાથી દર્શનમાં મોહ ઉત્પન્ન કરતું નથી.

(ઉ૦)—અહીં સમ્યક્ત્વવેદનીય મિથ્યાત્વમોહનીયની પ્રકૃતિ છે, (પરન્તુ તેના પુદ્ગલો વિશુદ્ધ હોવાથી ક્ષયોપશમ સમ્યક્ત્વનો પ્રતિબંધ કરતા નથી ) તેથી દેશભઙ્ગરૂપ અતિચારનો સંભવ છે. વળી તે ઔપશમિક તથા ક્ષાયિક સમ્યગ્દર્શનમાં મોહ ઉત્પન્ન કરે છે-તેને રોકે છે માટે દર્શનમોહનીય કહેવાય છે. ચારિત્રમોહનીય બે પ્રકારે છે—કષાયવેદનીય અને નોકષાયવેદનીય. તેમાં જે ક્રોધાદિ કષાયરૂપે વેદાય તે કષાયવેદનીય અને જે સ્ત્રીવેદાદિ નોકષાય રૂપે વેદાય તે નોકષાયમોહનીય. તેમાં કષાયમોહનીય સોળ પ્રકારે છે. કારણ કે ક્રોધ, માન, માયા અને લોભના પ્રત્યેકના અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનરૂપ ચાર ચાર ભેદો થાય છે. તેમાં જે અનન્ત સંસારના અનુબન્ધ કરવાના સ્વભાવવાળો કષાય તે અનન્તાનુબન્ધી

કહેવાય છે. કહ્યું છે કે—

"अनन्तान्यनुबध्नन्ति यतो जन्मानि भूतये । ततोऽनन्तानुबन्ध्याख्या क्रोधाद्येषु नियोजिता" ॥

કારણ કે ઉત્પત્તિ માટે અનન્ત જન્મોનો અનુબન્ધ કરે છે તેથી ક્રોધાદિને વિષે અનન્તાનુબન્ધી નામે સંજ્ઞા જોડેલી છે. એનું સંયોજના એવું બીજું પણ નામ છે. તેનો આ વ્યુત્પત્તિથી થયેલો અર્થ છે. 'संयुज्यन्ते यैस्ते संयोजनः' જે વડે પ્રાણીઓ અનન્તા ભવોની સાથે જોડાય તે સંયોજના. કહ્યું છે કે—

"संयोजयन्ति यन्नरमनन्तसंख्यैर्भवैः कषायास्ते । संयोजनताऽनन्तानुबन्धिता वाप्यतस्तेषाम्" ॥

જે કષાયો મનુષ્યને અનન્ત ભવોની સાથે જોડે છે તેથી તેને અનન્તાનુબન્ધી અથવા સંયોજના કહેવામાં આવે છે. જેઓના ઉદયમાં સર્વથા કે દેશથી પ્રત્યાખ્યાન–વિરતિ ન હોય તે અપ્રત્યાખ્યાન કષાય કહેવાય છે. અહીં 'ન' શબ્દ સર્વનિષેધવાચી છે. કહ્યું છે કે—

"स्वल्पमपि नोत्सहेद् येषां प्रत्याख्यानमिहोदयात् । अप्रत्याख्यानसञ्ज्ञाऽतो द्वितीयेषु निवेशिता" ॥

જેઓના ઉદયથી થોડી પણ પ્રત્યાખ્યાનની–વિરતિની ઇચ્છા ન થાય માટે બીજા કષાયની અપ્રત્યાખ્યાન સંજ્ઞા કહી છે. તથા સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાનનું આવરણ–આચ્છાદન જે વડે થાય તે પ્રત્યાખ્યાનાવરણ કહેવાય છે. કહ્યું છે કે–

"सर्वसावद्यविरतिः प्रत्याख्यानमुदाहृतम् । तदावरणसञ्ज्ञाऽतस्तृतीयेषु निवेशिता ॥"

સર્વ સાવદ્યની વિરતિને પ્રત્યાખ્યાન કહેલું છે, માટે તેનું આવરણ કરનાર ત્રીજા કષાયની પ્રત્યાખ્યાનાવરણ સંજ્ઞા કહેવામાં આવી છે. પરિષહ અને ઉપસર્ગની પ્રાપ્તિમાં ચારિત્રવાળાને પણ 'सम्–इषज्ज्वलयन्ति'–કંઇક કષાયયુક્ત કરે તે સંજ્વલન. કહ્યું છે કે—

"सञ्ज्वलन्ति यतिं यत्संविग्नं सर्वपापविरतमपि । तस्मात् सञ्ज्वलना इत्यप्रशमकरा निरुध्यन्ते" ॥

જે સંવિગ્ન અને સર્વ પાપની વિરતિવાળા યતિને પણ કષાયયુક્ત કરે છે માટે અપ્રશમના કરનાર સંજ્વલન કષાય કહેવાય છે. બીજે સ્થળે પણ કહ્યું છે—

"शब्दादीन् विषयान् प्राप्य सञ्ज्वलयन्ति यतो मुहुः । ततः सञ्ज्वलनाह्वनं चतुर्थानामिहोच्यते" ॥

શબ્દાદિ વિષયોને પામીને વારંવાર કષાયયુક્ત થાય, તેથી ચોથા કષાયની 'સંજ્વલન' એવી સંજ્ઞા કહેવાય છે. એ કષાયોનું પાછળના ક્રમથી આ સ્વરૂપ છે—

"जलरेणुपुढविपव्वयराईसरिसो चउव्विहो कोहो । तिणिसलया–कट्ठ–ट्ठिय–सेलत्थंभोवमो माणो ॥
मायावलेहिगोमुत्तिमिंढसिंगघणवंसमूलसमा । लोहो हलिद्दखंजणकद्दमकिमिरागसारिच्छो ॥
पक्खचउमाससंवच्छरजावजीवाणुगामिणो कमसो । देवनरतिरियनारयगइसाहणहेयवो भणिया" ॥

જલની રેખા, રેતની, પૃથિવીની રેખા અને પર્વતની રેખા સરખો ચાર પ્રકારનો ક્રોધ છે. નેત્રની લતા, કાષ્ટસ્તંભ, અસ્થિસ્તંભ અને શિલાના સ્તંભના જેવો માન છે. વાંસની છાલ, ગોમૂત્રિકા, મેંઢાનું શિગડું અને કઠણ વાંસના મૂળ જેવી માયા છે. હલદર, ખંજન (ગાડાની મળી), કીચડ અને કીરમજી રંગના જેવો લોભ છે. તે ચારે પ્રકારના કષાયો અનુક્રમે પક્ષ, ચાર માસ, વરસ અને યાવજ્જીવ સુધી રહેવાવાળા છે અને તે દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિના સાધનભૂત કહ્યા છે. 'इत्थीवेए' સ્ત્રીવેદ–સ્ત્રીનો વેદઅભિલાષા એટલે સ્ત્રીની પુરુષના પ્રતિ અભિલાષા તે **સ્ત્રીવેદ**. તે વિપાક વડે વેદવા લાયક કર્મ પણ સ્ત્રીવેદ. પુરુષનો વેદ–સ્ત્રીના પ્રતિ અભિલાષ તે **પુરુષવેદ**. તે વિપાક વડે વેદવા લાયક કર્મ પણ પુરુષવેદ. નપુસંકનો વેદ–અભિલાષા,સ્ત્રી અને પુરુષ બન્નેના પ્રતિ અભિલાષા, તે નપુંસક વેદ. તે વિપાક વડે વેદવા લાયક કર્મ પણ **નપુંસક વેદ** કહેવાય છે. તથા જેના ઉદયથી નિમિત્ત સહિત કે નિમિત્ત વિના હસે અથવા હસાવે તે **હાસ્યમોહનીય**. જેના ઉદયથી બાહ્ય કે અભ્યન્તર વસ્તુમાં પ્રમોદથાય તે **રતિમોહનીય**, જેના ઉદયથી બાહ્ય અને અભ્યન્તર વસ્તુમાં અપ્રીતિ કરે તે **અરતિમોહનીય**. જેના ઉદયથી પ્રિય

વસ્તુના વિયોગાદિ નિમિત્તે છાતી કુટવા પૂર્વક આક્રન્દન કરે, શોક કરે, ભૂમિ ઉપર આળોટે અને દીર્ઘ નીસાસા મૂકે તે **શોકમોહનીય.** જેના ઉદયથી નિમિત્ત સહિત કે નિમિત્ત સિવાય તેવા પ્રકારના પોતાના સંકલ્પથી ભય પામે તે **ભયમોહનીય.** જેના ઉદયથી શુભ કે અશુભ વસ્તુની જુગુપ્સા–સૂગ કરે તે જુગુપ્સા ઉત્પન્ન કરનાર **જુગુપ્સામોહનીય.** એ પ્રમાણે બધા પદોનો પણ વિગ્રહ કરવો. આ હાસ્યાદિ કષાયના સહચારી હોવાથી નોકષાય કહેવાય છે. કયા કષાયોની સાથે સહચારી છે? આદિના બાર કષાયોના સહચારી છે. તે આ પ્રમાણ—આદિના બાર કષાયોનો ક્ષય થવાથી હાસ્યાદિની સ્થિતિનો સંભવ નથી, કેમકે ત્યાર પછી તુરતજ તેઓનો ક્ષય કરવા માટે પ્રવૃત્તિ થાય છે. અથવા એ હાસ્યાદિ ઉત્પન્ન થતાં અવશ્ય કષાયાદિને ઉદ્દીપન કરે છે. તેથી તે કષાયના સહચારી છે. એમ 'નો' શબ્દ સાહચર્યવાચી જાણવો. કષાયના સહચારી તે નોકષાય. કહ્યું છે કે

"कषायसहवर्तित्वात् कषायप्रेरणादपि । हास्यादिनवकस्योक्ता नोकषायकषायता" ॥

કષાયના સહચારી હોવાથી અને કષાયના પ્રેરક હોવાથી પણ હાસ્યાદિ નવને નોકષાય કષાય કહેવામાં આવે છે.॥૧૬॥૬૧૪॥

**आउए णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! चउव्विहे पन्नते, तं जहा—णेरइयाउए, जाव देवाउए। ॥सू०-१७॥६१५॥**

*(મૂ૦) હે ભગવન્! આયુષ્ય કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણ—૧ નૈરયિકાયુષ્ય અને યાવત્ ૪ દેવાયુષ્ય. ॥૧૭॥૬૧૫॥*

(ટી૦) આયુષ્યકર્મનું સૂત્ર પાઠ માત્રથી સિદ્ધ છે. ॥૧૭॥૬૧૫॥

**णामे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! बायालीसइविहे पण्णत्ते, तं जहा—गतिणामे १, जाइणामे २, सरीरणामे ३, सरीरोवंगणामे ४, संरीरबंधणणामे ५, सरीरसंघयणणामे ६, संघायणणामे ७, संठाणणामे ८, वण्णणामे ९, गंधणामे १०, रसणामे ११, फासणामे १२, अगुरुलहुयणामे १३, उवघायणामे १४, पराघायणामे १५, आणुपुव्विणामे १६, उस्सासणामे १७, आयवणामे १८, उज्जोयणामे १९, विहायगतिणामे २०, तसणामे २१, थावरणामे २२, सुहुमणामे २३, बादरणामे २४, पज्जत्तणामे २५, अपज्जत्तणामे २६, साहारणसरीरणामे २७, पत्तेयसरीरणामे २८, थिरणामे २९, अथिरणामे ३०, सुभणामे ३१, असुभणामे ३२, सुभगणामे ३३, दुभगणामे ३४, सूसरणामे ३५, दुसरणामे ३६, आदेज्जणामे ३७, अणादेज्जणामे ३८, जसोकित्तिणामे ३९, अजसोकित्तिणामे ४०, णिम्माणणामे ४१, तित्थगरणामे ४२। गतिणामे णं भंते! कम्मे कतिविहे पण्णत्ते? गोयमा! चउव्विहे पण्णत्ते, तं जहा—निरयगतिणामे, तिरियगतिणामे, मणुयगतिणामे, देवगतिणामे। जाइणामे। णं भंते! कम्मे० पुच्छा। गोयमा! पंचविहे पण्णत्ते, तं जहा—एगिंदियजाइणामे, जाव पंचिंदियजाइणामे। सरीरणामे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा—ओरालीयसरीरणामे, जाव कम्मगसरीरणामे। सरीरंगोवंगणामे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! तिविहे पन्नत्ते, तं जहा—ओरालीयसरीरंगोवंगणामे, वेउव्वियसरीरंगोवंगणामे, आहारगसरीरंगोवंगणामे। सरीरबंधणणामे णं भंते! कतिविहे पण्णत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तंजहा- ओरालीयसरीरबंधणणामे, जाव कम्मगसरीरबंधणनामे। सरीरसंघायणामे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा—ओरालीयसरीरसंघायणामे, जाव कम्मगसरीरसंघायणामे। संघयणणामे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! छव्विहे पन्नत्ते, तं जहा—वइरोसभणारायसंघयणणामे, उसहणारायसंघयणणामे, णारायसंघयणणामे, अद्धणारायसंघयणणामे, कीलियासंघयणणामे, छेवट्ठसंघयणणामे। संठाणणामे णं भंते! कतिविहे पण्णत्ते? गोयमा! छव्विहे पण्णत्ते, तं जहा—समचउरंससंठाणणामे, णिग्गोहपरिमंडलसंठाणणामे,**

सातिसंठाणणामे, वामणसंठाणणामे, खुज्जसंठाणणामे, हुंडसंठाणणामे। वण्णणामे णं भंते! कम्मे कतिविहे पन्नत्ते? गोयमा! पंचविहे पन्नत्ते तं जहा–कालवण्णणामे, जाव सुक्किल्लवण्णणामे। गंधणामे णं भंते! कम्मे० पुच्छा। गोयमा! दुविहे पन्नत्ते तं जहा–सुरभिगंधणामे, दुरभिगंधणामे। रसणामे णं० पुच्छा। गोयमा! पंचविहे पन्नत्ते, तं जहा–तित्तरसणामे, जाव महुररसणामे। फासणामे णं० पुच्छा। गोयमा! अट्ठविहे पन्नत्ते, तं जहा–कक्खडफासणामे, जाव लुक्खफासणामे। अगुरुलहुयणामे एगागारे पन्नत्ते, उवघायणामे एगागारे पन्नत्ते, पराघातणामे एगागारे पन्नत्ते। आणुपुव्विणामे चउव्विहे पन्नत्ते, तं जहा–णेरइयाणुपुव्विणामे, जाव देवाणुपुव्विणामे। उस्सासणामे एगागारे पन्नत्ते, सेसाणि सव्वाणि एगागाराइं पण्णत्ताइं जाव तित्थगरणामे। णवरं विहायगतिणामे दुविहे पन्नत्ते, तं जहा–पसत्थविहायगतिणामे य अपसत्थविहायगतिणामे य ।।सू०-१८।।६१६।।

*(મૂ૦) હે ભગવન્! નામકર્મ કેટલા પ્રકારનુ છે? હે ગૌતમ! બેતાળીશ પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે–૧ ગતિનામ, ૨ જાતિનામ, ૩ સરીરનામ, ૪ સરીરાંગોપાંગનામ, ૫ સરીરબંધનનામ, ૬ સરીરસંઘયણ નામ, ૭ સંઘાતન નામ, ૮ સંસ્થાનનામ, ૯ વર્ણનામ, ૧૦ ગન્ધનામ, ૧૧ રસનામ, ૧૨ સ્પર્શનામ, ૧૩ અગુરુલઘુનામ, ૧૪ ઉપઘાતનામ, ૧૫ પરાઘાતનામ, ૧૬ આનુપુર્વીનામ, ૧૭ ઉચ્છ્વાસનામ, ૧૮ આતપનામ, ૧૯ ઉદ્યોતનામ, ૨૦ વિહાયોગતિનામ, ૨૧ ત્રસનામ, ૨૨ સ્થાવરનામ, ૨૩ બાદરનામ ૨૪ સુક્ષ્મનામ, ૨૫ પર્યાપ્તિનામ, ૨૬ અપર્યાપ્તિનામ, ૨૭ સાધારણશરીરનામ, ૨૮ પ્રત્યેકશરીરનામ, ૨૯ સ્થિરનામ, ૩૦ અસ્થિરનામ, ૩૧ શુભનામ, ૩૨ અશુભનામ, ૩૩ સુભગનામ, ૩૪ દુર્ભગનામ, ૩૫ સુસ્વરનામ, ૩૬ દુસ્વરનામ, ૩૭ આદેયનામ, ૩૮ અનાદેયનામ, ૩૯ યશઃકિર્તિ નામ, ૪૦ અયશઃકિર્તિ નામ, ૪૧ નિર્માણનામ અને ૪૨ તિર્થંકર નામ. હે ભગવન્! ગતિનામ કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! ચાર પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ નૈરયિકગતિ, ૨ તિર્યંચગતિ, ૩ મનુષ્યગતિ અને દેવગતિનામ. હે ભગવન્! જાતિનામ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ એકેન્દ્રિય જાતિનામ, ૫ યાવત્ પંચેન્દ્રિય જાતિનામ. હે ભગવન્! શરીરનામ કેટલા પ્રકારનું છે. હે ગૌતમ! પાંચ પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે—૧ ઔદારિક શરીરનામ, યાવત્ ૫ કાર્મણશરીર. હે ભગવન્! શરીરાંગોપાંગ નામ કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે-૧ ઔદારિકશરીરાંગોપાંગ, ૨ વૈક્રિયશરીરાંગોપાંગ નામ અને ૩ આહારકશરીરાંગોપાંગનામ. હે ભગવન્! શરીરબન્ધન નામ કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ ઔદારિક-શરીરબન્ધનનામ, યાવત્ ૫ કાર્મણ શરીરબન્ધનનામ કર્મ, હે ભગવન્! શરીરસંઘાતન નામ કર્મ કેટલા પ્રકારે છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ ઔદારિકશરીરસંઘાતનનામ કર્મ, યાવત્ કાર્મણ શરીરસંઘાતનનામ કર્મ. હે ભગવન્! સંઘયણનામ કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! છ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ વજ્રૠષભનારાચ સંઘયણનામ કર્મ, ૨ ૠષભનારાચ સંઘયણનામ કર્મ, ૩ નારાચ સંઘયણનામ કર્મ, ૪ અર્ધનારાચ સંઘયણનામ કર્મ, ૫ કીલિકા સંઘયણનામ કર્મ અને ૬ છેવટ્ઠસંઘયણનામ કર્મ. હે ભગવન્! સંસ્થાનનામ કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! છ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ સમચતુરસ્ર સંસ્થાનનામ, ૨ ન્યગ્રોધપરિમંડલ, ૩ સાદિ, ૪ વામન, ૫ કુબ્જ અને ૬ હુંડકસંસ્થાનનામ. હે ભગવન્! વર્ણનામ કર્મ કેટલા પ્રકારનું છે ? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ કૃષ્ણવર્ણનામ, યાવત્ ૫ શુક્લવર્ણનામ. હે ભગવન્! ગન્ધનામ કર્મ કેટલા પ્રકારે છે? હે ગૌતમ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે—સુરભિગન્ધનામ અને દુરભિગન્ધનામ. રસનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે—તિક્તરસનામ, યાવત્ મધુરરસનામ. સ્પર્શ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! આઠ પ્રકારે છે. તે આ પ્રમાણે—૧ કર્કશસ્પર્શનામ, યાવત્ ૮ લઘુસ્પર્શનામ. અગુરુલઘુનામ એક પ્રકારનું છે. ઉપઘાતનામ એક પ્રકારનું છે. આનુપૂર્વીનામ ચાર પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે—૧ નૈરયિકાનુપૂર્વીનામ,*

*યાવત્ દેવાનુપૂર્વીનામ. ઉચ્છ્વાસનામ એક પ્રકારે છે, બાકીની સર્વ પ્રકૃતિઓ તીર્થંકરનામ પર્યન્ત એક પ્રકારની છે. પરન્તુ વિહયોગતિનામ બે પ્રકારે છે. તે આ પ્રમાણે—પ્રશસ્ત વિહાયોગતિનામ અને અપ્રશસ્ત વિહાયોગતિનામ. ॥૧૮॥૬૧૬॥*

(ટી૦) નામકર્મ બેંતાળીશ પ્રકારનું છે, તે બેંતાળીશ ભેદને દર્શાવે છે—'ગતિનામ' ઇત્યાદિ. ગમ્યતે—તેવા પ્રકારના કર્મરૂપ પ્રધાન વડે પ્રાપ્ત કરાય તે ગતિ–નારકપણું વગેરે પર્યાયનો પરિણામ. તે ગતિ ચાર પ્રકારની છે—નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ, તેનું કારણભૂત કર્મ તે ગતિનામ, તે પણ ચાર પ્રકારનું છે—'નરકગતિનામ' ઇત્યાદિ. 'જાતિનામ' એકેન્દ્રિયાદિ જીવોનો એકેન્દ્રિયત્વાદિ સમાન પરિણામરૂપ સામાન્ય કે જેનો એકેન્દ્રિયાદિ શબ્દ વડે વ્યવહાર થાય છે તે જાતિ, તેનું કારણભૂત કર્મ તે જાતિનામ. અહીં આ તાત્પર્ય છે– 'દ્રવ્યરૂપ ઇન્દ્રિય અંગોપાંગનામકર્મ અને ઇન્દ્રિયપર્યાપ્તિ નામકર્મના સામર્થ્યથી સિદ્ધ છે, અને ભાવરૂપ ઇન્દ્રિય સ્પર્શનાદિ ઇન્દ્રિયાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે, કારણ કે "**क्षायोपशमिकानीन्द्रियाणि**" ક્ષાયોપશમિક–ક્ષાયોપશમથી પ્રાપ્ત થયેલી ઇન્દ્રિયો છે–એવું શાસ્ત્ર વચન છે. પરન્તુ જે એકેન્દ્રિયાદિ શબ્દની પ્રવૃતિનું કારણ તેવા પ્રકારનું સમાન પરિણામરૂપ સામાન્ય છે તે અન્યથી અસાધ્ય હોવાના લીધે જાતિનામકર્મનિમિત્તક છે. તે જાતિનામ પાંચ પ્રકારે છે. ૧ એકેન્દ્રિયજાતિનામ, યાવત્ પંચેન્દ્રિયજાતિનામ.

શીર્યતે—ક્ષીણ થાય તે શરીર. પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે—ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. એઓની પૂર્વે વ્યાખ્યા કરેલી છે. તેનું કારણ નામકર્મ પણ પાંચ પ્રકારનું છે. જેમ કે ઔદારિકનામ, વૈક્રિયનામ ઇત્યાદિ. તેમાં જેના ઉદયથી ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને ઔદારિક શરીરરૂપે પરિણમાવે, પરીણમન કરી જીવપ્રદેશો સાથે પરસ્પર એકમેકપણે સંબન્ધ કરે તે ઔદારિકશરીરનામ. એ પ્રમાણે બાકીના શરીરનામકર્મનો પણ વિચાર કરવો. 'સરીરોપાંગનામ' ઇતિ. શરીરના મસ્તક પ્રમુખ આઠ અંગો છે. કહ્યું છે કે "**सीसमुरोयरपिट्ठ दो बाहू उरुया य अट्ठंगा।**" મસ્તક, છાતી, ઉદર, પીઠ, બે હાથ અને બે ઉરુ એ આઠ અંગ છે. અંગના આંગળી વગેરે અવયવો ઉપાંગ છે, બાકી તેના પણ અવયવરૂપ આંગળીના પર્વ રેખા વગેરે અંગોપાંગ છે. તેનું કારણ શરીરોપાંગનામ છે, તે ત્રણ પ્રકારે છે—૧ ઔદારિકાંગોપાંગનામ ૨ વૈક્રિયાંગોપાંગનામ અને ૩ આહારકાંગોપાંગનામ. જેના ઉદયથી ઔદારિક શરીરરૂપે પરિણત થયેલા પુદ્ગલોનો અંગોપાંગના વિભાગરૂપે પરિણામ થાય તે ઔદારિકાંગોપાંગનામ. એમ વૈક્રિય અને આહારકાંગોપાંગનામ કર્મ કહેવા. તૈજસ અને કાર્મણ શરીર જીવપ્રદેશના સંસ્થાનને અનુસરતું હોવાથી તેને અંગોપાંગનો સંભવ નથી. તથા **बध्यतेऽनेनेति बन्धनं**–જે વડે બંધાય તે બન્ધન. જે પૂર્વે ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા ઔદારિક પુદ્ગલોનો પરસ્પર અને તૈજસાદિ પુદ્ગલોની સાથે સંબન્ધ કરનાર બંધનનામ. આ સંબંધે મૂલટીકાકાર કહે છે–"**विद्यते तत्कर्म यन्निमित्ता द्वयादिसंयोगापत्तिराविर्भवति, यथा काष्ठद्वयभेदैक्यस्य करणे जतु कारणम्।**" તે કર્મ છે કે જે નિમિત્તે બે આદિ શરીરોનો સંયોગ થાય છે, જેમ બે લાકડાના ભેદને એક કરવામાં લાખ કારણ છે. [તેમ આ કર્મ છે] તે પાંચ પ્રકારે છે. જેમકે, ઔદારિકબંધનનામ, વૈક્રિયબંધનનામ, આહારકબંધનનામ, તૈજસબંધનનામ અને કાર્મણબંધનનામ. તેમાં જેના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા ઔદારિક પુદ્ગલોનો પરસ્પર તથા તૈજસાદિ પુદ્ગલોની સાથે સંબંધ થાય તે ઔદારિકબંધનનામ. જેના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા અને હમણાં ગ્રહણ કરાતા વૈક્રિય પુદ્ગલોનો પરસ્પર તથા તૈજસકાર્મણની સાથે પરસ્પર સંબન્ધ થાય તે વૈક્રિયબન્ધનનામ. જેના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા અને હમણાં ગ્રહણ કરાતા આહાર પુદ્ગલોનો પરસ્પર તથા તૈજસકાર્મણની સાથે પરસ્પર સંબન્ધ થાય તે આહારકબંધનનામ. જેના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા અને હમણાં ગ્રહણ કરાતા તૈજસ પુદ્ગલોનો પરસ્પર તથા કાર્મણ પુદ્ગલોની સાથે સંબન્ધ થાય તે તૈજસબન્ધનનામ. જેના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા અને હમણા ગ્રહણ કરાતા કાર્મણ પુદ્ગલોનો પરસ્પર સંબન્ધ થાય તે કાર્મણબન્ધનનામ. **संघात्यन्ते–पिण्डीक्रियन्ते येन**–જે વડે ઔદારિકાદિ પુદ્ગલો પિંડરૂપે એકઠા કરાય તે સંઘાતનામ કહેવાય છે. તે પણ પાંચ પ્રકારે છે—૧ ઔદારિક સંઘાતનામ, ૨ વૈક્રિય સંઘાતનામ, ૩ આહારકસંઘાતનામ, ૪ તૈજસ સંઘાતનામ, ૫ કાર્મણ સંઘાતનામ. તેમાં જેના ઉદયથી (ઔદારિક પુદ્ગલો) ઔદારિક શરીર રચનાને અનુસારે સંઘાત–પિંડરૂપ થાય તે ઔદારિક સંઘાતનામ. એ પ્રમાણે વૈક્રિયાદિ શરીર સંઘાતનામને વિષે

પણ જાણવું. '**संघयणनामे**' સંહનન–અસ્થિની રચના વિશેષ, મૂલટીકાકાર કહે છે કે– "**संहननमस्थिरचनाविशेषः**" **તેથી જે એમ કહે છે કે સૂત્રમાં શક્તિ વિશેષજ સંઘયણ છે. અને તે પ્રમાણે તેના ગ્રન્થમાં કહ્યું છે કે–''सुत्ते सत्तिविसेसो संघयणं''** તે **ભ્રાન્ત છે.** સૂત્રને અનુસરનારા મૂલટીકાકારે પણ સંહનન અસ્થિની રચના વિશેષરૂપે છે એમ પ્રતિપાદન કર્યું છે. અન્ય સ્થળે એકેન્દ્રિયોને જે સેવાર્ત સંઘયણ કહ્યું છે તેનું ટીકાકારે સમાધાન કર્યું છે કે "ઔદારિક શરીર હોવાથી ઉપચારથી આ કહેલું જાણવું, પણ વાસ્તવિક ન સમજવું. જો સંઘયણ શક્તિવિશેષ હોત તો દેવો અને નૈરયિકોને સંઘયણ કહ્યું હોત. અને તેઓ તો સૂત્રમાં સાક્ષાત્ સંઘયણ રહિત કહ્યા[1] છે. **એમ ઉત્સૂત્રના પ્રરુપકની ચેષ્ટાઓ સંબન્ધે વિશેષ કહેવાની જરુર નથી.** તે અસ્થિની રચના વિશેષ ઔદારિક શરીરને વિષેજ હોય છે, બીજા શરીરોમાં હોતી નથી, કારણ કે અસ્થિરહિત છે. તે સંઘયણ છ પ્રકારે છે–જેમકે વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત. તેમાં વજ્ર—ખીલી. ઋષભ–વીંટવાનો પાટો અને નારાચ–બન્ને તરફ મર્કટબંધ. કહ્યું છે કે—

"रिसहो य होइ पट्टो वज्जं पुण कीलिया मुणेयव्वा । उभओ मक्कडबंधो नारायं तं वियाणाहि"॥ .

ઋષભ એટલે પાટો અને વજ્ર એટલે ખીલી જાણવી. તથા બન્ને તરફ મર્કટબન્ધ તેને નારાચ જાણવો. તેથી બે અસ્થિ મર્કટબન્ધથી બન્ધાયેલા હોય અને તેના ઉપર પાટાની આકૃતિવાળું ત્રીજુ અસ્થિ વીંટાયેલું હોય અને ત્રણ અસ્થિને ભેદનાર વજ્ર-ખીલી નામે અસ્થિ જેને વિષે હોય તે વજ્રઋષભનારાચ. જે કિલિકા રહિત હોય તે ઋષભનારાચ જ્યાં અસ્થિઓનો મર્કટબન્ધજ કેવળ હોય તે નારાચસંહનન. જ્યાં એક તરફ કેવળ મર્કટબંધ હોય અને બીજી બાજુએ કીલિકા–ખીલી હોય તે અર્ધનારાચ સંહનન. જ્યાં અસ્થિઓ કેવળ કીલિકા–ખીલી વડેજ બંધાયેલા હોય તે કીલિકા સંઘયણ. જ્યાં અસ્થિઓ એક બીજાના છેડાને સ્પર્શ કરવા રૂપ સેવાને પ્રાપ્ત થયેલાં હોય, અથવા હમેશાં તૈલાદિ સ્નેહના મર્દનાદિરૂપ સેવાની અપેક્ષા રાખે તે સેવાર્તસંહનન. એનું કારણભૂત સંઘયણનામ કર્મ પણ છ પ્રકારે છે. જેમ કે—વજ્રઋષભનારાચ સંઘયણનામ, ઋષભનારાચ સંઘયણનામ, નારાચ સંઘયણનામ, અર્ધનારાચ સંઘયણનામ, કીલિકા સંઘયણનામ, અને સેવાર્ત સંઘયણનામ. તેમાં જેના ઉદયથી વજ્રઋષભનારાચ સંઘયણ હોય તે વજ્રઋષભનારાચ સંઘયણનામ. એ પ્રમાણે બાકીના સંઘયણ નામ કર્મ સંબન્ધે પણ જાણવું. તથા 'સંસ્થાન'— આકારવિશેષ, ગ્રહણ કરેલાં, જત્થારૂપે કરાયેલા અને બાંધેલા તે ઔદારિકાદિ પુદ્ગલોને વિષે જે કર્મના ઉદયથી સંસ્થાન–આકાર વિશેષ થાય તે સંસ્થાનનામ. તેના છ પ્રકાર છે. જેમ કે સમચતુરસ્રસંસ્થાન નામ, ન્યગ્રોધપરિમંડલ સંસ્થાનનામ, સાદિસંસ્થાનનામ, વામનસંસ્થાનનામ, કુબ્જસંસ્થાનનામ, અને હુંડકસંસ્થાનનામ. તેમાં જે કર્મના ઉદયથી પ્રાણીઓને સમચતુરસ્ર સંસ્થાન થાય તે સમચતુસ્રસંસ્થાન નામ. જે કર્મના ઉદયથી ન્યગ્રોધપરિમંડલસંસ્થાન ઉપજે તે ન્યગ્રોધપરિમંડલ સંસ્થાનનામ, એ પ્રમાણે બાકીના સંસ્થાનો જાણી લેવા. '**वर्ण्यते अनेनेति वर्णः**' જે વડે શરીર સુશોભિત થાય તે વર્ણ, તેના પાંચ પ્રકાર છે—શ્વેત, પીત–પીળો, રક્ત–રાતો, નીલ–લીલો, અને કૃષ્ણ–કાળો. તેનું કારણ નામકર્મ પણ પાંચ પ્રકારનું છે જેમ કે શ્વેતવર્ણનામ, પીતવર્ણનામ, રક્તવર્ણનામ, નીલવર્ણનામ અને કૃષ્ણવર્ણનામ. તેમાં જેના ઉદયથી પ્રાણીઓના શરીરને વિષે બગલાની પેઠે શ્વેતવર્ણ થાય તે શ્વેતવર્ણનામ. એમ બાકીના વર્ણનામો પણ જાણી લેવા. गन्ध्यतेआघ्रायते–જે સુંઘાય તે ગન્ધ. તેના બે પ્રકાર છે—સુરભિગન્ધ અને દુરભિગન્ધ. તેનું કારણ ગન્ધનામ પણ બે પ્રકારનું છે. જેમ કે સુરભિગન્ધનામ અને દુરભિગન્ધનામ. જેના ઉદયથી પ્રાણીઓના શરીરને વિષે કમલ માલતીપુષ્પ વગેરેની પેઠે સુરભિગન્ધ ઉત્પન્ન થાય તે સુરભિગન્ધનામ. જેના ઉદયથી પ્રાણીઓના શરીરમાં લસણ વગેરેની જેમ દુરભિગન્ધ ઉત્પન્ન થાય તે દુરભિગન્ધનામ. रस्यते-आस्वाद्यते–જેનો આસ્વાદ કરાય તે રસ. તિક્ત–તીખો, કટુક–કડવો, કષાય–તુરો, અમ્લ–ખાટો અને મધુર–મીઠો–એમ પાંચ પ્રકારનો છે. તેનું કારણ રસનામ પણ પાંચ પ્રકારે છે. જેમ કે તિક્તનામ, કટુનામ, કષાયનામ, અમ્લનામ અને મધુરનામ. તેમાં જેના ઉદયથી પ્રાણીઓના શરીરને વિષે મરી વગેરેની પેઠે તીખો

१ सूरनेरइया "छण्हं संघयणाणं असंघयणी" । जीवाभिगम.सू. ३२ प. ३३-१

રસ હોય તે તિક્તરસનામ. એમ બાકીના રસનામ પણ જાણી લેવા. स्पृश्यते-જે સ્પર્શાય એટલે સ્પર્શેન્દ્રિયનો વિષય હોય તે સ્પર્શ. તે કર્કશ, મૃદુ, લઘુ, ગુરુ, સ્નિગ્ધ, રુક્ષ, શીત અને ઉષ્ણના ભેદથી આઠ પ્રકારે છે. તેનું કારણ સ્પર્શનામ પણ આઠ પ્રકારે છે. તેમાં જેના ઉદયથી પ્રાણીઓના શરીરને વિષે પત્થર વગેરેની જેમ કર્કશ-બરસઠ સ્પર્શ હોય તે કર્કશસ્પર્શનામ. એમ બાકીના સ્પર્શનામ પણ જાણી લેવા. જેના ઉદયથી પ્રાણીઓના શરીર ગુરુ-ભારે નહિ, તેમ લઘુ-હલકાં પણ નહિ પરન્તુ અગુરુલઘુપરિણામવાળાં હોય છે તે અગુરુલઘુનામ. જેના ઉદયથી શરીરની અન્દર વધતા પડજીભ, ગલવૃન્દ (કાકડા) લમ્બક અને ચોરદાંત વગેરે શરીરના અવયવો વડે પોતે જ હણાય, અથવા સ્વયં ગળે ફાંસો ખાવો, સ્વયં પર્વત ઉપરથી પડવું વગેરેથી આત્મઘાત કરે તે ઉપઘાતનામ. જેના ઉદયથી પ્રતાપી મનુષ્ય પોતાના દર્શનમાત્રથી કે વાક્પટુતાથી મહાનૃપની સભામાં પણ જઇને સભ્યોને પણ ક્ષોભ ઉત્પન્ન કરે અને પ્રતિવાદીની પ્રતિભાનો નાશ કરે તે પરાઘાતનામ. કોણી, હળ અને ગોમૂત્રિકાના આકારે અનુક્રમે બે ત્રણ અને ચાર સમય પ્રમાણ વિગ્રહ ગતિથી બીજા ભવમાં ઉત્પત્તિ સ્થાને જતાં જીવની આકાશ પ્રદેશની શ્રેણિને અનુસરે નિયત ગમનની પરિપાટી-ક્રમ તે આનુપૂર્વી, તે વિપાક વડે વેદવા લાયક નામકર્મ પણ કારણને વિષે કાર્યના ઉપચારથી આનુપૂર્વીનામ. તે ચાર પ્રકારે છે, જેમ કે, નૈરયિકાનુપૂર્વીનામ, તિર્યંચાનુપૂર્વીનામ, મનુષ્યાનુપૂર્વીનામ અને દેવાનુપૂર્વીનામ. જેના ઉદયથી આત્માને ઉચ્છ્વાસ અને નિઃશ્વાસની લબ્ધિ પ્રાપ્ત થાય તે ઉચ્છ્વાસનામ.

(પ્ર૦)—જો એમ છે તો ઉચ્છ્વાસ પર્યાપ્તિ નામ કર્મનો ક્યાં ઉપયોગ છે?

(ઉ૦)—ઉચ્છ્વાસ નામ કર્મના ઉદયથી ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવા અને મૂકવા સંબન્ધી લબ્ધિ ઉત્પન્ન થાય છે. અને તે લબ્ધિ ઉચ્છ્વાસપર્યાપ્તિ સિવાય પોતાનું કાર્ય કરતી નથી. બાણને ફેંકવાની શક્તિવાળો છતાં પણ ધનુષને ગ્રહણ કરવાની શક્તિ સિવાય ફેંકી શકતો નથી. તેથી ઉચ્છ્વાસ પર્યાપ્તિ ઉત્પન્ન કરવા માટે ઉચ્છ્વાસપર્યાપ્તિ નામકર્મનો ઉપયોગ છે. એ પ્રમાણે બીજી પ્રકૃતિઓનો પણ યથાસંભવ ભિન્ન વિષય સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવો. જેના ઉદયથી પ્રાણીઓના શરીર સ્વરૂપે અનુષ્ણ છતાં ઉષ્ણ પ્રકાશ રૂપ આતપ કરે તે આતપનામ. તેનો વિપાક સૂર્યમંડલમાં રહેલા પૃથિવીકાયિકોને જ હોય છે. અગ્નિને હોતો નથી. કારણ કે સિદ્ધાન્તમાં પણ તેનો નિષેધ કર્યો છે. અગ્નિમાં ઉષ્ણપણું ઉષ્ણસ્પર્શનામ કર્મના ઉદયથી અને ઉત્કટ રક્તવર્ણનામના ઉદયથી પ્રકાશકપણું છે. તથા જેના ઉદયથી પ્રાણીઓના શરીરો યતિ અને દેવના ઉત્તર વૈક્રિય શરીર તથા ચન્દ્ર, નક્ષત્ર તારાના વિમાનો, રત્ન, અને ઔષધિની પેઠે અનુષ્ણ પ્રકાશ રૂપે ઉદ્દ્યોત કરે તે ઉદ્દ્યોતનામ. विहायसा गति:-આકાશમાં ગમન કરવું તે વિહાયોગતિ.

(પ્ર૦)—આકાશ સર્વવ્યાપક હોવાથી આકાશથી બીજે ગતિનો સંભવ નથી તો શા માટે 'विहायसू' વિશેષણ આપ્યું છે? કારણ કે વિહાયસૂપદ વડે નિષેધ કરવા યોગ્ય કંઇ પણ નથી.

(ઉ૦)—તમારી શંકા બરાબર છે, પરન્તુ ગતિમાત્ર કહેવામાં આવે તો નામ કર્મની પ્રથમ પ્રકૃતિ પણ ગતિ નામ છે, તેથી પુનરુક્તપણાની આશંકા થાય તેનો નિષેધ કરવા માટે 'विहायसू' એવું વિશેષણ આપવામાં આવ્યું છે, પણ નારકાદિ પર્યાયના પરિણામરૂપ ગતિ તે વિહાયોગતિ નથી. તે બે પ્રકાર છે—પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં પ્રશસ્ત ગતિ હંસ, ગજ અને વૃષભાદિને હોય છે, અપ્રશસ્ત ગતિ ગધેડા, ઉંટ અને પાડા વગેરેની હોય છે. તે વિપાક વડે વેદવા લાયક વિહાયોગતિ નામ કર્મ પણ બે પ્રકારે છે—પ્રશસ્તવિહાયોગતિનામ અને અપ્રશસ્તવિહાયોગતિનામ.

त्रसन्ति-ગરમી વગેરેથી પીડિત થયેલા વિવક્ષિત એક સ્થાનકથી ઉદ્વેગ પામે અને છાયાદિને આશ્રય કરવા માટે બીજે સ્થાને જાય તે ત્રસ-બેઇન્દ્રિયાદિ જીવો. તે પર્યાયના પરિણામ વડે વેદવા લાયક નામકર્મ પણ ત્રસનામ. જેના ઉદયથી ગરમી વગેરેનો સંબન્ધ છતાં પણ તે સ્થાનનો ત્યાગ કરવા માટે અસમર્થ એવા પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ સ્થાવર થાય તે સ્થાવરનામ. 'બાદરનામ' જેના ઉદયથી જીવો બાદર થાય તે બાદરનામ. બાદરપણું એ જીવોનો પરિણામ વિશેષ છે. જેના ઉદયથી પૃથિવ્યાદિ એક એક જીવનું શરીર ચક્ષુથી ગ્રાહ્ય નહિ હોવા છતાં ઘણા જીવોનો સમુદાય ચક્ષુથી ગ્રહણ થાય, તેથી વિપરિત

સૂક્ષ્મ નામ છે. જેના ઉદયથી ઘણા મળેલાં છતાં પણ જીવોનું શરીર ચક્ષુથી ગ્રાહ્ય થતું નથી. શ્રાવકપ્રજ્ઞપ્તિની મૂળ ટીકામાં કહ્યું છે કે- **"सूक्ष्मनाम यदुदयात् सूक्ष्मो भवति-अत्यन्तसूक्ष्मोऽतीन्द्रिय इत्यर्थः।"** સૂક્ષ્મ-અત્યંત સૂક્ષ્મ-અતીન્દ્રિય થાય એ તેનો અર્થ છે.

'પર્યાપ્તકનામ' જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરવામાં સમર્થ થાય તે પર્યાપ્તનામ. પર્યાપ્તિ એટલે આહારાદિ પુદ્ગલોને ગ્રહણ કરવા અને તેનું પરિણમન કરવામાં હેતુ આત્માની શક્તિવિશેષ. તેનું સ્વરૂપ પૂર્વે કહેવામાં આવ્યું છે. તેથી વિપરિત અપર્યાપ્તનામ છે. જેના ઉદયથી એક એક જીવનું ભિન્ન ભિન્ન શરીર હોય તે પ્રત્યેકનામ. જેના ઉદયથી અનન્ત જીવોનું સાધારણ-એક શરીર હોય તે સાધારણનામ. જેના ઉદયથી શરીરના અવયવ-શિર, અસ્થિ અને દાંતની સ્થિરતા હોય તે સ્થિરનામ. તેથી વિપરિત તે અસ્થિરનામ. જેના ઉદયથી નાભિના ઉપરના મસ્તક વગેરે અવયવો શુભ-પ્રશસ્ત હોય તે શુભનામ. જેના ઉદયથી નાભિની નીચેના પગ વગેરે અવયવો અશુભ હોય તે અશુભનામ. જેમકે મસ્તક વડે જેનો સ્પર્શ કરવામાં આવે તે ખુશ થાય છે અને પગ વડે સ્પર્શ કરવામાં આવે તો તે ગુસ્સે થાય છે.

(પ્ર૦)—સ્ત્રીના પગ વડે સ્પર્શ કરાયેલો મનુષ્ય ખુશ થાય છે, તેથી ઉપરના કથનમાં વ્યભિચાર-ઉત્પન્ન થાય-છે.

(ઉ૦)—એમ નથી, તે ખુશ થાય છે તેનું કારણ મોહનીય કર્મ છે, અને અહીં તો વસ્તુસ્થિતિનો વિચાર કરવાનો છે માટે દોષ નથી. જેના ઉદયથી ઉપકાર નહિ કરવા છતાં પણ સર્વના મનને પ્રિય થાય તે **સુભગનામ.** તેથી વિપરિત **દુર્ભગનામ,** કે જેના ઉદયથી ઉપકાર કરવા છતાં પણ મનુષ્યને અપ્રિય થાય. કહ્યું છે કે—

**"अणुवकए वि बहूणं जो पिओ तस्स सुभगनामुदओ । उवकारकारगोवि हु न रुच्चए दुब्भगस्सुदए ॥**
**सुभगुदए वि हु कोइ किंचि आसज्ज दुब्भगो जइवि । जइवि तद्दोसाओ जहा अभव्वाण तित्थयरो ॥"**

"ઉપકાર નહિ કરવા છતં પણ જે ઘણા મનુષ્યને પ્રિય થાય તેને સુભગ નામનો ઉદય છે અને દુર્ભગનામના ઉદયમાં ઉપકાર કરનાર પણ રુચે નહિ". જો કે સુભગનામના ઉદયમાં પણ કોઇને આશ્રયી તેના દોષને લીધે કોઇ દુર્ભગ-અપ્રિય થાય છે. જેમ **અભવ્યોને તીર્થંકર અપ્રિય લાગે છે.** જેના ઉદયથી જીવનો સ્વર સાંભળનારને પ્રીતિનું કારણ થાય તે **સુસ્વરનામ.** તેથી વિપરીત હોય તે **દુઃસ્વરનામ,** કે જેના ઉદયથી સ્વર સાંભળનારને અપ્રીતિ થાય. તથા જેના ઉદયથી જે કરે અથવા બોલે તે સર્વલોક માન્ય કરે. જોવા માત્રથી લોક તેનો અભ્યુત્થાનાદિ સત્કાર કરે તે **આદેયનામ.** તેથી વિપરીત **અનાદેયનામ,** કે જેના ઉદયથી યુક્તિયુક્ત બોલવા છતાં પણ લોકમાન્ય વચન ન થાય, તેમજ ઉપકાર કરવા છતાં પણ મનુષ્ય તેનો અભ્યુત્થાનાદિ સત્કાર ન કરે. તપ, શૌર્ય અને ત્યાગ વગેરેથી ઉપાર્જન કરેલા યશ વડે સ્તુતિ થાય તે **યશઃકીર્તિ.** અથવા **યશ** એટલે સામાન્ય ખ્યાતિ અને **કીર્તિ**-ગુણની સ્તુતિ-પ્રશંસા અથવા સર્વદિશામાં વ્યાપ્ત કે પરાક્રમથી કરાયેલ સર્વ મનુષ્યો વડે ગુણની સ્તુતિ તે યશ; એક દિશામાં વ્યાપ્ત અથવા પુણ્યથી કરાયેલી ખ્યાતિ તે કીર્તિ, તે જેના ઉદયથી થાય તે **યશઃકીર્તિનામ,** જેના ઉદયથી મધ્યસ્થ મનુષ્યને પ્રશંસા કરવા યોગ્ય ન હોય તે **અયશઃકીર્તિનામ.** જેના ઉદયથી પ્રાણીઓના શરીરને વિષે પોતપોતાની જાતિને અનુસારે અંગો અને પ્રત્યંગો પ્રતિનિયત સ્થાને હોય તે **નિર્માણનામ.** તે કર્મ સૂથારના જેવું છે. તેના અભાવે તેના ભૃત્ય જેવા અંગોપાંગાદિનામ વગેરે વડે ઉત્પન્ન થયેલાં પણ મસ્તક, ઉર અને ઉદરાદિ અવયવોનું નિયત સ્થાને રહેવાપણું ન હોય. **જેના ઉદયથી અષ્ટમહાપ્રાતિહાર્યાદિ ચોત્રીશ અતિશયો પ્રગટ થાય તે તીર્થંકરનામ.** એ પ્રમાણે નામના બેંતાળીશ ભેદો કહ્યા. હવે ગત્યાદિના અવાન્તર-પેટા ભેદો બતાવવા માટે સૂત્રકાર કહે છે-'गइनामेणं भंते! कम्मे कइविहे पन्नत्ते? ગતિનામ કર્મ કેટલા પ્રકારે છે?' ઇત્યાદિ બધું પાઠ સિદ્ધ છે. એમ નામકર્મના ભેદો કહ્યા. ॥૧૮॥૬૧૬॥

**गोए णं भंते! कम्मे कइविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा—उच्चागोए य णीयागोए य। उच्चागोए णं भंते! कइविहे पन्नत्ते? गोयमा! अट्ठविहे पण्णत्ते, तं जहा—जाइविसिट्ठया, जाव इस्सरियविसिट्ठया, एवं णीयागोए वि, णवरं जातिविहीणया जाव इस्सरियविहीणया ।।सू०-१९।।६१७।।**

*(મૂ૦) હે ભગવન્! ગોત્રકર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! બે પ્રકારનું છે. તે આ પ્રમાણે—ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. હે ભગવન્! ઉચ્ચ ગોત્ર કર્મ કેટલા પ્રકારનું છે? હે ગૌતમ! આઠ પ્રકારનું છે. તે આ પ્રમાણે-૧ જાતિવિશિષ્ટતા, યાવત્ ૮ ઐશ્વર્યવિશિષ્ટતા. એ પ્રમાણે નીચગોત્ર પણ જાણવું. પરન્તુ ૧ જાતિવિહીનતા, યાવત્ ઐશ્વર્યવિહીનતા જાણવી. ॥૧૯॥૬૧૭॥*

(ટી૦) હવે ગોત્રકર્મના ભેદો કહે છે—**गोए णं भंते!** ઇત્યાદિ. જેના ઉદયથી ઉત્તમ જાતિ, કુલ, બલ, તપ, રૂપ, ઐશ્વર્ય, શ્રુત, સત્કાર, અભ્યુત્થાન (ઉભા થવું), આસન આપવું, હાથ જોડવા વગેરેનો સંભવ થાય તે ઉચ્ચગોત્ર. જેના ઉદયથી જ્ઞાનાદિ યુક્ત છતાં પણ નિન્દા પ્રાપ્ત કરે, હીન જાત્યાદિમાં ઉત્પન્ન થાય તે નીચગોત્ર. એમ ગોત્રકર્મના બે ભેદો કહ્યા, હવે ઉચ્ચ અને નીચ ગોત્રના ભેદો કહે છ—**उच्चागोए णं भंते! कम्मे कइविहे पण्णत्ते?** હે ભગવન્! ઉચ્ચગોત્ર કર્મ કેટલા પ્રકારનું છે? ઇત્યાદિ. સુગમ છે. ॥૧૯॥૬૧૭॥

**अंतराइए णं भंते! कम्मे कतिविहे पण्णत्ते? गोयमा! पंचविहे पण्णत्ते, तं जहा—दाणंतराइए, जाव वीरियंतराइए ॥सू०-२०॥६१८॥**

*(મૂ૦) હે ભગવન્! અન્તરાય કર્મ કેટલા પ્રકારનું કહ્યું છે? હે ગૌતમ! પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણ—૧ દાનાન્તરાય, યાવત્ ૫ વીર્યાન્તરાય. ॥૨૦॥૬૧૮॥*

(ટી૦) હવે અન્તરાય કર્મના ભેદો કહે છે—**'अन्तरायइए णं भंते! कम्मे कइविहे पण्णत्ते?** અન્તરાય કર્મ કેટલા પ્રકારનું છે ઇત્યાદિ. તેમાં જેના ઉદયથી શક્તિ છતાં ગુણવાન્ પાત્રનો યોગ છતાં, આને દાન આપવું મહાફળવાળું છે એમ જાણવા છતાં આપવાનો ઉત્સાહ ન થાય તે દાનાન્તરાય. જેના ઉદયથી દાનગુણ વડે પ્રસિદ્ધ એવા દાતા પાસેથી આપવા લાયક વસ્તુ તેના ઘેર વિદ્યમાન હોવા છતાં યાચના કરવામાં કુશલ અને ગુણવાન્ હોવા છતાં પણ યાચક ન મેળવી શકે તે લાભાન્તરાય. જેના ઉદયથી ઉત્તમથી ઉત્તમ આહારાદિ વસ્તુ છતાં તેમજ પ્રત્યાખ્યાન-વિરતિનો પરિણામ કે વૈરાગ્ય નહિ હોવા છતાં કેવળ કૃપણપણાથી ભોગવી ન શકે તે ભોગાન્તરાય. એમ ઉપભોગાન્તરાય કર્મ પણ જાણવું. પરન્તુ ભોગ અને ઉપભોગમાં આ વિશેષતા છે કે જે એકવાર ભોગવાય તે આહાર, પુષ્પની માલા વગેરે ભોગ, વારંવાર ભોગવાય તે વસ્ત્ર, અલંકાર વગેરે ઉપભોગ કહેવાય છે. કહ્યું છે કે—

"सइ भुज्जइत्ति भोगो सो पुण आहारपुप्फमाईओ । उवभोगो उ पुणो उवभुज्जइ वत्थविलयाइ"॥

એકવાર ભોગવાય તે ભોગ, અને તે આહાર વગેરે જાણવો. જે વારંવાર ભોગવાય તે વસ્ત્ર, [1]સ્ત્રી વગેરે ઉપભોગ. જેના ઉદયથી નીરોગ શરીર છતાં અને યુવાવસ્થા છતાં અલ્પબળવાળો હોય, અથવા બલવાન્ શરીર છતાં અને સાધવા યોગ્ય કાર્ય છતાં પણ હીનસત્ત્વપણાથી પ્રવૃતિ ન કરે તે વીર્યાન્તરાય. એમ મૂળ અને ઉત્તરપ્રકૃતિઓનો વિભાગ કહ્યો. ॥૨૦॥૬૧૮॥

## ॥ कम्मपयडीणं ठिइपरूवणं ॥

**णाणावरणिज्जस्स णं भंते! कम्मस्स केवतियं कालं ठिती पन्नत्ता? गोयमा! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहुणिया कम्मठिती कम्मणिसेगो ॥सू०-२१॥६१९॥**

*(મૂ૦) હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મની કેટલી કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ*

૧. ઉપલક્ષણથી પુરુષ પણ ઉપભોગ કહી શકાય એટલે પુરુષની અપેક્ષાએ સ્ત્રી અને સ્ત્રીની અપેક્ષાએ પુરુષ પણ ઉપભોગ હોઇ શકે. જ્યારે સ્ત્રી ભોક્તૃત્વની ભાવનાથી પ્રવૃતિ કરે તે ઉપભોક્ત્રી છે અને પુરુષ ઉપભોગ્ય છે, જ્યારે ભોક્તાપણાની ભાવનાથી પુરુષ પ્રવર્તે ત્યારે તે ઉપભોક્તા છે અને સ્ત્રી ઉપભોગ્ય છે.

*કોડાકોડી સાગરોપમની છે. અબાધાકાળ ત્રણ હજાર વરસનો છે. અબાધાકાળ હીન કર્મની સ્થિતિ તે કર્મનો નિષેક છે. ॥૨૧॥૬૧૯॥*

(ટી૦) હવે ઉત્તરપ્રકૃતિઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ સંબન્ધે પ્રશ્ન સૂત્ર કહે છે—**'णाणावरणिज्जस्स णं भंते! कम्मस्स केवइयं कालं ठिई पण्णत्ता'** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ જ્ઞાનાવરણના ભેદથી પાંચ પ્રકારના જ્ઞાનાવરણ કર્મની કેટલા કાળની સ્થિતિ કહી છે? એમ પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને તે સર્વ જઘન્ય સ્થિતિ સૂક્ષ્મ સંપરાય ક્ષપકને પોતાના ગુણસ્થાનકના છેલ્લા સમયે જાણવી. અને ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે, તે ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા મિથ્યાદષ્ટિને જાણવી. એમ પૂર્વે કહેલા પ્રશ્નનો નિયત ઉત્તર આપ્યો. અને આ પૂછ્યા સિવાયના પ્રશ્નો (પ્રસંગથી) ઉત્તર આપે છ—ત્રણ હજાર વરસનો અબાધા (અનુદય કાળ) અને અબાધા વડે ન્યૂન કર્મની સ્થિતિ એ કર્મદલિકોનો નિષેક (ભોગ્ય કાળ) છે. એમ કહેવાનું શું કારણ છે? કર્મની બે પ્રકારની સ્થિતિ બતાવવા માટે છે. તે આ પ્રમાણે—કર્મની બે પ્રકારની સ્થિતિ છે- –૧ કર્મપણે રહેવા યોગ્ય સ્થિતિ અને અનુભવવા યોગ્ય સ્થિતિ તેમાં કર્મપણે રહેવા રૂપ સ્થિતિને આશ્રયી ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ કહી છે. અને અનુભવવા યોગ્ય સ્થિતિ તેથી ત્રણ હજાર વરસ ન્યૂન છે. જેથી સૂત્રકાર કહે છે કે **'त्रीणि वर्षसहस्राणि अबाधा'**—ત્રણ હજાર વરસનો અબાધાકાળ છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણીય કર્મ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું બાંધ્યું હોય તો બન્ધસમયથી માંડી ત્રણ હજાર વરસ સુધી પોતાના ઉદયથી જીવને કંઇપણ બાધા કરતું નથી. કારણ કે તેટલા કાળમાં કર્મદલિકની નિષેક–રચનાનો અભાવ છે.

ત્યાર પછીના કાળમાં કર્મદલિકની નિષેક રચના થાય છે. તે તે બાબત સૂત્રકાર જણાવે છે–**'अबाधना'**–અબાધાકાળ રહિત અનુભવ યોગ્ય કર્મની સ્થિતિ એ કર્મનો નિષેક છે. તે આ પ્રમાણે છે–પ્રથમ સ્થિતિમાં ઘણા કર્મદળ હોય છે. બીજી સ્થિતિમાં વિશેષહીન, ત્રીજી સ્થિતિમાં વિશેષહીન, એમ વિશેષ હીન, વિશેષ હીન ત્યાં સુધી કહેવાં કે જ્યાં સુધી તે સ્થિતિનો છેલ્લો સમય હોય. એટલા વડે અગ્રાયણી નામે બીજા પૂર્વને વિષે કર્મપ્રકૃતિ પ્રાભૃતના બન્ધવિધાનના સ્થિતિબન્ધાધિકારને વિષે જે કહ્યું છે— **चत्वार्यनुयोगद्वाराणि, तद्यथा-स्थितिबन्धस्थानप्ररूपणा, अबाधाकण्डक प्ररूपणा, उत्कृष्टनिषेकप्ररूपणा, अल्पबहुत्वप्ररूपणा च** ઇતિ—ચાર અનુયોગ દ્વારો છે. જેમ કે સ્થિતિબન્ધના સ્થાનોની પ્રરૂપણા, અબાધા કણ્ડક પ્રરૂપણા, ઉત્કૃષ્ટ નિષેકપ્રરૂપણા અને અલ્પબહુત્વપ્રરૂપણા. તેમાં ઉત્કૃષ્ટ અબાધાકણ્ડકની પ્રરૂપણા અને ઉત્કૃષ્ટ નિષેકની પ્રરૂપણા બતાવી. અબાધાકાળનું પરિજ્ઞાન થવા માટે આ ઉપાય છે—જેની જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય તેનો તેટલા સેંકડો વરસનો અબાધાકાળ જાણવો. જેની કોટાકોટી સાગરોપમની અંદર સ્થિતિ છે તે કર્મનો આયુષ્ય સિવાય જઘન્યથી અન્તર્મુહૂર્તનો અબાધાકાળ અને આયુષ્યનો ઉત્કૃષ્ટ અબાધાકાળ પૂર્વકોટીનો ત્રીજો ભાગ સમજવો. તેથી અબાધાકાળનો વિચાર કરીને અબાધાવિષયક સૂત્રોનો સ્વયં વિચાર કરવો.॥૨૧॥૬૧૯॥

**निद्दापंचयस्स णं भंते! कम्मस्स केवतियं कालं ठिती पन्नत्ता? गोयमा! जहन्नेणं सागरोवमस्स तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा, अबाहूणिया कम्मट्ठिती कम्मणिसेगो। दंसणचउक्कस्स णं भंते! कम्मस्स केवतियं कालं ठिती पन्नत्ता? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा० ।सू०-२२।६२०।**

*(મુ૦) હે ભગવન્! પાંચ નિદ્રા કર્મની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ વડે ન્યૂન ત્રણ સમાંશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ કહી છે. ત્રણ હજાર વર્ષ અબાધાકાળ અને*

*અબાધાકાળ હીન કર્મસ્થિતિ કર્મનો નિષેક છે. હે ભગવન્! ચાર દર્શનાવરણની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમ છે. ત્રણ હજાર વરસ અબાધાકાળ અને અબાધાકાળ ન્યૂન કર્મ સ્થિતિ એ કર્મનો નિષેક છે. ॥૨૨॥૬૨૦॥*

(ટી૦) પાંચ નિદ્રા સંબન્ધે સૂત્ર કહે છે—'**निद्दापंचगस्स णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! નિદ્રાપંચકની કેટલા કાળની સ્થિતિ કહી છે? અહીં જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગવડે ન્યૂન સાગરોપમના ત્રણ સપ્તમાંશ છે. એટલે એક સાગરોપમના સાત ભાગ કરીએ તેવા ત્રણ ભાગ હોય છે. તાત્પર્ય એ છે કે—ચાર જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ, સંજ્વલન લોભ અને પાંચ અન્તરાય કર્મની પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત છે. સકષાયીને સાતાવેદનીયની સ્થિતિ બાર મુહૂર્તની અને કષાયરહિતને બે સમયની છે. પ્રથમસમયે બન્ધ અને બીજે સમયે ઉદય અને ત્રીજે સમયે કર્મનો નાશ કરે છે. યશઃકીર્તિ અને ઉચ્ચગોત્રની સ્થિતિ આઠ મુહૂર્ત છે. પુરુષવેદની આઠ વર્ષ, સંજ્વલન ક્રોધની બે માસ, સંજ્વલન માનની એક માસ, સંજ્વલન માયાની અર્ધમાસ, અને બાકીની પ્રકૃતિઓની જે જે પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેને ઉત્કૃષ્ટ સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગતા જે આવે તેથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે હીન જઘન્ય સ્થિતિનું પરિણામ છે. તેમાં પાંચ નિદ્રાની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે, તેને સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગાકાર કરતા 'શુન્ય વડે શૂન્ય ઉડી જાય છે' એવી ભાગાકારની રીત હોવાથી ત્રણ સપ્તમાંશ સાગરોપમ થાય છે, તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કરતાં ઉપર કહ્યા પ્રમાણે જઘન્ય સ્થિતિપરિમાણ થાય છે. ॥૨૨॥૬૨૦॥

**सायावेयणिज्जस्स इरियावहियबंधगं पडुच्च अजहण्णमणुक्कोसेणं दो समया, संपराइयबंधगं पडुच्च जहण्णेणं बारस मुहुत्ता, उक्कोसेणं पण्णरस सागरोवमकोडाकोडीओ, पण्णरस य वाससयाइं अबाहा०। असातावेदणिज्जस्स जहण्णेणं सागरोवमस्स तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा०।।सू०-२३।।६२१।।**

*(મુ૦) સાતાવેદનીયની ઈર્યાપથિક બન્ધને આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય બે સમયની સ્થિતિ છે. સાંપરાયિક બન્ધને આશ્રયી જઘન્ય બાર મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પન્દર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તથા પન્દરસો વરસનો અબાધાકાળ છે. અસાતાવેદનીયની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના ત્રણ સપ્તમાંશની સ્થિતિ છે. ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તેનો ત્રણ હજાર વરસનો અબાધાકાળ અને અબાધાકાળવડે ન્યૂન સ્થિતિ કર્મનિષેક કાળ સમજવો. ॥૨૩॥૬૨૧॥*

(ટી૦) '**सायावेयणिज्जस्स इरियावहियं बन्धगं पडुच्च अजहन्नमणुक्कोसेणं दो समया, संपराइयबंधगं पडुच्च जहण्णेणं बारस मुहुत्ता**' સાતાવેદનીયની ઈર્યાપથિક (અકષાયિક, કેવળ યોગહેતુક) બંધને આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ રહિત બે સમયની સ્થિતિ છે. સાંપરાયિક (કષાયહેતુક) બંધને આશ્રયી જઘન્ય બાર મુહૂર્તની સ્થિતિ છે એનો પૂર્વેજ વિચાર કર્યો છે. અસાતાવેદનીયની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન ત્રણ સપ્તમાંશ સાગરોપમની સ્થિતિ પાંચ નિદ્રાની પેઠે જાણવી. કારણ કે તેની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે. ॥૨૩॥૬૨૧॥

**सम्मत्तवेयणिज्जस्स पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं। मिच्छत्तवेयणिज्जस्स जहन्नेणं सागरोवमं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं सत्तरि कोडाकोडीओ, सत्त य वाससहस्साइं अबाहा, अबाहूणिया०। सम्मामिच्छत्तवेयणिज्जस्स जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं। कसायबारसगस्स जहन्नेणं सागरोवमस्स चत्तारि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, ऊक्कोसेणं चत्तालीसं सागरोवमकोडाकोडीओ, चत्तालीसं वाससताइं अबाहा जाव णिसेगो। कोहसंजलणाए**

पुच्छा। गोयमा! जहन्नेणं दो मासा, उक्कोसेणं चत्तालीसं सागरोवमकोडाकोडीओ, चत्तालीसं वाससताइं अबाहा जाव णिसेगो। माणसंजलणाए पुच्छा। गोयमा! जहण्णेणं मासं, उक्कोसेणं जहा कोहस्स। मायासंजलणाए पुच्छा। गोयमा! जहण्णेणं अद्धमासं, उक्कोसेणं जहा कोहस्स। लोभसंजलणाए पुच्छा। गोयमा। जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं जहा कोहस्स। इत्थिवेदस्स पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं पण्णरस सागरोवमकोडाकोडीओ, पण्णरस वाससताइं अबाहा०। पुरिसवेदस्स णं० पुच्छा। गोयमा! जहण्णेणं अट्ठ संवच्छराइं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस वाससताइं अबाहा जाव णिसेगो। णपुंसगवेदस्स णं पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दुण्णि सत्तभागा पलिओवमस्स असंखिज्जइभागेणं ऊणया, उक्कोसेणं वीससागरोवम कोडाकोडीओ, वीसति वाससताइं अबाहा। हास-रतीणं पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स एक्कं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा०। अरइ-भय-सोग-दुगुंछाणं पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेण ऊणया, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीसं वाससताइं अबाहा०।।सू०-२४।।६२२।।

*(મૂ૦) સમ્યક્ત્વવેદનીય સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઇક અધિક છાસઠ સાગરોપમની સ્થિતિ છે. મિથ્યાત્વવેદનીય કર્મની સ્થિતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. સમ્યગ્મિથ્યાત્વ વેદનીય કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મુહૂર્ત છે. બાર કષાયોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમના ચાર સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ચાળીશ કોડાકોડી સાગરોપમની છે. તેનો ચાર હજાર વરસનો અબાધાકાળ, યાવત્ [અબાધાન્યૂન] નિષેક કાળ જાણવો. સંજ્વલન ક્રોધ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય બે માસની અને ઉત્કૃષ્ટ ચાળીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તેનો ચાર હજાર વરસનો અબાધાકાળ, યાવત્ [તે વડે ન્યૂન] નિષેક સમજવો. સંજ્વલન માન સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય એક માસની અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોધની જેમ સમજવી. સંજ્વલન માયા સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અર્ધમાસની અને ઉત્કૃષ્ટ ક્રોધની સ્થિતિ છે તે પ્રમાણે જાણવી. સંજ્વલન લોભસંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોધના જેટલી જાણવી. સ્ત્રીવેદ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના અઢી સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પન્દર કોડાકોડી સાગરોપમ, તથા પન્દરસો વરસનો અબાધાકાળ હોય છે. પુરુષ વેદસંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી આઠ વરસ અને ઉત્કૃષ્ટ દસ કોડાકોડી સાગરોપમ, એક હજાર વરસ અબાધાકાળ, યાવત્ [તેટલા કાળ ન્યૂન] નિષેકકાળ સમજવો. નપુંસક વેદ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જાણવી. તેમજ બે હજાર વરસનો અબાધકાળ જાણવો. હાસ્ય અને રતિ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમની એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ દસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તેમજ એક હજાર વરસનો અબાધકાળ જાણવો. અરતિ, ભય, શોક અને જુગુપ્સા સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તથા બે હજાર વરસનો અબાધકાળ જાણવો. ॥૨૪॥૬૨૨॥*

(ટી૦) સમ્યક્ત્વ વેદનીયની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક છાસઠ સાગરોપમ ઉદયને આશ્રયી જાણવી. પણ બન્ધને આશ્રયી ન જાણવી. કારણ કે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનો બન્ધ હોતો નથી. પરન્તુ મિથ્યાત્વના પુદ્ગલો જીવે

सम्क्त्वने योग्य-ઔપશમિક સમ્યક્ત્વ રૂપ વિશુદ્ધિ વડે ત્રણ પ્રકારના કરાય છે જેમ કે—સર્વવિશુદ્ધ અર્ધવિશુદ્ધ અને અશુદ્ધ. તેમાં જે સર્વવિશુદ્ધ પુદ્‌ગલો છે તે 'સમ્યક્ત્વવેદનીય' કહેવાય છે. જે અર્ધ વિશુદ્ધ પુદ્‌ગલો છે તે 'સમ્યક્ત્વમિથ્યાત્વવેદનીય' અને અવિશુદ્ધ પુદ્‌ગલો છે તે 'મિથ્યાત્વવેદનીય' કહેવાય છે. માટે સમ્યક્ત્વવેદનીય અને મિશ્રવેદનીય એ બે પ્રકૃતિઓના બન્ધનો સંભવ નથી. પરન્તુ જ્યારે તે સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ-મિથ્યાત્વ પુદ્‌ગલોની સ્વરૂપથી સ્થિતિનો વિચાર કરીએ ત્યારે તેની અન્તર્મુહૂર્ત ન્યૂન સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ જાણવી. અને તેટલી સ્થિતિ જે પ્રકારે હોય તે પ્રકારે કર્મપ્રકૃતિ ટીકામાં સંક્રમકરણના અધિકારમાં વિચારી છે માટે ત્યાંથી જાણી લેવું. મિથ્યાત્વવેદનીયની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન એક સાગરોપમ છે, કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણે છે. સમ્યક્ત્વમિથ્યાત્વવેદનીયની જઘન્ય અને ઉત્કૃષ્ટથી સ્થિતિ ઉદય અપેક્ષાએ અન્તર્મુહૂર્ત છે. અને તેના પુદ્‌ગલોની ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પૂર્વે કહ્યો છે.

અનન્તાનુબન્ધિચતુષ્ક, અપ્રત્યાખ્યાનચતુષ્ક અને પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક રૂપ બાર કષાયમાં **પ્રત્યેકની જઘન્ય સ્થિતિ** પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન ચાર સપ્તમાંશ સાગરોપમ છે, કારણ કે તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ચાળીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણે છે. સંજ્વલન કષાયની જઘન્ય સ્થિતિ બે માસ વગેરે પ્રમાણવાળી છે, તે ક્ષપકને પોતાના બન્ધના છેલ્લા સમયે જાણવી. સ્ત્રીવેદની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ છે, એટલે એક સાગરોપમના સાત ભાગ કરીએ તેમાંના દોઢ ભાગ પ્રમાણ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન જાણવી. અને તેટલી સંખ્યા ત્રિરાશિ કરવાથી આવે છે. તે આ પ્રમાણે-જ્યારે દશ કોટાકોટી સાગરોપમ સ્થિતિ હોય ત્યારે એક સપ્તમાંશ સાગરોપમ આવે તો પંદર કોટાકોટી સાગરોપમની સ્થિતિ હોય તો કેટલા આવે? ૧૦-૧-૧૫. અહીં અન્તે રહેલા 'પંદર' રાશિ વડે મધ્યના એક રાશિને ગુણતા પંદર થાય, કારણ કે એકને ગુણતાં તેજ રાશિ આવે. તેને આદિના દશ રાશિ વડે ભાગીએ એટલે દોઢ સપ્તમાંશ થાય. **'हासरइअरइभयसोगदुगुंछाणं जहण्णुक्कोसट्ठिई भाणियव्वा'**—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી, પરન્તુ સુપ્રસિદ્ધ હોવાથી કહી નથી. કેવી રીતે કહેવી? તે આ પ્રમાણ—**'हासरईणं पुच्छा। गोयमा ! एगो सागरोवमस्स सत्तभागो पलिओवमस्स असंखेज्जतिभागेण ऊणो, उक्कोसेणं दससागरोवमकोडाकोडीओ, दसवाससयाइं अबाहा जाव निसेगो। अरइभयसोगदुगुंछाणं पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीसं सयाइं अबाहा जाव निसेगो'**—હાસ્યરતિ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે. એક હજાર વરસનો અબાધકાળ અને અબાધા વડે ન્યૂન નિષેક કાળ જાણવો. અરતિ, ભય, શોક અને જુગુપ્સા સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ જાણવી. બે હજાર વરસનો અબાધકાળ અને તેટલા કાળવડે ન્યૂન યાવત્ નિષેક જાણવો. ॥૨૪॥૬૨૨॥

**णेरइयाउयस्स णं० पुच्छा। गोयमा! जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तमब्भइयाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं पुव्वकोडीतिभागमब्भइयाइं। तिरिक्खजोणियाउयस्स पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं पुव्वकोडितिभागमब्भइयाइं, एवं मणूसाउयस्सवि। देवाउयस्स जहा नेरइयाउयस्स ठिति त्ति।।सू०-२५।।६२३।।**

*(મુ૦) નૈરયિકાયુષ્ય સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વરસ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. તિર્યંચાયુષ્ય સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક ત્રણ પલ્યોપમની સ્થિતિ જાણવી. એમ મનુષ્યાયુષ્યની પણ સ્થિતિ જાણવી. દેવાયુષ્યની સ્થિતિ નૈરયિકાયુષ્ય પ્રમાણે જાણવી. ॥૨૫॥૬૨૩॥*

(टी०) તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યની પૂર્વકોટીના ત્રીજા ભાગ વડે અધિક ત્રણ પલ્યોપમની સ્થિતિ કહી છે, તે આયુષ્યના બંધ કરનારા પૂર્વ કોટી વરસના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચોની અપેક્ષાએ જાણવી. કારણ કે બીજે એટલી સ્થિતિ અને પૂર્વકોટીના ત્રીજા ભાગની અબાધા પ્રાપ્ત થતી નથી. ॥૨૫॥૬૨૩॥

**निरयगतिनामए णं पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमसहस्सस्स दो सत्तभागा पलिओवमस्स असंखिज्जतिभागेणं ऊणया, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससताइं अबाहा०। तिरियगतिणामाए जहा नपुंसगवेदस्स। मणुयगतिणामाए पुच्छा। जहण्णेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं पण्णरस सागरोवमकोडाकोडीओ, पण्णरस य वाससताइं अबाहा०। देवगतिणामाए णं पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमसहस्सस्स एक्कं सत्तभागं पलिओवमस्स असंखिज्जइभागेणं ऊणगं, उक्कोसेणं जहा पुरिसवेदस्स। एगिंदियजातिणामाए णं पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीसय वाससताइं अबाहा०। बेइंदियजाइणामाए णं पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमस्स णव पणतीसतिभागा पलिओवमस्स असंखिज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ, अट्ठारस य वाससताइं अबाहा०। तेइंदियजाइणामाए णं जहण्णेणं एवं चेव, उक्कोसेणं अट्ठारससागरोवमकोडाकोडीओ, अट्ठारस य वाससताइं अबाहा०। चउरिंदियजाइणामाए णं पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स णव पणतीसतिभागा पलिओवमस्स असंखिज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ, अट्ठारस वाससताइं अबाहा। पंचिंदियजाइणामाए णं० पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससताइं अबाहा०। ओरालियसरीरणामाए वि एवं चेव। वेउव्वियसरीरणामाए णं भंते!० पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीसइ य वाससताइं अबाहा०। आहारगसरीरणामाए जहन्नेणं अंतोसागरोवमकोडाकोडीओ, उक्कोसेण वि अंतोसागरोवमकोडाकोडीओ। तेया-कम्मसरीरणामाए जहण्णेणं [सागरोवमस्स] दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससताइं अबाहा०। ओरालिय वेउव्विय आहारगसरंगोवंगणामाए तिण्णि वि एवं चेव, सरीरबंधणणामाए वि पंचण्ह वि एवं चेव, सरीरसंघायणामाए पंचण्ह वि जहा सरीरणामाए कम्मस्स ठिति त्ति, वइरोसभणारायसंघयणणामाए जहा रतिणामाए। उसभणारायसंघयणणामाए पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमस्स छ पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं बारस सागरोवमकोडाकोडीओ, बारस य वाससताइं अबाहा०। णारायसंघयणणामस्स जहन्नेणं सागरोवमस्स सत्त पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं चोद्दस सागरोवमकोडाकोडीओ, चोद्दस वाससताइं अबाहा०। अद्धणारायसंघयणणामस्स जहन्नेणं सागरोवमस्स अट्ठ पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं सोलस सागरोवमकोडाकोडीओ, सोलस य वाससताइं अबाहा०। खीलियासंघयणे णं० पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स णव पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ, अट्ठारस य वाससताइं अबाहा०। सेवट्ठ**

[छेवट्ठ] संघयणणामस्स पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससताइं अबाहा०, एवं जहा संघयणणामाए छ भणिया एव संठाणा वि छ भाणियव्वा। सुक्किल्लवण्णणामाए पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा०। हालिद्दवण्णणामाए णं पुच्छा। गोयमा! जहन्नेणं सागारोवमस्स पंच अट्ठावीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अद्धतेरससागरोवमकोडाकोडीओ, अद्धतेरस य वाससताइं अबाहा०। लोहियवण्णणामाए णं० पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स छ अट्ठावीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेहिं ऊणगा, उक्कोसेणं पण्णरस सागरोवमकोडाकोडीओ, पण्णरस य वाससताइं अबाहा०। नीलवण्णणामाए पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स सत्त अट्ठावीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अद्धट्ठारस सागरोवमकोडाकोडीओ, अद्धट्ठारस वाससताइं अबाहा। कालवण्णणामाए जहा सेवट्ठसंघयणस्स। सुब्भिगंधणामाए पुच्छा। गोयमा! जह सुक्किल्लवण्णणामस्स, दुब्भिगंधणामाए जहा सेवट्ठसंघयणस्स, रसाणं महुरादीणं जहा वण्णाणं भणियं तहेव परिवाडीए भाणियव्वं, फासा जे अपसत्था तेसिं जहा सेवट्ठस्स, जे पसत्था तेसिं जहा सुक्किल्लवण्णणामस्स, अगुरुलहुणामाए जहा सेवट्ठस्स, एवं उवघायणामाए वि, पराघायणामाए वि एवं चेव। णिरयाणुपुव्वीणामाए पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससताइं अबाहा०। तिरियाणुपुव्वीए पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीसय वाससताइं अबाधा०। मणुयाणुपुव्वीणामाए णं पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं पण्णरस सागरोवमकोडाकोडीओ, पण्णरस य वाससताइं अबाहा०। देवाणुपुव्वीणामाए पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमसहस्सस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा। ऊस्सासणामाए पुच्छा। गोयमा! जहा तिरियाणुपुव्वीए, आयवणामाए वि एवं चेव। उज्जोवणामाए वि। पसत्थविहायगतिणामाए पुच्छा। गोयमा! जहन्नेणं एगं सागरोवमस्स सत्तभागं उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा०। अपसत्थविहायोगतिणामस्स पुच्छा। गोयमा! जहण्णेणं सागरोवमस्स दोण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससताइं अबाहा०। तसणामाए थावरणामाए य एवं चेव। सुहुमणामाए पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमस्स णव पणतीसतिभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा, उक्कोसेणं अट्ठारस सागरोवमकोडाकोडीओ, अट्ठारस य वाससताइं अबाहा०। बादरणामाए जहा अप्पसत्थविहायगतिनामस्स। एवं पज्जत्तगणामाए वि, अपज्जत्तगणामाए जहा सुहुमणामस्स पत्तेयसरीरणामाए वि दो सत्तभागा। साहारणसरीरणामाए जहा सुहुमस्स। थिरणामाए एगं सत्तभागं, अथिरणामाए दो, सुभणामाए एगो, असुभणामाए दो, सुभगणामाए एगो, दुभगणामाए दो, सूसरणामाए एगो, दूसरणामाए दो, आएज्जणामाए एगो, अणाएज्जणामाए दो, जसोकित्तिणामाए जहण्णेणं अट्ठ मुहुत्ता, उक्कोसेणं दस

**सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा०। अजसोकित्तिणामाए पुच्छा। गोयमा! जहा अपसत्थविहायगतिनामस्स, एवं णिम्माणणामाए वि। तित्थगरणामाए णं० पुच्छा। गोयमा! जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ, उक्कोसेण वि अंतोसागरोवमकोडाकोडीओ। एवं जत्थ एगो सत्तभागो तत्थ उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा०। जत्थ दो सत्तभागा तत्थ उक्कोसेणं वीसं सागरोवमकोडाकोडीओ, वीस य वाससयाइं अबाहा०।।२६।।६२४।।**

*(મૂ૦) નરકગતિ નામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરોપમનાં બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તથા અબાધાકાળ બે હજાર વરસનો જાણવો. તિર્યંચગતિનામની નપુંસકવેદની પેઠે સ્થિતિ જાણવી. મનુષ્યગતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના દોઢ સાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પન્દર કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય છે. તથા અબાધાકાળ પન્દરસો વરસનો જાણવો. દેવગતિનામસંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરોપમનો સાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પુરુષવેદના તુલ્ય જાણવી. એકેન્દ્રિય જાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જાણવી. તથા બે હજાર વરસનો અબાધાકાળ સમજવો. બેઇન્દ્રિયજાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ, ઉત્કૃષ્ટ અઢાર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તથા અઢારસો વરસનો અબાધાકાળ જાણવો. તેઇન્દ્રિય જાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ એમજ—બેઇન્દ્રિય પ્રમાણે સમજવી. ઉત્કૃષ્ટ અઢાર કોડાકોડી સાગરોપમની અને અઢારસો વરસનો અબાધાકાળ જાણવો. ચઉરિન્દ્રિયનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ, અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોડાકોડી સાગરોપમની જાણવી. તથા અબાધાકાળ અઢારસો વર્ષનો જાણવો. પંચેન્દ્રિયજાતિનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની તથા અબાધાકાળ બે હજાર વરસનો જાણવો. ઔદારિક શરીરનામ સંબન્ધે પણ એમજ જાણવું. હે ભગવન્! વૈક્રિય શરીર નામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોડાકોડી સાગરોપમની સ્થિતિ, તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. આહારક શરીરનામની જઘન્ય અંતઃકોટાકોટી સાગરોપમની અને ઉત્કૃષ્ટ અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ જાણવી. તૈજસ અને કાર્મણનામની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ જાણવી. તથા બે હજાર વર્ષનો અબાધાકાળ સમજવો. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરોપાંગનામ એ ત્રણેની સ્થિતિ એમજ (ઉપર કહ્યા પ્રમાણે) જાણવી. પાંચ શરીરબન્ધન નામની પણ સ્થિતિ એમજ સમજવી. પાંચે શરીરસઙ્ઘાતનામની સ્થિતિ પણ શરીરનામ કર્મની સ્થિતિ પ્રમાણે જાણવી. વજ્રઋષભનારાચસઙ્ઘયણ નામની સ્થિતિ રતિમોહનીય કર્મની પેઠે જાણવી. નારાચ સઙ્ઘયણ નામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના છ પાંત્રીશાંશ, અને ઉત્કૃષ્ટ બાર કોટાકોટી સાગરોપમની સ્થિતિ, તેમજ બારસો વર્ષનો અબાધાકાળ જાણવો. વૃષભનારાચ સઙ્ઘયણની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના સાત પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ ચૌદ કોટાકોટી સાગરોપમની સ્થિતિ હોય છે, તથા અબાધાકાળ ચૌદસો વરસનો સમજવો. અર્ધનારાચ સઙ્ઘયણની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના આઠ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સોળ કોટાકોટી*

સાગરોપમની તથા સોળસો વર્ષનો અબાધાકાળ સમજવો. કીલિકા સંઘયણ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ અઢાર કોટાકોટી સાગરોપમની તથા અઢારસો વર્ષનો અબાધાકાળ જાણવો. છેવઠ્ઠ–સેવાર્ત સંઘયણ નામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. એ પ્રમાણે જેમ સંઘયણનામની છ પ્રકૃતિઓ કહી તેમ સંસ્થાનનામ કર્મની પણ કહેવી. શુક્લવર્ણનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમના એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ, તથા એક હજાર વર્ષ અબાધાકાળ જાણવો. હારિદ્રવર્ણનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના પાંચ અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ સાડા બાર કોટાકોટી સાગરોપમની તથા સાડા બારસો વરસનો અબાધાકાળ જાણવો. લોહિતવર્ણનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના છ અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોટાકોટી સાગરોપમની તથા પંદરસો વરસનો અબાધાકાળ જાણવો. નીલવર્ણનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના સાત અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટ સાડાસત્તર કોટાકોટી સાગરોપમની તથો સાડાસત્તરસો વરસનો અબાધાકાળ જાણવો. કાળવર્ણનામની સ્થિતિ છેવઠ્ઠ સંઘયણનામની પેઠે જાણવી. સુરભિગંધનામ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જેમ શુક્લવર્ણનામની સ્થિતિ કહી છે તેમ જાણવી. દુરભિગંધનામની છેવઠ્ઠ સંઘયણનામની સ્થિતિની પેઠે જાણવી. મધુરાદિ રસની સ્થિતિ જેમ વર્ણની સ્થિતિ કહી છે તેમ અનુક્રમે કહેવી. જે અપ્રશસ્ત સ્પર્શો છે તેઓની સ્થિતિ છેવઠ્ઠસંઘયણનામની જેમ અને જે પ્રશસ્ત વર્ણો છે તેઓની સ્થિતિ શુક્લવર્ણ નામની પેઠે કહેવી. અગુરુલઘુનામ કર્મની સ્થિતિ છેવઠ્ઠ સંઘયણનામની પેઠે જાણવી. એમ ઉપઘાતનામની પણ સ્થિતિ સમજવી. પરાઘાતનામની સ્થિતિ પણ એમજ જાણવી. નરકાનુપૂર્વીનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક હજાર સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. તિર્યંચાનુપૂર્વી સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. મનુષ્યાનુપુર્વી સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોટાકોટી સાગરોપમની તથા પંદરસો વરસનો અબાધાકાળ જાણવો. દેવાનુપૂર્વી સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન હજાર સાગરોપમનો એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગરોપમની તથા એક હજાર વરસનો અબાધાકાળ જાણવો. ઉચ્છવાસનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! તિર્યંચાનુપૂર્વી સંબંધે કહ્યું છે તેમ જાણવું. આતપનામ સંબંધે પણ એમજ જાણવું. ઉદ્યોતનામ સંબંધે અને પ્રશસ્ત વિહાયોગતિનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ એક સાગરોપમના સાત ભાગ અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની તથા એક હજાર વરસનો અબાધાકાળ સમજવો. અપ્રશસ્ત વિહાયોગતિનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમની તથા બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. ત્રસનામ અને સ્થાવરનામ સંબંધે એમજ જાણવું. સૂક્ષ્મનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ અઢાર કોટાકોટી સાગરોપમની તથા અઢારસો વરસનો અબાધાકાળ જાણવો. બાદર નામની સ્થિતિ અપ્રશસ્ત વિહાયોગતિનામની પેઠે કહેવી. એમ પર્યાપ્તનામની સ્થિતિ કહેવી, અપર્યાપ્ત નામની સ્થિતિ સૂક્ષ્મનામની પેઠે જાણવી. પ્રત્યેક શરીરનામની પણ બે સપ્તમાંશ, સાધારણ

*શરીરનામની સૂક્ષ્મની પેઠે, સ્થિરનામની એક સપ્તમાંશ, અસ્થિરનામની બે સપ્તમાંશ, શુભનામની એક સપ્તમાંશ, અશુભનામની બે સપ્તમાંશ, સુભગનામની એક સપ્તમાંશ, દુર્ભગનામની બે સપ્તમાંશ, સુસ્વરનામની એક સપ્તમાંશ, દુઃસ્વરનામની બે સપ્તમાંશ, આદેયનામની એક સપ્તમાંશ, અનાદેય નામની બે સપ્તમાંશ યશઃકીર્તિનામની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગરોપમની અને એક હજાર વરસનો અબાધાકાળ સમજવો. અયશઃકીર્તિનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ અપ્રશસ્તવિહાયોગતિનામની સ્થિતિ કહી તેમ કહેવી. એ પ્રમાણે નિર્માણ નામની પણ સ્થિતિ કહેવી. તીર્થંકરનામ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય સ્થિતિ અન્તઃકોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટ પણ અન્તઃકોટાકોટી સાગરોપમ જાણવી. એ પ્રમાણે જ્યાં એક સપ્તમભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટથી દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ અને એક હજાર વરસનો અબાધાકાળ જાણવો અને જ્યાં બે સપ્તમ ભાગ હોય ત્યાં ઉત્કૃષ્ટથી વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ અને બે હજાર વરસનો અબાધાકાળ જાણવો. ॥૨૬॥૬૨૪॥*

(ટી૦) **'तिरियगइनामाए जहा नपुंसगवेयस्स'** તિર્યંચગતિનામની નપુંસક વેદની પેઠે સ્થિતિ જાણવી. એટલે જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ જાણવી. મનુષ્યગતિ નામની **'जहण्णेणं सागरोवमस्स दिवड्ढसत्तभागं पलिओवमस्स असंखेजइभागेणं ऊणगं'**ति—જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમની જાણવી. અહીં સ્ત્રીવેદની પેઠે વિચાર કરવો. અહીં **'दिवड्ठढसत्तभागं'** ઇત્યાદિને વિશે પ્રાકૃત હોવાથી નપુંસક લિંગનો નિર્દેશ કર્યો છે. નરકગતિ નામની જઘન્યથી સ્થિતિ હજાર સાગરોપમની બે સપ્તમાંશ જાણવી. તાત્પર્ય એ છે કે સાગરોપમના બે સપ્તમાંશને હજાર વડે ગુણવા. કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે, તેનો સૌથી જઘન્ય બંધ અસંજ્ઞી પંચેન્દ્રિયને હોય, છે કારણ કે અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય કર્મબન્ધ એકેન્દ્રિયના જઘન્ય કર્મબન્ધની અપેક્ષાએ હજાર ગુણો છે. આ બાબતનો વિચાર વૈક્રિય શરીરના વિચાર પ્રસંગે કરવામાં આવશે. દેવગતિનામનો જઘન્ય બંધ હજાર સાગરોપમનો સાતમો ભાગ જાણવો. તાત્પર્ય એ છે કે સાગરોપમનો એક સપ્તમાંશ હજારથી ગુણવો. કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગરોપમ છે. તેથી પૂર્વે કહેલા કરણ–રીતિ વડે એક સાગરોપમનો સાતમો ભાગ આવે છે. એનો બન્ધ પણ જઘન્યથી અસંજ્ઞી પંચેન્દ્રિયને હોય છે માટે હજાર ગુણો કહ્યો છે. દેવગતિનામ સંબન્ધે સૂત્રમાં **'उक्कोसेणं जहा पुरिसवेयस्स'**—ઉત્કૃષ્ટ બન્ધ પુરુષવેદની પેઠે જાણવો. માટે દસ કોટાકોટી સાગરોપમનો છે. અને એક હજાર વરસનો અબાધાકાળ છે અને અબાધા વડે ન્યૂન કર્મસ્થિતિ તે કર્મનિષેક જાણવો. બેઇન્દ્રિયજાતિનામસૂત્રમાં **'जहन्नेणं नव पणतीसइभागा पलिओवमस्स असंखेज्जइभागेण ऊणगा'**—બેઇન્દ્રિય જાતિનામની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ હોય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. કારણ કે **"अट्ठारस सुहुमविगलतिगे"** સૂક્ષ્મ અને વિકલત્રિકની સ્થિતિ અઢાર કોટાકોટી સાગરોપમ છે–એવું શાસ્ત્રવચન છે. તેથી અઢાર કોટાકોટી સાગરોપમને મિથ્યાત્વની સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગ આપવો. ભાગ પૂરો થતો નથી, માટે શૂન્ય વડે શૂન્યને ઉડાવી દેવી. તેથી ઉપર અઢાર અને નીચે સિત્તેર આવે છે. તેને અર્ધ વડે છેદ ઉડાડતા નવ પાંત્રીશાંશ થાય છે. તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન કરવા, એટલે સૂત્રમાં કહેલું પરિમાણ આવે છે. એ પ્રમાણે તેઇન્દ્રિય જાતિ અને ચઉરિન્દ્રિય જાતિનામ સંબન્ધે બન્ને સૂત્રોનો વિચાર કરવો. વૈક્રિયશરીરનામ સૂત્રને વિશે **'जहण्णेणं सागरोवमस्स दो सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणगा'** જઘન્યથી પલ્યોપમના અસંખ્યતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ સ્થિતિ હોય છે. અહીં વૈક્રિયશરીરનામની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોટાકોટી સાગરોપમ છે, તેથી પૂર્વે કહેલ કરણ વડે જઘન્ય સ્થિતિના વિચારમાં સાગરોપમના બે સપ્તમાંશ આવે છે. પરન્તુ વૈક્રિયષટ્ક એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો બાંધતા નથી, પણ અસંજ્ઞી પંચેન્દ્રિયાદિક બાંધે છે અને અસંજ્ઞી પંચેન્દ્રિયાદિ જઘન્યથી બન્ધ કરતાં એકેન્દ્રિયના બન્ધની અપેક્ષાએ હજાર ગુણો બંધ કરે છે. કારણ કે **"पणवीसा पण्णसा सयं सहस्स च गुणकारो"** પચીશ, પચાસ, સો અને સહસ્ર ગુણા કરવા—એવું વચન છે, તેથી જે

સાગરોપમના બે સપ્તમાંશ થાય છે તેને પૂર્વે કહેલ કરણ રૂપ હજાર વડે ગુણવાથી સૂત્રમાં કહેલું પરિમાણ થાય છે—બે હજાર સપ્તમાંશ–હજાર સાગરોપમના બે સપ્તમાંશ થાય એ તાત્પર્ય છે. આહારકશરીરનામની જઘન્યથી પણ અન્તઃકોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પણ અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ છે, પરન્તુ જઘન્યથી ઉત્કૃષ્ટ સંખ્યાતગુણ સમજવું. **અન્ય આચાર્ય આહારક ચતુષ્કની સ્થિતિ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત માને છે. તે સંબંધે આ ગ્રન્થનો પાઠ છે-"पुंवेय अट्ठ वासा अट्ठ मुहुत्ता जसुच्चगोयणं। साए बारस आहार-विग्घावरणाणं किंचूणं।।" પુરુષવેદની સ્થિતિ આઠ વર્ષ, યશ અને ઉચ્ચ ગોત્રની આઠ મુહુર્ત, સાતાવેદનીયની બાર મુહુર્ત, આહારક, અંતરાય અને જ્ઞાનાવરણ દર્શનાવરણની કંઈક ન્યૂન-અન્તર્મુહૂર્ત જાણવી. અહીં સત્ય શું છે તે કેવલજ્ઞાની જાણે.** જેમ પાંચ શરીરનું જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સ્થિતિપરિણામ કહ્યું, તેજ ક્રમથી પાંચ શરીરબંધન અને પાંચ શરીરસંઘાત સંબંધે કહેવું. તેજ સૂત્રકાર કહે છે—**"सरीरबंधननामएवि पंचण्हवि एवं चेव, सरीरसंघायणनामाए वि पंचण्हवि"** પાંચ શરીરબંધનનામ સંબંધે અને પાંચ શરીરસંઘાતનામ સંબંધે પણ એમજ સમજવું. વજ્રઋષભનારાચસંઘયણ નામની સ્થિતિ જેમ પૂર્વે રતિમોહનીયની કહી છે તેમ કહેવી **"वइरीसहनारायसंघयणनामाए णं भंते! कम्मस्स केवइयं कालं ठिती पन्नत्ता? गोयमा! जहन्नेणं एक्कं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ"**। હે ભગવન્! વજ્રઋષભનારાચ સંઘયણ નામની કેટલા કાળની સ્થિતિ કહી છે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સપ્તમાંશ સાગરોપમ છે અને ઉત્કૃષ્ટથી દસ કોટાકોટી સાગરોપમની છે. ઋષભનારાચ સૂત્રમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન 'સાગરોપમના છ પાંત્રીશાંશ સ્થિતિ છે. કારણ કે ઋષભનારાચ સંઘયણની ઉત્કૃષ્ટ સ્થિતિ બાર કોટાકોટી સાગરોપમની છે, તેને મિથ્યાત્વની સિત્તેર કોટાકોટી પ્રમાણ સ્થિતિ વડે ભાગવા. ભાગ ચાલતો ન હોવાથી શૂન્ય વડે શૂન્યને ઉડાડી છેદ્ય અને છેદક રાશિનો અર્ધ છેદ ઉડાડતાં સાગરોપમના છ પાંત્રીશાંશ થાય છે, તેને પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ન્યૂન કરવી. એમ નારાચસંહનનનામની જઘન્ય સ્થિતિના વિચારમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના સાત પાંત્રીશાંશ હોય છે, કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ચૌદ સાગરોપમ પ્રમાણ છે. અર્ધનારાચ સંહનનનામની સાગરોપમના આઠ પાંત્રીશાંશ જઘન્ય સ્થિતિ છે, કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ સોળ સાગરોપમ કોટાકોટી પ્રમાણ છે. કીલિકા સંહનનનામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ છે, કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોટાકોટી સાગરોપમપ્રમાણ હોવાથી વિચારવી. સેવાર્તસંહનન સૂત્ર સુગમ છે. જેમ છ સંઘયણની સ્થિતિ કહી તેમ છ સંસ્થાનની સ્થિતિ પણ કહેવી. અને તે પ્રમાણે સૂત્રકાર કહે છે–**'एवं जहा संघयणनामाए छब्भणिया, एवं संठाणा छब्भाणियव्वा'**– આજ અર્થ અન્ય સ્થળે પણ કહ્યો છે– **"संघयणे संठाणे पढमे दस उवरिमेसु दुगवुड्ढी"**–પ્રથમ સંઘયણ અને સંસ્થાનની દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે અને પછી ઉપરના સંઘયણ અને સંસ્થાનને વિશે બબ્બે સાગરોપમની વૃદ્ધિ કરવી". હારિદ્રવર્ણનામ સંબધે સૂત્રમાં જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના પાંચ અઠ્યાવીશાંશની સ્થિતિ જાણવી, કારણ કે હારિદ્રવર્ણનામની સાડાબાર કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે. અન્ય સ્થળે પણ કહ્યું છે કે **"सुक्किल्ल-सुरभि-महुराण दस उ तहा सुभग-उण्हफासाणं अड्ढाइज्जपवुड्ढी अंबिलहालिद्दपुव्वाणं।।"** શુક્લ વર્ણ, સુરભિગન્ધ, અને મધુર રસની દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે, સુભગનામ, ઉષ્ણસ્પર્શ, અમ્લરસ અને હારિદ્રવર્ણની સ્થિતિમાં અઢી સાગરોપમની વૃદ્ધિ કરવી." તેને સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવા. શૂન્ય વડે શૂન્ય ઉડી જાય છે, તેથી ઉપરની રાશિ સાડાબાર હોવાથી અંશ સહિત છે, પણ પૂર્ણ નથી. માટે તેને ચાર ભાગ કરવા માટે ચારે ગુણવાથી પચાસ થાય છે નીચેની સિત્તેર સંખ્યારૂપ છેદ રાશિને ચારે ગુણવા એટલે બસોને એંશી થાય છે. તેથી ફરી શૂન્ય વડે શૂન્ય ઉડાડતાં સાગરોપમના પાંચ અઠ્યાવીશાંશ થાય છે, તેને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ હીન કરતાં સૂત્રોક્ત પરિણામ આવે છે. આજ ગણિતની રીત વડે લોહિતવર્ણનામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે હીન સાગરોપમના છ અઠ્યાવીશાંશ છે, કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. નીલવર્ણનામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ન્યૂન

સાગરોપમના સાત અઠ્યાવીશાંશ જાણવા. કારણ કે ઉત્કૃષ્ટથી તેની સ્થિતિ સાડાસત્તર સાગરોપમ પ્રમાણ છે. '**कालवण्णनामाए जहा छेवट्ठसंघयणस्स**' ઇતિ. કાળાવર્ણનામની છેવઠ્ઠ સઘયણની પેઠે જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી વીશ કોટાકોટી સાગરોપમની જાણવી. સુરભિગન્ધનામની શુક્લવર્ણ નામની જેમ સ્થિતિ સમજવી, કારણ કે '**सुक्किल्लसुरभिमहुराण दस उ**' શુક્લવર્ણ, સુરભિગન્ધ અને મધુરરસની દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે-એવું શાસ્ત્રવચન છે. દુરભિગંધનામની જેમ સેવાર્તસંહનનની કહી છે. તેમ સમજવી, તે હમણાંજ કહેલી છે, તેથી તેને ફરીથી કહેતા નથી. '**रसाणं महुरादीणं जहा वण्णाणं भणियं तहा परिवाडीए भाणियव्वं**' ઇતિ. મધુરાદિ રસોની જેમ વર્ણોની સ્થિતિ કહી છે તેમ અનુક્રમે કહેવી. તે આ પ્રમાણે-મધુરસની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમનો એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી દસ કોટાકોટી સાગરોપમ જાણવી. તથા એક હજાર વરસનો અબાધાકાળ હોય છે. અબાધારહિત કર્મસ્થિતિ કર્મદલિક નિષેક જાણવો. અમ્લરસ નામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે હીન સાગરોપમના પાંચ અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટથી સાડાબાર કોટાકોટી સાગરોપમ તથા સાડાબારસો વરસનો અબાધાકાળ જાણવો. કષાયરસનામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના છ અઠ્યાવીશાંશ ઉત્કૃષ્ટથી પંદર કોટાકોટી સાગરોપમ, અને પંદરસો વરસનો અબાધાકાળ જાણવો. કટુક રસની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના સાત અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટથી સાડાસત્તર કોટાકોટી સાગરોપમ, તથા સાડાસત્તરસો વરસનો અબાધાકાળ જાણવો. તિક્તરસ નામની જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ, અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની હોય છે. તથા બે હજાર વર્ષ અબાધા અને અબાધાકાળ રહિત કર્મસ્થિતિ કર્મદલનિષેક સમજવો. સ્પર્શો બે પ્રકારના છે-પ્રશસ્ત અને અપ્રશસ્ત, તેમાં મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણરૂપ પ્રશસ્ત સ્પર્શો છે, કર્કશ, ગુરુ, રુક્ષ, અને શીતરૂપ અપ્રશસ્ત સ્પર્શો છે, પ્રશસ્ત સ્પર્શોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી દસ કોટાકોટી સાગરોપમ છે. તથા એક હજાર વરસનો અબાધાકાળ અને અબાધાકાળહીન કર્મસ્થિતિ કર્મદલિક નિષેક સમજવો. અપ્રશસ્ત સ્પર્શની જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની છે. તથા બે હજાર વરસનો અબાધાકાળ અને અબાધાકાળહીન કર્મની સ્થિતિ કર્મદલિકનો નિષેક જાણવો. તે પ્રમાણેજ સૂત્રકાર કહે છે '**फासा जे अप्पसत्था तेसिं जहा सेवट्ठस्स, जे पसत्था तेसिं जहा सुक्किल्लवण्णनामस्स.**' જે અપ્રશસ્ત સ્પર્શો છે તેઓની સ્થિતિ છેવઠ્ઠ સંઘયણની પેઠે જાણવી અને જે પ્રશસ્ત સ્પર્શ છે તેઓની સ્થિતિ શુક્લવર્ણનામની પેઠે જાણવી." નરકાનુપૂર્વીનામની જઘન્ય સ્થિતિ હજાર સાગરોપમના બે સપ્તમાંશ એટલે સહસ્રગુણ બે સપ્તમાંશ સાગરોપમ જાણવી. તેનો વિચાર નરકગતિની પેઠે કરવો, મનુષ્યાનુપૂર્વીનામ સૂત્રમાં '**जहण्णेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं उणगं**'તિ. પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન દોઢ સપ્તમાંશ સાગરોપમ જાણવી." કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે। બીજે સ્થળે પણ કહ્યું છે ક-

**"तीसं कोडाकोडी असाय-आवरण-अंतरायाणं। मिच्छे सयरी इत्थी-मणुदुग-सायाण पन्नरस"॥**

"અસાતાવેદનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય કર્મની ત્રીશ કોડાકોડી સાગરોપમ, મિથ્યાત્વની સિત્તેર કોટાકોટી, સ્રીવેદ, મનુષ્યદ્વિક અને સાતાવેદનીયની પન્દર કોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ જાણવી." દેવાનુપૂર્વીનામ કર્મની પણ સ્થિતિ જઘન્યથી પલ્યોપમના અસંખયાતમા ભાગ વડે ન્યૂન સહસ્રગુણ એક સપ્તમાંશ સાગરોપમ જાણવી, કારણ કે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. કહ્યું છે ક-

**"पुं-हास-रई-उच्चे सुभखगति-थिराइछक्क-देवदुगे। दस सेसाणं वीसा एवइयाबाह वाससया"॥**

પુરુષવેદ, હાસ્ય, રતિ, ઉચ્ચગોત્ર, શુભવિહાયોગતિ, સ્થિરાદિષટ્ક અને દેવદ્વિકની સ્થિતિ દસ બાકીનાની વીશ કોટાકોટી સાગરોપમ છે અને જેટલો કોટાકોટી હોય તેટલા સેંકડો વર્ષ અબાધા હોય છે. દેવાનુપૂર્વીનો જઘન્યથી બન્ધ અસંજ્ઞી પંચેન્દ્રિયોને

હોય છે. સૂક્ષ્મનામ સૂત્રમાં જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ સ્થિતિ બેઇંન્દ્રિય જાતિનામની પેઠે જાણવી. કારણ કે સૂક્ષ્મનામ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. કેમકે '**अट्ठारस सुहुमविगलतिगे**' સૂક્ષ્મ અને વિકલેન્દ્રિયત્રિકની અઢાર કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે–એવું શાસ્ત્રનું વચન છે. એમ અપર્યાપ્ત અને સાધારણ નામ કર્મને પણ જાણવું. બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક નામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમની છે અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. તે સંબન્ધે સૂત્રકાર કહે છે–'**बायरनामाए जहा अपसत्थविहायोगइनामाए, एवं पज्जत्तनामाए वि**' ઇત્યાદિ. બાદરનામની સ્થિતિ અપ્રશસ્તવિહાયોગતિનામની પેઠે જાણવી. એમ પર્યાપ્તનામ સંબન્ધે પણ જાણવું–ઇત્યાદિ. સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય રૂપ પાંચ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન એક સપ્તમાંશ સાગરોપમની છે. યશઃકીર્તિનામની જઘન્યથી આઠ મુહૂર્ત છે. કારણ કે '**अट्ठ मुहुत्ता जसुच्चगोयाणं**' એવું શાસ્ત્ર વચન છે, છએ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દસ કોટાકોટી સાગરોપમની છે, કારણ કે '**थिराइछक्कदेवदुगे दस**' સ્થિરાદિ ષટ્ક અને દેવદ્વિકની દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે–એવું શાસ્ત્રવચન છે. અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય અને અયશઃકીર્તિનામની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ વીશ કોટાકોટી સાગરોપમની એમ નિર્માણનામ સંબન્ધે પણ કહેવું. તીર્થંકરનામની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ છે.

(પ્ર૦)—જો તીર્થંકરનામની જઘન્યથી અન્તઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ છે તો તેટલી સ્થિતિ તિર્યંચોના ભવ સિવાય પૂરી કરવી અશક્ય છે, માટે કેટલાક કાળ સુધી તીર્થંકરનામ કર્મની સત્તાવાળો પણ તિર્યંચ હોય અને આગમમાં તો તિર્યંચમાં તીર્થંકરનામની સત્તાનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે—

तिरिएसु नत्थि तित्थयरनामसंतं ति देसियं समए । कह य तिरिओ न होही अयरोवमकोडाकोडीओ ॥

તિર્યંચોમાં તિર્થંકર નામ સત્તામાં નથી એમ સિદ્ધાન્તમાં કહ્યું છે, તો તેની અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ હોવાથી તે તિર્યંચ કેમ ન થાય?

(ઉ૦)—અહીં જે નિકાચિત તીર્થંકર નામ કર્મ છે તેની સત્તાનો તિર્યંચ ગતિમાં નિષેધ કર્યો છે. જે ઉદ્વર્તના અને અપવર્તના ને યોગ્ય તીર્થંકર નામ કર્મ છે તે તિર્યંચગતિમાં હોય તો પણ તેનો વિરોધ નથી. કહ્યું છે કે—

"जमिह निकाइयं तित्थं तिरियभवे तं निसेहियं संतं । इयरम्मि नत्थि दोसो उव्वट्टण-वट्टणासज्जे ॥"

જે અહીં નિકાચિત તીર્થંકર નામ કર્મ છે તેની સત્તાનો તિર્યંચ ભવમાં નિષેધ કર્યો છે, પરન્તુ અન્ય ઉદ્વર્તના અને અપવર્તના સાધ્ય (અનિકાચિત) તીર્થંકરનામની સત્તામાં કંઇપણ દોષ નથી. ॥૨૬॥૬૨૪॥

**उच्चागोयस्स णं० पुच्छा। गोयमा! जहन्नेणं अट्ठ मुहुत्ता, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससताइं अबाहा०। णीयागोयस्स पुच्छा। गोयमा! जहा अप्पसत्थविहायगतिणामस्स ।।सू०-२७।।६२५।।**

*(મૂ૦) ઉચ્ચગોત્ર સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી આઠ મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ તથા એક હજાર વરસનો અબાધકાળ જાણવો. નીચ ગોત્રની સ્થિતિ સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જેમ અપ્રશસ્તવિહાયોગતિ નામની સ્થિતિ કહી છે તેમ જાણવી. ॥૨૭॥૬૨૫॥*

**अंतराइयस्स णं० पुच्छा। गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा० अबाहूणिया कम्मट्ठिती कम्मणिसेगो ।।सू०-२८।।६२६।।**

*(મૂ૦) અંતરાય સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ તથા ત્રણ હજાર વરસનો અબાધાકાળ જાણવો અને અબાધાકાળ ન્યૂન કર્મની સ્થિતિ તે કર્મનો નિષેક સમજવો. ॥૨૮॥૬૨૬॥*

(टी०) ગોત્ર અને અન્તરાયના સૂત્રો સ્પષ્ટ છે. પરન્તુ 'अंतराइयस्स णं पुच्छा'—અંતરાય સંબન્ધે પૃચ્છા. એ સૂત્રમાં 'પાંચે પ્રકારના' એ વાક્યોનો અધ્યાહાર કરવો. એટલે પાંચે પ્રકારના અંતરાય સંબન્ધે પ્રશ્ન જાણવો. અને ઉત્તર પણ પાંચ પ્રકારના અંતરાય કર્મ સંબન્ધે જાણવો. એ પ્રમાણે સામાન્યપણે સર્વ પ્રકૃતિઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટથી સ્થિતિનું પરિણામ કહ્યું. ॥૨૮॥૬૨૬॥

## ।। एगिंदिएसु कम्मपयडीणं ठिइबंधपरूवणं ।।

**एगिंदिया णं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमस्स तिण्णि सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति। एवं णिद्दापंचगस्स वि, दंसणचउक्कस्स वि। एगिंदिया णं भंते! जीवा सातावेयणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। असातावेयणिज्जस्स जहा णाणावरणिज्जस्स। एगिंदिया णं भंते! जीवा सम्मत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! णत्थि किंचि बंधंति। एगिंदिया णं भंते! जीवा मिच्छत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमं पलितोवमस्स असंखेज्जतिभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। एगिंदिया णं भंते! जीवा सम्मामिच्छत्तवेयणिज्जस्स किं बंधंति? गोयमा! णत्थि किंचि बंधंति। एगिंदिया णं भंते! जीवा कसायबारसगस्स किं बंधंति? गोयमा! जहण्णेणं सागरोवमस्स चत्तारि सत्तभागे पलितोवमस्स असंखेज्जतिभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति, एवं कोहसंजलणाए वि जाव लोभसंजलणाए वि। इत्थिवेयस्स जहा सातावेयणिज्जस्स। एगिंदिया पुरिसवेदस्स कम्मस्स जहण्णेणं सागरोवमस्स एगं सत्तभागं पलितोवमस्स असंखेज्जतिभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। एगिंदिया णपुंसगवेदस्स कम्मस्स जहण्णेणं सागरोवमस्स दो सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति। हास रतीए जहा पुरिसवेदस्स, अरति-भय-सोग-दुगुंछाए जहा णपुंसगवेयस्स। णेरइयाउअ देवाउअ णिरयगतिणाम देवगतिणाम वेउव्वियसरीरणाम आहारगसरीरणाम णेरइयाणुपुव्विणाम देवाणुपुव्विणाम तित्थगरणाम-एताणि [णव] पयाणि ण बंधंति। तिरिक्खजोणियाउयस्स जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी सत्तहिं वाससहस्सेहिं वाससहस्सातिभागेण य अहियं बंधंति। एवं मणुस्साउयस्स वि। तिरियगतिनामाए जहा णपुंसगवेदस्स। मणुयगतिनामाए जहा सातावेदणिज्जस्स। एगिंदियजाइनामाए पंचिंदियजातिनामाए य जहा णपुंसगवेदस्स। बेइंदिय-तेईंदियजातिनामाए [पुच्छा] जहन्नेणं सागरोवमस्स णव पणतीसतिभागे पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति। चउरिंदियणामाए वि जहण्णेणं सागरोवमस्स णव पणतीसतिभागे पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति। एवं जत्थ जहण्णगं दो सत्तभागा तिन्नि वा चत्तारि वा सत्तभागा अट्ठावीसतिभागा॰ भवंति, तत्थ णं जहण्णेणं ते चेव पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणगा भाणियव्वा. उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति। जत्थ णं जहण्णेणं एगो वा दिवड्ढो वा सत्तभागो तत्थ जहन्नेणं तं चेव भाणियव्वं, उक्कोसेणं तं चेवं पडिपुण्णं बंधंति। जसोकित्ति-उच्चागोयाणं जहण्णेणं सागरोवमस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। अंतराइयस्स णं भंते! पुच्छा। गोयमा! जहा णाणावरणिज्जस्स, जाव उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति ।।सू०-२९।।६२७।।**

*(મૂ૦) હે ભગવન્! એકેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમના ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ સાગરોપમના ત્રણ સપ્તમાંશ સ્થિતિ બાંધે. એ પ્રમાણે પાંચ નિદ્રા અને ચાર દર્શનાવરણની પણ સ્થિતિ જાણવી. હે ભગવન્! એકેન્દ્રિયો સાતાવેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન સાગરોપમનો દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ દોઢ સપ્તમાંશ સાગરોપમની સ્થિતિ બાંધે. અસાતાવેદનીયની જ્ઞાનાવરણીયની પેઠે જાણવી. હે ભગવન્! એકેન્દ્રિયો સમ્યક્ત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ કંઈપણ ન બાંધે. હે ભગવન્! એકેન્દ્રિય જીવો મિથ્યાત્વ વેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ એક સાગરોપમ બાંધે. હે ભગવન્! એકેન્દ્રિય જીવો સમ્યગમિથ્યાત્વની વેદનીય કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! કંઈ પણ ન બાંધે. હે ભગવન્! એકેન્દ્રિયો બાર કષાયની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગવડે ન્યૂન સાગરોપમના ચાર સપ્તમાંશ પ્રમાણ બાંધે અને ઉત્કૃષ્ટ પૂરા ચાર સપ્તમાંશ સાગરોપમ બાંધે. એ પ્રમાણે સંજ્વલન ક્રોધ યાવત્ સંજ્વલન લોભની પણ સ્થિતિ જાણવી. સ્ત્રીવેદની સ્થિતિ સાતાવેદનીયની પેઠે જાણવી. એકેન્દ્રિયો પુરુષવેદ કર્મની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેજ સ્થિતિ બાંધે. એકેન્દ્રિયો નપુંસકવેદની સ્થિતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન બે સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. હાસ્ય અને રતિની સ્થિતિ પુરુષવેદના જેટલી બાંધે. અરતિ, ભય, શોક અને જુગુપ્સાની સ્થિતિ નપુંસકવેદના જેટલી બાંધે. નૈરયિકાયુષ્ય, દેવાયુષ્ય, નરકગતિનામ, દેવગતિનામ, વૈક્રિયશરીરનામ, આહારકશરીરનામ, નરકાનુપૂર્વીનામ, દેવાનુપૂર્વીનામ અને તીર્થંકરનામ એ નવ પ્રકૃતિઓ બાંધતો નથી. તિર્યંચાયુષ્યની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર અને એક હજારના ત્રીજા ભાગ વડે અધિક પૂર્વ કોટી વર્ષની બાંધે. એમ મનુષ્યાયુષ્યની પણ સ્થિતિ જાણવી. તિર્યંચગતિનામની સ્થિતિ નપુંસકવેદના જેટલી અને મનુષ્યગતિ નામની સ્થિતિ સાતાવેદનીયના જેટલી સમજવી. એકેન્દ્રિયનામની અને પંચેન્દ્રિયનામની નપુંસકવેદની સ્થિતિ પ્રમાણે જાણવી. બેઇન્દ્રિય અને તેઇન્દ્રિય નામની જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. ચઉરિન્દ્રિયનામની પણ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના નવ પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. એ પ્રમાણે જ્યાં સાગરોપમના બે સપ્તમાંશ, ત્રણ કે ચાર સપ્તમાંશ અથવા અઠ્યાવીસ ભાગની સ્થિતિ હોય ત્યાં તેટલા ભાગ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કહેવા. અને જ્યાં જઘન્યથી એક કે દોઢ સપ્તમાંશની સ્થિતિ હોય ત્યાં તેજ ભાગ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કહેવો અને ઉત્કૃષ્ટ તેજ ભાગ પરિપૂર્ણ બાંધે એમ સમજવું. યશઃકીર્તિ અને ઉચ્ચગોત્રની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમનો સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ તેજ પરિપૂર્ણ બાંધે છે. અન્તરાય સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! જેમ જ્ઞાનાવરણીયની સ્થિતિ કહી છે તેમ કહેવી. યાવત્ ઉત્કૃષ્ટપણે તેજ પરિપૂર્ણ બાંધે છે. ॥૨૯॥૬૨૭॥*

(ટી૦) હવે એકેન્દ્રિયોને આશ્રયી સર્વ ઉત્તરપ્રકૃતિઓની સ્થિતિનું પરિણામ કહે છે—'**एगिंदिया णं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति**'? હે ભગવન્! એકેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? ઇત્યાદિ. અહીં આ પ્રકારનો નિયમ છે કે જે જે કર્મની જે જે ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વે કહી છે તે તે સ્થિતિને મિથ્યાત્વની સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ સ્થિતિ વડે ભાગતા જે આવે તેથી પલ્યોપમના અસંખ્યાતમે ભાગે ન્યૂન જઘન્ય સ્થિતિ જાણવી. અને તેજ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સહિત પરિપૂર્ણ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. આ પરિભાષાને ખયાલમાં રાખી સર્વ એકેન્દ્રિયના સૂત્રનો સ્વયં વિચાર કરવો. તો પણ શિષ્યના ઉપર ઉપકાર કરવા સ્થિતિનું પરિમાણ બતાવીએ છીએ—પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, અસાતાવેદનીય અને પાંચ અંતરાય કર્મનો એકેન્દ્રિયોને જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના ત્રણ સપ્તમાંશ હોય છે અને

ઉત્કૃષ્ટ તેજ પરિપૂર્ણ સાગરોપમના ત્રણ સપ્તમાંશ જાણવા. સાતાવેદનીય, સ્ત્રીવેદ, મનુષ્યગતિ અને મનુષ્યાપૂર્વીનો જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમનો દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી તેજ સંપૂર્ણ દોઢ સપ્તમાંશ સાગરોપમ જાણવો. મિથ્યાત્વનો જઘન્યથી સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમનો એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી સાગરોપમનો સંપૂર્ણ એક સપ્તમાંશ હોય છે. સમ્યક્ત્વ વેદનીય અને સમ્યગ્મિથ્યાત્વ વેદનીયનો કંઇપણ બંધ કરતો નથી. એટલે ઉદયરૂપે આત્મપ્રદેશોની સાથે સંબન્ધ કરતો નથી એ ભાવાર્થ છે. કારણ કે એકેન્દ્રિયોને સમ્યક્ત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયના ઉદયનો અસંભવ છે. સમ્યક્ત્વમોહનીય અને સમ્યગ્મિથ્યાત્વમોહનીયનો સાક્ષાત્ બંધ તો ઘટતો જ નથી એ હકીકત પૂર્વે કહેલી છે. સોળ કષાયનો જઘન્ય બંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના ચાર સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી પૂરા ચાર સપ્તમાંશ જાણવો. પુરુષવેદ, હાસ્ય, રતિ, પ્રશસ્તવિહાયોગતિ, સ્થિરાદિષટ્ક, પ્રથમ સંસ્થાન, પ્રથમ સંઘયણ, શુક્લવર્ણ, સુરભિગન્ધ, મધુર રસ અને ઉચ્ચ ગોત્રનો જઘન્ય બન્ધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમનો એક સપ્તમાંશ, અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ સાગરોપમનો એક સપ્તમાંશ જાણવો. બીજા ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન અને ઋષભનારાચ સંઘયણનો જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના છ પાંત્રીશાંશ, અને ઉત્કૃષ્ટથી સાગરોપમના પૂરા છ પાંત્રીશાંશ સમજવા. ત્રીજા સાદિસંસ્થાન, અને નારાચ સંઘયણનો જઘન્ય બંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના સાત પાંત્રીશાંશ અને ઉત્કૃષ્ટ બંધ પૂરા સાત પાંત્રીશાંશ જાણવો. રક્તવર્ણ અને કષાય-તૂરા રસનો જઘન્ય સ્થિતિબન્ધ પલ્યોપમના અસંખ્યતમા ભાગે ન્યૂન સાગરોપમના છ અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટ પૂરા છ અઠ્યાવીશાંશ જાણવા. પીતવર્ણ અને અમ્લરસનો જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના પાંચ અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટ સાગરોપમના પૂરા પાંચ અઠ્યાવીશાંશ સમજવા. નીલવર્ણ અને કટુ રસનો જઘન્ય બંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના સાત અઠ્યાવીશાંશ અને ઉત્કૃષ્ટ સાગરોપમના પૂરા સાત અઠ્યાવીશાંશ હોય છે. નપુંસકવેદ, ભય, જુગુપ્સા, શોક, અરતિ, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, છેલ્લું હુંડક સંસ્થાન અને છેલ્લું છેવઠ્ઠ સંઘયણ, કૃષ્ણવર્ણ, તિક્તરસ, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉપઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિ, સ્થાવર, આતપ, ઉદ્દ્યોત, અશુભવિહાયોગતિ, નિર્માણ, એકેન્દ્રિય જાતિ, પંચેન્દ્રિય જાતિ, તૈજસ અને કાર્મણનો જઘન્ય સ્થિતિબન્ધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ સાગરોપમના પૂરા બે સપ્તમાંશ હોય છે. નરકદ્વિક, દેવદ્વિક, વૈક્રિયચતુષ્ક, આહારકચતુષ્ક અને તીર્થંકરનામનો એકેન્દ્રિયોને બન્ધ હોતો નથી. આયુષ્યકર્મનો વિચાર કરતાં એકેન્દ્રિયો તથાભવસ્વભાવથી દેવાયુષ્ય અને નરકાયુષ્ય બાંધતા નથી, પરન્તુ તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય બાંધે છે. અને તે બાંધતા જઘન્યથી અન્તર્મુહર્તનું અને ઉત્કૃષ્ટ સાધિક પૂર્વકોટી વર્ષ પ્રમાણ બાંધે છે, કેવળ અહીં ઉત્કૃષ્ટ આયુષ્યબન્ધનો વિચાર છે માટે બાવીશ હજાર વરસના આયુષ્યવાળા એકેન્દ્રિયો પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવના આયુષ્યનો બંધ કરતા હોય તે લેવા. માટે હજાર વરસના ત્રીજા ભાગ સહિત સાત હજાર અધિક જાણવા. તેથી તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યના વિચારમાં સૂત્રમાં કહેલું પ્રમાણ ઘટે છે. એ પ્રમાણે કર્મ બન્ધ કરનાર એકેન્દ્રિયોને આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પરિમાણ કહ્યું. ॥૨૯॥૬૨૭॥

## ।। बेइंदिएसु कम्मपयडीणं ठिइबंधपरूवणं ।।

**बेइंदिया णं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमपणुवीसाए तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति। एवं णिद्दापंचगस्स वि। एवं जहा एगिंदियाणं भणियं तहा बेइंदियाण वि भाणियव्वं, णवरं सागरोवमपणुवीसाए सह भाणियव्वा पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणा, सेसं तं चेव [पडिपुण्णं बंधंति।] जत्थ एगिंदिया ण बंधंति तत्थ एते**

**वि ण बंधंति। बेइंदिया णं भंते! जीवा मिच्छत्तवेयणिज्जस्स किं बंधंति? गोयमा! जहण्णेणं सागरोवमपणुवीसं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। तिरिक्खजोणियाउयस्स जहन्नेण अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडिं चउहिं वासेहिं अहियं बंधंति। एवं मणुयाउयस्स वि, सेसं जहा एगिंदियाणं जाव अंतराइयस्स ।।सू०-३०।।६२८।।**

*(मू०) હે ભગવન્! બેઇન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મનો કેટલો બન્ધ કરે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ન્યૂન સાગરોપમના પચીશ ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી તેટલોજ પૂરો બન્ધ કરે. એમ પાંચ નિદ્રાનો બન્ધ પણ જાણવો. એ પ્રમાણે જેમ એકેન્દ્રિયોને કહ્યો છે તેમ બેઇન્દ્રિયોને પણ કહેવો. પરન્તુ પચીશગુણા સાગરોપમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન બન્ધ કહેવો. બાકી બધું તેમજ પૂર્ણ બંધ કરે છે. જે કર્મપ્રકૃતિને એકેન્દ્રિયો બાંધતા નથી તેને એ બેઇન્દ્રિયો પણ બાંધતા નથી. હે ભગવન્! બેઇન્દ્રિય જીવો મિથ્યાત્વવેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન પચીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલોજ બન્ધ કરે છે, તિર્યંચાયુષ્યનો જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચાર વરસ અધિક પૂર્વકોટી વર્ષનો બન્ધ કરે છે. એ પ્રમાણે મનુષ્યાયુષ્યનો પણ બન્ધ જાણવો. બાકી બધું એકેન્દ્રિયોને પેઠે યાવત્ અન્તરાય કર્મ સુધી કહેવું.॥૩૦॥૬૨૮॥*

(ટી૦) હવે બેઇન્દ્રિય જીવોને આશ્રયી સ્થિતિનું નિરુપણ કરે છ— **'बेइंदिया णं भंते! जीवा'**—હે ભગવન્! બેઇન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મનો કેટલો બન્ધ કરે? ઇત્યાદિ. અહીં આ પરિભાષા છ—જે જે કર્મપ્રકૃતિની જે જે ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વે કહેવામાં આવી છે તે તે સ્થિતિને મિથ્યાત્વની સિત્તેર કોટાકોટી પ્રમાણ સ્થિતિ વડે ભાગ આપવાથી જે આવે તેને પચીશ વડે ગુણાકાર કરવો અને જેટલો થાય તેટલો પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન કરતાં સ્થિતિબન્ધ કરનારા બેઇન્દ્રિયોનું જઘન્ય સ્થિતિપરિમાણ આવે છે અને પરિપૂર્ણ તેટલુંજ ઉત્કૃષ્ટ સ્થિતિપરિમાણ છે. જેમ કે—પાંચ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ, અસાતાવેદનીય અને પાંચ અન્તરાયનું સાગરોપમના ત્રણ સપ્તમાંશને પચીશે ગુણવા એટલે વાસ્તવિક રીતે પચીશ સાગરોપમના ત્રણ સપ્તમાંશ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન જઘન્યસ્થિતિપરિમાણ હોય છે અને પરિપૂર્ણ તેટલાજ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિપરિમાણ છે. ॥૩૦॥૬૨૮॥

## ।। तेइंदिएसु कम्मपयडीणं ठिइबंधपरूवणं ।।

**तेइंदिया णं भंते! जीवा णाणावरणिज्जस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमपण्णासाए तिण्णि सत्तभागा पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणया, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति, एवं जस्स जइभागा ते तस्स सागरोवमपण्णासाए सह भाणियव्वा। तेइंदिया णं भंते! मिच्छत्तवेयणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमपण्णासं पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। तिरिक्खजोणियाउयस्स जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडिं सोलसहिं राइंदिएहिं राइंदियतिभागेण य अहियं बंधंति। एवं मणुयाउयस्स वि, सेसं जहा बेइंदियाणं जाव अंतराइयस्स ।।सू०-३१।।६२९।।**

*(મૂ૦) હેભગવન્! તેઇન્દ્રિય જીવો જ્ઞાનાવરણ કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ન્યૂન પચાસગુણા ત્રણ સપ્તમાંશ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે છે. એકેન્દ્રિયને સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી તેથી તેઇન્દ્રિયોને પચાસગુણા સાગરોપમ સહિત કહેવી. હે ભગવન્! તેઇન્દ્રિય જીવો મિથ્યાત્વવેદનીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન પચાસ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી પૂરા પચાસ સાગરોપમની સ્થિતિ બાંધે છે. તિર્યંચાયુષ્યની સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દિવસના ત્રીજા ભાગ સહિત સોળ દિવસ અધિક પૂર્વકોટી વરસની બાંધે છે. એ પ્રમાણે મનુષ્યાયુષ્યની પણ*

*જાણવી. બાકીનું બધું બેઇન્દ્રિયોને કહ્યું તેમ યાવત્ અન્તરાય કર્મ સુધી કહેવું. ॥૩૧॥૬૨૯॥*

(ટી૦) તેઇન્દ્રિયના સ્થિતિબન્ધના વિચારમાં કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને સિત્તેર કોટાકોટીએ ભાગતા જે આવે તેને પચાસે ગુણવા. ચઉરિન્દ્રિયના બન્ધના વિચારમાં સોએ ગુણવા અને અસંજ્ઞી પંચેન્દ્રિયના બંધમાં હજારે ગુણવા, તે સંબન્ધે કર્મપ્રકૃતિના સંગ્રહણીકાર કહે છે—"पणवीसा पन्नासा सयं सहस्सं च गुणकारो। कमसो विगल-असन्नीणं"–એકેન્દ્રિયના બન્ધને પચીશ, પચાસ, સો અને હજારે ગુણતાં જેટલો થાય તેટલો અનુક્રમે વિકલેન્દ્રિય અને અસંજ્ઞીને બન્ધ હોય છે" તેથી એને અનુસારે સુગમ હોવાથી સૂત્રનો સ્વયં વિચાર કરવો. "नवरं सागरोपमपण्णवीसाए तिण्णि सत्तभागा असंखेज्जभागेणं ऊणगा"—પરંતુ "બેઇન્દ્રિયને પલ્યોપમ અસંખ્યાતમા ભાગે ન્યૂન પચીશ સાગરોપમના ત્રણ સપ્તમાંશ પ્રમાણ સ્થિતિ હોય છે" અહીં ગણિતનો વિચાર આ પ્રમાણે છે–પચીશ સાગરોપમને સાતે ભાગતા જે આવે તેને ત્રણ ગુણા કરી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન કરવા. એમ બધે સ્થળે જ્યાં જે રીતે સંભવે તે રીતે ગણિતનો વિચાર કરવો. ॥૩૧॥૬૨૯॥

## ।। चउरिंदिएसु कम्मपयडीणं ठिइबंधपरूवणं ।।

**चउरिंदिया णं भंते! जीवा णाणावरणिज्जस्स किं बंधंति? गोयमा! जहण्णेणं सागरोवमसयस्स तिण्णि सत्तभागे पलितोवमस्स असंखेज्जतिभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति, एवं जस्स जइभागा ते तस्स सागरोवमसतेण सह भाणियव्वा। तिरिक्खजोणियाउयस्स कम्मस्स जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडिं दोहिं मासेहिं अहियं। एवं मणुयाउयस्सवि, सेसं जहा बेइंदियाणं, णवरं मिच्छत्तवेयणिज्जस्स जहण्णेणं सागरोवमसतं पलितोवमस्स असंखेज्जतिभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति, सेसं जहा बेइंदियाणं जाव अंतराइयस्स ।।सू०-३२।।६३०।।**

*(મૂ૦) હેભગવન્! ચઉરિન્દ્રિય જીવો જ્ઞાનાવરણની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સો સાગરોપમના ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલી સ્થિતિ બાંધે. એ પ્રમાણે જે પ્રકૃતિની (એકેન્દ્રિયોને) સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી છે તે પ્રકૃતિની (ચઉરિન્દ્રિયોને) સોગુણા સાગરોપમ સહિત કહેવી. તિર્યંચાયુષ્યની જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બે માસ અધિક પૂર્વકોટી વરસની બાંધે છે. એ પ્રમાણે મનુષ્યાયુષ્યની પણ સ્થિતિ જાણવી. બાકી બધું બેઇન્દ્રિયોની પેઠે કહેવું. પરન્તુ મિથ્યાત્વવેદનીયની જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સો સાગરોપમની અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે છે. બાકી બધું બેઇન્દ્રિયોને કહ્યું તેમ અન્તરાય કર્મ સુધી કહેવું. ॥૩૨॥૬૩૦॥*

**असण्णी णं भंते! जीवा पंचिंदिया णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं सागरोवमसहस्सस्स तिण्णि सत्तभागे पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे बंधंति, एवं सो चेव गमो जहा बेइंदियाणं, णवरं सागरोवमसहस्सेण समं भाणियव्वं जस्स जति भाग त्ति। मिच्छत्तवेदणिज्जस्स जहन्नेणं सागरोवमसहस्सं पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं। णेरइयाउयस्स जहन्नेणं दस वाससहस्साइं अंतोमुहुत्तमब्भइयाइं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जतिभागं पुव्वकोडितिभागब्भइयं बंधंति। एवं तिरिक्खजोणियाउयस्सवि, णवरं जहण्णेणं अंतोमुहुत्तं। एवं मणुयाउयस्सवि, देवाउअस्स जहा णेरइयाउयस्स। असण्णी णं भंते! जीवा पंचिंदिया णिरयगतिणामाए कम्मस्स किं बंधंति? गोयमा! जहण्णेणं सागरोवमसहस्सस्स दो सत्तभागे पलिओवमस्स असंखेज्जतिभागेणं ऊणए, उक्कोसेणं ते चेव पडिपुण्णे, एवं तिरियगतिए वि। मणुयगतिनामाए वि एवं चेव, णवरं जहन्नेणं सागरोवमसहस्सस्स दिवड्ढं सत्तभागं पलिओवमस्स**

असंखेज्जइभागेण ऊणयं, उक्कोसेणं तं चेव पडिपुण्णं बंधंति। एवं देवगतिनामाए वि, णवरं जहन्नेणं सागरोवमसहस्सस्स एगं सत्तभागं पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणयं, उक्कोसेणं तं चेवं पडिपुण्णं [बंधंति।] वेउव्वियसरीरणामाए पुच्छा। गोयमा! जहन्नेणं सागरोवमसहस्सस्स दो सत्तभागे पलिओवमस्स असंखेज्जइभागेणं ऊणए, उक्कोसेणं दो पडिपुण्णे बंधंति। सम्मत्त-सम्मामिच्छत्त-आहारगसरीरनामाए तित्थगरणामाए णं किंचि [वि] बंधंति। अवसिट्ठं जहा बेइंदियाणं, णवरं जस्स जत्तिया भागा तस्स ते सागरोवमसहस्सेण सह भाणियव्वा सव्वेसिं आणुपुव्वीए जाव अंतराइयस्स ।।सू०-३३।।६३१।।

*(મૂ૦) હેભગવન્! અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના ત્રણ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટથી પરિપૂર્ણ તેટલીજ સ્થિતિ બાંધે. એ પ્રમાણે જેમ બેઇન્દ્રિયો સંબંધે પાઠ કહ્યો તે પ્રમાણે અસંજ્ઞી પંચેન્દ્રિય સંબંધે પણ કહેવો. પરન્તુ જે પ્રકૃતિની સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી છે તેને હજાર ગુણા સાગરોપમ સહિત કહેવી. મિથ્યાત્વવેદનીય કર્મની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમની અને ઉત્કૃષ્ટથી પૂરા તેટલાજ સાગરોપમની બાંધે છે. નૈરયિકાયુષ્યની સ્થિતિ જઘન્યથી અન્તર્મુહૂર્ત અધિક દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પૂર્વકોટીના ત્રીજા ભાગ અધિક પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાંધે છે. એમ તિર્યંચાયુષ્યની પણ સ્થિતિ જાણવી. પરન્તુ તેની જઘન્યથી અન્તર્મુહૂર્તની સ્થિતિ બાંધે છે. એ પ્રમાણે મનુષ્યાયુષ્યની પણ સમજવી. દેવાયુષ્યની સ્થિતિ નારકાયુષ્યની પેઠે જાણવી. હે ભગવન્! અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો નરકગતિ નામ કર્મની કેટલી સ્થિતિ બાંધે છે? હે ગૌતમ! જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પરિપૂર્ણ તેજ સ્થિતિ બાંધે છે. એમ તિર્યંચગતિ નામ સંબન્ધે જાણવું. મનુષ્યગતિ નામ સંબન્ધે પણ એમજ સમજવું. પરન્તુ જઘન્યથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના દોઢ સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ તેજ પૂરી સ્થિતિ બાંધે છે. એમ દેવગતિનામ કર્મ સંબન્ધે જાણવું. પરન્તુ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના એક સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ પૂરી તેજ સ્થિતિ બાંધે છે. વૈક્રિયશરીર નામ કર્મ સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન હજાર સાગરોપમના બે સપ્તમાંશ અને ઉત્કૃષ્ટ તેજ પરિપૂર્ણ હજાર સાગરોપમના બે સપ્તમાંશ બાંધે છે. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, આહારકશરીરનામ અને તિર્થંકરનામ કર્મનો કાંઇપણ બન્ધ કરતા નથી. બાકી બધું બેઇન્દ્રિયોની જેમ જાણવું. પરન્તુ જે પ્રકૃતિની સાગરોપમના જેટલા ભાગની સ્થિતિ કહી છે તે પ્રકૃતિની હજારગુણા સાગરોપમ સહિત કહેવી. એમ સર્વ પ્રકૃતિઓની અનુક્રમે સ્થિતિ યાવત્ અંતરાય સુધી જાણવી. ॥૩૩॥૬૩૧॥*

### ।। सण्णीसु कम्मपयडीणं ठिइबंधपरूवणं ।।

सण्णी णं भंते! जीवा पंचिंदिया णाणावरणिज्जस्स कम्मस्स किं बंधंति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा०। सण्णी णं भंते! पंचिंदिया णिद्दापंचगस्स किं बंधंति? गोयमा! जहन्नेणं अंतोसागरोवमकोडाकोडीओ, उक्कोसेणं तीसं सागरोवमकोडाकोडीओ, तिण्णि य वाससहस्साइं अबाहा०। दंसणचउक्कस्स जहा णाणावरणिज्जस्स। सायावेदणिज्जस्स जहा ओहियाठिती भणिता तहेव भाणियव्वा, ईरियावहियबंधयं पडुच्च संपराइयबंधयं च। असातावेयणिज्जस्स जहा णिद्दापंचगस्स। सम्मत्तवेदणिज्जस्स सम्मामिच्छत्तवेदणिज्जस्स य जा ओहिया ठिती भणिया तं बंधंति। मिच्छत्तवेदणिज्जस्स जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ, उक्कोसेणं सत्तरिं सागरोवमकोडाकोडीओ, सत्त य वाससहस्साइं

अबाहा०। कसायबारसगस्स जहन्नेणं एवं चेव, उक्कोसेणं चत्तालीसं सागरोवमकोडाकोडीओ, चत्तालीस य वाससयाइं अबाहा०। कोह-माण-माया-लोभ-संजलणाए य दो मासा, मासो, अद्धमासो, अंतोमुहुत्तो, एवं जहण्णगं, उक्कोसगं पुण जहा कसायबारसगस्स। चउण्ह वि आउआणं जा ओहिया ठिती भणिया तं बंधंति। आहारगसरीरस्स तित्थगरनामाए य जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ, उक्कोसेण वि अंतोसागरोवमकोडाकोडीओ बंधंति। पुरिसवेदस्स जहन्नेणं अट्ठ संवच्छराइं, उक्कोसेणं दस सागरोवमकोडाकोडीओ, दस य वाससयाइं अबाहा०। जसोकित्तिणामाए उच्चगोयस्स एवं चेव, णवरं जहन्नेणं अट्ठ मुहुत्ता। अंतराइयस्स जहा णाणावरणिज्जस्स, सेसएसु सव्वेसु ठाणेसु संघयणेसु संठाणेसु वण्णेसु गंधेसु य जहण्णेणं अंतोसागरोवमकोडाकोडीओ. उक्कोसेणं जा जस्स ओहिया ठिती भणिया तं बंधंति, णवरं इमं नाणत्तं-अबाहा अबाहूणिया ण वुच्चति। एवं आणुपुव्वीए सव्वेसिं जाव अंतराइयस्स ताव भाणियव्वं ।।सू०-३४।।६३२।।

*(મૂ0) હે ભગવન્! સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ્ઞાનાવરણીય કર્મની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ બાંધે. તેનો ત્રણ હજાર વર્ષનો અબાધાકાળ છે. હે ભગવન્! સંજ્ઞી પંચેન્દ્રિયો પાંચ નિદ્રાની કેટલી સ્થિતિ બાંધે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ બાંધે છે. તેનો અબાધાકાળ ત્રણ હજાર વરસનો છે. દર્શનાવરણચતુષ્કની જ્ઞાનાવરણીયની પેઠે અને સાતાવેદનીયની સામાન્ય વેદનીય કર્મની સ્થિતિ કહી છે તેમ ઈર્યાપથિક (યોગનિમિત્તક) બન્ધ અને સાંપરાયિક (કષાયિક) બન્ધની અપેક્ષાએ કહેવી. અસાતાવેદનીય કર્મની સ્થિતિ નિદ્રાપંચકની પેઠે અને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઔઘિક-સામાન્ય સ્થિતિ કહી છે તેમ બાંધે છે. મિથ્યાત્વમોહનીયની જઘન્ય અન્તઃકોટાકોટી અને ઉત્કૃષ્ટ સિત્તેર કોટાકોટી સાગરોપમ પ્રમાણ તથા સાત હજાર વર્ષનો અબાધાકાળ જાણવો. બાર કષાયની સ્થિતિ જઘન્ય એ પ્રમાણે--- અન્તઃકોટાકોટી અને ઉત્કૃષ્ટ ચાળીશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ છે. તેનો અબાધાકાળ ચાર હજાર વર્ષનો છે. સંજ્વલન, ક્રોધ, માન, માયા અને લોભનો બે માસ, માસ, અર્ધમાસ અને અન્તર્મુહૂર્ત એમ જઘન્ય સ્થિતિબન્ધ છે અને ઉત્કૃષ્ટ બાર કષાયની પેઠે છે. ચાર આયુષ્યની જે ઔઘિક સ્થિતિ કહેલી છે તે પ્રમાણે બાંધે છે. આહારક શરીર અને તીર્થંકરનામની જઘન્ય અન્તઃકોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટ અન્તઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ છે. પુરુષવેદની જઘન્ય આઠ વર્ષની અને ઉત્કૃષ્ટ દસ કોટાકોટી સાગરોપમની સ્થિતિ છે. યશઃકીર્તિનામ અને ઉચ્ચગોત્રની એ પ્રમાણે જાણવી. પરન્તુ જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત સમજવી. અંતરાયની સ્થિતિ જ્ઞાનાવરણીયની જેમ જાણવી. બાકી સર્વ સ્થાનોમાં સંઘયણ, સંસ્થાન વર્ણ અને ગંધની જઘન્ય અન્તઃકોટાકોટી સાગરોપમ અને ઉત્કૃષ્ટ જે પ્રકૃતિની જે સામાન્ય સ્થિતિ કહી છે તેને બાંધે છે. પરન્તુ આ વિશેષતા છે કે અબાધા અને અબાધા ન્યૂન [નિષેક] કહેવાનો નથી. એમ કર્મપ્રકૃતિઓની સ્થિતિ અનુક્રમે યાવત્ અંતરાય કર્મ સુધી કહેવી. ।।૩૪।।૬૩૨।।*

### ।। जहण्ण ठिइबंधगपरूवणं ।।

णाणावरणिज्जस्स णं भंते! कम्मस्स जहण्णठितीबंधए के? गोयमा! अण्णयरे सुहुमसंपराए उवसामए वा खवए वा, एस णं गोयमा! णाणावरणिज्जस्स कम्मस्स जहण्णठितीबंधए, तव्वइरित्ते अजहण्णे, एवं एतेणं अभिलावेणं मोहाऽऽउअवज्जाणं सेसकम्माणं भाणियव्वं। मोहणिज्जस्स णं भंते! कम्मस्स जहण्णठितीबंधए के? गोयमा! अन्नयरे बायरसंपराए उवसामए वा खवए वा, एस णं गोयमा! मोहणिज्जस्स कम्मस्स जहण्णठितीबंधए, तव्वतिरित्ते अजहण्णे। आउयस्स णं भंते! कम्मस्स जहण्णठितीबंधए के? गोयमा! जे णं जीवे असंखेप्पद्धप्पविट्ठे,

**सव्वणिरुद्धे से आउए, सेसे सव्वमहंतीए आउअबंधद्धाए, तीसे णं आउअबंधद्धाए चरिमकालसमयंसि सव्वजहण्णियं ठिइं पज्जत्तापज्जत्तियं णिव्वत्तेति, एस णं गोयमा! आउयकम्मस्स जहण्णठितीबंधए, तव्वइरित्ते अजहण्णे ।।सू०-३५।।६३३।।**

*(મૂ૦) હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિ બાંધનાર કોણ છે? હે ગૌતમ! કોઇ પણ ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મસંપરાય છે. હે ગૌતમ! એ જ્ઞાનાવરણીય કર્મનો જઘન્યસ્થિતિબન્ધક છે. તે સિવાય બીજો અજઘન્ય (જઘન્ય સિવાયની) સ્થિતિનો બન્ધક છે. એ પ્રમાણે એ પાઠ વડે મોહનીય અને આયુષ્ય સિવાય બાકીના બધા કર્મને માટે કહેવું. હે ભગવન્! મોહનીય કર્મનો જઘન્યસ્થિતિબન્ધક કોણ છે? હે ગૌતમ! કોઇપણ ઉપશમક કે ક્ષપક બાદરસંપરાય હોય છે. હે ગૌતમ! એ મોહનીય કર્મનો જઘન્યસ્થિતિબન્ધક છે. તે સિવાય બીજો અજઘન્યસ્થિતિબન્ધક છે. આયુષ્યકર્મનો જઘન્યસ્થિતિબન્ધક કોણ છે? હે ગૌતમ! અંસક્ષેપ્યાદ્ધાપ્રવિષ્ટ જેના આયુષ્ય બન્ધનો કાળ સંક્ષેપ કરી શકાય એમ નથી એવો જે જીવ છે, તેનું સર્વનિરુદ્ધ-સૌથી થોડું આયુષ્ય કે જે સૌથી મોટા આયુષ્યબન્ધના કાળના એક ભાગ રૂપ છે, એવા તે આયુષ્યબન્ધના છેલ્લા કાળમાં વર્તતો પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ એવી સૌથી જઘન્ય સ્થિતિ બાંધે છે. હે ગૌતમ! એ આયુષ કર્મનો જઘન્યસ્થિતિબન્ધક છે. તે સિવાય બીજો અજઘન્યસ્થિતિબન્ધક છે. ।।૩૫।।૬૩૩।।*

(ટી૦) અહીં સંજ્ઞી પંચેન્દ્રિય સૂત્રમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનો જઘન્ય સ્થિતિબન્ધ અન્તર્મુહૂર્તાદિ પ્રમાણ કહ્યો.[1] તે કયા જીવોને વિષે હોય?' એમ જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે—'**णाणावरणिज्जस्स णं भंते! कम्मस्स जहण्णठिइबन्धए**' કે? હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મનો જઘન્ય સ્થિતિબન્ધક કોણ હોય–ઇત્યાદિ સુગમ છે. પરન્તુ 'અન્યતર ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મસંપરાય બાંધે છે' એમ કહ્યું છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે–અહીં જ્ઞાનાવરણીનો બન્ધ ક્ષપક અને ઉપશમકને જઘન્યથી અન્તર્મુહૂર્ત પ્રમાણ હોય છે, તેથી બન્નેને અન્તર્મુહૂર્તના પ્રમાણનો ભેદ નહિ હોવાથી 'ઉપશમક કે ક્ષપક' એમ કહ્યું છે. કારણ કે બીજે ક્ષપકની અપેક્ષાએ ઉપશમકને બમણો બન્ધ કહ્યો છે. કેમકે એ સંબન્ધે કર્મપ્રકૃતિ સંગ્રહણીકાર કહે છે—'**खवगुसामगपडिवयमाणोदुगुणो तहिं तहिं बन्धो**'। (કર્મ પ્ર૦ ઉપશમનાકરણ ગાથા ૬૧)"ક્ષપક કરતાં ઉપશમકને અને તેથી ઉપશમશ્રેણિથી પડનારને બમણો બમણો બન્ધ થાય છે. તેથી વેદનીય કર્મના સાંપરાયિક (કષાયનિમિત્તક) બન્ધના વિચારમાં તેનો જઘન્ય સ્થિતિબન્ધ ક્ષપકને બાર મુહૂર્તનો અને ઉપશમકને ચોવીશ મુહૂર્તનો હોય છે. નામગોત્રનો જઘન્ય બન્ધ ક્ષપકને આઠ મુહૂર્ત અને ઉપશમકને સોળ મુહૂર્ત છે. પરન્તુ ઉપશમકને પણ બાકીના બન્ધની અપેક્ષાએ સૌથી જઘન્ય બન્ધ હોય છે, માટે તેના સૂત્રમાં પણ '**अन्नयरे सुहमसंपराये उवसामए खवगे वा**' કોઇ પણ ઉપશમક કે ક્ષપક સૂક્ષ્મસંપરાય જઘન્યબંધક છે' એમ કહ્યું છે. અને એમ કહેશે કે— '**मोहाउवज्जाणं सेसकम्माणं भाणियव्वं**'તિ આ પાઠ વડે મોહનીય અને આયુષ્ય સિવાય બાકીના કર્મ માટે કહેવું.' ઉપસંહાર સૂત્રમાં '**तव्वइरिते अजहन्ने**' તે સિવાય બીજો અજઘન્ય છે.' એટલે ક્ષપક અને ઉપશમક સૂક્ષ્મસંપરાય સિવાયના બીજા અજઘન્ય સ્થિતિબન્ધક છે. આયુષ્યના બન્ધક સૂત્રમાં '**जे णं जीवे असंखिप्पद्धापविट्ठे**' ઇત્યાદિ. 'જે જીવ અસંક્ષેપ્યાદ્ધાપ્રવિષ્ટ છે' ઇત્યાદિ. અહીં જીવો બે પ્રકારના છે–સોપક્રમઆયુષ્યવાળા અને નિરુપક્રમઆયુષ્યવાળા. તેમાં દેવો, નારકો, અસંખ્યાતા વરસના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો તથા સંખ્યાતા વરસના આયુષ્યવાળા છતાં પણ ચક્રવર્તી વગેરે ઉત્તમ પુરુષો અને ચરમ શરીરી નિરુપક્રમશરીરવાળા જ હોય છે. બાકીના બધા સોપક્રમ આયુષ્યવાળા પણ હોય છે અને નિરુપક્રમ આયુષ્યવાળા પણ હોય છે. કહ્યું છે કે—

"देवा नेरइया वा असंखवासाउया तिरिमणुया । उत्तमपुरिसा य तहा चरमसरीरा य निरुवकमा ॥

१. સંજ્ઞી પંચેન્દ્રિયના બન્ધસૂત્રમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનો જઘન્ય સ્થિતિબન્ધ અન્તર્મુહૂર્તાદિ પરિમાણ કહ્યો છે તે ક્ષપકને પોતપોતાના સ્થિતિબંધના છેલ્લા સમયે જાણવો. પાંચ નિદ્રા, અસાતાવેદનીય, મિથ્યાત્વ અને બાર કષાયાદિનો ક્ષપણાની પૂર્વે બંધ થાય છે, તેથી તેઓને જઘન્યથી પણ અન્તઃકોટાકોટી સાગરોપમ પ્રમાણ બંધ હોય છે અને ઉત્કૃષ્ટ અતિસંક્લેશવાળા મિથ્યાદષ્ટિને હોય છે. પરન્તુ તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ બંધ પોતપોતાના બન્ધ કરનારામાં અતિવિશુદ્ધ હોય છે.

सेसा संसारत्था भइया सोवक्कमा व इयरे वा । सोवक्कम-निरुवक्कमभेओ भणिओ समासेणं ॥"

તેમાં દેવો, નૈરયિકો તથા અસંખ્યાતા વરસના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો પોતાનું છ માસનું આયુષ્ય બાકી હોય ત્યારે અવશ્ય પરભવના આયુષ્યનો બંધ કરે છે. જે તિર્યંચ અને મનુષ્યો સંખ્યાતા વરસના આયુષ્યવાળા છતાં પણ નિરુપક્રમઆયુષ્યવાળા છે તેઓ પણ પોતાનું ત્રીજા ભાગનું આયુષ્ય બાકી હોય ત્યારે અવશ્ય પરભવના આયુષ્યનો બંધ કરે છે. જેઓ સોપક્રમઆયુષ્યવાળા છે તેઓ કદાચ ત્રીજા ભાગનું આયુષ્ય બાકી છે જેઓનો એવા, અથવા ત્રીજા ભાગના ત્રીજા ભાગનું આયુષ્ય બાકી જેઓને છે એવા, યાવત્ અસંક્ષેપ્યાદ્ધાપ્રવિષ્ટ-જેનો ન સંક્ષેપ કરી શકાય એટલોજ માત્ર આયુષ્યનો કાળ બાકી જેઓને છે એવા પરભવાયુષ્ય બાંધે છે, તેથી કહે છે—'**जेणं जीवे**' ઇત્યાદિ. -જે જીવ અસંક્ષેપ્યાદ્ધાપ્રવિષ્ટ છે એટલે જેણે ત્રીજા ભાગ ઇત્યાદિ કરવા વડે જેનો હવે સંક્ષેપ-ભાગ થઇ શકે તેમ નથી એવા કાળમાં પ્રવેશ કરેલો છે, એ હેતુથી કહે છે- '**से**' તેનું- અસંક્ષેપ્ય અદ્ધામાં પ્રવિષ્ટ જીવનું આયુષ્ય સર્વનિરુદ્ધ-ઉપક્રમના હેતુઓ વડે અતિ સંક્ષેપ કરાયેલું છે, તેને માત્ર આયુષબંધ કરવાનો કાળ બાકી છે એટલે તે પછી જીવનકાળ નથી. એજ બાબતને વધારે સ્પષ્ટતાપૂર્વક કહે છે-'**सेसे सव्वमहंतीए आउयबन्धद्धाए**' સૌથી મોટા આયુષ્યબંધના કાળનો શેષ ભાગ છે, તાત્પર્ય એ છે કે આયુષ્યબન્ધનો કાળ આઠ આકર્ષપ્રમાણ છે, તેનો શેષ-એક આકર્ષપ્રમાણ જેટલું સૌથી અલ્પ આયુષ્ય તેનું બાકી છે. માટે તે ન સંક્ષેપ કરી શકાય તેવા કાળમાં પ્રવિષ્ટ થયેલો અને આયુષ્યબન્ધના એક આકર્ષરૂપે છેલ્લા સમય-કાળમાં વર્તતો હોય છે. અહીં ચરમકાલસમયના ગ્રહણ કરવાથી પરમ સૂક્ષ્મ સમયનું ગ્રહણ ન કરવું, પણ ઉપર કહ્યા પ્રમાણે કાળનું ગ્રહણ કરવું, કારણ કે તેથી ઓછા કાળમાં આયુષ્યના બન્ધનો અસંભવ છે. જેથી વ્યુત્ક્રાન્તિપદમાં પૂર્વે કહ્યું છે કે "હે ભગવન્? જીવો સ્થિતિનામ સહિત આયુષ્યનો કેટલા આકર્ષ વડે બન્ધ કરે? હે ગૌતમ! જઘન્યથી એક આકર્ષ વડે અને ઉત્કૃસ્ટ આઠ આકર્ષ વડે આયુષ્યનો બન્ધ કરે છે. એક આકર્ષ વડે સર્વ જઘન્ય આયુષ્ય બાંધે છે. જેથી કહ્યું છે કે '**सव्वजहन्नियं**' સર્વ જઘન્ય-સૌથી નાની સ્થિતિ બાંધે છે. તે સ્થિતિ કેવા પ્રકારની છે? તે કહે છે—'**पर्याप्तापर्याप्तिकां**' -પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ-શરીર અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ કરવાને સમર્થ અને ઉચ્છ્વાસપર્યાપ્તિ પૂરી કરવાને અસમર્થ એવી સ્થિતિ બાંધે છે. એ શી રીતે જાણી શકાય કે શરીર અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી કરવાને સમર્થ સૌથી જઘન્ય સ્થિતિ બાંધે છે પણ તેથી હીન સ્થિતિ બાંધતો નથી? યુક્તિથી જાણી શકાય છે. તે આ પ્રમાણે-સર્વે પ્રાણીઓ પરભવનું આયુષ્ય બાંધીને મરણ પામે છે પણ બાંધ્યા સિવાય મરણ પામતા નથી. અને પરભવના આયુષ્યનો બંધ ઔદારિક, વૈક્રિય અને આહારકકાય યોગમાં વર્તતા પ્રાણીને હોય છે, પણ કાર્મણ કે ઔદારિક મિશ્રયોગમાં વર્તતો હોય ત્યારે હોતો નથી. તે સંબન્ધે મૂળ ટીકાકાર કહે છે—"**जेणोरालियाईणं तिण्हं सरीराणं कायजोगे वट्टमाणो आउयबंधगो, न कम्मए, ओरालियमिस्से वा**" ઇતિ। જેથી ઔદારિકાદિ ત્રણ શરીરના કાયયોગે વર્તતો આયુષ્યનો બન્ધ કરે છે, પણ કાર્મણ કે ઔદારિક મિશ્ર યોગમાં વર્તતો આયુષ્યનો બન્ધ કરતો નથી" વિશિષ્ટ ઔદારિકાદિ કાયયોગ શરીર અને ઇન્દ્રિયપર્યાપ્તિ વડે પર્યાપ્તાને હોય છે, પણ કેવળ શરીરપર્યાપ્તિ વડે પર્યાપ્તાને નથી હોતી. તેથી આ સિદ્ધ થાય છે કે શરીરપર્યાપ્તિ અને ઇન્દ્રિયપર્યાપ્તિ વડે પર્યાપ્તાનુંજ મરણ થાય છે, બીજાનું થતું નથી. માટે શરીર અને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂરી કરવાને સમર્થ એવી જઘન્ય સ્થિતિ બાંધે છે, પણ તેથી હીન સ્થિતિ બાંધતો નથી. એ પ્રમાણે જઘન્યસ્થિતિનો બન્ધ કરનાર કહ્યો. ॥૩૫॥૬૩૩॥

## ।। उक्कोसठिइबंधगपरूवणं ।।

**उक्कोसकालठितीयं णं भंते! णाणावरणिज्जं किं नेरइओ बंधति, तिरिक्खजोणिओ बंधति, तिरिक्खजोणिणी बंधति, मणुस्सो बंधति, मणुस्सी बंधति, देवो बंधति, देवी बंधति? गोयमा! नेरइओ वि बंधति, जाव देवीवि बंधति। केरिसए णं भंते! नेरइए उक्कोसकालठितीयं णाणावरणिज्जं कम्मं बंधति? गोयमा! सण्णी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्ते सागारे जागरे सुत्तो(तो)वउत्ते मिच्छादिट्ठी कण्हलेसे उक्कोससंकिलिट्ठपरिणामे ईसि**

मज्झिमपरिणामे वा, एरिसए णं गोयमा! णेरइए उक्कोसकालठितीयं णाणावरणिज्जं कम्मं बंधति। केरिसए णं भंते! तिरिक्खजोणिए उक्कोसकालठितीयं णाणावरणिज्जं कम्मं बंधति? गोयमा! कम्मभूमए वा कम्मभूमगपलिभागी वा सण्णी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए सेसं तं चेव जहा णेरइयस्स। एवं तिरिक्खजोणिणी वि मणूसे वि मणूसी वि, देव-देवी जहा णेरइए, एवं आउयवज्जाणं सत्तण्हं कम्माणं। उक्कोसकालठितीयं णं भंते! आउयं कम्मं किं णेरइओ बंधति, जाव देवी बंधति? गोयमा! णो नेरइओ बंधइ, तिरिक्खजोणिओ बंधति, णो तिरिक्खजोणिणी बंधति, मणुस्सो वि बंधति, मणुस्सी वि बंधति, नो देवो बंधइ, णो देवी बंधइ। केरिसए णं भंते! तिरिक्खजोणिए उक्कोसकालठितीयं आउयं कम्मं बंधति? गोयमा! कम्मभूमए वा कम्मभूमगपलिभागी वा सण्णी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए सागारे जागरे सुत्तोवउत्ते मिच्छद्दिट्ठी परमकण्हलेसे उक्कोससंकिलिट्ठपरिणामे, एरिसए णं गोयमा! तिरिक्खजोणिए उक्कोसकालठितीयं आउयं कम्मं बंधति। केरिसए णं भंते! मणूसे उक्कोसकालठितीयं आउयं कम्मं बंधति? गोयमा! कम्मभूमगे वा कम्मभूमगपलिभागी वा जाव सुत्तो(तो)वउत्ते सम्मदिट्ठी वा मिच्छद्दिट्ठी वा कण्हलेसे वा सुक्कलेसे वा णाणी वा अण्णाणी वा उक्कोसं संकिलिट्ठपरिणामे वा [असंकिलिट्ठपरिणामे] वा तप्पाउग्गविसुज्झमाणपरिणामे वा, एरिसए णं गोयमा! मणूसे उक्कोसकालठिईयं आउयं कम्मं बंधति। केरिसिया णं भंते! मणुसी उक्कोसकालठितीयं आउयं कम्मं बंधइ? गोयमा! कम्मभूमिगा वा कम्मभूमगपलिभागी वा जाव सुत्तोवउत्ता सम्मदिट्ठी सुक्कलेसा तप्पाउग्गविसुज्झमाण-परिणामा, एरिसिया णं गोयमा! मणूस्सी उक्कोसकालठितीयं आउयं कम्मं बंधति, अंतराइयं जहा णाणावरणिज्जं ।।सू०-३६।।६३४।।

पण्णावणाए भगवईए तेवीसइमं कम्मपगडीपयं समत्तं ।।

*(મૂ૦) હે ભગવન્! ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ શું નૈરયિક બાંધે, તિર્યંચયોનિક બાંધે, તિર્યંચયોનિક સ્ત્રી બાંધે, મનુષ્ય બાંધે, મનુષ્યસ્ત્રી બાંધે, દેવ બાંધે કે દેવી બાંધે? હે ગૌતમ! નૈરયિક પણ બાંધે, યાવત્ દેવી પણ બાંધે. હે ભગવન્! કેવા પ્રકારનો નારક ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ બાંધે? હે ગૌતમ! સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિઓ વડે પર્યાપ્ત, સાકાર-જ્ઞાનોપયોગવાળો, જાગતો, શ્રુતના ઉપયોગવાળો, મિથ્યાદૃષ્ટિ, કૃષ્ણલેશ્યાવાળો, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટપરિણામવાળો કે કાંઇક મધ્યમ પરિણામવાળો હોય, આવા પ્રકારનો નારક હે ગૌતમ! ઉત્કૃષ્ટકાળની સ્થિતિવાળું જ્ઞાનવરણીય કર્મ બાંધે. હે ભગવન્! કેવા પ્રકારનો તિર્યંચ ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું જ્ઞાનવરણીય કર્મ બાંધે? હે ગૌતમ! કર્મભૂમક-કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો અથવા કર્મભૂમગપ્રતિભાગી—કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલાના જેવો સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પ્રયાપ્તિઓ વડે પર્યાપ્ત—બાકી બધું નૈરયિકોની જેમ કહેવું. એમ તિર્યંચસ્ત્રી, મનુષ્ય અને મનુષ્યસ્ત્રી સંબન્ધે પણ જાણવું. દેવ અને દેવીને નૈરયિકની પેઠે કહેવું. એ પ્રમાણે આયુષ્ય સિવાયની સાત કર્મપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ બન્ધ કરે છે. હે ભગવન્! ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું આયુષ્ય કર્મ નૈરયિક બાંધે કે યાવત્ દેવી બાંધે? હે ગૌતમ! નૈરયિક ન બાંધે, તિર્યંચ બાંધે, તિર્યંચસ્ત્રી ન બાંધે, મનુષ્ય બાંધે, મનુષ્યસ્ત્રી પણ બાંધે, દેવ અને દેવી ન બાંધે. હે ભગવન્! કેવા પ્રકારનો તિર્યંચ ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ્ય કર્મ બાંધે? હે ગૌતમ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો કે કર્મભૂમકપ્રતિભાગી—કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા જેવો, સંજ્ઞી પંચેન્દ્રિય, સર્વ પર્યાપ્તિઓ વડે પર્યાપ્ત, સાકારઉપયોગવાળો, જાગતો, શ્રુતના ઉપયોગવાળો, મિથ્યાદૃષ્ટિ, પરમકૃષ્ણલેશ્યાવાળો અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો હોય, આવા પ્રકારનો તિર્યંચયોનિક હે ગૌતમ! ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ્ય કર્મ બાંધે. હે ભગવન્! કેવા પ્રકારનો મનુષ્ય ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું આયુષ્ય કર્મ બાંધે?*

*હે ગૌતમ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો, કર્મભૂમકપ્રતિભાગી—કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલાના જેવો યાવત્, શ્રુતજ્ઞાનના ઉપયોગવાળો, સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ, કૃષ્ણ કે શુક્લ લેશ્યાવાળો, જ્ઞાની કે અજ્ઞાની, ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો, અસંક્લિષ્ટ પરિણામવાળો કે તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળો હોય, આવા પ્રકારનો મનુષ્ય હે ગૌતમ! ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ્યકર્મ બાંધે. હે ભગવન્! કેવા પ્રકારની મનુષ્યસ્ત્રી ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ્ય કર્મ બાંધે? હે ગૌતમ! કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલી કે કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલાના જેવી, યાવત્ શ્રુતના ઉપયોગવાળી, સમ્યગ્દષ્ટિ, શુક્લલેશ્યાવાળી અને તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળી હોય, આવી મનુષ્યસ્ત્રી હે ગૌતમ! ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ્ય કર્મ બાંધે. અન્તરાય કર્મ જ્ઞાનાવરણીયની પેઠે જાણવું. ॥૩૬॥૬૩૪॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં તેવીશમું કર્મપ્રકૃતિ પદ સમાપ્ત.*

(ટી૦) હવે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરનાર સંબંધે પૂછે છે—'**उक्कोसकालठिईयं णं भंते ! णाणावरणिज्जं कम्म किं नेरइओ बंधइ**' ઇત્યાદિ. ઉત્કૃષ્ટ કાળની સ્થિતિવાળું જ્ઞાનાવરણીય કર્મ શું નારક બાંધે—ઇત્યાદિ સૂત્ર સુગમ છે. નૈરયિકસૂત્રમાં સાકાર-જ્ઞાનોપયોગવાળો, જાગૃત્-જાગતો, કારણ કે નારકોને પણ કાંઇક નિદ્રાનો અનુભવ હોય છે. તે માટે 'જાગતો' એમ કહ્યું છે.'**सुत्तोवउत्ते**'-શ્રુતના ઉપયોગવાળો એટલે અભિલાપ-શબ્દગોચર જ્ઞાનના ઉપયોગવાળો, તિર્યંચયોનિક સૂત્રમાં '**कम्मभूमगपलिभागी**' કર્મભૂમગ-કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો, તેઓના પ્રતિભાગ-સમાનપણું જેઓને છે એવા એટલે તેઓના સદૃશ, જે કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલી ગર્ભિણી તિર્યંચ સ્ત્રી, તેને કોઇએ અપહરણ કરી અકર્મભૂમિમાં મૂકેલી હોય તેનાથી ઉત્પન્ન થયેલો કર્મભૂમકપ્રતિભાગી-કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા જેવો કહેવાય છે. બીજા આચાર્યો આવી રીતે વ્યાખ્યા કરે છે-કર્મભૂમિમાંજ ઉત્પન્ન થયેલાને જ્યારે કોઇ અકર્મભૂમિમાં લઇ જાય ત્યારે તે કર્મભૂમકપ્રતિભાગી-કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા તુલ્ય ગણાય છે. ઉત્કૃષ્ટ સ્થિતિવાળા આયુષ્યબંધના વિચારમાં નૈરયિક, તિર્યંચસ્ત્રી, દેવ અને દેવીઓનો પ્રતિષેધ જાણવો. કારણ કે તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિવાળો નારકોમાં ઉત્પત્તિ થતી નથી. મનુષ્યસૂત્રમાં '**सम्मदिट्ठी वा मिच्छादिट्ठी वा**' 'સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ બાંધે' એમ કહ્યું છે. કારણ કે અહીં બે ઉત્કૃષ્ટ આયુષ્ય છે, જે સાતમી નરકપૃથિવીનું આયુષ્ય બાંધે છે તે મિથ્યાદષ્ટિ અને અનુત્તર દેવનું આયુષ્ય બાંધે છે તે સમ્યગ્દષ્ટિ હોય છે. કૃષ્ણલેશ્યાવાળો નારકાયુષ્યનો બન્ધ કરે છે અને શુક્લલેશ્યાવાળો અનુત્તરદેવના આયુષ્યનો બન્ધ કરે છે. અહીં સમ્યગ્દષ્ટિ અપ્રમત્તયતિ સમજવો. ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામવાળો નારકાયુષ્યનો બન્ધ કરે છે અને તેને યોગ્ય વિશુદ્ધ પરિણામવાળો અનુત્તર દેવના આયુષ્યનો બન્ધ કરે છે. મનુષ્યસ્ત્રી સાતમી નરકપૃથિવીને યોગ્ય આયુષ્ય બાંધતી નથી, પણ અનુત્તર દેવને યોગ્ય આયુષ્ય બાંધે છે. માટે તેના સૂત્રમાં સર્વ પ્રશસ્ત જાણવું. અહીં અતિવિશુદ્ધ આત્મા આયુષ્યનો બન્ધ કરતો જ નથી. માટે તેને યોગ્ય વિશુદ્ધ પરિણામનું ગ્રહણ છે. બાકી બધું સ્પષ્ટ છે. ॥૩૬॥૬૩૪॥

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપનાટીકાના અનુવાદમાં તેવીશમું કર્મપ્રકૃતિ પદ સમાપ્ત.

- *અરિહંત ભગવંતે ઉત્સર્ગ અને અપવાદ બે જ માર્ગ બતાવ્યા છે. બંને મુક્તિના માર્ગ જ છે. એક ને પણ કોઈ કાળે તજાય નહીં. એ બન્ને માર્ગની આરાધના આગમોક્ત સંજોગાનુકુળ થતી હોય તો જ એ જિનાજ્ઞાની આરાધનામાં આવે. પણ જો એની આડમાં મનસ્વી રીતે ચલાતું હોય તો તે નથી ઉત્સર્ગ અને નથી અપવાદ તે તો છે ઉન્માદ.* - જયાનંદ

## || चउवीसइमं कम्मबंधपयं ||

### || णाणावरणिज्जबंधएसु जीवाईसु कम्मपयडिबंध परूवणं ||

कति णं भंते! कम्मपगडीओ पण्णत्ताओ? गोयमा! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, तं जहा—णाणावरणिज्जं जाव अंतराइयं। एवं णेरइयाणं जाव वेमाणियाणं। जीवे णं! भंते णाणावरणिज्जं कम्मं बंधमाणे कति कम्मपगडीओ बंधइ? गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा छव्विहबंधए वा। णेरइए णं भंते! णाणावरणिज्जं कम्मं बंधमाणे कति कम्मपगडीओ बंधति? गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा, एवं जाव वेमाणिए, णवरं मणुस्से जहा जीवे। जीवा णं भंते! णाणावरणिज्जं कम्मं बंधमाणा कति कम्मपगडीओ बंधंति? गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य। णेरइया णं भंते! णाणावरणिज्जं कम्मं बंधमाणा कति कम्मपगडीओ बंधंति? गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य तिण्णि भंगा, एवं जाव थणियकुमारा। पुढविकाइयाणं पुच्छा। गोयमा! सत्तविहबंधगा वि अट्ठविहबंधगा वि, एवं जाव वणस्सइकाइया। वियलाणं पंचेंदियतिरिक्खजोणियाण तियभागा—सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य। मणूसा णं भंते! णाणावरणिज्जस्स पुच्छा! गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबंधगा १, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य २, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य ३, अहवा सत्तविहबंधगा य छव्विहबंधए य ४, अहवा सत्तविहबंधगा य छव्विहबंधगा य ५, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगे य ६, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगे य छव्विहबंधगा य ७, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगे य ८, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य ९, एवं एते णव भंगा। सेसा वाणमंतराइया जाव वेमाणिया जहा णेरइया सत्तविहादिबंधगा भणिया तहा भाणियव्वा।

### || दंसणावरणिज्जबंधएसु जीवाईसु कम्मपयडिबंध परूवणं ||

एवं जहा णाणावरणं बंधमाणा जाहिं भणिया दंसणावरणं पि बंधमाणा तहिं जीवादीया एगत्त-पोहत्तेहिं भाणियव्वा ।।सू०-१।।६३५।।

### ચોવીશમું કર્મબન્ધ પદ.

*(મૂ૦) હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તે આ પ્રમાણે—૧ જ્ઞાનાવરણીય, યાવત્ ૮ અન્તરાય. એમ નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત બાંધે. આઠ બાંધે કે છ કર્મપ્રકૃતિઓ બાંધે. હે ભગવન્! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મને બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત બાંધે કે આઠ કર્મ કર્મપ્રકૃતિઓ બાંધે એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ મનુષ્ય જીવની પેઠે બાંધે. હે ભગવન્! જીવો જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ બધા ય જીવો સાત પ્રકૃતિઓ અને આઠ પ્રકૃતિઓ બાંધે. અથવા સાત પ્રકૃતિઓ બાંધે, આઠ પ્રકૃતિઓ બાંધે અને એક છ પ્રકૃતિ બાંધે. અથવા સાત પ્રકૃતિ બાંધે, આઠ બાંધે અને છ પ્રકૃતિ બાંધે। હે ભગવન્! નૈરયિકો જ્ઞાનાવરણીય કર્મ બાંધતા*

*કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! બધા ય સાત પ્રકૃતિ બાંધે. અથવા સાત બાંધે અને એક આઠ પ્રકૃતિ બાંધે. અથવા બધા સાત બાંધે અને આઠ પ્રકૃતિ બાંધે. એમ ત્રણ ભાંગા થાય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું. પૃથિવીકાયિકો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત પ્રકૃતિના બાંધનારા પણ હોય. અને આઠ પ્રકૃતિના પણ બાંધનારા હોય. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું. વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોને ત્રણ ભાંગા સમજવા. બધા ય સાત પ્રકૃતિ બાંધનારા, અથવા સાત બાંધનારા અને એક આઠ બાંધનાર, અથવા સાત પ્રકૃતિ બાંધનારા અને આઠ પ્રકૃતિઓ બાંધનારા હોય છે. હે ભગવન્! મનુષ્યો જ્ઞાનવરણીયનો બંધ કરતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! ૧ બધા ય સાત પ્રકૃતિઓ બાંધનારા હોય, ૨ અથવા સાત પ્રકૃતિઓ બાંધનારા અને એક આઠ કર્મપ્રકૃતિ બાંધનાર હોય, ૩ અથવા સાત પ્રકૃતિ બાંધનારા અને આઠ કર્મ પ્રકૃતિઓ બાંધનારા હોય, ૪ અથવા સાત કર્મ પ્રકૃતિઓ બાંધનારા અને એક છ કર્મ બાન્ધનાર હોય, ૫ અથવા સાત કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય, ૬ અથવા સાત કર્મ બાંધનારા એક આઠ કર્મ બાંધનાર અને એક છ કર્મ બાંધનાર હોય, ૭ અથવા સાત કર્મ બાંધનારા, એક આઠ કર્મ બાંધનાર અને છ કર્મ બાંધનારા હોય. ૮ અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મબાંધનારા અને એક છ કર્મ બાંધનારા હોય. ૯ અથવા સાત કર્મ બાંધનારા આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. એ નવ ભાંગા થયા. બાકીના વ્યન્તરથી આરંભી વૈમાનિક સુધીના દેવો નૈરયિકોની પેઠે સપ્તવિધાદિ બન્ધક કહ્યો છે તેમ કહેવા. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણના બન્ધ કરનારા જ્યાં કહ્યા છે, ત્યાં દર્શનાવરણનો પણ બન્ધ કરનારા જીવાદિ એકવચન અને બહુવચન વડે કહેવા. ॥૧॥૬૩૫॥*

(ટી૦) તેવીશમા પદની વ્યાખ્યા કરી, હવે ચોવીશમાં પદનો પ્રારંભ કરાય છે. તેનો આ સંબન્ધ છે-પૂર્વના પદમાં કર્મબન્ધાદિરૂપ પરિણામ વિશેષનો વિચાર કર્યો, તેજ કર્મબન્ધાદિ પરિણામનો વિચાર હવે પછી કહેવાના ચારે પદોમાં કોઇ કોઇ સ્થળે કરવાનો છે. તેમાં ચોવીશમાં પદનું આ પ્રથમ સૂત્ર છે—'**कइ णं भंते! कम्मपगडीओ पण्णत्ताओ**'? 'હે ભગવન્! કેટલી પ્રકૃતિઓ કહી છે'- ઇત્યાદિ. પૂર્વે આ સૂત્રપાઠ કહેવામાં આવ્યો છતાં અહીં તેનું ફરીથી કથન તે વિશેષતા જણાવવા માટે છે. એ પ્રમાણે પછીના સૂત્રમાં પણ જાણવું. હવે કયું કર્મ બાંધતો કઇ કર્મપ્રકૃતિઓ બાંધે એમ બન્ધના સંબન્ધનો વિચાર કરવાની ઇચ્છાવાળા આચાર્ય પ્રથમથી જ્ઞાનાવરણીય કર્મ સાથે સંબન્ધનો વિચાર કરે છે—'**णाणावरणिज्जं कम्मं बंधमाणे कइ कम्मपगडीओ बंधइ**' હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે' ઇત્યાદિ સુગમ છે, પરન્તુ આયુષ્ય બન્ધના અભાવકાળે સાત કર્મનો બન્ધ કરે છે, અને આયુષ્યને બાંધતો હોય ત્યારે આઠ કર્મનો બન્ધ કરે છે. મોહનીય અને આયુષ્યનો બન્ધ ન કરે ત્યારે છ કર્મનો બન્ધ કરે છે. અને તે સૂક્ષ્મસંપરાયે છે. કહ્યું છે કે—"**सत्तविहबंधगा होंति पाणिणो आउगवज्जगाणं तु। तह सुहुमसंपराया छव्विहबंधा विणिद्दिट्ठा। मोहाउयवज्जाणं पयडीणं ते उ बंधगा भणिया।**" પ્રાણીઓ આયુષ્ય સિવાય સાત કર્મપ્રકૃતિના બંધક છે અને સૂક્ષ્મસંપરાય મોહનીય અને આયુષ્ય સિવાય છ કર્મપ્રકૃતિના બાંધનારા કહ્યા છે. એક કર્મનો બન્ધક હોતો નથી. કારણ કે એક કર્મના બંધક ઉપશાન્તકષાયાદિ હોય છે. તે સંબન્ધે કહ્યું છે કે—"**उवसंतखीणमोहा केवलिणो एगविहबंधा। ते पुण दुसमयट्ठिइयस्स बंधका न उण संपरायस्स॥**" ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને કેવલજ્ઞાની એક કર્મનો બંધ કરે છે. અને તે બે સમયની સ્થિતિવાળા (સાતાવેદનીય) કર્મના બન્ધક છે, પરન્તુ સંપરાય (કાષાયિક) કર્મના બન્ધક હોતા નથી. વળી ઉપશાન્તકષાયાદિ જ્ઞાનાવરણીય કર્મ બાંધતા નથી, કારણ કે તેનો બન્ધ સૂક્ષ્મસંપરાયના છેલ્લા સમયે વિચ્છેદ થાય છે. પણ કેવળ સાતાવેદનીય બાંધે છે, એજ બાબતનો નૈરયિકાદિ દંડકના અનુક્રમથી વિચાર કરે છે-'**नेरइए णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિક જ્ઞાનાવરણ કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? ઇત્યાદિ. અહીં મનુષ્ય સિવાય બાકીના બધા સ્થાનોમાં બેજ ભાંગા જાણવા. સાત કર્મના બન્ધક કે આઠ કર્મના બન્ધક હોય, પરન્તુ 'છ કર્મના બન્ધક' એ ત્રીજો ભાંગો ન હોય. કારણ કે તેઓને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકનો અસંભવ છે. મનુષ્યના સ્થાનમાં ત્રણે ભાંગા કહેવા. કારણ કે તેને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકનો સંભવ છે. તેજ પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव वेमाणिए**' એ પ્રમાણે બે ભાંગા વૈમાનિક સુધી કહેવા. '**नवरं मणुसे जहा जीवे**' પરન્તુ મનુષ્યને જીવની પેઠે કહેવું. એમ એક વચનને આશ્રયી દંડક કહ્યો. હવે બહુવચનને આશ્રયી સૂત્ર કહે છે- '**जीवा णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! જીવો

જ્ઞાનાવરણીય-કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? ઇત્યાદિ. અહીં જીવો સાત કર્મના બન્ધક અને આઠ કર્મના બન્ધક હમેશાં ઘણા હોય છે. છ કર્મનો બન્ધક જીવ કોઇ વાર હોય છે અને કોઇ વાર હોતો નથી. કારણ કે ઉત્કૃષ્ટ છ માસ સુધીનું તેનું અન્તર કહ્યું છે. જ્યારે છ કર્મનો બન્ધ કરે છે ત્યારે પણ જઘન્ય સ્થાને એક બે અને ઉત્કૃષ્ટ એકસોને આઠ હોય છે. જ્યારે છ કર્મનો બન્ધક એક પણ ન હોય ત્યારે પહેલો ભાંગો, જ્યારે એક હોય ત્યારે બીજો ભાંગો અને ઘણા હોય ત્યારે ત્રીજો ભાંગો હોય છે. નારકો છ કર્મના બન્ધક હોતાજ નથી, અને આઠ કર્મના બન્ધક પણ કદાચિત્ હોય છે. તેમાં જ્યારે એક પણ નારક આઠ કર્મનો બન્ધક નથી હોતો, ત્યારે બધાય સાત કર્મના બન્ધક હોય છે– એ પ્રથમ ભંગ. જ્યારે એક આઠ કર્મનો બન્ધક હોય ત્યારે બીજો ભાંગો, જ્યારે ઘણા આઠ કર્મના બન્ધક હોય ત્યારે ત્રીજો ભાંગો હોય છે. આજ ત્રણે ભાંગા દશે ભવનપતિમાં વિચારવા. પાંચે પૃથિવ્યાદિમાં 'સાત કર્મના બાંધનારા અને આઠ કર્મના બાંધનારા' આ એકજ ભાંગો હોય છે. કારણ કે તેઓમાં આઠ કર્મને બાંધનારા પણ ઘણા હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય સૂત્રમાં નૈરયિકની પેઠે ત્રણ ભાંગા જાણવા. મનુષ્યસૂત્રમાં નવ ભાંગા જાણવા, કારણ કે આઠ કર્મના બન્ધક અને છ કર્મના બન્ધક કદાચિત્ સર્વથા પણ હોતા નથી. તેમાં આઠ કર્મના અને છ કર્મના બાંધનારા ન હોય ત્યારે બધાય સાત કર્મના બાંધનારા હોય એ પ્રથમ ભંગ. કારણ કે સાત કર્મના બાંધનારા હમેશાં ઘણા હોય છે. એક આઠ કર્મનો બાંધનાર હોય ત્યારે સાત કર્મ બાંધનારા અને એક આઠ કર્મ બાંધનાર–એ બીજો ભાંગો. ઘણા આઠ કર્મના બાંધનારા હોય ત્યારે સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય–એ ત્રીજો ભાંગો–એ પ્રમાણે આઠ કર્મનો બાંધનાર ન હોય ત્યારે 'ષડ્વિધબન્ધક' પદના એક વચન અને બહુવચનને આશ્રયી બે ભાંગા થાય. એમ દ્વિકસંયોગમાં ચાર ભાંગા, ત્રિકસંયોગમાં પણ અષ્ટવિધબન્ધક અને ષડ્વિધબન્ધક પદના પ્રત્યેકના એકવચન અને બહુવચનન અપેક્ષી ચાર ભાંગા થાય–એમ બધા મળી નવ ભાંગા થાય. વ્યંન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો નૈરયિકોની પેઠે જાણવા. જેમ જ્ઞાનાવરણીય કર્મનો વિચાર કર્યો તેમ દર્શનાવરણીય કર્મનો પણ વિચાર કરવો. ॥૧॥૬૩૫॥

## ।। वेयणिज्जबंधएसु जीवाईसु कम्मपयडीबंध परूवणं ।।

**वेयणिज्जं बंधमाणे जीवे कति कम्मपगडीओ बन्धति? गोयमा! सत्तविहबन्धए वा अट्ठविहबन्धए वा छव्विहबन्धए वा एगविहबन्धए वा, एवं मणूसे वि। सेसा णारगादीया सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य जाव वेमाणिए। जीवा णं भंते! वेयणिज्जं कम्मं० पुच्छा। गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य एगविहबन्धगा य छव्विबन्धगे य, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य एगविहबन्धगा य छव्विहबन्धगा य, अवसेसा णारगादीया जाव वेमाणिया जाओ णाणावरणं बंधमाणा बंधंति ताहिं भाणियव्वा। णवरं मणूसा णं भंते! वेदणिज्जं कम्मं बन्धमाणा कति कम्मपगडिओ बन्धंति? गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबन्धगा य एगविहबन्धगा य, १, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगे य २, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य ३, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य छव्विहबन्धगे य ४, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य छव्विहबन्धगा य ५, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धए य छव्विहबन्धए य ६ अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धए य छव्विहबन्धगा य ७, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगे य ८, अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगा य ९-एवं [एए] णव भंगा [भाणियव्वा।] ।।सू०-२।।६३६।।**

*(મૂ૦) વેદનીય કર્મ બાંધતો જીવ કેટલી પ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત કર્મનો બાંધનાર, આઠ કર્મનો બાંધનાર, છ કર્મનો બાંધનાર અને એક કર્મનો બાંધનાર પણ હોય. એમ મનુષ્ય સંબંધે પણ કહેવું. બાકીના નારકાદિ જીવો સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા વૈમાનિક સુધી કહેવા. હે ભગવન્! વેદનીય કર્મ બાંધતા જીવો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે*

*ગૌતમ! બધા ય જીવો સાત પ્રકૃતિ બાંધનારા, આઠ પ્રકૃતિઓ બાંધનારા, એક પ્રકૃતિ બાંધનારા અને એક છ પ્રકૃતિ બાંધનાર હોય. અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. બાકીના નરકાદિ યાવત્ વૈમાનિકો જ્ઞાનાવરણ બાંધતાં જે પ્રકૃતિઓ બાંધે છે તે વડે કહેવા. પરન્તુ હે ભગવન્! મનુષ્યો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! બધાય મનુષ્યો ૧ સાત કર્મપ્રકૃતિ બાંધનારા અને એક પ્રકૃતિ બાંધનારા હોય. ૨ અથવા સાત કર્મપ્રકૃતિ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક આઠ કર્મ બાંધનાર હોય. ૩ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય. ૪ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનારો હોય. ૫ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારો હોય. ૬ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક આઠ કર્મ બાંધનારો અને એક છ કર્મ બાંધનારો હોય. ૭ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક આઠ કર્મ બાંધનારો અને છ કર્મ બાંધનારા હોય. ૮ અથવા સાત કર્મ બાંધનારા એક કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનારો હોય. ૯ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. એ પ્રમાણે એ નવ ભાંગા કહેવા. ॥૨॥૬૩૬॥*

(ટી૦) વેદનીય કર્મના વિચારમાં ઉપશાન્તમોહાદિ એક કર્મના જ બન્ધક હોય છે. બાકી બધું પૂર્વની પેઠે જાણવું. મનુષ્યપદનો વિચાર કરવામાં પણ તેજ પૂર્વે કહેલા નવ ભાંગા કહેવા. કારણ કે સાત કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હમેશાં ઘણા હોવાથી બીજા ભાંગાઓનો સંભવ નથી. ॥૨॥૬૩૬॥

## ।। मोहणिज्जाइबंधएसु जीवाईसु कम्मपयडीबंध परूवणं ।।

**मोहणिज्जं बंधमाणे जीवे कति कम्मपगडीओ बंधइ? गोयमा! जीवेगिंदियवज्जो तियभंगो। जीवेगिंदिया सत्तविहबंधगा वि अट्ठविहबंधगा वि। जीवे णं भंते! आउयं कम्मं बंधमाणे कति कम्मपगडिओ बंधइ? गोयमा! नियमा अट्ठ, एवं णेरइए जाव वेमाणिए, एवं पुहुत्तेण वि। णामगोयं अंतराइयं बंधमाणे जीवे कति कम्मपगडीओ बंधइ? गोयमा! जाओ णाणावरणिज्जं कम्मं बंधमाणे बंधइ ताहिं भाणियव्वो, एवं णेरइए वि जाव वेमाणिए, एवं पुहुत्तेण वि भाणियव्वं ।।सू०-३।।६३७।।**

**पण्णवणाए भगवईए चउवीसइमं कम्मबंधपदं समत्तं ।**

*(મૂ૦) મોહનીય કર્મનો બન્ધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! જીવ અને એકેન્દ્રિય સિવાય બાકીનાને ત્રણ ભાંગા જાણવા. જીવ અને એકેન્દ્રિયો સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા પણ હોય. હે ભગવન્! જીવ આયુષ્ય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓ બાંધે. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચન વડે પણ સમજવું. હે ભગવન્! નામ, ગોત્ર અને અન્તરાય કર્મનો બન્ધ કરતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! જ્ઞાનાવરણીય કર્મનો બન્ધ કરતો જેટલી કર્મપ્રકૃતિ બાંધે તેટલી કહેવી. એમ નૈરયિકથી માંડી વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે બહુવચન વડે પણ કહેવું. ॥૩॥૬૩૭॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ચોવીશમું કર્મબન્ધપદ સમાપ્ત.*

(ટી૦) મોહનીય કર્મનો વિચાર કરવામાં જીવપદમાં અને પૃથિવ્યાદિ પદોમાં પ્રત્યેકને વિષે સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય એ એકજ ભાંગો હોય છે. કારણ કે બન્ને પ્રકારના જીવો હમેશાં ઘણા હોય છે. છ કર્મનો બાંધનાર મોહનીય કર્મ બાંધતો નથી. કારણ કે મોહનીયનો બન્ધ અનિવૃત્તિ બાદરસંપરાય સુધી હોય છે અને સૂક્ષ્મસંપરાય છ કર્મનો બન્ધ કરે છે. આયુષ્યને બાંધનાર અવશ્ય આઠ કર્મનો બન્ધક હોય છે, માટે તેના વિચારમાં એકવચન અને બહુવચનને આશ્રયી ભાંગા થતા નથી. નામ, ગોત્ર અને અન્તરાય સૂત્રો જ્ઞાનાવરણીય સૂત્રની પેઠે જાણવા. ॥૩॥૬૩૭॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં કર્મબન્ધ નામે ચોવીશમું પદ સમાપ્ત.

## ।। पणवीसतिमं कम्मबंधवेयपयं ।।

## ।। णाणावरणाइबंधएसु जीवाईसु कम्मपयडिवेयपरूवणं ।।

कति णं भंते! कम्मपगडीओ पन्नत्ताओ? गोयमा! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, तं जहा—णाणावरणिज्जं जाव अंतराइयं, एवं णेरइयाणं जाव वेमाणियाणं। जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं बन्धमाणे कति कम्मपगडीओ वेदेति? गोयमा! णियमा अट्ठ कम्मपगडीओ वेदेति। एवं णेरइए जाव वेमाणिए, एवं पुहुत्तेण वि। एवं वेयणिज्जवज्जं जाव अंतराइयं। जीवे णं भंते! वेयणिज्जं बन्धमाणे कइ कम्मपगडीओ वेएइ? गोयमा! सत्तविहवेयए वा अट्ठविहवेयए वा चउव्विहवेयए वा एवं मणूसे वि। सेसा णेरइयाई एगत्तेण पुहुत्तेण वि णियमा अट्ठ कम्मपगडीओ वेदेंति जाव वेमाणिया। जीवा णं भंते! वेदणिज्जं कम्मं बन्धमाणा कति कम्मपगडीओ वेदेंति? गोयमा! सव्वे वि ताव होज्जा अट्ठविहवेदगा य चउव्विहवेदगा य १, अहवा अट्ठविहवेदगा य चउव्विहवेदगा य सत्तविहवेदगे य २, अहवा अट्ठविहवेदगा य चउव्विहवेदगा य सत्तविहवेदगा य ३, एवं मणूसा वि भाणियव्वा ।।सू०-१।।६३८।।

पण्णवणाए भगवईए पणवीसइमं कम्मबंधवेयपयं समत्तं ।।

*(મૂ૦) હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ્! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણ, યાવત્ અંતરાય. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓ વેદે. એમ નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે બહુવચન વડે પણ સમજવું. એ રીતે વેદનીય સિવાય યાવત્ અંતરાય સુધી જાણવું. હે ભગવન્! જીવ વેદનીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! સાત, આઠ કે ચાર કર્મપ્રકૃતિઓ વેદે. એ પ્રમાણે મનુષ્ય પણ વેદે. બાકીના નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ કર્મપ્રકૃતિઓ વેદે. હે ભગવન્! જીવો વેદનીય કર્મ બાંધતા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! ૧ બધા ય આઠ કર્મ વેદનારા અને ચાર કર્મ વેદનારા હોય. ૨ અથવા આઠ કર્મ વેદનારા ચાર કર્મ વેદનારા અને એક સાત કર્મ વેદનારા હોય. ૩. અથવા આઠ કર્મ વેદનારા ચાર કર્મ વેદનારા અને સાત કર્મ વેદનારા હોય. એ પ્રમાણે મનુષ્યો પણ કહેવા. ॥૧॥૬૩૮॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં 'કર્મબંધવેદ' નામે પચીશમું પદ સમાપ્ત.*

(ટી૦) ૧. હવે પચીશમું પદ આરંભાય છે, તેમાં આ પ્રથમ સૂત્ર છે—'कइ णं भंते! कम्मपगडीओ'—'હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે' ઇત્યાદિ સૂત્ર સ્પષ્ટ છે. 'કયું કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિ વેદે' એ વિચારે છે—'जीवे णं भंते'! હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતો કેટલી કર્મપ્રકૃતિ વેદે? ઇત્યાદિ સૂત્ર સુગમ છે. વેદનીય સૂત્રમાં 'सत्तविहवेयए वा, अट्ठविहवेयए वा चउव्विहवेयए वा' સાત કર્મ વેદનાર, આઠ કર્મ વેદનાર અને ચાર કર્મ વેદનાર હોય. સાત કર્મ વેદનાર ઉપશાન્તમોહે કે ક્ષીણમોહે હોય છે, કારણ કે તે બન્નેને મોહનીયનો ઉદય નથી. આઠ કર્મ વેદનારા મિથ્યાદષ્ટિથી આરંભી સૂક્ષ્મસંપરાય સુધીના જીવો છે, કારણ કે તેઓને અવશ્ય આઠે કર્મનો ઉદય છે. ચાર કર્મ વેદનાર સયોગી કેવલી છે, કારણ કે તેઓને ચાર ઘાતી કર્મનો ઉદય નથી. બહુવચનમાં સાત કર્મ વેદનારા કદાચિત્ હોય છે માટે ત્રણ ભાંગા થાય છે. ॥૧॥૬૩૮॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં પચીશમું કર્મબંધવેદ પદ સમાપ્ત.

## ।। छव्वीसतिमं कम्मवेयबंधपयं ।।

## ।। णाणावरणिज्जवेदएसु जीवाईसु कम्मपयडिबंध परूवणं ।।

कति णं भंते! कम्मपगडीओ पण्णत्ताओ? गोयमा! अट्ठ कम्मपगडीओ पण्णत्ताओ, तं जहा—णाणावरणिज्जं जाव अंतराइयं, एवं णेरइयाणं जाव वेमाणियाणं। जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं वेदमाणे कति कम्मपगडीओ बन्धति? गोयमा! सत्तविहबन्धए वा अट्ठविहबन्धए वा छव्विहबन्धए वा एगविहबन्धए वा। णेरइए णं भंते! णाणावरणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीओ बन्धति? गोयमा! सत्तविहबन्धए वा अट्ठविहबन्धए वा, एवं जाव वेमाणिए, एवं [णवरं] मणूसे जहा जीवे। जीवा णं भंते! णाणावरणिज्जं कम्मं वेदेमाणा कति कम्मपगडीओ बंधंति? गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबन्धगा य अट्ठविहबंधगा य १, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगे य २, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगा य ३, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य एगविहबन्धगे य ४, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य एगविहबन्धगा य ५, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धए य एगविहबंधए य ६, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धए य एगविहबन्धगा य ७, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धगा य एगविहबंधए य ८, अहवा सत्तविहबंधगा य अट्ठविहबंधगा य छव्विहबंधगा य एगविहबन्धगा य ९, एवं एते णव भंगा। अवसेसाणं एगिंदिय-मणूसवज्जाणं तियभंगो जाव वेमाणियाणं। एगिंदिया णं सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य। मणूसाणं पुच्छा। गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबन्धगा १, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगे य २, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य ३, अहवा सत्तविहबन्धगा य छव्विहबन्धए य ४, एवं छव्विहबन्धएण वि समं दो भंगा.५, एगविहबन्धएण वि समं दो भंगा ६-७, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धए य छव्विहबन्धए य चउभंगो ११, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धए य एगविहबन्धए य चउभंगो १५, अहवा सत्तविहबन्धगा य छव्विहबन्धए य चउभंगो १९, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य छव्विहबन्धए य एगविहबन्धए य भंगा अट्ठ, [स]एवं एते सत्तावीसं भंगा।

## ।। दंसणावरणाइवेदएसु जीवाईसु एगत्त-पुहत्तेणं कम्मबंधपरूवणं ।।

एवं जहा णाणावरणिज्जं तहा दंसणावरणिज्जं पि अंतराइयं पि ।।सू०-१।।६३९।।

### છવ્વીશમું કર્મવેદબન્ધ પદ

*(મૂ૦) હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તે આ પ્રમાણે–જ્ઞાનાવરણ, યાવત્ અંતરાય. એ પ્રમાણે નૈરયિકોથી માંડી વૈમાનિકો સુધી કહેવું. હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત કર્મપ્રકૃતિઓનો બન્ધ કરે, આઠ કર્મનો બન્ધ કરે, છ કર્મનો બન્ધ કરે અને એક કર્મનો પણ બન્ધ કરે, હે ભગવન્! નૈરયિક જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત કર્મ બાંધે કે આઠ કર્મ બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. મનુષ્ય જીવની પેઠે બાંધે છે. હે ભગવન્! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! ૧ બધાય સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય. ૨ અથવા સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનારો હોય. ૩ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. ૪ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને એક એક કર્મનો બાંધનાર હોય. ૫*

*અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને એક કર્મના બાંધનારા હોય. ૬ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા એક છ કર્મ બાંધનારો અને એક એક કર્મ બાંધનારો હોય. ૭ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા એક છ કર્મ બાંધનાર અને એક કર્મ બાંધનારા હોય. ૮ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા, છ કર્મ બાંધનારા અને એક એક કર્મ બાંધનાર હોય. ૯ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા, એક છ કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય. એ પ્રમાણે આ નવ ભાંગા થાય છે. એકેન્દ્રિય અને મનુષ્ય સિવાય બાકીનાને વૈમાનિક સુધી ત્રણ ભાંગા હોય છે. એકેન્દ્રિયો સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય. મનુષ્યો જ્ઞાનાવરણીય વેદતાં કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? એ પ્રશ્ન. હે ગૌતમ! ૧ બધા ય સાત કર્મના બાંધનારા હોય. ૨ અથવા સાત કર્મના બાંધનારા અને એક આઠ કર્મનો બાંધનાર હોય. ૩ અથવા સાત કર્મના બાંધનારા અને આઠ કર્મના બાંધનારા હોય. ૪ અથવા સાત કર્મના બાંધનારા અને એક છ કર્મનો બાંધનાર હોય. ૫ એમ છ કર્મના બાંધનારની સાથે બે ભાંગા જાણવા. અને ૬-૭ એક કર્મના બાંધનારની સાથે પણ બે ભાંગા હોય, ૮-૧૧ અથવા સાત કર્મના બાંધનારા, એક આઠ કર્મનો બાંધનાર અને એક છ કર્મનો બાંધનાર હોય-ઇત્યાદિ ચાર ભાંગા, ૧૨-૧૫ અથવા સાત કર્મના બાંધનારા, એક આઠ કર્મનો બાંધનાર અને એક એક કર્મનો બાંધનાર હોય ઇત્યાદિ ચાર ભાંગા. ૧૬-૧૯ અથવા સાત કર્મ બાંધનાર, એક છ કર્મ બાંધનાર અને એક એક કર્મ બાંધનાર હોય-ઇત્યાદિ ચાર ભાંગા. ૨૦-૨૭ અથવા સાત કર્મના બાંધનારા, એક આઠ કર્મ બાંધનાર એક છ કર્મ બાંધનાર અને એક એક કર્મ બાંધનાર હોય ઇત્યાદિ આઠ ભાંગા. એ પ્રમાણે એ સત્યાવીશ ભાંગા થાય છે. એ પ્રમાણે જેમ જ્ઞાનાવરણીય વેદતાં કર્મપ્રકૃતિઓનો બન્ધ કહ્યો તેમ દર્શનવરણીય અને અન્તરાય વેદતાં પણ બન્ધ કહેવો.॥૧॥૬૩૯॥*

(ટી૦) હવે છવ્વીશમા પદનો આરંભ કરાય છે, તેનું આ પ્રથમ સૂત્ર છે—'**कति णं भंते**'! હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે?-ઇત્યાદિ સૂત્રનો અર્થ સ્પષ્ટ છે, હવે 'કયું કર્મ વેદતો કઇ કર્મપ્રકૃતિઓ બાંધે' એમ ઉદયની સાથે બન્ધના સંબન્ધનો વિચાર કરતા સૂત્રકાર કહે છે—'**जीवे णं भंते! णाणावरणीज्जं कम्मं वेएमाणे कइ कम्मपगडीओ बंधइ**'? હે ભગવન્! જીવ જ્ઞાનાવરણ કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે'-ઇત્યાદિ સુગમ છે. પરન્તુ જ્ઞાનાવરણીય કર્મ વેદતો એક પ્રકૃતિનો બન્ધ કરનાર ઉપશાન્તમોહી કે ક્ષીણમોહી હોય છે, પણ સયોગી કેવલી હોતા નથી. કારણ કે તેને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય નથી. બહુવચનના વિચારમાં છ પ્રકૃતિનો બન્ધ કરનારા સૂક્ષ્મ સંપરાયી અને એક પ્રકૃતિનો બન્ધ કરનારા ઉપશાન્તમોહી અને ક્ષીણમોહી કદાચિત્ હોય છે અને તે એકત્વાદિ રૂપે વિકલ્પે હોય છે. એટલે કોઇ વાર એક હોય, કોઇ વાર અનેક હોય અને કોઇ વાર ન પણ હોય. માટે એક અને અનેક એ બન્ને પ્રકારના જીવો હમેશાં ઘણા હોય છે. તેથી છ પ્રકૃતિના બન્ધક પદનો પ્રક્ષેપ કરતાં એકવચન અને બહુવચન વડે બે ભાંગા થાય છે, એ પ્રમાણે એક પ્રકૃતિના બન્ધકનો પ્રક્ષેપ કરતાં પણ બે ભાંગા થાય છે. બન્ને પદનો સાથે પ્રક્ષેપ કરીએ એટલે પૂર્વની પેઠે ચાર ભાંગા થાય છે-એમ બધા મળીને નવ ભાંગા થાય છે. એકેન્દ્રિય અને મનુષ્ય સિવાય નૈરયિકાદિ પદોમાં બહુવચનને આશ્રયી ત્રણ ભાંગા થાય છે, કારણ કે આઠ પ્રકારના કર્મનો બન્ધ કરનારા કદાચિત્ હોવાથી એકપણે અને અનેકપણે વિકલ્પે હોય છે. એકેન્દ્રિયોમાં ભાંગાનો અભાવ છે એટલે બીજા ભાંગા થતા નથી, કારણ કે તેમાં સાત પ્રકારના કર્મ બાંધનારા અને આઠ પ્રકારના કર્મ બાંધનારા બન્ને પ્રકારના પણ હોય છે અને તે બન્ને પ્રકારના હમેશાં ઘણા ઉપલબ્ધ થાય છે. મનુષ્યોમાં સત્યાવીશ ભાંગા થાય છે. કારણ કે આઠ કર્મ બાંધનારા, છ કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા (ઉપશાંતમોહી અને ક્ષીણમોહી) કદાચિત્ હોય છે અને તે એકત્વાદિ રૂપે વિકલ્પે હોય છે. તેમાં એઓના અભાવમાં 'સાત કર્મ બાંધનારા હોય એ પ્રથમ ભાંગો થાય છે. અષ્ટવિધબન્ધક પદનો પ્રક્ષેપ કરવાથી તેના એકવચન અને બહુવચનના બે ભાંગા થાય છે. ષડ્વિધબન્ધક પદનો પ્રક્ષેપ કરીએ ત્યારે તેના એક અને અનેકના બે ભાંગા, એકવિધબન્ધકનો પ્રક્ષેપ કરીએ ત્યારે બે ભાંગા-એમ સાત ભાંગા થાય છે. અષ્ટવિધબન્ધક અને ષડ્વિધબન્ધકનો પ્રક્ષેપ કરવાથી ચાર ભાંગા, અષ્ટવિધબન્ધક અને એકવિધબન્ધક પદનો પ્રક્ષેપ કરતાં ચાર ભાંગા, ષડ્વિધબન્ધક અને એકવિધબન્ધકનો પ્રક્ષેપ કરતાં ચાર ભાંગા-એમ ઓગણીશ ભાંગા થયા. ત્યાર પછી અષ્ટવિધબન્ધક,

ષડ્વિધબન્ધક અને એકવિધબન્ધક પદનો એક સાથે પ્રક્ષેપ કરતાં આઠ ભાંગા–એમ બધા મળી સત્યાવીશ ભાંગા થાય છે. ॥૧॥૬૩૯॥

## ।। वेयणिज्जवेदएसु जीवाईसु कम्मपयडिबंध परूवणं ।।

**जीवे णं भंते! वेयणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीतो बन्धति? गोयमा! सत्तविहबंधए वा अट्ठविहबन्धए वा छव्विहबन्धए वा एगविहबन्धए वा अबंधए वा, एवं मणूसे वि। अवसेसा णारगादीया सत्तविहबन्धगा अट्ठविहबन्धगा य, एवं जाव वेमाणिए। जीवा णं भंते! वेदणिज्जं कम्मं वेदेमाणा कति कम्मपगडीओ बंधंति? गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबन्धगा य अट्ठविहबंधगा य एगविहबन्धगा य १, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबंधगा य एगविहबन्धगा य छव्विहबंधगे य २, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबंधगा य एगविहबन्धगा य छव्विहबंधगा य ३, अबंधगेण वि समं दो भंगा भाणियव्वा ५, अहवा सत्तविहबन्धगा य अट्ठविहबन्धगा य एगविहबन्धगा य छव्विहबन्धए य अबंधए य चउभंगो, एवं एते णव भंगा। एगिंदियाणं अभंगयं, णारगादीणं तियभंगा जाव वेमाणियाणं। णवरं मणूसाणं पुच्छा। गोयमा! सव्वे वि ताव होज्जा सत्तविहबन्धगा य एगविहबन्धगा य, १ अहवा सत्तविहबन्धगा य एगविहबन्धगा य छव्विहबंधए य अट्ठविहबंधए य अबंधए य, एवं एते सत्तावीसं भंगा भाणियव्वा, जहा किरियासु पाणाइवायविरतस्स।**

## ।। आउयाइवेदएसु जीवाईसु कम्मपयडीबंध परूवणं ।।

**एवं जहा वेदणिज्जं जहा आउयं नामं गोयं च भाणियव्वं। मोहणिज्जं वेदेमाणे जहा बंधे णाणावरणिज्जं तहा भाणियव्वं ।।सू०-२।।६४०।।**

**पण्णवणाए भगवई छव्वीसइमं कम्मवेयबन्धपयं समत्तम् ।।**

*(મૂ૦) હે ભગવન્! વેદનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! સાત કર્મ બાંધનાર, આઠ કર્મ બાંધનાર, છ કર્મ બાંધનાર, એક કર્મ બાંધનાર અને અબન્ધક હોય. એમ મનુષ્ય સંબન્ધે પણ જાણવું. બાકીના નારકાદિ સાત કર્મના બન્ધક અને આઠ કર્મના બન્ધક હોય. એમ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! જીવો વેદનીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે? હે ગૌતમ! ૧ બધાય સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય. ૨ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને એક છ કર્મ બાંધનાર હોય. ૩ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા અને છ કર્મ બાંધનારા હોય. ૪–૫ અબંધકની સાથે પણ બે ભાંગા કહેવા. ૬–૯ અથવા સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા, એક છ કર્મ બાંધનાર અને એક અબંધક હોય–ઈત્યાદિ ચાર ભાંગા જાણવા. એ પ્રમાણે એ નવ ભાંગા થાય છે. એકેન્દ્રિયોને અભંગક–બીજા ભાંગા થતા નથી. નારકથી માંડી વૈમાનિક સુધી ત્રણ ભાંગા સમજવા. પરન્તુ મનુષ્યો સંબંધે પ્રશ્ન કરવો. ૧ બધાય સાત કર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય. ૨ અથવા સાત કર્મ બાંધનારા, એક કર્મ બાંધનારા, એક છ કર્મ બાંધનારો, એક આઠ કર્મ બાંધનારો અને એક અબંધક હોય–એમ ઉપર પ્રમાણે સત્યાવીશ ભાંગાઓ કહેવા. જેમ વેદનીય કહ્યું, તેમ આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ સંબન્ધે કહેવું. જેમ જ્ઞાનાવરણીયને વેદતા જેટલી પ્રકૃતિનો બંધ કહ્યો છે તેમ મોહનીય કર્મ વેદતા કહેવો. ॥૨॥૬૪૦॥*

*પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદમાં છવ્વીસમું કર્મવેદ બન્ધ પદ સમાપ્ત.*

(ટી૦) વેદનીય સૂત્રમાં એક કર્મનો બન્ધ કરનાર સયોગી કેવલી પણ હોય છે, કારણ કે તેને પણ વેદનીયનો ઉદય અને બન્ધનો સંભવ છે. અબન્ધક અયોગી કેવલી છે. કારણ કે તેને યોગ નહિ હોવાથી વેદનીય કર્મ વેદવા છતાં પણ તેના બન્ધનો સંભવ નથી.

વેદનીય સૂત્રમાં એકવચન અને બહુવચનના વિચારમાં જીવપદને વિશે નવ ભાંગા થાય છે, કારણ કે તેમાં સાત, આઠ અને એક કર્મનો બન્ધ કરનાર હમેશાં ઘણા હોય છે. માટે બહુવચનરૂપ એ ભાંગામાં ષડ્‌વિધબન્ધક અને અબન્ધક એ બે પદોના અભાવમાં બધાય સાત કર્મ બાંધનારા, આઠ કર્મ બાંધનાર અને એક કર્મ બાંધનારા હોય એ પ્રથમ ભાંગો, ષડ્‌વિધબન્ધક પદનો પ્રક્ષેપ કરીએ એટલે એકવચન અને બહુવચનને આશ્રયી બે ભાંગા, એમજ '૧એકવિધબન્ધક? (અબન્ધક) પદનો પ્રક્ષેપ કરતા બે ભાંગા, અને બન્ને પદનો પ્રક્ષેપ કરતા ચાર ભાંગા થાય છે. મનુષ્યપદમાં સત્યાવીશ ભાંગા થાય છે—તેમાં સાત કર્મના બાંધનારા અને એક કર્મ બાંધનારા કેવળ બહુવચન વડે હમેશાં અવસ્થિત હોય છે અને તે સિવાય બીજા ત્રણે આઠ કર્મ બાંધનારા, છ કર્મ બાંધનારા અને અબન્ધક મનુષ્યો કદાચિત્ હોય છે અને તે એક અને અનેકરૂપે વિકલ્પે હોય છે. એટલે કોઈવાર એક હોય છે અને કોઈવાર અનેક હોય છે માટે તેઓના અભાવમાં સાતકર્મ બાંધનારા અને એક કર્મ બાંધનારા હોય–એ પહેલો ભાંગો. અષ્ટવિધબન્ધક પદનો પ્રક્ષેપ કરીએ તો એકવચન અને બહુવચનને આશ્રયી બે ભાંગા, ષડ્‌વિધબન્ધક પદનો પ્રક્ષેપ કરતાં બે ભાંગા, એકવિધબન્ધક (? અબન્ધક) પદનો પ્રક્ષેપ કરતા બે ભાંગા, મળીને છ ભાંગા થાય છે. તથા ત્રણ પદના ત્રણ દ્વિક સંયોગો થાય છે અને એક એક દ્વિકસંયોગમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ ચાર ભાંગા થાય એમ ત્રણ દ્વિકસંયોગના બાર, ત્રિકસંયોગના આઠ એમ બધા મળી સત્યાવીશ ભાંગા થાય છે. એ પ્રમાણે આયુષ્ય નામ અને ગોત્રના સૂત્રોનો પણ વિચાર કરવો. મોહનીય કર્મ વેદતો જીવ સાત કર્મનો બંધક, આઠ કર્મનો બંધક અને છ કર્મનો બન્ધક હોય. કારણ કે સૂક્ષ્મસંપરાયની અવસ્થામાં પણ મોહનીયના ઉદયનો સંભવ છે. એ પ્રમાણે મનુષ્યપદમાં પણ કહેવું. નરકાદિ સ્થાનોમાં સાત કર્મનો બન્ધક કે આઠ કર્મનો બન્ધક હોય'—એમ કહેવું. કારણ કે તેને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક નહિ હોવાથી છ કર્મનું બન્ધકપણું નથી. બહુવચનની અપેક્ષાએ જીવપદમાં ત્રણ ભાંગા જાણવા. તેમાં સૂક્ષ્મસંપરાય કદાચિત્ હોય છે અને બીજા બે હમેશાં ઘણા હોય છે. માટે ષડ્‌વિધબન્ધક પદના અભાવમાં સાત કર્મ બાંધનારા અને આઠ કર્મ બાંધનારા હોય–એ એક ભંગ, ષડ્‌વિધબન્ધક પદનો પ્રક્ષેપ કરીએ એટલે એકવચન અને બહુવચનને આશ્રયી બે ભાંગા હોય છે. નૈરયિકથી માંડી સ્તનિતકુમાર સુધીમાં સાત કર્મનો બન્ધ કરનારા હમેશાં ઘણા હોય છે. આઠ કર્મનો બન્ધ કરનાર કદાચિત્ હોય છે અને તે પણ એક કે અનેકપણે વિકલ્પે હોય છે. અષ્ટવિધબન્ધક પદના અભાવમાં 'સાત કર્મના બાંધનારા હોય' એ એક ભંગ, અષ્ટવિધબન્ધક પદનો પ્રક્ષેપ કરતાં એકવચન અને બહુવચનને આશ્રયી બે ભાંગા, પાંચે પૃથિવ્યાદિમાં બીજા ભાંગાઓનો અભાવ છે. કારણ કે તેઓ સાત કર્મના બન્ધક અને આઠ કર્મના બન્ધક જ હોય છે અને બન્ને પ્રકારના તેઓમાં હમેશાં ઘણા હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને વ્યન્તર, જ્યોતિષ્ક તથા વૈમાનિકોમાં નૈરયિકની પેઠે ત્રણ ભાંગા હોય છે. મનુષ્યોમાં નવ ભાંગા હોય છે—તેમાં 'સાત કર્મના બન્ધ કરનારા હોય' એ એક ભંગ, અષ્ટવિધબન્ધક પદનો પ્રક્ષેપ કરતાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ બે ભાંગા, ષડ્‌વિધબન્ધક પદનો પ્રક્ષેપ કરતાં એકવચન અને બહુવચનના બે ભાંગા. અને બન્ને પદનો પ્રક્ષેપ કરતાં ચાર ભાંગા થાય છે. માટે તે પ્રકારે સૂત્રકારે કહ્યું છે કે **'मोहणिज्जं वेएमाणे जहा णाणावरणिज्जं तहा भणियव्वं'** ઇતિ. જ્ઞાનાવરણીય કર્મને વેદતા જે બંધ કહ્યો છે તેમ મોહનીય વેદતા કહેવો. ॥૨॥૬૪૦॥

શ્રીમદ્‌આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં છવ્વીશમું 'કર્મવેદબન્ધ' પદ સમાપ્ત.

૧. વેદનીય કર્મના વેદનાર એક કર્મના બન્ધક હમેશાં ઘણા હોય છે, કારણ કે સયોગી કેવલી પણ હોય છે, અને તેઓ હમેશાં ઘણા વિદ્યમાન હોય છે માટે અહીં એકવિધબન્ધક પદનો પ્રક્ષેપ કરતા એકવચન અને બહુવચનને આશ્રયી બે ભાંગા કહ્યા છે તે વિચારણીય છે, પરન્તુ તેના બદલે અબન્ધક પદનો પ્રક્ષેપ કરીએ તો તેના એકવચન અને બહુવચનના બે ભાંગા ઘટી શકે છે.

## ।। सत्तावीसइमं कम्मवेयवेयगपयं ।।

## ।। णाणावरणिज्जाइवेदएसु जीवाईसु कम्मपयडिवेय परूवणं ।।

**कति णं भंते! कम्मपगडीओ पन्नत्ताओ? गोयमा! अट्ठ [कम्मपगडीओ पन्नत्ताओ।] तं जहा—णाणावरणिज्जं जाव अंतराइयं, एवं णेरइयाणं जाव वेमाणियाणं। जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीओ वेदेति? गोयमा! सत्तविहवेदए वा अट्ठविहवेदए वा, एवं मणूसे वि। अवसेसा एगत्तेण वि पुहत्तेण वि णियमा अट्ठविहकम्मपगडीओ वेदेंति जाव वेमाणिया। जीवा णं भंते! णाणावरणिज्जं कम्म वेदेमाणा कति कम्मपगडीओ वेदेंति? गोयमा! सव्वे वि ताव होज्जा अट्ठविहवेदगा, १ अहवा अट्ठविहवेदगा य सत्तविहवेदगे य २, अहवा अट्ठविहवेदगा य सत्तविहवेदगा य ३, एवं मणूसा वि। दरिसणावरणिज्जं अंतराइयं च एवं चेव भाणियव्वं। वेदणिज्ज-आउअ-नाम-गोयाइं वेदेमाणे कति कम्मपगडीओ वेदेति? गोयमा! जहा बंधवेयगस्स वेदणिज्जं तहा भाणियव्वं। जीवे णं भंते! मोहणिज्जं कम्मं वेदेमाणे कति कम्मपगडीओ वेदेति? गोयमा! णियमा अट्ठ कम्मपगडीओ वेदेति, एवं णेरइए जाव वेमाणिए, एवं पुहुत्तेण वि।।सू०-१।।६४१।।**

**पण्णवणाए भगवईए सत्तावीसइमं कम्मवेदवेदयपयं समत्तं ।।**

### સત્યાવીશમું કર્મવેદવેદ પદ.

*(મૂ૦) હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ કહી છે. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણ, યાવત્ અંતરાય. હે ભગવન્! જ્ઞાનાવરણીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! સાત કર્મપ્રકૃતિઓનો વેદે કે, આઠ કર્મપ્રકૃતિઓ વેદે. એમ મનુષ્ય સંબન્ધે પણ કહેવું. બાકીના બધા એકવચન અને બહુવચન વડે પણ અવશ્ય આઠ પ્રકૃતિઓ વેદે છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! ૧ બધા ય જીવો આઠ કર્મના વેદનારા હોય. ૨ અથવા આઠ કર્મના વેદનારા અને એક સાત કર્મનો વેદનાર હોય. ૩ અથવા આઠ કર્મના વેદનારા અને સાત કર્મના વેદનારા હોય. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. દર્શનાવરણીય અને અંતરાય સંબન્ધે એમ જ કહેવું. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મને વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! જેમ બંધકવેદકને વેદનીય કર્મ સંબંધે કહ્યું છે તેમ કહેવું. હે ભગવન્! મોહનીય કર્મ વેદતો જીવ કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ વેદે. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચનની અપેક્ષાએ પણ સમજવું. ॥૧॥૬૪૧॥*

*પ્રજ્ઞાપના ભગવતી સૂત્રના અનુવાદમાં સત્યાવીશમું કર્મવેદવેદગ પદ સમાપ્ત.*

(ટી૦) હવે સત્યાવીશમાં પદનો આરંભ થાય છે. તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**कइ णं भंते!**' હે ભગવન્! કેટલી કર્મપ્રકૃતિઓ કહી છે? ઇત્યાદિ સૂત્ર સ્પષ્ટ છે. હવે કયું કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે? એ પ્રમાણે ઉદયની સાથે ઉદયના સબન્ધનો વિચાર કરે છે—'**जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं वेएमाणे कइ कम्मपगडीओ वेएइ**'—હે ભગવન્! જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે' ઇત્યાદિ સૂત્ર સ્પષ્ટ છે. તેમાં સાત કર્મને વેદનાર ઉપશાન્તમોહી અથવા ક્ષીણમોહી હોય છે, કારણ કે તેઓને મોહનીય કર્મના ઉદયનો સંભવ નથી, બાકીના સૂક્ષ્મસંપરાયાદિ આઠ કર્મના વેદક હોય છે. એ પ્રમાણે મનુષ્યપદને વિષે પણ કહેવું. નૈરયિકાદિ અવશ્ય આઠ કર્મના વેદનારા હોય છે. બહુવચનના વિચારમાં જીવપદ અને મનુષ્યપદમાં ત્રણ ભાંગા હોય છે. તેમાં બધા ય આઠ કર્મના વેદનારા હોય એ પ્રથમ ભંગ. સાત કર્મનો વેદનાર એક હોય ત્યારે બીજો ભાંગો, સાત કર્મના વેદક ઘણા હોય ત્યારે ત્રીજો ભાંગો હોય છે. બાકીના નૈરયિકાદિ પદોમાં આઠ કર્મના વેદનારા જ હોય છે. માટે ભાંગાનો અભાવ હોય

છે. કારણ કે ત્યાં સાત કર્મના વેદકપણાનો અસંભવ છે. એમ દર્શનાવરણીય અને અન્તરાય સૂત્રસંબન્ધે પણ કહેવું. વેદનીયસૂત્રમાં જીવપદ અને મનુષ્યપદમાં પ્રત્યેકને આશ્રયી આઠ કર્મનો વેદક સાત કર્મનો વેદક અને ચાર કર્મનો વેદક હોય છે એમ કહેવું. અને બાકીના નૈરયિકાદિ પદોમાં આઠ કર્મનો વેદક હોય છ—એ એક ભાંગો જાણવો, કારણ કે તેઓમાં ઉપશાન્તમોહત્વાદિ અવસ્થાનો અસંભવ છે. તેજ વેદનીય સૂત્રમાં બહુવચનના વિચારમાં પ્રત્યેક જીવપદ અને મનુષ્યપદને વિષે ત્રણ ભાંગા સમજવા. તેમાં 'આઠ કર્મના વેદનારા હોય' એ પ્રથમ ભંગ સર્વથા સાત કર્મના વેદનારાઓના અભાવે હોય છે. સપ્તવિધવેદક પદનો પ્રક્ષેપ કરવામાં એક વચન અને બહુવચન વડે બે ભાંગા થાય છે. બાકીના નારકાદિ સ્થાનોમાં 'આઠ કર્મના વેદનારા હોય છે' માટે ભાંગાનો અભાવ હોય છે. એમ આયુષ્ય, નામ અને ગોત્ર કર્મના સૂત્રોનો વિચાર કરવો. મોહનીય કર્મને વેદતો અવશ્ય આઠ કર્મની પ્રકૃતિઓનો વેદક હોય છે, માટે જીવાદિ પચીશ સ્થાનકોમાં એક વચન અને બહુવચનની અપેક્ષાએ બધે ય ભાંગાનો અભાવ છે. કારણ કે તેઓ એક અથવા અનેક આઠ પ્રકૃતિઓને વેદે છે. ॥૧॥૬૪૧॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં સત્યાવીશમું કર્મવેદવેદગ પદ સમાપ્ત.

- *અરિહંતના અનંતગુણો છે પણ એ અનંતાગુણોનો સમાવેશ એક ગુણમાં થઈ જાય છે. અને તે છે વીતરાગ ભાવ. કારણ કે એ ભાવ વગર બીજા બધા ગુણો રહી શકતા નથી.*
- *અરિહંત ભગવંત અને બીજા પણ તદ્ભવ મોક્ષગામી જીવાત્મા સહુ પ્રથમ એક જ કામ કરે છે. મોહને મારવાનું મોહને માર્યા સિવાય આત્માનું એકે કાર્ય સિદ્ધ થતું નથી. સર્વ પ્રથમ મોહ મરે છે પછી જ બીજા કર્મો દૂર થાય છે.*
- *અરિહંત ભગવંતોએ એ જ કહ્યું છે કે મોહની સત્તાનો સર્વથા સત્યાનાશ ન કરો ત્યાં સુધી સિદ્ધપદ સ્વપ્નમાં છે.*
- *અરિહંત ભગવંતો પોતે ગર્ભથી ત્રણ જ્ઞાન સંયુક્ત હોવાથી જાણતા હતા કે અમારો આ ભવમાં જ મોક્ષ થવાનો છે. અને એ જાણતા હતા કે સંસારમાં રહેલાને કેવળજ્ઞાન થઈ શકે છે. અને એ મોક્ષમાં જઈ શકે છે. (દીક્ષાનો વેશ લીધા વગર પણ એ મોક્ષમાં જઈ શકે છે) છતાં એમણે ચારિત્ર ગ્રહણ કર્યું. એજ બતાવે છે કે મૂળ માર્ગ તો ચારિત્ર ગ્રહણ કરીને કર્મ ખપાવવાં અને કેવળજ્ઞાન મેળવવું એ જ છે.*
- *અરિહંત ભગવંતોની શક્તિની વાતો આગમકારોએ લખી છે. એ સર્વાંશે સત્ય જ છે. કારણ કે એવા સત્વ સિવાય તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે જ નહીં. ચૌસઠ ઈન્દ્રો એમની સેવામાં આવે નહીં. ભૌતિક સામગ્રીઓનો ભોગવટો જ્યાં સર્વોત્કૃષ્ટ હોય ત્યાં શારીરિક શક્તિ સર્વોત્કૃષ્ટ હોય જ.*
- *અરિહંત ભગવંત સર્વોત્કૃષ્ટ શક્તિના ધારક હોવા છતાં ઉપસર્ગ કરનારને પોતાની શક્તિનો પરચો બતાવતા જ નથી. કારણ કે ઉપકારીનું અહિત એમનાથી થાય જ નહીં, એ પોતે ઉપસર્ગ કરનારને પરમોપકારી માનતા હોય છે.*

– જયાનંદ

## ।। अट्ठावीसइमं आहारपयं ।।

## ।। पढमुद्देसस्स अत्थाहिगारपरूवणं ।।

## ।। पढमो उद्देसओ ।।

**सच्चित्ताहारट्ठी केवति किं वा वि सव्वओ चेव। कतिभागं सव्वे खलु परिणामे चेव बोधव्वे ।।**
**एगिंदिसरीरादी लोमाहारे तहेव मणभक्खी। एतेसिं तु पदाणं विभावणा होइ कायव्वा ।।सू०-१।।६४२।।**

### અઠ્યાવીશમું આહાર પદ-પ્રથમ ઉદ્દેશક

*(મૂ૦) ૧ સચિત્તાહારી, ૨ આહારાર્થી, ૩ કેટલા કાળે આહાર કરે? ૪ શેનો આહાર કરે? ૫ સર્વતઃ-સર્વાત્મ પ્રદેશો વડે આહાર કરે? ૬ કેટલામો ભાગ આહાર કરે? ૭ સર્વ પુદ્ગલોનો આહાર કરે? ૮ કેવા રૂપે પરિણામ થાય? એકેન્દ્રિય શરીરાદિનો આહાર કરે? ૧૦ લોમાહાર અને ૧૧ મનોભક્ષી-એ પદોની અહીં વિભાવના-વ્યાખ્યા કરવાની છે. ॥૧॥૬૪૨॥*

(ટી૦) એમ 'કર્મવેદવેદગ' નામે સત્યાવીશમાં પદની વ્યાખ્યા કરી, હવે અઠ્યાવીશમા પદનો પ્રારંભ કરાય છે. તેનો સંબંધ આ પ્રમાણે છે-પૂર્વના પદમાં નારકાદિ ગતિને પ્રાપ્ત થયેલા જીવોનો કર્મના વેદનરૂપ પરિણામ કહ્યો, હવે અહીં આહાર પરિણામ કહે છે. તે વિષે આ બે સંગ્રહણી ગાથાઓ કહેવામાં આવી છે-'सचित्ताहारट्ठी' ઇત્યાદિ. ૧ સચિત પદ વડે સહિત પ્રથમ અધિકાર, અને તે આ પ્રમાણે-'नेरइया णं भंते! किं सचित्ताहारा, अचित्ताहारा'-'હે ભગવન્! નૈરયિકો સચિત આહારવાળા કે અચિત્તાહારવાળા છે' ઇત્યાદિ. ૨ 'આહારાર્થી'-આહારની ઇચ્છાવાળા-એ સંબન્ધે બીજો અધિકાર, જેમકે 'હે ભગવન્! નૈરયિકો આહારની ઇચ્છાવાળા છે'? ૩ 'केवति' કેટલા કાળે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે-ઇત્યાદિ રૂપ ત્રીજો અધિકાર, ૪ 'किं' શેનો આહાર કરે છે?-એ પદસહિત ચોથો અધિકાર, ૫ 'सर्वतः' એ પદસહિત પાંચમો અધિકાર, તે આ પ્રમાણે-'નૈરયિકો સર્વતઃ-સર્વ આત્મપ્રદેશો વડે આહાર કરે'-ઇત્યાદિ. 'चेव' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. ૬ 'कतिभागं' ગ્રહણ કરેલા પુદ્ગલોનો કેટલામો ભાગ આહાર કરે છે-ઇત્યાદિ છઠ્ઠો અધિકાર, ૭ 'सव्वे' જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે બધાનો આહાર કરે છે કે બધાનો આહાર કરતો નથી-ઇત્યાદિરૂપ સાતમો અધિકાર, ૮ પરિણામરૂપ આઠમો અધિકાર. તે આ પ્રમાણે- 'નૈરયિકો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલોને તેઓ કેવા સ્વરૂપે વારંવાર પરિણમાવે છે-ઇત્યાદિ રૂપ પરિણામાધિકાર. ૯ એકેન્દ્રિયાદિ શરીરરૂપ નવમો અધિકાર. તે આ પ્રમાણે- 'હે ભગવન્! નૈરયિકો શું એકેન્દ્રિય શરીરોનો આહાર કરે, યાવત્ પંચેન્દ્રિયશરીરોનો આહાર કરે? ૧૦ લોભાહારની વક્તવ્યતારૂપે દસમો અધિકાર. ૧૧ અને મનોભક્ષીની વક્તવ્યતારૂપ અગિયારમો અધિકાર છે-ઇત્યાદિ. જેમકે હે ભગવન્! નૈરયિકો ઓજઆહારવાળા અને મનોભક્ષી-મન વડે ભક્ષણ કરવાના સ્વભાવવાળા હોય છે? એ સામાન્ય પણે હમણાંજ નામમાત્ર વડે કહેલા પદોના અર્થાધિકારોની વિભાવના-વિસ્તારથી અર્થનું પ્રકાશન કરવા યોગ્ય છે એ સૂત્રકારનું વચન છે. ॥૧॥૬૪૨॥

## ।। चउवीसदंडएसु सचित्ताहारदारं ।।

**नेरइया णं भंते! किं सचित्ताहारा, अचित्ताहारा, मीसाहारा? गोयमा! णो सचित्ताहारा, अचित्ताहारा, णो मीसाहारा, एवं असुरकुमारा जाव वेमाणिया। ओरालियसरीरी जाव मणूसा सचित्ताहारा वि अचित्ताहारा वि मीसाहारा वि।**

## ।। णेरइएसु २-८ आहारट्ठिआइदारसत्तगं ।।

**णेरइया णं भंते! हन्ता गोयमा! आहारट्ठी। णेरइयाणं भंते! केवतिकालस्स आहारट्ठे समुप्पज्जति? गोयमा! णेरइयाणं आहारे दुविहे पण्णत्ते, त जहा-आभोगणिव्वत्तिए य अणाभोगणिव्वत्तिए य। तत्थ णं जे से**

**अणाभोगणिव्वत्तिए से णं अणुसमयमविरहिए आहारट्ठे समुप्पज्जति। तत्थ णं जे से आभोगनिव्वत्तिए से णं असंखेज्जसमइए अंतोमुहुत्तिए आहारट्ठे समुप्पज्जति ।।सू०-२।।६४३।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો સચિત્તાહારી, અચિત્તાહારી કે મિશ્રાહારી હોય? હે ગૌતમ! નૈરયિકો સચિત્તાહારી નથી, મિશ્રાહારી નથી, પણ અચિત્તાહારી છે. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી વૈમાનિક સુધી જાણવું. ઔદારિક શરીરવાળા (પૃથિવ્યાદિ) યાવત્ મનુષ્યો સચિત્તાહારી પણ હોય છે, અચિત્તાહારી પણ હોય છે અને મિશ્રાહારી પણ હોય છે. હે ભગવન્! નૈરયિકો આહારાર્થી-આહારની ઇચ્છાવાળા હોય? હા ગૌતમ! હોય. હે ભગવન્! નૈરયિકોને કેટલા કાળે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય? હે ગૌતમ! નૈરયિકોને બે પ્રકારનો આહાર કહ્યો છે. તે આ પ્રમાણે—આભોગનિર્વર્તિત-ઇચ્છાપૂર્વક કરેલો અને અનાભોગનિર્વર્તિત ઇચ્છા સિવાય કરેલો. તેમાં જે અનાભોગ નિર્વર્તિત આહાર છે, તે તેઓને પ્રતિસમય નિરંતર હોય છે. અને જે આભોગનિર્વર્તિત આહાર છે તે સંબંધે અસંખ્યાત સમયના અન્તર્મુહૂર્તે અહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. ।।૨।।૬૪૩।।*

(ટી૦) હવે જેની પ્રતિજ્ઞા કરી છે તેનો નિર્વાહ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર '**यथोद्देशं निर्देशः**' ઉદ્દેશના ક્રમને અનુસરી નિર્દેશ થાય છે. સામાન્યપણે નામમાત્રથી કથન કરવું તે ઉદ્દેશ અને વિસ્તારથી પ્રતિપાદન કરવું તે નિર્દેશ.-એ ન્યાયને અનુસરી પ્રથમ 'સચિત્ત' અધિકારની વ્યાખ્યા કરે છે—'**नेरइयाणं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો શું સચિત્ત આહાર કરે છે, અચિત્ત આહાર કરે છે કે મિશ્ર આહાર કરે છે? ભગવન્ ઉત્તર આપે છે— 'હે ગૌતમ! સચિત્ત કે મિશ્ર આહાર કરતા નથી, પણ અચિત્ત આહાર કરે છે. કારણ કે અહીં વૈક્રિય શરીરધારી વૈક્રિય શરીરના પોષણયોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે અને તે અચિત્ત જ હોય છે, પણ જીવે ગ્રહણ કરેલા હોતા નથી, માટે તેઓ અચિત્ત આહારવાળા છે, પણ સચિત્ત આહારવાળા નથી, તેમ મિશ્ર આહારવાળા પણ નથી. એમ અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિઓ, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો જાણવા. ઔદારિક શરીરવાળા ઔદારિક શરીરના પોષણ યોગ્ય પુદ્ગલોનો આહાર કરે છે અને તે પુદ્ગલો પૃથિવીકાયાદિના પરિણામરૂપે પરિણત થયેલા હોય છે, માટે સચિત્ત આહારવાળા, અચિત્ત આહારવાળા અને મિશ્ર આહારવાળા ઘટી શકે છે, તેથી સૂત્રકારે કહ્યું છે— '**ओरालियसरीरा जाव मणूसा**' ઇત્યાદિ. ઔદારિક શરીરવાળા પૃથિવીકાયિકોથી આરંભી મનુષ્યો સુધી જાણવા. તાત્પર્ય એ છે કે—પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અને મનુષ્ય એ બધાય સચિત્તઆહારવાળા, અચિત્તઆહારવાળા અને મિશ્રઆહારવાળા પણ કહેવા. એ પ્રથમ અધિકાર કહ્યો.

હવે બીજાથી આરંભી આઠમાં સુધીના સાત અધિકારોને ચોવીશ દંડકના ક્રમથી સાથે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ નૈરયિકો સંબન્ધે કહે છે—'**नेरइया णं**'-ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો આહારાર્થી-આહારની અભિલાષાવાળા છે? (અહીં '**किम्**' પ્રશ્નાર્થક શબ્દ નથી તોપણ કાકુ-પ્રશ્નાર્થક ધ્વનિવડે પ્રશ્નાર્થ સમજવો.) ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्त**' ઇત્યાદિ. '**हन्त**' અનુમતિના અર્થમાં છે. હે ગૌતમ! એ મને અનુમત છે કે નૈરયિકો આહારની અભિલાષાવાળા છે. હે ભગવન્! નૈરયિકો જો આહારની ઇચ્છાવાળા છે તો તેને '**केवइ कालस्स**' **कियता कालेन**-કેટલા કાળે, અહીં પ્રાકૃત હોવાથી ત્રીજી વિભક્તિના અર્થમાં છઠ્ઠી વિભક્તિ છે. આહારાર્થ-આહારરૂપ પ્રયોજન, આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે? ભગવાન્ કહે છે—ગૌતમ! નૈરયિકોને બે પ્રકારનો આહાર છે. જેમકે, આભોગનિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિત, તેમાં આભોગ-આલોચન, વિચાર, અભિસન્ધિ-ઇચ્છા એ અર્થ છે. ઇચ્છાવડે નિર્વર્તિત-ગ્રહણ કરેલો, એટલે 'હું આહાર લઉં' એવી ઇચ્છાપૂર્વક ગ્રહણ કરેલો તે આભોગનિર્વર્તિત, તેથી વિપરીત-ઉલટું અનાભોગનિર્વર્તિત, એટલે 'હું આહાર કરું' એવી વિશિષ્ટ ઇચ્છા સિવાય વર્ષાકાળે પુષ્કળ મૂત્રાદિ વડે અભિવ્યક્ત થયેલ શીત પુદ્ગલોના આહારની પેઠે ગ્રહણ કરાયેલો હોય તે અનાભોગનિર્વર્તિત આહાર સમજવો. '**तत्थ णं**' ઇત્યાદિ. એમા—આભોગનિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિત આહારમાં જે અનાભોગનિર્વર્તિત આહાર છે તે નૈરયિકોને અનુસમય—પ્રતિસમય હોય છે. અહીં લાંબા કાળ સુધી ચાલી શકે એવો આહાર એકવાર પણ ગ્રહણ કર્યો હોય તો

તેટલા કાળ સુધી 'પ્રતિસમય હોય છે' એમ કહેવાય, તેથી ભવપર્યન્ત નિરંતર ગ્રહણ કરે છે એમ પ્રતિપાદન કરવાં 'अविरहित' નિરંતર આહાર ગ્રહણ કરે છે એમ કહ્યું છે. અથવા નિરંતર ચાલુ આહારનું ગ્રહણ છતાં 'चुक्कस्खलित' ન્યાયથી કંઇક અંતર પડે તો પણ લોકમાં તેની ગણના નહિ થતી હોવાથી પ્રતિસમય ગ્રહણનો વ્યવહાર પ્રવર્તે છે, તેથી વચ્ચે જરાપણ અંતર નથી તે બતાવવા 'અવિરહિત' કહ્યું છે. પ્રતિસમય નિરંતર અનાભોગ નિર્વર્તિત આહારનું ગ્રહણ થાય છે તે ઓજ આહારાદિ રૂપે સમજવું. તેમાં આભોગનિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિતમાં જે આભોગનિર્વર્તિત આહારાર્થ—આહારની અભિલાષા તે અસંખ્યાતા સમયે થાય છે અને જે અસંખ્યાતા સમયે થાય છે તે જઘન્ય પદે પણ અન્તર્મુહૂર્ત રૂપ છે, પણ તેથી ઓછું નથી. માટે 'અન્તર્મુહૂર્ત સુધી આહારાભિલાષા ઉત્પન્ન થાય છે' એમ કહ્યું છે. તાત્પર્ય એ છે કે અન્તર્મુહૂર્ત કાળ સુધી રહે છે, પછી રહેતી નથી. કારણ કે નૈરયિકોને 'હું આહાર કરું' એવો જે અભિલાષ છે તે ગ્રહણ કરેલા આહારદ્રવ્યના પરિણામ વડે જે અતિ તીવ્ર દુઃખ થાય છે અને દુઃખ થવાથી અન્તર્મુહૂર્ત પછી નિવૃત્ત થાય છે માટે નૈરયિકોને આહારાભિલાષ અન્તર્મુહૂર્તનો છે. ॥२॥६४३॥

**णेरइया णं भंते! किमाहारमाहारेंति? गोयमा! दव्वओ अणंतपदेसियाइं, खेत्तओ असंखेज्जपदेसोगाढाइं, कालतो अण्णतरठिइयाइं, भावओ वण्णमंताइं गंधमंताइं रसमंताइं फासमंताइं। जाइं भावओ वण्णमंताइं आहारेंति ताइं किं एगवण्णाइं आहारेंति, जाव किं पंचवण्णाइं आहारेंति? गोयमा! ठाणमग्गणं पडुच्च एगवण्णाइं पि आहारेंति जाव पंचवण्णाइं पि आहारेंति, विहाणमग्गणं पडुच्च कालवण्णाइं पि आहारेंति जाव सुक्किलाइं पि आहारेंति। जाइं वण्णओ कालवण्णाइं आहारेंति ताइं किं एगगुणकालाइं आहारेंति जाव दसगुणकालाइं आहारेंति, संखेज्जगुणकालाइं, असंखेज्जगुणकालाइं अणंतगुणकालाइं आहारेंति? गोयमा! एगगुणकालाइं पि आहारेंति, जाव अणंतगुणकालाइं पि आहारेंति, एवं जाव सुक्किल्लाइं पि, एवं गंधओ वि रसओ वि। जाइं भावओ फासमंताइं [आहारेंति] ताइं णो एगफासाइं आहारेंति, णो दुफासाइं आहारेंति, णो तिफासाइं आहारेन्ति, चउफासाइं आहारेन्ति, जाव अट्ठफासाइं पि आहारेन्ति, विहाणमग्गणं पडुच्च कक्खडाइं पि आहारेन्ति जाव लुक्खाइं पि। जाइं फासतो कक्खडाइं आहारेन्ति ताइं किं एगगुणकक्खडाइं आहारेन्ति जाव अणंतगुणकक्खडाइं आहारेन्ति? गोयमा! एगगुणकक्खडाइं पि आहारेन्ति जाव अणंतगुणकक्खडाइं पि आहारेन्ति, एवं अट्ठवि फासा भाणियव्वा, जाव अणंतगुणलुक्खाइं पि आहारेन्ति। जाइं भंते! अणंतगुणलुक्खाइं आहारेन्ति ताइं किं पुट्ठाइं आहारेन्ति अपुट्ठाइं आहारेन्ति? गोयमा! पुट्ठाइं आहारेन्ति, णो अपुट्ठाइं आहारेन्ति, जहा भासुद्देसए जाव णियमा छद्दिसिं आहारेन्ति, ओसण्णकारणं पडुच्च वण्णओ काल नीलाइं, गंधओ दुब्भिगंधाइं, रसओ तित्तरसकडुयाइं, फासओ कक्खड-गरुय-सीय-लुक्खाइं, तेसिं पोराणे वण्णगुणे गंधगुणे रसगुणे फासगुणे विप्परिणामइत्ता परिपीलइत्ता परिसाडइत्ता परिविद्धंसइत्ता अण्णे अपुव्वे वण्णगुणे गंधगुणे रसगुणे फासगुणे उप्पाएत्ता आयसरीरखेत्तोगाढे पोग्गले सव्वप्पणयाए आहारमाहारेन्ति। णेरइया णं भंते! सव्वओ आहारेन्ति, सव्वओ परिणामेंति, सव्वओ ऊससंति, सव्वओ णीससंति. अभिक्खणं आहारेन्ति अभिक्खणं परिणामेंति, अभिक्खणं ऊससंति, अभिक्खण णीससंति, आहच्च आहारेन्ति, आहच्च परिणामेंति, आहच्च ऊससंति, आहच्च णीससंति। हंता! गोयमा! णेरइया सव्वतो आहारेन्ति एवं तं चेव जाव आहच्च णीससंति।।सू०-३।।६४४।।**

*(મુO) હે ભગવન્! નૈરયિકો શેનો આહાર કરે છે? હે ગૌતમ! દ્રવ્યથી અનન્ત પ્રદેશવાળા, ક્ષેત્રથી અસંખ્યાતા પ્રદેશમાં રહેલા, કાળથી કોઇ પણ સ્થિતિવાળા અને ભાવથી વર્ણવાળા, ગન્ધવાળા, રસવાળા અને સ્પર્શવાળા પુદ્ગલસ્કન્ધોનો આહાર કરે છે. ભાવથી જે વર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે તે શું એક વર્ણવાળા, યાવત્ પાંચવર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે છે? હે ગૌતમ! સ્થાનમાર્ગણા—સામાન્ય માર્ગણાને આશ્રયી એકવર્ણવાળાં, યાવત્ પાંચવર્ણવાળા પુદ્ગલોનો આહાર કરે*

*છે, અને વિધાનમાર્ગણા-વિશેષમાર્ગણાને આશ્રયી કાળાવર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે, યાવત્ શુક્લવર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે. વર્ણથી જે કાળાવર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે તે શું એકગુણ કાળાવર્ણવાળા, યાવત્ દસગુણ કાળાવર્ણવાળા, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનન્તગુણ કાળાવર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે? હે ગૌતમ! એકગુણ કાળાવર્ણવાળા યાવત્ અનન્તગુણ કાળાવર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે. એ પ્રમાણે યાવત્ અનન્તગુણ શુક્લવર્ણવાળા પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. એમ ગન્ધ અને રસની અપેક્ષાએ પણ સમજવું. ભાવથી જે સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે તેમાં એક સ્પર્શવાળાનો, બે સ્પર્શવાળાનો અને ત્રણ સ્પર્શવાળાનો આહાર કરતા નથી, પરન્તુ ચાર સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે, યાવત્ આઠ સ્પર્શવાળાનો પણ આહાર કરે છે. વિધાનમાર્ગણા-વિશષમાર્ગણાને આશ્રયી કર્કશ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે, યાવત્ રુક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. સ્પર્શથી જે કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે તે એકગુણ કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે, યાવત્ અનન્તગુણ કર્કશ પુદ્‌ગલોનો આહાર કરે છે? હે ગૌતમ! એકગુણ કર્કશ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે, યાવત્ અનન્તગુણ કર્કશ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. એમ આઠ સ્પર્શો કહેવા. યાવત્ અનન્તગુણ રુક્ષ પુદ્‌ગલોનો પણ આહાર કરે છે. હે ભગવન્! જે અનન્તગુણ રુક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે તે શું સ્પૃષ્ટ-સ્પર્શેલા પુદ્‌ગલોનો આહાર કરે છે કે નહિ સ્પર્શેલા પુદ્‌ગલોનો આહાર કરે છે? હે ગૌતમ! સ્પર્શેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે, પણ નહિ સ્પર્શેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરતો નથી—ઇત્યાદિ જેમ ભાષા ઉદ્દેશકમાં કહ્યું છે તેમ યાવત્ છ દિશામાં રહેલા પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે. બાહુલ્ય—સામાન્ય કારણની અપેક્ષાએ વર્ણથી કાળાં અને લીલાં, ગન્ધથી દુર્ગન્ધી, રસથી કડવાં અને તીખાં અને સ્પર્શથી કર્કશ, ગુરુ, શીત અને રુક્ષ પુદ્‌ગલ દ્રવ્યોનો આહાર કરે છે, તેઓના પૂર્વના વર્ણગુણ, ગન્ધગુણ, રસગુણ અને સ્પર્શગુણનો વિપરિણામ કરી, પરિપીડન કરી, નાશ કરી, વિધ્વંસ કરી બીજા અપૂર્વ વર્ણગુણ, ગંધગુણ, રસગુણ અને સ્પર્શગુણને ઉત્પન્ન કરી પોતાના શરીરરૂપ ક્ષેત્રમાં રહેલાં પુદ્‌ગલોનો સર્વ આત્મા વડે આહાર કરે છે. હે ભગવન્! નૈરયિકો સર્વતઃ આહાર કરે છે, સર્વતઃ પરિણમાવે છે, સર્વાત્મા વડે ઉચ્છ્વાસ લે છે, સર્વાત્મા વડે નિઃશ્વાસ મુકે છે, વારંવાર આહાર કરે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્વાસ લે છે અને વારંવાર નિઃશ્વાસ મુકે છે, કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ પરિણમાવે છે, કદાચિત્ ઉચ્છ્વાસ લે છે અને કદાચિત્ નિઃશ્વાસ મુકે છે? હે ગૌતમ! નૈરયિકો સર્વાત્મ વડે આહાર કરે છે, એ પ્રમાણે તેજ કહેવું યાવત્ કદાચિત્ નિઃશ્વાસ મુકે છે. ॥૩॥૬૪૪॥*

(ટી૦)'**नेरइया णं**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો કેવા પ્રકારનો આહાર કરે છે? દ્રવ્યાદિભેદથી ચાર પ્રકારનો આહાર પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા ભગવાન્ ઉત્તર આપે છે—ગૌતમ! દ્રવ્યથી—દ્રવ્યસ્વરૂપનો વિચાર કરતાં અનન્તપ્રદેશવાળા પુદ્‌ગલ દ્રવ્ય ગ્રહણ કરે છે, કારણ છે તે સિવાય બીજા દ્રવ્યનું ગ્રહણ થતું નથી. સંખ્યાતપ્રદેશી કે અસંખ્યાતપ્રદેશી સ્કન્ધો જીવને ગ્રહણ યોગ્ય નથી. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશમાં રહેલા, કાળથી '**अन्तरस्थितिकानि**' જઘન્ય મધ્યમ કે ઉત્કૃષ્ટ કોઇપણ સ્થિતિવાળાં, અહિં સ્થિતિ એટલે આહારને યોગ્ય સ્કન્ધના પરિણામ રૂપે રહેવું, ભાવથી વર્ણવાળાં, ગન્ધવાળાં, રસવાળાં અને સ્પર્શવાળાં, કારણ કે દરેક પરમાણુમાં એક એક વર્ણ, ગન્ધ, રસ અને (બે) સ્પર્શ હોય છે, એવા પુદ્‌ગલ દ્રવ્યને ગ્રહણ કરે છે. '**जाइं भावतो वण्णमंताइं**' ભાવથી જે વર્ણવાળા પુદ્‌ગલદ્રવ્યોનો આહાર કરે છે, તે એક વર્ણવાળાં કે યાવત્ પાંચ વર્ણવાળા પુદ્‌ગલોનો આહાર કરે છે? ઇત્યાદિ. પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! '**ठाणमग्गणं पडुच्च**' ઇત્યાદિ. સ્થાનમાર્ગણાને આશ્રયી, **तिष्ठन्ति विशेषा अस्मिन्निति स्थानं**-જેમાં વિશેષો રહે તે સ્થાન-એક વર્ણવાળાં, બે વર્ણવાળાં, ત્રણ વર્ણવાળા-ઇત્યાદિરૂપ સામાન્ય, તેની માર્ગણા-વિચારને આશ્રયી સામાન્ય વિચારને આશ્રયી એ ભાવાર્થ છે. એક વર્ણવાળા, બે વર્ણવાળા ઇત્યાદિ સુગમ છે, પરન્તુ તે અનન્તપ્રદેશિક સ્કન્ધોનો એક વર્ણ, બે વર્ણ-ઇત્યાદિ વ્યવહારનયના મતની અપેક્ષાએ કથન છે, નિશ્ચયનયના મતની અપેક્ષાએ તો સૂક્ષ્મ છતાં પણ અનન્તપ્રદેશિક સ્કન્ધ પાંચ વર્ણવાળોજ હોય છે. '**विहाणमग्गणं पडुच्च**'-**विधानमार्गणं प्रतीत्य**'

वि–બીજાથી જુદા ધાન–સ્વરૂપની પુષ્ટિ તે વિધાન–વિશેષ, કાળો, લીલો—ઇત્યાદિ ચોકસ વર્ણાદિની વિશેષતા, તેના માર્ગણ વિચારને આશ્રયી કાળાવર્ણવાળાં પુદ્ગલ દ્રવ્યોનો પણ આહાર કરે છે—ઇત્યાદિ સુગમ છે, પરન્તુ આ પણ વ્યવહાર નયથી જાણવું, નિશ્ચય નયથી અવશ્ય તે પુદ્ગલ સ્કન્ધો પાંચે વર્ણવાળા હોય છે. '**जाइं वण्णओ कालवण्णाइंपि**' ઇત્યાદિ. જે વર્ણથી કાળાવર્ણવાળાં' ઇત્યાદિ સુગમ છે, યાવત્ અનન્તગુણ શુક્લ વર્ણવાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે. એ પ્રમાણે ગન્ધ, રસ અને સ્પર્શ સંબન્ધી પણ સૂત્રો જાણવાં. '**जाइं भंते! अणंतगुणलुक्खाइं**' ઇત્યાદિ. હે ભગવન્! જે અનન્તગુણ રુક્ષ દ્રવ્યોનો ઉપલક્ષણથી એકગુણ કાળાં દ્રવ્યોનો પણ આહાર કરે છે, હે ભગવન્! તે શું સ્પૃષ્ટ–આત્મપ્રદેશોએ સ્પર્શેલાં અથવા અસ્પૃષ્ટ–નહિ સ્પર્શેલાં દ્રવ્યોનો આહાર કરે છે? ભગવાન્ ઉત્તર આપે છે–સ્પૃષ્ટ દ્રવ્યોનો આહાર કરે છે પણ અસ્પૃષ્ટ દ્રવ્યોનો આહાર કરતો નથી.- ઇત્યાદિ '**जहा भासुद्देसए वा जाव नियमा छद्दिसिं**' ત્તિ, ભાષા ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણે યાવત્ અવશ્ય છ દિશાઓથી આવેલાં પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે. એટલે ભાષા ઉદ્દેશકમાં પૂર્વે જેમ સૂત્ર કહ્યું છે તેમ અહીં પણ '**नियमा छद्दिसिं**' એ પદ સુધી જાણવું. તે આ પ્રમાણ—જે સ્પર્શેલા દ્રવ્યોનો આહાર કરે છે, હે ભગવન્! તે અવગાઢ–આત્મપ્રદેશો વડે અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરે છે કે અનવગાઢ–અવગાઢ ક્ષેત્રની બહાર રહેલાં, નહિ અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરે છે પણ નહિ અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરતો નથી. હે ભગવન્! જે અવગાઢ–અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરે છે તે અનન્તરાવગાઢ—અન્તર સિવાય સાક્ષાત્ અવગાહેલાં દ્રવ્યોનો આહાર કરે છે કે પરંપરાવગાઢ–અન્તર સહિત અવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! અનન્તરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે પણ પરંપરાવગાઢ દ્રવ્યોનો આહાર કરતો નથી. હે ભગવન્! જે અનન્તરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે તે શું અણુ–સૂક્ષ્મ, થોડાં પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે છે કે બાદર–ઘણાં પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! સૂક્ષ્મ દ્રવ્યોનો પણ આહાર કરે છે અને બાદર દ્રવ્યોનો પણ આહાર કરે છે. હે ભગવન્! જે સૂક્ષ્મ દ્રવ્યોનો પણ આહાર કરે છે અને બાદર દ્રવ્યોનો પણ આહાર કરે છે તે શું ઉર્ધ્વ–ઉપરના પ્રદેશોમાં રહેલા, અધો–નીચેના પ્રદેશોમાં રહેલાં કે તીરછા પ્રદેશોમાં રહેલા દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! ઉપરના પ્રદેશોમાં રહેલા, નીચેના પ્રદેશોમાં રહેલાં અને તીરછા પ્રદેશોમાં રહેલા દ્રવ્યોનો પણ આહાર કરે છે. હે ભગવન્! જે ઉપરના પ્રદેશોમાં રહેલાં, અધો–નીચેના પ્રદેશોમાં રહેલા કે તીરછા પ્રદેશોમાં રહેલા દ્રવ્યોનો આહાર કરે છે તે શું આદિમાં, મધ્યમાં કે અન્તમાં આહાર કરે છે? હે ગૌતમ! આદિમાં, મધ્યમાં અને અન્તમાં આહાર કરે છે. હે ભગવન્! જે આદિમાં મધ્યમાં કે અન્તમાં આહાર કરે છે તે શું સ્વવિષય–પોતાના વિષયભૂત દ્રવ્યોનો આહાર કરે છે કે અવિષય દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! સ્વવિષય દ્રવ્યોનો આહાર કરે છે, પણ અવિષય દ્રવ્યોનો આહાર કરતો નથી. હે ભગવન્! જે સ્વવિષય દ્રવ્યોનો આહાર કરે છે તે શું અનુક્રમે આહાર કરે છે કે અનુક્રમ સિવાય આહાર કરે છે? હે ગૌતમ! અનુક્રમે આહાર કરે છે, પણ અનુક્રમ સિવાય આહાર કરતો નથી. હે ભગવન્! જે જે દ્રવ્યોનો અનુક્રમે આહાર કરે છે તે ત્રણ દિશાથી આવેલાં, ચાર દિશાથી આવેલાં, પાંચ દિશાથી આવેલાં કે છ દિશાથી આવેલાં દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! અવશ્ય છ દિશાએથી આવેલા દ્રવ્યોનો આહાર કરે છે.

વ્યાખ્યા—અહીં આત્મપ્રદેશનો સ્પર્શ આત્મપ્રદેશો વડે અવગાઢ–આશ્રિત ક્ષેત્રની બાહર પણ સંભવે છે માટે પ્રશ્ન કરે છે–હે ભગવન્! જે સ્પર્શેલાં પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે તે અવગાઢ–આત્મપ્રદેશો સાથે એક ક્ષેત્રમાં રહેલાં, કે અનવગાઢ–આત્મપ્રદેશના અવગાહ ક્ષેત્રથી બહાર રહેલાં દ્રવ્યોનો આહાર કરે છે? ભગવાન્ ઉત્તર આપે છે–હે ગૌતમ! અવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે પણ અનવગાઢ દ્રવ્યોનો આહાર કરતો નથી, હે ભગવન્! જે અવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે તે શું અનન્તરાવગાઢ એટલે જે આત્મપ્રદેશોમાં અનન્તર–અન્તર–વ્યવધાન સિવાય અવગાઢ–રહેલા દ્રવ્યો હોય તે આત્મપ્રદેશો વડે તે દ્રવ્યોનો આહાર કરે છે કે પરંપરાવગાઢ–એક, બે, ત્રણ આદિ આત્મપ્રદેશો વડે અન્તરવાળા દ્રવ્યોનો આહાર કરે છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! અનન્તરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે, પણ પરંપરાવગાઢ દ્રવ્યોનો આહાર કરતો નથી. હે ભગવન્! જે અનન્તરાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે તે શું અણુ–થોડાં પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે છે કે બાદર–ઘણા પ્રદેશવાળાં દ્રવ્યોનો આહાર કરે છે? અહીં

અણુપણું અને બાદરપણું આહારને યોગ્ય સ્કન્ધોના થોડા પ્રદેશ અને ઘણા પ્રદેશની અપેક્ષાએ જાણવું. હે ભગવન્! જે અણુ–થોડા પ્રદેશવાળા દ્રવ્યોનો પણ આહાર કરે છે. તે શું ઉર્ધ્વ–ઉપરના પ્રદેશોમાં રહેલા, નીચેના પ્રદેશોમાં રહેલાં કે તીરછા પ્રદેશોમાં રહેલાં દ્રવ્યોનો આહાર કરે છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! ઉપરના પ્રદેશમાં રહેલા, નીચેના પ્રદેશોમાં રહેલાં અને તીરછા રહેલાં દ્રવ્યોનો પણ આહાર કરે છે. અહીં ઉર્ધ્વપણું અધોપણું અને તીરછાપણું જેટલા ક્ષેત્રમાં નૈરયિક રહેલો હોય તેટલા ક્ષેત્રમાં તે ક્ષેત્રની અપેક્ષાએ જાણવું.

હે ભગવન્! જે ઉર્ધ્વ પ્રદેશાવગાઢ અધઃ પ્રદેશાવગાઢ કે તીરછા પ્રદેશાવગાઢ દ્રવ્યોનો આહાર કરે છે તે શું આદિમાં આહાર કરે છે મધ્યમાં આહાર કરે છે કે અન્તમાં આહાર કરે છે? પ્રશ્નનું આ તાત્પર્ય છે—નૈરયિકો પોતાના ઉપભોગને યોગ્ય અનન્તપ્રદેશિક દ્રવ્યો અન્તર્મુહૂર્ત કાળ સુધી ગ્રહણ કરે છે. તેથી સંશય થાય છે કે ઉપભોગને યોગ્ય અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળની આદિમાં–પ્રથમ સમયે આહાર કરે છે, મધ્ય સમયોમાં આહાર કરે છે કે છેલ્લા સમયે આહાર કરે છે? ભગવાન્ ઉત્તર આપે છે–હે ગૌતમ! આદિમાં પણ આહાર કરે છે, મધ્યમાં પણ આહાર કરે છે અને અન્તપણે પણ આહાર કરે છે. તાત્પર્ય એ છે કે ઉપભોગને યોગ્ય અન્તર્મુહૂર્તપ્રમાણ કાળની આદિમાં મધ્યમાં, અને છેલ્લા સમયે પણ આહાર કરે છે. હે ભગવન્! જે આદિમાં, મધ્યમાં અને અન્તમાં પણ આહાર કરે તે શું સ્વવિષય–પોતાના આહારને યોગ્ય દ્રવ્યોનો આહાર કરે છે કે અવિષય–પોતાના આહારને અયોગ્ય દ્રવ્યોનો આહાર કરે છે? ભગવાન્ કહે છ—હે ગૌતમ! સ્વવિષય દ્રવ્યોનો આહાર કરે છે. પણ અવિષય દ્રવ્યોનો આહાર કરતો નથી. હે ભગવાન્! જે સ્વવિષય દ્રવ્યોનો આહાર કરે છે તે શું આનુપૂર્વી–અનુક્રમ વડે કે અનાનુપૂવી વડે આહાર કરે છે? આનુપૂર્વી–જેમ નજીક હોય તેમ, તેથી વિપરીત અનાનુપૂર્વી. ભગવાન્ ઉત્તર આપે છે—આનુપૂર્વી વડ—જે દ્રવ્યોના નજીકના ક્રમને અનુસરીને આહાર કરે છે. સૂત્રમાં દ્વિતીય વિભક્તિ તૃતીયાના અર્થમાં જાણવી. કેમકે આચારાંગ સૂત્રમાં '**अगणिं च पुट्ठा**'–**अग्निना स्पृष्टाः**–અગ્નિ વડે સ્પર્શ કરાયેલા એ અર્થ છે. પણ અનાનુપૂર્વી વડે આહાર કરતો નથી. ઉપર નીચે કે તીરછા જેમ નજીક હોય તેમ આહાર કરે છે, પણ નજીકના ક્રમને ઓળંગીને આહાર કરતો નથી એ ભાવાર્થ છે. હે ભગવન્! જેનો આનુપૂર્વી–નજીકના ક્રમથી આહાર કરે છે તે શું ત્રણ દિશામાં રહેલા પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે, ચાર દિશા, પાંચ દિશા કે છ દિશામાં રહેલાં પુદ્ગલદ્રવ્યનો આહાર કરે છે? અહીં લોકના નિષ્કુટને અન્તે જઘન્ય પદે ત્રણ દિશામાં રહેલજ દ્રવ્ય પ્રાપ્ત થાય છે, પણ બે દિશામાં રહેલ કે એક દિશામાં રહેલ દ્રવ્ય પ્રાપ્ત થતું નથી માટે ત્રણ દિશાથી આરંભીને પ્રશ્ન કર્યો છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! અવશ્ય છ દિશામાંથી આવેલાં પુદ્ગલદ્રવ્યોનો આહાર કરે છે. કારણ કે નૈરયિકો ત્રસનાડીના મધ્ય ભાગમાં રહેલા છે અને ત્યાં અવશ્ય છ દિશાના આહારનો સંભવ છે."

'**ओसण्णकारणं पडुच्च**' ઇત્યાદિ. ઓસન્નશબ્દ બાહુલ્યવાચક છે, જેમકે '**ओसन्नं देवा सायवेणं वेदयंति**' બહુધા દેવો સાતાવેદનીય વેદે છે. ઓસન્ન કારણ એટલે બાહુલ્ય કારણ, સામાન્ય કારણ, અને તે અશુભ વિપાકજ છે. તો પણ પ્રાયઃ મિથ્યાદષ્ટિ કૃષ્ણાદિ વર્ણવાળાં પુદ્ગલોનો આહાર કરે છે, **પણ ભવિષ્યના તીર્થંકરાદિ તેવાં દ્રવ્યોનો આહાર કરતા નથી.** તેથી 'ઓસન્ન' એમ કહ્યું છે. વર્ણથી કાળાં અને નીલવર્ણવાળાં, ગન્ધથી દુર્ગન્ધવાળાં, રસથી તિક્ત અને કટુરસવાળાં અને સ્પર્શથી કર્કશ–બરસઠ, ગુરુ અને શીતસ્પર્શવાળાં પુદ્ગલદ્રવ્યોનો આહાર કરે છે ઇત્યાદિ. આહાર કરતા પુદ્ગલોના પુરાણ–પૂર્વના વર્ણગુણો, ગન્ધગુણો, રસગુણો અને સ્પર્શગુણોને વિપરિણમાવી, પરિપીડ્ય–પરિપીડન કરી, પરિશાટન કરી, પરિવિધ્વંસ કરી, આ ચારે પદો એકાર્થક અને વિનાશ અર્થના વાચક છે. તેમજ તે ભિન્ન ભિન્ન દેશના શિષ્યો ઉપર ઉપકાર કરવા માટે સૂત્રમાં ગ્રહણ કરેલાં છે. તથા બીજા અપૂર્વ વર્ણ ગુણો, ગન્ધ ગુણો, રસ ગુણો અને સ્પર્શ ગુણોને ઉત્પન્ન કરી પોતાના શરીર ક્ષેત્રમાં રહેલાં પુદ્ગલોને '**सव्वप्पणया**' સર્વાત્મા વડે એટલે સર્વ આત્મપ્રદેશો વડે આહાર રૂપે ગ્રહણ કરે છે. ॥૩॥૬૪૪॥

**णेरइया णं भंते! जे पोग्गले आहारत्ताए गिण्हंति ते णं तेसिं पोग्गलाणं सेयालंसि कतिभागं आहारेन्ति, कतिभागं आसाएंति? गोयमा! असंखेज्जतिभागं आहारेन्ति, अणंतभागं आसाएंति। णेरइया णं भंते! जे पोग्गले आहारत्ताए**

**गिण्हंति ते किं सव्वे आहारेन्ति, णो सव्वे आहारेंति? गोयमा! ते सव्वे अपरिसेसिए आहारेन्ति। णेरइया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते णं तेसिं पोग्गला कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति? गोयमा! सोइंदियत्ताए जाव फार्सिदियत्ताए अणिट्ठत्ताए अकंतत्ताए अप्पियत्ताए, असुभत्ताए, अमणुण्णत्ताए, अमणामत्ताए अणिच्छियत्ताए अ(ण)भिज्झियत्ताए अहत्ताए नो उड्ढत्ताए, दुक्खत्ताए णो सुहत्ताए एएसिं [ते तेसिं] भुज्जो भुज्जो परिणमंति ।।सू०-४।।६४५।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલોના કેટલા ભાગનો ભવિષ્ય કાળે આહાર કરે છે, કેટલા ભાગનો આસ્વાદ કરે છે? હે ગૌતમ! અસંખ્યાતમા ભાગનો આહારપણે ઉપયોગ કરે છે અને અનન્તમા ભાગનો આસ્વાદ લે છે. હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે તે બધા પુદ્ગલો આહાર કરે છે કે બધા પુદ્ગલોનો આહાર કરતો નથી? હે ગૌતમ! તે બધા અપરિશેષ પુદ્ગલોનો આહાર કરે છે. હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે? હે ગૌતમ! તેઓને શ્રોત્રેન્દ્રિયપણે, યાવત્ સ્પર્શેન્દ્રિયપણે, અનિષ્ટપણે, અકાન્તપણે, અપ્રિયપણે, અશુભપણે, અમનોજ્ઞપણે, અમનોહરપણે, અનિચ્છનીયપણે, અનભિલાષિતરૂપે, અધોપણે-ભારેપણે પણ ઊર્ધ્વપણે-લઘુપણે નહિ, દુખરૂપે પણ સુઃખરૂપે નહિ એવા પ્રકારે એઓને વારંવાર પરિણમે છે. ।।૪।।૬૪૫।।*

(ટી૦) '**नेरइया णं भंते! जे पोग्गला**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો જે પદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે, તે ગ્રહણ કરેલા પુદ્ગલોનો '**सेकालंसि**' ભવિષ્ય કાળે એટલે ગ્રહણ કર્યા પછી '**कइभागं**' કેટલામો ભાગ આહારરૂપે ઉપયોગ કરે છે તથા આહારરૂપે ગ્રહણ કરેલાં પુદ્ગલદ્રવ્યોના '**कतिभागं**' કેટલામા ભાગનો આસ્વાદ લે છે? કારણ કે આહારરૂપે ગ્રહણ કરાતા બધા પુદ્ગલો આસ્વાદને પ્રાપ્ત થતા નથી માટે જુદો પ્રશ્ન કર્યો છે. ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ! ગ્રહણ કરેલા પુદ્ગલોના અસંખ્યાતમા ભાગને આહારપણે ગ્રહણ કરે છે. બીજા પુદ્ગલો જેમ ગાય વગેરે ઘાસનો મોટો કોળીઓ ભરે ત્યારે તેમાંથી પડી જાય તેમ પડી જાય છે. આહારપણે ગ્રહણ કરાતા પુદ્ગલોના અનન્તમા ભાગનો આસ્વાદ લે છે. બાકીના પુદ્ગલદ્રવ્યો આસ્વાદ લીધા સિવાય શરીરપરિણામને પ્રાપ્ત થાય છે. '**नेरइया णं भंते**'!-હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેઓને કેવા સ્વરૂપે પરિણમે છે? ઇત્યાદિ. અહીં વિશિષ્ટ ગ્રહણ સમજવું. તેથી જેના શેષ ભાગનો ત્યાગ કર્યો છે એવા અને કેવળ આહાર પરિણામને યોગ્ય પુદ્ગલ દ્રવ્યો છે તે આહારરૂપે ગ્રહણ કરાયેલા પુદ્ગલો સંબન્ધે અહીં પ્રશ્ન જાણવો. જો એમ ન હોય તો ઉત્તર સૂત્રની અપેક્ષાએ પૂર્વાપર વિરોધનો પ્રસંગ પ્રાપ્ત થાય. પરન્તુ **ભગવન્તના વચનમાં વિરોધની સંભાવના પણ નથી**, માટે આ પ્રમાણે વ્યાખ્યા કરવી બરોબર છે. તેથી આવા પ્રકારના પૂર્વાપર વિરોધની આશઙ્કા દુર કરવા માટે પૂર્વાચાર્યોએ કાલિકસૂત્રનો અનુયોગ (વ્યાખ્યાન) કર્યો છે. એ સંબન્ધે કહ્યું છે કે-

"जं जह सुत्ते भणियं तहेव तं जइ वियालणा नत्थि । किं कालियाणुजोगो दिट्ठो दिट्ठिपहाणेहिं" ॥

જો સૂત્રમાં જેમ કહ્યું છે તે તેમજ છે અને તેમાં વિચાર કરવાનો અવકાશ નથી તો દષ્ટિપ્રધાન પૂર્વાચાર્યોએ કાલિકસૂત્રના અનુયોગનો કેમ ઉપદેશ કર્યો? એટલે સૂત્રમાં વ્યાખ્યાનની આવશ્યકતા છે અને તેથી જ વિશેષાર્થનો નિશ્ચય થાય છે. એથી જ પૂર્વાચાર્યોએ કાલિકસૂત્રના અનુયોગનો ઉપદેશ કર્યો છે. તે બધા પુદ્ગલો આહારરૂપે ગ્રહણ કરે છે કે બધા ગ્રહણ કરતો નથી? ભગવાન્! ઉત્તર આપે છે-તે અશેષ-બધા પુદ્ગલોનો આહાર કરે છે, કેમકે ગ્રહણ કરતાં છૂટી જાય તે સિવાયના બાકી રહેલા અને કેવળ આહારના પરિણામને યોગ્ય બધાય પુદ્ગલો ગ્રહણ કરેલાં છે.

'**नेरइया णं**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેઓને કેવા સ્વરૂપે વારંવાર પરિણમે છે? ભગવાન્ ઉત્તર આપે છે--હે ગૌતમ! શ્રોત્રેન્દ્રિયરૂપે, યાવત્ શબ્દથી ચક્ષુઇન્દ્રિયરૂપે, ઘ્રાણેન્દ્રિયરૂપે અને જિહ્વેન્દ્રિયરૂપે

એમ ગ્રહણ કરવું તથા સ્પર્શેન્દ્રિયરૂપે પરિણમે છે. ઇન્દ્રિયરૂપે પણ પરિણામ પામતાં તે પુદ્ગલો શુભરૂપ નથી પણ એકાન્ત અશુભરૂપ છે. જે હેતુથી કહે છે—'**अणिट्ठत्ताए**' અનિષ્ટપણે ઇત્યાદિ. ઇષ્ટ–મનવડે ઇચ્છેલાં, જેમકે આ સારું થયું જે આવી રીતે આ પુદ્ગલો પરિણત થયા, તેથી વિપરિત અનિષ્ટપણે પરિણમે છે, અહીં કોઇ વસ્તુ પરમાર્થથી શુભ છતાં કેટલાકને અનિષ્ટ લાગે છે, જેમ કે માખીઓને ચંદન કપૂર વગેરે, તેથી સૂત્રકાર કહે છે—'**अकंतत्ताए**' અકાન્તપણે, અત્યંત અશુભવર્ણયુક્ત હોવાથી નહિ ઇચ્છવા લાયકપણે, એ હેતુથી જ '**अप्रियतया**' અપ્રિયપણે–જોવા માત્રથી પણ પોતાને વિષે પ્રિય બુદ્ધિ નહિ ઉત્પન્ન કરનારા એવા અપ્રિયપણે, '**असुभत्ताए**' અશુભવર્ણ, ગન્ધ, રસ, અને સ્પર્શરૂપ હોવાથી અશુભપણે, વિપાકકાળે દુ:ખ ઉત્પન્ન કરનારા હોવાથી મનને આનન્દ નહિ આપનારા હોવાથી '**अमनोज्ञपणे, अमणामत्ताए**' અમનોહરપણે, ભોજ્યપણે મનને પસંદ ન પડે તેવાપણે, કારણ કે કદિ પણ ભોજ્યપણે પ્રાણીઓના મનને પ્રાપ્ત થતા નથી, '**अणिच्छियत्ताए**' અનીપ્સિતપણે, કારણ કે ભોજ્યપણે ખાવાને ઇચ્છેલા નથી, '**अ(ण)भिज्झियत्ताए**' અભિધ્યા–અભિલાષા, જેને વિષે અભિલાષા થાય તે અભિધ્યિત–અભીષ્ટ કહેવાય, તેથી ભિન્ન અનભીષ્ટપણે, તાત્પર્ય એ છે કે—જે આહારપણે પુદ્ગલો ગ્રહણ કર્યા છે તે તૃપ્તિનું કારણ થતા નથી તેથી ફરી અભિલાષાના વિષયપણે પરિણમતા નથી. તથા '**अहत्ताए**' અધોપણે–ભારેપણે, પણ 'ઉર્ધ્વપણે' લઘુપરિણામરૂપે નહિ, તેનો ભારે પરિણામ હોવાથી '**दुहत्ताए**' દુ:ખરૂપે, પણ લઘુપરિણામવડે નહિ પરિણમેલા હોવાથી સુખરૂપે નહિ, એ પ્રમાણે નૈરયિકોને તે પુદ્ગલો વારંવાર પરિણમે છે. એ જ આહારાર્થી વગરે સાત દ્વારોનો અસુરકુમારાદિ ભવનપતિમાં વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**जहा नेरइया णं**' જેમ નૈરયિકોને કહ્યું તેમ અસુરકુમારોને '**तेसिं भुज्जो भुज्जो परिणमंति**' તેઓને વારંવાર પરિણમે છે એ પદ સુધી યાવત્ કહેવું. તેમાં નારક સૂત્રથી આ અસુરકુમાર સૂત્રની વિશેષતા બતાવે છે—'**तत्थ णं जे से**'—તેમાં જે આભોગનિર્વર્તિત આહાર છે' ઇત્યાદિ. એ પ્રમાણે પ્રતિપાદન કરેલા સૂત્રની મન્દબુદ્ધિવાળા શિષ્યને બરાબર પ્રતીતિ ન થાય માટે તેના ઉપર ઉપકાર કરવા માટે સૂત્ર દર્શાવે છે— ॥૪॥૬૪૫॥

## ।। भवणवासीसु २–८ आहारट्ठिआइदारसत्तगं ।।

**असुरकुमारा णं भंते। आहारट्ठी? हंता। आहारट्ठी। एवं जहा णेरइयाणं तहा असुरकुमाराण वि भाणियव्वं, जाव ते तेसिं भुज्जो भुज्जो परिणमंति। तत्थ णं जे से आभोगणिव्वत्तिए से णं जहण्णेणं चउत्थभत्तस्स, उक्कोसेणं सातिरेगस्स वाससहस्सस्स आहारट्ठे समुप्पज्जति। ओसण्णकारणं पडुच्च वण्णओ हालिद्दसुक्किल्लाइं, गंधओ सुब्भिगंधाइं, रसओ अंबिलमहुराइं फासओ मउय-लहुय-णिद्धुण्हाइं, तेसिं पोराणे वण्णगुणे जाव फासिंदियत्ताए जाव मणामत्ताए इच्छियत्ताए अभिज्झियत्ताए उड्ढत्ताए णो अहत्ताए, सुहत्ताए णो दुहत्ताए, तेसिं भुज्जो भुज्जो परिणमंति, सेसं जहा णेरइयाणं, एवं जाव थणियकुमाराणं, णवरं आभोगणिव्वत्तिए उक्कोसेणं दिवसपुहत्तस्स आहारट्ठे समुप्पज्जति** ।।सू०-५।।६४६।।

*(મૂ૦) હે ભગવન્! અસુરકુમારો આહારની ઇચ્છાવાળા હોય? હા ગૌતમ! આહારની ઇચ્છાવાળા હોય. એ પ્રમાણે નૈરયિકોને કહ્યું તેમ અસુરકુમારોને પણ કહેવું. યાવત્ તેઓને વારંવાર પરિણમે છે. તેમાં જે આભોગનિર્વર્તિત–ઇચ્છાપૂર્વક આહાર છે તે સંબંધે તેઓને જઘન્યથી ચતુર્થ ભક્ત–એક દિવસે અને ઉત્કૃષ્ટ કંઇક અધિક એક હજાર વરસે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. સામાન્ય કારણને આશ્રયી વર્ણથી હારિદ્ર–પીળા અને શુક્લ, ગંધથી સુગંધી, રસથી ખાટા અને મધુર રસવાળા અને સ્પર્શથી મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ પુદ્ગલો તથા તેઓના પૂર્વના વર્ણગુણનો વિપરિણામ કરી, વિધ્વંસ કરી યાવત્ સ્પર્શેન્દ્રિયપણે યાવત્ મનોહરપણે ઇચ્છનીયપણે અભિલષિતપણે ઊર્ધ્વપણે–લઘુપણે પણ ભારેપણે નહિ, સુખરૂપે પણ દુખરૂપે નહિ એવો તેઓનો વારંવાર પરિણામ થાય છે. બાકી બધું નૈરયિકોની પેઠે સમજવું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારોને જાણવું. પરન્તુ ઇચ્છાપૂર્વક આહાર સંબંધે ઉત્કૃષ્ટ દિવસપૃથક્ત્વે–બે દિવસથી નવ દિવસે આહારની*

*ઈચ્છા ઉત્પન્ન થાય છે. ॥૬૪૬॥*

(ટી૦) **असुरकुमारा णं भंते आहारट्ठी? हन्ता आहारट्ठी?** ઇત્યાદિ. હે ભગવન્! અસુરકુમારો આહારની ઇચ્છાવાળા છે? હા છે. હે ભગવન્! અસુરકુમારોને કેટલા કાળે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય? અહીં પ્રાકૃત હોવાથી સપ્તમીના અર્થમાં છઠ્ઠી વિભક્તિ છે. એટલે કિયતિ કાલે અતિક્રાન્તે સતિ-કેટલો કાળ ગયે છતે આહારાર્થ-આહારની અભિલાષા ઉત્પન્ન થાય? અસુરકુમારોને બે પ્રકારનો આહાર છે-આભોગ નિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિત. તેમાં જે અનાભોગનિર્વર્તિત આહાર છે તે તેને પ્રતિસમય નિરન્તર હોય છે. તેમાં જે આભોગનિર્વર્તિત આહાર છે તે સંબન્ધે જઘન્યથી ચતુર્થભક્ત પછી અને ઉત્કૃષ્ટ કંઇક અધિક હજાર વરસ ગયા પછી આહારની અભિલાષા ઉત્પન્ન થાય છે. તેમાં '**चतुर्थभत्तस्स**' અહીં સપ્તમીના અર્થમાં ષષ્ટી વિભક્તિ છે: ચતુર્થભક્ત એ આગમમાં એક દિવસની સંજ્ઞા છે, એટલે જઘન્યથી એક દિવસ ગયા પછી ફરી આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. આ દસ હજાર વરસના આયુષ્યવાળાને જાણવું, અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક હજાર વરસ ગયા પછી આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે તે સાગરોપમના આયુષ્યવાળાને સમજવું. '**असुरकुमाराणां भंते**'! **किमाहारमाहारयन्ति?** ઇત્યાદિ હે ભગવન્! અસુરકુમારો શેનો આહાર કરે છે? હે ગૌતમ! દ્રવ્યથી અનન્તપ્રદેશિક, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢ, કાળથી કોઇપણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટસ્થિતિવાળાં અને ભાવથી વર્ણવાળાં, ગન્ધવાળાં, રસવાળાં અને સ્પર્શવાળાં યાવત્ અવશ્ય છ દિશાથી આવેલાં પુદ્‌ગલદ્રવ્યોનો આહાર કરે છે. સામાન્ય કારણને આશ્રયી વર્ણથી પીતવર્ણવાળાં અને શુક્લવર્ણવાળાં, ગન્ધથી સુગન્ધી, રસથી ખાટાં અને મધુર અને સ્પર્શથી મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણગુણવાળાં, તથા તેઓના પૂર્વના વર્ણગુણ, ગન્ધગુણ, રસગુણ અને સ્પર્શગુણને વિપરિણમાવી, યાવત્ ઇચ્છિતપણે, અભિલાષાના વિષયપણે, ઊર્ધ્વપણે-લઘુપણે, પણ અધોપણે-ગુરુપણે નહિ, સુખરૂપે, પણ દુ:ખરૂપે નહિ એવા તે પુદ્‌ગલ દ્રવ્યો તેઓને વારંવાર પરિણમે છે. જેમ અસુરકુમારો સંબન્ધે સૂત્ર કહ્યું તેમ નાગકુમારથી માંડી સ્તનિતકુમાર સુધી કહેવું. પરન્તુ આભોગનિર્વર્તિત આહારના વિચારમાં ઉત્કૃષ્ટથી કહેવાના અવસરે 'ઉત્કૃષ્ટથી દિવસપૃથક્ત્વે-બે દિવસથી નવ દિવસે આહારની ઇચ્છા થાય છે' એમ કહેવું. આ કથન પલ્યોપમના અસંખ્યાતમા ભાગના કે તેથી વધારે આયુષ્યવાળાને માટે સમજવું. બાકી બધું તેમજ જાણવું. ॥૫॥૬૪૬॥

## ।। एगिंदिएसु २-८ आहारट्ठिआइदारसत्तगं ।।

**पुढविक्काइया णं भंते। आहारट्ठी? हंता! आहारट्ठी। पुढविक्काइया णं भंते। केवतिकालस्स आहारट्ठे समुप्पज्जति? गोयमा। अणुसमयं अविरहिए आहारट्ठे समुप्पज्जति। पुढविक्काइया णं भंते! किमाहारमाहारेन्ति? एवं जहा णेरइयाणं जाव ताई कतिदिसिं आहारेन्ति? गोयमा! निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं सिय चउदिसिं सिय पंचदिसिं, णवरं ओसन्नकारणं ण भवति। वण्णओ कालनीललोहितहालिद्दसुक्किल्लाइं, गंधओ सुब्भिगंध-दुब्भिगंधाई, रसओ तित्त-कडुय-कसाय-अंबिल-महुराइं, फासओ कक्खड-मउय-गुरुय-लहुय-सीण-उण-णिद्ध-लुक्खाइं, तेसिं पोराणे वण्णगुणे सेसं जहा णेरइयाणं जाव आहच्च णीससंति। पुढविक्काइया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति तेसिं णं भंते! पोग्गलाणं सेयालंसि कतिभागं आहारेन्ति, कतिभागं आसाएंति? गोयमा! असंखेज्जतिभागं आहारेन्ति, अणंतभागं आसाएंति। पुढविक्काइया णं भंते! जे पोग्गले आहारत्ताए गिण्हंति ते किं सव्वे आहारेन्ति, णो सव्वे आहारेन्ति? जहेव णेरइया तहेव। पुढविक्काइया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते णं तेसिं पोग्गला कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति? गोयमा! फासिंदियवेमायत्ताए भुज्जो भुज्जो परिणमंति, एवं जाव वणस्सइकाइयाणं ।।सू०-६।।६४७।।**

*(મૂ૦) હે ભગવન્! પૃથિવીકાયિકો આહારની ઇચ્છાવાળા હોય? હા, આહારની ઇચ્છાવાળા હોય. હે ભગવન્! પૃથિવીકાયિકોને*

*કેટલા કાળે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય? હે ગૌતમ! તેને પ્રતિસમય નિરંતર આહારની ઇચ્છા હોય છે. હે ભગવન્! પૃથિવીકાયિકો શેનો આહાર કરે છે? એ પ્રમાણે જેમ નૈરયિકોને કહ્યું તેમ કહેવું. યાવત્ કેટલી દિશાથી આવેલાં પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે? હે ગૌતમ! વ્યાઘાત-પ્રતિબન્ધ સિવાય છ દિશાથી આવેલાં અને વ્યાઘાતને આશ્રયી કદાચ ત્રણ દિશાથી આવેલાં, કદાચ ચાર દિશાથી આવેલાં અને કદાચ પાંચ દિશાથી આવેલાં પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે. પરન્તુ અહીં '**ओसन्नं कारणं**' સામાન્ય કારણ કહેવાનું નથી. વર્ણની અપેક્ષાએ કાળાં, લીલાં, લાલ, પીળાં અને શુક્લ વર્ણવાળાં, ગન્ધની અપેક્ષાએ સુગન્ધી અને દુર્ગન્ધી, રસની અપેક્ષાએ તીખાં, કડવા, તૂરા, ખાટા અને મધુર રસવાળાં અને સ્પર્શની અપેક્ષાએ કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષસ્પર્શવાળાં પુદ્ગલો તેઓના પૂર્વના વર્ણગુણોને વિપરિણમાવી—ઇત્યાદિ બધું નૈરયિકોને કહ્યું તેમ કહેવું. યાવત્ કદાચિત્ નિઃશ્વાસ લે છે. હે ભગવન્! પૃથિવીકાયિકો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલોનો કેટલામો ભાગ ભવિષ્ય કાળે આહાર કરે છે—આહારના પરિણામને યોગ્ય કરે છે અને કેટલા ભાગનો આસ્વાદ લે છે? હે ગૌતમ! અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનન્તમા ભાગનો આસ્વાદ લે છે. હે ભગવન્! પૃથિવીકાયિકો જે પુદ્ગલોને આહારપણે [વિશિષ્ટ રૂપે] ગ્રહણ કરે છે શું તે બધાનો આહાર કરે છે—આહારના પરિણામને યોગ્ય કરે છે કે બધાનો આહાર કરતો નથી? જેમ નૈરયિકો સંબન્ધે કહ્યું તેમ કહેવું. હે ભગવન્! જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલો તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે? હે ગૌતમ! સ્પર્શેન્દ્રિયના વિવિધ પ્રકારે વારંવાર પરિણમે છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. ॥૬॥૬૪૭॥*

(ટી૦) હવે પૃથિવીકાયિકો સંબન્ધે આ સાત અધિકારોનો વિચાર કરવાની ઇચ્છાવાળાં સૂત્રકાર કહે છે—'**पुढवीकाइया णं भंते!**'-હે ભગવન્! પૃથિવીકાયિકો આહારની ઇચ્છાવાળા હોય? ઇત્યાદિ. 'પૃથિવીકાયિકોના સૂત્રનો પૂર્વની પેઠે વિચાર કરવો, પરન્તુ **निव्वाघाएणं छद्दिसिं**' ઇત્યાદિ. 'નિર્વ્યાઘાત-વ્યાઘાતનો અભાવ હોય ત્યારે અવશ્ય છ દિશામાં રહેલા-છ દિશામાંથી આવેલા પુદ્ગલોનો આહાર કરે છે.' વ્યાઘાત એટલે અલોકાકાશ વડે સ્ખલના-પ્રતિબન્ધ થવો, વ્યાઘાતને આશ્રયી લોકના નિષ્કુટાદિ-ગવાક્ષાદિને વિશે કદાચિત્ ત્રણ દિશાથી આવેલાં, કદાચિત્ ચાર દિશાથી આવેલાં અને કદાચિત્ પાંચ દિશાથી આવેલા પુદ્ગલ દ્રવ્યોનો આહાર કરે છે. અહીં આ ભાવાર્થ છે—જ્યારે પૃથિવીકાયિક જીવ '**लोकनिष्कुट**'-લોકના ગવાક્ષ જેવા પ્રાન્ત ભાગને વિષે છેલ્લે નીચેના પ્રતરના અગ્નિ ખુણામાં રહેલો હોય છે ત્યારે તેની નીચેનો ભાગ અલોક વડે વ્યાપ્ત હોવાથી અધોદિશાના પુદ્ગલોનો અભાવ હોય છે. અગ્નિ ખુણામાં રહેલો હોવાથી પૂર્વ દિશાના અને દક્ષિણ દિશાના પુદ્ગલોનો અભાવ હોય છે, એ પ્રમાણે તેની અધોદિશા, પૂર્વ દિશા અને દક્ષિણ દિશા અલોક વડે વ્યાપેલી હોવાથી તેને છોડી જે બાકી રહેલી ઊર્ધ્વ, પશ્ચિમ અને ઉત્તર દિશા અબાધિત છે, તેથી તે દિશા અને દક્ષિણ દિશા તરફથી આવેલા પુદ્ગલોનો આહાર કરે છે. જ્યારે તે પૃથિવીકાયિક પશ્ચિમ દિશામાં રહે છે, ત્યારે પૂર્વ દિશા અધિક થાય છે. અને દક્ષિણ અને અધો એ બે દિશા અલોક વડે વ્યાઘાતવાળી છે, માટે તે ચારે દિશાથી આવેલા પુદ્ગલોનો આહાર કરે છે. જ્યારે ઉપરના બીજા આદિ પ્રતરમાં રહેલ પશ્ચિમ દિશાને અવલંબીને રહે છે, ત્યારે નીચેની પણ દિશા અધિક હોય છે, કેવળ પર્યન્તવર્તી એક દક્ષિણ દિશા અલોક વડે વ્યાઘાતવાળી છે, માટે પાંચ દિશાથી આવેલા પુદ્ગલોનો આહાર કરે છે. બાકીનું બધું સૂત્ર પૂર્વની પેઠે કહેવું. જે વિશેષતા છે તે બતાવે છે—પરન્તુ '**ओसन्नं कारणं न भन्नइ**' 'સામાન્ય કારણને આશ્રયી કહેવાનું નથી' ઇત્યાદિ સુગમ છે 'સ્પર્શનેન્દ્રિયની વિમાત્રા-વિષમ માત્રા, વિવિધતા વડે તેના ઇષ્ટ અનિષ્ટ અનેક ભેદ રૂપે પરિણમે છે એ ભાવાર્થ છે. પરન્તુ નારકોની પેઠે એકાન્ત અશુભ રૂપે અને દેવોની પેઠે એકાન્ત શુભ રૂપે પરિણમતા નથી. જેમ પૃથિવીકાયિકો સંબન્ધે સૂત્ર કહ્યું તેમ અપ્, તેજસ્ અને વનસ્પતિકાયિકોને પણ કહેવું. કારણ કે બધાય સકલ લોકવ્યાપી હોવાથી તેઓમાં વિશેષતા નથી. ॥૬॥૬૪૭॥

## ।। विगलिंदिएसु २-८ आहारट्ठिआइदारसत्तगं ।।

**बेइंदिया णं भंते! आहारट्ठी? हन्ता गोयमा! आहारट्ठी। बेइंदिया णं भंते! केवतिकालस्स आहारट्ठे समुप्पज्जति? जहा णेरइयाणं, णवरं तत्थ णं जे से आभोगणिव्वत्तिए से णं असंखिज्जसमइए अंतोमुहुत्तिए वेमायाए आहारट्ठे समुप्पज्जति, सेसं जहा पुढविक्काइयाणं, जाव आहच्च णीससंति, णवरं णियमा छद्दिसिं। बेइंदियाणं भंते! [पुच्छा] जे पोग्गले आहारत्ताए गेण्हंति ते णं तेसिं पोग्गलाणं सेयालंसि कतिभागं आहारेन्ति कतिभागं आसाएंति? एवं जहा णेरइयाणं। बेइंदिया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं सव्वे आहारेन्ति, णो सव्वे आहारेंति? गोयमा! बेइंदियाणं दुविहे आहारे पण्णत्ते, तं जहा–लोमाहारे य पक्खेवाहारे य, जे पोग्गले लोमाहारत्ताए गेण्हति ते सव्वे अपरिसेसे आहारेन्ति, जे पोग्गले पक्खेवाहारत्ताए गेण्हंति तेसिं असंखेज्जइभागमाहारेन्ति, णेगाइं च णं भागसहस्साइं अफासाइज्जमाणाणं अणासाइज्जमाणाणं विद्धंसमागच्छंति। एतेसिं णं भंते! पोग्गल्लाणं अणासाइज्जमाणाणं अफासाइज्जमाणाण य कयरे कयरेहिंतो ४? गोयमा! सव्वत्थोवा पोग्गला अणासाइज्जमाणा, अफासाइज्जमाणा अणंतगुणा। बेइंदियाणं भंते! जे पोग्गला आहारत्ताए--पुच्छा। गोयमा! जिब्भिंदिय-फासिंदियवेमायत्ताए ते तेसिं भुज्जो भुज्जो परिणमंति। एवं जाव चउरिंदिया, णवरं णेगाइं च णं भागसहस्साइं अणाघाइज्जमाणाइं अणासाइज्जमाणाइं अफासाइज्जमाणाइं विद्धंसमागच्छंति। एतेसिं णं भंते! पोग्गलाणं अणाघाइज्जमाणाणं अणासाइज्जमाणाणं अफासाइज्जमाणाण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा पोग्गला अणाघाइज्जमाणा, अणासाइज्जमाणा अणंतगुणा, अफासाइज्जमाणा अणंतगुणा ।।सू०-७।।६४८।।**

*(મૂ૦) હે ભગવન્! બેઈન્દ્રિયો આહારની ઇચ્છાવાળા હોય? હા, આહારની ઇચ્છાવાળા હોય. હે ભગવન્! બેઈન્દ્રિયોને આહારનો અભિલાષ કેટલા કાળે થાય? હે ગૌતમ! નૈરયિકોને પેઠે જાણવું. પરન્તુ તેમાં જે આભોગનિર્વર્તિત–ઇચ્છાપૂર્વક આહાર છે તે સંબધે અસંખ્યાત સમય પ્રમાણ અન્તર્મુહૂર્ત ગયે વિવિધ રૂપે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. બાકી બધું પૃથિવીકાયિકોને કહ્યું તેમ 'जाव आहच्च नीससंति' યાવત્ કદાચિત્ નિઃશ્વાસ લે છે ત્યાં સુધી કહેવું. પરન્તુ એટલી વિશેષતા છે કે તેઓ અવશ્ય છ દિશાથી આવેલા પુદ્ગલોનો આહાર કરે છે. હે ભગવન્! બેઈન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોના કેટલા ભાગનો ભવિષ્ય કાળે આહારરૂપ પરિણામ કરે છે અને કેટલા ભાગનો આસ્વાદ લે છે—એ પ્રમાણે જેમ નૈરયિકોને કહ્યું તેમ કહેવું. હે ભગવન્! બેઈન્દ્રિય જીવો જે પુદ્ગલોને આહાર રૂપે [વિશિષ્ટ] ગ્રહણ કરે છે શું તે બધાનો આહાર કરે છે કે બધાનો આહાર કરતાં નથી? હે ગૌતમ! બેઈન્દ્રિયોને બે પ્રકારનો આહાર કહ્યો છે—લોમાહાર અને પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્ગલોને લોમાહારપણે ગ્રહણ કરે છે તે બધાનો સમગ્રપણેઆહાર કરે છે. અને જે પુદ્ગલોને પ્રક્ષેપાહારપણે ગ્રહણ કરે છે તેઓના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે અને અનેક હજાર ભાગો સ્પર્શ કર્યા સિવાય કે સ્વાદ લીધા સિવાય નાશ પામે છે. હે ભગવન્! સ્વાદ લીધા સિવાયના અને સ્પર્શ કર્યા સિવાયના પુદ્ગલોમાં કયા પુદ્ગલો કોનાથી અલ્પ બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પુદ્ગલો સ્વાદ લીધા સિવાયના છે, તેથી સ્પર્શ કર્યા સિવાયના પુદ્ગલો અનન્તગુણા છે. હે ભગવન્! બેઈન્દ્રિયો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તેઓને કેવા રૂપે વારંવાર પરિણમે છે? હે ગૌતમ! તેઓને જિહ્વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિવિધપણે વારંવાર પરિણમે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ તેના અનેક હજાર ભાગો સુંઘ્યા સિવાય, સ્વાદ લીધા સિવાય કે સ્પર્શ કર્યા સિવાય નાશ પામે છે. હે ભગવન્! સુંઘ્યા સિવાયના, સ્વાદ લીધા સિવાયના કે સ્પર્શ કર્યા સિવાયના*

*એ પુદ્ગલોમાં કયા પુદ્ગલો કોનાથી અલ્પ જ છે? હે ગૌતમ! સૌથી થોડા પુદ્ગલો સુંઘ્યા સિવાયના છે. તેથી સ્વાદ લીધા સિવાયના પુદ્ગલો અનન્તગુણા છે, તેથી સ્પર્શ કર્યા સિવાયના પુદ્ગલો અનન્તગુણા છે. ॥૭॥૬૪૮॥*

(ટી૦) '**बेइंदिया णं भंते! आहारट्ठी?**' હે ભગવન્! બેઇન્દ્રિયો આહારની ઇચ્છાવાળા હોય છે—ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરન્તુ બેઇન્દ્રિયોને બે પ્રકારનો આહાર છે—લોમાહાર અને પ્રક્ષેપાહાર, લોમ-રોમકૂપ, તે વડે જે આહાર ગ્રહણ થાય તે લોમાહાર. જેનો મુખમાં પ્રક્ષેપ કરાય તે પ્રક્ષેપાહાર કે કવલાહાર કહેવાય છે. તેમાં જે સામાન્ય રીતે વર્ષાદિ કાળને વિષે શરીરમાં પુદ્ગલોનો પ્રવેશ જે મૂત્રાદિ વડે જાણી શકાય છે તે લોમાહાર સમજવો. અને મુખમાં કોળીઆ લેવા વડે જે આહાર કરવો તે પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્ગલોને લોમાહારપણે ગ્રહણ કરે છે તે બધાનો અપરિશેષપણે-સમગ્રપણે આહાર કરે છે, કારણ કે તે પુદ્ગલોનો તેવા પ્રકારનો સ્વભાવ છે. જે પુદ્ગલોને પ્રક્ષેપાહારપણે ગ્રહણ કરે છે તેઓના અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે. અને 'અનેક હજાર ભાગો'- ઘણાં અસંખ્યાતા ભાગો સ્પર્શ કર્યા સિવાય અને સ્વાદ લીધા સિવાય નાશ પામે છે. તાત્પર્ય એ છે કે ઘણાં દ્રવ્યો અંદર અને બહાર નહિ સ્પર્શ કરાયેલાં, તેમ નહિ સ્વાદ લીધેલા નાશ પામે છે. પરન્તુ કેટલાક અતિ સ્થૂલપણાથી અને કેટલાક અતિ સૂક્ષ્મપણાથી યથા સંભવ નાશ પામે છે. હવે નહિ સ્પર્શ કરાયેલા અને આસ્વાદ નહિ લીધેલા પુદ્ગલોનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે— '**एएसिणं भंते! पुग्गलाणं अणासाइज्जमाणाणं**' ઇત્યાદિ. અહીં આહારના એક એક સ્પર્શ યોગ્ય ભાગને વિષે અનન્તમો ભાગ આસ્વાદને યોગ્ય હોય છે. આસ્વાદને યોગ્ય પુદ્ગલોમાં કેટલાએક આસ્વાદને પ્રાપ્ત થાય છે અને કેટલાએક આસ્વાદને પ્રાપ્ત થતા નથી. તેથી જે આસ્વાદને નહિ પ્રાપ્ત થયેલા પુદ્ગલો છે તે થોડા જ છે, કારણ કે જેનો સ્પર્શ કરાયેલો નથી તેવા પુદ્ગલોની અપેક્ષાએ તેઓ અનન્તમા ભાગના છે, અને જેનો સ્પર્શ કરાયેલો નથી તેવા પુદ્ગલો અનન્તગુણા છે. બેઇન્દ્રિયો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે, તે તેઓને '**जिब्भिदियफासिंदियवेमायत्ताए**' જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની વિમાત્રા-વિષમ માત્રા વડે-વિવિધપણે પરિણમે છે, અહીં વિષમ માત્રાનો વિચાર પૂર્વની પેઠે જાણવો. '**एवं जाव चउरिंदिया**' એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી જાણવું.' એટલે બેઇન્દ્રિયોને જે પ્રકારે કહ્યું છે તે પ્રમાણે ચઉરિન્દ્રિય સૂત્ર સુધી કહેવું. કારણ કે તેઓની સમાન વક્તવ્યતા છે. તેઓમાં જે વિશેષતા છે તે બતાવે છે— '**नवरं**' ઇત્યાદિ. પરન્તુ જે પુદ્ગલોને પ્રક્ષેપાહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલોના એક અસંખ્યાતમા ભાગનો આહાર કરે છે, અને અનેક હજાર ભાગો-ઘણા અસંખ્યાતા ભાગો સુંઘ્યા સિવાય, સ્પર્શ કર્યા સિવાય અને સ્વાદ લીધા સિવાય નાશ પામે છે તે પણ યથા સંભવ અતિ સ્થૂલપણાથી કે અતિસૂક્ષ્મપણાથી જાણવા. અહીં જ અલ્પબહુત્વ કહે છે— '**एएसि णं भंते**'! ઇત્યાદિ. અહીં એક એક સ્પર્શ યોગ્ય ભાગને વિશે અનન્તમો ભાગ આસ્વાદ કરવા યોગ્ય છે અને અનન્તમો ભાગ સુંઘવા યોગ્ય છે માટે ઉપર કહ્યા પ્રમાણે અલ્પબહુત્વ થાય છે. બાકી બધું સુગમ છે. ॥૭॥૬૪૮॥

**तेइंदियाणं भंते! जे पोग्गला-पुच्छा। गोयमा! [ते णं पोग्गला] घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियवेमायत्ताए ते तेसिं भुज्जो भुज्जो परिणमंति। चउरिंदियाणं चक्खिदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासिंदियवेमायत्ताए तेसिं भुज्जो भुज्जो परिणमंति, सेसं जहा तेइंदियाणं।**

## ।। पंचेंदियतिरिक्खाईसु एवं वेमाणिएसु २-८ आहारट्ठिआइदारसत्तगं ।।

**पंचिंदियतिरिक्खजोणिया जहा तेइंदिया(णं), णवरं तत्थ णं जे से आभोगणिव्वत्तिए से जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेणं छट्ठभत्तस्स आहारट्ठे समुप्पज्जति। पंचिंदियतिरिक्खजोणिया णं भंते! जे पोग्गले आहारत्ताए—पुच्छा। गोयमा! सोइंदिय-चक्खिदिय-घाणिंदिय-जिब्भिंदिय-फासेंदियवेमायत्ताए भुज्जो भुज्जो परिणमंति। मणूसा एवं चेव, णवरं आभोगणिव्वत्तिए जहन्नेणं अंतोमुहुत्तस्स, उक्कोसेणं अट्ठमभत्तस्स आहारट्ठे समुप्पज्जति। वाणमंतरा जहा नागकुमारा, एवं जोइसिया वि, णवरं आभोगणिव्वत्तिए जहन्नेणं दिवसपुहत्तस्स, उक्कोसेण वि दिवसपुहत्तस्स आहारट्ठे समुप्पज्जति, एवं वेमाणिया वि, णवरं आभोगणिव्वत्तिए जहन्नेणं दिवसपुहुत्तस्स,**

उक्कोसेणं तेत्तीसाए वाससहस्साणं आहारट्ठे समुप्पज्जति, सेसं जहा असुरकुमाराणं, जाव ते तेसिं भुज्जो भुज्जो परिणमंति। सोहम्मे आभोगणिव्वत्तिए जहण्णेणं दिवसपुहुत्तस्स, उक्कोसेणं दोण्हं वाससहस्साणं आहारट्ठे समुप्पज्जइ। ईसाणाणं पुच्छा। गोयमा! जहण्णेणं दिवसपुहुत्तस्स, सातिरेगस्स, उक्कोसेणं सातिरेगाणं दोण्हं वाससहस्साणं। सणंकुमाराणं पुच्छा। गोयमा! जहण्णेणं दोण्हं वाससहस्साणं, उक्कोसेणं सत्तण्हं वाससहस्साणं। माहिंदे पुच्छा। गोयमा! जहण्णेणं दोण्हं वाससहस्साणं सातिरेगाणं, उक्कोसेणं सत्तण्हं वाससहस्साणं सातिरेगाणं। बंभलोए णं पुच्छा। गोयमा! जहण्णेणं सत्तण्हं वाससहस्साणं, उक्कोसेणं दसण्हं वाससहस्साणं। लंतए णं पुच्छा। गोयमा! जहण्णेणं दसण्हं वाससहस्साणं, उक्कोसेणं चोद्दसण्हं वाससहस्साणं आहारट्ठे समुप्पज्जइ। महासुक्के णं पुच्छा। गोयमा! जहण्णेणं चोद्दसण्हं वाससहस्साणं, उक्कोसेणं सत्तरसण्हं वाससहस्साणं। सहस्सारे णं पुच्छा। गोयमा! जहण्णेणं सत्तरसण्हं वाससहस्साणं, उक्कोसेणं अट्ठारसण्हं वाससहस्साणं। आणए णं पुच्छा। गोयमा! जहण्णेणं अट्ठारसण्हं वाससहस्साणं, उक्कोसेणं एगूणवीसाए वाससहस्साणं। पाणए णं पुच्छा। गोयमा! जहण्णेणं एगूणवीसाए वाससहस्साणं. उक्कोसेणं वीसाए वाससहस्साणं। आरणे णं पुच्छा। गोयमा! जहण्णेणं वीसाए वाससहस्साणं, उक्कोसेणं एक्कवीसाए वाससहस्साणं। अच्चुए णं पुच्छा। गोयमा! जहण्णेणं एक्कवीसाए वाससहस्साणं, उक्कोसेणं बावीसाए वाससहस्साणं। हिट्ठिमहिट्ठिमगेवेज्जगाणं पुच्छा। गोयमा! जहण्णेणं बावीसाए वाससहस्साणं, उक्कोसेणं तेवीसाए वाससहस्साणं, एवं सव्वत्थ सहस्साणि भाणियव्वाणि, जाव सव्वट्ठं। हिट्ठिममज्झिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं तेवीसाए, उक्कोसेणं चउवीसाए। हेट्ठिमउवरिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं चउवीसाए, उक्कोसेणं पणुवीसाए। मज्झिमहेट्ठिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं पणुवीसाए, उक्कोसेणं छव्वीसाए। मज्झिममज्झिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं छव्वीसाए, उक्कोसेणं सत्तावीसाए। मज्झिमउवरिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं सत्तावीसाए, उक्कोसेणं अट्ठावीसाए। उवरिमहेट्ठिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं अट्ठावीसाए, उक्कोसेणं एगूणतीसाए। उवरिममज्झिमाणं पुच्छा। गोयमा! जहण्णेणं एक्कूणतीसाए, उक्कोसेणं तीसाए। उवरिमउवरिगेवेज्जगाणं पुच्छा। गोयमा! जहण्णेणं तीसाए, उक्कोसेणं एगतीसाए। विजय-वेजयंत-जयंत-अपराजियाणं पुच्छा। गोयमा! जहण्णेणं एगतीसाए, उक्कोसेणं तेत्तीसाए। सव्वट्ठग[सिद्ध]देवाणं पुच्छा। गोयमा! अजहण्णमणुक्कोसेणं तेत्तीसाए वाससहस्साणं आहारट्ठे समुप्पज्जति ।।सू०-८।।६४९।।

*(મૂ૦) હે ભગવન્! તેઇન્દ્રિયો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્‌ગલો તેઓને કેવા રૂપે પરિણમે છે? હે ગૌતમ! તે પુદ્‌ગલો ઘ્રાણેન્દ્રિય, જિહ્‌વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયના વિવિધ રૂપે વારંવાર પરિણમે છે. ચઉરિન્દ્રિયોને ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્‌વેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિયની વિમાત્રા-વિવિધ રૂપે તે પુદ્‌ગલો વારંવાર પરિણમે છે, બાકી બધું તેઇન્દ્રિયોની પેઠે જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો તેઇન્દ્રિયોની પેઠે સમજવા. પરન્તુ તેમાં જે આભોગનિર્વર્તિત-ઇચ્છાપૂર્વક આહાર છે તે સંબન્ધે જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બે દિવસે તેઓને આહારની ઇચ્છા થાય છે. પંચેન્દ્રિય તિર્યંચો જે પુદ્‌ગલો આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્‌ગલો તેને કેવા રૂપે પરિણમે છે? હે ગૌતમ! શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્‌વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના વિવિધ રૂપે વારંવાર પરિણમે છે. મનુષ્યો પણ એમજ સમજવા. પરન્તુ આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી અન્તર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટ ત્રણ દિવસે આહારની ઇચ્છા થાય છે. વ્યન્તરો નાગકુમારની પેઠે જાણવા. એમ જ્યોતિષિક દેવો પણ જાણવા. પણ આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી દિવસપૃથક્ત્વે-બે*

દિવસથી નવ દિવસે અને ઉત્કૃષ્ટથી પણ દિવસપૃથક્ત્વે આહારની ઇચ્છા થાય છે. એ પ્રમાણે વૈમાનિકો પણ જાણવા. પરન્તુ આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી દિવસપૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી તેત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. બાકી બધું અસુરકુમારોની પેઠે 'जाव एतेसिं भुज्जो भुज्जो परिणमन्ति' યાવત્–એઓને વારંવાર પરિણમે છે–ત્યાં સુધી જાણવું. સૌધર્મ દેવલોકમાં આભોગનિર્વર્તિત આહાર સંબન્ધે જઘન્યથી દિવસપૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી બે હજાર વરસે આહારાભિલાષ થાય છે. ઈશાન દેવલોક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી કંઇક અધિક દિવસપૃથક્ત્વે અને ઉત્કૃષ્ટથી કંઇક અધિક બે હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. સનત્કુમાર દેવો સંબંધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી બે હજાર વરસે અને ઉત્કૃષ્ટથી કંઈક અધિક સાત હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. માહેન્દ્ર દેવો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી કંઈક અધિક બે હજાર વરસે અને ઉત્કૃષ્ટથી દસ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. બ્રહ્મલોક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી સાત હજાર વરસે અને ઉત્કૃષ્ટથી દસ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. લાંતક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી દસ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી ચૌદ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. મહાશુક્ર દેવ સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી ચૌદ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી સત્તર હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. સહસ્રાર દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી સત્તર હજાર વરસે અને ઉત્કૃષ્ટથી અઢાર હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. આનત દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અઢાર હજાર વરસે અને ઉત્કૃષ્ટથી ઓગણીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. પ્રાણત સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી ઓગણીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી વીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. આરણદેવ સંબન્ધે પ્રશ્ન. જઘન્યથી વીસ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી એકવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. અચ્યુત સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એકવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી બાવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. નીચેની ત્રિકના નીચેના ગ્રૈવેયક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી બાવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી તેવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. એ પ્રમાણે બધે [જેટલા સાગરોપમનું આયુષ્ય હોય] તેટલા હજાર વરસો સર્વાર્થસિદ્ધ સુધી કહેવા. નીચેની ત્રિકના મધ્યમ ગ્રૈવયેકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી તેવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી ચોવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી ચોવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી પચીશ હજાર વરસે તેઓને આહારની ઇચ્છા થાય છે. નીચેની ત્રિકના ઉપરના ગ્રૈવયકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી ચોવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી પચીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. મધ્યમ ત્રિકની નીચેના ગ્રૈવયક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી પચીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી છવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. મધ્યમ ત્રિકના મધ્યમ ગ્રૈવેયક સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી છવ્વીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી સત્યાવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. મધ્યમ ત્રિકની ઉપરના ગ્રૈવેયક દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! જઘન્યથી સત્યાવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી અઠ્યાવીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. ઉપરની ત્રિકના નીચેના ગ્રૈવયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી અઠ્યાવીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી ઓગણત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. ઉપરની ત્રિકના મધ્યમ ગ્રૈવેયક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી ઓગણત્રીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી ત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવયક સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી ત્રીશ હજાર વરસે અને ઉત્કૃષ્ટથી એકત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્યથી એકત્રીશ હજાર અને ઉત્કૃષ્ટથી તેત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે, સર્વાર્થસિદ્ધ દેવો સંબન્ધે પૃચ્છા, હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ સિવાય તેત્રીશ હજાર વરસે આહારની ઇચ્છા થાય છે. ॥૮॥૬૪૯॥

(ટી૦) પંચેન્દ્રિય સૂત્રમાં જઘન્યથી 'अंतोमुहुत्तस्स' અહીં ષષ્ઠી વિભક્તિનો અર્થ સતી સપ્તમીના જેવો હોવાથી અન્તર્મુહૂર્ત ગયે છતે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. અને ઉત્કૃષ્ટથી ષષ્ટ ભક્ત–બે દિવસ ગયા પછી આહારની ઇચ્છા થાય છે. આ દેવકુરુ અને

ઉત્તર કુરુના તિર્યંચ પંચેન્દ્રિયની અપેક્ષાએ સમજવું. મનુષ્ય સૂત્રમાં પણ '**उक्कोसेणं अट्ठमभत्तस्स**' ઉત્કૃષ્ટથી અષ્ટમભક્ત-ત્રણ દિવસ ગયા પછી આહારની ઇચ્છા થાય છે. એ દેવકુરુ અને ઉત્તર કુરુને આશ્રયી સમજવું. વ્યન્તર સૂત્રમાં નાગકુમાર સૂત્રની પેઠે કહેવું. જ્યોતિષિક સૂત્ર પણ તેમજ સમજવું. જે વિશેષ છે તે બતાવે છ—'**नवरं जहण्णेण वि दिवसपुहुत्तस्स, उक्कोसेणवि दिवसपुहुत्तस्स**' त्ति. 'પરન્તુ જઘન્યથી દિવસ પૃથક્ત્વ ગયા પછી અને ઉત્કૃષ્ટથી પણ દિવસ પૃથક્ત્વ ગયા બાદ આહારની ઇચ્છા થાય છે'. જ્યોતિષિકો જઘન્યથી પણ પલ્યોપમના આઠમા ભાગના આયુષ્યવાળા હોય છે, તેથી તેઓને જઘન્ય પદે પણ દિવસપૃથક્ત્વ (બે દિવસથી નવ દિવસ) વ્યતીત થયા પછી પુનઃ આહારની ઇચ્છા થાય છે. વૈમાનિક સૂત્રમાં '**नवरमाभोगनिव्वत्तिए जहण्णेणं दिवसपुहुत्तस्स**'-પરંતુ એટલો વિશેષ છે કે 'આભોગ નિર્વર્તિત આહાર-ઇચ્છાપૂર્વક આહાર જઘન્ય દિવસ પૃથક્ત્વે હોય છે, તે પલ્યોપમાદિના આયુષ્યવાળા માટે જાણવું. અને ઉત્કૃષ્ટથી તેત્રીશ હજાર વરસે હોય છે, તે અનુત્તર દેવોને આશ્રયી જાણવું. અહીં જેની જેટલા સાગરોપમની સ્થિતિ હોય તેને તેટલા હજાર વરસ વીત્યા બાદ ફરી આહારની ઇચ્છા થાય છે. તેથી આ નિયમને આશ્રયી સૌધર્માદિ દેવલોકમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સ્થિતિનું પરિમાણ વિચારીને સર્વ વૈમાનિક સૂત્ર જાણવું.॥૮॥૬૪૯॥

## ।। चउवीसदंडएसु एगिंदियसरीरादि दारं ।।

**णेरइयाणं भंते! किं एगिंदियसरीराइं आहारेन्ति जाव पंचिंदियसरीराइं आहारेन्ति? गोयमा! पुव्वभावपण्णवणं पडुच्च एगिंदियसरीराइं पि आहारेन्ति जाव पंचिंदिय सरीराइं। पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा पंचिंदियसरीराइं आहारेन्ति, एवं जाव थणियकुमारा। पुढविक्काइयाणं पुच्छा। गोयमा! पुव्वभावपण्णवणं पडुच्च एवं चेव, पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा एगिंदियसरीराइं आहारेन्ति। बेइंदिया पुव्वभावपण्णवणं पडुच्च एवं चेव, पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा बेइंदियासरीराइं आहारेन्ति, एवं जाव चउरिंदिया जाव पुव्वभावपण्णवणं पडुच्च, एवं पडुप्पण्णभावपण्णवणं पडुच्च णियमा जस्स जति इंदियाइं [1]तइंदियासरीराइं आहारेन्ति, सेसा जहा णेरइया, जाव वेमाणिया।**

## ।। चउवीसदंडएसु १० लोमाहारदारं ।।

**नेरइया णं भंते! किं लोमाहारा पक्खेवाहारा? गोयमा! लोमाहारा, नो पक्खेवाहारा, एवं एगिंदिया सव्वे देवा य भाणियव्वा, जाव वेमाणिया। बेइंदिया जाव मणूसा लोमाहारा वि पक्खेवाहारा वि।।सू०-९।।६५०।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો શું એકેન્દ્રિય શરીરોનો આહાર કરે કે યાવત્ પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે? હે ગૌતમ! પૂર્વ ભાવની પ્રજ્ઞાપનાને આશ્રયી એકેન્દ્રિય શરીરોનો પણ આહાર કરે છે, યાવત્ પંચેન્દ્રિય શરીરોનો પણ આહાર કરે છે. અને પ્રત્યુત્પન્ન-વર્તમાન ભાવની પ્રજ્ઞાપનાને અનુસરી અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. એમ સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પૂર્વભાવની પ્રજ્ઞાપનાને આશ્રયી એમ જ સમજવું. પ્રત્યુત્પન્ન—વર્તમાન ભાવની પ્રજ્ઞાપનાની અપેક્ષાએ અવશ્ય એકેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. બેઇન્દ્રિયો પૂર્વભાવની પ્રજ્ઞાભાવની પ્રજ્ઞાપનાને આશ્રયી એમજ જાણવા. અને પ્રત્યુપન્ન ભાવ પ્રજ્ઞાપનાને આશ્રયી અવશ્ય બેઇન્દ્રિય શરીરોનો આહાર કરે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી પૂર્વભાવ પ્રજ્ઞાપનાને આશ્રયી જાણવું. અને પ્રત્યુપન્ન ભાવ પ્રજ્ઞાપનાને આશ્રયી અવશ્ય જેને જેટલી ઇન્દ્રિયો હોય તે તેટલી ઇન્દ્રિયવાળા શરીરોનો આહાર કરે છે. બાકી બધું નૈરયિકોની પેઠે યાવત્ વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો લોમાહારવાળા છે કે પ્રક્ષેપાહારવાળા છે? હે ગૌતમ! લોમાહારવાળા છે પણ પ્રક્ષેપાહારવાળા નથી. એ પ્રમાણે એકેન્દ્રિયો અને સર્વ દેવો કહેવા. બેઇન્દ્રિયો યાવત્ મનુષ્યો લોમાહારવાળા પણ હોય છે અને પ્રક્ષેપાહારવાળા પણ હોય છે. ॥૯॥૬૫૦॥*

---

१. तइ+इंदियाइं=तइंदियाइं

(ટી૦) હવે એકેન્દ્રિય શરીરાદિ સંબન્ધે અધિકાર કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**नेरइया णं भंते!**' હે ભગવન્!- નૈરયિકો એકેન્દ્રિયના શરીરોનો આહાર કરે છે? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તર સૂત્ર કહે છે—'**गोयमा**'! હે ગૌતમ! પૂર્વભાવની પ્રજ્ઞાપના–પ્રરૂપણાને આશ્રયી એકેન્દ્રિયના શરીરોનો પણ આહાર કરે છે, યાવત્ શબ્દ કહેવાથી બેઇંદ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયના શરીરો ગ્રહણ કરવા. તથા પંચેન્દ્રિયશરીરોનો પણ આહાર કરે છે. અહીં તાત્પર્ય આ છે–જ્યારે આહારપણે ગ્રહણ કરાતા પુદ્ગલોના અતીત–ભૂતકાળના ભાવ—પરિણામનો વિચાર કરીએ ત્યારે તે કેટલા એક કોઇ કાળે એકેન્દ્રિય શરીર રૂપે પરિણમેલા હતા, કદાચિત્ બેઇન્દ્રિય શરીર રૂપે પરિણમેલાં, કદાચિત્ તેઇન્દ્રિય શરીરરૂપે, કદાચિત્ ચઉરિન્દ્રિય શરીરરૂપે અને કદાચિત્ પંચેન્દ્રિય શરીરરૂપે પરિણમેલાં હતાં, તેથી જ્યારે ભૂતકાળના પરિણામનો અત્યારે વર્તમાનમાં આરોપ કરીને વિવક્ષા કરીએ ત્યારે નૈરયિકો એકેન્દ્રિય શરીરોનો પણ યાવત્ પંચેન્દ્રિય શરીરોનો પણ આહાર કરે છે. '**पडुप्पन्नभावपण्णवणं पडुच्च**' ઇત્યાદિ. પ્રત્યુત્પન્ન–વર્તમાન ભાવની પ્રજ્ઞાપના–પ્રરુપણાને આશ્રયી અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. કેવી રીતે કરે છે? તેનો ઉત્તર આ પ્રમાણે છે—અહીં ઋજુસૂત્ર નય વર્તમાન કાળના ભાવની પ્રરુપણા કરે છે, પણ બાકીના નૈગમાદિ નયો કરતા નથી. ઋજુસૂત્ર નય '**क्रियमाणं कृतम्**' કરાતું હોય તે કરેલું, જેનો આહાર કરાતો હોય તે આહાર કરેલું અને પરિણમતું હોય તે પરિણમેલું' માને છે. આહાર કરાતા પુદ્ગલ તે કહેવાય છે કે જે સ્વશરીરરૂપે પરિણમે છે. જેનો આહાર કરાતો હોય તે આહાર કરેલું અને પરિણમતું હોય તે પરિણમેલું હોવાથી તેના મતે સ્વશરીરનો જ આહાર કરાય છે અને નૈરયિકોનું સ્વશરીર પંચેન્દ્રિય શરીર છે, અને પંચેન્દ્રિયશરીર હોવાથી કહ્યું છે કે તેઓ અવશ્ય પંચેન્દ્રિય શરીરોનો આહાર કરે છે. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવો કહેવા. પૃથિવીકાયિક સૂત્રમાં પ્રત્યુત્પન્ન–વર્તમાન ભાવની પ્રરુપણાના વિચારમાં 'તેઓ અવશ્ય એકેન્દ્રિય શરીરોનો અહાર કરે છે' એમ કહેવું. કારણ કે તેઓ એકેન્દ્રિય હોવાથી તેઓના શરીરો એકેન્દ્રિયશરીરો છે. એમ બેઇન્દ્રિયસૂત્રમાં 'અવશ્ય બેઇન્દ્રિયના શરીરોનો આહાર કરે છે' એમ કહેવું, તેઇન્દ્રિયસૂત્રમાં અવશ્ય તેઇન્દ્રિયશરીરોનો અને અને ચઉરિન્દ્રિયસૂત્રમાં અવશ્ય ચઉરિન્દ્રિય શરીરોનો આહાર કરે છે. તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, વ્યન્તર, જ્યોતિષિકો અને વૈમાનિકો નૈરયિકની પેઠે કહેવા. તે પ્રમાણ સૂત્રકાર '**पुढवीकाइयाणं पुच्छा**' ઇત્યાદિ સૂત્ર કહે છે. હવે લોમાહારનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે—'**नेरइया णं भंते! किं लोमाहारा पक्खेवाहारा**'? હે ભગવન્! નૈરયિકો લોમાહારવાળા છે કે પ્રક્ષેપાહારવાળા છે? ઇત્યાદિ સૂત્ર સુગમ છે, પરન્તુ નૈરયિકોને વૈક્રિય શરીરોનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી પ્રક્ષેપાહાર હોતો નથી, લોમાહાર પણ પર્યાપ્તને જાણવો, પણ અપર્યાપ્તને હોતો નથી. એ પ્રમાણે નૈરયિકોને કહ્યું છે તેમ પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ એકેન્દ્રિયો તથા અસુરકુમારથી માંડી વૈમાનિક સુધી બધા દેવોને કહેવું. તેમાં એકેન્દ્રિયોને મુખ નહિ હોવાથી પ્રક્ષેપાહાર હોતો નથી, અને અસુરકુમારાદિને વૈક્રિય શરીર હોવાથી અને તેના તેવા પ્રકારના સ્વભાવથી પ્રક્ષેપાહાર હોતો નથી. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો લોમાહારવાળા અને પ્રક્ષેપાહારવાળા પણ કહેવા. કારણ કે બન્ને પ્રકારના આહારનો પણ તેઓને સંભવ છે. ॥૯॥૬૫૦॥

## ।। चउवीसदंडएसु मणभक्खीदारं ।।

**णेरइया णं भंते! किं ओयाहारा मणभक्खी? गोयमा! ओयाहारा, णो मणभक्खी, एवं सव्वे ओरालियसरीरा वि। देवा सव्वे जाव वेमाणिया ओयाहारा वि मणभक्खी वि। तत्थ णं जे ते मणभक्खी देवा तेसि णं इच्छामणे समुप्पज्जइ 'इच्छामो णं मणभक्खणं करित्तए', तए णं तेहिं देवेहिं एवं मणसीकते समाणे खिप्पामेव जे पोग्गला इट्ठा कंता जाव मणामा ते तेसिं मणभक्खत्ताए परिणमंति, से जहाणामए सीता पोग्गला सीयं पप्पा सीयं चेव अइवइत्ताणं चिट्ठंति, उसिणा वा पोग्गला उसिणं पप्पा उसिणं चेव अतिवइत्ताणं चिट्ठंति, एवामेव तेहिं देवेहिं मणभक्खणे कते समाणे गोयमा! से इच्छामणे खिप्पामेव अवेति ।।सू०-१०।।६५१।।**

पन्नवणाए आहारपए पढमो उद्देसो समत्तो २३-१ ।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો ઓજઆહારવાળા અને મનોભક્ષી હોય છે? હે ગૌતમ! ઓજઆહારવાળા હોય છે પણ મનોભક્ષી હોતા નથી. એમ બધા ઔદારિક શરીરવાળા પણ જાણવા. વૈમાનિક સુધીના બધા દેવો ઓજઆહારવાળા અને મનોભક્ષી હોય છે. તેઓમાં જે મનોભક્ષી દેવો છે તેઓને 'અમે મન વડે ભક્ષણ કરવાને ઇચ્છીએ છીએ'. એવું ઇચ્છાપ્રધાન મન થાય છે. તે દેવો જ્યારે એવો વિચાર કરે છે ત્યારે તુરત જ પુદ્ગલો ઇષ્ટ, કાન્ત યાવત્ મનને અનુકૂલ છે તે તેઓને મનોભક્ષણ રૂપે પરિણમે છે. જેમ શીત પુદ્ગલો શીતયોનિવાળા જીવને આશ્રયી શીત રૂપ પરિણમીને રહે છે, ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિવાળા જીવને આશ્રયી ઉષ્ણરૂપે થઇને રહે છે, એમ તે દેવો મનોભક્ષણ કરે છે ત્યારે તેઓનું આહારનું ઇચ્છાપ્રધાન મન નિવૃત્ત-શાંત થાય છે. ॥૧૦॥૬૫૧॥*

*પ્રજ્ઞાપનામાં આહારપદનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.*

(ટી૦) હવે મનોભક્ષણરૂપ છેલ્લા અર્થાધિકારને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—**'नेरइया णं भंते! किं ओयाहारा मणभक्खी'**? હે ભગવન્! નૈરયિકો ઓજાહારવાળા અને મનોભક્ષી હોય છે? ઇત્યાદિ. ઓજસ્-ઉત્પત્તિ સ્થાને આહારયોગ્ય પુદ્ગલનો સમૂહ, જેનો ઓજસરૂપ આહાર છે તે ઓજાહારવાળા કહેવાય છે. મન વડે ભક્ષણ કરવાના સ્વભાવવાળા મનોભક્ષી કહેવાય છે. તેમાં નૈરયિકો ઓજાહારવાળા હોય છે. કારણ કે તેઓને અપર્યાપ્તાવસ્થામાં ઓજાહારનો સંભવ છે. તેઓ મનોભક્ષી નથી. મનોભક્ષણ રૂપ આહાર તે કહેવાય કે જે તેવા પ્રકારની શક્તિથી મન વડે પોતાના શરીરની પુષ્ટિ કરનારાં પુદ્ગલોનો આહાર કરાય અને જેનો આહાર કર્યા પછી તૃપ્તિપૂર્વક પરમ સંતોષ પ્રાપ્ત થાય. તે મનોભક્ષણરૂપ આહાર નૈરયિકોને નથી, કારણ કે પ્રતિકૂળ (અસાતા વેદનીય) કર્મ વડે તેવા પ્રકારનાં મન વડે ઇષ્ટ આહાર ગ્રહણ કરવારૂપ શક્તિનો અભાવ છે. **'एवं सव्वे ओरालियसरीरावि'** એ પ્રમાણે-નૈરયિકોને કહ્યા પ્રમાણે પૃથિવીકાયિકથી માંડી મનુષ્ય સુધીના બધા ઔદારિક શરીરવાળા જાણવા. તે આ પ્રમાણ—**'पुढविकाइया णं भंते! किं ओयाहारा मणभक्खी? गोयमा ओयाहारा, नो मणभक्खी'**—હે ભગવન્! બધા પૃથિવીકાયિકો ઓજ આહારવાળા અને મનોભક્ષી હોય છે? હે ગૌતમ! ઓજ આહારવાળા હોય છે, પણ મનોભક્ષી હોતા નથી-ઇત્યાદિ. **'देवा सव्वेवि'** ઇત્યાદિ. અસુરકુમારથી આરંભી વૈમાનિક સુધીના બધા દેવો ઓજાહારવાળા અને મનોભક્ષી હોય છે. તે આ પ્રમાણે-'હે ભગવન્! અસુરકુમારો શું ઓજાહારવાળા અને મનોભક્ષી હોય છે? હે ગૌતમ! ઓજાહારવાળા અને મનોભક્ષી હોય છે. યાવત્ વૈમાનિકો પણ ઓજાહારવાળા અને મનોભક્ષી હોય છે. હવે દેવો મનોભક્ષી જે પ્રકારે છે તે પ્રકારે બતાવે છે- **'तत्थ णं'** ઇત્યાદિ. તે સંસારી જીવોમાં જે મનોભક્ષી દેવો છે તેઓનું મન આહારનો પ્રસ્તાવ હોવાથી આહાર વિષે આવા પ્રકારે થાય છે કે 'અમે મન વડે ખાવાને ઇચ્છીએ છીએ' આવું મન થાય છે એટલે તેવા પ્રકારના શુભ કર્મના ઉદયથી **'क्षिप्रमेव'** તત્કાળજ જે ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ અને મણામ—મનને અનુકૂલ પુદ્ગલો છે તે દેવોને મનોભક્ષરૂપે પરિણમે છે. કેવી રીતે પરિણમે છે? એ સંબંધે દૃષ્ટાંત કહે છે-**'से'** શબ્દ અથશબ્દના અર્થમાં છે; અને તે અથશબ્દ વાક્યના પ્રારંભમાં વપરાય છે, જેમ કે 'નામ' વિવક્ષિત શીત પુદ્ગલો **'शीतं'**-શીતયોનિવાળા પ્રાણીને 'પ્રાપ્ય' આશ્રયી શીતપણું **'अतिव्रज्य'** અતિશયપણે પામીને રહે છે, તાત્પર્ય એ છે કે વિશેષતઃ શીત થઇને શીતયોનિવાળા પ્રાણીના સુખને માટે થાય છે, તથા ઉષ્ણ પુદ્ગલો **'उष्णं'**-ઉષ્ણયોનિવાળા પ્રાણીને આશ્રયી ઉષ્ણપણું અતિશયપણે પામીને રહે છે. એટલે વિશેષતઃ સ્વરૂપની પ્રાપ્તિથી તેના સુખને માટે થાય છે એ ભાવાર્થ છે. **'एवमेव'** એ પ્રમાણે તે દેવોએ પૂર્વે કહેલી રીતિ વડે મનોભક્ષણ કર્યું એટલે તે દેવોનું **'इच्छामनः'**-ઇચ્છા પ્રધાન જેમાં છે એવું મન **'क्षिप्रमेवापैति'** તુરત તૃપ્તિ થવાથી નિવૃત્ત થાય છે, શાંત થાય છે. ભાવાર્થ આ પ્રમાણે છે—જેમ શીત પુદ્ગલો શીતયોનિવાળા પ્રાણીને સુખરૂપ થાય છે અને ઉષ્ણપુદ્ગલો ઉષ્ણયોનિવાળા પ્રાણીને સુખરૂપ થાય છે તેમ દેવોએ પણ મન વડે આહાર કરાતા પુદ્ગલો તેઓની તૃપ્તિ માટે અને તેઓના પરમ સંતોષને માટે થાય છે. અને તેથી આહારના અભિલાષની નિવૃત્તિ થાય છે. અહીં ઓજાહારાદિના વિભાગને જણાવનારી સૂત્રકૃતાંગ નિર્યુક્તિની આ ગાથાઓ છે-

**"सरीरेणोयाहारो तयाय फासेण लोमआहारो। पक्खेवाहारो पुण कावलिओ होइ नायव्वो ॥१॥**

ओयाहारा जीवा सव्वे अपज्जत्तया मुणेयव्वा। पज्जत्तगा य लोमे पक्खेवे होंति भइयव्वा ॥२॥

एगिंदियदेवाणं नेरइयाणं नत्थि पक्खेवो। सेसाणं जीवाणं संसारत्थाण पक्खेवो ॥३॥

लोमाहारा एगिंदिया उ नेरइयसुरगणा चेव। सेसाणं आहारो लोमे पक्खेवओ चेव ॥४॥

ओयाहारा मणभक्खिणो य सव्वेवि सुरगणा होंति। सेसा हवंति जीवा लोमे पक्खेवओ चेव" ॥५॥

શરીર વડે ઓજાહાર થાય છે, ત્વચાના સ્પર્શવડે લોમાહાર થાય છે. અને પ્રક્ષેપાહાર કોળીઆ વડે થાય છે. બધા અપર્યાપ્ત જીવો ઓજાહારવાળા જાણવા, પર્યાપ્ત જીવો લોમાહારવાળા હોય છે અને પ્રક્ષેપાહાર વિકલ્પે જાણવો. એટલે કદાચિત્ હોય અને કદાચિત્ ન હોય. એકેન્દ્રિય, દેવો અને નારકોને પ્રક્ષેપાહાર નથી. બાકીના સંસારી જીવોને પ્રક્ષેપાહાર હોય છે. લોમાહારવાળા એકેન્દ્રિયો, નારકો અને દેવો છે. બાકીના બધા જીવોને લોમાહાર અને પ્રક્ષેપાહાર હોય છે." હવે કયો આહાર આભોગનિર્વર્તિત-ઇચ્છાપૂર્વક છે અને કયો આહાર અનાભોગનિર્વર્તિત ઇચ્છા સિવાય કરાયેલો હોય છે? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે દેવોને અનાભોગનિર્વર્તિત ઓજાહાર હોય છે, અને તે અપર્યાપ્તાવસ્થામાં હોય છે. લોમાહાર પણ અનાભોગનિર્વર્તિત હોય છે અને તે પર્યાપ્તાવસ્થામાં હોય છે. તથા મન વડે ભક્ષણ કરવારૂપ આહાર આભોગનિર્વર્તિત છે અને તે પર્યાપ્તાવસ્થામાં જ હોય છે, બીજા જીવોને હોતો નથી. બધા જીવોને પણ અનાભોગનિર્વર્તિત ઓજાહાર અપર્યાપ્તાવસ્થામાં હોય છે અને પર્યાપ્તાવસ્થામાં લોમાહાર હોય છે. નૈરયિક સિવાય બાકીના જીવોને લોમાહાર અનાભોગ નિર્વર્તિત હોય છે અને નૈરયિકોને લોમાહાર આભોગનિર્વર્તિત પણ હોય છે. બેઇન્દ્રિયથી આરંભી મનુષ્ય સુધીના જીવોને જે પ્રક્ષેપાહાર છે તે આભોગનિર્વર્તિત-ઇચ્છાપૂર્વકજ હોય છે. ॥૧૦॥૬૫૧॥

આહાર પદનો પ્રથમ ઉદ્દેશક સમાપ્ત.

## ।। बीओ उद्देसो ।।

## ।। बीउद्देस्स अत्थाहिगारपरूवणं ।।

**आहारं भविय सण्णी लेसा दिट्ठी य संजय कसाए। णाणे जोगुवओगे वेदे य सरीर पज्जत्ती ।सू०-११।।६५२।।**

*દ્વિતીય ઉદ્દેશક ।*

*૧ આહાર, ૨ ભવ્ય, ૩ સંજ્ઞી, ૪ લેશ્યા, ૫ દષ્ટિ, ૬ સંયત, ૭ કષાય, ૮ જ્ઞાન, ૯ યોગ, ૧૦ ઉપયોગ, ૧૧ વેદ, ૧૨ શરીર અને ૧૩ પર્યાપ્તિ---એમ બીજા ઉદ્દેશકમાં તેર અધિકારો છે.*

(ટી૦) આહારપદના પ્રથમ ઉદ્દેશકની વ્યાખ્યા કરી, હવે બીજા ઉદ્દેશકની વ્યાખ્યા કરવાની છે. તેના પ્રારંભમાં આ અધિકાર જણાવનારી 'આહાર' ઇત્યાદિ સંગ્રહગાથા છે- 'આહાર' ઇત્યાદિ ૧ પ્રથમ સામાન્યતઃ જીવ સંબન્ધે આહારાધિકાર, ૨ ભવ્ય-ભવ્ય જીવ સંબન્ધે આહારાધિકાર, ૩ ત્રીજો સંજ્ઞી સંબન્ધે આહારાધિકાર, ૪ ચોથો લેશ્યા-સલેશ્યા જીવ સંબન્ધે આહારાધિકાર, ૫ દૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ વગેરે સંબન્ધે આહારાધિકાર, ૬ સંયત-સંયત સંબન્ધે આહારાધિકાર, ૭ કષાયી-સકષાયી જીવ સંબન્ધે આહારાધિકાર, ૮ જ્ઞાન-જ્ઞાની સંબન્ધે આહારાધિકાર, ૯ યોગ-સયોગી સંબન્ધે આહારાધિકાર, ૧૦ ઉપયોગ-જ્ઞાનાદિ ઉપયોગવાળા સંબન્ધે આહારાધિકાર, ૧૧ વેદ-સવેદી જીવ સંબન્ધે આહારાધિકાર, ૧૨ શરીર-શરીરવાળા સંબન્ધે આહારાધિકાર, ૧૩ પર્યાપ્તિ-પર્યાપ્ત સંબન્ધે આહારાધિકાર. અહીં ભવ્યાદિનું ગ્રહણ હોવાથી તેના પ્રતિપક્ષરૂપ અભવ્યાદિ પણ સૂચિત જાણવા. તે પ્રમાણે આગળ કહેવામાં આવશે. ॥૧૧॥૬૫૨॥

## ।। जीवाईसु आहारदारं ।।

**जीवे णं भंते! किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए सिय अणाहारए, एवं नेरइए जाव असुरकुमारे, जाव वेमाणिए। सिद्धे णं भंते! किं आहारए अणाहारए? गोयमा! णो आहारए, अणाहारए। जीवा णं भंते! किं आहारया**

अणाहारया? गोयमा! आहारगा वि अणाहारगा वि। णेरइयाणं पुच्छा। गोयमा! सव्वे वि ताव होज्जा आहारगा १, अहवा आहारगा य अणाहारगे य २, अहवा आहारगा य अणाहारगा य ३, एवं जाव वेमाणिया, णवरं एगिंदिया जहा जीवा। सिद्धाणं पुच्छा। गोयमा! णो आहारगा, अणाहारगा। दारं १।।

## ।। भवियदारे आहारयाइ परूवणं ।।

भवसिद्धिए णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए, सिय अणाहारए, एवं जाव वेमाणिए। भवसिद्धिया णं भंते! जीवा किं आहारगा अणाहारगा? गोयमा! जीवेगिंदियवज्जो तियभंगो, अभवसिद्धिए वि एवं चेव। णोभवसिद्धिए णोअभवसिद्धिए णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! णो आहारए, अणाहारए, एवं सिद्धे वि। णोभवसिद्धिणोअभवसिद्धिया णं भंते! जीवा किं आहारगा अणाहारगा? गोयमा! णो आहारगा, अणाहारगा, एवं सिद्धा वि। दारं २।।

## ।। सण्णी दारे आहाराइ परूवणं ।।

सण्णी णं भंते! जीवे किं आहारगे अणाहारगे? गोयमा! सिय आहारगे सिय अणाहारगे, एवं जाव वेमाणिए, णवरं एगिंदिय-विगलिंदिया णो पुच्छिज्जंति। सण्णी णं भंते! जीवा किं आहारगा अणाहारगा? गोयमा! जीवाइओ तियभंगो जाव वेमाणिया। असण्णी णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए सिय अणाहारए, एवं णेरइए जाव वाणमंतरे। जोइसिय-वेमाणिया ण पुच्छिज्जंति। असण्णी णं भंते! जीवा किं आहारगा, अणाहारगा? गोयमा! आहारगा वि अणाहारगा वि एगो भंगो। असण्णी णं भंते! णेरइया किं आहारगा अणाहारगा? गोयमा! आहारगा वा १, अणाहारगा वा २, अहवा आहारए य अणाहारए य ३, अहवा आहारए य अणाहारगा य ४, अहवा आहारगा य अणाहारगे य ५, अहवा आहारगा य अणाहारगा य ६, एवं एते छब्भंगा, एवं जाव थणियकुमारा। एगिंदिएसु अभंगयं, बेइंदिय-जाव पंचेंदियतिरिक्खजोणिएसु तियभंगो, मणूस-वाणमंतरेसु छब्भंगा। णोसण्णी-णोअसण्णी णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए, सिय अणाहारए य, एवं मणूसे वि। सिद्धे अणाहारए, पुहत्तेणं णोसण्णीणोअसण्णी जीवा आहारगा वि अणाहारगा वि, मणूसेसु तियंभंगो, सिद्धा अणाहारगा। दारं ३।।सू०-१२।।६५३।।

*(મૂ૦) હે ભગવન્! જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. હે ભગવન્! નૈરયિક શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે અસુરકુમાર યાવત્ વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! સિદ્ધ શું આહારક છે કે અનાહારક છે? હે ગૌતમ! આહારક નથી, પણ અનાહારક છે. હે ભગવન્! જીવો શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. નૈરયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! ૧ બધા ય આહારક હોય, ૨ અથવા બધા આહારક હોય અને એક અનાહારક હોય, ૩ અથવા ઘણા આહારક હોય અને ઘણા અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું. પરન્તુ એકેન્દ્રિયો જીવોની પેઠે જાણવા. સિદ્ધો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! તેઓ આહારક નથી પણ અનાહારક છે. દ્વાર ૧. હે ભગવન્! ભવસિદ્ધિક (ભવ્ય) જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! ભવસિદ્ધિક જીવો શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. અભવસિદ્ધિક (અભવ્ય) જીવ એમજ સમજવો. હે ભગવન્! નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે*

*ગૌતમ! આહારક ન હોય પણ અનાહારક હોય. એમ સિદ્ધ સંબન્ધે પણ જાણવું. હે ભગવન્! નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક જીવો શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! આહારક ન હોય પણ અનાહારક હોય. એમ સિદ્ધો પણ જાણવા. દ્વાર ૨. હે ભગવન્! સંજ્ઞી જીવ આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિય સંબન્ધે પ્રશ્ન ન કરવો. હે ભગવન્! સંજ્ઞી જીવો શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા વૈમાનિકો સુધી જાણવા. હે ભગવન્! અસંજ્ઞી જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે નૈરયિકથી આરંભી વ્યન્તર સુધી જાણવું. જ્યોતિષ્ક અને વૈમાનિક સંબન્ધે પ્રશ્ન ન કરવો. હે ભગવન્! અસંજ્ઞી જીવો શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! તેઓ આહારક પણ હોય અને અનાહારક પણ હોય-એ એક ભંગ જાણવો. હે ભગવન્! અસંજ્ઞી નારકો આહારક હોય અનાહારક હોય? હે ગૌતમ! ૧ બધા આહારક હોય, ૨ બધા અનાહારક હોય, ૩ અથવા એક આહારક હોય અને એક અનાહારક હોય, ૪ અથવા એક આહારક હોય અને ઘણા અનાહારક હોય, ૫ અથવા ઘણા આહારક હોય અને એક અનાહારક હોય, ૬ અથવા ઘણા આહારક હોય અને ઘણા અનાહારક હોય. એ પ્રમાણે છ ભાંગા જાણવા. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. એકેન્દ્રિયોમાં બીજા ભાંગાઓ થતા નથી. બેઇન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભાંગાઓ તથા મનુષ્ય અને વ્યન્તરોમાં છ ભાંગા જાણવા. હે ભગવન્! નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એમ મનુષ્ય સંબન્ધે પણ જાણવું. સિદ્ધ અનાહારક હોય. બહુવચન યુક્ત નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવો આહારક પણ હોય અનાહારક પણ હોય. મનુષ્યને વિષે ત્રણ ભાંગા હોય છે. અને સિદ્ધો અનાહારક હોય છે. દ્વાર ૩. ॥૧૨॥૬૫૩॥*

(ટી૦) તેમાં પ્રથમ આહારાધિકારનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે—**'जीवे णं भंते'**! હે ભગવન્! જીવ આહારક હોય કે અનાહારક હોય? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્! ઉત્તર આપે છે—હે ગૌતમ! સ્યાત્-કદાચિત્ આહારક હોય અને કદાચિત્ આહારક ન હોય. તે કેવી રીતે હોય? તેનો ઉત્તર આ પ્રમાણે છ—વિગ્રહગતિમાં, કેવલી સમુદ્ઘાતકાળે, શૈલેશી અવસ્થામાં (ચૌદમાં અયોગી કેવલી ગુણસ્થાનકે) અને સિદ્ધાવસ્થામાં અનાહારક હોય છે. બાકીની અવસ્થામાં આહારક હોય છે. કહ્યું છે કે—**"विग्गहगइमावन्ना केवलिणो समोहया अजोगी या सिद्धा य अणाहारा सेसा आहारगा जीवा॥"** વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા, સમુદ્ઘાતવાળા કેવલી, અયોગી-યોગ રહિત કેવલી, અને સિદ્ધો અનાહારક છે અને બાકીના બધા આહારક છે. "એ પ્રમાણે સામાન્ય રીતે જીવ સંબન્ધે આહારકનો વિચાર કરી હવે નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી આહારક અને અનાહારકનો વિચાર કરે છે— **'नेरइए णं भंते! किं आहारए**-હે ભગવન્! નૈરયિક શું આહારક કે અનાહારક હોય? -ઇત્યાદિ સૂત્ર સુગમ છે, એ પ્રમાણે સામાન્યતઃ જીવપદ અને નૈરયિકાદિમાં એક વચન વડે આહારકપણા અને અનાહારકપણાનો વિચાર કર્યો હવે બહુવચન વડે તેનો વિચાર કરે છે—**'जीवा णं भंते'**! આહારયા-હે ભગવન્! જીવો આહારક છે? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! આહારક પણ હોય છે અને અનાહારક પણ હોય છે. એટલે બહુવચન સહિત બન્ને પ્રકારના આહારક અને અનાહારક જીવો હોય છે. એ ભાવાર્થ છે. તે આ પ્રમાણે-વિગ્રહગતિ સિવાય બાકીના કાળે બધા સંસારી જીવો આહારક હોય છે, વિગ્રહગતિ તો ક્વચિત્ કોઇ કાળે કોઇ જીવની હોય છે. અને તે સર્વકાળે હોવા છતાં પણ પ્રતિનિયત-અમુક

---

૧. અહીં મૂળ સૂત્રપાઠમાં 'एवं नेरइए जाव असुरकुमारे जाव वेमाणिए' એવો પાઠ લિખિત અને મુદ્રિત પુસ્તકમાં છે એટલે જીવની પેઠે નૈરયિકને જાણવું વગેરે. પરન્તુ ટીકાકારે 'इदानीं नैरयिकादिचतुर्विंशतिदंडकक्रमेणाहारकानाहारकचिन्तां करोति—नेरइए णं भंते किं आहारए इत्यादि सुगमं'-એ પાઠ લીધો છે. આ ઉપરથી માલુમ પડે છે કે અહીં મૂલ પાઠ 'एवं नेरइए' ને બદલે 'नेरइएणं भंते आहारए आणाहारए? गोयमा! सिय आहारए सिय अणाहारए। एवं असुरकुमारे जाव वेमाणिए ॥' આવો હોવો જોઇએ, પણ કોઇ કારણથી આ પાઠ રહી ગયો હોય અને બદલે ટુંકમાં 'एवं नेरइए जाव असुरकुमारे' એવો પાઠ પ્રક્ષિપ્ત થયો હોય એમ લાગે છે. વળી આ પાઠમાં 'जाव' પદ પણ નિરર્થક છે, કારણ કે यावत् શબ્દથી કોઈનો સંગ્રહ થતો નથી, કેમકે પછી અસુરકુમારનોજ દંડક આવે છે. (ભ.હ. કૃત ભાષાંતરનું જ આ ટીપ્પણ છે.)

જ જીવોની હોય છે, તેથી આહારક જીવો ઘણા હોય છે માટે આહારકને વિશે બહુવચન છે. અને અનાહારક સિદ્ધો તો હમેશાં હોય છે, અને તેઓ અભવ્યોથી અનન્તગુણા છે. વળી હમેશાં એક એક નિગોદનો અસંખ્યાતમો ભાગ પ્રતિસમય વિગ્રહ ગતિમાં વર્તે છે અને તેઓ અનાહારક હોય છે, તેથી અનાહારકોને વિશે પણ બહુવચન જાણવું. નારકસૂત્રમાં ૧ બધાય નારકો આહારક હોય. તાત્પર્ય એ છે કે કોઇ સમયે બધાય નારકો આહારક હોય છે, એક પણ અનાહારક હોતો નથી. એમ શાથી હોય છે? એમ કોઇ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર એ છે કે ઉપપાતવિરહ—ઉપજવાનો વિરહકાળ હોવાથી એમ થાય છે. તે આ પ્રમાણે—નૈરયિકોનો ઉપપાતવિરહ બાર મુહૂર્તનો હોય છે. અને એટલા કાળમાં પૂર્વે ઉત્પન્ન થયેલા અને વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા પણ આહારક થાય છે અને બીજો નહિ ઉત્પન્ન થતો હોવાથી અનાહારક સંભવતો નથી. ૨ અથવા ઘણા આહારક હોય અને એક અનાહારક પણ હોય. એટલે આહારક પદમાં બહુવચન અને અનાહારક પદને વિષે એકવચન સમજવું. આ ભાંગો શી રીતે ઘટે? ઉત્તર—અહીં નરકને વિષે પ્રાણી કદાચિત્ એક ઉત્પન્ન થાય, અને કદાચિત્ બે, કદાચિત્ ત્રણ, ચાર, યાવત્ સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે. તેમાં જ્યારે એક ઉત્પન્ન થાય અને તે પણ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો હોવાથી અનાહારક હોય અને તે સિવાયના બીજા પૂર્વે ઉત્પન્ન થયેલા હોવાથી આહારક હોય ત્યારે આ ભાંગો ઘટે છે. ત્રીજો ભાંગો કહે છે—૩ આહારકો હોય અને અનાહારકો હોય. અહીં બન્ને સ્થળે બહુવચન છે. જ્યારે ઘણા નારકો વિગ્રહગતિ વડે નૈરયિકપણે ઉત્પન્ન થાય ત્યારે જાણવો. બાકીના ભાંગાઓનો સંભવ નથી, કારણ કે નારકોને વિષે આહારક પદ હમેશાં બહુવચનનોજ વિષય હોય છે. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીમાં, બેઇન્દ્રિયથી માંડી વૈમાનિક સુધીમાં પ્રત્યેકને વિષે ત્રણ ભાંગા જાણવા. કારણ કે ઉપજવાનું અન્તર હોવાથી પ્રથમ ભંગ અને એક, બે ઇત્યાદિ સંખ્યા વડે ઉપજતા હોવાથી બાકીના બે ભાંગા સંભવે છે. પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ એકેન્દ્રિયોમાં પ્રત્યેકને વિષે આહારકો હોય અને અનાહારકો પણ હોય'—આ એકજ ભાંગો હોય છે. કારણ કે પૃથિવી, અપ્ તેજસ્ અને વાયુને વિષે પ્રતિસમયે અસંખ્યાતા અને વનસ્પતિમાં પ્રતિસમય અનન્તા વિગ્રહગતિ વડે ઉત્પન્ન થતા હોવાથી અનાહારક પદમાં પણ હમેશાં બહુવચનનો સંભવ છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव वेमाणिया, नवरं एगिंदिया जहा जीवा**'—એ પ્રમાણે યાવત્ વૈમાનિકો કહેવા, પરન્તુ એકેન્દ્રિયો જીવોની પેઠે કહેવા. એટલે નૈરયિકોને જે ભાગાં કહ્યા છે તે પ્રમાણે બાકીના અસુરકુમારથી આરંભી વૈમાનિક સુધીના જીવોને કહેવા. પરન્તુ પૃથિવી, અપ્, અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ એકેન્દ્રિયો જેમ બન્ને સ્થળે બહુવચન સહિત જીવો કહ્યા છે તેમ કહેવા. સિદ્ધોને વિષે 'અનાહારકો હોય' એ એકજ ભંગ સમજવો. કારણ કે સર્વના શરીરના નાશથી તેઓને આહારનો સંભવ નથી, અને તેઓ હમેશાં ઘણા હોય છે. પ્રથમ દ્વાર સમાપ્ત. હવે બીજુ ભવ્યદ્વાર કહે છે—'**भवसिद्धिए णं भंते**'! હે ભગવન્! ભવ સિદ્ધિક જીવ આહારક હોય કે અનાહારક હોય? ઇત્યાદિ. સંખ્યાતા અસંખ્યાતા કે અનન્ત ભવો વડે જેની સિદ્ધિ થાય છે તે ભવસિદ્ધિક—ભવ્ય જાણવો. તે કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. વિગ્રહગત્યાદિ અવસ્થામાં અનાહારક અને બીજા કાળે આહારક હોય. એ પ્રમાણે ચોવીશ દંડકમાં પણ પ્રત્યેક દંડકને આશ્રયી કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव वेमाणिए**' એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. અહીં સિદ્ધવિષયક સૂત્ર ન કહેવું કારણ કે તે મોક્ષપદને પ્રાપ્ત થયેલ હોવાથી તેનામાં ભવ્યપણું નથી. હવે આને વિષેજ બહુવચન વડે આહારક અને અનાહારકપણાનો વિચાર કરે છે—'**भवसिद्धिया णं भंते!**' ભવસિદ્ધિક જીવો આહારક હોય ઇત્યાદિ. અહીં પણ આહારકદ્વારની પેઠે જીવ પદને વિષે અને એકેન્દ્રિયોને વિષે પ્રત્યેકને આશ્રયી બન્ને સ્થળે બહુવચન વડે 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય' એ એકજ ભાંગો હોય છે. બાકીના નારકાદિ સ્થાનોમાં ત્રણ ભાંગાઓ થાય છે—૧ કદાચિત્ કેવળ—બધા ય આહારકો જ હોય અને એક પણ અનાહારક ન હોય. ૨ અથવા કદાચિત્ બધા આહારક હોય અને એક અનાહારક હોય. ૩ અથવા આહારકો હોય અને અનાહારકો પણ હોય. એ બન્ને સ્થળે પણ બહુવચન સમજવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**जीवेगिंदियवज्जो तियभंगो**'—જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. જેમ એક અને બહુ ભવસિદ્ધિક વિષે આહારક અને અનાહારકપણાનો વિચાર કર્યો તેમ અભવસિદ્ધિકને વિષે પણ કરવો. કારણ કે બન્ને સ્થળે એકવચન અને બહુવચનમાં બધે ય ભાંગાની સંખ્યા સમાન છે. તે

પ્રમાણે સૂત્રકાર કહે છે— '**अभवसिद्धिए एवं चेव**' અભવસિદ્ધિકને પણ ભવસિદ્ધિકની પેઠે એકવચન અને બહુવચનમાં કહેવું. '**नोभवसिद्धिक-नोअभवसिद्धिक**'-જે ભવસિદ્ધિક નથી, તેમ અભવસિદ્ધિક પણ નથી તે સિદ્ધ છે, તે ભવસિદ્ધિક નથી, કારણ કે ભવ-સંસારથી રહિત છે. રુઢિથી જે સિદ્ધિગમનને યોગ્ય ન હોય તે અભવસિદ્ધિક કહેવાય છે. તેથી અભવસિદ્ધિક પણ નથી. કારણ કે તે સિદ્ધિપદને પ્રાપ્ત થયેલ છે. એમ હોવાથી નોભવસિદ્ધિકનો અભવસિદ્ધિકના વિચારમાં બેજ પદ છે-જીવપદ અને સિદ્ધિપદ. બન્ને સ્થળે એકવચનની અપેક્ષાએ 'અનાહારક હોય' એ એકજ ભાંગો અને બહુવચનમાં પણ બધાય અનાહારકો હોય એ એકજ ભાંગો હોય છે. સંજ્ઞીદ્વારને વિશે '**सन्नी णं भंते!**' ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ઉત્તરસૂત્ર કહે છે—'હે ગૌતમ' ઇત્યાદિ. સંજ્ઞી વિગ્રહગતિમાં અનાહારક હોય છે અને બાકીના સમયે આહારક હોય છે.

(પ્ર૦)—મનસહિત હોય તે સંજ્ઞી કહેવાય છે. વિગ્રહગતિમાં મન નથી. તો સંજ્ઞી છતાં અનાહારક કેમ હોય?

(ઉ૦)—વિગ્રહગતિને પ્રાપ્ત થયા છતાં પણ સંજ્ઞીનું આયુષ્ય વેદે છે માટે સંજ્ઞી કહેવાય છે. જેમ નારકનું આયુષ્ય વેદવાથી નારક કહેવાય છે. માટે સંજ્ઞી છતાં અનાહારક હોવામાં કંઇપણ દોષ નથી. એ પ્રમાણે વૈમાનિક સૂત્ર સુધી કહેવું. 'પરન્તુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સંબન્ધે ન પુછવું.' એટલે કે તે વિષે સૂત્ર સર્વથા ન કહેવું. કારણ કે તેઓ મનરહિત હોવાથી સંજ્ઞી નથી. બહુવચનની અપેક્ષાએ જીવપદ અને નૈરયિકાદિ પદોમાં પ્રત્યેકને બધે ત્રણ ભાંગા કહેવા-૧ કેવળ-બધાય આહારક હોય, ૨ બધા આહારક હોય અને એક અનાહારક હોય. ૩ અથવા ઘણા આહારકો પણ હોય ઘણા અનાહારકો પણ હોય. તે જ પ્રમાણે સૂત્રકાર કહે છે-જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગાઓ યાવત્ વૈમાનિકો સુધી જાણવા. તેમાં સામાન્યથી જીવપદમાં પ્રથમ ભંગ હોય છે, કારણ કે સર્વલોકની અપેક્ષાએ સંજ્ઞીપણે નિરંતર ઉપજે છે. જ્યારે એક સંજ્ઞી જીવ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો હોય છે ત્યારે બીજો ભઙ્ગ. અને જ્યારે ઘણા સંજ્ઞી જીવો વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા હોય છે ત્યારે ત્રીજો ભઙ્ગ થાય છે. એ પ્રમાણે નૈરયિકાદિ પદોને વિષે ભાંગોનો વિચાર કરવો. '**असण्णी णं भंते!**' હે ભગવન્! અસંજ્ઞી આહારક હોય કે અનાહારક હોય? ઇત્યાદિ. અહીં પણ વિગ્રહગતિમાં અનાહારક હોય અને બાકીના સમયે આહારક હોય. '**एवं जाव वाणमन्तरे**'—એ પ્રમાણે વ્યન્તર સુધી કહેવું. એટલે સામાન્ય જીવપદની પેઠે ચોવીશ દણ્ડકના ક્રમથી વાનવ્યન્તર સૂત્ર સુધી કહેવું.

(પ્ર૦)—નારકો, ભવનપતિઓ અને વાનવ્યંતરો અસંજ્ઞી કેવી રીતે છે જેથી અસંજ્ઞી સૂત્રમાં તેઓની પણ વ્યાખ્યા કરી છે? અહિં ઉત્તર આપે છે કે – નારકો, ભવનપતિઓ અને વ્યંતરો, અસંજ્ઞીથી અને સંજ્ઞીથી આવી ઉત્પન્ન થાય છે. જેઓ અસંજ્ઞીથી આવી આવી ઉત્પન્ન થાય છે તે અસંજ્ઞી અને સંજ્ઞીથી આવી ઉત્પન્ન થાય છે તેઓ સંજ્ઞી કહેવાય છે, તેથી અસંજ્ઞી સૂત્રમાં પણ ઉપર કહ્યા પ્રમાણે પાઠ છે. જ્યોતિષિક અને વૈમાનિકો સંજ્ઞીથી જ આવી ઉત્પન્ન થાય છે, પણ અસંજ્ઞીથી આવી ઉત્પન્ન થતા નથી. માટે તેઓમાં અસંજ્ઞીપણાના વ્યવહારનો અભાવ હોવાથી તેઓનો પાઠ નથી. તેથી સૂત્રકાર કહે છે કે— '**जोइसियवेमाणिया न पुच्छिज्जंति**' જ્યોતિષિક અને વૈમાનિકો સંબન્ધે પ્રશ્ન ન કરવો. એટલે તે સંબન્ધે સૂત્ર ન કહેવું કારણ કે તેઓને અસંજ્ઞીપણું નથી. બહુવચનના વિચારમાં સામાન્યતઃ જીવપદને વિષે એક જ ભાંગો હોય છે. જેમક—આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય. કારણ કે પ્રતિસમય વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા અનન્ત એકેન્દ્રિય જીવો હોવાથી અને તેથી તેઓ અનાહારકપણે હમેશા પ્રાપ્ત થયેલા હોવાથી અનાહારક પદને વિષે હમેશાં બહુવચન હોય છે. નૈરયિકપદને વિષે હમેશાં છ ભાંગા હોય છે. તેમાં 'બધાય આહારક હોય-એ પહેલો ભાંગો, આ ભાંગો જ્યારે અન્ય અસંજ્ઞી નારક ઉત્પન્ન થયા છતાં વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો ન હોય અને પૂર્વે ઉત્પન્ન થયેલા બધા અસંજ્ઞી નારકો આહારક થયેલા હોય ત્યારે ઘટે છે. ૨ બધાય અનાહારક હોય એ બીજો ભાંગો. આ ભાંગો જ્યારે પૂર્વે ઉત્પન્ન થયેલો અસંજ્ઞી નારક અસંજ્ઞી નારકો એક પણ ન હોય અને ઉત્પન્ન થતા વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા ઘણા નારકો હોય ત્યારે જાણવો. ૩ એક આહારક હોય અને એક અનાહારક હોય. પ્રાકૃતભાષામાં 'દ્વિવચનમાં પણ બહુવચન હોય છે.' માટે બહુવચનની અપેક્ષાએ ભાંગો પણ બરોબર છે. તેમાં જ્યારે ઘણા કાળથી ઉત્પન્ન થયેલો એક અસંજ્ઞી નારક હોય અને હમણાં ઉત્પન્ન થતો પણ એક અસંજ્ઞી નારક વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો હોય ત્યારે આ ભાંગો ઘટી શકે છે. ૪ એક આહારક હોય અને ઘણા અનાહારક હોય

એ ચોથો ભાંગો. આ ભઙ્ગ ઘણા કાળથી ઉત્પન્ન થયેલો એક અસંજ્ઞી નારક વિદ્યમાન હોય અને હમણાં ઉત્પન્ન થતા બીજા અસંજ્ઞી નારકો વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા હોય ત્યારે જાણવો. ૫ ઘણા આહારક હોય અને એક અનાહારક હોય એ પાંચમો ભાંગો. લાંબા કાળથી ઉત્પન્ન થયેલા ઘણા અસંજ્ઞી નારકો હોય અને હમણાં ઉત્પન્ન થતો એક અસંજ્ઞી નારક વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો હોય ત્યારે જાણવો. ૬ ઘણા આહારક હોય અને ઘણા અનાહારક પણ હોય એ છટ્ઠો ભાંગો, આ ભઙ્ગ લાંબા કાળથી ઉત્પન્ન થયેલા અને હમણાં ઉત્પન્ન થતા ઘણા અસંજ્ઞી નારકો હોય ત્યારે જાણવો. **'एवमेते छब्भङ्गा'** એ પ્રમાણે એ છ ભાંગા થાય છે. તે આ પ્રમાણે—૧ કેવળ આહારકપદના એક બહુવચનની અપેક્ષાએ પહેલો ભાંગો, ૨ કેવળ અનાહારકપદના બહુવચન વડે બીજો ભાંગો, ૩ આહારકપદ અને અનાહારકપદના એક સાથે પ્રત્યેકના એકવચન વડે ત્રીજો ભાંગો, ૪ આહારકપદના એકવચનવડે અને અનાહારકપદના બહુવચન વડે ચોથો ભાંગો, ૫ આહારકપદના બહુવચનવડે અને અનાહારકપદના એકવચનવડે પાંચમો ભાંગો અને ૬ બન્ને સ્થળે બહુવચનવડે છઠ્ઠો ભાંગો જાણવો. બાકીના બીજા ભાંગાઓનો સંભવ નથી, કારણ કે અહીં બહુવચનનો વિચાર પ્રસ્તુત છે. આ છ ભાંગાઓ અસુરકુમારથી માંડી સ્તનિતકુમાર સુધી જાણવા, તે પ્રમાણે સૂત્રકાર કહે છે—**'एवं जाव थणियकुमारा'** એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. **'एगिंदिएसु अभङ्गयं'** એકેન્દ્રિયોમાં ભાંગાનો અભાવ છે. એટલે પૃથિવી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિરૂપ એકેન્દ્રિયોમાં બીજા અન્ય ભાંગાઓનો અભાવ છે. એટલે એક જ ભાંગો હોય છે. તે આ પ્રમાણે–આહારકો હોય અને અનાહારકો પણ હોય. તેમાં આહારકો ઘણા હોય એ સુપ્રસિદ્ધ છે. અનાહારકો પણ પ્રતિસમય પૃથિવી, અપ્, તેજસ્ અને વાયુ પ્રત્યેક અસંખ્યાતા અને વનસ્પતિ પ્રતિસમય અનન્તા સર્વદા હોય છે. તે પણ ઘણા છે અને સિદ્ધો પણ છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રત્યેકને આશ્રયી ત્રણ ભાંગા જાણવા. જેમક—૧ બધા ય આહારકો હોય. ૨ અથવા બધાય આહારકો હોય અને એક અનાહારક હોય. ૩ અથવા ઘણા આહારકો હોય અને ઘણા અનાહારકો હાય. તેમાં બેઇન્દ્રિયોને આશ્રયી આ વિચાર છે–જ્યારે બેઇન્દ્રિયપણે ઉત્પન્ન થતો એક પણ જીવ વિગ્રહગતિમાં ન હોય ત્યારે પૂર્વે ઉત્પન્ન થયેલા બધાય આહારક હોય છે. એ પ્રથમ ભાંગો, જ્યારે એક બેઇન્દ્રિય વિગ્રહગતિમાં હોય ત્યારે પૂર્વે ઉત્પન્ન થયેલા બધા આહારક હોય અને ઉત્પન્ન થતો એક અનાહારક હોય એ બીજો ભાંગો. જ્યારે ઉત્પન્ન થતા ઘણા બેઇન્દ્રિયો હોય ત્યારે ત્રીજો ભાંગો હોય છે. એ પ્રમાણે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને વિષે પણ વિચાર કરવો. મનુષ્ય અને વ્યન્તરોમાં છ ભાંગા હોય છે અને નારકોની પેઠે જાણવા, તે પ્રમાણે સૂત્રકાર કહે છે—**'बेइंदिय जाव पञ्चिंदियतिरिक्खजोणिएसु तियभङ्गो, मणूस वाणमंतरेसु छब्भङ्गा'** બેઇન્દ્રિય યાવત્ તિર્યંચ પંચેન્દ્રિયોમાં ત્રણ ભાંગા અને મનુષ્ય અને વ્યન્તરોમા છ ભાંગા સમજવા. નોસંજ્ઞી–નોઅસંજ્ઞી કેવલી અને સિદ્ધ છે, માટે નોસંજ્ઞી–નોઅસંજ્ઞીપણાના વિચારમાં ત્રણ પદ હોય છ—જીવપદ, મનુષ્યપદ અને સિદ્ધપદ. તેમાં જીવસંબન્ધે સુત્ર કહે છ—**'नोसण्णीनोअसण्णी णं भंते ! जीवे'** ઇત્યાદિ. હે ભગવન્! નોસંજ્ઞી–નોઅસંજ્ઞી જીવ અહારક હોય કે અનાહારક હોય? સ્યાત્–કદાચિત્ આહારક હોય, કારણ કે કેવલજ્ઞાનીને સમુદ્ઘાતાદિ અવસ્થાના અભાવમાં આહારકપણું હોય છે. કદાચિત્ અનાહારક હોય છે, અને તે અનાહારકપણું સમુદ્ઘાતની અવસ્થામાં, અયોગીપણાની અવસ્થામાં અને સિદ્ધાવસ્થામાં જાણવું. **'सिद्धे अणाहारए'** સિદ્ધ અનાહારક હોય છે. એટલે સિદ્ધવિષયક સૂત્રમાં 'અનાહારક હોય છે' એમ કહેવું. પૃથક્ત્વ–બહુવચનની અપેક્ષાએ 'આહારગા વિ અણાહારગા વિ' આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય. તેમાં ઘણા કેવલજ્ઞાની હમેશાં સમુદ્ઘાતાદિ અવસ્થારહિત હોય છે, માટે આહારકો હોય, અને અનાહારકો પણ હોય, કારણ કે સિદ્ધો હમેશાં હોય છે અને તેઓ અનાહારક હોય છે. **'मणुस्सेसु तियभङ्गा'** મનુષ્યોને વિષે ત્રણ ભાંગા સમજવા. જેમકે જ્યારે કોઇપણ કેવલી સમુદ્ઘાતાદિ અવસ્થાને પ્રાપ્ત થયેલ ન હોય ત્યારે બધાય આહારકો હોય. જ્યારે એક કેવલી સમુદ્ઘાતાદિ અવસ્થાને પ્રાપ્ત હોય ત્યારે ૨ બધા આહારકો હોય અને એક અનાહારક હોય એ ભાંગો જાણવો. ૩ અથવા આહારકો હોય. અને અનાહારકો હોય. આ ભાંગો જ્યારે ઘણા કેવલી સમુદઘાતાદિ અવસ્થામાં હોય ત્યારે જાણવો. ॥૧૨॥૬૫૩॥

## ।। लेस्सादारे आहारयाइपरूवणं ।। ४

सलेसे णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए, सिय अणाहारए, एवं जाव वेमाणिए। सलेसा णं भंते! जीवा किं आहारगा अणाहारगा? गोयमा! जीवेगिंदियवज्जो तियभंगो, एवं कण्हलेसाए वि नीललेसाए वि काउलेसाए वि जीवेगिंदियवज्जो तियभंगो। तेउलेस्साए पुढवि-आउ-वणस्सइ-काइयाणं छब्भंगा, सेसाणं जीवादीओ तियभंगो जेसिं अत्थि तेउलेस्सा, पम्हलेस्साए सुक्कलेस्साए य जीवादीओ तियभंगो, अलेस्सा जीवा मणुसा सिद्धा य एगत्तेण वि पुहत्तेण वि णो आहारगा अणाहारगा। दारं ४। ।सू०-१३।।६५४।।

*(મૂ૦) હે ભગવન્! લેશ્યાસહિત જીવ આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચ આહારક હોય અને કદાચ અનાહારક હોય. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. હે ભગવન્! લેશ્યાસહિત જીવો આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. એમ કૃષ્ણલેશ્યાવાળા, નીલલેશ્યાવાળા અને કાપોતલેશ્યાવાળાને પણ જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાગાં સમજવા. તેજોલેશ્યામાં પૃથિવી અપ્ અને વનસ્પતિકાયિકોને છ ભાંગા અને બાકીના જેઓને તેજોલેશ્યા છે તેઓને જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા જાણવા. પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાં જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા સમજવા. લેશ્યારહિત જીવો, મનુષ્યો અને સિદ્ધો હોય છે અને તે એકવચન અને બહુવચનની અપેક્ષાએ પણ આહારક નથી, પણ અનાહારક છે. દ્વાર ૪. ।।૧૩।।૬૫૪।।*

(ટી૦) લેશ્યાદ્વારમાં સામાન્ય લેશ્યાવાળા સંબન્ધે સૂત્ર કહે છે—'सलेसे णं भंते! जीवे'-ઇત્યાદિ. 'હે ભગવન્! લેશ્યાવાળો જીવ આહારક હોય કે અનાહારક હોય? આ સૂત્રનો વિચાર સામાન્ય જીવ સૂત્રની પેઠે કરવો. અહીં પણ સિદ્ધ સંબન્ધે સૂત્ર ન કહેવું. કારણ કે સિદ્ધો લેશ્યારહિત છે. બહુવચનની અપેક્ષાએ જીવપદ અને પૃથિવ્યાદિ એકેન્દ્રિયોને વિષે પ્રત્યેકને એકજ ભાંગો હોય છે. જેમકે 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય.' કારણ કે બન્ને પ્રકારના જીવો હમેશાં ઘણા હોય છે. બાકીના નૈરયિકાદિ પદોને વિષે પ્રત્યેકને ત્રણ ભાંગા જાણવા. તે આ પ્રમાણે—૧ બધા ય આહારકો હોય. ૨ અથવા બધાય આહારકો હોય અને એક અનાહારક હોય. ૩ અથવા ઘણા આહારકો હોય અને અનાહારકો હોય. આ ભાંગાનો વિચાર પૂર્વની પેઠે કરવો. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'जीवेगिंदियवज्जो तियभंगो' ઇતિ. જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. એ પ્રમાણે જેમ સામાન્યતઃ સલેશ્ય સૂત્ર કહ્યું તેમ કૃષ્ણલેશ્યા નીલલેશ્યા અને કાપોલેશ્યા સંબન્ધે પણ સૂત્ર કહેવું. બધે સામાન્ય જીવપદમાં અને એકેન્દ્રિયોમાં પ્રત્યેકને વિષે અન્ય ભંગો હોતા નથી. બાકીનાને ત્રણ ભંગ હોય છે. તેજોલેશ્યા સંબન્ધે પણ સૂત્ર એકવચનમાં પૂર્વ પેઠે જાણવું. બહુવચનમાં પૃથિવી, પાણી અને વનસ્પતિમાં છ ભાંગાઓ જાણવા. તેઓમાં તેજોલેશ્યા કેવી રીતે હોય? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે તેજોલેશ્યાવાળા ભવનપતિ વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવોની પૃથિવી, પાણી અને વનસ્પતિમાં ઉત્પત્તિ થાય છે, આજ ભગવતી પ્રજ્ઞાપનાની ચૂર્ણિમાં કહ્યું છે કે—'जेणेतेसु भवणवइ-वाणमंतर-जोइसिय-सोहम्मीसाणया देवा उवज्जंति तेणं तेउलेस्सा लब्भइ।' જેથી એ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવો એઓમાં આવી ઉપજે છે, તેથી તેઓમાં તેજોલેશ્યા હોય છે. તે છ ભાંગા આ પ્રમાણે છે—૧ બધા ય આહારકો હોય, ૨ અથવા બધા ય અનાહારકો હોય. ૩ અથવા એક આહારક હોય અને એક અનાહારક હોય. ૪ અથવા એક આહારક હોય અને બધા અનાહારક હોય. ૫ અથવા બધા આહારક હોય અને એક અનાહારક હોય. ૬ અથવા ઘણા આહારકો હોય અને ઘણા અનાહારકો હોય. બાકીનાને જીવપદથી આરંભી ત્રણ ભાંગા જાણવા. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'तेउलेस्साए पुढविआउवणस्सइकाइयाणं छब्भंगा, सेसाणं जीवाइओ तियभंगो'- તેજોલેશ્યામાં પૃથિવી, અપ્ અને વનસ્પતિકાયિકોને છ ભાગાં અને બાકીનાને જીવપદથી આરંભી ત્રણ ભાંગા જાણવા. શું બધા જીવોને સામાન્યપણે જીવપદથી આરંભી ત્રણ ભાંગા હોય કે કોઇકને હોય? એ પ્રશ્નના ઉત્તરમાં સૂત્રકાર કહે છે—'जेसिं अत्थि

तेउलेसा' જેઓને તેજોલેશ્યા હોય છે તેઓને ત્રણ ભાંગા કહેવા, પણ બાકીનાને ન કહેવા. એથી એમ જણાવ્યું કે નારક, તેજસ, વાયુ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો સંબન્ધે તેજોલેશ્યા સૂત્ર ન કહેવું–અને પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા જેઓને હોય છે તેઓ સંબન્ધે તે વિષે સૂત્ર કહેવું. તેમાં પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને વૈમાનિકોમાં હોય છે, પણ બાકીનાને હોતી નથી, માટે તે બન્ને લેશ્યામાં પ્રત્યેકને આશ્રયી ચાર પદ છે–જેમકે ૧ સામાન્ય જીવપદ, ૨ તીર્યંચ પંચેન્દ્રિયપદ, ૩ મનુષ્યપદ અને ૪ વૈમાનિક પદ. બધેય એકવચનની અપેક્ષાએ ૧ કદાચ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય–એ ભાંગો હોય છે. બહુવચનની અપેક્ષાએ ત્રણ ભાંગા હોય છે. જેમક—૧ બધા ય આહારક હોય, ૨ અથવા બધા આહારક હોય અને એક અનાહારક હોય. ૩ અથવા આહારકો હોય અને અનાહારકો હોય. તે પ્રકારે સૂત્રકાર કહે છે—'**पम्हलेसाए सुक्कलेसाए जीवाइओ तियभंगो**'–પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાં જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા જાણવા. લેશ્યારહિત અયોગી કેવલી અને સિદ્ધો છે, તેથી અહીં ત્રણ પદ સમજવા. જેમકે સામાન્ય જીવપદ, મનુષ્ય અને સિદ્ધ, બધેય એક વચન અને બહુવચન વડે અનાહારકો જ કહેવા, એજ બાબત સૂત્રકાર કહે છે—'**अलेस्स जीवा मणुस्सा सिद्धा य एगत्तेणवि पुहुत्तेण वि णो आहारगा, अणाहारगा**'–લેશ્યારહિત જીવો, મનુષ્યો અને સિદ્ધો એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારક હોતા નથી પણ અનાહારક હોય છે. લેશ્યાદ્વાર સમાપ્ત. ॥૧૩॥૬૫૪॥

## ।। दिट्ठिदारे आहारयाइपरूवणं ।।

**सम्मद्दिट्ठी णं भंते! जीवा किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए, सिय अणाहारए। बेइंदिय-तेइंदिय-चउरिंदिया छब्भंगा, सिद्धा अणाहारगा, अवसेसाणं तियभंगो, मिच्छदिट्ठीसु जीवेगिंदियवज्जो तियभंगो। सम्मामिच्छदिट्ठी णं भंते! किं आहारए, अणाहारए? गोयमा! आहारए, णो अणाहारए, एवं एगिंदिय-विगलिंदियवज्जं जाव वेमाणिए, एवं पुहुत्तेण वि। दारं ५।।सू०-१४।।६५५।।**

*(મૂ૦) હે ભગવન્! સમ્યગ્દષ્ટિ જીવો આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. બેઇન્દ્રિયો, તેઇન્દ્રિયો અને ચઉરિન્દ્રિયોને છ ભાંગા હોય છે. સિદ્ધો અનાહારક હોય છે, બાકીના જીવોને ત્રણ ભાંગા હોય છે. મિથ્યાગ્દષ્ટિને વિષે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. હે ભગવંન્! સમ્યગ્દષ્ટિ જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! આહારક હોય, પણ અનાહારક ન હોય. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી જાણવું. એમ બહુવચનની અપેક્ષાએ પણ જાણવું. દ્વાર ૫. ॥૧૪॥૬૫૫॥*

(ટી૦) હવે સમ્યગ્દષ્ટિ દ્વારની વ્યાખ્યા કરે છે–અહીં સમ્યગ્દષ્ટિ ઔપશમિક સમ્યક્ત્વ, સાસ્વાદન સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વેદકસમ્યક્ત્વ કે ક્ષાયિકસમ્યક્ત્વ વડે જાણવા. કારણ કે અહીં સામાન્ય સમ્યગ્દષ્ટિનું ગ્રહણ કરેલું છે અને તે પ્રમાણેજ આગળ ભાંગાનો વિચાર કરવાનો છે. તેમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ વગેરે સુપ્રસિદ્ધ છે. અને વેદક સમ્યગ્દષ્ટિ ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો સમ્યક્ત્વમોહનીયના ચરમસમયવર્તી પુદ્ગલોને અનુભવ કરતો હોય ત્યારે જાણવો. એકવચનમાં બધાય જીવાદિ પદોમાં પ્રત્યેકને આશ્રયી કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય' આ ભાંગો હોય છે. પરન્તુ પૃથિવ્યાદિ સંબન્ધે સૂત્ર ન કહેવું, કારણ કે તેઓમાં સમ્યગ્દષ્ટિપણું નથી. કેમ કે '**उभयाभावो पुढवाइएसु**' પૃથિવ્યાદિમાં ઉભયનો–પ્રતિપદ્યમાન કે પ્રતિપન્ન સમ્યગ્દષ્ટિનો ઉત્પત્તિનો અભાવ છે. માટે બહુવચનને આશ્રયી સૂત્રમાં સામાન્ય રીતે જીવપદમાં આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય' એ એકજ ભાંગો ઘટે છે. કારણ કે આહારક અને અનાહારક બન્ને પ્રકારના સમ્યગ્દષ્ટિ હમેશાં ઘણા હોય છે. નારક, ભવનપતિ, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોમાં પ્રત્યેકને ત્રણ ભાંગા હોય છે. જેમકે–૧ કદાચિત્ બધા ય આહારકો જ હોય, ૨ કદાચિત્ બધા આહારકો હોય અને એક અનાહારક હોય, ૩ કદાચિત્ ઘણા આહારકો હોય અને ઘણા અનાહારકો હોય. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં છ ભાંગા હોય છે. અને તેનો પુર્વની પેઠે વિચાર કરવો.

બેઇન્દ્રિયાદિને સમ્યગ્દષ્ટિપણું અપર્યાપ્તાવસ્થાભાવી સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ જાણવું. સિદ્ધો અનાહારક હોય છે. કારણ કે તેઓ ક્ષાયિકસમ્યક્ત્વ સહિત હોય છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**बेइन्दियतेइन्दियचउरिन्दिएसु छब्भङ्गा, सिद्धा अणाहारगा, अवसेसाणं तियभङ्गो**'–બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોમાં છ ભાંગા હોય છે. સિદ્ધો અનાહારક હોય છે અને બાકીનાને ત્રણ ભાંગા જાણવા. મિથ્યાદષ્ટિને વિષે પણ એકવચનની અપેક્ષાએ બધે કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય એમ કહેવું. બહુવચનમાં જીવપદ અને પૃથિવ્યાદિ પદને વિષે પ્રત્યેકને આશ્રયી 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય,' કારણ કે આહારક અને અનાહારક બન્ને પ્રકારના જીવો હમેશાં તેઓમાં ઘણા હોય છે. બાકીના બધા સ્થાનોમાં ત્રણ ભાંગા હોય છે. અહીં સિદ્ધસૂત્ર ન કહેવું. કારણ કે સિદ્ધોને મિથ્યાત્વ હોતું નથી. એજ બાબત સૂત્રકાર કહે છે—'**मिच्छादिट्ठीसु जीवेगिंदियवज्जो तियभंगो**'–મિથ્યાદષ્ટિઓમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા હોય છે. '**सम्मामिच्छादिट्ठी णं भंते!**' હે ભગવન્! સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવ આહારક હોય કે અનાહારક હોય? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! આહારક હોય, પણ અનાહારક ન હોય? શાથી? અહીં સંસારી જીવોને અનાહારકપણું વિગ્રહગતિમાં હોય છે. અને સમ્યગ્મિથ્યાદષ્ટિપણું વિગ્રહગતિમાં હોતુ નથી, કારણ કે તે અવસ્થામાં કોઇપણ જીવ કાળ કરતો નથી. કેમકે '**सम्मामिच्छो न कुणइ कालं**' 'સમ્યગ્મિથ્યાદષ્ટિ કાળ કરતો નથી' એવું શાસ્ત્રનું વચન છે. તેથી સમ્યગ્મિથ્યાદષ્ટિને વિગ્રહગતિના અભાવથી અનાહારપણું નથી. એમ ચોવીશ દંડકના ક્રમથી બધેય કહેવું, પરન્તુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો ન કહેવા, કારણ કે તેઓમાં સમ્યગ્મિથ્યાદષ્ટિપણાનો અસંભવ છે. એમ બહુવચનની અપેક્ષાએ પણ કહેવું. જેમકે—'**सम्मामिच्छदिट्ठी णं भंते जीवा किं आहारगा, अणाहारगा? गोयमा आहारगा, नो अणाहारगा सम्मामिच्छदिट्ठीणं भंते! नेरइआ किं आहारगा, अणाहारगा? गोयमा! आहारगा, णो अणाहारगा. एवमेगेन्दिय-विगलेन्दियवज्जा जाव वेमाणिया॥**' હે ભગવન્! સમ્યગ્મિથ્યાદષ્ટિ જીવો આહારકો હોય કે અનાહારકો હોય? હે ગૌતમ! આહારકો હોય પણ અનાહારકો ન હોય, હે ભગવન્! સમ્યગ્મિથ્યાદષ્ટિ નૈરયિકો આહારકો હોય કે અનાહારકો હોય? હે ગૌતમ! આહારકો હોય પણ અનાહારકો ન હોય. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય વૈમાનિકો સુધી જાણવું. દષ્ટિદ્વાર સમાપ્ત. ॥૧૪॥૬૫૫॥

## ।। जीवाईसु संजयदारे आहारयाइपरूवणं ।। ६

**संजए णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए सिय अणाहारए, एवं मणूसे वि, पुहत्तेणं तियभंगो। अस्संजए पुच्छा। गोयमा! सिय आहारए, सिय अणाहारए, पुहत्तेणं जीवेगिंदियवज्जो तियभंगो। संजयासंजए [णं] जीवे पंचिंदियतिरिक्खजोणिए मणूसे य एते एगत्तेण वि पुहत्तेण वि आहारगा णो अणाहारगा, णोसंजए-णोअसंजए-णोसंजयासंजए जीवे सिद्धे य एते एगत्तेण वि पुहत्तेण वि णो आहारगा अणाहारगा। दारं ६।सू०-१५।।६५६।।**

*(મૂ૦) હે ભગવન્! સંયત જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય, એ પ્રમાણે મનુષ્ય સંબન્ધે પણ કહેવું. બહુવચનની અપેક્ષાએ ત્રણ ભાંગા જાણવા. અસંયત સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. સંયતાસંયત જીવ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્ય હોય છે અને તે એકવચન અને બહુવચન વડે પણ આહારક હોય છે પણ અનાહારક હોતો નથી. નોસંયતનોઅસંયત–નોસંયતાસંયત જીવ અને સિદ્ધ છે અને તે એકવચન અને બહુવચન વડે પણ આહારક નથી, પણ અનાહારક છે. દ્વાર ૬. ॥૧૫॥૬૫૬॥*

(ટી૦) હવે સંયતદ્વારની વ્યાખ્યા કરે છે–સંયતપણું મનુષ્યોનેજ હોય છે. તેમાં બે પદ છે—જીવપદ અને મનુષ્યપદ તેમાં જીવપદને વિષે સૂત્ર કહે છે. '**संजए णं भंते! जीवे**'–હે ભગવન્! સંયત જીવ આહારક હોય કે અનાહારક હોય–ઇત્યાદિ સૂત્ર સુગમ છે.

પરન્તુ અનાહારકપણું કેવલી સમુદ્ઘાતની અવસ્થામાં કે અયોગીપણામાં જાણવું. બાકીના સમયે આહારકપણું જાણવું. એમ મનુષ્યસંબન્ધે સૂત્ર કહેવું. જેમકે **'संजए णं भंते किं आहारए, अणाहारए? गोयमा! सिय आहारए सिय, अणाहारए'**–હે ભગવન્! સંયત મનુષ્ય આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય, તેનો વિચાર હમણાંજ કર્યો છે. **'पुहुत्तेणं तियभंगो'**—બહુવચનમાં જીવપદ અને મનુષ્યપદમાં પ્રત્યેકને ત્રણ ભાંગા જાણવા. તે આ પ્રમાણે–૧ બધાય આહારકો હોય, આ ભાંગો જ્યારે કોઇ પણ કેવલી સમુદ્ઘાત કે અયોગીપણાને પ્રાપ્ત થયેલ ન હોય ત્યારે જાણવો, ૨ અથવા બધા આહારકો હોય અને એક અનાહારક હોય. આ ભાંગો એક કેવલી સમુદ્ઘાત કરે અથવા શૈલેશીને-અયોગીપણાને પ્રાપ્ત થાય ત્યારે હોય છે. ૩ અથવા આહારકો હોય અને અનાહારકો હોય. આ ભાંગો જ્યારે ઘણા કેવલજ્ઞાની સમુદ્ઘાત કરે અથવા શૈલેશીને પ્રાપ્ત થાય ત્યારે ઘટી શકે છે. અસંયત સૂત્રમાં એકવચનની અપેક્ષાએ બધે ય 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય'–એમ કહેવું. બહુવચનની અપેક્ષાએ જીવપદ અને પૃથિવ્યાદિ પદને વિષે પ્રત્યેકને આશ્રયી આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય–એ ભાંગો હોય. બાકીના નૈરયિકાદિ સ્થાનોમાં પ્રત્યેકને ત્રણ ભાંગા સમજવા. સંયતાસંયત–દેશવિરતિયુક્ત. તેઓ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો હોય છે, બાકીના જીવો હોતા નથી, કારણ કે બાકીના જીવોને સ્વભાવથીજ દેશવિરતિનો પરિણામ હોતો નથી, એ પ્રમાણે એઓને ત્રણ પદ હોય છે–સામાન્ય જીવપદ, તિર્યંચપંચેન્દ્રિયપદ અને મનુષ્યપદ. એ ત્રણે સ્થાનોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ આહારકો હોય છે. કારણ કે બીજા ભવમાં જતાં અને કેવલી સમુદ્ઘાતાદિ અવસ્થામાં દેશવિરતિ પરિણામનો અભાવ છે. નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયતના વિચારમાં બે પદ છે-જીવપદ અને સિદ્ધપદ. બન્ને સ્થળે એકવચન અને બહુવચનમાં અનાહારકપણુંજ હોય છે, પણ આહારકપણું હોતું નથી. કારણ કે સિદ્ધો અનાહારક હોય છે. સંયતદ્વાર સમાપ્ત. ॥૧૫॥૬૫૬॥

## ।। कसायदारं आहारयाइपरूवणं ।।

**सकसाई णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए सिय अणाहारए एवं, जाव वेमाणिए, पुहत्तेणं जीवेगिंदियवज्जो तियभंगो, कोहकसाईसु जीवादिएसु एवं चेव, णवरं देवेसु छब्भंगा, माणकसाईसु, मायाकसाईसु य देव-णेरइएसु छब्भंगा, अवसेसाणं जीवेगिंदियवज्जो तियभंगो, लोभकसाईसु णेरइएसु छब्भंगा, अवसेसेसु जीवेगिंदियवज्जो तियभंगो, अकसाई जहा णोसण्णी-णोअसण्णी। दारं७।सू०-१६।।६५७।।**

*(મૂ૦) હે ભગવન્! સકષાયી જીવ આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય, એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. ક્રોધકષાયવાળા જીવાદિને વિષે એમજ સમજવું, પરન્તુ દેવોમાં છ ભાંગા હોય છે. માનકષાયવાળા અને માયાકષાયવાળા દેવ અને નારકોને વિષે છ ભાંગા અને બાકીના સ્થાને જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. લોભકષાયવાળા નારકોને છ ભાંગા અને બાકીના સ્થાનોમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. અકષાયી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી પેઠે કહેવા. દ્વાર ૭. ॥૧૬॥૬૫૭॥*

(ટી૦) હવે કષાયદ્વાર કહે છે—**'सकसाई णं भंते! जीवे'** હે ભગવન્! સકષાયી જીવ આહારક હોય કે અનાહારક હોય–ઇત્યાદિ એકવચન સૂત્ર સુગમ છે. બહુવચનમાં **'जीवेगिंदियवज्जो तियभंगो'** જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. જીવપદમાં અને પૃથિવ્યાદિ પાંચ પદમાં પ્રત્યેકને 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય'–એમ કહેવું. કારણ કે તે સ્થાનોમાં આહારક અને અનાહારકો બન્ને પ્રકારના સકષાયી જીવો ઘણા હોય છે. બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા. **'कोहकसाई एवं चेव'** ક્રોધકષાયી પણ સામાન્ય સકષાયીને પેઠે જાણવો. તેમાં જીવપદ અને પૃથિવ્યાદિ પદોનાં ભાંગાનો અભાવ છે. બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા. શું બધા સ્થાનોમાં ત્રણ ભાંગા સમજવા? ના. પરન્તુ **'देवेसु छब्भंगा'** દેવોમાં છ ભાંગા

જાણવા, કારણ કે **દેવો સ્વભાવથીજ ઘણા લોભવાળા હોય છે** પણ બહુ ક્રોધાદિવાળા હોતા નથી. તેથી ક્રોધકષાયી એકાદિ પણ હોય છે, માટે છ ભાંગા થાય છે, જેમકે–૧ કદાચિત્ ક્રોધકષાયી બધાય આહારકો હોય, કારણ કે એક પણ ક્રોધકષાયી વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો ન હોય, ૨ કદાચિત્ બધાય અનાહારકો હોય. કારણ કે એક પણ ક્રોધકષાયી છતાં આહારક ન હોય. અહીં ક્રોધનો ઉદય માનાદિના ઉદયથી જુદો જ વિવક્ષિત છે, પણ માનાદિના ઉદયસહિત વિવક્ષિત નથી. તેથી કદાચિત્ ક્રોધકષાયી છતાં આહારકનો સર્વથા પણ અભાવ હોય, ૩ તથા કદાચિત્ એક આહારક હોય અને એક અનાહારક હોય. ૪ કદાચિત્ એક આહારક હોય અને ઘણા અનાહારક હોય. ૫ કદાચિત્ ઘણા આહારકો હોય અને એક અનાહારક હોય. ૬ કદાચિત્ ઘણા આહારક હોય અને ઘણા અનાહારક હોય. માનકષાય સૂત્ર અને માયાકષાય સૂત્ર એક વચનમાં પૂર્વની પેઠે જાણવું. બહુવચનમાં વિશેષતા કહે છ– '**माणकसाईसु**' ઇત્યાદિ. માનકષાયી અને માયાકષાયીનો બહુવચન વડે વિચાર કરતા દેવો અને નૈરયિકોમાં પ્રત્યેકને આશ્રયી છ ભાંગા જાણવા, નૈરયિકો ભવસ્વભાવથી બહુક્રોધવાળા અને દેવો બહુલોભવાળા હોય છે. તેથી દેવો અને નારકોને માનકષાય અને માયાકષાય સ્વલ્પ હોય છે. તેથી પૂર્વે કહ્યા પ્રમાણે છ ભાંગા થાય છે. જીવપદમાં અને પૃથિવ્યાદિ પદોમાં પ્રત્યેકને આશ્રયી અન્ય ભાંગા થતા નથી, કારણ કે આહારક અને અનાહારક માનકષાયી અને માયાકષાયી પ્રત્યેક હમેશાં તે તે સ્થાનકોમાં ઘણા હોય છે. બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા, લોભકષાયસૂત્ર પણ એકવચનમાં તેમજ સમજવું. બહુવચનમાં વિશેષતા જણાવે છે–'**लोभकसाईसु**' ઇત્યાદિ. લોભકષાયવાળા નૈરયિકોમાં છ ભાંગા જાણવા, કારણ કે તેઓમાં લોભકષાય અલ્પ છે. બાકીના જીવ અને એકેન્દ્રિય સિવાયના સ્થાનોમાં પણ ત્રણ ભાંગા જાણવા. દેવોમાં પણ ત્રણ ભાંગા સમજવા. કારણ કે તેઓમાં લોભની અધિકતા હોવાથી છ ભાંગાઓનો સંભવ નથી. જીવ અને એકેન્દ્રિયોમાં પૂર્વની પેઠે એકજ ભાંગો જાણવો. 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય.' '**अकसाई जहा–नोसण्णीणोअसण्णी**' અકષાયી જેમ નોસંજ્ઞી–નોઅસંજ્ઞી કહ્યા તેમ કહેવા તાત્પર્ય એ છે કે અકષાયી મનુષ્યો અને સિદ્ધો હોય છે. અકષાયી મનુષ્યો ઉપશાન્તકષાયાદિ જાણવા, કારણ કે તેથી બીજા સકષાયી હોય છે. તેથી એઓના પણ ત્રણ પદો હોય છે. જેમકે–સામાન્યથી જીવપદ, મનુષ્યપદ અને સિદ્ધપદ. તેમાં સામાન્ય જીવપદમાં અને મનુષ્યપદમાં પ્રત્યેકને આશ્રયી એકવચનની અપેક્ષાએ 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય' એમ કહેવું. સિદ્ધપદમાં તો અનાહારકજ હોય છે. બહુવચનની અપેક્ષાએ જીવપદમાં આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય, કારણ કે કેવલજ્ઞાની આહારકો અને સિદ્ધો અનાહારકો હમેશાં ઘણા હોય છે. મનુષ્યપદમાં ત્રણ ભાંગા જાણવા.–૧ બધાય આહારકો હોય. ૨ અથવા બધા આહારકો હોય અને એક અનાહારક હોય. ૩ અથવા આહારકો અને અનાહારકો હોય. કષાયદ્વાર સમાપ્ત. ॥૧૬॥૬૫૭॥

## || णाणदारे आहारयाइपरूवणं || ८

**णाणी जहा सम्मद्दिट्ठी। आभिणिबोहियणाणी सुयणाणीसु य बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु छब्भंगा, अवसेसेसु जीवादीओ तियभंगो जेसिं अत्थि। ओहिणाणी पंचिंदियतिरिक्खजोणिया आहारगा, णो अणाहारगा, अवसेसेसु जीवादीओ तियभंगो जेसिं अत्थि ओहिनाणं, मणपज्जवनाणी जीवा मणूसा य एगत्तेण वि पुहत्तेण वि आहारगा, णो अणाहारगा। केवलनाणी जहा णोसण्णी-णोअसण्णी दारं। ७।। अण्णाणी मइअण्णाणी सुयअण्णाणी जीवेगिंदियवज्जो तियभंगो। विभंगनाणी पंचिंदियतिरिक्खजोणिया मणूसा य आहारगा, णो अणाहारगा, अवसेसेसु जीवादीयो तियभंगो। दारं ८।।सू०-१७।।६५८।।**

*(મૂ૦) જ્ઞાની સમ્યગ્દષ્ટિની જેમ જાણવો. આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને વિષે છ ભાંગા સમજવા. બાકીના જીવો વીશે જેઓને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન છે તેઓને જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા સમજવા. અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચયોનિકો આહારકો હોય છે પણ અનાહારક હોતાં નથી. બાકીના જીવોમાં જેઓને*

*અવધિજ્ઞાન છે તેઓને જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા જાણવા. મનઃપર્યવજ્ઞાની જીવો અને મનુષ્યો એકવચન અને બહુવચન વડે પણ આહારક છે પણ અનાહારક નથી. કેવલજ્ઞાની નોસંજ્ઞી-નોઅસંજ્ઞીની પેઠે જાણવા. દ્વાર ૮. ॥૧૭॥૬૫૮॥*

(ટી૦) હવે જ્ઞાનદ્વાર કહે છે—'**नाणी जहा सम्मद्दिट्ठित्ति**' જેમ પૂર્વે સમ્યગ્દષ્ટિ કહ્યો છે તેમ જ્ઞાની કહેવો. જેમકે-'હે ભગવન્! જ્ઞાની જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. હે ભગવન્! જ્ઞાની નૈરયિક શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. એ પ્રમાણે એકેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી કહેવું. હે ભગવન્! જ્ઞાની જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક પણ હોય અને કદાચિત્ અનાહારક હોય. હે ભગવન્! જ્ઞાની નૈરયિક શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! ૧ બધાય આહારકો હોય. ૨ અથવા બધા આહારકો હોય અને એક અનાહારક હોય. ૩ અથવા ઘણા આહારકો અને અનાહારકો હોય. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારોને જાણવું. બેઇન્દ્રિય સંબંધે પ્રશ્ન હે ગૌતમ! ૧ બધાય આહારક હોય, ૨ અથવા બધા અનાહારક હોય, ૩ અથવા અનાહારક હોય અને એક અનાહારક હોય. ૪ અથવા એક આહારક હોય અને બધા અનાહારકો હોય. ૫ અથવા બધા આહારકો હોય અને એક અનાહારક હોય. ૬ અથવા ઘણા આહારકો અને અનાહારકો હોય. એમ તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો કહેવા. બાકીના જીવો નૈરયિકોની પેઠે વૈમાનિક સુધી જાણવા. સિદ્ધો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ અનાહારકો હોય. આભિનિબોધિક જ્ઞાની અને શ્રુતજ્ઞાની સૂત્રમાં એકવચનની અપેક્ષાએ પૂર્વની પેઠે જાણવું. અને બહુવચનની અપેક્ષાએ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં છ ભાંગા હોય છે. બાકીના જીવાદિ સ્થાનોમાં એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા હોય છે. તે આ પ્રમાણે—'હે ભગવન્! આભિનિબોધિક જ્ઞાની જીવો શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ ૧ બધા ય આહારક હોય, ૨ અથવા બધા ય આહારક હોય અને એક અનાહારક હોય, ૩ અથવા ઘણા આહારક હોય અને ઘણા અનાહારક હોય-ઇત્યાદિ. તે પ્રમાણે સૂત્રકાર કહે છે કે '**आभिणिबोहियनाणी सुयनाणीबेइंदियतेइंदियचउरिंदिएसु छब्भंगा, अवसेसेसु जीवाइओ तियभंगो**' આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં છ ભાંગા અને બાકીના સ્થાનોમાં જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા જાણવા-ઇત્યાદિ સુગમ છે. '**नवरं जेसिं अत्थि**' પરન્તુ જે જીવોને આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય તેઓને ત્રણ ભાંગા કહેવા. બાકીના પૃથિવ્યાદિમાં ન કહેવા. અવધિજ્ઞાન સૂત્ર એકવચનમાં તેમજ જાણવું. બહુવચનના વિચારમાં અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો આહારકજ હોય છે પણ અનાહારક હોતા નથી. શા હેતુથી? તેનું કારણ એ છે કે અહીં પંચેન્દ્રિય તિર્યંચોનું અનાહારકપણું વિગ્રહગતિમાં હોય છે. અને તે સમયે તેઓને ગુણનિમિત્તે અવધિજ્ઞાનનો સંભવ નથી. કારણ કે ત્યારે ગુણોનોજ અસંભવ છે. તેમ અપતિત અવધિજ્ઞાન સહિત દેવ કે મનુષ્ય તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી. તેથી અવધિજ્ઞાની છતાં પંચેન્દ્રિય તિર્યંચને અનાહારકપણાનો અસંભવ છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયના બાકીના સ્થાનોમાં પ્રત્યેકને ત્રણ ભાંગા સમજવા. તે બાબત સૂત્રકાર કહે છે—'**ओहीनाणी णं पंचिंदियतिरिक्खजोणिया आहारगा, अवसेसेसु जीवाइओ तियभंगो, जेसिं अत्थि ओहिणाणमिति**'—'અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો આહારક હોય છે, બાકીના સ્થાનોમાં જેઓને અવધિજ્ઞાન છે તેઓને જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા જાણવા. મનઃપર્યવજ્ઞાન મનુષ્યોનેજ હોય છે, તેથી તેના બે પદ છે, જેમકે જીવપદ અને મનુષ્યપદ. બન્ને સ્થળે પણ એકવચન અને બહુવચનમાં મનઃપર્યવજ્ઞાની આહારકજ કહેવા, પણ અનાહારક ન કહેવા. કારણ કે વિગ્રહગત્યાદિ અવસ્થામાં મનઃપર્યવજ્ઞાનનો સંભવ નથી. કેવલજ્ઞાનીને જેમ પૂર્વે નોસંજ્ઞી-નોઅસંજ્ઞી સંબન્ધે કહ્યું તેમ કહેવું. તાત્પર્ય એ છે કે કેવલજ્ઞાનના વિચારમાં પણ ત્રણ પદ હોય છે. જેમકે—સામાન્ય જીવપદ. મનુષ્યપદ અને સિદ્ધપદ, તેમાં સામાન્ય જીવપદમાં અને મનુષ્યપદમાં એકવચનની અપેક્ષાએ કદાચિત્ આહારક હોય અને અનાહારક હોય'-એમ કહેવું. સિદ્ધપદમાં 'અનાહારક હોય'. બહુવચનની અપેક્ષાએ સામાન્યથી જીવપદમાં 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય'. મનુષ્યપદમાં ત્રણ ભાંગા હોય છે અને તે પૂર્વે બતાવેલા છે. સિદ્ધપદમાં બધાય અનાહારકો હોય છે. અજ્ઞાની સૂત્ર-મતિઅજ્ઞાની સૂત્ર શ્રુતઅજ્ઞાની સૂત્ર એકવચનમાં પૂર્વની પેઠે કહેવું. બહુવચનના વિચારમાં જીવપદ અને પૃથિવ્યાદિ એકેન્દ્રિયોને વિષે પ્રત્યેકને

'ઘણા આહારકો પણ હોય અને ઘણા અનાહારકો પણ હોય' એમ કહેવું. બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા. વિભઙ્ગજ્ઞાની સૂત્ર પણ એકવચનમાં તેમજ જાણવું. બહુવચનના વિચારમાં વિભંગજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો આહારકજ કહેવા. પણ અનાહારક ન કહેવા. કારણ કે વિભઙ્ગજ્ઞાનસહિત જીવની વિગ્રહગતિ વડે તિર્યંચ પંચેન્દ્રિયો અને મનુષ્યોમાં ઉત્પત્તિનો અસંભવ છે. બાકીના સ્થાનોમાં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય પ્રત્યેકને ત્રણ ભાંગા કહેવા. જ્ઞાનદ્વાર સમાપ્ત. ॥૧૭॥૬૫૮॥

## ।। जोगदारे आहारयाइपरूवणं ।।

**सजोगीसु जीवेगिंदियवज्जो तियभंगो। मणजोगी वइजोगी य जहा सम्मामिच्छद्दिट्ठी, णवरं वइजोगो विगलिंदियाण वि। कायजोगीसु जीवेगिंदियवज्जो तियभंगो, अजोगी जीव-मणूस-सिद्धा अणाहारगा। दारं९।।**

## ।। उवजोगदारं ।।

**सागाराणागारोवउत्तेसु जीवेगिंदियवज्जो तियभंगो, सिद्धा अणाहारगा। दारं १०।।**

## ।। वेददारं ।।

**सवेदे जीवेगिंदियवज्जो तियभंगो, इत्थिवेद-पुरिसवेदेसु जीवादीओ तियभंगो, नपुंसगवेदए य जीवेगिंदियवज्जो तियभंगो, अवेदए जहा केवलणाणी। दारं ११।। सू०-१८।।६५९।।**

*(મૂ૦) સયોગીને વિશે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. મનયોગી અને વચનયોગી સમ્યગ્મિથ્યાદષ્ટિની જેમ કહેવા. પરન્તુ વચનયોગ વિકલેન્દ્રિયોને પણ કહેવો. કાયયોગીને વિષે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા હોય છે. અયોગી જીવ, મનુષ્ય અને સિદ્ધ અનાહારક જાણવા. દ્વાર૯. સાકાર અને અનાકાર ઉપયોગવાળામાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવાં. સિદ્ધો અનાહારક હોય છે. દ્વાર ૧૦ વેદસહિત જીવને વિષે જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા, સ્ત્રીવેદ અને પુરુષવેદમાં જીવાદિ સંબન્ધે ત્રણ ભાંગા અને નપુંસકવેદમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. વેદરહિત જીવ કેવલજ્ઞાનીની પેઠે જાણવો. દ્વાર૧૧. ॥૧૮॥૬૫૯॥*

(ટી૦) હવે યોગદ્વાર કહે છે—તેમાં સામાન્યથી સયોગી સૂત્ર એકવચનમાં તેમજ જાણવું. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિયપદોને છોડી બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા. જીવપદ અને પૃથિવ્યાદિ પદોમાં પ્રત્યેકને 'આહારકો પણ હોય અને અનાહારકો પણ હોય' એ ભઙ્ગ જાણવો કારણ કે તે સ્થાનોમાં આહારક અને અનાહારક બન્ને પ્રકારના જીવો ઘણા હોય છે. '**मणजोगी वइजोगी जहा सम्मामिच्छदिट्ठीय**' त्ति. મનયોગી અને વચનયોગી જેમ પૂર્વે સમ્યગ્મિથ્યાદષ્ટિ કહ્યા તેમ કહેવા.' એટલે એકવચન અને બહુવચનમાં 'આહારકો જ કહેવા પણ અનાહારકો ન કહેવા–એ ભાવ છે 'પરન્તુ વચનયોગ વિકલેન્દ્રિયોને પણ હોય છે' નવરં સમ્યગ્મિથ્યાદષ્ટિ સૂત્રથી અહીં આ વિશેષ છે–સમ્યગ્મિથ્યાદષ્ટિપણું વિકલેન્દ્રિયોને નથી, માટે તેનું સૂત્ર ત્યાં કહ્યું નથી. અને વચનયોગ વિકલેન્દ્રિયોને પણ હોય છે માટે તે સંબન્ધે સૂત્ર પણ વચનયોગમાં કહેવું. તે આ પ્રમાણે—'હે ભગવન્! મનયોગવાળો જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! આહારક હોય પણ અનાહારક ન હોય. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાય વૈમાનિક સુધી કહેવું. એમ બહુવચનની અપેક્ષાએ પણ કહેવું..હે ભગવન્! વચનયોગી જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! આહારક હોય પણ અનાહારક ન હોય એમ એકેન્દ્રિય સિવાય યાવત્ વૈમાનિક સુધી કહેવું. એમ બહુવચન વડે પણ કહેવું. એ પ્રમાણે કાયયોગવાળા સંબન્ધે સૂત્ર પણ એકવચન અને બહુવચનમાં સયોગીસૂત્રની પેઠે જાણવું. અયોગી મનુષ્યો અને સિદ્ધો હોય છે, તેથી અહીં ત્રણ પદ છે—જીવપદ, મનુષ્યપદ અને સિદ્ધપદ. ત્રણ સ્થાનો વિષે એકવચન અને બહુવચનમાં અનાહારકપણુંજ હોય છે. યોગદ્વાર સમાપ્ત.

હવે ઉપયોગદ્વારની વ્યાખ્યા કરે છ—તેમાં સાકાર–જ્ઞાનોપયોગસૂત્રમાં અને અનાકાર–દર્શનોપયોગસૂત્રમાં પ્રત્યેકને એકવચનમાં બધેય 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય' એમ કહેવું. અને સિદ્ધપદને વિષે તો અનાહારક હોય

છે. બહુવચનની અપેક્ષાએ જીવપદમાં અને પૃથિવ્યાદિ પદોમાં 'ઘણા આહારકો પણ હોય અને ઘણા અનાહારકો પણ હોય' એ ભાંગો સમજવો. બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા. સિદ્ધો અનાહારક હોય છે. સૂત્રપાઠ આ પ્રમાણે છે—'**सागारोवउत्ते णं भंते! जीवे किं आहारए अणाहारए? गोयमा! सिय आहारए, सिय अणाहारए**'—હે ભગવન્! સાકાર ઉપયોગવાળા જીવ શું આહારક હોય કે અનાહારક હોય? હે ગૌતમ! કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય ઇત્યાદિ. ઉપયોગદ્વાર સમાપ્ત.

વેદદ્વારમાં સામાન્ય વેદસહિત સૂત્રમાં એકવચનને વિષે 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય' એ ભંગ જાણવો. બહુવચનમાં જીવપદ અને એકેન્દ્રિયોને છોડીને બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા અને જીવપદ અને એકેન્દ્રિયોમાં 'ઘણા આહારકો હોય અને ઘણા અનાહારકો હોય' એ સિવાય બીજા ભાંગાનો અભાવ સમજવો. કારણ કે ત્યાં ઘણા આહારકો પણ હોય અને ઘણા અનાહારકો પણ હોય-એ એકજ ભાંગો હોય છે. સ્ત્રીવેદ સૂત્ર અને પુરુષવેદ સૂત્ર એકવચનમાં તેમજ જાણવું. પરન્તુ અહીં નારક, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય ન કહેવા. કારણ કે તેઓ નપુંસક હોય છે. બહુવચનમાં જીવાદિ પદોમાં પ્રત્યેકને ત્રણ ભાંગા જાણવા. નપુંસકવેદમાં પણ એકવચનની અપેક્ષાએ સૂત્ર તેમજ જાણવું. પરન્તુ અહીં ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો ન કહેવા. કારણ કે તેઓ નપુંસક વેદરહિત છે. બહુવચનમાં જીવ અને એકેન્દ્રિય સિવાયના બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા અને જીવપદ તથા પૃથિવ્યાદિ એકેન્દ્રિય પદોમાં પૂર્વે કહ્યા પ્રકારે ભાંગાઓનો અભાવ છે. વેદરહિતને જેમ કેવલજ્ઞાની સંબન્ધે કહ્યું તેમ એકવચન અને બહુવચનમાં કહેવું. જીવપદ અને મનુષ્યપદને વિષે એકવચનમાં 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય' અને બહુવચનની અપેક્ષાએ જીવપદમાં ઘણા આહારકો પણ હોય અને ઘણા અનાહારકો પણ હોય. મનુષ્યોમાં ત્રણ ભાંગા સમજવા. અને સિદ્ધપણામાં 'બધા અનાહારકો હોય' એમ કહેવું. વેદદ્વાર સમાપ્ત. ॥૧૮॥૬૫૯॥

## ।। सरीरदारे आहारयाइपरूवणं ।।

**ससरीरी जीवेगिंदियवज्जो तियभंगो, ओरालियसरीरीसु जीव-मणूसेसु तियभंगो, अवसेसा आहारगा, णो अणाहारगा, जेसिं अत्थि ओरालियसरीरं, वेउव्वियसरीरी आहारगसरीरी य आहारगा, णो अणाहारगा जेसिं अत्थि। तेय-कम्मगसरीरी जीवेगिंदियवज्जो तियभंगो, असरीरी जीवा सिद्धा य णो आहारगा, अणाहारगा। दारं १२।**

## ।। पज्जत्तिदारे आहारयाइपरूवणं ।।

**आहारपज्जत्तीपज्जत्तए सरीरपज्जत्तीपज्जत्तए इंदियपज्जत्तीपज्जत्तए आणापाणुपज्जत्तीपज्जत्तए भासामणपज्जत्तीपज्जत्तए एयासु पंचसु वि पज्जत्तीसु जीवेसु मणूसेसु य तियभंगो, अवसेसा आहारगा, णो अणाहारगा, भासा-मणपज्जत्ती पंचेंदियाणं, अवसेसाणं णत्थि। आहारपज्जत्तीअपज्जत्तए णो आहारए, अणाहारए एगत्तेण वि पुहत्तेण वि, सरीरपज्जत्तीअपज्जत्तए सिय आहारए सिय अणाहारए, उवरिल्लियासु चउसु अपज्जत्तीसु णेरइय-देव-मणूसेसु छब्भंगा, अवसेसाणं जीवेगिंदियवज्जो तियभंगो। भासा-मणपज्जत्तीए (अपज्जत्तएसु) जीवेसु पंचिंदियतिरिक्खजोणिएसु य तियभंगो, णेरइय-देव-मणुएसु छब्भंगा। सव्वपदेसु एगत्त-पुहत्तेणं जीवादीया दंडगा पुच्छाए भाणियव्वा जस्स जं अत्थि तस्स तं पुच्छिज्जति, [जस्स] जं णत्थि [तस्स] तं ण पुच्छिज्जति, जाव भासा-मणपज्जत्तीएअपज्जत्तएसु णेरइय-देव-मणुएसुय छब्भंगा, सेसेसु तियभंगो।। दारं १३।। आहारपयस्स बितिओ उद्देसो समत्तो ।।सू०-१९।।६६०।।**

पन्नवणाए भगवईए अट्ठावीसइमं आहारपयं समत्तं।

(મૂ૦) સશરીરી જીવને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા કહેવા. ઔદારિક શરીરી જીવ અને મનુષ્યોમાં ત્રણ ભાંગા જાણવા. બાકીના જીવો જેઓને ઔદારિક શરીર છે તેઓ આહારક હોય છે, પણ અનાહારક હોતા નથી. વૈક્રિયશરીરી અને આહારક શરીરી જેઓને વૈક્રિય અને આહારક શરીર છે તેઓ આહારક હોય છે પણ અનાહારક હોતા નથી. તૈજસકાર્મણ શરીરવાળાને જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા જાણવા. અશરીરી-શરીર રહિત જીવો અને સિદ્ધો આહારક નથી પણ અનાહારક છે. દ્વાર ૧૨.

આહાર પર્યાપ્તિ વડે પર્યાપ્ત, શરીર પર્યાપ્તિ વડે પર્યાપ્ત, ઇન્દ્રિય પર્યાપ્તિ વડે પર્યાપ્ત, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વડે પર્યાપ્ત અને ભાષા મનઃ પર્યાપ્તિ વડે પર્યાપ્તાનો વિચાર કરતાં એ પાંચે પર્યાપ્તિઓમાં જીવ અને મનુષ્ય પદને આશ્રયી ત્રણ ભાંગા જાણવા. બાકીના જીવો આહારક હોય છે પણ અનાહારક હોતા નથી. ભાષા અને મનઃપર્યાપ્તિ પંચેન્દ્રિયોને હોય છે. બીજાને નથી. આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્તો એકવચન અને બહુવચનની અપેક્ષાએ પણ આહારક નથી, પણ શરીરપર્યાપ્તિ વડે અપર્યાપ્ત કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. ઉપરની ચારે અપર્યાપ્તિઓમાં નારક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા હોય છે. બાકીના પદમાં જીવ અને એકેન્દ્રિય સિવાય ત્રણ ભાંગા સમજવા. ભાષા મનઃપર્યાપ્તિ વડે પર્યાપ્તા જીવો અને પંચેન્દ્રિય તિર્યંચોમાં ત્રણ ભાંગા, નારક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા કહેવા. સર્વ પદોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ જીવાદિ દંડકો પ્રશ્ન વડે કહેવા. જેને જે હોય તેને તેનો પ્રશ્ન કરવો. જેને જે નથી, તેનો તેને પ્રશ્ન ન કરવો. યાવત્ ભાષા મનઃપર્યાપ્તિ વડે અપર્યાપ્તા દેવ અને મનુષ્યોમાં છ ભાંગા અને બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા જાણવા. ॥૧૯॥૬૬૦॥

પ્રજ્ઞાપના સૂત્રમાં અઠ્યાવીશમા આહારપદનો બીજો ઉદ્દેશક સમાપ્ત.

(ટી૦) શરીરદ્વાર વિશે સામાન્યતઃ સશરીર સૂત્રમાં એકવચનની અપેક્ષાએ બધે 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય.' બહુવચનની અપેક્ષાએ જીવ અને એકેન્દ્રિય સિવાય બાકીના સ્થાનોમાં પ્રત્યેકને ત્રણ ભાંગા અને જીવપદ અને પૃથિવ્યાદિ એકેન્દ્રિય પદોમાં પ્રત્યેકને પૂર્વે કહ્યા પ્રમાણે ભાંગાઓનો અભાવ સમજવો. ઔદારિકશરીરસૂત્ર એકવચનમાં તેમજ જાણવું. પરન્તુ અહીં નારક, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો ન કહેવા, કારણ કે તેઓને ઔદારિક શરીર નથી. બહુવચનમાં જીવપદ અને મનુષ્યપદમાં પ્રત્યેકને ત્રણ ભાંગા જાણવા. જેમકે—૧ 'બધા ય આહારકો હોય'. આ ભાંગો જ્યારે કોઇપણ કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ કે અયોગી ન હોય ત્યારે સમજવો. ૨ અથવા બધા આહારકો હોય અને એક અનાહારક હોય. આ ભાંગો એક કેવલજ્ઞાની સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ હોય અથવા અયોગી હોય ત્યારે હોય છે. ૩ અથવા 'ઘણા આહારકો હોય અને ઘણા અનાહારકો હોય'. આ ભાંગો ઘણા કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા કે અયોગી હોય ત્યારે જાણવો. બાકીના એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિયો આહારક જ કહેવા, પણ અનાહારક ન કહેવા. કારણ કે વિગ્રહગતિથી ઉત્તીર્ણ થયેલાને જ ઔદારિક શરીરનો સંભવ છે, વૈક્રિયશરીરી અને આહારકશરીરી બધા ય એકવચન અને બહુવચનમાં આહારક જ હોય છે, પણ અનાહારક હોતા નથી. પરન્તુ જેઓને વૈક્રિય અને આહારક શરીર સંભવે છે તે જ કહેવા, બીજા ન કહેવા. તેમાં વૈક્રિયશરીર નારક, ભવનપતિ, વાયુકાયિક, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને હોય છે અને આહારક મનુષ્યોને જ હોય છે. સૂત્રપાઠ આ પ્રમાણે—'**वेउव्वियसरीरी ण भंते! आहारए अणाहारए? गोयमा! आहारए णो अणाहारए**'-હે ભગવન્! વૈક્રિયશરીરી જીવ શું આહારક છે કે અનાહારક છે? હે ગૌતમ! આહારક છે પણ અનાહારક નથી. હે ભગવન્! વૈક્રિયશરીરી નારક શું આહારક છે કે અનાહારક છે? હે ગૌતમ! આહારક છે પણ અનાહારક નથી. તૈજસકાર્મણશરીરવાળાના સૂત્રમાં એકવચનની અપેક્ષાએ બધે ય 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. બહુવચનની અપેક્ષાએ જીવ અને એકેન્દ્રિય સિવાયના બાકીના સ્થાનોમાં ત્રણ ભાંગા અને જીવપદ અને એકેન્દ્રિયોમાં ભાંગાઓનો અભાવ જાણવો. અશરીરી-શરીરરહિત સિદ્ધો હોય છે. અને તેમાં બે જ પદ છે. જીવો અને સિદ્ધો. તેને વિષે એકવચન અને બહુવચનમાં બન્ને સ્થાનોમાં અનાહારક જ હોય છે.

શરીરદ્વાર સમાપ્ત.

હવે પર્યાપ્તિદ્વાર કહે છે—તેમાં આગમમાં પાંચ પર્યાપ્તિઓ કહેલી છે. કારણ કે ભાષા અને મનઃપર્યાપ્તિની એકપણે વિવક્ષા કરી છે. આહારપર્યાપ્તિવડે પર્યાપ્ત, શરીરપર્યાપ્તિવડે પર્યાપ્ત, ઇન્દ્રિયપર્યાપ્તિવડે પર્યાપ્ત, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિવડે પર્યાપ્ત તથા ભાષા અને મનઃપર્યાપ્તિવડે પર્યાપ્તાનો વિચાર કરતાં, અહીં સર્વ પર્યાપ્તિઓની સઙ્કલના-સંખ્યા કહે છે—'**एतासु पञ्चस्वपि पर्याप्तिषु**' અહીં '**समर्थितासु चिन्त्यमानासु**' એ પદનો અધ્યાહાર કરવો. એટલે સંપૂર્ણ કરેલી એ પાંચ પર્યાપ્તિઓનો વિચાર કરતાં એ પાંચ પર્યાપ્તિઓ વડે પર્યાપ્તાને એકવચનની અપેક્ષાએ જીવપદ અને મનુષ્યપદમાં કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય. અને બાકીના સ્થાનોમાં આહારક હોય. બહુવચનમાં '**जीवेसु मणूसेसु य तियभङ्गो**' ત્તિ જીવપદ અને મનુષ્યપદને વિશે ત્રણ ભાંગા કહેવા. અને તેનો ઔદારિકશરીરવાળા સૂત્રની પેઠે વિચાર કરવો. બાકીના બધા ય આહારકો કહેવા. પરન્તુ ભાષામનઃપર્યાપ્તિ પંચેન્દ્રિયોને જ હોય છે. માટે તેના સૂત્રમાં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયો ન કહેવા પરન્તુ બાકીના જીવો કહેવા એ જ બાબત સૂત્રકાર કહે છે—'**भासामणपज्जत्ती पंचिंदियाणं, अवसेसाणं नत्थि**' ભાષા-મનઃપર્યાપ્તિ પંચેન્દ્રિયોને હોય છે બીજાને નથી. આહારપર્યાપ્તિવડે અપર્યાપ્તાના સૂત્રમાં એકવચનની અપેક્ષાએ બધે ય અનાહારક કહેવો, પણ આહારક ન કહેવો. આહારપર્યાપ્તિવડે અપર્યાપ્ત વિગ્રહગતિમાં જ હોય છે. કારણ કે ઉત્પત્તિસ્થાનને પ્રાપ્ત થયેલો જીવ પ્રથમ સમયે જ આહારપર્યાપ્તિવડે પર્યાપ્ત હોય છે. જો એમ ન હોય તો તે સમયે આહારકપણું ન ઘટે. બહુવચનની અપેક્ષાએ તો 'અનાહારકો હોય'. શરીરપર્યાપ્તિવડે અપર્યાપ્ત સૂત્રમાં એકવચનની અપેક્ષાએ 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય'. તેમાં વિગ્રહગતિમાં અનાહારક અને ઉપપાતક્ષેત્રને પ્રાપ્ત થયેલો શરીરપર્યાપ્તિની સમાપ્તિ સુધી આહારક હોય છે. એ પ્રમાણે ઇન્દ્રિયપર્યાપ્તિવડે અપર્યાપ્તસૂત્રમાં, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિવડે અપર્યાપ્તસૂત્રમાં અને ભાષામનઃપર્યાપ્તિવડે અપર્યાપ્તસૂત્રમાં પ્રત્યેકને એકવચનની અપેક્ષાએ 'કદાચિત્ આહારક હોય અને કદાચિત્ અનાહારક હોય' એમ કહેવું. બહુવચનની અપેક્ષાએ '**उवरिल्लियासु**' ઉપરની શરીર અપર્યાપ્તિપ્રમુખ ચાર અપર્યાપ્તિઓનો વિચાર કરતા નારક, દેવ અને મનુષ્યોમાં પ્રત્યેકને છ ભાંગા કહેવા. જેમકે ૧ 'કદાચિત્ બધા ય અનાહારકો જ હોય ૨ 'કદાચિત્ બધા ય આહારકો જ હોય. ૩ કદાચિત્ એક આહારક હોય અને એક અનાહારક હોય. ૪ કદાચિત્ એક આહારક હોય અને ઘણા અનાહારકો હોય. ૫ કદાચિત્ ઘણા આહારકો હોય અને એક અનાહારક હોય અને ૬ કદાચિત્ ઘણા આહારકો અને ઘણા અનાહારકો હોય'. બાકીના નારક, દેવ અને મનુષ્ય સિવાય બીજા જીવોને જીવપદ અને એકેન્દ્રિયો વિના ત્રણ ભાંગા કહેવા. જેમક—૧ બધા ય આહારકો હોય. ૨ અથવા બધા આહારકો હોય અને એક અનાહારક હોય. ૩ અથવા ઘણા આહારકો અને ઘણા અનાહારકો હોય. જીવપદ અને એકેન્દ્રિયપદોને વિષે શરીરપર્યાપ્તિ વડે અપર્યાપ્ત સૂત્રમાં, ઇન્દ્રિયપર્યાપ્તિવડે અપર્યાપ્તસૂત્રમાં અને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિવડે અપર્યાપ્તસૂત્રમાં પ્રત્યેકને આશ્રયી ભાંગાઓનો અભાવ છે. કેમકે તેઓ આહારકો પણ હોય છે અને અનાહારકો પણ હોય છે. કારણ કે આહારક અને અનાહારક બન્ને પ્રકારના જીવો હમેશાં ઘણા હોય છે. ભાષા મનઃપર્યાપ્તિવડે અપર્યાપ્તા એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો હોતા નથી, પરન્તુ પંચેન્દ્રિયો જ હોય છે જેઓને ભાષામનઃપર્યાપ્તિનો સંભવ છે તેઓ જ તે પર્યાપ્તિ વડે અપર્યાપ્તા કહેવાય છે. પણ બીજા કહેવાતા નથી. તેથી તેના સૂત્રમાં બહુવચનની અપેક્ષાએ જીવપદમાં અને પંચેન્દ્રિય તિર્યંચ પદમાં ત્રણ ભાંગા કહેવા. પંચેન્દ્રિય તિર્યંચો સંમૂર્ચ્છિમો હમેશાં ઘણા હોય છે. તેથી જ્યાં સુધી હજી બીજો પંચેન્દ્રિય તિર્યંચ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો ન હોય ત્યાં સુધી 'બધાય આહારકો હોય' એ ભાંગો હોય છે. તે એક વિગ્રહગતિને પ્રાપ્ત થયેલો હોય ત્યારે બીજો ભાંગો-બધા આહારક હોય અને એક અનાહારક હોય. જ્યારે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા પણ ઘણા હોય ત્યારે ઘણા આહારકો અને ઘણા અનાહારકો હોય-એ ત્રીજો ભાંગો હોય. જીવપદ વિષે ત્રણ ભાંગા એ અપેક્ષાએ જાણવા. નારક, દેવ અને મનુષ્યમાં પ્રત્યેકને છ ભાંગા હોય છે અને તે પૂર્વે કહેલા છે.

અહીં ભવ્યપદથી આરંભી પ્રાયઃ એકવચન અને બહુવચનવડે જુદા સૂત્રો જીવાદિ દંડકના ક્રમથી કહ્યા નથી, તેથી મન્દ બુદ્ધિવાળાને ભ્રાન્તિ ન થાય માટે તે સંબન્ધે અતિદેશ-સાદૃશ્ય પ્રતિપાદક સૂત્ર કહે છે—'**सव्वेपएसु एगत्ते**'-ઇત્યાદિ. સર્વ

પદોમાં-બધાય પદોમાં એકવચન અને બહુવચનની અપેક્ષાએ પ્રશ્નવડે અને ઉપલક્ષણથી ઉત્તર વડે એ જીવાદિ દણ્ડકો કહેવા. શું બધે ય સામાન્યપણે કહેવા? નહિ, જેને જે હોય તેને તે પુછવું એટલે તે સંબન્ધે સૂત્ર કહેવું. જેને જે નથી તે તેને ન પુછવું એટલે તે બાબત સૂત્ર ન કહેવું. ક્યાં સુધી એમ કહેવું? એ શઙ્કાના સમાધાનમાં ચરમ દંડકના કથન સુધી કહેવું-એમ સૂત્રકાર કહે છે—'जाव भासामणपज्जत्तीए अपज्जत्तएसु' યાવત્ ભાષામનપર્યાપ્તિવડે અપર્યાપ્ત નારક, દેવ અને મનુષ્ય વિષે કહેવું. ઇત્યાદિના અર્થનો પૂર્વે વિચાર કર્યો છે. અહીં પ્રસ્તુત અર્થનો વિચાર કરવા માટે પૂર્વાચાર્યોએ કહેલી આ ગાથાઓ છે—

"सिद्धेगिंदियसहिया जहिं तु जीवा अभङ्गयं तत्थ। सिद्धेगिंदियवज्जोहिं होइ जीवेहिं तियभङ्गो ॥१॥
असण्णीसु य नेरइदेवमणुएसु होंति छब्भङ्गा। पुढविदगतरुगणेसु य छब्भङ्गा तेउलेसाए ॥२॥
कोहे माणे माया छब्भङ्गा सुरगणेसु सव्वेसुं। माणे माया लोभे णेरइएहिंपि छब्भङ्गा ॥३॥
आभिणिबोहियनाणे सुयनाणे खलु तहेव सम्मत्ते। छब्भङ्गा खलु नियमा बियतियचउरिंदिएसु भवे ॥४॥
उवरिल्लापज्जत्तीसु चउसु णेरइयदेवमणुएसुं। छब्भङ्गा खलु नियमा वज्जे पढमा उ अपजत्ती ॥५॥
सण्णी विसुद्धलेसा सञ्जय हिट्ठिल्ल तिसु य नाणेसु। थीपुरिसाण य वेदे वि छब्भङ्ग अवेय तियभङ्गो ॥६॥
सम्मामिच्छामणवइमणनाणे बालपंडियविउव्वी। आहारसरीरंमि य नियमा आहारया होंति ॥७॥
ओहिंमि विभङ्गंमि य नियमा आहारया उ नायव्वा। पञ्चिदिया तिरिच्छा मणुया पुण होंति विब्भंगे ॥८॥
ओरालसरीरंमि य पज्जत्तीणं च पञ्चसु तहेव। तियभङ्गो जियमणुएसु होंति आहारगा सेसा ॥९॥
णोभवअभविय लेसा अजोगिणो तहय होंति असरीरी। पढमाए अपज्जत्तीएँ ते उ नियमा अणाहारा ॥१०॥
सन्नासन्नविउत्ता अवेय अकसाइणो य केवलिणो। तियभङ्ग एक्कवयणे सिद्धाऽणाहारया होंति ॥११॥"

સિદ્ધ અને એકેન્દ્રિય સહિત જ્યાં જીવો છે ત્યાં બીજો ભાંગો નથી. સિદ્ધ અને એકેન્દ્રિય સિવાયના જીવોમાં ત્રણ ભાંગા જાણવા. ૧ અસંજ્ઞી, નારક, દેવ અને મનુષ્યોમાં છ ભાંગા હોય છે. પૃથિવી, અપ્ અને વનસ્પતિસમૂહને વિષે તેજોલેશ્યાની અપેક્ષાએ છ ભાંગા થાય છે. ૨ સર્વ દેવોમાં ક્રોધ, માન અને માયા સંબન્ધે છ ભાંગા થાય છે. માન, માયા, અને લોભ સંબન્ધે નારકોમાં પણ છ ભાંગા થાય છે. ૩ આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને સમ્યક્ત્વના છ ભાંગા અવશ્ય બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને વિષે થાય છે. ૪ ઉપરની ચાર અપર્યાપ્તિઓમાં નારક, દેવ અને મનુષ્યોને વિષે છ ભાંગા થાય છે. પ્રથમ (આહાર) અપર્યાપ્તિ અવશ્ય વર્જવી. ૫ સંજ્ઞી, વિશુદ્ધ લેશ્યા, સંયત, નીચેના ત્રણ જ્ઞાન, સ્ત્રીવેદ અને પુરુષવેદમાં પણ છ ભાંગા અને વેદરહિતને ત્રણ ભાંગા થાય છે. ૬ સમ્યગ્મિથ્યાત્વ, મનોયોગ, વચનયોગ, મનઃપર્યવજ્ઞાન, બાલપંડિત-દેશવિરતિ, વૈક્રિયલબ્ધિવાળા, અને આહારક શરીરમાં અવશ્ય આહારકો હોય છે. ૭ અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનમાં અવશ્ય આહારક જાણવા. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો વિભંગજ્ઞાનમાં હોય છે. ૮ ઔદારિકશરીરમાં પાંચે પર્યાપ્તિઓમાં જીવ અને મનુષ્યોને વિષે તેમજ ત્રણ ભાંગા હોય છે અને બાકીના બધા આહારક હોય છે. ૯ નોભવ્યઅભવ્ય, અલેશ્યા-લેશ્યારહિત અયોગી અને અશરીરી તથા પ્રથમ અપર્યાપ્તિમાં વર્તમાન જીવો અનાહારક હોય છે. ૧૦ સંજ્ઞા અને અસંજ્ઞા વિયુક્ત, વેદરહિત, અકષાયી અને કેવલજ્ઞાનીને ત્રણ ભાંગા જાણવા. એકવચન વડે સિદ્ધો અનાહારક હોય છે. ૧૧

આ બધી ગાથાઓ પૂર્વે કહેલા અર્થને જણાવનારી હોવાથી તેના અર્થનો વિચાર કરેલો છે, માટે ગ્રન્થ વધી જવાના ભયથી ફરીથી તેનો વિચાર કરતા નથી, પરન્તુ 'एक्कवयणे सिद्धा अणाहारया होंति' અહીં 'एक्कवयणे' એ સ્થળે તૃતીયાના અર્થમાં સપ્તમી છે એટલે એકવચન વડે બધે સિદ્ધો અનાહારક હોય છે એમ જાણવું. દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત. ॥૧૯॥૬૬૦॥

શ્રીમદાચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના અનુવાદમાં અઠ્યાવીશમું આહારપદ સમાપ્ત.

## ।। एगूणतीसइमं उवओगपयं ।।

## ।। जीवाईसु उवओगभेय-पभेय परूवणं ।।

**कइविहे णं भंते! उवओगे पन्नत्ते? गोयमा! दुविहे उवओगे पन्नत्ते, तं जहा—सागरोवओगे य अणागारोवओगे य। सागरोवओगे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! अट्ठविहे पन्नत्ते, तं जहा—आभिणिबोहियनाणसागरोवओगे, सुयणाणसागरोवओगे, ओहिणाणसागरोवओगे, मणपज्जवनाणसागरोवओगे, केवलनाणसागरोवओगे, मतिअण्णाणसागरोवओगे, सुयअण्णाणसागरोवओगे, विभंगणाणसागरोवओगे। अणागारोवओगे णं भंते! कतिविहे पन्नत्ते? गोयमा! चउव्विहे पन्नत्ते, तं जहा—चक्खुदंसणअणागारोवओगे, अचक्खुदंसणअणागारोवओगे, ओहिदंसणअणागारोवओगे, केवलदंसणअणागारोवओगे य।। एवं जीव्राणं पि।।सू०-१।।६६१।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારનો ઉપયોગ કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે. તે આ પ્રમાણે—સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્! સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! આઠ પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે—૧ આભિનિબોધિક જ્ઞાન સાકારોપયોગ, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવલજ્ઞાન, ૬ મતિઅજ્ઞાન, ૭ શ્રુતઅજ્ઞાન, અને ૮ વિભંગજ્ઞાન સાકારોપયોગ. હે ભગવન્! અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—૧ ચક્ષુદર્શન અનાકાર ઉપયોગ, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન, અને ૪ કેવલદર્શન. એ પ્રમાણે જીવોને કહેવું. ॥૧॥૬૬૧॥*

(ટી૦) એમ અઠ્ઠાવીશમું 'આહાર' નામે પદ કહ્યું. હવે ઓગણત્રીશમાં પદનો પ્રારંભ કરાય છે. એનો સંબન્ધ આ છે–અહીં પૂર્વના પદમાં ગતિના પરિણામવિશેષ રૂપ આહારપરિણામ કહ્યો, અહીં જ્ઞાનના પરિણામવિશેષ રૂપ ઉપયોગનું પ્રતિપાદન કરાય છે. તેમાં આ પ્રથમ સૂત્ર છે—'**कइविहे णं भंते! उवओगे पण्णत्ते**' સૂત્રમાં '**ए**' કાર માગધી ભાષાના નિયમથી આવેલો છે. '**णं**' વાક્યાલંકારમાં આવે છે. '**भदन्त**'!–પરમકલ્યાણયુક્ત હે ભગવન્! ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? '**उपयोजनं**'–ઉપયોગ. અહીં ક્રિયાના અર્થમાં 'ઘઞ્' પ્રત્યય સમજવો. અથવા '**उपयुज्यतेऽनेन**' જે વડે જીવ વસ્તુનું જ્ઞાન કરવામાં પ્રવૃત્ત થાય તે ઉપયોગ. અહીં કરણમાં 'ઘ' પ્રત્યય થયેલો છે એટલે જીવનો બોધરૂપ તાત્ત્વિક વ્યાપાર. તે કેટલા પ્રકારનો કહ્યો છે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! ઇત્યાદિ. આકાર–પ્રતિનિયત અર્થને ગ્રહણ કરવાનો પરિણામ, કારણ કે '**आगारो य विसेसो**' એવું શાસ્ત્રવચન છે. આકારસહિત હોય તે સાકાર, એવા પ્રકારનો ઉપયોગ તે સાકરોપયોગ, તાત્પર્ય એ છે કે સચેતન કે અચેતન વસ્તુમાં ઉપયોગ કરતો આત્મા જ્યારે પર્યાય સહિત વસ્તુ જાણે છે ત્યારે તે ઉપયોગ સાકાર કહેવાય છે. અને તે ઉપયોગ કાળથી છદ્મસ્થને અન્તર્મુહૂર્ત કાળનો અને કેવલીને એક સમયનો હોય છે. ઉપર કહેલા સ્વરૂપવાળો આકાર જેમાં નથી તે અનાકાર ઉપયોગ, [1]સ્કન્ધાવારના ઉપયોગની પેઠે વસ્તુનું જે સામાન્યરૂપે જ્ઞાન તે અનાકારોપયોગ. આ અનાકાર ઉપયોગ પણ છદ્મસ્થને અન્તર્મુહૂર્તનો છે, પણ અનાકાર ઉપયોગના કાળથી સાકાર ઉપયોગનો કાળ સંખ્યાતગુણ જાણવો, કારણ કે તે પર્યાયનો પરિચ્છેદ–બોધ કરતો હોવાથી તેમાં ઘણો કાળ લાગે છે અને તેનું કારણ છદ્મસ્થોનો તેવા પ્રકારનો સ્વભાવ છે. કેવલીને અનાકાર ઉપયોગ એક સમયનો હોય છે. ચ શબ્દો સ્વગત અનેક ભેદના સૂચક છે.

**णेरइयाणं भंते! कतिविहे उवओगे पन्नत्ते? गोयमा! दुविहे उवओगे पन्नत्ते, तं जहा—सागरोवओगे य अणागारोवओगे य। णेरयाइणं भंते। सागारोवओगे कतिविहे पण्णत्ते? गोयमा! छव्विहे पण्णत्ते। तं जहा—मतिणाण-**

१. લશ્કરી છાવણીને સ્કન્ધાવાર કહે છે. તેમાં હાથી, ઘોડા, રથ અને પાયદળનું સૈન્ય હોવા છતાં જ્યાં તેનું વિશેષરૂપે જ્ઞાન ન હોય પણ સૈન્યરૂપે સામાન્ય બોધ હોય તેના જેવો અનાકાર ઉપયોગ છે. યદ્યપિ નામજાત્યાદિની કલ્પનારહિત અનાકાર બોધ છે તેથી સ્કન્ધવારનો ઉપયોગ પણ વિશેષ ઉપયોગરૂપ છે તો પણ તેમાં હાથી, ઘોડા, રથ અને પાયદળરૂપ વિશેષ બોધના અભાવની સમાનતા હોવાથી દૃષ્ટાન્ત તરીકે તેનું ગ્રહણ કર્યું છે.

सागारोवओगे, सुयणाणसागारोवओगे, ओहिणाणसागारोवओगे, मतिअण्णाणसागारोवओगे, सुयअण्णाणसागारोवओगे, विभंगणाणसागारोवओगे। णेरइया णं भंते! अणागारोवओगे कतिविहे पन्नत्ते? गोयमा! तिविहे पन्नत्ते, तं जहा—चक्खुदंसणअणागारोवओगे, अचक्खुदंसणअणागारोवओगे, ओहिदंसण-अणागारोवओगे, एवं जाव थणियकुमाराणं। पुढविक्काइयाणं पुच्छा। गोयमा! दुविहे उवओगे पन्नत्ते, तं जहा—सागरोवओगे अणागारोवओगे य। पुढविकाइयाणं भंते! सागरोवओगे कतिविहे पन्नत्ते? गोयमा! दुविहे पन्नत्ते, तं जहा—[मतिअण्णाणसागारोवओगे,] मतिअण्णाणे, सुतअण्णाणे। [सुयअण्णाणसागारोवओगे य।] पुढविक्काइयाणं अणागारोवओगे कतिविहे पन्नत्ते? गोयमा! एगे अचक्खुदंसणअणागारोवओगे पन्नत्ते, एवं जाव वणप्फइकाइयाणं। बेइंदियाणं पुच्छा। गोयमा! दुविहे उवओगे पन्नत्ते, तं जहा—सागारे, अणागारे य। [सागरोवओगे अणागारोवओगे य।] बेइंदियाणं भंते! सागरोवओगे कतिविहे पन्नत्ते? गोयमा! चउव्विहे पन्नत्ते, तं जहा—आभिणिबोहियणाणसागारोवओगे, सुयनाणसागारोवओगे, मतिअण्णाणसागारोवओगे, सुतअण्णाणसागरोवओगे। बेइंदियाण भंते! अणागारोवओगे कतिविहे पन्नत्ते? गोयमा! एगे अचक्खुदंसण-अणागारोवओगे, एवं तेइंदियाण वि। चउरिंदियाण वि एवं चेव, णवरं अणागारोवओगे दुविहे पन्नत्ते, तं जहा—चक्खुदंसणअणागारोवओगे, अचक्खुदंसणअणागारोवओगे। पंचिंदियतिरिक्खजोणियाणं जहा णेरइयाणं। मणुस्साणं जहा ओहिए उवओगे भणियं भाणियव्वं। वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।।सू०-२।।६६२।।

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારનો ઉપયોગ કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે—સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્! નૈરયિકોને સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! છ પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—૧ મતિજ્ઞાન સાકારોપયોગ, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મતિઅજ્ઞાન, ૫ શ્રુતઅજ્ઞાન, ૬ વિભંગજ્ઞાન. હે ભગવન્! નૈરયિકોને અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! ત્રણ પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—૧ ચક્ષુદર્શન અનાકારોપયોગ, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે. તે આ પ્રમાણે—સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. પૃથિવીકાયિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! બે પ્રકારનો છે. તે આ પ્રમાણે—મતિઅજ્ઞાન, અને શ્રુતઅજ્ઞાન. પૃથિવીકાયિકોને અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! એક અચક્ષુદર્શનરૂપ અનાકાર ઉપયોગ કહ્યો છે. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઇન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે. તે આ પ્રમાણે—સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્! બેઇન્દ્રિયોને સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, અને શ્રુતઅજ્ઞાન. બેઇન્દ્રિયોને અનાકાર ઉપયોગ કેટલા પ્રકારનો છે? હે ગૌતમ! એક અચક્ષુદર્શનરૂપ અનાકાર ઉપયોગ છે. એ પ્રમાણે તેઇન્દ્રિયોને જાણવું. ચઉરિન્દ્રિયોને એમજ જાણવું. પરન્તુ તેને અનાકાર ઉપયોગ બે પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે—ચક્ષુદર્શન અનાકારોપયોગ અને અચક્ષુદર્શન અનાકારોપયોગ. પંચેન્દ્રિય તિર્યંચોને નૈરયિકોની પેઠે કહેવું. મનુષ્યોને જેમ સામાન્ય ઉપયોગ સંબન્ધે કહ્યું છે તેમજ કહેવું. હે ભગવન્! વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને કેટલા પ્રકારના ઉપયોગ હોય? નૈરયિકોની જેમ જાણવું. ।।૨।।૬૬૨।।*

(ટી૦) તેમાં સાકાર ઉપયોગના ભેદો કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે—'सागरोवओगे णं भंते!' ઇતિ. હે ભગવન્! સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો છે-ઇત્યાદિ. અભિ-અર્થાભિમુખ-પદાર્થસાપેક્ષ. નિ-નિયત, પ્રતિનિયત સ્વરૂપવાળો નિશ્ચિત બોધ-બોધવિશેષ તે અભિનિબોધ. અભિનિબોધ શબ્દનો વિનયાદિમાં પાઠ માની સ્વાર્થમાં 'ઇકણ્' પ્રત્યય કરવાથી અભિનિબોધિક

રૂપ થાય છે. કદાચિત્ 'સ્વાર્થિક પ્રત્યયો મૂળ પ્રકૃતિ-શબ્દના લિંગ અને વચનને છોડી દે છે, તેથી આભિનિબોધિક શબ્દનું નપુંસક લિંગ છે. જેમ વિનય એજ વૈનયિક. અથવા अभिनिबुध्यते अस्मात् अस्मिन् वा-જેનાથી અથવા જેને વિષે બોધ થાય તે અભિનિબોધ-એટલે તેના આવરણરૂપ કર્મનો ક્ષયોપશમ, તે વડે નિર્વૃત્ત-ઉત્પન્ન થયેલું તે આભિનિબોધિક. એવા પ્રકારનું જ્ઞાન તે આભિનિબોધિક જ્ઞાન. તે ઇન્દ્રિય અને મનના નિમિત્તે થયેલો યોગ્ય દેશમાં રહેલી વસ્તુનો સ્પષ્ટ પ્રતિભાસ-બોધવિશેષરૂપ છે. એવા પ્રકારનો સાકાર ઉપયોગ તે આભિનિબોધિક જ્ઞાન સાકાર ઉપયોગ કહેવાય છે. શ્રવણ-શ્રુત-એટલે વાચ્યવાચકભાવપૂર્વક શબ્દની સાથે સંબન્ધવાળા અર્થનું ગ્રહણ કરવામાં કારણભૂત બોધવિશેષ, 'આવા આકારવાળી વસ્તુ ઘટશબ્દવાચ્ય છે અને તે જલધારણ કરવા વગેરે રૂપ અર્થક્રિયા કરવાને સમર્થ છે' ઇત્યાદિરૂપે પ્રધાન કરાયેલો સામાન્ય પરિણામ જેને વિષે છે એવો શબ્દ અને અર્થનું પર્યાલોચન કરનાર ઇન્દ્રિય અને મનોનિમિત્તે થયેલો બોધવિશેષ તે શ્રુતજ્ઞાન. તેનો ફરી સાકાર ઉપયોગ શબ્દ સાથે વિશેષણ સમાસ કરવો. અવ શબ્દનો અર્થ 'નીચે' એવો થાય છે એટલે જે વડે નીચે વિસ્તારવાળી વસ્તુનો 'ધીયતે' બોધ થાય તે અવધિ. અથવા અવધિ-મર્યાદા, રૂપીજ દ્રવ્યોમાં જાણવાપણે પ્રવૃત્તિરૂપ મર્યાદા સહિત જે જ્ઞાન તે અવધિજ્ઞાન. પરિ-સર્વથા, અવ-ગમન કરવું. અવન, ગમન વગેરે શબ્દો પર્યાયો છે. અને સર્વ ગત્યર્થક ધાતુ જ્ઞાનાર્થક હોવાથી જાણવું એવો અર્થ થાય છે. મન વિષે અથવા મન સબન્ધી સર્વથા જાણવું તે મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. 'પર્યય' એવું પાઠાન્તર પણ છે. તેનો અર્થ તો પૂર્વવત્ જાણવો. અથવા મનઃપર્યાય' એવું પાઠાન્તર છે. તેમાં मानंसि पर्येति-મનને સર્વથા જાણે તે મનઃપર્યાય. અથવા મનના પર્યાયો-ધર્મો, બાહ્ય વસ્તુનો વિચાર કરવાના પ્રકારો, તેઓને વિષે અથવા તેઓનું જે જ્ઞાન તે મનઃપર્યાયજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનનો વિષય અઢી દ્વીપ અને સમુદ્રોમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત દ્રવ્યો છે. કેવળ-એક, કારણ કે મત્યાદિજ્ઞાન નિરપેક્ષ છે; કેમ છે છાદ્મસ્થિક જ્ઞાન નષ્ટ થાય છે ત્યારે કેવળજ્ઞાન ઉપજે છે-એવું શાસ્ત્રનું વચન છે. અથવા કેવળ-શુદ્ધ, કારણ કે તેના આવરણરૂપ કર્મમેલ દૂર થયા છે. અથવા કેવળ-સંપૂર્ણ, પ્રથમથીજ તેના બધા આવરણોનો ક્ષય થવાથી સંપૂર્ણરૂપે ઉત્પન્ન થાય છે, અથવા કેવળ-અસાધારણ, કારણ કે તેના જ્ઞાનનો વિષય અનન્ત છે. એવા પ્રકારનું જ્ઞાન તે કેવલજ્ઞાન. તથા મતિ, શ્રુત અને અવધિ જ્યારે મિથ્યાત્વમોહ વડે મલિન થાય છે ત્યારે અનુક્રમે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન તરીકે તેઓનો વ્યવહાર થાય છે. કહ્યું છે—' आद्यत्रयमज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम् ' ઇતિ. આદિના ત્રણ જ્ઞાન મિથ્યાત્વસંયુક્ત હોય ત્યારે અજ્ઞાનરૂપે થાય છે. 'વિભંગ'-વિ-વિપરિત ભઙ્ગ-જ્ઞાનનો પ્રકાર જેને છે તે વિભઙ્ગજ્ઞાન. બધેય સાકાર ઉપયોગ શબ્દની સાથે વિશેષણ સમાસ કરવો. ॥૨॥૬૬૨॥

## ।। जीवाईसु सागाराणागारोवओग परूवणं ।।

**जीवा णं भंते! किं सागारोवउत्ता अणागारोवउत्ता? गोयमा! सागारोवउत्ता वि अणागारोवउत्ता वि। से केणट्ठेणं भंते! एवं वुच्चति—' जीवा सागारोवउत्ता वि अणागारोवउत्ता वि? गोयमा! जे णं जीवा आभिणिबोहियणाण-सुतणाण-ओहिणाण-मणपज्जवणाण-केवलणाण-मइअण्णाण-सुतअण्णाण-विभंगणाणोवउत्ता। ते णं जीवा सागारोवउत्ता, जे णं जीवा चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसण-केवलदंसणोवउत्ता ते णं जीवा अणागारोवउत्ता, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति—' जीवा सागारोवउत्ता वि अणागारोवउत्ता वि। णेरइया णं भंते! किं सागारोवउत्ता अणागारोवउत्ता? गोयमा! णेरइया सागारोवउत्ता वि अणागारोवउत्ता वि। से केणट्ठेणं भंते! एवं वुच्चति? गोयमा! जे णं णेरइया आभिणिबोहियणाण-सुतणाण-ओहिणाण-मतिअण्णाण-सुतअन्नाण-विभंगणाणोवउत्ता ते णं णेरइया सागारोवउत्ता, जे णं णेरइया चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसणोवउत्ता ते णं णेरइया अणागारोवउत्ता, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति—जाव 'सागारोवउत्ता वि अणागारोवउत्ता वि', एवं जाव थणियकुमारा। पुढविक्काइयाणं पुच्छा। गोयमा! तहेव जाव जे णं पुढविक्काइया मतिअण्णाण-**

**सुतअण्णाणोवउत्ता ते णं पुढविक्काइया सागारोवउत्ता, जे णं पुढविक्काइया अचक्खुदंसणोवउत्ता ते णं पुढविक्काइया अणागारोवउत्ता, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति जाव वणप्फइकाइया। बेइंदियाणं [भंते!] अट्ठसहिया तहेव पुच्छा। गोयमा! जाव जे णं बेइंदिया आभिणिबोहियणाण-सुयणाण-मतिअण्णाण-सुयअणाणोवउत्ता ते णं बेइंदिया सागारोवउत्ता, जे णं बेइंदिया अचक्खुदंसणोवउत्ता ते णं बेइंदिया अणागारोवउत्ता, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति, एवं जाव चउरिंदिया, णवरं चक्खुदंसणं अब्भइयं चउरिंदियाणं। पंचेंदियतिरिक्खजोणिया जहा णेरइया, मणूसा जहा जीवा, वाणमंतर-जोतिसिय-वेमाणिया जहा णेरइया ।।सू०-३।।६६३।।**

**पण्णवणाए भगवईए एगूणतीसइमं उवओगपयं समत्तं।**

*(મૂ૦) હે ભગવન્! જીવો શું સાકાર ઉપયોગવાળા છે કે અનાકાર ઉપયોગવાળા છે? હે ગૌતમ! સાકાર ઉપયોગવાળા પણ છે અને અનાકાર ઉપયોગવાળા પણ છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે જીવો સાકાર ઉપયોગવાળા પણ છે અને અનાકાર ઉપયોગવાળા પણ છે. હે ગૌતમ! જે હેતુથી જીવો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભઙ્ગજ્ઞાનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી જીવો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી જીવો અનાકાર ઉપયોગવાળા છે. તે માટે હે ગૌતમ! એમ કહેવાય છે કે જીવો સાકાર ઉપયોગવાળા પણ હોય છે અને અનાકાર ઉપયોગવાળા પણ છે. હે ભગવન્! નૈરયિકો સાકાર ઉપયોગવાળા છે કે અનાકાર ઉપયોગવાળા છે? હે ગૌતમ! સાકાર ઉપયોગવાળા પણ હોય છે અને અનાકાર ઉપયોગવાળા પણ છે. હે ભગવન્! શા હેતુથી એમ કહો છો? હે ગૌતમ! જે હેતુથી નૈરયિકો આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભઙ્ગજ્ઞાનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી નૈરયિકો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી નૈરયિકો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી નૈરયિકો અનાકાર ઉપયોગવાળા હોય છે, તે માટે હે ગૌતમ! એમ કહું છુ કે યાવત્ સાકાર ઉપયોગવાળા હોય છે અને અનાકાર ઉપયોગવાળા હોય છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેમજ કહેવું. યાવત્ જે હેતુથી પૃથિવીકાયિકો મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી પૃથિવીકાયિકો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી પૃથિવીકાયિકો અચક્ષુદર્શનના ઉપયોગવાળા હોય છે તે હેતુથી પૃથિવીકાયિકો અનાકાર ઉપયોગવાળા છે, તે માટે હે ગૌતમ! એમ કહું છું. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. હે ભગવન્! બેઇન્દ્રિયોના અર્થ-પ્રયોજન દણ્ડક સહિત તેમજ પૃચ્છા કરવી. હે ગૌતમ! યાવત્ જે હેતુથી બેઇન્દ્રિયો આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાનના ઉપયોગવાળા છે તે હેતુથી બેઇન્દ્રિયો સાકાર ઉપયોગવાળા છે. જે હેતુથી બેઇન્દ્રિયો અચક્ષુદર્શનના ઉપયોગવાળા છે તે હેતુથી અનાકાર ઉપયોગવાળા છે. તે માટે હે ગૌતમ! હું એમ કહું છું. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ ચઉરિન્દ્રિયોને ચક્ષુદર્શન અધિક કહેવું. પંચેન્દ્રિય તિર્યંચો નૈરયિકોની પેઠે અને મનુષ્યો જીવોની પેઠે સમજવા. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો નૈરયિકોની જેમ જાણવા. ।।૩।।૬૬૩।।*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ઓગણત્રીશમું ઉપયોગપદ સમાપ્ત.*

(ટી૦) અનાકાર ઉપયોગના ભેદો જણાવે છે—'**अणागारोवओगे णं भंते**'! હે ભગવન્! અનાકાર ઉપયોગ કેટલા પ્રકારે છે? ઇત્યાદિ. તેમાં ચક્ષુઇન્દ્રિય વડે દર્શન-રૂપ સામાન્યનું ગ્રહણ કરવું તે ચક્ષુદર્શન, તે રૂપ અનાકારોપયોગ તે ચક્ષુદર્શન અનાકારોપયોગ, અચક્ષુ-ચક્ષુ સિવાયની બાકીની ઇન્દ્રિયો અને મન વડે પોતપોતાના વિષયનું સામન્ય જ્ઞાન તે અચક્ષુદર્શન. તે પછી અનાકાર ઉપયોગની સાથે વિશેષણસમાસ કરવો. એ પ્રમાણે પછીના સૂત્રોમાં પણ જાણવું. અવધિરૂપ-મર્યાદિત-માત્ર રૂપી દ્રવ્ય વિષયક

દર્શન–સામાન્ય જ્ઞાન તે અવધિદર્શન. કેવળ–સંપૂર્ણ જગતમાં રહેલી સર્વ વસ્તુઓનું સામાન્ય જ્ઞાનરૂપ દર્શન તે કેવળદર્શન..

(પ્ર૦)—મનઃપર્યવજ્ઞાનનું દર્શન કેમ નથી હોતું? જેથી પાંચમો અનાકાર ઉપયોગ થતો નથી?

(ઉ૦)—મનના પર્યાય સંબન્ધે જે જ્ઞાન થાય તે મનના પર્યાયને જ (પ્રથમથી) વિશેષરૂપે ગ્રહણ કરતું ઉત્પન્ન થાય છે. પર્યાય–વિશેષ, અને વિશેષવિષયક જ્ઞાન જ કહેવાય પણ દર્શન કહેવાતું નથી. માટે મનઃપર્યવજ્ઞાનના દર્શનનો અભાવ છે, માટે પાંચમા અનાકાર ઉપયોગનો અસંભવ છે. 'એ પ્રમાણે જીવોને કહેવું.' એમ સામાન્ય ઉપયોગની પેઠે જીવોને પણ ઉપયોગ બે પ્રકારનો કહેલો છે એમ જાણવું. તેમાં પણ સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે. અને અનાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે. તાત્પર્ય એ છે કે જેમ પૂર્વે જીવપદરહિત ઉપયોગસૂત્ર સામાન્યથી કહ્યું તેમ જીવપદસહિત કહેવું. જેમ કે 'હે ભગવન્! જીવોને કેટલા પ્રકારનો ઉપયોગ કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે તે આ પ્રમાણે—સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. હે ભગવન્! જીવોને સાકાર ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે. હે ગૌતમ! આઠ પ્રકારનો કહ્યો છે'—ઇત્યાદિ. એ પ્રમાણે સામાન્ય પણ જીવોના ઉપયોગનો વિચાર કર્યો.

હવે ચોવીશ દંડકના ક્રમથી નૈરયિકાદિના ઉપયોગનો વિચાર કરે છે—**'नेरइया णं भंते'**! હે ભગવન્? નૈરયિકોને કેટલા પ્રકારનો ઉપયોગ છે? ઇત્યાદિ, નૈરયિકો બે પ્રકારના છે–સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ. અવધિજ્ઞાન પણ તેઓને ભવનિમિત્તક અવશ્ય ઉત્પન્ન થાય છે. કારણ કે **भवप्रत्ययो नारक-'देवानाम्'** (તત્ત્વા૦ અ. ૧. સૂ. ૨૨) એવું વચન છે. તેમાં સમ્યગ્દષ્ટિને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન હોય છે અને મિથ્યાદષ્ટિને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભઙ્ગજ્ઞાન હોય છે. એટલે સામાન્યપણે નૈરયિકોને છ પ્રકારનો સાકાર ઉપયોગ હોય છે. અનાકાર ઉપયોગ ત્રણ પ્રકારનો છે. જેમક—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન. એ ત્રણે પ્રકારનો અનાકાર ઉપયોગ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને સામાન્યપણે જાણવો. કારણ કે સૂત્રમાં બન્નેને અવધિદર્શન કહેલું છે. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિને જાણવું. પૃથિવીકાયિકોને સાકાર ઉપયોગ બે પ્રકારનો છે. જેમકે–મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન. અનાકાર ઉપયોગ એક અચક્ષુદર્શનરૂપ છે. બાકીના ઉપયોગો તેઓને હોતા નથી. કારણ કે તેઓ સમ્યગ્દર્શનાદિ લબ્ધિ રહિત છે. એ પ્રમાણે અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિને પણ જાણવું. બેઇન્દ્રિયોને સાકાર ઉપયોગ ચાર પ્રકારનો છે. જેમકે–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન. તેમાં અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદનપણાને પ્રાપ્ત થયેલા કેટલાકને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે અને બાકીનાને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે. તથા અચક્ષુદર્શનરૂપ એક અનાકાર ઉપયોગ હોય છે. બાકીના ઉપયોગો તેઓને હોતા નથી. એમ તેઇન્દ્રિયોને પણ સમજવું. ચઉરિન્દ્રિયોને પણ એમજ જાણવું. પરન્તુ એટલી વિશેષતા છે કે તેઓને અનાકાર ઉપયોગ બે પ્રકારનો હોય છ—ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન. પંચેન્દ્રિય તિર્યંચોને સાકાર ઉપયોગ છ પ્રકારનો છે. જેમક—૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મતિઅજ્ઞાન, ૫ શ્રુતઅજ્ઞાન, અને ૬ વિભંગજ્ઞાન. અનાકાર ઉપયોગ ત્રણ પ્રકારનો છે. જેમકે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન. કારણ કે કેટલાએક પંચેન્દ્રિય તિર્યંચોમાં અવધિજ્ઞાન અને અવધિદર્શનનો સંભવ છે. મનુષ્યોને યથાસંભવ આઠે ય સાકાર ઉપયોગો અને ચારે ય અનાકાર ઉપયોગો હોય છે, કારણ કે તેઓમાં સર્વ જ્ઞાનો અને દર્શનોની લબ્ધિનો સંભવ છે. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો નૈરયિકોની પેઠે જાણવા. એ પ્રમાણે સામાન્યથી ચોવીશ દંડકના ક્રમથી જીવોના ઉપયોગનો વિચાર કર્યો. હવે મન્દબુદ્ધિવાળાને સ્પષ્ટ બોધ થાય માટે જીવો જ તે તે ઉપયોગ સહિત ચોવીશ દંડકના ક્રમથી વિચારાય છ—**'जीवा णं भंते'**! હે ભગવન્! જીવો૦ ઇત્યાદિ સુગમ છે. ॥૩॥૬૬૩॥

પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના અનુવાદમાં ઓગણત્રીશમું ઉપયોગ પદ સમાપ્ત.

## ।। तीसइमं पासणयापयं ।।

## ।। जीवाईसु पासणयाभेय–पभेय परूवणं ।।

कतिविहा णं भंते! पासणया पण्णत्ता? गोयमा! दुविहा पासणया पन्नत्ता, तं जहा–सागारपासणया, अणागारपासणया। सागारपासणया णं भंते! कइविहा पन्नत्ता? गोयमा! छव्विहा पण्णत्ता, तं जहा–सुयणाणसागारपासणया, ओहिणाणसागारपासणया, मणपज्जवणाणसागारपासणया, केवलणाणसागारपासणया, सुयअण्णाणसागारपासणया, विभंगणाणसागारपासणया। अणागारपासणया ण भंते! कइविहा पन्नत्ता? गोयमा! तिविहा पन्नत्ता, तं जहा–चक्खुदंसणअणागारपासणया, ओहिदंसणअणागारपासणया, केवलदंसण-अणागारपासणया, एवं जीवाणं पि। णेरइयाणं भंते! कतिविहा पासणया पण्णत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा–सागारपासणया, अणागारपासणया। णेरइयाणं भंते! सागारपासणया कतिविहा पन्नत्ता? गोयमा! चउव्विहा पन्नत्ता, तं जहा–सुयणाणसागारपासणया, ओहिणाणसागारपासणया, सुयअण्णाणसागारपासणया, विभंगणाणसागारपासणया। णेरइयाणं भंते! अणागारपासणया कतिविहा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा–चक्खुदंसणअणागारपासणया य ओहिदंसणअणागारपासणया य एवं जाव थणियकुमारा। पुढविक्काइयाणं भंते! कतिविहा पासणया पन्नत्ता? गोयमा! एगा सागारपासणया। पुढविक्काइयाणं भंते! सागारपासणया कतिविहा पन्नत्ता? गोयमा! एगा सुयअण्णाणसागारपासणया पन्नत्ता, एवं जाव वणप्फइकाइयाणं। बेइंदियाणं भंते! कतिविहा पासणया पन्नत्ता? गोयमा! एगा सागारपासणया पन्नत्ता। बेइंदियाणं भंते! सागारपासणया कतिविहा पन्नत्ता? गोयमा! दुविहा पन्नत्ता, तं जहा सुयण्णाणसागारपासणया, सुयअण्णाणसागारपासणया, एवं तेइंदियाण वि। चउरिंदियाणं पुच्छा। गोयमा! दुविहा पन्नत्ता, तं जहा–सागारपासणया य अणागारपासणया य। सागारपासणया जहा बेइंदियाणं। चउरिंदियाण भंते! अणागारपासणया कतिविहा पन्नत्ता? गोयमा! एगा चक्खुदंसणअणागारपासणया पन्नत्ता। मणूसाणं जहा जीवाणं, सेसा जहा णेरइया जाव वेमाणिया ।।सू०-१।।६६४।।

### ત્રીશમું પશ્યત્તા પદ.

(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારે પાસણયા–પશ્યત્તા–ત્રૈકાલિક અથવા સ્પષ્ટ દર્શનરૂપ બોધ કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારે છે. તે આ પ્રમાણે–સાકાર પાસણયા અને અનાકાર પાસણયા. હે ભગવન્! સાકાર પાસણયા કેટલા પ્રકારે કહી છે? હે ગૌતમ! છ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે–૧ શ્રુતજ્ઞાનપાસણયા, ૨ અવધિજ્ઞાન, ૩ મનઃપર્યવજ્ઞાન, ૪ કેવલજ્ઞાન, ૫ શ્રુતઅજ્ઞાન અને ૬ વિભંગજ્ઞાનપાસણયા. હે ભગવન્! અનાકારપાસણયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની છે–૧ ચક્ષુદર્શન અનાકાર પાસણયા, ૨ અવધિદર્શન, ૩ કેવલદર્શન. એ પ્રમાણે જીવોને પણ કહેવું. હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારની પાસણયા હોય છે? હે ગૌતમ! બે પ્રકારની હોય છે. તે આ પ્રમાણે–સાકાર પાસણયા અને અનાકાર પાસણયા. હે ભગવન્! નૈરયિકોને સાકાર પાસણયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! ચાર પ્રકારની છે. તે આ પ્રમાણે–૧ શ્રુતજ્ઞાનપાસણયા, ૨ અવધિજ્ઞાનપાસણયા, ૩ શ્રુતઅજ્ઞાનપાસણયા અને ૪ વિભંગજ્ઞાનપાસણયા. હે ભગવન્! નૈરયિકોને અનાકારપાસણયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! બે પ્રકારની છે. તે આ પ્રમાણે–ચક્ષુદર્શનપાસણયા અને અવધિદર્શનપાસણયા. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલા પ્રકારની પાસણયા હોય છે? હે ગૌતમ! તેઓને એક સાકારપાસણયા હોય છે. હે ભગવન્! પૃથિવીકાયિકોને સાકારપાસણયા કેટલા

*પ્રકારની છે? હે ગૌતમ! તેઓને એક શ્રુતજ્ઞાનસાકારપાસણયા હોય છે. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું. હે ભગવન્! બેઇન્દ્રિયોને કેટલા પ્રકારની પાસણયા હોય છે? હે ગૌતમ! એક સાકાર પાસણયા હોય છે. એ પ્રમાણે તેઇન્દ્રિયોને પણ જાણવું. ચઉરિન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને પાસણયા–પશ્યત્તા બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે–સાકાર પાસણયા અને અનાકાર પાસણયા. સાકાર પાસણયા બેઇન્દ્રિયોને કહી છે તેમ કહેવી. હે ભગવન્! ચઉરિન્દ્રિયોને અનાકાર પાસણયા કેટલા પ્રકારની છે? હે ગૌતમ! એક ચક્ષુદર્શનરૂપ અનાકાર પાસણયા હોય છે. મનુષ્યોને જીવોની પેઠે કહેવું. બાકીના જીવોને નૈરયિકોની જેમ વૈમાનિક સુધી કહેવું. ॥૧॥૬૬૪॥*

(ટી૦) એ પ્રમાણે ઓગણત્રીશમું પદ કહ્યું. હવે ત્રીશમા પદનો પ્રારંભ થાય છે. એનો સંબન્ધ આ પ્રમાણે છે–પૂર્વના પદમાં જ્ઞાનના પરિમાણ વિશેષરૂપ ઉપયોગ કહ્યો, અહીં પણ જ્ઞાનના પરિણામવિશેષરૂપ ઉપયોગને વિષે પશ્યત્તાનો વિચાર કરાય છે. કારણ કે **ત્રૈકાલિક અથવા સ્પષ્ટ ઉપયોગને પશ્યત્તા કહે છે**. તેમાં આ પ્રથમ સૂત્ર છે—હે ભગવન્! કેટલા પ્રકારે 'પાસણયા' પશ્યત્તા કહેલી છે? અહીં 'દશ્' ધાતુ જોવાના અર્થમાં છે. '**पश्यति**'–અહીં વર્તમાન અર્થમાં કર્તરિ અતૃચ્ પ્રત્યય થાય છે અને અનત્ આદેશ થાય છે. દશ્ ધાતુનો 'પશ્ય' આદેશ થાય છે. **पश्यतो भावः पश्यत्ता**. અહીં ભાવ અર્થમાં તલ્ પ્રત્યય થયો છે. ત્યાર પછી અકારાન્ત શબ્દથી આપ્ પ્રત્યય થવાથી 'પાસણયા' શબ્દ કહેવાય છે. આ પાસણયા શબ્દ ઉપયોગની પેઠે સાકાર અને અનાકાર બોધનો પ્રતિપાદક છે. તથા ઉપયોગ વિષે પ્રશ્ન અને ઉત્તર આ પ્રમાણે છ— 'હે ભગવન્! ઉપયોગ કેટલા પ્રકારનો કહ્યો છે? હે ગૌતમ! બે પ્રકારનો ઉપયોગ કહ્યો છે, તે આ પ્રમાણે–સાકાર ઉપયોગ અને અનાકાર ઉપયોગ. તેમ પશ્યત્તા વિષે પ્રશ્ન અને ઉત્તરસૂત્ર આ પ્રમાણે— 'હે ભગવન્! કેટલા પ્રકારની પાસણયા કહી છે? હે ગૌતમ! બે પ્રકારની કહી છે. તે આ પ્રમાણે–સાકાર પશ્યત્તા અને અનાકાર પશ્યત્તા.

(પ્ર૦)—સાકાર અને અનાકાર ભેદ સમાન છતાં ઉપયોગ અને પાસણયામાં કઇ વિશેષતા છે કે જેથી ઉપયોગથી પાસણયા–પશ્યત્તા જુદી કહો છો?

(ઉ૦)—સાકાર અને અનાકાર ભેદના પેટાભેદની સંખ્યારૂપ વિશેષતા છે. જેમકે–પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠ પ્રકારનો સાકાર ઉપયોગ છે. અને સાકાર પશ્યત્તા છ પ્રકારની છે, કારણ કે મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને પશ્યત્તા માનતા નથી. શા હેતુથી? ઉત્તર–અહીં પશ્યત્તા એટલે પશ્યતો ભાવઃ–જોનારનો ભાવ–પ્રેક્ષણ જાણવું, જેમકે દશ્ ધાતુ પ્રેક્ષણ–જોવાના અર્થમાં છે. અહીં સાકાર પશ્યત્તાનો વિચાર કરતાં પ્રકૃષ્ટ–અધિક દીર્ઘ કાળ પર્યન્ત ઈક્ષણ અને અનાકાર પશ્યત્તાનો વિચાર કરતાં પ્રકૃષ્ટ–સ્પષ્ટરૂપ ઈક્ષણ તે અહીં રુઢિથી પ્રેક્ષણ જાણવું. તેથી જે જ્ઞાન વડે ત્રણ કાળનો બોધ થાય તેજ જ્ઞાન દીર્ઘ'કાળનો વિષય હોવાથી સાકાર પશ્યત્તા શબ્દથી કહેવાય છે, અન્ય જ્ઞાન કહેવાતું નથી. મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન ઉત્પન્ન અને વિનાશને નહિ પ્રાપ્ત થયેલા અર્થનું ગ્રહણ કરનાર વર્તમાનકાલ વિષયક છે. આ સંબન્ધે મતિજ્ઞાનને આશ્રયી અન્ય સ્થળે કહ્યું છે કે—'**जमवग्गहादिरूवं पच्चुप्पन्नवत्थुगाहगं लोए। इंदियमणोनिमित्तं तमाभिनिबोधिगं बेंति॥**' જે લોકમાં અવગ્રહાદિરૂપ, વર્તમાન વસ્તુને ગ્રહણ કરનાર ઇન્દ્રિય અને મનના નિમિત્તથી જ્ઞાન થાય છે તેને આભિનિબોધિકજ્ઞાન કહે છે. તેથી તે બન્ને જ્ઞાન સાકારપશ્યત્તા શબ્દ વાચ્ય નથી. શ્રુતજ્ઞાનાદિ ત્રિકાલવિષયક છે. જેમકે શ્રુતજ્ઞાન વડે અતીત અને અનાગત ભાવો પણ જાણી શકાય છે. કહ્યું છે કે–"**जं पुण तिकालविसयं आगमगंथाणुसारि विन्नाणं। इंदियमणोनिमित्तं सुयनाणं तं जीणा बेंति॥**" ત્રિકાલવિષયક, આગમ ગ્રન્થને અનુસારે ઇન્દ્રિય અને મનનિમિત્તે જે વિજ્ઞાન થાય છે તેને જિનો શ્રુતજ્ઞાન કહે છે. અવધિજ્ઞાન પણ અતીત અને અનાગત અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાળ જાણે છે. **મનઃપર્યવજ્ઞાન પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અતીત અને ભવિષ્યકાળ જાણે છે**. અને કેવળજ્ઞાન સર્વકાળ વિષયક સુપ્રસિદ્ધ છે. શ્રુતઅજ્ઞાન અને વિભઙ્ગજ્ઞાન પણ ત્રિકાલવિષયક છે. કારણ કે તે વડે પણ અતીત અને અનાગત ભાવનું જ્ઞાન થાય છે. તેથી તે જ્ઞાનો સાકારપશ્યત્તા શબ્દ વડે કહેવાય છે. જેમાં પૂર્વોક્ત સ્વરૂપવાળા આકારની સ્ફુરણા થાય તે બોધ વર્તમાનકાળ વિષયક હોય કે ત્રિકાલવિષયક હોય ત્યાં બધે ઉપયોગ શબ્દ પ્રવર્તે છે,

માટે સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એમ ચારે પ્રકારે અનાકાર ઉપયોગ છે અને અનાકારપશ્યત્તા ત્રણ પ્રકારે છે. કારણ કે અચક્ષુદર્શન અનાકારપશ્યત્તારૂપ નથી. શા હેતુથી? તેનું કારણ એ છે કે પૂર્વે અનાકારપશ્યત્તાનો વિચાર કરતા કહ્યું છે કે પ્રકૃષ્ટ-સ્પષ્ટ ઈક્ષણરૂપ અનાકારપશ્યત્તા છે. અને અચક્ષુદર્શનમાં સ્પષ્ટ ઈક્ષણ નથી, કારણ કે આત્મા ચક્ષુની જેમ બાકીની ઇન્દ્રિયો અને મન વડે જાણતો નથી, તેથી અચક્ષુદર્શન અનાકારપશ્યત્તારૂપ નહિ હોવાથી ત્રણ પ્રકારે અનાકારપશ્યત્તા છે. એ પ્રમાણે સાકાર ભેદ અને અનાકાર ભેદના પ્રત્યેક પેટાભેદમાં વિચિત્રતા હોવાથી ઉપયોગ અને પશ્યત્તામાં મોટી વિશેષતા છે. એજ વિશેષતાનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમથી તેના સાકાર અને અનાકાર ભેદો અને તેના પેટા ભેદોનું પ્રતિપાદન કરે છે—'હે ગૌતમ! બે પ્રકારની પશ્યત્તા છે. તે આ પ્રમાણે-સાકાર પશ્યત્તા અને અનાકાર પશ્યત્તા. હે ભગવન્! સાકાર પશ્યત્તા કેટલા પ્રકારની કહી છે'-ઇત્યાદિ સૂત્રના અર્થનો વિચાર કર્યો છે. એ પ્રમાણે સામાન્યપણે જીવપદના વિશેષણરહિત પશ્યત્તા કહી. હવે જીવપદના વિશેષણ સહિત પશ્યત્તા કહે છે—'एवं जीवाणंपि' એ પ્રમાણે જીવોને પણ કહેવું એટલે પૂર્વે કહ્યા પ્રમાણે જીવોને પણ એટલે જીવપદના વિશેષણ સહિત પણ પશ્યત્તા કહેવી. તે આ પ્રમાણે—'जीवाणं भंते! सागारपासणया कतिविहा पण्णत्ता? गोयमा! दुविहा पण्णत्ता, तं जहा-सागारपासणया य अणागारपासणया य। जीवाणं भंते! सागारपासणया कतिविहा पण्णत्ता? ઇત્યાદિ. હે ભગવન્! જીવોને કેટલા પ્રકારની પશ્યત્તા કહી છે? હે ગૌતમ! બે પ્રકારની પશ્યત્તા કહી છે. તે આ પ્રમાણે-સાકાર પશ્યત્તા અને અનાકાર પશ્યત્તા. હે ભગવન્! જીવોને સાકાર પશ્યત્તા કેટલા પ્રકારની કહી છે' ઇત્યાદિ. એ પ્રમાણે જીવોને પણ સામાન્યપણે પશ્યત્તા કહી. હવે ચોવીશે દંડકના ક્રમથી કહે છે-'नेरइया णं भंते' હે ભગવન્! નૈરયિકોને કેટલા પ્રકારની પશ્યત્તા કહી છે? ઇત્યાદિ. સુગમ હોવાથી અને ઘણું કરી ઉપયોગ પદમાં તેનો વિચાર કરેલો હોવાથી પૂર્વે કહેલી ભાવનાને અનુસારે સ્વયં જાણી લેવું. એ પ્રમાણે સામાન્યથી અને વિશેષથી જીવો ને પશ્યત્તા કહી. ॥૧॥૬૬૪॥

## ।। जीवाईसु पस्सिभेय परूवणं ।।

**जीवा णं भंते! किं सागारपस्सी, अणागारपस्सी? गोयमा! जीवा सागारपस्सी वि, अणागारपस्सी वि। से केणट्ठेणं भंते! एवं वुच्चति-'जीवा सागारपस्सी वि, अणागारपस्सी वि'? गोयमा! जे णं जीवा सुतणाणी ओहिणाणी मणपज्जवणाणी केवलणाणी सुयअण्णाणी विभंगणाणी ते णं जीवा सागारपस्सी, जे णं जीवा चक्खुदंसणी ओहिदंसणी केवलदंसणी ते णं जीवा अणागारपस्सी, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति- 'जीवा सागारपस्सी वि अणागारपस्सी वि'। णेरइया णं भंते! किं सागारपस्सी, अणागारपस्सी? गोयमा! एवं चेव, णवरं सागारपासणयाए मणपज्जवणाणी केवलणाणी ण वुच्चंति, अणागारपासणयाए केवलदंसणं णत्थि, एवं जाव थणियकुमारा। पुढविक्काइयाणं पुच्छा। गोयमा! पुढविक्काइया सागारपस्सी, णो अणागारपस्सी। से केणट्ठेणं भंते! एवं वुच्चति? गोयमा! पुढविक्काइयाणं एगा सुयअण्णाणसागारपासणया पण्णत्ता, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति, एवं जाव वणस्सतिकाइया। बेइंदियाणं पुच्छा। गोयमा! सागारपस्सी, णो अणागारपस्सी। से केणट्ठेणं भंते! एवं वुच्चति? गोयमा! बेइंदियाणं दुविहा सागारपासणया पण्णत्ता, तं जहा-सुयणाणसागारपासणया य, सुयअण्णाणसागारपासणया य, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति। एवं तेइंदियाण वि। चउरिंदियाणं पुच्छा। गोयमा! चउरिंदिया सागारपस्सी वि, अणागारपस्सी वि। से केणट्ठेणं०? गोयमा! जे णं चउरिंदिया सुयणाणी सुयअन्नाणी ते णं चउरिंदिया सागारपस्सी, जे णं चउरिंदिया चक्खुदंसणी ते णं चउरिंदिया अणागारपस्सी, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति। मणूसा जहा जीवा, अवसेसा जहा णेरइया जाव वेमाणिया।।सू०-२।।६६५।।**

*(મૂ૦) હે ભગવન્! જીવો શું સાકારદર્શી—સાકારપશ્યત્તાવાળા છે કે અનાકારદર્શી—અનાકાર પશ્યત્તાવાળા છે? હે ગૌતમ!*

*જીવો સાકાર પશ્યત્તાવાળા પણ છે અને અનાકાર પશ્યત્તાવાળા પણ છે. હે ભગવન્! એ શા હેતુથી કહો છો કે 'જીવો સાકારપશ્યત્તાવાળા પણ છે અને અનાકારપશ્યત્તાવાળા પણ છે'? હે ગૌતમ! જે હેતુથી જીવો શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની છે તે હેતુથી સાકારપશ્યત્તાવાળા છે. જે હેતુથી જીવો ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવલદર્શની છે તે હેતુથી જીવો અનાકારપશ્યત્તાવાળા છે. તે માટે હે ગૌતમ! હું એમ કહું છું કે 'જીવો સાકારદર્શી પણ છે અને અનાકારદર્શી પણ છે.' હે ભગવન્! નૈરયિકો સાકારપશ્યત્તાવાળા છે કે અનાકાર પશ્યત્તાવાળા છે? હે ગૌતમ! એમજ જાણવું. પરન્તુ સાકારપશ્યત્તામાં મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની ન કહેવા. અને અનાકારપશ્યત્તામાં કેવલદર્શની નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પૃથિવીકાયિકો સાકારપશ્યત્તાવાળા હોય છે પણ અનાકારપશ્યત્તાવાળા નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! પૃથિવીકાયિકોને એક શ્રુતઅજ્ઞાનરૂપ સાકારપશ્યત્તા કહી છે. તે માટે હે ગૌતમ! હું એમ કહું છું. એ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઇન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ સાકારપશ્યત્તાવાળા છે, પણ અનાકારપશ્યત્તાવાળા નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! બેઇન્દ્રિયોને બે પ્રકારની સાકારપશ્યત્તા કહી છે. જેમકે—શ્રુતજ્ઞાન સાકારપશ્યત્તા અને શ્રુતઅજ્ઞાન સાકારપશ્યત્તા, તે હેતુથી હે ગૌતમ! હું એમ કહું છું. એ પ્રમાણે તેઇન્દ્રિયોને પણ જાણવું. ચઉરિન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ચઉરિન્દ્રિયો સાકારપશ્યત્તાવાળા પણ હોય છે અને અનાકારપશ્યત્તાવાળા પણ હોય છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? હે ગૌતમ! જે હેતુથી ચઉરિન્દ્રિયો શ્રુતજ્ઞાની કે શ્રુતઅજ્ઞાની છે તે હેતુથી ચઉરિન્દ્રિયો સાકારપશ્યત્તાવાળા છે. જે હેતુથી ચઉરિન્દ્રિયો ચક્ષુદર્શની છે તે હેતુથી ચઉરિન્દ્રિયો અનાકાર-પશ્યત્તાવાળા છે. તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું. મનુષ્યો જીવોની પેઠે અને બાકીના નૈરયિકોની પેઠ વૈમાનિક સુધી જાણવા. ॥૨॥૬૬૫॥*

(ટી૦) હવે પશ્યત્તા સહિત જીવોનોજ વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે— 'जीवा णं भंते! किं सागारपस्सी'? ઇત્યાદિ. હે ભગવન્! જીવો શું સાકારદર્શી—સાકાર પશ્યત્તાવાળા છે.? જીવો—જીવનયુક્ત, પ્રાણધારણ કરનારા. 'णं' વાક્યાલંકારમાં વપરાય છે. 'किं' પ્રશ્નાર્થક છે. સાકાર પશ્યત્તા જેઓને હોય તે 'साकारपस्सी'—સાકારદર્શી અથવા સાકારપશ્યત્તાવાળા કહેવાય છે. પ્રાકૃત હોવાથી 'सागारपस्सी' રૂપ થાય છે. અહીં 'મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની કહેવાતા નથી'—ઇત્યાદિ. કારણ કે નૈરયિકોને ચારિત્રની પ્રાપ્તિ નહિ હોવાથી મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન અને કેવલદર્શન નથી. ॥૨॥૬૬૫॥

## ।। केवलीउवओग परूवणं ।।

**केवली णं भंते! इमं रयणप्पभं पुढविं आगारेहिं हेतूहिं उवमाहिं दिट्ठंतेहिं वण्णेहिं संठाणेहिं पमाणेहिं पडोयारेहिं जं समयं जाणति तं समयं पासइ, जं समयं पासइ तं समयं जाणइ? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चति— 'केवली णं इमं रयणप्पभं पुढविं आगारेहिं जाव जं समयं जाणति णो तं समयं पासति, जं समयं पासति णो तं समयं जाणति? गोयमा! सागारे से णाणे भवति, अणागारे से दंसणे भवति, से तेणट्ठेणं जाव णो तं समयं जाणति, एवं जाव अहेसत्तमं। एवं सोहम्मकप्पं जाव अच्चुयं, गेवेज्जगविमाणा अणुत्तरविमाणा, ईसीपब्भारं पुढवीं, परमाणुपोग्गलं दुपएसियं खंधं जाव अणंतपदेसियं खंधं।**

**केवली णं भंते! इमं रयणप्पभं पुढविं अणागारेहिं अहेतूहिं अणुवमाहिं अदिट्ठंतेहिं अवण्णेहिं असंठाणेहिं अपमाणेहिं अपडोयारेहिं पासति ण जाणति? हंता! गोयमा! केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं जाव पासति न जाणति। से केणट्ठेणं भंते! एवं वुच्चइ— 'केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं जाव पासति ण जाणति'? गोयमा! अणागारे से दंसणे भवति, सागारे से नाणे भवति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ— 'केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं जाव पासति ण जाणति', एवं जाव ईसीप्पब्भारं पुढवीं,**

परमाणुपोग्गलं अणंतपदेसियं खंधं पासति, न जाणति।।सू०-३।।६६६।।

पन्नवणाए भगवईए तीसइमं पासणयापयं समत्तं ।।३०।।

*(મૂ૦) હે ભગવન્! કેવલી આ રત્નપ્રભા પૃથિવીને આકારો વડે,હેતુઓ વડે,ઉપમા વડે,દૃષ્ટાંતો વડે, વર્ણ વડે, સંસ્થાન વડે,પ્રમાણ વડે અને પ્રત્યવતાર (ઘનોદધિ વગેરે વલયો) વડે જે સમયે જાણે છે તે સમયે દેખે છે? અને જે સમયે દેખે છે તે સમયે જાણે છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે કેવલજ્ઞાની આ રત્નપ્રભા પૃથિવીને આકાર વડે જે સમયે જાણે છે તે સમયે દેખતો નથી. અને જે સમયે દેખે છે તે સમયે જાણતો નથી'? હે ગૌતમ! તેનું જ્ઞાન સાકાર હોય છે અને દર્શન અનાકાર હોય છે, તે હેતુથી યાવત્ તે સમયે જાણતો નથી. એ પ્રમાણે નીચેની સાતમી નરકપૃથિવી સુધી જાણવું. એમ સૌધર્મ દેવલોક યાવત્ અચ્યુત દેવલોક, ગ્રૈવેયક વિમાનો, અનુત્તર વિમાનો, ઈષત્પ્રાગ્ભારા પૃથિવી, પરમાણુપુદ્ગલ, દ્વિપ્રદેશક સ્કન્ધ, યાવત્ અનન્ત પ્રદેશિક સ્કન્ધ સબન્ધે કહેવું. હે ભગવન્! કેવલી આ રત્નપ્રભા પૃથિવીને અનાકાર વડે, અહેતુ વડે, અનુપમા વડે, અદૃષ્ટાન્ત વડે, અવર્ણ વડે, અસંસ્થાન વડે, અપ્રમાણ વડે અને અપ્રત્યવતાર વડે દેખે છે, જાણતો નથી? હા ગૌતમ! કેવલીજ્ઞાની આ રત્નપ્રભા પૃથિવીને અનાકાર વડે યાવત્ દેખે છે, પણ જાણતો નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કેવલી આ રત્નપ્રભા પૃથિવીને અનાકાર વડે દેખે છે, પણ જાણતો નથી? હે ગૌતમ! તેઓને દર્શન અનાકાર હોય છે અને જ્ઞાન સાકાર હોય છે, તે હેતુથી હે ગૌતમ! એમ કહેવાય છે કે કેવલી આ રત્નપ્રભા પૃથિવીને અનાકાર વડે યાવત્ દેખે છે, પણ જાણતો નથી. એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથિવી, પરમાણુપુદ્ગલ, અને અનન્તપ્રદેશિકસ્કન્ધને દેખે છે પણ જાણતો નથી. ।।૩।।૬૬૬।।*

*પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદમાં ત્રીસમું પાસણયાપદ સમાપ્ત.*

(ટી૦) અહીં છદ્મસ્થને અનુક્રમે ઉત્પન્ન થતો સાકાર અને અનાકાર ઉપયોગ ઘટે છે. કારણ કે તેઓ કર્મસહિત છે. કર્મસહિત જીવોને અન્ય ઉપયોગ સમયે અન્ય ઉપયોગ કર્મ વડે આચ્છાદિત થયેલો હોવાથી ઘટતો નથી. અને કેવલજ્ઞાની તો ચાર ઘાતી કર્મના ક્ષયથી થાય છે. તેથી સંશય થાય છે કે 'તેને જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો ક્ષય થયેલો હોવાથી જે સમયે રત્નપ્રભાદિને જાણે છે તેજ સમયે દેખે છે કે તેવા જીવસ્વભાવથી અનુક્રમે દેખે છે? માટે પ્રશ્ન કરે છે—'**केवली णं भंते!**' ઇત્યાદિ. 'હે ભગવન્! કેવલી'—ઇત્યાદિ. કેવલજ્ઞાન અને દર્શન જેઓને છે તે કેવલી કહેવાય છે. 'ણં' વાક્યાલંકારમાં વપરાય છે. ભદન્ત–પરમ કલ્યાણના યોગવાળા હે ભગવન્! આ પ્રત્યક્ષથી જણાતી રત્નપ્રભા નામે પૃથિવીને '**आगारेहिं**' તિ–આકારો વડે, આકારના ભેદો વડે, જેમકે–આ રત્નપ્રભા પૃથિવીના ખરકાંડ, પંકકાડ અને અપ્કાંડના ભેદથી ત્રણ કાંડ છે. ખરકાંડ પણ સોળ પ્રકારનો છે. જેમક—'પ્રથમ એક હજાર યોજન પ્રમાણ રત્નકાંડ છે, ત્યાર પછી હજાર યોજન પ્રમાણ વજ્રકાંડ છે. તેની પણ નીચે હજાર યોજન પ્રમાણ વૈડૂર્યકાંડ છે'—ઇત્યાદિ. '**हेऊहिं**' તિ હેતુઓ–યુક્તિઓ વડે, તે યુક્તિ આ પ્રમાણે છે–શા કારણથી રત્નપ્રભા કહેવાય છે? કારણ કે એનો રત્નમય કાંડ છે માટે રત્નપ્રભા કહેવાય છે. કારણ કે રત્નો જેનું પ્રભા–સ્વરૂપ છે તે રત્નપ્રભા–એવી તેની વ્યુત્પત્તિ થાય છે. '**उवमाहिं**' ઉપમાઓ વડે, ઉપપૂર્વક મા ધાતુથી 'અઙ્' પ્રત્યય લાગી ઉપમા શબ્દ થાય છે. તે આ પ્રમાણે—રત્નપ્રભામાં રત્નપ્રભાદિ કાંડો વર્ણવિભાગની અપેક્ષાએ કેવા છે? એટલે કેવા કેવા વર્ણવાળા છે? પદ્મરાગ મણિના સરખા વર્ણવાળા છે. '**दिट्ठंतेहिं**'—દૃષ્ટાંતો વડે, **दृष्टः अन्तः-परिच्छेदो विवक्षितसाध्यसाधनयोः सम्बन्धस्याविना भावरूपस्य प्रमाणेन यत्र ते दृष्टान्ताः**–પ્રમાણ વડે જાણેલો છે વિવક્ષિત સાધ્ય અને સાધનના અવિનાભાવ–વ્યાપ્તિરૂપ સંબન્ધનો અન્ત–પરિચ્છેદ જેઓને વિષે તે દૃષ્ટાંતો કહેવાય છે, તે વડે, જેમ ઘટ પોતામાં રહેલા વિશાલ તળીઆ અને પેટ વગેરે આકારાદિરૂપ ધર્મો વડે સહિત અને પટાદિ ગત પરધર્મોથી ભિન્ન જણાય છે, અને તેથી પટાદિથી ભિન્નવસ્તુ છે, તેમ આ પણ રત્નપ્રભા પોતાના ભેદોવડે સહિત અને શર્કરાપ્રભાદિ ભેદોથી ભિન્નછે માટે તેઓથી જુદી વસ્તુ છે—ઇત્યાદિ. '**वण्णेहिं**' 'વર્ણો વડે, શુક્લાદિ વર્ણના વિભાગ વડે, અને તેઓના જ અધિક અને ઓછા

સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તગુણા વિભાગ વડે, વર્ણનુ ગ્રહણ ઉપલક્ષણ–ગન્ધાદિનું સૂચક છે, તેથી ગન્ધ, રસ, અને સ્પર્શના વિભાગ વડે જાણવું. સંસ્થાનો વડે' તે રત્નપ્રભામાં ભવન અને નારકના સંસ્થાનો છે. જેમકે–'તે ભવનો બહારના ભાગોમાં વૃત્ત–ગોળ અને અંદર ચોખુણા છે, તથા નીચે કમળની કર્ણિકાના જેવી આકૃતિવાળાં છે. તે નરકાવાસો અંદર ગોળ અને *બહાર* ચોખુણીઆ છે, તથા નીચે ક્ષુરપ્ર–અસ્ત્રોના જેવી આકૃતિવાળાં છે'—ઇત્યાદિ. '**पमाणेहिं**'—પ્રમાણો વડે, પ્રમાણ એટલે 'અહે' ઇત્યાદિ પરિમાણ વડે, જેમકે તે 'એક લાખ અને એંશી હજાર યોજન પ્રમાણ જાડાઇવાળા તથા લંબાઇ અને પહોળાઇમાં એક રાજ પ્રમાણ છે, '**पडोयारेहिं**' તિ પ્રત્યવતારો વડે પ્રતિસર્વથા અવતીર્યતે–વ્યાપ્ત થાય જેઓ વડે તે પ્રત્યવતાર કહેવાય છે, તે અહીં ઘનોદધિ વગેરેના વલયો જાણવા. તે વલયો સર્વ દિશાઓ અને વિદિશાઓમાં આ રત્નપ્રભાને વિંટીને રહેલા છે. '**जं समयं**' ઇત્યાદિ. અહીં વ્યાપ્તિ હોય ત્યારે કાલવાચક શબ્દથી અધિકરણમાં બીજી વિભક્તિ થાય છે. તેથી આ અર્થ થાય છે–જે સમયે આકારાદિ સહિત રત્નપ્રભા પૃથિવીને જાણે છે તે સમયે કેવલ દર્શન વડે દેખે છે એટલે કેવલદર્શનનો વિષય કરે છે? હવે ભગવાન્ ઉત્તર આપે છે–હે ગૌતમ! એ અર્થ સમર્થ–યુક્તિ યુક્ત નથી એ ભાવાર્થ છે. તેનું તત્ત્વ–રહસ્ય નહિ જાણનાર શિષ્ય પ્રશ્ન કરે છે––'**से केणट्ठेणं भंते**'? ઇત્યાદિ. 'હે ભગવન્! એમ શા હેતુથી કહો છો' ઇત્યાદિ. અહીં '**से**' શબ્દ અથશબ્દના અર્થમાં છે, અને અથ શબ્દ પ્રશ્નાર્થદ્યોતક છે. કયા અર્થ–કારણથી હે ભગવન્! એમ પૂર્વે કહ્યા પ્રમાણે કહો છો? તે પ્રકાર બતાવે છે—**केवली 'णं'**- ઇત્યાદિ. ભગવાન્ ઉત્તર કહે છ—'ગૌતમ'–ઇત્યાદિ. આનો આ ભાવાર્થ છે–અહીં જ્ઞાન વડે જાણતો હોય તે '**जानाति**'–જાણે છે એમ કહેવાય છે, અને દર્શન વડે જાણતો હોય તે પશ્યતિ–દેખે છે એમ કહેવાય છે. તે કેવલી ભગવંતનુ જ્ઞાન સાકાર છે, જો એમ ન હોય તો તેને જ્ઞાન ન કહી શકાય. વિશેષોને ગ્રહણ કરતો હોય તે બોધ જ્ઞાન કહેવાય છે, કારણ કે '**सविशेषं पुनर्ज्ञानं**' વિશેષ સહિત હોય તે જ્ઞાન કહેવાય છે–એવું શાસ્ત્રનું વચન છે. દર્શન અનાકાર છે, કારણ કે '**निर्विशेषं विशेषाणां दर्शनमुच्यते**'. વિશેષોને નિર્વિશેષપણે–સામાન્ય પણે જાણવા તે દર્શન–એવું શાસ્ત્રવચન છે. તેમાં જ્ઞાન અને દર્શન જીવને તેવા પ્રકારના સ્વભાવથી અંશતઃ ઉત્પન્ન થતા નથી, જેમકે–કેટલાએક પ્રદેશોમાં જ્ઞાન હોય અને કેટલાક પ્રદેશોમાં દર્શન હોય એમ નથી, પરન્તુ તથા સ્વભાવથી જ્યારે જ્ઞાન હોય ત્યારે સર્વ પ્રદેશોમાં જ્ઞાન હોય જ્યારે દર્શન હોય ત્યારે સર્વ પ્રદેશોમાં દર્શનજ હોય. કારણ કે જ્ઞાન અને દર્શન સાકાર અને અનાકારણપણે પરસ્પર વિરુદ્ધ છે, જેમકે છાયા અને આતપની પેઠે એક બીજાના અભાવમાં તેની સ્થિતિ હોય છે. તેથી જે સમયે જાણે છે તે સમયે દેખતા નથી, જે સમયે દેખે છે તે સમયે જાણતા નથી. એજ બાબત સૂત્રકાર કહે છ—'**से एएट्ठेणं**'–એ હેતુથી ઇત્યાદિ. એથી **વાદી સિદ્ધસેન દિવાકરે જે કહ્યું છે કે 'કેવલી ભગવાન્ એક સમયે જાણે છે અને દેખે છે' તેનું પણ ખંડન કરેલું સમજવું**. કારણ કે આ સૂત્ર વડે સાક્ષાત્ યુક્તિપૂર્વક જ્ઞાન અને દર્શનના ઉપયોગને ક્રમશઃ વ્યવસ્થાપિત કર્યો છે. એ પ્રમાણે શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધુમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, શુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુતકલ્પ, ગ્રૈવેયક વિમાન, અનુત્તર વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથિવી, પરમાણુપુદ્ગલ, દ્વિપ્રદેશિક સ્કન્ધ, યાવત્ અન્તપ્રદેશિક સ્કન્ધ સંબન્ધી સૂત્રોનો વિચાર કરવો. જો જ્ઞાન અને દર્શનની સાકાર અને અનાકાર રૂપે જુદી એ પ્રમાણે વ્યવસ્થા કરેલી છે તો તેથી આ બાબત અર્થાત્ પ્રાપ્ત થાય છે કે જ્યારે કેવલી ભગવાન્ રત્નપ્રભાદિને આકારાદિના અભાવરૂપે જાણે છે ત્યારે તે 'દેખે છે પણ જાણતા નથી.'—એમ કહેવું જોઇએ, અને એ સત્ય છે, તે પ્રમાણે સૂત્રકાર કહે છ—'**केवली णं भंते! इमं रयणप्पभं पुढविं अणागारेहिं अहेऊहिं**'–કેવલી ભગવાન્ આ રત્નપ્રભા પૃથિવીને 'અનાકારો વડે યાવત્ દેખે છે પણ જાણતા નથી' ઇત્યાદિ સૂત્ર પ્રાયે વિચાર કરેલો હોવાથી સુગમ છે. ॥૩॥૬૬૬॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના અનુવાદમાં ત્રીશમું પાસણયાપદ સમાપ્ત.

## ।। एगतीसइमं सण्णीपयं ।।

## ।। जीवाईसु सण्णिआइभेय परूवणं ।।

जीवा णं भंते! किं सण्णी, असण्णी, णोसण्णी-णोअसण्णी? जीवा सण्णी वि असण्णी वि णोसण्णी-णोअसण्णी वि। णेरइया णं भंते! पुच्छा। गोयमा! णेरइया सण्णी वि असण्णी वि णो णोसण्णी-णोअसण्णी। एवं असुरकुमारा जाव थणियकुमारा। पुढविक्काइयाणं पुच्छा। गोयमा। णो सण्णी, असण्णी, णो णोसण्णी-णोअसण्णी। एवं बेइंदिय-तेइंदिय-चउरिंदिया वि, मणूसा जहा जीवा। पंचिंदियतिरिक्खजोणिया वाणमंतरा य जहा णेरइया, जोतिसिय-वेमाणिया सण्णी, णो असण्णी, णो णोसण्णी-णोअसण्णी। सिद्धाणं पुच्छा। गोयमा! णो सण्णी, णो असण्णी, णोसण्णी-णोअसण्णी।

णेरइय-तिरिय-मणुया य वणयरसुरा य सण्णीऽसण्णी य। विगलिंदिया असण्णी जोतिस-वेमाणिया सण्णी ।।सू०-१।।६६७।।

पण्णवणाए भगवईए एगतीसइमं सण्णीपयं समत्तं ।

## એકત્રીશમું સંજ્ઞીપદ.

*(મૂ૦) હે ભગવન્! જીવો શું સંજ્ઞી, અસંજ્ઞી કે નોસંજ્ઞી—નોઅસંજ્ઞી હોય? હે ગૌતમ! જીવો સંજ્ઞી પણ હોય, અસંજ્ઞી પણ હોય અને નોસંજ્ઞી—નોઅસંજ્ઞી પણ હોય. નૈરયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! નૈરયિકો સંજ્ઞી પણ હોય. અસંજ્ઞી પણ હોય. પણ નોસંજ્ઞી—નોઅસંજ્ઞી ન હોય. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવા. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ સંજ્ઞી નથી, અસંજ્ઞી છે, નોસંજ્ઞી—નોઅસંજ્ઞી નથી. એ પ્રમાણે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિયો પણ જાણવા. મનુષ્યો જીવોની પેઠે જાણવા. પંચેન્દ્રિય તિર્યંચો અને વ્યન્તરો નૈરયિકોની જેમ સમજવા. જ્યોતિષિક અને વૈમાનિકો સંજ્ઞી છે, અસંજ્ઞી નથી, તેમ નોસંજ્ઞી—નોઅસંજ્ઞી નથી. સિદ્ધો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી, પણ નોસંજ્ઞી—નોઅસંજ્ઞી છે. "નારક, તિર્યંચ, મનુષ્યો, વ્યન્તર અને અસુરાદિ સંજ્ઞી અને અસંજ્ઞી છે. વિકલેન્દ્રિયો અસંજ્ઞી છે. જ્યોતિષિક અને વૈમાનિકો સંજ્ઞી છે. ॥૧॥૬૬૭॥*

*પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદમાં એકત્રીસમું સંજ્ઞીપદ સમાપ્ત.*

(ટી૦) એમ પશ્યત્તા નામે ત્રીશમું પદ કહ્યું. હવે એકત્રીશમા પદનો પ્રારંભ કરાય છે. તેનો આ સંબન્ધ છે–ગયા પદમાં જ્ઞાનના પરિણામ વિશેષનું પ્રતિપાદન કર્યું અને અહીં પરિણામના સમાનપણાથી ગતિના પરિણામ વિશેષરૂપ સંજ્ઞાપરિણામનું પ્રતિપાદન કરાય છે. તેમાં આ પ્રથમ સૂત્ર છ—'जीवाणं भंते! किं सण्णी', ઇત્યાદિ. 'હે ભગવન્! જીવો શું સંજ્ઞી, અસંજ્ઞી કે નોસંજ્ઞી–નોઅસંજ્ઞી છે? ઇત્યાદિ. સંજ્ઞા–પદાર્થના ભૂત, વર્તમાન અને ભાવી સ્વભાવનો વિચાર કરવો. તે સંજ્ઞા જેઓને છે તે સંજ્ઞી કહેવાય છે એટલે વિશિષ્ટ સ્મરણાદિ રૂપ મનના જ્ઞાનવાળા સંજ્ઞી જાણવા. ઉપર કહેલા મનોવિજ્ઞાન રહિત અસંજ્ઞી સમજવા. તેઓ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય હોય છે. અથવા 'संज्ञायतेऽनया' જે વડે પૂર્વે જાણેલો, વર્તમાન અને ભાવી પદાર્થ સમ્યક્ જણાય–વિચારાય તે સંજ્ઞી એટલે વિશિષ્ટ મનોવૃત્તિ, તે જેઓને હોય તે સંજ્ઞી–મનસહિત કહેવાય છે. તેથી વિપરિત અસંજ્ઞી એટલે મનરહિત જાણવા. તેઓ હમણાંજ કહેલા એકેન્દ્રિયાદિ જાણવા. કારણ કે એકેન્દ્રિયોને પ્રાયઃ સર્વથા મનોવૃત્તિનો અભાવ છે. બેઇન્દ્રિયાદિને વિશિષ્ટ મનોવૃત્તિ નથી. કારણ કે તે બેઇન્દ્રિયાદિ વર્તમાન કાળવર્તી શબ્દાદિ અર્થને શબ્દાદિ રૂપે જાણે છે, ભૂત અને ભાવી અર્થને જાણતા નથી. કેવલજ્ઞાની અને સિદ્ધ સંજ્ઞી નથી, તેમ અસંજ્ઞી નથી. સંજ્ઞી અને અસંજ્ઞી–બન્નેના પ્રતિષેધનો વિષય છે. યદ્યપિ કેવલજ્ઞાનીને મનોદ્રવ્યનો સંબન્ધ છે, પરન્તુ મનોદ્રવ્ય વડે તે ભૂત, વર્તમાન અને ભાવી પદાર્થના

સ્વભાવનો વિચાર કરતા નથી. પરન્તુ તેઓને બધા જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો ક્ષય થયેલો હોવાથી પર્યાલોચન સિવાયજ કેવલ જ્ઞાન અને કેવલ દર્શન વડે સાક્ષાત્ સર્વ વસ્તુને જાણે છે અને દેખે છે. તેથી તે સંજ્ઞી નથી, તેમ અસંજ્ઞી પણ નથી. પણ સર્વ **कालावच्छेदेन**–સર્વકાળ વર્તી સર્વ દ્રવ્ય અને પર્યાયના સમૂહને પ્રત્યક્ષ કરવામાં સમર્થ જ્ઞાન વડે સહિત છે. સિદ્ધ પણ સંજ્ઞી નથી, કારણ કે તેને દ્રવ્ય મનનો પણ અભાવ છે, તેમ અસંજ્ઞી પણ નથી, કારણ કે તે સર્વજ્ઞ છે. તેથી એ પ્રમાણે સામાન્યપણે જીવપદમાં સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી હોય છે. ભગવાન્ તેજ પ્રકારે સમાધાન કરે છે—'હે ગૌતમ' ઇત્યાદિ. જીવો સંજ્ઞી પણ હોય છે, કારણ કે નૈરયિકાદિ સંજ્ઞી હોય છે, જીવો અસંજ્ઞી પણ છે, કારણ કે પૃથિવ્યાદિ અસંજ્ઞી હોય છે. અને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી પણ હોય છે. કારણ કે સિદ્ધ અને કેવલી નોસંજ્ઞી–નોઅસંજ્ઞી હોય છે.

હવે એઓનો ચોવીશ દંડકોના ક્રમથી વિચાર કરે છે—'**नेरइया णं**' ઇત્યાદિ. નૈરયિકો સંબન્ધે પૃચ્છા. અહીં જે નૈરયિકો સંજ્ઞીથી આવી ઉત્પન્ન થાય છે તે સંજ્ઞી કહેવાય છે અને બીજા અસંજ્ઞી કહેવાય છે. નૈરયિકોને ચારિત્ર નહિ હોવાથી કેવલીપણું હોતુ નથી, તેથી કહ્યું છે કે–નૈરયિકો સંજ્ઞી પણ હોય છે, અસંજ્ઞી પણ હોય છે, પણ નોસંજ્ઞી–નોઅસંજ્ઞી હોતા નથી, એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવો કહેવા. કારણ કે તેઓ અસંજ્ઞીથી પણ આવી ઉત્પન્ન થાય છે, અને તેઓને કેવલીપણાનો અભાવ છે. '**मणूसा जहा जीवा**' મનુષ્યો જેમ પૂર્વે જીવો કહ્યા તેમ કહેવા. એટલે તેઓ સંજ્ઞી પણ, અસંજ્ઞી પણ અને નોસંજ્ઞી–નોઅસંજ્ઞી પણ કહેવા. તેમાં જેઓ ગર્ભજ છે તેઓ સંજ્ઞી છે. સંમૂર્ચ્છિમો અસંજ્ઞી છે અને કેવલી નોસંજ્ઞી–નોઅસંજ્ઞી છે. '**पंचिंदियतिरिक्खजोणियवाणमंतरा जहा नेरइया**' પંચેન્દ્રિય તિર્યંચો અને વ્યન્તરો જેમ નૈરયિકો કહ્યા તેમ કહેવા. અર્થાત્ તેઓ સંજ્ઞી પણ હોય છે અને અસંજ્ઞી પણ હોય છે પણ નોસંજ્ઞી–નોઅસંજ્ઞી હોતા નથી. તેમાં સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચો અસંજ્ઞી છે. ગર્ભજ સંજ્ઞી છે. વ્યન્તરો અસંજ્ઞીથી ઉત્પન્ન થયેલા અસંજ્ઞી અને સંજ્ઞીથી ઉત્પન્ન થયેલા સંજ્ઞી જાણવા. બન્ને પણ ચારિત્રના અભાવથી નોસંજ્ઞી–નોઅસંજ્ઞી નથી. જ્યોતિષિક અને વૈમાનિકો સંજ્ઞીજ હોય છે. પણ અસંજ્ઞી હોતા નથી, કારણ કે તે અસંજ્ઞીથી આવી ઉત્પન્ન થતા નથી. તેમ તેઓને ચારિત્ર નહિ હોવાથી નોસંજ્ઞી–નોઅસંજ્ઞી નથી. સિદ્ધો પૂર્વે કહેલી યુક્તિથી સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી, પરન્તુ નોસંજ્ઞી–નોઅસંજ્ઞી છે. આ સંબન્ધે સુખપૂર્વક બોધ થવા માટે સંગ્રહણી ગાથા કહે છે—'**नेरइय**' ઇત્યાદિ. નૈરયિકો, તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, વનચરો–વ્યન્તરો અને અસુરાદિ–સમસ્ત ભવનપતિઓ પ્રત્યેક સંજ્ઞી અને અસંજ્ઞી કહેવા. અને એઓનો હમણાંજ વિચાર કર્યો છે. વિકલેન્દ્રિયો–એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય અસંજ્ઞી હોય છે અને જ્યોતિષિકો અને વૈમાનિકો સંજ્ઞી હોય છે. ॥૧॥૬૬૭॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના અનુવાદમાં એકત્રીશમું સંજ્ઞી પદ સમાપ્ત.

- *અરિહંત ભગવાન એમ માનતા હોય છે કે ઘણાં ભવોના કર્મરાયના ઋણ ભારથી હું દબાયેલો છું. હું તો ધીમે ધીમે એ ઋણને ચુકવતો હતો પણ આ ઉપકારીએ આવીને અતિશીઘ્રતાથી મને કર્મઋણથી મુક્તિ અપાવવામાં સહાય કરી છે. તો પછી એને મારી શક્તિનો પરચો બતાવાય જ કેમ?*
- *અરિહંત ભગવંત પોતે પોતાના ચાર નહીં અનેક રૂપો બનાવવા શક્તિમાન હોય છે. પણ દેવોને ભક્તિનો લાભ મળે અને એમને કર્મનિર્જરાની સાથે શુભ પુણ્ય બંધ થાય એ માટે એ કાર્ય દેવતાઓને કરવા દે છે.*

– જયાનંદ

## ।। बत्तीसइमं संजयपयं ।।

## ।। जीवाईसु संजयाइ भेय परूवणं ।।

जीवा णं भंते! किं संजया, असंजया, संजयासंजया, णोसंजय-णोअसंजय-नोसंजयासंजया? गोयमा! जीवा संजया वि १, असंजया वि २, संजयासंजया वि ३, णोसंजय-णोअसंजय-णोसंजयासंजया वि ४। णेरइया णं भंते! पुच्छा। गोयमा! णेरइया णो संजया, असंजया, णो संजयासंजया, णो णोसंजय-णोअसंजय-णोसंजयासंजया। एवं जाव चउरिंदिया। पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! पंचिंदियतिरिक्खजोणिया णो संजया, असंजया वि, संजयासंजया वि, णो नोसंजत-णोअसंजत-णोसंजतासंजता [वि]। मणुस्सा णं [भंते!]पुच्छा। गोयमा! मणूसा संजया वि असंजया वि संजयासंजया वि, णो णोसंजय-णोअसंजय-णोसंजयासंजया। वाणमंतर-जोतिसिय-वेमाणिया जहा णेरइया। सिद्धाणं पुच्छा। गोयमा! सिद्धा णो संजया १, णो असंजता २, णो संजतासंजता ३, णोसंजयणोअसंजयणोसंजयासंजया ४। गाहा--

"संजय अस्संजयमीसगा य जीवा तहेव मणुया य। संजयरहिया तिरिया सेसा अस्संजता होंति" ।।सू०-१।।६६८।।

पण्णवणाए भगवईए बत्तीसइमं संजयपयं समत्तं।

### બત્રીશમું સંયત પદ.

*(મૂ૦) હે ભગવાન્! જીવો શું સંયત, અસંયત, સંયતાસંયત કે નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત છે? હે ગૌતમ! જીવો સંયત પણ છે, અસંયત પણ છે, સંયતાસંયત પણ છે અને નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત પણ છે. ભગવન્! નૈરયિકો— ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! નૈરયિકો સંયત નથી, અસંયત છે, સંયતાસંયત નથી, તેમ નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત પણ નથી. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પંચેન્દ્રિય તિર્યંચો સંયત નથી, અસંયત છે, સંયતાસંયત છે, પણ નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત નથી. મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! મનુષ્યો સંયત પણ છે, અસંયત પણ છે, સંયતાસંયત પણ છે, પણ નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત નથી. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો નૈરયિકોની જેમ જાણવા. સિદ્ધો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! સિદ્ધો સંયત નથી, સંયતાસંયત નથી, પણ નોસંયત–નોઅસંયત–નોસંયતાસંયત છે. ગાથા—જીવો તેમજ મનુષ્યો સંયત, અસંયત અને મિશ્ર—સંયતાસંયત હોય છે. તિર્યંચો સંયમરહિત છે અને બાકીના જીવો અસંયત છે. ।।૧।।૬૬૮।।*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં બત્રીશમું સંયતપદ સમાપ્ત.*

(ટી૦) એ પ્રમાણે એકત્રીશમું પદ કહ્યું, હવે બત્રીશમાં પદનો પ્રારંભ કરાય છે. તેનો આ સંબન્ધ છે–પૂર્વના પદમાં સંજ્ઞી જીવોનો પરિણામ કહ્યો અને અહીં ચારિત્રના પરિણામ વિશેષ સંયમનું પ્રતિપાદન કરાય છે. **સંયમ એ નિરવદ્ય-પાપરહિત યોગની પ્રવૃતિ અને પાપસહિત યોગની નિવૃતિ રૂપ છે**, તેમાં આ પ્રથમ સૂત્ર છે—'जीवाणं भंते'!—ઇત્યાદિ. 'संयच्छन्ति स्म' સર્વ સાવદ્ય યોગોથી સમ્યક્પણે નિવૃત્ત થયેલા હોય, અર્થાત્ ચારિત્રપરિણામની વૃદ્ધિના કારણભૂત નિરવદ્ય યોગોમાં પ્રવર્તતા હોય તે સંયત. (અહીં અકર્મક ધાતુથી કર્તાના અર્થમાં 'त' પ્રત્યય થયેલો છે) એટલે હિંસાદિ પાપસ્થાનોથી નિવૃત્ત થયેલા હોય તે સંયત, તેથી વિપરિત અસંયત, હિંસાદિના અંશથી નિવૃત્ત થયેલા સંયતાસંયત અને જેઓએ ત્રણેનો પ્રતિષેધ કરેલો હોય તે સિદ્ધો જાણવા. સિદ્ધો સંયતાદિ ત્રણે પર્યાયથી નિવૃત્ત થયેલા છે એમ શાથી જાણવું? તેનો ઉત્તર આ પ્રમાણે છે–સંયમ નિરવદ્ય યોગની પ્રવૃત્તિ અને સાવદ્ય યોગની નિવૃત્તિ રૂપ છે, તેથી સંયતાદિ પર્યાય યોગને આશ્રિત છે અને સિદ્ધ ભગવંતો યોગથી રહિત છે, કારણ કે તેઓને

શરીર અને મનનો અભાવ છે તે માટે સંયતાદિ ત્રણે અવસ્થાથી નિવૃત્ત થયેલા છે. એમ સામાન્યપણે જીવપદમાં સંયતાદિ ચારે અવસ્થા ઘટે છે, તેમ સૂત્રકાર કહે છે—'હે ગૌતમ! જીવો સંયત પણ છે, કારણ કે સાધુઓ સંયત છે. અસંયત પણ છે, કારણ કે નારકો વગેરે અસંયત છે, સંયતાસંયત પણ છે કારણ કે પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને અંશથી સંયમ હોય છે. તથા નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત પણ હોય છે, કારણ કે સિદ્ધોને ત્રણેનો પ્રતિષેધ છે. ચોવીશ દંડકના સૂત્રો સુગમ છે. અહીં સંગ્રહણી ગાથા કહે છે—'સંયત' ઇત્યાદિ. સંયત, અસંયત અને મિશ્રસંયતાસંયત જીવો તેમજ મનુષ્યો હોય છે, તાત્પર્ય એ છે કે જીવપદ અને મનુષ્યપદમાં સંયતાદિ ત્રણે પદો ઘટે છે, પણ નથી ઘટતા એમ નથી, એ તાત્પર્યને જણાવનાર આ સૂત્ર છે. પરન્તુ અન્ય પદનો નિષેધ કરતું નથી, જો એમ ન હોય તો જીવપદમાં સંયતાદિ ત્રણે અવસ્થાના પ્રતિષેધ રૂપ ચોથું પદ પણ ઘટે છે, જે પ્રકારે પૂર્વે કહ્યું છે. તથા સંયતપદ રહિત ઉપલક્ષણથી ત્રણેના પ્રતિષેધ રહિત પંચેન્દ્રિય તિર્યંચો છે.

(પ્ર૦)—સંયત પદ રહિત તિર્યંચ પંચેન્દ્રિયો કેમ કહેવાય? કારણ કે તેઓમાં સવર્થા સંયતપણું ઘટે છે. જેમ કે-સંયતપણું નિરવદ્ય યોગની પ્રવૃત્તિ અને સાવદ્ય યોગની નિવૃત્તિરૂપ છે અને તિર્યંચોને પણ નિરવદ્ય યોગમાં પ્રવૃત્તિ અને સાવદ્ય યોગથી નિવૃત્તિ સંભવે છે. કારણ કે તેઓ આયુષ્યના છેલ્લા કાળે પણ ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરી શુભ યોગમાં વર્તતા દેખાય છે. વળી સિદ્ધાન્તમાં તે તે સ્થળે તેઓ પોતાને વિષે મહાવ્રતોનું આરોપણ કરતા સંભળાય છે. કહ્યું છે કે—**"तिरियाणं चारित्तं निवारितं तह य अह पुणो तेसिं। सुव्वइ बहुयाणं चिय महव्वयारोवणं समये"**॥ તિર્યંચોને ચારિત્રનો નિષેધ કર્યો છે તો પણ તેઓમાં ઘણાને સિદ્ધાન્તમાં મહાવ્રતોનું આરોપણ સંભળાય છે.

(ઉ૦)—તે અયુક્ત છે, કારણ કે સમ્યક્ પ્રકારે વસ્તુતત્ત્વનું જ્ઞાન નથી. અહીં સંયતપણું નિરવદ્યયોગની પ્રવૃત્તિ અને સાવદ્ય યોગની નિવૃત્તિરૂપ આન્તર ચારિત્ર પરિણામ સહિત જાણવું, તે સિવાયનું નહિ. જેઓએ ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરેલું છે એવા અને મહાવ્રતોનું આરોપણ કરતા તેઓને ભવનિમિત્તે ચારિત્રનો પરિણામ થતો નથી, અને તે પરિણામ તો અચિન્ત્ય ચિન્તામણિ સમાન મનુષ્યભવમાંજ થાય છે, અને તે પણ કર્મના ક્ષયોપશમથી થાય છે, બીજી રીતે થતો નથી. માટે ભગવંતે આ મનુષ્યભવ અત્યંત દુર્લભ કહ્યો છે.

(પ્ર૦)—'તે પ્રમાણે મહાવ્રતાદિના આરોપણરૂપ ચેષ્ટા કરતા તિર્યંચોને આન્તર ચારિત્રનો પરિણામ નથી' એમ શાથી જણાય?

(ઉ૦)—તેઓને કેવલજ્ઞાનાદિ નહિ થવાથી એમ જાણી શકાય છે. જો તિર્યંચોને પણ ચારિત્ર પરિણામ સંભવે તો કયાંઇક ક્યારે કોઇકને ઉત્કૃષ્ટ ભાવથી મનઃપર્યવજ્ઞાન કે કેવલજ્ઞાન પણ થાય, કારણ કે તે બન્નેનું કારણ ચારિત્ર છે. પરન્તુ તેમ શાસ્ત્રમાં સંભળાતું નથી, માટે જણાય છે કે તેઓને ચારિત્ર પરિણામનો સંભવ નથી. કહ્યું છે કે—**"न महव्वयसब्भावेवि चरणपरिणामसंभवो तेसिं। न बहुगुणाणं पि जओ केवलसंभूइ परिणामो"**॥ "બહુ ગુણવાળા એવા તેઓને મહાવ્રતનો સદ્ભાવ છતાં ચારિત્ર પરિણામનો સંભવ નથી. કારણ કે તેથી કેવલજ્ઞાનની ઉત્પત્તિનો પ્રસંગ થાય." માટે ચારિત્ર પરિણામનો અભાવ હોવાથી તેઓ સંયત પદ રહિત છે. બાકીના સંસારી જીવો અસંયત-અસંયતપદ સહિત છે. પણ બાકીના પદસહિત નથી. ॥૧॥૬૬૮॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં બત્રીશમું સંયત પદ સમાપ્ત.

● *અરિહંત ભગવંતની પ્રરૂપેલી આરાધના રૂપી સડક પર જે ભવ્યાત્માઓ માર્ગમાં દર્શાવેલી સૂચનાઓનું પૂર્ણ રૂપેણ પાલન કરવા દ્વારા જઈ રહ્યા છે તે મોક્ષનગરમાં પહોંચી જાય છે.*

- જયાનંદ

## ।। तेत्तीसइमं ओहिपयं ।।

## ।। अत्थाहिगारपरूवणं ।।

**भेदविसयसंठाणे अब्भिंतर-बाहिरे य देसोही[३] । ओहिस्स य खय-वुड्ढी[६] पडिवाई चेव अपडिवाई[७]**

।।सू०-१।।६६१।।

### તેત્રીશમું અવધિ પદ.

*(મૂ૦) અવધિજ્ઞાનના ભેદ ૧, વિષય ૨, સંસ્થાન ૩, અભ્યન્તરાવધિ–બાહ્યાવધિ ૪, દેશાવધિ ૫, ક્ષય—હીયમાન અવધિ, વૃદ્ધિવર્તમાન અવધિ ૬, પ્રતિપાતી અને અપ્રતિપાતી ૭ એ તેત્રીશમાં પદમાં સાત દ્વારો છે. ।।૧।।૬૬૯।।*

(ટી૦) '**भेय-विसय**' ઇત્યાદિ. ૧ જેનો શબ્દાર્થ પૂર્વે કહ્યો છે તે અવધિજ્ઞાનનો પ્રથમ ભેદ કહેવાનો છે. ૨ તે પછી વિષય, ૩ તે પછી સંસ્થાન–અવધિજ્ઞાને પ્રકાશિત કરેલા ક્ષેત્રના જે ત્રાપા વગેરેના આકાર વિશેષરૂપ છે, તેનું કારણ અવધિજ્ઞાન હોવાથી અવધિના સંસ્થાન તરીકે કહેવાય છે. તથા અવધિજ્ઞાન બે પ્રકારનું છે–અભ્યન્તરાવધિ અને બાહ્યાવધિ. ૪ તેમાં જે અવધિ સર્વ દિશામાં પોતાના વિષયભૂત ક્ષેત્રનો પ્રકાશ કરે અને તેથી અવધિજ્ઞાનીની સાથે નિરંતર પોતાના વડે પ્રકાશ કરવા યોગ્ય ક્ષેત્ર સંબંધવાળુ હોય તે અભ્યન્તરાવધિ, ૫ એથી વિપરીત તે બાહ્યાવધિ. અભ્યન્તરાવધિ બે પ્રકારે છે. જેમકે–અન્તગત અને મધ્યગત. હવે અન્તગતનો શબ્દાર્થ શો છે? ઉત્તર–આ સંબન્ધે પૂર્વાચાર્યોએ ત્રણ અર્થ બતાવેલા છે–આત્મપ્રદેશોને અન્તે રહેલું અવધિ તે અન્તગત અવધિ. તાત્પર્ય એ છે કે–અહીં ઉત્પન્ન થતું કોઇ પણ અવધિજ્ઞાન સ્પર્ધકરૂપે ઉત્પન્ન થાય છે. સ્પર્દ્ધક એટલે ગવાક્ષના જાળીઆ વગેરે દ્વારા બહાર નીકળેલા દીવાના પ્રકાશની પેઠે અવધિજ્ઞાનના પ્રકાશનો ભાગ વિશેષ. તે સંબન્ધે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ સ્વોપજ્ઞ ભાષ્યની ટીકામાં કહે છે—"**स्पर्द्धकमवधिविच्छेदविशेष**" ઇતિ–સ્પર્દ્ધક અવધિજ્ઞાનનો ભાગ વિશેષ છે. તે સ્પર્દ્ધકો એક જીવને અસંખ્યાતા કે સંખ્યાતા હોય છે. કારણ કે મૂલાવશ્યકની પ્રથમ પીઠિકામાં કહ્યું છે—"**फड्डा य असंखेज्जा संखिज्जा या वि एग जीवस्स।**"–સ્પર્દ્ધકો અસંખ્યાતા કે સંખ્યાતા એક જીવને હોય છે, અને તે વિચિત્ર સ્વરૂપવાળા હોય છે. તેમાંના કોઇ પર્યન્તવર્તી આત્મપ્રદેશોમાં ઉત્પન્ન થાય છે. તેમાં પણ કેટલાક આગળના ભાગમાં,કેટલાક પૃષ્ઠ ભાગમાં, કેટલાક અધો ભાગે, કેટલાક ઉપરના ભાગમાં અને કેટલાક મધ્યવર્તી આત્મપ્રદેશમાં હોય છે. એ પ્રમાણે જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે આત્માના અંત ભાગમાં રહેલું હોવાથી 'અન્તગત' કહેવાય છે. કારણ કે અન્તમાં રહેલા તે આત્મપ્રદેશો વડે સાક્ષાત્ અવબોધ થાય છે. અથવા ઔદારિક શરીરના અન્તે રહેલુ અવધિજ્ઞાન 'અન્તગત' અવધિ કહેવાય છે. કારણ કે ઔદારિક શરીરની અપેક્ષાએ એક દિશામાં રહેલા દ્રવ્યોનો બોધ થાય છે, આ પણ સ્પર્દ્ધકરૂપ અવધિજ્ઞાન છે, અથવા બધાય આત્મપ્રદેશોનો ક્ષયોપશમ હોવા છતા પણ ઔદારિક શરીરના અન્તે કોઇ પણ એક દિશામાં જેથી બોધ થાય તે પણ અન્તગત કહેવાય છે.

(પ્ર૦)—જો બધાય આત્મપ્રદેશોનો ક્ષયોપશમ હોય તો ચારે તરફ કેમ જોતો નથી?

(ઉ૦)—એક દિશામાંજ ક્ષયોપશમનો સંભવ છે. દેશાદિની અપેક્ષાએ કર્મનો ક્ષયોપશમ વિચિત્ર હોય છે તેથી બધાય આત્મપ્રદેશોનો સ્વ સામગ્રીની વશથી આવા પ્રકારનોજ ક્ષયોપશમ થાય છે, જેથી ઔદારિક શરીરની અપેક્ષાએ એક વિવક્ષિત દિશામાં દેખે છે. એ સંબન્ધે નંદિ સૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે "**ओरालियसरीरंते ठियं ति एगट्ठ, तं वा अप्पपएसफड्डगावहिएगदिसोवलंभाओ अंतगयमोहिणाणं भन्नइ, अहवा सव्वपएसु सुद्धेसु वि ओरालियसरीरंगतेण एगदिसि पासण्णागयं ति अंतगयं ति भण्णइ**" ઇતિ.—"ઔદારિક શરીરના અંતે સ્થિત–ગત એ એકાર્થવાચી છે, એટલે રહેલું, તે આત્મપ્રદેશના સ્પર્દ્ધક વડે મર્યાદિત એક દિશાને જાણે છે તેથી તે 'અન્તગત' કહેવાય છે, અથવા સર્વ આત્મપ્રદેશો વિશુદ્ધ છતાં ઔદારિકશરીરના અન્તે એક દિશાને જોવામાં રહેલું છે માટે અન્તગત કહેવાય છે. આ બીજો પક્ષ છે. ત્રીજો આ પક્ષ છે–એક દિશામાં રહેલા તે અવધિજ્ઞાન વડે જે ક્ષેત્ર પ્રકાશિત થયેલું છે તે ક્ષેત્રના અન્તે અવધિ વર્તે છે, કારણ કે તે ક્ષેત્રના અન્તે અવધિજ્ઞાની રહેલો છે, તેથી અન્તે એટલે એક દિશામાં રહેલા

અવધિજ્ઞાન વિષયભૂત ક્ષેત્રને પર્યન્તે ગત–રહેલું છે માટે 'અન્તગત' અવધિ કહેવાય છે. અન્તગત અવધિજ્ઞાન ત્રણ પ્રકારે છે. જેમકે–પુરતઃ અન્તગત, પૃષ્ટતઃ અન્તગત અને પાર્શ્વતઃ અન્તગત. તેમાં જેમ કોઇ પુરુષ હાથમાં ગ્રહણ કરેલી અને આગળ ચાલતી દીવી વડે આગળના ભાગનેજ જુએ છે, બીજે જોઈ શકતો નથી, એ પ્રમાણે જે અવધિજ્ઞાન વડે તેવા પ્રકારનો ક્ષયોપશમ થવાથી આગળજ સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી દેખે છે, બીજે દેખતો નથી તે 'પુરતઃ અન્તગત' અવધિ કહેવાય છે. તથા તેજ પુરુષ જેમ પાછળ હાથમાં ગ્રહણ કરેલી દીવી વડે પાછળના ભાવનેજ દેખે છે તેમ જે અવધિજ્ઞાન વડે પાછળથીજ સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી દેખે છે તે 'તે પૃષ્ટતઃઅન્તગત અવધિ કહેવાય છે. જે અવધિજ્ઞાન વડે એક પડખે અથવા બન્ને પડખે સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી દેખે છે તે 'પાર્શ્વતઃઅન્તગત' અવધિ કહેવાય છે. એ સંબન્ધે નન્દિ અધ્યનયની ચૂર્ણિમાં કહ્યુ છે–"**पुरओ अन्तगएणं पुरतो चेव संखेज्जाणि वा असंखेज्जाणि वा जोयणाइं जाणइं पासइ, मग्गतोऽन्तगएणं ओहिणाणेणं मग्गतो चेव**" ઇત્યાદિ.–પુરતઃ અન્તગત અવધિજ્ઞાન વડે આગળ સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી જાણે છે અને દેખે છે. માર્ગતઃ–પૃષ્ટતઃ અન્તગત અવધિજ્ઞાન વડે પાછળ રહેલા સંખ્યાતા કે અસંખ્યાતા યોજન સુધી જાણે દેખે' ઇત્યાદિ. 'મધ્યગત' અવધિનું પણ ત્રણ પ્રકારે વ્યાખ્યાન છે–અહીં દંડાદિના મધ્ય ભાગની પેઠે મધ્ય પ્રસિદ્ધ છે. તેમાં આત્મપ્રદેશોનો મધ્ય ભાગમાં એટલે મધ્યવર્તી આત્મપ્રદેશોમાં રહેલ અવધિ 'મધ્યગત' કહેવાય છે. આ અવધિજ્ઞાન સ્પર્દ્ધકરૂપ છે અને સર્વ દિશામાં બોધનું કારણ મધ્યવર્તી આત્મપ્રદેશોનું અવધિજ્ઞાન જાણવું. અથવા સર્વ આત્મપ્રદેશોનો ક્ષયોપશમ હોવા છતાં પણ ઔદારિક શરીરના મધ્યભાગ વડે જ્ઞાન થાય છે, તે માટે મધ્યમાં રહેલું હોવાથી 'મધ્યગત' અવધિ કહેવાય છે. નન્દિ અધ્યયનની ચૂર્ણિમાં કહ્યું છે કે "**ओरालियसरीरमज्झे फड्डगविसुद्धीओ सव्वदिसोवलंभत्तणओ मज्झगतोत्ति भण्णइ**" ઇતિ–ઔદારિક શરીરના મધ્ય ભાગમાં સ્પર્દ્ધકની વિશુદ્ધિથી અથવા સર્વ આત્મપ્રદેશોની વિશુદ્ધિથી સર્વ દિશામાં જ્ઞાન થવાથી 'મધ્યગત' અવધિ કહેવાય છે." અથવા તે અવધિ વડે જે ક્ષેત્ર પ્રકાશિત છે, તે ક્ષેત્રની સર્વ દિશાઓમાં મધ્ય ભાગને વિષે રહેલું તે મધ્યગત અવધિ કહેવાય છે, કારણ કે અવધિજ્ઞાની તે વડે પ્રકાશિત ક્ષેત્રના મધ્ય ભાગમાં રહેલો છે. એ સંબન્ધે નન્દિસૂત્રના ચૂર્ણિકાર કહે છે–"**अहवा उवलद्धिखेत्तस्स अवहिपुरिसो मज्झगतो त्ति अतो वा मज्झगतो ओही भण्णइ**" અથવા ઉપલબ્ધિના–જ્ઞાનના વિષયભૂત ક્ષેત્રના મધ્ય ભાગમાં અવધિજ્ઞાની પુરુષ હોય છે માટે મધ્યગત અવધિ કહેવાય છે. આ ત્રણે વ્યાખ્યાનમાં પણ જ્યારે અવધિજ્ઞાન વડે પ્રકાશિત ક્ષેત્રનો અવધિજ્ઞાની સાથે સંબન્ધ હોય છે ત્યારે તે અભ્યન્તરાવધિ કહેવાય છે. કારણ કે સર્વ દિશામાં પ્રકાશિત ક્ષેત્રના મધ્યભાગમાં રહેલો છે, આ ભેદ આ બાહ્યાવધિમાં ન ગ્રહણ કરવો, કારણ કે તેનો અભ્યન્તરાવધિમાં અન્તર્ભાવ થાય છે. પરન્તુ જ્યારે અવધિજ્ઞાન વડે પ્રકાશિત ક્ષેત્ર વચ્ચે ત્રુટિત થયેલું હોવાથી અવધિજ્ઞાની સાથે તેનો સંબન્ધ ન હોય ત્યારે 'બાહ્ય અવધિ' કહેવાય છે. આ ભેદ અહીં ગ્રહણ કરવો, કારણ કે તે પ્રસ્તુત છે. તથા તે પછી '**देसोही**' દેશાવધિ કહેવાનો છે, અને ઉપલક્ષણથી તેના પ્રતિપક્ષ રૂપ સર્વાવધિ પણ કહેવાનો છે. હવે દેશાવધિ અને સર્વાવધિનું શું સ્વરુપ છે? તેનો ઉત્તર એ છે કે અહીં અવધિ ત્રણ પ્રકારે છે. જેમકે–સર્વ જઘન્ય, મધ્યમ અને સર્વોત્કૃષ્ટ. તેમાં સર્વ જઘન્ય અવધિ છે તે દ્રવ્યથી તૈજસ અને ભાષા વર્ગણા વચ્ચે રહેલા અનન્ત દ્રવ્યોને, ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રને, કાળથી આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અતીત અને અનાગત કાળને જાણે છે. અહીં અવધિ ક્ષેત્ર અને કાળને સ્વરૂપથી સાક્ષાત્ જાણતું નથી, કારણ કે તે અમૂર્ત છે, અને અવધિનો વિષય રૂપી દ્રવ્યો છે. '**रूपिष्वधेः**' (અ. ૧. સૂ. ૨૮) એવું તત્ત્વાર્થનું વચન છે. અહીં ક્ષેત્ર અને કાળનુ જ્ઞાન ઉપચારથી જાણવું, તાત્પર્ય એ છે કે એટલા ક્ષેત્ર અને કાળમાં રહેલા જે દ્રવ્યો છે તેને જાણે છે. ભાવથી અનન્ત પર્યાયોને જાણે છે. કારણ કે દરેક દ્રવ્યોના જઘન્ય પદે પણ રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શરૂપ ચાર પર્યાયોને જાણે છે. "**दो पज्जवे दुगुणिए सव्वजहण्णे उ पिच्छए (ओही)। ते उ वन्नाइया चउरो**" કારણ કે 'સર્વ જઘન્ય અવધિ બમણા બે પર્યાયોને એટલે વર્ણાદિ ચાર પર્યાયોને જાણે છે' એવું શાસ્ત્રવચન છે. અને દ્રવ્યો અનન્ત છે. આથી ઉપર પ્રદેશની વૃદ્ધિ વડે, સમયની વૃદ્ધિ વડે અને પર્યાયની વૃદ્ધિ વડે વધતું અવધિજ્ઞાન મધ્યમ સમજવું. તે ત્યાં સુધી જાણવું કે યાવત્ સર્વોત્કૃષ્ટ પરમાવધિ ન થાય. સર્વોત્કૃષ્ટ પરમાવધિ દ્રવ્યથી સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે, ક્ષેત્રથી અલોકમાં લોક

પ્રમાણ (અસંખ્યાતા) ખંડોને જાણે છે. કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ અતીત અને અનાગત કાળને જાણે છે અને ભાવથી અનન્ત પર્યાયોને જાણે છે, કારણ કે દરેક દ્રવ્યના સંખ્યાતા કે અસંખ્યાતા પર્યાયોને જાણે છે. કેમ કે **"एगं दव्वं पेच्छं खंधमणुं वा स पज्जवे तस्स। उक्कोसमसंखिज्जे संखेज्जे पेच्छए कोई।।"** 'કોઇક અવધિજ્ઞાની એક પરમાણુ કે સ્કન્ધરૂપ દ્રવ્યોને જોતો તેના ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા પર્યાયોને જુએ છે.' એવું શાસ્ત્રવચન છે. તેમાં સર્વ જઘન્ય અને મધ્યમ અવધિ દેશાવધિ કહેવાય છે અને સર્વોત્કૃષ્ટ અવધિને પરમાવધિ કે સર્વાવધિ કહેવાય છે. તથા અવધિની ક્ષય અને વૃદ્ધિ કહેવાની છે. તાત્પર્ય એ છે કે હીયમાન અને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાનું છે. તેમાં તથાવિધ સામગ્રીના અભાવથી પૂર્વ અવસ્થાથી હાનિને પ્રાપ્ત થતું હીયમાન અવધિ કહેવાય છે. કહ્યું છે કે **"हीयमाणयं पुव्वावत्थातो अहोऽहो हस्समाणं"** તિ—હીયમાન અવધિ પૂર્વ અવસ્થાથી નીચે નીચે ઘટતું જાય છે, અને જેમ અધિક અધિક ઇન્ધનના નાંખવા વગેરે વડે અગ્નિની જ્વાલાને સમૂહ વધતો જાય તેમ જે પૂર્વાવસ્થાથી યથાયોગ્યપણે વિશુદ્ધતર અધ્યવસાય થવાથી વધતું જાય તે વર્ધમાન અવધિ કહેવાય છે. તથા પ્રતિપાતી અને અપ્રતિપાતી, તથા ચ શબ્દ અનુક્ત અર્થનો સમુચ્ચય કરનાર હોવાથી આનુગામિક અને અનાનુગામિક અવધિ પણ કહેવા યોગ્ય છે. તેમાં પડવાના સ્વભાવવાળું હોય તે પ્રતિપાતી. જે અવધિ ઉત્પન્ન થઇ ક્ષયોપશમને યોગ્ય કેટલાક કાળ સુધી રહીને પ્રદીપની પેઠે સર્વથા નાશ પામે તે પ્રતિપાતી અવધિ કહેવાય છે.

(પ્ર૦)—હીયમાન અને પ્રતિપાતીમાં શો ભેદ છે?

(ઉ૦)—પૂર્વાવસ્થાથી નીચે નીચે હાનિ પામતું હોય તે હીયમાન અવધિ કહેવાય છે અને એક કાળે નિર્મૂળ નાશ પામે તે પ્રતિપાતી કહેવાય છે. જે-પડે નહિ તે અપ્રતિપાતી, જે કેવળ જ્ઞાન સુધી કે મરણ પર્યન્ત નાશ ન પામે તે અપ્રતિપાતી. તથા ગમન કરનાર પુરુષને જે આ—સમંતાત્—સર્વથા અનુસરે તે આનુગામિક. અહીં સ્વાર્થમાં 'ક' પ્રત્યય થયો છે. અથવા અનુગમ—અનુસરવું એ જેનું પ્રયોજન છે તે આનુગામિક. જે લોચનની પેઠે જનારા પુરુષને અનુસરે, સાથે જાય તે આનુગામિક અવધિ કહેવાય છે એ ભાવાર્થ છે. જે આનુગામિક નથી તે અનાનુગામિક. સાંકળથી બાંધેલા દીવાની પેઠે જે ગમન કરનાર પુરુષને અનુસરતું નથી એ ભાવાર્થ છે. એ પ્રમાણે અધિકારનું પ્રતિપાદન કરવા માટે દ્વાર ગાથા કહી છે. ॥૧॥૬૬૯॥

## ।। ओहिभेय दारं ।।

**कइविहा णं भंते! ओही पण्णत्ता? गोयमा! दुविहा ओही पन्नत्ता, तं जहा—भवपच्चइया य खओवसमिया य, दोण्हं भवपच्चइया, तं जहा—देवाण य नेरइयाण य, दोण्हं खओवसमिया, तं जहा—मणूसाणं पंचेंदियतिरिक्खजोणियाण य ।।सू०-२।।६७०।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારે અવધિજ્ઞાન કહ્યું છે. હે ગૌતમ! અવધિ બે પ્રકારે કહ્યું છે. જેમ કે-ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક. બેને ભવપ્રત્યયિક અવધિ છે. તે આ પ્રમાણે-દેવો અને નારકોને, અને બેને ક્ષાયોપશમિક અવધિ છે. જેમ કે-મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોને. ॥૨॥૬૭૦॥*

(ટી૦) હવે **"यथोद्देशं निर्देश:"** 'ઉદ્દેશના ક્રમ પ્રમાણે નિર્દેશ થાય છે' એ ન્યાયને અનુસરી પ્રથમથી અવધિના ભેદનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—'**कइविहा णं भंते!**' હે ભગવન્! અવધિ કેટલા પ્રકારે કહ્યું છે -ઇત્યાદિ. સૂત્રમાં સ્ત્રીલિંગનો નિર્દેશ પ્રાકૃત હોવાથી કર્યો છે. ભગવાન્ ઉત્તર કહે છે-હે ગૌતમ! બે પ્રકારે અવધિજ્ઞાન કહ્યું છે. જેમકે '**भवपच्चइया य खओवसमिया य**' ભવપ્રત્યયિક અને ક્ષયોપશમિક. '**भवन्ति अस्मिन्**'-જેમાં કર્મને વશવર્તી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે તે ભવ—નારકાદિનો જન્મ. અધિકરણમાં 'ઘ' પ્રત્યય થયો છે. ભવ એજ પ્રત્યય કારણ જેનું છે તે ભવપ્રત્યય. અહીં પ્રત્યય શબ્દ કારણવાચી છે. **"प्रत्यय: शपथज्ञानहेतुविश्वासनिश्चये"** પ્રત્યય શબ્દ શપથ, જ્ઞાન, હેતુ, વિશ્વાસ અને નિશ્ચય અર્થમાં છે. તેને સ્વાર્થિક 'ક' પ્રત્યયથવાથી ભવપ્રત્યયક થાય છે. તથા અવધિજ્ઞાનાવરણીય કર્મના ઉદયાવલિકામાં રહેલા અંશના વેદવા વડે નાશ થવો તે ક્ષય અને અનુદય

અવસ્થામાં રહેલા કર્મના વિપાકોદયને રોકવો તે ઉપશમ. ક્ષય અને ઉપશમ વડે થયેલો તે ક્ષાયોપશમિક કહેવાય છે. 'ચ' શબ્દો પોતામાંના અનેક ભેદોના સૂચક છે. તેમાં જે અવધિ જેઓને હોય તેઓને બતાવે છે—'**दोण्हं**' ઇત્યાદિ. બે પ્રકારના જીવોને ભવપ્રત્યય અવધિ હોય છે. જેમકે દેવો અને નારકોને. દેવો ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકના ભેદથી ચાર પ્રકારના છે. નારકો રત્નપ્રભાદિ પૃથિવીના ભેદથી સાત પ્રકારના છે. 'ચ' શબ્દ પ્રત્યેકના સ્વગત અનેક ભેદોનો સૂચક છે. તે અનેક ભેદોને સૂત્રકાર વિષય અને સંસ્થાનના વિચારમાં સ્વયમેવ બતાવશે.

(પ્ર૦)—અવધિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં છે, અને નારકાદિ ભવ ઔદારિક ભાવમાં વર્તે છે, તો દેવાદિને ભવપ્રત્યય અવધિજ્ઞાન કેમ કહેવાય?

(ઉ૦)—અહીં દોષ નથી, કારણ કે ભવપ્રત્યય અવધિજ્ઞાન છે તે પણ પરમાર્થથી ક્ષાયોપશમિકજ છે. પરન્તુ તે ક્ષયોપશમ દેવ અને નારકોના ભવમાં પક્ષીઓને ગગનમાં ગમન કરવાની લબ્ધિની પેઠે અવશ્ય હોય છે, માટે 'ભવપ્રત્યય' એમ કહેવાય છે. આ સંબન્ધે નન્દિ અધ્યયનના ચૂર્ણિકાર કહે છે—"**नणु ओही खओवसमिओ चेव, नारगादिभवो से उदइए भावे, तओ कहं भवपच्चइओ भण्णइ? उच्यते, सो वि खओवसमिओ चेव, किंतु सो खओवसमो देवनारगभवेसु अवस्सं भवइ, को दिट्ठंतो? पक्खीणं आगासगमणं व तओ भवपच्चइओ भण्णइ**" त्ति—અવધિજ્ઞાન ક્ષાયોપશમિક છે અને તેઓને નારકાદિ ભવ ઔદયિક ભાવમાં છે તો તેને ભવપ્રત્યયિક કેમ કહેવાય? ઉત્તર—તે પણ ક્ષયોપશમિકજ છે, પરન્તુ તે ક્ષયોપશમ દેવ અને નારકોના ભવમાં અવશ્ય હોય છે. અહીં શું દષ્ટાંત છે? પક્ષીઓને આકાશગમનની પેઠે, તેથી ભવપ્રત્યયિક કહેવાય છે. તથા બન્નેને ક્ષાયોપશમિક અવધિ હોય છે. જેમકે મનુષ્યોને અને પંચેન્દ્રિય તિર્યંચોને. અહીં પણ ચ શબ્દ પ્રત્યેકના સ્વગત અનેક ભેદોનો સૂચક છે. મનુષ્યોને અને પંચેન્દ્રિય તિર્યંચોને (ભવ પ્રત્યય) અવધિજ્ઞાન અવશ્ય હોતું નથી, તેથી ક્ષયોપશમિકપણું સામાન્ય હોવા છતાં પણ ભવપ્રત્યયથી આ ભિન્ન છે. વાસ્તવિક રીતે તો **બધાય અવધિજ્ઞાન ક્ષાયોપશમિકજ છે.** ॥૨॥૬૭૦॥

## ॥ ओहिविसय दारं ॥

**णेरइया णं भंते! केवतियं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! जहण्णेणं अद्धगाउयं, उक्कोसेणं चत्तारि गाउयाइं ओहिणा जाणंति पासति। रयणप्पभापुढविणेरइया णं भंते! केवतियं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! जहण्णेणं अद्धुट्ठाई गाउयाई, उक्कोसेणं चत्तारि गाउयाइं ओहिणा जाणंति पासंति। सक्करप्पभापुढविणेरइया जहन्नेणं तिण्णि गाउयाई, उक्कोसेणं अद्धुट्ठाई गाउयाई, ओहिणा जाणंति पासंति। वालुयप्पभापुढविणेरइया जहन्नेणं अड्ढाइज्जाई, गाउयाई, उक्कोसेणं तिण्णि गाउयाइं ओहिणा जाणंति पासंति। पंकप्पभापुढविणेरइया जहन्नेणं दोण्णि गाउयाई, उक्कोसेणं अड्ढाइज्जाई गाउयाइं ओहिणा जाणंति पासंति। धूमप्पभापुढविणेरइयाणं जहन्नेणं दिवड्ढं गाउयाई, उक्कोसेणं दो गाउयाई ओहिणा जाणंति पासति। तमापुढविनेरइया जहन्नेणं गाउयं, उक्कोसेणं दिवड्ढगाउयं ओहिणा जाणन्ति पासंति। अहेसत्तमाए पुच्छा। गोयमा! जहन्नेणं अद्धं गाउयं, उक्कोसेणं गाउयं ओहिणा जाणंति पासंति ।सू०-३।६७१।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો કેટલા ક્ષેત્રને અવધિજ્ઞાન વડે જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્યથી અરધો ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ પ્રમાણ ક્ષેત્રને જાણે છે અને દેખે છે. હે ભગવન્! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો અવધિજ્ઞાન વડે કેટલું ક્ષેત્ર જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્ય સાડા ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ પ્રમાણ ક્ષેત્રને જાણે છે અને દેખે છે. શર્કરાપ્રભાના નૈરયિકો જઘન્ય ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. વાલુકાપ્રભાના નૈરયિકો જઘન્ય અઢી ગાઉ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. પંકપ્રભાપૃથિવીના નૈરયિકો જઘન્ય બે ગાઉ અને ઉત્કૃષ્ટ અઢી ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. ધૂમપ્રભા પૃથિવીના નૈરયિકો જઘન્ય દોઢ ગાઉ અને ઉત્કૃષ્ટ બે ગાઉ*

*અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. તમઃપ્રભાપૃથિવીના નૈરયિકો જઘન્ય ગાઉ અને ઉત્કૃષ્ટ દોઢ ગાઉ અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. નીચેની સાતમી નરકપૃથિવી સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! જઘન્ય અર્ધ ગાઉ અને ઉત્કૃષ્ટ એક ગાઉ અવધિજ્ઞાનવડે જાણે છે અને દેખે છે. ॥૩॥૬૭૧॥*

(ટી૦) એ પ્રમાણે અવધિજ્ઞાનનો ભેદ કહ્યો, હવે તેનો વિષય પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—'नेरइया णं' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાન વડે જાણે છે? ઇત્યાદિ. સુગમ છે. પરન્તુ સાતમી નરકપૃથિવીમાં જઘન્ય પદની અપેક્ષાએ જઘન્ય અવધિજ્ઞાન અરધો ગાઉ છે અને રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ પદને આશ્રયી ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ચાર ગાઉનું છે. હવે દરેક નરકપૃથિવીમાં નૈરયિકોના અવધિજ્ઞાનના વિષયનો વિચાર કરે છે—'रयणप्पभ' ઇત્યાદિ. હે ભગવન્! રત્નપ્રભા પૃથિવીના નૈરયિકો અવધિજ્ઞાન વડે કેટલું ક્ષેત્ર જાણે? ઇત્યાદિ. સુગમ છે. જઘન્યપદ અને ઉત્કૃષ્ટ પદના વિષયને સંગ્રહ કરનારી આ બે ગાથાઓ છે—

"१ अद्धुट्ठ २ तिन्नि ३ अड्ढाइयाइं ४ दोन्नि ५-६ दिवड्ढमेगं च। ७ अद्धं च गाउ कमसो जहन्नतो रयणमाईसुं॥१॥
चत्तारि गाउयाइं २ अद्धुट्ठाइं ३ तिगाउयं चेव। ४ अड्ढाइज्जा ५ दोण्णि ६-७ दिवड्ढमेगं च नरएसुं॥"

રત્નપ્રભાદિ નરકપૃથિવીને વિષે જઘન્ય અવધિજ્ઞાન અનુક્રમે ૧ સાડાત્રણ ગાઉ, ૨ ત્રણ ગાઉ, ૩ અઢી ગાઉ, ૪ બે ગાઉ, ૫ દોઢ ગાઉ, ૬ એક ગાઉ અને ૭ અર્ધ ગાઉપ્રમાણ ક્ષેત્ર છે. અને ઉત્કૃષ્ટ ૧ ચાર ગાઉ, ૨ સાડાત્રણ ગાઉ, ૩ ત્રણ ગાઉ, ૪ અઢી ગાઉ, ૫ બે ગાઉ, ૬ દોઢ ગાઉ અને ૭ એક ગાઉ પ્રમાણ છે. ॥૩॥૬૭૧॥

**असुरकुमारा णं भंते! ओहिणा केवइयं खेत्तं जाणंति पासंति? गोयमा! जहण्णेणं पणुवीसं जोयणाइं, उक्कोसेणं असंखेज्जे दीव-समुद्दे ओहिणा जाणंति पासंति। णागकुमारा णं जहण्णेणं पणुवीसं जोयणाइं, उक्कोसेणं संखेज्जे दीव-समुद्दे ओहिणा जाणंति पासंति, एवं जाव थणियकुमारा। पंचिंदियतिरिक्खजोणिया णं भंते! केवइयं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं असंखेज्जे दीव-समुद्दे। मणूसा णं भंते! ओहिणा केवतियं खेत्तं जाणंति पासंति? गोयमा! जहण्णेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं असंखेज्जाइं अलोए लोयपमाणमेत्ताइं खंडाइं ओहिणा जाणंति पासंति। वाणमंतरा जहा नागकुमारा ॥सू०-४॥६७२॥**

*(મુ૦) હે ભગવન્! અસુરકુમારો અવધિજ્ઞાનવડે કેટલું ક્ષેત્ર જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્ય પચીશ યોજન, અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રોને અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. નાગકુમારો જઘન્ય પચીશ યોજન અને ઉત્કૃષ્ટ સંખ્યાતા દ્વીપસમુદ્રોને અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાનવડે જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્ય આંગળનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો જાણે છે અને દેખે છે. હે ભગવન્! મનુષ્યો અવધિજ્ઞાનવડે કેટલું ક્ષેત્ર જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અલોકમાં લોકપ્રમાણમાત્ર અસંખ્યાત ખંડોને અવધિ વડે જાણે છે અને દેખે છે. વ્યન્તરો નાગકુમારની પેઠે જાણવા. ॥૪॥૬૭૨॥*

**जोइसिया णं भंते! केवतियं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! जहन्नेणं संखेज्जे दीव-समुद्दे, उक्कोसेण वि संखेज्जे दीव-समुद्दे। सोहम्मगदेवा णं भंते! केवतियं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! जहण्णेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं अहे जाव इमीसे रयणप्पभाए हेट्ठिल्ले चरिमंते, तिरियं जाव असंखेज्जे दीव-समुद्दे, उड्ढं जाव सगाइं विमाणाइं ओहिणा जाणंति पासंति, एवं ईसाणगदेवा वि। सणंकुमारदेवा वि एवं चेव, णवरं अहे जाव दोच्चाए सक्करप्पभाए पुढवीए हेट्ठिल्ले चरमंते, एवं माहिंदगदेवा वि। बंभलोग-लंतगदेवा**

**तच्चए पुढवीए हेट्ठेल्ले चरमंते, महासुक्कसहस्सारगदेवा चउत्थीए पंकप्पभाए पुढवीए हेट्ठिल्ले चरमंते, आणय-पाणय-आरण-अच्चुयदेवा अहे जाव पंचमाए धूमप्पभाए हेट्ठिल्ले चरमंते, हेट्ठिम-मज्झिमगेवेज्जगदेवा अहे जाव छट्ठाए तमाए पुढवीए हेट्ठिल्ले चरमंते। उवरिमगेवेज्जगदेवा णं भंते! केवतियं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! जहन्नेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं अहे सत्तमाए पुढवीए हेट्ठिल्ले चरमंते, तिरियं जाव असंखेज्ज दीव-समुद्दे, उड्ढं जाव सगाइं विमाणाइं ओहिणा जाणंति पासंति। अणुत्तरोववाइयदेवा णं भंते! केवतियं खेत्तं ओहिणा जाणंति पासंति? गोयमा! संभिन्नं लोगणालिं ओहिणा जाणंति पासंति ।।५।।६७३।।**

*(મૂ૦) હે ભગવન્! જ્યોતિષિકો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાનવડે જાણે અને દેખે? જઘન્ય સંખ્યાતા દ્વીપ-સમુદ્રો અને ઉત્કૃષ્ટ પણ સંખ્યાતા દ્વીપ-સમુદ્રોને જાણે અને દેખે. હે ભગવન્! સૌધર્મ દેવો કેટલું ક્ષેત્ર અવધિવડે જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ નીચે યાવત્ આ રત્નપ્રભાના ચરમ ભાગને, તીરછું અસંખ્યાતા દ્વીપસમુદ્ર પર્યન્ત અને ઊર્ધ્વઉપર પોતપોતાના વિમાનો સુધી અવધિજ્ઞાન વડે જાણે છે અને દેખે છે. એમ ઈશાનદેવો પણ જાણવા. સનત્કુમાર દેવો પણ એમજ સમજવા, પરન્તુ નીચે બીજી શર્કરાપ્રભા પૃથિવીના નીચેના ચરમભાગ સુધી જાણે અને દેખે. એમ માહેન્દ્ર દેવો પણ જાણવા. બ્રહ્મલોક અને લાન્તક દેવો ત્રીજી વાલુકાપ્રભા પૃથિવીના નીચેના ચરમ ભાગને જાણે છે અને દેખે છે. મહાશુક્ર અને સહસ્રાર દેવો ચોથી પંકપ્રભા પૃથિવીના નીચેના ચરમાન્તને જાણે છે અને દેખે છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવો નીચે પાંચમી નરકપૃથિવીના નીચેના ચરમ ભાગ સુધી જાણે છે અને દેખે છે. નીચેના અને મધ્યમ ત્રિકના ગ્રૈવયક દેવો નીચે છઠ્ઠી તમાપૃથિવીના નીચેના ચરમ ભાગ સુધી જાણે છે અને દેખે છે. હે ભગવન્! ઉપરના ગ્રૈવયક દેવો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાન વડે જાણે અને દેખે? હે ગૌતમ! જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ નીચેની સાતમી નરકપૃથિવીના નીચેના ચરમાન્ત સુધી, તીરછું અસંખ્યાતા દ્વીપ-સમુદ્ર પર્યન્ત અને ઉપર પોતપોતાના વિમાનો સુધી અવધિજ્ઞાન વડે જાણે અને દેખે છે. હે ભગવન્! અનુત્તરૌપપાતિક દેવો કેટલું ક્ષેત્ર અવધિજ્ઞાન વડે જાણે અને દેખે? હે ગૌતમ! સંપૂર્ણ લોકનાડીને અવધિવડે જાણે છે અને દેખે છે. ।।૫।।૬૭૩।।*

(ટી૦) ભવનપતિ અને વ્યન્તરોને અવધિનો જઘન્ય પદે જે પચીશ યોજન પ્રમાણ વિષય છે તે જેઓની સૌથી જઘન્ય સ્થિતિ દસ હજાર વરસની છે તેઓની અપેક્ષાએ જાણવો. બાકીનાની અપેક્ષાએ ન સમજવો. આ સંબન્ધે ભાષ્યકાર કહે છે—"**पणवीस जोयणाइं दसवाससहस्सिया ठिई जेसिं**" ઇતિ—જેઓની દસ હજાર વરસની સ્થિતિ છે તેઓના અવધિજ્ઞાનનો વિષય પચીશ યોજન પ્રમાણ છે." મનુષ્યના વિચારમાં ઉત્કૃષ્ટ પદે જે અલોકમાં લોક પ્રમાણ અસંખ્યાતા ખંડોને જાણે છે તે પરમાવધિની અપેક્ષાએ જાણવું, કારણ કે તેનોજ એટલો વિષય હોય છે. આ તો સામર્થ્ય માત્રનું વર્ણન છે. જો એટલા ક્ષેત્રમાં તેને જોવા લાયક વિષય હોય તો તે જુએ પરન્તુ નથી, કારણ કે અલોકમાં રૂપી દ્રવ્યોનો અસંભવ છે અને અવધિજ્ઞાનનો વિષય રૂપી દ્રવ્ય છે. કેવળ આ વિશેષ છે. જ્યાં સુધી હજી પણ સંપૂર્ણ લોકને જુએ ત્યાં સુધી અહીં સ્કંધોને જ દેખે છે, જ્યારે અવધિ અલોકમાં પણ પ્રસરે છે ત્યારે જેમ જેમ વધે છે તેમ તેમ લોકમાં સૂક્ષ્મ અને સૂક્ષ્મતર સ્કન્ધો દેખે છે, છેવટે પરમાણુને પણ દેખે છે. કહ્યુ છે કે—

"सामत्थमेत्तमुत्तं दट्ठुव्वं जइ हवेज्ज पेच्छेज्जा। न उ तं तत्थत्थि जओ सो रूविनिबंधणो भणिओ ।।१।।
वड्ढंतो पुण बाहिं लोगत्थं चेव पासइ दव्वं। सुहुमयरं सुहुमयरं परमोही जाव परमाणुं ।।२।।"

આ સામર્થ્યમાત્ર કહ્યું છે. જો અલોકમાં દેખવા લાયક હોય તો દેખે, પણ તેને દેખવા લાયક દ્રવ્ય ત્યાં નથી. કારણ કે તેનો વિષય રૂપી દ્રવ્ય કહ્યો છે. લોકની બહાર વધતું અવધિજ્ઞાન લોકમાં રહેલા સૂક્ષ્મ અને સૂક્ષ્મતર દ્રવ્યને યાવત્ પરમાવધિ પરમાણુને દેખે છે. આવા પ્રકારના પરમાવધિ વડે યુક્ત અવશ્ય અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરે છે. જે માટે કહ્યું છે કે "**परमोहीनाणविऊ केवलमंतोमुहुत्तमित्तेणं।**" "પરમાવધિજ્ઞાનવાળો અન્તર્મુહૂર્ત માત્રમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે."

(પ્ર૦)—વૈમાનિકોને જઘન્ય પદે જે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્ર કહ્યું છે, તેમાં અન્ય શંકા કરે છે—'અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્ર વિષયક અવધિજ્ઞાન સૌથી જઘન્ય છે, અને સૌથી જઘન્ય અવધિજ્ઞાન તિર્યંચ અને મનુષ્યોમાંજ હોય છે, બીજાને વિષે હોતું નથી. કારણ કે આ સંબન્ધે ભાષ્યકાર સ્વકૃત ટીકામાં કહે છે—"**उत्कृष्टो मनुष्येष्वेव, नान्येषु, मनुष्यतिर्यग्योनिष्वेव जघन्यो नान्येषु, शेषाणां मध्यम एवेति**"–ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન મનુષ્યોમાંજ હોય છે, બીજાને વિષે હોતું નથી. અને જઘન્ય અવધિ મનુષ્યો અને તિર્યંચોમાં જ હોય છે, બીજાને હોતુ નથી. બાકીના જીવોને મધ્યમ અવધિ હોય છે." તો કેમ અહીં વૈમાનિકોને સર્વ જઘન્ય અવધિ કહ્યું?

(ઉ૦)—સૌધર્માદિ દેવોને પરભવથી આવેલું અવધિજ્ઞાન ઉત્પત્તિ કાળે સંભવે છે, અને તે કદાચિત્ સર્વજઘન્ય પણ હોય, ઉત્પન્ન થયા પછી તો તે ભવમાં ઉત્પન્ન થયેલું અવધિ હોય છે, માટે કઇં પણ દોષ નથી. આ સંબન્ધે દુષ્ષમાકાલરૂપી અન્ધકારમાં નિમગ્ન થયેલ જિન પ્રવચનને પ્રકાશ કરવામાં પ્રદીપ સમાન જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ કહે છે—"**वेमाणियाणमंगुलभागमसंखं जहन्नेओ होइ। उववाए परभविओ तब्भवओ होइ तो पच्छा**"॥—''વૈમાનિકોને અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવધિ જઘન્યથી હોય છે, તે ઉપપાત કાળે પરભવથી આવેલું જાણવું. અને ત્યાર પછી તે ભવમાં ઉત્પન્ન થયેલું અવધિ હોય છે." ઉપર યાવત્ પોતાના વિમાનો સુધી એટલે પોતાના વિમાનના શિખર અને ધ્વજાદિ પર્યન્ત હોય છે. '**संभिन्नं लोगनालिं**' તિ–સંભિન્ન–પરિપૂર્ણ ચૌદ રજ્જુ પ્રમાણ લોકનાડી પર્યન્ત હોય છે. ॥૫॥૬૭૩॥

## ।। ओहिसंठाण दारं ।।

**णेरइयाणं भंते! ओही किंसंठिए पन्नत्ते? गोयमा! तप्पागारसंठिए पन्नत्ते। असुरकुमाराणं भंते! पुच्छा। गोयमा! पल्लगसंठिते, एवं जाव थणियकुमाराणं। पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! णाणासंठाणसंठिए पण्णत्ते, एवं मणूसाण वि। वाणमंतराणं पुच्छा। गोयमा! पडहसंठाणसंठिए पण्णत्ते। जोतिसियाणं पुच्छा। गोयमा! झल्लरिसंठाणसंठिए पन्नत्ते। सोहम्मगदेवाणं पुच्छा। गोयमा! उद्धमुइंगागारसंठिए पन्नत्ते, एवं जाव अच्चुयदेवाणं पुच्छा। गेवेज्जगदेवाणं पुच्छा। गोयमा! पुप्फचंगेरिसंठिए पन्नत्ते। अणुत्तरोववाइयाणं पुच्छा। गोयमा! जवणालियासंठिते ओही पन्नत्ते ।।सू०-६।।६७४।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને અવધિજ્ઞાન કેવા સંસ્થાન—આકારવાળું હોય? હે ગૌતમ! તેઓને ત્રાપાના આકાર જેવું સંસ્થાન કહ્યું છે. અસુરકુમારો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પાલાના જેવા સંસ્થાનવાળું છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! અનેક પ્રકારના આકારવાળું છે. એ પ્રમાણે મનુષ્યોને પણ જાણવું. વ્યન્તરો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પટહના–ઢોલ જેવું સંસ્થાન છે. જ્યોતિષિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેનો આકાર ઝાલરના જેવો છે. સૌધર્મ દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેનો આકાર ઉભા રહેલા મૃદઙ્ગના જેવો છે. એ પ્રમાણે યાવત્ અચ્યુત દેવો સુધી જાણવું. ગ્રૈવેયક દેવો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! તેનો આકાર પુષ્પની ચંગેરી જેવો છે. અનુત્તરૌપપાતિક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેનો અવધિજ્ઞાનનો આકાર જવનાલિકા—સિરકંચુકના જેવો છે. ॥૬॥૬૭૪॥*

(ટી૦) હવે સંસ્થાન દ્વાર કહે છે—'**नेरइया णं**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો અવધિજ્ઞાન કેવા સંસ્થાન—આકારવાળું છે? '**तप्पागारसंट्ठिए**'ત્તિ તપ્ર–ત્રાપો, કાષ્ટનો સમુદાય વિશેષ, જે નદીના પ્રવાહ વડે તરાતો દૂરથી લવાય છે, તે લાંબો અને ત્રિકોણ હોય છે. તેના આકાર જેવો નારકોના અવધિજ્ઞાનનો આકાર છે. અસુરકુમારાદિ બધાય ભવનપતિઓને અવધિ પાલાના આકાર જેવું છે. પાલો લાટ દેશમાં ધાન્ય ભરવાનું પાત્ર વિશેષ છે. તે ઉપર અને નીચે લાંબો અને ઉપર કાંઇક સાંકડો હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને અવધિનો અનેક પ્રકારનો આકાર છે. જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્યો વિવિધ આકારવાળા હોય છે, વળી ત્યાં **મત્સ્યોનું વલયની આકૃતિવાળું સંસ્થાન** નિષેધ્યું છે, અને તિર્યંચ અને મનુષ્યોના અવધિનું તે પણ સંસ્થાન હોય છે. કહ્યું

છે કે—"णाणागारो तिरियमणुएसु मच्छा सयंभूरमणे व्व। तत्थ वलयं निसिद्धं तस्स पुण तयंपि होज्जाहि।।" જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્યો અનેક પ્રકારના આકારવાળા હોય છે તેમ તિર્યંચ અને મનુષ્યોમાં અવધિ અનેક આકારવાળું છે. તે મત્સ્યોમાં વલયનો આકાર નિષેધ્યો છે, પરન્તુ તેનો તો તે આકાર પણ હોય છે. વ્યન્તરોને પટહની આકૃતિવાળું અવધિ છે. પટહ વાદ્ય વિશેષ છે, જેને ઢોલ કહેવામાં આવે છે. તે કંઇક લાંબો અને ઉપર તથા નીચે સરખા પ્રમાણવાળો છે. જ્યોતિષ્ક દેવોનું અવધિ ઝાલરના આકાર જેવું છે. [1]ઝાલર એટલે ચામડાથી મઢેલ, વિસ્તીર્ણ અને વલયના આકાર જેવી વાદિત્ર વિશેષરૂપ અમુક દેશમાં પ્રસિદ્ધ છે. સૌધર્મ દેવથી માંડી અચ્યુત સુધીના દેવોને અવધિનું મૃદંગના આકારવાળું સંસ્થાન છે. મૃદંગ વાદ્ય વિશેષ છે, અને તે નીચે વિસ્તીર્ણ અને ઉપર સંકુચિત સુપ્રસિદ્ધ છે. ગ્રૈવયક દેવોને અવધિનો આકાર ગુંથેલા પુષ્પની શિખા સહિત ચંગેરીના જેવો છે. અનુત્તરૌપપાતિક દેવોને કન્યાનો ચોલક જેનો બીજો પર્યાય છે એવા જવનાલકના આકાર જેવું છે. તપ્રાકારાદિનું આ વ્યાખ્યાન ભાષ્યકાર કરે છે—

"तप्पेण समागारो तप्पागारो स चाययत्तंसो। उद्धायतो उ पल्लो उवरि च स किंचि संखित्तो ।।१।।
नच्चायतो समोविय पडहो हेट्ठोवरि पईतो सो। चम्मावणद्धविच्छिन्नवलयरूवा उ झल्लरिया ।।२।।
उद्धायओ मुइंगो हेट्ठा रुंदो तहोवरिं तणुओ। पुप्फसिहावलिरइया चंगेरि पुप्फचंगेरी ।।३।।
जवनालओत्ति भन्नइ उब्भो सिरकंचुओ कुमारीए।।" ति। ત્રાપાના સમાન આકાર છે જેનો તે તપ્રાકાર કહેવાય છે. તે ત્રાપો લાંબો અને ત્રિકોણ હોય છે. પાલો ઉભો લાંબો અને ઉપર કાંઇક સાંકડો હોય છે. અત્યંત લાંબો નહિ અને નીચે અને ઉપર સરખો એવો પટહ પ્રસિદ્ધ છે. ચામડા વડે મઢેલી વિસ્તીર્ણ અને ગોળાકાર ઝાલર કહેવાય છે. ઊભો લાંબો નીચે વિસ્તારવાળો અને ઉપર સાંકડો મૃદંગ છે. પુષ્પની માળા વડે શિખા સહિત ભરેલી પુષ્પચંગેરી કહેવાય છે. ઉભો કુમારિકાનો સરકંચુક એ [2]જવનાલક કહેવાય છે." આ સંસ્થાનોનો પ્રતિપાદન કરવા વડે આ બાબત જણાવેલી છે કે ભવનપતિ અને વ્યન્તરોને ઉપર અધિક અવધિજ્ઞાન હોય છે. વૈમાનિકોને નીચે અને જ્યોતિષ્કો અને નારકોને તીરછું વધારે અવધિજ્ઞાન હોય છે. તથા મનુષ્યો અને તિર્યંચોને વિચિત્ર અવધિજ્ઞાન હોય છે. આ સંબન્ધે કહ્યું છે કે- "भवणवइवणयराणं उड्ढं बहुगो अहो य सेसाणं। नारगजोइसियाणं तिरियं ओरालिओ चित्तो"।। ભવનપતિ અને વ્યન્તરને ઊર્ધ્વ, બાકીનાને નીચે, નારક અને જ્યોતિષ્કોને તીરછું બહુ અવધિ હોય છે. તથા ઔદારિકાવધિજ્ઞાન-તિર્યંચ અને મનુષ્ય સંબન્ધી વિચિત્ર હોય છે. ।।૬।।૬૭૪।।

## ।। ओहि अब्भिंतर-बाहिर दारं ।।

**णेरइयाणं भंते! ओहीस्स किं अंतो, बाहिं? गोयमा! अंतो, णो बाहिं, एवं जाव थणियकुमारा। पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! णो अंतो, बाहिं। मणूसाणं पुच्छा। गोयमा! अंतो वि बाहिं पि। वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।।सू०-७।।६७५।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો અવધિજ્ઞાનના અન્તઃ-મધ્યવર્તી હોય છે કે બહાર હોય છે? હે ગૌતમ! તેઓ અન્તઃ-મધ્યવર્તી હોય છે, પણ બહાર હોતા નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ અવધિના અન્તઃ-મધ્યવર્તી પણ હોય છે અને બાહર પણ હોય છે. મનુષ્યો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ અવધિના અન્ત-મધ્યવર્તી પણ હોય છે અને બાહ્ય પણ હોય છે. વ્યન્તર, જ્યોતિષિકોને નૈરયિકોની પેઠે જાણવું. ।।૭।।૬૭૫।।*

(ટી૦) તથા નારક, ભવનપતિ વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો તેવા પ્રકારના ભવસ્વભાવથી અવધિના મધ્યવર્તી હોય છે પણ

૧. બન્ને બાજુ વિસ્તીર્ણ અને ચામડાથી મઢેલા મુખવાળો વચ્ચે સાંકડો ઢકકા રૂપ વાદ્ય વિશેષ તે ઝલ્લરી કે ઝાલર કહેવાય છે. વિશેષાવશ્યક ભાષ્યટીકા પૃષ્ઠ ૩૫૩.

૨. જવનાલક-કન્યા ચોલક, આ મરુદેશ વગેરેમાં પ્રસિદ્ધ ચણીઆ રૂપ કન્યાના વસ્ત્રની સાથે સીવેલો કે જેથી વસ્ત્ર ખસે નહિ તે કન્યાના મસ્તકના ભાગ વડે પહેરાય છે.

બહાર હોતા નથી. તાત્પર્ય એ છે કે તેઓ ચોતરફ પ્રકાશવાળા અને સ્વ સંબન્ધી અવધિવાળા હોય છે, પણ સ્પર્દ્ધકાવધિવાળા કે વિછિન્નાવધિવાળા હોતા નથી. તિર્યંચ પંચેન્દ્રિયો તેવા પ્રકારના ભવસ્વભાવથી અવધિના મધ્યવર્તી હોતા નથી, પણ બહાર હોય છે, અહીં પણ આ ભાવાર્થ છે– તિર્યંચ પંચેન્દ્રિયો તેવા પ્રકારના ભવસ્વભાવથી સ્પર્દ્ધકાવધિવાળા, કે જેનું સર્વતઃપ્રકાશી અવધિજ્ઞાન વચ્ચે વિછિન્ન થયું છે એવા હોય છે. એટલે સ્પર્દ્ધકાદિરૂપ અવધિવાળા હોય છે એ ભાવાર્થ છે. ॥૭॥૬૭૫॥

## ।। देसोहि दारं ।।

**णेरइया णं भंते! किं देसोही, सव्वोही? गोयमा! देसोही, णो सव्वोही। एवं जाव थणियकुमाराणं। पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! देसोही, णो सव्वोही। मणूसाणं पुच्छा। गोयमा! देसोही वी सव्वोही वी। वाणमंतर-जोतिसिय-वेमाणियाण जहां णेरइयाणं ।।सू०-८।।६७६।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને દેશાવધિ હોય છે કે સર્વાવધિ હોય છે? હે ગૌતમ! દેશાવધિ હોય છે, સર્વાવધિ નહી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિયતિર્યંચ સંબંધે પ્રશ્ન. હે ગૌતમ! દેશાવધિ હોય, સર્વાવધિ નહી. મનુષ્યો સંબંધે પ્રશ્ન. હે ગૌતમ! તેઓને દેશાવધિ અને સર્વાવધિ પણ હોય છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને નૈરયિકોની જેમ કહેવું. ॥૮॥૬૭૬॥*

(ટી૦) દેશાવધિ અને સર્વાવધિના વિચારમાં મનુષ્ય સિવાય બધાય દેશાવધિવાળા અને મનુષ્યો દેશાવધિવાળા અને સર્વાવધિવાળા પણ હોય છે, કારણ કે તેઓને પરમાવધિનો પણ સંભવ છે. ॥૮॥૬૭૬॥

## ।। ओहिस्स खयवड्ढिआइ दारं ।।

**णेरइयाणं भंते! ओही किं आणुगामिए, अणाणुगामिए, वड्ढमाणए, हीयमाणए, पडिवाई, अपडिवाई, अवट्ठिए, अणवट्ठिए? गोयमा! आणुगामिए, णो अणाणुगामिए, णो वड्ढमाणए, णो हीयमाणए, णो पडिवाई, अप्पडिवाई, अवट्ठिए, णो अणवट्ठिए, एवं जाव थणियकुमाराणं। पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! आणुगामिए वि जाव अणवट्ठिए वि, एवं मणूसाण वि। वाणमंतर-जोतिसिय-वेमाणियाणं जहा णेरइयाणं ।।९।।६७७।।**

**पण्णवणाए भगवईए तेत्तीसइमं ओहिपदं समत्तं ।।३३।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને અવધિજ્ઞાન આનુગામિક, અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી, અવસ્થિત કે અનવસ્થિત હોય છે? હે ગૌતમ! આનુગામિક હોય છે પણ અનાનુગામિક હોતું નથી, વર્ધમાન હોતું નથી, હીયમાન હોતું નથી, પ્રતિપાતી હોતું નથી, અપ્રતિપાતી હોય છે, અવસ્થિત હોય છે, પણ અનવસ્થિત હોતું નથી. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! આનુગામિક પણ હોય છે, યાવત્ અનવસ્થિત પણ હોય છે. એ પ્રમાણે મનુષ્યોને પણ કહેવું. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકોને નૈરયિકોની પેઠે કહેવું. ॥૯॥૬૭૭॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં તેત્રીશમું અવધિપદ સમાપ્ત.*

(ટી૦) આનુગામિકાદિના વિચારમાં નારક, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો આનુગામિક, અપ્રતિપાતી અને અવસ્થિત અવધિવાળા હોય છે, પરન્તુ તેવા ભવસ્વભાવથી અનાનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી અને અનવસ્થિત અવધિવાળા હોતા નથી. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને આઠે પ્રકારના અવધિ હોય છે. ॥૯॥૬૭૭॥

શ્રીમદ્ આચાર્ય મલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં તેત્રીશમું અવધિ પદ સમાપ્ત.

## ।। चउत्तीसइमं परियारणापयं ।।

## ।। अत्थाहिगार परूवणं ।।

**अणंतरायाहारे १, आहाराभोगणाइ य २। पोग्गला नेव जाणंति ३, अज्झवसाणा ४ य आहिया।। सम्मत्तस्स अभिगमे ५ तत्तो परियारणा ६ य बोद्धव्वा। काए फासे रूवे सद्दे य मणे य अप्पबहुं ७ ।।सू०-१।।६७८।।**

### ચોત્રીશમું પ્રવીચાર પદ

*(મૂ૦) ૧ અનન્તરાગત આહારક-ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનાર, ૨ આહાર વિષે આભોગ અને અનાભોગપણું, ૩ આહારપણે ગ્રહણ કરેલા પુદ્‌ગલો જાણતા નથી વગેરે, ૪ અધ્યવસાયોનું કથન, ૫ સમ્યક્ત્વની પ્રાપ્તિ, ૬ તે પછી કાય, સ્પર્શ, રૂપ, શબ્દ અને મન સંબન્ધે પરિચારણા-વિષયોપભોગ અને ૭ તેઓનું અલ્પબહુત્વ-એ સાત અધિકારો ચોત્રીશમાં પદમાં કહેવાના છે. ।।૧।।૬૭૮।।*

(ટી૦) એ પ્રમાણે તેત્રીશમું પદ કહ્યું, હવે ચોત્રીશમા પદનો પ્રારંભ કરાય છે, તેનો સમ્બન્ધ આ પ્રમાણે છે—પૂર્વેના પદમાં જ્ઞાનના પરિણામ વિશેષરૂપ અવધિજ્ઞાન સંબન્ધે કહ્યું, અને અહીં પરિણામના સમાનપણાથી વેદના પરિણામવિશેષરૂપ પ્રવીચાર કહેવાય છે. તેમાં સર્વ વક્તવ્યતાનો સંગ્રહ કરનાર આ બે ગાથા છે—'**अणंतरागयाहारे**' ઇત્યાદિ. પ્રથમ અનન્તરાગ આહારક-અનન્તર-ઉત્પત્તિ સમયે તુરત જ એક પણ સમયના અન્તર સિવાય આહાર કરનાર નૈરયિકાદિ કહેવા યોગ્ય છે. ૨ ત્યારપછી '**आहारे भोयणाइ य**'—આહાર વિષે આભોગના-આભોગપણું, ઇચ્છાપૂર્વક આહાર ગ્રહણ કરવો, આદિ શબ્દથી આહારને વિષે અનાભોગપણું એટલે અનાભોગપણે આહાર ગ્રહણ કરવા સંબન્ધે કહેવા યોગ્ય છે. જેમકે હે ભગવન્! નૈરયિકોને આહાર આભોગનિર્વર્તિત-ઇચ્છાપૂર્વક હોય છે કે અનાભોગનિર્વર્તિત-ઇચ્છા સિવાય હોય છે-ઇત્યાદિ. ૩ તથા '**पोग्गला नेव जाणंति**' ઇતિ-નૈરયિકો આહારપણે ગ્રહણ કરેલા પુદ્‌ગલો જાણતા નથી-ઇત્યાદિ ચોવીશ દંડકના અનુક્રમથી કહેવા યોગ્ય છે. ૪ '**अज्झवसाणा य आहिया**' ત્યારપછી નૈરયિકાદિના અનુક્રમે અધ્યવસાયો કહેલા છે. સૂત્રમાં પુંલિંગનો નિર્દેશ પ્રાકૃત હોવાથી થયો છે. '**च**' શબ્દ પૂર્વની અપેક્ષાએ સમુચ્ચયના અર્થમાં છે ૫ ત્યારપછી '**सम्मत्तस्स अहिगमे**' સમ્યક્ત્વની પ્રાપ્તિ ચોવીશ દંડકના ક્રમથી વિચારવા યોગ્ય છે. ૬ '**तत्तो**' ત્યારપછી એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રતિપાદનના પછી કાય, સ્પર્શ, રૂપ, શબ્દ અને મન વિષે પરિચારણા કહેવા યોગ્ય છે ૭ તે પછી કાયપ્રવિચારાદિનું '**अप्पबहु**'-અલ્પબહુ-એ ભાવ પ્રધાન નિર્દેશ હોવાથી અલ્પબહુત્વ કહેવા યોગ્ય છે. ।।૧।।૬૭૮।।

## ।। चउवीसदंडएसु अणंतराहारदारं ।।

**णेरइया णं भंते! अणंतराहारा, ततो निव्वत्तणया, ततो परियाइयणया, ततो परिणामणया ततो परियारणया, ततो पच्छा विउव्वणया? हंता! गोयमा! णेरइया णं अणंतराहारा, तओ णिव्वत्तणया, ततो परियादियणता, तओ परिणामणया, तओ परियारणया, तओ पच्छा विउव्वणया। असुरकुमारा णं भंते! अणंतराहारा, ततो णिव्वत्तणया, ततो परियाइयणया, तओ परिणामणया, तओ विउव्वणया, तओ पच्छा परियारणया? हंता! गोयमा! असुरकुमारा अणंतराहारा, तओ णिव्वत्तणया, जाव तओ पच्छा परियारणया, एवं जाव थणियकुमारा। पुढविक्काइया णं भंते! अणंतराहारा, ततो णिव्वत्तणया, तओ परियाइयणया, तओ परिणामणया य, तओ परियारणया, ततो विउव्वणया? हंता! गोयमा! तं चेव जाव परियारणया, णो चेव णं विउव्वणया। एवं जाव चउरिंदिया, णवरं वाउक्काइया पंचिंदियतिरिक्खजोणिया मणूसा य जहा णेरइया, वाणमंतर-जोतिसिय-वेमाणिया जहा असुरकुमारा ।।सू०-२।।६७९।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકો અનન્તરાહાર—ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનારા હોય? તે પછી શરીરની ઉત્પત્તિ, તે પછી પર્યાદાન–પુદ્ગલોનું ગ્રહણ, તે પછી તેનો પરિણામ, તે પછી પરિચારણા—વિષયોપભોગ અને ત્યાર બાદ વિકુર્વણા કરે છે? હા ગૌતમ! નૈરયિકો ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનારા હોય છે, તે પછી શરીરની ઉત્પત્તિ થાય છે, ત્યાર બાદ પુદ્ગલોનું ગ્રહણ થાય છે, તે પછી તેનો પરિણામ, તે પછી પરિચારણા અને પછી વિકુર્વણા કરે છે. હે ભગવન્! અસુર કુમારો ઉત્પત્તિસમયે તુરત આહાર કરનારા હોય છે, તે પછી શરીરની ઉત્પત્તિ, તે પછી પુદ્ગલોનું ગ્રહણ, તે પછી પરિણામ, પછી વિકુર્વણા, અને તે પછી પરિચારણા કરે છે? હા ગૌતમ! અસુરકુમારો ઉત્પત્તિ સમયે તુરત આહાર કરે છે, પછી શરીરની ઉત્પત્તિ થાય છે, યાવત્ તે પછી પરિચારણા કરે છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું. હે ભગવન્! પૃથિવીકાયિકો અનન્તરાહાર—ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનારા હોય છે? તે પછી શરીરની ઉત્પત્તિ, પછી પુદ્ગલોનું ગ્રહણ, પછી તેનો પરિણામ, પછી પરિચારણા—વિષયોપગભોગ અને તે પછી વિકુર્વણા કરે છે? હા ગૌતમ! તેમજ જાણવું, યાવત્ પરિચારણા કરે છે, પણ વિકુર્વણા કરતા નથી. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ વાયુકાયિકો, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો નૈરયિકોની પેઠે સમજવા. વ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિકો અસુરકુમારોની પેઠે જાણવા. ॥૨॥૬૭૯॥*

(ટી૦) હવે '**यथोद्देशं निर्देश:**' ઉદ્દેશના ક્રમને અનુસરી નિર્દેશ થાય છે–એ ન્યાયથી પ્રથમ અનન્તરાગત આહારની વક્તવ્યતા કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ સૂત્ર કહે છે—'**नेरइयाणं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો **अनन्तराहारा:**–ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનારા છે? ઇત્યાદિ. હે ભદન્ત!—પરમ કલ્યાણના યોગવાળા પરમ સુખના યોગવાળા હે ભગવન્! નૈરયિકો 'णं' વાક્યાલઙ્કારમાં વપરાય છે. '**अनन्तरागतआहारा:**' ઉત્પત્તિ ક્ષેત્રની પ્રાપ્તિ સમયે જ આહાર કરનારા હોય? તે પછી ઉત્પત્તિ સમયે આહારના ગ્રહણથી આરંભી અનુક્રમે તેઓના શરીરની નિર્વર્તના–ઉત્પત્તિ થાય છે? '**ततो परियाइणया**' તે પછી શરીરની ઉત્પત્તિથી આરંભી પર્યાદાન–યથાયોગ્યપણે અઙ્ગ અને પ્રત્યઙ્ગોવડે લોમાહારાદિ દ્વારા ચોતરફથી પુદ્ગલોનું ગ્રહણ થાય છે.?'**ततो परिणामया**' તે પુદ્ગલો ગ્રહણ કર્યા પછી તુરત તે પુદ્ગલોનો ઇન્દ્રિયાદિરૂપે પરિણામ થાય છે? ઇન્દ્રિયાદિરૂપે પરિણામ થયા પછી યથાયોગ્ય પ્રમાણ પરિચારણા–શબ્દાદિ વિષયનો ઉપભોગ થાય છે? તે પછી વિકુર્વણા–વૈક્રિયલબ્ધિવડે અનેક પ્રકારે અનેક રૂપવાળા વૈક્રિય શરીર થાય છે? એ પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર આપે છે—'**हन्ता गोयमा**'! ઇત્યાદિ. હા ગૌતમ! અહીં '**हन्त**' સ્વીકારના અર્થમાં છે. નૈરયિકો '**अनन्तराहारा:**' ઉત્પત્તિ સમયે તુરત આહાર કરનારા હોય છે. ઇત્યાદિ એ પ્રમાણે જેમ નૈરયિકોની અનન્તરાહારાદિની વક્તવ્યતા કહી તેમ અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિ દેવોની પણ કહેવી. પરંતુ એટલું વિશેષ છે કે અસુરકુમારાદિને પૂર્વે વિકુર્વણા હોય છે અને પછીથી પરિચારણા–વિષયોપભોગ હોય છે. કારણ કે તેઓ વિશિષ્ટ શબ્દાદિ વિષયોના ઉપભોગની ઇચ્છા થતાં પૂર્વે ઇષ્ટ વૈક્રિયરૂપ કરે છે અને પછીથી શબ્દાદિ વિષયનો ઉપભોગ કરે છે એ નિયમ છે. બાકીના જીવો શબ્દાદિ વિષયના ઉપભોગની પ્રાપ્તિ થતાં હર્ષના વશથી અત્યંત વિશિષ્ટ શબ્દાદિના ઉપભોગની ઇચ્છાથી કે બીજા કોઇ પણ કારણથી વિકુર્વણા કરે છે. તેથી તેઓને પૂર્વે શબ્દાદિ વિષયના ઉપભોગરૂપ પ્રવિચારણા હોય છે અને પછીથી વિકુર્વણા હોય છે. પૃથિવીકાયના વિષયમાં પ્રશ્નસૂત્ર તેમજ કહેવું, અને ઉત્તરસૂત્ર પરિચારણા સુધી કહેવું. કારણ કે તેઓને પણ સ્પર્શના ઉપભોગનો સંભવ છે. '**नो चेव णं विउव्वणया**' પરન્તુ તેઓને વિકુર્વણા ન કહેવી. કારણ કે તેઓને વૈક્રિયલબ્ધિનો અસંભવ છે. એ પ્રમાણે–પૃથિવીકાયિકની પેઠે વાયુકાય સિવાયના અપ્કાયથી માંડી ચઉરિન્દ્રિય સુધી જાણવા. કારણ કે તેઓને પણ વૈક્રિયલબ્ધિ નહિ હોવાથી સૂત્રનું સમાનપણું છે. વાયુકાય સંબંધે વિશેષતા કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર સમાન પાઠ હોવાથી વાયુકાય સહિત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોનું અતિદેશ–સમાનપણું બતાવે છે. '**नवरं**' ઇત્યાદિ. '**जहा नेरइया**' જેમ નૈરયિકો કહ્યા તેમ વાયુકાયિકાદિ કહેવા. તાત્પર્ય એ છે કે નૈરયિકોની પેઠે વિકુર્વણા પણ એઓને કહેવી. કારણ કે તેઓને વૈક્રિયલબ્ધિનો સંભવ છે. પણ તે પ્રવિચારણા–વિષયોપભોગની પછી હોય છે. '**वाणमंतरजोइसवेमाणिया जहा असुरकुमारा**'–વ્યન્તર,

જ્યોતિષ્ક અને વૈમાનિકો અસુરકુમારની પેઠે કહેવા. એટલે અસુરકુમારોની પેઠે વ્યન્તરાદિને પણ પૂર્વે વિકુર્વણા અને પછી પરિચારણા કહેવી. કારણ કે બધાય દેવોનો તેવા પ્રકારનો સ્વભાવ છે. મૂલટીકામાં કહ્યું છે કે "पुव्व विउव्वणा खलु पच्छा परिचारणा सुरगणाणं। सेसाण पुव्वपरियारणा उ पच्छा विउव्वणया॥" પૂર્વે વિકુર્વણા અને પછી પરિચારણા બધા દેવોને હોય છે અને બાકીનાને પૂર્વે પરિચારણા અને પછી વિકુર્વણા હોય છે. ॥૨॥૬૭૯॥

## ।। चउविसदंडएसु आहाराभोगणा–पोग्गलजाणणा–दारं ।।

**णेरइया णं भंते! आहारे किं आभोगणिव्वत्तिए, अणाभोगणिव्वत्तिए? गोयमा! आभोगणिव्वत्तिए वि अणाभोगणिव्वत्तिए वि। एवं असुरकुमाराणं जाव वेमाणियाणं, णवरं एगिंदियाणं णो आभोगणिव्वत्तिए, अणाभोगणिव्वत्तिए। णेरइया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं जाणंति पासंति आहारेंति, उयाहु ण जाणंति ण पासंति आहारेंति? गोयमा! ण जाणंति ण पासंति आहारेंति, एवं जाव तेइंदिया। चउरिंदियाणं पुच्छा। गोयमा! अत्थेगइया ण जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति। पंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! अत्थेगइया जाणंति पासंति आहारेंति १, अत्थेगइया जाणंति ण पासंति आहारेंति २, अत्थेगइया ण जाणंति पासंति आहारेंति ३, अत्थेगतिया ण जाणंति ण पासंति आहारेंति ४ एवं [जाव] मणुस्साण वि। वाणमंतर जोतिसिया जहा णेरइया। वेमाणियाणं पुच्छा। गोयमा! अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति। से केणट्ठेणं भंते! एवं वुच्चति– ['वेमाणिया] अत्थेगइया जाणंति पासंति आहारेंति, अत्थेगइया ण जाणंति ण पासंति आहारेंति'? गोयमा! वेमाणिया दुविहा पन्नत्ता, तं जहा– माइमिच्छद्दिट्ठिउववन्नगा य अमाइसम्मद्दिट्ठिउववन्नगा य, एवं जहा इंदियउद्देसए पढमे भणियं तहा भाणियव्वं, जाव से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति ।।सू०-३।।६८०।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને આહાર શું આભોગનિર્વર્તિત—ઇચ્છાપૂર્વક હોય છે કે અનાભોગનિર્વર્તિત—ઇચ્છા સિવાય હોય છે? હે ગૌતમ! આભોગનિર્વર્તિત પણ હોય છે અને અનાભોગનિર્વર્તિત પણ હોય છે. એ પ્રમાણે અસુરકુમારો યાવત્ વૈમાનિકોને જાણવું. પરન્તુ એકેન્દ્રિયોને આભોગનિર્વર્તિત—ઇચ્છા પૂર્વક આહાર હોતો નથી, પણ અનાભોગનિર્વર્તિત આહાર હોય છે. હે ભગવન્! નૈરયિકો જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે તે શું જાણે છે, દેખે છે અને તેનો આહાર કરે છે, અથવા જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે? હે ગૌતમ! તેઓ જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. એ પ્રમાણે તેઇન્દ્રિયો સુધી જાણવું. ચઉરિન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! કેટલાએક જાણતા નથી, દેખે છે અને આહાર કરે છે, અને કેટલાએક જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! ૧ કેટલાએક જાણે છે, દેખે છે અને આહાર કરે છે. ૨ કેટલાએક જાણે છે દેખતા નથી અને આહાર કરે છે. ૩ કેટલાએક જાણતા નથી, દેખે છે અને આહાર કરે છે. ૪ કેટલાએક જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. એ પ્રમાણે મનુષ્યોને પણ કહેવું. વ્યન્તર અને જ્યોતિષ્કો નૈરયિકોની પેઠે જાણવા. વૈમાનિકો સંબન્ધે પ્રશ્ન. હે ગૌતમ! ૧ કેટલાએક જાણે છે, દેખે છે અને આહાર કરે છે, અને કેટલાએક જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે "વૈમાનિકો કેટલાએક જાણે છે. દેખે છે અને આહાર કરે છે અને કેટલાએક જાણતા નથી દેખતા નથી અને આહાર કરે છે? હે ગૌતમ! વૈમાનિકો બે પ્રકારના છે, તે આ પ્રમાણે—માયી મિથ્યાદષ્ટી ઉત્પન્ન થયેલા અને અમાયી સમ્યગ્દષ્ટી ઉત્પન્ન થયેલા. એ પ્રમાણે જેમ પ્રથમ ઇન્દ્રિય ઉદ્દેશકમાં કહ્યું છે તે પ્રમાણે કહેવું. યાવત્ એ કારણથી હે ગૌતમ! હું એમ કહું છું. ॥૩॥૬૮૦॥*

(ટી૦) હવે આહાર વિશે આભોગ–સંકલ્પનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**नेरइया णं भंते! आहारे**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકોને આભોગનિર્વર્તિત આહાર હોય છે કે અનાભોગનિર્વર્તિત હોય છે? ઇત્યાદિ. જ્યારે મનોવ્યાપાર પૂર્વક આહાર ગ્રહણ કરે છે ત્યારે આભોગનિર્વર્તિત અને તે સિવાય બાકીના કાળે અનાભોગનિર્વર્તિત આહાર હોય છે. અને તે લોમાહાર જાણવો. એ પ્રમાણે બાકીના જીવોને આભોગનિર્વર્તિત અને અનાભોગનિર્વર્તિત આહારનો વિચાર કરવો. પરન્તુ એકેન્દ્રિયોને અત્યંત અલ્પ અને અસમર્થ–અસ્પષ્ટ મનોદ્રવ્યની લબ્ધિ હોવાથી સ્પષ્ટ મનોવ્યાપાર હોતો નથી, તેથી તેઓને હમેશાં અનાભોગનિર્વર્તિત જ આહાર હોય છે, પરન્તુ કદિ પણ આભોગનિર્વર્તિત આહાર હોતો નથી. હવે આહારપણે ગ્રહણ કરાતા પુદ્ગલોને વિષે જ્ઞાન અને દર્શનનો વિચાર કરે છે—'**नेरइयाणं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો ('ણં' વાક્યાલંકારમાં વપરાય છે) જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે તે પુદ્ગલોને જાણે છે અને દેખે છે, અથવા જાણતા નથી અને દેખતા નથી? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! તેઓ અવધિજ્ઞાન વડે જાણતા નથી. કારણ કે લોમાહાર રૂપે તે પુદ્ગલો અતિ સૂક્ષ્મ હોવાથી નારકોને અવધિજ્ઞાનનો વિષય થતા નથી. તેમ તે દેખતા નથી, કારણ કે તે ચક્ષુઇન્દ્રિયનો વિષય નથી. બેઇન્દ્રિયો પણ જાણતા નથી, કારણ કે તેઓ મિથ્યાજ્ઞાની હોવાથી તેઓને તેનું સમ્યગ્જ્ઞાન થતું નથી. બેઇન્દ્રિયોને મતિઅજ્ઞાન છે અને તે પણ અસ્પષ્ટ છે, તેથી પોતા વડે ગ્રહણ કરાતા પ્રક્ષેપાહારને પણ સમ્યગ્ જાણતા નથી, તેમ ચક્ષુઇન્દ્રિય નહિ હોવાથી દેખતા પણ નથી. એમ તેઇન્દ્રિયો પણ જ્ઞાનદર્શનરહિત જાણવા. ચઉરિન્દ્રિયો '**अत्थेगइया**' કેટલાએક છે જેઓ પોતે ગ્રહણ કરેલો આહાર પ્રક્ષેપરૂપ હોવા છતાં પણ તેને જાણતા નથી, કારણ કે તે મિથ્યાજ્ઞાની છે અને તેઓને પણ બેઇન્દ્રિયોની પેઠે મતિઅજ્ઞાન છે અને તે પણ અસ્પષ્ટ છે, પરન્તુ ચક્ષુઇન્દ્રિય વડે જુએ છે, કારણ કે તેઓને ચક્ષુઇન્દ્રિય હોય છે. તે આ પ્રમાણે—માખી વગેરે ગોળ આદિ વસ્તુને જુએ છે અને તેનો આહાર કરે છે. તથા બીજા કેટલાએક ચઉરિન્દ્રિયો છે, જેઓ મિથ્યાજ્ઞાની હોવાથી જાણતા નથી. તેમ અન્ધકારાદિ વડે ચક્ષુદર્શનનો પ્રતિબન્ધ થયેલો હોવાથી કે અનુપયોગનો સંભવ હોવાથી દેખતા નથી. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે લોમાહાર અને પ્રક્ષેપાહારને આશ્રયી ચઉભંગી જાણવી તેમાં પ્રક્ષેપાહારની અપેક્ષાએ આ પ્રમાણે વિચાર છે—કેટલાએક પંચેન્દ્રિયતિર્યંચો છે જેઓ પ્રક્ષેપાહારને જાણે છે, કારણ કે તેઓ સમ્યગ્જ્ઞાની હોવાથી તેનું તેઓને યથાવસ્થિત પરિજ્ઞાન હોય છે, તેમ ચક્ષુઇન્દ્રિય હોવાથી દેખે છે અને એ પ્રમાણે આહાર કરે છે. ૨ તથા કેટલાએક છે જેઓ પૂર્વની પેઠે જાણે છે, પરન્તુ ચક્ષુદર્શનનો અંધકારાદિ વડે તથા અનુપયોગવડે પ્રતિબંધ થયેલો હોવાથી દેખતા નથી. કેટલાએક તિર્યંચ પંચેન્દ્રિયો છે જેઓ જાણતા નથી, કારણ કે મિથ્યાજ્ઞાનવાળા હોવાથી તેઓને તેનું સમ્યગ્જ્ઞાન નથી, પરન્તુ ચક્ષુઇન્દ્રિયના ઉપયોગથી દેખે છે. ૪ તથા કેટલાએક છે જેઓ મિથ્યાજ્ઞાન હોવાથી જાણતા નથી, તેમ પૂર્વની પેઠે દેખતા પણ નથી અને એ પ્રમાણે આહાર કરે છે. લોમાહારની અપેક્ષાએ આ પ્રમાણે વિચાર છે—૧ કેટલાએક તિર્યંચ પંચેન્દ્રિયો છે જેઓ લોમાહારને જાણે, કારણ કે તે વિશિષ્ટ અવધિજ્ઞાન વડે સહિત છે. તેમ તેવા પ્રકારનો ક્ષયોપશમ હોવાથી અને ઇન્દ્રિયનું સામર્થ્ય અતિ વિશુદ્ધ હોવાથી દેખે છે અને એ પ્રમાણે આહાર કરે છે. ૨ કેટલાએક છે જેઓ પૂર્વની પેઠે જાણતા નથી, અને તેવા પ્રકારનુ ઇન્દ્રિયનું સામર્થ્ય નહિ હોવાથી દેખતા પણ નથી. ૩ કેટલાએક છે જેઓ જાણતા નથી પરન્તુ તે વિષયનું ઇન્દ્રિયસામર્થ્ય હોવાથી દેખે છે. ૪ તથા કેટલાએક છે જેઓ મિથ્યાજ્ઞાની હોવાથી, અવધિજ્ઞાનરહિત હોવાથી અને અવધિજ્ઞાનના વિષયથી અતીત હોવાને લીધે જાણતા નથી અને તેવા પ્રકારના ઇન્દ્રિયના સામર્થ્યના અભાવથી દેખતા પણ નથી. એ પ્રમાણે મનુષ્યોને પણ લોમાહાર અને પ્રક્ષેપાહારની અપેક્ષાએ ચોભંગી વિચારવી. '**वाणमंतरजोइसिया जहा नेरइया**' વ્યન્તર અને જ્યોતિષ્કો નૈરયિકોની પેઠે જાણવા'. કારણ કે નૈરયિકોના અવધિજ્ઞાનની પેઠે વ્યન્તર અને જ્યોતિષ્કના અવધિજ્ઞાનનો પણ તેઓ મનોભક્ષી (મન માત્ર વડે આહાર કરનારા) હોવા છતાં આહારના પુદ્ગલોનો વિષય નથી. અર્થાત્ નૈરયિકોની પેઠે અવધિજ્ઞાન વડે તેઓ આહારના પુદ્ગલો જાણતા નથી. વેમાણિયાણં પુચ્છા—વૈમાનિકો સંબન્ધે પ્રશ્ન. વૈમાનિકોને જુદું સૂત્ર કહેવું– '**वेमाणिया णं भंते! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं जाणंति पासंति, आहारेंति, उदाहु न जाणंति न पासंति, आहारेंति?**' હે ભગવન્! વૈમાનિકો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે છે તે શું જાણે

છે, દેખે છે અને આહાર કરે છે અથવા જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે? ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ' ઇત્યાદિ. વૈમાનિકો બે પ્રકારના છે—માયી મિથ્યાદષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દષ્ટી ઉપપન્નક. તેમાં **પૂર્વ ભવમાં કરેલી માયા જેઓને છે તે માયી કહેવાય છે**, કારણ કે સ્થૂલરૂપે કરાયેલી જે તે માયા વડે મલિન કર્મની ઉત્પત્તિ થાય છે અને તેથી મલિન કર્મ ઉદયમાં આવે છે ત્યારે ભવના હેતુથી પણ ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાન સમીચીન–બરોબર હોતું નથી. તેઓ સમ્યગ્દષ્ટિ ન સમજવા. તથા મિથ્યા–વિપરિત, દષ્ટી–જિનપ્રણીત વસ્તુતત્ત્વનો બોધ, જેઓને છે તેઓ મિથ્યાદષ્ટિ છે. માયી એવા મિથ્યાદષ્ટિ ઉત્પન્ન થયેલા હોય તે માયીમિથ્યાદષ્ટિ ઉપપન્નક કહેવાય છે. અહીં સ્વાર્થિક 'ક' પ્રત્યય થયેલો છે. તેઓ ઉપરના ગ્રૈવેયકત્રિકની ઉપરની ગ્રૈવેયકના અન્ત સુધી હોય છે. કારણ કે તેઓને યથાયોગ્યપણે મિથ્યાદૃષ્ટિપણું અને માયીપણું અવશ્ય હોય છે. તેનાથી વિપરિત અમાયી સમ્યગ્દષ્ટિ જાણવા. તેઓ અનુત્તરવિમાનવાસી હોય છે, કારણ કે તેઓને અવશ્ય સમ્યગ્દષ્ટિપણું અને પૂર્વના ગયા ભવમાં અત્યન્ત અલ્પ ક્રોધ, માન, માયા અને લોભ તથા ઉપશાન્તકષાયપણું હોય છે. આ સંબન્ધે મૂલટીકાકાર કહે છે કે **"वेमाणिया मायिमिच्छादिट्ठिउववन्नगा जाव उवरिमगेवेज्जा, अमायिसम्मदिट्ठिउववन्नगा अनुत्तरसुरा एव गृह्यन्ते"** ઇતિ-–માયીમિથ્યાદષ્ટિ ઉપપન્નક વૈમાનિકો ઉપરના ગ્રૈવેયક સુધી જાણવા, અને અમાયી સમ્યગ્દષ્ટી ઉપપન્નક અનુત્તર સુરો ગ્રહણ કરવા. એ પ્રમાણે પૂર્વે ઇન્દ્રિય સંબન્ધે પ્રથમ ઉદ્દેશકમાં કહેલું છે તેમ કહેવું અને તે 'એ હેતુથી' ઇત્યાદિ વડે સૌથી છેલ્લા નિગમન વાક્ય સુધી જાણવું. તે આ પ્રમાણે– "તેમાં જે માયીમિથ્યાદષ્ટિ ઉપપન્નક દેવો છે તેઓ જાણતા નથી, દેખતા નથી, અને આહાર કરે છે. અને તેમાં જે અમાયી સમ્યગ્દષ્ટિ ઉપપન્નક દેવો છે તે બે પ્રકારના કહ્યા છે. જેમકે અનન્તરોપપન્નક અને પરંપરોપપન્નક. તેમાં અનન્તરોપપન્નક–તુરત ઉત્પન્ન થયેલા દેવો છે તેઓ જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. જે પરંપરોપપન્નક–જેઓને ઉત્પન્ન થયાને સમયાદિનું અન્તર પડેલું છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણ—પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જે અપર્યાપ્ત છે તેઓ જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. અને જે પર્યાપ્ત છે તે બે પ્રકારના છે. તે આ પ્રમાણે–ઉપયોગસહિત અને ઉપયોગરહિત. તેમાં જે ઉપયોગરહિત છે તે જાણતા નથી, દેખતા નથી અને આહાર કરે છે. અને ઉપયોગસહિત છે તેઓ જાણે છે, દેખે છે અને આહાર કરે છે. એ માટે હે ગૌતમ! એમ કહ્યું છે કે 'કેટલાએક નથી જાણતા, નથી દેખતા અને આહાર કરે છે' અને કેટલાએક જાણે છે, દેખે છે અને આહાર કરે છે. આ સૂત્રનો ટીકાકારે કરેલો આ અર્થ છે–તેમાં જે માયીમિથ્યાદિષ્ટી ઉપપન્નક દેવો છે એટલે ઉપરની ત્રિકના ઉપરના ગ્રૈવેયક સુધીના દેવો છે તે મન વડે–સંકલ્પમાત્ર વડે ભક્ષણ કરવા લાયક આહારના પરિણામને યોગ્ય પુદ્ગલો અવધિજ્ઞાન વડે જાણતા નથી, કારણ કે તે પુદ્ગલો તેઓના અવધિજ્ઞાનનો વિષય થતા નથી. અને ચક્ષુ વડે જોતા પણ નથી, કારણ કે ચક્ષુનું તેવા પ્રકારનું સામર્થ્ય નથી. જે અમાયી સમ્યગ્દષ્ટી ઉપપન્નક એટલે અનુત્તર વિમાનવાસી દેવો છે તે બે પ્રકારના છે–અનન્તરોપપન્નક અને પરંપરોપન્નક. જેને ઉત્પન્ન થયાને એક પણ સમયનું અન્તર પડ્યું નથી તે અનન્તરોપપન્નક–પ્રથમ સમયે ઉત્પન્ન થયેલા છે. અને જેને ઉત્પન્ન થયાને સમયાદિનું અન્તર પડ્યું છે તે પરંપરોપન્નક એટલે જેને ઉત્પન્ન થયાને દ્વિતીયાદિ સમયો થયેલા છે એવા છે. તેમાં જેઓ અનન્તરોપપન્નક છે તેઓ જાણતા નથી અને દેખતા નથી. કારણ કે પ્રથમ સમયે ઉત્પન્ન થયેલા હોવાથી તેઓને અવધિજ્ઞાનનો ઉપયોગ અને ચક્ષુઇન્દ્રિય નથી, પરન્તુ જાણ્યા અને દેખ્યા સિવાય એમજ આહાર કરે છે. તેમાં જેઓ પરંપરોપન્નક છે તે બે પ્રકારના છે. જેમકે પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાં જેઓ અપર્યાપ્ત છે તેઓ જાણતા નથી અને દેખતા નથી. કારણ કે પર્યાપ્તિઓ પરિપૂર્ણ નહિ થયેલી હોવાથી અવધિ વગેરેનો ઉપયોગ હોતો નથી. જેઓ પર્યાપ્ત છે તે બે પ્રકારના છે– ઉપયોગસહિત અને ઉપયોગરહિત. તેમાં જેઓ ઉપયોગસહિત છે તેઓ જાણે છે, કારણ કે તે ઉપયોગ વડે યથાશક્તિ જ્ઞાનની પોતાના વિષયને જાણવાની અવશ્ય પ્રવૃત્તિ થાય છે, તેમ ચક્ષુ વડે દેખે છે, કારણ કે તેઓની ઇન્દ્રિયોનું સામર્થ્ય ઘણું વધારે છે. જેઓ ઉપયોગરહિત છે તેઓ જાણતા નથી અને દેખતા નથી. કારણ કે તેઓ ઉપયોગરહિત છે.

(પ્ર૦)—ઉપયોગસહિત હોવા છતાં પણ મનોભક્ષ્ય–માત્ર મનના સંકલ્પ વડે ગ્રહણ કરવા યોગ્ય આહારના પુદ્ગલોને કેમ જાણે?

(७०)—આ સંબન્ધે આવશ્યકની પ્રથમ પીઠિકામાં અવધિજ્ઞાનના અધિકારમાં કહ્યું છે—"**संखेज्ज कम्मदव्वे थोऊणयं पलियं**" એનો આ અર્થ છે—કાર્મણશરીર દ્રવ્યોને જોતો ક્ષેત્રથી લોકના સંખ્યાતા ભાગોને જુએ છે અને કાળથી કંઇક ન્યૂન પલ્યોપમ સુધી જુએ છે. અનુત્તર દેવો તો સંપૂર્ણ લોકનાડી દેખે છે, કારણ કે '**संभिन्नलोकनाडि पासंति अनुत्तरा देवा**' એવું શાસ્ત્રનું વચન છે. તેથી મન વડે ભક્ષણ કરવા લાયક આહારના પરિણામને યોગ્ય પુદ્‌ગલોને પણ જાણે છે, આ સંબન્ધે મૂલ ટીકાકાર કહે છે કે "**ते जानन्ति, पश्यन्ति आहारयन्ति च, विशुद्धत्वादवधेरिन्द्रियविषयस्य चातिविशुद्धत्वात् पश्यन्त्यपि**" ઇતિ—તેઓ જાણે છે, દેખે છે અને આહાર કરે છે, કારણ કે તેઓનું અવધિજ્ઞાન વિશુદ્ધ છે અને ઇન્દ્રિયોનો વિષય અતિવિશુદ્ધ હોવાથી દેખે પણ છે. અહીં ઇન્દ્રિય વિષય ઇન્દ્રિયોનું સામર્થ્ય જાણવું. ઉપસંહાર વાક્ય પ્રસિદ્ધ છે. ॥૩॥૬૮૦॥

## ।। चउवीसदंडएसु अज्झवसाण दारं ।।

**णेरइयाणं भंते केवतिया अज्झवसाणा पन्नत्ता? गोयमा! असंखेज्जा अज्झवसाणा पन्नत्ता। ते णं भंते! किं पसत्था अपसत्था? गोयमा! पसत्था वि अपसत्था वि, एवं जाव वेमाणियाणं।**

## ।। सम्मत्ताभिगम दारं ।।

**णेरइया णं भंते! किं सम्मत्ताभिगमी, मिच्छत्ताभिगमी, सम्मामिच्छत्ताभिगमी? गोयमा! सम्मत्ताभिगमी वि, मिच्छत्ताभिगमी वि, सम्मामिच्छत्ताभिगमी वि, एवं जाव वेमाणिया। णवरं एगिंदिय-विगलिंदिया णो सम्मत्ताभिगमी, मिच्छत्ताभिगमी, णो सम्मामिच्छत्ताभिगमी ।।सू०-४।।६८१।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને કેટલા અધ્યવસાયો કહ્યા છે? હે ગૌતમ! અસંખ્યાતા અધ્યવસાયો કહ્યા છે. હે ભગવન્! તે પ્રશસ્તશુભ છે કે અપ્રશસ્ત—અશુભ છે? હે ગૌતમ! પ્રશસ્ત પણ છે અને અપ્રશસ્ત પણ છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! નૈરયિકો સમ્યક્ત્વાધિગામી—સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા હોય છે, મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે અને સમ્યગ્મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે? હે ગૌતમ! તેઓ સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા હોય છે, મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે અને સમ્યગ્મિથ્યાત્વની પ્રાપ્તિવાળા પણ હોય છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી પણ કહેવું. પરન્તુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા નથી. સમ્યગ્મિથ્યાત્વની પ્રાપ્તિવાળા નથી. પણ મિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે. ॥૪॥૬૮૧॥*

(ટી૦) અધ્યવસાયના વિચારમાં પ્રત્યેક નૈરયિકાદિને અસંખ્યાતા અધ્યવસાયો હોય છે, કારણ કે તેઓને પ્રતિસમય ઘણું કરી ભિન્ન ભિન્ન અધ્યવસાય હોય છે. હવે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિનો વિચાર કરે છે—'**नेरइया णं भंते**'! ઇત્યાદિ. "હે ભગવન્! નૈરયિકો શું સમ્યક્ત્વાધિગામી–સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા, એ પ્રમાણે મિથ્યાત્વાધિગામી–મિથ્યાત્વની પ્રાપ્તિવાળા કે સમ્યગ્મિથ્યાત્વાધિગામી–સમ્યક્ત્વમિથ્યાત્વની પ્રાપ્તિવાળા હોય છે? ભગવાન્ કહે છે–'હે ગૌતમ'! ઇત્યાદિ સુગમ છે. કારણ કે ત્રણે પ્રકારની પ્રાપ્તિનો યથાયોગ્ય પણે સંભવ છે. એ પ્રમાણે નૈરયિક સંબન્ધે પાઠ વડે નિરન્તર વૈમાનિકો સુધી કહેવું. પરંતુ કેટલાએક એકેન્દ્રિયોને અને વિકલેન્દ્રિયોને સાસ્વાદન સમ્યક્ત્વ પણ હોય છે તો પણ તેઓ મિથ્યાત્વને સન્મુખ હોવાથી સમ્યક્ત્વ છતાં પણ તેની સૂત્રકારે વિવક્ષા કરી નથી. ॥૪॥૬૮૧॥

## ।। परियारणा दारं ।।

**देवा णं भंते किं सदेवीया सपरियारा, सदेवीया अपरियारा, अदेवीया सपरियारा, अदेवीया अपरियारा? गोयमा! अत्थेगइया देवा सदेवीया सपरियारा, अत्थेगइया देवा अदेवीया सपरियारा, अत्थेगइया देवा अदेविया अपरियारा, णो चेव णं देवा सदेवीया अपरियारा। से केणट्ठेणं भंते! एवं वुच्चति—'अत्थेगइया देवा सदेवीया सपरिचारा, तं चेव जाव नो चेव णं देवा सदेवीया अपरियारा? गोयमा! भवणपति-वाणमंतर-जोतिस-**

**सोहम्मीसाणेसु कप्पेसु देवा सदेवीया सपरियारा, सणंकुमार-माहिंद-बंभलोग-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुएसु कप्पेसु देवा अदेवीया सपरियारा, गेवेज्ज-अणुत्तरोववाइया देवा अदेवीया अपरियारा, णो चेव णं देवा सदेवीया अपरियारा, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति—अत्थेगइया देवा सदेवीया सपरियारा, तं चेव, जाव णो चेव णं देवा सदेवीया अपरियारा ।।सू-५।।६८२।।**

*(મૂ૦) હે ભગવન્! દેવો શું ૧ દેવી સહિત અને સપરિચાર-મૈથુનસેવી, ૨ દેવીસહિત અને અપરિચાર-મૈથુનસેવા રહિત, ૩ દેવીરહિત અને પરિચારસહિત અને ૪ દેવીરહિત અને પરિચારરહિત હોય? હે ગૌતમ! ૧ કેટલાએક દેવો દેવીસહિત અને પરિચારસહિત હોય છે, કેટલાએક દેવો દેવીરહિત અને પરિચારસહિત હોય છે અને કેટલાએક દેવો દેવીરહિત અને પરિચાર રહિત હોય છે, પરન્તુ દેવો દેવીસહિત અને પરિચારરહિત હોતા નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'કેટલા એક દેવો દેવીસહિત અને પરિચારસહિત હોય ઈત્યાદિ તેજ કહેવું, યાવત્ દેવો દેવીસહિત અને પરિચાર રહિત હોતા નથી? હે ગૌતમ! ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન કલ્પોમાં દેવો દેવી સહિત અને પરિચાર સહિત હોય છે. સનત્કુમાર, માહેન્દ્ર બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પોમાં દેવો દેવી રહિત અને પરિચાર સહિત હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક દેવો દેવીરહિત અને પરિચાર રહિત હોય છે. પરન્તુ દેવો દેવી સહિત અને પરિચારરહિત હોતા નથી. તે હેતુથી હે ગૌતમ! હું એમ કહું છું કે કેટલાએક દેવો દેવીસહિત અને પરિચારસહિત હોય છે ઈત્યાદિ તેજ કહેવું, યાવત્ દેવો દેવીરહિત અને પરિચારરહિત હોતા નથી. ।।૫।।૬૮૨।।*

(ટી૦) હવે પરિચારણાનો વિચાર કરવાની ઈચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**देवाणं**' ઈત્યાદિ સૂત્ર સુગમ છે. પરન્તુ ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવલોકમાં દેવો દેવીસહિત છે, કારણકે ત્યાં દેવીઓની ઉત્પત્તિ છે અને તેથીજ તેઓ '**सपरिचारा:**' વિષય સેવન કરનારા હોય છે. કારણકે દેવીઓનો દેવો વડે યથાયોગપણ પરિગ્રહ થવાથી ઈચ્છા થતાં કાયપ્રવીચાર-શરીર વડે વિષય સેવન થાય છે. સનત્કુમાર અને માહેન્દ્ર, બ્રહ્મલોક અને લાન્તક, મહાશુક્ર અને સહસ્રાર તથા આનતાદિ ચાર કલ્પમાં દેવો દેવી રહિત હોય છે, કારણ કે ત્યાં દેવીઓની ઉત્પત્તિ નથી. અને તેઓ પરિચારણા-વિષયસેવન સહિત હોય છે. કેમ કે સૌધર્મ અને ઈશાનની દેવીઓની સાથે અનુક્રમે સ્પર્શ, રૂપ, શબ્દ અને મન વડે પ્રવીચાર-વિષય સેવન થાય છે. ગ્રૈવયક અને અનુત્તરૌપપાતિક દેવો દેવી રહિત હોય છે, કારણ કે ત્યાં દેવીઓની ઉત્પત્તિ નથી, અને અપરિચાર-વિષય સેવન રહિત હોય છે. કારણ કે ત્યાં અત્યન્ત મન્દ પુરુષવેદનો ઉદય હોવાથી મન વડે પણ વિષય સેવનનો સંભવ નથી. પરન્તુ દેવો તેવા પ્રકારના ભવસ્વભાવથી દેવી સહિત અને પરિચાર રહિત હોતા નથી. 'એ કારણથી' ઈત્યાદિ નિગમન વાક્ય છે. ।।૫।।૬૮૨।।

**कतिविहा णं भंते! परियारणया पन्नत्ता? गोयमा! पंचविहा [परियारणा] पन्नत्ता, तं जहा—कायपरियारणा, फासपरियारणा, रूवपरियारणा, सद्दपरियारणा, मणपरियारणा। से केणट्ठेणं भंते! एवं वुच्चति—पंचविहा परियारणा पन्नत्ता, तं जहा—कायपरियारणा जाव मणपरियारणा? गोयमा! भवणवइ-वाणमंतर-जोइस-सोहम्मीसाणेसु कप्पेसु देवा कायपरियारगा, सणंकुमार-महिंदेसु कप्पेसु देवा फासपरियारगा, बंभलोय-लंतगेसु कप्पेसु देवा रूवपरियारगा, महासुक्क-सहस्सारेसु देवा सद्दपरियारगा, आणय-पाणय-आरण-अच्चुएसु कप्पेसु देवा मणपरियारगा, गेवेज्ज-अणुत्तरोववाइया देवा अपरियारगा, से तेणट्ठेणं गोयमा! तं चेव जाव मणपरियारणा। तत्थ णं जे ते कायपरियारगा देवा तेसि णं इच्छामणे समुप्पज्जति—'इच्छामो णं अच्छराहिं सद्धिं कायपरियाणं करेत्तए', तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे खिप्पामेव ताओ अच्छराओ ओरालाइं सिंगाराइं मणुण्णाइं मणोहराइं मणोरमाइं उत्तरवेउव्वियाइं-रूवाइं विउव्वंति, विउव्वित्ता तेसिं देवाणं अंतियं**

**पादुब्भवंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं कायपरियारणं करेंति। से जहाणामए सीया पोग्गला सीतं पप्पा सीयं चेव अतिवतित्ता णं चिट्ठंति, उसिणा वा पोग्गला उसिणं पप्पा उसिणं चेव अतिवतित्ता णं चिट्ठंति, एवमेव तेहिं देवेहिं ताहिं अच्छराहिं सद्धिं कायपरियारणे कते समाणे से इच्छामणे खिप्पामेवावेति ।।सू०-६।।६८३।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારે પરિચારણા—મૈથુનસેવા કહી છે? હે ગૌતમ! પાંચ પ્રકારે પરિચારણા કહી છે. તે આ પ્રમાણે—૧ કાયપરિચારણા, ૨ સ્પર્શપરિચારણા, ૩ રૂપપરિચારણા, ૪ શબ્દપરિચારણા અને ૫ મનપરિચારણા. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'પાંચ પ્રકારની પરિચારણા કહી છે' જેમક—'કાય પરિચારણા યાવત્ મનપરિચારણા'? હે ગૌતમ! ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવો કાયપરિચારક–શરીર વડે મૈથુન સેવન કરનારા, સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પમાં દેવો સ્પર્શપરિચારક–સ્પર્શમાત્ર વડે મૈથુન સેવન કરનારા, બ્રહ્મલોક અને લાન્તક કલ્પમાં દેવો રૂપપરિચારક–રૂપ વડે મૈથુન સેવન કરનારા, મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં દેવો શબ્દપરિચારક—શબ્દ વડે મૈથુન સેવન કરનારા, તથા આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પમાં દેવો મનવડે મૈથુન સેવન કરનારા હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરૌપપતિક દેવો અપરિચારક—મૈથુન સેવનરહિત હોય છે. તે હેતુથી હે ગૌતમ! ઇત્યાદિ યાવત્ 'મન વડે મૈથુનસેવન કરનારા હોય છે'. તેમાં જે કાયપરિચારક—શરીર વડે મૈથુન સેવન કરનારા છે તેઓને ઇચ્છાપ્રધાન મન—સંકલ્પ થાય છે કે—'અમે અપ્સરાઓની સાથે કાયપરિચાર—શરીર વડે મૈથુન સેવન કરવા ઇચ્છીએ છીએ'. તે દેવો સંકલ્પ કરે છે એટલે જલદી તે અપ્સરાઓ ઉદાર શૃંગાર યુક્ત મનોજ્ઞ, મનોહર અને ઉત્તર વૈક્રિય રૂપ કરે છે, કરીને તે દેવોની પાસે આવે છે. ત્યાર બાદ તે દેવો તે અપ્સરાઓની સાથે શરીરદ્વારા મૈથુન સેવન કરે છે. જેમકે શીત પુદ્ગલો શીત યોનિવાળા પ્રાણીને પામી અતિશય શીતપણે પરિણત થઈને રહે છે, અને ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિવાળા પ્રાણીને પામી અતિશય ઉષ્ણપણે પરિણત થઈને રહે છે. એ પ્રમાણે તે દેવો વડે તે અપ્સરાઓની સાથે કાયપરિચાર કરાય છે, ત્યારે તેનું ઇચ્છાપ્રધાન મન જલદી શાંત થાય છે. ।।૬।।૬૮૩।।*

(ટી૦) 'દેવો દેવી સહિત પરિચારવાળા હોય છે' એમ કહ્યું, તેમાં પરિચારણા સંબન્ધે જિજ્ઞાસાવાળો શિષ્ય પ્રશ્ન કરે છે–'**कतिविहा णं भंते**'! હે ભગવન્! કેટલા પ્રકારે પરિચારણા કહી છે'–ઇત્યાદિ સુગમ છે. ભગવાન્ કહે છે–'હે ગૌતમ! ઇત્યાદિ સ્પષ્ટ છે.' **नवरं कायपरिचारगा**' ઇતિ–પરન્તુ કાય–શરીર વડે મનુષ્ય સ્ત્રી પુરુષની પેઠે પરિચાર–મૈથુનસેવન જેઓને છે તેઓ કાયપરિચારક કહેવાય છે. તાત્પર્ય એ છે કે ભવનપતિથી આરંભી ઈશાન દેવલોક સુધીના દેવો **સંક્લિષ્ટ ઉદયવાળા પુરુષવેદ કર્મના પ્રભાવથી મનુષ્યની પેઠે મૈથુન સુખમાં લીન થતા અને કાયક્લેશજન્ય સર્વ અંગે સ્પર્શસુખ પામી પ્રસન્ન થાય છે**, અન્ય પ્રકારે પ્રસન્ન થતા નથી. સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના દેવો સ્પર્શપરિચારક–સ્તન, હાથ, સાથળ અને જઘનાદિ શરીરના સ્પર્શ વડે પરિચાર–મૈથુન સેવન કરનારા હોય છે. તેઓ જ્યારે મૈથુન સેવન કરવાને ઇચ્છે છે ત્યારે મૈથુન કરવાની અભિલાષાથી પાસે રહેલી દેવીઓના સ્તનાદિ અવયવોનો સ્પર્શ કરે છે, અને તેટલા માત્ર વડે કાયપ્રવિચારથી અનન્તગુણ સુખ અને વેદની ઉપશાન્તી થાય છે. બ્રહ્મલોક અને લાન્તક કલ્પના દેવો રૂપપરિચારક–રૂપમાત્રના દેખવા વડે મૈથુન સેવન કરનારા હોય છે. તેઓ દેવાંગનાઓનું કામની રાજધાની જેવું દીવ્ય અને ઉન્માદ કરનાર રૂપ જોઇને કાયપ્રવિચારથી અનન્તગુણ મૈથુનસુખનો અનુભવ કરે છે, અને તેટલા માત્રથી તેઓનો વેદ ઉપશાન્ત થાય છે. મહાશુક્ર અને સહસ્રાર કલ્પમાં દેવો શબ્દપરિચારક–શબ્દમાત્રના શ્રવણથી મૈથુનસેવન કરનાર હોય છે. તેઓ ઇષ્ટ દેવીના, ગીત, હાસ્ય, સવિકાર ભાષણ અને નુપુરાદિ આભૂષણોના ધ્વનિના શ્રવણ માત્ર વડેજ કાયપ્રવિચારથી અનન્તગુણ સુખનો ઉપભોગ કરે છે. અને તેટલા માત્રથી તેનો વેદ શાન્ત થાય છે. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પમાં દેવો મનઃપરિચારક–કામના વિકાર વડે વૃદ્ધિ પામેલા પરસ્પર અનેક પ્રકારના મનના સંકલ્પ વડે મૈથુનસેવન કરનારા હોય છે. તેઓ પરસ્પર અનેક પ્રકારના મનના સંકલ્પમાત્ર વડે કાયપ્રવિચારથી અનન્તગુણ સુખને પ્રાપ્ત કરે છે. અને તેટલા માત્રથી તેઓ

तृप्त थाय छे. ગ્રૈવેયક અને અનુત્તર દેવો અપરિચારક–મન વડે પણ અપરિચાર–મૈથુન સેવન રહિત હોય છે. કારણ કે તેઓ અલ્પ મોહના ઉદયવાળા હોવાથી પ્રશમ સુખમાં લીન થયેલા છે.

(પ્ર૦)—જો એમ છે તો તેઓ બ્રહ્મચારી કેમ ન કહેવાય?

(ઉ૦)—**ચારિત્ર પરિણામના અભાવથી તેઓ બ્રહ્મચારી નથી.** '**से तेणट्ठेणं**' તે હેતુથી કેટલાક દેવો દેવી સહિત અને પરિચારસહિત હોય છે ઇત્યાદિ નિગમન વાક્ય છે. તેમાં જે કાયપરિચારક દેવો છે તેઓના કાયપરિચારનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ પ્રમાણે કહે છે—'**तत्थ णं**' ઇત્યાદિ. તે કાયપરિચારક વગેરે દેવોમાં જે કાયપરિચારક ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવો છે તેઓને '**इच्छामनः**'—કાય વડે મૈથુન સેવન કરવાનું ઇચ્છાપ્રધાન મન થાય છે. કેવી રીતે થાય છે? 'અમે અપ્સરાઓની સાથે કાયપરિચાર કરવાને ઇચ્છીએ છીએ'. તે પછી તે દેવો ઉપર કહ્યા પ્રમાણે કાયપરિચારનો મનમાં વિચાર કરે છે, એટલે '**क्षिप्रमेव**' જલદીજ તે અપ્સરાઓ પોતપોતાને ઉપભોગ કરવા યોગ્ય દેવોનો અભિપ્રાય જાણીને વિષય સેવનની અભિલાષાથી ઉત્તરવૈક્રિય રૂપો કરે છે—એ સબન્ધ છે. તે ઉત્તરવૈક્રિય રૂપો કેવાં પ્રકારના છે? ઉદાર–વિશાલ, પરન્તુ હીન અવયવવાળા નહિ, તે પણ '**शृंगाराणि**' શૃંગાર–આભૂષણાદિ વડે શણગારવું, વિભૂષિત કરવું, એવા શૃંગાર યુક્ત હોય છે. અહીં અભ્રાદિથી 'અ' પ્રત્યય થયો છે. એટલે વિભૂષણાદિ વડે જેઓનો ઉદાર શૃંગાર કરાયેલો છે એવાં, તે રૂપો કદાચિત્ કોઇને અમનોજ્ઞ હોય, એ માટે કહે છે–'મનોજ્ઞાની' પોતપોતાને ઉપભોગ્ય દેવના મનોગત ભાવને ગમે તેવાં, મનોજ્ઞ રૂપો લેશથી પણ સંભવે, તે માટે કહે છે કે 'મનોહરાણિ'–પોતપોતાના ઉપભોગ્ય દેવના મનને હરણ કરે, અધીન કરે તેવાં, તે મનોહરપણું પ્રથમ આરંભ માત્રમાં હોય, તેથી કહે છે–'મનોરમાણિ' પોતપોતાના ઉપભોગ્ય દેવના મનને રમાડે–આનંદ પમાડે, પ્રતિસમય ઉત્તરોત્તર અનુરાગ સહિત કરે તેવાં, આવા પ્રકારના ઉત્તર વૈક્રિય રૂપો કરીને તે દેવોની પાસે પ્રગટ થાય છે–આવે છે. તે પછી જેમ મનુષ્ય મનુષ્યસ્ત્રી સાથે સેવન કરે છે તેમ તે દેવો તે અપ્સરાઓની સાથે કાયપરિચારણા–સર્વ અંગના કાયક્લેશપૂર્વક મૈથુન સેવન કરે છે. કારણ કે એ પ્રમાણેજ તેઓના વેદની ઉપશાંતિ થાય છે. આજ બાબત દૃષ્ટાંત વડે દઢ કરે છે–'**से जहानामए**' ઇત્યાદિ. 'સે' શબ્દ અથ શબ્દના અર્થમાં છે, અને અથ શબ્દ વાક્યના પ્રારંભમાં વપરાય છે. 'યથાનામ' તે વિવક્ષિત શીતપુદ્ગલો શીત–શીતયોનિવાળા પ્રાણીને પ્રાપ્ય–આશ્રયી '**शीतमेव**' શીત પણેજ '**अतिव्रज्य**' અતિશય પરિણમીને રહે છે. તાત્પર્ય એ છે કે શીત પુદ્ગલો શીતયોનિવાળા પ્રાણીના વિશેષતઃ સુખને માટે થાય છે, અને ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણ–ઉષ્ણયોનિવાળા પ્રાણીને આશ્રયી **उष्णमेव**–ઉષ્ણપણે '**अतिव्रज्य**' અતિશય પરિણમીને રહે છે, અર્થાત્ સ્વરૂપની પ્રાપ્તિ થવાથી તેના વિશેષતઃ સુખને માટે થાય છે એ ભાવાર્થ છે. '**एवमेव**' એ પ્રમાણે તે દેવોએ તે અપ્સરાઓની સાથે કાય પરિચારણા કર્યે છતે '**इच्छामनः**' જેમાં કામ વિષયની ઇચ્છા પ્રધાન છે એવું મન જલદીજ અતિતૃપ્તિ થવાથી શાંત છે. તાત્પર્ય એ છે કે જેમ શીત પુદ્ગલો શીતયોનિવાળા પ્રાણીનો સ્પર્શ થતા વિશેષતઃશીતપણું પામતા તેના સુખને માટે થાય છે અને ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિવાળા પ્રાણીનો સ્પર્શ થતા અત્યંત ઉષ્ણપણું પામતા તેના સુખને માટે થાય છે, તેમ દેવીના શરીરના પુદ્ગલો દેવના શરીરને પ્રાપ્ત કરી અને દેવના શરીરના પુદ્ગલો દેવીના શરીરને પ્રાપ્ત કરી પરસ્પર એકગુણપણે પરિણમતા એક બીજાના સુખને માટે થાય છે, અને તેથી તૃપ્તિ થાય છે અને તૃપ્તિ થવાથી અભિલાષની નિવૃત્તિ થાય છે. ॥૬॥૬૮૩॥

**अत्थि णं भंते! तेसिं देवाणं सुक्कापोग्गला? हंता अत्थि। ते णं भंते! तासिं अच्छराणं कीसत्ताए भुज्जो भुज्जो परिणमंति? गोयमा! सोइंदियत्ताए चक्खुइंदियत्ताए, घाणिंदियत्ताए, रसिंदियत्ताए, फासिंदियत्ताए इट्ठत्ताए कंतत्ताए मणुण्णत्ताए मणामत्ताए सुभगत्ताए सोहग्ग-रूव-जोव्वण-गुणलायण्णत्ताए ते तासिं भुज्जो भुज्जो परिणमंति ॥सू०-७॥६८४॥**

*(મૂ૦) હે ભગવન્! તે દેવોને શુક્રના–વીર્યના પુદ્ગલો છે? હા છે. હે ભગવન્! તે પુદ્ગલો તે અપ્સરાઓને કેવા રૂપે વારંવાર*

*પરિણમે છે? હે ગૌતમ! શ્રોત્રેન્દ્રિયપણે, ચક્ષુઇન્દ્રિયપણે, ઘ્રાણેન્દ્રિયપણે, રસેન્દ્રિયપણે, સ્પર્શેન્દ્રિયપણે, ઇષ્ટપણે, કાંતપણે, મનોજ્ઞપણે, મનાપ-મનને ગમે એવાપણે, સુભગ—પ્રિયપણે, સૌભાગ્યનો હેતુ રૂપ, યૌવન અને લાવણ્યગુણપણે તે પુદ્ગલો વારંવાર તેઓને પરિણમે છે. ॥૭॥૬૮૪॥*

(ટી૦) અહીં મનુષ્યસ્ત્રીને મનુષ્ય પુરુષના ઉપભોગમાં શુક્રના પુદ્ગલોનો સંયોગ થવાથી સુખ પ્રાપ્ત થાય છે. તો દેવીને પણ ઉપભોગ કરવા લાયક દેવના શુક્ર પુદ્ગલોના સંયોગથી સુખ થાય છે કે કોઇ બીજી રીતે સુખ થાય છે? એ પ્રમાણે સંદેહવાળો શિષ્ય દેવોને શુક્રપુદ્ગલોના અસ્તિત્વ સંબન્ધે પ્રશ્ન કરે છે—'**अत्थि णं भंते!**' ઇત્યાદિ. '**अस्ति**' એ બહુવચનપણામાં નિપાત-અવ્યય છે. હે ભગવન્! તે દેવોને શુક્રપુદ્ગલો હોય છે કે જેના સંબન્ધથી દેવીઓને સુખ થાય? ભગવાન્ કહે છે-હા ગૌતમ! છે. કેવળ વૈક્રિયશરીરની અન્તર્ગત તે પુદ્ગલો છે, માટે ગર્ભાધાનનું કારણ થતાં નથી. '**ते णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! તે શુક્રપુદ્ગલો તે અપ્સરાઓને કેવા સ્વરૂપે ભૂયઃવારંવાર-જ્યારે જ્યારે શુક્રપુદ્ગલોનું ક્ષરણ થાય ત્યારે પરિણમે છે? ભગવાન્ ઉત્તર આપે છે--'ગૌતમ' ઇત્યાદિ. તે શ્રોત્રેન્દ્રિયસ્વરૂપે યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે પરિણમે છે. તે પુદ્ગલો કદાચિત્ અનિષ્ટપણે પરિણામ પામતા સંભવે, તેથી કહે છે- '**इष्टतया**' ઇષ્ટપણે, ઇષ્ટ છતાં પણ કોઇક વસ્તુ સ્વરૂપથી અકાન્ત-અનિચ્છનીય હોય છે. જેમ કે સૂકરાદિને વિષ્ઠાદિ, તેથી કહે છે—'**कान्ततया**' કાન્તપણે, ઇચ્છનીયપણે, કાન્ત છતાં પણ કોઇક વસ્તુ મનને સ્પૃહણીય ન હોય, તેથી કહે છે--'**मनोज्ञतया**' મનોજ્ઞપણે-અતિસ્પૃહણીયપણે, તે અતિસ્પૃહણીયપણું પણ કદાચિત્ પ્રારંભ કાળમાં સંભવે, તેથી કહે છે કે '**मणामत्ताए**' મનને અનુકૂલ પણે. મનને પ્રાપ્ત કરે, હમેશાં મનમાં રમે તે મનાપ, એટલે મનવડે હમેશાં સ્પૃહણીયપણે પરિણમે છે. શા હેતુથી? એ માટે કહે છે કે—'**सुभगतया**' સુભગપણે-સર્વ જનને પ્રિયપણે પરિણમે છે. અહીં હેતુના અર્થમાં ત્રીજી વિભક્તિ છે. કારણ કે 'નિમિત્ત, કારણ અને હેતુમાં પ્રાયઃ સર્વ વિભક્તિઓ દેખાય છે'. એટલે જેથી સુભગપણે પરિણમે છે, તેથી કહેવાય છે કે--ઇષ્ટપણે, કાન્તપણે-ઇત્યાદિ રૂપે પરિણમે છે. તેઓનું સુભગપણે કેમ પરિણમન થાય છે? એ માટે કહે છે-'**सोहग्गरूवजोव्वणगुणलावण्णत्ताए**'-પ્રાકૃત હોવાથી ગુણશબ્દ લાવણ્યશબ્દની પૂર્વે મુકવામાં આવ્યો છે. પણ વાસ્તવિક રીતે પછી જાણવો. તેથી આ અર્થ થાય છે-સોભાગ્ય માટે રૂપ, યૌવન અને લાવણ્યરૂપે પરિણમે છે. તેમાં રૂપ-સૌન્દર્યવાળો આકાર, યૌવન-અત્યંત તરુણાવસ્થા, લાવણ્ય-કામ વિકારનો હેતુ ઉત્કૃષ્ટ પરિણામ વિશેષ. જેથી સૌભાગ્યના હેતુ રૂપાદિગુણોના કારણપણે પરિણમે છે. તેથી સુભગપણે પરિણમે છે-એમ કહેવાય છે. એ પ્રમાણે તે શુક્રપુદ્ગલો તે અપ્સરાઓને વારંવાર પરિણમે છે. એમ કાયપરિચાર કહ્યો. ॥૭॥૬૮૪॥

**तत्थ णं जे ते फासपरियारगा देवा तेसिं णं इच्छामणे [समुच्छामणे] समुप्पज्जइ, एवं जहेव कायपरियारगा तहेव निरवसेसं भाणियव्वं। तत्थ णं जे ते रूवपरियारणं करेत्तए', तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे तहेव जाव उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति, विउव्वित्ता जेणामेव ते देवा तेणामेव उवागच्छंति, तेणामेव उवागच्छित्ता तेसिं देवाणं अदूरसामंते ठिच्चा ताइं ओरालाइं जाव मणोरमाइं उत्तरवेउव्वियाइं रूवाइं उवदंसेमाणीओ २ चिट्ठंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं रूवपरियारणं करेंति, सेसं तं चेव जाव भुज्जो भुज्जो परिणमंति। तत्थ णं जे ते सद्दपरियारगा देवा तेसिं णं इच्छामणे समुप्पज्जति—'इच्छामो णं अच्छराहिं सद्धिं सद्दपरियारणं करेत्तए', तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे तहेव जाव उत्तरवेउव्वियाइं रूवाइं विउव्वंति, विउव्वित्ता जेणामेव ते देवा तेणामेव उवागच्छंति, उवागच्छित्ता तेसिं देवाणं अदूरसामंते ठिच्चा अणुत्तराइं उच्चावयाइं सद्दाइं समुदीरेमाणीओ २ चिट्ठंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं सद्दपरियारणं करेंति, सेसं तं चेव जाव भुज्जो भुज्जो परिणमंति। तत्थ णं जे ते मणपरियारगा देवा तेसिं इच्छामणे समुप्पज्जइ—'इच्छामो णं अच्छराहिं सद्धिं मणपरियारणं करेत्तए', तए णं तेहिं देवेहिं एवं मणसीकए समाणे खिप्पामेव ताओ अच्छराओ तत्थगताओ**

**चेव समाणीओ अणुत्तराइं उच्चवयाइं मणाइं पहारेमाणीओ २ चिट्ठंति, तए णं ते देवा ताहिं अच्छराहिं सद्धिं मणपरियारणं करेंति, सेसं णिरवसेसं तं चेव जाव भुज्जो भुज्जो परिणमंति ।।सू०-८।।६८५।।**

*(મૂ૦) તેમાં જેઓ સ્પર્શપરિચારક—સ્પર્શ વડે મૈથુન સેવન કરનારા દેવો છે તેઓના મનમાં ઇચ્છા થાય છે—ઇત્યાદિ કાયપરિચારક દેવો સંબન્ધે કહ્યું તેમ બધું કહેવું. તેમાં જે રૂપ પરિચારક—રૂપ વડે મૈથુન સેવી દેવો છે તેઓના મનમાં ઇચ્છા થાય છે કે 'અમે અપ્સરાઓની સાથે રૂપ વડે મૈથુન સેવવાને ઇચ્છીએ છીએ'—એ પ્રમાણે તે દેવો મનમાં વિચાર કરે છે એટલે તે પ્રમાણે જ તે દેવીઓ ઉત્તર વૈક્રિય રૂપો કરે છે, કરીને જ્યાં તે દેવો છે ત્યાં આવે છે, ત્યાં આવીને તે દેવોની થોડે દુર રહીને ઉદાર શ્રૃઙ્ગારવાળું યાવત્ મનોહર પોતાનું ઉત્તર વૈક્રિય રૂપ બતાવતી ઉભી રહે છે. તે પછી તે દેવો તે અપ્સરાઓની સાથે રૂપપરિચારણા—રૂપ વડે મૈથુનસેવન કરે છે. બાકી બધું તેમજ જાણવું, યાવત્ વારંવાર પરિણમે છે. તેમાં જે શબ્દપરિચારક—શબ્દ વડે મૈથુનસેવન કરનારા દેવો છે તેઓના મનમાં ઇચ્છા થાય છે કે 'અમે અપ્સરાઓની સાથે શબ્દપરિચાર—શબ્દ વડે વિષયસેવન કરવાને ઇચ્છીએ છીએ'. પછી તે દેવો એ પ્રમાણે મનમાં વિચાર કરે છે એટલે પૂર્વવત્ યાવત્ વૈક્રિય રૂપ વિકુર્વે છે, વિકુર્વીને જ્યાં દેવો છે ત્યાં આવે છે, આવીને દેવોની પાસે થોડે દુર રહીને અનુત્તર—અનુપમ એવા અનેક પ્રકારના શબ્દો બોલતી ૨ ઉભી રહે છે. ત્યાર બાદ તે દેવોને તે અપ્સરાઓની સાથે શબ્દપરિચાર—શબ્દ વડે વિષયસેવન કરે છે. બાકી બધું તેમજ જાણવું, યાવત્ વારંવાર પરિણમે છે. તેમાં જે મનપરિચારક—મન વડે વિષય સેવનારા દેવો છે તેઓના મનમાં ઇચ્છા થાય છે કે 'અમે અપ્સરાઓની સાથે મન વડે પરિચાર—વિષયસેવન કરવાને ઇચ્છીએ છીએ'. પછી તે દેવો એ પ્રમાણે મનમાં વિચાર કરે છે એટલે જલદી તે અપ્સરાઓ ત્યાં આવી અનુત્તર—કામપ્રધાન અનેક પ્રકારના સંકલ્પો કરતી કરતી ઉભી રહે છે. ત્યાર પછી તે દેવો તે અપ્સરાઓની સાથે મન વડે વિષયસેવન કરે છે, બાકી બધું તેમજ જાણવું, યાવત્ વારંવાર પરિણમે છે. ॥૮॥૬૮૫॥*

(ટી૦) હવે સ્પર્શપરિચારનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**तत्थ णं**' ઇત્યાદિ. કાયપરિચારકાદિમાં જે સ્પર્શપરિચારક–સ્પર્શવડે મૈથુન કરનારા દેવો છે. તેઓનું ઇચ્છામન–સ્પર્શપરિચારની ઇચ્છાપ્રધાન મન થાય છે. એ પ્રમાણે જેમ હમણાં પૂર્વે કાયપરિચારકો સંબન્ધે કહ્યું તેમ સ્પર્શપરિચારકને વિશે પણ સઘળું કહેવું. તે આ પ્રમાણે—'**इच्छामो णं अच्छराहिं सद्धिं फासपरियारं करेत्तए**' ઇત્યાદિ. 'અમે તે અપ્સરાઓની સાથે સ્પર્શપરિચાર–સ્પર્શવડે મૈથુન સેવન કરવાને ઇચ્છીએ છીએ.' એ પ્રમાણે તે દેવો મનમાં વિચાર કરે છે એટલે જલદી તે અપ્સરાઓ ઉદાર શૃંગારવાળા યાવત્ રૂપો વિકુર્વીને તે દેવોની પાસે આવે છે. ત્યાર બાદ તે દેવો તે અપ્સરાઓની સાથે સ્પર્શપરિચાર–સ્પર્શવડે મૈથુન સેવન કરે છે. મુખચુંબન, સ્તનમર્દન, હસ્તવડે આલિંગન, જઘન, ઉરુપ્રમુખ શરીરને સ્પર્શ કરવારૂપ સ્પર્શપરિચાર સમજવો. 'જેમ કે શીત પુદ્ગલો શીતયોનિવાળા પ્રાણીને પ્રાપ્ત કરી શીતપણે અત્યંત પરિણમીને રહે છે, અને ઉષ્ણ પુદ્ગલો ઉષ્ણયોનિવાળા પ્રાણીને પ્રાપ્ત કરી ઉષ્ણપણે અતિશય પરિણમીને રહે છે, એ પ્રમાણે તે દેવોએ સ્પર્શપરિચાર કર્યો એટલે તેની મૈથુનવિષયક ઇચ્છા તુરન્તજ શાન્ત થાય છે. આ સૂત્રની અવતરણસહિત વ્યાખ્યા પૂર્વની પેઠે જણાવી. હે ભગવન્! તે દેવોને શુક્રપુદ્ગલો છે? હા, છે હે ભગવન્! તે પુદ્ગલો તે અપ્સરાઓને કેવા સ્વરૂપે પરિણમે છે? હે ગૌતમ! શ્રોત્રેન્દ્રિયપણે, યાવત્ સ્પર્શેન્દ્રિયપણે ઇષ્ટપણે, કાન્તપણે, યાવત્ વારંવાર પરિણમે છે. આ સૂત્રની પણ અવતરણસહિત વ્યાખ્યા પૂર્વની પેઠે જાણવી. પરન્તુ **સ્પર્શપરિચારમાં શુક્રના પુદ્ગલોનો સંક્રમ દિવ્ય પ્રભાવથી થાય છે એમ સમજવું.** હવે રૂપપરિચારણાનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે–'**तत्थ णं**' ઇત્યાદિ સૂત્ર સુગમ છે. યાવત્ રૂપો '**विउव्वित्ता**' સુધી જાણવું. '**जेणामेव**' જે દેવલોકમાં જે વિમાનને વિષે જે સ્થળે તે દેવો છે, તેજ સ્થાને તે અપ્સરાઓ આવે છે. આવીને તે દેવોની થોડે દુર રહીને તે પૂર્વે વિકુર્વેલા ઉદાર યાવત્ ઉત્તર વૈક્રિય રૂપોને બતાવતી ઉભી રહે છે. ત્યાર બાદ તે દેવો તે અપ્સરાઓની સાથે પરસ્પર વિલાસપૂર્વક દૃષ્ટિક્ષેપ, અંગપ્રત્યંગોને જોવાં અને પોતપોતાના અનુરાગને પ્રદર્શિત કરવાને યોગ્ય ચેષ્ટાને પ્રકટ કરવા વગેરે રૂપ રૂપપરિચારણા કરે છે. '**सेसं तं चेव**'**त्ति** બાકી બધું '**से जहानामए**' જેમ કે શીત પુદ્ગલો ઇત્યાદિથી

માંડી–यावत् **भुज्जो भुज्जा परिणमन्ति**–વારંવાર પરિણમે છે' એ વાક્ય સુધી તેમજ જાણવું. એ પ્રમાણે રૂપપરિચારણાનો વિચાર કર્યો. હવે શબ્દપરિચારણાનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે– 'તત્થ ણં' ઇત્યાદિ સૂત્ર સ્પષ્ટ છે, પરન્તુ થોડે દુર સમીપમાં રહીને '**अनुत्तरान्**' સર્વ પ્રકારે મનને આનંદ ઉત્પન્ન કરવા વડે અનન્યસદૃશ–જેના સમાન બીજા નથી એવા અનેક પ્રકારના '**उच्चावचान्**' અત્યન્ત કામને ઉદ્દીપન કરનારા **સભ્ય અને અસભ્યરૂપ શબ્દોને બોલતી ઉભી રહે છે.** અહીં 'શબ્દ' પુંલિંગ હોવા છતાં પ્રાકૃત હોવાથી '**सद्दाइं**' એમ નપુંસકલિંગનો નિર્દેશ કર્યો છે. બાકી બધું તેમજ જાણવું. '**एवं तत्थ णं**' એ પ્રમાણે 'તેમાં જે મનઃપરિચારક દેવો છે' ઇત્યાદિ મનઃપરિચારક સૂત્ર પણ તેમજ સમજવું. યાવત્ મનઃપરિચારનો મનમાં વિચાર કરે છે. એટલે જલદી તે અપ્સરાઓ ત્યાં સૌધર્મ અને ઈશાન દેવલોકમાં આવેલા પોતાના વિમાનમાં રહેલીજ અનુત્તર–પરમ સંતોષ ઉત્પન્ન કરવા વડે અસાધારણ '**उच्चावचानि**' અનેક પ્રકારના કામસહિત સભ્ય અને અસભ્યરૂપ મનનો પ્રચાર કરતી એટલે તેવા પ્રકારના સંકલ્પ કરતી ઉભી રહે છે. અહીં મૂળમાં '**तत्थगया चेव समाणीओ**' ત્યાં રહેલી છતી–એમ કહેતા સૂત્રકારે 'દેવીઓ સહસ્રાર દેવલોક પર્યન્ત જાય છે' એમ જણાવ્યું. તે સંબન્ધે સંગ્રહણીના મૂળ ટીકાકાર હરિભદ્ર સૂરિ કહે છે—"**सनत्कुमारादिदेवानां रताभिलाषे सति देव्यः खल्वपरिगृहीताः सहस्रारं यावद् गच्छन्ति**" ઇતિ। 'સનત્કુમારાદિ દેવોને મૈથુનસેવની ઇચ્છા થાય ત્યારે અપરિગૃહિતા (જેનો કોઇ દેવોએ નિયતપણે સ્વીકાર કર્યો નથી એવી) દેવીઓ સહસ્રાર દેવલોક સુધી જાય છે.' તેજ હરિભદ્રસૂરિ બીજે સ્થળે કહે છે—"**इह सोहम्मे कप्पे जासिं देवीणं पलिओवमाउगं ताओ तद्देवाणं चेव हवन्ति, जासिं पुण पलिओवमाइ समयाहिया ठिई दुसमयतिसमयसंखेज्जासंखेज्जसमयाहिया ठिई जाव दसपलिया सोहम्मगदेवीओ ताओ सणंकुमाराणं गच्छन्ति, एवं दसपलिओवरि जासिं समयाहिया ठिई जाव वीसं पलिया ताओ बम्भलोगदेवाणं गच्छन्ति, एवं वीसपलिओवरि जासिं समयाहिया ठिई जाव तीसं पलिया ताओ महासुक्कदेवाणं गच्छन्ति, एवं तीसपलिओवरि जासिं समयाहिया ठिई जाव चत्तालीसं पलिया ताओ आणयदेवाणं तत्थ ठिया चेव झाणावलंबणं होंति, एवं चत्तालीसपलिओवरि जासिं समयाहिया ठिई जाव पंचासं पलिया ताओ आरणदेवाणं तत्थ ठियाओ चेव झाणालंबणं होंति। तथा ईसाणे जासिं देवीणं पलिओवममहियमाउयं ताओ तद्देवाणं चेव होंति, जासिं पुण अहियपलिओवमाइ समयाहिया ठिई दुसमयतिसमयसंखेज्जासंखेज्जसमयाहिया जाव पण्णरसं पलिया ताओ माहिंददेवाणं गच्छन्ति, एवं जासिं पण्णरसपलिओवरि समयाहिया ठिई दुसमयतिसमयसंखेज्जासंखेज्जसमयाहिया जाव पणवीसं पलिया ताओ लान्तगदेवाणं, जासिं पणवीसपलिओवरि समयाहिया ठिई जाव पंचतीसं पलिया ताओ सहस्सारदेवाणं, जासिं पुण पंचतीसपलिओवरि समयाहिया ठिई जाव पणयालीसं पलिया ताओ पाणयदेवाणं तत्थ ठियाओ चेव ज्ञाणावलंबणं होंति, जासिं पुण पणयालिसपलिओवरि समयाहिया ठिई जाव पणपन्नं पलिया ताओ अच्चुयदेवाणं तत्थ ठियाओ चेव झाणाबलंबणं हवन्ति**"। અહીં સૌધર્મ દેવલોકમાં જે દેવીઓનું પલ્યોપમનું આયુષ્ય છે તે દેવીઓ સૌધર્મ દેવોને ઉપભોગ્ય છે, જેઓની પલ્યોપમથી માંડી સમયાધિક, બે સમય, ત્રણ સમય, સંખ્યાતા કે અસંખ્યાતા સમય અધિક યાવત્ દસ પલ્યોપમની સ્થિતિ છે, તેઓ સનત્કુમાર દેવોની સાથે ગમન કરે છે. એટલે તે દેવીઓ સનત્કુમાર દેવોને ઉપભોગ્ય છે. એમ જેઓની દસપલ્યોપમના ઉપર સમયાધિક યાવત્ વીશ પલ્યોપમની સ્થિતિ છે, તેઓ બ્રહ્મલોક દેવોને ગમન કરવા યોગ્ય છે. એ પ્રમાણે વીશ પલ્યોપમના ઉપર જેઓની સમયાધિક યાવત્ ત્રીશ પલ્યોપમની સ્થિતિ છે તેઓ મહા શુક્રદેવોને ગમન કરવા યોગ્ય છે. એ પ્રમાણે જે દેવીઓની ત્રીશ પલ્યોપમના ઉપર સમયાધિક યાવત્ ચાલીશ પલ્યોપમની સ્થિતિ છે તેઓ ત્યાં રહેલીજ આનત દેવોને ધ્યાન–સંકલ્પનું આલમ્બનભૂત થાય છે. એ પ્રમાણે જેઓની ચાલીશ પલ્યોપમના ઉપર સમયાધિક યાવત્ પચાસ પલ્યોપમની સ્થિતિ છે તેઓ ત્યાં રહેલીજ આરણ દેવોને ધ્યાન–મનમાં સંકલ્પનું આલમ્બનરૂપ થાય છે. તથા ઈશાન દેવલોકમાં જે દેવીઓનું પલ્યોપમથી અધિક આયુષ્ય છે તેઓ ઈશાન દેવોને યોગ્ય છે. જે દેવીઓની સાધિક પલ્યોપમથી આરંભી સમયાધિક, બે સમય, ત્રણ સમય, સંખ્યાતા સમય, યાવત્ અસંખ્યાતા સમય અધિક યાવત્ પન્દર પલ્યોપમની સ્થિતિ છે તેઓ માહેન્દ્ર દેવોને ગમન કરવા યોગ્ય છે. એમ જે દેવીઓની પન્દર પલ્યોપમના ઉપર સમયાધિક, યાવત્ પચીશ પલ્યોપમ સ્થિતિ છે તે લાન્તક દેવોને ગમન કરવા યોગ્ય છે. જે

દેવીઓની પચીશ પલ્યોપમના ઉપર સમયાધિક યાવત્ પાંત્રીશ પલ્યોપમની સ્થિતિ છે તેઓ સહસ્રાર દેવોને ગમન કરવા યોગ્ય છે. જેઓની પાંત્રીશ પલ્યોપમના ઉપર સમયાધિક યાવત્ પીસતાળીશ પલ્યોપમની સ્થિતિ છે તેઓ ત્યાં રહેલીજ પ્રાણત દેવોને સંકલ્પનું અવલમ્બન ભૂત થાય છે. જેઓની પીસતાળીશ પલ્યોપમના ઉપર સમયાધિક યાવત્ પંચાવન પલ્યોપમની સ્થિતિ છે તેઓ ત્યાં રહેલીજ અચ્યુત દેવોને સંકલ્પનું અવલમ્બન થાય છે." '**तए णं**' ઇત્યાદિ. ત્યાર બાદ તે દેવો તે અપ્સરાઓની સાથે સુરત સંબન્ધી પરસ્પર સભ્ય અને અસભ્ય મનના સંકલ્પ કરવારૂપ મનપરિચાર કરે છે. '**सेसं**' ઇત્યાદિ. બાકી '**से जहानामाए सीया पोग्गला**' ઇત્યાદિ. જેમ કે શીત પુદ્ગલો ઇત્યાદિ બધું યાવત્ વારંવાર પરિણમે છે'–એ છેલ્લા વાક્ય સુધી કહેવું. અને તેની વ્યાખ્યા પૂર્વની પેઠે કરવી. તેથી ઉપરના ગ્રૈવેયકાદિ દેવો મનથી પણ સ્ત્રીઓને ઇચ્છતા નથી. કારણ કે તેઓને અલ્પ વેદનો ઉદય છે, તથા તેઓ ઉત્તરોત્તર અનન્તગુણ સુખવાળા છે. તે આ પ્રમાણે–કાયપ્રવીચારક દેવોથી અનન્તગુણ સુખવાળા સ્પર્શપરિચારક દેવો છે. તેથી અનન્તગુણ સુખવાળા રૂપપરિચારક દેવો છે, તેથી શબ્દપરિચારક દેવો અનન્તગુણ સુખવાળા છે. તેથી અનન્તગુણ સુખવાળા મનપરિચારક દેવો છે અને તેથી અપરિચારક દેવો અનન્તગુણ સુખવાળા છે. ॥૮॥૬૮૫॥

**एतेसिं णं भंते! देवाणं कायपरियारगाणं जाव मणपरियारगाणं, अपरियारगाण य कयरे कयरेहिंतो अप्पा वा ४? गोयमा! सव्वत्थोवा देवा अपरियारगा, मणपरियारगा संखेज्जगुणा, सद्दपरियारगा असंखेज्जगुणा, रूवपरियारगा असंखेज्जगुणा, फासपरियारगा असंखेज्जगुणा, कायपरियारगा असंखेज्जगुणा ।।सू०-९।।६८६।।**

**पण्णवणाए भगवतीए चउतीसइमं पवियारणापयं समत्तं ।।**

*(મૂ૦) હે ભગવન્! કાયપરિચારક–શરીર વડે મૈથુનસેવી, યાવત્ મન વડે વિષય સેવનારા અને અપરિચારક–વિષય સેવનરહિત તે દેવોમાં કયા દેવો અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ સૌથી થોડા દેવો વિષયસેવન રહિત છે, તેથી મન વડે વિષય સેવી દેવો સંખ્યાતગુણા છે, તેથી શબ્દ વડે વિષયસેવી અસંખ્યાતગુણા છે, તેથી રૂપ વડે વિષયસેવી અસંખ્યાતગુણા છે, તેથી સ્પર્શ વડે વિષય સેવનારા અસંખ્યાતગુણા છે, અને તેથી કાયા વડે વિષય સેવનારા અસંખ્યાતગુણા છે. ॥૯॥૬૮૬॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં ચોત્રીશમું પરિચારણા પદ સમાપ્ત.*

(ટી૦) હવે એઓનું પરસ્પર અલ્પબહુત્વ કહે છે–'**एएसिणं**' ઇત્યાદિ. સૌથી થોડા અપરિચારક–વિષયસેવન રહિત દેવો છે. કારણ કે તેઓ ગ્રૈવેયક અને અનુત્તરૌપપાતિક દેવો છે. અને તે બધા મળીને ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. તેથી મનઃપરિચારક દેવો સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ આનતાદિ ચાર દેવલોકમાં રહેવાવાળા છે અને તેમાં રહેનારા દેવો પૂર્વ દેવોની અપેક્ષાએ સંખ્યાતગુણા ક્ષેત્રપલ્યોપમના અસંખાતમા ભાગના આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. તેથી શબ્દપરિચારક દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ મહાશુક્ર અને સહસ્રાર કલ્પવાસી છે, અને તેઓ ઘનરૂપે કરેલાં લોકની એક પ્રદેશની શ્રેણીના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો હોય તેટલા છે. તેથી રૂપપરિચારક દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ બ્રહ્મલોક અને લાન્તક દેવલોકમાં રહેનારા છે અને તેઓ પૂર્વ દેવોની અપેક્ષાએ અસંખ્યાતગુણી શ્રેણિના અસંખ્યાતમાં ભાગે રહેલા આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. તેથી પણ સ્પર્શપરિચારક દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેઓ સનત્કુમાર અને માહેન્દ્રકલ્પમાં રહેવા વાળા છે. અને ત્યાં રહેલા દેવો બ્રહ્મલોક અને લાન્તક દેવોની અપેક્ષાએ અસંખ્યાતગુણી શ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશપ્રમાણ કહેલા છે, તેથી કાયપરિચારક દેવો અસંખ્યાતગુણા છે, કારણ કે ભવનપતિથી આરંભી ઈશાન પર્યન્ત સર્વ દેવો કાયપરિચારક છે, અને તેઓ સર્વ મળી પ્રતરના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશના રાશિપ્રમાણ છે. ॥૯॥૬૮૬॥

શ્રમિદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં ચોત્રીશમું પ્રવીચારપદ સમાપ્ત.

## || पंचतीसइमं वेयणापयं ||

### || अत्थाहिगार परूवणं ||

**सीता य दव्व सारीर सात तह वेदणा भवति दुक्खा। अब्भुवगमोवक्कमिया णिदा य अणिदा य नायव्वा।। सायमसायं सव्वे सुहं च दुक्खं अदुक्खमसुहं च। माणसरहियं विगलिंदिया उ सेसा दुविहमेव।।सू०-१।।६८७।।**

### પાંત્રીશમું વેદના પદ

*શીત (ઉષ્ણ અને શીતોષ્ણ) વેદના, દ્રવ્ય (ક્ષેત્ર, કાળ અને ભાવ)ને આશ્રયી વેદના, શારીરિક (અને માનસિક) વેદના, સાતા અને દુઃખા વેદના, તથા આભ્યુપગામિકી અને ઔપક્રમિકી વેદના, અને નિદા—વિવેકસહિત અને અનિદા—વિવેકરહિત વેદના જાણવી. બધા જીવો સાતા અને અસાતા, સુખા, દુઃખા અને અદુઃખસુખા રૂપ વેદના વેદે છે. વિકલેન્દ્રિયા—એકેન્દ્રિયાદિ મનરહિત વેદના વેદે છે અને બાકીના જીવો બન્ને પ્રકારની શારીરિક અને માનસિક વેદના વેદે છે. ।।૧।।૬૮૭।।*

એ પ્રમાણે ચોત્રીશમું પદ કહ્યું, હવે પાંત્રીશમા પદનો પ્રારંભ કરાય છે. એનો સંબન્ધ આ પ્રમાણે છે-પૂર્વના પદમાં વેદના પરિણામ વિશેષરૂપ પ્રવીચાર કહ્યો અને આ પદમાં ગતિના પરિણામ વિશેષ વેદનાનું પ્રતિપાદન કરવાનું છે. તેમાં પ્રારંભમાં સકલ વક્તવ્યતાના સંગ્રહનું પ્રતિપાદન કરનાર આ બે દ્વાર ગાથાઓ છે—'सीया य दव्व' ઇત્યાદિ પ્રથમ શીતા-શીત વેદના, 'च' શબ્દથી ઉષ્ણ વેદના અને શીતોષ્ણ વેદના કહેવાની છે. ત્યાર પછી દ્રવ્ય, ક્ષેત્ર કાલ અને ભાવને આશ્રયી વેદના કહેવાની છે. ત્યાર પછી શારીરી-શરીર સંબન્ધી વેદના અને ઉપલક્ષણથી માનસી-મન સંબન્ધી વેદના કહેવાની છે. ત્યાર બાદ સાતા અને દુઃખા વેદના ભેદસહિત કહેવા યોગ્ય જાણવી. તે પછી આભ્યુપગમિકી-સ્વયં વ્રત-નિયમાદિના અભ્યુગમન-સ્વીકાર કરવા વડે થયેલી વેદના અને ઔપક્રમિકી-વેદનીય કર્મના ઉદય વડે થયેલી વેદના કહેવા યોગ્ય છે. તે પછી નિદા અને અનિદારૂપ વેદના કહેવાની છે. સાતા અને સુખાદિના વિશેષતા તથા આભ્યુપગમિકી આદિ શબ્દોનો અર્થ આગળ કહેવામાં આવશે. સાતાદિ વેદનાને આશ્રયી જે વિશેષતા કહેવાની છે તેનો સંગ્રહ કરનારી બીજી ગાથા છે—'सायमसायं' ઇત્યાદિ. બધા સંસારી જીવો સાતા, અસાતા અને ચ શબ્દથી સાતા-અસાતા બન્ને પ્રકારની વેદના વેદે છે. તથા સુખા, દુઃખા અને અદુઃખસુખા વેદવાને વેદે છે. તથા વિકલેન્દ્રિયો-એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો, અહીં તુ શબ્દ અધિકાર રૂપ અર્થનો સૂચક હોવાથી અને અસંજ્ઞી પંચેન્દ્રિયો 'मानसरहितां' મનરહિત વેદના વેદે છે. બાકીના જીવો બે પ્રકારની શરીર અને મનહેતુક શારીરિક, માનસિક અને તે બન્ને પ્રકારની વેદના વેદે છે. આ દ્વાર ગાથામાં નિદા અને અનિદા વેદનાના ભેદનો સંગ્રહ કર્યો નથી. કારણ કે સૂત્રની ગતિ વિચિત્ર છે. ।।૧।।૬૮૭।।

### || चउवीसदंडएसु सीताइवेयणादारं

**कइविहा णं भंते! वेदणा पन्नत्ता? गोयमा! तिविहा वेदणा पन्नत्ता, तं जहा--सीता, उसिणा, सीतोसिणा। णेरइया णं भंते! किं सीतं वेदणं वेदेंति, उसिणं वेदणं वेदेंति, सीतोसिणं वेदणं वेदेंति? गोयमा! सीतं पि वेदणं वेदेंति, उसिणं पि वेदणं वेदेंति, णो सीतोसिणं वेदणं वेदेंति। केई एक्केक्कपुढवीए वेदणाओ भणंति। रयणप्पभापुढविणेरइयाणं भंते! पुच्छा। गोयमा! णो सीतं वेदणं वेदेंति, उसिणं वेदणं वेदेंति, णो सीतोसिणं वेदणं वेदेंति, एवं जाव वालुयप्पभापुढविणेरइया। पंकप्पभापुढविणेरइयाणं पुच्छा। गोयमा! सीतं पि वेदणं वेदेंति, उसिणं पि वेदणं वेदेंति, णो सीतोसिणं वेदणं वेदेंति। ते बहुयतरागा जे उसिणं वेदणं वेदंति, ते थोवतरागा जे सीतं वेदणं वेदेंति। धूमप्पभाए एवं चेव दुविहा, नवरं ते बहुयतरागा जे सीतं वेदणं वेदेंति, ते थोवतरागा जे उसिणं वेदणं वेदेंति।**

**तमाए तमतमाए य सीयं वेदणं वेदेंति, नो उसिणं वेदणं वेदेंति, नो सीतोसिणं वेदणं वेदेंति,। असुरकुमाराणं पुच्छा। गोयमा! सीतं पि वेदणं वेदेंति, उसिणं पि वेदणं वेदेंति, सीतोसिणं पि वेदणं वेदेंति, एवं जाव वेमाणिया ।।सू०-२।।६८८।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની વેદના કહી છે. તે આ પ્રમાણ—શીત, ઉષ્ણ અને શીતોષ્ણ વેદના. હે ભગવન્! નૈરયિકો શું શીતવેદના વેદે છે, ઉષ્ણવેદના વેદે છે કે શીતોષ્ણવેદના વેદે છે? હે ગૌતમ! શીતવેદના વેદે છે, ઉષ્ણવેદના વેદે છે. પરન્તુ શીતોષ્ણ વેદના વેદતા નથી. કોઇ આચાર્ય એક એક પૃથિવીને વિષે વેદના કહે છે. હે ભગવન્! રત્નપ્રભાપૃથિવીના નૈરયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ શીતવેદના વેદતા નથી, ઉષ્ણવેદના વેદે છે અને શીતોષ્ણ વેદના વેદતા નથી. એ પ્રમાણે વાલુકા પૃથિવીના નૈરયિકો સુધી જાણવું. પંકપ્રભા પૃથિવીના નૈરયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ શીતવેદના વેદે છે અને ઉષ્ણ વેદના પણ વેદે છે, પણ શીતોષ્ણ વેદના વેદતા નથી. જેઓ ઉષ્ણવેદના વેદે છે તેઓ ઘણા છે અને જેઓ શીતવેદના વેદે છે તેઓ થોડા છે. ધુમપ્રભાને વિષે એમ બન્ને પ્રકારની વેદના જાણવી. પરન્તુ જે શીતવેદના વેદે છે ઘણા છે અને જે ઉષ્ણ વેદના વેદે તે થોડા છે. તમા અને તમઃતમામાં શીત વેદના વેદે છે પણ ઉષ્ણવેદના અને શીતોષ્ણ વેદના વેદતા નથી. અસુરકુમારો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે અને શીતોષ્ણ વેદના પણ વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. ॥૨॥૬૮૮॥*

(ટી૦) તેમાં 'ઉદ્દેશના ક્રમને અનુસરી નિર્દેશ થાય છે' એ ન્યાયથી પ્રથમ શીતાદિ વેદનાનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છ--'**कतिविहा णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? ઇત્યાદિ, '**शीता**' શીત પુદ્ગલોના સંબન્ધથી ઉત્પન્ન થયેલી શીત વેદના. એ પ્રમાણે ઉષ્ણ વેદના સમજવી. જે ભિન્ન ભિન્ન અવયવમાં શીત અને ઉષ્ણ પુદ્ગલના સંબન્ધથી શીત અને ઉષ્ણ વેદના થાય તે શીતોષ્ણ વેદના. એ ત્રણે પ્રકારની વેદનાનો નૈરયિકાદિ ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરે છે—'**नेरइया णं**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકો શીત વેદના વેદે? ઇત્યાદિ. તેમાં પ્રથમની ત્રણ નરક પૃથિવીમાં નૈરયિકો ઉષ્ણ વેદના વેદે છે. તે નારકો શીતયોનિવાળા છે અને તેના આશ્રયભૂત જે નરકાવાસો છે તે ચો તરફ જગત્પ્રસિદ્ધ ખેરના અંગારા કરતાં અધિક અને ઘણા તાપવાળા ઉષ્ણ પુદ્ગલોથી ઉત્પન્ન થાય છે. પંકપ્રભા નામે ચોથી નરકપૃથિવીમાં કેટલાક નૈરયિકો ઉષ્ણ વેદના વેદે છે અને કેટલાએક નૈરયિકો શીત વેદનાનો અનુભવ કરે છે. કારણ કે ત્યાંના નરકવાસો શીત અને ઉષ્ણના ભેદથી બે પ્રકારના છે. તેમાં કેવળ જે ઉષ્ણવેદના અનુભવે છે તે ઘણા છે, કારણ કે ઘણા નરકાવાસોમાં ઉષ્ણવેદનાનો સદ્ભાવ છે. બીજા જે શીત વેદનાનો અનુભવ કરે છે તે થોડા છે. કારણ કે અત્યંત થોડા નરકવાસોમા શીત વેદનાનો સંભવ છે. ધુમઃપ્રભા પૃથિવીમાં કેટલાએક શીત વેદનાવાળા અને કેટલાએક ઉષ્ણ વેદનાવાળા છે, પરન્તુ શીત વેદનાવાળા ઘણા છે, કારણ કે ઘણા નરકાવાસોમાં શીત વેદનાનો સંભવ છે અને થોડા ઉષ્ણ વેદનાવાળા છે, કારણ કે કેટલાએક નરકાવાસોમાં ઉષ્ણ વેદના હોય છે. નીચેની બન્ને પૃથિવીમાં નૈરયિકો શીત વેદનાનો જ અનુભવ કરે છે. કારણ કે ત્યાંના બધા નૈરયિકો ઉષ્ણ યોનિવાળા છે અને નરકાવાસો અનુપમ શીતલતાવાળા છે. અહીં સુધીનું સૂત્ર પ્રાચીન આચાર્યોમાં મતભેદ વિના સંભળાય છે. કેટલાએક આચાર્યો આ સંબન્ધે પણ અધિક સૂત્ર કહે છે. તેથી તેનો મત કહે છે—'**कोई एक्केक्कीए पुढवीए वेयणं भणंति**' કેટલાએક આચાર્યો એક એક પૃથિવીમાં પ્રશ્ન અને ઉત્તર રૂપે વેદના કહે છે. તેઓ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે બતાવે છ—'**रायणप्पभ**' ઇત્યાદિ સૂત્ર સુગમ છે. એ પ્રમાણે નૈરયિકોની શીતાદિ વેદનાનો વિચાર કર્યો. હવે અસુરકુમારો સંબન્ધી વેદનાનો વિચાર કરતા સૂત્રકાર કહે છે—'**असुरकुमाराणं पुच्छा**'—અસુરકુમારોને શીતાદિ વેદનાના વિષયમાં પ્રશ્ન સૂત્ર કહેવું—'**असुरकुमारा णं भंते! किं सीयं वेदणं वेयंति, उसिणं वेदणं वेयंति, सीओसिणं वेयणं वेयन्ति?**' અસુરકુમારો શીત વેદના અનુભવે છે, ઉષ્ણ વેદના અનુભવે છે કે શીતોષ્ણ વેદના અનુભવે છે? ભગવાન્ કહે છે—'હે ગૌતમ! ઇત્યાદિ. તેઓ શીત વેદના પણ વેદે છે. જ્યારે તેઓ શીતલ જળથી ભરેલા દ્રહાદિમાં સ્નાનાદિ કરે છે. ઉષ્ણ વેદના પણ

વેદે છે, જ્યારે કોઇ મહાઋદ્ધિવાળો, તેની જાતનો કે અન્ય જાતિનો દેવ કોપના આવેશથી વિરૂપ દૃષ્ટિ વડે જોતો શરીરમાં સંતાપ ઉત્પન્ન કરે છે, જેમ પ્રથમ થયેલા ઈશાનેન્દ્રે બલીચંચા રાજધાનીમાં વસતા અસુરકુમારોને સંતાપ ઉત્પન્ન કર્યો હતો. અથવા બીજી રીતે તેવા પ્રકારના ઉષ્ણ પુદ્ગલોના સંબન્ધથી ઉષ્ણ વેદનાનો અનુભવ કરતા જાણવા. જ્યારે જુદા જુદા અવયવમાં શીત પુદ્ગલોનો અને ઉષ્ણ પુદ્ગલોનો સંબન્ધ થાય ત્યારે શીતોષ્ણ વેદનાનો અનુભવ કરે છે.

(પ્ર૦)—ઉપયોગ જીવોને તેવા પ્રકારના સ્વભાવથી અનુક્રમે હોય છે, તો અહીં શીત અને ઉષ્ણ વેદનાનો અનુભવ એક સાથે કેમ કહો છો?

(ઉ૦)—અહીં પણ વેદનાનો અનુભવ તેવા પ્રકારના જીવસ્વભાવથી અનુક્રમે જ થાય છે. કેવળ શીત અને ઉષ્ણ વેદનાના કારણભૂત પુદ્ગલોનો સંબન્ધ એક કાળે થાય છે, માટે સૂક્ષ્મ અને જલદી થવાના સ્વભાવવાળા ઉપયોગના ક્રમની અપેક્ષા કર્યા સિવાય જે પ્રમાણે તેઓ એક કાળે વેદતા હોય.એમ માને છે તે પ્રમાણે પ્રતિપાદન કરેલું છે, તેમાં કોઇ પ્રકારનો દોષ નથી. કારણ કે સૂત્ર સામાન્યપણે પ્રવૃત્ત થયેલું છે. 'एवं जाव वेमाणिया' એ પ્રમાણે અસુરકુમારોને કહ્યા પ્રમાણે વૈમાનિકો સુધી સૂત્ર કહેવું. તે આ પ્રમાણે—'હે ભગવન્! પૃથિવીકાયિકો શું શીત વેદના વેદે છે, ઉષ્ણ વેદના વેદે છે કે શીતોષ્ણ વેદના વેદે છે? હે ગૌતમ! શીત વેદના પણ વેદે છે, ઉષ્ણ વેદના પણ વેદે છે, અને શીતોષ્ણ વેદના પણ વેદે છે'. ઇત્યાદિ. તેમાં પૃથિવીકાયિકાદિ મનુષ્ય પર્યન્ત હિમાદિના પડવાથી શીત વેદનાનો અનુભવ કરે છે. અગ્નિ વગેરેના સંબન્ધમાં ઉષ્ણ વેદનાનો અને જુદા જુદા અવયવમાં શીત અને ઉષ્ણ પુદ્ગલોના સંબન્ધમાં શીતોષ્ણ વેદનાનો અનુભવ કરે છે. વ્યન્તર જ્યોતિષ્ક અને વૈમાનિકો અસુરકુમારની પેઠે વિચારવા. ॥૨॥૬૮૮॥

## ।। दव्वाइवेदणा दारं ।।

**कतिविहा णं भंते! वेदणा पन्नत्ता? गोयमा! चउव्विहा वेदणा पन्नत्ता, तं जहा--दव्वतो खेत्ततो कालतो भावतो। णेरइया णं भंते! किं दव्वतो वेदणं वेदेंति, जाव किं भावतो वेदणं वेदेंति? गोयमा दव्वओ वि वेदणं वेदेंति, जाव भावओ वि वेदणं वेदेंति, एवं जाव वेमाणिया।**

## ।। सारीराइवेदणा दारं ।।

**कतिविहा णं भंते! वेदणा पन्नत्ता? गोयमा! तिविहा वेदणा पन्नत्ता, तं जहा--सारीरा, माणसा, सारीरमाणसा। णेरइया णं भंते! किं सारीरं वेदणं वेदेंति, माणसं वेयणं वेदेंति, सारीरमाणसं वेदणं वेदेंति? गोयमा! सारीरंपि वेदणं वेदेंति, माणसंपि वेदणं वेदेंति, सारीरमाणसंपि वेदणं वेदेंति। एवं जाव वेमाणिया, णवरं एगिंदिया-विगलिंदिया सारीरं वेदणं वेदेंति, णो माणसं वेदणं वेदेंति, णो सारीरमाणसं वेदणं वेदेंति।**

## ।। साताइवेदणा दारं ।।

**कतिविहा णं भंते! वेयणा पन्नत्ता? गोयमा! तिविहा वेयणा पन्नत्ता, तं जहा--साता, असाता, सातासाता। णेरइया णं भंते! किं सायं वेदणं वेदेंति, असातं वेदणं वेदेंति, सायासायं वेदणं वेदेंति? गोयमा! तिविहंपि वेदणं वेदेंति, एवं सव्वजीवा जाव वेमाणिया।**

## ।। दुक्खाइवेदणा दारं ।।

**कतिविहा णं भंते! वेदणा पन्नत्ता? गोयमा! तिविहा वेदणा पन्नत्ता, तं जहा--दुक्खा, सुहा, अदुक्खमसुहा। णेरइया णं भंते! किं दुक्खं वेदणं वेदेंति० पुच्छा। गोयमा! दुक्खं पि वेदणं वेदेंति, सुहं पि वेदणं वेदेंति, अदुक्खमसुहं पि वेदणं वेदेंति, एव जाव वेमाणिया ।।सू०-३।।६८९।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! ચાર પ્રકારની વેદના કહી છે. તે આ પ્રમાણ—દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી હે ભગવન્! નૈરયિકો શું દ્રવ્યથી વેદના વેદે છે? યાવત્ શું ભાવથી વેદે છે? હે ગૌતમ! દ્રવ્યથી પણ વેદના વેદે છે, યાવત્ ભાવથી પણ વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની વેદના કહી છે. જેમકે શારીરીક, માનસિક અને શારીરીક—માનસિક વેદના. હે ભગવન્! નૈરયિકો શારીરીક વેદના વેદે છે, માનસિક વેદના વેદે છે કે શારીરીક અને માનસ બન્ને વેદના વેદે છે? હે ગૌતમ! નૈરયિકો શારીરીક વેદના પણ વેદે છે, માનસ વેદના પણ વેદે છે અને શારીરીક અને માનસિક બન્ને વેદના પણ વેદે છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો શારીરીક વેદના વેદે છે, પણ માનસિક વેદના અને શારીરીક—માનસિક વેદના વેદતા નથી. હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! ત્રણ પ્રકારની વેદના કહી છે. તે આ પ્રકાણે—સાતા, અસાતા અને સાતા—અસાતા. હે ભગવન્! નૈરયિકો શું સાતા વેદના વેદે છે, અસાતા વેદના વેદે છે કે સાતા અને અસાતા બન્ને પ્રકારની વેદના વેદે છે? હે ગૌતમ! ત્રણે પ્રકારની વેદના વેદે છે. એમ સર્વ જીવો યાવત્ વૈમાનિકો સુધી જાણવા. હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! દુ:ખા, સુખા અને અદુ:ખાસુખા. હે ભગવન્! નૈરયિકો શું દુ:ખા વેદના વેદે છ—ઇત્યાદિ પ્રશ્ન. હે ગૌતમ! દુ:ખા વેદના પણ વેદે છે, સુખા વેદના પણ વેદે છે અને અદુ:ખાસુખા વેદના પણ વેદે છે, એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. ॥૩॥૬૮૯॥*

(ટી૦) શીતાદિ ભેદથી ત્રણ પ્રકારની વેદના કહી, હવે તે વેદના અન્ય પ્રકારે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રશ્ન અને ઉત્તર કહે છે—'**कतिविहा णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? ઇત્યાદિ. અહીં વેદના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની સામગ્રીથી ઉત્પન્ન થાય છે, કારણ કે સર્વ વસ્તુ દ્રવ્યાદિ સામગ્રીના વશથી ઉપજે છે. તેમાં જ્યારે આ પ્રાણીની વેદના પુદ્ગલ દ્રવ્યના સંબન્ધને આશ્રયી વિચારીએ ત્યારે દ્રવ્યથી વેદના થાય છે માટે દ્રવ્ય વેદના. નારકાદિના ઉત્પત્તિક્ષેત્રને આશ્રયી ચિન્તન—વિચાર કરાય ત્યારે ક્ષેત્રવેદના, નારકાદિ ભવની કાળનાં સંબન્ધ વડે વિવક્ષા કરાતી હોય ત્યારે કાળ વેદના અને વેદનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થવા વડે વિચાર કરાતો હોય ત્યારે ભાવવેદના. એ ચારે પ્રકારની વેદનાનો ચોવીશ દણ્ડકના ક્રમથી વિચાર કરે છે—'**नेरइया णं भंते**'! **किं दव्वतो वेयणं वेदन्ति**'—હે ભગવન્! નૈરયિકો શું દ્રવ્યથી વેદના વેદે છે'—ઇત્યાદિ બધુંય સૂત્ર સુગમ છે. હવે અન્ય પ્રકારે વેદનાનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રશ્ન અને ઉત્તર સૂત્ર કહે છે—'**कतिविहा णं भंते**'! હે ભગવન્! વેદના કેટલા પ્રકારે છે? ઇત્યાદિ. શરીરમાં થયેલી શારીરીક વેદના અને મનમાં ઉત્પન્ન થયેલી માનસી વેદના અને શરીર અને મન બન્નેને વિષે થયેલી શારીર—માનસી વેદના કહેવાય છે. અહીં કર્મધારય સમાસમાં પૂર્વ પદનો પુંવદ્ભાવ થયો છે. એ વેદનાનો ચોવીશ દણ્ડકના ક્રમથી વિચાર કરે છે—'**नेरइया णं भंते! किं सारीरं वेयणं वेदति**'—'હે ભગવન્! નૈરયિકો શું શારીર—શરીર સંબન્ધી વેદના વેદે છે'? ઇત્યાદિ. તેમાં જ્યારે પરસ્પર ઉદીરણા કરવાથી, પરમાધાર્મિકોએ ઉત્પન્ન કરવાથી કે ક્ષેત્રના પ્રભાવથી શરીર વિષે પીડાનો અનુભવ કરે છે ત્યારે શારીરીક વેદના વેદે છે. જ્યારે કેવળ પછીના ભવને અનુસરી મનમાં દુ:ખનો વિચાર કરે છે, તથા દુષ્કર્મ કરનાર પોતાને અનુસરી અતિશય પશ્ચાત્તાપ કરે છે ત્યારે માનસી—મન સંબન્ધી વેદના વેદે છે. જ્યારે વિવક્ષિત તેટલા કાળમાં શરીર વિષે પીડાનો અનુભવ કરે અને એટલા કાળ સુધી મન વિષે ઉપર કહ્યા પ્રમાણે એક સાથે પીડાનો અનુભવ કરે ત્યારે એટલા કાળની એક વિવક્ષા કરી શારીર—માનસી વેદના અનુભવે છે. અહીં પણ વેદનાનો અનુભવ અનુક્રમે જ થાય છે. કેવળ વિવક્ષિત તેટલા કાળમાં શરીર વિષે પીડાનો અનુભવ કરે છે અને મનમાં પણ એટલા કાળ સુધી પીડા અનુભવે છે તે એકપણે વિવક્ષા કરી એક સાથે શરીર અને મનની પીડાનો અનુભવ કહ્યો છે માટે તેમાં દોષ નથી. એ પ્રમાણે નૈરયિકોને કહ્યા પ્રમાણે સૂત્ર વૈમાનિક સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો શારીરિક વેદના વેદે છે પણ માનસિક વેદના વેદતા નથી. કારણ કે તેઓને મન નથી, તેથી તેને અનુસરે તે સંબન્ધે સુત્ર ન કહેવું.

હવે અન્ય પ્રકારે વેદના કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રશ્ન અને ઉત્તર સૂત્ર કહે છે—'**कतिविहा णं भंते**'! હે ભગવન્!

કેટલા પ્રકારે વેદના કહી છે? ઇત્યાદિ. તેમાં સાતા–સુખરૂપ વેદના, અસાતા દુઃખરૂપ વેદના અને સાતા–અસાતા–સુખ–દુઃખરૂપ વેદના, એનો જ નૈરયિકાદિ ચોવીશ દણ્ડકના ક્રમથી વિચાર કરે છે—'**नेरइया णं भंते**'! ઇત્યાદિ. 'હે ભગવન્! નૈરયિકો શું સાતાવેદના વેદે છે'? ઇત્યાદિ. નારકો તીર્થંકરના જન્માદિ સમયે સાતાવેદના વેદે છે અને બાકીના સમયે અસાતા વેદના વેદે છે. જ્યારે પૂર્વ ભવનો મિત્ર દેવ કે દાનવ વચનામૃતો વડે શાન્ત કરે ત્યારે મનમાં સાતા અને શરીરે ક્ષેત્રના પ્રભાવથી અસાતા અનુભવે છે. અથવા જ્યારે મનમાં જ તેના દર્શનથી અને તેના વચન સાંભળવાથી સાતા અને પશ્ચાત્તાપના અનુભવથી અસાતા અનુભવે છે ત્યારે સાતા–અસાતા વેદનાનો અનુભવ કરે છે. અહીં પણ તેટલા વિવક્ષિત કાળને એક વિવક્ષી સાતા અને અસાતાનો અનુભવ એક કાળે કહ્યો છે, પણ વાસ્તવિક રીતે તે અનુક્રમે જ જાણવો. '**एवं**' ઇત્યાદિ. એ પ્રમાણ—નૈરયિકોને કહ્યા પ્રમાણે વૈમાનિક સુધી બધા જીવો કહેવા. તેમાં પૃથિવ્યાદિ જીવો જ્યાં સુધી તેને ઉપદ્રવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓ સાતા વેદના વેદે છે. ઉપદ્રવ પ્રાપ્ત થતાં અસાતા વેદના અનુભવે છે અને જુદા જુદા અવયવમાં ઉપદ્રવ હોય અને ન હોય ત્યારે સાતા અને અસાતા વેદના વેદે છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો સુખ અનુભવતા સાતા વેદના, ચ્યવનાદિ સમયે અસાતા વેદના અને બીજાની સંપત્તિને જોવાથી માત્સર્યાદિનો અનુભવ અને પોતાની પ્રિય દેવીના આલિંગનાદિનો અનુભવ એક સાથે થાય ત્યારે સાતા અસાતા વેદના વેદે છે. પુનઃ અન્ય પ્રકારે વેદનાનું પ્રતિપાદન કરતા સૂત્રકાર પ્રશ્ન અને ઉત્તર સૂત્ર કહે છે—'**कइविहा णं भंते**'! 'હે ભગવન્! કેટલા પ્રકારે વેદના કહી છે'? ઇત્યાદિ. જે વેદના એકાન્તે દુઃખરૂપે કહી શકાય નહિ, કારણ કે સુખ પણ હોય છે, તેમ સુખરૂપ પણ ન કહી શકાય, કારણ કે દુઃખ પણ હોય છે, તે અદુઃખસુખા–સુખદુઃખાત્મિકા વેદના કહેવાય છે.

(પ્ર૦)—સાતા અને અસાતા અને સુખા અને દુઃખામાં શી વિશેષતા છે?

(ઉ૦)—જે અનુક્રમે ઉદયમાં આવેલા વેદનીય કર્મના પુદ્ગલના અનુભવથી સુખ દુઃખ થાય તે સાતા અને અસાતા કહેવાય છે. જે અન્ય વડે ઉદીરાતી વેદના રૂપ સાતા અને અસાતા તે સુખા અને દુઃખા કહેવાય છે. એજ વેદનાનો ચોવીશ દંડકના અનુક્રમથી વિચાર કરે છે—'**नेरइया णं भंते**'!–હે ભગવન્! નૈરયિકો દુઃખા–દુઃખ રૂપ વેદના વેદે છે? ઇત્યાદિ. ॥૩॥૬૮૯॥

## ।। अब्भोवगमियाइवेयणा दारं ।।

**कतिविहा णं भंते! वेदणा पन्नत्ता? गोयमा! दुविहा वेयणा पन्नत्ता। तं जहा—अब्भोवगमिया य ओवक्कमिया य। णेरइया णं भंते! अब्भोवगमियं वेदणं वेदेंति, ओवक्कमियं वेदणं वेदेंति? गोयमा! णो अब्भोवगमियं वेदणं वेदेंति, ओवक्कमियं वेदणं वेदेंति, एवं जाव चउरिंदिया। पंचिंदियतिरिक्खजोणिया मणूसा य दुविहं पि वेदणं वेदेंति, वाणमंतर-जोतिसिय-वेमाणिया जहा णेरइया ।।सू०-४।।६९०।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! બે પ્રકારની વેદના કહી છે. તે આ પ્રમાણે—આભ્યુપગમિકી અને ઔપક્રમિકી. હે ભગવન્! નૈરયિકો આભ્યુપગમિકી વેદના વેદે છે કે ઔપક્રમિકી વેદના વેદે છે? હે ગૌતમ! તેઓ આભ્યુપગમિકી વેદના વેદતા નથી, પણ ઔપક્રમિકી વેદના વેદે છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બન્ને પ્રકારની વેદના વેદે છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો નૈરયિકોની પેઠે સમજવા. ॥૪॥૬૯૦॥*

(ટી૦) અન્ય પ્રકારે વેદનાનોજ વિચાર કરે છ—**कइविहा णं भंते**! હે ભગવન્! કેટલા પ્રકારે વેદના કહી છે? ઇત્યાદિ. તેમાં આભ્યુપગમિકી એટલે જે સ્વયં અભ્યુપગમ્યતે–અઙ્ગીકાર કરાય. જેમ સાધુઓ વડે કેશનું લુંચન, આતાપના ઇત્યાદિ વડે શરીરને કષ્ટ અપાય છે, કારણ કે **अभ्युपगमेन निर्वृत्ता** અભ્યુપગમ–સ્વંય કેશનો લોચ વગેરે કષ્ટનું અઙ્ગીકાર કરવું, તે વડે ઉત્પન્ન થયેલી તે આભ્યુપગમિકી એવી તેની વ્યુત્પત્તિ થાય છે. ઉપક્રમ–સ્વયંમેવ પાસે જવું, અથવા ઉદીરણાકરણ વડે પાસે લાલવું. તે વડે ઉત્પન્ન થયેલી તે ઔપક્રમિકી. સ્વયં ઉદયમાં આવેલા કે ઉદીરણા કરણથી ઉદયમાં આવેલા વેદનીય કર્મના વિપાકના અનુભવ વડે ઉત્પન્ન થયેલી વેદના ઔપક્રમિકી વેદના કહેવાય છે. તેમાં પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બન્ને પ્રકારની વેદના વેદે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને કર્મનો ક્ષય કરવા માટે આભ્યુપગમિકી વેદનાનો સંભવ છે. બાકીના જીવો

ઔપક્રમિકી જ વેદના વેદે છે, પણ આભ્યુપગમિકી વેદના વેદતા નથી. પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને મનનો અભાવ હોવાને લીધે વિવેકના અભાવથી તેવા પ્રકારે આભ્યુપગમિકી વેદનાની પ્રાપ્તિ નથી. નારક, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને તેવા પ્રકારના ભવસ્વભાવથી આભ્યુપગમિકી વેદના નથી. એ જ સૂત્રકાર બતાવે છે—'**नेरइयाणं भंते**'! 'હે ભગવન્! નૈરયિકો આભ્યુપગમિકી વેદના વેદે છે' ઇત્યાદિ સુગમ છે. ॥૪॥૬૯૦॥

## ।। णिदाइवेदणा दारं ।।

**कतिविहा णं भंते! वेदणा पन्नत्ता? गोयमा! दुविहा वेदणा पन्नत्ता। तं जहा—णिदा य अणिदा य। णेरइया णं भंते! किं णिदायं वेयणं वेदेंति, अणिदायं वेदणं वेदेंति? गोयमा! णिदायं पि वेदणं वेदेंति, अणिदायं पि वेदणं वेदेंति। से केणट्ठेणं भंते! एवं वुच्चति—'णेरइया णिदायं पि वेदणं वेदेंति अणिदायं पि वेदणं वेदेंति? गोयमा! णेरइया दुविहा पन्नत्ता, तं जहा—सण्णिभूया य असण्णिभूया य। तत्थ णं जे ते सण्णिभूया ते णं णिदायं वेदणं वेदेंति, तत्थ णं जे ते असण्णिभूता ते णं अणिदायं वेदणं वेदेंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति णेरइया णिदायं पि वेदणं वेदेंति, अणिदायं पि वेदणं वेदेंति, एवं जाव थणियकुमारा। पुढविक्काइयाणं पुच्छा। गोयमा! णो णिदायं वेदणं वेदेंति, अणिदायं वेदणं वेदेंति। से केणट्ठेणं भंते! एवं वुच्चति—'पुढविक्काइया णो णिदायं वेदणं वेदेंति, अणिदायं वेदणं वेदेंति'? गोयमा! पुढविक्काइया सव्वे असण्णी असण्णिभूयं अणिदायं वेदणं वेदेंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति—'पुढविक्काइया णो णिदायं वेदणं वेदेंति, अणिदायं वेदणं वेदेंति, एवं जाव चउरिंदिया। पंचेंदियदियतिरिक्खजोणिया मणूसा वाणमंतरा जहा णेरइया। जोइसियाणं पुच्छा। गोयमा! णिदायं पि वेयणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति। से केणट्ठेणं भंते एवं वुच्चति—'जोइसिया णिदायं पि वेदणं वेदेंति, अणिदायं पि वेयणं वेदेंति'? गोयमा! जोइसिया दुविहा पन्नत्ता, तं जहा—माइमिच्छदिट्ठिउववण्णगा य अमाइसम्ममिच्छदिट्ठि उववण्णगा य तत्थ णं जे ते माइमिच्छद्दिट्ठिउववण्णगा ते णं अणिदायं वेयणं वेयंति, तत्थ णं जे ते अमाईसम्मद्दिट्ठिउववन्नगा ते णं निदायं वेदणं वेदेंति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति 'जोइसिया दुविहं पि वेदणं वेदेंति, एवं वेमाणिया वि ।।सू०-५।।६९१।।**

पण्णवण्णाए भगवईए पणतीसइमं वेयणापयं समत्तं ।।३५।।

*(મુ૦) હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? હે ગૌતમ! બે પ્રકારની વેદના કહી છે. તે આ પ્રમાણે—નિદા અને અનિદા. હે ભગવન્! નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના વેદે છે? હે ગૌતમ! નિદા વેદના વેદે છે અને અનિદા વેદનાને પણ વેદે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહ્યો છો કે નૈરયિકો નિદા અને અનિદા વેદનાને પણ વેદે છે? હે ગૌતમ! નૈરયિકો બે પ્રકારના છે—સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમા જેઓ સંજ્ઞીભૂત છે તેઓ નિદા વેદનાને વેદે છે અને જે અસંજ્ઞીભૂત છે તે અનિદા વેદના વેદે છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ નિદા વેદના વેદતા નથી, પણ અનિદા વેદના વેદે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે પૃથિવીકાયિકો નિદા વેદના વેદતા નથી, પણ અનિદા વેદના વેદે છે? હે ગૌતમ! પૃથિવીકાયિકો બધાં અસંજ્ઞી છે અને તેઓ અસંજ્ઞીભૂત અનિદા વેદે છે. તે હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે પૃથિવીકાયિકો નિદા વેદના વેદતા નથી, પણ અનિદા વેદના વેદે છે. એમ ચઉરિન્દ્રિય સુધી જાણવું. પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વ્યન્તરો નૈરયિકોની પેઠે જાણવા. જ્યોતિષ્ક દેવો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓ નિદા વેદનાને પણ વેદે છે અને અનિદા વેદનાને પણ વેદે છે. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'જ્યોતિષ્કો નિદા વેદનાને પણ વેદે છે અને અનિદા વેદનાને પણ વેદે છે'? હે ગૌતમ! જ્યોતિષ્ક દેવો બે પ્રકારના છે. જેમકે—માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ. તેમાં જે માયી મિથ્યાદષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ અનિદા વેદના વેદે છે, અને જે*

*અમાયી સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ નિદા વેદના વેદે છે. એ હેતુથી હે ગૌતમ! એમ કહું છું કે જ્યોતિષ્કો બન્ને પ્રકારની વેદના વેદે છે. એ પ્રમાણે વૈમાનિકોને જાણવા. ॥૫॥૬૯૧॥*

*પ્રજ્ઞાપના ભગવતીમાં પાંત્રીશમું વેદનાપદ સમાપ્ત.*

(ટી૦) ફરી અન્ય પ્રકારે વેદનાનું જ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**कतिविहा णं भंते**'! હે ભગવન્! કેટલા પ્રકારની વેદના કહી છે? ઇત્યાદિ. વેદનાના બે પ્રકાર છે-નિદા અને અનિદા. **नितरां निश्चितं वा सम्यग् दीयते चित्तमस्यामिति निदा**-જેમાં અત્યન્ત અથવા નિશ્ચિત ચિત્ત અપાય તે નિદા એટલે સામાન્ય રીતે મનના વ્યાપારવાળી કે સમ્યગ્ વિવેકવાળી વેદના. તે સિવાય બીજી મનના વ્યાપારરહિત કે સમ્યક્ પ્રકારના વિવેક રહિત વેદના તે અનિદા. એનુંજ ચૌવીશ દંડકના ક્રમથી પ્રતિપાદન કરે છે-'**नेरइया णं**' ઇત્યાદિ હે ભગવન્! નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના વેદે છે? ઇત્યાદિ. નૈરયિકો બે પ્રકારના છે-સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત. તેમાં જેઓ સંજ્ઞીથી આવી ઉત્પન્ન થાય છે તે સંજ્ઞીભૂત અને જેઓ અસંજ્ઞીથી આવી ઉત્પન્ન થાય છે તે અસંજ્ઞીભૂત નૈરયિકો કહેવાય છે. અસંજ્ઞી નૈરયિકો પૂર્વે અન્ય જન્મમાં કરેલું કંઇપણ શુભ, અશુભ કે વૈરાદિનું સ્મરણ કરતા નથી, કારણ કે સ્મરણ તેનુંજ થાય છે કે જે તીવ્ર સઙ્કલ્પ વડે કરેલું હોય, પરન્તુ પૂર્વના અસંજ્ઞી ભવમાં મનરહિત હોવાથી તેઓને તીવ્ર સંકલ્પ હોતો નથી, તેથી તે નૈરયિકો જે કાંઇપણ વેદના વેદે છે તે અનિદા વેદના વેદે છે. કારણ કે તેને પૂર્વના ભવમાં અનુભવેલા વિષયનું સ્મરણ કરવાને યોગ્ય મનનો અસંભવ છે. **સંજ્ઞીભૂત નૈરયિકો પુર્વનું બધું સ્મરણ કરે છે**, માટે તેઓ નિદા વેદના વેદે છે. એ પ્રમાણે અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીના ભવનપતિઓ કહેવા. કારણ કે તેઓની પણ સંજ્ઞી અને અસંજ્ઞીથી ઉત્પત્તિ થાય છે. પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો સંમૂર્ચ્છિમ હોય છે માટે મનરહિત હોવાથી અનિદા જ વેદના વેદે છે. '**पंचिंदियतिरिक्खजोणिया मणूसा वाणमंतरा जहा नेरइया**' પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વ્યન્તરો નૈરયિકોની પેઠે જાણવા. એટલે જેમ નૈરયિકો કહ્યા તેમ તેઓ નિદા વેદના પણ વેદે છે અને અનિદા વેદના પણ વેદે છે-એમ કહેવું. શા હેતુથી એમ વેદે છે? ઉત્તર—અહીં પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો બે પ્રકારના છે-જેમકે સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે તેઓ મન રહિત હોવાથી અનિદા વેદના વેદે છે. જેઓ ગર્ભજ છે તે મનસહિત છે માટે નિદા વેદના અનુભવે છે. વ્યન્તરો સંજ્ઞીથી પણ આવી ઉત્પન્ન થાય છે અને અસંજ્ઞીથી આવીને પણ ઉત્પન્ન થાય છે, તેથી નૈરયિકની પેઠે નિદા અને અનિદા વેદના અનુભવતા જાણવા. '**जोइसिया णं**' જ્યોતિષ્કો સંજ્ઞીથી આવીને જ ઉત્પન્ન થાય છે, તેથી તેઓને નૈરયિકોને કહ્યા પ્રમાણે નિદા અને અનિદા વેદવાનો સંભવ નથી. પરન્તુ બીજી રીતે સંભવ છે તે પ્રકારને જાણવાની ઇચ્છાવાળો શિષ્ય પ્રશ્ન કરે છે—'**से केणट्ठेणं भंते!**' હે ભગવન્! એમ શા હેતુથી કહો છો? ઇત્યાદિ સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! ઇત્યાદિ. જ્યોતિષ્કો બે પ્રકારના છે-માયીમિથ્યાદૃષ્ટિઉપપન્નક. અને અમાયીસમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં માયા વડે બાંધેલું જે મિથ્યાત્વાદિ કર્મ તે પણ કારણ વિષે કાર્યના ઉપચારથી માયા કહેવાય છે. માયા જેઓને છે તે માયી, આજ હેતુથી મિથ્યાત્વના ઉદયથી મિથ્યા-વિપરીત દૃષ્ટિ-વસ્તુતત્ત્વની પ્રતિપતિ-બોધ જેઓને છે તે માયીમિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા કહેવાય છે. તેથી વિપરીત અમાયી સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. તેમાં જેઓ માયીમિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ મિથ્યાદૃષ્ટિપણાથી, વ્રતવિરાધનાથી કે અજ્ઞાનતપથી 'અમે આ પ્રકારે ઉત્પન્ન થયા છીએ' એમ જાણતા નથી. તેથી સમ્યક્ પ્રકારે યથાવસ્થિત જ્ઞાનના અભાવથી અનિદા વેદનાનો અનુભવ કરે છે. જેઓ અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલા છે તેઓ સમ્યગ્દષ્ટિપણાથી યથાવસ્થિત સ્વરૂપ જાણે છે. તેથી જે કાંઇ વેદના વેદે છે તે બધી ય નિદા વેદના વેદે છે. '**एवं चेव वेमाणिया वि**' એ પ્રમાણે વૈમાનિકો પણ જાણવા. એટલે જ્યોતિષ્કને કહ્યા પ્રમાણે વૈમાનિકો પણ નિદા અને અનિદા વેદના વેદે છે એમ જાણવું. કારણ કે તેઓ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના ભેદથી બે પ્રકારના છે. ॥૫॥૬૯૧॥

શ્રીમદ્આચાર્યમલયગિરિવિરચિત પ્રજ્ઞાપના ટીકાના અનુવાદમાં પાંત્રીશમું વેદનાપદ સમાપ્ત.

## ।। छत्तीसइमं समुग्घायपयं ।।

## ।। समुग्घायभेय परूवणं ।।

**वेयण-कसाय-मरणे वेउव्विय-तेयए य आहारे। केवलिए चेव भवे जीव-मणुस्साण सत्तेव ।।सू०-१।।६९२।।**

### છત્રીશમું સમુદ્ઘાત પદ.

*(મૂ૦) ૧ વેદના, ૨ કષાય, ૩ મરણ, ૪ વૈક્રિય, ૫ તૈજસ, ૬ આહારક અને ૭ કેવલી સમુદ્ઘાત એ સાત સમુદ્ઘાતો જીવ અને મનુષ્યોને હોય છે. ॥૧॥૬૯૨॥*

(ટી૦) એ પ્રમાણે પાંત્રીશમા પદની વ્યાખ્યા કરી, હવે છત્રીશમા પદનો પ્રારંભ થાય છે. તેનો આ સંબન્ધ છે—અહીં પૂર્વના પદમાં ગતિના પરિણામવિશેષરૂપ વેદનાનું પ્રતિપાદન કર્યું, આ પદમાં પણ ગતિના પરિણામવિશેષરૂપ સમુદ્ઘાતનો વિચાર કરાય છે. તેમાં સમુદ્ઘાતની વક્તવ્યતા સંબન્ધે પ્રારંભમાં આ સંગ્રહણી ગાથા કહેલી છે—'**वेयण**' ઇત્યાદિ. અહીં સાત સમુદ્ઘાતો છે. તે આ પ્રમાણે—'**वेयणकसायमरणे**' ઇતિ. વેદના, કષાય અને મરણ એ ત્રણ પદનો સમાહાર દ્વન્દ્વ સમાસ છે. એટલે તે વિષે ત્રણ સમુદ્ઘાતો છે. જેમકે વેદના સમુદ્ઘાત, કષાયસમુદ્ઘાત અને મરણસમુદ્ઘાત, '**वेउव्विय**'ત્તિ ચોથો વૈક્રિયવિષય સમુદ્ઘાત, પાંચમો તૈજસસમુદ્ઘાત, છઠ્ઠો આહારઆહારકશરીર વિષયક સમુદ્ઘાત અને સાતમો કેવલિક-કેવલીસંબન્ધી સમુદ્ઘાત છે. '**जीवमणुस्साणं सत्तेव**'ત્તિ સામાન્યથી જીવના વિચારમાં અને મનુષ્યદ્વારના વિચારમાં સાત સમુદ્ઘાત કહેવાના છે, પણ ન્યૂન નહિ, કારણ કે જીવ અને મનુષ્યને વિષે સાતે સમુદ્ઘાતોનો સંભવ છે. '**सत्तेव**' અહીં '**एव**' કાર પરિમાણના અર્થમાં છે. એ સંબન્ધે શાકટાયન ન્યાસકાર કહે છે—'**एवोऽवधारणपृथक्त्वपरिमाणेषु**' ઇતિ. એવકાર અવધારણ, પૃથક્ત્વ અને પરિમાણના અર્થમાં છે. બાકીના દ્વારોનો વિચાર કરતા જ્યાં જેટલા સમુદ્ઘાતોનો સંભવ હોય તેટલા કહેવા. તેને સૂત્રકાર સ્વયં આગળ કહેશે. આ પ્રમાણે સંગ્રહણી ગાથાનો સંક્ષેપાર્થ છે. સમુદ્ઘાતનો શો શબ્દાર્થ છે? ઉત્તર-સમ્-એકીભાવ-તન્મયતા, તે વડે ઉત્-પ્રબલપણે-અધિકપણે ઘાત કરવો. એકીભાવ વડે અધિકપણે કર્મોનો ઘાત કરવો તે સમુદ્ઘાત. કોની સાથે એકીભાવ-તન્મયતા હોય છે? અર્થાત્ વેદનાદિ સાથે એકીભાવ હોય છે. આ પ્રમાણે-જ્યારે આત્મા વેદનાદિ સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો હોય છે ત્યારે વેદનાદિના અનુભવજ્ઞાનવડે પરિણત જ હોય છે, અન્ય જ્ઞાનવડે પરિણત હોતો નથી માટે વેદનાદિના અનુભવ જ્ઞાન સાથે એકીભાવ હોય છે. અધિકપણે કર્મનો ઘાત શી રીતે થાય? ઉત્તર-અહીં વેદનાદિ સમુદ્ઘાત વડે પરિણત થયેલો આત્મા કાળાન્તરે અનુભવ કરવા યોગ્ય વેદનાદિના કર્મપ્રદેશોને ઉદીરણા કરણ વડે આકર્ષી ઉદયાવલિકામાં નાંખી અનુભવી નિર્જરે છે-ક્ષય કરે છે, અર્થાત્ આત્મપ્રદેશોની સાથે રહેલા સંક્લિષ્ટ કર્મોનો નાશ કરે છે. કારણ કે "**पुव्वकयकम्मसाडणं तु निज्जरा**" 'પૂર્વે કરેલા કર્મનો નાશ કરવો એ નિર્જરા' એવું શાસ્ત્રવચન છે. તે આ પ્રમાણે-વેદનાસમુદ્ઘાત અસાતાવેદનીય કર્મને આશ્રિત છે, કષાયસમુદ્ઘાત કષાય નામે ચારિત્રમોહનિય કર્મને આશ્રિત છે. મારણાન્તિક સમુદ્ઘાત અન્તર્મુહૂર્ત બાકી રહેલા આયુષ્યકર્મને આશ્રિત છે. વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્ઘાત અનુક્રમે વૈક્રિયશરીરનામ, તૈજસશરીરનામ અને આહારકશરીર નામકર્મને આશ્રિત છે. કેવલીસમુદ્ઘાત સાતા-અસાતા વેદનીય, શુભ-અશુભ નામકર્મ અને ઉચ્ચ-નીચ ગોત્ર કર્મને આશ્રિત છે. તેમાં વેદના સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો આત્મા અસાતાવેદનીય કર્મના પુદ્ગલોનો ક્ષય કરે છે. તે આ પ્રમાણે-વેદના વડે પીડિત થયેલો જીવ અનન્તાઅનન્ત કર્મસંબન્ધો વડે વીંટાયેલા આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢે છે અને તે પ્રદેશો વડે મુખ અને જઠરાદિના ખાલી ભાગને તથા કાન અને સ્કન્ધાદિના વચ્ચેના ભાગને પૂરી લંબાઇ અને વિસ્તારમાં શરીરપ્રમાણ ક્ષેત્રને વ્યાપી અન્તર્મુહૂર્ત સુધી રહે છે, અને તે અન્તર્મુહૂર્તમાં ઘણા અસાતાવેદનીય કર્મના પુદ્ગલોનો ક્ષય કરે છે.

કષાયસમુદ્ઘાતના પરિણામવાળો આત્મા કષાયનામે ચારિત્રમોહનીય કર્મપુદ્ગલોનો નાશ કરે છે. તે આ પ્રમાણે-કષાયના ઉદયથી વ્યાકુલ થયેલો જીવ આત્મપ્રદેશોને બહાર કાઢે છે અને તે પ્રદેશો વડે મુખ અને ઉદરાદિના ખાલી ભાગને તથા

કાન અને સ્કન્ધાદિની વચ્ચેના ભાગને પૂરી લંબાઇ અને વિસ્તારમાં શરીરપ્રમાણ ક્ષેત્રને વ્યાપીને રહે છે. એ પ્રમાણે ઘણા કષાયકર્મના પુદ્ગલોનો નાશ [1]કરે છે. એમ મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો આયુષ્યકર્મના પુદ્ગલોનો [2]નાશ કરે છે. પરન્તુ મરણસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢી મુખ-ઉદરાદિના ખાલી ભાગને તથા કાન અને સ્કન્ધાદિના વચ્ચેના ભાગને પૂરી વિસ્તાર અને જાડાઇમાં સ્વશરીરપ્રમાણ અને લંબાઇમાં પોતાના શરીર કરતાં અધિક જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજનો સુધી એક દિશામાં રહેલા ક્ષેત્રને વ્યાપીને રહે છે એમ કહેવું. વૈક્રિયસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો જીવ પોતાના આત્મપ્રદેશોને શરીરથી બહાર કાઢી શરીરના વિસ્તાર અને જાડાઇ પ્રમાણ અને લંબાઇમાં સંખ્યાતા યોજનપ્રમાણ દંડ કરી સ્થૂલ પુદ્ગલોના ક્રમથી વૈક્રિયશરીર નામકર્મના પુદ્ગલોનો પૂર્વની પેઠે ક્ષય કરે છે. તે સંબન્ધે કહ્યું છે કે **"वेउव्वियसमुग्घाएणं समोहणइ, समोहणित्ता संखिज्जाइं जोयणाइं दंडं निसिरइ, निसिरित्ता अहाबायरपोग्गले परिसाडेइ"**। વૈક્રિયસમુદ્ઘાત વડે સમુદ્ઘાત કરે છે—આત્મપ્રદેશોને બહાર કાઢે છે, સમુદ્ઘાત કરી સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરે છે. દંડ કરી બાદરપુદ્ગલોના ક્રમથી એટલે જે જે બાદર પુદ્ગલો હોય તેવા પુદ્ગલોનો ક્ષય કરે છે. એ પ્રમાણે તૈજસ અને આહારક સમુદ્ઘાતનો વિચાર કરવો. પરન્તુ **તૈજસસમુદ્ઘાત તેજોલેશ્યા મૂકવાના સમયે તૈજસનામકર્મના ક્ષયનું કારણ** [3]છે. આહારક સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો આહારકશરીર નામકર્મના પુદ્ગલોનો ક્ષય કરે છે.[4] કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો કેવલી સાતા-અસાતાવેદનીયાદિ કર્મના પુદ્ગલોનો નાશ કરે છે. તે જે રીતે નાશ કરે છે તે પ્રકારે શિષ્ય ઉપર અનુગ્રહ કરવા માટે તેનો અહીં વિચાર કરીએ છીએ—કેવલી સમુદ્ઘાત આઠ સમયનો છે. તે સમુદ્ઘાત કરતા કેવલજ્ઞાની પ્રથમ સમયે જાડાઇમાં પોતાના શરીરપ્રમાણ અને ઉંચો અને નીચો લોકાન્ત પર્યન્ત આત્મપ્રદેશોનો દંડ કરે છે. બીજે સમયે પૂર્વ અને પશ્ચિમ અથવા દક્ષિણ અને ઉત્તર કપાટ કરે છે. ત્રીજે સમયે મંથાન કરે છે. ચોથે સમયે વચ્ચેના આંતરા પૂરે છે. પાંચમે સમયે આંતરાઓ સંહરે છે. છઠ્ઠે સમયે મંથાન સંહરે છે. સાતમા સમયે કપાટ સંહરે છે અને આઠમા સમયે પોતાના શરીરમાં આવી રહે છે. તે વાત સૂત્રકાર પોતે કહેવાના છે કે **'पढमे समये दंडं करेई, बीए कवाडं करेइ'** ઇત્યાદિ. 'પ્રથમ સમયે દંડ કરે છે. બીજા સમયે કપાટ કરે છે'-ઇત્યાદિ. તેમાં દંડ કરવાના સમય પહેલા જે પલ્યોપમના અસંખ્યાતમા ભાગપ્રમાણ વેદનીય, નામ અને ગોત્ર કર્મની સ્થિતિ હતી તેના બુદ્ધિથી અસંખ્યાતા ભાગો કરવા, તે પછી દંડ સમયે દંડ કરતો તે અસંખ્યાતા ભાગોનો ક્ષય કરે છે અને એક અસંખ્યાતમો ભાગ બાકી રાખે છે. પૂર્વે જે ત્રણ કર્મનો રસ હતો તેના અનન્ત ભાગો કરવા અને પછી દંડ સમયે ૧ અસાતાવેદનીય, ૨-૬ પ્રથમ સિવાયના પાંચ સંસ્થાન, ૭-૧૧ પાંચ સઘયણ, ૧૨-૧૪ પ્રશસ્ત વર્ણાદિચતુષ્ક, ૧૬ ઉપઘાત, ૧૭ અપ્રશસ્ત વિહાયોગતિ, ૧૮ દુઃસ્વર, ૧૯ દુર્ભગ, ૨૦ અસ્થિર, ૨૧ અપર્યાપ્ત, ૨૨ અશુભ, ૨૩ અનાદેય, ૨૪ અયશકીર્તિ અને ૨૫ નીચગોત્ર-એ પચ્ચીશ પ્રકૃતિઓના રસના અનન્ત ભાગોનો નાશ કરે છે અને એક અનન્તમો ભાગ બાકી રહે છે. તે સમયે સાતાવેદનીય, ૨ દેવગતિ, ૩ મનુષ્યગતિ, ૪ દેવાનુપૂર્વી, ૫ મનુષ્યાનુપૂર્વી, ૬ પંચેન્દ્રિયજાતિ, ૭-૧૧ પાંચ શરીર, ૧૨-૧૪ ત્રણ ઉપાંગ, ૧૫ પ્રથમ સંસ્થાન, ૧૬ પ્રથમ સંઘયણ, ૧૭-૨૦ પ્રશસ્ત વર્ણાદિ ચતુષ્ક, ૨૧ અગુરુલઘુ, ૨૨ પરાઘાત, ૨૩ ઉચ્છ્વાસ, ૨૪ પ્રશસ્તવિહાયોગતિ, ૨૫ ત્રસ, ૨૬ બાદર, ૨૭ પર્યાપ્ત, ૨૮ પ્રત્યેક, ૨૯ આતપ, ૩૦ ઉદ્યોત, ૩૧ સ્થિર, ૩૨ શુભ, ૩૩ સુભગ, ૩૪ સુસ્વર, ૩૫ આદેય, ૩૬

---

૧. સમુદ્ઘાત સમયે કષાયના મોહનીયના પુદ્ગલોને નાશ કરતો જીવ તીવ્ર કષાયના ઉદયથી બીજા ઘણા કષાયમોહનીયના પુદ્ગલો ગ્રહણ કરે છે.

૨. અહીં એટલી વિશેષતા છે કે કોઇ એક જીવ એકવાર મારણાન્તિક સમુદ્ઘાત કરી નરકાદિમાં ઉત્પન્ન થાય અને ત્યાં આહાર કરે તેનો પરિણામ કરે અને શરીર બાંધે અને કોઇ એક જીવ સમુદ્ઘાતથી કે ઉત્પત્તિ સ્થાનથી પાછા ફરી પોતાના શરીરમાં આવી ફરીવાર મરણસમુદ્ઘાત કરી નારકથી માંડી અનુત્તર સુધીના બધા સ્થાનોમાં ઉપજે. જુઓ ભગ૦ શ૦ ૬ ઉ૦ ૬.

૩. તેજોલેશ્યા મૂકવાના સમયે વિસ્તાર અને જાડાઇમાં શરીરપ્રમાણ અને લંબાઇમાં સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરી પૂર્વે બાંધેલા તૈજસ નામ કર્મના પુદ્ગલોનો ક્ષય કરે છે અને બીજા તૈજસ પુદ્ગલો ગ્રહણ કરી તેજોલેશ્યા મૂકે છે.

૪. આહારકલબ્ધિવાળા ચૌદ પૂર્વધર અન્ય ક્ષેત્રમાં રહેલા તીર્થંકરદર્શનાદિ કોઇપણ નિમિત્તે શરીર પ્રમાણ પહોળો અને સ્થૂલ તથા સંખ્યાતા યોજન પ્રમાણ લાંબો આત્મપ્રદેશોનો દંડ કરી પૂર્વે બાંધેલા આહારક શરીરનામ કર્મના પુદ્ગલો વિખેરી અને આહારક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી આહારક શરીર કરે છે.

યશઃકીર્તિ, ૩૭ નિર્માણ, ૩૮ તીર્થંકર અને ૩૯ ઉચ્ચગોત્રરૂપ ઓગણચાળીશ પ્રકૃતિઓનો અનુભાગ અપ્રશસ્ત પ્રકૃતિઓના અનુભાગ મધ્યે પ્રવેશ કરવા વડે નાશ કરે છે. એ સમુદ્ઘાતનો પ્રભાવ છે. બાકી રહેલી અસંખ્યાતમા ભાગની સ્થિતિ અને અનન્તમા ભાગના રસના અનુક્રમે અસંખ્યાતા અને અનન્તા ભાગો કરે છે. અને તે પછી બીજા કપાટ કરવાના સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. અનુભાગના અનન્તા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. અહીં પણ અપ્રશસ્ત પ્રકૃતિના અનુભાગ મધ્યે પ્રવેશ કરવા વડે પ્રશસ્ત પ્રકૃતિઓના અનુભાગનો ઘાત સમજવો. તે પછી ત્રીજા સમયે બાકી રહેલી અસંખ્યાતમા ભાગની સ્થિતિ અને અનન્તમા ભાગના અનુભાગના ફરીથી વૃદ્ધિ વડે અનુક્રમે અસંખ્યાતા અને અનન્તા ભાગો કરીને તે પછી ચોથા સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. અનુભાગના પણ અનન્તા ભાગો નાશ કરે છે અને એક ભાગ બાકી રાખે છે. પ્રશસ્ત પ્રકૃતિઓના અનુભાગનો ઘાત પૂર્વની પેઠે જાણવો. એ પ્રમાણે સ્થિતિઘાતાદિ કરતા અને જેણે સ્વપ્રદેશો વડે સર્વ લોકને વ્યાપ્ત કર્યો છે એવા કેવલી ભગવાનને વેદનીયાદિ ત્રણ કર્મની સ્થિતિ આયુષ્ય કરતાં સંખ્યાતગુણી રહેલી છે અને અનુભાગ તો હજી પણ અનન્તગુણ છે. હવે ચોથા સમયે બાકી રહેલી અસંખ્યાતામા ભાગની સ્થિતિના અને અનન્તમા ભાગના રસના ફરીથી પણ બુદ્ધિ વડે અનુક્રમે સંખ્યાતા અને અનન્તા ભાગો કરે છે, તે પછી આંતરાના સંહાર કરવાના સમયે સ્થિતિના સંખ્યાતાભાગોનો નાશ કરે છે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે છે. અનુભાગના અનન્તા ભાગોનો નાશ કરે છે અને એક ભાગ બાકી રહે છે. એ પ્રમાણે એ દણ્ડાદિના પાંચ સમયમાં પ્રત્યેક સમયે પ્રત્યેક કણ્ડક–ખણ્ડ ઉકેરેલો–નાશ પામેલો હોય છે, કારણ કે સમયે સમયે સ્થિતિખણ્ડ અને અનુભાગખણ્ડનો નાશ કરે છે. ત્યાર બાદ છઠ્ઠા સમયથી માંડી પ્રયત્ન મન્દ થવાથી સ્થિતિકણ્ડક અને અનુભાગકણ્ડકનો અન્તર્મુહૂર્ત કાળમાં વિનાશ કરે છે, છઠ્ઠા સમયથી માંડી પછીના સમયમાં પ્રતિસમય કણ્ડકના એક એક ખણ્ડને ત્યાં સુધી ઉકેરે છે યાવત્ અન્તર્મુહૂર્તના છેલ્લા સમયે સંપૂર્ણ ખણ્ડનો નાશ થાય છે. એ પ્રમાણે અન્તર્મુહૂર્તના સ્થિતિકણ્ડકો અને અનુભાગ કણ્ડકોનો જ્યાં સુધી સયોગી અવસ્થાનો છેલ્લો સમય છે ત્યાં સુધી ઘાત કરે છે. આ બધાય સ્થિતિકણ્ડક અને અનુભાગકણ્ડક અસંખ્યાતા જાણવા. આ સંબન્ધે એટલુંજ કહેવું બસ છે. ॥૧॥૬૯૨॥

## ।। समुग्घायकाल परूवणं ।।

**कति णं भंते! समुग्घाया पन्नत्ता? गोयमा! सत्त समुग्घाया पन्नत्ता, तं जहा—वेदणासमुग्घाए १, कसायसमुग्घाए २, मारणंतियसमुग्घाए ३, वेउव्वियसमुग्घाए ४, तेयासमुग्घाए ५, आहारसमुग्घाए ६, केवलीसमुग्घाए ७।**

## ।। चउवीसदंडएसु समुग्घाय परूवणं ।।

**वेदणासमुग्घाए णं भंते! कतिसमइए पन्नत्ते? गोयमा! असंखेज्जसमइए अंतोमुहुत्तिए पन्नत्ते, एवं जाव आहारसमुग्घाते। केवलिसमुग्घाए ण भंते! कतिसमइए पन्नत्ते? गोयमा! अट्ठसमइए पन्नत्ते। णेरइयाणं भंते! कति समुग्घाया पन्नत्ता? गोयमा! चत्तारि समुग्घाया पन्नत्ता, तं जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए। असुरकुमाराणं भंते! कति समुग्घाया पन्नत्ता, गोयमा! पंच समुग्घाया पन्नत्ता, तं जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयासमुग्घाए, एवं जाव थणियकुमाराणं। पुढविक्काइयाणं भंते! कति समुग्घाया पन्नत्ता, गोयमा! तिण्णि समुग्घाया पन्नत्ता, तं जहा-वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, एवं जाव चउरिंदियाणं। णवरं वाउक्काइयाणं चत्तारि समुग्घाया पन्नत्ता, तं जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए। पंचिंदियतिरिक्खजोणियाणं जाव वेमाणियाणं भंते! कति समुग्घाया पन्नत्ता? गोयमा! पंच समुग्घाया पन्नत्ता, तं**

**जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयासमुग्घाए। णवरं मणूसाणं सत्तविहे समुग्घाए पन्नत्ते तं जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयासमुग्घाए, आहारगसमुग्घाए, केवलीसमुग्घाए ।सू०-२।।६९३।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! સાત સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદનાસમુદ્ઘાત, ૨ કષાય સમુદ્ઘાત, ૩ મારણાંતિક સમુદ્ઘાત, ૪ વૈક્રિય સમુદ્ઘાત, ૫ તૈજસ સમુદ્ઘાત, ૬ આહારક સમુદ્ઘાત, અને ૭ કેવલી સમુદ્ઘાત. હે ભગવન્! વેદના સમુદ્ઘાત કેટલા સમયનો છે? હે ગૌતમ! અસંખ્યાતા સમયપ્રમાણ અન્તર્મુહૂર્તનો છે, એ પ્રમાણે આહારક સમુદ્ઘાત સુધી જાણવું. હે ભગવન્! કેવલિયસમુદ્ઘાત કેટલા સમયનો છે? હે ગૌતમ! આઠ સમયનો છે. હે ભગવન્! નૈરયિકોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! નૈરયિકોને ચાર સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના સમુદ્ઘાત, ૨ કષાય સમુદ્ઘાત, ૩ મારણાંતિક સમુદ્ઘાત, અને ૪ વૈક્રિય સમુદ્ઘાત. હે ભગવન્! અસુરકુમારોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! પાંચ સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના સમુદ્ઘાત, ૨ કષાયસમુદ્ઘાત, ૩ મારણાંતિકસમુદ્ઘાત, ૪ વૈક્રિયસમુદ્ઘાત, ૫ અને તૈજસસમુદ્ઘાત. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! પૃથિવીકાયિકોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! ત્રણ સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદનાસમુદ્ઘાત, ૨ કષાયસમુદ્ઘાત, અને ૩ મારણાંતિકસમુદ્ઘાત. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. પરન્તુ વાયુકાયિકોને ચાર સમુદ્ઘાતો હોય છે. તે આ પ્રમાણ—૧ વેદનાસમુદ્ઘાત, ૨ કષાયસમુદ્ઘાત, ૩ મારણાંતિકસમુદ્ઘાત, અને ૪ વૈક્રિયસમુદ્ઘાત. હે ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચો યાવત્ વૈમાનિકોને કેટલા સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! પાંચ સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાંતિક, ૪ વૈક્રિય અને ૫ તૈજસસમુદ્ઘાત. પરન્તુ મનુષ્યોને સાત સમુદ્ઘાત કહ્યા છે. તે આ પ્રમાણ-૧ વેદના, ૨ કષાય, ૩ મારણાંતિક, ૪ વૈક્રિય, ૫ તૈજસ, ૬ આહારક અને ૭ કેવલિસમુદ્ઘાત. ।।૨।।૬૯૩।।*

(ટી૦) હવે પ્રસ્તુત બાબત કહેવાનો પ્રારંભ કરીએ છીએ. તેમાં સંગ્રહણી ગાથામાં કહેલા અર્થને સ્પષ્ટ કરતા પ્રથમથીજ સમુદ્ઘાતની સંખ્યા સંબન્ધે પ્રશ્નસૂત્ર કહે છે—'**कइ णं**' ઇત્યાદિ. કતિ–કેટલા, 'ણં' વાક્યાલંકારમાં છે. '**भदन्त**' એ ભગવન્ત વર્ધમાન સ્વામીનું આમન્ત્રણ–સંબોધન છે. ભગવન્તનું ભદન્તપણું પરમ કલ્યાણના યોગથી છે. અથવા '**भवान्त**' એ સંબોધન જાણવું. કરણ કે તે સર્વ સંસાર સાગરને અન્તે રહેલા છે. અથવા '**भयान्त**'! એવું સંબોધન જાણવું. કારણ કે તેમણે આ લોક અને પરલોકાદિ સાત પ્રકારના ભયનો નાશ કરેલો છે. સમુદ્ઘાતો-જેનો શબ્દાર્થ પહેલાં કહ્યો છે તે કેટલા કહેલા છે? ભગવાન્ ઉત્તર આપે છે—ગૌતમ! ઇત્યાદિ. હે ગૌતમ! સાત સમુદ્ઘાત કહ્યા છે. જેમકે—'**वेदनासमुद्घात**' ઇતિ. વેદનાનો સમુદ્ઘાત તે વેદનાસમુદ્ઘાત. એ પ્રમાણે આહારકસમુદ્ઘાત સુધી જાણવું. '**केवलिसमुद्घात**' ઇતિ કેવલી સંબન્ધી સમુદ્ઘાત તે કેવલીસમુદ્ઘાત. હવે કયો સમુદ્ઘાત કેટલા કાળ સુધી હોય છે' એ નિરુપણ કરવા માટે સૂત્રકાર કહે છ—'**वेदणासमुग्घाए**' હે ભગવન્! વેદનાસમુદ્ઘાત કેટલા સમયનો હોય? ઇત્યાદિ સુગમ છે. 'નવરં જાવ' ઇત્યાદિ. પરન્તુ યાવત્ આહારક સમુદ્ઘાત સુધી ઉપર કહ્યા પ્રમાણે પાઠ વડે અન્તર્મુહૂર્ત પ્રમાણ સમુદ્ઘાતો અનુક્રમે કહેવા. એ આદિના છએ સમુદ્ઘાતો અન્તર્મુહૂર્ત કાળના છે, અને કેવલિસમુદ્ઘાત આઠ સમયનો છે. તથા તેનો વિચાર હમણાં જ કર્યો છે.

એજ સમુદ્ઘાતોનો ચોવીશ દણ્ડકના ક્રમથી વિચાર કરે છે—'**नेरइयाणं**' ઇત્યાદિ. 'હે ભગવન્! નૈરયિકોને કેટલા સમુદ્ઘાતો હોય? નૈરયિકોને આદિના ચાર સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓને તેજોલબ્ધિ, આહારકલબ્ધિ અને કેવલજ્ઞાનના અભાવથી બાકીના ત્રણ સમુદ્ઘાતોનો સંભવ નથી. અસુરકુમારાદિ દશે ભવનપતિઓને તેજોલેશ્યાની લબ્ધિ હોવાથી આદિના પાંચ સમુદ્ઘાતો હોય છે. પૃથિવી કાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વનસ્પતિકાયિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયને આદિના

ત્રણ સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓને વૈક્રિયાદિ લબ્ધિના અભાવથી પછીના ચાર સમુદ્ઘાતોનો અસંભવ છે. વાયુકાયિકોને પ્રથમના ચાર સમુદ્ઘાતો હોય છે. કેમકે તેઓને વૈક્રિયલબ્ધિનો સંભવ હોવાથી વૈક્રિયસમુદ્ઘાતનો પણ સંભવ છે. પંચેન્દ્રિય તિર્યંચોને આદિના પાંચ સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓમાં કેટલાએકને તેજોલબ્ધિ પણ હોય છે. મનુષ્યોને સાતે સમુદ્ઘાતો હોય છે, કારણ કે મનુષ્યોમાં સર્વ ભાવનો સંભવ છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને આદિના પાંચ સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓને વૈક્રિય અને તેજોલબ્ધિ હોય છે. પછીના બે સમુદ્ઘાતો હોતા નથી, કારણ કે તેઓને આહારકલબ્ધિ અને કેવલિપણાનો અભાવ છે. ॥૨॥૬૯૩॥

## ।। एगत्तेणं अतीताइसमुग्घाय परूवणं ।।

**एगमेगस्स णं भंते! णेरइयस्स केवतिया वेदणासमुग्घाया अतीता? गोयमा! अणंता, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि तस्स जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं असुरकुमारस्स वि णिरंतरं जाव वेमाणियस्स, एवं जाव तेयगसमुग्घाए, एवं एते पंच चउवीसा दंडगा। एगमेगस्स णं भंते! णेरइयस्स केवतिया आहारगसमुग्घाया अतीता? कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि तस्स जहण्णेणं एक्को वा दो वा उक्कोसेणं तिण्णि। केवतिया पुरेक्खडा? कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि, एवं णिरंतरं जाव वेमाणियस्स, णवरं मणूसस्स अतीता वि पूरेक्खडा वि जहा णेरइयस्स पुरेक्खडा। एगमेगस्स णं भंते! णेरइयस्स केवतिया केवलिसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि एक्को, एवं जाव वेमाणियस्स, णवरं मणूसस्स अतीता कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि एक्को, एवं पूरेक्खडा वि ।।३।।६९४।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નારકને કેટલા વેદના સમુદ્ઘાતો અતીત—પૂર્વે થયેલા છે? હે ગૌતમ! અનન્તા પૂર્વે થયેલા છે. કેટલા પુરસ્કૃત—ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે અસુરકુમારને પણ યાવત્ નિરંતર વૈમાનિકના દંડક સુધી કહેવું. એમ તૈજસ સમુદ્ઘાત સુધી જાણવું. એ પ્રમાણે પાંચ સમુદ્ઘાતો ચોવીશ દંડકે કહેવા. હે ભગવન્! એક એક નૈરયિકને આહારક સમુદ્ઘાતો કેટલા પૂર્વે થયેલા છે? કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક અને બે તથા ઉત્કૃષ્ટથી ત્રણ હોય છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે અને ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી કહેવું. પરન્તુ મનુષ્યોને પૂર્વે થયેલા અને ભવિષ્ય કાળે થવાના નૈરયિકને ભવિષ્ય કાળે જે થવાના છે તેની પેઠે કહેવા. હે ભગવન્! એક એક નૈરયિકને કેવલિ સમુદ્ઘાતો કેટલા પૂર્વે થયેલા છે? હે ગૌતમ! પૂર્વે થયેલા નથી. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને નથી. જેને થવાના છે તેને એક સમુદ્ઘાત થવાનો છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ મનુષ્યને કોઇને પૂર્વે થયેલા છે અને કોઇને નથી. જેને છે તેને એક છે. એ પ્રમાણે ભવિષ્ય કાળે થવાનો પણ એક જ કેવલિ સમુદ્ઘાત જાણવો. ॥૩॥૬૯૪॥*

(ટી૦) હવે 'ચોવીશ દણ્ડકને આશ્રયી એક જીવને કેટલા વેદનાદિ સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે અને કેટલા ભવિષ્યકાળે થવાના છે' એનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'एगमेगस्स णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! એક એક નૈરયિકને કેટલા વેદના સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? ઇત્યાદિ. સૂત્રમાં 'મ'કાર અલાક્ષણિક-નિયમ વિરુદ્ધ છે. હે ભગવન્! નૈરયિકોને બધા ભૂતકાળને આશ્રયી કેટલા વેદના સમુદ્ઘાતો 'अतीता:' પૂર્વે થયેલા છે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! અનન્તા થયેલા છે. કારણ

કે તેને નરકાદિસ્થાનો અનન્તવાર પ્રાપ્ત થયેલા છે. અને એક એક નારકાદિ સ્થાનની પ્રાપ્તિ સમયે પ્રાયઃ અનેકવાર વેદનાસમુદ્ઘાત થાય છે. આ હકીકત ઘણા જીવોની અપેક્ષાએ કહેવામાં આવી છે. કારણ કે ઘણા જીવો અવ્યવહારરાશિથી નીકળેલા અનન્તકાળ સુધી હોય છે, તેથી તેની અપેક્ષાએ એક એક નૈરયિકોને અતીત કાળે અનન્ત વેદના સમુદ્ઘાતો થયેલા ઘટે છે. પરન્તુ જેઓ થોડાક કાળથી અવ્યવહાર રાશિથી નીકળેલા હોય છે. તેઓને યથા સંભવ સંખ્યાતા કે અસંખ્યાતા વેદનાસમુદ્ઘાતો જાણવા. પણ તેઓ થોડાક જ હોય છે. માટે તેની વિવક્ષા કરી નથી. '**केवईया पुरेक्खड**' त्ति કેટલા પુરસ્કૃત–ભવિષ્ય કાળે થવાના છે? આ સૂત્રપાઠનું સૂચનમાત્ર છે. સૂત્રપાઠ તો આ પ્રમાણે છે—**एगमेगस्स नेरइयस्स णं भंते! केवइया वेयणासमुग्घाया पुरेक्खडा?** 'હે ભગવન્! એક એક નૈરયિકને કેટલા વેદના સમુદ્ઘાતો ભવિષ્ય કાળે થવાના છે? એ સુગમ છે. પરન્તુ પુરઃ–આગળ કૃત–તે પરિણામની પ્રાપ્તિની યોગ્યતા વડે કરેલા છે? અર્થાત્ 'તેના કરનાર જીવે' એ અધ્યાહાર છે. એટલે પુરસ્કૃત—અનાગત કાળ થવાના છે એ તાત્પર્ય છે. અહીં ભગવાન્ કહે છે–કોઇને થવાના હોય છે અને કોઇને હોતા નથી'. જેને થવાના હોય છે તેને પણ જઘન્યથી એક, બે અને ત્રણ થવાના હોય છે. અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. તાત્પર્ય એ છે—જે કોઇ જીવ વિવક્ષિત પ્રશ્ન સમય પછી વેદના સમુદ્ઘાત કર્યા સિવાય જ નરકથી નીકળી પછીના મનુષ્ય ભવમાં વેદના સમુદ્ઘાતને નહિ પ્રાપ્ત થયેલા જ સિદ્ધ થાય તેને આગળ ભવિષ્ય કાળમાં એક પણ વેદના સમુદ્ઘાત થવાનો નથી. પણ જે જીવ વિવક્ષિત પ્રશ્ન સમય પછી બાકીના આયુષ્ય કાળમાં કેટલાક કાળ સુધી નરકભવમાં આવીને ત્યાર બાદ મનુષ્ય ભવ પામી સિદ્ધ થાય તેને એકાદિ સમુદ્ઘાતનો સમ્ભવ છે. સંખ્યાતા કાળ સુધી સંસારમાં રહેનારાને સંખ્યાતા, અસંખ્યાતા કાળ સુધી સંસારમાં રહેનારને અસંખ્યાતા અને અનન્ત કાળ સંસારમાં રહેનારને અનન્તા વેદના સમુદ્ઘાતો થાય છે. 'एवं' ઇત્યાદિ. એ પ્રમાણે નૈરયિકો કહ્યા પ્રમાણે અસુરકુમારને યાવત્ સ્તનિતકુમારને પણ કહેવું. ત્યાર બાદ ચોવીશ દણ્ડકના ક્રમથી વૈમાનિક સુધી નિરંતર કહેવું. તાત્પર્ય એ છે કે બધાય અસુરકુમારાદિ સ્થાનોમાં અતીત કાળે અનન્ત વેદના સમુદ્ઘાતો કહેવા, અને અનાગત કાળે વેદના સમુદ્ઘાતો કોઇને થવાના હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને પણ જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્ત સમુદ્ઘાતો કહેવા. તેનો વિચાર પણ પૂર્વે કહ્યા પ્રમાણે સ્વયં કરી લેવો, એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી કષાય સમુદ્ઘાત, મારણાન્તિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત અને તૈજસસમુદ્ઘાત પ્રત્યેક દંડકે કહેવા, તેથી એકસો વીશ દંડકસૂત્રો થાય છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव तेयगसमुग्घाए**' ઇત્યાદિ. 'એમ તૈજસ સમુદ્ઘાત સુધી જાણવું,' એટલે વેદના સમુદ્ઘાત સંબન્ધે કહ્યું છે કે તે પ્રકારે બાકીના બધા સમુદ્ઘાત વિષે પણ પ્રત્યેક સમુદ્ઘાતને આશ્રયી યાવત્ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવું. બાકી બધું સુગમ છે.

'**एगमेगस्स णं**' ઇત્યાદિ. હે ભગવન્! એક એક નૈરયિકને પુર્વના સર્વ અતીતકાળની અપેક્ષાએ કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! કોઇને હોય છે. અહીં 'अत्थि–अस्ति એ નિપાત–અવ્યય સર્વલિઙ્ગ અને સર્વવચનમાં હોય છે. એ સંબન્ધે શાકટાયન ન્યાસકાર કહે છે—'**अस्तीति निपातः सर्वलिङ्गवचनेष्विति**' 'अस्ति' એ નિપાત સર્વ લિઙ્ગ અને વચનોમાં હોય છે. તેથી આ અર્થ થાય છે—કોઇને આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા હોય છે અને કોઇને હોતા નથી. જેણે પૂર્વે મનુષ્યપણું પામીને તેવા પ્રકારની સામગ્રીના અભાવથી ચૌદ પૂર્વનું અધ્યયન કર્યું નથી, ચૌદ પુર્વનું જ્ઞાન હોવા છતાં પણ આહારક લબ્ધિના અભાવથી કે તથાવિધ પ્રયોજનના અભાવથી આહારક શરીર કર્યું નથી તેને હોતા નથી. જેને હોય છે તેને પણ જઘન્યથી એક અને બે અને ઉત્કૃષ્ટથી ત્રણ હોય છે, પણ ચાર હોતા નથી. **જેણે ચાર વાર આહારક શરીર કર્યું છે તેનું નરકમાં ગમન થતું નથી.** એ સંબન્ધે મૂલ ટીકાકાર કહે છે— "**आहारसमुग्घाया उक्कोसेणं तिन्नि, तदुवरि नियमा नरगं न गच्छइ जस्स चत्तारि भवन्ति**"त्ति। આહારક સમુદ્ઘાતો ઉત્કૃષ્ટથી ત્રણ હોય છે. તેના ઉપર જેને ચાર સમુદ્ઘાતો થાય છે તે અવશ્ય નરકમાં જતો નથી. ભવિષ્યકાળે પણ કેટલાકને હોય છે અને કેટલાકને હોતા નથી. તેમાં જે મનુષ્યપણું પામી તેવા પ્રકારની સામગ્રીના અભાવથી ચૌદ પૂર્વનું જ્ઞાન અને આહારક સમુદ્ઘાત વિના થાય છે તેને હોતા નથી. બાકીના જીવને યથાસંભવ

જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર સમુદ્ઘાતો હોય છે. ત્યારબાદ અવશ્ય બીજી ગતિમાં ઉત્પન્ન નહિ થવાને લીધે આહારક સમુદ્ઘાત સિવાય સિદ્ધિગમન થાય છે. 'एवं' ઇત્યાદિ. એ પ્રમાણે—નૈરયિકને કહ્યા પ્રમાણે ચોવીશ દંડકના ક્રમવડે નિરંતર વૈમાનિક સૂત્ર સુધી કહેવું. પરંતુ મનુષ્યને અતીતકાળે પણ અને અનાગતકાળે પણ જેમ નૈરયિકોને ભવિષ્યકાળે થવાના સમુદ્ઘાતો કહ્યા છે તેમ કહેવા. એટલે અતીતકાળે પણ ચાર અને અનાગતકાળે પણ ચાર સમુદ્ઘાતો ઉત્કૃષ્ટથી કહેવા. સૂત્રપાઠ આ પ્રમાણે છ—'एगमेगस्स णं मणूसस्स भंते! केवइया आहारसमुग्घाया अतीता? गोयमा! कस्सइ अत्थि, कस्सइ नत्थि, जस्स अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसणें चत्तारि' હે ભગવન્! એક એક મનુષ્યને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર સમુદ્ઘાતો હોય છે. કેટલા ભવિષ્યકાળે થવાના હોય છે? હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને છે તેને એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર સમુદ્ઘાતો હોય છે. તાત્પર્ય એ છે કે જે ચોથી વેળા આહારક શરીર કરે છે તે અવશ્ય તે ભવે જ મુક્તિ પ્રાપ્ત કરે છે પણ બીજી ગતિમાં જતો નથી. એ શી રીતે જણાય? ઉત્તર—સૂત્રના પૂર્વાપર વિચારથી જાણી શકાય છે. તે આ પ્રમાણે—જો ચોથી વેળા આહારક શરીર કરીને બીજી ગતિમાં જાય તો નરકાદિ કોઇપણ ગતિમાં અતીતકાળે ચાર આહારક સમુદ્ઘાતો કહ્યા હોત, પણ કહ્યા નથી, તેથી જાણી શકાય છે કે ચોથી વેળા આહારક શરીર કરીને અવશ્ય તે ભવમાં જ મુક્તિગામી થાય છે, પરન્તુ બીજી ગતિમાં જતો નથી. તેમાં જેણે પૂર્વે આહારકશરીર કદિ પણ કર્યું નથી તેને અતીત કાળે આહારક સમુદ્ઘાત હોતો નથી. તેથી તેની અપેક્ષાએ કહ્યું છે ક—'કોઇને નથી'. જેને છે તેણે પણ જો પૂર્વે આહારક શરીર એક વાર કર્યું હોય તો તેને એક અતીત કાળે આહારક સમુદ્ઘાત થયેલ છે, બે વાર જેણે કર્યું હોય તેને બે, ત્રણ વાર કર્યું હોય તેને ત્રણ આહારક શરીરો અતીતકાળે થયેલા છે, ચોથી વેળા આહારક શરીર કરીને આહારક સમુદ્ઘાતથી નિવૃત્ત થયેલા છે અને હજી મનુષ્યભવનો ત્યાગ કર્યો નથી તેને ચાર સમુદ્ઘાતો હોય છે. પુરસ્કૃત—ભવિષ્યકાળે થવાના પણ સમુદ્ઘાતો કોઇને હોય છે અને કોઇને હોતા નથી. તેમાં જે ચોથી વેળા આહારક શરીર કરીને આહારક સમુદ્ઘાતથી નિવૃત્ત થયેલા છે, અથવા જેણે આહારક શરીર કર્યું નથી એવો, અથવા જેણે એકવાર આહારક શરીર કર્યું છે એવો, અથવા જેણે બે વાર આહારક શરીર કર્યું છે એવો, અથવા જેણે ત્રણવાર આહારક શરીર કર્યું છે એવો પણ તેવા પ્રકારની સામગ્રીના અભાવથી ત્યાર પછી આહારક શરીર કર્યા સિવાય જ મુક્તિ પામશે, તેને ભવિષ્યમાં આહારક સમુદ્ઘાતો કરવાના હોતા નથી. જેને કરવાના હોય છે તેને પણ જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર સમુદ્ઘાતો કરવાના હોય છે. તેમાં એકાદિ સમુદ્ઘાતનો સંભવ પૂર્વે કહેલી ભાવનાને અનુસારે સ્વયં જાણવો. જેણે પૂર્વ કાળે એકવાર પણ આહારક શરીર કર્યું નથી, પણ પછી તથાવિધ સામગ્રીથી જેટલા સંભવે તેટલા શરીર કરશે તેને ચાર સમુદ્ઘાતો હોય છે બીજાને હોતા નથી.

હવે કેવલી સમુદ્ઘાત સંબન્ધે દંડકસૂત્ર કહે છ—'एगमेगस्स णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! એક એક નૈરયિકને નિરધિકઅનન્ત અતીત કાળને આશ્રયી કેટલા કેવલિસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? ભગવાન્ કહે છે—'नत्थि'त्ति અતીતકાળે એક પણ કેવલિસમુદ્ઘાત થયેલો નથી. કારણ કે કેવલિસમુદ્ઘાત કર્યા પછી અન્તર્મુહૂર્તમાં અવશ્ય જીવો પરમ પદને પામે છે. તેથી જો કેવલિસમુદ્ઘાત થયો હોત તો નરકે જ ન જાત, પણ અત્યારે નરકમાં છે માટે એક પણ નારકને અતીતકાળે કેવલિસમુદ્ઘાત થયેલો નથી. 'केवइया पुरेक्खड'त्ति કેટલા કેવલિસમુદ્ઘાત પુરસ્કૃત—ભવિષ્યકાળે થવાના છે? એ પ્રશ્ન છે. ભગવાન્ કહે છે—'હે ગોતમ! 'कस्सइ अत्थि, कस्सइ नत्थि'त्ति હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતો નથી. અહીં કેવલિસમુદ્ઘાત એક પ્રાણીને સર્વદા એકવાર જ થાય છે, પણ બે ત્રણવાર થતા નથી. તેથી 'अस्ति' એ અવ્યય એકવચનાન્ત જાણવો. તેથી આ અર્થ થાય છે—કોઇને પણ કેવલિસમુદ્ઘાત પુરસ્કૃત—ભવિષ્યકાળે થવાનો હોય છે જે લાંબા કાળે પણ મુક્તિપદની પ્રાપ્તિ સમયે આયુષ્ય કરતાં વિષમ—અધિક સ્થિતિવાળાં કર્મસહિત હોય. કોઇને થવાનો પણ નથી. જે મુક્તિપદ પ્રાપ્ત કરવાને અયોગ્ય હોય, અથવા યોગ્ય હોય તો પણ, જે કેવલિસમુદ્ઘાત સિવાય મુક્તિપદને ભવિષ્યમાં પ્રાપ્ત કરશે. તે સંબન્ધે સૂત્રકાર કહેશે—"अगंतूण समुग्घायमणंता केवलिजिणा। जरमरणविप्पमुक्का सिद्धिं वरगइं गया॥" સમુદ્ઘાતને પ્રાપ્ત થયા સિવાય અનન્તા કેવલી જિનો જરા અને

મરણથી રહિત થઇ સિદ્ધિનામે શ્રેષ્ઠ ગતિને પ્રાપ્ત થયેલા હોય છે. અહીં 'અસ્તિ' એ અવ્યય સર્વ લિંગ અને સર્વ વચનમાં હોય છે. એ પ્રમાણે જેણે સિદ્ધાન્ત જાણ્યો નથી એવા કોઇને બહુવચનની શંકા થાય તેને દુર કરવા માટે કહે છે—'**जस्स अत्थि**' જેને એક કેવલિસમુદ્ઘાત ભવિષ્યમાં થવાનો છે તેને એક હોય છે. કારણ કે ફરીથી તેને સંસાર હોતો નથી. '**एवं जाव वेमाणियस्स**' એ પ્રમાણે-નૈરયિક સંબન્ધે પાઠ વડે ચોવીશ દંડકના ક્રમને અનુસરી વૈમાનિક સૂત્ર સુધી કહેવું. તે આ પ્રમાણે—'**एगमेगस्स णं भंते! वेमाणियस्स केवइया केवलिसमुग्घाया अतीता? गोयमा! नत्थि, केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि, कस्सइ नत्थि, जस्सत्थि एक्को**' ઇતિ। હે ભગવન્! એક એક વૈમાનિકને કેટલા કેવલિસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! પૂર્વે થયા નથી. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને એક હોય છે ઇત્યાદિ. તેમાં વિશેષતા કહે છ—'**नवरं**' ઇત્યાદિ. પરન્તુ આ વિશેષ છે-મનુષ્યને કેવલિસમુદ્ઘાતના વિચારમાં અતીત કાળે કોઇકને હોય છે અને કોઇકને હોતા નથી એમ કહેવું. તેમાં જે કેવલિસમુદ્ઘાતથી નિવૃત્ત થયેલો છે અને હજી મુક્તિપદને પ્રાપ્ત થયો નથી, તેને અતીત કાળે કેવલિસમુદ્ઘાત થયેલો છે. તે બધા મળીને ઉત્કૃષ્ટ પદે શતપૃથક્ત્વ-બસોથી નવસો સુધી જાણવા. જે કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયો નથી એવા કોઇને પણ અતીત કાળે કેવલિસમુદ્ઘાત થયો નથી. તે બધા મળીને અસંખ્યાતા જાણવા. કારણ કે શતપૃથક્ત્વ સિવાયના બીજા બધા મનુષ્યો કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયા નથી. અહીં પણ 'અસ્તિ' એ અવ્યય સર્વ લિંગ અને સર્વ વચનવાચી હોવાથી 'કોઇને હોય છે અને કોઇ નથી હોતા'-એમ કહેવામાં બહુપણાની આશંકા થાય તેને દુર કરવા માટે સૂત્રકાર કહે છે-જે મનુષ્યને ભૂતકાળે કેવલિસમુદ્ઘાત થયેલ છે તેને અવશ્ય એક થયેલ છે, બે ત્રણ થયા નથી, કારણ કે એકજ સમુદ્ઘાત વડે પ્રાયઃ બધા અઘાતી કર્મોનો નિર્મૂલ નાશ થાય છે. '**एवं पूरेक्खडावि**'त्ति એ પ્રમાણે—અતીત સમુદ્ઘાત સંબન્ધે કહ્યું તેમ પુરસ્કૃત-ભવિષ્યકાળે થવાના કેવલિસમુદ્ઘાતો સંબન્ધે જાણવા. તે આ પ્રમાણે—'**कस्सइ अत्थि, कस्सइ नत्थि, जस्सत्थि एक्को**' ઇતિ. કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને છે જેને એક થવાનો હોય છે. અહીં પૂર્વે કહ્યા પ્રમાણે સ્વયં વિચાર કરવો. એ પ્રમાણે અતીત અને અનાગત કાળને આશ્રયી એક એક નૈરયિકાદિ સંબન્ધે વેદનાદિ સમુદ્ઘાતનો વિચાર કર્યો. ॥૩॥૬૯૪॥

## ।। पुहत्तेणं अतीताइसमुग्घाय परूवणं ।।

**णेरइयाणं भंते! केवतिया वेदणासमुग्घाया अतीता? गोयमा! अणंता। केवतिया पुरेक्खडा? गोयमा! अणंता, एवं जाव वेमाणियाणं, एवं जाव तेयगसमुग्घाए, एवं एते वि पंच चउवीसा दंडगा। णेरइयाणं भंते! केवतिया आहारगसमुग्घाया अतीता? गोयमा! असंखेज्जा। केवतिया पुरेक्खडा? गोयमा! असंखेज्जा, एवं जाव वेमाणियाणं। णवरं वणप्फइकाइयाणं मणूसाण य इमं णाणत्तं—वणप्फइकाइयाणं भंते! केवतिया आहारगसमुग्घाया अतीया? गोयमा! अणंता। मणूसाणं भंते! केवइया आहारगसमुग्घाया अतीया? गोयमा! सिय संखेज्जा, सिय असंखेज्जा, एवं पुरेक्खडा वि। णेरइयाणं भंते! केवतिया केवलिसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवतिया पुरेक्खडा? गोयमा! असंखेज्जा, एवं जाव वेमाणियाणं। णवरं वणप्फकाइयमणूसेसु इमं णाणत्तं—वणप्फइकाइयाणं भंते! केवतिया केवलिसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवतिया पुरेक्खडा? गोयमा! अणंता। मणूसाणं भंते! केवतिया केवलिसमुग्घाया अतीता? गोयमा! सिय अत्थि सिय णत्थि, जदि अत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं सतपुहत्तं। केवतिया पुरेक्खडा? गोयमा! सिय संखेज्जा, सिय असंखेज्जा ।।सू०-४।।६९५।।**

*(મૂO) હે ભગવન્! નૈરયિકોને કેટલા વેદના સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા પુરસ્કૃત—ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. એમ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવું. એ પ્રમાણે એ બધા મળીને એકસો વીશ દંડકો થાય છે. હે ભગવન્! નૈરયિકોને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલાં છે?*

*હે ગૌતમ! અસંખ્યાતા પૂર્વે થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! અસંખ્યાતા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. પરંતુ વનસ્પતિકાયિકો અને મનુષ્યોને આ વિશેષ છે—'હે ભગવન્! વનસ્પતિકાયિકોને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે? હે ભગવન્! મનુષ્યોને કેટલા આહારક સમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થયેલા છે. એ પ્રમાણે ભવિષ્ય કાળે થવાના પણ જાણવા. હે ભગવન્! નૈરયિકોને કેટલા કેવલિસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! અસંખ્યાતા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! મનુષ્યોને કેટલા કેવલિસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! કદાચ થયેલા હોય છે અને કદાચ થયેલા નથી. જો થયેલા હોય છે તો જઘન્યથી એક, બે અને ત્રણ થયેલા છે અને ઉત્કૃષ્ટ શતપૃથક્ત્વ—બસોથી નવસો સુધી થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થવાના છે. ॥૪॥૬૯૫॥*

(ટી૦) હવે સમુદાયરૂપ નૈરયિકાદિના પ્રત્યેક દંડકે સમુદ્ઘાત સંબન્ધે વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે— **'नेरइयाणं'** ઇત્યાદિ. હે ભગવન્! વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તમાન સમુદિત બધા નૈરયિકોને પૂર્વે કેટલા વેદનાસમુદ્ઘાતો થયેલા છે? ભગવાન્ કહે છે—'હે ગૌતમ! પૂર્વે અનન્તા થયેલા છે. કારણ કે ઘણા જીવો અનન્ત કાળથી અવ્યવહાર રાશિથી નીકળેલા છે અને તેઓને અતીત અનન્તકાળે નૈરયિકોમાં અનન્તા વેદનાસમુદ્ઘાતો થયેલા હોય છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? અહીં પણ સંપૂર્ણ પ્રશ્નસૂત્રપાઠ આ જાણવો—**नेरइयाणं भंते! केवइया वेयणासमुग्घाया पुरेक्खडा?** ઇતિ. હે ભગવન્! નૈરયિકોને કેટલા વેદનાસમુદ્ઘાતો ભવિષ્યમાં થવાના છે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! અનન્તા થવાના છે. કારણ કે બધા નૈરયિકો અનન્તકાળ સુધી સંસારમાં રહેવાના છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી યાવત્ વૈમાનિકો સુધી કહેવું. જેમ વેદનાસમુદ્ઘાતોનો ચોવીશ દંડકના ક્રમથી વિચાર કર્યો તેમ કષાય, મરણ, વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાતોનો પણ વિચાર કરવો. તે પ્રમાણે સૂત્રકાર કહે છે— **'एवं जाव तेयगसमुग्घाए'** એમ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવું. એમ થવાથી આ પણ બહુવચન વિષયક એકસોને વીશ દંડકસૂત્રો થાય છે. એજ બાબત સૂત્રકાર કહે છે— **'एवमेए वि य पंच चउव्वीसदंडग'** ઇતિ. એ પ્રમાણે એ પણ એકસો વીશ દંડકો થાય છે. આહારક સમુદ્ઘાતનો વિચાર કરતા કહે છે—'નેરઇયાણં' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકોને આહારક સમુદ્ઘાતો અતીતકાળે કેટલા થયેલા છે? ઇત્યાદિ. અહીં પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ કહે છે—હે ગૌતમ! પૂર્વે અસંખ્યાતા થયેલા છે. અહીં આ તાત્પર્ય છે–અહીં નૈરયિકો હમેશાં પ્રશ્ન સમયે બધા મળીને પણ અસંખ્યાતા હોય છે. **તેઓમાં પણ કેટલાએક અસંખ્યાતા છે કે જેઓએ પૂર્વે આહારક સમુદ્ઘાત કર્યો છે.** તેથી જેઓએ પૂર્વે આહાર સમુદ્ઘાત કર્યો છે એવા અસંખ્યાતા જ ઘટે છે; અનન્તા તેમ સંખ્યાતા ઘટતા નથી. એમ તેઓ ભવિષ્યમાં આહારક સમુદ્ઘાતવાળા પણ અસંખ્યાતા જાણવા. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી યાવત્ વૈમાનિકો પર્યન્ત કહેવું. એ બાબત સૂત્રકાર કહે છે— **'एवं जाव वेमाणियाणं'** એ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું. અહીં જે વિશેષતા છે તે બતાવવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે— **'नवरं'**–પરન્તુ વનસ્પતિકાયિકના અને મનુષ્યના વિચારમાં નૈરયિકોની અપેક્ષાએ વિશેષતા જાણવી. તે વિશેષતા બતાવે છે— **'एवं वणस्सइकाइयाणं'** એ પ્રમાણે વનસ્પતિકાયિકોને કહેવું. અહીં પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ કહે છે—હે ગૌતમ! પૂર્વે અનન્તા થયેલા છે, કારણ કે **જેણે પૂર્વે આહારક સમુદ્ઘાત કર્યા છે એવા અનન્તા ચૌદ પૂર્વધરો પ્રમાદના વશથી સંસારની વૃદ્ધિ કરીને વનસ્પતિમાં હોય છે.** ભવિષ્ય કાળે અનન્તા આહારક સમુદ્ઘાત કરવાના છે. કારણ કે અનન્તા જીવો વનસ્પતિકાયથી નીકળી ચૌદ પૂર્વના જ્ઞાનપૂર્વક આહારક સમુદ્ઘાત કરી ભવિષ્યમાં મોક્ષે જવાના છે. **'मणुस्साणं भंते'**! ઇત્યાદિ. હે ભગવન્! મનુષ્યોને કેટલા આહારક સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર પ્રસિદ્ધ છે. ભગવાન્ કહે છે–હે ગૌતમ! **'स्यात्'** એ અવ્યય અનેકાન્તનો દ્યોતક છે. તેથી આ અર્થ થાય છે.–કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા હોય છે. શી રીતે હોય? અહીં સંમૂર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્ય સમુદાયના વિચારમાં મનુષ્યો ઉત્કૃષ્ટ પદે અંગુલપ્રમાણ ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશો હોય તેનું જે પ્રથમ વર્ગમૂલ છે તેને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણતાં જેટલા થાય

એટલા પ્રદેશપ્રમાણ ખંડો ઘનીકૃત લોકની એક પ્રદેશની શ્રેણીમાં જેટલા હોય તેમાંથી એક ઓછો કરીએ તેટલા હોય છે. અને તેઓ બાકીના નારકાદિની જીવ રાશિની અપેક્ષાએ ઘણાજ થોડા છે. તેમાં પણ જેઓએ પૂર્વ ભવોમાં આહારક શરીર કરેલું છે તેઓ તો કેટલાક છે. તેઓ કદાચિત્ વિવક્ષિત પ્રશ્નસમયે સંખ્યાતા હોય છે અને કદાચિત્ અસંખ્યાતા હોય છે. તે માટે કહ્યું છે કે—'**सिय संखेज्जा सिय असंखेज्जा**' ઇતિ. કદાચિત્ સંખ્યાતા હોય છે અને કદાચિત્ અસંખ્યાતા હોય છે. ભવિષ્યકાળે પણ વિવક્ષિત પ્રશ્ન સમયે વિદ્યમાન મનુષ્યોમાં કેટલાએક આહારક શરીર કરશે તેઓ પણ કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા હોય છે, તેથી કહે છે કે—'**एवं पुरेक्खडा वि**' જેમ અતીત કાળે આહારક સમુદ્ઘાતો કહ્યા છે તેમ ભવિષ્યકાળે પણ જાણવા. એટલે જેમ વનસ્પતિકાયિકો અને મનુષ્યોને અતીત કાળે આહાર સમુદ્ઘાતો કહ્યા છે તેમ ભવિષ્યમાં આહારક સમુદ્ઘાતો પણ જાણવા. તે આ પ્રમાણ—હે ભગવન્ વનસ્પતિકાયિકોને કેટલા આહારક સમુદ્ઘાતો ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. હે ભગવન્! મનુષ્યોને કેટલા આહારક સમુદ્ઘાતો ભવિષ્યમાં થવાના છે? કદાચ સંખ્યાતા થવાના હોય છે અને કદાચ અસંખ્યાતા થવાના હોય છે. કેવલિસમુદ્ઘાત વિષે પ્રશ્નસૂત્ર કહે છે—'**नेरइयाणं भंते!**' હે ભગવન્! કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે થયેલા હોય? ઇત્યાદિ સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! નૈરયિકોને ભૂતકાળે કોઇપણ કેવલિસમુદ્ઘાત થયેલો નથી, કારણ કે જેઓએ કેવલિસમુદ્ઘાત કર્યો છે તેઓનું નારકાદિમાં ગમન થતું નથી. કેટલા ભવિષ્યમાં થવાના છે? એ પ્રશ્ન છે. ભગવાન્ ઉત્તર આપે છ—હે ગૌતમ! અસંખ્યાતા થવાના છે. કારણ કે વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં અસંખ્યાતા નારકોને ભવિષ્યમાં કેવલિ સમુદ્ઘાત થવાનો છે અને તે પ્રમાણે કેવલજ્ઞાનીએ જાણેલું છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિક સૂત્ર સુધી કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છ—'**एवं जाव वेमाणियाणं**' એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. અહીં વિશેષતા કહે છ—'**नवरं**'–પરન્તુ વનસ્પતિકાયિકોમાં અને મનુષ્યોમાં આ વિશેષતા કહેવાની છે, તે કહે છે—'**वणस्सइकाइयाणं**' ઇત્યાદિ. વનસ્પતિકાયિકોને કેટલા કેવલિસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? ઇત્યાદિ પ્રશ્નસૂત્ર સુપ્રસિદ્ધ છે. ઉત્તરસૂત્રમાં આ પ્રમાણે ઉત્તર છે—(અતીતકાળમાં થયેલા નથી અને ભવિષ્યકાળમાં) અનન્તા કેવલિસમુદ્ઘાતો થવાના છે, કારણ કે તેઓમાં જેઓને ભવિષ્યકાળે અનન્તા કેવલિસમુદ્ઘાતો થવાના છે તેવા અનન્તા છે. '**मणुस्साणं**' ઇત્યાદિ. હે ભગવન્! મનુષ્યોને કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? ઇત્યાદિ. અહીં પણ પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! કદાચ અતીતકાળે થયેલા હોય અને કદાચિત્ થયેલા ન હોય. તાત્પર્ય એ છે કે જ્યારે પ્રશ્ન સમયે સમુદ્ઘાતથી નિવૃત્ત થયેલા પ્રાપ્ત થાય ત્યારે હોય છે અને બાકીના કાળે હોતા નથી. તેમાં તે સમયે જેણે કેવલિસમુદ્ઘાત કર્યો છે એવા મનુષ્યો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ–બસોથી નવસો સુધી હોય છે. કારણ કે ઉત્કૃષ્ટ પદે એક કાળે એટલા કેવલજ્ઞાનીઓ કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા હોય છે. '**केवइया पुरेक्खडा?**' કેટલા પુરસ્કૃતભવિષ્ય કાળે થવાના કેવલિસમુદ્ઘાતો હોય છે? એટલે મનુષ્યોને કેટલા સમુદ્ઘાતો ભવિષ્યમાં થવાના હોય છે? ભગવાન્ ઉત્તર આપે છે–કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા થવાના હોય છે. કારણ કે મનુષ્યો સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બધા મળીને ઉત્કૃષ્ટ પદે પૂર્વે જેનું પ્રમાણ બતાવ્યું છે એટલા (અસંખ્યાતા) હોય છે. તેમાં વિવક્ષિત **પ્રશ્ન સમયે વર્તતા મનુષ્યોમાં ઘણા અભવ્ય હોવાથી** કદાચિત્ સંખ્યાતા કેવલિસમુદ્ઘાતો હોય છે, કદાચિત્ અસંખ્યાતા હોય છે, કારણ કે જેઓને ભવિષ્યકાળે કેવલિસમુદ્ઘાતો થવાના છે એવા ઘણા હોય છે. ॥૪॥૬૯૫॥

## ।। एगत्तेणं अतीताइसमुग्घाय परूवणं ।।

**एगमेगस्स णं भंते! णेरइयस्स णेरइयत्ते केवतिया वेदणासमुग्घाया अतीता? गोयमा! अणंता, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि जहन्नेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा। एवं असुरकुमारत्ते जाव वेमाणियत्ते। एगमेगस्स णं भंते! असुरकुमारस्स णेरइयत्ते केवतिया वेदणासमुग्घाया अतीता? गोयमा! अणंता, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि**

**कस्सति णत्थि, जस्सत्थि तस्स सिय संखेज्जा [वा] सिय असंखेज्जा [वा] सिय अणंता [वा]। एगमेगस्स णं भंते! असुरकुमारस्स असुरकुमारत्ते केवतिया वेदणासमुग्घाया अतीता? गोयमा! अणंता, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि जहन्नेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा, एवं णागकुमारत्ते वि जाव वेमाणियत्ते, एवं जहा वेयणासमुग्घाएणं असुरकुमारे णेरइयादिवेमाणियपज्जवसाणेसु भणिए तहा णागकुमारादिया अवसेसेसु सट्ठाण-परट्ठाणेसु भाणियव्वा जाव वेमाणियस्स वेमाणियत्ते। एवमेते चउव्वीसं चउव्वीसा दंडगा भवंति ।।सू०-५।।६९६।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા વેદનાસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના હોતા નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું. હે ભગવન્! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા વેદનાસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના હોતા નથી. જેને થવાના છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા થવાના હોય છે. હે ભગવન્! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં અતીત કાળે કેટલા વેદના સમુદ્ઘાતો થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના છે. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં પણ કહેવું. એ પ્રમાણે જેમ વેદના સમુદ્ઘાત વડે અસુરકુમાર નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીમાં કહ્યો તેમ નાગકુમારાદિ બધા બાકીના સ્વસ્થાનોમાં અને પરસ્થાનોમાં કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. એમ આ ચોવીશગુણા ચોવીશ દંડકો થાય છે. ।।૫।।૬૯૬।।*

(ટી૦) હવે નૈરયિકત્વાદિ ભાવોમાં વર્તતા એક એક નૈરયિકાદિને પૂર્વકાળે કેટલા વેદના સમુદ્ઘાતો થયેલા હોય છે અને કેટલા ભવિષ્યકાળે થવાના હોય છે તેનું નિરુપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एगमेगस्स णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! એક એક નૈરયિકને સર્વ અતીતકાળની અપેક્ષાએ તે તે કાળે નૈરયિકપણામાં વર્તતા બધા મળીને કેટલા વેદના સમુદ્ઘાત થયેલા છે? ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! અનન્તા થયેલા છે. કારણ એક એક નૈરયિકને નરકસ્થાન પૂર્વે અનન્તવાર પ્રાપ્ત થયેલું છે અને એક નરકભવમાં જઘન્યપદે પણ સંખ્યાતા વેદના સમુદ્ઘાતો થાય છે. '**केवइया पुरेक्खडा**'? કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ભગવન્! એક એક નૈરયિકને સંસારથી માંડી મોક્ષગમન સુધીમાં અનાગતકાળની અપેક્ષાએ નારકપણામાં ભવિષ્યમાં થવાના બધા મળીને વેદના સમુદ્ઘાતો કેટલા છે? ભગવાન્ ઉત્તર આપે છ—હે ગૌતમ! '**कस्सइ अत्थि**' ઇત્યાદિ. કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. તેમાં જેનું નજીકમાં મૃત્યુ છે એવા નૈરયિક વેદના સમુદ્ઘાત કર્યા સિવાય છેવટના મરણવડે નરકથી નીકળી પછીના ભવમાં સિદ્ધ થાય તેને નૈરયિકપણામાં ભવિષ્યમાં થવાનો એક પણ વેદના સમુદ્ઘાત નથી. બાકીનાને થવાના છે અને તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ હોય છે, આ બાબત જેઓનું ક્ષીણ થયેલું શેષ આયુષ્ય બાકી છે એવા, તે ભવમાં ઉત્પન્ન થયેલા અને પછીના ભવમાં સિદ્ધ થવાના છે તેઓની અપેક્ષાએ જાણવું, પરન્તુ ફરીથી નરકમાં ઉત્પન્ન થવાના હોય તેની અપેક્ષાએ ન સમજવું. કારણ કે ફરીથી નરકમાં ઉત્પન્ન થનારને તો જઘન્યપદે પણ સંખ્યાતા વેદના સમુદ્ઘાતો થાય છે. એ સંબન્ધે મૂળ ટીકાકાર કહે છ—"**नरकेषु जघन्यस्थितिषूत्पन्नस्य नियमतः संख्येया एव वेदनासमुद्घाता भवन्ति, वेदनासमुद्घातप्रचुरत्वान्नारकाणाम्**" इति। જઘન્ય સ્થિતિવાળા નરકોમાં ઉત્પન્ન થયેલાને અવશ્ય સંખ્યાતા જ ઘણા વેદના સમુદ્ઘાતો થાય છે. કારણ કે વેદના સમુદ્ઘાતવાળા નારકો હોય છે. ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. તેમાં જે એક વાર જઘન્ય સ્થિતિવાળા નરકમાં

ઉત્પન્ન થવાનો છે તેને સંખ્યાતા સમુદ્‌ઘાતો હોય છે. જઘન્ય સ્થિતિવાળા નરકમાં અનેકવાર અને દીર્ઘસ્થિતિવાળા નરકોમાં એકવાર કે વારંવાર જે ઉત્પન્ન થવાનો છે તેને અસંખ્યાતા અને અનંતવાર ઉત્પન્ન થવાનો છે તેને અનન્તા સમુદ્‌ઘાતો હોય છે. એ પ્રમાણે નૈરયિક સંબન્ધે પાઠ વડે અસુરકુમારપણામાં અને ત્યાર પછી ચોવીશ દણ્ડકના ક્રમથી નિરન્તર યાવત્ વૈમાનિકપણામાં કહેવું. તે આ પ્રમાણે—'**एगमेगस्स णं भंते! नेरइयस्स असुरकुमाराओ केवइया वेयणासमुग्घाया अतीता? अनन्ता। केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि, कस्सइ नत्थि, जस्स अत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा**'—હે ભગવન્! એક એક નૈરયિકને અસુરકુમારની અપેક્ષાએ કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના નથી હોતા. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા ભવિષ્યકાળે થવાના હોય છે. તેમાં અતીતસૂત્રમાં અનન્તવાર અસુરકુમારપણું પ્રાપ્ત થયેલું હોવાથી અસુરકુમારપણાને પ્રાપ્ત થયેલા નૈરયિકને [અસુરકુમારપણામાં] અતીત કાળે અનન્તા વેદના સમુદ્‌ઘાતો ઘટે છે. પુરસ્કૃત–ભાવી વેદના સમુદ્‌ઘાતના વિચારમાં જે નરકથી નીકળી પછીના ભવમાં મનુષ્યપણું પામી સિદ્ધ થશે, અથવા પરંપરાએ એકવાર અસરકુમારના ભવને પ્રાપ્ત થવા છતાં વેદના સમુદ્‌ઘાતને પ્રાપ્ત નહિ થાય તેને એક પણ વેદના સમુદ્‌ઘાત અસુરકુમારપણામાં થવાનો નથી. જે એકવાર અસુરકુમારપણાને પ્રાપ્ત થઇ એક જ વાર વેદના સમુદ્‌ઘાતને પ્રાપ્ત કરશે તેને જઘન્યથી એક, બાકીનાને બે કે ત્રણ, સંખ્યાતી વાર અસુરકુમારપણાને પ્રાપ્ત થવાના છે તેને સંખ્યાતી વાર, અસંખ્યાતીવાર અસુરકુમારભાવને પ્રાપ્ત થવાના છે તેને અસંખ્યાતી વાર અને અનન્ત વાર પ્રાપ્ત થવાના છે તેને અનન્ત વેદના સમુદ્‌ઘાતો થવાના છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી નાગકુમારત્વાદિ સ્થાનોમાં સૂત્રપાઠ નિરન્તર જ્યાં સુધી વૈમાનિકપણા સંબન્ધે સૂત્ર છે ત્યાં સુધી કહેવો.

'**एगमेगस्स णं**' ઇત્યાદિ. હે ભગવન્! પૂર્વે નૈરયિકપણે થયેલા–નૈરયિકપણાને પ્રાપ્ત થયેલા એક એક અસુરકુમારને (નૈરયિકપણામાં) સમ્પૂર્ણ અતીત કાળની અપેક્ષાએ બધા મળી કેટલા વેદના સમુદ્‌ઘાતો પૂર્વે થયેલા છે? ભગવાન્ ઉત્તર આપે છે––હે ગૌતમ! અતીત કાળે અનન્તા થયેલા છે. કારણ કે તેણે અનન્તવાર નૈરયિકપણું પ્રાપ્ત કર્યું છે, અને એક નૈરયિકના ભવમાં જઘન્યપદે પણ સંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો થયેલા છે. કેટલા થવાના છે? કદાચિત્ થવાના હોય અને કદાચિત્ ન થવાના હોય. એટલે કોઇકને થાય અને કોઇને ન થાય એ ભાવાર્થ છે. અહીં આ તાત્પર્ય છે—જે અસુરકુમારના ભવથી નીકળી નરકમાં જવાનો નથી, પરન્તુ તુરત કે પરંપરાએ મનુષ્યભવ પામી સિદ્ધ થશે તેને નૈરયિકપણામાં ભવિષ્યકાળે વેદના સમુદ્‌ઘાતો થવાના નથી. કારણ કે તેને નૈરયિકપણાની અવસ્થાનો જ અસમ્ભવ છે. જે તે ભવ પછી પરંપરાએ નરકમાં જશે તેને વેદના સમુદ્‌ઘાતો થવાના હોય છે. તેમાં પણ કોઇકને સંખ્યાતા, કોઇકને અસંખ્યાતા અને કોઇકને અનન્તા થવાના હોય છે. તેમાં જે એક વાર જઘન્ય સ્થિતિવાળા નૈરયિકમાં ઉત્પન્ન થશે તેને જઘન્યપદે પણ સંખ્યાતા હોય છે. કારણ કે સર્વ જઘન્ય સ્થિતિવાળા નરકોમાં પણ સંખ્યાતા વેદના સમુદ્‌ઘાતો થાય છે. કેમ કે નારકોને ઘણી વેદના હોય છે. અનેકવાર જઘન્ય સ્થિતિવાળા નરકોમાં અને એકવાર કે અનેકવાર દીર્ઘસ્થિતિવાળા નરકોમાં જવાથી અસંખ્યાતા વેદના સમુદ્‌ઘાત અને અનન્તવાર જવામાં અનન્ત વેદનાસમુદ્‌ઘાતો થવાના છે.

તથા અસુરકુમારપણામાં રહેલા એક એક અસુરકુમારને સંપૂર્ણ અતીત કાળને આશ્રયી કેટલા વેદના સમુદ્‌ઘાતો અતીત કાળે થયેલા છે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! અનન્તા થયેલા છે. કારણ કે પૂર્વે પણ અનન્તવાર અસુરકુમારપણું પ્રાપ્ત થયેલું છે અને દરેક ભવમાં પ્રાયઃ વેદના સમુદ્‌ઘાત હોય છે. ભવિષ્ય કાળના વિચારમાં કોઇને થવાના હોય છે અને કોઇને થવાના હોતા નથી. જેને પ્રશ્ન સમય પછી અસુરકુમારપણામાં વર્તતા છતાં વેદના સમુદ્‌ઘાત થવાનો નથી, તેમ ત્યાંથી નીકળી ફરી પણ અસુરકુમારપણું પ્રાપ્ત થવાનું નથી તેને વેદના સમુદ્‌ઘાત થવાના નથી. જે એક વાર અસુરકુમારપણું પ્રાપ્ત કરશે તેને જઘન્યપદે એક, બે કે ત્રણ વેદના સમુદ્‌ઘાતો થવાના છે. સંખ્યાતીવાર ઉપજશે તેને સંખ્યાતા અસંખ્યાતીવાર ઉપજશે તેને અસંખ્યાતા અને

અનન્તવાર ઉપજશે તેને અનન્તા વેદના સમુદ્ઘાતો ભવિષ્યકાળે થવાના છે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી નાગકુમારત્વાદિ સ્થાનોમાં અસુરકુમાર સંબન્ધે નિરન્તર યાવત્ વૈમાનિકપણામાં કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'एवं नागकुमारत्ते वि' ઇત્યાદિ. એ પ્રમાણે નાગકુમારપણામાં પણ જાણવું–ઇત્યાદિ. એ પ્રમાણે અસુરકુમારો સંબન્ધે વેદના સમુદ્ઘાતનો વિચાર કર્યો, હવે નાગકુમારાદિમાં અતિદેશ–સમાનપણું બતાવે છે—'एवं' ઇત્યાદિ. ઉપર બતાવેલા પાઠ વડે જેમ અસુરકુમાર ચોવીશ દંડકના ક્રમથી નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીમાં કહ્યો તેમ નાગકુમારાદિ બાકીના બધા દંડકો સ્વસ્થાન અને પરસ્થાનમાં કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે નૈરયિકના ચોવીશ દંડક સૂત્રથી આરંભી વૈમાનિકના ચોવીશ દંડક સૂત્ર સુધી ચોવીશ સૂત્રો થાય છે. એમ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડક સૂત્રવડે વેદનાસમુદ્ઘાતનો વિચાર કર્યો. ॥૫॥૬૯૬॥

**एगमेगस्स णं भंते! णेरइयस्स णेरइयत्ते केवतिया कसायसमुग्घाया अतीता? गोयमा! अणंता, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ नत्थि, जस्सत्थि एगुत्तरियाए जाव अणंता। एगमेगस्स णं भंते! णेरइयस्स असुरकुमारत्ते केवतिया कसायसमुग्घाया अतीता? गोयमा! अणंता, केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि सिय संखेज्जा, सिय असंखेज्जा, सिय अणंता एवं जाव णेरइयस्स थणियकुमारत्ते। पुढविक्काइयत्ते एगुत्तरियाए णेयव्वं, एवं जाव मणुसत्ते, वाणमंतरत्ते जहा असुरकुमारत्ते। जोइसियत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सति अत्थि कस्सति नत्थि, जस्सत्थि सिय असंखेज्जा, सिय अणंता, एवं वेमाणियत्ते वि सिय असंखेज्जा सिय अणंता। असुरकुमारस्स णेरइयत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सति अत्थि कस्सति णत्थि, जस्सत्थि सिय संखेज्जा, सिय असंखेज्जा, सिय अणंता। असुरकुमारस्स असुरकुमारत्ते अतीता अणंता, पुरेक्खडा एगुत्तरिया, एवं नागकुमारत्ते जाव निरंतरं वेमाणियत्ते जहा णेरइयस्स भणियं तहेव भाणियव्वं, एवं जाव थणियकुमारस्स वि [जाव] वेमाणियत्ते, णवरं सव्वेसिं सट्ठाणे एगुत्तरिए, परट्ठाणे जहेव असुरकुमारस्स। पुढविक्काइयस्स णेरइयत्ते जाव थणियकुमारत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सति अत्थि कस्सति णत्थि, जस्सत्थि सिय संखेज्जा, सिय असंखेज्जा, सिय अणंता। पुढविक्काइयस्स पुढविक्काइयत्ते जाव मणूसत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि एगुत्तरिया। वाणमंतरत्ते जहा णेरइयत्ते। जोतिसिय-वेमाणियत्ते अतीता अणंता, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्स अत्थि सिय असंखेज्जा, सिय अणंता, एवं जाव मणूसे वि णेयव्वं। वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारे, णवरं सट्ठाणे एगुत्तरियाए भाणियव्वा जाव वेमाणियस्स वेमाणियत्ते। एवं एते चउवीसं चउवीसा दंडगा ।।सू०-६।।६९७।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કષાય સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના હોતા નથી. જેને થવાના છે તેને એકોત્તર—એકથી માંડી યાવત્ અનન્તા જાણવા. હે ભગવન્! એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા કષાય સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને કદાચિત્ સંખ્યાતા, કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે નૈરયિકને યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. પૃથિવીકાયિકપણામાં એકોત્તર—એકથી માંડી અનન્તા જાણવા. એમ યાવત્ મનુષ્યપણામાં કહેવું. વ્યન્તરપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું. જ્યોતિષ્કપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે. ભવિષ્યમાં કોઇને થવાના હોય અને કોઇને ન થવાના હોય. જેને*

*થવાના હોય તેને કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય. એ પ્રમાણે વૈમાનિકપણામાં પણ કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા હોય છે. અસુરકુમારને નૈરયિકપણામાં અતીત કાળે અનન્તા થયેલા હોય છે. ભવિષ્ય કાળે કોઇને થવાના હોય છે અને કોઇને થવાના ન હોય. જેને થવાના હોય તેને કદાચિત્ સંખ્યાતા હોય, કદાચિત્ અસંખ્યાતા હોય અને કદાચિત્ અનન્તા હોય. અસુરકુમારને અસુરકુમારપણામાં અતીત કાળે અનન્તા થયેલા હોય અને ભવિષ્ય કાળે એકોત્તર—એકથી માંડી અનન્ત સુધી જાણવા. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જેમ નૈરયિકને કહ્યું તેમ કહેવું. એમ યાવત્ સ્તનિતકુમારને પણ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ સર્વને સ્વસ્થાનમાં એકોત્તર—એકાદિ અનન્ત પર્યંત અને પરસ્થાનમાં અસુરકુમારની પેઠે જાણવું. પૃથિવીકાયિકને નૈરયિકપણામાં યાવત્ સ્તનિતકુમારપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે. ભવિષ્ય કાળે કોઇને થવાના હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને કદાચિત્ સંખ્યાતા હોય, કદાચિત્ અસંખ્યાતા હોય અને કદાચિત્ અનન્તા થવાના હોય. પૃથિવીકાયિકપણામાં યાવત્ મનુષ્યપણામાં અતીત કાળે અનંતા થયેલા હોય છે અને ભવિષ્યમાં થવાના કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય છે તેને એકોત્તર—એકથી માંડી અનન્તા સુધી જાણવા. વ્યન્તરપણામાં જેમ નૈરયિકપણામાં કહ્યું છે તેમ કહેવું. જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં અતીતકાળે અનન્તા થયેલા છે. ભવિષ્યમાં થવાના કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય. એ પ્રમાણે યાવત્ મનુષ્ય સંબંધે પણ જાણવું. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો જેમ અસુરકુમારો કહ્યા તેમ કહેવા. પરન્તુ સ્વસ્થાનને આશ્રયી એકોત્તર—એકથી માંડી અનન્ત સુધી જાણવા. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે એ ચોવીશ ચોવીશગુણા દંડકો થાય છે. ॥૬॥૬૯૭॥*

(ટી૦) હવે પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે કષાય સમુદ્ઘાતનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एगमेगस्स णं**' ઇત્યાદિ. એક એક નૈરયિકને નૈરયિકપણામાં અતીત કાળે કેટલા કષાયસમુદ્ઘાતો થયેલા છે? ઇત્યાદિ. તેમાં નૈરયિકોને નૈરયિકપણા વિષે પ્રશ્નસૂત્ર સુગમ છે. પુરસ્કૃત–ભવિષ્યકાળના વિચારમાં કષાયસમુદ્ઘાતો કોઇને થવાના હોય છે અને કોઇને હોતા નથી. તેમાં જેનું શેષ આયુષ્ય ક્ષીણ થયેલું છે એવો પ્રશ્નસમયે ભવના અન્તે વર્તતો નૈરયિક કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત કર્યા સિવાય જ નરકભવથી નીકળી તુરત પછીના ભવમાં સિદ્ધ થશે કે પરમ્પરાએ બીજા ભવોમાં સિદ્ધ થશે પણ ફરી નરકગામી નહિ થાય તેને નૈરયિકપણામાં ભવિષ્યમાં થવાના કષાયસમુદ્ઘાતો હોતા નથી. બાકીનાને હોય છે. જેને હોય છે તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ કષાયસમુદ્ઘાતો હોય છે અને તે જેઓનું શેષ આયુષ્ય ક્ષીણ થયેલું છે એવા અને કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત થનારાને જાણવા. ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. તેમાં જેઓને સંખ્યાતા વરસનું આયુષ્ય બાકી છે તેઓને સંખ્યાત, અસંખ્યાતા વરસનું આયુષ જેઓનું બાકી છે તેઓને અસંખ્યાતા સમજવા. અથવા એકવાર જઘન્યસ્થિતિવાળા નરકમાં ઉત્પન્ન થવા વાળાને સંખ્યાતા, વારંવાર જઘન્યસ્થિતિવાળા નરકમાં ઉત્પન્ન થનારને કે એકવાર કે અનેકવાર દીર્ઘસ્થિતિવાળા નરકમાં ઉત્પન્ન થવાવાળાને અસંખ્યાતા અને અનન્તવાર ઉત્પન્ન થવાવાળાને ભવિષ્યકાળે અનન્તા કષાયસમુદ્ઘાતો જાણવા. તથા જે પ્રમાણે નૈરયિકને નૈરયિકપણામાં કહ્યું તેમ અસુરકુમારપણામાં અતીત સૂત્ર જાણવું. અને તે પ્રમાણે જ પુરસ્કૃત સૂત્રમાં 'કોઇને થવાના હોય છે અને કોઇને હોતા નથી'। જે નરકથી નીકળી અસુરકુમારપણું પ્રાપ્ત કરશે નહિ તેને અસુરકુમારપણામાં ભવિષ્યકાળે કષાયસમુદ્ઘાતો થવાના નથી. જે અસુરકુમારપણું પામશે તેને થવાના છે. તે કષાયસમુદ્ઘાતો જઘન્યપદે સંખ્યાતા હોય છે, કારણ કે જઘન્યસ્થિતિમાં પણ અસુરકુમારને સંખ્યાતા કષાયસમુદ્ઘાતો થાય છે. કેમકે તેઓ લોભાદિ બહુકષાયવાળા છે. ઉત્કૃષ્ટપદે અસંખ્યાતા કે અનન્તા હોય છે. તેમાં એકવાર દીર્ઘસ્થિતિવાળામાં કે અનેકવાર જઘન્યસ્થિતિવાળામાં ઉત્પન્ન થવાવાળાને અસંખ્યાતા અને અનન્તવાર ઉત્પન્ન થવાવાળાને અનન્તા કષાયસમુદ્ઘાતો હોય છે. એ પ્રમાણે નૈરયિકોને નાગકુમારત્વાદિ સ્થાનોમાં યાવત્ સ્તનિતકુમારપણામાં નિરન્તર કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव**' ઇત્યાદિ. 'એ પ્રમાણે નૈરયિકને' યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. પૃથિવીકાયિકપણામાં અતીતસૂત્ર તેમજ કહેવું. પુરસ્કૃત–ભવિષ્યના વિચારમાં કોઇને હોય છે,

કોઇને હોતા નથી. તેમાં જે નરકથી નીકળી પૃથિવીકાયમાં જવાનો નથી તેને નથી હોતા. જે જવાનો છે તેને પણ જઘન્યપદે એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. તે આ પ્રમાણે-તિર્યંચ પંચેન્દ્રિય ભવથી, મનુષ્યના ભવથી કે દેવના ભવથી કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત થઇ જે એકવાર પૃથિવીકાયિકોમાં જવાનો છે તેને એક, બે વાર જવાનો છે તેને બે, ત્રણ વાર જવાનો છે તેને ત્રણ, સંખ્યાતી વાર જવાનો છે તેને સંખ્યાતા, અસંખ્યાતીવાર જવાનો છે તેને અસંખ્યાતા અને અનન્ત વાર જવાનો છે તેને અનન્તા કષાયસમુદ્ઘાતો થશે. તે પ્રમાણે સૂત્રકાર કહે છ—'**पुढविकाइयत्ते एगुत्तरियाए नेयव्वं**' ઇતિ તથા '**एवं जाव मणूसत्ते**' પૃથિવીકાયિકપણામા એકોત્તર—એકથી માંડી અનન્તા સુધી જાણવા. તથા એ પ્રમાણે યાવત્ મનુષ્યપણામાં જાણવું. એમ પૃથિવીકાયિકપણામાં જે સૂત્ર પાઠ કહ્યો છે તે વડે યાવત્ મનુષ્યપણામાં કહેવું. તે આ પ્રમાણ—'**एगमेगस्स णं भंते! नेरइयस्स आउकाइयत्ते केवइया कसायसमुग्घाय अईया? गोयमा अणंता। केवइया पुरेक्खडा? गोयमा! कस्सइ नत्थि, जस्सत्थि जहन्नेणं एक्को वा दो वा तिन्नि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा।**' હે ભગવન્! એકએક નૈરયિકને અપ્કાયિકપણામાં કેટલા કષાયસમુદ્ઘાતો અતીત કાળે થયેલા હોય છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ રીતે મનુષ્યસૂત્ર સુધી કહેવું. તેમાં અપ્કાયથી માંડી વનસ્પતિ સુધીના સૂત્રનો વિચાર પૃથિવીકાયિક સૂત્રની પેઠે કરવો, બેઇન્દ્રિયસૂત્રમાં પુરસ્કૃત-ભવિષ્ય કાળે થવાના કષાયસમુદ્ઘાતનો વિચાર કરતાં જઘન્યથી એક, બે કે ત્રણ સમુદ્ઘાતો જે એકવાર જઘન્યસ્થિતિવાળા બેઇન્દ્રિયના ભવને પ્રાપ્ત કરવાનો છે તેની અપેક્ષાએ સમજવા. સંખ્યાતી વાર બેઇન્દ્રિયના ભવને પ્રાપ્ત થવાનો છે તેને સંખ્યાતા, અસંખ્યાતી વાર પ્રાપ્ત કરવાનો છે તેને અસંખ્યાતા અને અનન્તવાર પ્રાપ્ત કરવાનો છે તને અનન્તા કષાયસમુદ્ઘાતો ભવિષ્ય કાળે થવાના છે. એ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સૂત્રો પણ વિચારવા. તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યસૂત્ર વિષે આ પ્રમાણે વિચાર છે-જે એક વાર તિર્યંચ પંચેન્દ્રિયના ભવને પ્રાપ્ત કરવાનો છે અને સ્વભાવથી જ અલ્પ કષાયવાળો છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ સમુદ્ઘાતો હોય છે અને બાકીના તિર્યંચ પંચેન્દ્રિયના ભવને સંખ્યાતી વાર પ્રાપ્ત કરવાને સંખ્યાતા, અસંખ્યાતી વાર પ્રાપ્ત કરનારને અસંખ્યાતા અને અનન્તી વાર પ્રાપ્ત કરવાને અનન્તા કષાયસમુદ્ઘાતો થવાના છે.

મનુષ્યસૂત્રમાં ભવિષ્યના કષાયસમુદ્ઘાત સંબન્ધે આ પ્રમાણે વિચાર છે-જે નરકભવથી નીકળી અલ્પ કષાયવાળો મનુષ્યભવ પામી કષાયસમુદ્ઘાત કર્યા સિવાય જ મોક્ષમાં જવાનો છે તેને નથી, બાકીનાને હોય છે. તેમાં જે એક, બે કે ત્રણ વાર કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત કરશે તેને એક, બે કે ત્રણ કષાયસમુદ્ઘાતો હોય છે. સંખ્યાતા ભવો કરનારને અથવા એક ભવમાં પણ સંખ્યાતા કષાયસમુદ્ઘાત કરનારને સંખ્યાતા, અસંખ્યાતા ભવો પ્રાપ્ત કરનારને અસંખ્યાતા અને અનન્તા ભવો પ્રાપ્ત કરનારને અનન્તા કષાયસમુદ્ઘાતો થવાના છે. '**वाणमंतरत्ते जहा असुरकुमारत्ते**' 'જેમ અસુરકુમારપણામાં પૂર્વે કહ્યું છે તેમ વ્યન્તરપણામાં કહેવું'. તાત્પર્ય એ છે કે ભવિષ્ય કાળના વિચારમાં એમ કહેવું.-જેને થવાના છે તેને કદાચિત્ સંખ્યાતા, કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા હોય છે. પરન્તુ એકોત્તરિકા-એકથી માંડી અનન્ત સુધી ન કહેવા. વ્યન્તરોને પણ અસુરકુમારોની પેઠે જઘન્યસ્થિતિમાં પણ સંખ્યાતા કષાયસમુદ્ઘાતો હોય છે. અસંખ્યાતા અને અનન્તાનો વિચાર પણ અસુરકુમારની પેઠે જાણવો. '**जोइसियत्ते**' જ્યોતિષ્કપણામાં અતીત કાળે અનન્તા કહેવા. ભવિષ્યમાં થવાના કોઇને હોય, અને કોઈને ન પણ હોય. એનો પણ પૂર્વની પેઠે વિચાર કરવો. જેને છે તેઓમાં પણ કોઇને અસંખ્યાતા અને કોઇને અનન્તા હોય. પરન્તુ કદાચિત્ સંખ્યાતા હોય એમ ન કહેવું. શા હેતુથી? ઉત્તર—જ્યોતિષ્કોને જઘન્યપદે પણ અસંખ્યાતા કાળનું આયુષ્ય હોવાથી જઘન્યથી પણ અસંખ્યાતા કષાયસમુદ્ઘાતો હોય છે અનન્ત વાર ત્યાં જવાની ઇચ્છાવાળાને અનન્તા હોય છે. એમ વૈમાનિકપણામાં પણ ભવિષ્ય કાળના વિચારમાં 'કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા હોય' એમ કહેવું. તેનો વિચાર પૂર્વની પેઠે જાણવો. એ પ્રમાણે નૈરયિકને સ્વસ્થાને-નૈરયિકપણામાં અને પરસ્થાને-અસુરકુમારત્વાદિ સ્થાનોમાં કષાયસમુદ્ઘાતનો વિચાર કર્યો.

હવે અસુરકુમારોમાં સ્વસ્થાન અને પરસ્થાનને આશ્રયી કષાયસમુદ્ઘાતોનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે–'एगमेगस्स णं' ઇત્યાદિ. એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કષાયસમુદ્ઘાતો અતીત કાળે અનન્તા હોય છે. ભવિષ્યકાળે કોઇને હોય અને કોઇને ન હોય. તેમાં જે અસુરકુમારના ભવથી નીકળી નરકે જવાનો નથી તેને હોતા નથી, જે નરકે જવાનો છે તેને હોય છે. તેમાં પણ જઘન્યથી સંખ્યાતા હોય છે. કારણ કે જઘન્યસ્થિતિવાળા નરકોમાં પણ સંખ્યાતા કષાયસમુદ્ઘાતો થાય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા અને અનન્તા જાણવા. તેમાં જઘન્ય સ્થિતિવાળા નરકોમાં વારંવાર અને દીર્ઘસ્થિતિવાળા નરકોમાં એક એક કે અનેક વાર જવાવાળાને અસંખ્યાતા અને અનન્તવાર જવાવાળાને અનન્તા હોય છે. અસુરકુમારને અસુરકુમારપણામાં અતીત કાળે અનન્તા અને 'पुरेक्खडा एगुत्तरिया' ભવિષ્યમાં થવાના એકોત્તરિકા–એકથી માંડી અનન્ત સુધી હોય છે. જે ભવિષ્યમાં થવાના છે તે કોઇને હોય છે અને કોઇને હોતા નથી. તેમાં જે અસુરકુમાર ભવના પર્યન્તવર્તી છે અને કષાયસમુદ્ઘાત કરવાનો નથી, તેમ ત્યાંથી ચ્યવી ફરીથી અસુરકુમારનો ભવ પ્રાપ્ત કરવાનો નથી પરન્તુ પછીના ભવે કે પરમ્પરાએ સિદ્ધિપદને પામશે તેને હોતા નથી, બાકીનાને હોય છે. જેને હોય છે તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કે અનન્તા હોય છે. તેમાં જેઓના આયુષ્યનો શેષ ભાગ ક્ષીણ થયેલો છે એવા કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત થનાર અને ફરીથી ત્યાં નહિ ઉત્પન્ન થવાને એકાદિ કષાયસમુદ્ઘાતો જાણવા. સંખ્યાતા આદિનો વિચાર નૈરયિકપણામાં કર્યો હતો તેમ કરવો. 'एवं' ઇત્યાદિ. એ પ્રમાણે નાગકુમારપણામાં અને ત્યાર બાદ ચોવીશ દંડકના ક્રમથી નિરન્તર યાવત્ વૈમાનિકપણામાં જેમ નૈરયિકને સૂત્ર કહ્યું હતું તેમ કહેવું. તાત્પર્ય એ છે કે નાગકુમારપણાથી માંડી યાવત્ સ્તનિતકુમારપણામાં ભવિષ્યમાં 'કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને કદાચ સંખ્યાતા હોય, કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય. પૃથિવીકાયિકાદિપણામાં યાવત્ મનુષ્યપણામાં જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. વ્યન્તરપણામાં જેને થવાના છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા હોય છે. જ્યોતિષ્કપણામાં 'જેને થવાના છે તેને કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય.' વૈમાનિકપણામાં પણ એમ જ કહેવું. 'एवं जाव' ઇત્યાદિ. એ પ્રમાણે અસુરકુમારની પેઠે નાગકુમાર યાવત્ સ્તનિતકુમાર પ્રત્યેકને યાવત્ વૈમાનિકપણામાં કહેવું એટલે વૈમાનિકપણા સંબન્ધી સૂત્ર છે ત્યાં સુધી કહેવું. અહીં વિશેષતા બતાવે છે–'नवरं' પરન્તુ નાગકુમારથી માંડી સ્તનિતકુમાર સુધીના બધાને સ્વસ્થાનની અપેક્ષાએ અવશ્ય ભવિષ્યમાં થવાના એકોત્તરિકા–એકથી માંડી અનન્ત સુધી જાણવા. અને પરસ્થાનની અપેક્ષાએ જેમ અસુરકુમારને કહ્યા તેમ કહેવા. 'पुढविक्काइयस्स नेरइयत्ते' ઇત્યાદિ. પૃથિવીકાયિકને નૈરયિકપણામાં યાવત્ સ્તનિતકુમારપણામાં અતીત કાળે અનન્તા જાણવા અને તેનો વિચાર પૂર્વની પેઠે કરવો. ભવિષ્યમાં કોઇને હોય અને કોઇને હોતા નથી. તેમાં જે પૃથિવીકાયના ભવથી નીકળી નરકમાં, અસુરકુમારમાં યાવત્ સ્તનિતકુમારમાં જવાનો નથી પરન્તુ મનુષ્યભવ પામી મોક્ષ જવાનો છે તેને હોતા નથી, બીજાને હોય છે. જેને હોય છે તેને જઘન્યથી સંખ્યાતા હોય છે. કારણ કે જઘન્ય સ્થિતિવાળા નરકાદિમાં પણ સંખ્યાતા કષાય સમુદ્ઘાતો હોય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કે અનન્તા હોય છે અને તે પૂર્વની પેઠે વિચારવા. પૃથિવીકાયિકપણામાં યાવત્ મનુષ્યપણામાં અતીત કાળે તે પ્રમાણે અનન્તા હોય છે. ભવિષ્યકાળે થવાના એકથી માંડી અનન્ત સુધી કહેવા. તે આ પ્રમાણે–કોઇને હોય અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. તેનો વિચાર જેમ નૈરયિકનો પૃથિવીકાયિકપણામાં કર્યો તેમ કરવો. 'वाणमंतरत्ते जहा नेरइयत्ते' ઇતિ. વ્યન્તરપણામાં જેમ નૈરયિકપણામાં કહ્યું તેમ કહેવું. તાત્પર્ય એ છે કે અહીં એકોત્તરિકા–એકથી માંડી અનન્ત સુધી ન કહેવા. પરન્તુ 'કદાચ સંખ્યાતા હોય, કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય એમ કહેવું. જ્યોતિષ્કપણામાં અને વૈમાનિકપણામાં અતીત કાળે તે પ્રમાણે અનન્તા થયેલા છે. જો ભવિષ્યમાં થવાના છે તો જઘન્યપદે અસંખ્યાતા અને ઉત્કષ્ટપદે અનન્તા જાણવા. એ પ્રમાણે અપ્કાયિકને યાવત્ મનુષ્યને જાણવું. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકને અસુરકુમારની પેઠે કહેવું. પરન્તુ ભવિષ્યના વિચારમાં સ્વસ્થાનની અપેક્ષાએ બધું એકોત્તરિકા વડે–એકથી માંડી અનન્ત સુધી કહેવા. પરસ્થાનની અપેક્ષાએ જેમ અસુરકુમારનું

સૂત્ર કહ્યું તેમ કહેવું. સૂત્રનો પર્યન્ત ભાગ બતાવે છે—'जाव वेमाणियस्य वेमाणियत्ते' ઇતિ. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે આ કષાયસમુદ્ઘાત સંબન્ધી ચોવીશ સંખ્યાવાળા દંડકો કહેવા. એ પ્રમાણે પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે કષાયસમુદ્ઘાત કહ્યો. ॥૬॥૬૯૭॥

**मारणंतियसमुग्घाओ सट्ठाणे वि परट्ठाणे वि एगुत्तरियाए णेयव्वो जाव वेमाणियस्स वेमाणियत्ते, एवमेते चउवीसं चउवीस दंडगा भाणियव्वा। वेउव्वियसमुग्घाओ जहा कसायसमुग्घाओ तहा णिरवसेसो भाणियव्वो, णवरं जस्स णत्थि तस्स ण वुच्चति, एत्थ वि चउवीसं चउवीसा दंडगा भाणियव्वा। तेयगसमुग्घाओ जहा मारणंतियसमुग्घाओ, णवरं जस्सऽत्थि, एवं एते वि चउव्वीसं चउव्वीसा दंडगा भाणियव्वा ।।सू०-७।।६९८।।**

*(મૂ૦) મારણાન્તિક સમુદ્ઘાત સ્વસ્થાનને વિષે અને પરસ્થાને વિષે પણ એકોત્તરિકા વડે-એકથી માંડી અનન્તા વડે કહેવો. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવો. એ પ્રમાણે એ [પ્રત્યેક દંડકના] ચોવીશ એવા ચોવીશ દંડકો કહેવા. વૈક્રિય સમુદ્ઘાત જેમ કષાયસમુદ્ઘાત કહ્યો તેમ બધો કહેવો, પરન્તુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે એ પણ ચોવીશ ચોવીશ દંડકો કહેવા. તૈજસ સમુદ્ઘાત મારણાન્તિક સમુદ્ઘાતની પેઠે કહેવો. પરન્તુ જેને હોય તેને કહેવો. એ પ્રમાણે પ્રત્યેકના ચોવીશ ચોવીશ દંડકો કહેવા. ॥૭॥૬૯૮॥*

(ટી૦) હવે પ્રત્યેક દંડકના ચોવીશ ચોવીશ દંડકસૂત્રો વડે મારણાન્તિક સમુદ્ઘાત કહે છે—'**मरणंतिए**' ઇતિ. મારણાન્તિક સમુદ્ઘાત ભવિષ્યકાળના વિચારમાં સ્વસ્થાન વિષે અને પરસ્થાન વિષે એકોત્તરિકા–એકથી માંડી અનન્ત સંખ્યા વડે કહેવો. એટલે સ્વસ્થાન અને પરસ્થાનમાં એકથી માંડી અનન્તા મારણાન્તિક સમુદ્ઘાતો કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણા વિષે સૂત્ર કહેવુ. તે આ પ્રમાણે–હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા મારણાન્તિક સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા, કે અનન્તા હોય છે. તેમાં જે મારણાંતિક સમુદ્ઘાત કર્યા સિવાય કાળ કરીને નરકથી નીકળી તુરત કે પરંપરાએ કેટલાક ભવ કર્યા પછી મનુષ્યભવ પામીને સિદ્ધ થશે, પણ ફરી નરકમાં જવાનો નથી તેને ભવિષ્યમાં મારણાન્તિક સમુદ્ઘાત હોતા નથી. પરન્તુ જે તેજ ભવમાં વર્તતો મારણાન્તિક સમુદ્ઘાત વડે કાળ કરીને નરકથી નીકળી સિદ્ધ થશે તેને ભવિષ્યમાં એક મારણાન્તિક સમુદ્ઘાત હોય છે. જે ફરી નરકમાં આવી બધા મળી બે મારણાન્તિક સમુદ્ઘાતને પ્રાપ્ત થવાનો છે તેને બે હોય છે. એ પ્રમાણે ત્રણ વગેરે મારણાન્તિક સમુદ્ઘાતનો પણ વિચાર કરવો. સંખ્યાતા વાર નરકમાં આવનારને સંખ્યાતા, અસંખ્યાતી વાર આવનારને અસંખ્યાતા અને અનન્તવાર આવનારને અનન્તા મારણાન્તિક સમુદ્ઘાતો હોય છે. એ પ્રમાણે અસુરકુમારપણામાં સૂત્ર પાઠ કહેવો. પરન્તુ અહીં આ પ્રમાણે ભાવના છે–જે નરકથી નીકળી મનુષ્ય ભવ પામી સિદ્ધ થશે, અથવા તે ભવમાં મારણાન્તિક સમુદ્ઘાતને પ્રાપ્ત કર્યા સિવાય મૃત્યુ પામી તેથી અન્ય ભવમાં મોક્ષે જશે તેને હોતા નથી. બાકીનાને એકાદિનો વિચાર પૂર્વની પેઠે કરવો. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં નૈરયિકની પેઠે કહેવું. જેમ નૈરયિકનો નૈરયિકાદિ ચોવીશ સ્થાનોમાં વિચાર કર્યો તેમ અસુરકુમારથી માંડી વૈમાનિક સુધીનો ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરવો. એ પ્રમાણે અન્ય અન્ય પણ ચોવીશ દંડકસૂત્રો થાય છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે–'**एवं एए चउवीसं चउवीसा दंडगा भाणियव्वा**' એ પ્રમાણે (પ્રત્યેક દંડકના) ચોવીશ ચોવીશ દંડકો કહેવા. એમ મારણાન્તિક સમુદ્ઘાત પ્રત્યેકના ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે કહ્યો.

હવે એટલીજ સંખ્યાતાવાળા સૂત્રો વડે વૈક્રિયસમુદ્ઘાતને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**वेउव्विए**' ઇત્યાદિ. વૈક્રિયસમુદ્ઘાત સંબન્ધે જેમ કષાયસમુદ્ઘાત સંબન્ધે પૂર્વે કહ્યું તેમ બધું કહેવું. કેવળ જેને વૈક્રિયલબ્ધિનો અસંભવ હોવાથી વૈક્રિયસમુદ્ઘાત નથી તેને ન કહેવો. બાકીનાને કહેવો, તે આ પ્રમાણે—એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા વૈક્રિયસમુદ્ઘાતો

અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા વૈક્રિયસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા હોય છે. એ પ્રમાણે નૈરયિકને યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. હે ભગવન્! એક એક નૈરયિકને પૃથિવીકાયિકપણામાં કેટલા વૈક્રિયસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ તેજસ્કાયપણામાં કહેવું. હે ભગવન્! નૈરયિકને વાયુકાયિકપણામાં કેટલા વૈક્રિયસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. વનસ્પતિકાયિકપણામાં યાવત્ ચઉરિન્દ્રિયપણામાં જેમ પૃથિવીકાયિકપણામાં કહ્યું તેમ કહેવું. તિર્યંચ પંચેન્દ્રિયપણામાં અને મનુષ્યપણામાં જેમ વાયુકાયિકપણામાં કહ્યું તેમ કહેવું. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું. અહીં જ્યાં વૈક્રિયસમુદ્ઘાતનો સંભવ છે ત્યાં કષાયસમુદ્ઘાતની પેઠે વિચાર કરવો. બીજે તેનો પ્રતિષેધ સુપ્રસિદ્ધ છે. કારણ કે ત્યાં વૈક્રિયલબ્ધિનો જ અસંભવ છે. જેમ નૈરયિક સંબન્ધે ચોવીશ દંડકના ક્રમથી સૂત્ર બતાવ્યું તેમ અસુરકુમારાદિ સંબન્ધે પણ ચોવીશ દંડકના ક્રમથી પ્રત્યેક સૂત્ર જાણવું. પરન્તુ અસુરકુમારથી આરંભી સ્તનિતકુમાર સુધીમાં અને વ્યન્તરાદિમાં પરસ્પર સ્વસ્થાને એકોત્તરિકા-એકથી માંડી અનન્તા અને પરસ્થાને સંખ્યાતાદિ કહેવા. વાયુકાયિક, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં પરસ્પર સ્વસ્થાને અને પરસ્થાને એકથી માંડી અનન્તા કહેવા. બાકી બધું તેમજ જાણવું. એ પ્રમાણે પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો થાય છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'एवं एए चउवीसं चउवीसगा दंडगा भाणियव्वा'-એમ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકો કહેવા. એ પ્રમાણે-ઉપર બતાવ્યા પ્રમાણે અહીં પણ-વૈક્રિયસમુઘાતના વિષયમાં પણ પ્રત્યેકના ચોવીશ-ચોવીશ દંડકસૂત્રો કહેવા.

હવે તૈજસસમુદ્ઘાતને અતિદેશ-સમાનપણાથી કહે છે—'तेयगे' ઇત્યાદિ. જેમ મારણાન્તિક સમુદ્ઘાત કહ્યો તેમ તૈજસસમુદ્ઘાત કહેવો. તાત્પર્ય એ છે કે તૈજસસમુદ્ઘાત સ્વસ્થાને અને પરસ્થાને એકોત્તરિકા વડે-એકથી માંડી અનન્ત સંખ્યા વડે કહેવો. પરન્તુ જેને તૈજસસમુદ્ઘાત સંભવતો નથી તેને ન કહેવો. બાકીનાને વિષે કહેવો, નૈરયિક, પૃથિવી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને વિષે સંભવતો નથી માટે ન કહેવો અને તે સિવાયના બીજાને કહેવો. તે આ પ્રમાણે-હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા તૈજસસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ થવાના નથી. હે ભગવન્! એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા તૈજસસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના છે'- ઇત્યાદિ સૂત્રમાં કહેલી વિશેષતાને આશ્રયી સ્વયં વિચાર કરવો. અહીં સૂત્રની સંખ્યા કહે છે—'एवं' ઇત્યાદિ. એ પ્રમાણે મારણાન્તિક સમુદ્ઘાત સંબન્ધે પાઠ વડે અને ક્વચિત્ સર્વથા નિષેધરૂપ પ્રકાર વડે એ તૈજસસમુદ્ઘાત સંબન્ધે પણ પ્રત્યેકના ચોવીશ ચોવીશ દંડકો કહેવા. ॥૭॥૬૯૭॥

**एगमेगस्स णं भंते! णेरइयस्स णेरइयत्ते केवइया आहारगसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवइया पुरेक्खडा? गोयमा! णत्थि, एवं जाव वेमाणियत्ते, णवरं मणूसत्ते अतीता कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि जहन्नेणं एक्को वा दो वा उक्कोसेणं तिण्णि। केवइया पुरेक्खडा? गोयमा! कस्सति अत्थि कस्सइ णत्थि, जस्सत्थि जहन्नेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि, एवं सव्वजीवाणं मणुस्साणं [मणूसेसु] भाणियव्वं।**

**मणूसस्स मणूसत्ते अतीता कस्सति अत्थि कस्सति णत्थि, जस्सत्थि जहन्नेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं चत्तारि, एवं पुरेक्खडा वि। एवमेते वि चउवीसं चउवीसा दंडगा जाव वेमाणियत्ते ।।सू०-८।।६९९।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે કોઇને થયેલા છે અને કોઇને નથી. જેને થયેલા છે તેને જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટ ત્રણ હોય છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે સર્વ જીવો અને મનુષ્યોને કહેવું. મનુષ્યને મનુષ્યપણામાં અતીત કાળે થયેલા કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને થયેલા હોય છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. એ પ્રમાણે ભવિષ્યકાળમાં થવાના પણ જાણવા. એ પ્રમાણે એ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકો યાવત્ વૈમાનિકપણામાં કહેવા. ।।૮।।૬૯૯।।*

(ટી૦) હવે આહારક સમુદ્ઘાતનો વિચાર કરતા સૂત્રકાર કહે છે—'**एगमेगस्स णं**' ઇત્યાદિ. એક એક નૈરયિકને આહારકસમુદ્ઘાતો અતીતકાળે કેટલા થયેલા હોય—ઇત્યાદિ. અહીં બધા સ્થાનોને આશ્રયી મનુષ્યપણાના વિચારમાં અતીત કાળે જઘન્યથી એક, બે અને ઉત્કૃષ્ટથી ત્રણ હોય છે. તથા ભવિષ્યમાં થવાના જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ચાર હોય છે. આ બાબતમાં કારણ પૂર્વે કહ્યું છે. અહીં પણ સૂત્રની સંખ્યા કહે છ—એ પ્રમાણે–ઉપર બતાવેલા પ્રકાર વડે એ આહારક સમુદ્ઘાત વિષે ચોવીશ દંડકો કહેવા. ક્યાં સુધી કહેવા? એ સૂત્રકાર કહે છે—'યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં એટલે વૈમાનિકપણા વિષે સૂત્ર છે ત્યાં સુધી કહેવા. તે આ પ્રમાણે—'એક એક વૈમાનિકને વૈમાનિકપણામાં કેટલા આહારકસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! નથી. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! થવાના નથી. ।।૮।।૬૯૯।।

**एगमेगस्स णं भंते! णेरइयस्स णेरइयत्ते केवइया केवलिसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवइया पुरेक्खडा? गोयमा! णत्थि, एवं जाव वेमाणियत्ते, णवरं मणूसत्ते अतीता णत्थि, पुरेक्खडा कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि एक्को, मणूसस्स मणूसत्ते अतीता कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि एक्को, एवं पुरेक्खडा वि। एवमेते चउव्वीसं चउव्वीसा दंडगा ।।सू०-९।।७००।।**

*(મૂ૦) હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે થયેલા નથી, ભવિષ્ય કાળે થવાના કોઇને હોય છે અને કોઇને હોતા નથી, જેને થવાના છે તેને એક થવાનો છે. મનુષ્યને મનુષ્યપણામાં અતીત કાળે કોઇને થયેલા છે અને કોઇને નથી. જેને થયેલા છે તેને એક થયેલો છે એ પ્રમાણે ભવિષ્ય કાળે થવાનો પણ એકજ જાણવો. એ પ્રમાણે એ પ્રત્યેક દંડકના ચોવીશ ચોવીશ દંડકો કહેવા. ।।૯।।૭૦૦।।*

(ટી૦) હવે કેવલિસમુદ્ઘાત સંબન્ધે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एगमेगस्स णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા કેવલિસમુદ્ઘાતો હોય—ઇત્યાદિ. અહીં પણ આ તાત્પર્ય છે–બધાય સ્થાનોમાં મનુષ્યપણાના વિચાર સિવાય અતીત અને ભવિષ્યકાળમાં પ્રતિષેધ કરવો. મનુષ્ય સિવાયના સ્થાનોમાં મનુષ્યપણાના વિચારમાં અતીત કેવલીસમુદ્ઘાતનો પ્રતિષેધ કરવો. ભવિષ્યમાં થવાનો કેવલિસમુદ્ઘાત કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને એકજ કહેવો. મનુષ્યને મનુષ્યપણાના વિચારમાં અતીત કાળે કોઇને હોય અને કોઇને ન પણ હોય. જેને હોય તેને પણ એકજ હોય. એ હકીકત પ્રશ્ન સમયે કેવલિસમુદ્ઘાત કરી રહેલા કેવલીને આશ્રયી સમજવી. ભવિષ્યમાં પણ કોઇને હોય અને કોઇને ન હોય. જેને હોય તેને પણ એકજ હોય એમ કહેવું. અહીં પણ સૂત્રની સંખ્યા કહે છ—'**एवं**' ઇત્યાદિ. એમ ઉપર બતાવેલા પ્રકાર વડે એ કેવલિસમુદ્ઘાત વિષે પ્રત્યેક દંડકના ચોવીશ ચોવીશ દંડકો થાય છે. એ પ્રમાણે બધા મળી એકવચન સંબન્ધે ચોવીશ દંડકને સાતે

ગુણતાં એકસો અડસઠ સૂત્રો થાય છે. ॥૯॥૭૦૦॥

## ।। चउरीसदंडएसु पुहत्तेणं अतीताइसमुग्घाय परूवणं ।।

**णेरइयाणं भंते! णेरइयत्ते केवतिया वेदणासमुग्घाया अतीता? गोयमा! अणंता। केवतिया पुरेक्खडा? गोयमा! अणंता, एवं जाव वेमाणियत्ते, एवं सव्वजीवाणं भाणियव्वं जाव वेमाणियाणं वेमाणियत्ते, एवं जाव तेयगसमुग्घाओ, णवरं उवउज्जिऊण णेयव्वं जस्सत्थि वेउव्विय-तेयगा ।।सू०-१०।।७०१।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા વેદના સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે સર્વ જીવોને યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું. એમ યાવત્ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવું. પરન્તુ ઉપયોગ રાખી-વિચારીને જેને વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાત હોય તેને તે કહેવા. ॥૧૦॥૭૦૧॥*

(ટી૦) હવે એટલીજ સંખ્યાવાળા બહુવચન સંબન્ધે સૂત્રો છે તેને બતાવવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**नेरइयाणं**' ઇત્યાદિ. હે ભગવન્! વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તમાન બધા નૈરયિકો જેઓ પૂર્વે સર્વ અતીત કાળની અપેક્ષાએ એટલે અનન્ત અતીત કાળે યથા સંભવ નૈરયિકપણામાં રહેલા હોય તેઓને સમુદિત સર્વ સંખ્યા વડે કેટલા વેદના સમુદ્ઘાતો થયેલા હોય છે? ભગવાન્ કહે છે—હે ગૌતમ! અનન્તા થયેલા હોય. કારણ કે ઘણા નૈરયિકો અનન્તકાળથી અવ્યવહાર રાશિમાંથી નીકળેલા હોય છે અને અનન્ત વાર નરકમાં જવા વડે તેઓને અનન્ત સમુદ્ઘાતનો સંભવ છે. કેટલા ભવિષ્યમાં થવાના હોય? આ સૂત્ર તો સૂચના માત્ર છે. સંપૂર્ણ પાઠ તો આ પ્રમાણે છે—'હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા વેદનાસમુદ્ઘાતો ભવિષ્યમાં થવાના હોય? ભગવાન્ કહે છે—હે ગૌતમ! અનન્તા હોય. કારણ કે ઘણાનું ફરીથી અનન્તવાર નરકમાં આગમન સંભવે છે. એ પ્રમાણે અસુરકુમારત્વાદિ સ્થાનોમાં અનુક્રમે યાવત્ વૈમાનિકપણામાં કહેવું એટલે વૈમાનિકપણા વિષયક સૂત્ર છે ત્યાં સુધી કહેવું. તે આ પ્રમાણે—હે ભગવન્! નૈરયિકોને વૈમાનિકપણામાં કેટલા વેદનાસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. અહીં અતીતકાળે અનન્તા સુપ્રસિદ્ધ છે. કારણ કે **બધા સાંવ્યવહારિક જીવોએ પ્રાયઃ અનન્તીવાર વૈમાનિકપણું પ્રાપ્ત કરેલું છે**, ભવિષ્યમાં થવાના અનન્તા છે. કારણ કે **પ્રશ્ન સમયે વર્તતા બધા નૈરયિકોમાંના ઘણા અનન્તવાર વૈમાનિકપણું પામવાના છે**. એ પ્રમાણે વચ્ચે રહેલા અસુરકુમારત્વાદિ સ્થાનોમાં પણ વિચાર કરવો. જેમ નૈરયિકોને નૈરયિકત્વાદિ અવસ્થાઓમાં ચોવીશ દંડકના અતીત અને અનાગત વેદનાસમુદ્ઘાતો કહ્યા તેમ અસુરકુમારાદિ સર્વ જીવોને કહેવા. ક્યાં સુધી કહેવા? એ માટે કહે છે—યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવા. તે આ પ્રમાણે—'હે ભગવન્! વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલા વેદનાસમુદ્ઘાતો અતીત કાળે થયેલા હોય છે? હે ગૌતમ! અનન્તા હોય. કેટલા ભવિષ્ય કાળે થવાના હોય? હે ગૌતમ! અનન્તા હોય. એ પ્રમાણે કષાય, મરણ, વૈક્રિય અને તૈજસસમુદ્ઘાતો પણ નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીના બધા જીવોને બધા નૈરયિકત્વાદિ સ્થાનોમાં ચોવીશ દંડકના ક્રમ વડે કહેવા. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव**' ઇત્યાદિ. એ પ્રમાણે-વેદનાસમુદ્ઘાત સંબન્ધે પ્રકાર વડે કષાયાદિ સમુદ્ઘાતો પણ યાવત્ તૈજસ સમુદ્ઘાત સુધી કહેવા. કાંઇપણ વિશેષતા સિવાય કહેવા? 'નહિ'—એમ સૂત્રકાર કહે છે, પરન્તુ ઉપયોગ કરી-ખ્યાલ રાખી સર્વ સૂત્ર બુદ્ધિ વડે વિચારવું. તાત્પર્ય એ છે કે જ્યાં સમુદ્ઘાતો ઘટે ત્યાં અતીત અને અનાગત સમુદ્ઘાતો અનન્તા કહેવા. બાકીના સ્થાનોમાં પ્રતિષેધ કરવો. એજ બાબતને વિશેષપણે કહે છે—'**जस्स अत्थि**' ઇત્યાદિ. જે નૈરયિકાદિ કે અસુરકુમારાદિ જીવરાશિને વૈક્રિય અને તૈજસ સમુદ્ઘાતો સંભવે છે તે તેને કહેવા. બાકીના પૃથિવ્યાદિ સ્થાનોમાં તેનો પ્રતિષેધ કરવો-એ અર્થાત્ સમજી લેવું. કષાય અને મારણાન્તિક સમુદ્ઘાતો બધાય વેદના સમુદ્ઘાતની પેઠે અતીત કાળે અને ભવિષ્ય કાળે સામાન્યપણે અનન્તા કહેવા. પરન્તુ ક્યાંઇ પણ તેને નિષેધ ન કરવો. ॥૧૦॥૭૦૧॥

**णेरइयाणं भंते! णेरइयत्ते केवतिया आहारगसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवतिया पुरेक्खडा? गोयमा! णत्थि, एवं जाव वेमाणियत्ते। णवरं मणूसत्ते अतीता असंखेज्जा, पुरेक्खडा असंखेज्जा, एवं जाव वेमाणियाणं। णवरं वणस्सइकाइयाणं मणूसत्ते अतीता अणंता, पुरेक्खडा अणंता। मणूसाणं मणूसत्ते अतीता सिय संखेज्जा, सिय असंखेज्जा, एवं पुरेक्खडा वि। सेसा सव्वे जहा णेरइया, एवं एते चउवीसं चउवीसा दंडगा ।।सू०-११।।७०२।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા આહારક સમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવું. પરન્તુ મનુષ્યપણામાં અતીત કાળે અસંખ્યાતા થયેલા છે અને ભવિષ્ય કાળે અસંખ્યાતા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને કહેવું. પરન્તુ વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે અને ભવિષ્ય કાળે અનન્તા થવાના છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીત કાળે કદાચ સંખ્યાતા હોય અને કદાચ અસંખ્યાતા હોય. એ પ્રમાણે ભવિષ્ય કાળે થવાના પણ જાણવા. બાકીના બધા દંડકો નૈરયિકોની પેઠે કહેવા. એમ ચોવીશ ચોવીશ દંડકો કહેવા. ।।૧૧।।૭૦૨।।*

(ટી૦) હવે આહારક સમુદ્ઘાત વિષે સૂત્ર કહે છ— '**णेरइयाणं**' ઇત્યાદિ. આહારક લબ્ધિ હોય તો આહારક શરીરના પ્રારંભ કાળે આહારક સમુદ્ઘાત હોય છે, એ સિવાય હોતા નથી. આહારક લબ્ધિ ચૌદ પૂર્વનું જ્ઞાન હોય ત્યારે હોય છે અને ચૌદ પૂર્વનું જ્ઞાન મનુષ્યપણાની અવસ્થામાં હોય છે, પણ બીજી અવસ્થામાં હોતું નથી, માટે મનુષ્યપણા સિવાયની બીજી અવસ્થામાં અતીત અને ભવિષ્ય આહારક સમુદ્ઘાતોનો પ્રતિષેધ કરવો. મનુષ્યપણાની અવસ્થામાં પણ પૂર્વે અતીત કાળે થયેલા અસંખ્યાતા હોય છે, કારણ કે પ્રશ્ન સમયે વર્તતા નારકોમાં પૂર્વે તે તે કાળે મનુષ્યપણું પામી જેઓએ ચૌદ પૂર્વનું અધ્યયન કર્યું છે એવા ઘણા—**અસંખ્યાતા નારકો** પૈકી દરેકે એક વાર, બે વાર અથવા ત્રણ વાર આહારક સમુદ્ઘાત કરેલા હોય છે. ભવિષ્ય કાળે પણ અસંખ્યાતા જાણવા. કારણ કે પ્રશ્ન સમયે વર્તમાન નારકોમાં ઘણા—અસંખ્યાતા નારકો નરકથી નીકળી તુરત અથવા પરંપરાએ તે તે કાળે મનુષ્યપણું પ્રાપ્ત થયે ચૌદ પૂર્વનું અધ્યયન કરી એક વાર, બે વાર, ત્રણ વાર કે ચાર વાર આહારકસમુદ્ઘાતો કરશે.' एवं जाव वेमाणियाणं' જેમ નૈરયિકોને ચોવીશ દંડકના ક્રમથી વિચાર કર્યો તેમ અસુરકુમારાદિનો પણ પ્રત્યેકને આશ્રયી ચોવીશ દંડકના ક્રમથી યાવત્ વૈમાનિકો સુધી વિચાર કરવો. કેવળ જ્યાં વિશેષ છે ત્યાં તેને બતાવે છે—' नवरं ' ઇત્યાદિ. પરન્તુ વનસ્પતિકાયિકોને મનુષ્યપણાના વિચારમાં અતીત અને અનાગત સમુદ્ઘાતો અનન્તા કહેવા. કારણ કે **પૂર્વે ચૌદ પૂર્વનું અધ્યયન કરી જેઓએ યથાસંભવ એક વાર, બે વાર કે ત્રણ વાર આહારક સમુદ્ઘાતો કર્યા છે એવા અનન્ત જીવો વનસ્પતિમાં રહેલા છે**, અને પછી વનસ્પતિકાયથી નીકળી તુરત જ અથવા પરંપરાએ મનુષ્યપણું પામી યથાસંભવ એક વાર, બે વાર, ત્રણ વાર કે ચાર વાર આહારક સમુદ્ઘાતો કરવાના છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીત કાળે અને અનાગત કાળે કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા હોય છે. કેવી રીતે હોય? ઉત્તર—પ્રશ્ન સમયે વર્તમાન મનુષ્યો ઉત્કૃષ્ટ પદે પણ સૌથી થોડા છે. કારણ કે તે શ્રેણિના અસંખ્યાતમા ભાગના પ્રદેશરાશિપ્રમાણ છે. તેથી વિવક્ષિત પ્રશ્ન સમયે વર્તમાન મનુષ્યોને વિષે કદાચિત્ અસંખ્યાતા મનુષ્યોમાં પ્રત્યેક યથાસંભવ એક વાર, બે વાર, ત્રણ વાર કે ચાર વાર આહારક સમુદ્ઘાતો કરેલા છે અને તેઓ ભવિષ્યમાં કરવાના પણ છે. ઉપસંહાર કહે છ—' एवं' ઇત્યાદિ. એ પ્રમાણે—ઉપર કહેલા પ્રકાર વડે આ આહારક સમુદ્ઘાત વિષે ચોવીશ ગુણા ચોવીશ દંડકો કહેવા. ।।૧૧।।૭૦૨।।

**णेरइयाणं भंते! णेरइयत्ते केवतिया केवलिसमुग्घाया अतीता? गोयमा! णत्थि। केवतिया पुरेक्खडा? गोयमा! णत्थि, एवं जाव वेमाणियत्ते। णवरं मणूसत्ते अतीता णत्थि, पुरेक्खडा असंखेज्जा, एवं जाव वेमाणिया, णवरं वणस्सइकाइयाणं मणूसत्ते अतीता णत्थि, पुरेक्खडा अणंता। मणूसाणं मणूसत्ते अतीता सिय अत्थि सिय णत्थि, जइ अत्थि जहन्नेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं सतपुहत्तं। केवइया पुरेक्खडा? गोयमा! सिय**

**संखेज्जा, सिय असंखेज्जा, एवं एते चउव्वीसं चउव्वीसा दंडगा सव्वे पुच्छाए भाणियव्वा जाव वेमाणियाणं वेमाणियत्ते ।।सू०-१२।।७०३।।**

*(મૂ૦) હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! થવાના નથી. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં કહેવા. પરન્તુ મનુષ્યપણામાં અતિતકાળે થયેલા નથી. ભવિષ્યકાળે અસંખ્યાતા હોય છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકોને કહેવા. પરન્તુ વનસ્પતિકાયિકોને મનુષ્યપણામાં અતીત કાળે થયેલા નથી, ભવિષ્યકાળે અનન્તા થવાના હોય છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીત કાળે કદાચ હોય અને કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ—બસોથી નવસો સુધી હોય. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કદાચ સંખ્યાતા અને કદાચ અસંખ્યાતા થવાના હોય છે. એ પ્રમાણે એ બધા ચોવીશ ચોવીશ દંડકો પ્રશ્ન વડે કહેવા. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવા. ।।૧૨।।૭૦૩।।*

(ટી૦) હવે કેવલિસમુદ્ઘાતનો અતીત કાળે વિચાર કરે છે—'**नेरइया णं**' ઇત્યાદિ. નૈરયિકોને નૈરયિકાવસ્થામાં કેટલા કેવલિસમુદ્ઘાતો અતીત કાળે હોય? ઇત્યાદિ. કેવલિસમુદ્ઘાત પણ મનુષ્યપણાની અવસ્થામાં હોય છે, પણ બીજી અવસ્થામાં હોતા નથી. વળી જેણે કેવલિસમુદ્ઘાત કર્યો છે તે સંસારમાં ભ્રમણ કરતો નથી. કારણ કે કેવલિસમુદ્ઘાત કર્યા પછી અન્તર્મુહૂર્તમાં અવશ્ય મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. તેથી નારકોને મનુષ્યપણા સિવાયની બાકીની અવસ્થામાં અતીત અને અનાગત કેવલિસમુદ્ઘાતોનો પ્રતિષેધ કરવો. નૈરયિકોને મનુષ્યપણાની અવસ્થામાં પણ અતીત સમુદ્ઘાતનો પ્રતિષેધ કરવો, કારણ કે જેઓએ કેવલિ સમુદ્ઘાત કર્યો છે તેઓનું નરકમાં ગમન થતું નથી. ભાવિ કેવલિ સમુદ્ઘાતો થશે, કારણ કે પ્રશ્નસમયે વર્તમાન નારકોમાં ઘણા-અસંખ્યાતા નારકો મુક્તિગમનને યોગ્ય છે. તેથી ભવિષ્યકાળે 'અસંખ્યાતા હોય છે' એમ કહ્યું છે. એ પ્રમાણે જેમ નૈરયિકોને કેવલિસમુદ્ઘાતનો વિચાર કર્યો તેમ અસુરકુમારાદિને પણ કરવો અને તે યાવત્ વૈમાનિકો સુધી કરવો. અહીં વિશેષ બતાવે છે—'**नवरं**' ઇત્યાદિ. પરન્તુ વનસ્પતિકાયિકોને મનુષ્યપણાની અવસ્થામાં અતીત કેવલિસમુદ્ઘાતોનો પ્રતિષેધ કરવો, કારણ કે જેઓએ કેવલિસમુદ્ઘાત કર્યો છે તેઓને સંસાર હોતો નથી. ભવિષ્ય કાળે થવાના અનન્તા કહેવા. કારણ કે પ્રશ્ન સમયે વર્તતા વનસ્પતિકાયિકોમાં ઘણા-અનન્તા વનસ્પતિકાયિકો વનસ્પતિકાયિકથી નીકળી પછી અથવા પરંપરાએ કેવલિસમુદ્ઘાત કરી મોક્ષે જવાના છે. મનુષ્યોને મનુષ્યપણામાં અતીત કાળે કદાચિત્ હોય છે અને કદાચિત્ હોતા નથી. કારણ કે જેઓએ કેવલિસમુદ્ઘાત કર્યો છે તેઓ સિદ્ધ થયેલા છે અને બીજા હજી કેવલિસમુદ્ઘાતને પ્રાપ્ત થયા નથી. જ્યારે અતીત કાળે હોય છે ત્યારે પણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ-બસોથી નવસો સુધી હોય છે. ભવિષ્યકાળે કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા પ્રાપ્ત થવાના હોય છે. કારણ કે પ્રશ્ન સમયે વર્તમાન મનુષ્યોમાં કદાચિત્ સંખ્યાતા અને કદાચિત્ અસંખ્યાતા યથાસંભવ તુરત અથવા પરંપરાએ કેવલિસમુદ્ઘાત કરી સિદ્ધ થવાના હોય છે. હવે સૂત્રની બધી સંખ્યા કહે છે—એ પ્રમાણે-ઉપર કહ્યા પ્રકારે એ કેવલિસમુદ્ઘાત વિષે બધા ય ચોવીશ ગુણા ચોવીશ દંડકો પૃચ્છા વડે-પ્રશ્નપૂર્વક કહેવા. ક્યા સુધી કહેવા? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે—વૈમાનિકોને વૈમાનિકપણા વિષે સૂત્ર છે ત્યાં સુધી કહેવા. તે આ પ્રમાણે-'હે ભગવન્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલા કેવલિ સમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! થયેલા નથી. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! થવાના નથી. એ પ્રમાણે એકવચનસહિત અને બહુવચનસહિત નૈરયિકથી માંડીને વૈમાનિક સુધીના જીવોમાં અતીત અને ભાવી વેદનાદિ સમુદ્ઘાતના સંભવ અને અસંભવપૂર્વક સંખ્યાનાં પ્રમાણની પ્રરુપણા કરી. ।।૧૨।।૭૦૩।।

## ।। समुग्घायसमोहयासमोहयाणं जीवाईणमप्पाबहुयं ।।

**एतेसि णं भंते! जीवाणं वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयगसमुग्घाएणं आहारगसमुग्घाएणं केवलिसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कयरे कयरेहिंतो अप्पा वा**

**बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा आहारगसमुग्घाएणं समोहया, केवलिसमुग्घाएणं समोहता संखेज्जगुणा, तेयगसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेउव्वियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, मारणंतियसमुग्घाएणं समोहया अणंतगुणा, कसायसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेदणासमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया असंखिज्जगुणा ।।सू०-१३।।७०४।।**

*(મૂ૦) હે ભગવન્! વેદનાસમુદ્ઘાતવાળા, કષાયસમુદ્ઘાતવાળા, મારણાન્તિકસમુદ્ઘાતવાળા, વૈક્રિયસમુદ્ઘાતવાળા, તૈજસસમુદ્ઘાતવાળા, આહારકસમુદ્ઘાતવાળા, કેવલિસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત એ જીવોમાં કયા જીવો કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો આહારકસમુદ્ઘાતવાળા છે, તેથી કેવલિસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી તૈજસસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી મારણાન્તિકસમુદ્ઘાતવાળા અનન્તગુણા છે, તેથી કષાયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે અને તેથી સમુદ્ઘાત રહિત અસંખ્યાતગુણા છે. હે ભગવન્! વેદનાસમુદ્ઘાતવડે, કષાયસમુદ્ઘાતવડે, મારણાન્તિકસમુદ્ઘાતવડે અને વૈક્રિયસમુદ્ઘાતવડે સમુદ્ઘાત વાળા અને સમુદ્ઘાતરહિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા નૈરયિકો મારણાન્તિકસમુદ્ઘાતવાળા છે, તેથી વૈક્રિયસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વેદના સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે અને તેથી સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા હોય છે. ॥૧૩॥૭૦૪॥*

(ટી૦) હવે તે તે સમુદ્ઘાત વડે યાવદ્ કેવલિ સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળા અને સમુદઘાત રહિત જીવોનું પરસ્પર અલ્પબહુત્વ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एएसि णं**' ઇત્યાદિ. હે ભગવન્! જેઓનું પૂર્વે યથાસંભવ સમુદ્ઘાત વડે અને સમુદ્ઘાતરહિતપણે પ્રતિપાદન કર્યું છે એવા, વેદના સમુદ્ઘાતવાળા યાવત્ કેવલિસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત એવા સામાન્યપણે જીવોના મધ્યે '**कतरे**' કયા જીવો '**कतरेभ्य:**' કોનાથી અલ્પ હોય? કયા જીવો કોનાથી બહુ–સંખ્યાતગુણા, અસંખ્યાતગુણા ઇત્યાદિ ઘણા હોય? કયા જીવો કોના તુલ્ય–સમાન સંખ્યાવાળા હોય, કયા જીવો કોનાથી વિશેષાધિક–કાંઇક અધિક હોય? અહીં સૂત્રમાં વા શબ્દનો પ્રયોગ વિકલ્પાર્થક સમજવો. ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ! સૌથી થોડા જીવો આહારક સમુદ્ઘાતવાળા છે. કારણ કે આહારક શરીરો કદાચિત્ આ લોકમાં છ માસ સુધી હોતા પણ નથી. જ્યારે હોય છે ત્યારે પણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ–બે હજારથી માંડી નવ હજાર સુધી હોય છે. કેવળ આહારક સમુદ્ઘાત આહારક શરીરના પ્રારંભ કાળે હોય છે, બાકીના કાળે હોતા નથી. માટે એક કાળે થોડાક જ આહારક સમુદ્ઘાતો હોય છે, તેથી સૌથી થોડા આહારક સમુદ્ઘાતવાળા છે. તેથી કેવલિસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ એક કાળે શતપૃથક્ત્વ–બસોથી નવસો સુધી હોય છે. યદ્યપિ આહારક શરીરવાળા વિદ્યમાનપણે જઘન્યથી એક કાળે એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી બે હજારથી નવ હજાર સુધી હોય છે, તોપણ આહારક શરીરના પ્રારંભ કાળે જ આહારક સમુદ્ઘાતો હોય છે. તેથી થોડાને જ આહારક સમુદ્ઘાતનો સંભવ હોવાથી એક કાળે અત્યંત થોડા આહારક સમુદ્ઘાતવાળા હોય છે, માટે તેથી કેવલિસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા હોવામાં વિરોધ નથી. કેવલિ સમુદ્ઘાતવાળાથી તૈજસ સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને દેવોને પણ તૈજસ સમુદ્ઘાતનો સંભવ છે. તેથી પણ વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે નારકો અને વાયુકાયિકોને પણ વૈક્રિય સમુદ્ઘાતનો સંભવ છે, અને **વૈક્રિય લબ્ધિવાળા વાયુકાયિકો થોડા નથી, પરન્તુ દેવોથી પણ અસંખ્યાતગુણા છે**. કેવી રીતે છે? ઉત્તર—અહીં બાદર પર્યાપ્ત વાયુકાયિકો સ્થલચર પંચેન્દ્રિયોથી અસંખ્યાતગુણા છે. કારણ કે તે પ્રમાણે મહાદણ્ડકમાં કહ્યું છે. સ્થલચર પંચેન્દ્રિયો દેવોથી પણ અસંખ્યાતગુણા છે. તેથી જો કે બાદર પર્યાપ્ત વાયુકાયિકના સંખ્યાતમાં ભાગમાત્રને વૈક્રિયલબ્ધિનો સમ્ભવ છે. જેથી કહ્યું છે કે "**तिण्हं ताव रासीणं वेउव्वियलद्धी चेव नत्थि,**

बायरपज्जत्ताणं पि संखेज्जइभागमेत्ताणं "त्ति—[1]ત્રણ રાશિઓને વૈક્રિયલબ્ધિ જ નથી અને બાદર પર્યાપ્તાના પણ સંખ્યાતમા ભાગમાત્ર છે, તોપણ પર્યાપ્તા વાયુકાયિકોનો સંખ્યાતમો ભાગમાત્ર વૈક્રિય લબ્ધિવાળા દેવો કરતાં પણ અસંખ્યાતગુણ હોય છે. માટે નૈરયિકો અને વાયુકાયિકોને વૈક્રિય સમુદ્ઘાતનો સમ્ભવ હોવાથી તૈજસ સમુદ્ઘાતવાળા કરતાં વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા ઘટે છે. તેથી પણ મારણાન્તિકસમુદ્ઘાતવાળા અનન્તગુણા છે. કેવી રીતે હોય છે? ઉત્તર–અહીં **અનન્તા નિગોદ જીવોનો અસંખ્યાતમો ભાગ હમેશાં વિગ્રહગતિમાં હોય છે,** અને તેઓ ઘણું કરીને મારણાન્તિક સમુદ્ઘાતવાળા હોય છે માટે પૂર્વના કરતાં અનન્તગુણા છે. તેથી પણ કષાય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો કરતાં **અસંખ્યાતગુણા અનન્ત નિગોદ જીવો કષાય સમુદ્ઘાતવાળા હમેશાં હોય છે.** તેથી પણ વેદના સમુદ્ઘાતવાળા વિશેષાધિક છે. કારણ કે કષાય સમુદ્ઘાતવાળા કરતાં કંઇક વિશેષાધિક તે અનન્ત નિગોદિ જીવો વેદના સમુદ્ઘાતવાળા હમેશાં હોય છે. તેઓથી પણ કોઇપણ સમુદ્ઘાતવડે રહિત જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે વેદના, કષાય અને મરણ સમુદ્ઘાતવાળા કરતાં અસંખ્યાતગુણા નિગોદ જીવો સમુદ્ઘાત રહિત હમેશાં હોય છે. ॥૧૩॥૭૦૪॥

**एतेसि णं भंते! णेरइयाणं वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा णेरइया मारणंतियसमुग्घाएणं समोहया, वेउव्वियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेदणासमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा। एतेसि णं भंते! असुरकुमाराणं वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयगसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कयरे कयरेहितो अप्पा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा असुरकुमारा तेयगसमुग्घाएणं समोहया, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेदणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेउव्वियसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया असंखेज्जगुणा, एवं जाव थणियकुमारा। एतेसि णं भंते! पुढविक्काइयाणं वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा पुढविक्काइया मारणंतियसमुग्घाएणं समोहया, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेदणासमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया असंखेज्जगुणा। एवं जाव वणस्सइकाइया, णवरं सव्वत्थोवा वाउक्काइया वेउव्वियसमुग्घाएणं समोहया, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा [[2]असंखेज्जगुणा], वेदणासमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया असंखेज्जगुणा। बेइंदियाणं भंते! वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कतरे कयरेहिंतो अप्पा वा बुहया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा बेइंदिया मारणंतियसमुग्घाएणं समोहया, वेदणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया असंखेज्जगुणा[संखेज्जगुणा[3]], असमोहया संखेज्जगुणा, एवं जाव चउरिंदिया। पंचेंदियतिरिक्खजोणियाणं भंते! वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयासमुग्घाएणं समोहयाणं असमोहयाण य कतरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

१. વાયુકાયિકની ચાર રાશિ સૂક્ષ્મ પર્યાપ્તા, સૂક્ષ્મ અપર્યાપ્તા, બાદર પર્યાપ્તા અને બાદર અપર્યાપ્તા છે. તેમાની ત્રણ રાશિ સૂક્ષ્મ પર્યાપ્તા, અપર્યાપ્તા, અને બાદર અપર્યાપ્તાને વૈક્રિયલબ્ધિ નથી, માત્ર બાદર પર્યાપ્તા વાયુકાયિકને જ વૈક્રિયલબ્ધિનો સમ્ભવ છે.

૨-૩. મ.વિ. પ્રકાશિત પન્નવણામાં પેજ નં. ૪૩૫ ઉપર આ પાઠને અનુલક્ષીને વિવેચન કરેલ છે.

**गोयमा! सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया तेयासमुग्घाएणं समोहया, वेउव्वियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, मारणंतियसमुग्घाएणं समोहया असंखेज्जगुणा, वेदणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया [अ]संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा। मणुस्साणं भंते! वेदणासमुग्घाएणं कसायसमुग्घाएणं मारणंतियसमुग्घाएणं वेउव्वियसमुग्घाएणं तेयगसमुग्घाएणं आहारगसमुग्घाएणं केवलिसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा मणुस्सा आहारगसमुग्घाएणं समोहया, केवलिसमुग्घाएणं समोहया संखेज्जगुणा, तेयगसमुग्घाएणं समोहया संखेज्जगुणा, वेउव्वियसमुग्घाएणं समोहया संखेज्जगुणा, मारणंतियसमुग्घाएणं समोहया असंखिज्जगुणा, वेदणासमुग्घाएणं समोहया असंखेज्जगुणा, कसायसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया असंखेज्जगुणा। वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा असुरकुमारा ।।सू०-१४।।७०५।।**

*(મૂ૦) હે ભગવન્! વેદનાસમુદ્‌ઘાતવાળા, કષાયસમુદ્‌ઘાતવાળા, મારણાતિંકસમુદ્‌ઘાતવાળા, વૈક્રિયસમુદ્‌ઘાતવાળા, તૈજસસમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાતરહિત એ અસુરકુમારોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા અસુરકુમારો તૈજસસમુદ્‌ઘાતવાળા છે, તેથી મારણાન્તિક સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી કષાયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વૈક્રિયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી સમુદ્‌ઘાતરહિત અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું. હે ભગવન્! વેદનાસમુદ્‌ઘાતવાળા, કષાયસમુદ્‌ઘાતવાળા, મરણસમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાતરહિત પૃથિવીકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પૃથિવીકાયિકો મારણાન્તિક સમુદ્‌ઘાતવાળા છે, તેથી કષાયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી વેદનાસમુદ્‌ઘાતવાળા વિશેષાધિક છે, તેથી સમુદ્‌ઘાતરહિત અસંખ્યાતગુણા છે. એમ વનસ્પતિકાયિકો સુધી જાણવું. પરન્તુ સૌથી થોડા વાયુકાયિકો વૈક્રિય સમુદ્‌ઘાતવાળા છે, તેથી મારણાન્તિક સમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી કષાયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે, [અસંખ્યાતગુણા] તેથી વેદનાસમુદ્‌ઘાતવાળા વિશેષાધિક છે, તેથી સમુદ્‌ઘાતરહિત અસંખ્યાતગુણા છે. હે ભગવન્! વેદના સમુદ્‌ઘાતવાળા, કષાયસમુદ્‌ઘાતવાળા, મારણાતિંકસમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાતરહિત બેઇન્દ્રિયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા બેઇન્દ્રિયો મારણાન્તિકસમુદ્‌ઘાતવાળા છે, તેથી વેદનાસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે, તેથી કષાયસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે. [સંખ્યાતગુણા] અને તેથી સમુદ્‌ઘાતરહિત અસંખ્યાતગુણા છે. એ પ્રમાણે ચઉરિન્દ્રિયો સુધી જાણવું. હે ભગવન્! વેદના, કષાય, મારણાન્તિક, વૈક્રિય અને તૈજસસમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાતરહિત પંચેન્દ્રિય તિર્યંચોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા પંચેન્દ્રિય તિર્યંચો તૈજસસમુદ્‌ઘાતવાળા હોય છે. તેથી વૈક્રિયસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા હોય છે. તેથી મારણાન્તિકસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી વેદનાસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી કષાયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા હોય છે. અને તેથી સમુદ્‌ઘાતરહિત સંખ્યાતગુણા હોય છે. હે ભગવન્! વેદનાસમુદ્‌ઘાતવાળા, કષાય, મારણાન્તિક, વૈક્રિય, તૈજસ, આહારક, કેવલિસમુદ્‌ઘાતવાળા અને સમુદ્‌ઘાતરહિત મનુષ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા મનુષ્યો આહારકસમુદ્‌ઘાતવાળા છે. તેથી કેવલીસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે. તેથી તૈજસસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા છે. તેથી વૈક્રિયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા હોય છે. તેથી મારણાન્તિકસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી વેદનાસમુદ્‌ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેથી કષાયસમુદ્‌ઘાતવાળા સંખ્યાતગુણા હોય છે. તેથી સમુદ્‌ઘાતરહિત અસંખ્યાતગુણા હોય છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો અસુરકુમારની પેઠે જાણવા.॥૧૪॥૭૦૫॥*

(ટી૦) હવે એ જ અલ્પબહુત્વનો નૈરયિકાદિ જીવ વિશેષમાં ચોવીશ દણ્ડકના ક્રમથી યથાસમ્ભવ વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'नेरइया णं' ઇત્યાદિ પ્રશ્નસૂત્ર છે. ભગવાન્ ઉત્તર આપે છે—સૌથી થોડા નૈરયિકો મારણાન્તિક સમુદ્ઘાતવાળા છે. કારણ કે મારણાન્તિક સમુદ્ઘાત મરણકાળે હોય છે અને મરણ બાકીના જીવતા નારકોની અપેક્ષાએ ઘણા થોડાઓનું હોય છે. વળી બધા મરણ પામતા જીવોને સામાન્યપણે મરણસમુદ્ઘાત હોતો નથી, પણ કેટલાએકને હોય છે. કેમકે 'समोहया वि मरंति, असमोहया वि मरंति' સમુદ્ઘાતવાળા પણ મરે છે અને સમુદ્ઘાત વિનાના પણ મરે છે-એવું શાસ્ત્રવચન છે. એ કારણથી સૌથી થોડા મારણાન્તિક સમુદ્ઘાતવાળા છે. તેથી પણ વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે સાતે નરક પૃથિવીમાં પરસ્પર દુઃખ ઉત્પન્ન કરવાને માટે ઘણા નારકોને નિરંતર ઉત્તર વૈક્રિયના પ્રારંભનો સમ્ભવ છે. તેઓથી પણ કષાયસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે જેઓએ ઉત્તર વૈક્રિય કર્યું છે અને જેઓએ ઉત્તર વૈક્રિય કર્યું નથી એવા, અને સર્વ સંખ્યા વડે ઉત્તર વૈક્રિયના આરંભ કરનારા કરતાં સંખ્યાતગુણા કષાય સમુદ્ઘાતવાળા છે. તેઓથી પણ વેદના સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે ક્ષેત્રજન્ય પરમાધાર્મિકોએ કરેલી અને પરસ્પર ઉત્પન્ન કરેલી વેદનાઓ વડે પ્રાયઃ ઘણા હમેશાં વેદના સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા હોય છે. તેઓથી પણ કોઇપણ એક સમુદ્ઘાતવડે રહિત જીવો સંખ્યાતગુણા છે. કારણ કે વેદના સમુદ્ઘાત સિવાય પણ સામાન્યપણે વેદનાનો અનુભવ કરતા ઘણા વધારે નારકો સમ્ભવે છે.

હવે અસુરકુમારોનું અલ્પબહુત્વ કહે છે—'एएसि णं' ઇત્યાદિ. પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવાન્ કહે છ—હે ગૌતમ! સૌથી થોડા અસુરકુમારો તૈજસ સમુદ્ઘાતવાળા છે. કારણ કે તૈજસ સમુદ્ઘાત ઘણો કોપાવેશ હોય ત્યારે ક્વચિત્ કોઇકવાર કોઇકને થાય છે. તેથી તૈજસ સમુદ્ઘાતવાળા સૌથી થોડા હોય છે. તેથી મારણાન્તિક સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા હોય છે. તેથી વેદના સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા હોય છે. કારણ કે પરસ્પર યુદ્ધાદિ કરવામાં ઘણા વેદના સમુદ્ઘાતવાળા પ્રાપ્ત થાય છે. તેથી પણ કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે ગમે તે કારણથી ઘણાઓને કષાય સમુદ્ઘાતની પ્રાપ્તિનો સંભવ છે. તેઓથી પણ વૈક્રિય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, કારણ કે પરિચારણા-સંભોગાદિ અનેક નિમિત્તે અતિશય ઘણા અસુરકુમારોને ઉત્તરવૈક્રિય શરીરના આરંભનો સમ્ભવ છે. તેઓથી પણ સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. કારણ કે ઘણા ઉત્તમ જાતિવાળા અને સુખસાગરમાં લીન થયેલા દેવો પૂર્વના કરતાં અસંખ્યાતગુણા કોઇપણ સમુદ્ઘાતવડે રહિત હમેશાં હોય છે. જેમ અસુરકુમારોનું અલ્પબહુત્વ કહ્યું એ પ્રમાણે બધા ભવનપતિઓનું યાવત્ સ્તનિતકુમારો સુધી જાણવું.

હવે પૃથિવીકાયિક સંબન્ધે અલ્પબહુત્વ કહે છ—'एएसि णं' ઇત્યાદિ. અહીં કષાય સમુદ્ઘાતવાળા અને વેદના સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા અને સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા સંબન્ધે સુગમ હોવાથી સ્વયં વિચાર કરી લેવો. 'एवं' ઇત્યાદિ. એ પ્રમાણે-પૃથિવીકાયિકના પ્રકાર વડે યાવત્ વનસ્પતિકાયિક સુધી અલ્પબહુત્વ કહેવું. વાયુકાયિકો સંબન્ધે વિશેષ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'नवरं' ઇત્યાદિ. પરન્તુ વાયુકાયિકોના અલ્પબહુત્વના વિચારમાં એમ કહેવું-સૌથી થોડા વાયુકાયિકો વૈક્રિય સમુદ્ઘાતવાળા છે. કારણ કે બાદર પર્યાપ્તાના સંખ્યાતમા ભાગ માત્રને વૈક્રિય લબ્ધિનો સંભવ છે. તેઓથી પણ મારણાન્તિક સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે પર્યાપ્ત, અપર્યાપ્ત સૂક્ષ્મ અને બાદર ભેદવાળા બધાય વાયુકાયિકોને મરણ સમુદ્ઘાતનો સંભવ છે, તેઓથી પણ કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. તેઓથી પણ વેદના સમુદ્ઘાતવાળા વિશેષાધિક છે. તેઓથી સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. કારણ કે સર્વ સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા વાયુકાયિકની અપેક્ષાએ સ્વભાવસ્થિત વાયુકાયિકો સ્વભાવથી જ અસંખ્યાતગુણા છે. બેઇન્દ્રિયસૂત્રમાં સૌથી થોડા બેઇન્દ્રિયો મારણાન્તિક સમુદ્ઘાતવાળા છે. કારણ કે પ્રશ્ન સમયે અમુકજ બેઇન્દ્રિયોના મરણનો સંભવ છે. તેથી વેદના સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે ટાઢ, તડકા વગેરેના સંબન્ધથી ઘણા મોટા ભાગને વેદના સમુદ્ઘાતનો સંભવ છે. તેથી કષાય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે તેથી અતિશય ઘણા બેઇન્દ્રિયોને લોભાદિ કષાય સમુદ્ઘાતનો સદ્ભાવ છે. તેઓથી પણ સમુદ્ઘાતરહિત સંખ્યાતગુણા છે. 'एवं' એ પ્રમાણે-બેઇન્દ્રિય સંબન્ધે પ્રકાર વડે યાવત્ ચઉરિન્દ્રિયો સુધી કહેવું. તિર્યંચ પંચેન્દ્રિય સૂત્રમાં સૌથી થોડા તૈજસ

સમુદ્ઘાતવાળા છે, કારણ કે કેટલાકને તેજોલબ્ધિનો સંભવ છે. તેથી વેદના સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. તેઓથી પણ વૈક્રિય સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે ઘણાને વૈક્રિયલબ્ધિ હોય છે. તેથી મારણાન્તિક સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે પૂર્વે કહેલા કરતાં અસંખ્યાતગુણા વૈક્રિયલબ્ધિ રહિત બધાય સંમૂર્ચ્છિમ જલચર, સ્થલચર અને ખેચરને પણ તથા કેટલાએક વૈક્રિય લબ્ધિરહિત અને વૈક્રિય લબ્ધિવાળા ગર્ભજોને પણ મરણ સમુદ્ઘાતનો સંભવ છે. તેથી વેદના સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે મરણ પામતા જીવોની અપેક્ષાએ પણ નહિ મરતા અસંખ્યાતગુણા તિર્યંચોને પણ વેદના સમુદ્ઘાતવાળાનો સંભવ છે. તેથી કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. તેઓથી પણ સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા છે. અહીં પૂર્વની પેઠે વિચારણા કરવી.

મનુષ્યસૂત્રમાં સૌથી થોડા આહારક સમુદ્ઘાતવાળા છે, કારણ કે સૌથી થોડાને એક કાળે આહારક શરીરના પ્રારંભનો સંભવ છે. તેથી કેવલિસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ શતપૃથક્ત્વ-બસોથી નવસો સુધીની સંખ્યામાં પ્રાપ્ત થાય છે. તેથી **તૈજસ સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ સંખ્યામાં એક લાખ પ્રાપ્ત થાય છે.** તેથી પણ **વૈક્રિય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, કારણ કે તેઓ કોટી પ્રમાણ હોય છે.** તેથી મારણાન્તિક સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે, કારણ કે સંમૂર્ચ્છિમ મનુષ્યોને પણ મરણ સમુદ્ઘાતનો સંભવ છે અને તેઓ અસંખ્યાતા છે. તેઓથી વેદના સમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે મરણ પામતા જીવોની અપેક્ષાએ નહિ મરણ પામતા અસંખ્યાતગુણા જીવોને વેદના સમુદ્ઘાતનો સંભવ છે. તેથી કષાય સમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ ઘણા હોય છે, તેઓથી પણ સમુદ્ઘાતરહિત અસંખ્યાતગુણા છે. કારણ કે ઉત્કૃષ્ટ કષાયવાળા કરતાં અસંખ્યાતગુણા અલ્પકષાયવાળા સંમૂર્ચ્છિમ મનુષ્યો સદા પ્રાપ્ત થાય છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકો જેમ અસુરકુમારો કહ્યા તેમ કહેવા. એ પ્રમાણે સમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત વિષે અલ્પબહુત્વ કહ્યું. ॥૧૪॥૭૦૫॥

## ॥ कसायसमुग्घायवत्तव्वया ॥

**कति णं भंते! कसायसमुग्घाया पण्णत्ता? गोयमा! चत्तारि कसायसमुग्घाया पन्नत्ता. तं जहा—कोहसमुग्घाए, माणसमुग्घाए, मायासमुग्घाए, लोहसमुग्घाए। णेरइयाणं भंते! कति कसायसमुग्घाया पन्नत्ता? गोयमा! चत्तारि कसायसमुग्घाया पन्नत्ता, एवं [जाव] वेमाणियाणं। एगमेगस्स णं भंते! णेरइयस्स केवतिया कोहसमुग्घाया अतीता? गोयमा! अणंता। केवतिया पुरेक्खडा? गोयमा! कस्सइ अत्थि कस्सइ णत्थि, जस्सत्थि जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं संखेज्जा वा असंखेज्जा वा अणंता वा, एवं जाव वेमाणियस्स। एवं जाव लोभसमुग्घाए, एते चत्तारि दंडगा। णेरइयाणं भंते! केवतिया कोहसमुग्घाया अतीता? गोयमा! अणंता। केवतिया पुरेक्खडा? गोयमा! अणंता! एवं जाव वेमाणियाणं, एवं जाव लोभसमुग्घाए, [एवं] एए वि चत्तारि दंडगा। एगमेगस्स णं भंते! णेरइयस्स णेरइयत्ते केवइया कोहसमुग्घाया अतीता? गोयमा! अणंता। एवं जहा वेदणासमुग्घाओ भणिओ तहा कोहसमुग्घाओ वि भाणियव्वो णिरवसेसं जाव वेमाणियत्ते। माणसमुग्घाओ मायासमुग्घाओ य णिरवसेसं जहा मारणंतियसमुग्घाओ, लोहसमुग्घाओ जहा कसायसमुग्घाओ, णवरं सव्वजीवा असुरादी णेरइएसु लोभकसाएणं एगुत्तरिया णेयव्वा। णेरइयाणं भंते! णेरइयत्ते केवतिया कोहसमुग्घाया अतीता? गोयमा! अणंता। केवतिया पुरेक्खडा? गोयमा! अणंता, एवं जाव वेमाणियत्ते, एवं सट्ठाण-परट्ठाणेसु सव्वत्थ वि भाणियव्वा, सव्वजीवाणं चत्तारि समुग्घाया जाव लोभसमुग्घातो जाव वेमाणियाणं वेमाणियत्ते।॥सू०-१५॥७०६॥**

*(મૂ૦) હે ભગવન્! કેટલા કષાયસમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! ચાર કષાયસમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ ક્રોધસમુદ્ઘાત,*

*૨ માનસમુદ્ઘાત, ૩ માયાસમુદ્ઘાત અને ૪ લોભસમુદ્ઘાત. હે ભગવન્! નૈરયિકોને કેટલા કષાયસમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! ચાર કષાયસમુદ્ઘાતો કહ્યા છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. હે ભગવન્! એક એક નૈરયિકને કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને જાણવું. એમ યાવત્ લોભસમુદ્ઘાત સુધી જાણવું. એ પ્રમાણે ચાર દણ્ડકો થાય છે. હે ભગવન્! નૈરયિકોને કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. એ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું. એમ લોભસમુદ્ઘાત સુધી કહેવું. એ પ્રમાણે એ પણ ચાર દણ્ડકો થાય છે. હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. એ પ્રમાણે જેમ વેદનાસમુદ્ઘાત સંબન્ધે કહ્યું તેમ ક્રોધસમુદ્ઘાત સંબન્ધે પણ બધું યાવત્ વૈમાનિકપણામાં કહેવું. માનસમુદ્ઘાત અને માયાસમુદ્ઘાત સંબન્ધે પણ જેમ મારણાન્તિકસમુદ્ઘાત સંબન્ધે કહ્યું તેમ બધું કહેવું. લોભસમુદ્ઘાત કષાયસમુદ્ઘાતની જેમ કહેવો. પરન્તુ અસુરાદિ સર્વ જીવો નૈરયિકોમાં લોભકષાયવડે એકોત્તરપણે–એકથી માંડી અનન્ત સુધી કહેવા. હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ વૈમાનિકપણામાં જાણવું. એમ સ્વસ્થાન અને પરસ્થાનમાં બધા કહેવા. સર્વ જીવોને ચાર સમુદ્ઘાતો લોભસમુદ્ઘાત સુધી જાણવા. યાવત્ વૈમાનિકોને વૈમાનિકપણામાં કહેવું. ॥૧૫॥૭૦૬॥*

(ટી૦) હવે કષાયસમુદ્ઘાત સંબન્ધે વિશેષ વક્તવ્યતા કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**कइ णं**' ઇત્યાદિ. 'હે ભગવન્! કેટલા કષાયસમુદ્ઘાતો કહ્યા છે? ઇત્યાદિ. સામાન્ય રીતે કષાય સમુદ્ઘાત સંબન્ધે અને ચોવીશ દંડકના ક્રમ સંબન્ધે આ સૂત્ર સુપ્રસિદ્ધ છે, હવે ચોવીશ દંડકના ક્રમ વડે વૈમાનિક પર્યન્ત એક એક નૈરયિકાદિની કષાયસમુદ્ઘાત સંબન્ધે વ્યક્તવ્યતા કહે છે– –'**एगमेगस्स णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! એક એક નૈરયિકને કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? અહીં અતીતકાળ સંબન્ધે સૂત્ર સ્પષ્ટ છે. ભવિષ્ય કાળના સૂત્રમાં કાળના સૂત્રમાં 'કોઇને થવાના છે અને કોઇને થવાના નથી.' જે નરકભવના પ્રાન્ત કાળે વર્તતો સ્વભાવથી જ અલ્પકષાયવાળો કષાયસમુદ્ઘાત સિવાય કાળ કરીને નરકથી નીકળી મનુષ્યભવને પામી કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત થયા સિવાય જ સિદ્ધ થાય તેને ભવિષ્યમાં એક પણ કષાયસમુદ્ઘાત થવાનો નથી. જેને થવાના છે તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ હોય છે અને પૂર્વે જેનું સ્વરૂપ બતાવ્યું છે એવા અને એકવાર કષાયસમુદ્ઘાતને પ્રાપ્ત થવાવાળાને જાણવા. ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા હોય છે. તેમાં સંખ્યાતા કાળ સુધી સંસારમાં રહેનારને સંખ્યાતા, અસંખ્યાતા કાળ સુધી રહેનારને અસંખ્યાતા અને અનન્ત કાળ સુધી રહેનારને અનન્ત ભાવી સમુદ્ઘાતો હોય છે. એ પ્રમાણે અસુરકુમારાદિના ક્રમ વડે યાવત્ વૈમાનિકને કહેવું. એમ ચોવીશ દંડકના ક્રમ વડે માનાદિ સમુદ્ઘાતવાળા લોભસમુદ્ઘાત સુધી કહેવા. એ પ્રમાણે ચાર ગુણા ચોવીશ દંડકો થાય છે. એ એક એક નૈરયિકાદિ સંબન્ધે કહ્યા હવે સકલ નારકાદિ સંબન્ધે એ ચારગુણા ચોવીશ દંડકોને કહે છે—'**नेरइया णं**' ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકોને અતીત કાળે કેટલા ક્રોધસમુદ્ઘાતો હોય? ઇત્યાદિ. અતીત સૂત્ર સ્પષ્ટ છે. અને ભાવી અનન્તા સમુદ્ઘાતો હોય. કારણ કે પ્રશ્ન સમયે વર્તમાન નારકોમાં ઘણા અનન્તા કાળ સુધી રહેવાના હોય છે. '**एवं**' એમ નૈરયિકને કહેલા પ્રકાર વડે યાવત્ વૈમાનિકો સુધી કહેવું. જેમ આ ક્રોધસમુદ્ઘાત ચોવીશ દંડકના ક્રમથી કહ્યો, એમ માનાદિ સમુદ્ઘાતો પણ લોભ સમુદ્ઘાત સુધી કહેવા, એ રીતે એ પણ બધા નારકો સંબંધે ચાર ગુણા ચોવીશ દંડકો થાય છે. હવે 'એક એક નૈરયિકાદિને નૈરયિકાદિ ભાવોમાં વર્તતા કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે હોય અને કેટલા ભવિષ્ય કાળે થવાના હોય'–એ નિરુપણ કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एगमेगस्स णं**' ઇત્યાદિ. હે ભગવન્! વિવક્ષિત પ્રશ્ન સમયની પૂર્વે સંપૂર્ણ અતીત કાળની અપેક્ષાએ તે તે કાળે નૈરયિકપણાને પ્રાપ્ત થયેલા એક એક નૈરયિકને સર્વ સંખ્યા વડે કેટલા ક્રોધસમુદ્ઘાતો

અતીત કાળે થયેલા હોય? ભગવાન્ કહે છે—હે ગૌતમ! અનન્તા થયેલા હોય. કારણ કે તેને નરકગતિ અનન્તવાર પ્રાપ્ત થયેલી છે અને એક નરકભવમાં જઘન્ય પદે પણ સંખ્યાતા ક્રોધસમુદ્ઘાતો હોય છે. 'एवं जहा' ઇત્યાદિ. એમ ઉપર બતાવેલા પ્રકાર વડે જેમ વેદનાસમુદ્ઘાત પૂર્વે કહ્યો તેમ ક્રોધસમુદ્ઘાત પણ નિરવશેષપણે–સમસ્તપણે કહેવો. ક્યાં સુધી કહેવો? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે–યાવત્ વૈમાનિકપણામાં કહેવો એટલે વૈમાનિકને વૈમાનિકપણામાં એ આલાપક–સૂત્રપાઠ સુધી કહેવો. તે આ પ્રમાણે— 'નૈરયિકને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું. હે ભગવન્! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા હોય? હે ગૌતમ! અનન્તા થયેલા હોય. કેટલા ભવિષ્ય કાળે થવાના હોય? હે ગૌતમ! કોઇને થવાના હોય અને કોઇને થવાના ન હોય. જેને થવાના હોય તેને કદાચ સંખ્યાતા હોય, કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનંતા હોય. હે ભગવન્! એક એક અસુરકુમારને અસુરકુમારપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? કોઇને થવાના હોય અને કોઇને થવાના હોતા નથી. જેને થવાના હોય છે તેને જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં જાણવું. એમ અસુરકુમારોને નૈરયિકથી માંડી વૈમાનિક સુધીમાં (ક્રોધસમુદ્ઘાતો) કહ્યા તેમ નાગકુમારાદિને સ્વસ્થાન અને પરસ્થાન વિષે યાવત્ વૈમાનિકપણામાં કહેવા." આ સૂત્રની વ્યાખ્યા—હે ભગવન્! એક એક નારકને સંસારથી માંડી મોક્ષ જાય ત્યાં સુધીના અનન્ત કાળની અપેક્ષાએ નૈરયિકપણામાં ભવિષ્યમાં થવાના ભાવી ક્રોધસમુદ્ઘાતો સર્વ સંખ્યા વડે કેટલા હોય? ભગવાન્ ઉત્તર આપે છે—'હે ગૌતમ! કોઇને હોય અને કોઇને ન હોય'–ઇત્યાદિ. નજીકમાં મરણ જેનું છે એવો જે નૈરયિક ક્રોધસમુદ્ઘાતને પ્રાપ્ત કર્યા સિવાય આત્યંતિક–છેલ્લા મરણ વડે નરકથી નીકળી સિદ્ધ થાય તેને નૈરયિકપણામાં થવાનો ભાવી એક પણ ક્રોધસમુદ્ઘાત નથી. બાકીનાને હોય છે. જેને છે તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ હોય છે. આ હકીકત જેનું શેષ આયુષ્ય ક્ષીણ થયેલું છે એવા તે ભવમાં વર્તતા અને ફરીથી નરકમાં નહિ ઉત્પન્ન થવાવાળા નૈરયિકોને આશ્રયી સમજવી. ફરીથી નરકમાં ઉત્પન્ન થનારને જઘન્ય પદે પણ સંખ્યાતા ક્રોધસમુદ્ઘાતો થાય છે. કારણ કે નૈરયિકોમાં ક્રોધસમુદ્ઘાતો ઘણા થાય છે, ઉત્કૃષ્ટથી સંખ્યાતા અસંખ્યાતા કે અનન્તા થાય છે. તેમાં એકવાર જઘન્ય સ્થિતિવાળા નરકોમાં ઉત્પન્ન થવાવાળાને સંખ્યાતા અને અનેકવાર ઉત્પન્ન થનારને અથવા દીર્ઘસ્થિતિવાળા નરકોમાં એકવાર પણ ઉત્પન્ન થનારને અસંખ્યાતા અને અનન્તવાર ઉત્પન્ન થનારને અનન્તા થાય છે. એમ–નૈરયિકને કહેલા પ્રકાર વડે અસુરકુમારપણામાં અને ત્યાર પછી ચોવીશ દંડકના ક્રમથી યાવત્ વૈમાનિકપણા વિષે સૂત્ર છે ત્યાં સુધી કહેવું. તે આ પ્રમાણે—'હે ભગવન્! એક એક નૈરયિકને વૈમાનિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે." અહીં પણ આ ભાવાર્થ છે–અતીત કાળના વિચારમાં અનન્તા થયેલા છે, કારણ કે તેણે અનન્તવાર વૈમાનિકપણું પ્રાપ્ત કરેલું છે. ભવિષ્યના વિચારમાં જે નરકથી નીકળી પછીના ભવમા મનુષ્યપણું પામી સિદ્ધ થશે અથવા પરંપરા વડે વૈમાનિક ભવને પ્રાપ્ત થઇ ક્રોધસમુદ્ઘાતને પ્રાપ્ત નહિં થાય, તેને વૈમાનિકપણામાં ભાવિ એક પણ ક્રોધસમુદ્ઘાત હોતો નથી, પણ જે વારંવાર વૈમાનિકપણાને પ્રાપ્ત થઇ એકજવાર ક્રોધસમુદ્ઘાતને પ્રાપ્ત થશે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને બાકીના સંખ્યાતવાર વૈમાનિકપણાને પ્રાપ્ત થનારને સંખ્યાતા, અસંખ્યાતીવાર પ્રાપ્ત થનારને અસંખ્યાતા અને અનન્તવાર પ્રાપ્ત થનારને અનન્તા ક્રોધસમુદ્ઘાતો થાય છે. 'एगमेगस्स णं' ઇત્યાદિ. અસુરકુમારને નૈરયિકપણામાં અતીત કાળે ક્રોધસમુદ્ઘાતો કેટલા હોય? એ પ્રશ્નસૂત્ર સુગમ છે. 'હે ગૌતમ! અનન્તા હોય.' કારણ કે તેણે અનન્તવાર નૈરયિકપણું પ્રાપ્ત કરેલું છે અને એક એક નૈરયિક ભવમાં જઘન્ય પદે પણ સંખ્યાતા ક્રોધસમુદ્ઘાતો થાય છે. પુરસ્કૃતભવિષ્યમાં થવાના કોઇને હોય અને કોઇને ન હોય. તાત્પર્ય એ છે જે અસુરકુમારના ભવથી નીકળી નરકમાં જવાનો નથી

પણ તરત કે પરંપરાએ મનુષ્યભવ પામી સિદ્ધ થશે તેને નૈરયિકની અવસ્થામાં થવાના ભાવી ક્રોધસમુદ્ઘાતો હોતા નથી. કારણ કે નૈરયિકપણાની અવસ્થાનો જ અસંભવ છે. પરન્તુ જે અસુરકુમારના ભવ પછી પરંપરાએ નરકમાં જવાનો છે તેને ક્રોધસમુદ્ઘાતો હોય છે. તેમા પણ કોઇને સંખ્યાતા કોઇને અસંખ્યાતા અને કોઇને અનન્તા હોય છે. તેમાં જે એક વાર જઘન્ય સ્થિતિવાળા નરકમાં ઉત્પન્ન થશે તેને પણ જઘન્ય પદે સંખ્યાતા થશે, કારણ કે દસ હજાર વરસ પ્રમાણ સ્થિતિમાં પણ સંખ્યાતા ક્રોધસમુદ્ઘાતો થાય છે. કેમકે **નારકોને ક્રોધ ઘણો હોય છે.** જઘન્ય સ્થિતિવાળામાં અનેકવાર અને દીર્ઘસ્થિતિવાળામાં એક વાર પણ જવામાં અસંખ્યાતા તથા અનન્તવાર નરકમાં જવામાં અનન્તા ક્રોધસમુદ્ઘાતો થાય છે. તથા એક એક અસુરકુમારને અસુરકુમારપણામાં રહેલો છતા સર્વ અતીત કાળને આશ્રયી કેટલા ક્રોધસમુદ્ઘાતો પૂર્વે થયેલા છે? ભગવાન્ કહે છે–અનન્તા થયેલા છે. કારણ કે તે અનન્તવાર અસુરકુમારપણાને પ્રાપ્ત થયેલો છે અને દરેક ભવમાં પ્રાયઃ ક્રોધસમુદ્ઘાત હોય છે. ભવિષ્ય કાળના વિચારમાં કોઇને હોય અને કોઇને ન હોય. જેને પ્રશ્નસમય પછી અસુરકુમારપણામાં પણ વર્તતા છતાં ક્રોધસમુદ્ઘાત થવાનો નથી અને ત્યાંથી નીકળીને ફરીથી પણ અસુરકુમારપણું પામવાનો નથી તેને થવાનો નથી. પરન્તુ જે એકવાર અસુરકુમારપણું પ્રાપ્ત કરશે તેને જઘન્ય પદે એક, બે કે ત્રણ હશે, અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા ક્રોધસમુદ્ઘાત થશે. સંખ્યાતીવાર અસુરકુમારમાં આવનારને સંખ્યાતા, અસંખ્યાતીવાર આવનારને અસંખ્યાતા અને અનન્તવાર આવનારને અનન્તા થશે. એ પ્રમાણે ચોવીશ દંડકના ક્રમથી અસુરકુમારને નાગકુમારત્વાદિ સ્થાનોમાં યાવત્ વૈમાનિકપણામાં નિરન્તર કહેવું. એ પ્રમાણે સૂત્રકાર—**'एवं नागकुमारत्तेवि'** ઇત્યાદિ. એમ નાગકુમારપણામાં પણ જાણવું ઇત્યાદિ. એ પ્રમાણે અસુરકુમારાદિને વિષે અતિદેશ–સમાનપણું બતાવે છે. **'एवं'** ઇત્યાદિ. એ પ્રમાણે–સૂત્રપાઠમાં કહેલા પ્રકાર વડે જેમ ચોવીશ દંડકના ક્રમથી અસુરકુમાર સંબન્ધે નૈરયિકથી આરંભી વૈમાનિક સુધીના સ્થાનોમાં કહ્યું તેમ નાગકુમારાદિ સમસ્ત સ્વસ્થાન અને પરસ્થાન વિષે કહેવા. યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં આલાપક–પાઠ કહેવો. એ પ્રમાણે એ નૈરયિકના ચોવીશ દંડક સૂત્રો જેની આદિમાં છે અને વૈમાનિકના ચોવીશ દંડકો જેના અન્તે છે એવા ચોવીશ સૂત્રો જાણવા. એ પ્રમાણે ચોવીશ દંડકસૂત્રો વડે ક્રોધસમુદ્ઘાતનો વિચાર કર્યો. હવે ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે માનસમુદ્ઘાત અને માયાસમુદ્ઘાત સંબન્ધે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર અતિદેશ–સમાનપણું બતાવે છે—**'माणसमुग्घाए मायासमुग्घाए निरवसेसं जहा मारणंतियसमुग्घाए'** માનસમુદ્ઘાત અને માયાસમુદ્ઘાત સંબન્ધે જેમ મારણાંતિકસમુદ્ઘાત સંબન્ધે કહ્યું તેમ કહેવું. એટલે જેમ મારણાંતિકસમુદ્ઘાત વિષે પૂર્વે સૂત્ર કહ્યું તેમ માનસમુદ્ઘાત અને માયાસમુદ્ઘાત વિષે નિરવશેષ–બધું કહેવું. તે આ પ્રમાણે—'હે ભગવન્! એક એક નૈરયિકને નૈરયિકપણામાં કેટલા માનસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે અસુરકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું. હે ભગવન્! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા માનસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. એ પ્રમાણે નાગકુમારપણામાં યાવત્ વૈમાનિકપણામાં કહેવું. એ પ્રમાણે અસુરકુમાર સંબન્ધે જેમ નૈરયિકથી માંડી વૈમાનિક સુધીમાં કહ્યું તેમ નાગકુમારાદિ સંબન્ધે સ્વસ્થાન અને પરસ્થાન વિષે યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. આ સૂત્રનો આ અર્થ છે—અતીત સૂત્રોમાં બધેય અનન્તપણું સ્પષ્ટ છે. કારણ કે નૈરયિકત્વાદિ સ્થાનો પ્રત્યેકને અનન્તવાર પ્રાપ્ત થયેલા છે. ભવિષ્ય કાળના વિચારમાં નૈરયિકને નૈરયિકપણામાં આ પ્રમાણે વિચાર છે–જે નૈરયિક માનસમુદ્ઘાતને પ્રાપ્ત કર્યા સિવાય કાળ કરી નરકથી નીકળી તુરત અથવા પરંપરાએ મનુષ્ય ભવ પામીને સિદ્ધ થશે, પણ ફરી નરકમાં નહિ આવે તેને ભવિષ્યમાં માનસમુદ્ઘાતો હોતા નથી. પરન્તુ જે તે ભવમાં વર્તતો અથવા ફરીથી નરકમાં આવી એકવાર માનસમુદ્ઘાતને પ્રાપ્ત થઇ કાળ કરવા વડે નરકથી નીકળી સિદ્ધ થશે તેને ભવિષ્યકાળે એક માનસમુદ્ઘાત થવાનો છે, એ પ્રમાણે કોઇને બે, કોઇને ત્રણ, સંખ્યાતીવાર નરકમાં આવનારને સંખ્યાતા,

અસંખ્યાતીવાર આવનારને અસંખ્યાતા અને અનન્ત વાર આવનારને અનન્ત ભાવી માનસમુદ્ઘાતો થવાના છે. નૈરયિકને જ અસુરકુમારપણામાં ભવિષ્યના વિચારમાં આ ભાવના છે-જે નરકથી નીકળી અસુરકુમારપણું નહિ પામે તેને ભવિષ્ય કાળે માનસમુદ્ઘાતો થવાના નથી. પણ જે એકવાર પામશે તેને એક, બે કે ત્રણ વગેરે, સંખ્યાતીવાર અસુરકુમારપણું પામનારને સંખ્યાતા, અસંખ્યાતીવાર પામનારને અસંખ્યાતા અને અનન્તવાર પામનારને અનન્તા માનસમુદ્ઘાતો થવાના હોય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધી તિર્યંચ પંચેન્દ્રિયપણામાં ભવિષ્યના સમુદ્ઘાતનો વિચાર થાય. મનુષ્યના વિચારમાં આ પ્રમાણે ભાવના છે-જે **નરકથી નીકળી મનુષ્યભવ પામી માનસમુદ્ઘાતને પ્રાપ્ત થયા સિવાય સિદ્ધ થશે** તેને ભવિષ્યમાં એક પણ માનસમુદ્ઘાત ભવિષ્યમાં થવાનો નથી, પરન્તુ જે મનુષ્યપણાને પ્રાપ્ત થઇ એકવાર માનસમુદ્ઘાતને પ્રાપ્ત થશે તેને એક, બીજાને બે અને અન્યને ત્રણ વગેરે, સંખ્યાતીવાર મનુષ્યપણાને પ્રાપ્ત થનારને સંખ્યાતા, અસંખ્યાતીવાર પ્રાપ્ત થનારને અસંખ્યાતા અને અનન્તવાર પ્રાપ્ત થનારને અનન્તા થવાના હોય છે. વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકપણામાં જેમ અસુરકુમારપણામાં વિચાર કર્યો તેમ કરવો. જેમ નૈરયિકને નૈરયિકત્વાદિ ચોવીશ સ્થાનોમાં વિચાર કર્યો તેમ અસુરકુમારાદિને પણ વૈમાનિક સુધી ચોવીશ દંડકના ક્રમથી કરવો. જેમ માનસમુદ્ઘાતના ચોવીશ સૂત્રો ચોવીશ દંડકના ક્રમથી કહ્યા છે તેમ માયાસમુદ્ઘાતના પણ ચોવીશ સૂત્રો ચોવીશ દંડકના ક્રમથી કહેવા. કારણ કે બન્ને સ્થળે સમાન પાઠ છે. હવે લોભસમુદ્ઘાત સમાનપણાથી કહે છે—'**लोभसमुग्घात्तो जहा कसायसमुग्घातो, नवरं सव्वजीवा असुराई नेरइएसु लोभकसाएणं एगुत्तरियाए नेतव्वा**'-જેમ કષાયસમુદ્ઘાત કહ્યો તેમ લોભસમુદ્ઘાત કહેવો. પરન્તુ અસુરાદિ સર્વ જીવો નૈરયિકોમાં એકોત્તરપણે-એકથી માંડી અનન્તસમુદ્ઘાતપણે જાણવા. જેમ પૂર્વે કષાયસમુદ્ઘાત કહ્યો તેમ લોભસમુદ્ઘાત પણ કહેવો. પરન્તુ અસુરકુમારાદિને નૈરયિકપણામાં ભવિષ્યના વિચારમાં કદાચ સંખ્યાતા હોય, કદાચ અસંખ્યાતા હોય અને કદાચ અનન્તા હોય-એમ કહ્યું છે અને અહીં અસુરકુમારાદિ સર્વે જીવો નૈરયિકોમાં ભવિષ્યના સમુદ્ઘાતનો વિચાર કરતા એકોત્તરપણે જાણવા. એકોત્તરનો ભાવ તે એકોત્તરિકા-એક-બે ત્રણ-ઇત્યાદિ રૂપે જાણવા. અતિશય દુ:ખની વેદના વડે પીડાયેલા હોવાથી હમેશાં ઉદ્વેગને પ્રાપ્ત થયેલા નૈરયિકોને ઘણું કરી લોભસમુદ્ઘાતનો અસંભવ છે. સૂત્રનો પાઠ આ પ્રમાણે છે—'હે ભગવન્! એક એક નૈરયિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે. તેને એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. 'હે ભગવન્! એક એક નૈરયિકને અસુરકુમારપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને કદાચ સંખ્યાતા હોય, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે નૈરયિકને યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. હે ભગવન્! એક એક નૈરયિકને પૃથિવીકાયિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે. તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના છે. એ પ્રમાણે યાવત્ મનુષ્ય-પણામાં કહેવું. વ્યન્તરપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું. હે ભગવન્! એક એક નૈરયિકને જ્યોતિષ્કપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે વૈમાનિકપણામાં કહેવું. હે ભગવન્! એક એક અસુરકુમારને નૈરયિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. હે ભગવન્! એક એક અસુરકુમારને અસુરકુમારપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને

થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. હે ભગવન્! એક એક અસુરકુમારને નાગકુમારપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીતકાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા લોભસમુદ્ઘાતો થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને કદાચ સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં જાણવું. પૃથિવીકાયિકપણામાં યાવત્ વૈમાનિકપણામાં જેમ નૈરયિકને કહ્યું તેમ કહેવું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારને વૈમાનિકપણામાં કહેવું. હે ભગવન્! એક એક પૃથિવીકાયિકને નૈરયિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યકાળે થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના છે. પૃથિવીકાયિકને અસુરકુમારપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને થવાના છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં જાણવું. પૃથિવીકાયિકપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે. ભવિષ્યમાં કોઇને થવાના છે અને કોઇને થવાના નથી. જેને છે તેને જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે યાવત્ મનુષ્યપણામાં કહેવું. વ્યન્તરપણામાં જેમ અસુરકુમારપણામાં કહ્યું તેમ કહેવું. જ્યોતિષ્કપણામાં અને વૈમાનિકપણામાં અતીત કાળે અનન્તા થયેલા છે અને ભવિષ્યમાં થવાના કોઇને હોય છે અને કોઇને હોતા નથી. જેને હોય છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા અને કદાચ અનન્તા થવાના હોય છે. એ પ્રમાણે યાવત્ મનુષ્યને વૈમાનિકપણામાં કહેવું. વ્યન્તરને અસુરકુમારની પેઠે કહેવું. એ પ્રમાણે જ્યોતિષ્કો અને વૈમાનિકોને પણ કહેવું. આ સૂત્રનો આ અર્થ છે—નૈરયિકને નૈરયિકપણામાં અતીત કાળે અનન્તા લોભસમુદ્ઘાતો થયેલા છે. કારણ કે તેણે અનન્તવાર નૈરયિકપણું પ્રાપ્ત કરેલું છે. ભવિષ્ય કાળના વિચારમાં કોઇને થવાના હોય અને કોઇને થવાના હોતા નથી. તેમાં જે પ્રશ્નસમય પછી લોભસમુદ્ઘાતને પ્રાપ્ત થયા સિવાય જ નરકભવથી નીકળી તુરત કે પરંપરાએ સિદ્ધ થશે અને ફરીથી નરકમાં નહિ આવે, આવ્યો હોય તોપણ લોભસમુદ્ઘાતને પ્રાપ્ત નહિ થાય, તેને એક પણ ભવિષ્યમાં લોભસમુદ્ઘાત થવાનો નથી, બાકીનાને થવાના છે. તેમાં કોઇને એક, કોઇને બે અને કોઇને ત્રણ હોય છે. એ હકીકત પ્રશ્નસમય પછી પણ નરકભવને પ્રાપ્ત થયેલા અથવા એક વાર નરકભવમાં આવનારને જાણવી. ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા થવાના હોય છે. તેમાં સંખ્યાતી વાર નરકભવમાં આવનારને સંખ્યાતા, અસંખ્યાતીવાર આવનારને અસંખ્યાતા અને અનન્તવાર આવનારને અનન્તા જાણવા. તથા નૈરયિકને અસુરકુમારપણામાં અતીતસૂત્ર તેમજ જાણવું. ભવિષ્યસૂત્રમાં કોઇને થવાના છે અને કોઇને નથી. જે નરકથી નીકળી અસુરકુમારપણું પ્રાપ્ત કરવાનો નથી તેને અસુરકુમારપણામાં અનાગત લોભસમુદ્ઘાતો હોતા નથી. જે અસુરકુમારપણું પ્રાપ્ત કરશે તેને હોય છે. તેઓ જઘન્યપદે સંખ્યાતા હોય છે, કારણ કે જઘન્ય સ્થિતિમાં પણ અસુરકુમારોને સંખ્યાતા લોભસમુદ્ઘાતો થાય છે, કારણ કે તેઓને ઘણો લોભ હોય છે. ઉત્કૃષ્ટપદે અસંખ્યાતા અને અનન્તા હોય છે. તેમાં એકવાર દીર્ઘ સ્થિતિવાળામાં અને અનેકવાર જઘન્ય સ્થિતિવાળામાં કે દીર્ઘસ્થિતિવાળામાં ઉત્પન્ન થવાવાળા અસુરકુમારોને અસંખ્યાતા, અને અનન્તવાર ઉત્પન્ન થવાવાળાને અનન્તા જાણવા. એ પ્રમાણે નૈરયિકને નાગકુમારત્વાદિ સ્થાનોમાં યાવત્ સ્તનિતકુમારપણામાં નિરંતર કહેવું. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**एवं जाव थणियकुमारत्ते**' એ પ્રમાણે સ્તનિતકુમારપણામાં કહેવું. પૃથિવીકાયિકપણામાં અતીતસૂત્ર તેમજ જાણવું. ભવિષ્યના વિચારમાં કોઇને હોય છે અને કોઇને હોતા નથી. તેમાં નરકથી નીકળી જે પૃથિવીકાયિકપણું પામવાનો નથી તેને હોતા નથી. જે પામશે તેને જઘન્યપદે એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે. તે આ પ્રમાણ—તિર્યંચ પંચેન્દ્રિયના ભવથી કે મનુષ્યભવથી લોભસમુદ્ઘાતને પ્રાપ્ત થઇને જે એક વાર પૃથિવીકાયમાં જશે તેને એક, બે વાર જનારને બે, ત્રણ વાર જનારને ત્રણ સંખ્યાતી વાર જનારને સંખ્યાતા, અસંખ્યાતી વાર જનારને અસંખ્યાતા અને અનન્ત વાર જનારને અનન્તા હોય છે. 'એ પ્રમાણે યાવત્ મનુષ્યપણામાં કહેવું'. એટલે પૃથિવીકાય

સંબન્ધે સૂત્રપાઠ વડે યાવત્ મનુષ્યપણામાં કહેવું. તે આ પ્રમાણે—હે ભગવન્! એક એક નૈરયિકને અપ્કાયિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીતકાળે હોય? ઇત્યાદિ યાવત્ મનુષ્યસૂત્ર કહેવું. તેમાં અપ્કાયિકથી માંડી વનસ્પતિકાય સુધીના સૂત્રની ભાવના પૃથિવીકાયિકસૂત્રની પેઠે કરવી. બેઇન્દ્રિયસૂત્રમાં ભવિષ્યના વિચારમાં જઘન્યથી એક, બે કે ત્રણ જાણવા. એ બાબત એક વાર બેઇન્દ્રિયના ભવને પ્રાપ્ત કરવાવાળાની અપેક્ષાએ જાણવી. ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા જાણવા. તેમાં સંખ્યાતીવાર બેઇન્દ્રિયના ભવને પ્રાપ્ત કરનારને સંખ્યાતા, અસંખ્યાતી વાર પ્રાપ્ત કરનારને અસંખ્યાતા અને અનન્ત વાર પ્રાપ્ત કરનારને અનન્તા હોય છે. એ પ્રમાણે તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિય સૂત્રોનો વિચાર કરવો. તિર્યંચ પંચેન્દ્રિય સૂત્ર સંબન્ધે આ પ્રમાણે વિચાર છે—એક વાર તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં જવાવાળા અને સ્વભાવથી અલ્પ લોભવાળાને જઘન્યથી એક, બે કે ત્રણ લોભસમુદ્ઘાતો હોય છે. બાકીનાને ઉત્કૃષ્ટથી તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં સંખ્યાતી વાર જનારને સંખ્યાતા, અસંખ્યાતી વાર જનારને અસંખ્યાતા અને અનન્ત વાર જનારને અનન્તા હોય છે. મનુષ્યસૂત્રમાં ભવિષ્યકાળ સંબન્ધે મૂળથી આ પ્રમાણે ભાવના છે—જે નરકભવથી નીકળી અલ્પલોભકષાયવાળો મનુષ્યભવ પામી લોભસમુદ્ઘાતને પ્રાપ્ત કર્યા સિવાય મોક્ષે જશે તેને પુરસ્કૃત–અનાગત કાળે લોભસમુદ્ઘાતો હોતા નથી, બાકીનાને હોય છે. જેને છે તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ હોય છે અને તે એક, બે કે ત્રણ વાર લોભસમુદ્ઘાતને પ્રાપ્ત થઇ મોક્ષ જનારને જાણવા. સંખ્યાતાદિનો વિચાર પૂર્વની પેઠે સમજવો. '**वाणमंतरत्ते जहा असुरकुमारा**' વ્યન્તરપણામાં જેમ અસુરકુમારો સંબન્ધે કહ્યું તેમ કહેવું. એટલે જેમ નૈરયિકને અસુરકુમારપણામાં પુરસ્કૃત–ભવિષ્યકાળ સંબન્ધે સૂત્ર કહ્યું તેમ વ્યન્તર વિષે પણ કહેવું. તાત્પર્ય એ છે કે ભવિષ્યકાળના વિચારમાં એમ કહેવું–કોઇને છે અને કોઇને નથી. જેને છે તેને કદાચ સંખ્યાતા, કદાચ અસંખ્યાતા કે અનન્તા હોય છે. પરન્તુ એકોત્તરિકા–એકથી માંડી અનન્ત ન કહેવા. કારણ કે વ્યન્તરોને પણ અસુરકુમારની પેઠે જઘન્ય સ્થિતિમાં પણ સંખ્યાતા લોભસમુદ્ઘાતો હોય છે. '**जोइसियत्ते**' ઇત્યાદિ. જ્યોતિષ્કપણામાં અતીત કાળે અનન્તા લોભસમુદ્ઘાતો થયેલા છે. કારણ કે અનન્તવાર જ્યોતિષ્કપણું પ્રાપ્ત કરેલું છે. ભવિષ્યમાં થવાના લોભસમુદ્ઘાતો કોઇને હોય છે અને કોઇને હોતા નથી. એ પૂર્વની પેઠે જાણવું. જેને હોય છે તેમાં પણ કોઇને અસંખ્યાતા અને કોઇને અનન્તા હોય છે, કદિપણ સંખ્યાતા હોતા નથી. કારણ કે જ્યોતિષ્કોનું જઘન્યપદે પણ અસંખ્યાતા વરસનું આયુષ્ય હોવાથી જઘન્યથી પણ અસંખ્યાતા લોભસમુદ્ઘાતો હોય છે. જેમકે તે જાતિના દેવોને લોભ ઘણો હોય છે. એ પ્રમાણે વૈમાનિકપણામા પણ ભવિષ્ય સમુદ્ઘાતના વિચારમાં કહેવું. એમ નૈરયિકને સ્વસ્થાને અને પરસ્થાને લોભસમુદ્ઘાતનો વિચાર કર્યો, હવે અસુરકુમાર સંબન્ધે લોભસમુદ્ઘાતનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एगमेगस्स णं**' ઇત્યાદિ. એક એક અસુરકુમારને નૈરયિકપણામાં અતીત કાળે અનન્તા લોભ સમુદ્ઘાતો થયેલા છે. કારણ કે અનન્તવાર નૈરયિકપણું પ્રાપ્ત થયેલું છે, ભવિષ્યકાળે કોઇને હોય છે અને કોઇને હોતા નથી. તેમાં જે અસુરકુમારના ભવથી નીકળી નરકમાં જવાનો નથી અને એક વાર ગયો હોય તોપણ લોભસમુદ્ઘાતને પ્રાપ્ત થવાનો નથી તેને હોતો નથી. જે નરકમાં જશે તેને એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા કે અનન્તા હોય છે, તેમાં એક વાર નરકમાં જનારને એકાદિ હોય છે. કારણ કે નૈરયિકોને ઇષ્ટ વસ્તુના સંયોગનો અભાવ હોવાથી પ્રાયઃ લોભસમુદ્ઘાતનો અસમ્ભવ છે. મૂલટીકામાં કહ્યું છે કે '**नेरइयाणं लोभसमुग्घाया थोवा चेव भवन्ति, तेसिमिट्ठदव्वसञ्जोगाभावातो एगादिसम्भव**' ઇતિ. નૈરયિકોને લોભસમુદ્ઘાતો થોડા જ હોય છે, કારણ કે તેઓને ઇષ્ટ દ્રવ્યના સંયોગનો અભાવ હોવાથી એકાદિ લોભસમુદ્ઘાતનો સમ્ભવ છે. સંખ્યાતી વાર નરકમાં જનારને સંખ્યાતા, અસંખ્યાતી વાર નરકમાં જનારને અસંખ્યાતા અને અનન્ત વાર નરકમાં જનારને અનન્તા હોય છે. અસુરકુમારને અસુરકુમારપણામાં અતીત કાળે અનન્તા સ્પષ્ટ છે. ભવિષ્યકાળે કોઇને હોય છે અને કોઇને હોતા નથી. તેમાં જે અસુરકુમારના ભવમાં તેના છેલ્લા ભાગે વર્તતો લોભસમુદ્ઘાતને પ્રાપ્ત થવાનો નથી તેમ ત્યાંથી નીકળી ફરીથી પણ અસુરકુમારપણું પામવાનો નથી પણ તુરત અથવા પરંપરાએ મોક્ષે જશે તેને હોતા નથી. જેને હોય છે તેને પણ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા, અસંખ્યાતા અને અનન્તા હોય છે. તેમાં એકાદિ લોભસમુદ્ઘાતો જેનું બાકીનું આયુષ્ય ક્ષીણ થએલું છે એવા અસુરકુમારભવને પ્રાપ્ત થયેલા અને

ફરીથી ત્યાં નહિ ઉત્પન્ન થનારને જાણવા. સંખ્યાતાદિનો વિચાર નૈરયિકની પેઠે જાણવો. અસુરકુમારને નાગકુમારપણામાં અતીત કાળે લોભસમુદ્ઘાતો પૂર્વની પેઠે જાણવા. ભવિષ્ય કાળે કોઇને હોય છે અને કોઇને હોતા નથી. તેમાં જે અસુરકુમારના ભવથી નીકળી નાગકુમારના ભવને પ્રાપ્ત થવાનો નથી તેને હોતા નથી. બાકીનાને હોય છે. જેને હોય છે તેને પણ કદાચિત્ સંખ્યાતા, કદાચિત્ અસંખ્યાતા અને કદાચિત્ અનન્તા હોય છે. તેમાં એકવાર નાગકુમારના ભવને પ્રાપ્ત થનારને સંખ્યાતા હોય છે. કારણ કે દેવોને જઘન્ય સ્થિતિમાં પણ સંખ્યાતા લોભસમુદ્ઘાતો થાય છે. અસંખ્યાતીવાર પ્રાપ્ત થનારને અસંખ્યાતા અને અનન્તીવાર પ્રાપ્ત થનારને અનન્તા હોય છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારપણામાં કહેવું. પૃથિવીકાયિકપણામાં યાવત્ વૈમાનિકપણામાં જેમ નૈરયિકને કહ્યું તેમ કહેવું. એ પ્રમાણે અસુરકુમારની પેઠે નાગકુમારાદિને પણ યાવત્ સ્તનિતકુમારને વૈમાનિકપણામાં કહેવું એટલે વૈમાનિકપણા વિષે સૂત્ર છે ત્યાં સુધી કહેવું. તે આ પ્રમાણ—'હે ભગવન્! એક એક સ્તનિતકુમારને વૈમાનિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે. ઇત્યાદિ. 'એ' પ્રમાણે એક એક પૃથિવીકાયિકને નૈરયિકપણામા કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે હોય? ઇત્યાદિ સૂત્ર પણ પૂર્વે કહેલી ભાવનાને અનુસારે સ્વયં વિચારવું. એ પ્રમાણે નૈરયિકાદિના એકવચનના વિષયભૂત ક્રોધાદિસમુદ્ઘાતોનો પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડક સૂત્રો વડે વિચાર કર્યો.

હવે નૈરયિકાદિના બહુવચનના વિષયભૂત તેજ સમુદ્ઘાતોનો વિચાર કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે— **'नेरइयाणं भंते'** ઇત્યાદિ. હે ભગવન્! નૈરયિકોને નૈરયિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? ભગવાન્ કહે છે—'હે ગૌતમ! અનન્તા થયેલા છે. કારણ કે સર્વ જીવોએ નૈરયિકપણું અનન્તવાર પ્રાપ્ત કરેલું છે. કેટલા ભવિષ્યમાં થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. કારણ કે પ્રશ્ન સમયે વર્તતા નૈરયિકોમાંના ઘણા નૈરયિકો અનન્તવાર નૈરયિકપણું પ્રાપ્ત કરવાના છે. **'एवं'** ઇત્યાદિ. એ પ્રમાણે–નૈરયિક સંબન્ધે સૂત્રપાઠ વડે ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે નિરંતર યાવત્ વૈમાનિકને વૈમાનિકપણામાં કહેવું. એટલે વૈમાનિકપણા વિષે સૂત્ર છે ત્યાં સુધી કહેવું. તે આ પ્રમાણે—હે ભગવન્! વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલા ક્રોધસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે. તેનો વિચાર પૂર્વની પેઠે કરવો. જેમ ક્રોધસમુદ્ઘાતો સર્વ જીવોમાં સ્વસ્થાને અને પરસ્થાને અતીત કાળે અને ભવિષ્યકાળે અનન્તા કહેલા છે તેમ માનાદિસમુદ્ઘાતો પણ કહેવા. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'એવં' ઇત્યાદિ. જે પ્રમાણે ક્રોધસમુદ્ઘાતો કહ્યા તે પ્રમાણે ચારેય સમુદ્ઘાતો સ્વસ્થાને અને પરસ્થાને બધેય યાવત્ લોભસમુદ્ઘાત વૈમાનિકપણામાં કહ્યો છે ત્યાં સુધી કહેવા. તે આ પ્રમાણે—'હે ભગવન્! વૈમાનિકોને વૈમાનિકપણામાં કેટલા લોભસમુદ્ઘાતો અતીત કાળે થયેલા છે? હે ગૌતમ! અનન્તા થયેલા છે. કેટલા ભવિષ્ય કાળે થવાના છે? હે ગૌતમ! અનન્તા થવાના છે'-ઇત્યાદિ સુગમ છે. એ પ્રમાણે નૈરયિકાદિના બહુવચનના વિષયભૂત ક્રોધાદિસમુદ્ઘાતો પણ પ્રત્યેક દંડકના ચોવીશ એવા ચોવીશ દંડકસૂત્રો વડે વિચાર્યા. ॥૧૫॥૭૦૬॥

**एतेसि णं भंते! जीवाणं कोहसमुग्घाएणं माणसमुग्घाएणं मायासमुग्घाएणं लोभसमुग्घाएणं य समोहयाणं अकसायसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कयरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा जीवा अकसायसमुग्घाएणं समोहया, माणसमुग्घाएणं समोहया अणंतगुणा, कोहसमुग्घाएणं समोहया विसेसाहिया, मायासमुग्घाएणं समोहया विसेसाहिया, लोभसमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया संखेज्जगुणा। एतेसि णं भंते! णेरइयाणं कोहसमुग्घाएणं माणसमुग्घाएणं मायासमुग्घाएणं लोभसमुग्घाएणं समोहयाणं असमोहयाण य कयरे कतरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा णेरइया लोभसमुग्घाएणं समोहया, मायासमुग्घाएणं समोहया संखेज्जगुणा, माणसमुग्घाएणं समोहया संखेज्जगुणा, कोहसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा। असुरकुमाराणं पुच्छा। गोयमा! सव्वत्थोवा असुरकुमारा कोहसमुग्घाएणं समोहया, माणसमुग्घाएणं समोहया संखेज्जगुणा,**

**मायासमुग्घाएणं समोहया संखेज्जगुणा, लोभसमुग्घाएणं समोहया संखेज्जगुणा, असमोहया संखेज्जगुणा, एवं सव्वदेवा जाव वेमाणिया। पुढविक्काइयाणं पुच्छा। गोयमा! सव्वत्थोवा पुढविक्काइया माणसमुग्घाएणं समोहया, कोहसमुग्घाएणं समोहया विसेसाहिया, मायासमुग्घाएणं समोहया विसेसाहिया, लोभसमुग्घाएणं समोहया विसेसाहिया, असमोहया संखेज्जगुणा। एवं जाव पंचिंदियतिरिक्खजोणिया, मणुस्सा जहा जीवा, णवरं माणसमुग्घाएणं समोहया असंखेज्जगुणा ।।सू०-१६।।७०७।।**

*(મૂ૦) હે ભગવન્! એ ક્રોધસમુદ્ઘાતવાળા, માનસમુદ્ઘાતવાળા, માયાસમુદ્ઘાતવાળા અને લોભસમુદ્ઘાતવાળા, અકષાયસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા જીવો અકષાયસમુદ્ઘાતવાળા છે, તેથી માનસમુદ્ઘાતવાળા અનન્તગુણા છે, તેથી ક્રોધસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી માયાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી લોભસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા છે. હે ભગવન્! એ ક્રોધસમુદ્ઘાતવાળા, માનસમુદ્ઘાતવાળા, માયાસમુદ્ઘાતવાળા, લોભસમુદ્ઘાતવાળા, અને સમુદ્ઘાત રહિત નૈરયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે? હે ગૌતમ! સૌથી થોડા નૈરયિકો લોભસમુદ્ઘાતવાળા છે, તેથી માયાસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી માનસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી ક્રોધસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, અને તેથી સમુદ્ઘાત રહિત સંખ્યાતગુણા છે. અસુરકુમારો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! સૌથી થોડા અસુરકુમારો ક્રોધસમુદ્ઘાતવાળા છે, તેથી માનસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી માયાસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે, તેથી લોભસમુદ્ઘાતવાળા સંખ્યાતગુણા છે અને સમુદ્ઘાતરહિત તેથી સંખ્યાતગુણા છે. એ સર્વ દેવો યાવત્ વૈમાનિકો જાણવા. પૃથિવીકાયિકો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! સૌથી થોડા પૃથિવીકાયિકો માનસમુદ્ઘાતવાળા છે, તેથી ક્રોધસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી માયાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, તેથી લોભસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે, અને તેથી સમુદ્ઘાતરહિત સંખ્યાતગુણા છે. એ પ્રમાણે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચો જાણવા. મનુષ્યો જીવોની જેમ જાણવા. પરન્તુ માનસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા કહેવા. ॥૧૬॥૭૦૭॥*

(ટી૦) હવે ક્રોધાદિ સમુદ્ઘાતવાળા, તે સિવાય બીજા અકષાયસમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાત રહિત જીવોનું અલ્પબહુત્વ કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પ્રથમ સામાન્યપણે જીવ સંબન્ધે અલ્પબહુત્વ કહે છે—'**एएसि णं**' ઇત્યાદિ. હે ભગવન્! ક્રોધસમુદ્ઘાતવાળા, માનસમુદ્ઘાતવાળા, માયાસમુદ્ઘાતવાળા અને લોભસમુદ્ઘાતવાળા, અકષાય-કષાય સિવાયના બાકીના સમુદ્ઘાતવાળા અને સમુદ્ઘાતરહિત જીવોમાં '**कतरे कतरेभ्योऽल्पा बहवो वा**' કોણ કોનાથી અલ્પ, બહુ, '**कतरैस्तुल्याः**' '**अर्थवशाद् विभक्तिविपरिणामः**' અર્થના વશથી વિભક્તિ બદલાય છે-એ ન્યાયને અનુસરી પંચમી વિભક્તિના સ્થાને ત્રીજી વિભક્તિનો વિપરિણામ થવાથી કોના તુલ્ય છે એ અર્થ થાય છે, અને કોનાથી વિશેષાધિક છે? એમ ગૌતમે પુછ્યું, એટલે ભગવાન્ કહે છે—હે ગૌતમ! સૌથી થોડા જીવો અકષાયસમુદ્ઘાત વડે-કષાય સિવાય બાકીના વેદનાદિ છ સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળા હોય છે. કષાય સિવાયના બીજા સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળા ક્વચિત્-કોઇક કાળે હોય છે. અને તે ઉત્કૃષ્ટ પદે પણ કષાયસમુદ્ઘાતવાળાની અપેક્ષાએ અનન્તમા ભાગે હોય છે, તેથી થોડા છે. તેથી માનસમુદ્ઘાતવાળા અનન્તગુણા છે. કારણ કે અનન્ત વનસ્પતિ જીવો પૂર્વ ભવના સંબન્ધથી માનસમુદ્ઘાતમાં વર્તતા હોય છે. તેથી ક્રોધસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે. કારણ કે માનીની અપેક્ષાએ ક્રોધી ઘણા હોય છે. તેથી માયાસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે. કારણ કે ક્રોધીની અપેક્ષાએ માયાવી ઘણા છે. તેથી લોભસમુદ્ઘાતવાળા વિશેષાધિક છે. કારણ કે માયાવી કરતાં લોભવાળા ઘણા છે. તેથી કોઇ પણ સમુદ્ઘાત વડે રહિત સંખ્યાતગુણા છે. કારણ કે ચારેય ગતિ પૈકી પ્રત્યેકમાં સમુદ્ઘાતવાળા કરતાં સમુદ્ઘાતરહિત હમેશાં સંખ્યાતગુણા હોય છે. સિદ્ધો એકેન્દ્રિયની અપેક્ષાએ અનન્તમા ભાગે છે માટે તે સમુદઘાતરહિત હોવા છતાં પણ તેની વિવક્ષા કરી નથી. એજ અલ્પબહુત્વનો

ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરે છે—'एएसि णं' ઇત્યાદિ સૂત્ર સુગમ છે. પરન્તુ સૌથી થોડા નૈરયિકો લોભસમુદ્ઘાતવાળા છે. કારણ કે નૈરયિકોને ઇષ્ટ વસ્તુના સંયોગનો અભાવ હોવાથી પ્રાયઃ લોભસમુદ્ઘાત હોતો નથી. જે કોઇકને હોય છે તેઓ થોડાક હોય છે. માટે બાકીના સમુદ્ઘાતવાળાની અપેક્ષાએ સૌથી થોડા છે. અસુરકુમાર સંબન્ધે અલ્પબહુત્વના વિચારમાં સૌથી થોડા ક્રોધસમુદ્ઘાતવાળા છે. કારણ કે દેવો બહુલોભવાળા હોય છે અને માનાદિવાળા થોડા હોય છે, તેથી પણ ક્રોધવાળા થોડા હોય છે માટે શેષસમુદ્ઘાતવાળાની અપેક્ષાએ સૌથી થોડા છે. 'एवं सव्वदेवा जाव वेमाणिया' 'એ પ્રમાણે સર્વ દેવો યાવત્ વૈમાનિકો જાણવા' એટલે અસુરકુમાર સંબન્ધે અલ્પબહુત્વના પ્રકાર વડે નાગકુમારાદિ બધા દેવો વૈમાનિકો સુધી કહેવા. પૃથિવીકાયિકના વિચારમાં સામાન્યપણે જીવપદને વિષે ભાવના કરી તેમ કરવી. કારણ કે તેનું સમાનપણું છે. 'एवं जाव' ઇત્યાદિ. એ પ્રમાણે—પૃથિવીકાયિક સંબન્ધે કહેલા પ્રકાર વડે યાવત્ તિર્યંચ પંચેન્દ્રિયો કહેવા. મનુષ્યો જીવોની પેઠે કહેવા. પરન્તુ અકષાયસમુદ્ઘાતવાળાની અપેક્ષાએ માનસમુદ્ઘાતવાળા અસંખ્યાતગુણા કહેવા. ॥૧૬॥૭૦૭॥

## ॥ छाउमत्थियसमुग्घाय परूवणं ॥

**कति णं भंते! छाउमत्थिया समुग्घाया पन्नत्ता? गोयमा! छ छाउमत्थिया समुग्घाया पन्नत्ता, तं जहा— वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए, आहारगसमुग्घाए। णेरइयाणं भंते! कति छाउमत्थिया समुग्घाया पन्नत्ता? गोयमा! चत्तारि छाउमत्थिया समुग्घाया पन्नत्ता, तं जहा- वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए। असुरकुमाराणं पुच्छा। गोयमा! पंच छाउमत्थिया समुग्घाया पन्नत्ता, तं जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए। एगिंदिय-विगलिंदियाणं पुच्छा। गोयमा! तिण्णि छाउमत्थिया समुग्घाया पन्नत्ता, तं जहा— वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, णवरं वाउक्काइयाणं चत्तारि समुग्घाया पन्नत्ता, तं जहा- वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए। पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा। गोयमा! पंच समुग्घाया पण्णात्ता। तं जहा-वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए तेयगसमुग्घाए। मणूसाणं भंते कति छाउमत्थिया समुग्घाया पन्नत्ता? गोयमा! छ छाउमत्थिया समुग्घाया पन्नत्ता, तं जहा—वेदणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए, वेउव्वियसमुग्घाए, तेयगसमुग्घाए, आहारगसमुग्घाए।सू०-१७॥७०८॥**

*(મૂ૦) હે ભગવન્! કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! છ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાન્તિક, ૪ વૈક્રિય, ૫ તૈજસ અને ૬ આહારકસમુદ્ઘાત. હે ભગવન્! નૈરયિકોને કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! ચાર છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—વેદના, કષાય, મારણાન્તિક અને વૈક્રિયસમુદ્ઘાત. અસુરકુમાર સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાન્તિક, ૪ વૈક્રિય, અને ૫ તૈજસસમુદ્ઘાત. એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને ત્રણ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાન્તિક સમુદ્ઘાત. પરંતુ વાયુકાયિકોને ચાર સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાન્તિક, અને ૪ વૈક્રિયસમુદ્ઘાત. પંચેન્દ્રિય તિર્યંચો સંબન્ધે પૃચ્છા. હે ગૌતમ! તેઓને પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાન્તિક, ૪ વૈક્રિય, ૫ તૈજસ સમુદ્ઘાત. મનુષ્યોને કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે? હે ગૌતમ! છ છાદ્મસ્થિક સમુદ્ઘાતો કહ્યા છે. તે આ પ્રમાણે—૧ વેદના, ૨ કષાય, ૩ મારણાન્તિક, ૪ વૈક્રિય, ૫ તૈજસ અને ૬ આહારક સમુદ્ઘાત. ॥૧૭॥૭૦૮॥*

(ટી૦) હવે 'છાદ્મસ્થિક કેટલા સમુદ્ઘાતો કહ્યા છે' એનું નિરુપણ કરવા માટે સૂત્રકાર કહે છે—'कइ णं भंते!' ઇત્યાદિ સુગમ છે. કોને કેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો હોય છે-એ ચોવીશ દંડકના ક્રમવડે નિરુપણ કરે છે—'नेरइयाणं' ઇત્યાદિ. નૈરયિકોને પ્રથમના ચાર વેદનાદિ સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓને તૈજસ લબ્ધિ અને આહારક લબ્ધિના અભાવથી તૈજસ સમુદ્ઘાત અને આહારક સમુદ્ઘાતનો અસંભવ છે. અસુરકુમારાદિ બધાય દેવોને આહારક સમુદ્ઘાત સિવાય બાકીના પાંચ સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓને તૈજસલબ્ધિ હોવાથી તૈજસ સમુદ્ઘાતનો પણ સંભવ છે. પરન્તુ જે આહારક સમુદ્ઘાત છે તે તેને સંભવતો નથી, કારણ કે ચૌદ પૂર્વના જ્ઞાનના અભાવથી અને ભવરૂપ હેતુથી તેઓને આહારક લબ્ધિનો અભાવ છે. વાયુકાય સિવાય એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને પ્રથમના વેદના, કષાય અને મરણરૂપ ત્રણ સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓને વૈક્રિય, આહારક અને તેજોલબ્ધિનો અભાવ હોવાથી તે સંબન્ધે સમુદ્ઘાતોનો અસંભવ છે. વાયુકાયિકોને પૂર્વના ત્રણ સમુદ્ઘાતો અને વૈક્રિયસહિત ચાર સમુદ્ઘાતો હોય છે. કારણ કે તેઓમાં બાદર પર્યાપ્તને વૈક્રિય લબ્ધિનો સંભવ હોવાથી વૈક્રિય સમુદ્ઘાતનો પણ સંભવ છે. પંચેન્દ્રિય તિર્યંચોને આહારક સમુદ્ઘાત સિવાયના બાકીના પાંચ છાદ્મસ્થિક સમુદ્ઘાતો છે. જે આહારક સમુદ્ઘાત છે તે તેઓને સંભવતો નથી, કારણ કે ચૌદ પૂર્વના જ્ઞાનનો અભાવ હોવાથી તેઓને આહારક લબ્ધિનો અસંભવ છે. મનુષ્યોને છ એ સમુદ્ઘાતો હોય છે. કારણ કે મનુષ્યમાં સર્વ ભાવનો સંભવ છે એ પ્રમાણ જેઓને જેટલા છાદ્મસ્થિક સમુદ્ઘાતો છે તેઓને તેટલા કહ્યા. ॥૧૭॥૭૦૮॥

## ।। वेयणासमुग्घायसमोहयजीवाईणं ओगाहफासाइ परूवणं ।।

**जीवे णं भंते! वेदणासमुग्घाएणं समोहए, समोहणित्ता जे पोग्गले णिच्छुभति, तेहि णं भंते! पोग्गलेहिं केवतिए खेत्ते अफुण्णे, केवतिए खेत्ते फुडे? गोयमा! सरीरपमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं णियमा छद्दिसिं एवइए खेत्ते अफुण्णे, एवइए खेत्ते फुडे। से णं भंते! खित्ते केवतिकालस्स अफुण्णे, केवतिकालस्स फुडे? गोयमा! एगसमइएण वा दुसमइएण तिसमइएण वा विग्गहेणं एवतिकालस्स अफुण्णे, एवइकालस्स फुडे। ते णं भंते! पोग्गले केवतिकालस्स णिच्छुभति? गोयमा! जहण्णेणं अंतोमुहुत्तस्स, उक्कोसेण वि अंतोमुहुत्तस्स। ते णं भंते! पोग्गला णिच्छूढा समाणा जाइं तत्थ पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणंति वत्तेंति लेसेंति संघाएंति संघट्टेंति परियावेंति किलामेंति[किलावेंति] उद्दवेंति, तेहिंतो णं भंते! से जीवे कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए। ते णं भंते! जीवा ताओ जीवाओ अतिकिरिया? गोयमा! सिय तिकिरिया, सिय चउकिरिया, सिय पंचकिरिया। से णं भंते! जीवे ते य जीवा अण्णेसिं जीवाणं परंपराघाएणं कतिकिरिया? गोयमा! तिकिरिया वि चउकिरिया वि पंचकिरिया वि ।।सू०-१८।।७०९।।**

*(મૂ૦) હે ભગવન્! વેદના સમુદ્ઘાત વડે સમવહત-સમુદ્ઘાતવાળો જીવ વેદના સમુદ્ઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢે છે, તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર આપૂર્ણ—વ્યાપ્ત હોય? કેટલું ક્ષેત્ર સ્પષ્ટ—સ્પર્શેલું હોય? હે ગૌતમ! અવશ્ય છ દિશામાં વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર ક્ષેત્ર છે, એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. હે ભગવન્! તે ક્ષેત્ર કેટલા કાળે આપૂર્ણ—વ્યાપ્ત હોય? કેટલા કાળે સ્પર્શેલું હોય? હે ગૌતમ! એક સમયની, બે સમયની કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય તેટલું ક્ષેત્ર એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. હે ભગવન્! તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તે બહાર કાઢે. હે ભગવન્! બહાર કાઢેલા તે પુદ્ગલો હોય તે ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોને હણે, वर्तयन्ति—ફેરવે, કાંઇક સ્પર્શ કરે, એકઠા કરે, વિશેષ એકઠા કરે, પરિતાપ-પીડા ઉત્પન્ન કરે, ક્લાન્તમૂર્છિત કરે અને જીવિતથી રહિત કરે, તે જીવોને આશ્રયી તે પુદ્ગલોથી વેદના સમુદ્ઘાતવાળો તે જીવ કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો હોય, કદાચ ચાર ક્રિયાવાળો હોય અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્! તે જીવો વેદના સમુદ્ઘાતવાળા તે જીવને આશ્રયી કેટલા*

*ક્રિયાવાળા હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા, કદાચ ચારક્રિયાવાળા અને કદાચ પાંચક્રિયાવાળા હોય. હે ભગવન્! તે જીવ અને તે જીવો અન્ય જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! ત્રણક્રિયાવાળા પણ હોય, ચારક્રિયાવાળા પણ હોય અને પાંચક્રિયાવાળા પણ હોય. ॥૧૮॥૭૦૯॥*

(ટી૦) હવે જે સમુદ્ઘાતમાં વર્તતો જીવ જેટલા ક્ષેત્રને સમુદ્ઘાતના વશથી તે તે પુદ્ગલો વડે વ્યાપ્ત કરે તેનું નિરુપણ કરે છે—'**जीवे णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! '**णं**' વાક્યલંકારમાં વપરાય છે, જીવ વેદના સમુદ્ઘાત વડે સમવહત-સમુદ્ઘાતવાળો થાય છે, એટલે વેદનાસમુદ્ઘાત કરે છે, સમુદ્ઘાત કરીને પોતાના શરીરમાં રહેલા જે વેદનાયોગ્ય પુદ્ગલોને '**निच्छुभइ**'-નિક્ષિપતિ-બહાર કાઢે છે-આત્માથી જુદા કરે છે, તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર આપૂર્ણ-વ્યાપ્ત હોય? તે વ્યાપ્તપણું વચ્ચે કેટલાએક આકાશપ્રદેશનો સ્પર્શ ન હોય તો પણ વ્યવ્યહારથી કહેવાય. તે માટે કહે છે કે—'**कियत् क्षेत्र स्पष्टं**' કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય? એટલે દરેક આકાશપ્રદેશને વ્યાપ્ત કરવા વડે સ્પર્શેલું હોય? એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ કહે છે—'**सरीर**' ઇત્યાદિ. 'નિયમાત્-અવશ્ય '**छद्दिसिं**' છ દિશાઓ આપૂર્ણ-વ્યાપ્ત થાય અને તેનો સ્પર્શ થાય તેમ વિષ્કંભ-વિસ્તારથી અને બાહલ્ય-પિંડથી-જાડાઇથી શરીરપ્રમાણ માત્ર ક્ષેત્ર, એટલે જેટલો પોતાના શરીરનો વિસ્તાર અને જાડાઇ હોય તેટલું ક્ષેત્ર આપૂર્ણ-વ્યાપ્ત થયેલું અને સ્પર્શેલું હોય છે. તેને નિગમન દ્વારા કહે છે—'**एवइए खेत्ते अफुण्णे, एवइए खेत्ते फुडे**' ઇતિ. એટલું ક્ષેત્ર આપૂર્ણ-વ્યાપ્ત થયેલું હોય અને એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. અહીં વેદનાસમુદ્ઘાત અધિક વેદનાથી થાય છે અને અધિક વેદના લોકના નિષ્કુટ-ગવાક્ષ જેવા પ્રાન્ત ભાગમાં જીવોને હોતી નથી. કારણ કે તેઓ ઉપદ્રવરહિત સ્થાનમાં રહે છે. પરન્તુ ત્રસનાડીની અંદર અધિક વેદના હોય છે. કારણ કે ત્યાં અન્ય નિમિત્તે વેદનાની ઉદીરણાનો સંભવ છે, અને ત્યાં છ દિશાનો પણ સંભવ છે. માટે 'અવશ્ય છ દિશાએ' એમ કહ્યું છે. જો એમ ન હોત તો '**सिय तिदिसिं, सिय, चउदिसिं सिय पंचदिसिं**'-કદાચ ત્રણ દિશા, કદાચ ચારદિશા અને કદાચ પાંચ દિશાએ વ્યાપ્ત થાય-ઇત્યાદિ કહ્યું હોત.

હવે પોતાના શરીર પ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઇ છે એવું ક્ષેત્ર [તે પુદ્ગલો વડે] વ્યાપ્ત થયેલું અને સ્પર્શેલું વિગ્રહગતિમાં જીવની ગતિને આશ્રયી કેટલે દુર સુધી હોય અને કેટલા કાળ સુધી હોય એનું નિરુપણ કરવા માટે કહે છે—'**से णं भंते**'! ઇત્યાદિ. અહીં '**से**' હમણાં જેનું પ્રમાણ કહ્યું છે તે ક્ષેત્ર, નપુંસક હોવા છતાં પ્રાકૃત હોવાથી પુંલિગ થયો છે. તે ક્ષેત્ર હે ભગવન્! '**केवइ कालस्स**' પ્રાકૃત હોવાથી ત્રીજી વિભક્તિના અર્થમાં છઠ્ઠી વિભક્તિ છે. એટલે કેટલા કાળે વ્યાપ્ત થાય અને કેટલા કાળે સ્પર્શેલું હોય? તાત્પર્ય એ છે કે પોતાના શરીરપ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઇ છે એવું ક્ષેત્ર વિગ્રહગતિમાં જીવની ગતિને આશ્રયી નિરંતર ભરેલું અને સ્પર્શેલું કેટલા કાળસુધી હોય? ભગવાન્ કહે છે—હે ગૌતમ! એક સમયની, બે સમયની અને ત્રણ સમયની વિગ્રહગતિ વડે આપૂર્ણ-ભરેલું અને સ્પર્શેલું હોય. તાત્પર્ય એ છે કે એક સમય, બે સમય, અને ત્રણ સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય એટલે દુર સુધી વિસ્તાર અને જાડાઇમાં પોતાના શરીર પ્રમાણ ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલો વડે આપૂર્ણ-ભરેલું જીવની ગતિને આશ્રયી પ્રાપ્ત થાય છે. તેથી એ સંબન્ધે ઉત્કૃષ્ટથી ત્રણ સમયના વિગ્રહ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરાય એટલું ક્ષેત્ર આત્માથી જુદા થયેલા વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલો વડે આપૂર્ણ-ભરેલું હોય છે. અહીં ચાર સમયની અને પાંચ સમયની વિગ્રહગતિ સંભવે છે, તો પણ વેદના સમુદ્ઘાત પ્રાયઃ બીજાએ ઉત્પન્ન કરેલી વેદના વડે થાય છે, અને બીજાએ ઉત્પન્ન કરેલી વેદના ત્રસનાડીમાં જીવને હોય છે પણ તેની બહાર રહેલાને હોતી નથી. ત્રસનાડીમાં રહેલાને વિગ્રહગતિ ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમયની હોય છે માટે ઉત્કૃષ્ટથી પણ 'ત્રણ સમયની વિગ્રહગતિ વડે' એમ કહ્યું છે. પરન્તુ ચાર સમયની અને પાંચ સમયની કહી નથી. ઉપસંહાર વાક્ય કહે છે—'**एवइयकालस्स अफुण्णे, एवइयकालस्स फुडे**'-એટલા કાળે આપૂર્ણ-ભરેલું અને એટલા કાળે સ્પર્શેલું હોય છે.' એટલા વડે તે ક્ષેત્ર ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમયપ્રમાણ કાળ વડે ભરેલું અને એટલા કાળવડે સ્પર્શેલું હોય છે. તાત્પર્ય એ છે કે વિગ્રહગતિમાં ઉત્કૃષ્ટથી ત્રણ સમય સુધી અને ત્રણ સમયોવડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત કરાય એટલી સીમાને વ્યાપીને વિસ્તાર અને જાડાઇમાં પોતાના શરીર પ્રમાણ ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલો વડે ભરેલું અને સ્પર્શેલું

જીવની ગતિને આશ્રયી વ્યાપ્ત થાય છે. અથવા '**केवइकालस्स**' અહીં છઠ્ઠી વિભક્તિની જ વ્યાખ્યા કરવી. તેથી પોતાના શરીર પ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઇ છે એવું ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલો વડે વ્યાપ્ત અને ભરેલું જીવની વિગ્રહગતિને આશ્રયી કેટલા કાળ સંબન્ધે હોય છે–એટલે કેટલા કાળ સુધી પ્રાપ્ત થાય? ભગવાન્ કહે છે—એક સમય, બે સમય અને ત્રણ સમયની વિગ્રહગતિવડે ભરેલું અને સ્પર્શેલું '**लभ्यते**' લાભે છે એ વાક્યનો અધ્યાહાર કરવો. તેથી એટલા વડે ઉત્કૃષ્ટથી ત્રણ સમય પ્રમાણ કાળ સંબન્ધે એટલે ત્રણ સમય પર્યન્ત ઉપર કહેલા પ્રમાણવાળું ક્ષેત્ર વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલો વડે આપૂર્ણ–ભરેલું અને એટલા કાળ સુધી સ્પર્શ કરાયેલું છે.

હવે જેટલા કાળ સુધી વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલોને બહાર કાઢે તેટલા કાળનું પ્રમાણ બતાવવા માટે સૂત્રકાર કહે છે—'**तेणं भंते**'! ઇત્યાદિ. 'હે ભદન્ત'!–પરમ કલ્યાણના યોગવાળા, અથવા પરમ સુખના યોગવાળા હે ભગવન્! તે વેદના ઉત્પન્ન કરવાને યોગ્ય પુદ્ગલોને કેટલા કાળ સુધી બહાર કાઢે છે? કેટલા કાળ સુધી વેદના ઉત્પન્ન કરવા યોગ્ય પુદ્ગલોને વિસ્તારે છે? ભગવાન્ કહે છે–જઘન્યથી અન્તર્મુહૂર્તકાલ સુધી અને ઉત્કૃષ્ટથી પણ અન્તમુહૂર્ત સુધી બહાર કાઢે છે. પરન્તુ ઉત્કૃષ્ટથી કંઇક મોટા અન્તર્મુહૂર્તકાળ સુધી વિસ્તારે છે એમ સમજવું. તાત્પર્ય એ છે કે જે પુદ્ગલો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી વેદના ઉત્પન્ન કરવાને સમર્થ છે તે પુદ્ગલોને તે તે પ્રકારે વેદનાથી પીડિત થયેલો જીવ પોતાના શરીરમાં રહેલાં પોતાના શરીરથી બહાર આત્મપ્રદેશોથી જુદા કરે છે, વિસ્તારે છે. જેમ અત્યંત દાહજ્વરથી પીડિત થયેલો સૂક્ષ્મ પુદ્ગલોને બહાર કાઢે છે. આ પ્રત્યક્ષ સિદ્ધ છે. '**ते णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! બહાર વિસ્તારેલા શરીરની સાથે સંબન્ધ રહિત તે પુદ્ગલો '**जाइं तत्थ**' પ્રાકૃત હોવાથી પુંલિગ છતાં પણ નપુંસક લિગમાં વપરાયેલ છે. જે ત્યાં વેદનાસમુદ્ઘાતવાળા પુરુષના સંબંધવાળા ક્ષેત્રમાં રહેલા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સંખ, કીડી, માખી વગેરે પ્રાણોને, ભૂત–વનસ્પતિઓને. જીવ–ગરોળી સાપ વગેરે પંચેન્દ્રિયોને, સત્ત્વ–બાકીના પૃથિવીકાયાદિને '**अभिघ्नन्ति**' સામા આવતાં હણે છે. '**वर्तयन्ति**'–ફેરવે છે–ગોળ ફેરવે, '**लेशयन्ति**'–કંઇક સ્પર્શ કરે છે, '**संघातयन्ति**'–પરસ્પર એકઠા કરે છે. '**संघट्टयन्ति**'–વિશેષતઃ સંઘાતરૂપે જથ્થારૂપે કરે છે. પરિતાપયન્તિ–પીડા કરે છે. **क्लमयन्ति**–ક્લાન્ત–મૂર્છિત કરે છે. **अपद्रावयन्ति**–જીવિતથી જુદા કરે છે, તે પ્રાણાદિને આશ્રયી તે પુદ્ગલોથી હે ભગવન્! તે વેદનાસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો જીવ કેટલી ક્રિયાવાળો કહ્યો છે? ભગવાન્ કહે છે–'**सिय तिकिरिए**' ઇત્યાદિ. સ્યાત્ શબ્દ કથંચિત્ વાચી છે. કથંચિત્–ક્યારેક કોઇક જીવને આશ્રયી ત્રણ ક્રિયાવાળો હોય. તાત્પર્ય એ છે કે જ્યારે કોઇ જીવોને સર્વથા પરિતાપ કે જીવિતથી જુદા ન કરે ત્યારે સર્વથા ત્રણ ક્રિયાવાળાજ હોય છે. જ્યારે કોઇને પરિતાપ–પીડા આપે કે મરણ પમાડે ત્યારે પણ જેઓને આબાધા–પીડા કરતો નથી તેની અપેક્ષાએ ત્રણ ક્રિયાવાળો જ હોય. '**सिय चउकिरिए**' કદાચિત્ ચાર ક્રિયાવાળો હોય' એટલે કોઇને પીડા કરે ત્યારે તેની અપેક્ષાએ ચાર ક્રિયાવાળો હોય, અને કોઇને જીવિત રહિત કરે ત્યારે તેની અપેક્ષાએ પાંચ ક્રિયાવાળો હોય.

હવે તેજ પ્રસ્તુત વેદનાસમુદ્ઘાતવાળા જીવને આશ્રયી તે વેદનાસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા પુરુષ વડે સ્પર્શ કરાયેલા જીવોની ક્રિયાઓનું નિરુપણ કરે છે—'**ते णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! 'તે વેદનાસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલ પુરુષના પુદ્ગલો વડે સ્પર્શ કરાયેલા જીવો '**ताओ जीवाओ**' વેદનાસમુદ્ઘાતવાળા જીવથી, અહીં ગમ્યમાન યપ્પ્રત્યયન્ત ક્રિયાના કર્મ અને અધિકરણમાં પંચમી થાય છે, તેથી અહીં પંચમી વિભક્તિ થયેલી છે. તેનો આ અર્થ છે–તે વેદના સમુદ્ઘાતવાળા જીવને આશ્રયી કરેલી ક્રિયાવાળા કહ્યા છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! 'કદાચિત્ ત્રણ ક્રિયાવાળા હોય' એટલે જ્યારે તેઓ વેદનાસમુદ્ઘાતવાળાને કાંઇ પણ પીડા ઉત્પન્ન કરવાને સમર્થ ન થાય ત્યારે ત્રણ ક્રિયાવાળા હોય. જ્યારે તેને પીડા કરે ત્યારે કદાચિત્ ચાર ક્રિયાવાળા હોય. કારણ કે શરીરવડે સ્પર્શ કરાયેલા વીંછીં વગેરે પીડા કરતા દેખાય છે. જ્યારે તેને જીવિતથી પણ રહિત કરે ત્યારે તેઓ કદાચિત્ પાંચક્રિયાવાળા હોય, શરીર વડે સ્પર્શ કરાતા સર્પાદિ જીવિતથી રહિત કરતા દેખાય છે એ પ્રત્યક્ષ સિદ્ધ છે.

હવે તે વેદનાસમુદ્ઘાતવાળા જીવ વડે હિંસા કરાતા જીવોથી બીજા જીવોની હિંસા કરાય અને તે બીજા જીવો વડે હિંસા

કરાતા વેદનાસમુદ્‌ઘાતવાળા જીવ વડે જેઓની હિંસા કરાય છે તે જીવોને આશ્રયી તે વેદનાસમુદ્‌ઘાતવાળા જીવની અને તે સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલ જીવના પુદ્‌ગલવડે સ્પર્શ કરાયેલા જીવોની ક્રિયાઓનું નિરુપણ કરવા માટે કહે છે—'से णं भंते! जीवे ते य जीवा' ઇત્યાદિ. હે ભગવન્! 'से' તે પ્રસ્તુત વેદનાસમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો જીવ અને વેદનાસમુદ્‌ઘાતવાળા જીવના પુદ્‌ગલો વડે સ્પર્શ કરાયેલા જીવો અન્ય જીવોના ઉપર બતાવેલ પ્રકારે પરંપરાઘાત વડે કેટલી ક્રિયાવાળા કહ્યા છે? ભગવાન્ કહે છે–હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળા હોય–ઇત્યાદિનો પૂર્વની પેઠે વિચાર કરવો. ॥૧૮॥૭૦૯॥

**णेरइए णं भंते! वेदणासमुग्घाएणं समोहए, एवं जहेव जीवे, णवरं णेरइयाभिलावो, एवं णिरवसेसं जाव वेमाणिए। एवं कसायसमुग्घाएवि भाणियव्वो।**

## ।। मारणांतियसमुग्घायसमोहयजीवाईणं ओगाहफासाइ परूवणं ।।

**जीवे णं भंते! मारणंतियसमुग्घाएणं समोहए, समोहणित्ता जे पोग्गले णिच्छुभति तेहि णं भंते! पोग्गलेहिं केवतिए खेत्ते अप्फुण्णे, केवतिए खेत्ते फुडे? गोयमा! सरीरप्पमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जतिभागं उक्कोसेणं असंखेज्जाइं जोयणाइं एगदिसिं एवइए खेत्ते अफुण्णे, एवतिए खेत्ते फुडे। से णं भंते! खेत्ते केवतिकालस्स अफूण्णे केवतिकालस्स फुडे? गोयमा! एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा चउसमइएण वा विग्गहेणं एवतिकालस्स अफुण्णे, एवतिकालस्स फुडे, सेसं तं चेव जाव पंचकिरिया [वि]। एवं णेरइए वि, णवरं आयामेणं जहण्णेणं सातिरेगं जोयणसहस्सं, उक्कोसेणं असंखेज्जाइं जोअणाइं एगदिसिं एवतिए खेत्ते अफुण्णे, एवतिए खेत्ते फूडे, विग्गहेणं एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा, णवरं चउसमइएणं ण भण्णति, सेसं तं चेव जाव पंचकिरिया वि। असुरकुमारस्स जहा जीवपए, णवरं विग्गहो तिसमइओ जहा णेरइयस्स, सेसं तं चेव जहा असुरकुमारे, एवं जाव वेमाणिए, णवरं एगिंदिये जहा जीवे णिरवसेसं ।।सू०-१९।।७१०।।**

*(મૂ૦) હે ભગવન્! વેદનાસમુદ્‌ઘાત વડે સમુદ્‌ઘાતવાળો નૈરયિક—ઇત્યાદિ જેમ જીવ સંબન્ધે કહ્યું છે તેમ કહેવું. પરન્તુ નૈરયિક સંબન્ધે પાઠ કહેવો. એ પ્રમાણે બધું વૈમાનિક સુધી કહેવું. એમ કષાયસમુદ્‌ઘાત સંબન્ધે પણ કહેવું.*

*હે ભગવન્! જીવ મારણાન્તિક સમુદ્‌ઘાત કરે છે અને સમુદ્‌ઘાત કરીને જે પુદ્‌ગલોને બહાર કાઢે છે, હે ભગવન્! તે પુદ્‌ગલો વડે કેટલું ક્ષેત્ર આપૂર્ણ—વ્યાપ્ત હોય? કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીરપ્રમાણ તથા લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટથી એક દીશામાં અસંખ્યાતા યોજન સુધી એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. હે ભગવન્! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય, કેટલા કાળે સ્પર્શેલું હોય? હે ગૌતમ! એક સમયની, બે સમયની, ત્રણસમયની અને ચાર સમયની વિગ્રહગતિ વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય તેટલું એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. બાકી બધું 'યાવત્ પાંચ ક્રિયાવાળા હોય' ત્યાં સુધી તેમજ જાણવું. એ પ્રમાણે નૈરયિક પણ જાણવો. પરન્તુ લંબાઈમાં જઘન્યથી કાંઇક અધિક હજાર યોજન અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન સુધી એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. અને તે એક સમયની, બે સમયની અને ત્રણ સમયની વિગ્રહગતિ વડે કહેવું. પરન્તુ ચાર સમયની વિગ્રહગતિ વડે ન કહેવું. બાકી બધું 'યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય' ત્યાં સુધી તેમજ જાણવું, અસુરકુમારને જેમ જીવપદમાં કહ્યું છે તેમ કહેવું. પરન્તુ નૈરયિકની પેઠે વિગ્રહગતિ ત્રણ સમયની જાણવી. બાકી બધું નાગકુમારાદિને જેમ અસુરકુમાર સંબન્ધે કહ્યું તેમ કહેવું. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. પરન્તુ એકેન્દ્રિયને જીવની પેઠે બધું કહેવું. ॥૧૯॥૭૧૦॥*

(ટી૦) એજ વેદનાસમુદ્‌ઘાતનો ઉપર કહેલા પ્રકાર વડે ચોવીશ દંડકમાં વિચાર કરતા સૂત્રકાર કહે છે—'नेरइए णं भंते'! ઇત્યાદિ.

એ પ્રમાણે ઉપર કહેલા પ્રકાર વડે જેમ પૂર્વે સામાન્યપણે જીવોનો વેદનાસમુદ્દઘાતને આશ્રયી વિચાર કર્યો તેમ નૈરયિકનો પણ કરવો. પરન્તુ જીવના પાઠને સ્થાને નૈરયિકનો પાઠ ઉચ્ચારવો. જેમકે 'હે ભગવન્! વેદનાસમુદ્દઘાત વડે સમુદ્દઘાતને પ્રાપ્ત થયેલો નૈરયિક સમુદ્દઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢે છે, આત્માથી જુદા કરે છે—ઇત્યાદિ. બધું એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. એટલે નૈરયિકને કહેલા પ્રકાર વડે બાકીના પણ સ્થાનોમાં પોતપોતાના દંડકના પાઠપૂર્વક બધું વૈમાનિકો સુધી એટલે વૈમાનિકના પાઠ સુધી કહેવું. એમ વેદનાસમુદ્દઘાત કહ્યો. હવે સમાન વક્તવ્યતા હોવાથી કષાયસમુદ્દઘાતને અતિદેશ-સમાનપણે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**एवं कसायसमुग्घाओ वि भाणियव्वो**' એમ કષાયસમુદ્દઘાત પણ કહેવો. એટલે વેદનાસમુદ્દઘાત સંબન્ધે પ્રકાર વડે સામાન્યપણે જીવપદમાં અને ચોવીશ દંડકના અનુક્રમથી કષાયસમુદ્દઘાત પણ કહેવો. તે આ પ્રમાણ—'હે ભગવન્? કષાયસમુદ્દઘાતને પ્રાપ્ત થયેલો જીવ કષાયસમુદ્દઘાત કરીને જે પુદ્ગલો બહાર કાઢે છે' એટલે શરીરમાં રહેલા જે પુદ્ગલો કષાયસમુદ્દઘાત વડે ઉત્પન્ન થયેલ પ્રયત્ન વિશેષથી પોતાના શરીરથી બહાર આત્મપ્રદેશોથી પણ જુદા કરે છે, 'હે ભગવન્! તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર આપૂર્ણ-વ્યાપ્ત હોય અને કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય? હે ગૌતમ! અવશ્ય છ દિશામાં વિસ્તાર અને જાડાઇ વડે શરીરપ્રમાણ ક્ષેત્ર છે, એટલું વ્યાપ્ત હોય, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. પ્રથમ કષાયસમુદ્દઘાત ત્રસજીવોને થાય છે. કારણ કે તેઓને જ અત્યંત તીવ્ર અધ્યવસાયનો સંભવ છે. એકેન્દ્રિયોને તો પૂર્વ ભવના સંબન્ધથી કષાયસમુદ્દઘાત હોય છે. ત્રસ જીવો ત્રસનાડીમાં હોય છે પણ તેની બહાર હોતા નથી, અને ત્રસનાડીમાં રહેલો પોતાના શરીરપ્રમાણ જેનો વિસ્તાર અને જાડાઇ છે એવા ક્ષેત્રને આત્માથી જુદા પડેલા પુદ્ગલો વડે લોકાન્ત નિષ્કુટ રહિત હોવાથી છ એ દિશામાં વ્યાપ્ત કરે છે, સ્પર્શે છે તે અવશ્ય ઘટે છે. માટે '**नियमा छद्दिसिं**' અવશ્ય છ દિશામાં એમ કહ્યું છે. 'તેટલું ક્ષેત્ર આપૂર્ણ-વ્યાપ્ત થયેલું એટલું ક્ષેત્ર સ્પર્શેલું છે.' ઇત્યાદિ બધું સમાન છે.

હવે મરણસમુદ્દઘાત સંબન્ધે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**जीवे णं भंते! मारणंतियसमुग्घाएणं**' ઇત્યાદિ પૂર્વવત્ જાણવું. મારણાન્તિક સમુદ્દઘાતને પ્રાપ્ત થયેલો કોઇ જીવ મારણાન્તિક સમુદ્દઘાત કરી તૈજસાદિશરીરના અન્તર્ગત જે પુદ્ગલોને **निच्छुभइ**-બહાર કાઢે છે, આત્મપ્રદેશોથી જુદા કરે છે, તે પુદ્ગલો વડે હે ભગવન્! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય? ભગવાન્ કહે છે-હે ગૌતમ! વિસ્તાર અને જાડાઇમાં પોતાના શરીરપ્રમાણ તથા લંબાઇમાં જઘન્યથી પોતાના શરીર કરતાં અધિક અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ ક્ષેત્ર હોય, જ્યારે તેટલા માત્ર ક્ષેત્રમાં ઉત્પન્ન થાય ત્યારે જાણવું અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજન પ્રમાણ સમજવું. એ જ્યારે તેટલા ક્ષેત્રમાં ઉત્પન્ન થાય ત્યારે અથવા બીજી રીતે જાણી લેવું. તે એક દિશામાં હોય પણ વિદિશામાં ન હોય, કારણ કે **સ્વભાવથી જીવ પ્રદેશના ગમનનો દિશામાં સંભવ છે**. એટલું ક્ષેત્ર વ્યાપ્ત થાય છે, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય છે. કારણ કે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી આત્મપ્રદેશો વડે એટલા ક્ષેત્રનું વ્યાપ્ત થવું સંભવે છે. હવે વિગ્રહગતિને આશ્રયી વ્યાપ્ત થવાના અને સ્પર્શના કાળનું પ્રમાણ કહે છે—'**से णं भंते**'! ઇત્યાદિ. હે ભગવન્! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત થાય? ઇત્યાદિ. ઉત્કૃષ્ટથી લંબાઇમાં હમણાં જેનું કહ્યું છે એવું તે ક્ષેત્ર વિગ્રહગતિને આશ્રયી '**केवइकालस्स**' અહીં તૃતીયાના અર્થમાં ષષ્ઠી વિભક્તિ હોવાથી કેટલા કાળે વ્યાપ્ત થાય અને કેટલા કાળે સ્પર્શેલું હોય? તાત્પર્ય એ છે કે વિગ્રહગતિને આશ્રયી કેટલા કાળે ઉત્કૃષ્ટથી લંબાઇમાં અસંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્ર પુદ્ગલો વડે વ્યાપ્ત થાય અને સ્પર્શેલુ હોય? ભગવાન્ કહે છે—હે ગૌતમ! એક સમય, બે સમય, ત્રણ સમય અને ચાર સમયની વિગ્રહગતિવડે વ્યાપ્ત થાય અને સ્પર્શેલું હોય. અહીં પાંચ સમયની પણ વિગ્રહગતિ સંભવે છે પરન્તુ તે કદાચિત્ જ હોય છે માટે તેની વિવક્ષા કરી નથી. અહીં આ ભાવાર્થ છે-ઉત્કૃષ્ટપદે લંબાઇમાં અસંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્ર વિગ્રહગતિને આશ્રયી ઉત્કૃષ્ટ ચાર સમય વડે વ્યાપ્ત થાય અથવા સ્પર્શેલું હોય છે.

(પ્ર૦)—ચાર સમયની કે પાંચ સમયની વિગ્રહગતિ કેમ સંભવે?

(ઉ૦)—ત્રસનાડીથી બહાર નીચેના ભાગથી ઉપરના ભાગમાં અથવા ઉપરના ભાગથી નીચેના ભાગમાં ઉત્પન્ન થતો જીવ વિદિશાથી દિશામાં કે દિશાથી વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે એક સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે, બીજા સમયે ઉપર અથવા નીચે

જાય, ત્રીજા સમયે ત્રસનાડીથી બહાર નીકળે અને ચોથા સમયે દિશામાં ઉત્પત્તિ સ્થાને પ્રાપ્ત થાય. આ ચાર સમયની વિગ્રહગતિ જાણવી. એમ પાંચ સમયની વિગ્રહગતિ ત્રસનાડીની બહાર વિદિશાથી વિદિશામાં ઉત્પત્તિ હોય ત્યારે ઘટે છે. જેમકે પ્રથમ સમયે ત્રસનાડીની બહાર જ વિદિશામાંથી દિશામાં જાય, બીજા સમયે ત્રસનાડીમાં પ્રવેશ કરે, ત્રીજા સમયે ઉપર અથવા નીચે જાય, ચોથા સમયે બહાર નીકળે, અને પાંચમે સમયે વિદિશામાં ઉત્પત્તિ સ્થાને આવે. ઉપસંહાર કહે છે—**'एवइकालस्स अप्फुण्णे एवइ कालस्स फुडे'** એટલા કાળે તે ક્ષેત્ર વ્યાપ્ત થયેલું હોય, એટલા કાળે તે ક્ષેત્ર સ્પર્શેલું હોય. **'सेसं तं चेव जाव पंचकिरिए'**– બાકી બધું તેમજ યાવત્ પાંચ ક્રિયાવાળો હોય ત્યાં સુધી જાણવું. આ પછી બાકીનું તેજ સૂત્ર કહેવ– 'હે ભગવન્! તે બહાર કાઢેલા પુદ્ગલો જે ત્યાં રહેલા પ્રાણો વગેરેનો ઘાત કરે–ઇત્યાદિ. યાવત્ પાંચ ક્રિયાવાળા હોય એ પદ સુધી જાણવું. એ પ્રમાણે સામાન્યપણે જીવપદમાં મારણાન્તિક સમુદ્ઘાતનો વિચાર કર્યો. હવે એનેજ ચોવીશ દંડકના ક્રમથી વિચાર કરતાં પ્રથમથી નૈરયિકનું સમાનપણું બતાવે છ—**'एवं'** ઇત્યાદિ એ પ્રમાણે–એટલે સામાન્ય રીતે જીવપદની પેઠે નૈરયિકને પણ કહેવું. પરન્તુ આ વિશેષ છે–સામાન્યતઃ જીવપદમાં ક્ષેત્ર લંબાઇમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગનું કહ્યું છે અને અહીં જઘન્યથી કંઇક અધિક એક હજાર યોજન પ્રમાણ કહેવું. તેમ કહેવાનું શું કારણ છે? તેને ઉત્તર એ છે કે અહીં નૈરયિકો નરકથી નીકળી સ્વભાવથી જ પંચેન્દ્રિય તિર્યંચોમાં કે મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, પણ બીજે ઉત્પન્ન થતા નથી. અહીં સૌથી જઘન્યનો વિચાર કરવાનો છે. તેથી **જ્યારે પાતાલકલશની પાસે રહેનાર નૈરયિક પાતાલકલશમાં બીજા કે ત્રીજા ત્રિભાગમાં મત્સ્યપણે ઉત્પન્ન થાય ત્યારે** પાતાલકલશની ઠીકરી હજાર યોજન પ્રમાણ હોવાથી જે પ્રમાણે જઘન્ય પ્રમાણ કહ્યું છે તે પ્રમાણે ઘટે છે, તેથી કોઇ પણ રીતે ન્યૂન ઘટતું નથી. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા યોજનો છે, અને તે સાતમી નરકપૃથિવીના નારકોની અપેક્ષાએ જાણવું. અહીં ઉપસંહાર વાક્ય કહે છ—**'एगदिसिं एवइए'** ઇત્યાદિ. એક દિશામાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી એટલું ઉપર કહેલા પ્રમાણવાળું ક્ષેત્ર વ્યાપ્ત થયેલું હોય છે, એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય છે. વિગ્રહગતિને આશ્રયી વિશેષ કહે છે—**'विग्गहेणं'** ઇત્યાદિ. એક સમય, બે સમય અને ત્રણ સમયની વિગ્રહગતિ વડે વ્યાપ્ત થયેલું અને સ્પર્શેલું કહેવું. પરન્તુ એ પ્રમાણે સામાન્યતઃ જીવપદમાં પણ કહ્યું છે તો અહીં શો વિશેષ છે? તે માટે કહે છે––**'नवरं चउसमइएणं वा न भन्नइ'** પરન્તુ અહીં સામાન્ય જીવપદની જેમ ચાર સમયની વિગ્રહગતિ વડે ન કહેવું. કારણ કે નૈરયિકોને ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમયની વિગ્રહગતિ હોય છે. તે ત્રણ સમય આ પ્રમાણે થાય છે–અહીં કોઇ નૈરયિક વાયવ્ય દિશામાં રહેતો અને ભરતક્ષેત્રમાં પૂર્વ દિશાએ તિર્યંચ પંચેન્દ્રિયપણે કે મનુષ્યપણે ઉત્પન્ન થવાનો હોય, તે પ્રથમ ઉપર આવે છે, બીજા સમયે વાયવ્ય દિશાથી પશ્ચિમ દિશામાં આવે છે, અને ત્રીજા સમયે ત્યાંથી પૂર્વ દિશામાં આવે છે. એ પ્રમાણે અસુરકુમારાદિમાં પણ યથાસંભવ ત્રણ સમયના વિગ્રહની ભાવના કરવી. **'सेसं तं चेव जाव पंचकिरियावि'** બાકી બધું તેમજ યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય ત્યાં સુધી જાણવું. બાકીનું વેદનાસમુદ્ઘાત સંબન્ધે સૂત્ર કહેવું. હે ભગવન્! તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તમાં'–ઇત્યાદિ 'યાવત્ છેલ્લું પદ પાંચ ક્રિયાવાળા પણ હોય–ત્યાં સુધી કહેવું. અસુરકુમાર વિષે અતિદેશ–સમાનપણું કહે છે—**'असुरकुमारस्स जहा जीवपदे'** ઇતિ. અસુરકુમારને જેમ જીવપદમાં કહ્યું તેમ કહેવું. એટલે જેમ સામાન્યપણે જીવપદમાં કહ્યું છે તેમ અસુરકુમારને પણ કહેવું. એટલા વડે શું કહ્યું? જેમ જીવપદને વિષે ક્ષેત્ર લંબાઇમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત યોજન પ્રમાણ કહ્યું છે તેમ અહીં પણ કહેવું.

(પ્ર૦)—જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ ક્ષેત્ર શી રીતે હોય?

(ઉ૦)—અહીં અસુરકુમારથી માંડી ઈશાન સુધીના દેવો પૃથિવી, પાણી અને વનસ્પતિમાં પણ ઉત્પન્ન થાય છે. તેથી જ્યારે કોઇ પણ અસુરકુમાર સંક્લિષ્ટ પરિણામવાળો પોતાના કુંડલાદિ આભરણના એક ભાગમાં પૃથિવીકાયિકપણે ઉત્પન્ન થવાનો હોય અને મરણસમુદ્ઘાત કરે ત્યારે જઘન્યથી લંબાઇમાં અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ ક્ષેત્ર પ્રાપ્ત થાય છે, માટે 'જેમ જીવપદમાં કહ્યું છે તેમ જાણવું'–એમ કહ્યું છે, તેથી અહીં પણ વિગ્રહગતિ ચાર સમયની પ્રાપ્ત થાય છે, તેથી કહે છે—**'नवरं विग्रहस्त्रिसामयिको यथा नैरयिकस्य'** પરન્તુ વિગ્રહગતિ ત્રણ સમયની નૈરયિકની પેઠે કહેવી. બાકીનું સૂત્ર જે સામાન્યપણે જીવપદમાં કહ્યું છે તેજ

કહેવું. નાગકુમારાદિને વિષે અતિદેશ–સમાનપણું બતાવે છે—'जहा असुरकुमारे' ઇત્યાદિ. જેમ અસુરકુમારને વિષે કહ્યું છે તેમ નાગકુમારાદિને વિષે યાવત્ વૈમાનિક વિષે સૂત્ર છે ત્યાં સુધી કહેવું. પરન્તુ પૃથિવ્યાદિરૂપ એકેન્દ્રિયને વિષે જેમ સામાન્યપણે જીવપદમાં કહ્યું છે તેમ બધું કહેવું. તાત્પર્ય એ છે કે જેમ જીવપદને વિષે ચાર સમયની પણ વિગ્રહગતિ કહી છે તેમ પૃથિવ્યાદિ પાંચે સ્થાનોમાં કહેવી. બાકી બધું તેમજ કહેવું. એ પ્રમાણે મારણાન્તિક સમુદ્ઘાત કહ્યો. ॥૧૯॥૭૧૦॥

## ।। वेउव्वियसमुग्घाय समोहय जीवाईणं ओगाइफासाइ परूवणं ।।

**जीवे णं भंते! वेउव्वियसमुग्घाएणं समोहए, समोहणित्ता जे पुग्गले णिच्छुभति तेहि णं भंते! पोग्गलेहिं केवतिए खेत्ते अफुण्णे, केवतिए खेत्ते फुडे? गोयमा! सरीरपमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहण्णेणं अंगुलस्स [अ]संखेज्जतिभागं उक्कोसेणं संखिज्जाइं जोअणाइं एगदिसिं विदिसिं वा एवइए खेत्ते अफुण्णे, एवतिए खेत्ते फुडे। से णं भंते! खेत्ते केवतिकालस्स अफुण्णे, केवतिकालस्स फुडे? गोयमा! एगसमइएण वा दुसमइएण तिसमइएण वा विग्गहेणं एवतिकालस्स अफुण्णे, एवतिकालस्स फुडे, सेसं तं चेव जाव पंचकिरिया वि, एवं णेरइए वि, णवरं आयामेणं जहण्णेणं अंगुलस्स संखेज्जइभागं, उक्कोसेणं संखिज्जाइं जोअणाइं एगदिसिं। एवतिए खेत्ते केवतिकालस्स तं चेव जहा जीवपदे। एवं जहा णेरइयस्स तहा असुरकुमारस्स, णवरं एगदिसिं विदिसिं वा, एवं जाव थणियकुमारस्स। वाउक्काइयस्स जहा जीवपदे, णवरं एगदिसिं। पंचिंदिय-तिरिक्खजोणियस्स णिरवसेसं जहा णेरइयस्स। मणूस-वाणमंतर-जोइसिय-वेमाणियस्स णिरवसेसं जहा असुरकुमारस्स ।।सू०-२०।।७११।।**

*(મૂ૦) હે ભગવન્! વૈક્રિય સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળો જીવ વૈક્રિય સમુદ્ઘાત કરીને જે પુદ્ગલો બહાર કાઢે, તે પુદ્ગલો વડે હે ભગવન્! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય? કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઇમાં શરીર પ્રમાણ અને લંબાઇમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન પ્રમાણ એક દિશામાં કે વિદિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય. અથવા એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. હે ભગવન્! તે ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત હોય? કેટલા કાળે સ્પર્શેલું હોય? હે ગૌતમ! એક સમયની, બે સમયની કે ત્રણ સમયની વિગ્રહ ગતિ વડે, એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. બાકી બધું 'યાવત્ પાંચ ક્રિયાવાળા પણ હોય' ત્યાં સુધી તેમજ જાણવું. એ પ્રમાણે નૈરયિક સંબન્ધે કહેવું. પરન્તુ લંબાઇમાં જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજનો એક દિશામાં હોય છે, એટલું ક્ષેત્ર કેટલા કાળે વ્યાપ્ત થાય–ઇત્યાદિ જેમ જીવપદમાં કહ્યું છે તેમજ કહેવું. એ પ્રમાણે નૈરયિકને કહ્યું તેમ અસુરકુમારને કહેવું. પરન્તુ એક દિશામાં કે વિદિશામાં જાણવું. એ રીતે યાવત્ સ્તનિતકુમારને કહેવું. વાયુકાયિકને જેમ જીવપદમાં કહ્યું છે તેમ કહેવું. પરન્તુ ક્ષેત્ર એક દિશામાં કહેવું. પંચેન્દ્રિય તિર્યંચને નૈરયિકની જેમ બધું કહેવું. મનુષ્ય, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકને બધું અસુરકુમારની પેઠે જાણવું. ॥૨૦॥૭૧૧॥*

(ટી૦) હવે વૈક્રિય સમુદ્ઘાત સંબંધે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'जीवे णं भंते! वेउव्विए' ઇત્યાદિ. હે ભગવન્! વૈક્રિયસમુદ્ઘાતવડે સમુદ્ઘાતવાળો જીવ સમુદ્ઘાત કરીને જે પુદ્ગલો બહાર કાઢે છે–ઇત્યાદિ પૂર્વની પેઠે જાણવું. પરન્તુ લંબાઇમાં ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન પ્રમાણ ક્ષેત્ર હોય છે. એ વાયુકાયિક સિવાયના નૈરયિકાદિની અપેક્ષાએ જાણવું. કારણ કે તેઓ વૈક્રિયસમુદ્ઘાતનો આરંભ કરતા તેવા પ્રકારના પ્રયત્ન વિશેષથી ઉત્કૃષ્ટથી પણ સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરે છે, પણ અસંખ્યાતા યોજન પ્રમાણ કરતા નથી. વાયુકાયિકો તો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણ દંડ કરે છે અને ઉત્કૃષ્ટથી તેટલા પ્રમાણવાળો દંડ કરતા તેટલા પ્રદેશમાં રહેલા તૈજસાદિ શરીરના પુદ્ગલોને આત્મપ્રદેશોથી જુદા કરે છે. તે પુદ્ગલો વડે વ્યાપ્ત ક્ષેત્ર લંબાઇમાં ઉત્કૃષ્ટથી પણ સંખ્યાતાજ યોજન હોય છે. એ એવા પ્રકારનું ક્ષેત્રપ્રમાણ કેવળ વૈક્રિયસમુદ્ઘાતથી

ઉત્પન્ન થનાર પ્રયત્નને આશ્રયી કહ્યું છે. પરન્તુ જ્યારે કોઈપણ વૈક્રિયસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો મરણ સમુદ્ઘાતને પ્રાપ્ત થાય અને કોઈપણ રીતે ઉત્કૃષ્ટ ત્રણ સમયની વિગ્રહગતિ વડે ઉત્પત્તિ સ્થાને આવે છે ત્યારે અસંખ્યાતા યોજનપ્રમાણ આયામક્ષેત્ર-લંબાઈનું ક્ષેત્ર જાણવું. તેટલા પ્રમાણવાળું ક્ષેત્ર વ્યાપ્ત કરવું મરણસમુદ્ઘાતના પ્રયત્નજન્ય હોવા છતાં પણ તેની વિવક્ષા કરી નથી. **'एगदिसिं विदिसिं वा'** इत्ति તે જઘન્યથી કે ઉત્કૃષ્ટથી ઉપર બતાવેલા પ્રમાણવાળું આયામક્ષેત્ર એક દિશામાં કે વિદિશામાં જાણવું. તેમાં નૈરયિકો, પંચેન્દ્રિય તિર્યંચો, અને વાયુકાયિકોને અવશ્ય એક દિશામાં હોય છે. કારણ કે નૈરયિકો પરવશ અને અલ્પ ઋદ્ધિવાળા છે, તિર્યંચ પંચેન્દ્રિયો અલ્પ ઋદ્ધિવાળા જ હોય છે અને વાયુકાયિકો વિશિષ્ટ ચેતના રહિત હોય છે, તેથી વૈક્રિયસમુદ્ઘાતનો આરંભ કરતા તેઓને જો કે તથા સ્વભાવથીજ આત્મપ્રદેશોના દંડનું નીકળવું થાય છે અને તે આત્મપ્રદેશોથી જુદા થઈને પુદ્ગલોનું શ્રેણિને અનુસારે ગમન થાય છે પણ વિશ્રેણિમાં થતું નથી. તેથી દિશામાંજ નૈરયિકો તિર્યંચ પંચેન્દ્રિયો અને વાયુકાયિકોનું લંબાઈમાં ક્ષેત્ર સમજવું, પણ વિદિશામાં ન જાણવું. જે ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક તથા મનુષ્યો છે તે સ્વેચ્છાચારી અને વિશિષ્ટ લબ્ધિસહિત હોય છે, તેથી તેઓ કદાચિત્ પ્રયત્નવિશેષથી વિદિશામાં પણ આત્મપ્રદેશોનો દંડ કરતાં ત્યાં તે આત્મપ્રદેશોથી પુદ્ગલો બહાર વિસ્તારે છે, માટે તેઓનું ક્ષેત્ર એક દિશામાં કે વિદિશામાં જાણવું.

વૈક્રિયસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો કોઈ કાળ પણ કરે અને વિગ્રહગતિવડે ઉત્પત્તિ સ્થાને પણ જાય, તેથી વિગ્રહગતિને આશ્રયી કાળનું નિરુપણ કરવા માટે કહે છે—**'से णं भंते'**! ઇત્યાદિ. હે ભગવન્! તે ક્ષેત્ર વિગ્રહગતિને આશ્રયી ઉત્પત્તિ સ્થાન સુધી **'केवइ कालस्स'** કેટલા કાળે (અહીં તૃતીયાના અર્થમાં ષષ્ઠી વિભક્તિ થયેલી છે) વ્યાપ્ત હોય? કેટલા કાળે સ્પર્શેલુ હોય? ભગવાન્ કહે છ—'હે ગૌતમ! એક સમય, બે સમય અને ત્રણ સમયની વિગ્રહગતિ વડે 'ક્ષેત્ર વ્યાપ્ત થાય અને સ્પર્શેલું હોય' એ પદનો અધ્યાહાર સમજવો. તાત્પર્ય એ છે કે વિગ્રહગતિને આશ્રયી મરણ દેશથી આરંભી ઉત્પત્તિ સ્થાન સુધીનું ક્ષેત્ર વ્યાપ્ત થવું ઉત્કૃષ્ટથી ત્રણ સમયમાં થાય છે પણ ચોથે સમયે થતું નથી. કારણ કે વૈક્રિયસમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો વાયુકાયિક પણ પ્રાયઃ ત્રસનાડીમાંજ ઉત્પન્ન થાય છે અને ત્રસનાડીમાં વિગ્રહગતિ ઉત્કૃષ્ટથી પણ ત્રણ સમયની જ હોય છે. ઉપસંહાર વાક્ય કહે છ— **'एवइकालस्स'** એટલા કાળે ઇત્યાદિ સુગમ છે. **'सेसं तं चेव'** એ પછીનું સૂત્ર જે પૂર્વે વેદનાસમુદ્ઘાત સંબંધે કહ્યું છે, યાવત્ 'પાંચ ક્રિયાવાળા પણ હોય' એ છેલ્લા પદ સુધી જાણવું. **'एवं नेरइए वि'** 'એમ નૈરયિક પણ જાણવો' ઇત્યાદિ સૂત્ર સ્વયં વિચારવું. પરન્તુ દિશા અને વિદિશાની અપેક્ષાએ વિશેષ છે તે પૂર્વેજ બતાવેલ છે. ॥૨૦॥૭૧૧॥

## ।। तेयगसमुग्घाय समोहय जीवाईणं ओगाहफासाइ परूवणं ।।

**जीवे णं भंते! तेयगसमुग्घाएणं समोहए, समोहणित्ता जे पोग्गले णिच्छुब्भति तेहि णं भंते! पोग्गलेहिं केवतिए खेत्ते अफुण्णे, केवइए खेत्ते फुडे? एवं जहेव वेउव्विय समुग्घाए तहेव, णवरं आयामेणं जहण्णेण अंगुलस्स असंखेज्जतिभागं, [संखेज्जतिभागं] सेसं तं चेव। एवं जाव वेमाणियस्स, णवरं पंचेंदियतिरिक्खजोणियस्स एगदिसिं एवतिए खेत्ते अफुण्णे०[एवतिए खेत्तस्स फुडे।] ।।सू०-२१।।७१२।।**

*(મૂ૦) હે ભગવન્! તૈજસ સમુદ્ઘાત વડે સમુદ્ઘાત વાળો જીવ અને તૈજસ સમુદ્ઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢે, તે પુદ્ગલો વડે હે ભગવન્! કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય, કેટલું સ્પર્શેલું હોય? ઇત્યાદિ જેમ વૈક્રિય સમુદ્ઘાત કહ્યો તેમજ કહેવો. પરંતુ લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવું. બાકીનું બધું તેમજ કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિકને કહેવું. પરંતુ પંચેન્દ્રિય તિર્યંચને એક દિશામાં એટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય અને એટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય. ॥૨૧॥૭૧૨॥*

(ટી૦) હવે તૈજસ સમુદ્ઘાત સંબંધે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છ—**'जीवे णं भंते तेयगसमुग्घाएणं'** ઇત્યાદિ. હે ભગવન્! તૈજસ સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળો જીવ સમુદ્ઘાત કરી જે પુદ્ગલોને બહાર કાઢે છે, ઇત્યાદિ સુગમ છે. પરન્તુ આ તૈજસસમુદ્ઘાત ચાર દેવનિકાય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને સંભવે છે, બાકીનાને સંભવતો નથી. કારણ કે તેઓ

મહાપ્રયત્નવાળા હોય છે માટે તૈજસસમુદ્ઘાતનો આરંભ કરવાને જઘન્યથી પણ લંબાઈમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે, પરન્તુ સંખ્યાતમાં ભાગપ્રમાણ હોતું નથી. ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન પ્રમાણ હોય છે. તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ઉપર કહેલા પ્રમાણવાળું ક્ષેત્ર તિર્યંચ પંચેન્દ્રિય સિવાયના જીવોને એક દિશામાં કે એક વિદિશામાં કહેવું. અને તિર્યંચ પંચેન્દ્રિયોને તો દિશામાંજ કહેવું. અહીં પૂર્વે કહેલીજ યુક્તિ અનુસરવી. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'एवं वेउव्वियसमुग्घाए तहेव' જેમ વૈક્રિય સમુદ્ઘાત કહ્યો, તેમ તૈજસસમુદ્ઘાત કહેવો—ઇત્યાદિ. એ પ્રમાણે તૈજસસમુદ્ઘાત કહ્યો. ॥૨૧॥૭૧૨॥

## ।। आहारगसमुग्घाय समोहय जीवाईणं ओगाहफासाइ परूवणं ।।

**जीवे णं भंते! आहारगसमुग्घाएणं समोहए, समोहणित्ता जे पोग्गले णिच्छुब्भइ तेहि णं भंते! पोग्गलेहिं केवइए खित्ते अफुण्णे, केवइए खेत्ते फुडे? गोयमा! सरीरपमाणमेत्ते विक्खंभ-बाहल्लेणं, आयामेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जतिभागं, उक्कोसेणं संखेज्जाइं जोयणाइं एगदिसिं, एवतिए खेत्ते०। एगसमइएण वा दुसमइएण वा तिसमइएण वा विग्गहेणं एवतिकालस्स अफुण्णे, एवतिकालस्स फुडे। ते णं भंते! पोग्गला केवतिकालस्स णिच्छुब्भति? गोयमा! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तस्स ।।सू०-२२।।७१३।।**

*(મૂ૦) હે ભગવન્! આહારક સમુદ્ઘાત વાળો જીવ સમુદ્ઘાત કરીને જે પુદ્ગલોને બહાર કાઢે, હે ભગવન્! તે પુદ્ગલો વડે કેટલું ક્ષેત્ર વ્યાપ્ત હોય? કેટલું ક્ષેત્ર સ્પર્શેલું હોય? હે ગૌતમ! વિસ્તાર અને જાડાઈમાં શરીર પ્રમાણ માત્ર અને લંબાઈમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન એક દિશામાં, એટલું ક્ષેત્ર એક સમય, બે સમય કે ત્રણ સમયની વિગ્રહગતિ વડે એટલા કાળે વ્યાપ્ત હોય, એટલા કાળે સ્પર્શેલું હોય. હે ભગવન્! તે પુદ્ગલો કેટલા કાળે બહાર કાઢે? હે ગૌતમ! જઘન્યથી અન્તર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્તમાં કાઢે. ॥૨૨॥૭૧૩॥*

**ते णं भंते! पोग्गला णिच्छूढा समाणा जाइं तत्थ पाणाइं भूयाइं जीवाइं सत्ताइं अभिहणंति जाव उद्दवेंति, तओ(तते) णं भंते! जीवे कतिकिरिए? गोयमा! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंचकिरिए। ते णं भंते! जीवा तातो जीवाओ कतिकिरिया? गोयमा! एवं चेव। से णं भंते! जीवे ते य जीवा अण्णेसिं जीवाणं परपराघाएणं कतिकिरिया? गोयमा! तिकिरिया वि चउकिरिया वि पंचकिरिया वि, एवं मणूसे वि ।।सू०-२३।।७१४।।**

*(મૂ૦) હે ભગવન્! બહાર કાઢેલા તે પુદ્ગલો ત્યાં રહેલા જે પ્રાણો, ભૂતો, જીવો અને સત્ત્વોને હણે છે યાવત્ તેના જીવિતનો નાશ કરે છે તેને આશ્રયી જીવ કેટલી ક્રિયાવાળો હોય? હે ગૌતમ! કદાચ ત્રણ ક્રિયાવાળો હોય કદાચ ચાર ક્રિયાવાળો હોય અને કદાચ પાંચ ક્રિયાવાળો હોય. હે ભગવન્! તે જીવો તે સમુદ્ઘાતવાળા જીવને આશ્રયી કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! એમજ જાણવું. હે ભગવન્! તે જીવ અને તે જીવો અન્ય જીવોના પરંપરાએ આઘાત વડે કેટલી ક્રિયાવાળા હોય? હે ગૌતમ! ત્રણ ક્રિયાવાળા પણ હોય, ચાર ક્રિયાવાળા પણ હોય અને પાંચ ક્રિયાવાળા પણ હોય. એ પ્રમાણે મનુષ્ય સંબન્ધે પણ જાણવું. ॥૨૩॥૭૧૪॥*

(ટી૦) હવે આહારકસમુદ્ઘાતનું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'जीवे णं भंते' ઇત્યાદિ. હે ભગવન્! આહારક સમુદ્ઘાતવડે સમુદ્ઘાતવાળો જીવ સમુદ્ઘાત કરીને જે પુદ્ગલો બહાર કાઢે છે-ઇત્યાદિ. એ સૂત્ર તૈજસસમુદ્ઘાતની પેઠે વિચારવું. પરન્તુ આહારક સમુદ્ઘાત મનુષ્યોને હોય છે. તેમાં પણ ચૌદ પૂર્વનું અધ્યયન કરવાને, તેમાં પણ કેટલાએક આહારકલબ્ધિવાળાને હોય છે પણ બાકીનાને હોતો નથી, અને તે આહારકસમુદ્ઘાતનો આરંભ કરતા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી લંબાઈમાં ઉપર કહેલા પ્રમાણવાળું ક્ષેત્ર આત્મપ્રદેશોથી જુદા થયેલા પુદ્ગલો વડે એક દિશામાં વ્યાપ્ત કરે છે, પણ વિદિશામાં વ્યાપ્ત કરતો નથી. વિદિશામાં તો અન્ય પ્રયત્ન વિશેષથી આત્મપ્રદેશના દંડનો વિસ્તાર અને પુદ્ગલો વડે વ્યાપ્ત કરવું થાય છે, પરન્તુ તેઓ પ્રયોજન નહિ હોવાથી અને ગંભીરપણાથી અન્ય પ્રયત્નનો આરંભ કરતા નથી. **આહારક સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો**

**પણ કોઈ કાળ કરે છે** અને વિગ્રહગતિ વડે ઉત્પન્ન થાય છે. વિગ્રહગતિ ઉત્કૃષ્ટ ત્રણ સમયની હોય છે, માટે '**एगदिसि एवइए खेत्ते फुडे**' તથા '**एगसमइएण वा दुसमइएण वा**' એક દિશામાં એટલું ક્ષેત્ર સ્પર્શેલું છે' તથા એક સમય, અને બે સમયવડે' ઇત્યાદિ કહ્યું છે. તથા મનુષ્યોનેજ આ આહારક સમુદ્ઘાત હોય છે, માટે ચોવીશ દંડકના વિચારમાં પ્રારંભમાં '**एवं मणूसे वि**' એ પ્રમાણે મનુષ્ય સંબંધે પણ જાણવું એમ કહ્યું છે. આ સૂત્રનો આ અર્થ છે—એ પ્રમાણે સામાન્યપણે જીવપદની જેમ મનુષ્યને પણ એટલે મનુષ્યના વિચારમાં સૂત્ર કહેવું. જીવપદમાં મનુષ્યોનેજ આશ્રયી સૂત્ર પ્રવૃત્ત થયું છે. કારણ કે તે સિવાય બીજાને આહારક સમુદ્ઘાતનો અસંભવ છે. એ પ્રમાણે છ એ છાદ્મસ્થિક સમુદ્ઘાતના પ્રારંભમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી જેટલું ક્ષેત્ર આત્માથી જુદા થયેલા યથા યોગ્ય ઔદારિકાદિ શરીરાદિના અન્તર્ગત પુદ્ગલો વડે વ્યાપ્ત હોય છે તેટલું જણાવ્યુ. ॥૨૩॥૭૧૪॥

## ॥ केवलिसमुग्घायवत्तव्वया ॥

**अणगारस्स णं भंते! भावियप्पणो केवलिसमुग्घाएणं समोहयस्स जे चरमा णिज्जरापोग्गला सुहुमा णं ते पोग्गला पन्नत्ता? समणाउसो! सव्वलोगं पि य णं ते फुसित्ताणं चिट्ठंति? हंता! गोयमा! अणगारस्स भाणियप्पणो केवलिसमुग्घाएणं समोहयस्स जे चरिमा निज्जरापोग्गला सुहुमा णं ते पोग्गला पण्णत्ता, समणाउसो! सव्वलोगं पि य णं ते फुसित्ताणं णं चिट्ठंति ।।सू०-२४।।७१५।।**

*(મૂ૦) હે ભગવન્ ભાવિત આત્માવાળા અને કેવલિસમુદ્ઘાતયુક્ત અનગારને જે છેલ્લા સમયના નિર્જરા પુદ્ગલો છે તે સૂક્ષ્મ પુદ્ગલો કહ્યા છે? હે આયુષ્માન્ શ્રમણ! તે પુદ્ગલો સર્વ લોકને પણ સ્પર્શીને રહે છે? હા ગૌતમ! ભાવિતાત્મા અને કેવલિ સમુદ્ઘાત વડે સમુદ્ઘાતવાળા અનગારના જે છેલ્લા સમયના નિર્જરાપુદ્ગલો છે તે આયુષ્માન્ શ્રમણ! સૂક્ષ્મ પુદ્ગલો કહ્યા છે અને તે સર્વ લોકને પણ સ્પર્શીને રહે છે. ॥૨૪॥૭૧૫॥*

(ટી૦) હવે કેવલિસમુદ્ઘાત કરવામાં જેવા સ્વરૂપવાળા પુદ્ગલો વડે જેટલા પ્રમાણવાળું ક્ષેત્ર વ્યાપ્ત થાય, તેવા સ્વરૂપવાળા પુદ્ગલો વડે તેટલા પ્રમાણવાળા ક્ષેત્રનું વ્યાપ્તપણું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'**अणगारस्स णं भंते!**' ઇત્યાદિ. હે ભગવન્! ભાવિતાત્મા અને કેવલિસમુદ્ઘાતવાળા અનગારના જે ચરમ નિર્જરા પુદ્ગલો છે તે સૂક્ષ્મ છે? ઇત્યાદિ. અહીં કેવલિસમુદ્ઘાત કેવલજ્ઞાનીને હોય છે, છદ્મસ્થોને હોતો નથી. કેવલી નિશ્ચયનયના મતથી અનગાર છે, ગૃહસ્થ નથી, તેમ પાંખડી નથી, તે 'ભાવિતાત્મા'–ભાવિતસમભાવ વડે વાસિત આત્મા જેનો છે એવા, કારણ કે તે વિશિષ્ટ શુભ અધ્યવસાયયુક્ત છે. જો એમ ન હોય તો કેવલીપણું ઘટે નહિ. માટે 'ભાવિતાત્મા અનગારને' એમ કહ્યું છે. જેનું સ્વરૂપ કહ્યું છે એવા કેવલિસમુદ્ઘાત વડે સમવહત–સમુદ્ઘાતવાળા અનગારના જે ચરમ છેલ્લા સમયે વર્તતા–કેવલિસમુદ્ઘાતના ચોથા સમયે રહેલા, કારણ કે તે પુદ્ગલો વડે જ સંપૂર્ણ લોકને વ્યાપ્ત કરે છે. 'નિર્જરાપુદ્ગલો' નિર્જરા ગુણના યોગથી નિર્જરા–નિર્જરાને પ્રાપ્ત થયેલા પુદ્ગલો છે, અહીં વિશેષણ સમાસ કરવો. તાત્પર્ય એ છે કે લોકવ્યાપી થવાના સમયે આત્મપ્રદેશોથી જુદા પડેલા અને જેઓએ કર્મપણાના પરિણામનો ત્યાગ કરેલો છે એવા '**सुहुमा णं ते पुग्गला**' **णं** નિશ્ચય અર્થમાં છે. નિશ્ચિત–અવશ્ય, સૂક્ષ્મા–ચક્ષુઆદિ ઇન્દ્રિયોને અગોચર તે પુદ્ગલો હે આયુષ્માન્ શ્રમણ! આપે કહેલા છે? 'આયુષ્માન્ શ્રમણ' એ ભગવંતને ગૌતમે કરેલું સંબોધન છે. તથા **णं** –એ નિશ્ચિત છે કે સર્વ લોકને પણ સ્પર્શીને તે પુદ્ગલો રહે છે? એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ કહે છે–'**हन्ता गोयमा**' ઇત્યાદિ. હન્ત એ અવ્યય પ્રીતિના અર્થમાં છે. એ સંબન્ધે શાકટાયન કહે છે—'**हन्तेति संप्रदानप्रीतिविषादादिषु**' ઇતિ. હન્ત એ સંપ્રદાન, પ્રીતિ અને વિષાદાદિ અર્થમાં છે અહિં યથાવસ્થિત સ્વરૂપના પ્રતિપાદકપણાથી પ્રશ્નસૂત્રની સંમતિરૂપ જાણવી, પણ હર્ષરૂપ ન જાણવી. કારણ કે મોહ ક્ષીણ થયેલો હોવાને લીધે ભગવંત હર્ષ અને વિષાદાદિ રહિત હોવાથી ભગવંતની સંમતિ જ જણાવે છે. જે ગૌતમે કહ્યું તેનો અનુવાદ કરે છે—'**अणगारस्स**' ઇત્યાદિના અર્થનો વિચાર કર્યો. ॥૨૪॥૭૧૫॥

छउमत्थे ण भंते! मणूसे तेसिं णिज्जरापोग्गलाणं किंचि वण्णेणं वण्णं गंधेणं गंधं रसेणं रसं फासेणं वा फासं जाणति पासति? गोयमा! णो इणट्ठे समट्ठे। से केणट्ठेणं भंते! एवं वुच्चति–'छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि वण्णेणं वण्णं गंधेणं गंधं रसेणं रसं फासेणं फासं [णो] जाणति पासति'? गोयमा! अयण्णं जंबुद्दीवे दीवे सव्वदीव-समुद्दाणं सव्वब्भंतराए सव्वखुड्डाए वट्टे तेल्लापूयसंठाणसंठिए वट्टे रहचक्कवालसंठाणसंठिए वट्टे पुक्खरकण्णियासंठाणसंठिए वट्टे पडिपुण्णचंदसंठाणसंठिए एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं तिण्णि य जोयणसयसहस्साइं सोलस य सहस्साइं दोण्णि य सत्तावीसे जोयणसते तिण्णि य कोसे अट्ठावीसं च धणुसतं तेरस य अंगुलाइं अद्धंगुलं च किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ते। देवे णं महिड्ढीए जाव महासोक्खे एगं महं सविलेवणं गंधसमुग्गयं गहाय तं अवदालेति, तं महं एगं सविलेवणं गंधसमुग्गयं अवदालेत्ता इणामेव कट्टु केवलकप्पं जंबुद्दीवं दीवं तिहिं अच्छराणिवातेहिं तिसत्तखुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, से णूणं गोयमा! से केवलकप्पे जंबुद्दीवे दीवे तेहिं घाणपोग्गलेहिं फुडे? हंता! फुडे, छउमत्थे णं गोयमा! मणूसे तेसिं घाणपुग्गलाणं किंचि वण्णेणं वण्णं गंधेणं गंधं रसेणं रसं फासेणं फासं जाणति पासति? भगवं! णो इणट्ठे समट्ठे, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चति–'छउमत्थे णं मणूसे तेसिं णिज्जरापोग्गलाणं णो किंचि वण्णेणं वण्णं गंधेणं गंधं रसेणं रसं फासेणं फासं जाणति पासति, एसुहुमा णं ते पोग्गला पन्नत्ता, समणाउसो! सव्वलोगं पि य णं फुसित्ता णं चिट्ठंति ।।सू०-२५।।७१६।।

*(મૂ૦) હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોને કિંચિત્ વર્ણ વડે—વર્ણને ગ્રહણ કરનાર ઇન્દ્રિય વડે વર્ણ રૂપે, ગન્ધ—નાસિકા વડે ગંધ રૂપે, રસ—રસનેન્દ્રિય વડે રસ રૂપે અને સ્પર્શ—સ્પર્શેન્દ્રિય વડે સ્પર્શ રૂપે જાણે છે અને દેખે છે? હે ગૌતમ! એ અર્થ સમર્થ નથી. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોને કિંચિત્ વર્ણ વડે વર્ણ રૂપે, ગન્ધ વડે ગન્ધ રૂપે, રસ વડે રસ રૂપે અને સ્પર્શ વડે સ્પર્શ રૂપે જાણતો દેખતો નથી? હે ગૌતમ! આ જંબૂદ્વીપ નામે દ્વીપ સર્વ દ્વીપ અને સમુદ્રમાં સૌની અંદર છે. તે સૌ કરતાં નાનો, વૃત્ત–ગોળાકૃતિવાળો, તેલમાં તળેલા પુલ્લાના આકાર જેવો ગોળ, રથના પૈડાના સંસ્થાન જેવો વર્તુલાકાર, કમળની કર્ણિકાની આકૃતિ જેવો ગોળાકાર અને પરિપૂર્ણ ચંદ્રની આકૃતિના સમાન છે. તે એક લાખ યોજન લાંબો અને પહોળો છે તથા તેની પરિધિ ત્રણ લાખ, સોળ હજાર, બસો સત્યાવીશ યોજન, ત્રણ કોશ, એકસો અઠ્યાવીશ ધનુષ અને કંઇક વિશેષાધિક સાડા તેર અંગુલ કહેલી છે. કોઇ એક મહાઋદ્ધિવાળો અને મહાસુખવાળો દેવ એક મોટા વિલેપન—ઢાંકણા સહિત સુગન્ધી દ્રવ્યના ડાબડાને ગ્રહણ કરી ઉપાડે અને તે એક મોટા વિલેપન—ઢાંકણા સહિત સુગન્ધી દ્રવ્યના ડાબડાને ઉપાડી એ પ્રમાણે કરી સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં એકવીશ વાર ફરી શીઘ્ર આવે. હે ગૌતમ! ખરેખર તે સંપૂર્ણ જંબૂદ્વીપ તે ગન્ધના પુદ્ગલો વડે વ્યાપ્ત થાય? હા વ્યાપ્ત થાય. હે ગૌતમ! છદ્મસ્થ મનુષ્ય તે ગન્ધના પુદ્ગલોને કિંચિત્ વર્ણ વડે વર્ણ રૂપે ગંધ વડે ગંધ રૂપે રસ વડે રસ રૂપે અને સ્પર્શ વડે સ્પર્શ રૂપે જાણે દેખે? હે ભગવન્! એ વાત યુક્તિયુક્ત નથી. હે ગૌતમ! એ કારણથી એમ કહું છું કે 'છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્ગલોને કિંચિત્ વર્ણ વડે વર્ણ રૂપે, ગંધ વડે ગંધ રૂપે, રસ વડે રસ રૂપે અને સ્પર્શ વડે સ્પર્શ રૂપે જાણતો નથી. હે આયુષ્માન્ શ્રમણ! એટલા સૂક્ષ્મ તે પુદ્ગલો કહ્યા છે અને તે સર્વ લોકને પણ સ્પર્શીને રહે છે. ॥૨૫॥૭૧૬॥*

(ટી૦) 'સૂક્ષ્મ પુદ્ગલો છે' એમ કહ્યું, તે સૂક્ષ્મપણું અપેક્ષાએ પણ હોય, જેમ કે આમળા વગેરેની અપેક્ષાએ બોર વગેરેનું સૂક્ષ્મપણું છે. તેથી ચક્ષુ આદિ ઇન્દ્રિયોને અગોચર રૂપ સૂક્ષ્મપણું પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'छउमत्थेणं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! છદ્મસ્થ મનુષ્ય હમણાં કહેલા તે નિર્જરાપુદ્ગલોને કિંચિત્–પ્રથમ સામાન્યપણે જાણે છે અને દેખે છે–એ

પદનો સંબન્ધ કરવો, એનીજ વિશેષરૂપે વ્યાખ્યા કરે છે—'वर्णेन' वर्ण्यतेऽनेन–જે વડે યથાવસ્થિત સ્વરૂપનો નિર્ણય થાય તે વર્ણ એવી વ્યુત્પત્તિ થવાથી વર્ણ–વર્ણને ગ્રહણ કરનાર ચક્ષુઇન્દ્રિય વડે કૃષ્ણાદિ સ્વરૂપવાળા વર્ણને, 'ગન્ધન' ગન્ધ વડે–ગન્ધગ્રાહક ઘ્રાણેન્દ્રિય વડે ગન્ધધાતુ વડે ગન્ધધાતુ સુંઘવાના અર્થમાં છે, કારણ કે गन्ध्यते अनेन–જે વડે શુભ યા અશુભ ગન્ધ સુંઘાય તે ગન્ધ એવી વ્યુત્પત્તિ થાય છે. તે વડે શુભ યા અશુભ ગંધને, 'रसेन' રસવડે–रस्यते–आस्वाद्यते अनेनेति रसः–જે વડે આસ્વાદ કરાય તે રસ–એવી વ્યુત્પત્તિ થવાથી રસને ગ્રહણ કરનાર રસનેન્દ્રિય વડે તિક્તાદિરૂપ રસને, 'स्पर्शेन' स्पृश्यते अनेन–જે વડે જાણવા યોગ્ય વસ્તુનો કર્કશાદિ રૂપ સ્પર્શ જણાય એવો શબ્દાર્થ હોવાથી સ્પર્શ–સ્પર્શ ગ્રહણ કરનાર સ્પર્શનેન્દ્રિય વડે કર્કશાદિ રૂપ સ્પર્શને જાણે છે અને દેખે છે? ભગવાન્ કહે છે– એ અર્થ સમર્થ–યુક્તિયુક્ત નથી. પુનઃ ગૌતમ પ્રશ્ન કરે છે–'से केणट्ठेणं भंते!' ઇત્યાદિ. હે ભગવન્! એમ શા હેતુથી કહો છો–ઇત્યાદિનો અર્થ સ્પષ્ટ છે. ભગવાન્ કહે છે—'गोयमा! अयं णं' ઇત્યાદિ. હે ગૌતમ! 'અયં' પ્રત્યક્ષ જણાતો, 'ण' વાક્યાલંકારમાં છે, આઠ યોજન ઉંચા રત્નમય જંબૂવૃક્ષ વડે સહિત દ્વીપ તે જંબૂદ્વીપ, સર્વાભ્યન્તર–બધામાં મધ્યવર્તી, કયા બધામાં મધ્યવર્તી છે? 'सर्वद्वीपसमुद्राणां' સર્વ દ્વીપ અને સમુદ્રોના મધ્યવર્તી છે. તે આ પ્રમાણે–તે દ્વીપસમુદ્રો જંબૂદ્વીપથી આરંભી આગમમાં કહેલ ક્રમવડે બમણા બમણા વિસ્તારવાળા રહેલ છે, તેથી દ્વીપસમુદ્રોમાં જંબૂદ્વીપ અભ્યન્તર–મધ્યવર્તી છે. તથા 'सव्वखुड्डागे' સર્વક્ષુદ્રકઃ–સર્વ દ્વીપ અને સમુદ્રોથી ક્ષુદ્રક–નાનો છે. તે આ પ્રમાણે બધા લવણાદિ સમુદ્રો અને સર્વ ધાતકીખંડાદિ દ્વીપો આ જંબૂદ્વીપથી આરંભી આગમમાં કહેલા ક્રમ વડે બમણા બમણા મંડલાકાર વિસ્તારવાળા છે. માટે બાકીના દ્વીપ સમુદ્રની અપેક્ષાએ સૌથી નાનો છે. તથા વૃત્ત–વર્તુલ ગોળાકાર છે, જેથી 'तैलापूपसंस्थानसंस्थितः' છે–તેલ વડે તળેલા અપુપ–પુડલાના સંસ્થાન જેવી આકૃતિવાળો છે. તેલમાં તળેલો પુડલો ઘણું કરી પરિપૂર્ણ વર્તુલાકાર હોય છે, પણ ઘીમાં તળેલો તેવો હોતો નથી. તેથી 'તેલ' એ વિશેષણ આપવામાં આવ્યું છે. તથા જંબૂદ્વીપ વૃત્ત–ગોળ છે, તેથી 'रथचक्रचक्रवालसंस्थानसंस्थितः'–રથના અંગ ભૂત ચક્ર–પૈડાના ચક્રવાલ–મંડલના જેવો આકૃતિવાળો છે. એ પ્રમાણે સૂત્રમાં કહેલા બીજા બે પદનો પણ વિચાર કરવો. 'आयामविक्खंभेणं' આયામ–લંબાઇ અને વિષ્કંભ–વિસ્તાર વડે શતસહસ્ર–લાખ યોજનના પરિમાણ વાળો છે. પરિધિના પરિમાણ લાવવાનું ગણિત જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વગેરેમાં અનેકવાર વિચાર્યું છે માટે ત્યાંથી જાણી લેવું. 'देवे णं' ઇત્યાદિ. મહા ઋદ્ધિ–વિમાનપરિવારાદિ જેને છે તે મહર્દ્ધિક, 'जाव महासोक्खे' યાવત્ મહાસૌખ્યવાળો, યાવત્ શબ્દ કરવાથી 'महज्जुइए महाबले, महायसे' તેમાં મહતી–મોટી દ્યુતિ–શરીર અને આભરણાદિની કાન્તિ જેને છે તે મહાદ્યુતિવાળો. મોટું બલ શારીરિક શક્તિ જેને છે તે મહાબલવાળો, મોટો યશ–ખ્યાતિ જેને છે તે મહાયશસ્વવી, તથા ઘણા સાતાવેદનીય કર્મનો ઉદય હોવાથી મહાસૌખ્ય–મહાસુખવાળો, ક્વચિત્ 'महेसक्खे' એવો પાઠ છે. તેમાં મહાન્–મોટા ઈશ–ઈશ્વર એવી આખ્યા–પ્રસિદ્ધિ જેની છે એવો. અથવા 'ઈશ્' ઐશ્વર્યાર્થક ધાતુ છે. ભાવમાં ઘઞ્ પ્રત્યય કરવો, ईशं–ऐश्वर्यमात्मनः ख्याति–અન્તર્ભૂત પ્રેરણાર્થક હોવાથી ख्यापयति–प्रकाशयति–પોતાના ઐશ્વર્યને જણાવે, પ્રગટ કરે તથા પરિવારાદિ ઋદ્ધિ વડે વર્તે–તે ઈશાખ્ય મહાન્ એવો ઇશાખ્ય તે મહેશાખ્ય કહેવાય છે. બીજે સ્થળે 'महासक्खे' એવો પાઠ છે. તેમાં આવા પ્રકારની વૃદ્ધ આચાર્યોની વ્યાખ્યા છે—આશુ—શીઘ્ર ગમન કરે તેથી અશ્વ–મન, 'अश्नुते'–પોતપોતાના વિષયને વ્યાપ્ત કરે છે માટે અક્ષ–ઇન્દ્રિયો, અક્ષશબ્દ પ્રાયઃ અશ્ ધાતુથી નિષ્પન્ન કરાય છે. મહા–સ્ફૂર્તિ વાળાં અશ્વ–મન અને અક્ષ–ઇન્દ્રિયો જેને છે એવો મહાશ્વાક્ષ એટલે સ્ફુર્તિવાળા મન અને ચક્ષુઆદિ ઈન્દ્રિયોવાળો–દેવ એક મોટો–ઘણો ભારે, કારણ કે જો નાનો હોય તો તેના ગન્ધના પુદ્ગલો વડે સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરવો અશક્ય થાય. 'सविलेवणं' અતિ સૂક્ષ્મ છિદ્રોને પણ ઢાંકવાથી વિશિષ્ટ લેપ–લાખ વગેરેના કરેલા ઉપરના ઢાંકણા વડે સહિત, વિશિષ્ટ લેપ–ઢાંકણું દીધા સિવાય સૂક્ષ્મ છિદ્રો વડે ઘણા ગંધ પુદ્ગલો નીકળી જાય અને તેથી ઉઘાડતી વેલાએ તેઓ થોડા રહેવાથી તે વડે સંપૂર્ણ જંબૂદ્વીપને વ્યાપ્ત કરવું ઘટે નહી, 'गन्धसमुग्गयं' અતિ ઉત્તમ ગન્ધ દ્રવ્યોવડે પરિપૂર્ણ ભરેલો समुद्गक–ડાભડો તેને अवदालयति–ઉપાડે છે, 'इणमेव' એ પ્રમાણેજ केवलकप्पं–પરિપૂર્ણ હોવાથી કેવલજ્ઞાનના સમાન એટલે સંપૂર્ણ જંબદ્વીપને ત્રણ અપ્સરોનિપાત–ચપટી વડે, ચપટી એ કાલનું ઉપલક્ષણ–સૂચક, છે તેથી આ

અર્થ થાય છે–જેટલા કાળે ત્રણ ચપટી વગાડાય તેટલા કાળમાં '**त्रिसप्तकृत्व:**' એકવીશ વાર '**अतिपरिवर्त्य**' ચારે તરફ ભમીને '**हव्वं**' શીઘ્ર આવે, સે શબ્દ મગધ દેશની પ્રસિદ્ધિ વડે અથશબ્દના અર્થમાં છે અને અથશબ્દનો અર્થ વાક્યનો પ્રારંભ વગેરે છે. કહ્યું છે કે–'**अथ प्रक्रियाप्रश्नानन्तर्यमङ्गलाधिकारवाक्योपन्यासेषु**' અથ શબ્દ પ્રક્રિયા, પ્રશ્ન આનન્તર્ય (પછી) મંગલ, અધિકાર અને વાક્યોપન્યાસ–રૂપ અર્થમાં વપરાય છે. તેમાં અહીં વાક્યના પ્રારંભમાં છે. તેની ભાવના આ પ્રમાણે છે–'**एवं**' એમ પ્રથમ વિવક્ષિત અર્થના બોધનું કારણ દૃષ્ટાંતનો પીઠિકાબંધ કહ્યો, હવે વિવક્ષિત અર્થના બોધનું કારણ દૃષ્ટાન્તવાક્ય કહેવાય છે. '**नुनं**' ખરેખર હે ગૌતમ! તે સંપૂર્ણ જંબૂદ્વીપ તે ગન્ધના ડાભડાથી નીકળેલા ઘણા ગન્ધના પુદ્ગલો વડે સ્પૃષ્ટ–વ્યાપ્ત થાય? કાકુ-પ્રશ્નધ્વનિ વડે આ સૂત્ર કહેવાય છે અને તેથી પ્રશ્નસૂત્ર જણાય છે. અથવા '**से**' પ્રશ્નના અર્થમાં છે. તેથી શીઘ્ર પ્રશ્ન કરે છે. હવે ગૌતમ કહે છે–હા, સ્પૃષ્ટ–વ્યાપ્ત થાય, કારણ કે ગન્ધપુદ્ગલો ચારે તરફ અતિ પ્રસરવાના સ્વભાવવાળાં હોય છે. ફરીથી ભગવાન્ કહે છે–'**छउमत्थे णं**' ઇત્યાદિ સુગમ છે. અહીં આ ભાવાર્થ છે–જેમ તે સંપૂર્ણ જંબૂદ્વીપમાં વ્યાપ્ત થયેલા ગન્ધ પુદ્ગલો સૂક્ષ્મ હોવાથી છદ્મસ્થોને ચક્ષુ આદિ ઇન્દ્રિયગોચર થતા નથી તેમ સર્વલોકવ્યાપી નિર્જરા પુદ્ગલો પણ ઇન્દ્રિયગમ્ય નથી. ઉપસંહાર કહે છે–'**ए सुहुमाणं**' ઇતિ. એટલા સૂક્ષ્મ નિર્જરા પુદ્ગલો કહ્યાં છે. ॥૨૫॥૭૧૬॥

**कम्हा णं भंते! केवली समुग्घायं गच्छति? गोयमा! केवलिस्स चत्तारि कम्मंसा अक्खीणा अवेदिया अणिज्जिण्णा भवंति, तं जहा—वेदणिज्जे, आउए, नामे, गोए, सव्वबहुप्पएसे से वेदणिज्जे कम्मे हवति, सव्वत्थोवे से आउए कम्मे हवइ, (भवति)। विसमं समं करोति बंधणेहिं ठितीहि य, विसमसमीकरणयाए बंधणेहिं ठितीहि य। एवं खलु केवली समोहण्णति, एवं खलु समुग्घायं गच्छति। सव्वेवि णं भंते! केवली समोहण्णंति, सव्वे वि णं भंते! केवली समुग्घातं गच्छंति? गोयमा! णो इणट्ठे समट्ठे।**

**जस्साउएण तुल्लाइं, बंधणेहिं ठितीहि य। भवोवग्गहकम्माइं, समुग्घायं से ण गच्छति।।१।।**
**अगंतूणं समुग्घायं, अणंता केवली जिणा। जर-मरणविप्पमुक्का, सिद्धिं वरगतिं गता।।२।। ।।सू०-२६।।७१७।।**

*(મૂ૦) હે ભગવન્! કેવલજ્ઞાની શા હેતુથી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે? હે ગૌતમ! કેવલજ્ઞાનીને ચાર કર્મના અંશો અક્ષીણ–નહિ ક્ષય પામેલા, નહિ વેદેલા અને નહિ નિર્જરેલા હોય છે. તે આ પ્રમાણે—વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. તેમાં તે કેવલીને સૌથી બહુ પ્રદેશવાળું વેદનીય (અને નામ, ગોત્ર) કર્મ હોય છે અને સૌથી થોડા પ્રદેશવાળું આયુષ્ય કર્મ હોય છે ત્યારે તેને બન્ધન—કર્મ પ્રદેશો વડે અને સ્થિતિ વડે વિષમ હોય તેને સમાન કરે છે બન્ધન—કર્મ પ્રદેશો અને સ્થિતિ વડે વિષમને સમાન કરવા માટે કેવલી સમુદ્ઘાત કરે છે. એ પ્રમાણે ખરેખર કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે હે ભગવન્! બધા ય કેવલી સમુદ્ઘાત કરે છે, બધા ય કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે? હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી. "જેને આયુષ્યના તુલ્ય બન્ધન–પ્રદેશો અને સ્થિતિ વડે ભવોપગ્રહ—ભવના હેતુભૂત કર્મ છે તે સમુદ્ઘાત કરતો નથી. સમુદ્ઘાતને પ્રાપ્ત થયા સિવાય અનન્તા કેવલી જિનો જરા અને મરણથી મુક્ત થયેલા શ્રેષ્ઠ ગતિ રૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલા હોય છે." ॥૨૬॥૭૧૭॥*

(ટી૦) હવે જે કારણથી કેવલીસમુદ્ઘાતનો આરંભ કરે છે તે સંબન્ધે પ્રશ્ન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર આ પ્રશ્નસૂત્ર કહે છે—'**कम्हा णं**' ઇત્યાદિ. શા કારણથી હે ભગવન્! કેવલી–કેવલજ્ઞાનસહિત સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે? સમુદ્ઘાતનો આરંભ કરે છે? કારણ કે તે કૃતકૃત્ય છે. ભગવાન્ ઉત્તર આપે છે—'ગૌતમ!' ઇત્યાદિ. હે ગૌતમ! કેવલીને ચાર કર્માંશો–કર્મના ભેદો '**अक्षीणा:**'- ક્ષય નહિ પામેલા, શાથી? એ કહે છે—'**अवेदिता:**' નહિ વેદેલા છે તેથી. અહીં 'નિમિત્ત, કારણ અને હેતુમાં પ્રાય: સર્વ વિભક્તિઓ થાય છે' એ વ્યાકરણના નિયમને અનુસરી અહીં હેતુમાં પ્રથમા વિભક્તિ થયેલી છે. તેથી આ અર્થ થાય છે–જેથી વેદેલા નથી તેથી ક્ષય પામેલા નથી. કર્મનો ક્ષય પ્રદેશ વડે કે વિપાક વડે કર્મને વેદવાથી થાય છે–"**सव्वं च पएसतया भुज्जई कम्ममणुभावतो**

भइयं" સર્વ કર્મ પ્રદેશરૂપે ભોગવાય છે, પણ અનુભાવથી ભજના-વિકલ્પ સમજવો-ઇત્યાદિ શાસ્ત્રનું વચન છે. તેથી તે ચારે કર્મો વેદ્યા નથી માટે ક્ષય પામેલા નથી, એનીજ પર્યાયથી વ્યાખ્યા કરે છે-'**अनिर्जीर्णाः**' આત્મપ્રદેશોથી સર્વથા નહિ નાશ પામેલા એવાં રહેલા છે. તેને નામોચ્ચાર પૂર્વક જણાવે છે-'**तं जहा**' ઇત્યાદિ સુગમ છે. તેમાં જ્યારે '**से**' તે કેવલજ્ઞાનીને સૌથી વધારે પ્રદેશવાળું વેદનીય કર્મ હોય અને ઉપલક્ષણથી નામ અને ગોત્રકર્મ પણ હોય છે અને સૌથી થોડા પ્રદેશવાળું આયુષ્યકર્મ હોય છે ત્યારે તે '**बंधणेहिं ठिईहिं**'તિ-બન્ધન અને સ્થિતિ વડે, **बध्यते यैस्ते**-ભવરૂપી કારાવાસથી નીકળતો પ્રાણી જે વડે પ્રતિબંધ પામે તે બન્ધનો, અહીં કરણમાં "અન" પ્રત્યય થયો છે. અથવા '**बध्यन्ते**' ઇતિ યોગનિમિત્તે આત્મપ્રદેશોની સાથે લોલીભાવ-તાદાત્મ્ય સ્વરૂપે બંધાય-સંશ્લેષને પ્રાપ્ત થાય તે બન્ધનો, અહીં કર્મમાં 'અન' પ્રત્યય થયો છે. બન્ને પ્રકારની વ્યુત્પત્તિમાં કર્મપરમાણુઓ જાણવા. સ્થિતિ-કર્મના અનુભવનો કાળ, તે પ્રમાણે ભાષ્યકારે કહ્યું છે કે-"**विसमं स करेइ समं समोहओ बंधणेहिं ठिईए य। कम्मदव्वाइ बंधणातिं कालो ठिई तेसिं॥**" સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો બન્ધનો અને સ્થિતિ વડે વિષમને સમાન કરે છે. બન્ધનો એટલે કર્મદ્રવ્યો અને તેઓનો કાળ તે સ્થિતિ જાણવી. તેથી તે બન્ધનો અને સ્થિતિ વડે વિષમ એવા વેદનીયાદિક કર્મને સમુદ્ઘાત કરવા વડે આયુષ્યના સમાન કરે છે. એ પ્રમાણે કેવલી ખરેખર બન્ધનો વડે અને સ્થિતિ વડે વિષમતાને પ્રાપ્ત થયેલા વેદનીયાદિક કર્મને '**समीकरणयाए**' સમાન કરવા માટે (અહીં તા પ્રત્યય સ્વાર્થિક છે.) '**समोहन्नइ**'-સમુદ્ઘાત કરે છે, સમુદ્ઘાત કરવાનો પ્રયત્ન કરે છે અને એ પ્રમાણે તે સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે-"**आयुषि समाप्यमाने शेषाणां कर्मणां च यदि समाप्तिः। न स्यात् स्थितिवैषम्यात् गच्छति स ततः समुद्घातम् ॥१॥ स्थित्या बन्धनेन च समीक्रीयार्थं हि कर्मणा तेषाम्। अन्तमुर्हूर्तशेष तदायुषि समुज्जिघांसति सः॥**" આયુષ્ય પુરું થતાં બાકીના બીજા કર્મોની જો સમાપ્તિ ન થાય તો તે સ્થિતિના વિષમપણાથી તે સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે: સ્થિતિ અને બન્ધન વડે તે કર્મોને સમાન કરવા માટે તેનું આયુષ્ય જ્યારે અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે તે સમુદ્ઘાત કરવાને ઇચ્છે છે.

(પ્ર૦)-'વધારે સ્થિતિવાળાં વેદનીયાદિ કર્મને આયુષ્યના સમાન કરવા માટે સમુદ્ઘાત કરે છે' એમ કહ્યું તે યુક્ત નથી, કારણ કે કૃતનાશાદિ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે-લાંબા કાળ સુધી ભોગવવા યોગ્ય વેદનીયાદિ કર્મનો થોડા કાળમાં નાશ થવાનો સંભવ હોવાથી કૃતનાશ દોષ પ્રાપ્ત થાય છે, અને વેદનીયાદિ કર્મની પેઠે કરેલા કર્મક્ષયનો પણ ફરી નાશ થવાનો સંભવ હોવાથી મોક્ષને વિષે પણ અવિશ્વાસ-અશ્રદ્ધાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

(ઉ૦)-તે સત્ય નથી, કારણ કે કૃતનાશાદિ દોષનો પ્રસંગ નથી. તે આ પ્રમાણે-અહીં જેમ પ્રતિદિવસ સેતિકા-એક શેર ખોરાક ખાવા વડે સો વરસ ચાલે તેટલા ખોરાકને ભસ્મક વ્યાધિ વડે તેના સામર્થ્યથી થોડા દિવસમાં બધો ખોરાક ખાઇ જવાથી કૃતનાશ દોષની પ્રાપ્તિ થતી નથી, તેમ વેદનીયાદિ કર્મનો પણ તથાવિધ શુભ અધ્યવસાયના અનુબંધથી ઉપક્રમ-ઘાત થવા વડે બધાનો ઉપભોગ થવાથી કૃતનાશરૂપ દોષનો પ્રસંગ નથી. કારણ કે બે પ્રકારે કર્મનો અનુભવ થાય છે-વિપાકથી અને પ્રદેશથી. તેમાં પ્રદેશથી બધાય કર્મ ભોગવાય છે. એવું કોઇ કર્મ નથી કે જે પ્રદેશથી અનુભવ કર્યા સિવાય ક્ષય પામે. તેથી શી રીતે કૃતનાશ દોષનો પ્રસંગ પ્રાપ્ત થાય? વિપાકથી કોઇ કર્મ ભોગવાય છે અને કોઇ કર્મ ભોગવાતું નથી. જો એમ ન હોય તો, એટલે બધું વિપાકથી જ ભોગવાય તો મોક્ષના અભાવનો પ્રસંગ થાય. તે આ પ્રમાણે-જો વિપાકાનુભવથી જ બધું કર્મ ક્ષય કરવું જોઇએ એવો નિયમ હોય તો અસંખ્યાતા ભવોમાં તેવા પ્રકારના વિચિત્ર અધ્યવસાય વિશેષ વડે જે નરકગત્યાદિ કર્મ બાંધ્યું હોય તેનો એક મનુષ્યાદિ ભવમાં વિપાક વડે અનુભવ ન થાય. કારણ કે તેવા પ્રકારના વિપાકાનુભવનું નિમિત્ત પોતપોતાનો ભવ હોય છે. તેથી અનુક્રમે પોતપોતાના ભવના નિમિત્ત વડે વેદવામાં નારકાદિ ભવોમાં ચારિત્રના અભાવ વડે ઘણા કર્મનો ઉપચય થવાથી અને તેનો પણ પોતપોતાના ભવરૂપ નિમિત્ત વડે અનુભવ કરવાનો હોવાથી ક્યાંથી મોક્ષ થાય? તે માટે સર્વ કર્મનો વિપાકથી અનુભવ ભજનાએ-વિકલ્પે જાણવો અને પ્રદેશથી અવશ્ય ભોગવવું જોઇએ એમ માનવું. તેથી કોઇ પણ દોષ નથી.

(પ્ર૦)-એમ છતાં દીર્ઘ કાળ સુધી ભોગવવા યોગ્યપણે તે વેદનીયાદિ કર્મ બાંધેલું છે અને ઉપક્રમ વડે તેના પરિમાણ કરતાં

થોડા કાળમાં જ તેનો અનુભવ પ્રાપ્ત થાય છે. તો એ પ્રમાણે પણ કૃતનાશ દોષનો પ્રસંગ કેમ નથી?

(ઉ૦)—તે કથન પણ સત્ય નથી. કારણ કે બન્ધ સમયે જ તેવા પ્રકારના અધ્યવસાયથી પ્રારંભમાં ઉપક્રમને યોગ્ય જ કર્મ બાંધેલું છે. વળી જિનવચનના પ્રામાણ્યથી પણ વેદનીયાદિ કર્મનો ઉપક્રમ જાણવો. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—'**उदयक्खयखओवसमा जं च कम्मुणो भणिया। दव्वाइपंचगं पइ जुत्तमुवक्कमणमेत्तो वि॥**' કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ કહ્યા છે તે દ્રવ્યાદિ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ એ પાંચેને આશ્રયી કહ્યા છે. માટે એથી પણ ઉપક્રમ થવો યુક્ત છે. એ પ્રમાણે મોક્ષના ઉપક્રમનું કંઇ પણ કારણ નથી, જેથી તેમાં અવિશ્વાસનો પ્રસંગ પ્રાપ્ત થાય? જે પ્રકારે મોક્ષના ઉપક્રમનો કોઇ પણ હેતુ નથી તે પ્રકારે છેલ્લા સૂત્રમાં વિચાર કરશે. તેથી જે કહ્યું છે કે વેદનીયાદિની પેઠે કરેલા કર્મક્ષયનો પણ ફરી નાશ થવાનો સંભવ હોવાથી મોક્ષને વિષે અવિશ્વાસ થશે—એ પણ યુક્તિયુક્ત નથી.

અહીં અન્ય પૂર્વપક્ષી શંકા કરે છે—જ્યારે વેદનીયાદિ કર્મ ઘણું વધારે હોય અને સૌથી થોડું આયુષ્ય હોય ત્યારે અધિક વેદનીયાદિ કર્મનો ઘાત કરવા માટે ભલે સમુદ્ઘાત કરે, કારણ કે વેદનીયાદિ કર્મ સોપક્રમ છે, પણ જ્યારે આયુષ્ય કર્મ અધિક હોય અને સૌથી થોડું વેદનીયાદિ કર્મ હોય ત્યારે શું સમજવું? ખરેખર અધિક આયુષ્યકર્મનો ઘાત કરવા માટે સમુદ્ઘાત કરતો નથી, કારણ કે ચરમશરીરવાળાનું આયુષ્ય નિરુપક્રમ હોય છે. "**चरमशरीरा निरुवक्कमा**" ચરમશરીરી નિરુપક્રમ હોય છે' એવું શાસ્ત્રવચન છે. તે (આયુષ્ય કર્મ અધિક હોય આ વાત) અયુક્ત છે, કારણ કે આવા પ્રકારની પરિસ્થિતિ કદાપિ હોતી નથી. જેમ કે હમેશાં વેદનીયાદિક જ આયુષ્ય કરતાં અધિક સ્થિતિવાળાં હોય છે. કદિ પણ વેદનીયાદિ કરતાં આયુષ્ય અધિક સ્થિતિવાળું હોતુ નથી. આવો નિયમ શાથી જાણવો? તેનો ઉત્તર એ છે કે પરિણામના સ્વભાવથી જાણી શકાય છે. તે આ પ્રમાણે 'આવા પ્રકારનોજ આત્માનો પરિણામ છે કે જેથી આયુષ્ય વેદનીયાદિના સમાન હોય કે તેથી ન્યૂન હોય, કદિપણ અધિક ન હોય. જેમ કે આયુષ્યનો જ અધ્રુવબન્ધ થાય છે. તે આ પ્રમાણે—આયુષ્ય સિવાયના સાતેય જ્ઞાનાવરણાદિ કર્મો સર્વદા બંધાય છે અને આયુષ્ય તો પોતાના ભવના ત્રીજા ભાગ વગેરે શેષ કાળેજ બંધાય છે. તેમાં એવા પ્રકારની વિચિત્રતાના નિયમમાં સ્વભાવ સિવાય બીજો કોઇ હેતુ નથી, એ પ્રમાણે અહીં પણ સ્વભાવ વિશેષ જ નિયામક જાણવો. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—"**असमठिईणं नियमो को थोवं आउयं न सेसं ति। परिणामसहावाओ अधुवं बन्धो वि तस्सेव॥**" વિષમસ્થિતિવાળા કર્મમાં શો નિયમ છે કે થોડું આયુષ્ય હોય છે. પણ બાકીના કર્મ થોડા હોતા નથી? પરિણામના સ્વભાવથી છે અને તેથીજ આયુષ્યકર્મનો અધ્રુવબંધ હોય છે.

હવે વિશેષ જાણવા માટે ગૌતમ! ભગવંતને પૂછે છે—'**सव्वे वि णं**' ઇત્યાદિ. બધાય કેવલજ્ઞાની **समवघ्नन्ति**-સમુદ્ઘાતને માટે પ્રયત્ન કરે છે અને પ્રયત્ન કર્યા પછી બધાય કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થાય છે? એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કર્યો એટલે ભગવાન્ ઉત્તર કહે છે—હે ગૌતમ! એ અર્થ યુક્ત નથી. તાત્પર્ય એ છે કે બધાય કેવલી સમુદ્ઘાતને માટે પ્રયત્ન કરતા નથી અને સમુદ્ઘાતને પણ પ્રાપ્ત થતા નથી. પરન્તુ જેઓના વેદનીયાદિ કર્મ આયુષ્યથી અધિક હોય છે તે સમુદ્ઘાત કરે છે. જેના વેદનીયાદિ કર્મો સ્વભાવથીજ આયુના સમાનસ્થિતિવાળાં હોય તે સમુદ્ઘાત કર્યા સિવાય જ તેનો ક્ષય કરીને સિદ્ધ થાય છે. તે પ્રમાણે સૂત્રકાર કહે છે—'**जस्स**' ઇત્યાદિ. જે કેવલીના આયુષ્યના તુલ્ય ભવોપગ્રહ કર્મો છે, ભવ-મનુષ્યભવમાં '**उप-समीपे गृह्यते**'-ગ્રહણ કરાય-અવલંબન કરાય જેઓ વડે તે ભવોપગ્રહ-વેદનીય, નામ અને ગોત્રકર્મ, તે બન્ધન-કર્મપ્રદેશો વડે અને સ્થિતિ વડે સમાન હોય છે તે સમુદ્ઘાતને પ્રાપ્ત થતા નથી, પણ સમુદ્ઘાત કર્યા સિવાય જ તેને ખપાવી સિદ્ધિરૂપી મહેલમાં બિરાજે છે એ ભાવાર્થ છે. એ સંબન્ધે કહ્યું છે કે—"**जस्स उ तुल्लं भवइ य कम्मचउक्कं सभावत्तो जो य। सो अकयसमुग्घाओ सिज्झइ जुगवं खवेऊणं**"॥ જેના ચારે કર્મ સ્વભાવથી તુલ્ય છે એવો જે કેવલી તે સમુદ્ઘાત કર્યા સિવાય એક સાથે કર્મનો ક્ષય કરીને સિદ્ધ થાય છે." આ ભાવ કદાચિત જ હોય છે કે બહુદા હોય છે? તેથી કહે છે—'**अगंतूण समुग्घायं**' ઇત્યાદિ. સમુદ્ઘાતને-કેવલીસમુદ્ઘાતને પ્રાપ્ત કર્યા સિવાય સિદ્ધિ-ચરમગતિને પ્રાપ્ત થયેલા છે એ ક્રિયાનો સંબન્ધ જાણવો. કેટલા? એ માટે સૂત્રકાર કહે છે—'**अनन्ताः**' અનન્ત, કેવલજ્ઞાન અને કેવલદર્શનસહિત એવા, આ કથન વડે જેઓ 'બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને

સંસ્કાર–એ નવ આત્માના ગુણોનો અત્યંત ઉચ્છેદ થવો એ મોક્ષ–એમ માને છે તેના મતનો નિરાસ કર્યો છે એમ સમજવું. કારણ કે **જ્ઞાન એ આત્માનો નિરુપચરિત-વાસ્તવિક સ્વભાવ છે અને તેથી તેનો વિનાશ થતો નથી.** અન્યથા આત્માનોજ અભાવ થાય. આત્માનો નિરન્વય–સર્વથા નાશ થતો નથી. કારણ કે સતનો સર્વથા વિનાશ ઘટતો નથી. "**नासतो विद्यते भावो नाभावो विद्यते सतः**" અસદ્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી અને સદ્ વસ્તુનો નાશ થતો નથી. એ ન્યાય છે. 'જિનો'–જેણે રાગાદિશત્રુઓને જિત્યા છે એવા, આ કથન વડે ગોશાલકના મતનો નિરાસ કર્યો. કારણ કે તેના મતે મુક્તિપદને પ્રાપ્ત થયેલ હોવા છતાં પણ તેને વાસ્તવિક રીતે વીતરાગ માનતા નથી, કેમકે મુક્તિપદને પ્રાપ્ત થયા હોવા છતાં પણ તીર્થનો તિરસ્કાર થતો જોઇને અહીં આવે છે–એવું તેમનું કથન છે. પણ વીતરાગનું પરાભવની વૃદ્ધિથી અહીં આવવું અસંભવિત છે. પુનઃ કેવા છે? તે કહે છે—'**जरामरणविप्रमुक्ताः**' જરા અને મરણથી રહિત છે. જરા અને મરણનું ગ્રહણ અન્યનું ઉપલક્ષણ–સૂચક છે, તેથી સમસ્ત રોગ અને શોકાદિ સાંસારિક ક્લેશથી મુકાયેલા જાણવા. એ વડે એકાન્તથી મોક્ષસુખનું ઉપાદેયપણું કહે છે. કારણ કે અન્યને એવા પ્રકારના સ્વરૂપવાળા સ્થાનનો અસંભવ છે. સંસારમાં શ્રેષ્ઠ સુખને પ્રાપ્ત થયેલું હોય તો પણ એવા પ્રકારનું સ્થાન નથી. કારણ કે સર્વ વસ્તુનું પણ છેવટે મરણ–વિનાશ છે. સિદ્ધિ–સર્વકર્મના ક્ષય વડે આત્માનું સ્વરૂપમાં અવસ્થાન, એવી વર–સર્વગતિમાં ઉત્તમ તે વરગતિરૂપ સિદ્ધિને પ્રાપ્ત થયેલા છે.

હવે સર્વ કેવલી સમુદ્ઘાતને પ્રાપ્ત થતા પ્રથમ આવર્જીકરણ કરે છે. તે પ્રમાણે કેવલિસમુદ્ઘાતની પ્રક્રિયા કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર સમુદ્ઘાતશબ્દના વ્યાખ્યાનપૂર્વક કહે છે—"**तत्थाउअंससाहियकम्मसमुग्घायणं समुग्घाओ। तं गंतुमणा पुव्व आउज्जीकरणं उवेइ**" તેમાં આયુષ્યના અંશથી અધિક કર્મનો ઘાત કરવો તે સમુદ્ઘાત, તેને પ્રાપ્ત થવાની ઇચ્છાવાળા કેવલી પૂર્વે આવર્જીકરણ કરે છે. આવર્જીકરણનો શો શબ્દાર્થ છે? આવર્જન કરવું–આત્માને મોક્ષના અભિમુખ કરવો, મોક્ષ પ્રતિ જોડવો એ તાત્પર્ય છે. અથવા '**आवर्ज्यते अनेन**' જે વડે મોક્ષ અભિમુખ કરાય તે આવર્જ–શુભ, મન, વચન અને કાયાનો વ્યાપાર વિશેષ. કહ્યું છે કે "**आवज्जणमुवओगो वावारं वा**" આવર્જન–ઉપયોગ અથવા વ્યાપાર. તેથી બન્ને સ્થળે પણ પૂર્વે ન હોય તેનું કરવું એ વિવક્ષામાં 'ચ્વિ' પ્રત્યય થવાથી આવર્જીકરણ કહેવાય છે. બીજા આચાર્યો આવર્જિતકરણ એવો શબ્દ કહે છે, તેનો આ શબ્દાર્થ છે–આવર્જિત–અભિમુખ–સન્મુખ કરાયેલો. લોકમાં એમ બોલે છે કે '**आवर्जितोऽयं मया**'.મેં તેને સન્મુખ કરેલો છે. તથાભવ્યત્વ વડે આવર્જિત–મોક્ષ સન્મુખ કરાયેલા આત્માનું કરણ–શુભયોગનો વ્યાપાર તે આવર્જિતકરણ. બીજા આચાર્યો '**आउज्जियाकरण**' એવો પાઠ કહે છે. તેનો શબ્દસંસ્કાર આ પ્રમાણે કરે છે—'**आयोजिकाकरणं**' અહીં અન્વયાર્થ આ છે–આજ્ઞામર્યાદા અર્થમાં છે '**आं**' કેવલિની દષ્ટિવડે યોજન–શુભ યોગોનો વ્યાપાર અહીં ભાવમાં '**अक**' પ્રત્યય થવાથી આયોજિકાકરણ થાય છે. અન્ય આચાર્યો '**आउस्सियाकरण**' કહે છે. તેનો પણ આ અન્વર્થ–વ્યુત્પત્તિ–નો અર્થ થાય છે–આવશ્યક–અવશ્યપણે કરવું તે આવશ્યકકરણ. જેમકે કેટલાએક કેવલી સમુદ્ઘાત કરે અને કેટલા ન કરે, પરન્તુ આ આવશ્યકકરણ તો બધા ય કેવલી કરે છે. ॥૨૬॥૭૧૭॥

**कतिसमइए णं भंते! आउज्जीकरणे पन्नत्ते? गोयमा! असंखेज्जसमइए अंतोमुहुत्तिए आउज्जीकरणे पण्णत्ते। कतिसमइए णं भंते! केवलिसमुग्घाए पन्नत्ते? गोयमा! अट्ठसमइते पन्नत्ते, तं जहा—पढमे समए दंडं करेति, बीइए समए कवाडं करेति, ततिए समए मंथ करेति, चउत्थे समए लोगं पूरेइ, पंचमे समए लोयं पडिसाहरति, छट्ठे समए मंथं पडिसाहरति, सत्तमे समए कवाडं पडिसाहरति, अट्ठमे समए दंडं पडिसाहरति, दंडं पडिसाहरित्ता तओ पच्छा सरीरत्थे भवति ।।सू०-२७।७१८।।**

*(મૂ૦) હે ભગવન્! કેટલા સમયનું આયોજીકરણ કહ્યું છે? હે ગૌતમ! અસંખ્યાતા સમયના અન્તર્મુહુર્ત પ્રમાણ આયોજીકરણ કહ્યું છે. હે ભગવન્! કેવલી સમુદ્ઘાત કેટલા સમયનો છે? હે ગૌતમ! આઠ સમય પ્રમાણ કહ્યો. તે આ પ્રમાણે—પ્રથમ સમયે*

*દણ્ડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મન્થાન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છ—લોકવ્યાપી થાય છે, પાંચમા સમયે લોકને સંહરે છે, છઠ્ઠા સમયે મંથાન સંહરે છે. સાતમા સમયે કપાટ સંહરે છે, આઠમા સમયે દણ્ડ સંહરે છે અને દણ્ડને સંહરી શરીરસ્થ થાય છે. ॥૨૭॥૭૧૮॥*

(ટી૦) હવે આ આવર્જીકરણના કાળનું પ્રમાણ બતાવવા માટે પ્રશ્ન અને ઉત્તર સૂત્ર કહે છે—'**कइसमइए णं**' હે ભગવન્! આવર્જીકરણ કેટલા સમય પ્રમાણ છે? ઇત્યાદિ સુગમ છે. આવર્જીકરણ કર્યા પછી તુરત કેવલીસમુદ્ઘાતનો આરંભ કરે છે–તે કેટલા સમયનો હોય છે? એ આશંકામાં તેના સમયનું નિરુપણ કરવા માટે કહે છે—'**कइसमइए णं**' ઇત્યાદિ. 'હે ભગવન્! કેવલીસમુદ્ઘાત કેટલા સમયનો છે? ઇત્યાદિ સુગમ છે. તેમાં જે સમયે જે કરે છે તે બતાવે છે—'તં જહા–પઢમે સમએ' ઇત્યાદિ. આ પણ સુગમ છે. કારણ કે તેની પૂર્વે વ્યાખ્યા કરી છે. પરન્તુ તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–જેમ આદિના ચાર સમયોમાં અનુક્રમે આત્મપ્રદેશોનો વિસ્તાર થાય છે, તેમ પ્રતિલોમ–ઉલટા ક્રમ વડે સંહરણ થાય છે. એ સંબંધે અન્ય સ્થળે પણ કહ્યું છે—"**उड्ढं अहो य लोगंतगामिणं सो सदेहविक्खंभं। पढमे समयंमि दंडं करेइ बिइयंमि य कवाडं ॥१॥ तइयसमयंमि मंथं चउत्थए लोगपूरणं कुणइ। पडिलोमं साहरणं काउं तो होइ देहत्थो ॥२॥**" પ્રથમ સમયે ઊર્ધ્વ અને અધો લોકાન્ત સુધી જવાવાળો સ્વદેહ પ્રમાણ વિસ્તારવાળો દંડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મંથાન કરે છે અને ચોથા સમયે લોકને વ્યાપ્ત કરે છે. પછી ઉલટા ક્રમ વડે સંહરણ કરી ત્યાર બાદ શરીરમાં સ્થિત થાય છે. ॥૨૭॥૭૧૮॥

**से णं भंते! तहा समुग्घायगते किं मणजोगं जुंजति, वइजोगं जुंजइ, कायजोगं जुंजति? गोयमा! णो मणजोगं जुंजति, नो वइजोगं जुंजति, कायजोगं जुंजति। कायजोगे णं भंते! जुंजमाणे किं ओरालियसरीरकायजोगं जुंजति, ओरालियमीसासरीरकायजोगं जुंजति, किं वेउव्वियसरीरकाययोगं जुंजति, वेउव्वियमीसासरीरकायजोगं जुंजति, किं आहारगसरीरकायजोगं, (जुंजइ) आहारगमीसासरीरकायजोगं जुंजति? किं कम्मगसरीरकायजोगं जुंजइ? गोयमा! ओरालियसरीरकायजोगंपि जुंजति, ओरालियमीसासरीरकायजोगं पि जुंजति, णो वेउव्वियसरीरकाययोगं जुंजति, णो वेउव्वियमीसासरीरकायजोगं जुंजति, णो आहारगसरीरकायजोगं जुंजति, णो आहारगमीसासरीरकायजोगं जुंजति, कम्मगसरीरकायजोगं पि जुंजति, पढमऽट्ठमेसु समएसु ओरालियसरीरकायजोगं जुंजति, बितिय-छट्ठ-सत्तमेसु समएसु ओरालियमीसासरीरकायजोगं जुंजति, ततिय-चउत्थ-पंचमेसु समएसु कम्मगसरीरकायजोगं जुंजति ।।सू०-२८।।७१९।।**

*(મૂ૦) હે ભગવન્! તે પ્રકારે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો શું મનોયોગનો વ્યાપાર કરે છે, વચનયોગનો વ્યાપાર કરે છે કે કાયયોગનો વ્યાપાર કરે છે. હે ગૌતમ! મનોયોગનો વ્યાપાર કરતા નથી, વચનયોગનો વ્યાપાર કરતો નથી પણ કાયયોગનો વ્યાપાર કરે છે. હે ભગવન્! કાયયોગનો વ્યાપાર કરતો શું ઔદારિક કાયયોગનો વ્યાપાર કરે છે? ઔદારિકમિશ્રશરીરકાયયોગનો વ્યાપાર કરે છે? શું વૈક્રિયશરીરકાયયોગનો વ્યાપાર કરે છે? વૈક્રિયમિશ્રશરીરકાયયોગનો વ્યાપાર કરે છે? શું આહારકશરીરકાયયોગનો વ્યાપાર કરે છે? શું આહારક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરે છે? શું કાર્મણ શરીર કાયયોગનો વ્યાપાર કરે છે? હે ગૌતમ! ઔદારિકશરીરકાયયોગનો પણ વ્યાપાર કરે છે, ઔદારિકમિશ્રશરીરકાયયોગનો પણ વ્યાપાર કરે છે અને કાર્મણશરીરકાયયોગનો પણ વ્યાપાર કરે છે. પણ વૈક્રિય શરીર કાયયોગનો વ્યાપાર કરતો નથી, વૈક્રિયમિશ્રશરીરકાયયોગનો પણ વ્યાપાર કરતો નથી, આહારકશરીરકાયયોગનો પણ વ્યાપાર કરતો નથી અને આહારમિશ્રશરીરકાયયોગનો પણ વ્યાપાર કરતો નથી, પહેલા અને આઠમા સમયમાં ઔદારિકશરીરકાયયોગનો વ્યાપાર કરે છે, બીજા, છઠ્ઠા અને સાતમામાં ઔદારિક મિશ્ર શરીર કાયયોગનો વ્યાપાર કરે છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં કાર્મણશરીરકાયયોગનો વ્યાપાર કરે છે. ॥૨૮॥૭૧૯॥*

(ટી૦) આ સમુદ્‌ઘાત કરવામાં જે યોગની પ્રવૃત્તિ થાય છે તેને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—'से णं भंते!' ઇત્યાદિ. સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો શું મનોયોગનો વ્યાપાર કરે? ઇત્યાદિ. તેમાં તે મનોયોગ અને વચનયોગનો વ્યાપાર કરતો નથી. કારણ કે તેનું પ્રયોજન નથી. એ સંબન્ધે ધર્મસારની મૂલ ટીકામાં હરિભદ્રસૂરિ કહે છે—"मनोवचसी तदा न व्यापारयति, प्रयोजनाभावत्॥" તે વખતે પ્રયોજન નહિ, હોવાથી મન અને વચનનો વ્યાપાર કરતો નથી. કાયયોગનો વ્યાપાર કરતો ઔદારિક કાયયોગ, ઔદારિક મિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગનો વ્યાપાર કરે છે, શેષ કાયયોગનો વ્યાપાર કરતો નથી, કારણ કે લબ્ધિનો ઉપયોગ નહિ કરતો હોવાથી બાકીના કાયયોગનો અસંભવ છે. તેમાં પ્રથમ અને આઠમા સમયે કેવળ ઔદારિક શરીરનો જ વ્યાપાર કરે છે માટે ઔદારિક કાયયોગ છે. બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિક અને કાર્મણશરીરનો વ્યાપાર છે, માટે ઔદારિકમિશ્રકાયયોગ છે. ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કેવળ કાર્મણશરીરના વ્યાપારવાળો છે માટે કાર્મણકાયયોગ છે. એ સંબંધે ભાષ્યકાર કહે છે—"न किर समुग्घातगतो मणवइजोगप्पयोयणं कुणइ। ओरालियजोगं पुण जुंजइ पढमट्ठमे समए ॥१॥ उभयव्वावाराओ तम्मीसं बीयछट्ठसत्तमए। तियचउत्थपंचमे तु कम्मगं तम्मत्तचेट्ठाओ॥" ખરેખર સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો મન અને વચનયોગનો વ્યાપાર કરતો નથી, પરન્તુ પ્રથમ અને આઠમા સમયે ઔદારિકયોગનો વ્યાપાર કરે છે, ઔદારિક અને કાર્મણ બન્નેનો વ્યાપાર હોવાથી ઔદારિકમિશ્રકાયયોગ બીજા, છઠ્ઠા અને સાતમા સમયે છે. ત્રીજા ચોથા અને પાંચમા સમયે માત્ર કાર્મણ શરીરની ચેષ્ટા હોવાથી કાર્મણયોગ હોય છે. ॥૨૮॥૭૧૯॥

**से णं भंते! तहा समुग्घायगते सिज्झति बुज्झति मुच्चति परिणिव्वाति सव्वदुक्खाणं अंतं करेति? गोयमा! णो इणट्ठे समट्ठे। से णं तओ पडिनियत्तति, पडिनियत्तित्ता ततो पच्छा मणजोगं पि जुंजति, वइजोगं पि जुंजइ, कायजोगं पि जुंजति? मणजोगण्णं जुंजमाणे किं सच्चमणजोगं जुंजति, मोसमणजोग जुंजति, सच्चामोसमणजोगं जुंजति, असच्चामोसमणजोग जुंजति? गोयमा! सच्चमणजोगं जुंजति, णो मोसमणजोगं जुंजति, णो सच्चामोसमणजोगं जुंजति, असच्चामोसमणजोगं पि जुंजति, वयजोगं जुंजमाणे किं सच्चवइजोगं जुंजति, मोसवइजोगं जुंजति, सच्चामोसवइजोगं जुंजति, असच्चामोसवइजोगं जुंजति? गोयमा! सच्चवइजोगं जुंजति, णो मोसवइजोगं जुंजति, णो सच्चामोसवइजोगं जुंजति, असच्चामोसवइजोगं पि जुंजति, कायजोगं जुंजमाणे आगच्छेज्ज वा गच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज वा तुयट्टेज्ज वा उल्लंघेज्ज वा पलंघेज्ज वा, पडिहारियं पीढ-फलग-सेज्जा-संथारगं पच्चप्पिणेज्जा ।।सू०-२९।।७२०।।**

*(મૂ૦) હે ભગવન્! તે પ્રમાણે સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય, બુદ્ધ થાય, મુક્ત થાય, નિર્વાણ પામે અને સર્વ દુઃખોનો અન્ત કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ—યુક્ત નથી. તે સમુદ્‌ઘાતથી નિવૃત્ત થાય છે, નિવૃત્ત થઈને ત્યાર બાદ મનોયોગનો પણ વ્યાપાર કરે છે, વચનયોગનો પણ વ્યાપાર કરે છે અને કાયયોગનો પણ વ્યાપાર કરે છે. મનોયોગનો વ્યાપાર કરતો શું સત્ય મનોયોગનો વ્યાપાર કરે, મૃષામનોયોગનો વ્યાપાર કરે, સત્યમૃષામનોયોગનો વ્યાપાર કરે કે અસત્યામૃષામનોયોગનો વ્યાપાર કરે? હે ગૌતમ! સત્યમનોયોગનો વ્યાપાર કરે, મૃષા મનોયોગનો વ્યાપાર ન કરે, સત્યમૃષા મનોયોગનો વ્યાપાર ન કરે, અસત્યામૃષા મનોયોગનો વ્યાપાર કરે. વચનયોગનો વ્યાપાર કરતો શું સત્યવચનયોગનો વ્યાપાર કરે, મૃષા વચનયોગનો વ્યાપાર કરે, સત્યમૃષા વચનયોગનો વ્યાપાર કરે કે અસત્યામૃષા વચનયોગનો વ્યાપાર કરે? હે ગૌતમ! સત્યવચનયોગનો વ્યાપાર કરે, મૃષા વચનયોગનો વ્યાપાર ન કરે, અસત્યમૃષા વચનયોગનો વ્યાપાર ન કરે, પણ અસત્યામૃષા વચનયોગનો વ્યાપાર કરે. કાયયોગનો વ્યાપાર કરતો આવે, જાય, ઉભો રહે, બેસે, આળોટે, ઉલ્લંઘન કરે કે પ્રલંઘન કરે, પ્રાતિહારિક—પાસે રહેલા પીઠ—આસન, ફલક—પાટીઉં, શય્યા અને સંથારો પાછા આપે. ॥૨૯॥૭૨૦॥*

(ટી૦) સમુદ્‌ઘાત સંબન્ધે વિશેષ જાણવા માટે કહે છે—'से णं भंते'! ઇત્યાદિ. હે ભગવન્! તે કેટલી દંડ, કપાટ વગેરેના ક્રમ વડે

સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો સિદ્ધ થાય–કૃતાર્થ થાય, 'વર્તમાન કાળની સમીપનો કાળ પણ વર્તમાન જેવો વિકલ્પે કહેવાય છે' એવો વ્યાકરણ પ્રસિદ્ધ નિયમ હોવાથી સિદ્ધ થવાનો હોય તો પણ વ્યવહારથી સિદ્ધ થાય છે એમ કહેવાય છે, માટે કહે છે–**बुध्यते**- કેવલજ્ઞાન વડે જાણે છે કે હું નિશ્ચયથી સર્વ કર્મના ક્ષયથી કૃતાર્થ થઇશ? તેથી કહે છે–**परिनिर्वाति**–સમસ્ત પ્રકારે શાંત થાય છે, નિર્વાણ પામે છે? એ બાબતને પર્યાય શબ્દ વડે સ્પષ્ટ કરે છે–સર્વ દુઃખોનો અન્ત કરે છે? ભગવાન્ કહે છે– 'હે ગૌતમ! આ અર્થ સમર્થ–સંગત નથી કે 'જે સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો યાવત્સર્વ દુઃખોનો અન્ત કરે'. કારણ કે હજી પણ તેમણે યોગનિરોધ કર્યો નથી, સયોગીની આગળ કહેવામાં આવતી યુક્તિ વડે સિદ્ધિ થતી નથી. તેથી તે શું કરે છે? એ માટે કહે છે—'**से णं**' ઇત્યાદિ. તે–પ્રસ્તુત સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો સમુદ્ઘાતથી નિવૃત્ત થાય છે અને નિવૃત્ત થઇને ત્યાર પછી તુરત મનોયોગનો, વચનયોગનો અને કાયયોગનો વ્યાપાર કરે છે. કારણ કે તે ભગવાન્ નામ, ગોત્ર અને વેદનીયરૂપ ભવધારણીય કર્મ ઘણા હોય ત્યારે તેને અચિન્ત્ય પ્રભાવવાળા સમુદ્ઘાતના વશથી આયુષ્યના સમાન કર્યા બાદ અન્તર્મુહૂર્તમાં પરમપદ–મોક્ષ પ્રાપ્ત થવાનું હોવાથી તે કાળે જે અનુત્તરૌપપાતિક વગેરે દેવ મનથી પૂછે તો ઉત્તર આપવા માટે મનના પુદ્ગલો ગ્રહણ કરી મનોયોગનો વ્યાપાર કરે છે. તે પણ સત્ય કે અસત્યામૃષા રૂપ મનનો વ્યાપાર કરે છે. મનુષ્યાદિકે પુછ્યું હોય કે ન પુછ્યું હોય તો કાર્યવશથી વચનયોગના પુદ્ગલો ગ્રહણ કરી વચનયોગનો વ્યાપાર કરે છે અને તે સત્ય કે અસત્યામૃષારૂપ વચનનો વ્યાપાર કરે છે, બાકીના વચન અને મનના યોગનો વ્યાપાર–ક્રિયા કરતો નથી. કારણ કે તેના રાગાદિ ક્ષીણ થયા છે. ગમનાગમનાદિમાં ઔદારિક કાયયોગનો વ્યાપાર કરે છે. તે આ પ્રમાણે–ભગવાન્ કાર્ય નિમિત્તે કોઇ સ્થાનથી વિવક્ષિત સ્થાને આવે, અથવા ક્યાંઇ જાય, અથવા ઉભા રહે કે બેસે, **તેવા પ્રકારનો શ્રમ દુર કરવા માટે આળોટે** અથવા વિવક્ષિત સ્થાને તેવા પ્રકારના આવી પડતા જીવો વડે વ્યાપ્ત ભૂમિને જોઇને તેનો ત્યાગ કરવા માટે પ્રાણીઓની રક્ષા નિમિત્તે ઉલ્લંઘન અથવા પ્રલંઘન કરે. **તેમાં સ્વાભાવિક પાદ વિક્ષેપ-પગલા ભરવા, ગમન કરવા કરતાં કાંઇક અધિક ગમન કરવું તે ઉલ્લંઘન, તેથી વધારે મોટા પગલા ભરવા તે પ્રલંઘન.** અથવા પાસે રહેલા પીઠ–આસન, ફલક–પાટીયા, શય્યા–વસતિ અને સંથારો પાછા આપે એટલે જેની પાસેથી લાવેલા હોય તેને પાછા સોંપે. અહીં ભગવંત આર્યશ્યામસૂરિએ પાસે રહેલા આસન, ફલક–પાટીયા વગેરેને પાછા આપવાનું જ કહ્યું છે, તેથી જણાય છે કે અવશ્ય અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે જ આવર્જીકરણાદિ કરે છે પણ વધારે આયુષ્ય બાકી હોય ત્યારે કરતા નથી. જો એમ ન હોય તો તેને ગ્રહણ કરવાનો પણ સંભવ હોવાથી તેને ગ્રહણ પણ કરવા પડે. એ કથન વડે કોઇ આચાર્યો કહે છે– **'જઘન્યથી અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે અને ઉત્કૃષ્ટથી છ માસ બાકી હોય ત્યારે સમુદ્ઘાત કરે છે' તેનો નિરાસ જાણવો**. કારણ કે છ માસમાં વચ્ચે વર્ષાકાલનો પણ સંભવ હોવાથી તે નિમિત્તે આસન ફલકાદિનું ગ્રહણ પણ સંભવે, પરન્તુ તે સૂત્રને સંમત નથી, **માટે તે પ્રરુપણા ઉત્સૂત્ર જાણવી.** વળી આવશ્યકમાં પણ સમુદ્ઘાત કર્યા પછી તુરત શૈલેશીના કથનથી એ ઉત્સૂત્ર પ્રરુપણા જાણવી. તે સૂત્ર આ પ્રમાણે છે– "**दंडकवाडे मथंतरे य साहारणा सरीरत्थे। भासाजोगनिरोहे सेलेसी सिज्झणा चेव।**" દંડ, કપાટ, મંથન, આંતરા પૂરવા, સંહરણ, શરીરસ્થ, વચનયોગનિરોધ, શૈલેશી અને સિદ્ધ–મોક્ષ અનુક્રમે જાણવા. જો ઉત્કૃષ્ટથી છ માસનું અંતર પડે તો તે પણ કહે, પણ કહ્યું નથી. તે માટે અયુક્ત છે. તે પ્રમાણે ભાષ્યકાર કહે છે—"**कम्मलहुयाए समओ भिन्नमुहुत्तावसेसओ कालो। अन्ने जहन्नमेयं छम्मासुक्कोसमिच्छंति ॥१॥ तत्तोऽनंतरसेलेसीवयणओ जं च पाडिहारीणं। पच्चप्पणमेव सुए इहरा गहणंपि होज्जाहि।।**" કર્મ ઓછા કરવા નિમિત્તે (સમુદ્ઘાતનો) શેષ અન્તર્મુહૂર્તનો કાળ જાણવો. બીજા આચાર્યો એને જઘન્ય કાળ કહે છે અને છ માસનો ઉત્કૃષ્ટ કાળ માને છે. (તે અયુક્ત છે) કારણ કે પછી તુરત શૈલેશીનું કથન હોવાથી અને પાસે રહેલા પીઠ ફલકાદિનું પાછું આપવાનું જ સૂત્રમાં કહ્યું છે. અન્યથા તેને ગ્રહણ કરવાનું પણ હોય. અહીં એ પ્રમાણે અન્તર્મુહૂર્ત સુધી યથાસંભવ ત્રણ યોગના વ્યાપારવાળા કેવલી થઇને ત્યાર પછી અત્યન્ત સ્થિરતારૂપ, લેશ્યારહિત અને પરમ નિર્જરાનું કારણ ધ્યાનને અંગીકાર કરવાની ઇચ્છાવાળા યોગનો નિરોધ કરવા માટે પ્રારંભ કરે છે. કારણ કે યોગ હોય ત્યારે ઉક્ત સ્વરૂપવાળા ધ્યાનનો અસંભવ છે. તે આ પ્રમાણે–યોગનો પરિણામ તે લેશ્યા, કારણ કે યોગના અન્વય અને વ્યતિરેકને અનુસરે છે. તેથી જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી

લેશ્યા અવશ્ય હોય છે, તેથી લેશ્યારહિત, ધ્યાનનો સંભવ નથી. વળી જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી કર્મબન્ધ પણ છે. કારણ કે ''जोगा पयडिपएसं ठिइअणुभागं कसायओ कुणइ'' યોગથી પ્રકૃતિ અને પ્રદેશ બંધ કરે છે તથા સ્થિતિ અને અનુભાગબંધ કષાયથી કરે છે–એવું શાસ્ત્રવચન છે. કેવળ તે કર્મબંધ માત્ર યોગનિમિત્તક હોવાથી બે સમયનો છે. તે આ પ્રમાણે–પ્રથમ સમયે કર્મ બંધાય છે, બીજા સમયે વેદાય છે અને ત્રીજા સમયે તે કર્મ અકર્મરૂપે થાય છે. તેમાં જો કે બે સમયની સ્થિતિવાળા કર્મ કરાય છે અને પૂર્વ પૂર્વના કર્મ નાશ પામે છે, તો પણ સમયે સમયે નિરંતર કર્મ ગ્રહણ કરવામાં આવે તો મોક્ષ ન થાય અને અવશ્ય મોક્ષમાં જવાનું છે, તે માટે તે યોગનિરોધ કરે છે. કહ્યું છે કે ''स ततो योगनिरोधं करोति लेश्यानिरोधमभिकाङ्क्षन्। समयस्थितिं च बन्ध योगनिमित्तं निरुरुत्सुः ॥१॥ समये समये कर्मादाने सति सन्ततेर्न मोक्षः स्याद्। यद्यपि हि विमुच्यते स्थितिक्षयात् पूर्वकर्माणि॥ नाकर्मणो हि वीर्यं योगद्रव्येण भवति जीवस्य। तस्यावस्थानेन तु सिद्धः समयस्थितेर्बन्धः ॥३॥'' તે લેશ્યાનો નિરોધ કરવાને ઇચ્છતા અને યોગનિમિત્તે સમયસ્થિતિના બન્ધને રોકવાને ઇચ્છતા યોગનિરોધ કરે છે. સમયે સમયે કર્મ ગ્રહણ કરવામાં આવે તો કર્મ પ્રવાહને લીધે મોક્ષ ન થાય. જો કે સ્થિતિના ક્ષયથી પૂર્વ કર્મ મૂકાય છે અને કર્મરહિતનું યોગદ્રવ્ય વડે વીર્ય હોતું નથી પણ યોગના અવસ્થાન વડે સમયસ્થિતિનો બંધ થાય છે. બન્ધની સમયમાત્રની સ્થિતિ બન્ધના સમયને છોડીને જાણવી. ભાષ્ય પણ આ પૂર્વોક્ત સર્વ પ્રમેય અર્થને પુષ્ટ કરે છે. તે પ્રમાણે તેનો આ ગ્રન્થ છે–''विणिवित्तसमुग्घाओ तिण्णिवि जोगे जिणो पउंजिज्जा। सच्चमसच्चामोसं च सो मणं तह वइजोगं ॥१॥ ओरालियकायजोगं गमणाई पाडिहारियाणं वा। पच्चपणं करेज्जा जोगनिरोहं तओ कुणइ ॥२॥ किन्न सयोगो सिज्जइ? स बंधहेउत्ति जं सजोगो य। न समेइ परमसुक्कं स निज्जराकरणं परमं ॥३॥'' સમુદ્ઘાતથી નિવૃત્ત થઇ જિન ત્રણે યોગનો વ્યાપાર કરે છે. સત્ય, અસત્યામૃષા મનોયોગ, વચનયોગ અને ગમનાદિમાં ઔદારિકાયયોગનો વ્યાપાર કરે છે. તેમજ પાર્શ્વવર્તી પીઠ, ફલકાદિનું પ્રત્યુર્પણ–પાછા આપવાનું કરે છે અને ત્યારબાદ યોગનિરોધ કરે છે. "સયોગી કેમ સિદ્ધ ન થાય? કારણ કે બન્ધનો હેતુ તે યોગ છે તેથી તે સયોગી પરમ નિર્જરાનું કારણ પરમશુક્લ ધ્યાનને પ્રાપ્ત થતો નથી." ॥૨૯॥૭૨૦॥

**से णं भंते! तहा सजोगी सिज्झति जाव अंतं करेति? गोयमा! णो इणट्ठे समट्ठे। से णं पुव्वामेव सण्णिस्स पंचेंदियस्स पज्जत्तयस्स जहण्णजोगिस्स हेट्ठा असंखेज्जगुणपरिहीणं पढमं मणजोगं णिरुंभति, ततो अणंतरं च णं बेइंदियस्स पज्जत्तगस्स जहण्णजोगिस्स हेट्ठा असंखेज्जगुणपरिहीणं दोच्चं वइजोगं णिरुंभति, ततो अणंतरं च णं सुहुमस्स पणगजीवस्स अपज्जत्तयस्स जहण्णजोगिस्स हेट्ठा असंखेज्जगुणपरिहीणं तच्चं कायजोगं णिरुंभति, से णं एतेणं उवाएण--पढमं मणजोगं णिरुंभति, मणजोगं णिरुंभित्ता वइजोगं णिरुंभति, वइजोगं णिरुंभित्ता कायजोगं णिरुंभइ, कायजोगं णिरुंभित्ता जोगणिरोहं करेति, जोगणिरोहं करेत्ता अजोगयं पाउणति, अजोगतं पाउणित्ता ईसी हस्सपंचक्खरुच्चारणद्धाए असंखेज्जसमइयं अंतोमुहुत्तियं सेलेसिं पडिवज्जइ, पुव्वरइयगुणसेढीयं च णं कम्मं, तीसे सेलेसिमद्धाए असंखेज्जाहिं गुणसेढीहिं असंखेज्जे कम्मखंधे खवयति, खवइता वेदणिज्जाउ-णाम-गोत्ते इच्चेते चतारि कम्मंसे जुगवं खवेति, जुगवं खवेत्ता ओरालियतेया-कम्मगाइं सव्वाहिं विप्पजहणाहिं विप्पजहति, विप्पजहित्ता उजुसेढीपडिवण्णे अफुसमाणगतीए एगसमएणं अविग्गहेणं उड्ढं गंता सागारोवउत्ते सिज्झइ बुज्झइ०।**

## ।। सिद्धसरूव परूवणं ।।

**ते णं तत्थ सिद्धा भवंति असरीरा जीवघणा दंसण-णाणोवउत्ता णिट्ठियट्ठा णीरया णिरेयणा वितिमिरा विसुद्धा सासयमणागतद्धं कालं चिट्ठंति। से केणट्ठेणं भंते! एवं वुच्चइ 'ते णं तत्थ सिद्धा भवंति असरीरा जीवघणा**

दंसण-णाणोवउत्ता णिट्ठियट्ठा णीरया णिरेयणा वितिमिरा विसुद्धा सासयमणागयद्धं कालं चिट्ठंति'? गोयमा! से जहाणामए बीयाणं अग्गिदड्ढाणं पुणरवि अंकुरुप्पत्ती ण भवति, एवमेव सिद्धाण वि कम्मबीएसु दड्ढेसु पुणरवि जम्मुप्पत्ती ण भवति, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–'ते णं तत्थ सिद्धा भवंति असरीरा जीवघणा दंसण-णाणोवउत्ता णिट्ठियट्ठा णीरया णिरेयणा वितिमिरा विसुद्धा सासयमणागयद्धं कालं चिट्ठंति'त्ति।

णिच्छिण्णसव्वदुक्खा जाइ-जरा-मरण-बन्धणविमुक्का। सासयमव्वाबाहं चिट्ठंति सुही सुहं पत्ता।।' ।।सू०-३०।।७२१।।

इति पण्णवणाए भगवतीए छत्तीसतिमं समुग्घायपयं समत्तं।।

*(મૂ૦) હે ભગવન્! તે પ્રકારે (સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલો) સયોગી કેવલી સિદ્ધ થાય, યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે? હે ગૌતમ! એ અર્થ સમર્થ—યુક્ત નથી. તે પ્રથમ જઘન્યયોગવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના મનોયોગની નીચે અસંખ્યાતગુણ હીન—ન્યૂન મનોયોગને રોકે છે. ત્યારપછી તુરત જઘન્યયોગવાળા બેઇન્દ્રિય પર્યાપ્તાના વચનયોગની નીચે અસંખ્યાતગુણા હીન બીજા વચનયોગનો રોધ કરે છે. ત્યાર પછી તરત જઘન્યયોગવાળા અપર્યાપ્તા સૂક્ષ્મ પનક જીવના કાયયોગની નીચે અસંખ્યાતગુણ હીન કાયયોગનો રોધ કરે છે. તે એ ઉપાય વડે–એ પ્રકારે પ્રથમ મનોયોગનો રોધ કરે છે, મનોયોગનો રોધ કરી વચનયોગનો રોધ કરે છે, વચનયોગનો રોધ કરી કાયયોગનો રોધ કરે છે, કાયયોગનો રોધ કરી યોગનો નિરોધ કરે છે. યોગ નિરોધ કરીને અયોગપણું—યોગરહિતપણું પામે છે. યોગરહિતપણું પામી ઈષત્–થોડા કાળમાં હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણ કાળ જેટલી અસંખ્યાતા સમયના અન્તર્મુહૂર્ત પ્રમાણ શૈલેશીને પ્રાપ્ત થાય છે અને પૂર્વે રચેલી ગુણશ્રેણી જેની છે એવા કર્મને અનુભવવા પ્રાપ્ત થાય છે. તે શૈલેશીના કાળમાં અસંખ્યાતી ગુણશ્રેણી વડે અસંખ્યાતા કર્મ સ્કંધોનો ક્ષય કરે છે, ક્ષય કરીને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મભેદોને એક સાથે ખપાવે છે, એક સાથે ખપાવી ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો સર્વ પ્રકારે ત્યાગ કરે છે. ત્યાગ કરીને ઋજુશ્રેણીને પ્રાપ્ત થયેલો અસ્પૃશદ્ગતિ વડે એક સમયમાં અવિગ્રહગતિ વડે ઊર્ધ્વ–ઉંચે જઇને સાકારઉપયોગ સહિત સિદ્ધિપદને પામે છે, બોધ પામે છે, અને ત્યાં જઇ સિદ્ધ થાય છે. ત્યાં રહેલા સિદ્ધો શરીર રહિત, જીવપ્રદેશના ઘનવાળા, દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા, નિષ્ઠિતાર્થ—કૃતાર્થ, રજરહિત, નિરેજન—કંપરહિત, તિમિર—કર્મ આવરણરહિત, અને વિશુદ્ધ એવા શાશ્વત અનાગત કાળ સુધી રહે છે, હે ભગવન્! એમ શા હેતુથી કહો છો કે 'તેઓ ત્યાં રહેલા સિદ્ધ, શરીરરહિત, જીવપ્રદેશના ઘનવાળા, દર્શન જ્ઞાનના ઉપયોગસહિત, કૃતાર્થ, કર્મરજ રહિત, કમ્પરહિત, વિતિમિર—અજ્ઞાનરહિત, વિશુદ્ધ એવા શાશ્વત અનાગત કાળ પર્યન્ત રહે છે'? હે ગૌતમ! જેમ અગ્નિથી બળેલા બીજને ફરીથી અંકુરની ઉત્પત્તિ થતી નથી એ પ્રમાણે સિદ્ધોને પણ કર્મરૂપી બીજ બળી જવાથી જન્મની ઉત્પત્તિ થતી નથી, તે હેતુથી હે ગૌતમ! એમ કહું છુ કે ત્યાં રહેલા તે સિદ્ધો શરીર રહિત, જીવપ્રદેશના ઘનવાળા, દર્શન—જ્ઞાનના ઉપયોગ સહિત, કૃતાર્થ, કર્મરજરહિત, નિરેજન—નિષ્કંપ, વિતિમિર—અજ્ઞાનરહિત અને વિશુદ્ધ હોય છે અને શાશ્વત અનાગત કાળ સુધી રહે છે. સર્વ દુઃખોનો પાર પામેલા, જન્મ, જરા, મરણ અને કર્મના બન્ધનથી મુકાયેલા એવા અવ્યાબાધ સુખને પ્રાપ્ત થયેલા અને સુખી શાશ્વત કાળ પર્યંત રહે છે. ॥૩૦॥૭૨૧॥*

*પ્રજ્ઞાપના ભગવતીના અનુવાદમાં છત્રીશમું સમુદ્ઘાત પદ સમાપ્ત.*

(ટી૦) 'से णं भंते! तहा सजोगी सिज्झइ' ઇત્યાદિ. હે ભગવન્! તે પ્રમાણે સયોગી સિદ્ધ થાય'? ઇત્યાદિ સુગમ છે. યોગનિરોધ કરતો પ્રથમ મનોયોગનો રોધ કરે છે, અને તે પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયના પ્રથમ સમયે જેટલાં મનોદ્રવ્ય અને જેટલો તેનો વ્યાપાર હોય તેથી અસંખ્યાતગુણ ન્યૂન મનોયોગનો પ્રતિસમય રોધ કરતો અસંખ્યાતા સમયો વડે સર્વથા રોધ કરે છે. કહ્યું છે કે ''पज्जत्तमेत्तसण्णिस्स जत्तियाइं जहन्नजोगिस्स। होंति मणोदव्वाइ तव्वावारो य जम्मत्तो।। तदसंखगुणविहीणं समए समए

**निरुंभमाणो सो। मणसो सव्वनिरोहं करे असंखेज्जसमएहिं ॥२॥**'' જઘન્યયયોગવાળા પર્યાપ્ત માત્ર સંજ્ઞીના જેટલા મનોદ્રવ્યો હોય છે અને જેટલો તેનો વ્યાપાર હોય છે તેથી અસંખ્યાતગુણ હીન સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયોમાં મનનો સર્વથા રોધ કરે છે. એજ બાબત સૂત્રકાર કહે છ—'**से णं भंते**'! ઇત્યાદિ. પ્રસ્તુત કેવલી યોગનો નિરોધ કરવાને ઇચ્છતો પહેલા જઘન્યયોગવાળા સંજ્ઞી પર્યાપ્તાના ('મનોયોગનો' અહીં અધ્યાહાર છે) એટલે તેના મનોયોગની નીચે અસંખ્યાતગુણ હીન સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયમાં સર્વથા પ્રથમ મનોયોગનો રોધ કરે છે. '**ततोऽनंतरं च णं**' ત્યાર બાદ મનોયોગને રોક્યા પછી જઘન્યયોગવાળા બેઇન્દ્રિય પર્યાપ્તાના વચનયોગની નીચેના (અહીં વચનયોગ પદ અર્થાત્ જાણી લેવું) વચનયોગને અસંખ્યાતગુણહીન સમયે સમયે રોકતો સર્વથા બીજા વચનયોગનો રોધ કરે છે. એ સંબન્ધે ભાષ્યકાર કહે છે—''**पज्जत्तमित्तबिंदियजहन्नवइपज्जवा जे उ। तदसंखिजगुणविहीणं समये समये निरुभंतो॥१॥ सव्ववइजोगरोहं संखाईएहिं कुणइ समएहिं**'' પર્યાપ્ત માત્ર બેઇન્દ્રિયના જઘન્ય વચનયોગના જે પર્યાયો છે તેથી અસંખ્યાતગુણહીન વચનયોગને સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયે સર્વ વચનયોગનો નિરોધ કરે છે. '**ततोऽणंतरं च णं**' ઇત્યાદિ. તે વચનયોગ પછી તુરત ઇત્યાદિ પૂર્વવત્ સમજવું. પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલા અપર્યાપ્ત સૂક્ષ્મ પનક જીવનો એટલે જઘન્યયોગવાળા સૌથી અલ્પ વીર્યવાળા સૂક્ષ્મ પનક જીવનો જે કાયયોગ છે તેની નીચે અસંખ્યાતગુણહીન કાયયોગને સમયે સમયે રોકતો અસંખ્યાતા સમયે ('સમસ્ત એ પદનો અધ્યાહાર છે.') સમસ્તપણે ત્રીજા કાયયોગનો નિરોધ કરે છે. તે કાયયોગનો નિરોધ કરતો સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી શુક્લધ્યાનને પ્રાપ્ત થાય છે. તે ધ્યાનના સામર્થ્યથી ભુખ અને ઉદરાદિના ખાલી ભાગને પૂરવા વડે શરીરના ત્રીજા ભાગના આત્મપ્રદેશો સંકુચિત થાય છે એટલે શરીરના બે તૃતીયાંશ ભાગમાં આત્મપ્રદેશો ઘનરૂપે થાય છે. જેમ કે સાત હસ્તપ્રમાણ શરીર હોય તો તેનો ત્રીજો ભાગ બે હાથ અને આઠ અંગુલ સંકુચિત થાય છે અને ચાર હાથ અંને સોળ આંગળ પ્રમાણ આત્મપ્રદેશો ઘનરૂપે થાય છે.) તે પ્રમાણે ભાષ્યકાર કહે છે—''**तत्तो य सुहुमपणगस्स पढमसमयोववण्णस्स। जो किर जहन्नजोगो तदसंखेज्जगुणमेक्केक्के ॥१॥ समएहिं रुंभमाणो देहतिभागं च मुचंतो। रुंभइ स कायजोगं संखाईएहिं चेव समएहिं ॥२॥**'' તે વાર પછી પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલા સૂક્ષ્મ પનકનો જે જઘન્ય કાયયોગ છે તેથી અસંખ્યાતગુણહીન કાયયોગને એક એક સમયે રોકતો અને શરીરના ત્રીજા ભાગનો ત્યાગ કરતો અસંખ્યાતા સમયોમાં કાયયોગનો નિરોધ કરે છે. કાયયોગના નિરોધ કાળે છેલ્લા અન્તર્મુહૂર્તે વેદનીયાદિ ત્રણ કર્મમાં પ્રત્યેક કર્મની સ્થિતિ સર્વ અપવર્તના કરણ વડે ઘટાડી ગુણશ્રેણિના ક્રમવડે કર્મપ્રદેશોની રચનાવાળી અયોગી અવસ્થાના કાલ પ્રમાણ કરે છે. તે આ પ્રમાણે—પ્રથમ સ્થિતિમાં થોડા પ્રદેશો હોય છે. બીજી સ્થિતિમાં તેથી અસંખ્યાતગુણા પ્રદેશો હોય છે. ત્રીજી સ્થિતિમાં તેથી અસંખ્યાતગુણા પ્રદેશો હોય છે. એ પ્રમાણે ચરમ સ્થિતિ સુધી જાણવું. તેની આ સ્થાપના છે—

| વેદનીય | નામ | ગોત્ર |
|---|---|---|
|  |  |  |

એ પ્રથમ સમયે ગ્રહણ કરેલા દલિકની બનેલી ગુણશ્રેણિઓ છે. એમ પ્રતિસમય ગ્રહણ કરેલા દલિકની બનેલી ત્રણ કર્મમાં પ્રત્યેક ની અસંખ્યાતી ગુણશ્રેણિઓ જાણવી, કારણ કે અન્તર્મુહૂર્તના સમય અસંખ્યાતા છે. આયુષ્યની સ્થિતિ જે પ્રકારે બાંધી છે તેવીજ રહે છે. અને તેની ગુણશ્રેણિના ક્રમથી વિપરિત ક્રમવાળી દલિકની રચના જાણવી. સ્થાપના—  આ બધોય મનોયોગાદિનો નિરોધ મન્દબુદ્ધિવાળાને સુખપૂર્વક બોધ થવા માટે આચાર્યે સ્થૂલ દષ્ટિથી વર્ણવ્યો છે. **જો સૂક્ષ્મ દષ્ટિથી તેનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા થાય તો પંચસંગ્રહની ટીકા જોવી. તેમાં અત્યંત સૂક્ષ્મપણે વિસ્તારથી તેનું સ્વરૂપ વર્ણવ્યુ છે.** અહીં ગ્રન્થ વધી જવાના ભયથી અમે કહ્યું નથી. '**से णं**' ઇત્યાદિ. તે પ્રસ્તુત કેવલજ્ઞાની આ હમણાં કહેલા ઉપાય-ઉપાયના પ્રકાર વડે—ઇત્યાદિ બધું સુગમ છે, યાવત્ 'અયોગતા'—અયોગિપણાને પ્રાપ્ત કરે છે એટલે અયોગીપણાની પ્રાપ્તિને સન્મુખ થાય છે એ

ભાવાર્થ છે. અયોગીપણાની પ્રાપ્તિને સન્મુખ થઇને ઈસિં–ઈષત્–થોડા કાળમાં શૈલેશીને પ્રાપ્ત કરે છે એ સંબન્ધ છે. કેટલા કાળપ્રમાણ શૈલેશી છે? એ સૂત્રકાર કહે છે? '**ह्रस्वपञ्चाक्षरोच्चारणाद्धया**' હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણના કાળ પ્રમાણ છે. તાત્પર્ય એ છે કે–અતિશીઘ્રપણે નહિ તેમ અતિ વિલંબે નહિ પણ મધ્યમ પ્રકારે જેટલા કાળે ङ ञ ण न म એવા પ્રકારના પાંચ હ્રસ્વાક્ષરો ઉચ્ચારાય તેટલા કાળ પ્રમાણ છે. એટલો કાળ કેટલા સમયપ્રમાણ છે? એ નિરુપણ કરવા માટે સૂત્રકાર કહે છે–'**असंख्येयसामयिकां**' અસંખ્યાતા સમયપ્રમાણ છે, તે અસંખ્યાતા સમયનું પ્રમાણ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ જાણવું. એનું અન્તર્મુહૂર્તપ્રમાણ જણાવવા માટે કહે છે–'**आन्तर्मुहूर्तिकीं शैलेशीं**' અન્તર્મુહૂર્તપ્રમાણ શૈલેશીને પ્રાપ્ત કરે છે. શીલ–ચારિત્ર અને તે અહીં નિશ્ચય નયના મતે સર્વસંવરરૂપ ગ્રહણ કરવું. કારણ કે તે સૌથી ઉત્તમ છે, તેનો ઈશ–સ્વામી તેની અવસ્થા તે શૈલેશી છે. તે વખતે વ્યવચ્છિન્નક્રિય અપ્રતિપાતી શુક્લધ્યાન ઉપર આરુઢ થાય છે. એ સંબન્ધે કહ્યું છે કે "**सीलं व समाहाणं निच्छयओ सव्वसंवरो सो य। तस्सेसो सीलेसो सेलेसी होइ तदवत्था ॥१॥ हस्सक्खराइं मज्झेण जेण कालेण पञ्च भण्णन्ति। अच्छइ सेलेसिगतो तत्तियमित्तं तओ कालं ॥२॥ तणुरोहारंभाओ झायइ सुहुमकिरियानियट्टिं सो। वोच्छिन्नकिरियमप्पडिवाई सेलेसिकालंमि॥३॥**" શીલ–સમાધિ, અને તે સર્વ સંવરરૂપ જાણવી તેનો જે ઈશ–સ્વામી તેની અવસ્થા તે શૈલેશી. (૧) શૈલેશીને પ્રાપ્ત થયેલો જેટલા કાળમાં પાંચ હ્રસ્વાક્ષરો મધ્યમ પ્રકારે ઉચ્ચારાય તેટલો કાળ રહે છે. (૨) કાયયોગને રોધના પ્રારંભથી સૂક્ષ્મક્રિય અનિવૃત્તિ ધ્યાન હોય છે અને શૈલેશીના કાળમાં વ્યવચ્છિન્નક્રિય અપ્રતિપાતી ધ્યાન હોય છે. (૩) કેવળ શૈલેશીને પ્રાપ્ત કરે છે એમ નહિ, પણ પૂર્વે રચેલી ગુણશ્રેણિવાળા કર્મને અનુભવવાને પ્રાપ્ત કરે છે. એટલે પૂર્વે કાયયોગના નિરોધના છેલ્લા અન્તર્મુહૂર્તમાં પૂર્વે જેનું સ્વરૂપ બતાવ્યું છે એવી ગુણશ્રેણિ જેની રચેલી છે એવા કર્મને અનુભવવાને પ્રાપ્ત કરે છે. તે પછી શું કરે છે? 'તે શૈલેશીના કાળમાં વર્તતો પૂર્વે રચેલી અસંખ્યાતી ગુણશ્રેણિ વડે પ્રાપ્ત થયેલા ત્રણ કર્મના જુદા જુદા પ્રતિસમય અસંખ્યાતા કર્મસ્કંધોને '**क्षपयन्**' વિપાકથી અને પ્રદેશથી વેદવા વડે તેની નિર્જરા કરતો છેલ્લા સમયે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મના ભેદોનો એક સાથે ક્ષય કરે છે. એક સાથે ક્ષય કરીને ત્યાર પછીના સમયે ઔદારિક, તૈજસ અને કાર્મણરૂપ ત્રણ શરીરનો '**सव्वाहिं विप्पजहणाहिं विप्पजहाति**' સર્વ પ્રકારે વિપ્રહાન–ત્યાગ કરવા વડે ત્યાગ કરે છે. અર્થાત્ સર્વ પ્રકારે ત્યાગ કરે છે સૂત્રમાં પ્રાકૃત્ત હોવાથી સ્ત્રીલિંગ છે. તાત્પર્ય એ છે કે જેમ પૂર્વે શરીરનો દેશથી ત્યાગ કરતો હતો તેમ ત્યાગ કરતો નથી, પરન્તુ સર્વ પ્રકારે ત્યાગ કરે છે. એ સંબન્ધે કહ્યું છે કે "**ओरालियाइ चयइ सव्वाहिं विप्पजहणाहिं जं भणियं। निस्सेसं तहा न जहा देसच्चाएण सो पुव्विं॥**" ઔદારિકાદિ શરીરને સર્વ પ્રકારના ત્યાગ વડે ત્યાગ કરે છે એમ જે કહ્યું છે તે નિઃશેષપણે ત્યાગ કરવાને કહ્યું છે, પણ પૂર્વે દેશ ત્યાગ વડે ત્યાગ કરતો હતો તેમ નહિ." ત્યાગ કરીને તે સમયે કોશબન્ધનો ત્યાગ કરવારૂપ સહકારી કારણથી ઉત્પન્ન થયેલા સ્વભાવ વિશેષથી એરંડ ફળની પેઠે ભગવાન્ પણ કર્મસંબન્ધના ત્યાગ રૂપ સહકારી કારણથી ઉત્પન્ન થયેલા સ્વભાવ વિશેષથી ઉપર લોકાન્તે જઇને સિદ્ધ થાય છે એ સંબંધ છે. એ સંબંધે કહ્યું છે "**एरंडफलं च जहा बंधछेदेरियं दुयं जाइ। तह कम्मबंधणछेदणेरितो जाति सिद्धो वि॥**" જેમ બંધનના વિચ્છેદ–તૂટવા વડે પ્રેરિત થયેલું એરંડફળ (ઊંચે) જાય છે તેમ કર્મબંધના છેદ વડે પ્રેરિત થયેલ સિદ્ધ પણ (ઊંચે) જાય છે." કેવી રીતે જાય છે? '**अविग्रहेणं**' અવિગ્રહ ગતિ વડે એક સમયે સમયાન્તર અને પ્રદેશાન્તરને નહિ સ્પર્શ કરતો ઋજુશ્રેણિને પ્રાપ્ત થયેલો જાય છે. તાત્પર્ય એ છે કે જેટલા પોતાના આકાશપ્રદેશમાં અહીં અવગાઢ–રહેલો છે, તેટલા જ પ્રદેશોનો ઉપર પણ આશ્રય કરતો વિવક્ષિત સમયથી બીજા સમયને નહિ સ્પર્શતો ઉપર જાય છે. તે સંબન્ધે આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે–"**जत्तिए जीवोऽवगाढो तावइयाए ओगाहणाए उड्ढं उज्जुगं गच्छति न वंकं, विइयं च समयं न फुसइ॥**" જેટલા આકાશપ્રદેશમાં જીવ રહેલો છે તેટલી અવગાહના વડે ઉપર ઋજુગતિએ જાય છે, વક્ર જતો નથી તેમ બીજા સમયનો સ્પર્શ પણ કરતો નથી". ભાષ્યકાર પણ કહે છે–"**रिउसेढिं पडिवन्नो समयपएसंतरं अफुसमाणो एगसमएण सिज्झइ अइ सागारोवउत्तो सो**"॥ ઋજુશ્રેણિને પ્રાપ્ત થયેલો અન્ય સમય અને બીજા પ્રદેશોનો નહિ સ્પર્શ કરતો, સાકાર ઉપયોગવાળો એક સમયમાં સિદ્ધ થાય છે. એ પ્રમાણે ઉપર જઇને શું કરે છે? એ કહે છે–સાકાર ઉપયોગવાળો થઇને સિદ્ધ

થાય છે-કૃતાર્થ થાય છે. સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગવાળાને થાય છે પણ અનાકાર ઉપયોગવાળાને ઉપજતી નથી, આ સિદ્ધિ પણ સર્વ લબ્ધિઓમાં ઉત્તમ લબ્ધિ છે, માટે સાકાર ઉપયોગવાળાને થાય છે. એ સંબન્ધે કહ્યું છે—''**सव्वाओ लद्धीओ जं सागारोवओगलाभाओ। तेणेह सिद्धिलद्धी उप्पज्जइ तदुवउत्तस्स॥**''જે કારણથી સર્વ લબ્ધિઓ સાકાર ઉપયોગવાળાને પ્રાપ્ત થાય છે તેથી અહીં સિદ્ધિલબ્ધિ પણ સાકાર ઉપયોગવાળાને ઉપજે છે. ત્યાર પછી અનુક્રમે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. એ જ પ્રમાણે કેવળી સિદ્ધ થાય છે તે પ્રમાણે પ્રતિપાદન કર્યું.

હવે સિદ્ધો જેવા સ્વરૂપવાળાં ત્યાં રહે છે તે પ્રકારે પ્રતિપાદન કરે છે—'**तेणं तत्थ सिद्धा भवंति**' ઇત્યાદિ. તેઓ હમણા બતાવેલા ક્રમવડે નિષ્પન્ન થયેલા '**तत्र**' લોકાન્તે સિદ્ધો હોય છે. '**अशरीरा:**' ઔદારિકાદિ શરીર રહિત છે, કારણ કે સિદ્ધપણાના પ્રથમ સમયે જ તેઓનો ત્યાગ કરેલો છે. '**जीवघना:**'-નિચિત થયેલા જીવપ્રદેશોવાળા, કારણ કે સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતી ધ્યાનની પ્રાપ્તિના સમયે જ તેના સામર્થ્યથી મુખ અને પેટ વગેરેના ખાલી ભાગો પૂરેલા છે. '**दर्शनज्ञानोपयुक्ता:**' જીવના સ્વભાવથી દર્શન અને જ્ઞાનના ઉપયોગવાળા છે. '**निष्ठितार्था:**' કૃતાર્થ થયેલા છે, કારણ કે કૃતકૃત્ય. છે '**नीरजस:**' કર્મરૂપી રજ રહિત છે, કારણ કે કર્મના બન્ધનો અભાવ છે. '**निरेजना:**' કંપરહિત છે, કારણ કે કંપ ક્રિયાના કારણનો અભાવ છે. '**वितिमिरा:**' તિમિર-અજ્ઞાનરહિત છે, કારણ કે કર્મરૂપી તિમિર-અંધકારની વાસના દુર થયેલી છે. '**विशुद्धा:**' વિશુદ્ધ છે, કારણ કે વિવિધ સમ્યગ્દર્શનાદિ માર્ગની પ્રાપ્તિ વડે અત્યન્ત શુદ્ધ થયેલા છે. એવા પ્રકારના સિદ્ધ ત્યાં શાશ્વત અને અનાગત-ભાવી સમસ્ત અદ્ધા-કાળ જેમાં છે એટલા કાળ સુધી ત્યાં રહેલા છે. અહીજ મન્દબુદ્ધિવાળાને બોધ થવા માટે આક્ષેપ-પૂર્વપક્ષ અને પરિહાર-ઉત્તરપક્ષ કહે છે—'**से केणट्ठेण भंते!**' હે ભગવન્! એમ શા હેતુથી કહો છો-ઇત્યાદિ સુગમ છે. પરન્તુ '**कम्मबीएसु**' કર્મ રૂપ બીજ જન્મનું કારણ બળી જવાથી-નિર્મૂલ નાશ થવાથી ફરીથી જન્મની ઉત્પત્તિ થતી નથી. જેમકે કારણ સિવાય કાર્યનો અસંભવ છે. ફરીથી તે કર્મ કેમ ઉત્પન્ન ન થાય? રાગાદિના અભાવથી ન થાય. કારણ કે રાગાદિ આયુષ્ય પ્રમુખ કર્મનું કારણ છે અને તે રાગાદિ તેઓને નથી. કેમકે પૂર્વે જ ક્ષીણમોહની અવસ્થામાં તેનો ક્ષય કર્યો છે અને ક્ષીણ થયેલા રાગાદિ સહકારી કારણના અભાવથી ફરીથી પ્રગટ થતા નથી, રાગાદિની ઉત્પત્તિમાં પરિણામી કારણ આત્મા છે અને સહકારી કારણ રાગાદિ મોહનીય કર્મ છે. ઉભય કારણથી ઉત્પન્ન થતું કાર્ય એક કારણના અભાવમાં હોતું નથી. જો એમ ન હોય તો તેને અકારણપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય. એટલે તે કારણ જ ન કહેવાય. સિદ્ધોને રાગાદિમોહનીય કર્મ નથી, કારણ કે તેને પૂર્વેજ ધ્યાનાગ્નિ વડે ભસ્મસાત્ કર્યું છે. એમ ન કહેવું કે અહીં પણ તેજ પ્રસંગ પ્રાપ્ત થશે-જેમ તે રાગાદિમોહનીય કર્મ ફરીથી કેમ ઉત્પન્ન થતું નથી? કારણ કે તેના કારણભૂત સંક્લેશનો અભાવ છે. રાગાદિમોહનીય કર્મની ઉત્પત્તિમાં રાગાદિપરિણતિરૂપ સંક્લેશ કારણ છે. કારણ કે **જેને વેદે તેને બાંધે છે**' એવું શાસ્ત્રવચન છે. વળી રાગાદિમોહનીય કર્મ રહિતને તેવા પ્રકારે સંક્લેશની ઉત્પત્તિ થતી નથી. માટે સંક્લેશના અભાવથી રાગાદિમોહનીય કર્મનો અભાવ છે. અને તેના અભાવથી ફરીથી રાગાદિની ઉત્પત્તિ થતી નથી. તથા રાગાદિની ફરીથી ઉત્પત્તિના વિચારમાં ધર્મસંગ્રહણીમાં કહ્યું છે—''**खीणा य ते न होंती पुणरवि सहकारिकारणाभावा। नहि होइ संकिलेसो तेहिं विउत्तस्स जीवस्स ॥१॥ तयभावा न य बंधो तप्पाउग्गस्स होइ कम्मस्स। तदभावे तदभावो सव्वद्धंचेवविन्नेओ ॥२॥**'' ક્ષીણ થયેલા તે રાગાદિ સહકારી કારણના અભાવથી ફરીથી ઉત્પન્ન થતા નથી, કારણ કે રાગાદિરહિતને સંક્લેશ થતો નથી. તે રાગાદિના અભાવથી તેને યોગ્ય કર્મનો બન્ધ થતો નથી, માટે તેના અભાવમાં તેનો અભાવ સર્વકાળ જાણવો. તેથી રાગાદિના અભાવથી આયુષ્યપ્રમુખ કર્મનો ફરીથી ઉત્પાદ થતો નથી, અને તેના અભાવમાં ફરીથી જન્મની ઉત્પત્તિ થતી નથી. એ હેતુથી જ અન્ય સ્થળે કહ્યું છે કે—''**दग्धे बीजे यथाऽत्यन्तं प्रादुर्भवति नाङ्कुरः। कर्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः॥**'' જેમ બીજ અત્યંત બળી જવાથી અંકુરની ઉત્પત્તિ થતી નથી. તેમ કર્મરૂપી બીજ દગ્ધ થવાથી ભવાંકુર ઉગતો-ઉત્પન્ન થતો નથી. ઉપસંહાર કહે છે—'**एएणट्ठेणं**' ઇત્યાદિ. એજ પરમ મંગલભૂત સિદ્ધનું સ્વરૂપ શાસ્ત્રનો શિષ્ય-પ્રશિષ્યાદિ વંશના પરંપરા સંબન્ધ વડે વિચ્છેદ ન થાય માટે અત્યંત મંગલરૂપે ઉપસંહારના મીષથી કહે છે—'**निच्छिण्ण**'-ઇત્યાદિ. '**निस्तीर्णसर्वदु:खा:**' જેઓ સર્વ દુઃખોને તરી ગયા છે એટલે સર્વ

સાંસારિક દુઃખોનો પાર પામ્યા છે, શા હેતુથી એ કહે છે-'**जातिजरामरणबन्धनविमुक्ताः**' જાતિ-જન્મ, જરા-વૃદ્ધાવસ્થા, મરણ અને બન્ધનો-જ્ઞાનાવરણીયાદિ કર્મો વડે મૂકાયેલા છે. અહીં હેતુમાં પ્રથમા વિભક્તિ થઇ છે. જેથી જન્મ, જરા, મરણ અને બન્ધનોથી મૂકાયેલા છે તેથી સર્વ દુઃખો તરી ગયા છે. એવા પ્રકારના તેઓ શાશ્વત-નિરંતર ભાવી, '**अव्याबाध**' બાધારહિત, કારણ કે રાગાદિ સુખનો બાધ કરવાને સમર્થ છે, પણ તે રાગાદિ તેઓને નથી, એનો હમણાંજ વિચાર કર્યો. એવા પરમ સ્વસ્થતા રૂપ સુખને પ્રાપ્ત થયેલા માટે સુખી-સ્વાભાવિક સુખવાળા છે

નય અને ભંગયુક્ત, બહુ પ્રકારના પ્રમાણવાળા, જેનાથી વિશુદ્ધ એવો સદ્બોધ પ્રાપ્ત થાય છે એવા, અન્યતીર્થિકની કુબુદ્ધિનો નિરાસ કરવાની એક ચેષ્ટાવાળા જિનવચનને નમસ્કાર થાઓ.

ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિનો જય થાઓ, જેઓએ સૂત્રના વિષમ-કઠણ ભાવાર્થનું વિવરણ કર્યું છે અને જેના વચનથી હું પણ લેશથી ટીકા કરનાર થયો છું.

પ્રજ્ઞાપના સૂત્રની ટીકા કરીને મલયગિરિએ જે નિર્દોષ પુણ્ય ઉપાર્જન કર્યું છે, તેથી બધાય જન જિનવચનનો સદ્બોધ પામો.

શ્રીમદાચાર્ય મલયગિરિવિરચિત પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના અનુવાદમાં છત્રીશમું સમુદ્ઘાત પદ સમાપ્ત ॥

- *અરિહંત ભગવંતો પોતાની શક્તિનો પરચો કોઈને બતાવતા નથી એમ નથી. એ પરચો બતાવે જ છે. એ પરચો બતાવે છે કર્મ રાજાને. એને કહે છે કે જો તું પોતાને સર્વસત્તાધીશ માનીને અનંત આત્માઓને પોતાની પકડમાં, કેદમાં રાખે છે. પણ જો હું એ આત્માઓને તારી પકડમાંથી તારી કેદમાંથી છોડાવીને એમના પોતાના ઘરમાં મોકલી આપું છું. કર્મરાજા અને મોહરાજા અરિહંત ભગવંતોની શક્તિ આગળ હારી જાય છે.*
- *અરિહંત ભગવંતો પોતાની શક્તિનો પરચો પોતાની ઉપસ્થિતિમાં બતાવે છે એમં નથી. સામાન્ય વ્યક્તિ તો પોતાની હયાતીમાં જ પોતાની શક્તિનો પરચો બતાવી શકે છે. પણ અરિહંત ભગવંતો તો સદેહે ન હોવા છતાં પણ પોતાનો પરચો કર્મરાજા અને મોહરાજાને બતાવી રહ્યાં છે. એજ એમની શક્તિની વિશિષ્ટતા છે. અનેક આત્માઓ પ્રભુની શક્તિના પ્રભાવે જ કર્મને હરાવી કર્મ કેદથી મુક્તિ મેળવે છે.*
- *અરિહંત ભગવંત શાસનના સ્થાપક છે પણ એના સુકાની તો ગણધર ભગવંતો છે. હેય, જ્ઞેય અને ઉપાદેયની શિક્ષા તો શિષ્યોને ગણધર ભગવંતો દ્વારા મળે છે. વ્યક્તિગત હિતશિક્ષા દેશનાના સમય સિવાય ખાસ કારણ પ્રસંગે જ એમના દ્વારા અપાતી હશે.*
- *અરિહંત ભગવંતે કહેલી વાતમાં પોતાને સમજ ન પડે તો મને એમ સમજાય છે, "તત્ત્વ તો કેવળી ભગવંત જાણે", એમ કહી શકે.*
- *અરિહંત ભગવંતે શાસનની સ્થાપના કરીને ભવ્યાત્માઓના ઉત્થાન માટે મોક્ષનગર સુધી સીધી સડક બનાવી એ જ એમનો મોટો ઉપકાર છે.*

- જયાનંદ

# સાધુથી રાત્રે લાઈટની પ્રભામાં વાંચી શકાય કે નહિ ?

સાધુ લાઈટની ઉજેહી પોતાના ઉપર ન પડે, તે રીતે લાઈટની પ્રભામાં વાંચતા કે લખતા હોય, તેથી તેને સાક્ષાત્ અગ્નિકાયની વિરાધનાનો દોષ ન લાગે. પણ તેને ઘણીવાર લાઈટ કરાવવાનો અને અનુમોદવાનો દોષ તો લાગે છે. લાઈટ બંધ થાય તો તરત થાય છે કે લાઈટ ઝટ આવે તો સારૂ ! તેમાં લાઈટ ચાલુ થાય એટલે આનંદ પણ થાય છે અને લખવા વાંચવાનું શરૂ કરી દે છે. આ થઈ અનુમોદના. આ રીતે વાંચવા-લખવામાં રસ પડી ગયો. કોઈવાર લાઈટ ચાલુ કરવાનું સૂચન કરતો પણ સાધુ થઈ જાય છે. તો આ કરાવવાની વાત થઈ! (હાથે બટન દબાવતા પણ થઈ ગયા છે.)

લાઈટની પ્રભામાં વાંચનાર-લખનારને તે પ્રભામાં ઓછું દેખાય, તો ત્યારે લાઈટના પ્રકાશનો પણ ઉપયોગ કરી લેવાનું મન થઈ જાય છે, અને કદાચ કરી પણ લે છે આવી પ્રવૃત્તિઓની પરંપરા શરૂ થવાનો પણ ઘણો સંભવ હોવાથી લાઈટની પ્રભાનો ઉપયોગ વાંચવા લખવામાં સાધુ ન કરે તો તે ધર્મ ગણાય.



- જગતના જીવોંને સમજયા વિના જીવદયાનું પાલન થઈ શકતું જ નથી. આ અટલ સિદ્ધાંત છે.
- જીવદયાનું પાલન એ સર્વોપરી ધર્મ છે.
- સર્વોપરી ધર્મ કરવા માટે સર્વપ્રથમ સ્વ ની દયા નું સ્વરૂપ સમજવું આવશ્યક છે.
- જયાં સ્વદયા છે. ત્યાં જ વાસ્તવિક જીવદયા હોય છે.
- મુનિ જીવનમાં સ્વદયા એ જ સર્વોત્તમ ધર્મ.
- મુનિ જીવન સ્વદયા ઉપર જ આધારિત છે.
- જે સાધુ પોતાના આત્માની હિંસા કરીને પરદયાના ઢોલ વગાડે એ તો શબના ગળામાં ગુલાબના ફૂલોનો હાર પહેરાવવા જેવું અશોભનીય કૃત્ય છે.
- આગમકારોંએ મુનિજીવન માટે જે મર્યાદાઓ બાંધી છે એ મર્યાદાઓનો ભંગ એટલે જ આત્માની હિંસા.
- આ પન્નવણાસૂત્ર જીવોંના સ્વરૂપને સમજીને સ્વાત્મદયાનું પાલન કરવા માટે સર્વોત્તમ ઉપયોગી ગ્રંથ છે.
- આ ગ્રંથવાંચીને જેટલું ચિંતન મનન થશે એટલો સ્વોપકાર વધારે થશે.

એજ જયાનંદ

MULTY GRAPHICS (022) 23873222 23884222